श्रीस्वामिनारायणो विजयतेतराम् ।

श्रीहरिलीलाकल्पतरुः

विषयानुक्रमणिका ॥

प्रथम स्कन्धः

૧૦. રાજા શુકાનંદ મુનિની પ્રશંસા કરે છે અને શ્રીહરિના પ્રાદુર્ભાવ અંગે પ્રશ્ન પૂછે છે.

૧૧. શ્રીહરિની મૂર્તિનું વર્ણન.

૧૨. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ શ્રીહરિની સ્તુતિ કરે છે.

૧૩. રઘુવીરજી મહારાજને ગ્રંથ રચવા માટે શ્રીહરિ વર આપે છે.

૧૪. શુકાનંદમુનિ શ્રીહરિનું માહાત્મ્ય વર્ણવી બ્રહ્મધામનું વર્ણન કરે છે.

૧૫. શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ સમ્યક્ પરમ ઐશ્વર્ય તથા તેમના સ્વરૂપનું વર્ણન.

૧૬. બદરીકાશ્રમમાં શ્રીનરનારાયણ ઋષિને શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ પોતાના પ્રાદુર્ભાવનો સંકલ્પ કહે છે.

૧૭. શ્રીહરિકૃષ્ણ ભગવાન દુર્વાસાના શાપનું નિમિત્ત કહી જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા પોતાના પ્રાગટ્યની વાત કરે છે.

૧૮. શ્રીનરનારાયણ ઋષિના દર્શન કરવા આવેલ મરીચ્યાદિ ઋષિઓ ભરતખંડની પ્રજાની દુર્દશાનું વૃત્તાંત કહે છે.

૧૯. દુર્વાસાનો શાપ. ઋષિઓ ઉપર નારાયણે કરેલો અનુગ્રહ અને સર્વ ઋષિઓનો ભરતખંડમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ ધરવાનો સંકલ્પ.

૨૦. ધર્મ તથા ઋષિઓના જન્મ પહેલાં જ અસુરોનું પ્રગટ થવું અને દુરાચારની પ્રવૃત્તિ કરવી.

૨૧. ધર્મ તથા ભક્તિદેવીનો જન્મ.

૨૨. ધર્મ ભક્તિનો વિવાદ, રામાનંદ સ્વામીનો જન્મ તથા તેમના થકી ધર્મ દેવે વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી.

૨૩. ધર્મ તથા ભક્તિદેવીને અસુરોએ કરેલા ઉપદ્રવનું વર્ણન.

૨૪. ધર્મ તથા ઋષિઓએ વૃંદાવનમાં વિષ્ણુયાગનો આરંભ કર્યો અને અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણે તેમને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન દીધા અને સર્વ આપત્તિઓનો નાશ કરવા આપેલું વચન.

૨૫. વૃંદાવનથી ઘેર જતાં રસ્તામાં અશ્વત્થામાએ ધર્મદેવને આપેલો શાપ, હનુમાનજીના દર્શન અને ધર્મ તથા ભક્તિ થકી પ્રગટ થનાર નારાયણના ઐશ્વર્યનું વર્ણન, ધર્મદેવને સમૃદ્ધિની પ્રાપ્તિ અને ભક્તિદેવીનું અક્ષરાધિપતિ ભગવાનને ગર્ભમાં ધારણ કરવા.

પ્રથમ સ્કંધ સમાપ્ત.

द्वितीय स्कन्धः

૩૯ શ્રીહરિની સેવા માટે પધારેલા હનમાનજીએ ભૈરવનો કરેલો પરાજય.

૪૦ હિમાદ્રિએ શ્રીહરિની કરેલી પ્રાર્થના.

૪૧ શ્રીહરિએ પુલ્હાશ્રમમાં આદરેલી તીવ્ર તપ. તપોમૂર્તિ શ્રીહરિનાં દર્શન કરવા આવેલા આશ્રમવાસી ઋષિઓને બ્રહ્મધામમાં દિવ્ય સ્વરૂપે થએલા દર્શન. શ્રીહરિની મૂર્તિ દાર્શનિકોને શાંત કરનાર હોય તેમને થએલું આશ્ચર્ય.

૪૨ પુલ્હાશ્રમમાં મહર્ષિઓએ શ્રીહરિની કરેલી સ્તુતિ.

૪૩ શ્રીહરિ બુટ્ટોલપત્તન પધારે છે. બુટ્ટોલપત્તનના રાજાએ શ્રીહરિને પોતાની કન્યાનું પાણી ગ્રહણ કરવા કરેલી પ્રાર્થના. શ્રીહરિએ સ્ત્રી આદિક તથા રાજ્યાદિકના વિષય સુખ પરમાત્માના સુખની અપેક્ષાએ નરક તુલ્ય સમજાવી આપેલો ઉપદેશ. રાજાએ કરેલું શ્રીહરિનું પૂજન અને શ્રીહરિની ત્યાંથી વિદાય.

૪૪ શ્રીહરિ ગોપાળયોગીને દર્શન આપી તેને દિવ્યગતિ આપી ત્યાંથી નીકળી આદિવરાહ તીર્થમાં પધારે છે.

૪૫ શ્રીહરિ આદિવરાહ ક્ષેત્રમાંથી બંગાળમાં સીરપુર પધારે છે. અહીંના સિદ્ધવલ્લભ રાજાને શ્રીહરિ ધર્મનો ઉપદેશ આપે છે, એટલે કૌલ અને શાક્ત મતમાંથી તે રાજાને પ્રીતિ ટળી જાય છે, અને શ્રીહરિનો તે આશ્રીત બને છે.

૪૬ શ્રીહરિ સીરપુરથી કામાક્ષિ દેવીના સ્થાને પધારે છે. અહીં કુલાર્ણવ મતના આશ્રિત પિબૈક શ્રીહરિની મહત્તા સાંભળી શ્રીહરિનો પરાજય કરવાની ઈચ્છાથી આવે છે. માંત્રિક ઉફચારો શ્રીહરિ પ્રત્યે કરે છે પરંતુ અંતે તેનો પરાજય થાય છે.

૪૭ પિબૈકે શ્રીહરિનો કરેલો આશ્રય અને સ્તુતિ. શ્રીહરિની તેના ઉપર પ્રસન્નતા પિબૈકને ધર્મ અને ભક્તિનો ઉપદેશ.

૪૮ શ્રીહરિ નવલખા પર્વત ઉપર પધારે છે. શ્રીહરિની પ્રતીક્ષા કરતા સિદ્ધેન્દ્રોને શ્રીહરિ નવલાખ સ્વરૂપો ધરી દરેકને દર્શન આપે છે. તે સમયે શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાંથી અતિ અપાર તેજ નીકળે છે જે ચારે તરફ વ્યાપી જાય છે.

૪૯ શ્રીહરિની સિદ્ધોએ કરેલી સ્તુતિ. શ્રીહરિ ત્યાંથી કપિલાશ્રમમાં પધારે છે. અત્રે અધર્મના ભારથી પીડા પામેલી પૃથ્વી શ્રીહરિને શરણે આવે છે અને કપિલ મુનિ દ્વારા શ્રીહરિને પોતાનું દુઃખ નિવેદન કરે છે.

૫૦ શ્રીહરિ જગન્નાથપુરીમાં પધારે છે. અત્રે શ્રી જગન્નાથ વિષ્ણુ શ્રીહરિને આ ક્ષેત્રમાં પ્રવર્તેલા શાકતધર્મી અસુરોનો ઉત્પાત્ત વર્ણવે છે. શ્રીહરિ અત્રે ધર્મોપદેશ

કરે છે અને ધર્મપ્રિય પુરુષોને પ્રિય થઈ પડે છે. આથી અસુરોનો રોષ. શ્રીહરિની ઈચ્છાથી જ અંદર અંદર યુદ્ધ થાય છે અને અસુરોનો વિનાશ થાય છે.

૫૧ શ્રીહરિ જગન્નાથપુરીથી નીકળી માનસપત્તનપુર પધારે છે, સત્રધર્મરાજાને શ્રીહરિ પોતાનું અદ્‌ભુત ઐશ્વર્ય બતાવી તેને પોતાનો આશ્રિત કરે છે. અહીં જગન્નાથપુરીથી આવેલો એક અસુર બીજા અસુરોનો સાથ લઈ શ્રીહરિને મારી નાખવા ઈચ્છે છે તેમાં શ્રીહરિની યોગમાયાથી સર્વ અસુરો પરસ્પર એક બીજાને હણીને નાશ પામે છે.

૫૨ માનસપત્તનથી શ્રીહરિ વેંકટાદ્રિ પધારે છે. વૈકટેશ વિષ્ણુ શ્રીહરિનું પૂજન કરે છે. ત્યાંથી શ્રીહરિ શિવકાંચી પધારે છે અને ત્યાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કરે છે. ત્યાંથી વિષ્ણુકાંચી થઈ શ્રીરંગમ્ પધારે છે. ત્યાંથી શ્રીહરિ ભૂતપુરી થઈ મહાવનમાં પધારે છે. અહીં શિવજી તથા પાર્વતી શ્રીહરિ માટે સાથવો લઈ શ્રીહરિના દર્શન માટે આવે છે.

૫૩ શિવજી તથા પાર્વતીએ શ્રીહરિની કરેલી સ્તુતિ. શિવ અને પાર્વતીના આગમનનું કારણ માનસિંહ રાજાએ પૂછ્યું તેથી શુકાનંદ મુનિએ પૂર્વ ઈતિહાસ નારદજી પાસેથી પાર્વતીજીએ સાંભળેલો શ્રીહરિનો મહિમા અને પાર્વતીજીને શ્રીહરિના દર્શનની ઉત્કંઠા વગેરે કહ્યો.

૫૪ શ્રીહરિ ત્યાંથી પદ્મનાભ તથા આદિ કેશવ તીર્થમાં પધાર્યા. આદિ કેશવના રાજા સુમતિએ શ્રીહરિને પરમેશ્વર જાણીને તેમનો સમાગમ કર્યો તેથી તે ક્ષેત્રમાં વસતા અસુરોને મત્સર ઉત્પન્ન થયો. તે અસુરોનો નાશ કરાવી શ્રીહરિ ત્યાંથી સાક્ષી ગોપાળ, પંઢરપુર, નાસિક, સૂરત, ભીમનાથ, ગોપનાથ, ગુપ્તપ્રયાગ, માંગરોળ બંદર પધાર્યા. તપથી કૃશ થએલા શ્રીહરિની દિવ્યમૂર્તિનું વર્ણન.

૫૫ શ્રીહરિએ ગાયો છોડવા ટાણે લોજ નગરમાં પ્રવેશ કરે છે. નીલકંઠવર્ણી સ્વરૂપે પધારેલા શ્રીહરિના દર્શનથી જ લોજના મનુષ્ય, પ્રાણીમાત્રને અત્યંત શાંતિ થાય છે. આ યોગીન્દ્રના સમાચાર સાંભળી રામાનંદ સ્વામીના આશ્રમમાંથી સુખાનંદ સ્વામી ગામની બહાર વાવ પાસે યોગીન્દ્રના દર્શન માટે આવે છે. શ્રીહરિના દર્શન કરી આશ્ચર્યમુગ્ધ બને છે અને પોતાના આશ્રમમાં પધારવા શ્રીહરિને આમંત્રણ આપે છે. શ્રીહરિ પોતાના એકાકી સ્વભાવનું વર્ણન કરી તેમના આગ્રહથી આશ્રમમાં પધારે છે અને આશ્રમના મુખ્ય મુક્તાનંદ સ્વામીનો હર્ષ વધારે છે.

૫૬ શ્રીહરિ અત્રે મુક્તાનંદ મુનિને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપો સંબંધી પ્રશ્ન પૂછે છે. તેનો ઉત્તર મુક્તાનંદ મુનિ સરળતાથી આપે છે. એટલે શ્રીહરિને તેમની સમજણથી સંતોષ થાય છે. શ્રીહરિ અહીં આશ્રમવાસીઓને પોતાનું અદ્‌ભુત ઐશ્વર્ય બતાવે છે.

૫૭ રામાનંદ સ્વામીના દર્શનની ઉત્કટતાથી અધીરાઈ સેવતા શ્રીહરિ રામાનંદ સ્વામીને પત્ર લખે છે. ભુજમાં શ્રીહરિનો પત્ર મળતાં તે વાંચતા તરત જ રામાનંદ સ્વામીને થએલી સમાધિ અને તેમાંથી શ્રીહરિનું અદ્‌ભુત દિવ્ય દર્શન.

૫૮ ભુજનગરની સભામાં રામાનંદ સ્વામી શ્રીહરિના સર્વાવતારી સ્વરૂપનો મહિમા કહે છે. રામાનંદ સ્વામી પત્રનો ઉત્તર આપે છે અને થોડા સમયમાં પોતે પીપલાણા પધારશે તે હકીકત જણાવી મયારામ ભટ્ટ સાથે પત્ર લોજનગર મોકલે છે. રામાનંદ સ્વામી ત્યાર બાદ પીપલાણા પધાર્યા અને કુમારજીત બ્રાહ્મણને તે સમાચાર આપવા લોજ મોકલ્યા.

૫૯ શ્રીહરિ, મુક્તાનંદ સ્વામી અને તેમના સાધુઓ સાથે પીપલાણા પધારે છે. શ્રીહરિ રામાનંદ સ્વામીને દંડવત્ કરે છે એટલામાં રામાનંદ તરત જ તેમને દંડવત કરતા રખાવી, હાથ પકડી પોતાની સમીપમાં બેસારે છે. મનોહર આકૃતિવાળા શ્રીહરિના દર્શનથી સર્વ સભાજનોના મન શ્રીહરિમાં આકર્ષાઈ જાય છે. શ્રીહરિ રામાનંદ સ્વામીના પૂછવાથી પોતાનું કૂળ, ગોત્ર વગેરે વૃત્તાંત કહે છે. ત્યાર બાદ સભા થઈ તેમાં એક યોગીને શ્રીહરિએ પોતાનો દિવ્ય પ્રભાવ બતાવી સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શન કરાવ્યા.

૬૦ શ્રીહરિની ઈચ્છાથી રામાનંદ સ્વામીએ તેમને વૈષ્ણવી દીક્ષા આપી. 'સહજાનંદ' અને 'નારાયણ મુનિ' એમ બે નામ પાડ્યા.

૬૧ ત્યારબાદ રામાનંદ સ્વામીએ, પોતાને અંતર્ધાન થવાનો સમય નજીક આવવાથી શ્રીસહજાનંદ સ્વામીનો જેતપુરમાં પટ્ટાભિષેક કરી પોતાને પદે તેમને સ્થાપન કર્યા. રામાનંદ મુનિએ શ્રીહરિનું પુરુષોત્તમપણું જાણીને જ તેમને આ આચાર્યપદનું સ્થાન સ્વીકારવા પ્રાર્થના કરી અને શ્રીહરિએ તે પ્રાર્થનાનો સ્વીકાર કરી તે સ્થાન અંગીકાર કર્યું.

૬૨ શ્રીહરિનો પટ્ટાભિષેક વિધિ. રામાનંદ સ્વામીનો પોતાના શિષ્યોને શ્રીહરિના ગુરુપદના સ્વીકારનો આદેશ અને રામાનંદ સ્વામીએ કરેલું શ્રીહરિનું પૂજન. ત્યાર બાદ સર્વે શિષ્યોએ શ્રીહરિનું પૂજન કર્યું તે સમયે એક અલૌકિક આશ્ચર્ય

થયું અને સર્વત્ર અતિ દિવ્ય પ્રકાશ વ્યાપી ગયો. અક્ષર મુક્તો, મૂળ માયાપતિ, પ્રધાન પુરુષ, તત્ત્વાભિમાની દેવતાઓ, વૈરાજપુરુષ વગેરે સર્વે ઈશ્વરો તથા દેવતાઓ શ્રીહરિના દર્શને આવ્યા.

૬૩ અક્ષરમુક્તો, મૂળમાયાપતિ, પ્રધાન પુરુષ તથા સર્વ દેવતાઓ શ્રીહરિની સ્તુતિ કરે છે.

૬૪ સર્વ ઈશ્વરો અને દેવતાઓ શ્રીહરિને આ પ્રસંગે અનેક પ્રકારની દિવ્ય ભેટો અર્પણ કરે છે. આ રીતે રામાનંદ સ્વામીએ સં. ૧૮૫૮ના માગશર સુદ ૧૨ ને દિવસે મહોત્સવ કરી હજારો બ્રાહ્મણોને ભોજન કરાવ્યું તેમ જ અનેક પ્રકારના દાન આપ્યા. ત્યાર બાદ સુદ ૧૩ ના દિવસે રામાનંદ સ્વામીએ પોતાના દેહનો ત્યાગ કર્યો. નારાયણ મુનિએ રામાનંદ સ્વામીનો ઔર્ધ્વદેહિક સંસ્કાર કર્યો.

૬૫ ત્યારબાદ શ્રીહરિ સભા કરીને પોતાના સર્વ આશ્રિતોને વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ તથા વર્ણાશ્રમ ધર્મ સંબંધી ઉપદેશ કરે છે.

☞ **શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા પ્રસંગને વિસ્તારપૂર્વક જાણવા માટે જુઓ પરિષિષ્ટ નં. ૧ અને ૨**

● દ્વિતીય સ્કંધના અધ્યાયો - શ્લોક સંખ્યા સૂચી.

દ્વિતીય સ્કંધ સમાપ્ત



શ્રી હરિકૃષ્ણ પરમાત્મને નમઃ

શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્ય

અધ્યાય ૧ લો

દિવ્ય અક્ષર મુક્તોએ સેવ્યા છે ચરણકમળ જેમનાં એવા, અનંત સૂર્ય સમાન તેજોમય એવા, પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામમાં કલ્યાણકારી અવયવોવાળા વિરાજમાન છે, જે આ પૃથ્વીમાં મનુષ્યાકાર ધારણ કરીને ધર્મે સહિત ભક્તિનું પ્રસરણ કરે છે, એવા ધર્મના પુત્ર, અવતારી, શ્રી સહજાનંદ શ્રીહરિનું હું ચિંતવન કરું છું. (૧) જે અસંખ્ય જનોને તત્કાળ સમાધિ કરાવીને પોતાનુંદિવ્ય, અનુપમેય, અલૌકિક, ઐશ્વર્ય બતાવતા હતા. એકાંતિક ધર્મના શ્રેષ્ઠ બખ્તર રૂપ, રમણીય આકૃતિવાળા, ધર્મના પુત્ર પુરુષોત્તમ શ્રીહરિ શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું (૨) ધર્મમાં રહેલાં, ધર્મની પુષ્ટિ કરનારા, ધર્મ થકી ઉત્પન્ન થએલા, ધર્મ છે પ્રિય જેમને એવા, પૃથ્વી ઉપર ધર્મના દ્વેષરૂપ મહાન્ધકારને નાશ કરવામાં સૂર્યરૂપ, ધર્મના વંશનું સ્થાપન કરનાર, પાખંડાદિ કુમાર્ગો ખંડન કરવામાં તથા અધર્મને નિર્મૂળ કરવામાં ચતુર, ઈશ્વરોના ઈશ્વર, શ્રી હરિકૃષ્ણ મને સદ્બુદ્ધિ આપો. (૩)

જે અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ, મહા માયા તથા મહા પુરુષાદિના નિયંતા છે, સર્વોપનિષદોએ પ્રકર્ષપણે ગાન કરી છે કીર્તિ જેમની એવા, સર્વોપરી, જેમના અનંત ગુણાદિનો પાર સમગ્ર શેષાદિ પામતા નથી એવા તે ધર્મના પુત્ર શ્રી સહજાનંદ શ્રીહરિ મારું અત્યંત મંગલ વિસ્તારો. (૪) આ લોકમાં શ્રીહરિએ પોતાને વિશે અત્યંત પ્રીતિવાળા શ્રી રઘુવીરાચાર્ય વર્યને પોતાનાં મંગળકારી દર્શન આપીને, અત્યંત કલ્યાણકારી શ્રીહરિલીલાકલ્પતરુ નામનો સમગ્ર શાસ્ત્રોમાં પ્રધાનરૂપ, અત્યંત પ્રિય ગ્રંથ કરાવ્યો છે. તેથી હું તેમને નમસ્કાર કરું છું. (૫) અત્યંત કરુણાના મહાસમુદ્રરૂપ તે શ્રીહરિની પ્રસન્નતા માટે, તથા શ્રીહરિના ચરણકમળમાં આસક્ત મનવાળા ભક્તોની પ્રીતિ માટે, આ શ્રીહરિલીલાકલ્પતરુ નામના ગ્રંથનું ઉત્તમ માહાત્મ્ય હું પવિત્રાનંદ મુનિ, અત્યંત હર્ષપૂર્વક લખું છું. (૬)

એક સમયે આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજે, વસંતપંચમીનો મહોત્સવ જૂનાગઢ નગરમાં કરવા માટે ઈચ્છા કરી. (૭) પછી આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજે, પોતાના સંબંધિઓ તેમજ નાના પ્રકારના આયુધોને ધારણ કરનારા ઘોડેસ્વારો તથા પાર્ષદો તેમજ બ્રહ્મચારીઓ તથા સાધુગણોની સાથે, વૃત્તાલય પુરથી અશ્વ ઉપર બેસી જૂનાગઢ જવા માટે પ્રયાણ કર્યું. (૮-૯) તેમના ગૃહસ્થ શિષ્યો, તેમને જુનાગઢમાં વસંત પંચમીનો મહોત્સવ કરવા માટે જતા જાણીને તેમની પછવાડે જતા હતા. (૧૦)

માર્ગમાં ભક્તોના ગામોમાં મુનિઓ વગેરેની સાથે તે ભક્તોએ સેવાએલા, તે ભક્તોને સારી વાર્તાઓથી સંતોષ પમાડતા. (૧૧) શ્રી રઘુવીરજી મહારાજ, સાધુ, બ્રહ્મચારી વગેરે સહિત

એ પ્રકારે ચાલતા, કેટલાક દિવસો પછી જૂનાગઢ પહોંચ્યા. (૧૨)

તે પુરના અધિપતિ રાજા, તેમને આવતા સાંભળીને, સૈન્ય લઈ નાના પ્રકારના વાજિંત્રો સહિત પ્રીતિપૂર્વક સન્મુખ ગયા. (૧૩) મંદિરમાં રહેલા તેમના શિષ્યો, સમગ્ર ત્યાગિઓ, પુરના ભક્તજનો તથા આ સ્વારીના દર્શન ઈચ્છતા અન્ય જનો તેમની સન્મુખ ગયા. (૧૪) પછી પોતાની સ્તુતિ કરતા રાજા, ત્યાગીઓ તથા પુરના સમગ્ર ભક્તોની યથાયોગ્ય સંભાવના કરીને (૧૫) તેમની સાથે પ્રીતિપૂર્વક (શ્રી રઘુવીરજી મહારાજ) શિબિકામાં બેઠા. નાના પ્રકારના વાજિંત્રો, છત્ર, ચામર, વગેરે રાજચિન્હોએ સહિત, તેમણે તે પુરમાં પ્રવેશ કર્યો. (૧૬)

પછી શ્રી રઘુવીરજી મહારાજ, રાજા તથા સંતો વર્ણિઓ, પાર્ષદો તથા હરિભક્તો સાથે, શ્રી રાધારમણના મંદિરે પહોંચ્યા એટલે આચાર્ય ચૂડામણિ પોતાના વાહન થકી તત્કાળ ઉતર્યા. (૧૭) પછી આચાર્યવર્યે મુનિઓએ સહિત તેમજ શસ્ત્રધારી પાર્ષદોએ સહિત, શ્રીરાધારમણ દેવનાં દર્શન હર્ષપૂર્વક કર્યાં. (૧૮) પછી મંદિરની સમીપમાં પોતાને રહેવા માટે યોગ્ય વિસ્તારવાળી હવેલીમાં પોતાના પાર્ષદોએ સહિત આચાર્યશ્રીએ નિવાસ કર્યો. (૧૯) બીજા મહેલમાં ધર્મજ્ઞાનાદિક ગુણોથી યુક્ત તેમના ભાઈઓ વગેરેએ નિવાસ કર્યો. (૨૦)

મુનિમંડળોએ વિસ્તારવાળી સાધુની ધર્મશાળામાં નિવાસ કર્યો. તેમજ સર્વ બ્રહ્મચારીઓએ વર્ણિઓના નિવાસમાં સુખપૂર્વક નિવાસ કર્યો. (૨૧) પાર્ષદોના નિવાસમાં સુખપૂર્વક પાર્ષદોએ નિવાસ કર્યો, અને ગૃહસ્થોની બીજી હવેલીઓમાં ભગવાનના આશ્રિત ભક્તજનોએ સુખપૂર્વક નિવાસ કર્યો. (૨૨) પછી રમણીય સભામાં શ્રીરઘુવીરજી મહારાજ પોતાના શ્રેષ્ઠ આસનમાં બેસીને, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉપદેશ કરતી મધુર વાતો કરવા લાગ્યા. (૨૩)

પછી પ્રસન્ન થએલા રાજા વગેરે નગરના જનો તેમને નમસ્કાર કરીને, તેમની પ્રશંસા કરતા હર્ષ પૂર્વક સાધુઓને પોત પોતાનાં નિવાસમાં લઈ ગયા. (૨૪)

પછી આચાર્યવર્ય સ્નાન કરીને, પોતાનો સર્વ માધ્યમિક વિધિ કરીને વિષ્ણુને અર્પણ કરેલાં ભોજનો બંધુજનો સાથે જમ્યા. (૨૫)

સમગ્ર વર્ણિઓ, મુનિઓ, પાર્ષદો તથા ગૃહસ્થો પોતપોતાને યોગ્ય રીતે જુદે જુદે સ્થળે ભોજન જમ્યા. (૨૬) તે વખતે તે મંદિરમાં રહેતા સમગ્ર ત્યાગીઓ, હર્ષપૂર્વક તે આચાર્યની સેવા કરતા હતા, તેમજ પુરના ભક્તજનો પણ સેવા કરતા હતા. (૨૭)

સત્પુરુષોમાં શ્રેષ્ઠ ગુણાતીતાનંદ મુનિની આજ્ઞાથી વિરજાનંદાદિ સાધુઓ સંતોની સેવા કરતા હતા. (૨૮) અચિંત્યાનંદ વગેરે મુખ્ય, વર્ણિઓની સેવા કરતા હતા. ઝવેર ભક્ત વગેરે પાર્ષદો પાર્ષદોની સેવા કરતા હતા. (૨૯)

વિષ્ણુવલ્લભદાસ, કેવળાત્માનંદ મુનિ તથા હરિદાસ વગેરે તથા બીજા કેશવાદિ પાર્ષદો.

(૩૦) મુનિ વગેરેને જોઈતી વસ્તુઓ હંમેશા પ્રીતિપૂર્વક આપી તેમની સેવામાં મુખ્ય હતાં. (૩૧) ત્યાં તેમનાં દર્શન કરવા માટે આવતા ઘણા ભક્તોને ઉતારા આપવામાં બુદ્ધિશાળી તેઓ જ મુખ્ય હતા. (૩૨)

પછી ઉત્સવમાં ઉત્સાહી મનવાળા, મહા બુદ્ધિશાળી આચાર્યેન્દ્ર, પોતાના શિષ્યો પાસે ઉત્સવને યોગ્ય સામગ્રી મંગાવતા હતા. (૩૩) ત્યાં વસંતોત્સવ કરવા માટે આચાર્યવર્ય રઘુવીરજી મહારાજ પધાર્યા છે તે સાંભળીને જુદા જુદા દેશોમાંથી ત્યાં ભક્ત જનના સમુદાયો આવ્યા. (૩૪) તેમજ સૌરાષ્ટ્ર દેશમાં રહેલા, ઉત્સવમાં ઉત્સાહિત ચિત્તવાળા શ્રીહરિના ભક્ત દરબારો, તેમનાં દર્શન કરવા માટે આવ્યા. (૩૫)

ત્યારબાદ આચાર્યશ્રીએ વસંત પંચમીને દિવસે આશ્ચર્યકારી અને ભક્તોને આનંદપ્રદ મહોત્સવ કર્યો. (૩૬) ઉત્સવની સમાપ્તિ પછી સભામાં સુખપૂર્વક પોતાના આસન ઉપર બેઠેલા શ્રી રઘુવીરજી મહારાજનું, રાજાઓ તથા સમગ્ર ભક્તજનો તેમજ પુરના તથા દેશાંતરથી આવેલા જનોએ (૩૭) મહામૂલ્યવાળા અલંકારો, વસ્ત્રો તથા ચંદન, અક્ષત, કુંકુમ પુષ્પના હાર તેમજ બીજા ઉપચારોથી પૂજન કર્યું. (૩૮)

પછી લોધિકા પુરમાં વસતા શ્રીહરિના ભક્ત, શ્રીહરિના ધ્યાનમાં હંમેશા પ્રીતિવાળા અભયસિંહભૂપ, શ્રીહરિના એકાંતિક સત્પુરુષોના પ્રસંગથી ધર્મનંદન પ્રભુ શ્રીહરિમાં અત્યંતદૃઢ પ્રીતિયુક્ત (૩૯-૪૦) તે શ્રીહરિની રાત્રિ દિવસ શુભ એકાંતિકી ભક્તિ કરતા, સારાસારને જાણનારા, પોતાના રાજ્યમાં પણ અતિથિની માફક વર્તતા સભામાં બેઠેલા મુનિઓમાં શ્રેષ્ઠ અને દીર્ઘ દૃષ્ટિવાળા શ્રીશુકાનંદ મુનિ, તેમની સમીપ આવી તેમને નમસ્કાર કરીને, તેમને આદરપૂર્વક વચન કહ્યું. (૪૧-૪૨)

હે મુનિરાજ ! આ આચાર્યેન્દ્ર રઘુવીરજી મહારાજે હરિલીલાકલ્પતરુ નામનો ગ્રંથ રચ્યો છે. (૪૩) તે પવિત્ર ગ્રંથ તમોએ પૃથ્વીપાલક માનસિંહ રાજાને સંભળાવ્યો છે. હે મહાબુદ્ધિશાળી ! હે મુને એમ મેં સાંભળ્યું છે. (૪૪) હે મુને ! શાસ્ત્રજ્ઞોમાં શ્રેષ્ઠ ! તમારી પાસેથી તે ગ્રંથ સાંભળવા માટે હું ઈચ્છું છું. યોગીરાજ શ્રી શુકાનંદમુનિને તેમણે આ પ્રમાણે પ્રાર્થના કરી એટલે તેઓ બોલ્યા. (૪૫)

હે રાજન્ ! હું આચાર્યવર્યની આજ્ઞામાં હંમેશા છું. માટે આચાર્યશ્રીની આજ્ઞા હોય તો જ તમોને તે ગ્રંથ સંભળાવીશ. (૪૬)

પછી તેમણે આચાર્યશ્રીની સમીપ જઈને પ્રણામ કર્યા અને હાથ જોડીને આદરપૂર્વક આચાર્ય શ્રેષ્ઠ શ્રી રઘુવીર મહારાજને કહ્યું. (૪૭)

હે દયાનિધે ! પવિત્ર શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ સાંભળવા માટે હું ઈચ્છું છું. તેવી રીતે બીજા ભક્તો પણ સાંભળવા માટે ઈચ્છે છે. (૪૮) હે મહામુને ! તેથી તે ગ્રંથ વાંચવા માટે શ્રી

શુકાનંદમુનિને તમો આજ્ઞા આપો તેમજ મુનિઓ સાથે તમો પણ અહીં જ રહો. (૪૯) કથાની સમાપ્તિ પર્યંત તમારો ભોજન વગેરેનો ખર્ચ ભગવાન શ્રી હરિકૃષ્ણ સર્વ પ્રકારે પૂર્ણ કરશે. (૫૦)

શિષ્યોના હિતમાં તત્પર આચાર્યવર્યે, તેમનું વચન સાંભળીને, પ્રસન્ન થઈને કહ્યું. અહીં રહીને એ ગ્રંથ હું વંચાવીશ. (૫૧) પ્રસન્ન થએલા અભયસિંહ રાજા તેમને નમસ્કાર કરીને પોતાના આસન ઉપર બેઠા. પછી આચાર્યશ્રીએ શુકાનંદમુનિને તે ગ્રંથ વાંચવા માટે આજ્ઞા કરી. (૫૨) અત્યંત દયાળુ આચાર્યેન્દ્રે દેશાંતરથી આવેલા ભક્તના સમુદાયોને, કલ્યાણકારી, ત્રિવિધ તાપ હરનારી, પાપોના સમુદાયો નાશ કરનારી કથા સાંભળવા માટે આજ્ઞા કરી. (૫૩) પછી સમગ્રજનો તથા બીજાઓને પોત પોતાના નિવાસ સ્થાનમાં જવા માટે આજ્ઞા આપીને પોતાના પાર્ષદથી વીંટાએલા આચાર્ય પોતાના સર્વશ્રેષ્ઠ ઉતારામાં પધાર્યા. (૫૪)

ઈતિ શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્યમાં શ્રીમદાચાર્યે કરેલી કથા વાંચવાની આજ્ઞા નિરૂપણનું ગુજરાતી ભાષાંતર પ્રાચીન આચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્યયોગ વારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત તેનો પહેલો અધ્યાય સંપૂર્ણ (૧)



અધ્યાય ૨ જો

બીજે દિવસે આચાર્યશ્રીએ પોતાના પાર્ષદોને કથા વાંચવા માટે વ્યાસાસન સ્થાપવા માટે પ્રેરણા કરી. (૧) ત્યાર બાદ પાર્ષદોએ સાધુની ધર્મશાળાની આગળ વિવિધ રંગના ઉલ્લાચોથી સુશોભિત, વિસ્તારવાળો રમણીય ચોક, આદરપૂર્વક વાળીને તથા પાણી છાંટીને સાફ કર્યો. (૨) ત્યાં રમણીય રંગબેરંગી પાથરણાં પાથરીને પાર્ષદોએ વક્તાને માટે યોગ્યતા પ્રમાણે સિંહાસન સ્થાપન કર્યું. (૩) તે સિંહાસન ઉપર અતિ સુંદર કોમળ ગાદલું પાથરીને પુસ્તક મૂકવા માટે તેના ઉપર યથાયોગ્ય ઉત્તમ બાજોઠની સ્થાપના કરી. (૪) પછી પાર્ષદોએ ત્યાં આચાર્યશ્રીનું સિંહાસન ઉત્તમ કોમળ ગાદલાવાળું હર્ષપૂર્વક સ્થાપન કર્યું. (૫)

તેટલામાં આચાર્યેન્દ્ર નિત્યવિધિ કરીને પોતાના બંધુઓ તથા પાર્ષદો સાથે રમણીય સભાસ્થાનમાં આવ્યા. (૬) મહાબુદ્ધિશાળી આચાર્યશ્રી પોતાના શોભાયમાન આસન ઉપર વિરાજમાન થયા. તેમના બંધુઓ પણ ત્યાં યથા યોગ્ય બેઠા. (૭) પછી સમગ્ર વર્ણિઓ, મુનિઓ, તથા પાર્ષદો આચાર્યશ્રીને નમસ્કાર કરીને સભામાં યોગ્યતા પ્રમાણે બેઠા. (૮) તેવી રીતે દેશાંતરથી આવેલા ભક્તજનો તથા પુરના સમગ્ર ભક્તો આચાર્યને નમસ્કાર કરીને વર્ણાશ્રમ અનુસાર તથા ઉંમરની યોગ્યતા પ્રમાણે બેઠા. (૯)

ત્યારબાદ પુસ્તક લઈને શુકાનંદમુનિના શિષ્ય ભોલાનાથ બ્રાહ્મણ મંગળકારી સભા પ્રત્યે

આવ્યા. (૧૦) પછી દેશિકેન્દ્રને તથા તે સભાને હર્ષયુક્ત પ્રણામ કરીને, કોમળ પાથરણા યુક્ત બાજોઠ ઉપર, પવિત્ર પુસ્તકની સ્થાપના કરી. (૧૧)

પછી શિષ્ય સમુદાયની સાથે મહામુનિ શુકાનંદ, વેદશાસ્ત્રમાં વિશારદ, શ્રીહરિના ધ્યાનમગ્ન, સભામાં આવ્યા. (૧૨) સભામાં બેઠેલા સર્વે ભક્તો સદ્‌ગુણોના અલંકારરૂપ, શાંત મૂર્તિ શુકાનંદમુનિને આવતા જોઈને, એકદમ એકી સાથે ઊભા થયા. (૧૩) સજ્જનોમાં શ્રેષ્ઠ, મુનિરાજ તે શુકાનંદે તે દિવ્ય સભામાં પ્રવેશ કર્યો અને પરમાનંદ પૂર્વક આચાર્યવર્ય શ્રી રઘુવીરજીને પ્રથમ વંદન કરી બધા સભાસદોને પણ સાદર વંદન કર્યા. (૧૪) પછી મુનિરાય આચાર્યશ્રેષ્ઠની આજ્ઞાથી કથા વાંચવા માટે શ્રેષ્ઠ વ્યાસાસન ઉપર બેઠા. (૧૫)

નરેન્દ્ર અભયસિંહે સુંદર ચંદન તથા પુષ્પાદિક ઉપચારો વડે પ્રથમ પુસ્તકની પૂજા કરી. (૧૬) પછી હર્ષપૂર્વક કેસરયુક્ત સુગંધિમાન ચંદનથી શુકાનંદ મહામુનિના કપાળમાં પત્રની લતાની માફક અર્ચા કરી. (૧૭) પછી ત્યાં કુંકુમનો ગોળ ચાંદલો કરી સુંદર પુષ્પોથી બનાવેલી ટોપી તેમના મસ્તક ઉપર ધારણ કરી. (૧૮) પછી અભયસિંહ નૃપે વિવિધ પ્રકારના પુષ્પોના હાર બાજુબંધ, કડાં શુકાનંદમુનિને ધારણ કરાવી હર્ષથી તેમણે પ્રણામ કર્યા. (૧૯)

પછી આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજને પુષ્પની પાઘડી, તોરા તથા સુંદર પુષ્પોના હાર, બાજુબંધ, ગજરા તથા કાન ઉપર ધારણ કરવાના ગુચ્છો, સુંદર કંકણો તથા વિવિધ પ્રકારની પૂજાની સામગ્રીઓથી સારી રીતે પૂજા કરી, તેમ જ તેમના બંધુઓ તથા વર્ણિઓ, મુનિઓ વગેરે સર્વેનું પૂજન કર્યું. (૨૦-૨૧)

પછી કથાના વક્તા મહામુનિ શ્રી શુકાનંદજીએ આ પ્રમાણે હર્ષપૂર્વક મંગલાચરણ કર્યું. (૨૨)

પુષ્પની પાઘડી ધારણ કરનારા, પુષ્પની ડગલી તથા પુષ્પનો ખેસ, પુષ્પના સુંદર હાર તથા બંને ચરણ કમળમાં પુષ્પના સાંકળો, બાજુબંધ, કડા વગેરે પુષ્પના અલંકારો ધારણ કરનારા ધર્મના પુત્ર શ્રી નારાયણમુનિ, મારા હૃદયકમળમાં હંમેશા નિવાસ કરો. (૨૩) સ્વયં શ્રીહરિ પોતે હંમેશા શ્વેત સુંદર વસ્ત્રો ધારણ કરતા, ક્યારેક જન્માષ્ટમી આદિ ઉત્સવના દિવસોમાં આશ્રિત ભક્તોના આનંદ માટે, નાના પ્રકારના અલંકારો, શુદ્ધ સુવર્ણના તારના બનાવેલાં વસ્ત્રો ધારણ કરતા એવા ધર્મનંદન શ્રીહરિ સહજાનંદજીનું, હું હંમેશા હૃદયમાં ધ્યાન કરું છું. (૨૪)

સુશોભિત મંદ હાસ્યયુક્ત મુખારવિંદથી સ્ફુરાયમાન દંતરૂપી ચંદ્રમાઓની પંક્તિના સુંદર કિરણોથી શોભતા બિંબ (પાકા ઘીલોડાની) જેવા ઓષ્ઠવાળા, અનુપમ શોભાના સાગર, દયાના સમુદ્ર, કમળનયન, ચપળ ગતિવાળા, જગતમાં હંમેશા વંદના કરવા યોગ્ય, ધર્મનંદન શ્રી હરિકૃષ્ણને હું વંદન કરું છું. (૨૫)

યોગીરાજ શ્રી શુકાનંદ મુનિએ આવી રીતે મંગળાચરણ કરીને શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથની કથા કરવાનો આરંભ કર્યો. (૨૬) શુકાનંદ સ્વામીના મુખરૂપ ચંદ્રમાંથી ઝરતા કથાના સારરૂપ અમૃત રસને, કર્ણરૂપી પ્યાલાઓથી, સ્થિર અંતઃકરણાળા શ્રોતાઓ, સારી રીતે પાન કરવા લાગ્યા. (૨૭) મહામુનિ પવિત્ર ગ્રંથને હંમેશા વાંચતા તે પ્રમાણે એક માસમાં શ્રોતાઓને સમગ્ર ગ્રંથ આદરપૂર્વક સંભળાવ્યો. (૨૮)

ગ્રંથની સમાપ્તિના દિવસે વિવિધ ઉપચારો વડે અભયસિંહ રાજાએ પુસ્તકની પૂજા કરી. (૨૯) પછી વિવિધોપચારથી કથા વાંચનાર શ્રી શુકાનંદ મુનિની પૂજા કરીને, અમૂલ્ય વસ્ત્રો તથા અલંકારો વડે હર્ષપૂર્વક આચાર્યવર્યને પૂજ્યા. (૩૦) નાના પ્રકારના યથાયોગ્ય ઉપચારો વડે તેમના બંધુઓ, વર્ણિઓ મુનિઓ તથા બીજા ભક્તોની હર્ષપૂર્વક પૂજા કરી. (૩૧) વક્તા ત્યાગી હોવાથી ન સ્વીકાર કરવા યોગ્ય તેમને આપવાનાં ભૂષણો તથા સોનેરી વસ્ત્રો વગેરે રાજાએ શ્રી રાધારમણ દેવને આપ્યાં. (૩૨)

અભયસિંહ રાજાએ પ્રીતિપૂર્વક સુંદર રસયુક્ત ભોજનો આચાર્યવર્ય તથા તેમના બંધુઓ મુનિઓ, વર્ણિઓ તેમજ હજારો હજાર બ્રાહ્મણોને જમાડ્યા અને તેમને તૃપ્ત કર્યા. (૩૩) પછી અત્યંત પ્રસન્ન, ઉદાર મનવાળા, અભયસિંહ રાજાએ બ્રાહ્મણોને ઘણી દક્ષિણા આપીને પછી પોતે ભોજન કર્યું. (૩૪)

પછી સત્પુરુષોમાં અગ્રેસર શ્રી શુકાનંદમુનિને અભયસિંહ નરેન્દ્ર હાથ જોડીને આ પ્રમાણે પૂછતા હતા. (૩૫)

અલૌકિક, પવિત્ર શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ તમોએ કૃપાથી સંભળાવીને મને અત્યંત કૃતાર્થ કર્યો. (૩૬) કલ્યાણ કરનારું - રસયુક્ત, પરમ પવિત્ર, તાપને નાશ કરનારું, તમારા વચનરૂપી અમૃત તેનું પાન કરતો હું હે યોગીરાજ ! તૃપ્તિ પામતો નથી. (૩૭) હવે સર્વ આચાર્યોમાં શ્રેષ્ઠ શ્રી રઘુવીરજી મહારાજે રચેલા આ ગ્રંથનું માહાત્મ્ય મને કહો. (૩૮) આ ગ્રંથ સાંભળવાનો કોને અધિકાર છે ? શ્રવણનું શું ફળ છે ? હે મુને ! કેવી રીતે કેવા દેશમાં ? કયા કાળમાં ? આ ગ્રંથ સાંભળવો. (૩૯)

આ ગ્રંથના વક્તા કેવા હોવા જોઈએ ? તેમ જ કેવા શ્રોતાઓ જોઈએ ? આ ગ્રંથની સમાપ્તિમાં, હે મુની ! શું આપવું જોઈએ ? તે મને કહો. (૪૦) જિજ્ઞાસુ અતિ પવિત્ર, શ્રીહરિની કથા શ્રવણમાં શ્રદ્ધાવાળા અભયસિંહ રાજાએ વિનયપૂર્વક હર્ષથી મુનિ પ્રવર શુકમુનિને આ પ્રમાણે કહ્યું તેથી અત્યંત પ્રસન્ન થઈને, શુકાનંદમુનિ તેમને મધુર વાણી કહેવા લાગ્યા. (૪૧)

ઈતિ શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્યમાં શુકાનંદમુનિ અને અભયસિંહ નૃપતિના સંવાદમાં રાજાએ કરેલા તેના મહાત્મ્યાદિ પ્રશ્ન નિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચીન આચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્યયોગ વારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત-તેનો બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદ મુનિ કહે છે : હે રાજન્ ! સર્વ જીવોને હિતકર સુંદર પ્રશ્ન તમોએ પૂછ્યો. તમારા પ્રશ્નનો ઉત્તર હું અનુક્રમે કરું છું. (૧) હે ધરણીપતે ! સર્વ વેદ પુરાણો તથા સર્વ શાસ્ત્રોના સારરૂપ આ ગ્રંથ છે. (૨) પાપ, તથા ત્રિવિધ તાપને શમન કરનાર, જન્મમરણરૂપી રોગની તો એક ઔષધીરૂપ આ ગ્રંથ છે. જેમાં શ્રીહરિની લીલારૂપ અમૃત રસ ભરેલો છે. (૩) ધર્મના પુત્ર શ્રીહરિના તિરોધાન પછી આ ગ્રંથ દેહધારીઓને સંસારરૂપી સમુદ્ર તરવામાં નૌકા સમાન છે. (૪) દુષ્કર્મરૂપી કાદવના લેપને ધોવામાં આ ગ્રંથ અતિ સમર્થ છે. શ્રીહરિના સ્વરૂપના જ્ઞાનરૂપી કમળોને પ્રફુલ્લિત કરવામાં આ ગ્રંથ સૂર્યનારાયણ સમાન છે. (૫)

હે રાજન્ ! અમૃતમાં જે રસ છે તે ક્યાં અને આ વેદોનો સુંદર રસ તે ક્યાં ? મહામૂલ્યવાળા મણિની સાથે કાચની સરખામણી કેવી રીતે થાય ? (૬) અમૃતનું પાન કરનાર દેવતાઓ પણ, એકાંતિકી મુક્તિ આપનાર આ ગ્રંથના કથા રસનું હંમેશા પાન કરવા ઈચ્છે છે. (૭) કાળરૂપી મોટા સર્પના મુખના કોળીઓના ત્રાસની નિવૃત્તિ માટે પવિત્ર કરનારું છે શ્રવણ અને કીર્તન જેનું એવા આ ગ્રંથનું જનોએ ભક્તિપૂર્વક સેવન કરવું. (૮) મનુષ્યોને મનની શુદ્ધિ માટે આ ગ્રંથથી બીજો કોઈ ઉત્તમ ગ્રંથ નથી. અનેક જન્મોમાં પુણ્ય કર્યાં હોય તે પુરુષ આ ગ્રંથનું પાન કરી શકે છે. (૯) પ્રાણધારિઓના મોક્ષ માટે, શ્રીહરિકૃષ્ણ ભગવાનની પ્રસન્નતાથી, આ ગ્રંથ શ્રી રઘુવીરાચાર્યેન્દ્રે કરેલો છે. (૧૦)

હે રાજન્ ! સંસારરૂપી દુસ્તર મહારોગનો નાશ કરવામાં અતિ ચતુર એવા આ ગ્રંથનું માહાત્મ્ય સર્વોત્તમ છે. (૧૧) પરમ પવિત્ર, તાપને નાશ કરનારો, ન ભેદી શકાય તેવા અવિદ્યારૂપી ગાઢાંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન ઉત્તમ શ્રોતાઓ માટે અતિ શ્રેષ્ઠ અત્યંત મંગળકારી, શ્રોતા તથા વક્તાઓના સમગ્ર કળિ મળ ધોવામાં અત્યંત શક્તિવાળો, આ ગ્રંથ છે. માટે પોતાના હિતમાં અત્યંત પ્રીતિવાળા જનોએ હર્ષપૂર્વક આ ગ્રંથનું સેવન કરવું. (૧૨) શ્રીહરિના ચરણકમળમાં પ્રીતિ વધારનારો, શરીરધારીઓને સમગ્ર ઈષ્ટ સુખને આપનારો, અત્યંત પવિત્ર શ્રવણ અને કીર્તન તે જેનું અને જેની સમાન બીજો નથી, એવો આ ગ્રંથ મુનિ પુરુષોએ સેવેલો છે. (૧૩)

શ્રીહરિના ચરિત્રરૂપી સુધારસથી ભરેલો, ત્રિવિધ તાપનું શમન કરનાર છે. શ્રવણ જેનું, અલૌકિક, જનોને શ્રવણ માત્રથી રંજન કરનારો, શ્રવણ માત્રથી કુબુદ્ધિને ભેદી નાખનારો. (૧૪) સમગ્ર કવિઓના ભૂષણરૂપ, પરમાત્માની સંસ્મૃતિમાં કારણરૂપ, કામાદિ શત્રુઓના ભયને નિવારણ કરનારો, શ્રીહરિના ચરણાશ્રિતરૂપી કમળોને સૂર્ય સમાન, આ ગ્રંથ વિજય પામો. (૧૫)

જ્યોતિ સમુદાયમાં જેમ સૂર્યનારાયણ અત્યંત શ્રેષ્ઠ છે, ધનુર્ધારીઓમાં જેમ અર્જુન, સમગ્ર વક્તાઓમાં બૃહસ્પતી તેમ શાસ્ત્ર સમુદાયોમાં, અત્યંત ઉત્તમ આ ગ્રંથ છે. (૧૬) વિષયરૂપી તીવ્ર

ઝેરથી મૂર્છિત થએલા પ્રાણીઓને આ લોકમાં અત્યંત શાંતિ કરવામાં સંજીવની ઔષધી સમાન આ ગ્રંથ છે. (૧૭) બ્રહ્મા, શંકર, વિષ્ણુ વગેરે દેવતાઓના ઈશ્વરોએ પણ આ ગ્રંથ ઇચ્છેલો છે. કળિ મળને નાશ કરનાર, શ્રવણ અને કીર્તન જેનું છે, અને ભગવાનના ભક્ત સમુદાયોને અત્યંત પ્રિય છે. (૧૮) સંસારરૂપી દુરંત વનના અગ્નિની ઝાળથી અહીં ભૂલોકમાં બળતા શરીરધારીઓની શાંતિ માટે કલ્યાણકારી, અમૃતના મેઘ સમાન આ ગ્રંથ છે. (૧૯) શ્રવણ અને કીર્તન કરનારા પ્રાણધારીઓનું મંગળ તથા પુણ્ય વધારનારો, ઇષ્ટ સુખ આપનારો, શ્રીહરિના શ્રેષ્ઠ અક્ષરધામનું સુખ આલોકમાં આપનારો, આ ગ્રંથ છે. (૨૦)

આ ગ્રંથના શ્રવણથી તત્કાળ શ્રીહરિ સ્વયમ્ ચિત્તમાં પ્રવેશ કરે. (૨૧) આ લોકમાં સંસારના તાપની શાંતિ કરવામાં એક કારણરૂપ આ ગ્રંથ ક્યારેય પણ જેણે નથી સાંભળ્યો તેનો જન્મ નિર્થક છે અને પોતાની માતાના ગર્ભમાં દશ માસ સુધી રહી તેમણે માતાને કેવળ દુઃખ જ આપ્યું છે. (૨૨) જેણે આ ગ્રંથની પવિત્ર કથા સાંભળી નથી, તે મૂઢમતિ શ્વાસ લે છે છતાં મરેલો જ છે. મુક્તિની સિદ્ધિ જે નથી કરતો તેને દેવો ધિક્કારે છે અને તે પૃથ્વીમાં ભારરૂપ છે એમ કહે છે. (૨૩)

હવે આ ગ્રંથના શ્રવણમાં કોણ અધિકારી છે તે સાંભળવાને ઇચ્છતા તમોને હું કહું છું હે રાજન્ ! સ્વસ્થ મનવાળા તમે સાંભળો. (૨૪) હે રાજન્ ! આ પૃથ્વીમાં મનુષ્ય દેહ પામેલા પુરુષો તથા સ્ત્રીઓ આ ગ્રંથના શ્રવણમાં અધિકારી છે. (૨૫) ચાર વર્ણો તથા ચાર આશ્રમવાસી આ ગ્રંથના શ્રવણમાં અધિકારી છે. માટે તેમણે સર્વેએ આદરપૂર્વક આ ગ્રંથ સાંભળવો. (૨૬)

હે રાજન્ ! આ ગ્રંથ શિરોમણીના શ્રવણથી જે ફળ છે તે સાંભળવામાં આસક્તચિત્તવાળા તમોને હું કહું છું. (૨૭) યજ્ઞ તથા દાન કરવાથી તથા સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ છે તે સર્વ ફળ આ ગ્રંથના શ્રવણ માત્રથી જ લોકોને મળે છે. (૨૮) આ ગ્રંથના શ્રવણથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે અને શ્રોતાઓના સર્વ મનોરથો તત્કાળ પૂર્ણ કરે છે. (૨૯) શ્રીહરિને પ્રસન્ન કરવા માટે કળિયુગમાં લોકો તીવ્ર તપ કરવા તથા વિવિધ પ્રકારના દાન દેવા તેમજ યજ્ઞો કરવા માટે સમર્થ નથી. (૩૦) માટે પોતાના હિતમાં ઉદ્યમવાળા ડાહ્યા પુરુષો આ ગ્રંથ શ્રદ્ધાથી સાંભળો. હે રાજર્ષે ! આ ગ્રંથના શ્રવણથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે. (૩૧)

જેમણે આદરપૂર્વક આ ગ્રંથની કથા રૂપી અમૃતનું પાન કર્યું છે, તે પુરુષો કાળરૂપી મહાસર્પના મહાડંસના ત્રાસથી મુક્ત થઈને શ્રીહરિના ધામને પામે છે. (૩૨) હજારો યુગ પર્યંત સુધાનું પાન કરનારા દેવો પણ કાલના ભયથી મુક્ત થવા, સત્પુરુષોના મુખથી આ ગ્રંથના અમૃત રસના પાનની ઇચ્છા કરે છે. (૩૩) દેવતાઓને પણ દુર્લભ એવું આ શાસ્ત્ર, આ લોકમાં જનોને શ્રીહરિની દયાથી સુલભ થયું છે. માટે સમગ્ર જનોએ ઇચ્છા પ્રમાણે સાંભળવું. (૩૪) આ ગ્રંથ આદરપૂર્વક સાંભળવો. આ ગ્રંથ કરતાં દેહધારીઓને બીજું કાંઈ દુર્લભ નથી. સમગ્ર ઇચ્છિતાર્થ આપનાર પરમ પવિત્ર

જનોએ આ ગ્રંથ સાંભળવો યોગ્ય છે. (૩૫)

હે રાજન્ ! વિવિધ પ્રકારના પાતકોનો નાશ કરનારા અને ઈચ્છિત પ્રાપ્ત થાય તે કારણથી સર્વ શ્રેષ્ઠ મુનિઓએ પરિશીલન કરેલું પાપોના સમુદાયોને ભેદનારું આ ગ્રંથનું શ્રવણ અવશ્ય કરવું. (૩૬)

જેમણે આ લોકમાં ક્યારે પણ આ શાસ્ત્ર નથી સાંભળ્યું, તેમણે સર્વ પુરુષાર્થના સાધનરૂપ મનુષ્ય દેહ, જે દેવો પણ ઇચ્છે છે અને જે રત્ન સમાન છે, તેને કૂવામાં નાખ્યું છે. (૩૭) આ શાસ્ત્રના શ્રવણ વિના શરીરધારી પંડિતોએ, મનુષ્યને પશુ સમાન કહ્યો છે. તેથી જનોએ સકલ ઈષ્ટ સિદ્ધિને આપનારું આ શાસ્ત્રનું શ્રવણ શ્રદ્ધાથી કરવું. (૩૮) પ્રાણનો ત્યાગ થવાથી આત્માનું, પુત્રો તેમ જ પરિવાર, ગૃહ, રાજ્ય, સમગ્ર સંપત્તિ, કોઈ રક્ષણ કરતું નથી. તે સમયે તો આ એક જ (આ ગ્રંથના શ્રવણરૂપી સત્કર્મ જ) રક્ષણ કરનાર છે.(૩૯) હવે આ શાસ્ત્રના શ્રવણનું સ્થાન શાસ્ત્ર પ્રમાણે કહેલું છે. હે રાજન્ ! હું તમોને કહું છું. તેને તમો શાંત ચિત્તથી સાંભળો. (૪૦)

શ્રીકૃષ્ણના મંદિરમાં, નદીના કાંઠે, લીંપીને પવિત્ર કરેલા પોતાના ઘરમાં, ચંદરવા બાંધીને, આદરપૂર્વક આ ગ્રંથનું શ્રવણ કરવું. (૪૧) હે રાજન્ ! ભક્તમાં શ્રેષ્ઠ, શ્રવણમાં અત્યંત પ્રીતિવાળા, તમોને શાસ્ત્ર પ્રમાણે આ શાસ્ત્ર શ્રવણનો સમય કહું છું. (૪૨) આ લોકમાં આ શાસ્ત્ર જનોએ હંમેશા પ્રીતિપૂર્વક સાંભળવું. દરરોજ સાંભળવામાં અનુકૂળતા ન હોય તો ચાતુર્માસમાં તો અવશ્ય સાંભળવું. (૪૩) સમગ્ર ચાતુર્માસમાં આ શાસ્ત્ર શ્રવણમાં અનુકૂળતા ન હોય તો શ્રાવણ માસમાં જનોએ આ શાસ્ત્ર અવશ્ય સાંભળવું. (૪૪) સર્વ પ્રકારે શ્રાવણ માસમાં પણ જો અનુકૂળતા ન હોય તો ચૈત્ર માસમાં અથવા માર્ગશીર્ષ માસમાં તો આ શ્રેયસ્કર શાસ્ત્ર હર્ષપૂર્વક સાંભળવું. (૪૫) આ હરિલીલાકલ્પતરુ ગ્રંથનું શ્રવણ મલ માસમાં (પુરુષોત્તમ માસમાં) અવશ્યપણે કરવું. સર્વ માસોમાં હરિ દેવતા જેના છે એવો આ શ્રેષ્ઠ માસ છે. (૪૬)

હવે હે રાજન્ ! આ ગ્રંથના વક્તાનાં લક્ષણો હું કહું છું, જેના મુખમાંથી નીકળેલી વાણી શ્રોતાઓના જન્મમરણરૂપી સંસારને નાશ કરનારી છે. (૪૭)

આ ગ્રંથના વાક્યોના ભાવયુક્ત, ધીર, સુંદર સ્વરે યુક્ત, રસ યુક્ત, તેમજ સ્પષ્ટ શબ્દોચ્ચારણપૂર્વક, ઉત્સાહ સહિત, અતિ વિસ્તાર યુક્ત નહીં, (૪૮) તેમજ શાંત, દૃઢ નિશ્ચયવાળા અને શ્રદ્ધાવાળા સંપ્રદાયના શાસ્ત્રો ભણેલા, સમગ્ર ગ્રંથના અર્થને જાણનારા, વક્તા હોવા જોઈએ. (૪૯) જે દુરાગ્રહ રહિત, સારા સ્વભાવવાળા, જીતેન્દ્રિય, બોલવામાં ચતુર, જેવો અર્થ હોય તેવું કહેનાર, શ્રોતાઓને ઉપદેશ આપવામાં વિચક્ષણ (૫૦) ઈશ્વરેચ્છાથી જે મળે તેનાથી સંતોષવાળા, દયાળુ, અહંકારે રહિત, શાંત, અત્યંત કોમળ સ્વભાવવાળા, શ્રીહરિની ભક્તિવાળા (૫૧) લોકાપવાદથી રહિત, જીત્યો છે કામ જેણે એવા, નિસ્પૃહી, લોભ અને ક્રોધથી રહિત, પરિગ્રહ નહિ કરનાર

(૫૨) સદ્‌વૃત્તિવાળો, નિર્દંભ, મિત્રની માફક આચરણ કરનાર, ધીર, અકિંચન, ઉપકારી, તેમજ જાતિથી બ્રાહ્મણ હોય તે, આ ગ્રંથનો વક્તા કહેલો છે. (૫૩) બીજો જે દ્વિજાતિ-ભાગવતી દીક્ષાને પામેલો હોય, અષ્ટાંગ બ્રહ્મચર્યને પાળનારો, જો નિર્લોભી હોય તો કથા વાંચે. (૫૪)

હવે અતિ પવિત્ર આ ગ્રંથના શ્રોતાઓનાં લક્ષણો હે રાજન્ ! જાણવા માટે ઇચ્છતા તમોને શાસ્ત્ર પ્રમાણે હું કહું છું. (૫૫) બીજા કાર્યોમાં લાલસા રહિત, શ્રદ્ધા તથા ભક્તિવાળા, વાણીને નિયમિત રાખનારા, પવિત્ર અવ્યગ્ર ચિત્તવાળા, શ્રોતાઓ પુણ્ય કાર્યમાં રુચિવાળા (૫૬) ઇન્દ્રિયોનું નિયમન કરનારો વિનયી, દંભ અને મત્સરથી રહિત, પોતાના ધર્મમાં રહેલા સાક્ષાત્ શ્રીહરિમાં પ્રેમની વૃદ્ધિને ઇચ્છનારા. (૫૭)

હે રાજન્ ! આ ગ્રંથની સમાપ્તિમાં શાસ્ત્રદર્શીઓએ જે કર્તવ્ય કહેલું છે અને વક્તાને આપવા યોગ્ય જે છે, તે હું તમોને કહું છું. (૫૮) હે રાજન્ ! આ ગ્રંથની સમાપ્તિમાં કલ્યાણકારી મહાપૂજન, વિધિ પ્રમાણે કરવું. વક્તાને પાઘડી, સુંદર વસ્ત્ર, સોનું મુખ્ય જેમાં છે એવું યથા શક્તિ આપવું. (૫૯) વક્તાને નવા વસ્ત્રો તથા પુષ્કળ ધન ભક્તિપૂર્વક આપવું. તેમજ શક્તિ પ્રમાણે અલંકારો તથા સુવર્ણ વગેરે દક્ષિણા આપવી. (૬૦) વાહન, ધન, વસ્ત્ર, મોજડીઓ, પાત્રો, શ્રેષ્ઠ ભૂષણો, પોતાની શક્તિને અનુસારે ઉત્સાહથી જુદા જુદા શ્રોતાઓ, કથા વાંચનારને આપે. (૬૧)

અભયસિંહ રાજા, શ્રીશુકાનંદ મુનિનું અમૃત જેવું શ્રેયસ્કારી વચન સાંભળીને, આનંદ પામ્યા અને જેને તૃપ્તિ થઈ નથી એવા અને જાણવા માટે ઇચ્છતા ફરીથી પૂછવા લાગ્યા. (૬૨)

ઇતિ શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદમુનિ અભયસિંહ નૃપ સંવાદે ગ્રંથ માહાત્મ્યાદિ પ્રશ્નોત્તર નિરૂપણનું ગુજરાતી ભાષાંતર પ્રાચિન આચાર્ય, વેદાન્ત તીર્થ સાંખ્યયોગ વારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત તેનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૬૩)



અધ્યાય ૪ થો

અભયસિંહ રાજા કહે છે : હે દયાળુ ! હું આ શાસ્ત્ર શ્રવણનો વિધિ મુનિઓમાં શ્રેષ્ઠ ! તમારી પાસેથી જાણવા ઇચ્છું છું. માટે મહાત્મન્ ! તમારો શિષ્ય એવો જે હું, તે મને તમો તે સર્વ કહેવા માટે યોગ્ય છો. (૧) આવી રીતે અભયસિંહ રાજાએ પૂછવાથી મહાજ્ઞાન સાગર, વિધિને જાણનારા, દયાળુ સ્વભાવવાળા શ્રી શુકાનંદમુનિ હર્ષપૂર્વક આશ્ચર્યકારી સુંદર વાણી બોલ્યા. (૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! આ લોકમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સન્યસ્ત એ ચાર આશ્રમોની સ્થિતિ પામેલા, સમગ્ર શરીર ધારીઓને અતિમંગળ રૂપ આ ગ્રંથના શ્રવણમાં અધિકાર મેં કહેલો છે (૩) હે

નરેન્દ્ર ! સર્વાર્થ સિદ્ધ આપનારો આ પ્રસિદ્ધ માર્ગ છે. તેવી રીતે શ્રેષ્ઠ જ્ઞાની મુનીંદ્રોએ તથા દેવોએ પૂજેલો છે. (૪) મનુષ્યોએ આ ગ્રંથના કથાના શ્રવણ વિના શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન તો ન જ થાય. સ્વરૂપના જ્ઞાન વિના આ લોકમાં કલ્યાણ ઇચ્છતા મનુષ્યોના સંસારનો નાશ કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય. (૫) અજ્ઞાન રૂપી અંધારાને પામેલા નેત્રોવાળાને વિજ્ઞાનની સિદ્ધિ માટે આ ગ્રંથ જ દીવો છે. જન્મ મરણ રૂપી રોગથી પીડાયેલાને શ્રીહરિની કથાનું શ્રવણ એજ નિશ્ચય ઔષધ છે. (૬) આ લોકમાં સર્વ પ્રકારે જે શરીરધારીઓ પોતાના ચિત્તમાં શ્રેયને ઇચ્છે છે, તે પુરુષો પાપ અને પીડા રૂપી સોપારીને છેદનારી, આ ગ્રંથની જ અસાધારણ કથા હંમેશા સાંભળે. (૭) જે પુરુષ આ કથાને નિરંતર સાંભળવા માટે અશક્ત હોય, તે તો ભક્તિયુક્ત થઈને હે નરેન્દ્ર! દરરોજ નિયમિત અહીં મુહૂર્ત માત્ર પણ નિશ્ચય સાંભળે. (૮) જે આ કથા હંમેશા સાંભળવા માટે અશક્ત હોય તે મનુષ્ય, પવિત્ર મહિનાઓમાં ભક્તિપૂર્વક આ કથા સાંભળે. તેવી રીતે આ અલૌકિક કથા પુણ્યતિથિઓમાં શ્રવણ કરે. (૯)

જન્મ મરણરૂપી સંસારને નાશ કરનારી આ ગ્રંથની કથા, મુહૂર્ત માત્ર અથવા તેનો અર્ધો ભાગ જે દેહધારીઓ આ લોકમાં સાંભળે છે, તેમની ક્યારેય પણ દુર્ગતિ નથી જ થતી. (૧૦) સમગ્ર યજ્ઞોમાં જે ફળ કહેલું છે, તેવી રીતે સમગ્ર દાનોમાં જે ફળ કહેલું છે, તે સર્વ ફળ મનુષ્ય ભક્તિપૂર્વક આ ગ્રંથના શ્રવણથી પામે છે. (૧૧) હે રાજન્ ! આ પવિત્ર ગ્રંથના શ્રવણ વિના મનુષ્યને પશુ સમાન કહ્યો છે તેથી પોતાના હિતમાં તત્પર જનોએ આ ગ્રંથનું શ્રવણ ભક્તિપૂર્વક કરવું. (૧૨)

આ ગ્રંથના શ્રવણમાં દરરોજ અનુકૂળતા ન હોય તો, દુઃખને હરનારા આ ગ્રંથનું પવિત્ર શ્રવણ હિતાર્થી પુરુષ અવશ્ય ચાતુર્માસમાં અથવા શુભ પર્વોમાં કરે. (૧૩) પોતાનો આહ્નિક વિધિ કરીને, શાસ્ત્રમાં ચતુર તેવા વક્તાને બોલાવીને, તેમને આસન આપીને તથા તેમની સંભાવના કરીને, ભક્તિથી સત્કારપૂર્વક વંદના કરે. (૧૪) ઊંચા બાજોઠ ઉપર તેમનું પુસ્તક સ્થાપન કરીને પછી પુસ્તકના આસનથી નીચે સુંદર કોમળ વ્યાસાસન ઉપર કથાના વક્તાને મુખ્ય શ્રોતા અત્યંત નમ્રતાથી બેસાડે. (૧૫)

હે રાજન્ ! તે પુસ્તકનું ભક્તિપૂર્વક સુગંધિમાન, ચંદન, અક્ષત, કુંકુમ સુંદર સારા પુષ્પોના હાર વગેરેથી પહેલાં સંપૂજન કરીને પછી શ્રેષ્ઠ વક્તાને પૂજે. (૧૬) દશાંગ ધૂપ, દીપ, તાંબુલ તથા ફળો વગેરેથી તેમજ ઉત્તમ દક્ષિણાથી પૂજા કરીને ભક્તિપૂર્વક આરતી ઉતારીને પછી, વક્તાને પ્રણામ કરે. (૧૭) હે ઉદાર બુદ્ધે ! શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન આપનારા, પૂજા કરવા યોગ્ય નારાયણના એકાંતિક ભક્ત, શાસ્ત્રના સર્વઅર્થને સમજાવવામાં નિપુણ શુકાનંદ મુનીંદ્ર રૂપ તમોને હું વંદન કરું છું. (૧૮) આ મંત્રથી તે વક્તાને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને, પછી યથાયોગ્ય બ્રાહ્મણ તેમજ બીજા સર્વ શ્રોતાઓનું, મુખ્ય શ્રોતા પૂજન કરે. (૧૯) હે રાજન્ ! વક્તાના આસનથી નીચા આસનમાં સર્વેશ્રોતાજનો વક્તાને પ્રણામ કરીને બેસે અને એકાગ્ર ચિત્તવાળા થઈને આ કથા સાંભળે. (૨૦)

તે સભામાં બ્રાહ્મણોએ આગળ બેસવું, તેમની પાછળ સભામાં ક્ષત્રિઓએ બેસવું, તેમના

પછી વૈશ્યજનોએ બેસવું, તેમની પાછળ શૂદ્રો એ બેસવું. (૨૧) શૂદ્રોની પાછળ સંકર જાતિથી થએલા જનોએ બેસવું. આ પ્રકારની મર્યાદાથી બેસીને ભક્તિપૂર્વક મનુષ્યોએ શ્રીહરિની સુંદર કથા સાંભળવી. (૨૨)

હે રાજન્ ! જે બ્રહ્મનિષ્ઠ તથા તપથી વૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ દ્વિજો હોય તેમને શ્રોતાઓએ શ્રોતાના જનસમુદાયમાં વિનયપૂર્વક આગળ બેસાડવા. (૨૩) પુરુષોથી ચાર હાથ દૂર સ્ત્રીઓ, સભામાં મર્યાદાપૂર્વક બેસીને એકાગ્ર ચિત્તથી સંસારને નાશ કરનારી સમગ્ર ઈષ્ટ ફળને આપનારી શ્રીહરિની કથા સાંભળે. (૨૪)

સમગ્ર શ્રોતાજનોએ, પત્ર, પુષ્પ, ફળ, રૂપાનાણું, તાંબાનાણું અથવા ધાન્ય પરમ આદરથી વક્તાને આપી ને પછી કથા સાંભળવી. (૨૫) આ શાસ્ત્રનો વક્તા બાળક હોય અથવા યુવાન હોય અથવા વૃદ્ધ હોય તથા દરિદ્ર હોય, બળરહિત હોય તો પણ પુણ્યાર્થીઓએ હંમેશા વંદન કરવા યોગ્ય છે. તેમ જ પૂજા કરવા યોગ્ય છે. (૨૬)

આ અતિ પવિત્ર ગ્રંથના વક્તામાં પ્રાકૃત બુદ્ધિ ન કરવી. હે રાજન્ ! જેના મુખમાંથી નીકળેલી વાણી શરીરધારીઓની સર્વ કામનાઓ સંપૂર્ણ કરનારી છે. (૨૭) જે જન્મથી અથવા આલોકમાં રમણીય ગુણોથી જનોના ગુરુ છે. તે સર્વથી પણ વિદ્વાન પુરુષોએ આ ગ્રંથના વક્તાને અતિ શ્રેષ્ઠ ગુરુ કહેલો છે. (૨૮) દૂરંતર દુઃખની ઉત્પત્તિરૂપ આ સંસારમાં, વારંવાર જન્મમરણરૂપ સંસરણથી પીડા પામેલાઓને જે શ્રીહરિનું જ્ઞાન આપે છે, તેનાથી આ લોકમાં કોણ બીજો અતિ શ્રેષ્ઠ ગુરુ છે ? (૨૯)

આ પૃથ્વી ઉપર જે દુરાચરણવાળા હોય, ધૂર્ત હોય, અને બીજાને જીતવાની ઈચ્છાવાળા, કુટિલ વૃત્તિવાળા, જે જનો હોય, તેમની આગળ આ કથા ન કહેવી. (૩૦) જે દેશમાં દુષ્ટ જનો, તેમજ શૂદ્રો તથા શ્વાન વસતા હોય તે દેશમાં તથા દ્યૂત રમવાના સ્થાનમાં, બુદ્ધિશાળી પુરુષ, શ્રીહરિની આ ઉત્તમ પવિત્ર કથા ન વંચાવે. (૩૧) જે દેશમાં સજ્જન પુરુષો વસતા હોય તેવા શુભ પવિત્ર ક્ષેત્રમાં, તથા દેવ મંદિરમાં અથવા નદીના કાંઠે, શુદ્ધ ઘરમાં અથવા ભોજનશાળામાં, આ કથા કરવી. (૩૨)

ચંદન પુષ્પ તથા નમસ્કાર વડે પૂજન કર્યા સિવાય તેમજ ભક્તિ તથા આદરભાવથી રહિત, જે જનો શાસ્ત્ર સાંભળે છે. તે હંમેશા દરિદ્ર થાય છે. (૩૩)

શ્રોતાજનોએ પાઘડી પહેરીને કથા ન સાંભળવી. તેમ જ કથા સાંભળતા તાંબુલ તથા સોપારી ન ખાવા, તેમજ તમાકુ વગેરે નિંદા કરવા યોગ્ય વ્યસનનું સેવન ન કરવું. (૩૪) વક્તાના કરતાં ઊંચા આસને, તેમજ તેના સમાન આસને ન બેસવું. પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું. તેમ જ વીરાસનથી તેમ જ વસ્ત્રથી ઢીંચણ બાંધીને પણ ન બેસવું. (૩૫) હે રાજન્ ! શ્રોતાજનોએ દૈહિક આપત્તિ વિના સૂતાં સૂતાં, સંસારને હરણ કરનારી, આ કથા ન સાંભળવી. (૩૬)

જે પુરુષો સ્ત્રીઓના મુખ જોતા જોતા શ્રીહરિની આ કથા સાંભળે છે તે દુષ્ટ કામી પુરુષો

ભુંડ થાય છે. (૩૭) જે જનો કથા વંચાતી હોય તે વખતે બીજી વાતો કરે છે, તેમ જ વાદમાં દુરાગ્રહવાળા હોય છે, તેવા પુરુષો ગધેડાનો અવતાર પામે છે. (૩૮) જે શઠ પુરુષો કથા વખતે વિઘ્ન કરે છે, હે રાજન્ ! તે દુર્ભાગી પુરુષ પિશાચ થાય છે. (૩૯)

આ ગ્રંથના વક્તાની જે નિંદા કરે છે અથવા સંસારને નાશ કરનારી કથાને નિંદે છે, તે નરો તો નિશ્ચય સો જન્મ સુધી કૂતરાનો અવતાર પામે છે. (૪૦) તેથી આદરપૂર્વક, નમ્રતાથી, વાંચનારને જેવી રીતે સુખ થાય તેવી રીતે, નિયમ પૂર્વક, શ્રીહરિની કથા સાંભળવી. (૪૧)

આ ગ્રંથના વક્તાને તેલથી શરીર ચોળીને સ્નાન કરાવવું. તેવી રીતે સારા રસયુક્ત સુંદર અન્નનું ભોજન નિત્ય કરાવવું. (૪૨) સવારમાં હંમેશા સ્વરની શુદ્ધિ માટે, ગાયનું દૂધ સાકર નાંખીને ઉનું કરીને વક્તાને આપવું. (૪૩) આ ગ્રંથના પ્રત્યેક સ્કંધ સંપૂર્ણ થાય ત્યારે તથા વ્રતના દિવસોમાં, તેમ જ પુણ્ય પર્વોમાં વિશિષ્ટ પૂજા કરવી અને શક્તિ પ્રમાણે દક્ષિણા આપવી. (૪૪)

આ કથાની સમાપ્તિમાં મોટી પૂજા કરવી. સમગ્ર શ્રોતાઓને પોતાની શક્તિ પ્રમાણે સુવર્ણ દક્ષિણા આપવી. (૪૫) અથવા રૂપાનાણું અથવા તાંબાનાણું, વાહન તથા અન્ન, તેમજ વસ્ત્ર પોતાની શક્તિ પ્રમાણે આપવાં. દરિદ્ર હોય તેણે પણ લાકડાં અથવા મૃતિકા આપવી. (૪૬) ત્યાર બાદ શ્રોતાઓએ વક્તાનું પૂજન કરીને, તેને રમણીય વાહનમાં વસ્ત્ર તથા અલંકારો અર્પણ કરી, ગીત વાજિંત્રોની સાથે તેના ગૃહ પ્રત્યે લઈ જવા (૪૭)

આ શ્રીહરિલીલા ગ્રંથના શ્રવણનો સામાન્ય વિધિ મેં તમોને કહ્યો. (૪૮) હે રાજન્ જે જનો આ વિધિ પ્રમાણે આ શ્રેયસ્કર શાસ્ત્ર હર્ષપૂર્વક સાંભળશે તે જનોને મેં પૂર્વે કહેલું સમગ્ર ફળ પ્રાપ્ત થશે. (૪૯) હે રાજન્ ! પહેલા આ ગ્રંથનો વિધિ સાંભળીને પછી આ વિધિથી જ જનોએ આ ગ્રંથનું શ્રવણ કરવું. તેથી પોતે ઈચ્છેલું સમગ્ર સિદ્ધ થાય છે. (૫૦)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદે સામાન્યતઃ તચ્છ્રવણ વિધિ નિરૂપણ ગુજરાતી ભાષાંતર - પ્રાચિન આચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્ય યોગ વારિધિ પંડિત શ્રી શ્વેત વૈકુંઠદાસજી ચરિત - તેનો ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- હે રાજન્ ! હવે આ શાસ્ત્રના શ્રવણનો શાસ્ત્રમાં કરેલો શ્રેષ્ઠવિધિ વિશેષપણાથી હું તમોને કહું છું. માટે આદરપૂર્વક તમે સાંભળો. (૧) આ શાસ્ત્રના શ્રવણ સમયે પાપનો સમુદાય અત્યંત રુદન કરે છે કારણ કે તેમને બીક લાગે છે કે અરે ! આ કથા નિશ્ચે અમારો નાશ કરશે. (૨) આ ગ્રંથનું કથા શ્રવણ શરીર, વાણી અને મનથી થએલા આર્દ્ર તથા

શુષ્ક તથા નાના મોટાં પાપના વહ્નિની જ્વાલાઓ, લાકડાને જેમ બાળી મૂકે છે. તેમ બાળી મૂકે છે. (૩) આ ભારતવર્ષમાં આ કથા નહિ સાંભળતા મનુષ્યોનો જન્મ, દેવોની સભામાં પંડિતોએ નિષ્ફળ જ કહેલો છે. (૪) બળવાન, અતિપુષ્ઠ અથવા મોરથી રક્ષણ કરાએલું નાશવંત શરીર, આ કથાના શ્રવણ વિના નકામું જ છે. (૫)

હાડકાંરૂપી સ્તંભોવાળું, માંસ અને લોહીથી લીંપેલું, ચામડાથી મઢેલું, નકારી ગંધ વાળું, નાડીઓથી બાંધેલું, મૂત્ર-વિષ્ટાના પાત્ર ભૂત (૬) પરિપાકથી દુઃખી, વૃદ્ધાવસ્થાવાળું, શોક તથા રોગાદિના સ્થાનભૂત, નાના પ્રકારના દોષોવાળું, કરેલા કૃતને નહિ જાણનારું દુઃખથી પણ ન પૂરાય તેવું, ક્ષણવિનાશી, (૭) કૃમિ-વિષ્ટાને ભસ્મ સંજ્ઞા છે અંતમાં જેને એવું આ શરીર છે. એવા શરીરથી જે પોતાનો મોક્ષરૂપી અર્થ સાધે તેને ડાહ્યા માણસોએ પંડિત માનેલો છે. (૮)

સવારમાં જે પકવેલું અન્ન તે સાયંકાલે નાશ પામે છે. એવા અન્નના રસ વડે પુષ્ટ થએલા શરીરમાં અવિનાશીપણું ક્યાંથી હોય ?(૯)

આ લોકમાં જંતુઓમાં મચ્છરો, તેમજ જળમાં પરપોટા, જેમ મરવાને માટે જ ઉત્પન્ન થાય છે. તેમ, જે આ કથા શ્રવણથી રહિત છે તે પણ મરવા માટે જ ઉત્પન્ન થાય છે. (૧૦) તેથી નિર્દેશ કરેલા મહિનાઓમાં જ્યાં પોતાને એકાગ્ર ચિત્તરૂપી સ્વસ્થત થાય તેવા સ્થાનમાં, પાપ તથા તાપને નાશ કરનારું આ શાસ્ત્ર સાંભળવું. (૧૧) આ ગ્રંથ શ્રવણ જો પંદર દિવસમાં કરવું હોય તો બુદ્ધિમાન મનુષ્ય દ્વિતીયા તિથિથી તેનો આરંભ કરે, અને એક માસમાં શ્રવણ કરવાનું હોય તો પણ દ્વિતીયા તિથીથી આરંભ કરે. (૧૨) આ ગ્રંથ બે માસમાં શ્રવણ કરવો હોય તો હે રાજન્ ! તૃતીયા તિથિથી યથાયોગ્ય આરંભ કરવો. (૧૩)

આ ગ્રંથના આરંભમાં હે રાજન્ ! પ્રતિપદા ચતુર્થી, અષ્ટમી તથા ચતુર્દશી આ તિથિઓ ત્યાગ કરવી. બીજી બધી તિથિઓ શુભ છે. (૧૪)

અશ્વિની, રેવતી, હસ્ત, પુષ્પ, મૃગશીર્ષ, પુનર્વસુ, અનુરાધા, અભિજીત, સ્વાતી, રોહિણી, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા (૧૫) હે રાજન્ ! પવિત્ર એ નક્ષત્રો આ ગ્રંથના આરંભ માટે ગ્રહણ કરવાનાં કહેલાં છે. તે નક્ષત્રોમાં કરેલો આરંભ સિદ્ધિ આપનારો થાય છે. (૧૬)

આરંભના દિવસ પહેલાં પોતાના સગા સંબંધિઓ તથા મિત્રો તથા શાસ્ત્ર શ્રવણમાં જેમને શ્રદ્ધા હોય તેમને દેશાંતરથી બોલાવવા. (૧૭) જે વૈરાગ્યવાળા તથા નિર્દંભ વૈષ્ણવો હોય તેમને અહીં આવવા માટે લખવો અને આવેલાઓનું સન્માન કરવું. (૧૮)

પાંચ દિવસ પહેલાં મંડપ તથા બેસવાના આસન વગેરે મેળવવાં. જ્યાં વિસ્તારવાળી ભૂમિ હોય ત્યાં કથા વાંચવાનું સ્થાન કરવું. (૧૯) ત્યાં પવિત્ર સ્થાનમાં, વિસ્તારવાળો, રેશમી વસ્ત્રો તથા ફળો તથા પુષ્પો તથા કેળના સ્તંભોથી શોભાયમાન મંડપ કરવો. (૨૦) મંડપમાં પુરુષો તથા

સ્ત્રીઓને બેસવા માટે આદરપૂર્વક સ્થાન કરવાં. તેમજ શ્રેષ્ઠ વ્યાસાસનની ડાહ્યા પુરુષે યથાયોગ્ય રચના કરવી. (૨૧) શ્રોતાઓના આસનથી ઊંચુ કોમળ અને કોમળ પાથરણાથી યુક્ત પડખે તકીયા સહિત વિશિષ્ટ રીતે સજેલું (૨૩) વ્યાસાસનથી ઊંચુ કોમળ અને પહોળા શ્રેષ્ઠ આસનમાં સુંદર રીતે બાંધેલા ગ્રંથને હર્ષપૂર્વક પધરાવવો. (૨૪)

પૂર્વોક્ત કહેલા લક્ષણવાળા આ ગ્રંથના વક્તા, પ્રાતઃકાળમાં ઊઠીને હંમેશા પોતાનો સર્વ આહ્નિક વિધિ કરે. (૨૪) પછી શ્રોતાઓએ બોલાવેલા વક્તા કથા મંડપમાં જાય. હાથ, પગ, મુખ ધોઈને ત્રણ આચમન કરે. (૨૫) ધોએલાં ધોળાં વસ્ત્રો ધારણ કરનાર અને હૃદયમાં સત્પુરુષોના ગુરુ શ્રીહરિને સંભારીને, ગ્રંથને તથા સાધુ, બ્રાહ્મણોને, પ્રથમ હર્ષપૂર્વક પ્રણામ કરે. (૨૬) પછી પોતાને પૂજવા યોગ્ય સુંદર સ્વભાવાળા મુખ્ય ગુરુની શુભ આજ્ઞાથી વક્તા વિનયથી નમ્ર પૂર્વમુખ અથવા ઉત્તરમુખે વ્યાસાસન ઉપર બેસે. (૨૭)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદે વિશેષપણાથી ગ્રંથ શ્રવણવિધિનિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચિન આચાર્ય વેદાંત તીર્થ, સાંખ્યયોગ વારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત-તેનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ છઠ્ઠો

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- આ શાસ્ત્રના અધિદેવતા આ શાસ્ત્રરૂપ શ્રીહરિ છે. માટે કર્યા છે આહ્નિક વિધિ જેણે એવા મુખ્ય શ્રોતા પૂર્વોક્ત મંત્રો વડે જ પૂજન કરે. (૧)

આ ગ્રંથનો પ્રથમ સ્કંધ તે શ્રીહરિના બંને ચરણકમળ છે, બીજો સ્કંધ બંને ઘુંટીયો છે, ત્રીજો સ્કંધ જંઘાઓ છે. તથા ચોથો સ્કંધ સાથળો છે. પાંચમો સ્કંધ ઉદર છે. છઠ્ઠો સ્કંધ હૃદય છે, સાતમો સ્કંધ જેનો કંઠ જ છે. (૨-૩) આઠમો સ્કંધ મુખકમળ છે અને નવમો સ્કંધ નાસિકા છે. દશમો સ્કંધ જેના નેત્રકમળ છે. (૪) અગીયારમો સ્કંધ જે શ્રીહરિનું ઉત્તમ ભાલ છે તે જ પ્રકારે બારમો સ્કંધ જેનું મસ્તક છે. (૫)

હે રાજન્ ! આ પ્રકારે આ ગ્રંથના મંગળકારી બાર સ્કંધો છે. તે શ્રીહરિના બાર અંગો, ભક્તોએ ચિંતવન કરવા યોગ્ય છે. (૬) તે પોતાના ભક્તોની પીડાને શમન કરનારા, કરુણાસાગર, ભક્તિ-ધર્મના પુત્ર, પ્રભુ શ્રીહરિનું હૃદયમાં હું હર્ષપૂર્વક ચિંતવન કરું છું. (૭) પોતાના ભક્તજનોને આનંદ આપનારા, સાધુ તથા વર્ણિઓએ સેવેલા, શાંત, તરુણ અવસ્થાવાળા, દર્શનીય મનુષ્યાકૃતિવાળા (૮) રૂપને અનુરૂપ ઘણી શોભાવાળા અવયવોથી આશ્ચર્યકારી, રસયુક્ત, અત્યંક કોમળ, સુંદર વાણીવાળા, કમળપત્રના સરખાં નેત્રવાળા, (૯) લાલ કમળ જેવા લાલ સુંદર શોભાયમાન ચરણકમળો

તથા હસ્તકમળના તળીયા જેમને છે, ઊંચા લાલ સ્ફુરાયમાન તેજાયમાન નખરૂપી ચંદ્રમાઓની પંક્તિઓથી શોભાયમાન. (૧૦)

સુંદર મંદહાસ્યથી સ્ફુરાયમાન દાંતની કાન્તિથી લજ્જા પમાડ્યો છે ચંદ્રમા જેણે એવા લાંબા અને પુષ્ટ હાથ રૂપી દંડથી શોભાયમાન વિસ્તારવાળું વક્ષઃસ્થળ જેમનું છે. એવા (૧૧) બિંબની માફક લાલ ઓષ્ઠવાળા, ચારેય બાજુથી શોભાયમાન કપોળવાળા, સુંદર કાનવાળા ઊંચા અને પહોળા શોભાયમાન ભાલવાળા, વાંકી અત્યંત સુંદર ભ્રકુટિવાળા (૧૨) વિશાળ અને શોભાયમાન રમણીય લલાટમાં કેશરયુક્ત ચંદનનું ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરતા તથા શોભાયમાન ગોળ કુંકુમના ચાંદલો તથા જમણા હાથમાં અત્યંત મનોહર તુલસીની માળા, તેમજ ડાબા હાથમાં ઘાટા મેઘની કાન્તિ સમાન અભય ધારણ કરતા. (૧૩-૧૪) રમણીય કંઠમાં જીણી તુલસીની બેવડી કંઠી ધારણ કરતા, ડાબા ખભા ઉપર બીસ તંતુના સમાન શ્વેત મનોહર બ્રહ્મસૂત્ર (ઉપવીત) તથા ધોળું સુંદર વસ્ત્ર તેમજ દૃઢ કચ્છને ધારણ કરતા, હંસની પાંખની સમાન ધોળું વસ્ત્ર પહેરતા. (૧૫-૧૬)

મસ્તક ઉપર સૂક્ષ્મ ધોળી શોભાયમાન પાઘ બાંધતા, ઉત્સવમાં ભક્તોના આનંદ માટે વિવિધ પ્રકારનાં ભૂષણોને ધારણ કરતા. (૧૭) સુંદર ચંદન તથા સુંદર પુષ્પોના હાર, તોરા, બાજુબંધો વગેરેથી પોતાના ભક્તોએ પૂજેલા, મંદહાસ્યથી મનોહર (૧૮) તારા ગણના સમુદાયમાં રહેલો નિર્મળ ઉદય પામેલા ચંદ્રમાની માફક પોતાના ભક્તોની સભામાં બેઠેલા, જનના સમુદાયોએ નમસ્કાર કર્યા છે ચરણકમળો જેમનાં એવા (૧૯) પ્રકર્ષપણે શોભતી સુંદર હસ્તની ચેષ્ટાથી ભક્તોના મનને હરણ કરતા, દયાર્દ્ર દૃષ્ટિથી ભક્તોને જોતા, શ્રીહરિનું હર્ષપૂર્વક હું ચિંતવન કરું છું. (૨૦)

આ પ્રકારે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની આકૃતિવાળા શ્રીહરિકૃષ્ણ પરમાત્માને નમસ્કાર કરીને હું તેમનું ધ્યાન કરું છું. એવી રીતે ધ્યાનમ્. હરિલીલાકલ્પતરુ ગ્રંથરૂપ કોટિ કામદેવના સમાન સુંદર ધર્મના પુત્ર પરમ શ્રીહરિનું હું આવાહન કરું છું. આ પ્રકારે આવાહનમ્ (૨૧)

પોતાના આશ્રિત એકાંતિક ભક્તોને મોક્ષ આપનારા, કલિયુગના દોષોને નાશ કરનારા, હે દેવેશ ! હે સત્પતે ! મારા ઉપર દયા કરીને પાદ્ય સ્વીકાર કરો. આ મંત્રથી પાદ્ય અર્પણ કરવું.

અનેક અવતારોની લીલા વડે ભક્તોના સમુદાયોની પીડાને નાશ કરાવનારા, ગંધાદિ અષ્ટાંગધૂપ સહિત અર્ધ્યમ્ - હે હરે ! તમો ગ્રહણ કરો. આ મંત્રથી અર્ધ્ય અર્પણ કરવું. (૨૪) આસુરી સંપત્તિવાળા રાજાઓના અહંકાર છેદી નાખનાર, ગઢપુર નિવાસીજનોને હર્ષ કરનાર, ભક્તરૂપી કમળોને તો સૂર્ય સમાન હે પ્રભો ! તમો આચમન ગ્રહણ કરો. એ મંત્રથી આચમન અર્પણ કરવું. (૨૫)

પવિત્ર ઉન્મત્ત ગંગાના જળમાં જલક્રીડા કરનારા, ઉન્મત્ત ગંગાના જળના પ્રશંસક કે પ્રભો ! સ્નાન કરવા માટે જળ ગ્રહણ કરો. આ મંત્રથી જળ અર્પણ કરવું. (૨૬)

હે હરે ! હે ધર્મપુત્ર ! સુવર્ણ વર્ણવાળું, શ્રેષ્ઠ નવું પીતાંબર મેં અર્પણ કરેલું, તમારે પહેરવા માટે યોગ્ય, તમો ગ્રહણ કરો. આ મંત્રથી વસ્ત્ર અર્પણ કરવું. (૨૭)

સુવર્ણના સૂત્રોથી રચેલું, ગાયત્રી મંત્રિત ગ્રંથિ યુક્ત, હે ધર્મનંદન ! તમો પ્રકાશમાન ઉપવીત ગ્રહણ કરો. આ મંત્રથી ઉપવીત અર્પણ કરવું. (૨૮)

હે હરે ! હે દેવ ! દિવ્ય નાના પ્રકારના કુંડળો વગેરે શ્રેષ્ઠ આભૂષણો પ્રીતિપૂર્વક મેં અર્પણ કરેલાં તમો ગ્રહણ કરો. આ મંત્રથી આભૂષણ અર્પણ કરવાં. (૨૯)

હે હરે ! હે ભક્તિધર્માત્મજ ! કર્પૂર તથા કેસરથી યુક્ત, કુંકમથી અત્યંત શોભતું ચંદન, તમો ગ્રહણ કરો. આ મંત્રથી ચંદન અર્પણ કરવું. (૩૦)

હે દયાનિધે ! શોભાને માટે અક્ષત, સુગંધીમાન નાના પ્રકારના પુષ્પોના હાર, બાજુબંધ, તોરા, તુલસીની વનમાળા તમો સ્વીકાર કરો. આ મંત્રથી પુષ્પો અર્પણ કરવાં. (૩૧)

સુગંધી દ્રવ્યોથી વાસિત, સુંદર અત્તર, સર્વ લોકોએ ઈચ્છેલું હે હરે ! કરુણાથી તમો ગ્રહણ કરો. આ મંત્રથી અત્તર (વિષ્ણુ તેલ) અર્પણ કરવું. (૩૨)

કાલિદત્ત નામના અસુરને નાશ કરનાર, બાલપણાની સુંદર લીલાવાળી, દૃષ્ટિથી કૃત્યાઓના ગણને દોડાવનાર એવા હે પ્રભો ! તમો ધૂપ ગ્રહણ કરો. આ મંત્રથી ધૂપ અર્પણ કરવો. (૩૩)

અનેક સૂર્યના સમાન શોભતા તેજના ધામ રૂપ સ્વયંપ્રકાશ એવા તમો, અંધકાર નાશ કરનાર, દીપ અનુકંપાથી ગ્રહણ કરો. આ મંત્રથી દીપ અર્પણ કરવો. (૩૪)

હે વિશ્વંભર ! હે હરે શ્રેષ્ઠ ષડ્રસથી યુક્ત અર્પણ કરવા યોગ્ય, મનોહર વિવિધ પ્રકારના પકવાન તમો ગ્રહણ કરો. આ મંત્રથી નૈવેદ્ય અર્પણ કરવું. (૩૫)

હે પ્રભો ! સુગંધી ખસવાળા તથા એલાયચી વગેરે સુગંધી દ્રવ્યોથી સુગંધીમાન નિર્મળ જળ, પવિત્રજનોને જીવનરૂપ, ભોજનના મધ્ય ભાગમાં પીવા માટે ગ્રહણ કરો. આ મંત્રથી જળ અર્પણ કરવું. (૩૬)

હસ્ત મુખ પ્રક્ષાલન કરીને હાથ સાફ કરવા. હે હરે ! સુગંધીમાન, પવિત્ર, સ્વચ્છ ગંગાનદીનું જળ ફરીથી આચમન કરવા અનુકંપાથી તમો ગ્રહણ કરો. આ મંત્રથી ફરીથી આચમન માટે જળ અર્પણ કરવું. (૩૭)

હે ભક્તિનંદન ! જાયફળ, સોપારી, લવિંગ, એલાયચી તથા ઉત્તમ કાથાથી યુક્ત પાન બીડું કૃપાથી ગ્રહણ કરો. આ મંત્રથી તાંબુલ અર્પણ કરવું. (૩૮) હે પ્રભો ! સર્વ દેવતાઓને પ્રિય, સર્વફળોમાં ઉત્તમ, હે ધર્મધુરંધર ! હે હરે ! તમો નાળિયેર ગ્રહણ કરો. આ મંત્રથી શ્રીફળ અર્પણ કરવું. (૩૯)

હે વૃત્તાલય નામના નગરમાં રહેલા હે હરે ! હું તમોને સોનારૂપાની મુદ્રાઓ શક્તિ પ્રમાણે અર્પણ કરું છું તે દક્ષિણા તમો ગ્રહણ કરો. આ મંત્રથી દક્ષિણા અર્પણ કરવી. (૪૦)

જ્યોતિષોના પતિ ! તમોને નમસ્કાર કરી હું આરતી કરું છું. હે સત્પુરુષોના પ્રિય ! હે દેવોના દેવ ! તમો આરતી ગ્રહણ કરો. આ મંત્રથી આરતી અર્પણ કરવી. (૪૧)

(પછી મંત્ર પુષ્પાંજલી કરીને) હે સત્પતે ! હે દેવદેવેશ ! વરદાન તથા અભયદાન આપનાર છે હસ્ત કમળો. જેમના, એવા હે સ્વામિન્ તમારી પ્રદક્ષિણાથી જ સર્વ દેવોની પ્રદક્ષિણા થાય છે. આ મંત્રથી પ્રદક્ષિણા કરવી. (૪૨)

આ લોકમાં લોકોના કલ્યાણ માટે પ્રાદુર્ભાવ પામેલા હરિલીલાકલ્પતરુ ગ્રંથરૂપ પરમ શ્રીહરિ ! તમોને હું નમસ્કાર કરું છું. આ મંત્રથી નમસ્કાર કરવો. (૪૩)

હે દયાસાગર ! મારા કર્મોના વિપાકથી સંસારરૂપી સમુદ્રમાં હું પડેલો છું. દયા લાવીને સંસાર સાગરમાંથી મારો તમો ઉદ્ધાર કરો. (૪૪)

હે હરે હરિલીલાકલ્પતરુ ગ્રંથના નામરૂપ જે સાક્ષાત્પુરુષોત્તમ તમો તમારે શરણે આવેલા મારું કરુણાથી રક્ષણ કરો. આ મંત્રથી પ્રાર્થના કરવી. (૪૫)

આ પ્રમાણે ષોડશોપચારથી શ્રીહરિની પૂજા કરીને, પછી આ ગ્રંથરૂપ શ્રીહરિનું સુંદર સુગંધીમાન પુષ્પહારાદિ વડે હર્ષ પૂર્વક પૂજન કરવું. તેમજ કથાના વક્તાનું પણ પૂજન કરવું. (૪૬)

નવીન વસ્ત્રો તથા અલંકારોથી પૂજા કરીને તેમજ દક્ષિણા આપીને, પછી પહેલાં કહેલા મંત્ર વડે તેમને નમસ્કાર કરીને, મુખ્ય શ્રોતા પ્રાર્થના કરે. (૪૭)

શુકાનંદની આકૃતિવાળા હે વિદ્વાન ! સર્વ શાસ્ત્ર વિશારદ ! આ કથાના પ્રકાશથી મારું અજ્ઞાન તત્કાળ નાશ કરો. (૪૮)

હે રાજન્ ! આ ગ્રંથના વક્તાની આ પ્રમાણે સારી રીતે પ્રાર્થના કરીને, શ્રોતા બ્રાહ્મણોની મુખ્ય શ્રોતા યથા યોગ્ય પૂજા કરે. શ્રોતા પોતાના સમગ્ર નિયમોથી યુક્ત આ ગ્રંથની સરસ કલ્યાણકારી કથા સાંભળે. (૪૯)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદે ગ્રંથના શ્રવણનો વિશેષ વિધિની ઉક્તિમાં તત્પૂજા વિધિ નિરૂપણનું ગુજરાતી ભાષાંતાર પ્રાચિન આચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્યયોગ વારિધિ પંડિત શ્રીશ્વેતવૈકુંઠદાસજીએ કર્યું તેનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- શ્રોતાએ પૂજેલા વક્તા પ્રથમ મંગળાચરણ કરે. હે રાજન્ ! ''શ્રીજુષ્ટ'' ઈત્યાદિ ચાર શ્લોકો બોલે. (૧) નારાયણ, નીલકંઠ, સ્વામિનારાયણ હરિ, હરિકૃષ્ણ અને સહજાનંદ, કૃષ્ણ મારા હૃદયમાં વિરાજમાન થાવ. (૨) પછી ''જનાનામ્'' એ શુભ એક શ્લોક વક્તા બોલે. પછી તે ગ્રંથને નમસ્કાર કરીને આ બે શ્લોકો બોલે. (૩) હે દેવદેવેશ ! હે સ્વામિનારાયણ ! હે પ્રભો ! સાંભળો, તમારા ધ્યાન પરાયણ થઈને શુભ કથા હું કહીશ. (૪) શ્રી સહજાનંદ સ્વામી, ભક્તિ ધર્મના પુત્ર તેમને, તેમની વાણીને, તથા રઘુવીરજીને નમસ્કાર કરીને, કલ્યાણકારી ગ્રંથનું ઉચ્ચચારણ કરે. (૫)

વક્તા આ બે શ્લોકો બોલીને પછી આદરપૂર્વક કથા વાંચે, બ્રાહ્મણો તથા મુનિઓને જોઈને અર્થ કરે. પરંતુ ક્યારેય સ્ત્રીઓને જોઈને અર્થ કરે નહીં. (૬)

જે જે અધ્યાયના અંતમાં કથાની સમાપ્તિ કરવાની નથી. ત્યાં ત્યાં વિરામ ન કરવો, એ અધ્યાયો હું કહું છું. (૭) તેમાં પહેલાં સ્કંધમાં પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, એ અધ્યાયમાં કથા સમાપ્તિનો નિષેધ કરેલા છે. તેમજ નવ, દશ, અગીયાર, તેર, વિરામ કરવામાં નિષેધ કરેલા છે. (૮) ચૌદ, સોળ, તેવીસ, અઠ્ઠાવીસ આ અયોધ્યાના અંતમાં વિરામ કરવો નહીં. (૯)

હે રાજન્ ! દ્વિતીય સ્કંધમાં બાર, તેવીસ, ચોવીસ, છવીસ, સત્તાવીસ, ઓગણત્રીસ, ત્રીશ, એકત્રીશ આ અધ્યાયોના અંતમાં વિરામ કરવો નહીં. (૧૦-૧૧-૧૨) પાંત્રીસ, એકતાલીશ, અડતાલીશ, વિદ્વાનોએ આ અધ્યાયો વિરામમાં નિષેધ કરેલા છે. (૧૩) બાવન, સુડતાલીશ શાસ્ત્ર જાણનારા આ અધ્યાયોમાં વિરામ કરવા નિષેધ કરે છે. (૧૪) બાસઠ, ત્રેસઠ આ બે અધ્યાયો વિરામ માટે વિદ્વાનોએ નિષેધ કરેલા છે. (૧૫)

તૃતીય સ્કંધમાં ચાર, પાંચ, ચૌદ, સત્તાવીશ આ અધ્યાયો વિરામમાં નિષેધ કરેલા છે. (૧૬) ચુંવાલીશ, છેંતાલીસ, સાઠ, ત્રેસઠ આ અધ્યાયો વિરામમાં નિષેધ કરેલા છે. (૧૭)

પછી ચોથા સ્કંધમાં સાત, આઠ, નવ, અગીયાર, ચૌદ, સત્તર, વીસ, બાવીસ, પચ્ચીસ અડતાલીસ, ઓગણપચાસ આ અધ્યાયો વિદ્વાન પુરુષોએ વિરામ કરવામાં નિષેધ કરેલા છે. (૧૮-૧૯-૨૦)

હે રાજન્ ! પાંચમા સ્કંધમાં નવ, અગીયાર, પંદર, સત્તર, ઓગણસાઠ, અગણોત્તેર આ અધ્યાયો વિરામ કરવામાં નિષેધ કરેલા છે. (૨૧-૨૨)

હે રાજન્ ! આ ગ્રંથના છઠ્ઠા સ્કંધમાં સત્તાવીશ તથા અઠ્ઠાવીશ આ બે અધ્યાયો વિરામમાં નિષેધિત છે. (૨૩)

હે રાજન્ ! સાતમા સ્કંધમાં પાંચ, બાર, વીસ, બાવીસ આ અધ્યાયો વિરામમાં નિષેધ માનેલા

છે. (૨૪) પચ્ચીસ, છત્રીસ, સાડત્રીસ, આડત્રીસ, પીસતાલીસ, સુડતાલીસ, અડતાલીસ, ઓગણપચાસ, પચાસ, એકાવન, પંચાવન, છપ્પન, સાઠ તથા ચુંવોતેર આ અધ્યાયો વિરામમાં શાસ્ત્રને જાણનારાઓએ નિષેધ કરેલા છે. (૨૫-૨૯)

આજ સુંદર શાસ્ત્રના આઠમા સ્કંધમાં નિષેધ કરવા યોગ્ય અધ્યાય દશમો માનેલો છો. (૩૦) હવે રાજન્ ! નવમા સ્કંધમાં ચૌદ તથા ચોત્રીસ આ બે અધ્યાયો પ્રતિષેધ કરેલા છે. (૩૧) દશમા સ્કંધમાં એક, ત્રણ, ચાર, છ, સત્તર, આડત્રીસ, બેંતાલીસ, ચુંવાલીસ, પીસ્તાલીસ, તથા ઓગણપચાસ આ અધ્યાયોના અંતમાં વિરામ કરવો નહીં. (૩૨-૩૪)

હે રાજન્ ! અતિશ્રેષ્ઠ આ શાસ્ત્રના અગિયારમા સ્કંધમાં ચોસઠમો અધ્યાય વિદ્વાનોએ વિરામમાં નિષેધ માનેલો છે. (૩૫) હે રાજન્ ! આ શ્રેષ્ઠ શાસ્ત્રના બારમા સ્કંધમાં, શાસ્ત્ર જાણનારાઓએ, ચાર, આઠ, બાર અને તેર આ અધ્યાયો વિરામ કરવામાં નિષેધ કરેલા છે. તેથી એ અધ્યાયોના અંતે વાંચનારાઓએ ક્યારેય પણ વિરામ કરવો નહીં. નિત્ય એક અધ્યાયનો પાઠ કરનારને પણ આ વિધિ સૂચવ્યો છે. (૩૬-૩૮)

કથાના અંતે મુહૂર્ત અથવા ઘડીવાર પણ શ્રીહરિનું હંમેશા નામ કીર્તન કરવું. ત્યારબાદ આસનથી ઉતરવું. (૩૯) ફરીથી પોતાના ગુરુ વગેરેને નમસ્કાર કરીને, વક્તા પોતાના સ્થાનમાં બેસે. કથા સમાપ્તિ પર્યંત હંમેશા આવી રીતે આચરણ કરે. (૪૦) કથાના આરંભથી તે સમાપ્તિ સુધી, પાપથી ભય પામનારો પંડિત વક્તા બીજા કોઈનું અન્ન તથા દાન પણ ગ્રહણ ન કરે. (૪૧) જો હંમેશા શ્રોતાઓ પોતાને જોઈએ તેટલું અન્ન ન આપે તો બીજાએ આપેલું અન્ન સ્વીકાર કરે, તેમાં પાપ નથી. (૪૨)

હે રાજન્ ! પક્ષ પારાયણમાં તથા માસ પારાયણમાં તેમજ ઋતુ પારાયણમાં, આ ગ્રંથનો ઉત્તમ વિધિ કહેલો છે. (૪૩) વક્તા અત્યંત ભોજન કરે નહીં, તેમજ વાયુ કરે તેવા પદાર્થો ખાય નહીં. તીખું તથા તેલમાં પકાવેલાં પદાર્થો તેમજ શાક વગેરે રોગ કરનારાં પદાર્થો ખાય નહીં. (૪૪) બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય, અસ્તેય વગેરે ધર્મોનું પાલન કરવું અને કથામાં વિઘ્ન કરનારું કર્મ ક્યારેય કરવું નહીં. (૪૫)

પહેલાં કહેલા લક્ષણોએ યુક્ત શ્રોતા, ગ્રંથ તથા વક્તાની પૂર્વોક્ત વિધિથી પૂજા કરીને પ્રીતિપૂર્વક કથા સાંભળે. (૪૬) પાઘડી રહિત બેસે તથા પગ ઉપર પગ ચઢાવીને ન બેસે. ચાલતા ચાલતા કથા ન સાંભળે. સોપારી ખાય નહીં. વાણી નિયમમાં રાખીને કથા સાંભળે. (૪૭) વીરાસન વાળીને ન બેસે. આગળ પાછળ જોયા વગર એક બીજા સાથે પરસ્પર વાતો ન કરવી અને એકાગ્ર મનવાળા થઈને કથા સાંભળે. (૪૮) સંશય થાય તો નમસ્કાર કરીને ધીમે રહીને વક્તાને પૂછે. સભામાં શ્રોતા હાથ પગ આદિકની ચંચળતાથી રહિત થઈ, સ્થિર બેસે. (૪૯) બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન કરે. ઉત્સવાદિકમાં તથા સ્કંધના અંતે વક્તાને પોતાની શક્તિ પ્રમાણે દક્ષિણા અર્પણ કરે. (૫૦)

આ ગ્રંથનો એક એક સ્કંધ સમાપ્ત થાય એટલે શક્તિમાન શ્રોતા તો શ્રદ્ધાપૂર્વક ઓછામાં ઓછા પચાસ બ્રાહ્મણોને જમાડે. અશક્ત હોય તો આ ગ્રંથની સમાપ્તિમાં શક્તિ પ્રમાણે બ્રાહ્મણોને ઈષ્ટ ભોજનનું ભોજન કરાવે. અને બ્રાહ્મણોને દક્ષિણાથી સંતોષ પમાડે. (૫૧-૫૨) મુખ્ય શ્રોતા કથાના આરંભને દિવસે ગણપતિને પૂજીને, પોતાના ધર્મ પરાયણ ત્રણ વિપ્રોને જપને માટે બેસાડે. (૫૩) દઢ વ્રતવાળા તે બ્રાહ્મણોને ગ્રંથની સમાપ્તિ પર્યંત હંમેશા સ્પષ્ટાક્ષરના ઉચ્ચારણથી શ્રીહરિની પ્રસન્નતા માટે પાંચ હજાર મંત્રોનો જપ કરે. (૫૪) કથા અંતે મુખ્ય શ્રોતા તેમને વસ્ત્ર, અન્ન અને દક્ષિણા આપે. તેમજ શ્રવણ કરનાર બ્રાહ્મણોને પણ શક્તિ પ્રમાણે દક્ષિણા આપવી. (૫૫)

મળ મૂત્રના સંયમન માટે સ્વલ્પાહાર (થોડો આહાર) સુખકારી છે. માટે આ ગ્રંથના શ્રોતા એકવાર હવિષ્યાન્નથી ભોજન કરે. (૫૬) શ્રોતા મીઠા વિનાનું ભોજન કરે અથવા એકવાર ભોજન કરે, ગ્રંથ સાંભળવાની ઈચ્છા કરનારે સુખેથી જે બની શકે તેમ કરવું. (૫૭) કથાનું શ્રવણ કરનારને ભોજન કરવું શ્રેષ્ઠ માન્યું છે. વિદ્વાનોએ કથામાં વિઘ્ન કરનાર ઉપવાસ શ્રેષ્ઠ માન્યો નથી. (૫૮)

સમાપ્તિને દિવસે ધનની શક્તિ પ્રમાણે મહાપૂજા કરવી. સમગ્ર શ્રોતાઓ પણ વક્તાની યથાયોગ્ય પૂજા કરે. (૫૯) મુખ્ય શ્રોતા, નવીન રેશમી વસ્ત્રો, કંકણ, કડા, કુંડળ, સુવર્ણ મહોરો વગેરે પોતાની શક્તિ પ્રમાણે આપે. (૬૦) દ્રવ્યની સંપત્તિ હોય તો ધન વાપરવામાં ક્યારેય પણ શઠપણું કરવું નહી. હે ભૂપતે ! શાસ્ત્રમાં કહેલા ફળની પ્રાપ્તિ જે ઈચ્છતો હોય તેણે દ્રવ્ય સંપત્તિ હોય તો ક્યારેય પણ વિત્ત વાપરવામાં શઠપણું (કંજૂસપણું) કરવું નહિં. (૬૧) બીજા પણ શક્તિ પ્રમાણે ઘરેણાં, વસ્ત્રો, દક્ષિણા વગેરે ગૃહસ્થને ઉપયોગમાં આવે તે પ્રમાણે આપે. (૬૨) જેની પાસે અલ્પ દ્રવ્ય હોય તેવા શ્રોતાઓ માષાના તોલ જેટલું સુવર્ણ અથવા રૂપીઓ પોતાની શક્તિ પ્રમાણે આપે. (૬૩)

પછી સારા પ્રમાણમાં દૂધ દે તેવી ગાય વક્તાને આપે, ત્યાર બાદ કલ્યાણકારી દશાંશથી કહેલા મંત્રનો હોમ કરે. (૬૪) દૂધપાક, ઘી, વગેરે દ્રવ્યથી વ્યાહુતિઃ ભૂર્ભૂવ વગેરે મંત્રો સહિત ડાંગર, તલેયુક્ત હોમ શાસ્ત્ર વિધાનથી કરે. (૬૫) વિદ્વાન અગ્રેસર વક્તાને હોમની અનુકૂળતા ન હોય તો તેના મૂલ્યનું ધન આપવું. તેનાથી જ સમગ્ર ફળ થાય. (૬૬)

આ ગ્રંથના શ્રવણમાં હે રાજન્ ! તમોને વિશેષ આ વિધિ કહ્યો. પહેલાંનો કહેલો વિધિ પણ તમારે જાણવો. (૬૭) જે પુરુષો આ લોકમાં વિધિ પ્રમાણે આ શુભ શાસ્ત્ર સાંભળશે. તે પુરુષો હે રાજન્ ! પોતાના સમગ્ર પાપો ટાળી નાંખીને, પૂર્વે કહેલું ફળ પામે છે અને આલોકમાં તેમજ પરલોકમાં સમગ્ર સ્વાભિષ્ટ સુખને પામે છે. (૬૮)

તે અભયસિંહરાજા આ પ્રકારે સ્પષ્ટતર, અમૃત તુલ્ય, આશ્ચર્યકારી, શાંતિદાયક, શુકાનંદ મુનિના વચન સાંભળીને, શાંતિ પામ્યા. બીજું જાણવાની ઈચ્છા હોવાથી હાથ જોડીને મુનિવરને ફરીથી પૂછવા લાગ્યા. (૬૯)

ઇતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદે વિરતિ નિષેધ કરેલા અધ્યાયો નિરૂપણનું ગુજરાતી ભાષાંતર પ્રાચિન આચાર્ય. વેદાન્તતીર્થ સાંખ્યયોગ વારિધિ પંડિત શ્રીશ્વેતવવૈકુંઠદાસજી રચિત-તેનો સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

અભયસિંહ રાજા કહે છે :- હે વિદ્વન્ ! પક્ષ પારાયણ તથા માસ પારાયણ તેમજ ઋતુ પારાયણ આ ગ્રંથનું કરીએ ત્યારે હે મહામતે ! તમોએ જે અધ્યાયો વિરામમાં નિષેધ કરેલા છે, તેનો ત્યાગ કરીને શુભ પારાયણ કેવી રીતે કરવું. (૧-૨) હે યોગિરાજ ! આ ગ્રંથના પક્ષ પારાયણ તથા માસ પારાયણ તથા ઋતુ પારાયણમાં દરરોજ કેટલા કેટલા અધ્યાયો વાંચવા ? હે તત્ત્વ જાણનારાઓમાં શ્રેષ્ઠ ! હે યોગિન્ ! એ બધું હું યથાર્થપણે જાણવા માટે ઇચ્છું છું (૪) તમારા વિના આ વિષયમાં યથાર્થપણે જાણતા નથી. એટલે કરુણા કરીને તમો મને આ વિધિ તત્ત્વથી કહેવા માટે યોગ્ય છો. (૫)

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- હે રાજન્ આ ગ્રંથનું પક્ષ પારાયણ કરવું હોય ત્યારે વાંચવાના અધ્યાયોનો નિયમ હું તમોને કહું છં. (૬) પહેલા દિવસથી ત્રીજા દિવસ સુધી હંમેશા બેંતાલીસ બેંતાલીસ અધ્યાયો વાંચવાના કહેલાં છે. (૭) ચોથા દિવસથી તે સાતમા દિવસ સુધી હંમેશા તેંતાલીસ તેંતાલીસ અધ્યાયો વાંચવા. (૮) આઠમા દિવસે એકતીલાસ અધ્યાય વાંચવા. નવમા દિવસે તેંતાલીસ અધ્યાયો વાંચવાના કહેલા છે. (૯) દશમા દિવસે એકતાલીસ અધ્યાયો કહેલા છે. અગિયારમા દિવસે બેંતાલીસ અધ્યાયો કહેલા છે. (૧૦) બારમા દિવસે તેંતાલીસ અધ્યાયો કહેલા છે. તેરમા દિવસે એકતાલીસ અધ્યાયો કહેલા છે. (૧૧) હે રાજન્ ! ચૌદમા દિવસે બેંતાલીસ અધ્યયો કહેલા છે. પંદરમા દિવસે પણ બેંતાલીસ અધ્યાયો વાંચવાના કહ્યા છે. (૧૨)

આ ગ્રંથનુ એક માસનું પારાયણ જ્યારે કરે ત્યારે નિયમથી વાંચવાના અધ્યાયો હું તમોને કહું છું. (૧૩) હે રાજન્ ! પહેલા દિવસે એકવીસ અધ્યાયો વાંચવા. બીજા દિવસે બાવીસ અધ્યાયો તથા ત્રીજા દિવસે પણ બાવીસ અધ્યાયો વાંચવા. (૧૪) ચોથા દિવસે વીસ અધ્યાયો વાંચવા. પાંચમા દિવસથી સાતમા દિવસ સુધી એકવીસ અધ્યાયો વાંચવા. (૧૫) હે રાજન્ ! આઠમા દિવસે બાવીસ અધ્યાયો કહેલા છે. નવમા દિવસથી આરંભીને પંદરમા દિવસ પર્યંત એકવીશ અધ્યાયો નિરંતર વાંચવા. તેમજ સોળમા દિવસે બાવીસ અધ્યાય વાંચવા. (૧૬-૧૭)

સત્તરમા દિવસે એકવીસ અધ્યાયો વાંચવા, અઢારમા દિવસે બાવીસ અધ્યાયો વાંચવા. ઓગણીસમા દિવસથી આરંભીને પચીસમા દિવસ સુધી નિરંતર એકવીસ અધ્યાયો વાંચવા (૧૮-

૧૯) હે મહીપતે ! છવીસમા દિવસે વીસ અધ્યાય વાંચવા. સત્તાવીસમાં દિવસે બાવીસ અધ્યાય વાંચવા. (૨૦)

અઠ્ઠાવીસમા દિવસે તથા ઓગણત્રીસમા દિવસે એકવીસ અધ્યાય વાંચવા. ત્રીસમા દિવસે વીસ અધ્યાય કહેલા છે. (૨૧) હે રાજન્ ! ઋતુનું જ્યારે પારાયણ કરે, ત્યારે વાંચવાના અધ્યાયોનો નિયમ હું તમોને કહું છું. (૨૨) પહેલા દિવસે બાર અધ્યાયો વાંચવા. બીજા દિવસે દશ અને ત્રીજા દિવસે અગિયાર અધ્યાય વાંચવા. (૨૩) હે રાજન્ ! ચોથા દિવસે અગિયાર, પાંચમા દિવસે દશ અને છઠ્ઠા દિવસે અગિયાર કહેલા છે. (૨૪) સાતમા તથા આઠમા દિવસે અગિયાર અગિયાર અધ્યાયો વાંચવાના કહેલા છે. નવમા અને દશમા દિવસે દશ, દશ વાંચવા કહેલા છે. (૨૫) અગિયારમાં દિવસ અગિયાર અધ્યાય વાંચવાના કહેલા છે. બારમા દિવસે દશ તેમ જ તેરમા દિવસે અગિયાર અધ્યાય વાંચવા. (૨૬)

ચૌદમા તથા પંદરમા દિવસે દશ દશ કહેલા છે. સોળમા દિવસે અગિયાર તથા સત્તરમા દિવસે દશ વાંચવા. (૨૭) અઢારમા દિવસે અગિયાર તથા ઓગણીસમા દિવસે દશ અધ્યાયો તથા વીસમા દિવસે અગિયાર અધ્યાયો વાંચવાના કહેલા છે. (૨૮) એકવીસમા દિવસે દશ અધ્યાયો વાંચવા, બાવીસમા દિવસે અગિયાર, તેવીસમા દિવસે દશ અધ્યાય વાંચવા. (૨૯) ચોવીસમા દિવસે અગિયાર અધ્યાય કહેલા છે. (૩૦)

સત્તાવીસમા દિવસે દશ અધ્યાય, અઠ્ઠાવીસમા દિવસે અગિયાર, ઓગણત્રીસમાં દિવસે દશ અધ્યાય કહેલા છે. (૩૧) ત્રીસમાં દિવસે અગિયાર, એકત્રીસમા દિવસે દશ અધ્યાય કહેલા છે. બત્રીસમા દિવસે અગિયાર અધ્યાય વાંચવાના કહેલા છે. (૩૨)

તેત્રીસમા દિવસે દશ તથા ચોત્રીસમા દિવસે અગિયાર, પાંત્રીસમા દિવસે દશ અધ્યાય, છત્રીસમા દિવસે તેર અધ્યાય વાંચવાના કહેલા છે. (૩૩) સાડત્રીસમા દિવસે દશ, આડત્રીસમા દિવસે અગિયાર, ઓગણચાલીસમા દિવસે દશ અધ્યાય કહેલા છે. (૩૪) ચાલીસમા દિવસે અગિયાર અધ્યાયો વાંચવાના કહેલા છે. હે રાજન્ ! એકતાલીસમા દિવસે દશ અધ્યાય કહેલા છે. (૩૫)

બેંતાલીસમા દિવસે અગિયાર શુભ અધ્યાયો વિદ્વાન પુરુષોએ વાંચવાના કહેલા છે. (૩૬) તેંતાલીસમા દિવસે દશ અધ્યાય વાંચવા, ચુંવાલીશમા દિવસે અગિયાર અધ્યાય વાંચવાના કહેલા છે. (૩૭) પીસ્તાલીસમા દિવસે દશ વાંચવા, છેંતાલીશમા દિવસે અગિયાર અધ્યાય વાંચવા (૩૮) સુડતાલીસમા દિવસે દશ અધ્યાય વાંચવા, એકતાલીસમા દિવસે અગિયાર અધ્યાય વાંચવા. (૩૯) ઓગણ પચાસમા દિવસે દશ અધ્યાય વાંચવાના કહેલા છે. પચાસમા દિવસે અગિયાર વાંચવાના કહેલા છે. (૪૦)

એકાવનમાં દિવસે દશ અધ્યાય તથા બાવનમાં દિવસે દશ અધ્યાય વાંચવાના કહેલા છે. (૪૧) તેપનમાં દિવસે અગિયાર અધ્યાયો કહેલા છે. ચોપનમાં દિવસે અગિયાર અધ્યાય વાંચવાના

કહેલા છે. (૪૨) પંચાવનમાં દિવસે દશ અધ્યાય વાંચવાના કહેલા છે. છપ્પનમાં દિવસે અગિયાર અધ્યાય વાંચવા. (૪૩)

સત્તાવનમાં દિવસે દશ અધ્યાય કહેલા છે. અટ્ઠાવનમાં દિવસે અગીઆર જ અધ્યાય કહેલા છે. (૪૪) ઓગણસાઠમા દિવસે નવ અધ્યાય વાંચવા, સાઠમા દિવસે અગીયાર અધ્યાય વાંચવાના કહેલા છે. (૪૫)

શ્રી શુકાનંદ મુનિ અભયસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! આ પ્રકારે પક્ષ પારાયણ, માસ પારાયણ તથા ઋતુ પારાયણનાં તમોને મેં વાંચવાના અધ્યાયોની અનુક્રમ પ્રમાણે સંખ્યા કહી (૪૬) પૂર્વે જે વિરામમાં નિષેધ કરેલા અધ્યાયોનો ત્યાગ કરીને જ આ સંખ્યા તમોને સ્પષ્ટ કહેલી છે. એમ જાણવું. (૪૭) પક્ષ પારાયણ પખવાડિયું તો પંદર દિવસનું જાણવું. માસ પારાયણમાં માસ ત્રીસ દિવસનો જાણવો. (૪૮) ઋતુ પારાયણમાં સાઠ દિવસો વડે ઋતુ જાણવી. વિદ્વાન પુરુષોએ પ્રતિપદાને આરંભીને પખવાડીયું નથી માનેલું. (૪૯)

હે રાજન્ ! આ ગ્રંથનું પુરશ્ચરણ ભુક્તિ અને મુક્તિરૂપી ફળ આપનારું છે. પૃથ્વીમાં કલ્યાણ ઈચ્છતા જનોએ હર્ષપૂર્વક તે કરાવવું. (૫૦)

આ પ્રકારની શુકાનંદ મુનિની અમૃત સમાન કલ્યાણકારી વાણી સાંભળીને અત્યંત આનંદ પામેલા, વિનયથી નમ્રતાવાળા, અભયસિંહ રાજા તે મુનીંદ્રને પૂછતા હતા. (૫૧)

ઈતિ શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદમાં ગ્રંથ પારાયણમાં વાંચવાના અધ્યાયોની સંખ્યા નિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચીન આચાર્ય વેદાંતતીર્થ, સાંખ્ય યોગ વારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત- તેનો આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

અભયસિંહ રાજા કહે છે :- હે યોગિરાજ ! હું આ ગ્રંથના પુરશ્ચરણનો શુભવિધિ સાંભળવા માટે ઈચ્છું છું. માટે કૃપા કરીને તે વિધિ મને તમો કહો. (૧)

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- હે રાજન્ ! પહેલાં શુભ ફળ આપનારો જે કાળ મેં તમોને કહ્યો છે તે કાળમાં પુરશ્ચરણનો આરંભ કરવો. (૨) હે રાજન્ ! પહેલાં કહેલા વક્તાના લક્ષણવાળા છ અથવા નવ અથવા બાર બ્રાહ્મણોની શુભ મુહૂર્તમાં વરણી કરવી. (૩) તે બ્રાહ્મણોને હંમેશા પહેરવા માટે ધોળા વસ્ત્રો, સોનાની વીંટી, પાત્રો તથા સુંદર પાટલાઓ ને કામળાઓ આપવા. (૪) તેમની સેવા કરવામાં બીજા બ્રાહ્મણોની યોજના કરવી. સેવા કરનાર બ્રાહ્મણો તેમને ગરમ પાણી

કરી આપે, રસોઈ વગેરે કરે, વળી તેમના અંગનું મર્દન પણ કરે. (૫) પુરશ્ચરણનો સમારંભ પ્રસિદ્ધ પુરાતન શુભ ક્ષેત્રોમાં અથવા દેવાલયમાં અથવા શ્રીહરિનાં મંદિરમાં કરવો. (૬) અથવા પોતાના ઘરમાં શ્રીહરિની સુવર્ણ પ્રતિમા સ્થાપીને કરવો. તે બ્રાહ્મણો નિયમપૂર્વક હંમેશા ત્યાં પારાયણ કરે. (૭)

હે રાજન્ ! આ ગ્રંથના એકસો આઠ પાઠ કરવાથી જ સર્વ અભીષ્ટ ફળને આપનારું શ્રેષ્ઠ પારાયણ કહેલું છે. (૮) પંદર દિવસની વરણી કરેલો બ્રાહ્મણ આ પારાયણ કરે, બીજા વરેલા બ્રાહ્મણો જુદા જુદા પારાયણ કરે. (૯) પૂર્વે કહેલા અધ્યાયોની સંપૂર્તિ માટે તે બ્રાહ્મણોએ-વિરામ કરવો. તેમણે સ્પષ્ટ ઉચ્ચારણ થાય તેમ વાંચવું. કોઈની સાથે બોલવું નહિ. (૧૦) તે વરેલા બ્રાહ્મણોએ ક્યારેય બીજાની દક્ષિણા ગ્રહણ ન કરવી તેમજ અન્ન વસ્ત્રાદિ ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ. (૧૧)

એક એક પખવાડિયું સંપૂર્ણ થાય ત્યારે તેમને સોનામહોર ત્રણ જુદી જુદી આપવી. (૧૨) અથવા પાઠો સંપૂર્ણ થાય ત્યારે ભેગી કરીને જુદા જુદા એક એક બ્રાહ્મણને આપવી. (૧૩) જે પુરુષ ત્રણ સોના મહોરો આપવા માટે અશક્ત હોય તેમણે તેથી અર્ધું આપવું અલ્પ ધનવાળાએ તેનું પણ અર્ધું આપવું. (૧૪) જે, હલકામાં હલકી દક્ષિણા પણ આપવા શક્તિમાન ન હોય તેવા યજમાને ખોટી રીતે બ્રાહ્મણોને ત્રાસ આપવો નહીં. પોતાની શક્તિ પ્રમાણે તેણે બીજી ઉપાસના કરવી જોઈએ. (૧૫)

જે કનિષ્ઠ દક્ષિણા પણ આપવા માટે અશક્ત હોય તેમણે બ્રાહ્મણો પાસે શ્રમ કરાવવો જ નહિ. પોતાની શક્તિ પ્રમાણે બીજું કંઈ કરવું. (૧૬)

હે રાજન્ ! પુરશ્ચરણ પરાયણ પુરુષ જે દિવસે બ્રાહ્મણોની વરણી કરે તે દિવસે અષ્ટાક્ષર મંત્રનો જપ કરવા માટે બાહ્મણોની વરણી કરે અને તે જપનાં દશાંશથી હોમ કરે. હોમના દશાંશથી બ્રાહ્મણોને જમાડે. (૧૭) હે રાજન્ જે સમર્થ પુરુષ આ ગ્રંથનું પુરશ્ચરણ કરાવનાર, ઘૃતાદિ વડે હોમ કરે. (૧૮)

ગ્રંથરાજમાં જ્યાં '**उवाच**' આવે ત્યાં પણ આહુતિ આપવી, પ્રત્યેક શ્લોકને અંતે પણ આહુતિ આપવી, અને અધ્યાયને અંતે જ્યાં ઈતિશ્રી આવે ત્યાં પણ આહુતિ આપવી. પ્રત્યેક આહુતિ મૃગી-મુદ્રાથી આપવી. (૧૯) હોમ કરવા માટે અશક્ત હોય તે તો આ ગ્રંથના હોમ માટે વરણી કરેલા ઉત્તમ બ્રાહ્મણો પાસે પારાયણો કરાવે. (૨૦)

યજમાને સહિત બ્રાહ્મણો, પુરશ્ચરણના આરંભના દિવસથી તે સમાપ્તિ પર્યંત હંમેશાં બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે. (૨૧) જો બ્રહ્મચર્યાદિક નિયમોનું પાલન ન કરે તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ફળ ન થાય એવો નિર્ણય છે. જો તે નિયમો સંપૂર્ણ પાળેલા હોય તો સર્વે મનોરથો સિદ્ધ થાય છે.

(૨૨) જે જનો આ પ્રમાણે આ ગ્રંથનું પુરશ્ચરણ કરાવે અથવા જે કરે તે જનો અહીં જ તત્કાલ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ફળ પામે છે. (૨૩) હે રાજન્ ! આ હરિલીલાકલ્પતરુ ગ્રંથનું દાન જે કરે છે તે આ લોકમાં ને પરલોકમાં ઈચ્છિત સુખ પામે છે. (૨૪)

અભયસિંહ રાજા કહે છે :- હે મહામુને ! આ ગ્રંથના દાનનો સર્વ વિધિ તમારી પાસેથી સાંભળવા હું ઈચ્છું છું. તેથી તમો મને તત્ત્વથી કહો. (૨૬)

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- હે રાજર્ષે ! આ ગ્રંથનો દાનવિધિ તમોને હું કહું છું. જેનાથી તેનું દાન કરનાર મનુષ્યને સંપૂર્ણ ફળ થયા. (૨૭) સર્વ એકાદશી અથવા સર્વ પૂર્ણિમા તેમજ વ્રત તથા ઉત્સવના દિવસોમાં, દાનનો સમય નિર્દેશ કર્યો છે. (૨૯) દાતા પહેલાં આ ગ્રંથનું પુસ્તક સારા પાનાવાળું તેમજ પંક્તિ ભેગી નહિ થઈ ગયેલું એવું સુંદર સ્ફુટ અક્ષરવાળું લખાવે, વળી તેનું સંશોધન કરાવે, કાષ્ઠના નવા પાટીયાં તથા બાંધવાના સુંદર વસ્ત્રમાં બાંધી અનુપમ પ્રેમથી, દેહધારી દાન કરનારાએ સંસ્થાપન કરીને (૩૧)

રંગ બે રંગી અમૂલ્ય વસ્ત્રમાં સારા વર્ણવાળું આઠ પાંદડાનું કમળ તેના ઉપર દાન કરવાના દિવસે દાતા હર્ષપૂર્વક આ શાસ્ત્ર સ્થાપન કરે છે. (૩૨) ત્રણ પળ સોનાનું અષ્ટ પત્રનું કમળ કરે. અલ્પ દ્રવ્યવાળો પુરુષ તેના અર્ધ સુવર્ણથી કરે. (૩૩) ત્યાર બાદ પૂર્વે કહેલા મંત્રો વડે તેમજ ગીત વાજિંત્ર પુરઃસર જેવા પ્રાપ્ત થએલા ઉપચારોથી બુદ્ધિમાન પુસ્તકનું પૂજન કરે. (૩૪) પછી પ્રતિગ્રહ કરનાર આ ગ્રંથ પ્રિય જેને છે એવો શ્રીહરિનો ભક્ત, ઉત્તમ જીતેન્દ્રિય બ્રાહ્મણને પૂજે. (૩૫)

રેશમી વસ્ત્રો તથા સોના મોતીનાં નવા આભૂષણો તથા ચંદન, પુષ્પ વગેરે ઉપહારોથી પુસ્તક ગ્રહણ કરનાર બ્રાહ્મણને નમે. (૩૬) દાતા પૂર્વમુખે બેસે અને ગ્રહણ કરનાર ઉત્તરમુખે બેસે. પછી સંકલ્પ કરીને એના મંત્રો બોલે પછી તે બ્રાહ્મણને અર્પણ કરે. (૩૭) શ્રીકૃષ્ણની ભક્તિમાં અંતરાય કરનારું, કરોડ જન્મથી થએલાં મારા સમગ્ર પાપ આ દાન વડે નાશ પામો. (૩૮) વેદ સમાન આ હરિલીલાકલ્પતરુ ગ્રંથ હું દ્વિજેન્દ્રને આપું છું. તેથી મારા ઉપર શ્રીહરિ પ્રસન્ન થાવ. (૩૯) મને શ્રીકૃષ્ણ ભગવાનનો તેમજ તેમના સત્પુરુષોનો વિયોગ ન થાય. આ દાનથી અત્યંત પ્રસન્ન થએલા શ્રીહરિ મને ઈચ્છિત આપો. (૪૦)

આ પ્રમાણે ઉચ્ચારણ કરીને બ્રાહ્મણને પુસ્તક આપીને શક્તિમાને તો શ્રદ્ધાથી સોરૂપીયાથી ઓછી નહિ, એવી દક્ષિણા આપવી. (૪૧) પોતાની શક્તિ પ્રમાણે અશક્ત પુરુષ શઠતાથી રહિત થઈને હર્ષપૂર્વક અર્પણ કરે, ત્યાર પછી તે દક્ષિણાને અનુરૂપ બ્રાહ્મણો જમાડે. (૪૨)

જે પુરુષ આ વિધિથી આ ગ્રંથ અર્પણ કરે તે પ્રકાશમાન વિમાનમાં બેસી શ્રીહરિના દિવ્ય ધામમાં જાય. (૪૩) ત્યાં પોતાને ઈચ્છિત સર્વ અલૌકિક ભોગો પામે. તેને શ્રી હરિકૃષ્ણ ભગવાનની પ્રસન્નતાથી કંઈ પણ અપ્રાપ્ય નથી. (૪૪) પુત્ર વિનાનો પુત્ર પામે, નિર્ધન ધન પામે. આ શાસ્ત્રના

દાનથી વિદ્યાર્થી વિદ્યા પામે. (૪૫) હે નરરાજ ! શાસ્ત્રમાં કહેલો આ શાસ્ત્રનો શુભ દાન વિધિ સાંભળવાને ઈચ્છતા તમોને મેં આવી રીતે કહ્યો. જે મનુષ્યો આ પ્રમાણે વિધિ કરશે તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ પ્રકારની ઈચ્છા બાકી રહેતી નથી. (૪૬)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદે ગ્રંથ પુરશ્ચરણ વિધ તથા તેના દાન વિધિ નિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચીન આચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્યયોગ વારિધિ પંડિત શ્રીશ્વેતવૈકુંઠદાસજી રચિત તેનો નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

રાજા અભયસિંહ, આ પ્રકારે અમૃતના જેવું સાર રૂપ શુકાનંદમુનિનું વચન સાંભળીને, મહા આનંદ પામ્યા. તેવી રીતે સભામાં બેઠેલા જનો પણ મહા આનંદ પામ્યા. (૧)

એટલી વારમાં ત્યાં આ મોટું આશ્ચર્ય થયું. રાજા તથા સભામાં બેઠેલા સર્વે જનો તે સાક્ષાત્ જોઈને મહાશ્ચર્ય પામ્યા. (૨) એકદમ આકાશમાં કરોડો કરોડ સૂર્યના સમાન તેજસ્વી વિમાનોની પંક્તિઓને સૌ જોઈને મહાશ્ચર્ય પામ્યા. (૩) આશ્ચર્ય યુક્ત મનવાળા સભાજનોએ તે વિમાનોમાં કરોડ સૂર્ય સમાન કાંતિવાળા દિવ્ય પાર્ષદોને બેઠેલા જોયા. (૪) પછી બે રમ્ય પાર્ષદો સભામાં બેઠેલા બે બ્રાહ્મણોને ગુપ્તપણે કહેવા લાગ્યા. (૫)

હે બ્રાહ્મણો ! આ ગ્રંથના શ્રવણથી તમારા બંનેના સર્વ પાતક નાશ પામ્યા છે અને તમોને મોટું પુણ્ય થયું છે. તેમજ શ્રીહરિ પણ અત્યંત પ્રસન્ન થયા છે. (૬) હમણાં તમારા બંનેના દેહના પ્રારબ્ધ કર્મનો નાશ થયો. તેથી શ્રીહરિના પરમ દિવ્ય અક્ષરધામમાં લઈ જવા માટે શ્રીહરિની આજ્ઞાથી જ અમો અહીં આવેલા છીએ. તમો બંનેને વિમાનમાં બેસાડીને તે અક્ષરધામમાં અમો લઈ જઈશું. (૮)

આ પ્રકારનું પાર્ષદોનું વચન સાંભળીને, અત્યંત પ્રસન્ન થએલા બંને બ્રાહ્મણો, વિસ્મય પામીને દિવ્ય પાર્ષદોને કહેવા લાગ્યા. (૯)

તમો બંને પાર્ષદોને નમસ્કાર છે, અમારા બંનેનું આ વચન સાંભળો હે પાર્ષદોમાં અગ્રેસર ! આ ગ્રંથનું અકલ્પનીય માહાત્મ્ય છે જ. (૧૦) અહો ! યોગીજનોને દુર્લભ દર્શનવાળા, ધર્મના પુત્ર પ્રત્યક્ષ શ્રીહરિ, આ કથાના સંશ્રવણ માત્રથી અમારા બંને ઉપર અત્યંત પ્રસન્ન થયા. (૧૧) તથા કરુણાના મહાસાગર તે શ્રીહરિએજ અમારા બંને ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. (૧૨)

આ ગ્રંથની કથા શ્રવણના પુણ્યથી પોતાના દિવ્ય ધામમાં અમો બંને ને લઈ જવા માટે

તેમણે જ તમને દિવ્ય પાર્ષદોને પ્રેરેલા છે. (૧૩) હે વિચક્ષણ પાર્ષદો ! તેથી અમો બંને કૃષ્ણવેણી નદીમાં સ્નાન કરીને, તમારી સાથે શ્રીહરિના અક્ષરધામમાં આવીશું. (૧૪)

આવું તે બંને બ્રાહ્મણોનું વચન સાંભળીને, બંને પાર્ષદો પ્રસન્ન થયા અને બંને બ્રાહ્મણોને કહ્યું કે 'તમારે જે કરવા યોગ્ય છે તે તત્કાળ કરો. (૧૫)

પછી બંને બ્રાહ્મણ, બંને પાર્ષદોને પ્રણામ કરીને કહ્યું 'હે મહાબુદ્ધિશાળી ! તમારી આજ્ઞા પ્રમાણે તત્કાળ અમે બંને અવશ્ય કરીશું.' (૧૬)

ત્યાર બાદ દિવ્ય વિમાનમાં બેઠેલા તે મુક્તો, વિમાનોના સમુદાય મંડળવાળા આકાશમાં તિરોધાન થયા. (૧૭)

હર્ષ પામેલા તે બંને બ્રાહ્મણો તે મહાસભામાં પ્રવેશ કરીને આદરપૂર્વક શુકાનંદ સ્વામીને પ્રણામ કરીને કહેવા લાગ્યા. (૧૮)

હે વિદ્વાન ! અમો બંનેને તમોએ હરિલીલારૂપી અમૃતનું પાન કરાવીને કાળરૂપી મહાસર્પના ગ્રાસના ત્રાસથી અમારી રક્ષા કરી છે. (૧૯) આ ગ્રંથની કથા શ્રવણ માત્રથી થએલા મહાપુણ્યવડે અમો વિનષ્ટ પાપવાળા થઈને કૃતાર્થ થયા છીએ. (૨૦) જે કર્મોથી દેહ બંધાય છે તે અમારા કર્મોનો અંત આવ્યો છે, અને અમોને શ્રીહરિના ધામમાં લઈ જવા માટે અહીં દિવ્ય વિમાનમાં બેઠેલા દિવ્ય પાર્ષદો આવ્યા છે. (૨૧) આ પુરની સમીપમાં કૃષ્ણવેણી નદીમાં સ્નાન કરીને તમારી પ્રસન્નતાથી અમો બંને ભગવાનના દિવ્ય ધામમાં જઈશું. (૨૨)

આ પ્રકારે શુકાનંદમુનિને કહીને ફરીથી હર્ષપૂર્વક તે બને જણા શુકાનંદ મુનીંદ્રને નમસ્કાર કરીને, આચાર્યેન્દ્ર તથા મુનિઓને નમસ્કાર કરીને સ્નાન કરવા નદીમાં ગયા. (૨૩)

પછી બંને બ્રાહ્મણોએ કૃષ્ણવેણી નદીમાં હર્ષપૂર્વક સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરીને સ્નાન કર્યું. (૨૪)

ત્યાર બાદ પ્રકૃતિ જન્ય શરીરનો ત્યાગ કરાવીને, દિવ્ય તનુ ધારણ કરાવી, બંને બ્રાહ્મણોને શ્રીહરિના પાર્ષદોએ તત્કાળ દિવ્ય વિમાનમાં બેસાડ્યા. (૨૫) એ રીતે દિવ્ય વિમાનમાં બેઠેલા તે બંને બ્રાહ્મણોને દિવ્ય પાર્ષદો શ્રીહરિના બ્રહ્મધામમાં લઈ ગયા. (૨૬)

પ્રસન્ન મનવાળા, આશ્ચર્ય પામેલા અભયસિંહ રાજા આદરપૂર્વક શુકાનંદમુનિને પ્રીતિપૂર્વક પૂછવા લાગ્યા. (૨૭) હે મહાયોગી ! તમારી પાસેથી આ શુભ ગ્રંથની કથા સાંભળીને તપસ્વીઓને પણ દુર્લભ એવી આત્યંતિક મુક્તિ તે પામ્યા. (૨૮) હે વિદ્વન્ ! તે બંને જણ કોણ હતા ? તેમનો નિવાસ ક્યાં હતો ? હે દયાનિધે ! હે મહાત્મન્ ! અહીં તે બંને જણ ક્યાંથી આવ્યા હતા ? (૨૯) હે મહામુને ! તમારી પાસેથી હું તે સાંભળવા માટે ઈચ્છું છું. તેથી તમો મને કૃપા કરીને યથાર્થ કહો. (૩૦) આવી રીતે જાણવા માટે ઈચ્છતા, કર્યો છે આદર સત્કાર જેણે એવા અભયસિંહ

રાજાએ વિનયપૂર્વક પૂછેલા બુદ્ધિમાન, દયાર્દ્ર ચિત્તવાળા, શુકાનંદમુનિ પ્રીતિપૂર્વક કહેવા લાગ્યા. (૩૧)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદમુનિ અભયસિંહ સંવેદમાં આ ગ્રંથના કથા શ્રવણ માહાત્મ્યમાં બંને બ્રાહ્મણોની મુક્તિના નિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચીન આચાર્ય, વેદાંત, તીર્થ, સાંખ્ય યોગ વારિધી પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત તેનો દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- હે રાજન્ ! વેદશાસ્ત્ર અને પુરાણ ભણનારા ધર્મિષ્ઠ, જીતેન્દ્રિય, દેવવ્રત નામનો એક પ્રસિદ્ધ બ્રાહ્મણ હતા. (૧) વૈદિક ક્રિયામાં નિપૂણ, વૈરાગ્ય અને જ્ઞાનથી શોભતા, મહાતપસ્વી, બ્રહ્મતેજથી અલંકૃત, શ્રીહરિના ભક્ત (૨) દાન લેવામાં આસક્તિ રહિત, મહા સંતોષવાળા, ઉત્કૃષ્ટ તપની સિદ્ધિ પામેલા, મહર્ષિઓએ માનવા યોગ્ય. (૩) ક્રોધમાં દુર્વાસા મુનિ જેવા, શાપ દેવામાં તથા પ્રસન્ન થવામાં કોઈનાથી ન દબાવી શકાય એવા, બળતા અગ્નિ સમાન હતા. (૪) તે દેવવ્રતની પુણ્યવતી નામની પતિવ્રતા ધર્મનું પાલન કરતી પત્ની, તેની પ્રીતિપૂર્વક તેની સેવા કરતી હતી. (૫)

હે રાજન્ ! તે બ્રાહ્મણને પુણ્યવતી પત્નીથી પ્રબુદ્ધ સંજ્ઞાવાળો બુદ્ધિમાન, રૂપ, સદ્‌ગુણોથી યુક્ત એક પુત્ર થયો. (૬) ત્યાર બાદ તેને યુવાવસ્થામાં દુર્જનોનો પ્રસંગ થયો. તેથી તે વિષયોમાં આસક્તિવાળો, મોહાંધ કુબુદ્ધિ વાળો થયો. (૭) તે વૈદિક માર્ગનો ત્યાગ કરીને પાખંડ માર્ગને અનુસર્યો. પોતાના પિતાએ ઉપદેશ આપવા છતાં પણ દુષ્ટ માર્ગનો ત્યાગ ન કર્યો. (૮) તેને ત્યાગ કરવાની ઈચ્છાવાળા પિતા, પુત્રને વિષે આસક્તિવાળી પોતાની પત્નીના નિવારણથી, તેનો ત્યાગ કરી ન શક્યા. (૯) અંતર્વેદ નામના દેશમાં આમોદપુરની સમીપમાં બ્રહ્મહૃદના કાંઠે, પોતાના સુંદર આશ્રમમાં તે નિવાસ કરતા હતા. (૧૦)

હે રાજન્ ! તેમનો પુત્ર પ્રબુદ્ધ, એક સમયે અન્ય નગરોમાં ફરતો ફરતો શ્રીનગરમાં પોતાના કામને માટે ગયો. (૧૧)

ત્યારબાદ તે બ્રાહ્મણ વ્રત્તાલયપુરમાં આવ્યો. હે રાજન્ ! ત્યાં પોતાની ઈચ્છાથી પાંચ દિવસ રહ્યો. (૧૨) હે રાજન્ ! તે વખતે હું, સંસારને નાશ કરનારી આ હરિલીલાકલ્પતરુ ગ્રંથની કલ્યાણકારી કથા, કરતો હતો. (૧૩) તે વખતે તે બ્રાહ્મણે, તે મહાન સભામાં બેસીને, પાપને નાશ કરનારી શુભ કથા, પાંચ દિવસ સાંભળી. (૧૪) હે રાજન્ ! જન્મથી આરંભીને તેનું ફક્ત તેટલું જ પુણ્ય હતું. પછી ફરતા ફરતા પોતાની ઈચ્છાથી પોતાના આશ્રમે તે પહોંચ્યો. (૧૫)

પછી એક સમયે તેના પિતાએ તેને સમિધ તથા પુષ્પો લાવવા માટે પ્રેરણા કરી તેથી તે લેવા માટે વનમાં ગયો. (૧૬) પછી તે વનમાં પોતાના ઉદરનું ભરણ કરનાર તે બ્રાહ્મણ, સુંદર પાકેલાં ફળો ખાઈને વૃક્ષની સુંદર છાયામાં નિદ્રા વશ થયો. (૧૭) પછી દુર્જનો છે પ્રિય જેને એવો, સાયંકાલે જાગીને ઉન્મત્ત જેવો, સમિધ તથા પુષ્પો લીધા વગર પોતાના આશ્રમમાં તે આવ્યો. (૧૮)

પોતાની પાસે આવતા પુત્રને જોઈને તેના પિતા ક્રોધથી લાલ નેત્રવાળા કઠોર સર્પરાજની માફક બોલ્યા. (૧૯)

અરે દુરાચારી ! દુર્બુદ્ધે ! હે પુત્રના મિષથી મહાશત્રુ ! ઉદ્ધત બની મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી તું કેમ વર્તે છે ? (૨૦) તીવ્ર ઝેર દૂધને જેમ વિષરૂપ કરે છે, ઉત્તમ રૂપને કોઢ જેમ કુરૂપ કરે છે, સ્વચ્છ જળને તેલ જેમ દૂષિત કરે છે, તેમ અમારા કુળને તું દૂષણ ન પમાડીશ. (૨૧) ચંદન વૃક્ષોના સમુદાયમાં અધમ ઝેરના વૃક્ષની માફક અમારા પવિત્ર વંશમાં તું કુળના મળ રૂપ થયો છે. (૨૨)

પોતાના પિતાએ આ પ્રકારનો ઠપકો આપેલા તે પુત્ર, ક્રોધથી દયા રહિત થઈને તીક્ષ્ણ વાગ્બાણો વડે, પિતાને અત્યંત પીડા પમાડવા લાગ્યો. (૨૩) ધૃતના હોમવાથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ તેના પિતાનો ક્રોધ દંડના પ્રહારો વડે સર્પના ક્રોધની જેમ વૃદ્ધિ પામ્યો. (૨૪)

અત્રી પુત્ર દુર્વાસાની માફક ક્રોધ પામેલા તેના પિતાએ, પોતાના પુત્રને 'દુષ્ટ ! પ્રાણનો ત્યાગ કરીને યમપુરીમાં જા' એવો શાપ આપ્યો. (૨૫)

તપની સિદ્ધિવાળા તેમના એવા શાપથી તેમનો તે પુત્ર મૃત્યુ પામ્યો. પછી તેને યમપુરીમાં યમદૂતો લઈ ગયા. (૨૬) સત્કર્મ કરનારાઓને સંયમની પૂરી રમણીય લાગે છે. પાપકર્મો કરનારા મનુષ્યોને તો તે અતિ ભયંકર લાગે છે. (૨૭)

તે ચિત્રગુપ્તની મહારમણીય હવેલી તથા ધર્મ રાજાની પુરી, સાત માળે સહિત, ચાર ખૂણાઓ સહિત તે જોવા લાગ્યો. (૨૮) તે પુરી હજાર યોજન વિસ્તારવાળી, ચિત્ર વિચિત્ર દરવાજાથી સુંદર, વિવિધ પ્રકારના મણિવાળી, ઘણી શોભાથી યુક્ત છે. (૨૯)

તે પુરીમાં ધર્મરાજાનો સુંદર મહેલ, પચાસ યોજન વિસ્તારવાળો દેવતાઓને પણ મોહ પમાડે એવો છે. (૩૦)

જેની ઊંચાઈ તો વીસ યોજન માપ વાળી છે, જે સો સો તોરણોથી તેમ જ સો સો પતાકાઓથી શોભાયમાન છે. (૩૧) પ્રકાશમય વિવિધ પ્રકારના મણિમય, વીજળી તથા સૂર્ય સમાન તેજસ્વી, મોતીઓના જાળીયાથી યુક્ત હજારો મણિઓના સ્થંભવાળો (૩૨)

તેમાં સોનાના થાંભલાઓથી અતિ પ્રકાશમાન, વિસ્તારવાળો, અતિ ઉત્તમ ઉલ્લોચ વગેરેથી

શોભાયમાન સભામંડપ છે. (૩૩) તે સભામંડપમાં દિવ્ય, નીલ, સુંદર મણિઓથી શોભિત, દશ યોજન વિસ્તારવાળા સિંહાસનમાં ધર્મરાજા હંમેશા બેસે છે. (૩૪)

હે રાજન્ ! તે બ્રાહ્મણને યમદૂતો તે સભામાં લાવ્યા. યમની સભામાં આવીને, તેમને નમસ્કાર કરીને, યમે સત્કાર કરેલો તે ત્યાં બેઠો. (૩૫)

પછી યમે, પોતાના લેખક ચિત્રગુપ્તને તત્કાળ બોલાવીને લેખમાં ચિત્રગુપ્તની પાસે તેનાં સમગ્ર પુણ્ય તથા પાપ વંચાવ્યાં. (૩૬)

પછી ચિત્રગુપ્તે લેખમા વાંચવા માંડેલાં તેનાં ઘણાં પાપો યમે સાંભળ્યાં. તેમજ હરિલીલાકલ્પતરૂની કથાના શ્રવણનું એક પુણ્ય પણ સાંભળ્યું. (૩૭) હરિલીલાકલ્પતરૂ ગ્રન્થ પાંચ દિવસ તેણે સાંભળ્યો એ પુણ્ય સાંભળીને યમરાજા બોલ્યા. (૩૮)

અહો ! સર્વાવતારોના કારણ ધર્મપુત્ર શ્રીહરિની પ્રત્યક્ષ લીલા રૂપી સુધાથી પરિપૂર્ણ ગ્રન્થ, તાપ તથા પાપને મૂકાવનાર (૩૯) ગ્રંથ આ બ્રાહ્મણે મહિમા નહિ જાણતાં છતાં પણ સાંભળ્યો તેથી આ દેહધારી બ્રાહ્મણને અત્યંત પુણ્ય થયું. (૪૦)

તે જ પુણ્યથી આ બ્રાહ્મણ મારો દંડ પામવા માટે યોગ્ય નથી. માટે પોતાના શરીરમાં જઈને પોતાનું બાકીનું આયુષ્ય ભોગવે. (૪૧) તેના પિતાએ આપેલો શાપ તત્કાળ નિવૃત્તિ પામો, ધર્મરાજા આ પ્રમાણે હર્ષથી બોલ્યા. (૪૨)

હે પ્રાણી ! પ્રત્યક્ષ ધર્મપુત્ર, દયાળુ, અવતારીની દિવ્ય લીલારૂપી સુધાથી યુક્ત ગ્રંથ, પાવન કરનાર છે શ્રવણ જેનું એવા આ ગ્રંથનું માહાત્મ્ય જાણ્યા વિના પણ તમોએ પાંચ દિવસ સાંભળ્યો છે તેથી તમે તો અતિ દુઃસહ મારા દંડ થકી મુક્ત થયા છો. (૪૪)

જ્યારે શ્રદ્ધા પુરઃ સર તે સર્વ ગ્રંથ સાંભળતા મનુષ્યો તત્કાળ આત્યંતિકી મુક્તિ પામે તેમાં શું આશ્ચર્ય છે ? (૪૫) તમોએ હરિલીલાકલ્પતરૂ ગ્રંથ સાંભળ્યો તેથી તમો સુખપૂર્વક ઈચ્છિત મુક્તિ પામશો. (૪૬)

આ પ્રકારનું ધર્મરાજાનું વચન સાંભળીને, પ્રસન્ન થઈને, ફરીથી યમરાજાને નમસ્કાર કરીને, ગ્રંથના માહાત્મ્યના શ્રવણથી આશ્ચર્ય પામેલો બ્રાહ્મણ બોલ્યો. (૪૭)

હે મહાબુદ્ધે ! હે ધર્મરાજ ! તમોએ જે વચન કહ્યું તે પ્રમાણે જ હું કરીશ. તમારે નિશ્ચય તે પ્રમાણે જાણવું. (૪૮) હે મહારાજ ! પૃથ્વીમાં કેટલાક નાસ્તિકો શાસ્ત્રમાં કહેલી વિવિધ પ્રકારની આ યમપુરીની યાતનાઓને માનતા નથી. (૪૯)

તેથી તે બધી યાતનાઓ જોઈને, તે વર્ણન હું તે દુષ્ટોને કહીશ. આવો મારો મનોરથ છે. (૫૦) તેથી પોતાના પાપથી અહીં નરકમાં દુઃખ ભોગવતા પાપી પ્રાણીઓ તમો મને બતાવો. (૫૧)

હે રાજન્ ! આ પ્રકારનું તેનું વચન સાંભળીને, અતિ પ્રસન્ન થએલા યમરાજાએ, પોતાના દૂતો દ્વારા, કર્યાં છે પાપ જેમણે એવા, પીડાને પામતા અનેક જનોને, બતાવવા માટે ચિત્રગુપ્તને પ્રેરણા કરી. (૫૨)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદમાં તે કથા શ્રવણથી બે બ્રાહ્મણોનું પૂર્વ વૃત્તાંત તથા મુક્તિ તે નિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્ય યોગ વારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત તેનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

પછી ચિત્રગુપ્ત વિવિધ પ્રકારના નરકના કુંડોમાં ઘણી યાતનાઓ ભોગવતા જીવોને બતાવવા માટે તેને લઈ ગયા. (૧)

ત્યાર બાદ યમદૂતોએ પીડા પમાડેલા, ઘણી બૂમો પાડતા, દુઃખી થતા, પાપી પ્રાણીઓને તે જોવા લાગ્યા. (૨) ત્યાં તામિસ્ર નામના નરકમાં યમદૂતોએ લોહના દંડોથી તાડન કરાયેલા કેટલાક પાપીઓને મૂર્છા પામેલા જોયા. (૩) અંધ તામિસ્રમાં યમદૂતોએ કુઠારાથી કેટલાક પાપીઓના છેદાએલા ફુલેલા ખાખરા સમાન શરીરો જોવા લાગ્યા. (૪) રૌરવ નામના નરકમાં રૂ રૂ નામના ક્રૂર જંતુઓ વડે ભક્ષણ કરાયેલા દુઃખી, કેટલાક પાપીઓને જોયા. (૫)

મહા રૌરવ નરકમાં ક્રવ્યાદ નામના રૂ રૂ પ્રાણીઓ માંસ માટે કેટલાક પાપીઓને હણતા હતા તે જોયા. (૬) કુંભીપાક નરકમાં યમના દૂતોએ, તપાયમાન તેલમાં પકવવા માંડેલા કેટલાક દુષ્ટોને ત્રાસ પામેલા જોયા. (૭) કાળસૂત્ર નામના અગ્નિથી તપાયમાન તાંબાની માફક લાલચોળ નરકમાં યમદૂતોએ પ્રવેશ કરાયેલા, કર્યા છે આક્રોશ (બૂમરાણ) જેમણે એવા બળેલા અંગોવાળાને જોયા. (૮) અસિપત્ર નામના વનમાં યમદૂતોએ પ્રવેશ કરાવીને લોઢાની મોટી કોશો વડે પ્રહાર કરાએલા અહીંથી ત્યાં દોડતા પાપીઓને જોયા. (૯) કેટલાકને તરવારની ધાર જેવા પાંદડાથી છેદાએલા અંગોવાળા હા હા અમો હણાઈ ગયા છીએ. એમ ઊંચા સ્વરોથી બોલતા મનુષ્યોને જોયા. (૧૦)

શૂકરાસ્ય નામના નરકમાં યમદૂતોએ લોહ યંત્રોમાં શેરડીના દંડની માફક પીલાએલા અંગવાળા કેટલાક પાપીઓને જોયા. (૧૧) અંધકૂપ નામના નરકમાં મચ્છરો, જૂ તથા માંકણો તેમજ દાઢોવાળા પ્રાણીઓ તથા ક્રોધાયમાન સર્પાદિકોએ સર્વ પ્રકારથી કરડેલા. (૧૨) તેવી રીતે તીક્ષ્ણ ચાંચો વડે પક્ષીઓએ વિદારણ કરાતા અંગોવાળા કેટલાક વારંવાર અત્યંત રડતા પાપી જનોને તે બ્રાહ્મણ જોતો હતો. (૧૩) ક્રિમિ ભોજન નામના નરકમાં પડેલા કેટલાક પાપીઓને કીડાઓના સમુદાયે ભક્ષણ કરતા ક્રિમી થએલાઓને જોયા. (૧૪) સંદેશ નામના નરકમાં યમદૂતોએ અગ્નિથી તપાયમાન લોઢાની સાણસીઓ વડે છેદાઈ ગઈ છે. ચામડીઓ જેમની એવા પાપીઓ જોયા. (૧૫)

મહા ક્લેશના સ્થાન ભૂત તપ્તસૂર્મી નામના નરકમાં અગ્નિથી તપાયમાન લોખંડની સ્ત્રી મૂર્તિઓની પાસે યમદૂતોએ વ્યભિચાર કર્મ કરનારા કેટલાક પુરુષોને આલિંગન કરાવીને ત્રાસ પામેલું

છે મન જેમનું અને લોઢાની ચાબુકો વડે તાડન કરાએલા જોયા. (૧૭) તેવી રીતે યમદૂતોએ તપાયમાન લોખંડની પુરુષની મૂર્તિઓ સાથે વ્યભિચાર કર્મ કરનારી સ્ત્રીઓને બળાત્કારથી આલિંગન કરાયેલી જોઈ. (૧૮) તેવી રીતે વજ્રકંટક તથા શાલ્મલી નામના નરકમાં પણ ક્રૂર યમદૂતોએ વજ્ર, કંટક તથા શાલ્મલીની ઉપર મૂકીને આર્તનાદો કરતા, રડતા, અત્યંત દુઃખી થતા કેટલાક પાપી જનોને ખેંચાયેલા તેણે જોયા. (૨૦)

યમદૂતોએ વિષ્ટા, મૂત્ર, વગેરેથી પૂર્ણ એવી વૈતરણી નામની મહાનદીમાં નાંખેલાઓને જળજંતુ જે મગરમચ્છોએ અહીંયાથી ત્યાં ખાવા માંડેલા મહા દુઃખીયા પાપ કરનારા કેટલાક પોતાના પાપને સ્મરણ કરીને, શોક કરતા નરોને જોયા. (૨૧-૨૨) યમ ભટોએ લક્ષ્યરૂપ કેટલાક પાપીઓને મોટા બાણોથી વીંધવા માંડેલા જયાં ત્યાંથી સ્ત્રવે છે લોહી જેમને એવાને જોયા. (૨૪) નિર્દય યમ કિંકરોએ તરવાર આદિક શસ્ત્રો વડે છિન્ન ભિન્ન અંગો કરેલા કેટલાક પાપી જનોને તે બ્રાહ્મણ જોવા લાગ્યો. (૨૫)

વજ્ર જેવી દાઢોવાળા ભયંકર કૂતરાઓથી ખાવા માંડેલા, બૂમો પાડતા, અત્યંત પીડાથી દુઃખ થયેલા પાપીઓને જોયા. (૨૬) યમના દૂતોએ સો યોજન ઊંચા પર્વતના શિખર પરથી પત્થરની શીલા ઉપર પાડેલા તેથી જ તલતલ જેટલા વિશીર્ણ થયા છે શરીરો જેમનાં નીચે છે મસ્તક જેમના, દુઃખવાળા, વારંવાર રુદન કરતા, કેટલાક પાપીઓને દયાથી દુઃખી એવાને કંપતો જોતો હતો. (૨૭-૨૮) યમના દૂતોએ અગ્નિથી સ્ત્રવતો લોઢાનો રસ તે વડે છાંટ્યા છે મુખો જેમના એવા કેટલાક તથા યમદૂતોએ પગથી છાતીમાં દબાવેલા પાપીઓને જોયા. (૨૯) યમના ભટ્ટોએ ક્ષારપંક નામના નરકમાં નીચે મસ્તક રાખેલા કેટલાક પ્રવેશ કરેલા પાપી જનોને જોયા. (૩૦)

કેટલાક પાપ કર્મ કરનારા દેહધારઓના શરીરને શસ્ત્રોથી વિદારણ કરીને તેમના લોહીનું પાન કરતા, હર્ષપૂર્વક નાચ કરતા, તથા ગાન કરતા ક્રૂર અને લગારેય પણ દયા જેમને નથી એવા યમદૂતોને જોયા. વારંવાર અત્યંત રુદન કરતા તે પાપીઓને જોઈને તેને ત્રાસ થયો. (૩૧-૩૨) ક્રૂર યમદૂતોએ તીક્ષ્ણ શૂળીઓ ઉપર પરોવેલા છે. શરીર જેમનાં કઠોર ચાંચો વડે પક્ષીઓ, ગીધો, કાગડા તથા માંસાહારી, પશુઓ વગેરે ચારેય બાજુથી તોડી નાંખેલા અંગોવાળા દુરંત દુઃખથી પીડાવાળા દુષ્કર્મ કરનારા રડતા કેટલાકને જોયા. (૩૩-૩૪) ભયંકર વ્યાઘ્રો તથા ભયંકર સાતમુખવાળા સર્પોએ દંશ કરાયેલા અત્યંત પીડા પામતા કેટલાક પાપીઓને જોયા. (૩૫)

ઝેરના અગ્નિના ધૂમાડામાં યમદૂતોએ શેકેલા કેટલાક દુષ્ટોને તેમ જ બીજા ગીધો વગેરે એ તીક્ષ્ણ ચાંચો વડે ઉખેડી નાખ્યા છે. નેત્રો જેમનાં એવા બીજાઓને જોયા. (૩૬) કેટલાક પાપીઓની ચામડીને તેમના દેહથી ઉખેડીને દરજીની માફક સાંધતા ઉગ્ર સ્વભાવવાળા, યમદૂતોને જોયા. (૩૭) યમ ભટ્ટોએ કેટલાક પાપીજનોને શીલાનો વરસાદ વરસાવીને તેમ જ અગ્નિના વરસાદથી તથા કેટલાક પાપીઓને શસ્ત્રના વરસાદથી પીડા પમાડતા જોયા. (૩૮) યમદૂતોએ ખારા પાણીમાં રોકેલા

દુષ્ટ કર્મો કરનારાઓને કેટલાકને ઉનુ જળ રેડીને અત્યંત પિડા પમાડેલા જોયા. (૩૯) યમદૂતોએ કેટલાક પાપી જનોને કરવતોથી છેદવા માંડેલા અંગવાળા, તેમજ વિષ્ટા ચોપડેલા અંગોવાળા તથા વિષ્ટા ખાતા જોયા. (૪૦)

યમદૂતોએ કેટલાકને પાશથી બાંધેલા તથા મુદ્‌ગળથી તાડન કરાએલા, તથા કેટલાક પાપી જનોને તો સર્વ સાંધાઓ છેદી નંખેલા જોયા. (૪૧) યમના કિંકરોએ બળતા અંગારાની પથારીમાં સુવાડેલા કેટલાક પાપી જનોને પ્રદીપ્ત અગ્નિમાં બળેલા જોયા. (૪૨) યમદૂતોએ કેટલાક પાપીઓની ચામડી ઉખેડી લઈને વૃક્ષની ડાળખીઓમાં નીચે મુખ રાખીને બાંધેલા, કેટલાક પાપી જનોને અગ્નિની જ્વાલાઓથી બળેલા જોયા. (૪૩) યમદૂતોએ કેટલાક દુષ્ટોને મોટા હાથીઓ પાસે વિદારણ કરાએલા અંગોવાળા, કેટલાક પાપીઓના મુખ વગેરેમાં ખારું પાણી રેડીને પીડા પમાડેલા જોયા. (૪૪) યમદૂતોએ કેટલાકના મુખમાં અગ્નિથી તપાએલો લોઢાનો ગોળો નાંખીને પીડા પામેલા જોયા. (૪૫)

કેટલાક દુષ્ટ પુરુષોને વ્યાઘ્રોએ પીડા પમાડેલા, કેટલાકની પાડા વગેરે પ્રાણીઓએ તાડન કરાએલા જોયા. (૪૬) યમદૂતોએ અત્યંત તીખાં ભોજનો વડે કેટલાક પાપીઓને પીડા કરાએલા, ખારા કાદવમાં સુવડાવીને પીડા પમાડેલા, તે બ્રાહ્મણે જોયા. (૪૭) યમદૂતોએ વિવિધ પ્રકારના શસ્ત્ર અસ્ત્રોના શયનમાં સુવડાવીને તથા તપેલા લોઢાની શય્યામાં સુવડાવીને પીડા પમાડેલા કેટલાક પાપીઓને જોયા. (૪૮) અત્યંત ઉનું જલ પીવડાવવાથી પીડા પમાડેલા પાપીઓ તથા અગ્નિથી તપાયમાન પથ્થરોના ખાવાથી અત્યંત પીડા પામેલાને જોયા. (૪૯) અત્યંત ટાઢાં તથા અત્યંત ગરમ પાણી તથા કષાએલું પાણી યમોએ પીવડાવવાથી તેમજ સ્નાન કરાવવાથી પીડા પામેલાને જોયા. (૫૦)

યમપુરુષોએ આંખોમાં સોયા ઘાલીને તેમજ નખના સાંધાઓમાં સોયા ઘાલીને તેમજ ભાંગી નાખ્યા છે દાંત જેમના એવા પીડા પામેલા પાપી પુરુષો જોયા. (૫૧) યમદૂતોએ જીવતા કેટલાક પાપીઓના આંતરડા ઉખાડીને અત્યંત પીડા પમાડેલા તે બ્રાહ્મણે દયાથી આર્દ્ર બની જોયા. (૫૨) યમદૂતોએ લાંબા કાંટાની શય્યામાં સુવાડેલા કેટલાક જનો આર્તનાદો કરતા તથા રુદન કરતા પાપીજનોને જોયા. (૫૩) આ પ્રકારે હજાર વર્ષ સુધી પણ આ યમયાતનાનું દુઃખ કોઈ ક્યારેય કહેવાને માટે શક્તિમાન નથી. નાના પ્રકારની યમયાતનાને ભોગવતા દુષ્ટ પ્રાણીઓ તેણે જોયા. (૫૪)

હે રાજન્ ! પુણ્યશાળી પ્રાણીઓને યમપુરીની સમીપથી વિમાનોમાં બેસીને જતા જોયા. (૫૫) તે બ્રાહ્મણ આ પ્રકારે વિવિધ યાતનાઓ જોઈને, મનમાં ત્રાસ પામેલો, ચિત્રગુપ્તની સાથે ધર્મરાજાની મહાસભામાં આવ્યો. (૫૬)

ત્યાર બાદ તે બ્રાહ્મણ યમરાજાને નમસ્કાર કરીને, તેમજ યમે માન આપેલો ત્યાં બેઠો. ધર્મરાજાએ તેની વિવિધોપચારથી પૂજા કરી. (૫૭) પછી ધર્મરાજાએ કહ્યું 'તમો તત્કાળ જાવ. જો તમો જવામાં વિલંબ કરશો તો તમારો દેહ તમારા બંધુઓ તત્કાળ બાળી દેશે.' (૫૮) આ

પ્રમાણે યમરાજાએ આજ્ઞા કરી તેથી તે બ્રાહ્મણે યમપુરીનું દુઃખ જોવાથી કંપાયમાન, પુણ્યશાળી પુરુષોને તો અતિ રમણીય, યમરાજાને પ્રણામ કરીને પોતાના દેહમાં પ્રવેશ કર્યો. (૫૯)

આ પ્રમાણે શુકાનંદ મુનિની ઉદાર વાણી સાંભળીને, સાંભળવાને ઈચ્છતા, વિનયથી નમ્રતાવાળા અભયસિંહ રાજા હર્ષપૂર્વક અગાધ જ્ઞાનવાળા શુકાનંદમુનિને પૂછવા લાગ્યા. (૬૦)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યે શુકાનંદમુનિ અભયસિંહ સંવાદમાં બ્રાહ્મણે જોએલી નરકની યાતના નિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચિન આચાર્ય, વેદાંતતીર્થ, સાંખ્યયોગ વારિધિ શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત-તેનો બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩મો

અભયસિંહ રાજા કહે છે :- હે વિદ્વાન્ ! પોતાનો પુત્ર મરીને યમપુરીમાં ગયો ત્યારે તેના પિતાનું શું થયું ? એ વૃત્તાંત મને કહો. (૧)

આ પ્રમાણે જાણવા ઈચ્છતા તે રાજાએ પૂછ્યું તેથી શુકાનંદ મુનીન્દ્ર તે રાજાને હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૨)

શ્રી શુકાનંદ મુનિ કહે છે : હે રાજન્ ! અતિશય પ્રેમ મગ્ન થઈને સાંભળવા ઈચ્છતા તમોને હું તેના પિતાનું વૃત્તાંત કહું છું. તમો સ્વચ્છ મનથી તે સાંભળો. (૩)

હે રાજન્ ! પોતાના શાપથી પોતાનો પુત્ર દેહત્યાગ કરીને યમપુરીમાં ગયો. પરંતુ ક્રોધનો વેગ શાંત થયા પછી (૪) તે બ્રાહ્મણ પુત્રના વિયોગથી પીડાથી દુઃખી થએલો, નાશ પામી છે ધીરજ જેની એવા પુત્રને સંભારતો, તેમ જ અત્યંત વિલાપ કરતો, આવી રીતે બોલવા લાગ્યો. (૫)

અહો, ખેદની વાત છે કે મેં અન્યાય કર્યો. નિદિંત કર્મ આ કેવું કર્યું ? જે કર્મ કરવાથી મને નાશ ન પામે તેવી બ્રહ્મહત્યા થઈ. (૬) અહો ! શ્વાસ લેવા છતાં પણ હું મરેલો છું. મંદ બુદ્ધિવાળા મહાજનોએ નિંદિત વિવશ થઈને મરીને હું કયા લોકમાં જઈશ ? (૭)

અરેરે મારાજ શાપથી એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો. હવે હું કયો ઉપાય કરું ? વિદ્વાનોમાં ઉત્તમ કયા વિદ્વાનને પૂછું ? (૮) મારી અત્યંત વૃદ્ધાવસ્થા થઈ છે. તેમ જ મારું શરીર જીર્ણ થયું છે. તેથી અશક્ત એવો મારી સેવા કોણ કરશે ? (૯)

હે રાજન્ ! આ પ્રકારે અત્યંત શોકથી પીડા પામેલા બ્રાહ્મણે, પોતાના પુત્રને સંભારીને ઘણા દુઃખથી વિલાપ કરીને, સમગ્ર રાત્રિ વિતાવી. (૧૦) રાત્રિમાં શબને અગ્નિસંસ્કાર કરવાનો

નિષેધ હોવાથી તે બ્રાહ્મણ પ્રાતઃકાળમાં જ્યાં તેનો દાહ સંસ્કાર કરવા માટે તૈયાર થયો. (૧૧)

તેટલામાં હે રાજન્ ! યમપુરીથી આવેલા તેના પુત્રે પોતાના શરીરમાં પ્રવેશ કર્યો. તેથી તેનું શરીર હાલતું ચાલતું થયું. (૧૨) તેને જોઈને તેના પિતા વગેરે સર્વે બ્રાહ્મણો તો આશ્ચર્ય પામ્યા. આ મૃત્યુ પામીને પણ તત્કાળ જીવતો થયો એમ બોલ્યા. (૧૩) પછી તત્કાળ તેનો પુત્ર ઊઠીને બ્રાહ્મણોને અત્યંત વિસ્મય પમાડતો મહા આનંદવાળા પોતાના પિતાને આ પ્રમાણે હર્ષથી કહેવા લાગ્યો. (૧૪)

યમપુરીમાં પાપ કર્મ કરનારા પ્રાણીઓની દુઃસહ વિવિધ યાતનાઓ મેં જોઈ. તેથી હે પિતા ! હું અત્યંત કંપાયમાન થયો છું. (૧૫-૧૬) મુક્તિ આપનારો, પાપ તાપને નાશ કરનારો, હરિલીલાકલ્પતરુ નામનો ગ્રંથ મેં પાંચ દિવસ સાંભળ્યો હતો. (૧૭)

તેથી તેના પુણ્ય વડે જ ધર્મરાજાની પુરીમાંથી હું હે પિતા ! યાતનાઓથી મુક્ત થઈને, અહીં આવેલો છું. (૧૮) મહાબુદ્ધિશાળી ધર્મરાજાએ મને તમારા શાપથી મુક્ત કરીને, મારા ઉપર અનુગ્રહ કરીને આવું શુભ વચન કહ્યું. (૧૯)

પ્રત્યક્ષ ધર્મના પુત્ર શ્રીહરિની દિવ્યલીલારૂપી અમૃત રસવાળો ગ્રંથ પાંચ જ દિવસ સાંભળીને, તમો આપત્તિથી મૂકાએલા છો. (૨૦) તો સમગ્ર ગ્રંથ જે જનો સાંભળે તે જનો તત્કાળ સંસારથી મુક્ત થાય તેમાં આશ્ચર્ય શું ? માટે તમારે તે ગ્રંથ સાંભળવો. (૨૧)

ગ્રંથના શ્રવણથી નિશ્ચે ઈચ્છિત ભુક્તિ તથા મુક્તિ તમો પામશો. આવું યમરાજાનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થઈને હું અહીયા આવ્યો છું. (૨૨)

પોતાના પુત્રનું આવું વચન સાંભળીને, પ્રસન્ન મનવાળા તેના પિતાએ, મુક્તિ ઈચ્છતા પોતાના પુત્રને હર્ષપૂર્વક આવું વચન કહ્યું. (૨૩) હે પુત્ર ! પાપ કરનારા પ્રાણીઓનું યમરાજાની પુરીમાં અસહ્ય દુઃખ જે તમોએ કહ્યું, તે નિશ્ચયજ સત્ય છે. (૨૪)

શાસ્ત્રોમાં કહેલી યાતનાઓ પાપીજનોને ભોગવવાની છે. ગર્ભવાસથી ઉત્પન્ન થએલું દુઃખ અસહ્ય કહ્યું છે. (૨૫) વિષ્ટા મૂત્રાદિથી ભરેલા માતાના ઉદરમાં દશ માસ નિવાસ કરતા દેહધારીને અનંત ઘણું કષ્ટ થાય છે. (૨૬) માતાના ઉદરમાં પ્રાણી આંતરડાથી આવરણવાળો ને બહાર ઓરથી વીંટાયેલો હોય છે.

નીચા મુખવાળો, ડોક તથા પુષ્ટ ભાગથી ભાંગેલો એવો આકુળ વ્યાકુળ હોય છે. (૨૭) વિષ્ટા મૂત્રાદિથી યુક્ત તથા કીડાઓથી પૂર્ણ એવા ખાડામાં જ તે પરવશ થઈ ને સૂવે છે. શ્વાસ રોકાએલો હોવાથી ચેષ્ટાથી રહિત હોય છે. (૨૮)

માતાએ ખાધેલાં કડવાં, ખારા, તીખા, ઊનાં તથા ખાટાં પદાર્થોના સ્પર્શથી તે પ્રાણી બધા અંગોમાં અત્યંત વેદના પામે છે. (૨૯) તે પ્રાણી માતાના ઉદરમાં ક્યારેય પણ પોતાના અંગની

ચેષ્ટા કરવા માટે સમર્થ થતો નથી. મોહ પામીને પાંજરામાં પૂરેલા પક્ષીની માફક તે ત્યાં જ રહે છે. (૩૦)

તે પ્રાણી કોમળ હોવાથી, ભૂખ્યા જઠરના કૃમિઓએ ખાવા માંડેલ અંગોવાળા, વારંવાર દુઃખી થઈને મૂર્છા પામે છે. (૩૧) હંમેશા જઠરાગ્નિની મહા જ્વાલાથી બળતા શરીર વાળો નીકળવા માટે અસમર્થ હોવાથી તે ત્યાં માતાના રુધિરનું જ પાન કરે છે. (૩૨)

રાત્રિ દિવસ વિષ્ટાથી પરિપૂર્ણ ખાંણમાં વિષ્ટામાં થનારા કીડાઓ વિષ્ટામાં પડી રહે છે તેમ પોતાની માતાના ઉદરમાં દુઃખી થઈને રહે છે. (૩૩) તેથી ગર્ભમાં તો કુંભીપાક નામના નરકથી પણ અત્યંત દુઃસહ પીડા છે એમ જાણો. (૩૪)

હે પુત્ર સો વર્ષો સુધી કહીએ તો પણ તે બધું દુઃખ કહેવા માટે કોઈ સમર્થ નથી. તેથી મેં તમોને સંક્ષેપથી કહ્યું છે. (૩૫) આ પ્રકારે સ્વેદજ, જરાયુજ, અંડજ, ઉદ્‌ભિજ એ ચાર યોનિઓમાં પ્રાણધારીઓને કરોડો વાર ગર્ભવાસની પીડા થાય છે. (૩૬)

આધિ, વ્યાધિ, જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા વગેરેથી પીડાએલા પ્રાણીઓને આ સંસારમાં નાશ ન પામે તેવો ક્લેશ હોય છે. (૩૭) લોભ, કામાદિરૂપી અગ્નિની જ્વાળાઓથી બળેલા છે શરીર જેમનાં, માયા અને કામથી પીડા પામેલા જનોને ક્યાંય પણ સુખ નથી. (૩૮)

અત્યંત દુઃખથી પ્રાપ્ત થએલા કામ અને અર્થો વડો આધ્યાત્મિક, અધિભૌતિક અધિદૈવિક, તાપથી હંમેશા વારંવાર બળતા મનુષ્યોને શું સુખ છે ? (૩૯) શરદઋતુનાં વાદળાં તથા વીજળીની માફક ધન, આયુષ્ય અને યૌવન ચંચલ છે. ભોગ સમયમાં વિષયો રમણીય છે. અંતે મહાપીડા આપનારા છે. (૪૦)

ઈન્દ્ર વરણાનું ફળ માંહેલીકોર ઝેરવાળું પરંતુ ઉપરથી રમણીય હોય છે. તેમ વિષયો તેવા છે. ભોગવેલા વિષયો ઘણી પીડા કરનારા છે. (૪૧)

ઝાંઝવાના જળની માફક સંસૃતિના કારણભૂત શબ્દાદિ પંચ વિષયો, મોહ કરનારા છે અને ત્યાગ ન કરી શકાય તેવા છે. (૪૨) પ્રાણીઓને વારંવાર ન ત્યાગ થઈ શકે તેવું, જન્મનું દુઃખ છે. વૃદ્ધાવસ્થાની પીડા તથા મરણનો ક્લેશ અતિ દુઃસહ છે. (૪૩)

લોભ, કામાદિ રૂપી મગરમચ્છોવાળા તૃષ્ણારૂપ તરંગોથી વ્યાપ્ત થએલા દેહધારીઓને સંસારરૂપી અપાર સમુદ્રમાં મહાન કષ્ટ છે. (૪૪) તેથી દેવતાઓએ પણ પ્રાર્થના કરાયેલું મનુષ્ય દેહ જે વડે જેણે મુક્તિ સિદ્ધ કરી છે, તે મનુષ્યને વિદ્વાનોએ બુદ્ધિમાન કહેલો છે. (૪૫)

તેથી આપણે બંનેએ તત્કાળ આપણા કલ્યાણ માટે સ્વામિનારાયણના સાધુઓની પાસે જવું. (૪૬) ત્યાં જ પાપના સમુદાયને હરણ કરનાર; મુક્તિમાં કારણરૂપ, હરિલીલાકલ્પતરુ નામનો ગ્રંથ સંતોના મુખથી આપણે સાંભળીશું. (૪૭)

તેથી આપણા બંનેની તત્કાળ ઉત્તમ મુક્તિ નિશ્ચય થશે. પોતાના પુત્રને આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણ મોક્ષનું સાધન કરવામાં ઉદ્યમવાળો થયો. (૪૮)

પછી પોતાના પુત્રે સહિત પોતાના આશ્રમમાંથી નીકળીને બુદ્ધિમાન મોક્ષ સાધનમાં તત્પર બ્રાહ્મણ, વૃત્તાલયપુરમાં આવ્યો. (૪૯) ત્યારબાદ વસંતનો ઉત્સવ કરવા માટે આચાર્યશ્રી જૂનાગઢ ગયા છે એમ સાંભળીને, પુત્રની સાથે તત્કાળ અહીં આવ્યો. (૫૦)

પછી અહીં પુત્રે સહિત બ્રાહ્મણ સભામાં બેસીને એ હરિલીલાકલ્પતરુની કલ્યાણકારી કથા હું વાંચતો હતો, તે સાંભળીને; (૫૧) એ કથાના શ્રવણરૂપ મહાપુણ્યથી પોતાના પુત્ર સહિત દિવ્ય વિમાનમાં બેસીને તે ભગવાનના ધામમાં ગયો. (૫૨)

હે રાજન્ ! આ પ્રમાણે સાંભળવાની ઈચ્છાવાળા તમોએ મને જે પૂછ્યું તે, મેં જાણવાને ઈચ્છતા તમોને સ્પષ્ટ કહ્યું. (૫૩)

હે રાજન્ ! આવી રીતે આ શાસ્ત્રના શ્રવણમાં મોક્ષને આપવારૂપી મહાફળ છે. આ ગ્રંથ સાંભળતા પુરુષોને મુક્તિ દુર્લભ નથી જ. (૫૪)

આ ગ્રંથ કળીયુગના પાપ રૂપી જાળને હરનારો, તથા મોક્ષના એક સાધન રૂપ તથા આ લોકમાં શ્રીહરિની ભક્તિ વૃદ્ધિ કરનારો છે. આ લોકમાં પોતાના કલ્યાણમાં આસક્ત થયેલા સંતો તથા જનો તે આ ગ્રંથનું રાત્રિ દિવસ ભક્તિપૂર્વક સારી રીતે પાન કરો. (શ્રવણ કરો.) (૫૫)

અસાર સંસારમાં વિવિધ પ્રકારના પરિતાપથી મુંઝાએલી બુદ્ધિવાળા જનોને આ ગ્રંથ નિશ્ચય અમૃતના સમુદ્ર સમાન છે કેમકે ભગવાનની લીલાથી ભરપૂર છે, અને વિષયના ઝેરરૂપ જે તીવ્ર દુઃખ તેને શમાવનારો છે. માટે પોતાનું કલ્યાણ ઈચ્છનારા જનોએ તેનું સેવન કરવા યોગ્ય છે. (૫૬)

એ શાસ્ત્ર કેવું છે, તો સંસારના ભયને હરનારું છે. દ્વાદશ સ્કંધવાળું પરમ પુણ્યકારી અને મનોહર છે. વળી આ શાસ્ત્રથી બીજી કોઈ પણ વસ્તુ વિશેષ નથી, તેથી હે રાજન્ ! મનુષ્યોએ પોતાની શાંતિ માટે આ લોકમાં અવશ્ય આ શાસ્ત્રનું પાન કરવું. (૫૭)

આ લોકમાં જે મનુષ્ય હરિલીલાકલ્પતરુ ગ્રંથની કથા કહેશે અથવા ભક્તિથી તેનું શ્રવણ કરશે, તે તત્કાળ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી સર્વે અર્થોની સિદ્ધિ તેમજ પરમ શાંતિને પામશે અને તેના ઉપર ધર્મના પુત્ર શ્રીહરિ અતિ સંતુષ્ટ થશે. (૫૮)

ઈતિ શ્રીહરિલીલાકલ્પતરુ માહાત્મ્યમાં શુકાનંદમુનિ અભયસિંહ સંવાદમાં બ્રાહ્મણે પોતાનું વૃત્તાંત કહ્યું તથા સાંભળવાનું માહાત્મ્ય તે નિરૂપણનું ગુજરાતી ભાષાંતર-પ્રાચિન આચાર્ય, વેદાંત તીર્થ, સાંખ્ય યોગ વારિધિ પંડિત શ્રી શ્વેતવૈકુંઠદાસજી રચિત-તેનો તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! સાંભળવાની ઈચ્છાએ યુક્ત મનવાળા તમોને મેં એ ગ્રંથનું પાવનકારી માહાત્મ્ય સ્પષ્ટ રીતે કહ્યું. (૧) મનુષ્યોએ પ્રથમ આ ઉત્તમ ગ્રંથનું માહાત્મ્ય સાંભળીને, આદરપૂર્વક હરિલીલાકલ્પતરુ નામનો ગ્રંથ સાંભળવો. (૨)

તે અભયસિંહ રાજા શુકાનંદમુનિનું આવું વચન સાંભળીને, પરમ આનંદ પામ્યા. તેમજ સભામાં બેઠેલા જનો પણ મહા આનંદ પામ્યા. (૩)

પછી જૂનાગઢમાં મહા બુદ્ધિશાળી આચાર્યેન્દ્ર શ્રી રઘુવીરજી મહારાજે, ભક્તોને આનંદ આપતા ફુલદોલનો મહોત્સવ કર્યો. (૪) પછી અભયસિંહ વગેરે રાજાઓ તથા બીજા ભક્તોએ તેમની સુંદર વસ્ત્રો તથા અલંકારાદિ ઉપચારોથી પૂજા કરી. (૫)

પછી તેમણે આજ્ઞા આપેલા ભક્તો તેમને અભિવંદના કરીને મુખ્ય મુનિઓની તથા રાધારમણ આદિક દેવોને વંદના કરી, પોત પોતાના ગામમાં જવા માટે પ્રયાણ કર્યું. તે કથા તથા મહોત્સવની પ્રશંસા કરતા માર્ગમાં ચાલતા પોતપોતાના સ્થાને પહોંચ્યા. (૬-૭)

પછી મંદિરમાં નિવાસ કરવા ગુણાતીતાનંદ મુખ્ય છે એવા સમગ્ર ત્યાગીઓ તથા પુરના સમગ્ર ભક્તોએ વળાએલા, ઘોડા ઉપર બેઠેલા, આચાર્યેન્દ્ર રઘુવીરજી મહારાજ, વાહનો ઉપર બેઠેલા પોતાના બંધુઓની સાથે તેમજ મુનિઓની સાથે વૃત્તાલય નામના પુરમાં આવ્યા. (૮-૯)

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથનું આશ્ચર્યજનક માહાત્મ્ય શુકાનંદમુનિના મુખથી જેવું સભામાં મેં પવિત્રાનંદમુનિએ, સારી રીતે સાંભળ્યું છે તે પ્રમાણે મારી બુદ્ધિ પ્રમાણે તે ગ્રંથના માહાત્મ્યનો ગ્રંથ મેં રચ્યો છે. (૧૦-૧૧)

આ લોકમાં જે જન આ હરિલીલાકલ્પતરુ ગ્રંથ માહાત્મ્ય ભક્તિપૂર્વક કહેશે અથવા સાંભળશે તે પુરુષો હરિલીલાકલ્પતરુનું શ્રવણજન્ય ફળ પામશે. (૧૨)

તે પુરુષો શ્રીહરિની પ્રસન્નતાથી પોતે ઈચ્છેલું સુખ પામશે. તેવી રીતે શ્રીહરિની નિશ્ચય પરમૈકાંતિક ભક્તિ પણ પામશે. (૧૩)

અનંત સૂર્ય સમાન તેજોમય, શોભાયમાન, પોતાના બ્રહ્મપુર પરમ ધામમાં જે દિવ્ય અવયવોની આકૃતિવાળા, કલ્યાણકારી ગુણાદિના સમુદ્ર વિરાજમાન છે અક્ષર નામના મુક્તોએ અત્યંત હર્ષપૂર્વક સેવ્યા છે ચરણ કમળ જેમના એવા ધર્મનંદન સહજાનંદ શ્રીહરિને હું વંદના કરું છું. (૧૪)

શોભાયમાન ઘાટા મેઘની કાંતિ સમાન શરીરવાળા કરોડો કામદેવને લજ્જા પમાડનારા, શોભાયમાન સૂક્ષ્મ ધોળાં ઘાટાં વસ્ત્ર ધારણ કરનાર, શ્રેષ્ઠ પુષ્પોના હાર તથા ઘણા તોરાઓ ધારણ

કરનાર, મુખની કાંતિથી કરોડો ચંદ્રમાને લજ્જા પમાડનારા, ભૂષણોને પણ ભૂષિત કરનારા અંગોવાળા, અનુપમ શ્રી સ્વામિનારાયણનું હું ધ્યાન કરું છું. (૧૫)

હંમેશા આદરપૂર્વક અક્ષરમુક્તોએ ચિંતવન કરાએલા છે ચરણો જેમના એવા, રમણીય, ધર્મના પુત્ર, અવતારી શ્રીહરિ પરમાત્મા મારા હૃદયમાં નિવાસ કરો. (૧૬)

આ પૃથ્વીતળમાં પોતાના આશ્રિત સમગ્ર જનોનું રક્ષણ કરનારા, નર નાટક ધારણ કરનારા, સુંદર વિહાર કરનારા, સંસારનું હરણ કરનારા, ધર્મનંદન શ્રીહરિ, મારી ઉપર પ્રસન્ન થાઓ. (૧૭)

તમારા ચરણકમળમાં પ્રીતિવાળા માનસરૂપી ભ્રમર જેવા, સર્વ આચાર્યોમાં શ્રેષ્ઠ, રઘુવીરજી મહારાજ મારા ઉપર પ્રસન્ન થાઓ. એવી રીતે સમગ્ર સંતો મારા ઉપર પ્રસન્ન થાઓ તથા હરિભક્તો પણ મારા ઉપર પ્રીતિવાળા થાઓ. આવી રીતે હું પવિત્રાનંદમુનિ સ્તુતિ કરું છું. (૧૮)


ઈતિ શ્રી સદ્‌ગુરુ પવિત્રાનંદ મુનિ વિરચિત શ્રીહરિલીલાતલ્પતરુ માહાત્મ્યે શુકાનંદ અભયસિંહ સંવાદમાં શ્રીમદ્ રઘુવીરાચાર્યનું જૂનાગઢ થકી પુનઃ વૃત્તાલયાગમન નિરૂપણ અને તેનું પ્રાચીન ન્યાયાચાર્ય વેદાંતતીર્થ સાંખ્યયોગવારિધિ પંડિત શ્રીશ્વેતવૈકુંઠદાસજી વિરચિત ગુજરાતી ભાષાંતરનો ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)

ઇતિ શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્ય સંપૂર્ણ



શ્રી હરિકૃષ્ણ પરમાત્મને નમઃ

॥ શ્રી હરિલીલાકલ્પતરુઃ ॥



અધ્યાય ૧ લો

શ્રી ભક્તિધર્માત્મજાય પ્રત્યક્ષપુરુષોત્તમાય શ્રી હરિકૃષ્ણાય નમઃ । શ્રી ભક્તિ ધર્મના પુત્ર પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી હરિકૃષ્ણ મહારાજને આદરપૂર્વક નમસ્કાર કરીને આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, સારી રીતે રચવા ઈચ્છતા શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથની નિર્વિઘ્ને પરિસમાપ્તિ માટે, શિષ્ટાચારના નિયમ પ્રમાણે, પોતાના ઈષ્ટદેવના નમસ્કારરૂપ મંગલાચરણ આ ગ્રંથના આદિમાં ગ્રથન કરતા કહે છે :-

અનેક પ્રકારની અલૌકિક શોભાએ યુક્ત, અલૌકિક દિવ્ય અવિનાશી સુખનો સમુદાય જેમાં છે એવા, પ્રધાન પ્રકૃતિ તથા મૂળ પ્રકૃતિ તથા મૂળ પ્રકૃતિથી પર અક્ષરધામમાં દિવ્ય કર, ચરણ, ઉધર વગેરે અવયવોવાળા, સર્વથા પર અક્ષરબ્રહ્મ તેનાથી પણ સ્વરૂપ સ્વાભાવાદિથી અત્યંત વિલક્ષણ, અક્ષરાદિ થકી અતિ અધિક શોભાયમાન સ્વરૂપ જેમનું છે, અક્ષરધામના મુક્તોએ સેવ્યા છે ચરણકમળ જેમના એવા, સૌન્દર્યના સમુદ્રરૂપ, સર્વેશ, પોતાના સર્વોત્કૃષ્ટ સ્વરૂપથી જ સહજ સ્વાભાવિક આનંદવાળા, મારા પિતા શ્રી હરિને, આનંદથી સર્વદા મન, વાણી અને શરીરથી હું અભિવાદન કરું છું. (૧)

મત્સ્યરૂપથી હયગ્રીવાસુરને હણીને બ્રહ્માને વેદ આપનારા, વેદોનું એ રીતે રક્ષણ કરનારા, સમગ્ર પર્વતોમાં સર્વશ્રેષ્ઠ ઈન્દ્ર જેવા મંદરાચલ પર્વત તેને કૂર્મરૂપથી પોતાના પૃષ્ઠ ભાગમાં ધારણ કરનારા, પ્રલયકાળમાં જળમાં ડૂબેલી પૃથ્વીને વરાહરૂપ ધારણ કરીને પોતાની દાઢથી ઉંચકીને જળ ઉપર મૂકનારા, નૃસિંહરૂપ ધારણ કરીને હિરણ્યકશિપુ નામના દૈત્યને હણનારા, વામનરૂપથી બલીરાજાનું સર્વસ્વ અપહરણ કરનારા, આ ભારતવર્ષમાં ક્ષત્રિયોના વંશને વારંવાર પરશુરામરૂપથી નાશ કરનારા, દશરથના પુત્ર રામરૂપે રાવણને હણનારા, શ્રીકૃષ્ણરૂપે હંસને હણનારા, બુદ્ધરૂપે કારુણ્યને વિસ્તારનારા, કલ્કિરૂપે મ્લેચ્છોના સમુદાયોને છેદનારા, એવી રીતના જે દશાવતારો, મત્સ્ય-કચ્છ-વરાહ-નૃસિંહ-વામન-પરશુરામ-રામચંદ્ર કૃષ્ણ-બુદ્ધ-

કલ્કિ, તથા યજ્ઞ-ઋષભ-કપિલ-દત્ત વગેરે અનંત અવતારોના કારણ સ્વામિનારાયણ નામથી જગતપ્રસિદ્ધ શ્રીહરિ, મારા હૃદયમાં નિવાસ કરો. (૨)

દેવતાઓના નિયંતા બ્રહ્માદિક તેમના કોટી કોટી મુગટો જેમના ચરણકમળમાં પ્રણિપાત કરે છે. ત્યાં સ્થિર થઈને આસન કરે છે એવા કરુણાસાગર, પવિત્ર, સત્ય, શૌચિદિક ગુણરૂપી મણિઓની પંક્તિની શોભાવાળા, પુરુષ, કાલ, માયા આદિના પણ કારણ, અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની રચના રૂપી લીલાવાળા, સત્પુરુષોના ભૂષણરૂપ, શ્રીધર્મપુત્ર પુરુષોત્તમ શ્રીસહજાનંદ શ્રીહરિને હું ભજું છું. (૩)

કાલ, માયા અને અક્ષરાદિથી પણ ન નિવારણ થઈ શકે એવું ઐશ્વર્ય-વીર્ય-બલ જેમનું છે એવા, અત્યંત સ્થિર, નિરવધિકાતિશય, સર્વોત્તમ, આનંદઘન મૂર્તિવાળા, બ્રહ્મભાવને પામેલાઓને પણ હંમેશા સ્મરણીય-જેમના શરણ માત્રથી કાલ-માયાનો ભય નાશ પામે છે, કામદેવના ગર્વને હરનારા, નાથેલા બળદો જેમ ખેડૂતને આધીન રહે છે. તેમ કાલ-માયા વગેરે ભયે સહિત જે સહજાનંદ ભગવાનને વશ વર્તે છે, આ તેમજ સમગ્ર દોષો જેમને ક્યારે પણ સ્પર્શ કરી શક્યા નથી, એવા શ્રી સહજાનંદ સ્વામી આ લોકમાં સર્વોત્કર્ષપણે વર્તે છે. (૪)

રાતા કમળના પાંદડાની માફક સુંદર નેત્રોવાળા, સ્વાભાવિક રમણીય આકૃતિવાળા, મોગરાની કળીઓ જેવા ઉજ્જવળ શોભતા દંતોથી કમનીય મુખવાળા, નૂતન પલ્લવોની શોભાને પરાભવ પમાડે એવા ઓષ્ઠવાળા, અતિપ્રિય ધર્મપુત્ર શ્રીહરિ ભગવાનને હું પ્રતિદિન મન, વાણી અને શરીર વડે નમસ્કાર કરું છું. (૫)

સત્ય, શૌચ, નિર્દોષતા અપાર કારુણ્ય, વાત્સલ્ય એ આદિ ગુણોરૂપી મણિગણોના ભૂષણ સ્વરૂપ, સનાતન-ધર્મકુળરૂપી કુમુદવનના એક ચંદ્રમા, કલિયુગના પાપોને હરનારા, પોતાના ભક્તોની પીડાને હરનારા, અક્ષરબ્રહ્માદિકના નિયંતા શ્રીહરિ, મારું સમગ્ર મંગળ વિસ્તારો. (૬)

જેની કરુણાથી મૂંગા માણસ વાણી બોલવામાં નિપુણ બને છે, પાંગળા માણસ પણ તત્કાળ મોટાં પર્વત ઉલ્લંઘન કરી શકે છે, જેની કૃપાથી સાધારણ મનુષ્ય બ્રહ્માદી દેવતાઓને દુર્લભ એવી દિવ્ય પદવી પામે છે, તે અક્ષર પુરુષાદિ મુક્તોના નિયંતા તથા સકલ કર્મોના ફળપ્રદાતા ધર્મપુત્ર શ્રી સ્વામિનારાયણ મને આ ગ્રંથ રચવા માટે અનુરૂપ બુદ્ધિ આપો. (૭)

આ લોકના મનુષ્યો જેના શ્રેષ્ઠ આશ્રયથી પોતાના દૂષિત સ્વભાવનો ત્યાગ કરીને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ ધર્મોના અંગો સહિત શ્રીહરિકૃષ્ણ ભગવાનની ભક્તિ સર્વદા કરે છે, એવા ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી હરિકૃષ્ણના દિવ્ય મનુષ્ય ચરિત્રો જે સમગ્ર આપત્તિઓને નાશ કરનારાં છે, તે ચરિત્રોનું વર્ણન કરવા માટે મારો સર્વ પ્રમાદ હરો. (૮)

યમ, નિયમ આદિ સાધનોથી અષ્ટાંગ યોગ સિદ્ધ કરનારા યોગિઓને પણ જે અતિશય દુર્લભ

સમાધિ સ્થિતિ છે, તે સમાધિ સ્થિતિ જેના કેવળ દર્શન માત્રથી જ કરોડો પ્રાણીઓ પામે છે, જેના આશ્રય માત્રથી જ કરોડો ભક્તજનો અક્ષરધામને પામ્યા છે, તે શ્રી સ્વામિનારાયણ ભગવાન મેં આરંભ કરેલા આ ગ્રંથ વિધાનમાં વિઘ્નોનો નાશ કરો. (૯)

શ્રી હરિકૃષ્ણ ભગવાનની લીલા રૂપી કલ્પતરુ (કલ્પતરુ જેમ પોતાની સમીપમાં રહેલા જનોને સંકલ્પ પ્રમાણે ઇચ્છિત પદાર્થો આપે છે, તેમ આ કલ્પતરુ ગ્રંથના શ્રવણ કરવાથી મુમુક્ષુ જનોને અનેક પ્રકારની શ્રીહરિની લીલાનું જ્ઞાન થાય છે.) નામનો આ અત્યંત શ્રેષ્ઠ ગ્રંથ, મારી બુદ્ધિ અનુસારે શ્રીહરિની અત્યંત પ્રીતિ માટે, તથા આ લોકમાં શ્રીહરિના ચરણકમળમાં અતિ આસક્તિવાળા એકાંતિક ભક્તોના અતિશય આનંદ માટે હું રચું છું. (૧૦)

હે ભક્તિરસના સ્વાદમાં વિચક્ષણ જનો ! જો શ્રી હરિમાં સર્વ પ્રકારે પ્રેમ પામવાની ઇચ્છા હોય, જો સંસારરૂપી સમુદ્રની પાર જવાની ઇચ્છા હોય, તો સર્વ પ્રકારે સુખ ઉત્પન્ન કરનારું શ્રવણ અને કીર્તન છે જેનું, એવા આ મેં રચેલા ગ્રંથને સાંભળો. (૧૧)

શ્રવણ તથા વર્ણન કરનાર મનુષ્યોના સમગ્ર પાપ સમુદાયનો નાશ કરનાર, આત્યંતિકી મુક્તિમાં કારણરૂપ આ હરિલીલાકલ્પતરુ ગ્રંથ આ લોકમાં પોતાના હિતમાં ઉદ્યમ કરવાવાળો કયો પુરુષ ન સાંભળે? અર્થાત્ સાંભળેજ. (૧૨)

સકલ અવતારોને ધારણ કરનારા અથવા ધર્મની સ્થિતિને માટે પોતાના ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય વગેરેથી મુક્તોને પૃથ્વી ઉપર અવતાર ધારણ કરાવવાના સ્વભાવવાળા, તેથી જ સ્વભાવ સિદ્ધ અતિશ્રેષ્ઠ, જન્મ મરણરૂપ સંસૃતિનો નાશ કરનારા, ધર્મપુત્ર શ્રીહરિના અમૃતમય રસથી ભરપૂર, દિવ્ય તથા મનુષ્ય ચરિત્રોથી પરિપૂર્ણ, આ ગ્રંથ સાંભળનાર મનુષ્યોનો જન્મ સફલ થાય છે. (૧૩)

આ ગ્રંથના એકવાર શ્રવણ માત્રથી કામરૂપી દાવાનલથી અત્યંત બળતું પ્રાણીઓનું મન, જેમ અરણ્યના વહ્નિથી તપાયમાન હાથી નદીના ધરાને પામીને અત્યંત સુખ પામે છે તેમ, શાંત થાય છે. (૧૪)

આ ભરતખંડમાં દેવોએ ઇચ્છેલું મનુષ્ય શરીર, તેને પામીને પણ જે મનુષ્યે આ ગ્રંથ ક્યારેય નથી સાંભળ્યો, તે મનુષ્યે દુષ્પ્રાપ્ય પણ ચિંતામણિસમાન આ દેહને તત્કાળ મહાન ઊંડા કૂવાના જલમાંજ નાખ્યો છે. (૧૫)

શ્રી હરિના ચરમકમળનાં ચિંતનમાં પ્રેમેયુક્ત મુનિજનોએ અત્યંત સાંભળવા યોગ્ય આ ગ્રંથને, જે મનુષ્ય નથી. સાંભળતો, તે કેવળ ધમણ સમાન જ શ્વાસ લે છે એમ જ્ઞાની પુરુષોએ માનેલું છે. (૧૬)

આ ગ્રંથને જે આદરપૂર્વક સાંભળે છે તથા તેનો પાઠ કરે છે તથા તેના અર્થનું સ્મરણ કરે છે, તે મનુષ્યોની અજ્ઞાનરૂપી જડતાનો, પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપ જ્ઞાનથી, નાશ થાય છે, સર્વ પ્રકારની પીડા પણ નાશ પામે છે તથા મન પવિત્ર થાય છે, સર્વ અભીષ્ટ ફળ પામે છે અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ પણ મેળવે છે. માટે ભગવાનના સાકારસ્વરૂપનું પ્રતિપાદન કરનાર, વેદાદિ સમગ્ર ગ્રંથોમાં

અતિશ્રેષ્ઠ, આ ગ્રંથ અતિશય સર્વોપરી છે. (૧૭)

સાક્ષાત્ ભગવાનના નિવાસથી સર્વ દેશોમાં શ્રેષ્ઠ પશ્ચિમ પંચાલ દેશમાં પ્રસિદ્ધ અને મનોહર, સ્વર્ગની સમગ્ર શોભાનો પણ જેણે તિરસ્કાર કર્યો છે, તેવું સકલ નગરોમાં શ્રેષ્ઠ દુર્ગપત્તન નામનું નગર છે. (૧૮)

જેમાં સમગ્ર જગતોના આધારરૂપ, પોતાના ભક્તજનોની પીડાને હરનારા, નટ જેમ વેષાન્તર ધારણ કરે છે, તેમ મનુષ્યભાવ ધારણ કરનારા ભગવાન સમગ્ર જીવાત્માઓના અંતર્યામી હોવાથી સર્વના સાક્ષી, મહાકીર્તિવાળા પરમાત્મા અવતારી ધર્મપુત્ર, સર્વનિયંતા હરિકૃષ્ણ ભગવાને દુર્ગપત્તનમાં નિવાસ કર્યો, તેવું દુર્ગપત્તન છે. (૧૯)

ઇન્દ્રિયોના નિયંતા, અતિશય બુદ્ધિમાન, યશસ્વી, નારાયણ પ્રત્યેની એકાંતિક ભક્તિમાં અંબરીષ રાજાથી પણ અતિ શ્રેષ્ઠ, ઉત્તમસિંહ તે દુર્ગપત્તનના નરેશ હતા. (૨૦)

આ ઉત્તમ રાજાના દરબાર સમીપે શુદ્ધ સુવર્ણમય, સૂર્યકિરણોના સંબંધથી ચળકતા સુવર્ણ કળશો વડે અતિ મનોહર દેખાતું, ચતુર શિલ્પિઓની અદ્ભુત કલા દર્શાવતું સુંદર વિમાન જેવું અતિ ઊંચું, વિશાળ અને વિવિધ પ્રકારનાં ચિત્રોથી શોભતું, શ્રી ગોપીનાથ ભગવાનના અર્ચાવતાર સ્વરૂપનું, ત્રણ શીખરવાળું અતિ મનોહર મંદિર છે. (૨૧)

તે મંદિરની પશ્ચિમ દિશામાં સાધુઓને રહેવા માટે ત્રણ માળની વિશાળ ધર્મશાળા છે. એક સમયે તે ધર્મશાળામાં મુનિઓની તથા સત્સંગીઓની સભા થઈ. (૨૨)

આ સભામાં ઊંચા સિંહાસનમાં હું (શ્રી રઘુવીર આચાર્ય) બેઠો હતો. વળી મુનિઓ પણ જેમ ઘટે તેમ બેઠા હતા. તેમજ ઉત્તમ રાજા તથા પુરના નિવાસી હરિભક્તો પણ યથોચિત બેઠા હતા. (૨૩)

સંસારનું દુઃખ હરનારી શ્રીહરિની સુંદર કથા સાંભળવામાં આસક્ત અને પ્રત્યક્ષ શ્રીહરિની એકાંતિક ભાવથી ઉપાસના કરનારા, અને તેથી જ સત્સંગી સંજ્ઞાથી પ્રસિદ્ધ થએલા હરિભક્તો, દેશાંતરથી શ્રીહરિના દર્શન માટે આવ્યા હતા, તે પણ આ સભામાં પોતાની યોગ્યતા પ્રમાણે બેઠા હતા. (૨૪)

પ્રતિભાશાળી પુરુષોમાં શ્રેષ્ઠ, દૃઢ ધર્મનિષ્ઠ, સત્પુરુષોએ સ્પૃહા કરવા યોગ્ય સ્વભાવવાળા શ્રી નિત્યાનનંદ મુનિ તે સભામાં તે સમયે કથા કરવા પધાર્યા. (૨૫)

હવે ૧૪ શ્લોકથી નિત્યાનંદ મુનિનું વર્ણન કરે છે :-

ચાર વેદ તથા છ શાસ્ત્રનું રહસ્ય યથાર્થ જાણનારા, તીવ્ર વૈરાગ્યવાન, સર્વ દોષથી રહિત, સદા પરોપકાર કરનારા, પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને ઓળખાવવામાં અતિ પ્રવિણ, શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિના ધ્યાનથી પરિપૂર્ણ આનંદ પામેલા, સદા અંતર્દૃષ્ટિએ યુક્ત, રસયુક્ત, સ્પષ્ટ વક્તા, શ્રી હરિની લીલાનું ગાન કરવામાં આસક્ત; જેમણે અત્યંત પ્રીતિયુક્ત ભક્તિથી શ્રીહરિને વશ કર્યા છે, વળી ધીરગંભીર સમુદ્ર પણ જેના ધૈર્ય અને ગાંભીર્યથી લજ્જા પામ્યો છે અને પૃથ્વી પણ જેના ક્ષાંતિરૂપ

ગુણથી લજ્જા પામી છે; સૂર્ય સમાન જ્ઞાન પ્રકાશથી જેમણે કૌલ, નાસ્તિક વગેરે દુષ્ટ મતના અજ્ઞાનરૂપી મહા અંધકારનો નાશ કર્યો છે, વળી અજેયવાદીઓનો પરાજય કરનાર, પોતાના જ્ઞાન અને ઉપદેશથી વિદ્વાનોને આશ્ચર્ય પમાડનારા, બુદ્ધિયુક્ત શાસ્ત્રીય વાણીવાળા, પંડિતો જેમની કીર્તિનું સદાગાન કરે છે; સિંહના ભયથી જેમ મૃગલાઓ ત્રાસ પામી નાસી જાય છે તેમ, જેમના વિવિધ પ્રકારના શાસ્ત્રના વિધાનોથી વાદીઓના સમૂહે ત્રાસ પામી તેમના નામના સ્મરણથી જ પરાભવના ભયથી, સભામાં આવવાનું જ બંધ કર્યું છે...(૨૬-૩૦)

જેની ગુણ સંપત્તિથી મનુષ્યો આશ્ચર્ય પામે છે, જેમના પુણ્ય દર્શનથી શાંતિ અને આનંદ પામે છે, જેમનું સ્વરૂપ (ભક્તિભાવનો આદર્શ) દેવતાઓને પણ સદા ઈપ્સીત રહે છે, જે રમણીય પંચવિષયમાં સદા અનાસક્ત છે; અને જનકલ્યાણના કાર્યમાં સદા આસક્ત છે, કામ્ય કર્મમાં પ્રમાદ રહિત છે, જન સમુદાયના જે મિત્ર છે, શરણે આવેલાને સુખ આપનારા, વાત્સલ્યના સમુદ્ર, ગુણના પરીક્ષક, દરરોજ તુલસીની માળા વડે નિયમપૂર્વક સર્વ અવતારોના કારણ ભક્તિ ધર્મના પુત્ર શ્રી હરિનું સ્મરણ કરતા, તેમ જ શ્રી હરિની નિષ્કપટ ભાવથી અનુવૃત્તિ સાચવી પ્રસન્ન કરતા અને તેમની સેવામાંજ સદા રત રહેતા; ચંદ્ર, ચંદન વૃક્ષ અને મેઘ આ લોકમાં સર્વ શરીરધારીઓને શાંતિ પમાડે છે, તે પ્રમાણે પોતાના શરણે આવેલા ભક્તોના કામાદિ પરિતાપનો નાશ કરી, તેમને અખંડ શાંતિ પમાડનારા શ્રી નિત્યાનંદમુનિને, અક્ષરબ્રહ્મના સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિથી પર, શ્રી હરિના દિવ્ય સ્વરૂપમાં, જેમ ચકોર પક્ષીને ચંદ્રમા અતિશય પ્રીતિ છે, મયૂરને મેઘમાં પ્રીતિ છે અને મીનને જળમાં પ્રીતિ છે, તેવી અભૂતપૂર્વ પ્રીતિ હતી. (૩૧-૩૫)

શ્રીહરિના અનુગ્રહથી જ પ્રાપ્ત કરી શકાય પરંતુ સાધનોથી અતિશય દુષ્પ્રાપ્ય ત્રિવિધ તાપથી શાંત પમાડનારા, પવિત્ર કરનારા, કૃપાળુતા વગેરે સાચા સંતના ગુણોથી શોભાયમાન, જેના સૌશિલ્ય આદિ ગુણોથી અતિ પ્રસન્ન થએલા, ઈશ્વરોના પણ ઈશ્વર શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાની પ્રસાદિરૂપ વિવિધ પ્રકારનાં વસ્ત્રો, પુષ્પની અનેક પ્રકારની માળાઓ તથા ભોજ્ય પદાર્થો વગેરે હર્ષપૂર્વક નિત્યાનંદમુનિને આપતા હતા; વળી તે મુનિ સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિ વિના ક્યારેય પણ યોગની સિદ્ધિઓને તથા મનુષ્યોને દુર્લભ સાલોક્યાદિ ચતુર્ધા મુક્તિ, તેમજ અતિ મહાન કૈવલ્યસુખને પણ ઈચ્છતા ન હતા; જે નિત્યાનંદમુનિ પોતાનો નિત્ય વિધિ કરીને મુનિમંડળમાં સુખપૂર્વક હંમેશા બેસીને, ધર્મના પુત્ર સર્વોપરી શ્રીહરિના સર્વકારણના કારણ તથા સર્વોપરી સ્વરૂપનું રહસ્ય સમજાવતાં ત્યાં આવેલા મુનિઓને સદા સુખ આપતા હતા. (૩૬-૩૯)

સર્વથી પર અક્ષર અને તેથી પણ સ્વરૂપ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિથી વિલક્ષણ પ્રત્યક્ષ શ્રી હરિકૃષ્ણ ભગવાનનો મહિમા (અક્ષરના પણ નિયંતા એવો ઉત્કૃષ્ટ મહિમા) નિઃસંશય, યથાર્થ શ્રી હરિના અનુગ્રહથી જેણે જાણ્યો છે, તેમજ તે સ્વરૂપનું અગાધ જ્ઞાન જેમને પ્રાપ્ત થયું છે; વળી અતિદૃઢ ધીરજ, મૃદુ સ્વભાવ અને સૌમ્ય આકૃતિવાળા જીતેંદ્રિય ઉત્તમ રાજા, મુનીંદ્ર નિત્યાનંદજીને શ્રેષ્ઠ વ્યાસાસન ઉપર બેસારીને કુંકુમ,

ચંદન તથા પુષ્પહારોથી તેમનું તથા સત્સંગિજીવનના ગ્રંથનું પૂજન કરીને તે સભામાં બેઠેલા મુનિઓ તથા ભક્તોને સ્નેહથી નમસ્કાર કરીને નિત્યાનંદ મુનિની પાસે યોગ્ય આસન ઉપર બેઠા. (૪૦-૪૧)

શ્રી હરિની મૂર્તિની સ્મૃતિથી જ, પ્રેમથી જેમના ગાત્ર રોમાંચિત થયા છે, તે નિત્યાનંદ મુનિ સજ્જનોએ પૂજ્ય સુંદર શરીરવાળા, પોતાના અભીષ્ટ દેવ શ્રી હરિકૃષ્ણ ભગવાનનું ચિંતવન સુંદર મંગલાચરણ શ્લોકથી કરીને, સત્સંગિજીવનના ગ્રંથની કથાનો આરંભ કરતા હતા. (૪૨)

આ રીતે શરૂ થયેલી સત્સંગિજીવનની કથાની ત્રણ માસ પછી પૂર્ણાહુતી થઈ. પૂર્ણાહુતિ પ્રસંગે ઉત્તમ રાજાએ કથાના વક્તા શ્રી નિત્યાનંદ મુનિનું શ્વેતવસ્ત્રો, કુંકુમ, ચંદન તથા પુષ્પહારોથી પૂજન કર્યું. (૪૩) તે દિવસે ઉત્તમ રાજાએ કથા પ્રસંગે પધારેલા સર્વ ત્યાગીઓ તથા દેશાંતરથી આવેલા ગૃહસ્થ હરિભક્તો તથા પુરવાસી ભક્તોને દળેલી સાકર તથા સુંદર ઘી અને ગોળથી સ્વાદિષ્ટ લાડુ, જલેબી વગેરે અનેક પ્રકારનાં ભોજનોથી તૃપ્ત કર્યા. (૪૪)

પછી તે સત્સંગીઓ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી પોત પોતાના દેશમાં જવા લાગ્યા. સાધુઓના મંડળો પણ જનકલ્યાણ માટે જુદા જુદા દેશ તરફ જવા લાગ્યા. તે સંતોમાં અત્યંત બુદ્ધિશાળી, અતિ શાંત, મુનિઓમાં શ્રેષ્ઠ શ્રી હરિની આજ્ઞાથી સર્વ સાધુઓમાં ધર્મનું શાસન કરનારા, શ્રી ગોપાળાનંદ મુનિ પોતાના મંડળ સાથે સૌરાષ્ટ્ર દેશમાં વિચરતા હતા. (૪૫)

સમગ્ર સદ્‌ગુણોના નિધિ, સત્પુરુષોના સમુદાયના ભૂષણરૂપ, ભક્તજનોને નિરંતર સ્વધર્મ સહિત પ્રત્યક્ષ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરનારા, વળી ઉર્ધ્વ રેખા સહિત સોળ ચિન્હોથી અંકિત થએલા શ્રી હરિના સુંદર ચરણકમળમાં જ ભ્રમરની જેમ જેમનું ચિત્ત સદા રમણ કરી છે, સર્વ મુનિજનોથી સદા માન પામેલા, કૃપાથી કોમળ બનેલા હૃદયવાળા, તે ગોપાળાનંદ મુનિ સૌરાષ્ટ્રમાં ફરતા ફરતા મેંગનાયન નગરમાં (મેંગણી) પધાર્યા. (૪૬)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્યે રચેલા શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં મંગલાચરણ નિરૂપણનો પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

ગોપાળાનંદ સ્વામીના ગુણોનું વર્ણન

ત્યારબાદ નગરથી થોડે દૂર આંબાના વૃક્ષોથી ભરપૂર રમણીય બગીચામાં, સ્થાનને પવિત્ર અને નિર્જન જોઈ, મુનિવર ગોપાળાનંદ મુનિ ત્યાં ઉતર્યા. અહીં ગોપાળાનંદ મુનિ પોતાના મંડળના સંતો સાથે ધર્મપુત્ર શ્રીહરિ પરમાત્માનું ચિંતવન કરતા હતા. (૧)

યોગ્ય આસનમાં બેઠેલા, અંતર્વૃત્તિ હોવાથી નિર્મિલીત નેત્રવાળા, નિશ્ચલ શરીરવાળા, યોગીપુરુષોને પ્રિયતર શ્રીહરિકૃષ્ણ ભગવાનનું અંતર્દષ્ટિએ કરીને ધ્યાન કરતા, નિશ્ચલ ઈંદ્રિયો, નિર્મળ અંતઃકરણ અને

કોમળ હૃદયવાળા, સદ્‌ગુરુઓમાં શ્રેષ્ઠ શ્રી ગોપાળાનંદ મુનિ, તે સમયે અત્યંત શોભતા હતા. (૨)

પ્રકૃતિના ગુણોથી ઉત્પન્ન થતી ત્રણ અવસ્થાથી પર દિવ્ય કાંતિવાળા, અક્ષરબ્રહ્મના જેવી નિર્દોષ સ્થિતિવાળા, સદા આત્માભિમુખ દૃષ્ટિવાળા, શ્રી ગોપાળાનંદ મુનિ, મત્સ્ય, કૂર્મ, વરાહાદિ અવતારોનો આવિર્ભાવ જેમનાથી છે તેવા, અને ભક્તિ થકી જન્મ હોવા છતાં પણ સદા અજન્મા પોતાને અતિપ્રય શ્રી હરિ પરમાત્માને, દરરોજ પોતાના નેત્રની સમીપે તથા પોતાના આત્મામાં જેમ પ્રત્યક્ષ જોતા હોય તેમ જોતા હતા. (૩)

ગોપાળાનંદ મુનિના અતિસ્નેહથી બંધાએલા શ્રીહરિ, જેમ જળથી રસ ક્ષણવાર પણ છૂટા પડતા નથી, તેમ તે મુનિના માનસથી દૂર રહેવા સમર્થ થતા નથી. અતિ નિર્વાસનિક અંતઃકરણવાળા તે મુનિને શ્રી હરિ પોતાના પરમ સત્ય સ્વરૂપનો આનંદ રાત્રિદિવસ આપે છે. (૪)

તપ તથા તેજથી શોભાયમાન શરીરવાળા, કરુણાના સ્થાનભૂત મનુષ્યોના અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરવામાં તરુણ સૂર્ય સમાન, ગુણાતીત સ્થિતિવાળા, કામાદિ અંતઃશત્રુઓનો નાશ કર્યો છે જેમણે એવા અને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિ વિના અક્ષરબ્રહ્મના સર્વોત્તમ સુખમાં પણ સદા અનાસક્ત; હરિભક્તોના દુઃખને નાશ કરવામાં પ્રવીણ, આશ્ચર્યકારી યોગૈશ્વર્યવાળા અને શ્રી હરિની પ્રીતિ માટે જ જેમણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો છે, છતાં પણ જે ગર્વરહિત, ગંભીર અંતઃકરણવાળા, ધીર તેમજ વેદોના યથાર્થ નિર્ણયમાં નિપુણ, અપકાર કરનારનું પણ શ્રેય કરનારા, શુદ્ધ જ્ઞાનવાન, ક્ષમાવાળા, બાહ્ય અને આભ્યંતર શુદ્ધિવાળા, ક્ષમા, દયા વગેરે સત્પુરુષોના સમગ્ર લક્ષણોના સ્થાનભૂત, પરમ એકાંતિક ધર્મ ધારણ કરનારા, સાધુતાની સીમારૂપ; ઉપશમ અવસ્થા વાળા, સત્ય, પ્રિય અને હિત બોલનારા, મનુષ્યોમાં પણ શ્રેષ્ઠ; જેમના દર્શનથી વિપત્તિઓ નાશ થાય છે, જે સર્વના મિત્ર છે તેમજ માન અને મત્સર રહિત છે, ઉપકાર પરાયણ, સાધુતાના લક્ષણવાળા; દેવતાઓને પણ દુર્લભ એવા અતિ રમણીય પંચ વિષય પ્રાપ્ત થવા છતાં, મનુષ્ય જેમ તીવ્ર ઝેરનો ત્યાગ કરે છે તેમ, તે પંચ વિષયોનો જેમણે સદા ત્યાગ કર્યો છે, તેવા ગોપાળાનંદ મુનિ સમગ્ર દીર્ઘ દર્શીઓમાં શ્રેષ્ઠ, સર્વના હિતકારી, સરળ, સુંદર, યોગવૈભવવાળા, શુદ્ધ આચરણવાળા અને શ્રી હરિમાં પ્રીતિવાળા, ભગવાનની મૂર્તિ વિના અણિમાદિ સિદ્ધિઓને પણ જે કદી ઈચ્છતા નથી, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ લૌકિક ભોગસુખમાં જેને પ્રકૃતિજન્ય સમદષ્ટિ છે, જેના દર્શન જનસમુદાય સદા ઈચ્છે છે અને જે હંમેશા શ્રીહરિની અનુવૃત્તિ પરાયણ છે. (૫-૧૨)

એવા શ્રી ગોપાળાનંદ મુનિ તે સમયે શ્રી હરિકૃષ્ણ ભગવાનની પ્રસન્નતા માટે, સર્વોત્તમ એકાંતિક ધર્મને વિસ્તારતા, રાત્રિદિવસ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના બંને ચરણકમળમાં ભ્રમરની જેમ જેમણે મન પરોવ્યું છે, સાધુઓમાં ઉત્તમ, અક્ષરથી પણ પર પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ ભગવાનનું ચિંતવન કરતા હતા. તે મુનિના શુભ પ્રભાવથી તે આમ્રવૃક્ષોના બગીચામાં રહેતા સમગ્ર પ્રાણીઓ ઉપર વૈરભાવ ભૂલીને શાંત અને સત્ત્વગુણી બની ગયા હતા. (૧૩-૧૪)

એવામાં તે પુરના માનસિંહ રાજા, પોતાના સૈન્ય સહિત પુર તરફ પાછા ફરતા હતા તે ગોપાળાનંદ

મુનિને ધ્યાનમાં બેઠેલા જોઈને, તેમના દર્શન માટે ત્યાં આવ્યા. (૧૫)

રાજા માનસિંહે, પોતાના અશ્વથી ઉતરીને તે મુનિઓને પ્રણામ કર્યા. પછી મુનિ મંડળના મધ્યમાં બેઠેલા મહાનુભાવ શ્રી ગોપાળાનંદ મુનિને તેણે જોયા. (૧૬)

મનુષ્યોમાં પૂર્વે નહીં જોયેલી તેવી અલૌકિક શોભાવાળા, વળી અપરિચીત હોવા છતાં પણ પોતાના ચિત્તને સ્નેહાર્દ્ર ભાવથી આકર્ષતા, અને સદા સ્પૃહા કરવા યોગ્ય સ્વભાવવાળા, શ્રી ગોપાળાનંદ મુનિ ત્યાં અતિશય પવિત્ર અને મંગળ ભાવને પ્રસારતા હતા. (૧૭-૧૮)

ગોપાળાનંદ સ્વામીના પ્રતાપથી દિવ્યદૃષ્ટિ પામેલા માનસિંહ રાજાએ સાધુઓના મધ્યમાં રહેલા મુનીન્દ્ર શ્રી ગોપાળાનંદ મુનિને મહા તેજસ્વી અંગવાળા જોયા. (૧૯)

કામરૂપી દાવાનળના સ્મરણ માત્રથી તપ્ત થયેલું અને તે દાવાનળના અગ્નિથી દગ્ધ થયેલું મન જેમ દ્વિપેન્દ્ર ગંગાના નદીના હ્રદને પામીને શાંત થાય છે, તેવી રીતે મુનિઓના દિવ્ય દર્શનથી જ તે રાજા સ્થિર થઈ ગયા ! તેમના મંત્રી તથા બીજા તો રાજાની સ્થિતિ જોઈને આશ્ચર્ય પામ્યા ! (૨૦-૨૧)

તે સમયે શ્રી હરિએ પ્રેરણા કરવાથી ગોપાળાનંદ મુનિ ધ્યાનમાંથી જાગ્રત થયા. તેમજ સર્વે મુનિઓ પણ સમાધિમાંથી ઊઠ્યા. પછી ગોપાળાનંદ સ્વામી તથા અન્ય સંતો પોતાની પાસે સ્થિર થએલા રાજાને જોવા લાગ્યા. (૨૨)

રાજાને તથા આશ્ચર્ય પામેલા અમાત્ય વગેરે જનોને ત્યાં જોવાથી ગોપાળાનંદ મહામુનિ, શુભાકૃતિવાળા આ કોણ છે ? એ પ્રમાણે તેમના પ્રધાનમંત્રીને પૂછવા લાગ્યા. (૨૩)

પછી મંત્રી મહામુનિને કહેવા લાગ્યા, હે સાધો ! આ મેંગણીના રાજા છે. બીજા ગામથી પોતાના પુરમાં આવતાં તમારાં દર્શન માટે અત્રે આવ્યા છે. (૨૪)

હે મુનિવર્ય ! ચિત્તની માફક સ્થિર શરીરવાળા આ રાજા બોલતા નથી, જોતા પણ નથી. તેથી આ રાજાને અકસ્માત આ શું થયું ? અમોને બહુ જ દુઃખ થાય છે. (૨૫)

હે દયાનિધે ! અમો રાજાના દરબારમાં જઈને રાજાના બંધુઓને શું કહીશું ? આ રાજાનો બંધુ વર્ગ અમોને પીડા કરશે. (૨૬)

હે મુનીન્દ્ર ! હે મહાબુદ્ધિશાળી ! હે જીવોના હિતકર્તા ! તમારા દર્શન માત્રથી જ આ રાજા જડ અવસ્થાને પામ્યા છે. તો હવે હે દયાળુ ! આપ સમગ્ર જીવોના બંધુ છો, તેથી તેની પૂર્વવત્ સ્થિતિ આપ કરી આપો. (૨૭)

પછી દયાથી આર્દ્ર થયેલા મહામનીન્દ્ર ગોપાળાનંદ મુનિએ મંત્રીને કહ્યું 'તમે શોક ના કરશો' પછી તેમણે રાજા પ્રત્યે દયાપૂર્વક જોયું તેથી રાજા સમાધિમાંથી તુરત ઉઠ્યા. (૨૮)

પછી તે રાજા પોતાના મંત્રી આદિ સ્વજનોની સાથે હર્ષપૂર્વક મુનિના ચરણોને પોતાના મસ્તકથી

સ્પર્શ કરીને, તે મુનિવર્યને નમસ્કાર કરવા લાગ્યા. (૨૯)

પછી નતમસ્તકવાળા તે રાજા હાથ જોડીને નેત્રોમાં અશ્રુ સાથે મહામુનિને કહેવા લાગ્યા; હે દયાના ધામરૂપ ! તમારાં દર્શન માત્રથી જ મારું મન અત્યંત શાંત પામ્યું છે; શુદ્ધ મતિવાળા મનુષ્યમાત્રના બંધુ ! કરુણાથી કોમળ હૃદયવાળા, તમો અક્ષરાદિના નિયંતા પ્રત્યક્ષ શ્રીહરિને મળેલા છો. હમણાં જ આપના તે અદ્વિતીય સ્વરૂપને મેં જાણ્યું છે. (૩૦-૩૧)

હે વિદ્વન્ ! જો એમ ન હોય તો હું પાપોના પર્વતસમાન ઘણા દોષોના સ્થાનરૂપ, અહંમતિરૂપ સર્પે દેહમાં કરેલા દંશથી મૂર્છા પામેલો, નષ્ટ જ્ઞાનવાળો, અત્યંત મદવાળો, કુમાર્ગમાં ચાલનારો, તે મારું ચિત્ત શાંત કેમ થાય ? (૩૨)

કર્મવશ થઈને જન્મથી આરંભીને અદ્યાપિ પર્યંત હું દુષ્ટ જનોના પ્રસંગમાં રહ્યો છું. તેથી ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારના મદ્યનું પાન કરવામાં અગ્રેસર, માંસ ભક્ષણ કરનાર તેમજ હિંસક કર્મ કરનારો છું. (૩૩)

વ્યભિચાર, ચોરી વગેરે નિંદિત કર્મો નિઃશંક થઈને કરનાર અને પાપીજનોમાં અગ્રગણ્ય હું અજામિલ જેવો જ થઈ ગયો છું. (૩૪)

હે મહાત્મન્ ! ભગવાનની પ્રેરણાથી જ મારા જેવા અધમનો ઉદ્ધાર કરવા માટે તમો મને પ્રાપ્ત થયા છો. હે મહાભાગ ! આપ કોણ છો ? આપ જ મને તે કૃપા કરીને કહો. (૩૫)

સ્વધર્મનિષ્ઠ ગોપાળાનંદ મુનિ થોડું હસીને તે રાજાને કહેવા લાગ્યા, હે રાજન્ ! હું શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત સાધુ છું. (૩૬)

હે નરેન્દ્ર ! શ્રી હરિએ મારા દ્વારા જે પ્રભાવ બતાવ્યો છે તેથી તમોએ આ આશ્ચર્ય જોયું ! ગોપાળાનંદ મુનિનું આ વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થએલા રાજા મુનીન્દ્રને ફરીથી કહેવા લાગ્યા. (૩૭)

હે મુને ! આ સ્વામિનારાયણ ભગવાનને મેં પ્રત્યક્ષ જોયા નથી, મને તો તમારા દર્શન માત્રથી જ અલૌકિક સમાધિરૂપ આશ્ચર્ય થયું છે. તેથી હું તો તમોને જ મહા આશ્ચર્યના સમુદ્ર જાણું છું. (૩૮)

હે દુઃખીજનોનું હિત કરનાર ! શ્રી સ્વામિનારાયણ ભગવાન કેવા છે ? તેમના સાધુઓને પણ મેં આજ જ જોયા છે, માટે તે સાધુઓ કેવા લક્ષણોવાળા છે ? (૩૯)

હે દયાળો ! શરણે આવેલાનું રક્ષણ કરનારા ! આપ મને સમજાવો. હે મુનિવર્ય ! હું તો તમારા દર્શન માત્રથી જ નિવૃત્તપાપવાળા આત્માને કૃતાર્થ માનું છું. (૪૦)

આ પ્રમાણે વિનય અને પ્રેમથી ભરપૂર માનસિંહ રાજાએ પૂછેલા કરુણાથી ભરપૂર પૂર્ણહૃદયવાળા, તપની સંપત્તિથી યુક્ત, જન સમુદાયનું કલ્યાણ કરવામાં પ્રીતિવાળા, ભગવાનની આજ્ઞામાં વર્તનારા મુનીન્દ્ર ગોપાળાનંદ મુનિ, વિનય અને પ્રેમથી પૂછેલા માનસિંહ રાજાને કહેવા લાગ્યા. (૪૧)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પ્રથમ સ્કંધમાં ગોપાળાનંદ મુનિ અને માનસિંહ રાજાનો સમાગમ તથા રાજાએ કરાએલા પ્રશ્ન નિરૂપણ નામે બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

ગોપાળાનંદ મુનિએ કહ્યું હે રાજન્ ! અક્ષર બ્રહ્મ પર્યન્ત સર્વના નિયંતા, કર્તું, અકર્તું, અન્યથા કર્તું સમર્થ, માયાથી પર જે અક્ષર બ્રહ્મધામ તેના નિવાસી અને સર્વ અવતારના કારણ સર્વોપરી અને સ્વતંત્ર શ્રી સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે; પૂર્ણકામ, સર્વોત્તમ મહા શુભ પ્રતાપવાળા, ભક્તપ્રિય, અસંખ્ય બ્રહ્માંડોના નિયંતા, શ્રી સ્વામિનારાયણ ભગવાન અનેક દિવ્ય ઐશ્વર્યો તથા મહાગુણથી સર્વોપરી વર્તે છે. હે રાજન્ ! અત્યંત દિવ્ય ગુણવાળા શ્રી સ્વામિનારાયણ ભગવાન આ ભારત ભૂમિમાં મનુષ્યોની આત્યંતિકી મુક્તિ કરવા માટે પ્રગટ થયા, પોતે વિચરણ કર્યું, વિશિષ્ટૈશ્વર્ય તથા પ્રતાપ દર્શાવ્યો તે તેમના દિવ્ય ચરિત્રો છે. (૧-૩)

તેમના આ દિવ્ય ચરિત્ર તમને હું મુમુક્ષુ જાણી સંક્ષેપથી કહું છું. એ ચરિત્રો સમગ્રપણે કહેવા માટે શેષાદિ પણ શક્તિમાન નથી. તો મારા જેવા કેમ શક્તિમાન થાય ?(૪)

ઉત્તર કોશળ દેશમાં છપૈયા નામનું ગામ છે. ત્યાં પ્રશસ્ત બુદ્ધિવાળા અતિચતુર, ધર્મના અવતારરૂપ દેવશર્મા નામના બ્રાહ્મણ વસતા હતા. સામવેદી, વેદોથી પરમાત્મ તત્ત્વને જાણનારા અથવા વેદો તથા શાસ્ત્રોને જાણનારા, સાવર્ણિગોત્રી, દૃઢ ધર્મ નિષ્ઠાવાળા, નારાયણ ધ્યાન પરાયણ, પ્રશાંત, મહાગુણવાળા, ગુરુજનોએ પણ જેમના શુદ્ધ ચરિત્રોનું ગાન કરેલું છે, શુદ્ધાચારવાળા, સર્વ પતિવ્રતાઓમાં શ્રેષ્ઠ, અતિ સુંદર ગુણોથી યુક્ત, મહા વૈરાગ્યવાળા, પરમાત્મા પ્રત્યે ભક્તિવાળા, એવા ભક્તિ નામના તેમના પત્ની હતા. (૫-૭)

બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ પવિત્ર સ્વભાવવાળા દેવશર્મા પોતાની પત્ની ભક્તિદેવી સાથે વૃંદાવનમાં જઈને ત્યાં મહા વિષ્ણુયાગથી ભક્તિપૂર્વક અક્ષરના પણ નિયંતા શ્રીહરિવાસુદેવ ભગવાનની સારી રીતે આરાધના કરવા લાગ્યા. (૮)

પછી તેમના ધર્મ, ભક્તિ વગેરે ગુણોથી પ્રસન્ન થયેલા ભગવાન પૃથ્વીમાં એકાંતિક ધર્મ સ્થાપન કરવા માટે, તેમજ અધર્મનું મૂળ ઉખેડવા માટે, તે દેવશર્મા બ્રાહ્મણથી તેમનાં પત્ની ભક્તિમાં પ્રાદુર્ભાવ પામ્યા. (૯)

પોતાના બાળ સ્વરૂપથી જ દર્શન કરનારા સમગ્ર જનોનાં ચિત્તને હરનારા, તે બાળમૂર્તિ ભગવાન શ્રીહરિ નામથી પ્રસિદ્ધ થયા. અસંખ્ય જીવોને સંસાર સમુદ્રમાં ડૂબાડનાર પાપોથી, બાળ શ્રીહરિ પોતાના

દર્શન માત્રથી જ સૌને મુકાવતા હતા. (૧૦)

જન્મથી ફક્ત દશજ દિવસોમાં તે બાળકને હણવા આવેલા કોટરાદિ બાળગ્રહોને પોતાની દૃષ્ટિથી જ બાળીને તત્કાળ નસાડી મૂકી, તે નિશ્ચય આશ્ચર્યકારક છે. ત્યારબાદ શ્રીહરિ ત્રણ વર્ષના થયા ત્યારે તેમને હણવા માટે પોતાની આરાધનાથી કૃત્યા ગણોને પ્રેરણા કરનારો અસુરોમાં શ્રેષ્ઠ કાલીદત્ત નામના અસુરને તો પોતાની દૃષ્ટિ માત્રથી જ વિમોહિત કર્યો અને તે મોહથી ભમતો ભમતો મરણ પામ્યો. (૧૧-૧૨)

પછી કૃત્યા ગણો તથા અસુરોના સમૂહથી થતા ઉત્પાતોના ભયથી છપૈયાપુરનો ત્યાગ કરીને ધર્મદેવ અયોધ્યામાં કુટુંબ સાથે પોતાના પુરાતન ભુવનમાં જઈને રહ્યા. (૧૩)

પછી શ્રીહરિ ત્યાં અનેક પ્રકારની કૌમાર લીલાઓ કરવા લાગ્યા. અને પોતાના ભક્તજનોને તથા પુરના બાળકોને સમાધિ કરાવી, યોગીઓની તુલ્ય બનાવ્યા, તેથી પુરજનો ઘણું આશ્ચર્ય પામવા લાગ્યા. પૌગંડાવસ્થા પામેલા શ્રીહરિ અનુપમ દિવ્યૈશ્વર્યોના તથા સુખાદિના સમુદ્ર સમાન હતા. તેમજ મહાપુરુષોએ પ્રાર્થના કરાયેલા અતિ શુભ અગણિત દિવ્ય ગુણોએ યુક્ત હતા. (૧૪-૧૫)

આઠમે વર્ષે શાસ્ત્ર વિધિ પ્રમાણે પોતાના પિતાએ તેમનો ઉપનયન સંસ્કાર કર્યો. તે પછી મહાજનોના શરણ સ્વરૂપ શ્રીહરિએ બ્રહ્મચારીઓના શિક્ષણ માટે પવિત્ર નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું. વિશાળ બુદ્ધિવાળા શ્રીહરિ પોતાના ભુવનમાં જ રહીને વિદ્યા ગુરુ પોતાના પિતાને આશ્ચર્ય પમાડતા સમગ્ર વિદ્યાઓમાં વેદો મુખ્ય છે તે પણ થોડા જ સમયમાં ભણી ગયા. (૧૬-૧૭)

પછી દયાળુ શ્રીહરિ, પોતાની માતા તથા પિતાને ભાગવતી તનુરૂપ ઉત્તમ દિવ્ય ગતિ આપીને, અગિયારમા વર્ષે અતિ વૈરાગ્યથી પોતાના ગૃહનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા. હે રાજન્ ! પછી શ્રીહરિ પોતે પોતાના આચરણથી નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મ પ્રવર્તાવવા માટે, તથા પ્રાણીઓની મુક્તિ કરવા માટે, અને તીર્થોને પણ તીર્થરૂપ કરવા માટે પૃથ્વીમાં ફરવા લાગ્યા. (૧૮-૧૯)

શ્રીહરિ પોતે પોતાના તીવ્ર તપથી આ લોકમાં સમગ્ર તપસ્વીઓને તપની રીત બતાવતા હતા. વળી યોગિ સમુદાયોને પણ અષ્ટાંગ યોગની રીત બતાવતા હતા. (૨૦)

શ્રીહરિએ, સીરપુરમાં મંત્ર જંત્રમાં પ્રવીણ અતિદુષ્ટ સિદ્ધત્વના અભિમાન વાળા ઘણા શક્તિના ઉપાસકોનો તથા બીજા અસુરોનો ગર્વ પોતાના પ્રતાપથી હરી લીધો. વળી અગ્રાહ્ય ધનનું દાન લેવાથી શ્યામ બનેલા અને પોતાના શરણે આવેલા તિલંગ દેશના એક બ્રાહ્મણને તે પુરમાં પોતાના દર્શનમાત્રથી તત્કાળ પૂર્વની માફક ગૌરવર્ણ વાળો કર્યો. વળી તે શ્રીહરિએ ન જીતી શકાય તેવા હજારો શક્તિ પંથીઓને તેમજ તેમણે મોકલેલા કાળ ભૈરવાદિ વીર ગણોને તથા કૃત્યાઓને જીતી લીધાં. એટલું જ નહિ પરંતુ પોતાના આશ્રિતોના હજારો દુષ્કૃતોનો પણ ત્યાગ કરાવતા હતા. (૨૧-૨૩)

હે રાજન્ ! જગન્નાથપુરીમાં શ્રીહરિએ અત્યંત બળવાન અગણિત દૈત્યોને પોતાની યોગ શક્તિથી મોહ પમાડીને સર્વેનો પરસ્પર નાશ કરાવ્યો. તે શ્રીહરિએ માનસ પત્તનમાં પોતાના આશ્રિત સત્રધર્મા

રાજા પાસે ધર્મનું રક્ષણ કરવા માટે, ધર્મ મર્યાદાને તોડનારા હજારો અસુરોનો સમગ્રપણે નાશ કરાવ્યો. (૨૪-૨૫)

સર્વના એક સ્વામી, શ્રીહરિ આ પૃથ્વીમાં પુલ્હાશ્રમાદિ તીર્થોમાં ફરતા ફરતા અસંખ્ય જનોનો, પોતાના પ્રતાપથી પોતાનું દર્શન, સ્પર્શ અને ઉપદેશથી સંસાર સાગરના વહેતા પ્રવાહમાંથી ઉદ્ધાર કરતા હતા. (૨૬)

આ પ્રકારે પૃથ્વી ઉપરથી અધર્મને મૂળમાંથી ઉખેડી હિંસાદિ દોષ રહિત ધર્મનું સ્થાપન કરતા તીર્થ સ્થાનોમાં ફરતા ફરતા, આ શ્રીહરિ સૌરાષ્ટ્ર દેશમાં આવેલા લોજપુર નગરમાં પધાર્યા. હે રાજન્ ! પછી શ્રીહરિ પોતાના શિષ્યો સાથે સૌરાષ્ટ્ર દેશમાં ફરતા ફરતા મનુષ્યોની આત્યંતિક મુક્તિ માટે મહા પ્રતાપ બતાવવા લાગ્યા. હે રાજન્ ! પરમેશ્વર શ્રીહરિ પોતાનું અસાધારણ ઐશ્વર્ય બતાવીને અગણિત પુરુષો તથા સ્ત્રીઓના પ્રાણની વૃત્તિનો પોતાની મૂર્તિમાં નિરોધ કરીને પોતાના દર્શન માત્રથી જ તેમને સમાધિ કરાવતા હતા. અસંખ્ય જનોનું કલ્યાણ કરવા ઇચ્છતા શ્રીહરિએ વર્ષાઋતુમાં મેઘ જેમ બધે જ વર્ષે છે, તે પ્રકારે સમાધિ કરાવવામાં આ જનો અધિકારી છે કે નથી તેવો વિચાર કર્યો નહીં. (૨૭-૩૦)

અતિ મહાન શ્રીહરિ ગોલોક આદિ દિવ્ય પોતાના ધામ તે ધામના દિવ્ય પાર્ષદો, શક્તિઓ તથા ઐશ્વર્ય, તે સર્વને સમાધિમાં બતાવતા હતા. હે રાજન્ ! તેજ પ્રકારે એક અને અદ્વિતીય એવા શ્રીહરિએ શ્રીકૃષ્ણરૂપે તેમજ લક્ષ્મીનારાયણ આદિ વિવિધ સ્વરૂપોએ સમાધિ દ્વારા સર્વજનોને દર્શન આપ્યાં. કોઈ પણ પ્રકારના સાધન વિના કેવળ કૃપાથી જ શ્રીહરિ પોતાના આશ્રિતજનોને અષ્ટાંગ યોગની સિદ્ધિ પમાડતા હતા અને યોગિજનોને પણ અતિદુર્લભ એવી ઉત્તમ સમાધિ સ્થિતિને પમાડતા હતા. (૩૧-૩૩)

આ પ્રકારે શ્રીહરિનો અદ્‌ભુત પ્રભાવ જોઈને, હજારો મુમુક્ષુ જીવો તેમનો આશ્રય કરીને સ્વધર્મે સહિત નિરંતર તેમનું ભજન કરવા લાગ્યા. (૩૪)

કરુણાના સાગર શ્રીહરિ આવી રીતે પૃથ્વીમાં દિવ્ય ઐશ્વર્યને વિસ્તારતા પોતાના હજારો શિષ્યો, ત્યાગિ સાધુ, વર્ણિઓની સાથે ફરતા ફરતા સર્વોત્તમ દુર્ગપત્તન નગરમાં પધાર્યા. (૩૫)

દુર્ગપત્તનમાં પોતાના એકાંતિક ભક્ત ઉત્તમ રાજાના દરબારમાં, સુંદર મહેલમાં, પોતાના બંધુજનોની સાથે ઉત્તમ રાજાએ સેવ્યા છે તે શ્રીહરિ, હંમેશા નિવાસ કરીને રહેતા હતા. (૩૬)

ગઢપુરમાં વસતા શ્રીહરિ સર્વ ઉત્સવોમાં મુખ્ય ફુલદોલ ઉત્સવ તથા બીજા ઘણાં મનોજ્ઞ મહોત્સવો કરતા હતા. વળી પોતાના ભક્તોને આનંદ ઉપજાવવા માટે પોતાના ભક્તોના ગામોમાં જઈને અતિ મોટા ઉત્સવો કરતા હતા. (૩૭)

શ્રીહરિ પૃથ્વીમાં ઘણાં કાળ સુધી પોતાની ભક્તિનું વિદ્યાપન કરવા માટે, ઉત્તમ શિખર બદ્ધ મંદિરો કરાવતા હતા. વિધિને જાણનારા શ્રીહરિ યથાવિધિ તે મંદિરોમાં લક્ષ્મીનારાયણ, નરનારાયણાદિ પોતાના અર્ચાવતારોની મૂર્તિઓનું સ્થાપન કરાવતા હતા. (૩૮)

પછી સર્વજ્ઞ શ્રીહરિએ પોતાના મોટાભાઈ રામપ્રતાપના પુત્ર અયોધ્યાપ્રસાદ, તથા નાનાભાઈ ઈચ્છારામના પુત્ર રઘુવીરજીને દત્તવિધાનથી દત્તપુત્ર સ્થાપી આચાર્યપદે સ્થાપન કર્યા. (૩૯)

શ્રીહરિએ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવામાં અતિ તત્પર અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરપ્રસાદ એ બંને આચાર્યોને આચાર્યના ધર્મ સમજાવી, તેમને દેશ તથા મંદિરો વહેંચી આપ્યા. (૪૦)

સદા દિવ્ય શ્રીહરિ વેદ અને શાસ્ત્રોએ કહેલી આ લોકમાં સુજ્ઞ પુરુષોએ પ્રશંસ કરેલી કલ્યાણની રીત પ્રવર્તાવી એકાંતિક ધર્મનું સ્થાપન કરીને અંતર્ધાન થયા. (૪૧)

તેમના જે અસંખ્ય સાધુઓ તે પવિત્ર નૈષ્ટિક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણ સહિત અનન્ય ભાવપૂર્વક શ્રી સ્વામિનારાયણ ભગવાનને ભજે છે. (૪૨)

અધર્મના વંશમાં ઉત્પન્ન થયેલા લોભ, કામ, સ્નેહ, રસાસ્વાદ, અભિમાન વગેરે સમગ્ર દોષોથી રહિત, વિશુદ્ધ આત્મનિષ્ઠાવાળા, ઈન્દ્રિયો તથા અંતઃકરણને જીતનારા, સર્વદા ઉપશમ અવસ્થાવાળા, તેમના સંતો છે. (૪૩)

હે રાજન્ ! શ્રીહરિનો આશ્રય કરેલા અસંખ્ય ગૃહસ્થ ભક્તો પણ પાપકર્મનો ત્યાગ કરીને પોતપોતાના ધર્મોમાં રહીને હંમેશા સ્વાશ્રિતોના સમગ્ર દુઃખ હરનારા શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ ભજન કરે. (૪૪)

હે રાજન્ ! અતિ સમર્થ શ્રીહરિ હાલમાં પોતાના એકાંતિક ભક્તોને પોતે જેમ પ્રત્યક્ષ હોય તેજ પ્રમાણે પોતાના દર્શન આપે છે. હે નરેન્દ્ર ! તે સ્વામિનારાયણ ભગવાન સત્સંગીજનોથી ક્યારેય પણ દૂર રહેતા નથી. (૪૫)

હે રાજન્ ! શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તોને દેહ મૂકવા સમયે પોતાના દિવ્ય અક્ષર ધામમાં લઈ જવા માટે પાર્ષદો સહિત પોતે દિવ્ય વિમાનમાં બેસીને આવે છે. તે સર્વ ઠેકાણે પ્રસિદ્ધ છે. (૪૬)

હે રાજન્ ! એ ઐશ્વર્યવાળા શ્રી હરિકૃષ્ણ ભગવાન કાળ, પ્રકૃતિ વગેરેના નિયામક છે. સમગ્ર આશ્રિતોની કામના પૂર્ણ કરનારા અને સર્વ અવતારોના એક કારણરૂપ, જગતની ઉત્પત્તિ પહેલાના આદિ પુરુષ જાણો. ('एकमेवाऽद्वितीयम्' એ શ્રુતિથી પ્રતિપાદન કરેલા પરમેશ્વર છે એમ જાણો.) (૪૭)

આ પ્રકારે મુનિરાજ ગોપાળાનંદ મુનિના મુખરૂપી ચંદ્રમાંથી સ્રવેલું અને પોતાના કર્ણરૂપી પાત્રમાં ભરેલું જ્ઞાનરૂપી અમૃતનું પાન કરીને અત્યંત શાંતિ પામેલા તથા તેમની વાણીમાં વિશ્વાસવાળા માનસિંહ રાજા, નેત્રમા હર્ષાશ્રુ સાથે બંને હાથ જોડીને સત્પુરુષોમાં શ્રેષ્ઠ ગોપાળાનંદ મુનિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચીત હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં ગોપાળાનંદ મુનિ સાથે રાજાના પ્રશ્નોત્તર નિરૂપણ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

માનસિંહ રાજા કહે છે :- હે મુનીન્દ્ર ! આ મારા નગરમાં આપના પધારવાથી મારો જન્મ સફળ થયો છે. તમારા જેવા મોટા પુરુષના પ્રસંગ વિના મુક્તિનો માર્ગ મનુષ્ય જાણી શકતો નથી. (૧)

જે જન્મમાં આપના જેવા ભગવાનના પ્રિય સાધુપુરુષોનો પ્રસંગ ન થાય. તેવા જન્મવાળો દેવલોક પણ કલ્યાણને માટે પ્રયત્ન કરતા પુરુષે સેવવો નહીં. હે મુનિ ! મનુષ્યે જ્યાં સુધી તમારા જેવા અતિ મોટા પુરુષોના ચરણરજનો સ્પર્શ નથી કર્યો ત્યાં સુધી, તપ, યજ્ઞ વગેરે ઉપાયોથી પણ તે પ્રત્યક્ષ શ્રીહરિને નથી પામતો. (૨-૩)

હે મુનિવર્ય ! રાજ્યના મોટા કાર્યથી વ્યગ્ર મનવાળા મને પ્રત્યક્ષ શ્રીહરિનો સંબંધ નથી થયો. તેથી સર્વોત્તમ લાભ મને નથી મળ્યો એમ હું મારા મનમાં સમજું છું. (૪) હે દયાળો ! તો પણ તમારા સંબંધને હું પામ્યો છું એટલે તમારા પ્રભાવથી શ્રીહરિને જરૂર હું પામીશ. તમારા જેવા અતિ મોટા પુરુષો તો પ્રત્યક્ષ શ્રીહરિના હૃદય સમાન છે, તેથી આપ મને પ્રિય છો. (૫)

આ લોકમાં જેમ વર્ષતો મેઘ મનુષ્યોને શાંતિ આપે છે, તેવી રીતે આપ જ્ઞાનામૃતરૂપી વરસાદથી આ લોકમાં જનોને શાંતિ આપો છો. હે મુનિ ! સંસારરૂપી પાશને છેદનાર તથા પાપના સમુદાયોનો નાશ કરનારો તમારો પ્રસંગ હું પૂર્વજન્મના પુણ્યોથી પામ્યો છું. તેથી હું મારા આત્માને કૃતાર્થ માનું છું. હે મુનીન્દ્ર ! તમો કૃપા કરીને મને વિશ્વાધાર પ્રત્યક્ષ શ્રીહરિનો આશ્રિત કરો. તેમના આશ્રયથી સંસારરૂપી સમુદ્રનો પાર હું સુખેથી પામીશ. (૬-૮)

આવું રાજાનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા ગોપાળાનંદ મુનિ રાજાને કહેવા લાગ્યા. હે નરેન્દ્ર ! મનુષ્યના વેશમાં રહેલા દૈત્યાંશવાળા ગુરુના સમાગમથી તમો પાપકર્મ તથા તેનાથી થતી પીડાના કારણભૂત દુષ્ટ માર્ગને અનુસર્યા છો. હે રાજન્ ! તમો પાપોના આચરણમાં પ્રવર્તેલા છો, છતાં પણ અતિ મુમુક્ષુ છો, તેથી તમારે હવે વિપત્તિઓ તથા મહાપાપ તથા સંસારના બંધનોમાં કારણભૂત અસુર સ્વભાવવાળા જનોના સંગનો ત્યાગ કરવો. હે નરેન્દ્ર ! આજથી હવે તમારે સત્પુરુષોએ નિંદેલું સુરાપાન, મદ્યપાન, માંસભક્ષણ, વ્યભિચાર, ચોરી, જુગાર તથા હિંસાદિક પાપકર્મોનો ત્યાગ કરવો. હે નરેન્દ્ર ! તમારે હવે સુખ આપનારા પોતાના ધર્મમાં જ સદા રહેવું. વર્ણસંકરતારૂપ કુકર્મ ન કરવું. પાણી, દૂધ, ઘી, તેલ વગેરે વસ્ત્રથી ગાળીને જ લેવા. વળી જેમ પિતા પોતાના પુત્રોને પ્રેમથી પાળે તેમ તમારે પ્રજાનું પાલન કરવું. (૯-૧૨) બે હાથ જોડીને બેઠેલા તે રાજને પોતાને આપેલ શુભ આદેશને આદરપૂર્વક ગ્રહણ કર્યો હોવાથી, ગોપાળાનંદ મુનિએ હવે તેને શુભ ધર્મયુક્ત શ્રીહરિની ભક્તિનો ઉપદેશ કર્યો. (૧૩)

આ પ્રકારે યોગીપ્રવર શ્રી ગોપાળાનંદ મુનિ, માનસિંહ રાજાને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત બનાવીને જનોની મુક્તિને માટે પૃથ્વીમાં પ્રયાણ કરવા તત્કાળ તત્પર થયા. (૧૪)

ગોપાળાનંદ મુનિ ત્યાંથી જવા તૈયાર થયા એટલે હર્ષાશ્રુથી ભરેલા નેત્રે, મુનિના ચરણમાં મસ્તક મૂકીને બે હાથ જોડીને મુનિને પ્રાર્થના કરતા માનસિંહ રાજા નમ્રતાપૂર્વક દક્ષતા ભરેલું વચન ગદ્‌ગદ્ કંઠે બોલ્યા. હે મુનીન્દ્ર ! હે શરણે આવેલાનું પાલન કરનાર ! હું હવે આપનો શિષ્ય થયો છું. તેથી મારા સ્થાનથી જ્યારે આપ ભોજન કર્યા વિના જાઓ તો તેથી મારી અપકીર્તિ થશે. હે મુને ! આપ તો નિસ્પૃહી છો, છતાં મારા પ્રત્યે કરુણા કરીને અહીં ભોજન કરી મને કૃતાર્થ કરીને જ આપ અહીંથી પધારો. (૧૫-૧૭)

ત્યાર બાદ દયાર્દ્ર ચિત્તવાળા ગોપાળાનંદ મુનિ, માનસિંહ રાજાનું વચન અંગીકાર કરીને, તે રાજાના બગીચામાં આવેલા મહેલમાં સાધુના મંડળ સાથે ઉતારો કર્યો. (૧૮)

તેથી પ્રસન્ન થયેલા ચતુર તેમજ ઉદાર સ્વભાવવાળા રાજાએ રસોઈ માટે જોઈતી તમામ સામગ્રી પુષ્કળ પ્રમાણમાં લાવવા માટે પોતાના દૂતોને પ્રેરણા કરી. રસોઈની સામગ્રી આવ્યા પછી સંતોએ રસોઈ બનાવવાની શરૂઆત કરી. (૧૯) રસોઈ તૈયાર થયા બાદ ગોપાળાનંદ મુનિ તથા સર્વ સંતજનોએ લાડુનું મનોહર ભોજન ભક્તિ તથા શ્રદ્ધાપૂર્વક શ્રી વિષ્ણ ભગવાને નિવેદન કર્યું. પછી પોતાના પાત્રમાં પીરસેલા તે ભોજનમાં શ્રી વિષ્ણુપાદોદક નાંખીને બધુ મિશ્ર કરીને જમવા લાગ્યા. (૨૦)

રાજા માનસિંહ તથા સર્વે તેમના મંત્રી વગેરે જનો સંતોને આવી રીતે જળ મિશ્રીત અન્ન જમતા જોઈને આશ્ચર્ય પામ્યા અને રસાસ્વાદે રહિત પૃથ્વીમાં કોઈ ઠેકાણે આવા સંતો નથી એમ પરસ્પર કહેવા લાગ્યા. (૨૧) પછી રાજા માનસિંહે સાધુશ્રેષ્ઠ ગોપાળાનંદ મુનિની તેમના સંતો સહિત ચંદન, પુષ્પના હારો તથા નવીન વસ્ત્રો તેમજ કુંકુમ અક્ષત વગેરે ઉપચારો વડે અત્યંત પ્રેમપૂર્વક પૂજા કરી. (૨૨)

દયાથી કોમળ હૃદયવાળા અને જીવોનું કલ્યાણ કરવાના આગ્રહવાળા મુનીન્દ્ર ગોપાળાનંદ મુનિએ, તે રાજાને આત્મા પરમાત્માના અતિ શુદ્ધ વિષયના જ્ઞાનામૃતની વૃષ્ટિથી તૃપ્તિ પમાડી. એ રીતે રાત્રિ વીતી ગઈ. (૨૩) પ્રાતઃકાળ થતાં રાજાએ મુનિને પાંચ દિવસ રહેવા માટે ઘણો આગ્રહ કર્યો. તો પણ આર્ય પુરુષોના સ્વભાવવાળા ગોપાળાનંદ મુનિ પોતાના મંડળ સહિત મનુષ્યોને ઉપદેશ અર્થે વિચરણ કરવા તત્કાળ તૈયાર થયા. (૨૪)

હર્ષાશ્રુથી ભરેલા નેત્રવાળા માનસિંહ રાજાએ તે મુનીને વળાવ્યા. પછી જ્ઞાન ગહન મુનીન્દ્ર, મંડલે સહિત મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે પૃથ્વીમાં વિચરવા લાગ્યા. (૨૫)

પછી તે રાજાએ, ગોપાળાનંદ મુનિને આપેલા નિયમોને અનુસરીને અક્ષરાતીત ધર્મનંદન શ્રીહરિ ભગવાનની ભક્તિ કરતા કરતા, પોતાના રાજ્યમાં અહિંસા ધર્મ પ્રવર્તાવ્યો. (૨૬)

પછી મુનિવર્ય ગોપાળાનંદ સ્વામી પૃથ્વીમાં ફરતા ફરતા અનેક જનોને ધર્મસહિત શ્રી હરિકૃષ્ણ ભગવાનની નવધા ભક્તિમાં પ્રવર્તાવવા વૃત્તાલય પુરમાં આવીને રહ્યા. (૨૭)

પછી યોગકળામાં પ્રવીણ અને શ્રીહરિકૃષ્ણ ભગવાનનું અખંડ ધ્યાન પરાયણ (તેલની ધારની માફક તથા વાયુ વિનાના સ્થાનમાં રહેલા દીપની શીખાની જેમ સ્થિર સ્મરણ પરાયણ) અતિ ધૈર્યવાળા,

મહામુનિ શ્રી ગોપાળાનંદ મુનિ કાળે કરીને પોતાના દેહનો ત્યાગ કરીને શ્રીહરિના નિવાસસ્થાનરૂપ અક્ષરધામને પામ્યા. (૨૮)

પછી માનસિંહ રાજા, મુનિઓમાં મુખ્ય પોતાના ગુરુ ગોપાળાનંદ મુનિ, ભૌતિક શરીરનો ત્યાગ કરીને ભગવાનના ધામને પામ્યા છે, તે સાંભળીને વિષાદયુક્ત અંતઃકરણથી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા. (૨૯)

જગત પ્રસિદ્ધ પ્રત્યક્ષ શ્રીહરિનો અતિશુદ્ધ અને સંસારના સમગ્ર દુઃખોને હરનારો સંબંધ મને થયો નહીં, જ્યારે પૃથ્વી ઉપર હજારો જનો, એ સંબંધ પામીને નિષ્કામ, નિર્લોભ, નિર્સ્નેહ વગેરે ગુણો તથા શ્રીહરિની મૂર્તિમાં ચિત્તના નિરોધરૂપ સમાધિ પામી ગયા. (૩૦)

વળી જે મુનિએ મને શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો તથા મોક્ષ આપનાર વિશિષ્ટ જ્ઞાનરૂપ અમૃત પાઈને મારા મનની પીડાને સમાવી, એવા મારા ગુરુ તે મુનીન્દ્ર પણ અક્ષરધામને પામ્યા. (૩૧)

જેમ ઝેરના અગ્નિથી તપાયમાન થયેલા મહાસર્પને મલયાગર ચંદનનું વૃક્ષ શાંતિ પમાડી દે છે, તેની પેઠે મારા ગુરુ મારી દુર્બુદ્ધિનો નાશ કરીને કુમાર્ગે ગયેલા અને કામાદિ અંતઃશત્રુઓથી મારા તપ્ત હૃદયને શાંતિ પમાડતા હતા. (૩૨) મુમુક્ષુજનોને મેઘની જેમ શાંતિ આપનારા, દોષને હણનારા, સમગ્ર જનોનો ઉપકાર કરનારા, ભગવત્પ્રિય એવા મારા ગુરુનો પ્રસંગ અલ્પ ભાગ્યવાળા મને યથાર્થ થયો નહીં. (૩૩) માનસિંહ રાજા આ પ્રમાણે સાધુમાં શ્રેષ્ઠ ગોપાળાનંદ સ્વામીને તથા તેમના ગુણોને તથા તેમણે કરેલા મોટા ઉપકારને સંભારી સંભારીને અત્યંત શોક કરવા લાગ્યા. (૩૪)

ભગવાનના નિવાસથી અતિસુંદર બનેલા વૃત્તાલય નગરમાં સત્સંગિજીવન નામના અતિ મહાન ગ્રંથની (શતાનંદ મુનિએ કરેલો ભગવાનના ચરિત્ર પ્રધાન ગ્રંથ) પારાયણ મેં (રઘુવીરાચાર્યે) કરાવી હતી તે પ્રસંગે ત્યાં મોટો ઉત્સવ થયો હતો. ત્યાર બાદ મહાગુણવાળા સાધુજનોએ આચાર્યત્વની યોગ્યતાના ગુણોથી ભરપૂર મારા ભાઈ બદરિનાથના પુત્ર ભગવત્પ્રસાદને દત્તપુત્ર કરીને મારા સકળજનોના ગુરુપદમાં મેં સ્થાપ્યા; તે વખતે પણ અતિ મોટો રમણીય ઉત્સવ થયો હતો. સર્વ જનોએ જોવા યોગ્ય આ બંને ઉત્સવોમાં આવવા માટે માનસિંહ રાજા તત્પર થયા પણ રાજ્ય-કાર્યના ભારને લીધે આવી શક્યા નહીં. (૩૫-૩૬)

પછી શ્રીહરિની લીલાની કથા સાંભળવા માટે આસક્ત મનવાળા, તેથી જ પરિક્ષીત રાજાની ઉપમા આપવા યોગ્ય, શૂરવીર, ધર્મમાં દઢ સ્થિતિવાળા અને એકાંતિક સંતોનો મનવાણી અને શરીરથી સમાગમ કરવામાં અતિ આસક્ત, માનસિંહ રાજા થોડા જ દિવસોમાં પોતાના આપ્તજનો સહિત સુંદર વૃત્તાલય નગરમાં આવ્યા. (૩૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં રાજા માનસિંહને ગોપાળાનંદ મુનિએ ભગવાનનો આશ્રિત કર્યો તેનું નિરૂપણ એ નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

કેટલાક દિવસો પછી માનસિંહ રાજા વરતાલના રમણીયપુરમાં આવ્યા. અહીં શ્રી હરિકૃષ્ણ ભગવાનની તથા શ્રી લક્ષ્મીનારાયણાદિક મૂર્તિઓને સાષ્ટાંગ પ્રણામ કરીને અતિઆનંદ પામ્યા. (૧)

પછી વૃંદાવન વિહારી તથા લક્ષ્મીનારાયણ તથા ભક્તિ ધર્માત્મજ શ્રીહરિની મૂર્તિઓ સ્થાપેલી છે, તે ત્રણે મંદિરમાં સ્નેહથી દરેક મંદિરમાં હજાર હજાર રૂપીયા સોનાના થાળમાં ભેટ મૂકીને ભક્તિપૂર્વક દંડની માફક ઘણા સાષ્ટાંગ પ્રણામો કર્યા. (૨)

પછી માનસિંહ રાજાએ ઉતારો કરીને વિવિધ પ્રકારના ભોજનોથી શ્રીહરિના આશ્રિત ત્યાગી, સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદો તેમજ સમગ્ર હરિભક્તોને તૃપ્ત કર્યા. (૩)

અત્યંત હર્ષિત મનવાળા અને દાનમાં શૂરવીર માનસિંહ રાજા પરિચારકોની સાથે સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ ગોમતી સરોવરમાં વિધિ પ્રમાણે સ્નાન કરીને, બ્રાહ્મણોને દાન આપતા હતા. (૪)

પછી માનસિંહ રાજા શ્રીહરિના ચરણ કમળના ચિન્હોથી, ઉર્ધ્વરેખા-સ્વસ્તિ (અષ્ટકોણ, જવ, જાંબુ, ધ્વજ, અંકુશ, કમળ, વજ, મીન, ત્રિકોણ, વ્યોમ, ગોપદ, કળશ, અર્ધચન્દ્ર, ધનુષ) અંકિત થયેલા, શ્રીહરિના ભક્તજનોએ બતાવેલા અતિ પવિત્ર સ્થાનોમાં દર્શન થયા અને તે સ્થાનોના દર્શન કરીને અશ્રુઓથી વ્યાપ્ત નેત્રવાળાં બનીને, તેને ભક્તિપૂર્વક નમસ્કાર કરતા હતા. (૫)

પછી રાજા પોતાના ઉતારામાં આવ્યા. સાયંકાળથી આરતી સમયે નગારાનો મહાન ધ્વનિ સાંભળીને, શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં શ્રીહરિની મૂર્તિઓનાં દર્શન કરવા માટે મંદિરમાં આવ્યા. (૬)

તે ભૂમિપતિ ઉત્સાહથી ત્યાં શ્રીહરિના નામનું સંકીર્તન ઉચ્ચ સ્વરથી તાળી વગાડીને સાધુગણો તથા ભક્તજનોની સાથે કરતા હતા. (૭)

શ્રીહરિની દિવ્ય મૂર્તિઓને તથા સમગ્ર સાધુજનોને તેમજ બ્રહ્મચારી, પાર્ષદો, હરિભક્તોને નમસ્કાર કરીને સાધુ, બ્રહ્મચારી, તથા હરિભક્તોની સભામાં આવીને સભામાં રહેલા સર્વેને અભિવાદન કરીને, સત્કાર પામેલા તે રાજા, સભામાં યોગ્ય સ્થાને બેઠા. (૮)

પછી તે સભામાં બુદ્ધિમાન સર્વનિવાસાનંદ નામના મુનિ કથાના પ્રસંગમાં આ પ્રમાણે બોલ્યા. 'હે મુનિઓ ! સભામાં આ શુકાનંદમુનિ બેઠા છે. તેમને પ્રગટ શ્રીહરિકૃષ્ણ ભગવાનનો જેટલા પ્રમાણમાં યોગ થયો છે તેટલો યોગ બીજા કોઈ સાધુને થયો નથી. શ્રીહરિની કરુણાના પાત્ર શાંત શુકાનંદમુનિને શ્રીહરિએ પોતાનાથી કદી દૂર કર્યા નથી. (૯-૧૦)

તેથી મતિમાન શુકાનંદ મુનીંદ્ર શ્રીહરિની સમગ્ર દિવ્ય લીલાઓ જાણે છે, તેમજ શ્રીહરિના અનુગ્રહથી શ્રીહરિનો અતિ શુભ મહિમા પણ યથાર્થ જાણે છે; સર્વનિવાસાનંદ સ્વામીની વાતો સાંભળીને માનસિંહ રાજા પોતાના નગરમાં આવેલા ગોપાળાનંદ મુનિના મંડળના સાધુજનોને પણ સ્વધર્મનિષ્ઠ શુકાનંદમુનિનો મહિમા

કહ્યો હતો, તે વિચારીને તેમને મોટા પુરુષ જાણવા લાગ્યા. પછી તેમણે સકળ શાસ્ત્રજ્ઞોમાં શ્રેષ્ઠ શુકાનંદમુનિના મુખ થકી શ્રીહરિની દિવ્ય લીલાઓ નિત્ય સાંભળીશું, તે પ્રમાણે નિશ્ચય કર્યો. (૧૧-૧૩)

ત્યારબાદ સભામાં બેઠેલા મુનિઓ પોતપોતાના સ્થાનમાં ગયા. ભગવાનની શયન આરતી થયા પછી માનસિંહ રાજા સેવકોની સાથે પોતાના ઉતારામાં ગયા. અહીં શ્રીહરિનો પ્રતાપ વિચારતા રાત્રિ નિર્ગમન કરી; સવારમાં ઊઠીને પ્રેમ ભક્તિથી વ્યગ્ર ચિત્તવાળા માનસિંહ રાજા સેવકોની સાથે ગોમતી તીર્થમાં સ્નાન કરવા માટે ગયા. (૧૪-૧૫)

ગોમતીમાં આત્મીયજનોની સાથે યથાવિધિ સ્નાન કરીને ગોમતીના કાંઠે વૃક્ષોના સમૂહમાં શોભતી વેદિકા જેમાં શ્રીહરિ વારંવાર બેઠા હતા, તે વેદિકાને અવલોકીને તે વેદિકા પાસે ગયા; તે વેદિકાને અભિવાદન કરીને રાજાએ ત્યાં દંડવત્ કર્યા. વેદિકાની સમીપમાં ઉત્તર દિશા તરફ મુખ કરીને આસન ઉપર બેઠેલા અને અંતરમાં પરમેશ્વરનું ધ્યાન કરતા શુકાનંદમુનિના તે રાજા દર્શન કરવા લાગ્યા; શ્રીહરિના લીલાચરિત્ર સાંભળવાની ઇચ્છાથી તે રાજા, ધ્યાનમાં આસક્ત નિર્મીલિત નેત્રવાળા તે મુનીંદ્રને સાષ્ટાંગ પ્રણામ કરીને, અનિમિષ દૃષ્ટિથી તે મુનિના દર્શન કરતા તેમની સમીપમાં બેઠા. (૧૬-૧૮)

સુંદર, શાંત શરીરવાળા શુકાનંદ મુનીંદ્ર પરમેશ્વરી શ્રી સહજાનંદ શ્રીહરિને પોતાના હૃદયમાં સ્નેહથી ચિંતવન કરતા બે ઘડી પર્યંત બેઠા. (૧૯)

મહા પરાક્રમી હરિકૃષ્ણ ભગવાનને વિષે પરમૈકાંતિક ભક્તિવાળા, પ્રત્યક્ષ ભગવાનના ચરિત્રો તથા ગુણોના વર્ણન તથા શ્રવણ વગેરેમાં અનુપમ પ્રેમવાળા, મુમુક્ષુજનોને ઉપદેશ આપવામાં અતિ ચતુર, અંતઃકરણાદિ સમગ્ર ઇન્દ્રિયો જેમણે જીતી છે, અહંકાર રહિત દૈવ ઇચ્છાથી પ્રાપ્ત થયેલા અન્નજલાદિથી સંતોષવાળા; અતિશાંત, સરળ સ્વભાવવાળા, તૃષ્ણારહિત, દયાથી કોમળ હૃદયવાળા, દુરાગ્રહથી રહિત, દેશકાળને જાણનારા, સનાતન જ્ઞાનના જ્ઞાતા, સ્પષ્ટ તથા રસયુક્ત ભાષાથી ઉપદેશ કરનારા, કોમળ, અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળનારા, શ્રુતિ-શાસ્ત્ર પુરાણના રહસ્યને જાણનારા, ધીરજવાળા, દંભરહિત, કામાદિ દૂષણોથી રહિત, ઉપકારી, શુદ્ધ અભિપ્રાયવાળા, ભગવાનની નવધા ભક્તિ વિના ક્ષણ માત્ર કાળ જેમનો ગયો નથી તેવા, પ્રતિભાશાળી, અકિંચન. (૨૦-૨૪)

આવા ગુણે યુક્ત મહાત્મા મુનિવર શુકાનંદમુનિ પોતાના સ્વામી શ્રીહરિના ધ્યાનમાંથી જાગ્રત થયા. પછી પોતાની આગળ નિશ્ચલ બેઠેલા, પોતાને વિષે અનુરાગવાળા, માનસિંહને જોઈને, તેમનો મધુર વચનોથી સત્કાર કર્યો. (૨૫)

મુનિની વાણી સાંભળીને, તે વાણીરૂપ અમૃતના પાનની ઇચ્છાવાળા રાજા માનસિંહ, બંને હાથ જોડીને, શુકાનંદમુનિના ચરણ કમળમાં પોતાનું મસ્તક મૂકીને તેમને નમસ્કાર કરતા હતા. (૨૬)

શ્રીહરિની પાવનકારી કથા શ્રવણમાં શ્રદ્ધાવાળા, ઇન્દ્રિયોનું દમન કરનારા, શ્રીહરિની દૃઢ ભક્તિની ઇચ્છાવાળા, અવ્યગ્ર, નિયત વાણીવાળા, શ્રીહરિની ભક્તિ વિના બીજું ન ઇચ્છનારા શુદ્ધ ભાવનાવાળા, સત્પુરુષોના પ્રસંગમાં અત્યંત પ્રીતિવાળા, પત્ની, દેહ, પુત્ર, ધન, ધામ, ધરા વગેરેમાં આસક્તિએ રહિત,

સત્સંગિ ભક્તજનોના દર્શન કરવામાં અત્યંત હર્ષવાળા, મોક્ષની ઈચ્છાવાળા, વિનયશીલ, ધર્મનિષ્ઠ, મંદહાસ્યથી શોભતા, દોષ વર્જિત, મહાબુદ્ધિશાળી, પ્રશાંત, ઇન્દ્રિય દમનમાં આસક્તિવાળા, સાધુઓના ગુણગણોથી અતિ અધિક શોભાયમાન, માનસિંહ રાજા, મુનીંદ્રને બંને હાથ જોડીને આ પ્રમાણે કહેતા હતા. (૨૭-૨૯)

હે બ્રહ્મન્ ! આ વરતાલ પુરમાં સારા લક્ષણવાળા ગુરુઓમાં શ્રેષ્ઠ રઘુવીરજી આચાર્યે સર્વોત્તમ અને શ્રોતાઓને સહજમાં પુણ્યકારી એવી સત્સંગિજીવનની કથા નિમિત્તે સર્વ હરિભક્તોના હિત માટે મોટો ઉત્સવ કર્યો હતો. (૩૦)

હે મુનીન્દ્ર ! તે મહોત્સવથી આ પૃથ્વીમાં ચારેય દિશાઓમાં તેમ જ વિદિશાઓમાં મોટો ઉદ્‌ઘોષ થયો. તે મહોત્સવમાં આવવા માટે મેં ઘણી ઈચ્છા કરી પરંતુ રાજ્યના કાર્યોમાં રોકાયેલો હોવાથી વૃત્તાલયમાં આવવા માટે શક્તિમાન થયો નહીં. (૩૧)

ત્યાર પછી રઘુવીરજી મહારાજે તેમના નાના ભાઈ બદરિનાથના પુત્ર ભગવત્પ્રસાદને પોતાની ધર્મધૂરા સોંપવાના સમયે પણ આ પુરમાં મહોત્સવ કર્યો. તે ઉત્સવમાં પણ હું માંદગીને લીધે આવી શક્યો નહિ. (૩૨)

પરંતુ શ્રીહરિકૃષ્ણ ભગવાનના મહાપ્રભાવનું જેનાથી જ્ઞાન થાય છે, તે સત્સંગીજીવનની કથાના પ્રથમ મહોત્સવનો પ્રસંગ સાંભળવાની મને અતિ ઉત્કંઠા છે. માટે આપ તે મને વિસ્તારપૂર્વક કહો. (૩૩)

હે મુનિવર્ય ! મારા ચિત્તમાં બીજું પૂછવાનું છે તે પાછળથી પૂછીશ. માટે હે દયાળુ ! મને સત્સંગિજીવનની કથાનો જે મોટો ઉત્સવ થયો તે પ્રસંગ મને પ્રથમ કહો. (૩૪)

તે રાજાનું આવું સુંદર વચન સાંભળીને, શ્રીહરિમાં પ્રીતિવાળા શ્રીશુકાનંદ મુનીંદ્ર તે રાજા ઉપર અતિ પ્રસન્ન થઈને તેની પ્રશંસા કરી, તેને મુમુક્ષુ જાણી, શ્રીસત્સંગિજીવન કથા નિમિત્તના મહોત્સવ પ્રસંગે પવિત્ર અને સુંદર કથાના આરંભમાં આ પ્રમાણે મંગળાચરણ શરૂ કર્યું. (૩૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ નામે ભક્તિશાસ્ત્રના પ્રથમસ્કંધમાં શુકાનંદ મુનીને માનસિંહ રાજાનો સમાગમ અને તેણે કરેલા પ્રશ્નનું નિરૂપણ એ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

કેવળ કૃપા દષ્ટિથી જ જેમણે પોતાના આશ્રિત જનોના તાપ સમાવ્યા છે, નખરૂપી મણિઓનાં સમૂહોની કાન્તિથી જેમના કરચરણ શોભી રહ્યાં છે, જેમનાં દર્શનથી નેત્રોને આનંદ થાય છે, સુંદર મુખ હાસ્યની કાંતિથી પરાજીત કર્યો છે. શરદ પૂર્ણિમાનો ચંદ્ર જેમણે, એવા સુંદર શ્વેત વસ્ત્રો ધારણ

કરનારા ધર્મના પુત્ર શ્રીહરિનું હું શુકાનંદમુનિ ચિંતવન કરું છું; પોતાના અતિ સૌંદર્યના ઉત્કર્ષથી જેમણે સેંકડો કામદેવના સૌંદર્યના મહત્ ગર્વને હણ્યો છે, તથા સુંદર વિશાળ વક્ષસ્થળમાં વિરાજી રહેલા પુષ્પના હારથી અતિ શોભાયમાન જણાતા કોઈ સમયે ભક્ત જનોની પ્રસન્નતા માટે શુદ્ધ સુવર્ણના બુટ્ટાદાર વસ્ત્રોને ધારણ કરનારા, સર્વ આત્માઓના અંતર્યામી, ધર્મતનય શ્રીહરિ મારા હૃદયમાં નિવાસ કરો; અનંત બ્રહ્માંડોના બ્રહ્માદિક અનેક અધિપતિઓના મુગટો વડે (તેમના નમસ્કારોથી) જેમનું મહાસિંહાસન ઘસાયેલું છે અર્થાત્ બ્રહ્માદિક દેવતાઓ જેમને નમસ્કાર કરે છે, તથા કલિયુગમાં પાપની જાળને નાશ કરવામાં ચતુર, વળી મોટા મોટા કવિ તથા મુનિવરો પણ આ બ્રહ્માંડમાં શ્રીહરિને ઉપમેય કોઈ વસ્તુ શોધી શક્યા નથી, તેમજ શ્રીહરિની ઉપમાના લેશ ભાગને પણ જે પામ્યા નથી, તેવા શ્રી સહજાનંદ શ્રીહરિને નિરંતર ભક્તિથી હું વંદન કરું છું; સર્વના નિયંતા શુભ ગુણ ગણોના તથા સમગ્ર ઐશ્વર્યના ધામરૂપ, શોભાયમાન, દિવ્ય તથા માનુષી લીલાઓથી અધિક શોભતા, મનુષ્યોના સમૂહને આનંદ પમાડનારા, આ લોકમાં પોતાના દર્શન માત્રથી જ અનેક જનોને સમાધિ પમાડનારા, શ્રી નારાયણ મુનિ મને તેમના ઉત્સવ કહેવામાં અનુકૂળ બુદ્ધિ આપો. (૧-૪)

મુનિરાજ શુકાનંદમુનિ આ પ્રકારે શુભ મંગલાચરણ કરીને માનસિંહ રાજાને કહેવા લાગ્યા. હે રાજન્! સત્સંગિજીવનની કથા સંબંધિ શ્રેષ્ઠ મહોત્સવ હવે હું તમને કહું છું. તમો એકાગ્ર મને સાંભળો. (૫)

હે રાજન્ ! એક સમયે વસંત ઋતુમાં ગુરુઓમાં અગ્રેસર શ્રી રઘુવીરાચાર્ય પોતાની નિત્યવિધિથી પરવારીને એકાંતમાં બેસીને અચ્યુત શ્રીહરિકૃષ્ણનું હૃદયમાં ધ્યાન કરતા હતા. (૬)

પવિત્ર તથા મહાદયા સાગર સમગ્ર પ્રાણીઓના હિતમાં જ તત્પર, અતિ સૂક્ષ્મ, પવિત્ર બુદ્ધિવાળા, જન સમુદાયે પ્રાર્થેલા પ્રિય દર્શનવાળા; વેદો તથા શાસ્ત્રોના સિદ્ધાંતોને જાણનારા, ધીરજતા, ગંભીરતા, ક્ષમાના સ્થાનભૂત, નિરહંકારી, કૃતજ્ઞતાના નિધિ, સમગ્ર શિષ્યોમાં સ્નેહવાળા; પોતાના સમગ્ર ગૃહસ્થ-શિષ્યો તથા ત્યાગીજનો શાસ્ત્રોમાં કહેલા પોતપોતાના ધર્મ માર્ગમાં વર્તાવવા સમર્થ, પોતે દીક્ષા આપેલ જનોને તેમના વર્ણાશ્રમ ધર્મમાં પ્રવર્તાવવાથી, તે તે ધર્મોનું આચરણ કરવાથી, તથા ઘણાં શાસ્ત્રોમાં રહેલા અર્થોનો સંગ્રહ કરવાથી સાર્થક આચાર્યપદને ધારણ કરતા; પોતાના પિતા શ્રીહરિની તમામ આજ્ઞા હંમેશા પાલન કરનારા, મન તથા ઈન્દ્રિયો નિયમમાં કરનારા, ધર્મ કાર્યમાં અતિશય પ્રીતિવાળા; નિરંતર પરમૈકાંતિક જનોના સમાગમની પ્રીતિવાળા, વિનય, ઉપશમ, પ્રતિભાસંપન્ન, સ્મૃતિ, સંતોષ તથા સ્થિરતા; જ્ઞાન વૈરાગ્યાદિથી અતિ શોભાયમાન, અત્યંત કોમળ હૃદયવાળા, જન સમુદાયને શાંતિ કરવામાં ચંદ્ર સદૃશ. હરિકૃષ્ણ ભગવાનના બંને ચરણ કમળોમાં ભ્રમરસમ જેમનું વિશુદ્ધ મન જોડાયેલું છે, સર્વ જનોના હિતકારી, ઉપદેશ પરાયણ, સદ્ અસદ્ના વિવેકમાં વિચક્ષણ; સત્ય, પ્રિય, અને હિતકારી વાણીવાળા, અજ્ઞાન નાશ કરવાના સ્વભાવવાળા, પરમાત્મામાં આસક્તિવાળા, સમગ્ર વિષયોમાં નિસ્પૃહ, હંમેશા ભગવાનના ધ્યાન પરાયણ; અતિશય દુર્ભેદ્ય અવિદ્યાનો તત્કાળ નાશ કરનારી જે ભાગવતી દીક્ષા તે આપવામાં નિપુણ, મહાશ્રદ્ધાવાળા, નિર્મળ જ્ઞાનનિધિ, અંધકાર નાશ કરવામાં મધ્યાહ્નકાળના સૂર્યસમાન, પ્રતિભાશાળી,

મદ, ક્રોધ, કામાદિ દોષોથી રહિત અક્ષર સમાન બ્રહ્મસ્વરૂપ. (૧૫)

ઘણાં કિરણોના સમૂહથી આવૃત્ત થયેલા, પોતાના આત્માને સદા પ્રત્યક્ષપણે જોતા, ભગવાનમાં નિષ્ઠાવાળા તથા બાહ્યેન્દ્રિયોના સંયમના તો સમુદ્ર જેવા, ઉત્સવના ધામરૂપ, બ્રહ્માદિથી અક્ષરમુક્ત પર્યંત સમગ્રને સ્તુતિ કરવા યોગ્ય, અનુપમ, પોતાના પ્રાણપ્રિય, સકળ બ્રહ્માંડોના અધિપતિ, સ્વાશ્રિતોને સુખ આપનારા, સ્વાભાવિક આનંદવાળા શ્રીહરિને પોતાના આત્મામાં જોતા; સર્વ અવતારોના અવતારી, અનુપમ વાત્સલ્યના સમુદ્ર, ધર્મપુત્ર, શ્રીહરિ, પોતાના ભક્તજનોની ભક્તિરૂપ અનુવૃત્તિથી અત્યંત પ્રસન્ન થયેલા અને તેથી જ જનસમૂહના મોક્ષ માર્ગ ભૂત, પોતાની ધર્મ ધૂરા જેને આપી હતી એવા. (૧૭)

હે રાજન્ ! ગુરુ ગુણ અને લક્ષણોથી શોભતા શ્રી રઘુવીરાચાર્ય, શ્રીહરિએ અંતઃકરણમાં પ્રેરણા કરી હોવાથી આ પ્રમાણે વિચાર કરતા હતા. હું સમગ્ર મુનિઓને તથા ગૃહસ્થાશ્રમી ભક્તોને બોલાવીને સત્સંગિજીવનની કથા કરાવું; મારે સત્સંગિજીવનની કથાનો એ શુભ મહોત્સવ કરવો, તેમજ ઉત્સવમાં આવેલા સમગ્ર સાધુજનોને નાના પ્રકારના ઉત્તમ ભોજનો તથા પાકેલી કેરીના રસમાં બહુ ઘી તથા સાકર નાંખીને જમાડવા; વળી તે સમગ્ર ભક્ત જનોના સમૂહની સંભાવના પણ નિરંતર યથા યોગ્ય મારે પ્રીતિપૂર્વક કરાવવી. સમગ્ર ભક્તજનોને આ પ્રસંગે રસોઈ માટે વાસણો તથા પાત્રો, લાકડાં તથા ઘઉંનો લોટ, સુંદર ડાંગરના ચોખા તથા ઉત્તમ દાળ વગેરે તેમની ઈચ્છા પ્રમાણે આપવાં; સત્સંગિજીવનની કથા નિમિત્તનો એ પ્રકારનો મહોત્સવ કરવાથી અતિ નિર્મલ અંતઃકરણવાળા, એકાંતિક સમગ્ર સાધુજનોનો મને ઘણો પ્રસંગ થશે અને ભગવાનનું સ્મરણ તથા દર્શનથી ઘણું સુખ થશે. (૧૮-૨૧)

વળી આ મહોત્સવ કરવાથી ઘણાં પ્રાણિઓનું પણ કલ્યાણ થશે. એટલા માટે મારે આ મોટો ઉત્સવ કરવો. આ શરીર ક્ષણભંગુર હોવાથી આ ધર્મકાર્યમાં વિલંબ કરવો નહીં. (૨૨)

હે રાજન્ ! આ પ્રકારે રઘુવીરાચાર્યજીએ વિચાર કરીને અક્ષરાનંદ આદિ મોટા સાધુજનોને બોલાવી, પોતાના મનનો સંકલ્પ તેમને કહ્યો. તે સાંભળીને મનુષ્યોનું સદા હિત કરવામાં અતિ આસક્તિવાળા સાધુજનો અતિ હર્ષ પામીને કહેવા લાગ્યા. (૨૩)

હે ગુરો ! અમારા હૃદયમાં સત્સંગિજીવનની કથા સાંભળવાનો સંકલ્પ છે. તેથી હરિભક્તિ કરનારા સત્સંગીઓને હિતકારક અને મહાઆનંદ રૂપ આ કાર્ય તમોએ યથાર્થ ધાર્યું છે. (૨૪)

આ પ્રકારે સકળ શિષ્યોના સ્વામી રઘુવીરાચાર્ય તે સર્વે મુનિઓની પ્રસન્નતા જાણીને તેજ ક્ષણે જ્યોતિષ શાસ્ત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ દયારામ પંડિતને બોલાવીને સત્સંગિજીવનની કથાના આરંભનું મુહૂર્ત પૂછ્યું. (૨૫)

પછી દયારામ પંડિતે પોતાની પાઘડીમાંથી પંચાંગ કાઢીને તેમાં જોઈને અષાઢ સુદી ચોથને દિવસે અતિ શ્રેયસ્કર મુહૂર્ત છે તેમ જણાવ્યું. (૨૬)

આ વચન સાંભળીને રઘુવીરાચાર્ય પોતાના તમામ મંદિરોમાં રહેતા ત્યાગી મંડળોને તથા જુદા જુદા દેશમાં રહેતા ગૃહસ્થ ભક્તોને બોલાવવા માટે; હે રાજન્ ! કુંકુમથી છંટાયેલી મંગળ પત્રિકાઓ

લખાવીને બધા મંદિરોમાં તથા દેશોમાં દૂતો દ્વારા સ્નેહથી મોકલવા લાગ્યા. (૨૭-૨૮)

પછી ઉદાર મનવાળા આચાર્ય ધોળા તથા સુંદર સુગંધીમાન કમોદ, સૂત્રસાલ તથા પંખાળીના ચોખા તથા પીળી તુવેરની દાળ, કોકણ દેશનો ગોળ વગેરે ગાડાઓ ભરી ભક્તો પાસે મંગાવતા હતા. (૨૯)

હે નરેન્દ્ર ! રઘુવીરાચાર્યે ગાળેલા ઘીથી ભરેલા સેંકડો કુલ્લાં તથા સાકરની ભરેલી પેટીઓ તથા મહોત્સવને યોગ્ય નાના પ્રકારની બીજી સામગ્રીઓ મંગાવી. (૩૦)

હે રાજન્ ! તે સમયે પૃથ્વીમાં રહેલા આંબાના વૃક્ષો તે રઘુવીરજીના મનોરથો સફળ છે એમ સૂચવતા થકા એકાએક પૂર્વે કદીપણ નહીં થએલા એવા અતિફળવાળાં થયાં. (૩૧)

તે સમયે સમગ્ર પૃથ્વી પણ છ પ્રકારની રસવાળી બની ગઈ. તેમજ સમગ્ર પદાર્થો પણ નવા જેવા જ થઈ ગયા. આચાર્યોમાં શ્રેષ્ઠ રઘુવીરાચાર્યના મંગળકારી ગુણોથી વાછરડાને જોઈને ગાયના આંચળોમાં દૂધ સ્ત્રવે તેની પેઠે, પૃથ્વી પણ રસયુક્ત બની ગઈ. (૩૨)

હે રાજન્ ! ત્યાગી તથા ગૃહસ્થ ભક્તો આચાર્યે મોકલેલી સુંદર મંગળ પત્રિકાને વાંચી મેઘધ્વનિ સાંભળીને મયૂરોની જેમ, મહા હર્ષ પામ્યા. (૩૩)

આનંદથી વ્યાપ્ત ચિત્તવાળા હજારો વર્ણિઓ, મુનિઓ તથા પાર્ષદો આ લોકમાં માનસ સરોવરના હંસોની જેમ વૃત્તાલયમાં આવવા લાગ્યા. (૩૪)

જેમ બીજા જળની સ્પૃહા નહિ રાખતાં અને પોતાની રાહ જોઈને બેઠેલા ચાતક પક્ષીઓના સમૂહને, સ્વાતિ નક્ષત્રનું જળ વર્ષીને અતિ સુખ આપે છે. (૩૫)

તેની પેઠે જ શ્રી રઘુવીરાચાર્યે આરંભેલ આ સત્સંગિજીવનનું કથારૂપી અમૃત, જેની પ્રતીક્ષા આ લોકમાં શ્રીહરિના વિયોગથી તપાયમાન થયેલા ભક્તો કરતા હતા, તે કથા શ્રવણરૂપ અમૃતનો વરસાદ આ તાપની શાંતિ કરશે. (૩૬)

આ પ્રકારે સંકલ્પો કરતા અને શ્રી સ્વામિનારાયણ નામનો મોટેથી ઉચ્ચાર કરતા હરિજનોના સંઘો વરતાલમાં આવતા હતા. (૩૭)

કથામૃતના પાનમાં આસક્ત ચિત્તવાળા, હરિ ભક્તોના સંઘો, માઘ માસમાં તીર્થરાજ પ્રયાગ પ્રત્યે જેમ સંઘ ઉમટે તેમ, દેશાંતરથી રમણીય વૃત્તાલય પુરમાં આવતા હતા. (૩૮)

પક્ષીઓ જેમ પોતાના માળાનો ત્યાગ કરીને પોતાનો ચારો લાવવા માટે દેશાંતરમાં જાય છે, તેની પેઠે હરિજનો પોતાના ઘર છોડીને કથા સાંભળવા વરતાલ આવવા લાગ્યા. (૩૯)

શ્રીહરિના વિયોગથી અતિ તપાયમાન શ્રીહરિના આશ્રિત પુરુષો તથા સ્ત્રીઓના સમૂહ, ધર્મ, જ્ઞાન તથા વૈરાગ્યરૂપ રત્નોથી શોભતા, કથામૃતના સમુદ્રમાં પ્રવેશ કરવા માટે, જેમ દાવાનળથી તપ્ત થયેલા ગજેન્દ્રો અત્યંત શીતળ ભાગીરથીના પ્રવાહને પામીને શાંતિ પામે છે તેમ, પાપ તથા તાપથી નિવૃત્તિ પામી શાંતિ પામવા માટે, આ વૃત્તાલય પુરમાં આવતા હતા. (૪૦-૪૧)

વરતાલમાં આવતા હજારો ત્યાગીજનો તથા અસંખ્ય ગૃહસ્થ ભક્તોને જોઈને માર્ગમાં આવેલા ગામના મનુષ્યો જાણે માનવ સમૂહરૂપ સમુદ્રે મર્યાદા ત્યાગ કરી છે કે શું, એમ તર્ક કરતા હતા. (૪૨)

હે રાજન્ ! ઉત્સવના આરંભમાં મોટા અક્ષરાનંદ મુનિ તથા નારાયણાનંદ નામના બ્રહ્મચારી બંને ગુરુવર શ્રી રઘુવીરાચાર્યની આજ્ઞાથી દેશાંતરથી આવેલા બ્રહ્મચારી તથા સાધુ સમૂહોને રહેવાના સ્થાનો યથાયોગ્ય આપવામાં તત્પર થયા. (૪૩)

દેશાંતરથી આવેલા હજારો મુનિગણો, વર્ણિઓ તથા પાર્ષદો, અક્ષરાનંદ સ્વામી તથા નારાયણાનંદ બ્રહ્મચારીની આજ્ઞાથી શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની સમીપમાં, મંદિરની પશ્ચિમ તથા ઉત્તર દિશામાં રહેલી હવેલીઓમાં, આનંદપૂર્વક નિવાસ કરતા હતા. (૪૪)

હે રાજન્ ! શ્રી રઘુવીરાચાર્યે નડિયાદના નાગર બ્રાહ્મણ દાનતરામ તથા ડભાણના ઉદિચ્ચ્ય બ્રાહ્મણ કરુણાશંકર એ બંનેને, આ ઉત્સવમાં આવેલા ગૃહસ્થજનોની સ્ત્રીઓને ઉતારા આપવાની આજ્ઞા કરી. (૪૫)

એ બંને બ્રાહ્મણોની સંમતિથી બીજા ઘણા બ્રાહ્મણો વનમાળી, મોહનરામ વગેરે પણ હરિભક્તોને નિવાસ આપવાના કાર્યમાં સર્વદા ઉદ્યમે યુક્ત થયા. દાનતરામ વગેરે બ્રાહ્મણો દેશાંતરથી આવેલા પુરુષો તથા સ્ત્રીઓને વરતાલ નગરમાં યથાયોગ્ય ઉતારા કરાવતા હતા. (૪૬)

આ પ્રમાણે પ્રવીણ દાનતરામ તથા અન્ય બ્રાહ્મણોએ મંદિરના પૂર્વભાગમાં લાંબી અને પહોળી ઉત્તમ ધર્મશાળાઓમાં હજારો મનુષ્યો તથા સ્ત્રીઓને નિવાસ કરાવ્યો. (૪૭)

હે નરેન્દ્ર ! શાંતિ કરનાર પવિત્ર સત્સંગિજીવનની કથામૃતના પાન કરવાની ઈચ્છાવાળા કેટલાક સત્સંગી ભક્તજનો વરતાલના શાખા નગરો જોળ, સંજાયા, બામરોલી વગેરેમાં નિવાસ કરતા હતા. (૪૮)

માધવાનંદ બ્રહ્મચારી, અન્ય વર્ણિ સમુદાય, સમગ્ર પાક કાર્યમાં અગ્રેસર હતા. તેઓ બ્રહ્મચારીઓના સમૂહને તથા બ્રાહ્મણોને રસોઈની યોજનામાં માર્ગદર્શન આપતા હતા; પાક કરવામાં અગ્રેસર નારાયણદાસ સાધુ, સમગ્ર મુનિઓ, પુરુષોત્તમદાસ વગેરે સાધુઓને પાક તૈયાર કરવામાં યથાયોગ્ય યોજના કરતા હતા. (૪૯-૫૦)

તે સમયે હરિલાલ નામના વણિકની દ્રવ્ય આપવા લેવા રૂપ કાર્યમાં આચાર્યશ્રીએ યોજના કરી હતી. તે કાર્યમાં તે તત્પર હતા. વળી શિવચંદ્ર તથા ગોવર્ધનદાસ નામના વણિકોને મોદીખાનાના કાર્યમાં આચાર્યે નિયુક્ત કર્યા હતા; સુંદર સ્પષ્ટ અક્ષર લખવામાં પ્રવીણ હસન નામના ભક્ત દેશાંતરમાં પત્રો લખીને મોકલવા તથા સુંદર પાક સિદ્ધિને માટે સામગ્રીઓ લાવવાનું કાર્ય દરરોજ કરતા હતા. (૫૧-૫૨)

ભક્ત હરિભાઈને રઘુવીરાચાર્યે લોકોને ઈચ્છિત ધન આપીને સદા સુખી કરવા માટે નિયુક્ત કર્યા; હે નરેન્દ્ર ! તે સમયે વરતાલ નગરમાં બ્રાહ્મણાદિક સત્સંગીઓ માટેના સેંકડો રસોડાં થયાં હતાં. તથા સત્સંગીજનોનો ભારે સમૂહ ભેળો થયો હતો. (૫૩-૫૪)

વળી નાથજી ભક્ત, હુકજી ભક્ત તથા સજીવ ભક્ત વગેરે પાર્ષદો ભક્તજનોને શાક તથા લાકડાં,

રસોઈના વાસણો વગેરે ઘટે તેમ હંમેશા આપતા હતા; સુવર્ણની છડી ઝાલનારા પ્રભુદાસ ભક્ત આચાર્યની પ્રેરણાથી ભક્તોને કાંઈ ઔષધની જરૂર પડે તો તે આપવાનું કામ કરતા હતા. અંબાઈદાસ આદિ પાર્ષદો આચાર્યની આજ્ઞાથી તેવી રીતની સંભાવનામાં રહેતા હતા. (૫૫-૫૬)

આચાર્યે વર્યે અનેક ત્યાગીજનો તથા પ્રથમાશ્રમી બ્રહ્મચારીઓની ભોજનાદિકથી હંમેશા ઘટે તેમ સંભાવના કરી. (૫૭)

લક્ષ્મીનારાયણ દેવ વગેરેની મૂર્તિઓ તથા આચાર્યશ્રીના દર્શનથી રાજી થયું છે ચિત્ત જેમનું એવા સાધુઓ તથા ગૃહસ્થો ચાતક ગણો સ્વાતિ નક્ષત્રના મેઘની જેમ રાહ જુએ તેમ સત્સંગિજીવનની કથાના અવસરની રાહ જોતા હતા. (૫૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ નામે ભક્તિશાસ્ત્રમાં પ્રથમસ્કંધમાં શુકાનંદમુનિ અને માનસિંહ રાજાના સંવાદમાં શુકાનંદમુનિએ કરેલા મંગળાચરણનું નિરૂપણનામે છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

હે રાજન્ ! મહાપ્રતાપશાળી શ્રીહરિ તથા શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓની સાયંકાળની આરતી થયા બાદ લક્ષ્મીનારાયણના ઊંચા મંદિરની પશ્ચિમ દિશામાં અત્યંત વિસ્તારવાળા સુંદર ચોકમાં મનોહર મોટી સભા થઈ. (૧-૨)

સભાના મધ્યમાં કોમળ રૂની ભરેલી ગાદી યુક્ત બેઠક ઉપર સદ્‌ગુણ નિધિ શ્રી રઘુવીરાચાર્ય બેઠા. (૩) સભામાં ત્યાગીઓ તથા ગૃહસ્થ આદિ હજારો ભક્તો આચાર્યને અભિવાદન કરીને પોતપોતાની મર્યાદાથી બેઠા. (૪) હે રાજન્ ! પછી પ્રસન્ન વદન આચાર્ય વર્યે સભામાં બેઠેલા સમગ્ર ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તજનોને ઉપદેશ આપવાના હેતુથી નાસિકાના અગ્રભાગ ઉપર તર્જની આંગળીની ચેષ્ટાથી (મૌન મુદ્રાથી) સૌને મૌન કર્યા. (૫)

પછી મૌન બેઠેલા ભક્તો તથા પોતાના મુખ તરફ નેત્રોવાળા સભાજનોને આનંદ આપતા પ્રીતિપૂર્વક રઘુવીરાચાર્ય આ પ્રમાણે મધુર વચન કહેવા લાગ્યા; શ્રી રઘુવીરાચાર્ય કહે છે. હે ભક્તજનો ! સત્સંગિજીવન નામના ગ્રંથની કથાનો આરંભ આવતી કાલે પ્રાતઃકાળમાં ઉત્તમ મુહૂર્તમાં કરવાનો છે. (૬-૭)

તેથી હે જનો ! સવારમાં નિત્યવિધિ કરીને તમારે સૌએ આ શુભ કથા સાંભળવા માટે આવવું. લક્ષ્મીનારાયણની મંગળા આરતી પછી શણગારની આરતી સુધી કથા હંમેશા સાંભળવી. (૮-૯)

હે જનો ! તેવી રીતે જ બપોર પછીથી તે સાયંકાળની આરતી થાય ત્યાં સુધી કથા સાંભળવી. સંધ્યા આરતી થયા પછી શયનની આરતી થાય ત્યાં સુધી સર્વ ભક્તનોએ મંગળકારી કથામૃતનું પાન

કરવું. (૧૦-૧૧)

આ પ્રમાણે તમારે દરરોજ ત્રણ વખત અત્યંત સાવધાનતાથી શ્રદ્ધાપૂર્વક કથા સાંભળવી. કથાશ્રવણ સમયે બીજા સંકલ્પો ન કરવા અને પ્રસન્નચિત્તથી નિરંતર કથા સાંભળવી. (૧૨-૧૩)

હે ભક્તો ! અતિ પવિત્ર અને સર્વોત્તમ આ વડતાલ ધામમાં કોઈએ ક્યારેય પણ ગ્રામ્ય વાર્તાતો ન જ કરવી. કથા શ્રવણ કરનાર ગૃહસ્થ ભક્તો તથા તેમની સ્ત્રીઓએ યથા યોગ્ય ફળને આપનારું બ્રહ્મચર્ય હંમેશા પાળવું. (૧૪-૧૫)

સર્વ અવતારના કારણ-ધર્મપુત્ર શ્રીહરિનું ધ્યાન પ્રમાદ રહિત થઈને સર્વ ભક્તોએ ભક્તિપૂર્વક નિરંતર કરવું. હે જનો ! તમારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉપદેશ આપનારી, હિતકારી શ્રી ગુણાતીતાનંદ સ્વામી આદિ સંતોની વાતો દરરોજ આદરપૂર્વક સાંભળવી. (૧૬-૧૭)

આ કથા પ્રસંગે એકાંતિક સંતોના સમાગમનો લાભ તમોને મળશે. તેવા સમાગમનો લાભ તમોને ફરી દુર્લભ છે. કેમ કે, આ દેહ ક્ષણભંગુર છે. મંગળા, શણગાર, રાજભોગ, સાયંકાળ અને શયન એ પાંચ આરતીના સમયમાં શ્રી લક્ષ્મીનારાયાયણ દેવના દર્શન કરતાં દુર્બળ ભક્તોને પીડા થાય એવી ભીડ મંદિરમાં કરવી નહિ. (૧૮-૧૯)

દરરોજ ગોમતી તીર્થમાં બેવાર સ્નાન કરવા માટે તમો જ્યારે જાઓ ત્યારે માર્ગમાં શ્રીહરિની સ્મૃતિ કરવી તથા શ્રીહરિનું નામોચ્ચારણ કરવું. ધર્મના પુત્ર પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાનના શોભાયમાન ચરણકમળના ચિન્હોથી તીર્થરૂપ કરાયેલા સર્વ સ્થાનોનાં આદરપૂર્વક દર્શન કરવા. (૨૦-૨૧)

શ્રીહરિના આશ્રિત તમોએ મન, વાણી અને શરીરથી હંમેશાં શ્રીહરિની પ્રસન્નતા માટે તેમની ભક્તિ પરાયણ થવું. પોતાના મોક્ષરૂપ સ્વાર્થ સાધવામાં કોઈ પણ ભક્તોએ આ અવસરમાં સત્સંગિજીવનની કથાના તથા સાધુ જનોનો ઉપદેશ શ્રવણમાં પ્રમાદ ન રાખવો. પ્રમાદ રહિત થઈને કથા સાંભળવાથી પરમ સુખ થાય છે. (૨૨-૨૩)

પોતાની શક્તિ પ્રમાણે અને પોતાની અવસ્થાને અનુસરીને મોક્ષની ઈચ્છાવાળા સર્વ ત્યાગી સાધુઓએ ચાતુર્માસમાં (આષાઢ સુદી એકાદશીથી આરંભીને કારતક સુદી એકાદશી પર્યન્ત) શ્રીહરિની પ્રસન્નતા માટે વિશેષ નિયમો આદરપૂર્વક ધારણ કરવા. શ્રદ્ધાવાળા ત્યાગીઓએ પ્રત્યક્ષ ધર્મપુત્ર શ્રીહરિની પ્રસન્નતા માટે ધારણા પારણાદિ વ્રતો કરવાં. (૨૪-૨૫)

ત્યાગી જનોની માફક ચાતુર્માસમાં ગૃહસ્થ ભક્તોએ તથા સ્ત્રીઓએ પણ શ્રીહરિની પ્રસન્નતા માટે વિશેષ નિયમો આદરપૂર્વક ધારણ કરવા. (૨૬)

જે ભક્તજન સર્વ તીર્થોમાં ઉત્તમ શુભ ગોમતી તીર્થમાં સ્નાન કરીને શ્રીહરિની દિવ્ય મૂર્તિના લક્ષ્મીનારાયણાદિ દેવના તથા સાધુપુરુષના દર્શન કરે છે; તે ભક્ત જન સર્વતીર્થોનું તથા સર્વ યજ્ઞો કર્યાનું ફળ પામે છે. સર્વોપરી શ્રીહરિનું આ સર્વોત્કૃષ્ટ સ્થાન છે. (૨૭-૨૮)

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે નરેન્દ્ર ! શ્રી રઘુવીરાચાર્યની મધુર વાણી સાંભળીને સભામાં બેઠેલા ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો આનંદ પામ્યા. પછી બંને હાથ જોડીને શ્રી રઘુવીરાચાર્યને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૯)

હે આચાર્યરાજ ! તમોએ જે શિક્ષા વચન કહ્યા તે પ્રમાણે અમો સર્વે પ્રીતિથી દરરોજ વર્તિશું. ગુરુશ્રેષ્ઠ શ્રી રઘુવીરાચાર્ય તેમની વાણી સાંભળીને પોતાના હૃદયમાં આનંદ પામ્યા. (૩૦)

તે સમયે શિલ્પ કળામાં નિપુણ સુથાર જ્ઞાતિના ભક્ત ભગુજી, પુરાણીને બેસવા માટે નિર્માણ કરેલું ચિત્રોથી અંકિત કરેલું, અતિ સુંદર સિંહાસન હાથમાં લઈને તે સભામાં હર્ષપૂર્વક આવતા હતા. પછી ગુરુવર રઘુવીરાચાર્ય તે સુંદર સિંહાસન જોઈને હર્ષ પામ્યા અને ભગુજી ભક્તને ભગવાનની પ્રસાદિરૂપ વસ્ત્રાદિ, પારિતોષક આપ્યું. પછી શુભ કથા કહેવાના સ્થાનરૂપ તે સિંહાસનને પોતાના સેવકો પાસે પ્રીતિપૂર્વક યોગ્ય સ્થાનમાં સ્થાપન કરાવ્યું. (૩૧-૩૨)

પછી શ્રી રઘુવીરાચાર્ય સભામાં બેઠેલા સમગ્ર ભક્તજનોને આ પ્રમાણે કહેવા લાગ્યા : હે ભક્તો ! આ કથાના ઉત્સવમાં જે ભગવાનના ભક્તજનોને જે જે વસ્તુ જોઈતી હોય તે તે વસ્તુ અમારી આજ્ઞાથી અમારા અધિકારી જનો પાસેથી માંગી લેવી. (૩૩)

પછી સત્પુરુષોમાં પ્રીતિવાળા શ્રી રઘુવીરાચાર્ય સમગ્ર ભક્તજનોને પોત પોતાના ઉતારામાં જવા માટે આજ્ઞા આપીને, પોતે પોતાના ઉતારામાં ગયા. હે નરપતે ! આનંદ પામેલા. સર્વે ત્યાગીજનો તથા ગૃહસ્થ ભક્તો, શ્રી હરિનું સ્મરણ કરતા કરતા પોતપોતાના ઉતારામાં ગયા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં આચાર્યે સ્વશિષ્ય શિક્ષા નિરુપણ નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : આચાર્યવર્ય શ્રી રઘુવીરાચાર્ય રાત્રીનો એક પ્રહર બાકી રહ્યો તે સમયે જાગ્યા. પછી શૌચ તથા સ્નાન કરીને વેદની આજ્ઞા પ્રમાણે સંધ્યા વંદનાદિ નિત્ય વિધિ કરતા હતા. (૧)

પ્રભાતમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની મંગળા આરતી થઈ તે સમયે દેવનાં દર્શન કરવા માટે પાર્ષદોથી વિંટાએલા ગુરુરાજશ્રી રઘુવીરાચાર્ય મંદિરમાં આવ્યા. (૨)

શ્રી ગોમતી તીર્થમાં સ્નાન કરીને તથા પોતપોતાનો નિત્ય વિધિ કરીને ત્યાગી તથા ગૃહસ્થ ભક્તો તે સમયે લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા માટે મંદિરમાં આવ્યા. (૩)

હે રાજન્ ! દર્શન કર્યા પછી તે મંદિરની ઉત્તર દિશાએ વિશાળ ધર્મશાળા છે ત્યાં ત્યાગીઓ તથા ગૃહસ્થોની સભા થઈ. તે સભાના મધ્યમાં કથાના વક્તા પુરાણીને બેસવા માટે અતિ ઊંચુ રમણીય નવીન

સિંહાસન, વક્તાનું મુખ પૂર્વદિશા તરફ રહે તેવી રીતે, ભક્તજનોએ હર્ષપૂર્વક સ્થાપન કર્યું. (૪-૫)

પછી ચંદન પુષ્પાદિ ઉપચારોથી ભરેલા ચાંદીના સારાં વાસણો લઈને પોતાના સેવકો તથા બંધુ વર્ગ સહિત ગુરુરાજ શ્રી રઘુવીરાચાર્ય સભામાં આવ્યા. તેમને દૂરથી આવતા જોઈને સમગ્ર સભાજનો ઉઠીને નમસ્કાર કરતા હતા. રઘુવીરાચાર્ય સભામાં આવીને સાધુઓને નમસ્કાર કરીને પોતાને બેસવા યોગ્ય સુંદર સિંહાસનમાં બેઠા. તેમની સમીપમાં તેમના બંધુજનો ઘટે તેમ બેઠા. રઘુવીરાચાર્ય પણ પુરાણીના આસન સન્મુખ જેમ ઘટે તેમ હર્ષથી બેઠા. (૬-૮)

હે રાજન્ ! ગુરુના જમણા ભાગમાં હજારો સાધુઓ બેઠા, તેમના ડાબે પડખે બ્રહ્મચારી સમુદાય પોતાની યોગ્યતા પ્રમાણે હર્ષથી બેઠો. શ્રીમદાચાર્યના પાર્ષદો આચાર્યવર્ય શ્રી રઘુવીરજીની પછવાડે યોગ્યતા પ્રમાણે બેઠા. ગૃહસ્થ ભક્તો પુરાણીના સુંદર સિંહાસન પાછળ અધિકાર અનુસાર બેઠા. (૯-૧૦)

તે સભાના દક્ષિણ ભાગમાં જે હવેલી હતી તેની ધર્મશાળામાં, સુંદર આસન ઉપર પતિવ્રતા સ્ત્રીઓએ સ્તુતિ કરવા યોગ્ય આચાર્યશ્રીના સુજ્ઞ પત્ની કથા સાંભળવા સારું બેઠા હતાં. તેમની સામે તેમના જેઠાણી, દેરાણી, નણંદ તથા હરિભક્તોની સ્ત્રીઓ તે સભામાં પોતપોતાને ઘટે તેવા આસનો ઉપર સન્માન પુરઃસર બેઠા. તે સમયે આચાર્ય પત્નીએ દેશાંતરથી કથા સાંભળવા માટે આવેલી સર્વ સ્ત્રીઓનો આદર સત્કાર કર્યો. તે પછી સત્કાર પામેલી તે સ્ત્રીઓ તે મહાસભામાં બેસતી હતી. (૧૧-૧૩)

આર્ય પુરુષોમાં ઉત્તમ શ્રી રઘુવીરાચાર્યની પ્રેરણાથી પાર્ષદ જીવણ ભક્તે પુરાણીના આસન ઉપર કોમળ અને નવીન રૂની ગોદડી બિછાવી. રમણીય સિંહાસનમાં જીવણભક્તે કોમળ અસ્તરથી આચ્છાદિત અને સુંદર ચિત્રોવાળો બાજઠ સત્સંગિજીવન પુસ્તક મુકવા માટે મૂક્યો, (૧૪-૧૫)

પછી ગુરુરાજ રઘુવીરાચાર્યે પોતાના આશ્રિત અને વેદપુરાણ આદિ શાસ્ત્રોમાં નિપુણ, શુભ ગુણોવાળા પુરાણ વક્તા શ્રી ભોળાનાથ ભટ્ટને બોલાવ્યા. એટલે સત્સંગિજીવનનું વિસ્તૃત પુસ્તક લઈને ભોળાનાથ ભટ્ટ પોતાના શિષ્યગણ ભાનુશંકર તથા રાજારામ વગેરે સાથે પ્રસન્ન ચિત્તથી ત્યાં આવ્યા. (૧૬)

પ્રેમાળ આચાર્ય વર્યની અનુવૃત્તિ સમજવામાં કુશળ, જીતેન્દ્રિય; મદથી રહિત, શાસ્ત્રીય શબ્દો જે પ્રકરણમાં આવે તેને અનુસરીને તેના અર્થ કહેવામાં સ્ફુર્તિવાળા, ભોળાનાથે આનંદ પૂર્વક આચાર્યને પ્રણામ કર્યા. પછી શ્રી ગુણાતીતાનંદ સ્વામી આદિ સંતો તથા અખંડાનંદ, નારાયણાનંદ આદિ બ્રહ્મચારી તથા રતનજી આદિ પાર્ષદો તથા ગૃહસ્થ સર્વે સત્સંગીઓને નમસ્કાર કર્યા. પછી ગુરુની આજ્ઞા લઈને સુંદર વ્યાસાસન ઉપર કથા વાંચવા બેઠા. (૧૭)

હે પૃથ્વીપતે ! વિધિ પ્રવીણ ગુરુવર શ્રી રઘુવિરે કસ્તુરી યુક્ત સુંદર ચંદન, કુંકુમ, અક્ષત, જાતજાતના પુષ્પના હાર તથા ધૂપ દીપ યુક્ત વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ફળો તથા રૂપામહોરો વગેરે ઉપચારોથી વિધિ યુક્ત શ્રી સત્સંગીજીવનના ગ્રંથની પૂજા કરી. પછી વિવિધ પ્રકારના વાદ્યોના ધ્વનિ સાથે આરતી કરી. (૧૮-૧૯)

ચંદન, કેસર, કપુર મિશ્રિત ચંદન તથા મોગરાદિ પુષ્પો, હાર, બાજુ બંધ અને તોરા વગેરે સામગ્રીઓ વડે ભોળાનાથ પુરાણીની પૂજા કરી. પછી રઘુવીરાચાર્ય સુગંધીમાન કુંકુમ અને મનોહર પુષ્પના

હારથી મુનિઓ તથા વર્ણિઓની પૂજા પ્રીતિપૂર્વક કરીને સત્સંગિજીવન પુસ્તકને અભિવાદન કરીને શુભ કથા સાંભળવામાં ઉત્કંઠાવાળા પોતાના શ્રેષ્ઠ આસનમાં બેઠા. (૨૦-૨૧)

અતિ પવિત્ર અને શ્રીહરિની ભક્તિમાં પ્રીતિવાળા ભોળાનાથ પુરાણીએ પ્રસન્ન વદને આ પ્રમાણે મંગળાચરણ શરૂ કર્યું. (૨૨)

પોતાના દિવ્ય તેજથી અતિતીવ્ર પાખંડ માર્ગને મૂળમાંથી વિનાશ કરતા, ગર્વિત કામ દેવનો પરાભવ કરતા મુનિજનોના એક સ્વામી, સાધુ પુરુષોના પક્ષવાળા, સ્વાર્થમાં વિચક્ષણ, સર્વનિયંતા, મનોહર આકૃતિવાળા, શાંત ધર્મના શ્રી સહજાનંદનું રાત્રિ દિવસ હું મારા હૃદયમાં સ્મરણ કરું છું. મનુષ્યોના અંતઃકરણમાં રહેલા અનાદિ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી, સૂર્યને જેણે વિસ્મિત કર્યો છે, વળી ભગવાન, સાધુ, સદ્‌ધર્મ અને એ ત્રણેનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર એ ચારમાં પ્રીતિવાળા, તેથી નિર્મળ હૃદયવાળા મુક્તોએ જેમના દિવ્ય વિગ્રહને ધ્યેય માન્યું છે, તેમજ આલોકમાં ભક્ત જનોના અતિ વિકટ જન્મ મરણના પ્રવાહને તત્કાળ નાશ કરનારા સર્વોપરી શ્રીહરિના દિવ્ય સ્વરૂપને એ મુનિઓ સહિત મારા હૃદયમાં હું ભજું છું. નિર્મળ હૃદયવાળા એકાંતિક સાધુઓના સમીપમાં રહેલા અતિ શ્રેષ્ઠ, મલિન હૃદયવાળા જનોથી અતિ દૂર રહેલા શ્રુતિગણોએ કહેલા અનાદિ સિદ્ધ, પોતાના જનોને સર્વોત્તમ મોક્ષ આપનારા, સ્વતંત્ર અને સત્ય એવા શ્રીહરિ જેમનું સ્વામિનારાયણ મંત્રથી ભજન થાય છે, તેમને હંમેશા હું અતિ હર્ષપૂર્વક નમસ્કાર કરું છું. (૨૩-૨૫)

હે રાજન્ ! મહાબુદ્ધિશાળી પુરાણીએ આ પ્રકારે સ્પષ્ટ વાણીથી સુંદર મંગળાચરણ કર્યું. ત્યારબાદ શ્રીહરિકૃષ્ણ ભગવાનની અમૃત લીલારૂપી શ્રોતાજનોને આનંદ ઉપજાવનારી શુભ કથા વાંચવા લાગ્યા. (૨૬)

સર્વ અર્થને સ્પષ્ટ અને મધુરવાણીથી સમજાવતા પુરાણી આચાર્ય પ્રમુખ તથા અસંખ્ય શ્રોતાઓને રંજન કરતા હતા. સમગ્ર શ્રોતાજનો હર્ષપૂર્વક, નિશ્ચલતાથી અને એકાગ્રવૃત્તિથી સ્વાતિ નક્ષત્રમાં મેઘના જળને ચાતક પક્ષીઓ જેમ પાન કરે છે, તેમ આ કથામૃતનું પાન કરતા હતા. સ્વાતિ નક્ષત્રમાં વર્ષતા મેઘના જળને સમુદ્રમાંથી ઊંચે ઊછળીને છીપ જેમ ગ્રહણ કરે છે, તેમજ વક્તાના મુખ થકી કથાના આ મધુર શબ્દો સર્વે જનો ગ્રહણ કરતા હતા. આ પવિત્ર કથામૃતને હર્ષથી અને આદરપૂર્વક પાન કરતા ભક્તજનો જેમ વાયુના સ્થાનમાં દીપકની શીખા સ્થિર રહે છે, તથા સમાધિસ્થ યોગિજનો જેમ નિશ્ચલ અંગવાળા હોય છે, તે રીતે સ્થિર થઈ ગયા હતા. શ્રીહરિની દિવ્ય લીલાના અમૃતરૂપ માધુર્યને ધારણ કરનારી, આત્મા પરમાત્માનું જ્ઞાન શ્રોતાઓને કરાવતી, અને તેથી જ કલ્યાણ કરનારી, તે કથાને સાંભળવા માટે તે સમયે વિમાનમાં બેસીને બ્રહ્માદિ દેવતાઓ હર્ષપૂર્વક આવ્યા. વળી બદરિવનમાં રહેલા મુક્તો, શ્વેતદ્વિપના મુક્તો તથા ગોલોક વગેરે ધામના મુક્ત સમુદાય આ સભામાં કથા સાંભળવા આવ્યા હતા. (૨૭-૩૨)

સમગ્ર બ્રહ્માદિ દેવો તથા મુક્તો પ્રસન્ન થઈને તે વખતે વૃત્તાલય નગરમાં તથા સભામાં સુગંધીમાન સુંદર ચંદન તથા પુષ્પની વૃષ્ટિ વારંવાર કરીને સમગ્ર જનોને આશ્ચર્ય પમાડતા હતા. સમાધિ પામેલા ઘણાં મુનિઓ તથા બીજા હરિભક્તો, આકાશમાં અસંખ્ય વિમાનો તથા બ્રહ્માદિ દેવો તથા મુક્તોને, પ્રત્યક્ષ જોતા

હતા. સમાધિમાંથી જાગ્રત થયા પછી આ દિવ્ય ઘટના બીજા ભક્તોને કહેતા હતા. (૩૩-૩૪)

હે રાજન્ ! ત્યાં ક્યારેક ક્યારેક આ પ્રકારનું આશ્ચર્ય ભગવાનના પ્રતાપથી થતું હતું. જે આશ્ચર્ય જોઈને અનેક મુમુક્ષુઓ શ્રીહરિનો આશ્રય કરતા હતા. (૩૫)

છ શાસ્ત્રો, ઈતિહાસ, વેદો, આગમ (પંચરાત્ર) પુરાણાદિ ગ્રંથ સમુદાય આદિ મૂર્તિમાન સ્વરૂપે કથા સાંભળવા માટે આકાશમાં દેવતાઓ સાથે આવ્યા હતા. કથા શ્રવણ કર્યા પછી તેઓ હર્ષથી બોલવા લાગ્યા. (૩૬)

આ ગ્રંથમાં જેવું ભગવાનનું સ્વરૂપ કહ્યું છે તેમજ ધર્માદિનું લક્ષણ જેવું કહ્યું છે. તેવી રીતે કહેવા માટે અમે સમર્થ નથી. તેથી સમગ્ર ગ્રંથોમાં શ્રેષ્ઠ આ ગ્રંથ અમોને પૂજ્ય છે અને માન્ય છે. (૩૭)

કથા સમાપ્તિ થયા પછી ગુરુવર રઘુવીરાચાર્યની આજ્ઞા લઈને, મનોહર શ્રી હરિકૃષ્ણમાં મન અર્પણ કરનાર, મુનિ શ્રેષ્ઠ શ્રી ગુણાતીતાનંદ સ્વામી શ્રેષ્ઠ સિદ્ધાંતો સહિત અનેક દૃષ્ટાંતોથી ધર્મ, જ્ઞાન, સંબંધી શ્રીહરિની દિવ્ય વાતો કરતા હતા. (૩૮)

આચાર્યતિલક રઘુવીરાચાર્ય પણ શ્રી ગુણાતીતાનંદ મુનિની માફક શ્રીહરિના માહાત્મ્ય તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધર્મથી ભરપૂર વેદ તથા શાસ્ત્ર સંમત ગાંભીર્યાદિ ગુણથી શોભતી, સુંદર દૃષ્ટાંતોથી વિદ્વજ્જનોને આનંદ કરાવતી, બુદ્ધિમાં પ્રકાશ કરતી, વાતો કરતા હતા. (૩૯)

આ પ્રકારે સવારે, બપોરે તથા રાત્રે પાપમોચની અને મુક્તિ આપનારી આ કથા થતી હતી. પછી શ્રોતાજનો પોત પોતાના સ્થાનમાં જઈને સર્વે ભેગા થઈને સાંભળેલી કથા સ્મરણ પૂર્વક અંદર અંદર કહેતા અને અતિ હર્ષથી સાંભળતા હતા. શ્રીહરિના લીલાચરિત્ર અને સ્વરૂપ સંબંધી આ વાતો સર્વ ભક્તો તથા સાધુઓ ઘણા ભાવથી સાંભળતા હતા. તે પછી તે કથાનું મનન તથા નિદિધ્યાસ કરતા હતા. આ પ્રસંગે કેટલાક ત્યાગીઓ ધારણા-પારણા તથા ચાંદ્રાયણના વ્રતો શ્રીહરિની પ્રસન્નતા માટે શ્રદ્ધાથી કરતા હતા. (૪૦-૪૧)

ગૃહસ્થ ભક્તજનો ચાતુર્માસમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની અનુપમ પ્રસન્નતા માટે વિવિધ પ્રકારના વ્રતો કરતા હતા. સ્ત્રીઓ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે વ્રતો કરતી હતી. આ પ્રસંગે સર્વજનો ઊંચા સ્વરથી પ્રગટ ભગવાનના નામનો ઘોષ કરતા હતા. તે ઘોષ સમગ્ર દિશાઓમાં વ્યાપી ગયો. (૪૨)

સર્વ ભક્તજનો ધ્યાનયજ્ઞ, જપયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, તપયજ્ઞ તથા કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતો, અતિ પ્રેમથી કરતા હતા. સમગ્ર ઈશ્વરોના અધીશ શ્રીહરિને દરરોજ પ્રત્યક્ષ જેમ હોય તેમ કેટલાક ભક્તો સ્વપ્નમાં જોતા હતા. હે રાજન્ ! શ્રીહરિના સ્વપ્નમાં દર્શન પામનાર ભક્તજનોના પરમ ભાગ્યનું વર્ણન કરવા માટે હું શક્તિમાન નથી. (૪૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુ રૂપ ભક્તિ શાસ્ત્રમાં સભાવર્ણન નિરૂપણનો પ્રથમ સ્કંધનો આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદ કહે છે : અતિ ઉદાર આચાર્યવર્ય શ્રીરઘુવીરજી હજારો ત્યાગીજનોને સાકર, ઘી, સહિત આમ્રરસ તેમજ રોટલી વગેરે ભોજનોથી તૃપ્તિ પમાડતા હતા. પોતાના આશ્રિતોને સદા સુખકર હોવાથી મહત્તાને પામેલા ગુરુવર્ય શ્રીરઘુવીરાચાર્ય ત્યાગીજનોની લાંબી પંક્તિમાં ફરતા ફરતા તેમને સાકર, ઘી તથા આંબાનો રસ બે માસ પર્યન્ત રોજ પીરસતા હતા અને એ રીતે તેમને તૃપ્તિ પમાડતા હતા. તે જ પ્રકારે અસંખ્ય ભક્તજનોને પણ સાકર, ઘી યુક્ત આમ્રરસથી તથા સુંદર પુરીઓ વગેરે શ્રેષ્ઠ ભોજ્ય પદાર્થોથી દરરોજ તૃપ્તિ પમાડતા હતા. શ્રીરઘુવીરાચાર્ય, તેવી જ રીતે ક્યારેક ઘી સાકરના લાડુઓ તથા સાકરનો શીરો તથા ઉત્તમ પુરીઓ, કંસાર આદિક ભોજનોથી સમગ્રજનોને તૃપ્તિ પમાડતા હતા. શ્રીરઘુવીરજી ક્યારેક સાકર સહિત દૂધપાક તથા પુરીના ભોજનોથી, ક્યારેક સાકરે સહિત કેસરના બિરંજના ભોજનથી સમગ્ર ત્યાગીજનોને હર્ષપૂર્વક જ તૃપ્તિ પમાડતા હતા. (૧-૫)

વળી ક્યારેક તો મોતીયા લાડુ, ક્યારેક માલપુવા અને ક્યારેક જલેબી, પેંડા, બરફી વગેરે સુંદર ભોજનોથી શ્રીરઘુવીરાચાર્ય સૌને તૃપ્તિ પમાડતા હતા. આ પ્રમાણે ઉત્તરોત્તર અતિસુંદર રસવાળાં ભોજન વડે કથાની સમાપ્તિ સુધી અસંખ્ય જનોને તૃપ્તિ પમાડતા હતા ને ઉદાર ચરિત્રથી પૃથ્વીના સર્વ રાજાઓ વિસ્મય પામતા હતા. (૬-૭)

હે રાજન્ ! અતિ ઉદાર ગુરુશ્રેષ્ઠ શ્રીરઘુવીરજી આ બ્રહ્મયજ્ઞમાં આવેલા અનેક અર્થીજનોને ઇચ્છિત અન્નાદિકથી હંમેશા સંભાવના કરતા હતા. (૮)

કોઈને પણ કોઈ વસ્તુની ના નહિ કહેતા, રઘુવીરાચાર્ય 'ન'કાર શબ્દ ભણ્યા નથી કે શું? અથવા ભણ્યા હશે તો તે શબ્દ તેમને વિસ્મૃત થયો છે કે શું ? (આ રીતે દાન આપતા રઘુવીરાચાર્યને જોઈને) યાચકજનો મહા આશ્ચર્ય પામતા હતા. (૯)

આ બ્રહ્મસત્રમાં ''દીયતામ દીયતામ્ અથવા ગૃહ્યતામ્ ગૃહ્યતામ્'' ''આપો આપો'' ''લ્યો લ્યો'' આ પ્રકારના શબ્દ હંમેશા સંભળાતા હતા. આ બ્રહ્મસત્રમાં આવેલા સર્વમનુષ્યોના પાપના પુંજનો નાશ થઈ ગયો. (૧૦)

હે નરપતે ! શ્રી રઘુવીરાચાર્યને સર્વ ત્યાગી તથા ભક્તજનો સંદર સુગંધીમાન ચંદન, કુમકમ તથા પુષ્પના હાર, પુષ્પોના બાજુબંધ, તોરા, ગુચ્છ વગેરેથી ભક્તિપૂર્વક પ્રતિદિન પૂજતા હતા. (૧૧-૧૨)

કેટલાક ભક્તો સુગંધીમાન પુષ્પની માળાઓ, પુષ્પના મંડિલ, આચાર્યવર્યને ધારણ કરાવતા હતા. વળી કેટલાક ભક્તો પુષ્પની ટોપી બનાવીને આચાર્યશ્રીને ધરાવતા હતા. સર્વ હરિભક્તો આચાર્યના બંધુવર્ગને તેમજ સમગ્ર ત્યાગીઓને પણ ચંદન-પુષ્પાદિ હારોથી પૂજતા હતા. જ્યારે સ્ત્રીઓ ગુરુપત્નીને પૂજતી હતી. (૧૩-૧૪)

કાર્તિક સુદી પ્રબોધિની એકાદશીને દિવસે સકળ પાપને નાશ કરનારી, સંસાર સમુદ્રની નૌકાસમ

સત્સંગિજીવનની કથા સમાપ્ત થઈ. (૧૫)

હે રાજન્ ! શ્રી રઘુવીરાચાર્ય કથાની સમાપ્તિને દિવસે સુગંધીમાન સુંદર ચંદન કુંકુમ, પુષ્પના હાર, સાકરના નૈવેદ્યો તથા બીજા ઉપચારોથી સત્સંગિજીવનના પુસ્તકને આદરપૂર્વક પૂજીને, મહા આરતી કરતા હતા. પછી તે ગ્રંથના વક્તા ભોળાનાથ પુરાણીને પૂજતા હતા. આ સમયે વિવિધ વાજિંત્રોનો મધુર ધ્વનિ સર્વત્ર પ્રસરી રહ્યો હતો. (૧૬-૧૭)

હે રાજન્ ! રઘુવીરાચાર્યે પુરાણીને મહામૂલ્યવાળાં વસ્ત્રો, અલંકારો તથા હજાર રૂપાની મુદ્રાથી ભરેલો ચાંદીનો થાળ અર્પણ કર્યો. (૧૮)

વળી વિનયવાળા વિધિજ્ઞ શ્રી રઘુવીરાચાર્ય સુગંધીમાન સુંદર ચંદન, તથા પુષ્પના હારથી વર્ણિઓની તથા મુનીજનોની પૂજા વિધિ-પ્રમાણે કરતા હતા. વળી આચાર્યશ્રી વર્ણિ તથા મુનિગણને નવીન વસ્ત્રો આપતા હતા. ત્યારબાદ સમગ્ર વર્ણિવર્ગને નમસ્કાર કરી અતિ વિનમ્ર આચાર્યવર્ય પોતાના આસને બેઠા. (૧૯-૨૦)

તે પછી હે રાજેન્દ્ર ! હજારો શ્રોતાજનો પણ રૂપિયા તથા વસ્ત્રોથી સદ્‌વૃત્તાન્તવાળા પુરાણી ભોળાનાથની હર્ષપૂર્વક પૂજા કરતા હતા. (૨૧)

પછી આચાર્યે સોનાના શણગારોથી શણગારેલા અશ્વ ઉપર આદપૂર્વક પુરાણીને બેસાડીને મંગળ ધ્વનિ તથા ગીતોના શબ્દો તથા બંદૂકોના અવાજથી નગર જનોને અતિ વિસ્મય પમાડતા, ભક્તજનોના સંઘની સાથે, ભોળાનાથને તેમને ઘેર-પહોંચાડ્યા. (૨૨)

હે રાજન્ ! ગુર્વેન્દ્ર શ્રી રઘુવીરાચાર્ય બીજે દિવસે જ ત્યાગી સમૂહને તેમજ લાખો હરિભક્તોને જલેબીના ભોજન અત્યંત પ્રીતિપૂર્વક જમાડતા હતા. એકાંતિક ધર્મના પોષણ કરવામાં પ્રવીણ, આચાર્ય તે સમયે આવેલા હજારો વિપ્રોને, પુરજનોને તથા બીજાને પણ ભોજન કરાવતા હતા. (૨૩-૨૪)

અતિ પ્રસન્ન હૃદયવાળા શ્રી રઘુવીરાચાર્યે ત્યાં આવેલા હજારો બ્રાહ્મણોને પૃથ્વીનું તથા બીજા અનેક પ્રકારના દાન આપ્યા. તે સમયે મેઘની માફક શ્રી રઘુવીરને જોઈને, તેમને જોનારા સર્વ ભક્તજનો તથા તેમની કીર્તિ સાંભળનારા મનુષ્યો વિસ્મય પામતા હતા. (૨૫)

હે રાજન્ ! પછી ધર્મ ધૂરા ધારણ કરનારા મહાન આચાર્ય, આ મંદિરમાં રહીને કથા સાંભળતા મુનિગણોને, આ લોકમાં મુમુક્ષુજનોના સમુદાયને ઉપદેશ કરવા જવા માટે આજ્ઞા કરતા હતા. બીજા મંદિરોમાં રહેતા ત્યાગી સમુદાયને પોતપોતાના મંદિરમાં જવા માટે આચાર્યશ્રીએ આજ્ઞા કરી. તેવી રીતે દેશ દેશાંતરથી આવેલા સત્સંગીઓને પણ પોતાપોતાના દેશમાં જવા માટે આજ્ઞા કરી. (૨૬-૨૭)

લક્ષ્મીનારાયણના મંદિરમાં નિવાસ કરનારા મુનિઓ પણ આચાર્યશ્રીની શુભ આજ્ઞાથી મુમુક્ષુ જનોને ઉપદેશ આપવા દેશાંતરમાં ફરવા નીકળી ગયા. માર્ગમાં તેઓ પોતાના આચાર્યની ઉદારતાનું

વર્ણન કરતા જતા હતા. બીજા સાધુઓ, સમગ્ર ત્યાગી સમૂહ, ગુરુના અતિ મહાન વાત્સલ્ય, ધૈર્ય અને કરુણા વગેરે ગુણોને તથા મહોત્સવને તેમજ પવિત્ર કથાને સંભાળતા, પોતપોતાના મંદિર પ્રત્યે જતા હતા. (૨૯)

અનેક ગૃહસ્થજનો તો પોતાના દેશ પ્રત્યે જવાને ઈચ્છતા જ નહતા. છતાં પણ સ્નેહાશ્રુનેત્રવાળા આચાર્યની આજ્ઞાથી ગુરુકૃપા તથા કથાની પ્રશંસા કરતા પોતપોતાના દેશ પ્રત્યે ગયા. (૩૦)

હે ભૂપતે ! આ પ્રકારે અનુપમ શ્રીહરિકૃષ્ણના દિવ્ય મહિમાના જ્ઞાનને પ્રકાશ કરવામાં સૂર્ય સમાન આ સુંદર મહોત્સવ મેં તમોને કહ્યો છે. આ ઉત્સવનો ઉદ્‌ઘોષ સમગ્ર પૃથ્વીમાં થયો હતો. સમગ્ર રાજાઓ પણ તે ઉત્સવના ઉદ્‌ઘોષ સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યા. (૩૧)

સમગ્ર ઈશ્વરોના ઈશ્વર પ્રત્યક્ષ શ્રીહરિના કલ્યાણકારી આ મહોત્સવનું જે ગાન કરશે તથા સાંભળશે તે મનુષ્યો પોતાના સમગ્ર પાપથી મુક્ત થઈને પોતાના ઈષ્ટાર્થની સિદ્ધિ તત્કાળ પામશે. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પણ તેમના ઉપર અતિશય પ્રસન્ન થશે. (૩૨)

હે નરપતે ! આ મહોત્સવ મેં તમને સવિસ્તર કહ્યો. હે સંમતે ! બીજું તમારા હૃદયમાં જે હોય તે મને પૂછો. શુકાનંદ મુનીનું આવું મધુર વચન સાંભળીને પ્રીતિપૂર્વક બંને હાથ જોડીને નમ્રતાવાળા નરપતિ આ પ્રકારે શુભ વચન શુકાનંદમુનિને કહેવા લાગ્યા. (૩૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુ રૂપ ભક્તિશાસ્ત્રમાં આચાર્યે કરાવેલા મુનિઓને ભોજનાદિ નિરુપણનામે પ્રથમ સ્કંધનો નવમો અધ્યાય સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

માનસિંહ રાજા કહે છે : હે બ્રહ્મન્ ! સંસારરૂપી દાવાનળમાં બળતા શરીર ધારીઓને તમારા જેવા સંતો મેઘની માફક અતિશય શાંતિ પમાડે છે. ઝેરરૂપી અગ્નિથી તપાયમાન સર્પોને જેમ ચંદન વૃક્ષો શાંતિ પમાડે છે, તેમ તમારા જેવા સંતો જીવોના ત્રિવિધ સંતાપોનો નાશ કરે છે. આ દુસ્તર ભવ સાગરમાં બૂડતા જનોને તમારા જેવા મહાત્મા સાધુઓ નાવ સમાન છે. સાધુઓના પ્રસંગથી મનુષ્યો સંસારરૂપી રોગની મહા ઉપાધિથી મુક્ત થઈને ભગવાનની સુખકર દિવ્ય લીલાના કથામૃતનું પાન કરે છે. ગંગા તો ઘણા કાળે લોકોને પવિત્ર કરે છે, પરંતુ તમારા જેવા જે શાંત મુનિઓ છે, તે તો દર્શન માત્રથી લોકોને પવિત્ર કરે છે. જેમના સમાગમથી મુમુક્ષુઓ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ અંગે સહિત સંસાર રૂપી અપાર સમુદ્રની નૌકારૂપ શ્રીહરિની પ્રત્યક્ષ ભક્તિને પામે છે. તમારા જેવા સત્પુરુષોનો સંગ સંસારમાં વારંવાર ભમતા જનોને પોતાને ઈચ્છિત આપનારો ચિંતામણિ

સમાન છે. (૧-૭)

તેથી હે મુને ! દયા સાગર ! તમારો પ્રસંગ મને હમણાં જ થયો છે છતાં મારા આત્માને તમારા ઉપદેશામૃતથી સુખી અને કૃતાર્થ માનું છું. (૮)

તેથી હે બ્રહ્મન્ ! અક્ષર ધામના નિયંતા ધર્મપુત્ર શ્રીહરિનું કથામૃતનું તમો કરુણાથી મને પાન કરાવો. (૯)

વળી જડ તથા ચેતન પ્રકૃતિના નિયંતા પરમાત્મા શ્રીહરિનો આ પૃથ્વીમાં જે કારણથી આવિર્ભાવ થયો હોય તે મને કહો. (૧૦)

સત્પુરુષોના પતિ શ્રીહરિના, બાલ્યાવસ્થાથી આરંભિને સુંદર લીલા ચરિત્રો છે. મારું ચિત્ત તે કથા સાંભળવામાં આસક્ત થયું છે. માટે તમે જ તે કહેવા માટે યોગ્ય છો. (૧૧)

પોતાના નાના ભાઈના પુત્રને ધર્મની ધુરા સોંપી તે સમયે આચાર્યે જે મોટો ઉત્સવ કર્યો તે સાંભળવાની પણ મારા ચિત્તમાં ઈચ્છા છે. પરંતુ હે મુને ! મનુષ્ય દેહ ક્ષણભંગુર છે. માટે શ્રીહરિની લીલા સાંભળવા મારે અતિત્વરા છે. તેથી હે મુને ! તમો મને તે ઉત્સવની કથા પછી કહેજો. પ્રથમ તો મને શ્રીહરિના શુભ લીલામૃતનું પાન કરાવો. (૧૨-૧૪)

માનસિંહ રાજાના આ પ્રશ્નથી મુનિ મુખ્ય શુકાનંદમુનિને પોતાના ઈષ્ટદેવનું સ્મરણ થતાં તે શ્રીહરિની મૂર્તિમાં તેમની ઇન્દ્રિયો અંતઃકરણ લીન થઈ ગયાં. એવી રીતે સ્થિર અંગવાળા તેઓ ક્ષણવાર અંતર્વૃત્તિથી બેઠા. (૧૫)

અતિમહાન અને શાંત શ્રી શુકાનંદમુનિ શ્રીહરિ ઈચ્છાથી પછી જાગ્રત થયા અને શ્રીહરિની દિવ્ય લીલા કહેવા માટે ઉત્સાહિત બની કૃપાથી માનસિંહ રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૬)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! તમે પરમાત્મા શ્રીહરિના લીલાચરિત્રોના શ્રવણમાં શ્રદ્ધાવાળા છો. તેથી તમને ધન્ય છે. તમારી ભાવના જનોને હિતાવહ તેમજ શાંતિ કરનારી છે. સાક્ષાત્ શ્રીહરિની વિચિત્ર લીલાના શ્રવણથી ભક્તજનોને પરમ લાભ થાય છે. ભક્તોને શ્રીહરિના લીલા શ્રવણથી તેમના જેવું પ્રત્યક્ષપણું અનુભવાય છે તેવું બીજા ઉપાયોથી અનુભવાતું નથી. આ લોકમાં સંસારરૂપી પાશને છેદનારી શ્રીહરિની કથાનો ત્યાગ કરીને, સુકૃતનો નાશ કરનારી અસત ગ્રામ્ય કથાને જે સાંભળે છે, તે માણસ અધમ અને મૂર્ખ છે. વિવેકી પુરુષો તેનાથી શોક પામે છે. જે માણસ શ્રીહરિના લીલામૃતનો ત્યાગ કરીને અમંગળ રૂપ બીજી વાર્તા સાંભળે છે તે મૂઢ, ઝેરના વૃક્ષની લતાને સેવતો હોયને શું એમ દૂરંત દુઃખને પામે છે. (૧૭-૨૦)

હે રાજન્ ! જે જેનો અત્યંત પાપથી આ કથાથી વિમુખ થાય છે, જેમની બોલવાની અને સ્મરણની ક્રિયાઓ અસત્ય છે, તેવા મનુષ્યોનું નિષ્પળ આયુષ્ય કાળ નાશ કરે છે, આ લોકમાં જે મનુષ્ય દેવતાઓએ ઈચ્છેલ મનુષ્ય શરીર પામીને આ કથાનો ત્યાગ કરીને બુદ્ધિનાશક અનાદરણીય

વાતો સાંભળે છે, તેનો જન્મ પશુના જન્મની જેમ વૃથા છે. આ લોકમાં જે શ્રીહરિની લીલા કથાનો ત્યાગ કરીને ગ્રામ્ય કથા સાંભળે છે, તે શ્રીહરિના ધામને નથી પામતા. હે રાજન્ ! તેવા મનુષ્યો ઘોર નરકને પામે છે. જે માણસ પાપના સમૂહને નાશ કરનારી નારાયણની દિવ્ય લીલાઓની કથા ત્યાગ કરી, શબ્દાદિ વિષયો સંબંધી વાર્તા સાંભળે છે. તે માણસ ઝેરનેજ પીવે છે. (૨૧-૨૪)

હે રાજન્ ! સંસાર પાશથી જેને મુક્ત થવું હોય, તેમણે હરિચિંતનમાં પ્રેમે સહિત મન પરોવવું અને સર્વ પાપને નાશ કરનારું હરિચરિત્રામૃતનું પાન કરવું. દાવાનળથી તપાયમાન હાથી જેમ ગંગા નદીના ધરાને પામીને શાંતિ પામે છે, તેમ અમંગળને નાશ કરનારું શ્રોતાના મન અને શ્રવણને રંજન કરનારું આ શ્રીહરિના ચરિત્રોવાળું શાસ્ત્ર એકવાર સાંભળીને મન અત્યંત શાંતિ પામે છે, કળિમળના સમૂહને નાશ કરનારું, નિપુણ પુરુષોએ સેવેલું આ શાસ્ત્ર, શરદ્ઋતુ જળને જેમ નિર્મળ કરે છે, તેમ વિષયોની ભોગવાસના યુક્ત મનને નિર્મળ કરે છે. જેમ ઘણાં ધનની ઈચ્છાવાળા સર્વઈચ્છિત વસ્તુને આપનારી દિવ્ય ચિંતામણીને પામીને બીજા ધનને નથી ઈચ્છતા, તેમ વિમળ બુદ્ધિવાળાજનો સમગ્ર શાસ્ત્રના સારભૂત સર્વ સુખમય આ શાસ્ત્ર સાંભળીને હૃદયમાં બીજું ઈચ્છતા નથી, અમૃતનું પાન કરનારા ઈન્દ્રાદિ દેવતાઓ બ્રહ્માના દિવસના અંતે (નિમિત્ત પ્રલય સમયે) પોતાના હૃદયમાં, પોતાના સ્થાનના નાશનો ભયપૂર્વક વિચાર કરતા, આ શાસ્ત્ર સાંભળવા ઈચ્છે છે. જે મનુષ્યો આ લોકમાં શ્રીહરિના આ ચરિત્રામૃતના શાસ્ત્ર સિવાય બીજી કથા સાંભળે છે, તે બાળકો જેમ સાકર, દ્રાક્ષ વગેરેનો ત્યાગ કરીને રોગ કરનારી મૃત્તિકાને હર્ષપૂર્વક ખાય છે, તેના જેવા મૂઢજનો છે. (૨૫-૩૦)

તેથી હે રાજન્ ! સર્વાન્તરાત્મા શ્રી હરિના કેટલાંક ચરિત્રો મુનિવર્ય શતાનંદે વર્ણન કરેલાં છે. તેમનાં વર્ણન કરવાથી બાકી રહેલાં કેટલાક મેં શ્રીહરિના મુખ થકી સાંભળેલા, કેટલાક એકાંતિક સાધુથી મેં સાંભળેલા, અને કેટલાક ચરિત્રો મેં જોયેલા છે. સત્પુરુષોના પતિ ધર્મના પુત્ર શ્રીહરિનાં તે તે ચરિત્રો હે ભૂપશિરોમણિ ! મારી બુદ્ધિ અનુસારે તમારી આગળ વર્ણન કરીશ. (૩૪-૩૬)

તેમાં પણ આચાર્યવર્ય શ્રી રઘુવીરજીએ કરેલો શ્રીહરિની લીલાનો અમૃતથી પૂર્ણ જે સર્વોત્તમ ગ્રંથ છે. (૩૭)

હે મહામતે ! હે નૃપતે ! તે ગ્રંથ શ્રીહરિનાં દિવ્ય ચરિત્રો હું તમોને સંભળાવીશ. (૩૮)

આવી રીતે સર્વ ક્લેશનો નાશ કરનારું અમૃતતુલ્ય શુકાનંદમુનિનું ઉત્તમ વચન સાંભળીને પરમશાંતિ પામેલા માનસિંહ રાજા બોલ્યા. (૩૯)

માનસિંહ રાજા કહે છે :- અહો ! બુદ્ધિશાળી આચાર્યવર્ય રઘુવીરજીએ પ્રત્યક્ષ શ્રીહરિની લીલાના સુધાના પાત્રરૂપી જે ગ્રંથ રચેલો છે, હે બ્રહ્મન્ ! સર્વ ગ્રંથ શિરોમણિ તે શુભ ગ્રંથને તમારા મુખ થકી હું સાંભળીને કૃતાર્થ થઈશ. (૪૦-૪૧)

હે મહામુને ! આ ગ્રંથ આચાર્યે પોતાની ઈચ્છાથી કર્યો છે કે કોઈએ પ્રેરણા કરી તેથી કર્યો ? એ આપ મને કહો. (૪૨)

શ્રી રઘુવીરાચાર્યના મુખચંદ્રમાંથી સ્રવેલા વચનરૂપી અમૃતનું પાન કરવાની જેના ચિત્તમાં આસક્તિ છે, તે વિનમ્ર માનસિંહ રાજાનું આ વચન સાંભળીને પોતાના પ્રાણથી પ્રિય શ્રી સ્વામિનારાયણ ભગવાનને પોતાના હૃદયમાં સંભારીને શુકાનંદમુનિ રાજા માનસિંહને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પ્રથમ સ્કંધમાં માનસિંહ રાજાએ શુકાનંદમુનિની પ્રશંસા કરી તથા ભગવાનના પ્રાદુર્ભાવનો પ્રશ્ન કર્યો એ નામે દશમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે મહાબુદ્ધિશાળી આચાર્યવર્ય રઘુવીરજી એકાંત સ્થળમાં પોતાના આસને બેસીને આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા; અતિ દિવ્ય શ્રીહરિના ચરિત્રોનો સવિસ્તર ગ્રંથ નથી, તેથી સર્વાવતારોના કારણ શ્રીહરિના શુભ ચરિત્રોવાળો ગ્રંથ કેવી રીતે થાય ? જ્યારે શ્રીહરિના સંકલ્પથી ગ્રંથ થાય ત્યારે જ તેના શ્રોતા તથા વક્તાઓની આત્યંતિકી મુક્તિ થાય. (૧-૪)

તે ગ્રંથના શ્રવણથી પ્રત્યક્ષ ભગવાનના આશ્રયવાળા સંતો તથા સત્સંગીઓની સ્મૃતિ થાય અને પરમ સુખ થાય. (૫)

હે રાજન્ શ્રીરઘુવીરાચાર્ય આ પ્રમાણે સદ્વિચાર કરતા હતા, તે સમયે અતિ પ્રસન્ન થયેલા અને તેમના સંકલ્પને જાણનારા શ્રીહરિએ આજ્ઞા પાળવામાં તત્પર શ્રી રઘુવીરજીને પોતાના દર્શન આપ્યા. (૬)

તે શ્રીહરિનું હવે વીસ શ્લોકથી વર્ણન કરે છે :- નિષ્કલંક, ચંદ્રમાની કાંતિસમ શોભાની નખ પંક્તિથી શોભતા કરચરણ, રાતા વર્ણવાળા, મૃદુલ અને અતિસુંદર બંને ચરણ કમળનાં તળીયાં ઉર્ધ્વરેખા તથા સોળ ચિન્હોથી અંકિત; ગોળ, કોમળ તથા મનોહર બે જંઘાઓ, જાનુઓ, તથા સાથળો જેમને છે, અને સુંદર શોભતી કેડ્યવાળા, શોભાના ધામરૂપ અતિકોમળ પીપળાના પાન સમાન ઉદરવાળા, ઊંડી, ગોળ અને સુંદર નાભિથી શોભતા, ઉદર પર પડતી ત્રીવલિ વડે જેઓ અતિ શોભે છે; શુભ શ્રીવત્સના ચિન્હ વડે દીપતા અને વિશાળ વક્ષઃસ્થળવાળા, સુંદર નીલમણિની કાંતિવાળા સ્તનોથી શોભતા, આજાનબાહુ, માંસલ, પુષ્ટ છતાં પુષ્પની માફક કોમળ સુંદર બે સ્કંધવાળા, ત્રણ રેખાઓથી શોભાયમાન શંખ જેવા કંઠવાળા, સુશોભિત ચીબુક તથા હડપચીથી દર્શનીય ઉત્તમ શોભાયમાન કર્ણ પર્યંત વિકસેલા બે નેત્રોવાળાં, ધ્યાનમાંથી જાગ્રત થઈને પોતાના ભક્તો તરફ દૃષ્ટિ કરવાને જ્યારે કમળ સરખા અને તારા જેવા નેત્રોને ઉઘાડે છે, ત્યારે વિકાસ પામતા કમળ તથા ચંચળ ભ્રમરનો પણ જાણે તિરસ્કાર ન થતો હોય, એવા તેમના નેત્રો શોભાયમાન ભાસે છે. (૭-૧૨)

વાયુવિનાના સ્થાનમાં દીવાની સુંદર જ્યોત તથા પોપટની ચાંચની શોભાનો પણ તિરસ્કાર કરનારી અતિ સુંદર નાસિકાવાળા, પોતાના ધનુષ્યની કાંતિથી કામદેવના ગર્વનો જેમણે નાશ કર્યો છે, અને અતિશ્રેષ્ઠ બંને ભ્રકુટિથી શોભતા, મંદ મંદ હસવાથી પ્રસરતી દાંતોની કાંતિથી શોભતા સુંદર ઓષ્ઠ જે મોગરાના પુષ્પ યુક્ત બિંબફળની સુંદરતાનો પણ તિરસ્કાર કરે એવી શોભાવાળા છે. મોગરાની કળી જેવી સુંદર દંત પંક્તિથી શોભતા, તથા મંદ મંદ હાસ્યથી વિલાસવાળા પોતાના આશ્રિતો ઉપર સ્નેહ યુક્ત કરુણામૃતથી પૂર્ણ અને અતિ શોભાયમાન, ચપળ, મંગળકારી દૃષ્ટિ જેમની છે, સર્વને દર્શનીય, પોતાના મુખની શોભાથી તિરસ્કૃત કર્યો છે. કમળ અને શરદ ઋતુના ચંદ્રને જેણે, અને ધ્યાન કરનારા ભક્તોના હૃદયમાં રહેલા દોષને નાશ કરનારા, ચંદ્રરૂપી શ્રીહરિનું મુખારવિંદ પૃથ્વી ઉપર શોભી રહ્યું છે જે મુખચંદ્ર આકાશમાં રહેલા કલંકવાળા ચંદ્રને પણ શરમાવે છે. (૧૩-૧૬)

શ્રીહરિનું આશ્ચર્યજનક અને અનુપમ મુખકમળ જોઈને નિશાનાથ ચંદ્ર આશ્ચર્યથી મોહ પામીને આકાશમાં ભમતો હોય ને શું ? શોભાયમાન લક્ષ્મી નવીન કમળને પામે છે છતાં ચંદ્રની કાંતિરૂપ આલ્હાદક ભાવને નથી પામતી. વળી લક્ષ્મી કમળના સુગંધિ રૂપ ગુણને પણ નથી પામતી. જ્યારે શ્રીહરિના દિવ્ય મુખારવિંદમાં નિવાસ કરતી લક્ષ્મી ચંદ્રની આલ્હાદક ક્રાંતિનો ગુણ તથા કમળનો સુગંધિરૂપ ગુણ બંને ગુણો વાળી બને છે. (૧૮)

કોટી કામદેવના ગર્વને હરનારા લાવણ્યના સમુદ્રરૂપી શ્રીહરિ, સોનેરી વસ્ત્રોથી મેઘ જેમ વિજળીના કિરણોના સમુદાયથી શોભે છે તેમ, શોભતા હતા. જેમણે સુંદર કેડ્ય ઉપર રત્નજડિત સુવર્ણના ઝાંઝરોની ઘુઘરીઓના, ઝણઝણાટથી યુક્ત અને મણિજડેલી સુવર્ણની કટિ મેખળા ધારણ કરી છે તથા શુદ્ધ મણિઓના ચળકતા કિરણોના મંડળોથી યુક્ત સુવર્ણની રમણીય વિંટીઓ આંગળીઓમાં ધારણ કરી છે, બંને હાથમાં મનોહર સુવર્ણનાં આભૂષણો ધારણ કર્યાં છે, તથા જેમની બંને ભુજાઓમાં મણિ જડેલા સુવર્ણના બાજુબંધ શોભે છે, ચિત્રવિચિત્ર વર્ણવાળા મણિ, સુવર્ણ તથા મોતીથી નિર્માણ કરેલા અનેક પ્રકારના શ્રેષ્ઠહાર, તથા પુષ્પોના ઉત્તમ હાર, કંઠમાં ધારણ કરતા, મણીંદ્રોથી શોભતા સુવર્ણના કુંડળવાળા, વળી પુષ્પ, મણિ તથા તોરાઓની પંક્તિથી સોનેરી પાઘ ધારણ કર્યા છે તેવા શ્રીહરિ લાલકમળ સમાન, જમણા હાથની આંગળીઓથી સુવર્ણની સોટી ફેરવતા હતા, જે લાલ વાદળમાં કાંતિવાળી વિજળીની જેમ શોભતી હતી. (૨૦-૨૫)

ચટચટ ધ્વનિ કરતી સુંદર પાદુકા જેમણે બંને ચરણકમળમાં ધારણ કરી છે તે શ્રીહરિ સફેદ રૂમાલથી શોભતા, હાથને હલાવતા અને સુંદર ચાલથી હંસ ગતિને પણ લજ્જા પમાડતા હતા. કેસરના ઉર્ધ્વપુંડ્ર તિલક મધ્યે કુંકુમનો ગોળ ચાંલ્લો કપાળમાં શોભે છે, જેમનું શરીર અલંકારોને પણ અલંકૃત કરે છે, અંગની લાવણ્યતાવાળા, સુંદર અને કલ્પનામાં પણ ન આવે એવી શોભાને ધારણ કરનારા, દર્શનીય, સ્વતંત્ર શ્રીહરિના દિવ્ય સ્વરૂપના દર્શન કરતા અતિ વિનમ્ર અને અશ્રુ ભરપૂર નેત્રવાળા આચાર્યશ્રી રઘુવીર તત્કાળ શ્રીહરિના દર્શનથી અતિ આનંદ પામ્યા. શ્રીરઘુવીરાચાર્ય સર્વથકી પર જે અક્ષર તેનાથી

પણ પર, પ્રત્યક્ષ પ્રાપ્ત થયેલા સર્વજ્ઞ પોતાના પિતા શ્રીહરિને અતિ કોમળ આસન ઉપર બેસાડીને બંને હાથ જોડીને ઉત્કંઠાપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. (૨૬-૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં શ્રીહરિ મૂર્તિ વર્ણન નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી રઘુવીરાચાર્ય સ્તુતિ કરતા કહે છે :- હે સર્વોત્તમ ! અંતરધામ નિવાસી સર્વ અવતારોના કારણ, અક્ષર બ્રહ્મ થકી પણ પર, પુરુષોત્તમ, પોતાથી ભિન્ન સમસ્ત વસ્તુઓથી સ્વરુપ સ્વભાવ વગેરેથી વિલક્ષણ, પ્રાકૃત તથા અપ્રાકૃત વર્ગના એક નિયંતા, સર્વાન્તર્યામી, અંતઃશત્રુના વેરી, તમો જય પામો ! અવિકારી, નિત્ય, નિર્દોષ, દિવ્ય, અવિનાશી, અદ્‌ભુત્ અનવધિકાતિશય મૃદુતા, ઉજ્જવલતા, સૌગંધ્ય, સૌંદર્ય, લાવણ્ય, તારુણ્ય એ આદિ અસંખ્ય ગુણ ગણોના સમુદ્ર, નિત્ય સિદ્ધિ, મધુરતા, સરળતા આદિ સ્વભાવિક ગુણો સહિત, અનુપમ દિવ્ય અવયવોથી શોભતા, અનવધિકાતિશય જ્ઞાન, ઐશ્વર્ય, બળ, તેજ, શક્તિ, વીર્ય આદિ અસંખ્ય કલ્યાણકારી ગુણ રૂપ મણિગણોના ભૂષણરુપ વિગ્રહ સ્વરૂપ છે જેમનું; વળી સદા નિર્દોષ અનેક લોકોને આશ્રયના સ્થાનરુપ, શરણાગત ભક્તોના દુઃખનો નાશ કરનારા, આશ્રિત પ્રત્યે નિર્ઝરતા, સ્નેહ, વાત્સલ્યના સમુદ્રરુપ, વિવિધ પ્રકારના ભોગવવા યોગ્ય પદાર્થો તથા તેને ભોગવનારા, અને ભોગના સાધનો તથા ભોગના સ્થાનોથી પરિપૂર્ણ, અક્ષરધામમાં રહેલા, અક્ષર મુક્તોએ જેમના ચરણકમળની ઉપાસના કરી છે, તથા અસંખ્ય બ્રહ્માંડની ઉત્પત્તિ, પાલન તથા પ્રલયાદિ છે લીલા જેમની એવા તમો જયકારી પ્રવર્તો છો ! વૈરાજ પુરુષની નાભિમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા તમારા આદિ અવતારના (વૈરાજપુરુષના) મહિમાને જાણવાને સમર્થ થયા નહિ, તો હે હરે ! સકળ અવતારોના અવતારી એવા તમારા સર્વોત્તમ પ્રત્યક્ષ સ્વરૂપનો યથાર્થ મહિમા તે ન જાણે તેમાં શું આશ્ચર્ય છે ? પૃથ્વીના જે ધર્મનિષ્ઠ પુરુષો, તમારા સંતો પાસેથી તમારા સ્વરૂપની વાતો સાંભળે છે, તે મનુષ્યોને હે દયાળો ! તમે મોટી એકાંતિકી મુક્તિ આપો છો. (૧-૩)

આથી કોઈને કદાચ શંકા થાય કે (''ऋते ज्ञानान्न मुक्तिः'' એ શ્રુતિ અનુસાર મુક્તિ તો જ્ઞાનથી જ થાય છે. તો કેવળ તમારી વાર્તા શ્રવણરુપ ભક્તિથી મોક્ષ થાય એમ શાથી કહો છો ? એ શંકાનું નિવારણ કરતાં કહે છે) હે પરમાત્મન્ ! કેવળ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે રાત્રિ દિવસ જે યોગાભ્યાસનો શ્રમ કરે છે, તે જડબુદ્ધિ મનુષ્યો ડાંગરના ફોતરાં ખાંડનારા મૂર્ખાઓની માફક મહાકલેશ પામે છે. (શ્રીમદ્ ભાગવતમાં શ્રેયઃ શ્રુતિં ભક્તિમુદસ્ય તથા શ્રીમદ્ ભાગવત ગીતામાં ''क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् । (૧૨-૫) એમ કહ્યું છે. (૪)

હે પરમાત્મન્ ! આ લોકમાં અનેક યોગી પુરુષો જેમનાં અંતઃકરણ અને ઈન્દ્રિયો આપના સ્વરૂપમાં જ લીન થયા છે, તેઓ હર્ષપૂર્વક આપની કલ્યાણકારી કથા સતત સાંભળે છે, આપના ચરણકમળનું શરણ લઈને આપની અચળ ભક્તિ કરે છે. તેમના હૃદયમાં રહેલા તમો તેમનાથી કદાપિ આકાશની માફક દૂર થતા નથી. (૫)

એ **દુર્જ્ઞેય મૂર્તિનો** મહિમા કહેતા કહે છે :-

હે સ્વામિન્ ! આ મારા નેત્રને દર્શનના વિષયરૂપ આપની સર્વોત્તમ મૂર્તિ પ્રકૃતિના સોળ વિકારથી રહિત છે તથા અપરિછેદ્ય છે, અને જ્ઞાનના સ્થાનરૂપ છે. એટલે આપનું સ્વરૂપ ફક્ત જ્ઞાનીઓને જ જાણવા યોગ્ય છે. (તેથી તાર્કિકો જ્ઞાનાધિકરણ આત્માને માને છે, શારીરિક સૂત્રકાર જ્ઞાન શબ્દથી જ્ઞાનાધિકરણ પરમાત્માને કહે છે. રામાનુજાચાર્ય પણ એવું જ આખ્યાન કરે છે) અક્ષરધામના મહામુક્તો તથા સર્વે ઉપનિષદો આપના સ્વરુપના મહિમાનો પાર નથી પામતા તો બીજા તેના પારને ન પામે તેમાં શું આશ્ચર્ય ? હે હરે ! ગણિત વિદ્યામાં નિપુણ કદાચ પૃથ્વીના રજકણો અથવા વરસાદના બિંદુઓની સંખ્યા બહુ કાળે ગણી શકે, પણ અપરિમિત મહિમાવાળા અનેક દિવ્ય ગુણોના આધાર અક્ષરપતિ આપના અસંખ્ય ગુણોના સમૂહને ગણવા તેઓ પણ શક્તિમાન નથી થતા. હે હરે ! આ જગતમાં આસક્તિ રહિત થઈને પોતાનાં કરેલાં કર્મના ફળ ભોગવવા આપની કૃપા મેળવવાની ઈચ્છા રાખતા જે મનુષ્યો, મન, વાણી અને દેહે કરીને આપનું ભજન કરતાં જીવન નિર્ગમન કરે છે, તે બુદ્ધિમાન જનો અક્ષરધામની પરમ મુક્તિ પામે છે. (૬-૮)

હે ઈશ્વરોના પતિ ! આપના શરીરના એકેક રોમના છિદ્રમાં અષ્ટાવરણ (પ્રકૃતિ - મહત્ - અહંકાર - આકાશ - વાયુ - તેજ - જળ - પૃથ્વી) સહિત અસંખ્ય બ્રહ્માંડો ભમે છે. (અહીં ધામ તથા ધામીની અભેદ વિવિક્ષાથી કહ્યું છે. આકાશનો પાર જેમ અલ્પ બુદ્ધિવાળા પક્ષીઓ નથી પામતા તેમ અમે પણ આપના અપાર મહિમાનો પાર પામતા નથી. હે વિભો ! હે સ્વામિન્ ! હે સર્વોત્તમ ! હે હરે ! હે સુખકર ! આ આશ્ચર્યની વાત છે કે ત્રણ ભુવનમાં આપની લીલા કેટલી, કયા સ્થાનોમાં, કયા પ્રકારે, ક્યારે આપ કરશો એ રહસ્ય કોઈ પણ જાણી શકતું નથી. અક્ષરબ્રહ્મથી પર આપ જ્યારે આપના યોગ વૈભવને વિસ્તારતા ક્રીડા કરો છો, ત્યારે આપની યોગમાયા ન જાણી શકાય તેવી છે. (૯-૧૦)

આપ મનુષ્ય નાટ્ય ધારી છો છતાં આપ ભગવાન છો એ વાત કહે છે.

હે હરે ! તમો ક્ષર અને અક્ષર બંનેના નિયંતા, અક્ષર થકી પર અને મૂળ પ્રકૃતિ તથા મહાપુરુષના મુખ્ય શાસન કર્તા છો, તથા અનંત કલ્યાણકારી ગુણના સમુદ્ર છો. આપની દૃષ્ટિથી કાળ પણ ત્રાસ પામે છે. (૧૧)

નનુ જગદ્વ્યાપાર વર્જમ્ એ સૂત્રથી જગતનો વ્યાપાર તો મારે જ આધીન છે. માટે તેમાં મારે માયા તથા પુરુષનું શું પ્રયોજન છે, એમ આશંકા થાય તો જેમ રાજા રાજ્યના કાર્યો અમાત્યાદિ દ્વારાએ કરાવે છે, તેમ તમો માયા તથા પુરુષદ્વારા જગદ્વ્યાપાર કરો છો એમ કહે છે) હે ભૂમન્ ! (બહુ પ્રતાપવાળા) અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય રૂપી લીલા આપ મૂળમાયા અને પુરુષ દ્વારા કરો છો તો પણ તમે જ નિયંતા છો, તેથી આપ અકર્તા અને નિર્ગુણ છો, હે સ્વયંપ્રભો ! ચિંતવનમાં ન આવે એવી

આપની વિચિત્ર શક્તિ છે. સર્વોપરી અક્ષરબ્રહ્મ તે થકી પણ આપ પર છો, અને આપ પ્રત્યક્ષ પરબ્રહ્મ છો, બ્રહ્મસ્વરૂપ એવા અક્ષરમુક્તોએ સેવા કરવા યોગ્ય છો. અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાલન પ્રવર્તાવવાથી આપ પરાક્રમશાળી છો. બ્રહ્મા, શંકર વગેરે દેવો તથા યયાતિ વગેરે રાજાઓ પણ કામ, ક્રોધ, લોભ, ગર્વ આદિ જે અંતઃશત્રુઓ તેને જીતી શક્યા નથી. પરંતુ આપના પ્રતાપથી આપના આશ્રિત ભક્તોથી એ અંતઃશત્રુઓ દૂર ભાગે છે. વેદાદિ ચૌદ વિદ્યાના સિદ્ધાંત કરવામાં પ્રવીણ, મોક્ષ માર્ગ વિસ્તારનારા, અધર્મના સર્ગને મૂળમાંથી ઉખેડી નાખવામાં અતિ શક્તિમાન, અને અવિનાશી આત્મસ્વરૂપવાળા આપ સમગ્ર જીવોના હિતકર્તા છો. (૧૨-૧૫)

(મનુષ્ય માફક સાધારણ ક્રિયાવાળા છતાં મંગળકારી મોક્ષમાર્ગને વિસ્તારતા એ કેમ ઘટે ? એમ આશંકા થતી હોય તો કહે છે) હે હરે ! આપની સર્વક્રિયા માયાના ત્રણ ગુણથી રહિત છે. તેથી હે દયાસાગર! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપી ફળ પ્રાપ્તિની કામનાવાળા જનોને તો તમે જ પૂજનીય છો. ભક્તો પ્રત્યે સ્નેહના સમુદ્રરૂપ દયાળુ ! અદ્વિતીય, આપ આપના ભક્તોના અપરાધોને નહિ ગણતા તેમને સંસાર, માયા, યમ અને કાળના ત્રાસથી રક્ષણ કરવા સમર્થ છો. હે હરે ! જે મનુષ્ય અંત કાળે પણ તમારું નામ લે છે, તમારા દિવ્ય રુપનું ચિંતન કરે છે, તે મનુષ્ય તત્કાળ પાપથી મુક્ત થઈને મુક્તિ પામે છે. હે ભૂમન્ ! આ લોકમાં જે મનુષ્ય આપનો ત્યાગ કરીને પુત્ર, ધન, સ્ત્રી, ક્ષેત્રાદિમાં આસક્ત થાય છે, તે મનુષ્ય માયાથી ઠગાએલો ક્યારેય પણ સુખ પામતો નથી. હે હરે ! સ્વર્ગમાં રહેલા દેવતાઓએ પણ ઈચ્છેલું આ મનુષ્ય દેહ કેવળ તમારી ભક્તિ માટે જ યોગ્ય છે. આ દેહને સ્વર્ગનું સુખ મળતું હોય તો પણ જો તમારી ભક્તિ રહિત હોય તો તે દેહને હું નરક તુલ્ય જાણું છું. કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા, શિવ વગેરે ઈશ્વરો, તથા માયા કાલાદિ તમારી શક્તિઓ પણ હંમેશા તમારી આજ્ઞાનું પાલન કરે છે. જગતની ઉત્પત્તિ કરવા માટે પ્રેરેલા બ્રહ્માદિ દેવતાઓ તમારા અપરિમિત પ્રતાપથી ભય પામીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે. (૧૬-૨૧)

સરળ સ્વાભાવાદિ અપરિમિત ગુણોથી યુક્ત, ત્રિવિધ તાપને શમાવનારી, દર્શનીય આપની દિવ્યમૂર્તિનું, જેનું આત્મસ્વરૂપ મુનિઓ પોતાના હૃદયમાં રાત્રિ-દિવસ ચિંતવન કરે છે, તે આપની આમૂર્તિના દર્શનથી મારા મનમાં અતિ આનંદ થાય છે. હે હરે ! આ આપનું સ્વરૂપ પ્રકૃતિના વિકારોથી રહિત છે, તથા સત્ય, શૌચ, વાત્સલ્ય, ઔદાર્ય વગેરે દિવ્ય ગુણ તથા સુખ સંપત્તિના ધામરૂપ છે. વળી અનંત ઐશ્વર્યના અચળ સ્થાનરૂપ પણ છે, અનુપમ છે તેમજ ઉપનિષદો તથા અક્ષરાદિ મુક્તોએ સર્વદા સ્તુતિ કરવા યોગ્ય છે. હે ભૂમન્ ! કેવળ કરુણાથી જ આપે જગતમાં આ મનુષ્ય શરીર ધારણ કરીને, આપનું અનુપમ વિવિધ ઐશ્વર્ય અહીંયા ભક્તોને સમાધિમાં બતાવીને, તેમને પરમ મોક્ષ આપો છો. હે પરમેશ્વર ! આપ આપના આશ્રિત ભક્તો જેમણે અષ્ટાંગ યોગના કોઈ સાધન કર્યા નથી છતાં યોગની સિદ્ધિ પમાડો છો. આપના એકાંતિક મુક્તો જે મોક્ષદાયક આપના ચરિત્રનું ગાન કરે છે તેમ જ સાંભળે છે તેમના મન આપે વશ કર્યા છે. (૨૨-૨૫)

પોતાના ભક્તોનું પાલન કરનારા, ઉત્તમ મણિ તથા પુષ્પોના હારને કંઠમાં ધારણ કરનારા, સ્વધર્મનિષ્ઠ

સાધુઓના સમુદાયમાં શોભતા, આપના સ્વરૂપમાં આસક્તિ રાખનારા ભક્તોનું પાલન કરનારા, ક્ષમા, દયા, શીલ, સંતોષાદિ ગુણ વડે શોભતા, તથા આપના આશ્રિતોના પાપના સમુહ તથા દુઃખને નાશ કરનારા, અલક્ત વૃક્ષના રસ જેવા લાલ, ભક્તજનોને આસક્તિ પમાડનારા, વળી ચરણ યુગ્મની અત્યંત રમણીય પાનીઓ તથા અનિંદ્ય એવા મત્સ્ય, ગજેન્દ્ર, મયૂર તથા સૂર્યના ચિન્હોથી અંકિત આપના હસ્તકમળ, એવા આપ, રમણીય મૂર્તિ અત્યંત શાંત, દાંત, ચિત્ત હરનારા કુમતિનો સદુપદેશથી નાશ કરનારા, ધર્મ ધૂરંધર, અસુર વિનાશક, બ્રાહ્મણોને સન્માનતા, દેવોથી પૂજાએલા, સારી વાણી તથા યુક્તિથી ભોજન આપનારા, મુનિઓના વૃંદને આનંદ આપનારા, વિત્તમાં અનાસક્ત, સર્વ જ્ઞાનના સારરૂપ, ઐશ્વર્ય પ્રેરક, પૃથ્વી ઉપર અતિ સ્તુત્ય લીલા વિસ્તારનારા, નીલ શરીરવાળા, સ્વભાવથી પોતાના ભક્તોને રંજન કરનારા, પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલા પ્રાણીઓના જન્મમરણના ભયનો નાશ કરનારા, સુજ્ઞજનોને આનંદ પમાડનારા, પોતાને વંદન કરતા ભક્તોની પીડા હરનારા, તમામ રાજાઓ, શેષનાગ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ જેમની કીર્તિનાં ગાન કરે છે, સદા નિર્દોષ, અપાર મહિમાવાળા, અવિકારી, ભક્તોના અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવનાર; હીરા મોતીજડિત સુવર્ણ ભૂષણો ધારણ કરનારા, સદા સુખદાયક, પોતાના આશ્રિતોના કર્મ બંધનોનો નાશ કરનારા, આપના પવિત્ર મંત્ર જાપથી ત્રિવિધ સંતાપ તથા પાપના સમૂહને ભેદનારા, ભયંકર કાળરૂપ જાળથી રક્ષણ કરવા માટે ભક્તોને આપના સ્વરૂપનું દિવ્યજ્ઞાન આપનારા, સ્ત્રી સંબંધ રહિત જે નર સમૂહ (ત્યાગિજનો)માં વિચરણ કરનારા, એવા સદ્‌ગુણના પ્રેરક, પાપ વિમોચન, પવિત્ર નામવાળા, મધુરભાષી, ધનના ધામરૂપ, કામદેવના ગર્વનું ખંડન કરનારા, મંત્ર જંત્ર તથા ત્રિકોણ, ષટ્‌કોણ, અષ્ટકોણ વગેરે યંત્રોને જાણનારાઓ ઉપર વિજય મેળવનારા, માયાના આવરણથી રહિત, મહા મૂલ્યવાળા, શુદ્ધ મોતીઓના શ્રેષ્ઠહારને અનેક પ્રકારથી ધારણ કરનારા વસંત ઋતુમાં, ફૂલદોલના ઉત્સવોમાં શુભક્રીડા કરનારા, મંદ હાસ્યથી શોભતા તથા હરિભક્તોને નિર્વાસનિક કરનારા, કામાસક્ત સ્ત્રીઓમાં આસક્ત થયેલા મનુષ્યોનું શાસન કરનારા, સંતોને ભક્તિભાવથી ભેટતા, ભક્તોને સંસાર સાગરથી તારનારા, ઋગ્વેદ આદિ ચારવેદોમાં ભેદ બોધક શ્રુતિઓના ઉપદેશથી શોકની નિવૃત્તિ કરનારા, કલ્યાણ કારી, મોક્ષરૂપ ધર્મ (ભાગવત ધર્મ)ને આપનારા, દર્શન માત્રથી શોકને હરનારા, આપની મૂર્તિમાં આસક્ત થયેલા સત્પુરુષોને સદા સુખ આપનારા, ક્રોધરહિત, સંતોષી, નિર્દોષ, સાધુજનોને ધ્યાનકાળમાં દર્શન આપવા માટે અવતરણ કરનારા, પોતાના, આશ્રિત ભક્તોના ચિત્તને આનંદ પમાડનારા, દર્શનથી દુઃખ દૂર કરનારા, સર્વને પૂજ્ય, સકળ શોભા યુક્ત, સમગ્ર ધામના ભૂષણ રૂપ, ચંદ્ર અને સૂર્યના તેજના સ્થાનરૂપ, અતિ દુષ્પ્રાપ્ય, એવા અક્ષર ધામની પ્રાપ્તિ કરાવી એકાંતિક સ્થિતિના ગૌરવને પમાડનારા આપના આશ્રિત ભક્તને રૌરવ નરકથી દૂર રાખનારા, દુષ્ટ પુરુષોને ભયંકર, ધર્મ ધૂરંધર, સ્વરૂપનું જ્ઞાન આપવામાં વિચક્ષણ, સર્વથી વિલક્ષણ, દિવ્યગુણનિધિ, ચિત્તના અંધકારને હરનાર, હે નાથ ! દિવ્ય અક્ષરધામના વિહારી, નરનાટ્ય ધારણ કરનારા, ભક્ત ગણોના અંતઃશત્રુઓનો નાશ કરનારા, આશ્રિત જનોની પીડાને હરનાર, મોહનું નિવારણ કરનારા અસૂરોનો નાશ કરનાર શ્રીહરિ ! આપને હું નમસ્કાર કરું છું અને આપની દિવ્ય મૂર્તિમાં મારું ચિત્ત નિરંતર રહો, એવી પ્રાર્થના કરું છું. (૨૬-૩૬)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- અર્થ ભરપૂર મધુર વચન ભાષી, સર્વાવતારના કારણ, દર્શનમાત્રથી ક્લેશ દૂર કરનાર, જીવ તથા ઈશ્વરના સાક્ષી, ગુણસાગર, પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનની, ગુરુશ્રેષ્ઠ શ્રી રઘુવીરજી મહારાજે, સ્તુતિ કરી પછી મૌન ભાવે તે રમણીય મૂર્તિના દર્શન કરવા લાગ્યા. (૩૭)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પ્રથમ સ્કંધમાં સ્તુતિ નિરૂપણ નામે દ્વાદશો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! પછી આચાર્યશ્રી રઘુવીરજી ઉપર પ્રસન્ન થયેલા અક્ષરાધિપતિ ભગવાને તેમને કહ્યું, 'હે મતિમન્ ! તમોએ મારા ઐશ્વર્યનું વર્ણન કર્યું તે સત્ય છે. (૧)

હે પુત્ર ! શિષ્યોના જે જે ધર્મ હોય તે ધર્મમાં તેમને પ્રવૃત્ત કરવા માટે મારી આજ્ઞા પાળવાથી, તમારા ઉપર હું પ્રસન્ન થયો છું. સર્વ અવતારોના અવતારી મારા અનુપમ સ્વરૂપનો તમો આ લોકમાં સૌને નિશ્ચય કરાવો છો. તેથી આ લોકમાં જેવા તમો મને અતિ પ્રિય છો તેવા બીજા નથી જ, હે ધીમન્ તમો વર માગો. તમારા મનમાં જે ઈચ્છા હશે તે હું તમને આપીશ. તમારા જેવા ઉત્તમ એકાંતિક ભક્તને ન આપવા યોગ્ય એવી કોઈ પણ વસ્તુ નથી. (૨-૪)

શ્રીહરિને પ્રસન્ન થયેલા જાણીને રઘુવીરજી બંને હાથ જોડીને કહેવા લાગ્યા. હે હરે ! સમગ્ર સુખના સ્થાનભૂત, નિર્દોષ, તમારા ચરણકમળની સેવા સિવાય બીજું કાંઈ પણ હું ઈચ્છતો નથી. અવતારના અવતારી તમો પ્રત્યક્ષ મળ્યા પછી વિદ્વાન પુરુષ વિષયોને કેમ ઈચ્છે ? કેમ કે વિષયો તો દેહધારીઓને પણ મળે છે. માટે તમારા દિવ્ય સ્વરૂપ વિના વિષયોને હું ઈચ્છતો નથી. જે જનો તમારી ભક્તિ કરીને પણ મોક્ષ દાતા તમારી પાસેથી અતિતુચ્છ વિષયોને ઈચ્છે છે, તે મોહ પામેલા વિષયાસક્ત વાણિયા જેવા છે. તેને તમારા ભક્તો ન જાણવા. સૌંદર્ય, માધુર્ય વગેરે ગુણોથી યુક્ત અને સુખદાયક તમારી મૂર્તિ વિના, અક્ષરના સર્વોપરી સુખને પણ હું ઈચ્છતો નથી. તો બીજા માયિક સુખની ઈચ્છા તો હોય જ ક્યાંથી ? તેથી હે હરે ! જો તમો મારી ઉપર પ્રસન્ન થયા હો તો આપના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપ કે જેની તુલનામાં બીજા અવતારો ન આવે, તેવું આપનું અવતારી સ્વરૂપ અને તે સ્વરૂપની દિવ્ય લીલાની ગૂંથણીવાળો સર્વોત્તમ ગ્રંથ રચવાની મારી ઈચ્છા છે. હે કરુણાસાગર ! મારી એ ઈચ્છા પરિપૂર્ણ થાય એ વર મને આપો. (૫-૧૦)

કરુણ અને અમૃત ભર્યા નયનોથી દૃષ્ટિ કરતા ઈશ્વરના પણ ઈશ્વર શ્રીહરિ પોતાને અંતરમાં જે પ્રિય હતું તેથી જ રઘુવીરજીએ પ્રાર્થના કરી છે, તેથી પ્રસન્ન વદનથી રઘુવીરજી પ્રત્યે કહેવા લાગ્યા. (૧૧)

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે : હે ધીમન્ ! હે રઘુવીર ! તમો મારા ચરિત્રોથી યુક્ત ગ્રંથ રચો,

મારી આજ્ઞાથી તમે રચવા ઈચ્છેલો ગ્રંથ તમારી ઈચ્છા પ્રમાણે થશે. તે ગ્રંથ અર્થ ગૌરવવાળો તથા સ્ફુટપદોવાળો, સર્વોત્તમ ભાષાવાળો તથા અવાન્તર વાક્યોના જુદા અર્થોવાળો પદોની પરસ્પર આકાંક્ષાવાળો, માધુર્યાદિ ગુણોવાળો સંસારરૂપી તીવ્ર રોગથી પીડા પામેલા જનોને જીવનની ઔષધીરૂપ થશે. હે પુત્ર! તમારા શુદ્ધ ચિત્તમાં મારા વિવિધ પ્રકારના ચરિત્રો સ્ફુરશે. મારા અનુગ્રહથી સર્વજ્ઞતા પામશો. જે બીજાને દુર્લભ છે. (૧૧-૧૪)

શ્રી શુકાનંદમુનિ કહે છે : અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ આ પ્રમાણે રઘુવીરજીને કહીને તેમને અતિ સ્નેહથી ભેટ્યા તથા તેમને પુષ્પના હાર આપ્યા, અને છાતીમાં ચરણકમળ મૂક્યા. (૧૫)

ભક્તોના હિતના આગ્રહવાળા સ્વતંત્ર શ્રીહરિ, રઘુવીરજી ઉપર અનુગ્રહ કરીને તેમને વર આપીને તત્કાળ અંતર્ધાન થયા. (૧૬)

હે નરેન્દ્ર ! પછી મહાબુદ્દિશાળી રઘુવીર હરિલીલાકલ્પતરુ નામનો મહાન શુભ ગ્રંથ કરવા લાગ્યા. (૧૭)

હવે ત્રણ શ્લોકથી ગ્રંથનું મહત્ત્વ કહે છે. આ ગ્રંથનું શ્રવણ અને કીર્તન સંસારરૂપી દાવાનળને નિવૃત્તિ પમાડનાર છે, તેમજ સમગ્ર તાપને ટાળનારો, શ્રીહરિનો આશ્રય કરનારા ભક્તો તથા મુનિઓને પ્રિય, વિવિધ પ્રકારના અતિ સુંદર શાસ્ત્રોના અલંકારરૂપ, શ્રીહરિના ચરિત્રામૃતના આશ્રયરૂપ, પંડિત જનોના મનને રંજન કરનારો સંસારરૂપી અપાર જળનિધિમાં નૌકા સમાન, કુબુદ્ધિ તથા પાપના સમૂહનો તથા અજ્ઞાનાત્મક અંધકારને નાશ કરનાર, સર્વોપરી જે ભગવાનનું સ્વરૂપ, તેના નિશ્ચયમાં વિવિધ પ્રકારના સંશય સમૂહોનો નાશ કરનાર, સમગ્ર પંડિતો રૂપી કમળના સૂર્યરૂપ પરમૈકાંતિક ભક્તોએ સેવેલો, સમગ્ર વૃક્ષોમાં કલ્પવૃક્ષ જેમ શ્રેષ્ઠ છે, વિવિધ પ્રકારના રત્નાદિ ધનમાં ચિંતામણી જેમ શ્રેષ્ઠ છે, જ્યોતિ સમુદાયમાં જેમ સૂર્ય શ્રેષ્ઠ છે, તેમ આ ગ્રંથ સમગ્ર ગ્રંથોમાં શ્રેષ્ઠ છે. (૧૮-૨૧)

શ્રી હરિકૃષ્ણની લીલાયુક્ત, સુંદર ગ્રંથ રચીને, આ ગ્રંથના અભ્યાસ કરવામાં મુખ્ય અધિકારી કોણ રહેશે ? તે શ્રી રઘુવીરાચાર્ય ચિંતવન કરવા લાગ્યા. (૨૨)

હે રાજન્ ! પછી રઘુવીરાચાર્ય સુવ્રત મુનિના જ શ્રેષ્ઠ શિષ્ય, મને અધિકારી જાણીને જેમ શતાનંદમુનિએ રચેલો સત્સંગિજીવન નામના ગ્રંથના મુખ્ય અધિકારી સુવ્રત હતા. તેમના શિષ્ય હોવાથી તેમનાથી પ્રાપ્ત સદ્‌ગુણવાળા હોવાથી આ ગ્રંથના અધ્યયનમાં અધિકારી જાણીને તેમણે કરેલો આ ગ્રંથ ભણાવ્યો. (૨૩)

મુક્તોએ પણ જેની અતિ પ્રશંસા કરી છે, ભવરોગ નિવારણમાં મહૌષધરૂપ, શ્રોત્ર તથા મનને પ્રિય, શ્રીહરિનાં સુંદર ચરિત્રોથી આશ્ચર્ય કરનાર એવા એ હરિલીલાકલ્પતરુ નામનો ગ્રંથ હે નરેન્દ્ર હું તને સંભળાવીશ. (૨૪)

શ્રી શુકાનંદ મુનીન્દ્રે માનસિંહ રાજાને આ પ્રકારે કહીને આનંદઘન પોતાનું ઈષ્ટદેવનું સ્મરણ કરીને તે ગ્રંથને કહેવાનો આરંભ કર્યો. (૨૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત હરિલીલાકલ્પતરુરૂપ ગ્રંથના પ્રથમ સ્કંધના ગ્રંથરચના વરપ્રદાન નિરૂપણ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : અતિ શોભાવાળા મોગરાના પુષ્પના હાર તથા તોરા, ગુચ્છ, બાજુબંધ અને ચંદન આદિ સુગંધી પદાર્થો તથા પૂજાના સમગ્ર સાધનોથી ભક્તજનોએ પૂજેલા, મેઘના સરખી શ્યામ સુંદર કાન્તિવાળા, હંમેશા સફેદ વસ્ત્રો જ ધારણ કરતા, આભૂષણોને પણ ભૂષિત કરનારું જેમનું અંગ છે, એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને રાત્રિદિવસ હું વંદના કરું છું. પોતાના આશ્રિતોનું કલ્યાણ કરવા મનુષ્યદેહ ધારણ કર્યું છે અને છતાં જે દિવ્યદેહ ધારી છે, નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ, માયાના ગુણોથી રહિત, જે નિશ્ચય પરમાત્મા જ છે, જેના પ્રભાવથી અક્ષર બ્રહ્મના સાધર્મ્યપણાને પામેલા મુક્તો (મુક્તાનંદ સ્વામી. સ્વરૂપાનંદ, ગોપાળાનંદ આદિક સાધુઓને) પણ જેનું હંમેશા ચિંતવન કરે છે. તેવા શ્રી પુરુષોત્તમ સહજાનંદ સ્વામીને હું સદા અભિવંદન કરું છું. કલ્યાણકારી, સર્વના અનાદિના ગુરુ પોતાના પ્રતાપથી સમગ્ર જનોનું હિત કરનારા, શ્રી સ્વામિનારાયણ ભગવાને શાસ્ત્રના જ્ઞાનથી પણ ન ભેદી શકાય એવા અવિદ્યામય સંસારના પ્રવાહમાં (જન્મ-મરણાદિ) વહેતા મનુષ્યના અજ્ઞાનને તત્કાળ નાશ કર્યું છે, અને જે સર્વ થકી પર અક્ષર જેના સ્વરૂપ સ્વભાવાદિકથી પણ અતિ ઉત્કૃષ્ટ અને સ્મરણ કરનારાઓના પાપ પુંજોને નાશ કરનારા છે, તે મારા ઈષ્ટદેવ શ્રીહરિને હું વંદના કરું છું. અસુરોના મતરૂપી અંધકારનો વિનાશ કરવામાં મધ્યાહ્નના સૂર્ય સમાન, પોતાના આશ્રિતો સાથે સદા વાત્સલ્ય ભરપૂર મનુષ્ય તથા દેવોના ઈશ્વરો યયાતિ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરેનો પરાજય કરી ઉન્મત્ત બનેલા કામદેવ, તેના મદને હરનારા, આ પ્રકારના ઐશ્વર્યના એક સ્વામી, ધર્મના પુત્ર નારાયણ મુનિ, મારા હૃદયમાં વસો. પુષ્પોના શણગારની અતિશય સુગંધિથી ગુજારવ કરતા ભમરાઓના સુંદર ગાનથી શોભાયમાન, પુષ્પ તથા હાર અને તોરાથી અત્યંત દેદિપ્યમાન દેખાતા, જમણા હાથમાં સુંદર માળા ધારણ કરી છે, તે અતિ મનોહર મુનિપતિ શ્રીહરિનું હું મારા હૃદયમાં ધ્યાન કરું છું. (૧-૫)

સત્‌શાસ્ત્રના જ્ઞાનમાં નિપુણ પુરુષો જેમના બંને ચરણારવિંદની સ્મૃતિથી ચૌદ લોકના બ્રહ્માંડના ભોગસુખમાંથી વૃત્તિ પાછી ખેંચી સ્પૃહા રહિત બની તત્કાળ દિવ્યગતિને પામે છે, તે શ્રીહરિને હું નમસ્કાર કરું છું. જેનું કીર્તન, સ્મરણ, કથા, શ્રવણ, દર્શન, નમસ્કાર, અર્ચન, સર્વ પાપનો નાશ કરે છે, એવા પુરુષોત્તમ શ્રીહરિને હું નમસ્કાર કરું છું. જેના ધ્યાનથી જ શુદ્ધ બુદ્ધિ થતાં પંડિતો જેના સ્વરૂપના દર્શન કરે છે, મુક્તો જેનું પોતાની બુદ્ધિ પ્રમાણે ગાન કરે છે. તે પરમેશ્વર શ્રીહરિકૃષ્ણને હું નમસ્કાર કરું છું. ઈન્દ્રિયોનો ઉપયોગ જેમણે ફક્ત શ્રીહરિની પ્રીતિ માટે જ કર્યો

છે અને જે સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા શ્રીહરિને હંમેશા જુએ છે. જે સર્વ કર્મના ફળને આપનારા છે, સમગ્ર જીવોના સાક્ષી તે શ્રીહરિકૃષ્ણને હું નમસ્કાર કરું છું. ઈશ્વરોના મુખ્ય નિયંતા, દયાસાગર, બ્રહ્માને સંકલ્પમાત્રથી વેદોની પ્રેરણા કરનાર, અજન્મા, ધર્મપુત્ર શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૬-૧૦)

બ્રહ્મા, શંકર, સર્પરાજ વગેરે ઈશ્વરોને પણ જેના દર્શન દુર્લભ છે, અને એવા છે, છતાં પણ જે આલોકમાં પોતાના ભક્તોને પ્રત્યક્ષ નયન ગોચર વર્તે છે, તે શ્રીહરિ મારું મંગળ વિસ્તારો, પોતાના આશ્રિત જનોનો મોક્ષ કરવા માટે તેમની ઈચ્છાનુસાર જેમણે મનુષ્યાકૃતિ ધારણ કરી છે, જે મનુષ્ય સ્વરૂપનું દર્શન અનેક જન્મના તપથી પણ થઈ શકતું નથી અને જેમણે પૃથ્વી ઉપર શુદ્ધ ઉદ્ધવ માર્ગ પ્રવર્તાવ્યો છે, તે પરમેશ્વર શ્રીહરિકૃષ્ણને હું વંદના કરું છું. વિવિધ પ્રકારના મનુષ્ય તથા દિવ્ય ચરિત્રોથી આશ્રિત ભક્તોને આનંદ પમાડતા, જેમના આશ્રયથી સર્વ જનના તાપ નાશ પામે છે. એવા પૂર્ણકામ જેમની ઉજ્જવલ કીર્તિનું ઉપનિષદોએ ગાન કર્યું છે, તે શ્રી હરિને હું વંદન કરું છું. પોતાના સત્સંગિઓ તથા સાધુઓને અપાર સુખ આપનારા સત્ય શૌચાદિ ગુણોના સમુદ્ર, બ્રહ્માદિ દેવતાઓએ વંદના કરાયેલા, જેના પ્રતાપથી કલિના ક્રોધાદિક દોષનો નાશ થાય છે, તે ધર્મપુત્ર શ્રીહરિ સદા જય પામે છે. પ્રણામ કરતા બ્રહ્માદિક દેવતાઓ તથા ઈન્દ્રાદિક દિગ્પાલોના દેદીપ્યાન મુગટોમાં જડેલા અતિ શ્રેષ્ઠ મણિઓની કાન્તિથી જેમના સિંહાસનના પગથીયા પર મુકવાને યોગ્ય અતિશય પ્રકાશમાન છે, જે તેમને પ્રણામ કરતા મનુષ્યોના સંસાર બંધને હરનારા છે અને બ્રહ્મસ્થિતિ પામેલા મુનિઓને પણ ઉપાસ્ય છે, તે શ્રીહરિકૃષ્ણ મહારાજ જય પામે છે. (૧૧-૧૫)

અતિ ઉદાર, વાદીઓના ગર્વનું ખંડન કરનારા, દિવ્ય ચરિત્ર કરનાર, કામદેવના મદને હરનારા અને સંસારરૂપ જન્મ મરણના બંધનને છેદનારા, શ્રી સહજાનંદ સ્વામીને હું વંદના કરું છું. જેમના પ્રતાપથી અસુર ગુરુઓનો પરાભવ થયો છે, વળી વેદશાસ્ત્રને જાણનારા વાદીઓને જેમણે જીત્યા છે, અને જેમને શુદ્ધ હૃદયવાળા સંતોમાં હંમેશા પ્રીતિ છે, જે ભક્તો વિના કોઈથી પણ પરાભવ નથી પામતા તે ઉદાર શ્રીહરિ મારા પર પ્રસન્ન થાઓ, ગર્વ, ઈર્ષા, કામ, ક્રોધ, મત્સર વગેરે જેમાં છે એવા અધર્મના વંશથી પોતાના ભક્તોને મુકાવીને અંતકાળે અક્ષરધામ પ્રત્યે તેઓને પહોંચાડે છે, તે દયાળુ શ્રીહરિ મારા ઉપર અતિ પ્રસન્ન થાઓ. આત્મા, પરમાત્મા સંબંધી જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, સર્વના નિયંતા શ્રીહરિ છે. તે ચાર અંગ સહિત ભક્તિ આલોકમાં દૈત્યાંશથી ઉત્પન્ન થયેલા ગુરુ તથા રાજાઓને પોતાના પ્રતાપથી જીતીને જેણે પ્રર્વતાવી છે, તે ઈષ્ટદેવ શ્રીહરિ મારી ભાષાને ગૌરવશાળી બનાવો. (૧૬-૧૯)

પોતાના ઈષ્ટ દેવ પ્રત્યે અનુરક્ત ચિત્તવાળા, બ્રહ્મ સ્થિતિવાળા, અત્યંત વૈરાગ્યવાન, સંતોને પણ ગુરુની માફક પૂજનીય સદા ઉપશમ અવસ્થાવાળા, મહા વિશુદ્ધ જ્ઞાનવાળા સુવ્રત મુનિને હું હંમેશા પ્રણામ કરું છું. (૨૦)

હવે ગ્રંથના અધ્યાપક ગુરુ શ્રી રઘુવીરને પ્રણામ કરે છે. શ્રીહરિ, જેમણે આ જગતમાં પોતાના શરણે આવેલા ભક્તોમાં એકાંતિક ધર્મ અને ભક્તિ પ્રવર્તાવ્યા છે, તેમની અત્યંત પ્રસન્નતા પ્રાપ્ત કરનાર, જેમ ચંદ્રમા સર્વ મનુષ્યોને આનંદ ઉપજાવે છે, તેમ આચાર્યોને આનંદ ઉપજાવનારા મારા ગુરુ શ્રી રઘુવીરાચાર્યને હું પ્રીતિપૂર્વક નમસ્કાર કરું છું. (૨૧)

હવે અક્ષરધામનું વર્ણન કરે છે : હે રાજન્ ! સર્વોત્તમ, સર્વ ધામોના અલંકાર રૂપ તથા ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણે કાળમાં સત્ય, ચૈતન્યાત્મક, અતિમોટું, અતિશય શોભાવાળું, અમૃત નામવાળું, તથા છાંદોગ્યાદિ ઉપનિષદોએ જેનો યશ ગાયો છે, એવું શ્રીહરિનું અક્ષરધામ છે. એક એકથી દશગણા અધિક આઠ આવરણોથી વીંટાયેલું, માયાના ત્રણ ગુણ સત્ત્વ, રજ અને તમથી, પર, અનાદિ જ્ઞાનસ્વરૂપ પ્રશાંત અદ્વિતીય અને સદા આનંદાદિ શુભ લક્ષણોવાળું, આદિ અને અંતરહિત, સદા નિર્ભય અને શ્વેત કાંતિમાન, શોકરહિત સત્યસ્વરૂપ, સનાતન, દિવ્યસુખથી પૂર્ણ આ અક્ષરધામની સ્મરણીયતા પાસે લોકપાલના સ્થાનો પણ નરક સમાન ભાસે છે. તે અક્ષરધામમાં રહેતા અસંખ્ય અક્ષરમુક્ત પુરુષોના એક એક રોમમાં કરોડ સૂર્યના સમાન તેજ છે, વળી તે સમગ્ર મુક્તોનું આવું અનવધિકાતિશય તેજ પણ હે રાજન્ ! આ અક્ષરના અણુમાત્ર પ્રદેશમાં લીન થઈ જાય છે. તેવું અતિ અપાર પ્રકાશવાળું આ અક્ષર ધામ છે. અક્ષરધામના અતિ સુખકારી આ પ્રકાશથી હે રાજન્ ! સૂર્ય. તારા અગ્નિ, ચંદ્ર, પ્રકાશ પામ્યા છે. પ્રકાશથી જ સમગ્ર વિશ્વને તેઓ પ્રકાશ આપવા સમર્થ છે, તેવું અક્ષરધામ છે. સમગ્ર વૃક્ષો, પર્વતો, નદીઓ, સમુદ્રો વગેરેથી યુક્ત આ પૃથ્વી ફક્ત શુદ્ધ કાચમય જ હોય, અને વળી આકાશમાં જેટલા તારા છે તેટલા જ સૂર્ય જો એક સમયમાં ઉદય પામે, તેવી પરમ શોભાયુક્ત બનેલી સમગ્ર પૃથ્વીની શોભા પણ અક્ષરધામની અત્યંત શોભા આગળ ફક્ત એક લેશ સમાન જ જણાય છે. આ પ્રકારે દિવ્ય, અદ્‌ભુત, અપરિમિતિ અને ઉત્તમ શક્તિઓથી યુક્ત, અને વળી અતિ વિવિધ પ્રકારના દિવ્ય વૈભવથી યુક્ત, અત્યંત શોભાયમાન, દિવ્ય ભોગ્ય પદાર્થોના દિવ્ય ભોક્તાઓના સમૂહવાળું અપરિમિત ઐશ્વર્યવાળું, (પરબ્રહ્મ વિના બીજા) કોઈના આધાર વિનાનું, અવિકારી, સમગ્ર બ્રહ્માંડોના આધારરૂપ, નિર્મળ આશ્ચર્ય પમાડે તેવું, અને સચ્ચિદાનંદ બ્રહ્મના આનંદના સ્થાનભૂત, અસંખ્ય અક્ષરમુક્તોના આશ્રય સ્થાન રૂપ, વેદોએ બ્રહ્મપુર નામથી ગાન કરેલું, નિર્દોષ, ચિંતવનમાં પણ ન આવે તેવું, અદ્‌ભૂત તથા પરમ વ્યોમની સંજ્ઞાવાળું આ અક્ષરધામ છે. (૨૨-૩૦)

અવતારી શ્રીહરિકૃષ્ણ ભગવાનની નિશ્કારણ અપાર દયા અને પ્રસન્નતાથી જ એકાંતિક ધર્મધારક ભક્તોને સમાધિમાં અથવા અંતકાળે પમાય છે; એવું આ અક્ષરધામ છે. (૩૧)

હવે તે ધામમાં મહેલોની શોભાનું વર્ણન કરે છે : દિવ્ય અને સુંદર વિવિધ પ્રકારના વર્ણવાળા ઉત્તમ મણિથી યુક્ત, સુવર્ણ સ્તંભોની પંક્તિ, સુંદર બારણાં, ગોખો, છજા વગેરેથી અતિશય શોભાયમાન ઉલ્લાઓ, હરિકૃષ્ણ ભગવાનના ચરણારવિંદના આશ્રિત દિવ્ય મુક્તો

અત્યંત શોભાયમાન વસ્ત્રો તથા શ્રેષ્ઠ મણિઓથી જડિત, આભૂષણોથી શોભતા તેમના નિવાસ સ્થાનરૂપ, મહા શોભાવાળી હવેલીઓની પંક્તિઓથી અક્ષરધામ અત્યંત શોભે છે. (૩૨-૩૩)

તે અક્ષર ધામના મધ્ય ભાગમાં મંદિર છે. તે મંદિર સુંદરતાના ધામરૂપ, શોભાયમાન, દિવ્યમણિ તથા સુવર્ણથી જડિત વિશાળ પ્રાકૃત ગુણથી રહિત, નિર્મળ મણિ તથા સુવર્ણની પંક્તિવાળું, અને દિવ્યમણિના તોરણોથી શોભતું; દિવ્ય, અતિ તેજસ્વી અને વિવિધ પ્રકારના ઉત્તમ મણિ તથા પ્રકાશમાન મોતીઓથી, ચારે બાજુએ વિવિધ વર્ણવાળા ઉલ્લાસોથી અતિ શોભાયમાન, ઉત્તમ કવિઓ તથા શેષ પણ જેની ઉપમા કહેવા માટે સમર્થ થતા નથી; (મંદિરના મધ્યમાં સિંહાસન છે, તેનું વર્ણન કરે છે.) શ્રેષ્ઠ મણિ તથા ઉત્તમ રત્નોની વિવિધ પ્રકારની કાંતિથી શોભાયમાન તથા પ્રસરતી દિવ્ય કાંતિવાળું, શુદ્ધ સુવર્ણથી નિર્માણ કરેલું, દિવ્ય લીલીઓના અદ્ભુત ચિત્રોથી ભરપૂર, આ સિંહાસન મંદિરના મધ્ય ભાગમાં છે. (૩૪-૩૬)

મત્સ્ય, કચ્છપાદિ અવતારોના કારણરૂપ દિવ્ય સ્વરૂપવાળા, અગણિત અક્ષર મુક્તો તથા પોતાના મુખ કમળ તરફ જ સ્થિર દૃષ્ટિવાળા સાધુઓથી ચારે તરફ વિંટાયેલા શ્રીહરિકૃષ્ણ પરમેશ્વર હંમેશા તે સિંહાસનમાં બિરાજે છે. (૩૭)

સર્વજ્ઞ, અનુપમ શોભાવાળા, સ્વતંત્ર, અનુપમેય, ક્ષર અને અક્ષરના અધિપતિ શ્રીહરિનું સંક્ષિપ્તથી હું મારી બુદ્ધિ પ્રમાણે, હે રાજર્ષે, તમારી આગળ વર્ણન કરીશ. તે તમો સ્થિર ચિત્તથી સાંભળો. (૩૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં બ્રહ્મપુર શોભાનિરૂપણ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પ્રધાન પતિ તથા મહા માયા પતિ તથા અક્ષર પુરુષોથી ઉત્તમ સદા સોળ વર્ષની કિશોર વયવાળા, વર અને અભય આપનારી બે ભુજાવાળા દયાના સાગર શ્રીહરિકૃષ્ણ સર્વોત્કર્ષપણે વર્તે છે. અનંત કામદેવોની શોભાને તિરસ્કાર પમાડનાર, દિવ્ય સાકાર સ્વરૂપ, અક્ષરથી પર, બહુ મૂલ્યવાળાં દિવ્ય તથા ઉત્તમ કાંતિવાળા વસ્ત્રો જેમણે ધારણ કર્યા છે. અતિ દિવ્ય મણિઓથી જડિત સુવર્ણ અલંકારોને ધારણ કરનારા; મેઘના વર્ણ જેવા શ્યામ (ઘનશ્યામ) શરદઋતુમાં પ્રફુલ્લિત થયેલા સુંદર કમળના પત્રોને પણ લજ્જા પમાડનારા નેત્રોવાળા, પોતાના દિવ્ય સ્વરૂપની અતિશય કાંતિથી શોભતા તથા નટરાજના જેવા સુંદર શણગારથી રમણીય તથા મનોહર દેખાતા; (પોતાની મૂર્તિમાં સર્વજનોના અંતઃકરણને ખેંચનારા) અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય રૂપી ઉત્તમ વિલાસ બ્રહ્માદિ દેવતાઓ દ્વારા પ્રવર્તાવનાર,

ભ્રકૃટિના કટાક્ષથી જેમની દૃષ્ટિ શોભાયમાન છે, જેમણે ધારણ કરેલા દિવ્ય મુગટમાંથી મણિ અને સુવર્ણની ક્રાંતિ ચારે તરફ પ્રસરી રહી છે; અતિશય સુગંધિમાન ચંદનથી જેમનું હૃદય, કર અને ચરણાદિક ચર્ચેલા છે, તે શ્રીહરિ સર્વોત્તમ લક્ષ્મીવાળા, કરુણારૂપી અમૃતથી રમણીય દર્શનવાળા, અનાદિ સિદ્ધ અને માયાના આવરણથી રહિત, કરુણામૃતથી ભરપૂર રમણીય અને સદા અનિમિષ દૃષ્ટિથી દર્શનીય છે. (૧-૫)

સુંદર પીતાંબર ધારણ કરવાથી શોભતી સુંદર કેડ્ય ઉપર મણિ અને રત્ન જડિત સુવર્ણનો કંદોરો જેમણે ધારણ કર્યો છે, અને ચરણકમળની લક્ષ્મી સમાન મણિની કાંતિથી શોભતા બે સુંદર ઝાંઝરો જેમણે ચરણમાં ધારણ કર્યાં છે; બે ઝાંઝરોમાં ચરણકમળની લક્ષ્મી જેને છે; જેમણે બે હાથમાં સુવર્ણનાં કંકણો અને રત્નજડિત બાજુબંધ ધારણ કર્યાં છે, અતિશય સુગંધથી ભરપૂર અને તેથી ભ્રમરાની પંક્તિથી શોભતા પુષ્પના હાર જેમણે કંઠમાં ધારણ કર્યા છે; રત્નજડિત સુવર્ણના મત્સ્યાકૃતિવાળા કુંડળો જેમણે કાનમાં ધારણ કર્યાં છે, તથા તે કુંડળમાંથી નીકળતા પ્રકાશથી જેમનો કપોળ પ્રદેશ (ગાલવાળો ભાગ) શોભી રહ્યો છે; પોપટની ચાંચને શરમાવે તેવી સુંદર નાસિકા જેમને છે, તથા અશોક અને આંબાના સુંદર પાંદડાની કોમળતાથી ભરપૂર અને પાકા ગીલોડાના લાલ રંગની શોભાએ યુક્ત જેમના સુંદર ઓષ્ઠ છે, દિવ્ય કાંતિથી જેમના બે હાથ શોભી રહ્યા છે, તેમજ પ્રકાશમાન શુભ કર્ણ યુગલની શોભા, ઉજ્જવલ હાસ્યવિલાસ, સુવર્ણના ચિત્રોવાળા મણિકાઓ તથા મોતીથી રમણીય દેખાતા હારો વિશાળ ઉરઃસ્થળમાં જેમણે ધારણ કર્યા છે, પ્રકાશમાન સુંદર કંઠીથી જેમનો કંઠ કૌસ્તુભ મણિને પણ અલંકૃત કરતો હોય તેમ શોભે છે. (૬-૧૦)

હાસ્ય ઝરતા મુખકમળની શોભાથી ચંદ્ર તથા શરદ્ ઋતુમાં વિકસેલું કમળ પણ લજ્જા પામ્યું છે. સ્નેહાર્દ્ર દૃષ્ટિથી દર્શન કરનારા ભક્તોના ચિત્તને હરનારા અને પૂર્વોક્ત સમગ્ર ધામને પણ શોભાડતા, પાપરહિત, યોગીઓ જે અષ્ટાંગ યોગ સિદ્ધ કરવામાં સદા તત્પર હોય છે, તથા તે યોગની સિદ્ધિરૂપ સમાધિના કારણભૂત શ્રીહરિના સ્વરૂપનું પરમહંસો ચિંતવન કરે છે; નિર્મળ અને સ્થિર ચિત્તવાળા યોગીઓએ જેમનું સ્વરૂપ યોગ માર્ગથી ખોળ્યું છે; અને જે અણીમાદિ આઠ અચળ અને સત્ય સિદ્ધિવાળા છે; એ શ્રી હરિના ચરણકમળમાં જેમને પ્રીતિ છે, તેમની કથામૃતનો સ્વાદ જેણે ચાખ્યો છે એવા ભક્તો ક્યારેય પણ સાલોક્યાદિ ચતુર્વિધ મુક્તિ પણ ઇચ્છતા નથી. (જ્યારે મુક્તિને ઇચ્છતા નથી તો પ્રાકૃત સુખને ન ઇચ્છે તેમાં શું કહેવું ?) જે શ્રી હરિ અનંત બ્રહ્માંડના આધારરૂપ છે, જેમના સત્, ચિત અને આનંદ એ ત્રણ સ્વરૂપો તે દિવ્ય અનાદિ સિદ્ધ, અનંત આશ્ચર્યોને ઉત્પન્ન કરનાર સૌંદર્યના સમુદ્રરૂપ, પુરુષના જેવી સુંદર શોભાયમાન દિવ્યાકૃતિવાળા, અસંખ્ય અક્ષર મુક્તોએ સેવેલા, ધર્મ, ભક્તિ તથા રાધા, રમાદિ શક્તિઓએ નાના પ્રકારના ઉપચારોથી પૂજેલા છે. (૧૧-૧૪)

હે રાજન્ ! બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જેમની આજ્ઞાથી સમય સમય પ્રમાણે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. જે સ્વતંત્ર, નિર્ગુણ અને અવિકારી છે. જે ઈશ્વરોના પણ ઈશ્વર સર્વ કારણના કારણ જીવોનો અંતર્યામી, દેવોના પણ દેવ, ત્યાગ કરવા યોગ્ય ભાગોથી રહિત પરબ્રહ્મ સંજ્ઞાવાળા

પરાક્રમ તથા ઐશ્વર્યોથી ભરપૂર કાળના પણ કાળ, જેના ભયથી સૂર્ય, ચંદ્ર, પ્રતિદિન ઉદય અસ્ત થાય છે, જેના ભયથી જગતમાં વાયુ વાય છે, જેના ભયથી મૃત્યુ જનોમાં ફરે છે, જેના ભયથી અગ્નિ કાષ્ટાદિને બાળે છે. ઈન્દ્ર વરસાદ વરસાવે છે, જેની ઈચ્છાથી પૃથ્વી જળમાં બૂડતી નથી અને નિરંતર સ્થિર રહે છે; જેની ઈચ્છાથી આધાર વિનાનું જ્યોતિઓનું મંગળ નિરંતર અંતરિક્ષમાં રહે છે, જળ આકાશમાં રહે છે. તેજમાં શબ્દે સહિત વીજળી સ્ફુરાયમાન થાય છે, વળી પરમેશ્વર્યશાળી શ્રીહરિએ રચેલી મર્યાદાને પાપ વિનાનો સમુદ્ર ઉલ્લંઘન કરતો નથી. શ્રીહરિ અસંખ્ય સદ્‌ગુણોના સમુદ્રરૂપ તથા સમગ્ર આશ્ચર્યના નિધિ સમાન અનુપમ છે. (૧૫-૨૧)

શુદ્ધ જ્ઞાનના ધારત, મૂર્તિમાન, દિવ્ય છ ઐશ્વર્યો તથા અનુપમ આશ્ચર્યોના સ્થાનભૂત, પ્રાણીમાત્રના સંકલ્પોને હથેળીમાં રહેલા આમળાને જેમ જે દેખે છે, તેમ સમ્યક્ પ્રકારે જાણે છે. દિવ્ય શરીર ધારી, વેદો પણ સર્વાધીશ પરમાત્માની સ્તુતિ કરે છે, જેમનામાં અનંત ગુણો હોવાથી સકળ શાસ્ત્રમાં જે પ્રવીણ છે વળી શેષ શારદા વગેરે તથા અક્ષર ધામના મુક્તો પણ જેના ઐશ્વર્યનું નિરંતર વર્ણન કરે છે. તો પણ જેમ આકાશનો પાર પક્ષીઓ પામતા નથી, તેમ તેમના ગુણ તથા ઐશ્વર્યનો પાર નથી પામતા. મૂળ પ્રકૃતિ તથા પુરુષ, અક્ષરમુક્તો તથા મૃત્યુ વગેરે અતિશય ભયે સહિત જેમની આજ્ઞાનું યથાર્થ પાલન કરે છે; સહસ્ત્ર મુખવાળા નારાયણ સંજ્ઞા પામેલા વૈરાજ પુરુષ અતર્ક્ય વીર્ય તથા પૂજ્ય કીર્તિવાળા એ શ્રીહરિ થકી પ્રાદુર્ભાવ પામે છે. (૨૨-૨૫)

તેમજ કેશવાદિ ચોવીસ મૂર્તિઓ તથા ચતુર્વ્યૂહ સ્વરૂપ વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્ન તથા વારાહાદિ સમગ્ર અવતારો જેમના થકી ઉત્પન્ન થાય છે, અને અભ્યુદય કરનારું ઐશ્વર્ય તે પણ જેમના થકી પામે છે, અસુરોની વાણી અને મન જેમને પહોંચી શકતા નથી અને સાંખ્ય તથા યોગ શાસ્ત્ર જેમની કીર્તિનું સદા ગાન કરે છે, જેમની મૂર્તિમાં અનવધિકાતિશય સુખ રહેલું છે, એવા શ્રીહરિ પોતાના ભક્તોને સદા આનંદ આપે છે. પરમધામ અક્ષરમાં જે અનુપમ તેજ રહ્યું છે, તે તેજ પણ જેના એકરોમના તેજની સરખામણીમાં આવી શકતું નથી, એવા મહા તેજના સમુદાયમાં જેમની રમણીય દિવ્ય મૂર્તિ છે એવા અનુપમેય આનંદના સમુદ્રરૂપ શ્રીહરિ છે. (૨૬-૨૮)

વેદાદિ શાસ્ત્રો જે શ્રીહરિને કૃષ્ણ કહે છે, વાસુદેવ, વિષ્ણુ, પરબ્રહ્મ, પરમેશ્વર, પરાત્પર, નારાયણ એ નામથી કહે છે; તેમ જ બ્રહ્મ તથા પરમપુરુષ, ભગવાન તથા શ્રી મહાપુરુષ આદિ મુખ્ય નામથી કહે છે. (૨૯-૩૦)

તે શ્રીહરિના અક્ષર ધામમાં રહેનારા અક્ષરમુક્તોમાં કરોડ કરોડ સૂર્યોનું તેજ છે. એવા પ્રકાશે યુક્ત કહ્યા છે અને તે સદા સત, ચિત, આનંદ સ્વરૂપ છે. (૩૧)

વળી એ અક્ષરધામમાં ઘણાં દિવ્ય ભાગના સ્થાન તથા દિવ્ય ભોગ પણ નિત્ય છે; ત્યાં ભોગનાસાધનો પણ નિત્ય, સુખરૂપ અને દિવ્ય છે. ત્યાંના સુખનું વર્ણન કરવા માટે કોઈ સમર્થ નથી; આ લોકમાં ભૌતિક શરીરોવાળા પ્રાણીઓના ભોગ જેમ ભૌતિક છે, તેજ પ્રમાણે ચૈતન્યમય શરીરવાળા અક્ષરધામના

મુક્તના ભોગ પણ ચૈતન્યમય જ છે. અક્ષરધામમાં ભોગ તથા ભોગના સાધનો તથા ભોગના સ્થાન તથા ભોક્તાઓ તે બધા તેજોમય છે. પ્રાકૃત સત્વાદિ ગુણોથી રહિત (ગુણાતીત) તથા ક્ષયથી રહિત- દિવ્ય, અનુપમ, સત્ય, જ્ઞાન અને સુખાત્મક છે. (૩૨-૩૫)

સ્ત્રીઓ તથા પુરુષો પણ અવિનાશી, દિવ્ય અને અથિ સુંદર શરીરવાળા અને અલંકાર તથા વસ્ત્રો ધારણ કરેલા ચૈતન્યમય દિવ્ય, ઈન્દ્રિયોવાળાં છે. (૩૬) અક્ષરધામમાં રહેલા સર્વમુક્તોને શ્રીહરિકૃષ્ણ ભગવાન સિવાય બીજા તરફથી લેશ માત્ર સુખની ઈચ્છા નથી. તે હરિકૃષ્ણ તે સર્વેને હંમેશા સમાન સુખ આપે છે. (૩૭)

સત્, ચિત અને આનંદવાળા તે મુક્તોના ભોગ તથા ઐશ્વર્ય સુખ તથા સમૃદ્ધિ, સ્થાન તથા રુપ, એ સર્વે નિશ્ચય સરખા જ છે. (૩૮) તે ધામના દિવ્ય ભોગ અધિક ભોગવવા અથવા ઓછા ભોગવવા તે તો મુક્તોની ઈચ્છા ઉપર જ અવલંબે છે. પરંતુ ઈચ્છા વિના બીજું કારણ નથી. (૩૯) જેમ કોઈ સાર્વભૌમ રાજા સર્વ સંપત્તિ પૂર્ણ છે, છતાં પણ પોતાની ઈચ્છાથી ભોગોને ભોગવે છે. અથવા નથી ભોગવતો, તે પ્રમાણે તે અક્ષરધામના મુક્તો પણ પોતાની ઈચ્છાથી દિવ્ય ભોગ ભોગવે છે અથવા નથી ભોગવતા. (૪૦) તે ધામમાં અધિપતિ દિવ્ય મૂર્તિ શ્રી હરિકૃષ્ણ ભગવાનમાં આસક્ત ચિત્તવાળા અને અત્યંત આત્મબુદ્ધિવાળા સ્ત્રીઓ તથા પુરુષોને પરસ્પર ક્યારેય પણ કામ વાસના નથી. (૪૧)

આ પ્રકારે શોભાયમાન દિવ્ય અને અતિ શુભ સર્વ ધામથી ઉત્તમોત્તમ અક્ષરધામમાં સર્વોપરી ઈશ્વરોના ઈશ્વર અવતારી શ્રી હરિકૃષ્ણ હંમેશા અતિઅધિક શોભાથી વિરાજે છે. (૪૨)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં પ્રથમ સ્કંધમાં શ્રી હરિકૃષ્ણ મૂર્તિના માહાત્મ્યનું નિરૂપણ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પરબ્રહ્મ, પરમાત્મા સર્વ થકી પર અને તેથી પણ પર, સર્વજ્ઞ, વાસુદેવ, સર્વેશ્વર, હરિકૃષ્ણ, તેજ પ્રત્યક્ષ ભગવાન ભારત વર્ષમાં પોતે પ્રગટ થઈને અસંખ્ય મનુષ્યનો આત્યંતિક કલ્યાણ માટે સંકલ્પ કરીને આવી રીતે ચિંતવન કરતા હતા. (૧-૨)

સમગ્ર પૃથ્વીમાં શ્રેષ્ઠ ભારત ખંડમાં, સર્વ પુરુષાર્થને સિદ્ધ કરનાર દેવોએ પણ ઈચ્છેલ દુર્લભ મનુષ્ય જન્મ, મેં જેને આપ્યો છે તેઓ, અસુરોના ગુરુઓ તથા રાજાઓની પીડાથી મારી બાંધેલી ધર્મ મર્યાદાનું પાલન કરતા નથી અને અતિનિંદિત દુરાચાર આચરે છે. (૩-૪)

તે ભરતખંડમાં હમણાં અધર્મ પોતાના પરિવાર સાથે, કળિયુગની સહાયથી, સર્વ પ્રજામાં વૃદ્ધિ પામે છે. તેથી ધર્મ રક્ષણ કરનારા રાજાઓ તથા ગુરુઓ અધર્મમાં પ્રવર્તીને મારી બાંધેલી મર્યાદાને તોડી નાંખે છે. (૫-૬)

સર્વ મનુષ્યો સદાચારનો ત્યાગ કરીને આસક્તિવાળા બની પાપ કર્મમાં પંચવિષયની લાલસાવાળા થયા છે. (૭) તેથી યમપુરીમાં પાપી મનુષ્યોની ભીડ વધુ થાય છે. પૃથ્વીમાં ધર્મનું રક્ષણ કરનાર કોઈ દેખાતું નથી. (૮) તેથી સમગ્ર જનોને સર્વ પ્રકારે ભજન કરવા યોગ્ય એવો હું તે માટે પૃથ્વી ઉપર અવતાર ધરીને તેમનું રક્ષણ કરવા જવું પડશે. સત્ય સંકલ્પ અને અતિ દયાળુ શ્રીહરિકૃષ્ણ ભગવાને આ પ્રમાણે વિચાર કરીને પૃથ્વીમાં પ્રગટ થઈ અધર્મ થકી લોકોનું રક્ષણ કરવા માટે ઈચ્છા કરી. (૯-૧૦)

તેજ સમયે બદરિકાશ્રમમાં શ્રી નરનારાયણ ભગવાને પોતાનો નિત્યવિધિ કરીને ચિત્તમાં પોતાના ઈષ્ટદેવ શ્રી વાસુદેવ ભગવાનનું ધ્યાન કર્યું. (૧૧) તે વખતે અક્ષરથી પર તેથી જ અમૃત અક્ષરપર્યંત સર્વના એક નિયંતા, અવતારી, અનંત, અતિશય કરુણાવાળા, તે શ્રીહરિકૃષ્ણ વાસુદેવ ભગવાન, મનુષ્યોના જન્મ મરણરૂપી સંસારના પાશનો નાશ કરવાના જ ફક્ત આગ્રહથી નરનારાયણના મનમાં સમાધિમાં પ્રગટ થયા. (૧૨)

એક જ સમયે ઉદય પામેલા કરોડ સૂર્ય, ચંદ્રના શાંત તેજથી જેમના અંગો પ્રકાશિત છે, તથા મંદ મંદ હસવાથી જેમનું મુખારવિંદ શોભે છે, રાતા કમળની પાંખડીઓને પણ શરમાવે તેવા સુંદર નેત્રોથી રમણીય, અશોક તથા આંબાના નવા પાંદડાના રાતા વર્ણ જેવા, સુંદર સ્વભાવવાળા, અતિરમણીય ચરણતળથી શોભતા, ઈન્દ્રનીલમણિના વર્ણ જેવી વાંકી બંને ભ્રકુટીનાં વિલાસથી અતિશય શોભતા, કૃપા કટાક્ષવાળા; તથા કોમળ અને સુંદર આંગળીઓનાં નખરૂપી ચંદ્રના મંડળથી જેમના બંને ચરણ કમળ શોભે છે, જેમને બે ભુજા છે તથા પરવાળાની શોભાને પરાભવ પમાડતા બંને ઓષ્ઠ પ્રવાળ સાથેનું મુખકમળ શરદ્‌ઋતુમાં પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્રને પણ સુંદરતામાં શરમાવે છે; વીજળીના કિરણોની ક્રાંતિ જેવું પીતાંબર જેમણે ધારણ કર્યું છે, ચપળ ચાલથી જેમણે દ્વિપેન્દ્રને પણ લજ્જિત કર્યો છે, શરીર ઉપર ધારણ કરેલા મણિજડિત સુવર્ણના આભૂષણોથી જેમના અવયવો શોભે છે, અને તેથી જ દર્શનીય; કોટી કામદેવની સુંદરતા પણ જેમના અવયવોની રમણીયતા આગળ કિંચિત લેશમાત્ર પણ શોભતી નથી. (૧૩-૧૭)

હે રાજન્ ! આ રીતની શોભાવાળા પરમાત્મા, દર્શનીય પુરુષોના પણ સ્વામી, અક્ષરધામના અધિપતિ, શ્રીહરિકૃષ્ણ ભગવાનને જોઈને નારાયણ ઋષિ હર્ષ પામ્યા. (૧૮) પછી તે નરનારાયણ ઋષિએ પરાત્પર શ્રીહરિને સુંદર આસન ઉપર બેસાડીને અતિ હર્ષથી તેમનું યથાયોગ્ય સન્માન અને સ્તુતિ; કરી પ્રસન્ન મુખકમળવાળા શ્રીહરિકૃષ્ણ ભગવાન નર સહિત નારાયણ પ્રત્યે મંદ હાસ્યપૂર્વક પ્રેમથી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧૯-૨૦)

હે નરનારાયણ ! અસુરભાવવાળા ગુરુઓ તથા રાજાઓએ પૃથ્વી ઉપર જન્મ ધરીને અધર્મ તથા કળિયુગના પ્રભાવથી મનુષ્યોને પીડી મેં સ્થાપન કરેલી ધર્મ મર્યાદાને અનેક પ્રકારે ભેદી નાંખી છે; મત્સ્ય, કૂર્મ, વારાહાદિ સમગ્ર અવતારોના કારણ અને સ્વતંત્ર મારા અવતારી સ્વરૂપોના તમે અવતાર છો. માટે મારા આત્મા સમાન છો અને મને અત્યંત પ્રિય છો; તેથી તમોને નિમિત્ત બનાવવી (નિમિત્ત

વિના જન્મ ધરવો યોગ્ય નથી અને મારા ધામમાં નિમિત્તનો સંભવ નથી તેથી અહીં નિમિત્ત ઉત્પન્ન કરી) આ ભૂતળમાં હું જ ધર્મ અને ભક્તિ થકી પ્રાદુર્ભાવ પામીશ; મારી પ્રાપ્તિના સાધનભૂત અને વળી સુખકારી છતાં ઘણાં કાળથી નષ્ટ થયેલો એકાંતિક ધર્મ હું પૃથ્વીમાં ફરી સ્થાપન કરીશ; કામ, ક્રોધાદિ, અશુભ કર્મોરૂપી અવિદ્યાના ક્લેશથી પીડાતા અસંખ્ય જનોને સંસ્કૃતિના પ્રવાહથી મુકાવીને તેઓને મારા અક્ષરધામમાં હું લઈ જઈશ. (૨૧-૨૬)

અનાદિ અજ્ઞાનરૂપી અવિદ્યાનું જે અંધારું છે તેને મનુષ્ય પોતાની મેળે ભેદી શકે તેમ નથી, પરંતુ મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી હું જ તે અવિદ્યાનો નાશ કરીશ, વળી બીજા કોઈથી પણ સાધ્ય ન કરી શકાય તેવું સર્વોત્તમ બ્રહ્મચર્ય વ્રત તેને પણ હું આ પૃથ્વીમાં પ્રવર્તાવીશ તે વખતે તમો બ્રહ્મચર્ય વ્રત પ્રિય હોવાથી પ્રસન્ન થશો. હે મુને ! મારી દૃષ્ટિથી જ કોઈ પણ સાધન વિના કેવળ કૃપાથી જ ઘણાં મનુષ્યોને મારા સ્વરૂપમાં ચિત્તના નિરોધરુપી ધ્યાન કરાવીશ; અને એ પ્રકારની કૃપા સમાધિ દ્વારા, મારાં અનુપમ દિવ્ય ઐશ્વર્યો હું ઘણા જીવોને બતાવીશ. (૨૭-૩૦)

વળી અષ્ટાંગયોગની ક્રિયા પણ હું આ પૃથ્વીમાં પ્રવર્તાવીશ. અને અગણિત જનોને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીશ. મારા શરણે આવેલા અગણિત જનોને મારા પ્રતાપથી સદ્‌ગુણોવાળા અને બ્રહ્મ સ્થિતિવાળા કરીશ. (૩૧-૩૨)

સર્વ અવતારોના એક કારણભૂત હું આ કાર્ય કરવા ઈચ્છું છું. તેથી હું જ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામવાનો છું. (આ મૂર્તિથી જ પ્રગટ થઈશ) સત્ય સંકલ્પ એવો હું મારી ઈચ્છાથી જે થવાનું છે તે કહું છું તે સાંભળીને તમારે મારી ઈચ્છા પ્રમાણે કરવું. (૩૩-૩૪)

સર્વ તપસ્વીઓના તપથી પણ અતિ ઉત્કૃષ્ટ તપસ્વી તમો છો. તેથી તમારા દર્શન કરવા માટે મારા અંતર્ધાન થયા પછી તુરત જ મરિચિ આદિ ઘણાં ઋષિઓ આવશે. તે ઋષિઓને તમારે ભરત ખંડમાં મનુષ્યોનું સ્વાસ્થ્ય પૂછવું. તે ઋષિઓ તમને પૃથ્વીમાં ચારે બાજુ પ્રવર્તેલા અધર્મની વાત કરશે. (૩૫) હે નરનારાયણ ! તેટલામાં જ તમારા પિતા ધર્મ તમારા દર્શને આવશે. તે ધર્મને તમારે ઋષિઓએ કહેલી વાત કહેવી. તે સમયમાં જ મહા ક્રોધવાળા દુર્વાસા મુનિ પણ અહીં આવશે. પછી જે વૃત્તાંત થશે તે હું તમોને કહું છું તે તમો સાંભળો. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં શ્રી હરિકૃષ્ણ ભગવત પ્રાદુર્ભાવ વિચારી નિરૂપણ નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે નારાયણ ઋષે ! ભરત ખંડની વાત સાંભળવામાં એકાગ્ર ચિત્તવાળા તથા મુનિઓએ વંદના કરેલા તમારાથી જ્યારે દુર્વાસામુનિ સન્માન નહીં પામે, તેમજ તે વાત સાંભળવામાં એકાગ્ર ચિત્તવાળા મુનિઓથી પણ સત્કાર નહીં પામે, ત્યારે તત્કાળ મહાક્રોધ કરશે. (૧-૨)

પછી પોતાનુ અપમાન થયું છે એમ માનીને દુર્વાસા ક્રોધથી આકુળ વ્યાકુળ થઈને ધર્મને તેમજ તમોને શાપ આપશે; અત્યંત ગર્વવાળા અને તેથી જ મારો અનાદર કરનારા તમો તથા આ ધર્માદિ સર્વ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ પામો; એ મનુષ્ય દેહ અધર્મી દૈત્યોથી તમો દરરોજ મહાન કષ્ટ પામો; મારું અપમાન કરનારા તમો અસુરોથી અત્યંત અપમાન પામશો. તમને મત્સર વ્યાપ્યો છે. અને તપ તથા વિદ્યાના મદથી ઉદ્ધત થઈ ગયા છો. (૩-૬)

દુર્વાસામુનિ આ પ્રમાણે શાપ આપશે એટલે ધર્મ તેમને શાંત પમાડશે. પછી કંઈક શાંત થયા પછી તે જે વચન કહેશે તે વચન તમોને હું કહું છું તે સાંભળો, હે ધર્મ ! હું કાંઈ ક્ષણિક ક્રોધ કરનારો નથી. હું મારા ક્રોધથી લગારેય કોઈને છોડું એવો નથી, એવી મારી ત્રિલોકમાં પ્રસિદ્ધિ છે; તેથી મારો શાપ ક્યારેય પણ મિથ્યા નહીં થાય. તો પણ હે સમન્તે ! તમારા ઉપર હું અનુગ્રહ કરું છું તે સાંભળો. (૭-૯)

તમારા મનુષ્ય સ્વરૂપમાં પણ પ્રતિવ્રતા આ મૂર્તિ તમારાં પત્ની થશે. આ નારાયણ પણ ફરીથી પ્રગટ થઈને સાક્ષાત્ તમારા પુત્ર થશે; અધર્મ તથા અસુરોએ કરેલી આપદાઓથી તમારું બંનેનું તથા સર્વ મુનિઓનું આ નારાયણ જ રક્ષણ કરશે. હે ધર્મ ! પૃથ્વીમાં તમો તો સર્વ પ્રકારે ધર્મનું પોષણ કરશો; તમારા પુત્ર થયેલા શ્રીહરિમાં અત્યંત સ્નેહથી તેમનામાં જ આસક્ત બની તમો બંને દંપત્તિ અલ્પકાળમાં જ મારા શાપ થકી મુકાઈ જશો; હે ધર્મ ! પછી તે બંને દંપત્તી દિવ્યગતિ પામશો. મેં કહેલું આ વાક્ય ક્યારેય પણ મિથ્યા નહીં થાય; હે મુનિઓ ! ઉદ્ધવે સહિત તમો પૃથ્વીમાં મનુષ્યોમાં શ્રેષ્ઠ એવી દ્વિજ જાતિમાં જન્મ પામશો. ત્યાં પણ હરિ તમારે વિષે મૈત્રી કરશે. (૧૦-૧૪)

આ પ્રમાણે કહીને દુર્વાસા મુનિ જશે અને પછી વિનયી અને બુદ્ધિશાળી ધર્મ તમોને આ પ્રમાણે કહેશે. હે નારાયણ ! તમો અસુરોથી મારું તથા ઋષિઓનું રક્ષણ કરો. (૧૫)

ત્યારે તમારે ધર્મને આ પ્રમાણે કહેવું. હે ધર્મ ! તમો જરા પણ ચિંતા ન કરશો કારણ કે આ શાપ મારી ઈચ્છાથી થયો છે એમ હે વિદ્વન્ ! તમારે મનમાં જાણવું, અગ્નિ જેમ વાયુની સહાયથી વૃદ્ધિ પામે છે, તેમ અધર્મ કળિના બળથી આ ભૂમિમાં વૃદ્ધિ પામીને પ્રવર્ત્યો છે. તેથી

આ લોકમાં જનસમુદાય અત્યંત પીડા પામે છે. હે ધર્મ ! તેથી હું પૃથ્વીમાં તમારો પુત્ર થઈશ અને હરિનામ ધારણ કરીને સાધુજનોનું તથા તમારું સર્વ પ્રકારે પાલન કરીને સર્વ ઠેકાણેથી અધર્મને મૂળમાંથી ઉખેડી નાખીશ. (૧૬-૧૮)

હે નારાયણ ઋષે ! તેમને આ પ્રમાણે કહીને તે સર્વેને તમારે તેમના આશ્રમમાં મોકલવા પછી આ ભૂમિતલમાં સમગ્ર મુનિઓ જ્યારે પ્રગટ થશે; ત્યારે તમોને દુર્વાસા મુનિએ આપેલો શાપ તેને હું જ ગ્રહણ કરીને પૃથ્વીમાં નર નાટ્ય ધારણ કરીશ. (તમારા શાપના નિમિત્તથી હું જ પ્રાદુર્ભાવ પામીશ) હે નારાયણ ! મારી દયાળુ પ્રકૃતિ હોવાથી જનોની આત્યંતિકી મુક્તિ કરવા માટે તમારા નિમિત્તથી (આ પ્રત્યક્ષ નારાયણ દુર્વાસાના શાપથી ઉત્પન્ન થયેલા છે, એમ તમારી ઉત્પત્તિને નિમિત્ત બનાવીને) આ લોકમાં હું જ પ્રગટ થઈશ. પોતાના સંકલ્પને દઢતાપૂર્વક સત્ય કરવા માટે પોતાના જ પ્રાદુર્ભાવને અહીં પુનરુચ્ચારણ કરી ઉલ્લેખ કરે છે.) (૧૯-૨૦)

હે રાજર્ષે ! સર્વ અવતારોના કારણ, સર્વજ્ઞ ઈશ્વરોના પણ ઈશ્વર અને જીવોને સંસારના ભયમાંથી મુકાવવાનો જ એક આગ્રહ છે જેમનો એવા શ્રી હરિકૃષ્ણ ભગવાન, તે નારાયણને આ પ્રમાણે કહીને ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. (૨૧)

જનસમુદાયને અતિ સુખકર અને અતિ પવિત્ર સ્વભાવવાળા તથા વેદ અને શાસ્ત્રોમાં કહેલો નૈષ્ઠિક ધર્મમાં નિષ્ઠાવાળા શ્રીહરિકૃષ્ણ ભગવાનના ઉપદેશથી અતિ પ્રસન્ન થએલા (પોતે નારાયણ છે છતાં પણ અક્ષરધામાધિપતિ ભગવાન પુરુષોત્તમના પ્રત્યક્ષ દર્શન અને વચનોથી) શ્રીહરિએ મારા ઉપર અત્યંત અનુગ્રહ કર્યો છે એમ નારાયણ ઋષિ ચિંતવન કરતા હતા. (૨૨)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યયા ૧૮ મો

શ્રી શુકમુનિ કહે છે :- હે રાજન્ ! તે નારાયણ ચિંતવન કરતા હતા, તેટલી વારમાં પોતાના હજાર શિષ્યો સહિત આ ભૂતળમાં તીર્થયાત્રા કરીને મરીચ્યાદિ મહર્ષિઓ નરનારાયણનાં દર્શન કરવા માટે બદરિકાશ્રમમાં આવ્યા. (૧-૨)

આકાશને સ્પર્શ કરતી વિશાલા નામની બોરડી નીચે પોતાનો સંધ્યા વંદનાદિ નિત્યકર્મ કરીને બેઠેલા નરના મહર્ષિઓ આદરપૂર્વક દર્શન કરવા લાગ્યા. (૩) તે નરઋષિ નવ યોગેશ્વરો એ સહિત તથા તનુ આદિ શાંત ચિત્તવાળા કલાપ ગ્રામ નિવાસી મુનિઓથી ચારે તરફ વીંટાયેલા, વળી બ્રહ્મચારીનો

વેશ ધારણ કરતા, મેઘ જેવા શ્યામ વર્ણના, અત્યંત પ્રસન્ન મુખકમળવાળા, સુવર્ણના જેવો જેમની જટાનો વર્ણ છે, તે નરને જોઈને તે મુનિઓ અત્યંત આનંદ પામ્યા; પછી જગદ્‌ગુરુ તપસ્વીઓના દેવ નરઋષિ પોતાને અતિપ્રિય તે મુનિઓને જોઈ અતિ પ્રસન્ન થયા અને તત્કાળ તેમની સન્મુખ ગયા; પછી નર ઋષિએ તે ઋષિઓને પ્રીતિ પૂર્વક વંદના કરી. તે ઋષિઓથી સન્માન પામીને હર્ષપૂર્વક તેમને ભેટીને, તેમને સૌને સુંદર આસન ઉપર બેસાડ્યા; પછી નરઋષિ તે ઋષિઓનો આતિથ્ય સત્કાર યથાયોગ્ય કરીને વિનયથી તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪-૮)

હે મુનિઓ ! તમારા દર્શનથી મને ખૂબ જ આનંદ થયો છે. જગતમાં બધું સુલભ વર્તે છે. તમારા જેવા સત્પુરુષો તો અતિ દુર્લભ છે; હે મુનિઓ ! જે સત્પુરુષોના હૃદયમાં અતિ સમર્થ નારાયણ હંમેશા સ્ફુરાયમાન છે એવા મુનીંદ્રોને તો અમે અત્યંત મોટા જાણીએ છીએ. તમો સર્વ મહાત્માઓ પાવનકારી મુક્તો છો. તમારો સમાગમ મનુષ્યોને દુર્લભ છે એમ હું માનું છું. (અનંત જન્મના પુણ્યોથી તમારા જેવાનો સમાગમ થાય) જેની મુક્તિ થવાની હોય તેવા પુરુષને જ તમારો પ્રસંગ થાય. તમારા પ્રસંગથી જ સંસારની પીડાને નાશ કરનાર શ્રીહરિમાં સ્નેહ થાય છે. (૯-૧૨)

શ્રીહરિમાં સ્નેહ થવાથી પોતાના દેહ, ગેહ વગેરેમાં સહજ જેને આસક્તિ તૂટે છે, તેથી પ્રશાંત બુદ્ધિવાળો પુરુષ, બ્રહ્માદિકને પણ દુર્લભ પોતે ઇચ્છેલું પરમપદ પામે છે. પૃથ્વીમાં તીર્થ યાત્રાના મિષથી પરોપકાર માટે ફરતા અને શ્રીહરિમાં આસક્ત મનવાળા આપના જેવા સંતોની ઉપમા કોણ આપી શકે તેમ છે ? તમારા જેવા દયાળુ સંતો પરોપકાર પરાયણ જીવોના સદાય હિતકારી છો. (૧૩-૧૫)

શ્રીહરિને પ્રિય તમો આજે અહીં ઉત્તમ સમયે આવ્યા છો, કારણ કે સાક્ષાત્ નારાયણ પોતાના દર્શન તમોને હમણાં આપશે. તેમના દર્શન માટે હંમેશા અહીં આવતા મુનિઓ તથા દેવોને દર્શન આપવાનો સમય હવે થયો છે. (૧૬-૧૭)

હે મુનિઓ ! શ્રી નારાયણ આ સમયે નૈષ્ઠિક ધર્મને યોગ્ય વિધિ કરીને અહીં આવે છે. (૧૮)

આ પ્રકારે મધુરવાણીથી યથા યોગ્ય સત્કાર કરતા નરઋષિની મુનિઓ અત્યંત પ્રશંસા કરવા લાગ્યા. (૧૯)

તેટલામાં નારાયણ સાક્ષાત્ વિભુ પોતાનો નિત્ય વિધિ સમાપ્ત કરીને પોતાની પર્ણ કુટીમાંથી ત્યાં આવ્યા. (૨૦)

નારાયણનું વર્ણન કરે છે. નવીન મેઘ જેવા શ્યામ વર્ણવાળા, શ્વેત અને ઘાટાં વસ્ત્રો પહેર્યા છે, શાંત સ્વભાવવાળા, વર્ણિ વેશ ધારી તપોનિધિ, નારાયણને જોઈને, તે સમગ્ર મુનીન્દ્રો હર્ષપૂર્વક તત્કાળ ઊભા થયા અને હર્ષાશ્રુ સહિત શ્રી નારાયણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૨૧-૨૨)

સમગ્ર મુનિઓએ જેમને વંદન કર્યું છે. તે નારાયણ મુનિઓને ભેટીને તેમનું યથાયોગ્ય સન્માન કરીને વિશાલા નીચે પોતાના આસન ઉપર બેઠા. (૨૩)

અતિ પ્રસન્ન થયેલા સર્વે મુનિઓ વેદ-મંત્રોથી તથા ચંદન પુષ્પાદિ ઉપચારોથી નારાયણ તથા

નરને પૂજવા લાગ્યા; તે મુનિઓ મહા નિરાજન કરીને તથા મંત્રપુષ્પાંજલિ આપીને હર્ષાશ્રુ સહિત નારાયણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા, પછી તે મુનીંદ્રો અને ગૌરવથી ગર્ભિત શ્રવણ પ્રિય વાક્યોથી સાક્ષાત્ નારાયણની સ્તુતિ કરવા લાગ્યા; પ્રસન્ન મનવાળા તે મુનીંદ્રો શ્રી નારાયણની સન્મુખ બેસીને મધુર હાસ્યથી શોભતું શ્રીહરિનું મુખકમળ જોવા લાગ્યા. (૨૪-૨૭)

પછી શ્રી નારાયણ મધુર વાણીથી મુનિઓને પ્રસન્ન કરતા તેમની પ્રશંસા કરીને નમસ્કાર કરતા તે મુનિઓને મધુર વચન કહેવા લાગ્યા. (૨૮)

હે સભ્યો ! હે મુનીંદ્રો ! તમે જીવોના કલ્યાણ માટે દરેક લોકમાં ફરો છો. એમ હું જાણું છું; તેથી તમોને હું પૂછું છું કે, તમો તમારા લોકમાંથી આવ્યા છો કે રસાતળથી ભૂલોકથી આવ્યા છો ? હે સત્તમો ! તે મને તમે કહો. (૨૯-૩૦)

ઋષિઓ કહે છે :- હે સ્વામિન્ ! અમો ભારતવર્ષમાં તીર્થયાત્રા કરીને તમારા દર્શન કરવા માટે હે ભૂમન્ ! આ વિશાળામાં આવ્યા છીએ. (૩૧)

(મુનીઓનું આ વચન સાંભળીને) **શ્રી નારાયણ કહે છે** :- ભારત વર્ષની પ્રજા પૂર્વે થયેલા મારા અવતારો દ્વારા મેં બાંધેલી શુભ ધર્મની મર્યાદાનું પાલન કરે છે કે કેમ ? (૩૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી તે મુનિઓ કલિથી વૃદ્ધિ પામેલા અધર્મથી સર્વ ભૂતળમાં અસંત તથા ગુરુઓ અને રાજાઓ ધર્મની મર્યાદાનો ભંગ કરવા માંડ્યો છે તે શ્રી નારાયણને કહેવા લાગ્યા. (૩૩-૩૪)

બ્રહ્મહત્યાદિ મહા પાપો તથા ઉપપાય તથા અધિક પાપો કરનારા વર્ણસંકરજનો, તથા વિષયમાં આસક્ત દુષ્ટજનોના આચાર શ્રી નારાયણને કહેવા લાગ્યા. (૩૫)

ઋષિઓનું વચન સાંભળીને અતિશય દયાથી આકુળ થયેલા નારાયણે અધર્મથી પ્રજાનું રક્ષણ કરવા સંકલ્પ કર્યો. (૩૬)

તે સમયે મરીચ્યાદિ મુનિઓ આવે છે તેવું નારદ ઋષિ પાસેથી જાણીને પુત્રરૂપ શ્રી નારાયણમાં ગાઢ પ્રીતિવાળા ધર્મ, મૂર્તિએ સહિત નારાયણની સમીપમાં આવ્યા. (૩૭)

નર તથા નારાયણે જેમને નમસ્કાર કર્યા છે, અને જેમનો સત્કાર કર્યો છે, તે પવિત્ર દર્શનવાળા મૂર્તિ તથા ધર્મ બંને અતિ આનંદપૂર્વક પોતાના બંને પુત્રો નર તથા નારાયણને ''जय स्वाश्रितान् पालय'' ''अचलतया स्वधर्मे तिष्ठ'' એવા આશીર્વાદ આપીને હે રાજન્ ! નર અને નારાયણે આપેલા આસન ઉપર બેઠા. (૩૮-૩૯)

નારાયણ તથા નર ઋષિ જેમની કીર્તિ સ્તુતિ કરવા યોગ્ય છે, જે દયાના સાગર છે અને સર્વ વિધિ પ્રવિણ છે તે પોતાના માતા પિતાને ''સુખપૂર્વક પધાર્યા'' એમ પૂછવા લાગ્યા, અને પોતાની માતા મૂર્તિદેવીનું સન્માન કરવા લાગ્યા. (૪૦)

પછી અત્યંત દયાર્દ્ર ચિત્તવાળા નારાયણ, મરીચ્યાદિ ઋષિઓ સાંભળે તે પ્રમાણે મૂર્તિ તથા ધર્મને, મુનિઓ પાસેથી સાંભળેલી પૃથ્વીમાં પ્રવર્તેલા અધર્મની વાત અને તેનાથી પોતાને થયેલું દુઃખ તે કહેવા લાગ્યા; હે રાજન્ ! આ પ્રકારે શ્રીનારાયણના મુખકમળથી નીકળેલી વાત સાંભળવા છતાં તેમની ચિત્તની વૃત્તિઓ શ્રીહરિના મુખકમળને સમ્યક્ પ્રકારે જોવામાં જ તત્પર હતી. જેમના નેત્ર શ્રીહરિના વદનરૂપી ચંદ્રમાં આસક્ત થયા છે, એવા તે મુનિઓ તો સમાધિમાં જેમ (વાયુવિનાના સ્થાનમાં દીવાની જ્યોતની જેમ) સ્થિર થયા હતા. (૪૧)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરતિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં મરીચ્યાદિ મુનિઓએ કહેલ ભરતખંડની પ્રજાનું વૃત્તાંત તે નામે અઢારમો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રી ધર્મ પ્રજાપતિ, મરિચ્યાદિ તથા તનુઋષિ આદિ મુનિઓએ નારાયણે ભરતખંડમાં પ્રવર્તેલા અધર્મની વાત સાંભળી, નારાયણના મુખ કમળમાં નેત્રની વૃત્તિ સ્થિર કરી દીધી. કરુણાસાગર નારાયણ પણ ધર્મ પ્રત્યે ભારતીય પ્રજાના અધઃપતનનું વૃત્તાંત નિવેદન કરવામાં એકાગ્ર ચિત્તવાળા થઈ ગયા હતા. તે સમયે અક્ષરધામ નિવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજના સંકલ્પથી, કૈલાસ પર્વતથી શંકરના અંશથી ઉત્પન્ન થયેલા અત્રિમુનિના પુત્ર દુર્વાસા મુનિ ત્યાં આવ્યા. હે રાજન્ ! સભામાં બેઠેલા સર્વ મુનિઓની પાછળ ઊભા રહેલા દુર્વાસા મુનિ, મુનિ મંડળના મધ્યમાં યોગ્ય આસન ઉપર બેઠેલા નારાયણ તથા નર, તથા ધર્મ તથા તેમના પત્ની મૂર્તિ તથા મરિચ્યાદિ મુનિઓને તથા સિદ્ધ ગતિ પામેલાઓને તથા ઉદ્ધવને જોવા લાગ્યા. હે રાજન્ ! તે સમયે શ્રી નારાયણ પાસેથી વૃત્તાંત સાંભળવામાં સર્વે એકાગ્ર ચિત્ત થયા હતા. તેથી શ્રી નારાયણે તથા બીજા કોઈએ પણ દુર્વાસાને ન દીઠા. તેથી તપોધન ઋષિનું કંઈ સન્માન ત્યાં થયું નહીં. એક ઘડી સુધી તે પ્રમાણે સભાની પાછળ ઊભા રહીને સર્વ મુનિઓને જોતા તે દુર્વાસા મુનિ પોતાનું અપમાન થયું છે. તેમ અંતરમાં માનતા તે સમયે તે સર્વ ઉપર અત્યંત ક્રોધાયમાન થયા. (૧-૫)

તે દુર્વાસા મુનિ બળતા અંગારા જેવા રાતા નેત્રવાળા, ક્રોધથી વ્યાકુળ ચિત્તવાળા, ક્રોધથી જ સર્વ અંગમાં કંપ ઉત્પન્ન થયો છે એવા જાણે, ત્રિપુરાસુરના નગરો બાળી નાખવાને ઈચ્છતા ક્રોધી શત્રુની માફક ઉગ્ર અને અતિ ભયંકર દેખાયા. અતિ ક્રોધથી જેમના નેત્રોમાંથી આંસુનો પ્રવાહ ચાલે છે, અને શરીરમાંથી નીકળતા પરસેવાના બિંદુઓથી જેમના હાથ અતિ ભયંકર દેખાય છે, તેમ જ કપોળ પ્રદેશ (ગાલ) પણ પરસેવાથી ભીના થઈ ગયા છે, નેત્ર-કપોળ અને હાથમાંથી જેમને મદ સ્ત્રાવે છે. (એમ ત્રણ ઠેકાણે મદ ઝરતા) એવા હાથીની માફક દુર્વાસા મુનિ શોભતા હતા; ક્રોધથી આકુળ વ્યાકુળ થયેલા દુર્વાસા મુનિનું વક્ષઃસ્થળ પીળા પુષ્પના હારથી શોભતું હતું. તેથી જાણે ક્રોધરૂપી

અગ્નિથી ઢંકાયેલું હોય ને શું ? એમ દેખાતું હતું; જેમને સદાય અવિચારી કાર્ય કરવાનું ગમે છે, તે દુર્વાસા મુનિની દૃષ્ટિ લાલચોળ થઈને સમીપમાં આવેલી અક્ષમારૂપ સખીને આલંબન કરતી હતી; કુટિલ અને તેથી જ ભયંકર ભ્રકુટિવાળા સકળ જગતને ભય ઉત્પન્ન કરનાર, બીકની ઉત્પત્તિના સ્થાનરૂપ, વાંકા કરેલા નેત્રોના જોડલાથી આ સભામાં રહેલા સર્વજનોને બાળતા હોય ને શું, તેવા દુર્વાસા ક્રૂર દાંતોથી હોઠ બીડીને જગતને હણવાની ઈચ્છાથી આવેલા મૃત્યુની માફક ત્યાં ઊભા રહ્યા. (૬-૧૦)

ક્રોધરૂપી દાવાનળથી બળતા અને અંતરમાં ખેદ પામતા (અહો, હું દુર્વાસા તે મારું આણે અપમાન કર્યું ! ધિક્કાર છે મારા જીવિતને !) લાલ નેત્રોથી બંને હાથ ઊંચા કરી, ભયંકર શબ્દથી સભાજનોનો તિરસ્કાર કરીને તેમને શાપ આપવા લાગ્યા. હે ધર્માદય! તમે બધા મનુષ્ય જન્મ પામી કળિયુગના અધર્મી અસુરોથી અતિશય દુઃખ પામો; ક્રોધી દુર્વાસા આ પ્રમાણે તે બધા સભ્યોને શાપ આપી મૌન રહ્યા. અને જાણે હમણાં સમગ્ર બ્રહ્માંડને ભસ્મીભૂત કરશે કે શું ? એમ ઊભા રહ્યા; દુર્વાસાના આ ભયંકર શબ્દ સાંભળીને મુનિઓ તથા ઉદ્ધવજી, ધર્મ તથા નારાયણ વગેરે બળતા અગ્નિ સમાન દુર્વાસા સામુ જોઈ રહ્યા; ક્રોધાગ્નિથી જેમનું સમગ્ર શરીર બળે છે, ભયંકર નેત્રવાળા, ક્રોધથી જેમના હોઠ બીડાયેલા છે તેવા અતિ ભયંકર દુર્વાસાને સર્વ મુનિઓ ઊભા થઈને તેમને આદરપૂર્વક પ્રણામ કરીને વિનય પૂર્વક આસન ઉપર બેસાડીને શાંત કરવા લાગ્યા. (૧૧-૧૬)

મરિચ્યાદિ મુનિઓએ યુક્તિપૂર્વક ઘણી પ્રાર્થના કરી, પરંતુ જેમ અગ્નિમાં ઘી હોમવાથી તે વધુ પ્રજ્વલિત થાય. તેમ, દુર્વાસા ફરીથી અત્યંત ક્રોધાયમાન થયા, પરંતુ શાંત તો ન જ થયા, મુનિના વિનય વચનો સાંભળીને ઘણો ક્રોધ કરતા દુર્વાસાને શાંત પાડવામાં નિપુણ ધર્મે તેમને બે હાથ જોડી વિનય વચનોથી શાંત કર્યા. (૧૭-૧૮)

નીતિજ્ઞ અને નિર્મળ અંતઃકરણવાળા ધર્મના વચનથી શાંત થયેલા દુર્વાસા વિનયથી બે હાથ જોડેલા ધર્મ પ્રત્યે કહેવા લાગ્યા : હે ધર્મ ! હું ક્ષણિક ક્રોધવાળો નથી. હું કોઈને ક્યારેય પણ મારા શાપ થકી છોડતો નથી. એવી મારી પ્રસિદ્ધિ આ ત્રિલોકમાં છે, હે નિષ્પાપ ! આમ છે છતાં પણ પુણ્ય મૂર્તિ તમારા સાન્નિધ્યમાં ક્રોધથી કુલષિત થયેલું મારું મન કાંઈક કોમળ થયું છે, હે ધર્મ ! આ મારો શાપ ક્યારેય પણ અન્યથા નહીં જ થાય. તો પણ તમારા ઉપર હું અનુગ્રહ કરું છું; હે ધર્મ ! તમો મનુષ્યભાવ પામશો તો પણ આ મૂર્તિ તે તમારી જ પત્ની થશે. વિભુ પ્રત્યક્ષ નારાયણ ફરીથી પણ તમારા પુત્ર થશે; તમારા પુત્ર થયેલા નારાયણ દૈત્યો તથા દૈત્યોના અંશથી ઉત્પન્ન થયેલા રાજાઓ, ગુરુઓ, અધર્મ તથા કષ્ટથી તમારા બંનેનું તથા આ મુનિઓનું પણ રક્ષણ કરશે. અને પૃથ્વીમાં તમારા બંનેનું પોષણ સર્વે પ્રકારે કરશે. તમારા પુત્રરૂપ શ્રીહરિમાં સ્નેહથી આસક્ત થયેલા ચિત્તવાળા તમો બંને મારા શાપ થકી મુક્ત થશો. પછી હે ધર્મ ! તમારી ઈચ્છિત દિવ્ય ગતિ તમો પામશો. મારા કહેવા પ્રમાણે જ થશે, પરંતુ અન્યથા ક્યારેય નહીં થાય. (૧૯-૨૬)

ઉદ્ધવે સહિત હે મુનિઓ ! તમો પૃથ્વીમાં દ્વિજ જાતિમાં જન્મ ધરશો. પછી સત્પુરુષોના પતિ શ્રીહરિ તમારે વિશે મૈત્રી કરશે. શ્રીહરિ સાથેની મિત્રતાથી થતા સુખના અનુભવ પછી મારા શાપથી

મુકાઈને તમો નિશ્ચે દિવ્ય ગતિ પામશો. આ પ્રકારે કહીને તે સર્વેને નમસ્કાર કરીને દુર્વાસા મુનિ કૈલાસ પર્વતમાં ગયા. (૨૭-૨૮)

બીજા દેહ ગ્રહણ કરવા ઈચ્છતા તે સર્વે મુનિઓ ત્યાં નારાયણની સમીપે રહેવા લાગ્યા. તે સર્વે મુનિઓ દુર્વાસાને શાપ આપવા સમર્થ હતા છતાં પણ શાપ આપ્યો નહીં. કોઈ પણ જાતના અપરાધ વિના ઋષિઓને તથા ધર્મદેવને દુર્વાસાએ શાપ આપ્યો તેનું કારણ તો ધર્મના શત્રુઓ એવા અસુરાને હણવાની શ્રીહરિની ઈચ્છા જ છે એમ જાણવું. તેથી કારણ વિના પણ પોતાના ભક્તોને શાપ આપતા દુર્વાસાને નારાયણે લગારે પણ ઠપકો આપ્યો નહીં તથા તેમના શાપને મિથ્યા પણ કર્યો નહીં. (જો નારાયણની ઈચ્છા ન હોત તો ઠપકો આપત તથા શાપ પણ મિથ્યા કરત, એવું તાત્પર્ય જાણવું.) (૨૯-૩૧)

દુર્વાસા કૈલાસમાં ગયા પછી, હે નારાયણ ! તમારે અધર્મ અને અસુરોની પીડાથી મારી તથા મુનિઓની રક્ષા કરવી, આ પ્રમાણે ધર્મ શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૨)

પછી નારાયણે કહ્યું કે હે પિતાજી ! આ શાપ મારી ઈચ્છાથી જ થયો છે. માટે તમારે ચિંતા કરવી નહીં; હાલ પૃથ્વીમાં અધર્મ પ્રવર્ત્યો છે, અધર્મ કળિના બળથી વૃદ્ધિ પણ પામ્યો છે. કળિની સહાયતાથી અધર્મ સર્વ પ્રાણીઓને હંમેશા પીડા કરે છે; તેથી હું જ હે ધર્મ ! તમારો પુત્ર થઈશ. હરિનામ ધારણ કરીશ. અને સજ્જનોનું પાલન કરી અધર્મને ચારેય તરફથી મૂળે સહિત ઉખેડી નાંખીશ; હે સન્મતે ! તમારી સાથે ફરતા ફરતા જ પૃથ્વીમાં પૂર્વની માફક ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ પ્રવર્તાવીશ; હે શ્રેષ્ઠ મુનિઓ ! માટે ચિન્તાનો ત્યાગ કરી તમો સર્વે ભારત વર્ષમાં બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યોમાં જેને જ્યાં ફાવે ત્યાં ઉત્પન્ન થાઓ; હે ધર્માદિ ! હાલમાં તમો સૌ સૌના આશ્રમ પ્રત્યે જાઓ, તમારે તમારા હૃદયમાં સર્વ પ્રકારે મંગળકારક મારા ગુણ, વિભૂતિ, ઐશ્વર્યે સહિત મારા સ્વરૂપનું ચિંતવન કરવું. (૩૩-૩૮)

નારાયણે આ પ્રમાણે કહ્યું તેથી ધર્માદિ સર્વે પોતાના નરનારાયણનું પ્રીતિપૂર્વક સ્મરણ કરતા હતા. શ્રી નારાયણને નમસ્કાર કરીને પોતપોતાના આશ્રમમાં ગયા. પછી ધર્મ પોતાની પત્ની મૂર્તિ સાથે પૃથ્વી ઉપર કોશલ દેશમાં જન્મ ધરવા માટે યોગ્ય માતપિતાનું ચિંતવન કરવા લાગ્યા. તેજ પ્રમાણે ઉદ્ધવ પણ કોશલ દેશમાં મનુષ્યોમાં જન્મગ્રહણ કરવાને ઈચ્છતા યોગ્ય માતાપિતાનું ચિંતન કરવા લાગ્યા. હે રાજન્! પૃથ્વી ઉપર આ ભરતખંડમાં મનુષ્ય જાતિમાં જન્મગ્રહણ કરવાને ઈચ્છતા એવા સર્વે મહર્ષિ સમુદાયો જુદા જુદા દેશોમાં કાળે કરીને બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મગ્રહણ કરવા લાગ્યા. (૩૯-૪૧)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના પ્રથમ સ્કંધમાં દુર્વાસાએ શાપ આપેલા ઋષિઓ ઉપર નારાયણે કરેલા અનુગ્રહનું નિરૂપણ કર્યું એ નામે ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

તેજ અરસામાં જે દૈત્યો, રાક્ષસો, અસુરો, દાનવો, યક્ષો તથા દુર્જનો હજારો હજાર સંખ્યામાં હે મુનીંદ્ર ! આ પૃથ્વી ઉપર પ્રગટ થયા. (અદિતિની પુત્રીના વંશમાં થયેલા દૈત્યો પુલસ્ત્યની દીકરીના વંશમાં ઉત્પન્ન થયેલા રાક્ષસો, બ્રહ્માના જઘનમાંથી થયેલા કામભોગમાં અતિ લાલસાવાળા અસુરો, કશ્યપની પત્ની, દનુની પુત્રીના વંશમાં થયેલા દાનવો તથા ઉત્પત્તિ સમયમાં પણ પિતાને જ ખાવ આ પ્રકારે બોલનારા યક્ષોના કુળમાં ઉત્પન્ન થયેલા યક્ષો) પૂર્વે દેવતા અને અસુરોના સંગ્રામમાં વિષ્ણુની સહાયથી દેવોએ અસુરોને હણ્યા. દેવોનો પક્ષપાત કરનાર શ્રી વિષ્ણુ પ્રત્યે તે અસુરોને અતિશય વેર ઉત્પન્ન થયું. હે રાજન્ ! તે અધર્મી અસુરો, શ્રીહરિને સનાતન ધર્મ અત્યંત પ્રિય છે એમ જાણીને, ધર્મનો નાશ કરવા અને ભગવાનનો વિનાશ કરવા પોતાના અંતરમાં નિશ્ચય કરતા હતા. પછી દુષ્ટાભિપ્રાયવાળા અસુરો કળિ અને દ્વાપરની સંધિમાં પૃથ્વીમાં ઉત્પન્ન થયા. તેમાં અતિ ઉગ્ર કર્મવાળા કેટલાક અસુરો મનુષ્યોમાં ઉત્પન્ન થયા. કેટલાક અસુરો તો બકાદિ પક્ષીઓમાં તથા કેટલાક પશુ આદિકમાં (બલીવર્દ-અશ્વ-ગર્દભ-અજગર વગેરેમાં) ઉત્પન્ન થયા; તે અસુરો વેદ, દેવ, ઋષિ, બ્રાહ્મણ અને સત્પુરુષોના દ્રોહી હોવાથી તેમને હંમેશા પીડા કરવામાં જ ઉદ્યમશાળી થયા. (૧-૫)

પૃથ્વીના ભાર રૂપ અતિક્રૂર અને મદાંધ તે અસુરો અપાર પરાક્રમવાળા સ્વયં શ્રીકૃષ્ણને જ હણવાની ઈચ્છા કરતા હતા. તે બળવાળા અસુરોને ભીમસેન, બળભદ્ર, અર્જુન તથા યાદવો પાસે શ્રીકૃષ્ણે મારી નંખાવ્યા હતા. તેમાં જે જે અસુરોને શ્રીકૃષ્ણે માર્યા હતા, તથા ભીમાદિ પાસે મરાવ્યા હતા, તેઓ અતિ મહાન શ્રીકૃષ્ણમાં ચિત્તની આસક્તિ રાખીને મૃત્યુ પામ્યા. તેમજ દેહના અંતકાળે જે અસુરો તરફ શ્રીકૃષ્ણે કરુણાથી દૃષ્ટિ કરી હતી, તે બંને પ્રકારના અસુરો તો પોતાને ઈચ્છિત મુક્તિને પામ્યા. કેમ કે દયાના સાગર તે શ્રીહરિએ તેમણે વૈર બુદ્ધિથી પણ પોતાનું ધ્યાન કર્યું છે એમ માની તેને ભક્તિ માની. બીજા જે અસુરોનો યુદ્ધમાં શ્રીકૃષ્ણે વિનાશ કર્યો હતો અને જેમનું તેમના સ્વરૂપમાં ચિત્ત આસક્ત નહોતું થયું, તે બધા, વિષય ભોગની અતિતીવ્ર તૃષ્ણાથી આકુળ વ્યાકુળ, દુષ્ટ ચિત્તવાળા અસદ્વાસનાથી ભરેલા, આ અઠાવીશમા કળિયુગમાં અત્રિમુનિના પુત્ર દુર્વાસાના શાપથી શ્રીહરિનો ધર્મ થકી જન્મ થશે તેમ જાણીને, આ પૃથ્વીમાં પ્રગટ થવા લાગ્યા. (૬-૧૦)

હે રાજન્ ! તે અસુરો, પોતાની સ્ત્રીઓ સાથે ધર્મ તથા મુનિઓને પીડા કરવાના હેતુથી અને પોતાના વૈરી શ્રીકૃષ્ણ ઉપર વેર લેવાની ઈચ્છા કરવા લાગ્યા. ધર્મના દ્રોહી અને દુષ્ટ ચિત્તવાળા અસંખ્ય અસુરો, ધર્મદેવના જન્મ પહેલાં જ આ લોકમાં મનુષ્ય યોનિમાં જન્મ લેતા હતા; તે અસુરોમાં દૈત્યો અને દાનવો તો પૃથ્વી ઉપર રાજકુલોમાં ઉત્પન્ન થયા. બ્રહ્માના ગુહ્યાંગમાંથી ઉત્પન્ન થયેલા અસુરો અને રાક્ષસો ને યક્ષો પૃથ્વી ઉપર બ્રાહ્મણાદિમાં ઉત્પન્ન થયા. (૧૧-૧૩)

(શંકા :- જો તે અસુરો હતા તો લોકોએ કેમ જાણ્યા નહીં ? તેનો ઉત્તર એ છે કે કાળનેમી, રાવણ, રાહુ માફક વૈરાગીના વેશથી લોકોને ઠગતા હતા માટે લોકોએ ન જાણ્યા) એ અસુરો પોતાના અસુરભાવને આચ્છાદન કરવા માટે, વિષ્ણુ તથા શંકર તથા કાલીદેવીની દીક્ષા ગ્રહણ કરી, આ લોકમાં

મનુષ્યોને ઠગીને સૌના ગુરુ થઈ બેસી ગયા; તે સર્વે અસુરોને શ્રીકૃષ્ણ સાથે વેર હોવાથી શ્રીકૃષ્ણને પોતાના આત્માથી પણ સદા અધિકપ્રિય વર્ણાશ્રમના સદાચાર રૂપ મૂર્તિમાન ધર્મ તથા જ્ઞાન, વૈરાગ્યરૂપી ત્રણે અંગે સહિત કલ્યાણકારી ભક્તિને પૃથ્વીમાં વારંવાર પીડા કરવા લાગ્યા. (૧૪-૧૫)

શૈવ, વૈષ્ણવાદિ ચિન્હો તે અસુરોએ ધારણ કર્યા હતા. તેઓ આ પૃથ્વી ઉપર, ઈન્દ્ર પૃથુ રાજાના યજ્ઞનો નાશ કરવાને ધારણ કરીને ત્યાગ કરેલા વિવિધ પ્રકારના ધર્માભાસ જેમાં છે એવા વિચિત્ર, નગ્ન, રક્ત પટાદિરૂપ વેશ ધારણ કરતા હતા. ત્યાર બાદ બળનામે અસુરના મુખમાંથી સ્વૈરિણી, કામિની, અને પુંશ્ચલી એ ત્રણ પ્રકારનો સ્ત્રીગણ ઉત્પન્ન થયો. તે સ્ત્રીગણના પતિ અસુરો દેવોને નિવેદન કરેલા સુરા તથા માંસના ભક્ષણનું માહાત્મ્ય પોતાના ભક્તોને સમજાવવા લાગ્યા. તે અસુરો ત્યાગીનો ભ્રમ ઉપજાવે તેવો વેશ ધારણ કરી, પોતાના આશ્રિત જીવોને ઘણાં પ્રલોભનો આપીને શ્રીકૃષ્ણની ભક્તિથી અને શ્રુતિસ્મૃતિએ પ્રતિપાદન કરેલાં અને શુભફળ આપનારા સદાચાર રૂપી ધર્મથી, તેમને પાડી નાંખવા લાગ્યા; કળિના બળથી વૃદ્ધિ પામેલો અને અવિરત દુષ્ટ કર્મ કરવાવાળા અને દુષ્ટ સ્વભાવવાળા તે અસુરો, પરસ્ત્રીગમન, રસાસ્વાદ, માંસભક્ષણ, મદ્યપાન તથા ધનમાં આસક્ત થઈને, મંત્રો તથા યંત્રોથી લોકોને વશ કરવા લાગ્યા; પોતાને ધર્મ યુક્ત મનાવીને પોતામાં વિશ્વાસ કરતા મનુષ્યો અતિ પ્રસન્ન થઈને પોતાને સ્ત્રીઓ, દ્રવ્ય, અન્ન વગેરે વસ્તુઓ આપે તેવી જ ક્રિયાઓ તેઓ નિરંતર કરતા હતા. (૧૬-૨૦)

તે અસુરો બ્રહ્મનું નિરૂપણ, તથા ધર્મ અને ભક્તિનો ઉપદેશ, પોતાના સ્વાર્થની સિદ્ધિ થાય તે અનુસારે જ કરતા હતા; અને શાસ્ત્રાર્થનો નિર્ણય પણ તે અનુસારે જ કરતા હતા. પાપકર્મમાં આસક્ત, યમના ભયથી રહિત તે અસુરો, સમગ્ર વેદોમાં હિંસામય યજ્ઞનું પ્રતિપાદન અને પ્રધાનપણું છે એમ કહેવા લાગ્યા, અને યજ્ઞ નિમિત્તે પશુ તથા પક્ષીઓને મારવા લાગ્યા. અતિશય પાપાચરણમાં પ્રવીણ, દુષ્ટ અસુરો, શ્રુતિ-સ્મૃતિના સમગ્ર અર્થો તેમજ શબ્દ ભેદ પણ પોતપોતાની રૂચિ પ્રમાણે કરવા લાગ્યા. (વિપરીતાર્થનું ઉદાહરણ ''अजेन यजेत्'' એ શ્રુતિમાં અજ શબ્દથી अजसंज्ञानि विजानि એ વાક્યથી તથા ''अजस्त्रि वार्षिको व्रीहिः'' એમ અમર કોષમાં છે. તો अज શબ્દનો અર્થ ત્રણ વર્ષની ડાંગર થાય છે. તેને બદલે વિપરીતાર્થ અજ શબ્દનો અર્થ બકરો કરે છે. શબ્દ ભેદનું ઉદાહરણ ''दशावरान् ब्राह्माणान् भोजयेत्'' દશ અવરા જેમને છે.'' ઓછામાં ઓછા દશ એવા અર્થનો ત્યાગ કરીને दशेभ्यो अवरान् દશથી ઓછા એવો શબ્દ ભેદ કરીને અર્થ કરે છે. (૨૧-૨૩)

તેની માફક મલીન અંતઃકરણવાળા તે અસુરો બ્રહ્મસ્વરૂપના સાક્ષાત્કાર માટે સુરાપાન, વૈરાગ્યાદિ મુખ્ય સાધનોથી અધિક છે, એમ જનોને કહેવા લાગ્યા. તે પ્રકારે ઉગ્ર કર્મ કરનારા અસુરો શિવ, વિષ્ણુ તથા મહાકાલી દેવીને પ્રસન્ન કરવા માટે તથા તેમનાં પ્રત્યક્ષ દર્શન કરવામાં મુખ્ય સાધન, માંસ ભક્ષણ તથા અગિયાર પ્રકારનું મદ્યપાન તેમજ મૈથુન એ મુખ્ય કહેવા લાગ્યા; દુષ્ટ આશયવાળા, અસાધુ તે અસુરો, દેવ સંબંધી કાર્યમાં તથા પિતૃ સંબંધી કાર્યમાં દેવતાઓની પ્રીતિ માટે માંસનું બલિદાન આપવું એમ કહેવા લાગ્યા. સાત્ત્વિક દેવોની માંસાદિક પદાર્થોથી પૂજા કરવા લાગ્યા. તે અસુરો પોતાના ઈષ્ટ

દેવોના મંદિરોમાં પરસ્ત્રીઓનો સંગ્રહ કરવા લાગ્યા. દુષ્ટ ભાવવાળા તે અસુરો પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે બ્રહ્મહત્યાદિ મહાપાપો પણ કરતા હતા. (૨૫-૨૭)

હે રાજન્ ! અસુરો ઘણું કરીને તો પુણ્ય તીર્થો તથા દેવતાનાં મંદિરો તથા શહેરોમાં વસતા હતા. તેમાં પણ કેટલાક અસુરો તપસ્વીના જેવા વેશ ધારણ કરતા હતા. વળી ભયંકર વેશ પણ ધારણ કરતા હતા, કેટલાક અસુરો તરવાર, ઢાલ. ચક્ર,ધનુષ્ય, અગ્નિબાણ વગેરે આયુધો પણ ધારણ કરતા હતા. દુષ્ટ સ્વભાવવાળા તે અસુરો જે સ્થાનમાં પોતાના આશ્રિત શિષ્યોનું સામર્થ્ય હોય, ત્યાં પોતાનો દુરાચાર પ્રગટ કરતા હતા એવી રીતના દુષ્ટ કર્મવાળા તેઓ પોતાના મતની પુષ્ટિ માટે નવીન ગ્રંથો રચવા લાગ્યા. વેદ અને આગમોના અર્થ પોતાના કુલાર્ણવ ગ્રંથના અર્થ અનુસાર તેઓ કરતા હતા. (૨૮-૩૦)

અસુરોથી ઉત્પન્ન થયેલા રાજાઓ ગુરુની પદવી પામેલા અને તેથી પાપ કરવાના અધિકારી તે અસુર ગુરુઓને જ આશ્રય આપતા હતા. અને તેમની આજ્ઞામાં પ્રીતિવાળા તે રાજાઓ પૃથ્વી ઉપર ધર્મની મર્યાદા ભેદી નાખતા હતા. આ લોકમાં તે સમયની તે રાજાઓની પ્રજા પણ રાગ પ્રાપ્ત બની અધર્માચરણ આચરવા લાગી. ''જેવો રાજા તેવી પ્રજા'' ''यथा राजा तथा प्रजा'' એવી લોકોક્તિ તે સમયના રાજા અને પ્રજામાં પ્રત્યક્ષ જોવા મળતી હતી. (૩૧-૩૨)

તે સમયે સર્વદેશમાંથી યજ્ઞમાર્ગ વિનાશ પામ્યો તેથી બ્રહ્માદિ સર્વે દેવગણો આહુતિ વિના અત્યંત દુર્બલ થઈ ગયા. કળિયુગ અને અસુરાંશ રાજાઓના બળથી વૃદ્ધિ પામેલા દુષ્ટ અસુર ગુરુઓએ જ ચારે તરફ અધર્મ પ્રવર્તાવ્યો. તેથી હે રાજન્ ! સર્વ લોકોને ધારણ કરનારી ભૂમિ વારંવાર કંપાયમાન થતી હતી. સત્પુરુષોનો દ્રોહ કરનારા તથા પાપ-બુદ્ધિવાળા તે અસુરોનો ભાર પૃથ્વી સહન કરવા સમર્થ ન થઈ, સર્વ સુખનું કારણ ધર્મ, તીર્થો, દેવો, ભૂમિદેવો તથા સાધુઓ પણ તેથી અત્યંત પીડા પામ્યા. તેથી પૃથ્વી ઉપર વિનાશકારી વીજળી પડવા માંડી તથા વારંવાર દુકાળ પણ પડવા લાગ્યો. તેમજ અતિ વેગથી વાતા વાયુથી મોટાં મોટાં વૃક્ષો પણ પડવા લાગ્યા. (૩૩-૩૬)

હે ભૂમિપતે ! આ પ્રકારે પૃથ્વીમાં અતિશય અધર્મ પ્રવર્ત્યો તેથી મંગળકારી એકાંતિક ધર્મના રક્ષક ભગવાનના નિવાસરૂપ સત્પુરુષોને અતિપ્રિય અને દૈવી સંપત્તિ યુક્ત જનોને સુખ આપનારા ધર્મે પોતાની પત્નીની સાથે પૃથ્વીમાં જન્મ ગ્રહણ કર્યો. તેમજ ઉદ્ધવે તથા મરિચ્યાદિ મુનિઓ પણ પૃથ્વી ઉપર જન્મ ગ્રહણ કરવા લાગ્યા. (૩૭)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં અસુર દુરાચાર પ્રવૃત્તિ નિરૂપણ નામે વીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! કૌશલ દેશમાં ચાર વર્ણના મનુષ્યોથી વસેલું ઈટાર નામનું પુર સરયૂ નદીની ઉત્તર દિશાના તીરે આવેલું છે. ભાર્ગવ, સાવેતસ, વૈતહવ્ય એ ત્રણ પ્રવર મુખ્ય છે. તેવા બ્રાહ્મણો તે પુરમાં વસતા હતા. સામવેદી સાવર્ણિ ગોત્ર અને કૌથમી શાખાવાળા બ્રાહ્મણ લક્ષ્મણ શર્મા તે સમયે પ્રસિદ્ધ હતા. તે લક્ષ્મણ શર્માના પુત્ર વેશીધર હતા અને વેશીધરના પુત્ર વેદમાન હતા. તે વેદમાનના પુત્ર કનૈયાલાલ બહુ જ પ્રસિદ્ધ અને મહાબુદ્ધિશાળી હતા. તે કનૈયાલાલ સુરનેત્ર નામના રાજાના વંશજોએ પૂજેલા પંડિત અટકવાળા હતા અને તે મેહદાવ પુરમાં રહેતા હતા; કનૈયા શર્માનો પુત્ર બાલશર્મા હતા. તે વેદ તથા શાસ્ત્રોમાં પ્રવીણ, જીતેન્દ્રિય, શુદ્ધઅંતઃકરણવાળા તથા કોઈનો પણ દ્રોહ ન થાય તેવી મધુર વાણીવાળા અને ધર્મપ્રિય, યાજ્ઞિક, પ્રતિભાશાળી, બ્રહ્માના અંશમાંથી ઉત્પન્ન થયેલા અને શુદ્ધકુળમાં જન્મવાળા, શાંતિ, લજ્જા, દયા, વિદ્યા, સૌશીલ્યાદિ, ગુણોવાળા હતા; તે બાલશર્માને ભાગ્યવતી નામે સદ્‌ગુણી પત્ની હતી. બાલશર્મા પોતાની ભાગ્યવતી સ્ત્રી સાથે હંમેશા પોતાના વર્ણાશ્રમને યોગ્ય સદાચારનું પાલન કરતા હતા. (૧-૮)

હે રાજન્ ! શ્રીહરિ જેમને પ્રિય છે, એવા શુદ્ધ અંતઃકરણવાળા તે દંપતીને ત્યાં જન્મ લેવાનો ધર્મદેવે મનમાં નિશ્ચય કર્યો. પછી યથા સમયે તે બાલશર્મામાં આવિર્ભાવ પામીને ભાગ્યવતીના ઉદરમાં ગર્ભરૂપે થઈને, મનુષ્યની પેઠે નિવાસ કરવા લાગ્યા. પછી મનુષ્ય ભાવ અનુસાર ધર્મ, ગર્ભ ધારણ કરવાથી દશ મહિને, (दशमे मासि जायते એ શ્રુતિ છે.) પરમાત્માને અત્યંત પ્રિય સાધુજનોને સુખી કરવા માટે ઉત્પન્ન થયા. (૯-૧૧)

તે સમયે પોત પોતાના વિમાનોમાં બેસીને હર્ષ પામીને, નંદનવનમાંથી ઉત્તમ પુષ્પો લાવીને, ધર્મના જન્મની પ્રતિક્ષા કરતા બ્રહ્માદિ દેવતાઓએ, આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરી તથા જયજયના ધ્વનિ કર્યા. પરંતુ આ પ્રસંગથી પોતાનો દ્રોહ કરનારા અસુરોને ભય ઉત્પન્ન થયો. વિક્રમ સંવત ૧૭૯૬ પ્રમોદ સંવત્સરમાં સૂર્ય જ્યારે દક્ષિણાયનમાં હતા ત્યારે શરદ્‌ઋતુમાં કાર્તિક માસમાં શુક્લ પક્ષની એકાદશીને દિવસે ધર્મદેવનો જન્મ થયો. બુધવારના તે દિવસે મંગળકારી કલ્યાણી કરણ હતું. (વિષ્ટિ કરણ) અહીં બુર્દન દેવતાત્મક નક્ષત્ર હતું તથા ઉત્તમ વજ નામનો યોગ હતો, કુંભ લગ્ન હતું. મંગળ વગેરે ગ્રહો ચાર કેન્દ્ર સ્થાનમાં હતા. એ સમયમાં જગતને ધારણ કરનારા ધર્મદેવને ભાગ્યવતી એ જન્મ આપ્યો હતો. (૧૨-૧૫)

ધર્મના જન્મથી પોતાની હવે પુષ્ટિ થશે તેથી પ્રીતિપૂર્વક દેવો દુંદુભિ વગેરે વાજિંત્રો વગાડવા લાગ્યા. હે રાજન્ ! દેવોએ આનંદપૂર્વક વગાડેલા વાજીંત્રોનો મહાનાદ સમગ્ર ત્રિલોકમાં વ્યાપી ગયો. ધર્મદેવના આવિર્ભાવ સમયે ગંધર્વો સ્વર્ગ લોકમાં સુંદર ગીતોના પ્રબંધથી મધુરસ્વરથી ગાયન કરવા લાગ્યા. અપ્સરાઓ હર્ષ પૂર્વક નૃત્ય કરવા લાગી, તેવી જ રીતે ધર્મદેવના જન્મસ્થાનના મહેલ ઉપર વારંવાર પુષ્પની વૃષ્ટિ કરનારા દેવોએ મોટો ઉત્સવ ઉજવ્યો. (૧૬-૧૮)

પૃથ્વીમાં તે સમયે ગામો, નગરો તથા ઉપનગરોમાં રહેનારા જનોએ મંગળ કાર્યો કર્યાં. તેમ જ યાજ્ઞિક બ્રાહ્મણોના યજ્ઞના અગ્નિ નિર્ધૂન હોવા છતાં પણ પ્રજ્વલિત થયા; સાધુજનો તથા દેવતાઓના મન પણ તત્કાળ નિર્મળ થઈ ગયાં. સરોવરોમાં પણ વિવિધ પ્રકારનાં કમળો ખીલ્યાં, મંદ, શીતલ અને સુગંધિમાન વાયુ વાવા લાગ્યો, આકાશ નિર્મળ થયું. ઋષિ વર્યો જય પામો; જીવો, તેવા આશીર્વાદ આપવા લાગ્યા. સિપવાજનો જયનો અતિ મોટો ધ્વનિ કરવા લાગ્યા. (૧૯-૨૧)

પુત્રના જન્મથી અત્યંત હર્ષ પામેલા અને હર્ષથી આકુળ થયેલા વિપેન્દ્ર શાસ્ત્રમાં કહેલા જાત કર્માદિ સંસ્કારમાં અત્યંત નિપુર્ણ બાલશર્મા, પુત્રનો જન્મ થતાં જ સ્નાનવિધિ કરીને વેદને જાણનાર બ્રાહ્મણોનું પૂજન કરીને, શુભ જાતકર્મ સંસ્કાર શાસ્ત્રવિધિ પ્રમાણે કરતા હતા. પછી તેમણે બ્રાહ્મણોને દાન આપ્યાં. માંખો તથા મચ્છરોથી પીડા પામેલા અતિ કોમળ અવયવવાળા છતાં પણ તે પીડાને સહન કરતા તે બાળકની ક્ષમા શિલતા જોઈને વિવેકીજનો તથા તેવી સ્ત્રીઓ પણ બાળકને પૂર્વ જન્મના યોગી જાણવા લાગ્યા. નવીન મેઘના જેવા સુંદર શરીરવાળા, જાનુ પર્યંત લાંબી બે ભુજાવાળા, (આજાન બાહુ) મંદ મંદ હસતા મુખવાળા, તે બાળકને જોઈને માતાપિતાને અતિશય આનંદ થવા લાગ્યો. (૨૨-૨૪)

તેમના પિતા બાલશર્માએ પોતાના પુત્રના જન્મથી બારમા દિવસે પુત્રનું શુભ નામ તેમના લક્ષણ મુજબ વિધિ પ્રમાણે પાડ્યું. આ પુત્રની શરીરની કાંતિ અતિ સુંદર છે. તેથી દેવશર્મા નામથી પ્રસિદ્ધ થશે. આ પ્રમાણે પિતાએ નામ પાડેલ દેવશર્મા રાત્રિ દિવસ પોતાના પિતાનું મન હરી લેતા હતા. વિવિધ પ્રકારે મનુષ્ય ભાવનું બતાવવા સમગ્ર દેહધારીઓને સદા દર્શનીય હતા; મનોહર ચંદ્રની માફક આનંદ ઉપજાવનારા, પ્રતિદિન વૃદ્ધિ પામતા દેવશર્મા બાળપણમાં મધુર કાલી કાલી વાણી બોલ્યા; તે વાણી સાંભળીને તેના બંધુઓ આનંદ પામ્યા. પછી સદ્‌બુદ્ધિમાન દેવશર્માએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અને પ્રાશન સંસ્કારો કર્યા. તેમજ મૌજી બંધન પણ વિધિ પ્રમાણે ગુરુ પાસે કરાવ્યું. કંઠમાં રહેલા પ્રાણથી જેમ મનુષ્ય જીવે છે, તેમ કેવળ બ્રહ્મચર્ય વ્રતથી જ જીવતા બાર વર્ષ પર્યંત તે વ્રત ધારણ કરી તથા ગુરુકુળમાં રહી શિક્ષાદિ અંગો સહિત વેદો પોતે ભણતા હતા. સુંદર સ્વભાવવાળા દેવશર્મા, વેદાધ્યાપક ગુરુને આદરપૂર્વક પ્રિય વસ્તુઓ આપીને તેમને અત્યંત સંતોષ પમાડીને ક્રમવાર સમાવર્તન નામનો શુભ સંસ્કાર (ગૃહસ્થ થવાનું કર્મ) કરતા હતા. (૨૫-૨૯)

સ્નાતક વ્રતમાં નિષ્ઠાવાળા દેવશર્માએ સમાવર્ત કર્મ કર્યા પછી સારાકુળમાં ઉત્પન્ન થયેલી, સૌશીલ્યાદિ ગુણોથી યુક્ત, ઉત્તમ, પોતાને યોગ્ય (પુરુષના કોઈ પણ ચિન્હથી રહિત) ભાર્યા સાથે વિવાહ કરવા ધાર્યું. કોશલ દેશમાં મનોરમા નામની નદી છે. તે નદીની ઉપર પાપને નાશ કરનારું મખૌટા તીર્થ છે; તેનાથી ઉત્તર દિશામાં છપૈયા ગામ છે. તે ગામ યજ્ઞ કરનારા મનુષ્યોને અતિપ્રિય છે, તથા ચારેય વર્ણોના મનુષ્યો ઘણાં ત્યાં રહે છે. વળી તે ગામ સમાન પંક્તિઓથી શોભતી ઊંચી હવેલીઓવાળું નાના પ્રકારના વૃક્ષો તથા બાગબગીચાથી ચારેય તરફ શોભતું, અતિ શ્રેષ્ઠ સભાસ્થાનેથી શોભાયમાન, દેવમંદિરો તથા વિશાળ ચોકવાળી ધર્મશાળાઓથી શોભતું હતુ. બ્રાહ્મણોના વેદપાઠથી ચારે દિશામાં વ્યાપતા વેદોના

મંગળ ઘોષથી તે ગામ શોભતું હતું. વિવિધ પ્રકારના વિશાળ વૃક્ષોથી શોભતા સ્વચ્છ જળાશયો સુંદર કમળોથી અતિશય શોભતા હતા. (૩૦-૩૬)

જીતેન્દ્રિય અને વિદ્વાન બ્રાહ્મણ કૃષ્ણશર્મા તે નગરમાં રહેતા હતા. તેને પતિવ્રતાના ગુણોવાળી ભવાની નામે પત્ની હતી; સરળ હૃદયી, શુદ્ધ, સ્વરૂપવાન અને સર્વથી પર જે વાસુદેવ ભગવાનમાં અચળ અને પરાભક્તિ તેને હતી; સાક્ષાત્ મૂર્તિદેવી તે ભવાની અને કૃષ્ણશર્માના પુત્રી થયાં હતાં. તે મૂર્તિ તપોનિષ્ઠ, વિશુદ્ધ આત્માવાળાં અને શીલ તથા સદ્‌ગુણવાળાં હતાં : કાર્તિક માસના શુક્લ પક્ષમાં પૂર્ણિમાને દિવસે બુધવારે, મંગળકારી કૃતિકા નક્ષત્રમાં, કલ્યાણીકરણમાં તથા પૂર્ણચંદ્ર સોળે કળાએ પ્રકાશતો હતો અને કર કુમકુમથી લીંપન કર્યા હોય જાણે એવા સાયંકાળે અતિશય કાંતિમય દેહવાળાં મૂર્તિ એકાએક પ્રગટ થયાં. (૩૭-૪૧)

હે રાજન્ ! દુર્વાસા મુનિના શાપથી મૂર્તિનો જ્યારે આ પૃથ્વી ઉપર જન્મ થયો ત્યારે પ્રાણીઓનાં મન શ્રીહરિની નવધા ભક્તિમાં ગુંથાયા. પ્રભુના સુંદર મંદિરોમાં મોટો ઉત્સવ થવા લાગ્યો, આ લોકમાં આ રીતે પૃથ્વીનો ભાર અસુરોની સાથે ઉત્તર અવસ્થા (વૃદ્ધાવસ્થા)ને પામ્યો. (૪૨)

તે મૂર્તિના જન્મ સમયે પ્રસન્ન થયેલા દેવો વિમાનોમાં બેસીને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. અપ્સરાઓ પ્રસન્ન થઈને નૃત્ય કરતી હતી, ગાંધર્વના સંઘો ગાન કરતા હતા. તેજ પ્રમાણે સ્વર્ગમાં દુંદુભિના નાદ થતા હતા; પૃથ્વી ઉપર મોટો ઉત્સવ થતો હતો. સર્વ નગર, ગામ, વ્રજ વગેરે જેમાં છે તે પૃથ્વી મંગળ ભાવથી શોભવા લાગી. (૪૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં શ્રી ધર્મદેવ અને ભક્તિ માતાના જન્મોત્સવનું નિરુપણ નામે એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ત્યાર પછી કૃષ્ણ શર્માએ પોતાની પુત્રીના સંસ્કારો વિધિપૂર્વક કર્યા. હે રાજન્ ! પછી આનંદપૂર્વક પોતાની પુત્રીનું નામ બાલા પાડ્યું. તે પુત્રીના જન્મથી જ કૃષ્ણશર્માની બધી આપત્તિઓ નાશ પામી ગઈ અને ધન ધાન્યાદિકોનો વૈભવ વૃદ્ધિ પામ્યો. બાળ લીલાઓથી પોતાના માતાપિતાને હર્ષ પમાડતી બાળા, શુક્લ પક્ષમાં ચંદ્રલેખાની માફક વૃદ્ધિ પામવા લાગ્યાં, બાલા બાલ્યાવસ્થામાં સ્વાભાવિક પ્રકૃતિથી જ શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિવાળાં હતાં, તેમ જ સ્વરૂપ સ્વભાવ અને સત્ય વાણીવાળા હતાં, તથા ક્ષમા, દયા વગેરે ગુણોથી સામુદ્રિક શાસ્ત્રે કહેલ લક્ષણો વડે કપિલ ભગવાનનાં માતુશ્રી સમાન હતાં. હે રાજન્ ! તે બાલાને હંમેશા પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણની અચળ ભક્તિ કરતાં જોઈને ગ્રામજનો તેમને ભક્તિ નામથી બોલાવતાં હતાં. (૧-૫)

પછી કૃષ્ણશર્મા પોતાની પુત્રી બાલાનો સર્વગુણ સંપન્ન દેવશર્મા સાથે યથાવિધિ વિવાહ કર્યો, પછી કૃષ્ણ શર્મા ભીનાકંકુના રક્ત બિંદુના છાંટણા છાંટી ઉત્તમ બ્રાહ્મણને તે લગ્નપત્રિકા આપી, બાળશર્માને ઘેર તેને મોકલી, પોતાને ઘેર ઉદાર બુદ્ધિવાળા બાળશર્માને બોલાવતા હતા; પછી બાળશર્મા પોતાના બંધુઓની સાથે કૃષ્ણશર્માને ઘેર આવ્યા. કૃષ્ણશર્માએ અતિ પ્રેમથી બાળશર્માને ઉતારો આપ્યો અને તેમના ચરણમાં અર્ધ્ય આપી તેમનું સન્માન કર્યું. પછી બાળશર્મા વિધિ પ્રમાણે પોતાના પુત્રને પરણાવતા હતા. સુધા, લતા અને કલ્પતરુ સમાન વધુ અને વરની લોકો પ્રશંસા કરવા લાગ્યા; તે ગુણવાન કૃષ્ણશર્માએ સુંદર સ્વભાવવાળા પોતાના જમાઈ દેવશર્માને પ્રેમથી પ્રાર્થના કરી અને તેમને સમૃદ્ધિથી ભરપૂર પોતાના ઘરમાં નિવાસ કરાવ્યો. (૬-૧૦)

હે રાજન્ ! બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ અને પંડિત અટકવાળા બુદ્ધિશાળી દેવશર્મા, તો પોતાના સસરા કૃષ્ણશર્માની પ્રસન્નતા માટે પોતાના પિતાની આજ્ઞાથી અને પોતાની સ્ત્રીની અનુમતિથી કૃષ્ણશર્માના ઘરમાં નિવાસ કર્યો. પછી આર્યોમાં શ્રેષ્ઠ અને સજ્જન બાળશર્મા કેટલાક દિવસ ત્યાં રહ્યા. પોતાના પુત્રના સુશીલતા આદિ ગુણોથી સંતોષ પામી થોડા દિવસ બાદ પોતાને ઘેર જવા તૈયાર થયા. તે સમયે વિપ્રરાજ બાળશર્માએ શાસ્ત્રોમાં લખેલ પતિવ્રતા સ્ત્રીના ધર્મ પોતાની પુત્રવધૂને કહ્યા. તેમ જ પોતાના વિનયશીલ પુત્રને પણ શાસ્ત્રમાં કહેલો ગૃહસ્થ ધર્મ કહ્યો. પોતાના કુળદેવતા વાયુપુત્ર હનુમાનજી તથા શ્રીગણેશના (આસો વદી ૧૪ ચૌદશને દિવસે શ્રી હનુમાનજીની તથા ભાદરવા સુદી ૪ ચોથને દિવસે શ્રી ગણેશજીની પૂજા કરવી.) પૂજનનો વિધિ તથા એકાદશી આદિ શુભ વ્રતોનો વિધિ બાળશર્માએ પોતાની પુત્રવધૂને તથા પોતાના પુત્રને સમજાવ્યો. અને પછી પોતાને ઘેર ગયા. (૧૧-૧૫)

પિતાના ગયા પછી સસરાના ઘરમાં રહેતા દેવશર્મા પોતાની પત્નીની સાથે ગૃહસ્થના ધર્મનું શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે યથાર્થ પાલન કરતા હતા. અતિ દ્રઢ ધર્મનિષ્ઠા અને સદાચારથી તે પુરના નિવાસીઓને આનંદ પમાડતા. સત્યવાદી દેવશર્મા, કૃષ્ણમાં પ્રીતિવાળા સ્વધર્મનિષ્ઠ ભક્તોનો સમાગમ કરતા હતા. ધર્મમાં દૃઢ સ્થિતિવાળા અને તેથી જ સૌને દર્શન કરવા યોગ્ય ધર્મને જોઈને સૌ તેમને બહુ સ્નેહપૂર્વક સદા ધર્મ અથવા ધર્મદેવ એ નામથી બોલાવા લાગ્યા. ગૃહસ્થ ધર્મનું યથાર્થ પાલન કરતા તે પતિ પત્નીનું આચરણ, પવિત્ર કથાની જેમ પ્રાતઃકાળમાં સદા સૌને ગાન કરવા યોગ્ય હોય તેમ, સૌ સજ્જનોને આદરણીય લાગ્યું. ધર્મમાં સ્થિર તે દંપતીને સમય જતાં પવિત્ર અંતઃકરણવાળા, મનોહર, શૌર્ય, વીર્ય, ઉદારતા, સંતોષ વગેરે ગુણોથી ભરપૂર સંકર્ષણ સમાન રામપ્રતાપ નામે પ્રસિદ્ધ પુત્ર થયા. (૧૬-૨૦)

આ પૃથ્વીમાં ઉત્પન્ન થયેલા અનેક અસુરોએ છપૈયા ગામમાં ચારિત્ર્યશીલ ધર્મ અને ભક્તિને પીડા કરી તેથી તે બંને છપૈયા ગામ છોડીને રામપ્રતાપના જન્મ પહેલાં અયોધ્યા પુરીમાં આવ્યા હતા, તે અસુરો ત્યાં પણ ધર્મમાં એકનિષ્ઠાવાળાં તે દંપતીનું અન્ન, ધન લૂંટી જવા લાગ્યા. તથા શબ્દ બાણોથી અને તાડનથી તેમને ત્યાં પણ હંમેશા પીડા પમાડવા લાગ્યા. (૨૧-૨૨)

પછી ધર્મ પોતાની પત્નીની સાથે કાશીમાં જઈને કેટલાક દિવસ રહ્યા. પરંતુ કાશીનગરીમાં પણ

અસુરો તેમની પાછળ પડ્યા એટલે ત્યાંથી તેઓ પ્રયાગ રાજ તીર્થમાં જઈને રહ્યા. (૨૩)

હવે શ્રી રામાનંદ સ્વામીનું આખ્યાન કહે છે :- હે રાજન્ ! બદ્ધિશાળી ધર્મદેવે પ્રયાગમાં ઉદ્ધવ સંપ્રદાયના વૈષ્ણવજનોના આચાર્ય શ્રી રામાનંદ સ્વામીને જોયા. શ્રીકૃષ્ણ ભગવાને ધામમાં જવાના સમયે મુમુક્ષુ ભક્તોને આત્મા પરમાત્માના શુદ્ધ જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો તે સિદ્ધ દેહવાળા ઉદ્ધવ બદરિકાશ્રમમાં રહેતા હતા. તે ઉદ્ધવજીએ દુર્વાસાના શાપથી અયોધ્યા પુરનિવાસી બ્રાહ્મણ શ્રેષ્ઠ શ્રી અજય અને તેમના પત્ની સુમતિને ઘેર પુત્ર તરીકે જન્મ લીધો હતો. પુત્ર જન્મથી તેમના પિતા હર્ષ પામ્યા અને પુત્રનું નામ રામ પાડ્યું. તે રામ પૂર્વજન્મના અભ્યાસથી બાલ અવસ્થામાંથી જ શ્રીકૃષ્ણની ભક્તિ કરવા લાગ્યા; ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કર્યા પછી નૈષ્ઠિક વ્રતમાં રહેલા રામે તીવ્ર વૈરાગ્યથી, સમૃદ્ધિવાળા પોતાના ઘરનો ત્યાગ કરી દીધો. પૃથ્વીમાં તીર્થયાત્રા કરતા કરતા તે રામશર્મા પોતાના ઘેરથી નીકળી વૃંદાવનમાં જઈને શ્રીકૃષ્ણની આરાધના કરતાં ત્યાં જ નિવાસ કરીને રહ્યા. તેમની આરાધનાથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે, રામશર્માને પોતાના પ્રત્યક્ષ દર્શન આપ્યાં. શ્રીકૃષ્ણે તેમને વૈષ્ણવી દીક્ષા આપી અને તેમનું રામાનંદ નામ પાડ્યું. પછી શ્રીકૃષ્ણ તેમને કહેવા લાગ્યા. (૨૪-૩૦)

હે ધીમન્ ! તમારે મારી આજ્ઞાથી મુક્તિ આપનારો શાસ્ત્રસંમત નવો સંપ્રદાય આ ભૂમિ ઉપર પ્રવર્તાવવો. તમો ઉદ્ધવનો અવતાર હોવાથી તે સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાયને નામે થશે. પ્રસન્ન થયેલા સર્વજ્ઞ શ્રીકૃષ્ણે આવી રીતે રામશર્માને આચાર્ય પદવી આપી અને પછી ત્યાંથી તત્કાળ અંતર્ધાન થઈ ગયા. પછી ગુરુ થકી રામાનંદ સ્વામી નામ ધારણ કર્યું છે તે રામશર્મા ત્યાંથી તીર્થોમાં ફરતા ફરતા મુમુક્ષુજનોને ઉપદેશ આપતા આપતા પ્રયાગ તીર્થમાં આવ્યા. હે રાજન્ ! તે પ્રયાગ ક્ષેત્રમાં ધર્મદેવે રામાનંદ સ્વામી પાસે જ વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી. (૩૧-૩૪)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં શ્રીધર્મ-ભક્તિનો વિવાહ, દીક્ષા તથા રામાનંદ જન્મોત્સવાદિ નિરૂપણ નામે બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પ્રસન્ન થયેલા રામાનંદ સ્વામીએ ધર્મને અહિંસાદિ સર્વ સાધારણ ધર્મોનો ઉપદેશ કર્યો. વળી વર્ણ આશ્રમને અનુસરતા જનોને વિશેષ પાલન કરવા યોગ્ય વેદ તથા શાસ્ત્રોમાં કહેલા ધર્મો, રામાનંદ મુનિએ ધર્મદેવને કહ્યા; રામાનંદે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત તથા શ્રીહરિના મહાત્મ્ય સહિત એકાંતિકી શ્રીહરિની ભક્તિનો ધર્મદેવને પ્રીતિપૂર્વક ઉપદેશ આપ્યો. (૧-૩)

પછી ગુરુવર રામાનંદ ધર્મદેવને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે વિપ્રરાજ ! હે આત્મને ! તમો કલ્યાણ માટે યત્ન કરો છો તેથી તમોને ધન્યવાદ ઘટે છે. હે ધર્મ તમારે વિષે જે જ્ઞાન, વૈરાગ્યાદિ

સદ્‌ગુણો છે તે તો બીજા જનોને અત્યંત દુર્લભ છે જ; હે મહામતે ! તેથી તમો મારા સર્વ શિષ્યોમાં મુખ્ય થશો. અમારા સંપ્રદાયમાં ગુણોથી જ મહત્‌પણું છે; હે ધર્મ ! તમારી પત્ની સાથે તમારે ઘેર જઈને શ્રીહરિની ધર્માદિ અંગે સહિત ભક્તિ કરો અને આશ્રિત જનોને પણ યથાયોગ્ય ભક્તિનો ઉપદેશ આપો. હે ધીમન્ ! હે ધર્મ ! પ્રતિવ્રતાએ સ્તુતિ કરવા યોગ્ય આ તમારી પત્ની દ્વારા એ સ્ત્રીઓને યથાયોગ્ય ધર્મ સહિત ભક્તિનો ઉપદેશ કરાવજો. (૪-૮)

પછી પ્રસન્ન મનવાળા ધર્મ પોતાના ગુરુ રામાનંદ સ્વામીને પ્રણામ કરીને તેમની આજ્ઞાથી પોતાની પત્નીએ સહિત પોતાને ઘેર આવ્યા. શ્રીહરિની ભક્તિ કરતા ધર્મને તેમના ધર્માદિ સદ્‌ગુણોથી આ સાક્ષાત્ ધર્મ છે તેમ દૈવીજનો માનવા લાગ્યા. પછી તે દૈવીજનો પોતાના મોક્ષ માટે સાચા સદ્‌ગુરુના લક્ષણ વગરના અસુર ગુરુઓનો ત્યાગ કરીને ધર્મનો ઓશ્રય કરવા લાગ્યા. હે રાજન્ ! જે જનોને ધર્મે દીક્ષા આપી હતી, તે સર્વ ધર્મના ગુણથી ઋષિઓની માફક શોભવા લાગ્યા; આસુરિ કર્મોનો ત્યાગ કરીને તેવા મનુષ્યો ધર્મે સહિત શ્રીહરિની ભક્તિ કરતા કરતા, શરદ્‌ઋતુમાં ચંદ્રમાની જેમ અત્યંત પવિત્ર થઈ ગયાં. ધર્મના આશ્રયવાળા આ મનુષ્યો ધન, અન્ન, વસ્ત્ર વાહનો વગેરે જે જે સંપત્તિ જેમની પાસે હતી તે વડે વારંવાર તેઓ ધર્મદેવનો સત્કાર કરતા હતા. તેથી ધર્મ રાજાના જેવા સમૃદ્ધિવાન થયા. (૯-૧૪)

પછી ધર્મદેવે તેમના પુત્રને મૌંજી બંધન સંસ્કાર કર્યો અને તે પ્રસંગે લોકો વિસ્મય પામે તેવા પ્રમાણમાં સત્પાત્રોને દાન આપવા લાગ્યા. ધર્મનો ઉત્કર્ષ સહન ન કરી શકનાર અસુર ગુરુઓએ રાજાઓને ''ધર્મને પીડા કરો અમો તમારી સહાય કરીશું.'' એવી રીતે ઉશ્કેરી ધર્મને તથા તેમના આશ્રિત જનોને પીડા કરવા લાગ્યા, રાજારૂપ તથા ગુરુરૂપ અસુરો ધર્મના જીવન નિર્વાહના સાધનો તેમની જમીન, વર્ષાસન, દ્રવ્ય તથા હજારો ગાયો લઈ ગયા. એ રીતે ધર્મદેવનું ભારે અપમાન કર્યું. જેમ પૂર્વે અવંતી નગરીમાં કદરી નામના બ્રાહ્મણને લોકોએ દુઃખ આપ્યું હતું, તેવી રીતે ધર્મદેવને તથા તેમના આશ્રિતોને આ અસુરો સતત પીડા પમાડતા હતા. (૧૫-૧૮)

આ આપત્તિથી અતિશય દુઃખ પામેલા જેમના નેત્રો સદા આંસુથી ભરેલા છે તે ભક્તિ માતાના દુઃખના નિવારણ અર્થે ધીરજવાન ધર્મદેવ પોતાના કુળદેવતા હનુમાનજીનું વિધિવત્ આરાધન કરવા લાગ્યા. પછી વાયુ પુત્ર હનુમાનજી પ્રસન્ન થઈને ધર્મને પ્રત્યક્ષ દર્શન આપ્યા અને હસતા હસતા ધર્મને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે મહામતે ! ભગવાનના પ્રત્યક્ષ દર્શનના ઉત્સવમાં હે ધીમન્ ! ધર્મ ! તમો વૃંદાવનમાં જાઓ. ત્યાં તમારા પૂર્વ જન્મના સમગ્ર સખાઓ મુનિઓ-તમોને મળશે; પછી થોડા સમયમાં તમારું દુઃખ નાશ પામશે. તમો ચિંતા કરશો નહીં. તત્કાળ વૃંદાવનમાં જાઓ. (૨૦-૨૩)

તે હનુમાનજી ધર્મને આ પ્રમાણે કહીને તત્કાળ ત્યાં જ અંતર્ધાન થયા, પછી ધર્મ વૃંદાવનમાં જવા માટે વિચારવા લાગ્યા. પછી સત્પુરુષોને પ્રિય ધર્મ, પોતાના પુત્ર રામપ્રતાપને તેમના મામા વિશ્રામને ઘેર મૂકીને, પત્નીની સાથે વૃંદાવનમાં ગયા; સ્વામીની સાથે માર્ગમાં ધીમે ધીમે ચાલતા ચાલતા ધર્મદેવ પુષ્પ દોલોત્સવને દિવસે વૃંદાવન પહોંચ્યા. દુર્વાસા મુનિના શાપથી મનુષ્ય તરીકે અવતરેલા સર્વ મુનિઓ

પૃથ્વી ઉપર ફરતા ફરતા અસુરોથી પીડા પામેલા તે સમયમાં જ વંદાવનમાં આવ્યા. પછી તે સર્વ મુનિઓ મનુષ્ય સ્વરૂપમાં ધર્મને શ્રીહરિના સંકલ્પથી તેમના સત્ય, શૌચાદિ અસાધારણ ગુણોથી આ પ્રત્યક્ષ ધર્મ છે એમ જાણી ગયા. તેવી જ રીતે બુદ્ધિમાન ધર્મ પણ ઋષિઓને આ મરિચ્યાદિ મુનિઓ જ છે. તે રીતે ઓળખી ગયા. થોડા જ સમયમાં હવે પ્રભુ પણ પ્રાદુર્ભાવ પામશે, જે પ્રભુની ઈચ્છાથી તેમને સર્વને પૂર્વ જન્મની સ્મૃતિ થઈ હતી, તેથી તે સર્વ મુનિઓ ધર્મને મળીને નિશ્ચિત મનથી ત્યાં જ રહેવા લાગ્યા. પછી શ્રીહરિને વહાલા તે તપસ્વીઓ સૌ એકાંતમાં મળીને દૈત્યોએ તેમને અસહ્ય દુઃખ આપ્યું હતું તે વૃત્તાંત એક બીજાને કહેવા લાગ્યા. (૨૪-૩૦)

સમગ્ર મહર્ષિઓ અસુરોએ ધર્મદેવને આપેલું દુઃસહ દુઃખ સાંભળીને અત્યંત દુઃખી થયા. તે જ પ્રમાણે કોમળ મનવાળા ધર્મદેવ પણ મુનિઓને અસુરોએ આપેલું દુઃખ સાંભળીને અત્યંત દુઃખ પામ્યા. હે ધર્મ ! દુર્વાસાના શાપથી અમો આ લોકમાં અતિ ભયંકર અને ન વેઠી શકાય તેવું દુઃખ અસુરો તરફથી પામ્યા છીએ. તે કષ્ટના વિનાશનો વિધિ હવે તમો બતાવો. (૩૧-૩૨)

ધર્મદેવના મુખસામી દૃષ્ટિવાળા સમગ્ર મુનિઓએ આ પ્રમાણે ધર્મને કહ્યું. મહાબુદ્ધિશાળી ધર્મદેવ મુનિઓને શાંતિ પમાડતા આ પ્રમાણે પ્રિય વચન બોલ્યા. ધર્મદેવ કહે છે : હે મહર્ષિઓ ! અસુરોએ કરેલું દુરંત દુઃખ ધીરજથી સહન કરવું. તમારા જેવા નિષ્પાપ અને લોકોનું સર્વથાહિત ઈચ્છનારા મુનિઓને તો ક્ષમા એ જ આભૂષણ છે, હે મુનિઓ ! સ્વયં વાસુદેવ જ્યારે આપણને પ્રત્યક્ષ દર્શન આપશે, ત્યારે આ સર્વદુઃખ, સૂર્યનારાયણના દર્શનથી જેમ અંધકાર નાશ પામે છે તેમ, તત્કાળ નાશ પામશે; તેથી કૃષ્ણ પરમાત્માના નિવાસસ્થાન વૃંદાવનમાં શ્રીકૃષ્ણની આરાધનારુપી ઉપાય આપણે તત્કાળ કરવો; જેથી શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈને સમગ્ર આપત્તિઓને શાંત કરવામાં કારણરૂપ પોતાના દર્શન આપે. (૩૩-૩૬)

હે રાજન્ ! આ પ્રકારે પ્રિય અને હિત કરનારું ધર્મનું વાક્ય સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા મુનીંદ્રોએ આપણે હવે આ પ્રમાણે કરવું તેમ અંતરમાં નિશ્ચય કર્યો. હે રાજન્ ! પછી ધર્મ સહિત મુનિઓ ભગવાન શ્રીકૃષ્ણનું સર્વોત્તમ આરાધન કરવા માટે તપ કરીને વિષ્ણુયાગનો આરંભ કરતા હતા. (૩૭-૩૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં ભક્તિ તથા ધર્મને અસુરોએ કરેલા ઉપદ્રવાદિ નિરૂપણ નામે ત્રેવીસનો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

શ્રીશુકાનંદમુનિ કહે છે :- હે મહીપતે ! ફાગણ માસના કૃષ્ણ પક્ષની બીજને દિવસે ધર્મે મુનિઓ સાથે વિષ્ણુયાગનો આરંભ કર્યો; વિષ્ણુયાગમાં ધર્મને યજમાનની દીક્ષા સૌએ આપી અને ધર્મે યથા વિધિ શક્તિ પ્રમાણે શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રના પુરઃચરણનો આરંભ કર્યો. હે રાજન્ ! કેટલા મહર્ષિઓ ગીતા, ભાગવત તથા વિષ્ણુ સહસ્ર નામાદિક સચ્છાસ્ત્રોનો યથાવિધિ પાઠ હર્ષપૂર્વક કરવા લાગ્યા;

કેટલાક મહર્ષિઓ ઉત્સાહથી શ્રીકૃષ્ણના નામનું સ્મરણ કરતા હતા. કેટલાક આદરપૂર્વક વિષ્ણુ ગાયત્રી મંત્રનો જપ કરતા હતા; શ્રીમદ્‌ભાગવતમાં રહેલી રાસ પંચાધ્યાયીનો શ્રીભક્તિદેવી હંમેશા હર્ષપૂર્વક પાઠ કરતા હતા; સર્વે મુનિઓ ભેગાં થઈને રાત્રીએ જ્યારે બધા જ સૂઈ જાય ત્યારે વીણા, મૃગંદ આદિક વાજિંત્રોથી ગીત ગોવિંદનું ગાન કરતા હતા; આ પ્રકારે દુઃખનાં નિવારણ માટે શ્રીકૃષ્ણની આરાધના કરતા કરતા વૈશાખના શુક્લ પક્ષની શુભ ફળને આપનારી મોહિની એકાદશી આવી. (૧-૭)

હે રાજન્ ! તે અવસરમાં મન વાણી વગેરે સર્વ ઈન્દ્રિયોથી પર અક્ષરધામના અધિપતિ, સર્વથી પર અક્ષર અને તેનાથી પણ પર સર્વવિત્ સ્વયં પુરુષોત્તમ પરબ્રહ્મ વિચાર કરવા લાગ્યા. (૮) જગતની ઉત્પત્યાદિ સર્વ ક્રિયાને જાણનારા પુરુષોત્તમ જેમણે પૂર્વે નરનારાયણને કહ્યું હતું કે હું પૃથ્વી ઉપર પ્રગટ થઈશ, તે વચન સત્ય કરવા માટે, જે ક્ષર અને અક્ષરથી પર; સત્યસંકલ્પ, સર્વાધાર, નિરંજન અને તેથી સર્વ નિયંતા છે, તે પરબ્રહ્મ પુરુષોત્તમે આ પ્રકારે વિચાર કર્યો. (૯-૧૦)

ધર્મ તથા મુનિઓએ પોતાના હિતની ઈચ્છાથી શ્રીકૃષ્ણનું આરાધન કર્યું, તેથી અક્ષરધામના પતિ પરમાત્માએ વિચાર કર્યો કે, મારે તે ધર્મ તથા સર્વ મુનિઓને કૃષ્ણરૂપે મારું દર્શન આપવું. પછી ધર્મે ઈચ્છેલ વરદાનો તેમને આપીને તેમના થકી તેમની પત્ની ભક્તિમાં હું જ પ્રગટ થઈશ; હે રાજન્! સત્યસંકલ્પ અને દયાના સાગર અક્ષરધામના અધિપતિ ભગવાન આ પ્રકારે ચિંતવન કરીને, તે ધર્મ તથા મુનિઓને શ્રીકૃષ્ણ સ્વરૂપે પોતાના દર્શન આપવા ઈચ્છતા હતા; તપથી જેમનું શરીર અતિક્ષીણ થયું છે, તે ધર્મ તથા મુનિઓ ઉપર પ્રસન્ન થઈને તે પ્રભુએ તેમને કૃષ્ણરૂપે પોતાનું દર્શન આપ્યું. (૧૧-૧૪)

કેવી રીતે દર્શન આપ્યાં તે કહે છે :- તે ધર્મ તથા મુનિઓએ તે એકાદશીની રાત્રીએ શ્રીકૃષ્ણની મહાપૂજા કરીને આખી રાત જાગરણ કર્યું. પછી બ્રાહ્મ મુહૂરતમાં એકદમ અતિ શ્વેત તેજ તેમને દેખાવા લાગ્યું; તે તેજ કરોડ કરોડ સૂર્ય તથા ચંદ્રની કાંતિ સરખું અને સત્-ચિત્ અને આનંદ સ્વરૂપ હતું. એવા મહા તેજમાં તે ધર્મ તથા મુનિઓને શ્રીકૃષ્ણના સ્વરૂપના દર્શન થયા; કરોડ કરોડ સૂર્ય અને ચંદ્રના સરખા તેજના સમૂહમાં અનુપમ કાંતિવાળા, તથા મેઘના જેવા શ્યામ વર્ણવાળા, કોટી કામદેવના ગર્વને હરે તેવા, અતિ સુંદર સ્વરૂપવાન; જેમણે અગ્નિમાં તપાવેલા સુવર્ણ સરખા પીળા વસ્ત્ર પહેર્યાં છે, જેમની આકૃતિ રમણીય છે, ઓષ્ઠ ઉપર વાંસળી ધારણ કરી છે; તેના સૂરથી સૌને સુખ આપનારા, મનને પ્રિય સ્વરભેદથી તે વાંસળી વગાડતા, અતિશય શોભતા, ઉત્તમ વેશવાળા, ચંચળ ભ્રકુટીવાળા, જેમનું સ્વરૂપ મંદ હાસ્યથી સદા દર્શનીય બન્યું છે અને જેમના નયન કટાક્ષથી દર્શન કરનારાના ચિત્ત ચોરી લીધાં છે, વિચિત્ર મણિ જડીત સુવર્ણનો મુગટ ધારણ કરનાર, તથા મણિ જડીત સુવર્ણના આભૂષણો જેમણે ધારણ કર્યા છે, તથા રત્નજડિત મકરાકૃતિવાળા સુવર્ણના કુંડળોથી જેમના બંને કાન વિભૂષિત છે. (૧૫-૨૦)

મોટા અને ગોળ તથા ચળકતા મોતીઓના ઉત્તમ હારથી જેમનું વક્ષઃસ્થળ શોભે છે એવા, અતિશય સુગંધીમાન પુષ્પની સુંદર માળાઓ જેમણે ધારણ કરી છે, તેમજ સુંદર પુષ્પોના તોરાઓની

પંક્તિઓથી શોભતી; જેમનું અતિવિશાળ લલાટ કેસરના ઉર્ધ્વતિલકથી શોભે છે, તથા ગલોલના ફળ અને વિદ્રુમ મણિ સરખા સુંદર ઓષ્ઠવાળા, શરદ્‌ઋતુના પૂર્ણ ચંદ્ર સરખા સુંદર મુખવાળા; શરદ્‌ઋતુમાં તાજા ખીલેલા કમળની પાંખડી જેવા નેત્રોવાળા, તેમજ મુલાયમ વાંકડિયા સુંદર કેશવાળા, અવયવોની સ્વાભાવિક મનોહરતાથી રમણીય દેખાતા; રુકિમણિઆદિ પટરાણીઓ તથા ગોપીઓની મંડળીથી વિંટાયેલા, રાધિકાજી આદિ પરિવાર સહિત, આ રીતે ધર્મ અને મુનિઓને દર્શન માત્રથી જ આનંદ ઉપજાવનાર, સુંદર સ્વરૂપધારી, કૃપાથી ભીના નેત્રવાળા શ્રીહરિને વેદ તથા શાસ્ત્રને જાણનારા મુનિઓએ તથા ધર્મે દિવ્ય સ્વરૂપે જોયા અને અત્યંત હર્ષ પામ્યા. (૨૧-૨૫)

ધર્મ તથા મુનિઓએ કરેલી સ્તુતિ સાંભળીને સત્પુરુષોના પતિ શ્રીહરિએ, તેમને તપ તથા અસુરોની પીડાથી કૃશ થયેલા જોઈને, તેમની તે આપદાનો નાશ કરવા સંકલ્પ કર્યો. (૨૬)

અતિશય દયાળુ અને કોમળ ચિત્તવાળા મંદમંદ હાસ્યથી શોભતા મુખકમળવાળા શ્રીહરિ, દુષ્કર તપથી કૃશ થયેલા ધર્મ તથા મુનિઓને પ્રીતિપૂર્વક મધુર શબ્દોથી અમૃત વર્ષાવતા કહેવા લાગ્યા. (૨૭)

શ્રી ભગવાન કહે છે :- હે આર્યો ! તમને અસુરાંશ ગુરુ તથા રાજાઓએ પીડા કરી તે મેં જાણ્યું છે. હવે તમારે મારું આ વચન પાળવું. હે ધર્મના મુનિઓ ! અસત્ ક્રિયા કરનારા પાપીઓ તો પોત પોતાના પાપથી જ નાશ પામશે; હે ધર્મ ! મારા દિવ્ય ઐશ્વર્ય ગુણો તથા દિવ્ય સુખના ભાવ સાથે જ હું તમારે ત્યાં જન્મ લઈશ. અને તમારી સાથે પૃથ્વીમાં ફરીને સદા તમારું રક્ષણ કરીશ; ભક્તિના મસ્તકરૂપ ધર્મ, હૃદય રુપ જ્ઞાન તથા તેના ચરણરૂપ વૈરાગ્ય તે અંગે સહિત સંસારના પ્રવાહનો નાશ કરનારી ભક્તિ, તથા અક્ષરથી પર ભગવાનનું સ્વરૂપ છે. તે દિવ્ય સ્વરૂપનું જ્ઞાન આ પૃથ્વીમાં હું પ્રવર્તાવીશ. વળી સૂર્યના પ્રકાશથી જેમ અંધકારનો નાશ થાય છે તેમ મારા મહિમાના પ્રકાશથી અંધકારરૂપી કૌલાદિ દુષ્ટ મતોને સ્વતઃ પ્રમાણભૂત વેદોના વચનોથી પૃથ્વી ઉપરથી હું નાશ કરીશ. (૨૮-૩૦) હે ધર્મ ! આ તમારું દારિદ્ર્ય દુઃખ પણ નક્કી નાશ પામશે. તેથી હે વિદ્વાનો ! તમારે સમગ્ર ચિંતાનો ત્યાગ કરવો. આ પ્રમાણે કહીને અક્ષર બ્રહ્મથી પર સત્પતિ પુરુષોત્તમ અંતર્ધાન થયા. તેમના સુધામૃત જેવા શબ્દો સાંભળીને ધર્મ વગેરે તે સમયે અત્યંત આનંદ પામ્યા. (૩૧)

પછી દ્વાદશીને દિવસે પ્રસન્ન ચિત્તવાળા તે તપસ્વીઓએ પુરુશ્ચરણ તથા યજ્ઞ વિધિનું ફળ પામીને (ભગવાનનાં દર્શનરૂપી ફળ) વિષ્ણુયાગની સમાપ્તિ કરી. તે સમયે તેમણે સર્વેએ શ્રીહરિને સંભારીને દ્વાદશીના પારણા કર્યાં; તેમ જ ઘણા ઘણા બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કર્યા, ત્યારબાદ સૌ પોતપોતાના સ્થાને ગયા. (૩૨)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં ધર્મ દેવાદિએ આરંભેલા વિષ્ણુયાગાદિ નિરુપણ નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! ધર્મ તથા તે મહર્ષિઓને શ્રીહરિની ઈચ્છાથી પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ ક્યારેક તો સંપૂર્ણપણે થતી અને ક્યારેક તો સ્વપ્નની પેઠે સહજ થતી હતી. પણ સદા સ્મૃતિ થતી નહોતી. (૧)

ભગવાનના દર્શનથી પોતાનો મનોરથ સિદ્ધ થયો છે. તેથી સંતોષ પામેલા શ્રી ધર્મ તથા ભક્તિ, વૃંદાવનથી પોતાના પુર તરફ જતા, રસ્તામાં વિશાળ ઘાટું અને ભયંકર નૈમિષારણ્ય વનમાં પહોંચ્યા; ખાખરાના વૃક્ષોની ઘટામાં ચાલતા ચાલતા તેઓ માર્ગમાં કોઈ અસુર મળે તો તે માર્ગનો ત્યાગ કરતા, એ વનમાં ચાલતા ચાલતા ધર્મ તથા ભક્તિ રાજમાર્ગથી ભૂલા પડ્યા. એટલામાં સૂર્યાસ્ત થઈ ગયો. પરંતુ માર્ગમાં કોઈ ગામ આવ્યું જ નહીં. (૨-૪)

હે રાજન્ ! તપથી કૃશ થયેલા, અત્યંત ધીરજવાળા, તૃષાથી પીડાતા, દંપતી, અંધારામાં આપણે ક્યાં જશું ? એમ કહીને ત્યાં જ પૃથ્વી ઉપર બેસી ગયા. તેટલામાં ત્યાં બ્રહ્મચારીના જેવો વેશવાળો તથા જેના માથામાંથી તાળવું નીકળી ગયું છે, તેવા મસ્તક ઉપર જટા ધારણ કરેલો, અતિ ભયંકર રાતા નેત્રવાળો, શ્યામ વર્ણવાળો, જેને જોઈને ધર્મદેવે ધાર્યું કે અશ્વત્થામા યદ્રચ્છાથી આવ્યો છે, એમ જાણીને આનંદથી તેણે પ્રણામ કર્યા. પછી અશ્વત્થામાએ ધર્મને તમે કોણ છો ? ક્યાંથી આવ્યા ? વગેરે પ્રશ્નો પૂછ્યા. તેથી ધર્મ તેના ઉત્તરમાં તમામ વૃત્તાંત કહેવા લાગ્યા. (૫-૭)

ધર્મે કહેલું વૃત્તાંત સાંભળીને, પોતાના મિત્ર દુર્યોધનનો કુટુંબ સહિત વિનાશ કરનાર શ્રીકૃષ્ણ જ આ ધર્મને ઘેર અવતાર ધારણ કરશે, તેમ જાણી, અશ્વત્થામાને અતિશય ક્રોધ થયો, અશ્વત્થામા વાંકી અને ભયંકર દૃષ્ટિથી ધર્મ તરફ જોઈને ક્રોધથી જાણે બળતો હોય ને શું તેમ શ્વાસ લેતો ધર્મને શાપ દેવા લાગ્યો; હે ધર્મ ; તમારા પુત્ર શ્રી હરિ ક્યારેય શસ્ત્ર ધારણ કરશે નહીં અને તેથી પોતાના શત્રુનો વિનાશ કરી શકશે નહીં. મહાશૂરવીર હોય અને નીતિશાસ્ત્રો જાણતો હોય તો પણ શસ્ત્ર વિના પોતાના શત્રુઓનો નાશ કરવા કોઈ પણ શક્તિમાન થાય જ નહીં. જો તમારો પુત્ર મારા વચનને ઉલ્લંઘન કરીને આયુધ ધારણ કરશે તો નિશ્ચય પોતાના શત્રુથી પરાભવ પામશે. (૮-૧૨)

અશ્વત્થામા આ પ્રકારે શાપ આપીને અંતર્ધાન થયા. પછી હે રાજન્ ! ભક્તિ તથા ધર્મ એ બંને શાપની ચિંતાથી અત્યંત ખેદ પામ્યા. (૧૩)

આપત્તિના આ સમુદ્રમાં બૂડેલા ભક્તિ તથા ધર્મ આ સમયે શ્રીહરિની ઈચ્છાથી જ ધીરજ ધારી શક્યા. (૧૪)

બુદ્ધિમાન્ ધર્મે સ્ત્રી સહજ ભાવથી દુઃખ પામેલા ભક્તિને કહ્યું હે શુભે ! સિદ્ધ થયેલાં આપણાં કાર્યમાં દૈવે વિઘ્ન નાખ્યું; માટે આ વિઘ્નના વિનાશ માટે પુરાણોમાં જે ગણપતિનું વ્રત કહેલું છે તે હે સતિ ! આપણા ધારેલા મનોરથને સિદ્ધ કરશે. (૧૫-૧૬)

હે સતિ ! ગણપતિનું વ્રત દરેક વર્ષે ભાદરવા સુદિ ૪ ને દિવસે આપણે કરીશું. તે વ્રત કરવાથી પ્રસન્ન થયેલા વિઘ્નેશ આપણી વિઘ્નોથી રક્ષા કરશે. (૧૭)

હે રાજન્ ! ભક્તિ તથા ધર્મ બંનેએ તે સમયે ગણપતિ વ્રત કરવાનો નિયમ કર્યો પછી ધર્મે ફરી અશ્વત્થામાના શાપના નિવારણનો બીજો ઉપાય બતાવતા કહ્યું; હે ભદ્રે ! આ લોકમાં આવું દુઃખ આપણને જ પડ્યું છે એમ ન માનશો. કેમ કે આ જગત ફક્ત દુઃખથી જ ભરેલું છે; શ્રી રામચંદ્ર ભગવાને પરમેશ્વર હતા છતાં પણ લક્ષ્મણ તથા સીતાની સાથે વનવાસનું મોટું દુઃખ ભોગવ્યું હતું. (૧૮-૨૦)

ધર્મે ભક્તિને આ પ્રમાણે કહ્યું અને પછી હનુમાનજીના મહિમા યુક્ત શુભ રામચરિત્ કહેવા લાગ્યા. તેટલામાં રાત્રિના ત્રણ પ્રહરો વીતી ગયા. મહા આપતકાળમાં પણ મારુતિએ શ્રી રામચંદ્રને વારંવાર કરેલી સહાયના પ્રસંગો પ્રીતિપૂર્વક સાંભળીને ભક્તિ દેવી આ પ્રમાણે વિચારવા લાગ્યા. અહો રામ જેમને પ્રિય છે, તે હનુમાનજી અમારા કુળ દેવતા છે, તે હનુમાનજી સમર્થ છે છતાં આવા મહા દુઃખમાં અમારી કેમ ઉપેક્ષા કરે છે ? હે હનુમાન ! રક્ષણ કરો, રક્ષણ કરો. આ પ્રકારે ભક્તિ સ્તુતિ કરે છે તે સમયમાં જ બ્રાહ્મણનું રુપ ધારણ કરનારા મારુતિ ત્યાં પ્રત્યક્ષ થયા. (૨૧-૨૪)

હનુમાનજીએ તેમને કહ્યું : હે ભક્તે ! હે ધર્મ ! અશ્વત્થામાના શાપની ચિંતા છોડી દો. હું તમારો કુળદેવ હનુમાન છું. તમારું રક્ષણ હું કરીશ. (૨૫)

તમારા પુત્રરુપ શ્રીહરિ દ્રોણીના શાપથી આયુધ ધારણ નહીં કરે. છતાં પણ પોતાની બુદ્ધિ રૂપી શસ્ત્રથી ત્રિલોકને જીતવા સમર્થ થશે. જેને શત્રુઓનો કદી ભય જ નથી તે તમારા પુત્ર શ્રીહરિ શસ્ત્ર ધારણ નહીં કરે છતાં પણ અસુરની પીડારૂપ તમારો ક્લેશ તથા દારિદ્રય બંનેનો નાશ કરશે. (૨૬-૨૭)

ધર્મ તથા ભક્તિને આ પ્રમાણે કહીને ભૂલા પડેલા તેમના રાજમાર્ગ ઉપર મૂકીને હનુમાનજી અંતર્ધાન થયા. પછી તે દંપત્તી ત્યાંથી આગળ ચાલવા લાગ્યા. (૨૮)

હે રાજન્ ! તે સમયથી જ તેઓની સર્વ આપત્તિઓ નાશ પામી, એટલું જ નહીં પણ પુષ્કળ પ્રમાણમાં અન્ન, વસ્ત્ર, પણ મળ્યા અને સર્વ ચિંતાથી રહિત થયા. (૨૯)

રાજમાર્ગમાં ચાલતાં નિર્ભય બનેલાં શુદ્ધ અંતકરણવાળા ધર્મ અને ભક્તિ પ્રસન્ન થયા અને પોતાના કાર્યની સિદ્ધિ નિશ્ચિત થશે તેમ માનતા હતા. (૩૦)

પછી ભક્તિએ પૂછ્યું કે, વાયુપુત્ર હનુમાનજી ચિરંજીવી કેમ છે ? તેનો ઉત્તર પંડિત વર્ય બુદ્ધિમાન ધર્મદેવે, હનુમાનજીનું ચિરંજીવીનું વૃત્તાંત ઋષિપ્રણીત રામાયણમાંથી કહ્યું. હે મહિપતે ! પત્ની સાથે ચાલતા ધર્મદેવ દોઢ માસ પછી પોતાના પુરમાં પહોંચ્યા. (૩૧-૩૨)

ધર્મ અને ભક્તિ જેમના સંબંધથી મોક્ષ અને સુખ બંને પ્રાપ્ત થાય છે, તેમને આવેલા જોઈને, નિર્ધનો ધનને જોઈને જેમ સુખ પામે તેમ, સ્વજનો તથા જ્ઞાતિજનો તત્કાળ આનંદપૂર્વક મળવા આવ્યા; શ્રીહરિના પ્રતાપથી ધર્મના વૈરી તેમના મિત્ર થયા. વળી શત્રુઓ પણ વિષ્ણુના દર્શનથી જેમ દૈત્યો ભય

પામે છે તેમ ધર્મના દર્શનથી ભયભીત થવા લાગ્યા. (૩૩-૩૪)

તે ધર્મના ભવનમાં પછી ગાયો, ભેંસો, પશુઓ, દ્રવ્ય, સુવર્ણ, રૂપીયા વગેરે તથા સુંદર વાહનો શોભાયમાન હાથી, ઘોડા, રથ, ચોખા, ઘઉં, દાળ વગેરે વૃદ્ધિ પામવા લાગ્યા. તેમની સમૃદ્ધિ અને સુખ લોકો આશ્ચર્ય પામે તેમ સમગ્ર પ્રકારે વધવા લાગ્યા; મહાવ્રતવાળા લોકોને પણ દુષ્પ્રાપ્ય એવા શ્રીહરિના અનુગ્રહથી, ધર્મદેવ પૃથ્વીમાં હરિપ્રસાદના નામથી પ્રસિદ્ધ થયા. (૩૫-૩૬)

સર્વથી પર અક્ષર તે ધામના મુક્તોના પતિ સર્વોત્તમ શ્રીહરિ, પોતાના અસાધારણ દિવ્ય ઐશ્વર્ય તથા સત્ય શૌચાદિ ગુણ, ભોગના ઉપકરણ તથા સ્થાન તે સર્વ સહિત મરીચ્યાદિ ઋષિઓ તથા ધર્મ, ભક્તિ અને ઉદ્ધવને આનંદ આપવાની ઈચ્છાથી, અને પોતાના આશ્રિત જનોની સર્વોત્તમ મુક્તિ માટે, કેવળ દયાથી જ ધર્મના ભુવનમાં આવ્યા. (૩૭-૩૮)

બ્રહ્મપુરના સ્વામી શ્રીહરિએ તે નિર્મળ હૃદયના ધર્મમાં નિવાસ કર્યો. તેથી હે રાજન્ ! ધર્મ મહા તેજસ્વી સૂર્યસમાન શોભવા લાગ્યા. (૩૯)

સ્નેહાર્દ્ર હૃદયવાળા શક્તિશાળી ભક્તિ દેવીએ ધર્મની દૃષ્ટિથી જ સર્વથી પર શ્રી હરિકૃષ્ણ પુરુષોત્તમને પોતાના ઉદરમાં ગર્ભરૂપે ધારણ કર્યા; સંસારના અતિદૃઢ પાશને છેદવામાં કારણભૂત અસુરોનો નાશ કરનાર, સચ્ચિદાનંદ મૂર્તિરૂપ, વેદ તથા ઉપનિષદોએ સદા ગાન કરવા યોગ્ય, માંગલિક પદાર્થોને પણ પોતાના સંબંધથી વિશેષ મંગળકારી બનાવતા, ભૂમિનો ભાર હરનારા, તે શ્રી અચ્યુતાત્મક ગર્ભને ભક્તિએ ધારણ કર્યો. (૪૦-૪૧)

પોતાના ઉદરમાં સર્વોત્તમ પુરુષને ધારણ કરનારાં ભક્તિ માતા, તે ઈશ્વરાંશના તેજથી અતિ દેદીપ્યમાન તેમ જ સર્વ સ્ત્રીઓમાં અતિ શ્રેષ્ઠ દેખાવા લાગ્યાં; અને પોતાની પ્રિય સખીઓમાં પણ પોતે અધિકતર પ્રિય બની, સર્વ દેવોને પણ વંદનીય બન્યા; હે મનુજેન્દ્ર ! અનુપમ શ્રીહરિને ઉદરમાં ધારણ કરતા ભક્તિદેવી, ઉજ્વલ પ્રકાશની જેમ તેજસ્વી બન્યા, અને દશમે મહિને તો દેવાંગનાઓને પણ આશ્ચર્ય પમાડે તેમ ત્રિવિક્રમ ભગવાનના માતુશ્રી અદિતિની માફક શોભવા લાગ્યા; વરાહાદિ સમગ્ર અવતારોના કારણરૂપ પરાત્પર શ્રીહરિકૃષ્ણ ભગવાનને પોતાના ઉદરમાં ધારણ કરતાં ભક્તિદેવી, જાણે તેજના સમૂહમાં વિરાજીત એવા અંગ વડે રમણીય, સર્વ લોકો તથા દેવતાઓને પણ વંદનીય અને સ્તુતિ પાત્ર, અતિશય પ્રભાવશાળી અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ એવા શુભ ગુણથી શ્રી દેવહૂતી સમાન શોભતા હતા. (૪૨-૪૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં પ્રથમ સ્કંધમાં ધર્મદેવને અશ્વત્થામાનો શાપ થયો તે નામે પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકમુનિ કહે છે :- હે રાજન્ ! એ સમયમાં પૃથ્વી ઉપર ચારે વર્ણમાં ઉત્પન્ન થયેલા સો એ સો અસુરો મળીને વિંધ્યવાસિની દેવીને પૂજતા હતા. દુષ્ટકર્મ કરનારા તે અસુરો આસો સુદી નવમીને દિવસે દેવીના મંદિરમાં મહોત્સવ કરવા લાગ્યા તે અસુરોએ હજારો બકરાં, ઘેટાં તથા પાડા તથા બીજા અનેક પશુઓનો તથા અનેક મનુષ્યોનો વધ કરી, દારુ તથા તે માંસથી દેવીને નૈવેદ્ય ધર્યું; પછી તેમણે તે માંસ તથા સુરાનું પાન કર્યું અને દેવીના મંદિરમાં જ સ્વૈરિણી, તથા પુંશ્ચલી સ્ત્રીઓનો સંગ કર્યો. (૧-૪)

તેમના દુષ્ટ કર્મ અને અધર્મ તથા અન્યાયી વર્તણૂંક જોઈને તે દેવી તેમના ઉપર ક્રોધિત થયા. તેમાં પણ તે સર્વના ગુરુ દુષ્ટ કાલીદત્ત ઉપર તો દેવી અત્યંત ક્રોધ પામી. (૫)

ભયંકર આકૃતિવાળા અતિ તીક્ષ્ણ તરવાર તથા ત્રિશૂલ ધારણ કરી, ભયંકર વેશવાળી, લાલ નેત્રવાળી, દેવી કાલીદત્તને સ્વપ્નમાં દર્શન દઈને કહેવા લાગી. (૬)

હે કાલીદત્ત ! તમો સર્વે અસુરો મદોન્મત્ત અને મર્યાદારહિત બની ગયા છો. તમો મારું મિષ લઈને માંસ ભક્ષણ તથા સુરાપાન કરો છો. મારા મંદિરમાં પશુઓ તથા મનુષ્યોની હિંસા કરનારા તથા તે મંદિરમાં જ પરસ્ત્રીઓનો સંગ કરનારા તમો સર્વે નિર્દય અને કુકર્મીઓને હું શાપ આપું છું; હે કાલીદત્ત ! તમે જે સર્વ અસુરો, તમારા વંશનો ઉચ્છેદ થશે તથા તમારું ધન તથા તે પ્રાપ્ત કરવાના સાધનો પણ નાશ પામશે. આજથી આરંભીને જેમ તમો મારી પૂજા કરો છો તેમ બીજા બ્રાહ્મણાદિ પણ જે સુરાપાન આદિથી મારું પૂજન કરશે, તેઓનો પણ તમારી પેઠે વંશ છેદ થશે. તેમજ તમારી પેઠે તેમના ધન, ધાન્ય નાશ પામશે અને મરીને નર્કમાં પડશે. (૭-૧૧)

તમારા પૂર્વના શત્રુ કૃષ્ણ કોશળદેશમાં ધર્મદેવ થકી ભક્તિમાતાને વિષે પ્રગટ થશે, તે શ્રીહરિ બુદ્ધિરૂપ શસ્ત્ર વડે તમારો નાશ કરશે. તે શ્રીહરિ સમગ્ર પૃથ્વી ઉપર ફરી, ગુપ્ત રહેલા તમને એકે એકને શોધીને તમારું નિકંદન કાઢશે, વળી જે રાજાઓ તમારી સહાય કરશે તેઓનો પણ તમારી પેઠે જ નાશ કરશે; વળી વાયુ દિશામાંથી આવેલા લાખ મુખવાળો રાજા દુષ્ટ રાજાઓને વશ કરીને, સર્વ પૃથ્વી ઉપર રાજ્ય કરશે. (૧૨-૧૫)

તેમના ઉપર કોપ પામેલી દેવી આ પ્રમાણે શાપ આપીને તત્કાળ અંતર્ધાન થઈ ગયા. ક્રોધાયમાન દેવીના વચન સાંભળીને કાલીદત્ત ભયથી આકુળ વ્યાકુળ થયો, અને તેની નિદ્રા ઊડી ગઈ. પછી કાલીદત્તે સર્વે અસુરોને દેવીના શાપની વાત કરી. તે સાંભળીને અસુરો ચિંતાથી વ્યગ્ર થયા અને ભયથી કંપવા લાગ્યા. અનેક ઉપાયોથી પણ નિવારણ ન થઈ શકે એવો તે શાપ પોતાના દુષ્કર્મોથી થયો છે, તેમ જાણી તે અસુરો પૃથ્વી ઉપર નાક ઘસી પ્રણામ કરીને તે દેવીની ક્ષમા માગવા લાગ્યા. (૧૬-૧૮)

પછી તે અસુરો પોતપોતાની શક્તિ પ્રમાણે શાપની નિવૃત્તિ કરવા માટે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા; સિદ્ધ કરેલા મંત્રોથી કૃત્યાઓ ઉત્પન્ન કરવી તથા તે કૃત્યા દ્વારા અથવા વીરોની સાધના કરી, તે દ્વારા શસ્ત્ર, અસ્ત્ર કે મંત્રો સાધી તે વડે આપના શત્રુ હરિને બાળપણમાં જ મારી નાંખવા, કારણ કે જો શત્રુ મોટો થાય તો પછી તેનો પરાભવ શક્ય નથી તેથી આપણે સર્વેએ તે બાળક શ્રીહરિને જ મારી નાંખવા. (૧૯-૨૧)

ધર્મના વેરી તે અસુરો આ પ્રમાણે નિશ્ચય કરીને પોતપોતાના સ્થાનમાં ગયા. કૃત્યાઓને ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળા તે અસુરો, શ્રીહરિના જન્મની વાટ જોવા લાગ્યા. (૨૨)

પોતાના શત્રુના જન્મથી પોતાનો વધ થશે તે જાણી, તે અસુરો ધીરજ વિનાના ચિંતાથી વ્યગ્ર અને ભયભીત બની એક એક દિવસ યુગની જેમ પસાર કરવા લાગ્યા. (૨૩)

તેજ સમયમાં અસુરોથી નિર્ભય બનેલા શ્રી હરિપ્રસાદે (ધર્મદેવે) ભાદરવા માસમાં ગણપતિનું વ્રત કર્યું અને પછી આસો સુદી ૧૪ ના દિવસે વાયુપુત્ર હનુમાનજીની શ્રેષ્ઠ ઉપચારોથી (સાધન સામગ્રીઓ વગેરે) વિધિપૂર્વક મહાપૂજા કરી. (૨૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના પ્રથમ સ્કંધમાં અસુરોએ વિંધ્યવાસિની દેવીની પૂજા કરી તે નામે છવીસમો અધ્યાય સંપૂર્ણ.(૨૬)



અધ્યાય ૨૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પરમપુરુષને ગર્ભમાં ધારણ કરતા ભક્તિમાતા, શ્રીકૃષ્ણના માતા દેવકીજીની જેમ સમગ્ર સ્ત્રીઓએ સન્માન તથા વંદન કરવા યોગ્ય, તથા મંગળકારી દર્શનીય સ્વરૂપવાળાં બન્યાં; હે રાજન્ ! પોતાના સ્વરૂપની કાંતિથી તે નગરના સર્વ મહેલોને પ્રકાશ કરતા તથા જેના સ્વરૂપમાં અનેક લોકનો બ્રહ્માંડોનો નિવાસ છે, તે ભગવાનનો જેમના ઉદરમાં નિવાસ થયો છે, એવા તે ચંદ્રના સરખી કાંતિવાળા ભક્તિમાતા અતિશય શોભતા હતા; હે રાજન્ ! તે ભક્તિદેવી અતિશય કાંતિથી શોભતા હતા, તેથી તેમને પોતાના ઘરના આંગણામાં બેઠેલા જોઈ, તે ગામના જનો એકત્ર થઈને હર્ષ તથા આશ્ચર્ય પામી વારંવાર તેમને જોતા હતા. પોતાના શરીરની કાંતિથી ઘરના અંદરના ઓરડાના અંધારાનો નાશ કરતા, અને પોતાને જોવામાં આસક્ત લોક સમુદાયોથી વ્યથા પામેલા, સગર્ભા હોવાથી અતિશય લજ્જાવાળા ભક્તિ દેવી, પોતાના ઘરની બહાર નીકળતાં નહોતાં. (૧-૪)

સકળ શાસ્ત્રનો સિદ્ધાંત જાણનારા, નિર્મળ મનવાળા, દ્વિજોત્તમ ધર્મ, વેદો જેમના ગર્ભમાં છે, તે ગાયત્રી દેવીની જેમ, શોભતા પોતાના પત્ની ભક્તિદેવી, જેમણે પુરુષોત્તમ ભગવાનને પોતાના ગર્ભમાં ધારણ કર્યા છે, તેવું જાણીને, તેમને જોઈને અતિશય આનંદ પામતા હતા. (૫)

પહેલાં ક્યારેય પણ આવા નહીં જોયેલા, તેવી રમણીય શોભાવાળા, મંદ હાસ્યવાળા, પ્રશસ્ત તેજવાળા, અત્યંત પ્રભાવવાળા, ભક્તિને જોઈને તે નગરની સ્ત્રીઓ પણ આદરપૂર્વક પરસ્પર કહેવા લાગી; હે સ્ત્રીઓ ! આ આશ્ચર્ય છે.આ પૃથ્વીમાં અમોએ ઘણી ગર્ભવતી સ્ત્રીઓ જોઈ છે. પરંતુ આ ભક્તિદેવી સમાન તો હજુ સુધી કોઈને સ્ત્રી નથી. એટલું જ નહીં, સમગ્ર પૃથ્વીમાં પણ આવી કાંતિવાન સ્ત્રી હશે તેવું સાંભળ્યું પણ નથી. એ તો એ એક જ. આવાં કેમ ? (તે કારણ જણાવતા કહે છે) સર્વ બ્રહ્માંડો જેમનામાં રહ્યાં છે, તે સકળ ઐશ્વર્યશાળી શ્રીહરિને આ ભક્તિએ પોતાના ઉદરમાં ધારણ કર્યા છે. તેથી પતિવ્રતા સ્ત્રીઓને પણ પ્રાર્થના કરવા યોગ્ય સર્વ સદ્‌ગુણોથી શોભાયમાન આ ભક્તિના ભાગ્ય અમો શું કહીએ ? (૬-૮)

શ્રી શુકાનંદ મુનિ કહે છે :- તે સ્ત્રીઓ આ પ્રમાણે પરસ્પર પ્રીતિપૂર્વક બોલીને પોતપોતાના મસ્તકે અતિ પવિત્ર ભક્તિની ચરણરજ ધારણ કરવા લાગી. આ પ્રકારે અત્યંત આનંદ પામેલી સ્ત્રીઓ હંમેશા ભક્તિદેવીના મહિમાનું ગાન કરતી હતી. (૯)

દેવતાઓએ પ્રણામ કરેલા, વિશુદ્ધ ચિત્તવાળાં, અનુપમ તેજવાળાં, ભક્તિદેવી જ્યોતિષી બ્રાહ્મણના કહેવા પ્રમાણે મહામંગળ આપનારા મુહૂર્તમાં અતિ રમણીય સૂતિકાગારમાં વાસ કરવા ગયા. (૧૦)

હે રાજન્ ! વેદવિધિ જાણનારાઓમાં શ્રેષ્ઠ વિપ્ર દેવશર્માએ પ્રસવ સુખે કરીને થાય તે માટે, સોષ્યન્તી નામનો હોમ પ્રયોગ કરવા માટે, બધી સામગ્રી મંગાવી. તેમજ પ્રસવ કરાવવાના કામમાં અતિ નિપુણ સૂયિકા સ્ત્રીઓને પણ તે અતિસમૃદ્ધ સૂતિકાગ્રહમાં મૂકી. (૧૧)

પછી હે રાજન્ ! સમગ્ર મંગળોના કારણરૂપ શ્રીહરિનો રમણીય જન્મ સમય પાસે આવવા લાગ્યો. એવા અભૂતપૂર્વ કાળને જોઈને, સર્વ લોકો અતિ વિસ્મય પામી ગયાં; હે રાજન્ ! અતકર્ય ઐશ્વર્યવાળા, અનવધિકાતિશય ગુણોના સમુદ્રરૂપ, બ્રહ્માદિક દેવોના સ્વામી, અક્ષરપતિ પરમપુરુષ શ્રીહરિના આવિર્ભાવ સમયમાં, આ સમગ્ર ત્રિભુવનમાં અનુપમ આનંદ વર્તવા લાગ્યો; હે નૃપ ! શ્રીહરિના પ્રાદુર્ભાવ સમયમાં પૃથ્વી ઉપર વસંતઋતુ, શ્રીહરિની જાણે વિશેષ સેવા કરવા માટે જ પોતાના અતિશય રમણીય ગુણોને પ્રગટ કરતી, કોશળ દેશના મંડળોમાં પ્રગટ થઈ; લચી પડતા પુષ્પોની સુગંધનો રસ લેવા ભટકતા ભમરાઓના ગુંજારવ વડે વૃક્ષોની લતા, બગીચાઓ તથા વનો વિશેષ શોભવા લાગ્યા. (૧૨-૧૫)

તે સમયમા તીર્થોમાં પોતાના કલ્યાણ માટે ફરતા યાત્રાવાસીઓને, કોકિલાઓ ઊંચા મધુર સ્વરથી જાણે બોલાવીને કહેતી હોય કે, હે યાત્રાવાસીઓ ! મનુષ્ય જન્મનું સર્વ ફળ આ સ્થાનમાં જ છે; વિવિધ પ્રકારના કમળથી નદીઓ, સરોવરો, અને તળાવો અત્યંત શોભવા લાગ્યા. તે જળાશયો નિર્મળ થયા. વળી સત્પુરુષોનાં મન પણ અત્યંત આનંદ પામ્યા. નગરો, ઉપનગરો તથા ગામોમાં ઘેર ઘેર મંગળ ગીતો ગવાવા લાગ્યા. એટલું જ નહીં પણ ભસ્મે સહિત કુંડમાં રહેલા અગ્નિહોત્રીઓના અગ્નિ પણ પ્રજ્વલિત થયા; તે સમયમાં સમગ્ર ત્રિલોકમાં જયજયકારના નાદ થયા. તેમ જ સમગ્ર પૃથ્વી પણ મંગળકારી

થઈ. સકળ દિશાઓ શુભ બની ગઈ અને શુભ શુકનો થવા લાગ્યા. સાધારણ જ્યોતિવાળા તારાઓ, શુકાદિ ગ્રહો તથા ચંદ્ર એ બધાં નિર્મળ અને શોભાયમાન થયા. રોગથી પીડાતા જનો પણ નીરોગી થયા. અતિ સુગંધીમાન, મંદ અને શિતલ વાયુ વાવા લાગ્યા; ગુણોથી અત્યંત શ્રેષ્ઠ તે પુરુષોત્તમના જન્મ સમયે રાજાના બંધી ખાને જે અપરાધી હતા, તેમની બેડીઓ એકાએક તૂટી ગઈ. એ પ્રમાણે ત્રિલોકનો જનસમૂહ સુખી થયો. (૧૬-૨૧)

દેવતાઓ પણ હર્ષપૂર્વક દુંદુભિઓ તે વખતે પહેલાના કરતાં અધિક વગાડવા લાગ્યા. મહર્ષિઓ જય જય શબ્દ બોલવા લાગ્યા, અપ્સરાઓ હર્ષ પૂર્વક નૃત્ય કરવા લાગી. તે સમયે સિદ્ધો આનંદ પૂર્વક આશીર્વાદ આપવા લાગ્યા; ગંધર્વો પણ ઉત્સાહથી વિવિધ પ્રકારના વાદ્યોથી મધુર સ્વરો અને મૂર્ધના ભેદથી ગાન કરવા લાગ્યા. ચાર વેદ, પુરાણો તથા છ શાસ્ત્રો પણ હવે પોતાનું રક્ષણ થશે. એમ સમજી હર્ષ પામ્યા. મનુષ્યોને સુખકારી ધર્મનો સર્ગ પણ આનંદ પામ્યો, તેમ જ ઋષિઓ તથા સર્વ દેવો પણ આનંદ પામ્યા. (૨૨-૨૪)

શ્રીહરિનો પ્રાદુર્ભાવ થવાનો હોવાથી આ કુંડાપંથી, શક્તિપંથી, અને કૌળ પંથીઓ તેમજ શુષ્ક જ્ઞાનીઓ પર્વતોની ગુફામાં જઈને સંતાઈ ગયા, વળી કળીયુગ પણ ભયથી પોતાના પરિવાર સાથે પલાયન કરવાની ઈચ્છા કરતો હતો. તે સમયે મનુષ્ય દેહધારી અસુરોના મન પણ, હવે ભવિષ્યમાં પોતાનો પરાભવ થશે એમ નિશ્ચય જાણીને, અત્યંત ભય પામવા લાગ્યા. અધર્મ સર્ગ પણ પોતાના વિનાશના ભયથી તત્કાળ દૂરદેશ જવા માટે ઈચ્છતો હતો. જગતમાં સ્વાભાવિક વેરભાવવાળા પ્રાણીઓએ (જેમ કે બિલાડીને ઉંદર તથા સર્પ અને નોળિયો) પોતાનાથી ન તજાય તેવું વૈર ત્યજી દીધું. દેવો તથા સમગ્ર મુનિઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. તે સમયે પૃથ્વી ઉપર કૃષ્ણ મંદિરોમાં મહોત્સવ થવા લાગ્યા. બ્રાહ્મણો અતિ માંગલિક વેદ મંત્રોના ઘોષ કરવા લાગ્યા. (૨૫-૨૮)

ગાયો પણ ઘણું દૂધ આપવા લાગી. તે સમયે ફળ તથા પુષ્પોના ભારથી લચીપડતી ડાળીઓથી વૃક્ષો શોભવા લાગ્યા; અને સર્વ વસ્તુઓ જાણે નવીન હોય ને શું ? એમ દેખાવા લાગી. આ પૃથ્વી પણ હવે, પોતાના ભારનો નાશ કરી પોતાનું રક્ષણ કરનારા પરમેશ્વરના જન્મ સમયમાં, અતિશય આનંદ પામી, અને શ્રીહરિના જન્મ સમયમાં સમગ્ર રસ ઉત્પન્ન કરવા લાગી; પૃથ્વી હવે હે સ્વર્ગ ! હું પણ પ્રગટ શ્રીહરિના સંબંધથી અતિશય સમૃદ્ધિવાળા અને વંદન કરવા યોગ્ય થઈશ. તેથી મારી આગળ તમે કોણ ? એમ દેવેન્દ્રોને જાણે કહેતી હોય ને શું ? અત્યંત પ્રફુલ્લિત માલતીના પુષ્પોથી દ્યુલોકને હસતી હોય ને શું ? એમ શોભતી હતી. (૨૯-૩૧)

હે જનો ! અમારાં કમળો રૂપ બલિને ધર્મ દેવના ભુવનમાં લઈ જાઓ, એમ નદીઓ પણ જળના નિનાદોથી તથા તરંગ રુપી હાથ વડે સૂચના કરતી હોય ને શું ? એમ શોભતી હતી; હે અવને! શ્રીહરિ હમણાં જન્મધરીને તમારો ઘણાં કાળનો ભાર નાશ કરશે. આમ પૃથ્વીને કહેતો સમુદ્ર પણ હર્ષ પામતો અત્યંત ગર્જના કરતો હતો. (૩૨-૩૩)

હે નૃપ ! શ્રીહરિના પ્રાદુર્ભાવ સમયે આ પૃથ્વીની અપૂર્વ શોભા હું શી રીતે વર્ણવું ? તે સમયે સમગ્ર ભુવન તત્કાળ શોભાયમાન થયું, પુરુષોત્તમનો હવે જન્મ થશે તેમ જાણીને, ધર્મના ભુવન પાસે બ્રહ્મા, વિષ્ણુ, શંકરાદિ વિમાનમાં બેઠેલા સર્વ દેવેન્દ્રો, ઉત્તમ પુષ્પોથી શોભતા, ધર્મના ભુવનની ચારેય બાજુ ફરી વળી પોતાને અતિપ્રિય શ્રીહરિના આવિર્ભાવના સમયની રાહ જોઈને, આકાશમાં આનંદથી ફરવા લાગ્યા. (૩૪-૩૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરૂરૂપ ભક્તિશાસ્ત્રના પ્રથમ સ્કંધમાં શ્રીહરિના પ્રાદુર્ભાવ સમયની શોભાનું નિરૂપણ નામે સતાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી સમગ્ર શરીરધારીઓના અંતરમાં બહારના અંધકારનો નાશ કરનારું સર્વોત્તમ, અતિશ્વેત અને સુખકર તેજ ભક્તિના શરીરમાંથી એકદમ નિકળવા લાગ્યું. ચારેય તરફ પ્રસરતું તે તેજ, સમગ્ર સૂતિકા ગૃહને વ્યાપિને નદીઓ, સમુદ્રો, પર્વતો, તથા વૃક્ષો વડે શોભતી પૃથ્વી ઉપર તથા આકાશમાં, તેમ જ બ્રહ્મલોક પર્યંત સમગ્ર ઉર્ધ્વ લોકમાં પણ વ્યાપિ ગયું. તે તેજ કેવું હતું ? કરોડ કરોડ સૂર્યો તથા ચંદ્રો તેમના તેજને પણ ઝાંખુ કરે તેવું હતું. આશ્ચર્ય પમાડનારું તે તેજ, અનેક બ્રહ્માંડો તથા સમગ્ર આવરણોને ભેદી સર્વત્ર વ્યાપવા લાગ્યું. સચ્ચિદાનંદ રુપ તે તેજ ચારેય બાજુએ સર્વ જનોએ જોયું. બીજું કાંઈ પણ ઊંચે કે નીચે તેમને દેખાયું નહીં, આકાશ તથા પૃથ્વી પણ દેખાયા નહીં. તેમજ દિશાઓ તથા દેવલોક પણ ન દેખાયા. એકદમ ઉત્પન્ન થયેલા વેગમાન આ તેજથી બ્રહ્માંડોમાં રહેતા દેહ ધારીઓના નેત્રો ઢંકાઈ ગયા. તેથી તે સર્વે ભયભીત બનીને આ પ્રલય કાળનો અગ્નિ આવ્યો કે શું ? એમ ભ્રાંતચિત્ત થઈ ગયા. (૧-૫)

સમાધિના યોગથી પુરુષોત્તમ નારાયણનો પૃથ્વી ઉપર જન્મ થયો છે તે જાણીને, દેવતાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મા વગેરે પોત પોતાની સ્ત્રીઓ સાથે ધર્મના ભુવનમાં તે તેજ જોઈને બહુ વિસ્મય પામ્યા. (૬)

વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનારા બ્રહ્માદિ તથા તેમની પત્નીઓના નેત્રો પણ તેજના સમૂહથી અંજાઈ ગયા. તેથી તેઓ પણ અતિશય વિસ્મય પામ્યાં. પર થકી પર અક્ષર તે થકી પણ પર પુરાણ મૂર્તિ શ્રીહરિ પ્રગટ થયા તેમ તેમણે જાણ્યું. કમળ ઉપર આસન જેમનું છે, તે બ્રહ્મા તથા બીજા દેવો, સંસારરૂપી અગ્નિને શાંત કરનાર શ્રીહરિનું દર્શન કરવા માટે અતિ ઉત્સાહથી ત્યાં આવ્યા. શ્રીહરિના દર્શનનો મહિમા જાણવાથી જ એમને વૈભવો પ્રાપ્ત થયાં છે તે દેવેન્દ્રો, સર્વ પ્રાણિઓએ વંદના કરવા યોગ્ય ધર્મના ગૃહમાં પ્રાદુર્ભાવ પામેલા શ્રીહરિને ઉત્તમ પુષ્પોથી વધાવીને પ્રેમથી તેમની સ્તુતિ કરવા લાગ્યા. (૭-૮)

દેવતાઓની સ્તુતિ :- હે અક્ષર પર ! તેજનાં પુંજમાં આપનું અતિ દિવ્ય અતિશ્રેષ્ઠ સ્વરૂપ શોભે છે; આપ કાળ, માયા, આદિના નિયંતા છો. દિવ્ય ઐશ્વર્યવાળા છો અને માયા તથા મહાપુરુષે ધ્યાન કરવા યોગ્ય છો. આપ સદા નિર્દોષ છો. ઉદારતા, સર્વ સુખના નિધિ પરમાશ્ચર્યવાન એવા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. તમો અતિ દિવ્ય ગુણોના ભંડારરૂપ છો. હે હરે ! તમારા એક રોમનું તેજ જો તમે અહીં પ્રગટ કરો તો તે તેજથી વીંટાયેલા તમારા સ્વરૂપને માયા તથા મહા પુરુષોના ગણો પણ જોઈ ન શકે, તો પછી પ્રધાન પ્રકૃતિથી આવિર્ભાવ પામેલા અને તમારી માયાથી મોહ પામેલા અમો દેવતાઓ, હે સકળજન સ્વામિન્ ! દિવ્યરૂપવાળા તમોને જોવા કેમ શક્તિમાન થઈએ ? હે દયાલો! આ બ્રહ્માંડ જે તમારા તેજરૂપી સમુદ્રમાં ડૂબેલું છે, તેમાં અમો પડ્યા છીએ. તે તેજથી બીજું કાંઈ પણ અમે જોતા નથી. બીજા (મનુષ્યોને) તથા અમારા દેહને પણ જોઈ શકતા નથી. તેવી રીતે આ ભુવનને પણ જોઈ શકતા નથી. પરંતુ અમારા નેત્ર આગળ રહેલું આ તેજ જ ફક્ત દેખીએ છીએ; હે હરે ! તમારું એ અતિશય તેજ જોવા માટે અમો શક્તિમાન થતા નથી. તેથી અમોએ અમારા નેત્રો મીંચી દીધાં છે. મીંચાયેલા નેત્રોમાં પણ અંદર અતિ ઘાટું એક તેજ અમો જોઈએ છીએ. તેથી હે કરુણાળું! અવધિએ રહિત અતિશય દયાવાળા એવા ભગવાન ! અમો અતિ ભ્રાંત ચિત્તવાળા થયા છીએ. માટે એ તેજ સંકેલીને તમારા શરણે આવેલા અમોને તમારી મનોહર મૂર્તિ બનાવો. (૯-૧૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- તે દેવતાઓની સ્તુતિ સાંભળીને સ્વયં શ્રીહરિએ પોતાનું તેજ પોતાની મૂર્તિમાં સંકેલી લીધું અને તે દેવોએ, તેમની પત્નીઓને તથા સમગ્ર મુનીન્દ્રોને પોતાની સમ્યક્ મૂર્તિના દર્શન કરાવ્યા. (૧૩)

અખિલેશ્વર દિવ્યરૂપવાળાં, શ્રીહરિ પોતાના દિવ્ય અક્ષરધામમાં જે સ્વરૂપે પોતાના મુક્તજનો સાથે ક્રિડા કરે છે, તેવા જ તેમને તેમની આપેલી દિવ્ય દ્રષ્ટિથી તે સર્વ દેવતાઓએ જોયા. (૧૪)

શ્રીહરિએ પોતાની મૂર્તિમાં સમગ્ર તેજને લીન કરી દીધું હોવાથી તેમના પિતા દેવશર્મા તથા ભક્તિમાતા બંને તેમને પુત્ર ભાવથી તેમના નરનાટ્યને જોતા તથા ધ્યાન કરતાં આશ્ચર્ય પામતા હતા. (૧૫)

તે અમરેન્દ્રો ધર્મના બાળક આ સાક્ષાત પુરુષોત્તમ જ છે અને સમગ્ર દૈત્યોને હણીને પોતામાં તથા ધર્મમાં આસક્તિવાળા મુનીન્દ્રોનું રક્ષણ કરવા માટે જ પ્રગટ થયા છે, એમ જાણતા હતા. (૧૬)

એક એક ભુવનના સ્વામી અને દેવો હર્ષપૂર્વક ભક્તિમાતાને દંડવત્ પ્રણામ કરીને બે હાથ જોડીને અત્યંત વિનયપૂર્વક તથા આનંદપૂર્વક સમીપમાં આવીને સ્તુતિ કરવા લાગ્યા. (૧૭)

પોતાના ભક્તોને પ્રિય પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સત્યાદિ ગુણોથી રહિત, અક્ષરથી પર, અનેક બ્રહ્માંડના અધિપતિઓના નિયામક અને નિષ્પાપ તથા પરમકૃપાથી ધર્મના ભુવનમાં પ્રગટ થયેલા, અસુરોનો વિનાશ કરવામાં ચતુર, તમોને, તમારા દાસ, અમો નમસ્કાર કરીએ છીએ; અને આપે કરેલી આજ્ઞા મસ્તક ઉપર ધારણ કરીએ છીએ. તમારી શક્તિ વિના અમે સ્વતંત્ર રીતે જગત સર્જવા માટે સમર્થ નથી. માટે જગતની ઉત્પત્યાદિ કરનારા બ્રહ્માદિ દેવોના નિયંતા આપ જ છો; અમારાથી પર વૈરાજ

પુરુષ છે. તેથી પર વૈરાજના પતિ પ્રધાન પ્રકૃતિનો પતિ છે. પ્રધાન પુરુષથી પર મૂળ પ્રકૃતિ પતિ પુરુષ છે, તેથી પર અક્ષર, તેથી પણ પર હે વિભો ! એ સર્વેના શાસક તમો જ છો. (૧૮-૨૦)

હે સંસાર નિવર્તક ! સંસારરૂપી દાવાનળના મહાતાપને શાંત કરનારી તમારી ભક્તિ વિના દેવતાઓના ઈશ્વરો પણ ક્યારેય મૃત્યુના ભયથી મુકાતા નથી. બ્રહ્માંડ શરીરાભિમાની વૈરાજ પુરુષ જેમની દ્વિપરાર્ધ આયુષ્ય છે, તે પણ કૃતાંત કાળથી ભય પામે છે. (૨૧)

હે સ્વામિન્ ! પોતાના આત્યંતિક મોક્ષરૂપી પુરુષાર્થ સિદ્ધ કરવામાં નિપુણ એવા રાજાઓ, આપના દર્શન માટે સમગ્ર રાજ્યાદિ વૈભવોનો પણ ત્યાગ કરી વનમાં જઈને તીવ્ર તપ કરે છે. પરંતુ હે ભગવન્! આપની કૃપાથી આપના દર્શન પામી અમે કૃતાર્થ થયા છીએ અને અતિ આનંદ પામ્યા છીએ. અમારું જ્ઞાન, પ્રકૃતિના ગુણ સત્ત્વ, રજ અને તમ, તે ભાવથી આવૃત્ત થયું છે. દર્શન માત્રથી શાંતિ આપનારા અને અપાર શોભા લાવણ્યતાએ યુક્ત, દિવ્ય વિગ્રહધારી, અપાર ઐશ્વર્યવાળા, અનવધિકાતિશય માહાત્મ્યના સ્થાનભૂત, આપની સ્તુતિ કરવા માટે અમો શક્તિમાન નથી. માટે આપને અમો નમસ્કાર જ કરીએ છીએ. હે શ્રેષ્ઠ આનંદના સમુદ્ર, હે હરે ! આપનો જયજયકાર થાઓ. (આપના ઐશ્વર્યને પ્રગટ કરો.) (૨૨-૨૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- તે દેવોએ આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરી અને ભક્તિપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરીને પછી દૂર ઊભા રહીને પ્રસન્ન નેત્રોથી સકળ નિયંતા શ્રીહરિને જોતા હતા. (૨૪)

ત્યારબાદ પોતાની પત્નીએ સહિત શુદ્ધ બુદ્ધિવાળા વિપ્રવર ધર્મદેવ તે સૌંદર્યના મહાસાગર અને સત્ય પ્રતિજ્ઞાવાળા શ્રીહરિને જોઈને, સ્નેહથી આંખમાં અશ્રુ સાથે બંને હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૨૫)

(બાર તેજસ્વી સૂર્ય સમાન બાર શ્લોકથી ધર્મનું પોષણ કરનારા પરમેશ્વર શ્રીહરિની સ્તુતિ કરે છે)

શ્રી ધર્મદેવ કહે છે :- મૂળ પ્રકૃતિથી પર અક્ષરબ્રહ્મ નામના આપના ધામમાં અસંખ્ય અક્ષરમુક્તોએ આપના ચરણકમળ સેવ્યાં છે, તે અતિ શ્રેષ્ઠ દિવ્યમૂર્તિ, તપસ્વી જનોએ અત્યંત દુષ્પ્રાપ્ય, સમગ્ર ઐશ્વર્યોએ સહિત, પોતાના પરમ એકાંતિક યોગીજનોએ જાણવા યોગ્ય, એવા તમો સમગ્ર ઈશ્વરોના પણ સ્વામી છો, એમ મેં જાણ્યું છે. શમ, દમ, સત્ય, સ્વ વશતા, આર્જવ, શાંતિ, યશ, શ્રુત, શૌચ, કાંતિ, શીલ, બળ, ધૈર્ય, તપ વગેરે અચળ દિવ્ય અને મંગળકારી ગુણો, જે ગુણોને સત્પુરુષો સદા ઈચ્છે છે, તેમાં અપરિમિત ગુણોથી આપ નિરંતર અલંકૃત છો : હે હરે ! તમારા ચરણરૂપી કમળમાં જે ઉત્તમ રસ છે, તેમાં આસક્તિવાળા એકાંતિક મુક્તો, સમગ્ર વિશ્વના મહા વૈભવો પણ ઈચ્છતા નથી. તેમ જ અતિ દુર્લભ મુક્તિ પણ ઈચ્છતા નથી. અહો ! આ એક આશ્ચર્ય છે ! આપ અક્ષરથી પણ પર છો, અતિ સ્મરણિય છો, છતાં કેવળ અમારા ઉપર કૃપા કરીને જ અમારા આ ભુવનમાં પધાર્યા છો, તેથી હું ધન્ય છું; મુમુક્ષુજનોએ સંસારના પાશથી મુક્ત થવા ભક્તિપૂર્વક સ્મરણ કરવા યોગ્ય. આપના ભક્તજનોને મનવાંચ્છિત આપનારા, આપના મુક્ત પુરુષોથી ઈચ્છેલા આપના ચરણ કમળના યુગલને હું મન, વાણી તથા શરીરથી નમસ્કાર કરું છું. આપનું દિવ્ય સિંહાસન અસંખ્ય દેવતાઓના પતિ સુંદર મણીન્દ્રોની

કાંતિવાળા મુગટોની અણીથી ઘસાયેલું છે. સમગ્ર તીર્થોના સ્થાનરૂપ અને સ્વભાવ સુંદર આપના ચરણ કમળના યુગ્મનું હું સદાય ધ્યાન કરું છું. (૨૬-૩૦)

આપના કેવળ ધ્યાનથી જ આધ્યાત્મિકાદિ સંતાપો નાશ પામે છે. અતિ શોભાવાળા, ઉત્તમ નખરૂપી ચંદ્રના મનોહર પ્રકાશથી અંધકારનો નાશ કરનારા, તેમજ કામના ભયનો નાશ કરનારા અને આશ્રય કરવા યોગ્ય એવા આપના ચરણકમળના યુગલનો હું આશ્રય કરું છું. બુદ્ધિશાળી દેવેન્દ્રો પણ આપનું સ્વરૂપ સમ્યક્ જાણી શકતા નથી. તેથી જ મનુષ્ય મૂર્તિ ધારણ કરીને, હું આવ્યો છું, આ પ્રકારે સ્વ સ્વરૂપનું જ્ઞાન આપનારા તમોને હું પ્રણામ કરું છું. શરીરધારીઓને અનાદિકાળથી થયેલા અભેદ્ય બંધનને ભેદી નાંખવા માટે તમો સમર્થ છો. આ જગતમાં હજારો જન્મ વડે પણ કોઈ ભક્ત તમારો ઉપકારનો બદલો આપવા માટે શક્તિમાન નથી. હે ઈશ ! બ્રહ્માદિ દેવોને ગુરુભાવથી ભજનારાને તેમજ રાજાઓને પ્રસન્ન કરનારા સેવકોને તેઓ, તમારી પ્રસન્નતાથી જે ફળ મળે છે તેના લેશની પણ સમાન ફળ આપવા માટે શક્તિમાન નથી. તેથી હે ઈશ્વરોના ઈશ્વર ! હું તમારે શરણે આવ્યો છું. અનેક વિશ્વોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયાદિ વિલાસો જેના છે એવા તમો, સમગ્ર કારણના પણ કારણ, મને સમ્યક્ પ્રકારે ઈચ્છિત વર આપનારા અને પ્રાણિઓનો મોક્ષ કરનારા, કરુણાસાગર, હે ભગવાન્ ! પૃથ્વીમાં ઘણાં અવતારો ધારણ કરીને પોતાના પરાક્રમથી અસુરોને હણીને યુગે યુગે સાધુપુરુષોનું રક્ષણ કરો છો. તેમજ તમારા સ્વરૂપનું જ્ઞાન આપો છો. તે આપ હવે અસુરાંશ રાજાઓ તથા ગુરુઓમાં રહેલા અને કળિયુગે વૃદ્ધિ પમાડેલા અધર્મકુળને હણીને, તમારા ભક્તોનું રક્ષણ કરવા માટે મારા ગૃહમાં અવતરેલા છો; દિવ્ય અને અપાર ગુણવાળા, અસંખ્ય ભુવનોના આધાર, મૂળ પ્રકૃતિ પુરુષના અધીશ્વર, સર્વજ્ઞ, અક્ષરભાવને પામેલા મુક્તોમાં અત્યંત સ્નેહવાળા અને સમગ્ર આત્માઓના અંતર્યામી, આત્મારામ મુનીંન્દ્રોએ ચિંતવન કરેલાં છે ચરણ જેમના એવા, સર્વજનોની ઈન્દ્રિયોથી ન ગ્રહણ થઈ શકે એવા, તમો હે હરે ! મારા ગૃહમાં પ્રગટ થયા છો, તેજ મહાદાશ્ચર્ય છે. (૩૧-૩૭)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- અતિ નિર્મળ બુદ્ધિવાળા અને એકાંતિક ભક્તોને અતિપ્રિય, અતિશય, સ્નેહાર્દ્ર ધર્મે આ પ્રકારે સ્તુતિ કરી, ભક્તોને ઈષ્ટ સુખ આપનારા તે ભગવાન, મનુષ્યોનું હિત કરવા માટે નાના પ્રકારના અવતારો ધારણ કરનારા મનુષ્યોના સહજ સ્વાભાવિક ભાવથી ધર્મને કહેવા લાગ્યા. (૩૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં પ્રથમ સ્કંધમાં બ્રહ્માદિ દેવોએ સ્તુતિ કરી તે નામે અઠ્ઠાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી ભગવાન કહે છે :- હે વિપેન્દ્ર ! પૂર્વ જન્મમાં તમો પ્રજાપતિ હતા અને આપના પત્ની સદાય આપને અનુસરતા આ ભક્તિ તે મૂર્તિ હતા. પછી દુર્વાસાના શાપથી આ લોકમાં તમે મનુષ્ય જન્મ ધર્યો.

કળિના બળથી વૃદ્ધિ પામેલા અધર્મી, દુષ્ટ માનવોએ તમોને વારંવાર પીડા કરી. ધર્મનિષ્ઠાવાળા તમોએ, તીર્થયાત્રા કરતાં શ્રી કૃષ્ણના આશ્રિત શ્રી ઉદ્ધવજી પાસે કૃષ્ણ સંબંધી દીક્ષા ગ્રહણ કરી; દારિદ્રયની વ્યથા તથા શત્રુઓની પીડાથી પોતાનું રક્ષણ કૃષ્ણથી જ ઇચ્છતા તમો હંમેશા નિર્દંભ વર્તનવાળા, બંને દંપતીએ વૃંદાવનમાં જઈને સ્વસ્થ ચિત્તથી મહા વિષ્ણુયાગથી આદરપૂર્વક શ્રીકૃષ્ણનું આરાધન કર્યું. (૧-૫)

નિદ્રા તથા આહારને જીતીને બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી, વિષયોમાંથી ઈન્દ્રિયોને પાછી વાળી, તમો શાંત તથા શીત ઉષ્ણ આદિ દ્વંદ્વથી રહિત તથા કોઈ પણ વસ્તુનું દાન લેવાની ઇચ્છાથી પણ રહિત હતા, તમારા ચિત્ત કેવળ કૃષ્ણમાં જ લાગેલા હતા. પુષ્પ ચંદનાદિકનો લેપ તમે ત્યાગ કરી દીધો હતો અને કઠણ તપ કરતા હતા. એ રીતના તમને જાણીને તમારા ઉપર હું પ્રસન્ન થયો. અક્ષરધામનો પતિ ભક્ત વત્સલ અને ઈશ્વરેશ એવો હું, સકળ અવતારોનો કારણ છું. આવી રીતે મેં તત્કાળ અતિ શુભ કરનારું મારું દર્શન શ્રી કૃષ્ણરૂપે તમને આપ્યું. પછી તમોને ઇચ્છેલા સર્વે વરો મેં તમોને આપ્યાં. પછી અત્યંત પ્રસન્ન થયેલા હે ધર્મ ! તમારા ઘેર પુત્રરૂપે અવતરીને હંમેશા તમારું રક્ષણ કરીશ એમ તમને મેં વચન આપ્યું. (૬-૧૦)

હે ધર્મ ! એટલું કહીને હું અંતર્ધાન થયો અને તમે સૌ તમારા સ્થાનમાં ગયા, ત્યારથી આરંભીને તમારું દરિદ્રપણું તથા શત્રુનો ભય નષ્ટ થયો છે. તે રૂપની સ્મૃતિ માટે તમોને મેં આ દિવ્ય સ્વરૂપ બતાવ્યું છે. હે દ્વિજોત્તમ ! હું તમારા પુત્રરૂપે થયો છું. માટે હવે તમો સ્થિર થાઓ. (૧૧-૧૨)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિ ધર્મને આ પ્રકારે કહીને દિવ્ય છતાં પણ તત્કાળ મનુષ્ય ભાવ બતાવીને બાળક સમાન થયા. પછી ચંદ્રમાની કાંતિ સમાન કાંતિવાળા અને અતિ મનોહર અંગવાળા શ્રીહરિ પોતાની માતાની શય્યામાં રમવા લાગ્યા. પછી શ્રીહરિના સંકલ્પથી ભક્તિ તથા ધર્મને તે દિવ્ય ભાવની સ્મૃતિ નષ્ટ થઈ ગઈ. પોતાને પુત્ર પ્રાપ્ત થયો છે એમ જાણી, તે બંને દંપતી મહા આનંદ પામ્યા. તે ધર્મદેવ તથા સર્વદેવો મનુષ્યભાવધારી શ્રીહરિને નટવર્યની માફક આનંદથી જોવા લાગ્યા. (૧૩-૧૫)

કોટી કામદેવના ગર્વને હરનારાં શોભાયમાન એવાં સર્વે અંગોથી શોભતા, અને સ્વભાવ સુંદર એવા મુખની કાંતિથી, કલંક યુક્ત ચંદ્રને લજ્જા પમાડનાર; અનેક લોકોનું જે લાવણ્ય તેને પોતાના અંગની લાવણ્યતાથી અત્યંત જીતતા, અને પોતાનાં દર્શન કરનારા જનોને પરમાનંદ આપતા એવા પુણ્યદર્શનવાળા; સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા અતિ મંગળ લક્ષણો વડે ચરણતળમાં રહેલા ઉર્ધ્વ રેખાદિ ચિન્હોથી યુક્ત, દિવ્ય અવયવોથી શોભાયમાન શરીર જેમનું છે, નયનોને આનંદકારી અતિ પવિત્ર, ઉત્કર્ષ કરનારા, પુરુષોત્તમ સ્વરૂપના ચિન્હોથી યુક્ત, મધ્ય પ્રદેશમાં લગારેક ઊંચા અને લગારેક રતાશવાળા સુંદર શોભતા નખમણી, તેના કિરણો વડે સૂર્યોની કાંતિને ઢાંકી દેતા. (૧૬-૨૦)

નવીન નીલમેઘની માફક શ્યામ સુંદર શરીરવાળા, કેસર, કસ્તુરી તથા કુંકુમના લેપથી જેમના શરીરમાં સુગંધ પસર્યો છે, પોતાને અનુરૂપ, અવધિરહિત, અતિશય આશ્ચર્યકારી, મંગળવસ્તુઓ તથા

કાંતિ, સૌષ્ઠવ, માધુર્ય તથા માર્દવાદિ ગુણોથી યુક્ત સર્વ નિયંતા, અવતારી, ભગવાનને પ્રણામ કરીને તેમના દર્શનથી ઉત્સવ ઉજવતા દેવો પોત પોતાના ધામમાં ગયા. (૨૧-૨૩)

જેમ ચંદ્ર અત્યંત રમણીય નિર્મળ અને સંપૂર્ણ કલાવાળો છે, તેમ શ્રીહરિ તેવા પ્રગટ થયા. તે સમયે વિરોધકૃત નામે સંવત્સરમાં સૂર્ય ઉત્તરાયનમાં હતા. ત્યારે સંવત ૧૮૩૭ના વસંત ઋતુમાં ચૈત્ર માસમાં શુક્લ પક્ષની નવમી તિથિમાં સોમવારના દિવસે પુષ્પ નક્ષત્રમાં કૌલવ નામના કરણમાં, અને વૃશ્ચિક લગ્નમાં, શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો. (૨૪-૨૫)

તે સમયે છપૈયાપુર, ઘરો, આંગણાઓ તથા માર્ગો વાળીને સાફ કરવાથી અને પાણીના છંટકાવથી, રમણીય લાગતું હતું, તેમજ ઉત્તમ તોરણોની શોભાવાળું અને જયજયકારના શબ્દોથી છપૈયાપુર ગાજતું હતું. (૨૬)

તે વખતે શ્રી ધર્મદેવના ઘેર વિવિધ પ્રકારના વાજીંત્રો વાગતા હતા. ગાન વિદ્યામાં નિપુણ પુરુષો વિચિત્ર પ્રકારના તૂર્યાદિ વાજીંત્રો વગાડી આનંદ પામતા હતા, તે સમયે બ્રાહ્મણો તથા અન્યજનો પ્રસન્ન વદને વિવિધ પ્રકારની ભેટ સામગ્રી, (ગોળ, સાકર વગેરે) લઈને મહોત્સવથી અત્યંત શોભતા ધર્મના ઘેર આવતા હતા. હાથમાં ગોળથી ભરેલા સુવર્ણના પાત્રો લઈને, ઘરનાં બીજાં કાર્યો છોડી દઈને ઉત્સાહવાળી સ્ત્રીઓ પણ ધર્મદેવના ગૃહ પ્રત્યે આવતી હતી. જે મંગળ ગીતો વડે મનુષ્યનું કલ્યાણ થાય તેવા મંગળ ગીતો સ્ત્રીઓ ઊંચા સ્વરે ગાતી હતી અને પરમેશ્વરના બાળમુકુંદ સ્વરૂપને આનંદથી આશીર્વાદ આપતી હતી. તેમ જ અતિશય હર્ષથી પરસ્પર કુંકુમનો લેપ કરતી હતી. (૨૭-૩૦)

સમગ્ર તાપને શમાવે અને દર્શનથી નેત્રને આનંદ આપે તેવું ધર્મના પુત્રનું મુખ, અતૃપ્ત નેત્રોથી તે સ્ત્રીઓ જોતી હતી, અને તેથી અત્યંત આનંદ પામતી હતી; તેમના સંબંધીજનો પણ શ્રીહરિને જોઈને અતિ આનંદ પામ્યા. તે સંબંધીજનો મનુષ્ય સ્વરૂપ ગ્રહણ કરી બાળનાટ્યા કરતા પરમેશ્વરને "જય પામો - ઘણું જીવો સારી વિદ્યાવાળા થાઓ-પિતાના કુળને ઉજ્જવલ કરો" એવા આશીર્વાદો આપતા હતા; કુમારનો અદ્‌ભુત ભાવ ધારણ કરેલા પુરુષોત્તમને જોઈને, ચંદ્ર દર્શનથી જેમ સમુદ્ર આનંદ પામે તેમ, શ્રીહરિના પિતા મહા આનંદ પામતા હતા; ત્યાર બાદ સર્વ વેદોક્ત જાત કર્માદિ સંસ્કાર કરાવતા હતા. પછી ધર્મદેવ સુવર્ણ યુક્ત જળ વડે વસ્ત્ર સહિત સ્નાન કરીને પોતાના સુંદર ભુવનમાં વેદોક્ત મંત્રો વડે પિતૃતર્પણ કરતા હતા. (૩૧-૩૫)

વેદ શાસ્ત્રોને જાણનારા તથા પોતાના પુત્રના જન્મથી ઉદ્‌ભવેલા આનંદરૂપી સમુદ્રમાં મગ્ન થયેલા ધર્મદેવ, વેદપ્રવીણ અતિ શ્રેષ્ઠ બ્રાહ્મણો પાસે વિધિ પ્રમાણે મંગળ વાંચન કરાવીને પછી "રસના માર્જન" વિધિ વિધિસર કરાવતા હતા. પછી વેદોક્ત "મેધાજનન" એ નામે સંસ્કાર કરાવતા હતા. તેમજ તે સંસ્કાર પછી દાન પણ અધિક પ્રમાણમાં આપતા હતા. તે ધર્મના ઘરમાં એકત્ર થયેલા અને આનંદ પામેલા જ્ઞાતિજનો પણ કુમારને આશિષ આપતા હતા અને રમણીય દેહવાળા તે કુમારને જોઈને બહુ આનંદ પામતા હતા. વળી પુત્ર જન્મથી આનંદ પામેલ તે ધર્મદેવ વિપ્રોને તથા બીજાઓને પણ યથાયોગ્ય

દાન આપતા હતા. અતિ ઉદાર મનવાળા ધર્મદેવ બ્રાહ્મણોને રૂપિયા તથા સોનું તથા બહુ મૂલ્યવાળાં વસ્ત્રો તથા આભૂષણો આપતા હતા. (૩૬-૪૦)

સામાનથી સજ્જ કરેલા અસંખ્ય ઘોડા તથા સર્વ ઉપસ્કાર (ઝુલ વગેરે તમામ વસ્તુઓ) થી યુક્ત હાથીઓ તથા સર્વ સાધનોથી યુક્ત રથો વગેરે નાના પ્રકારના વાહનો આદરપૂર્વક આપતા હતા; ધર્મદેવ પાત્ર અને ઉપપાત્ર સહિત જળ ભરવાના વાસણો તથા સંધ્યાના ઉપકરણો (ગૌમુખી, આસન, આચમનની, પવિત્રિકાદી વસ્તુઓ) તથા ખાંડણીઓ તથા ઘંટી તથા સૂપડું, સાંબેલું, જળ ભરવાના તેમજ રસોઈ કરવાના વાસણો વગેરે ઉત્તમ બ્રાહ્મણોને આપતા હતા. તે ધર્મ રૂપાની ખરી જડેલા વાછરડા તેમ જ સુંદર લક્ષણવાળી સોનાના શીંગડાવાળી, શ્રેષ્ઠ વસ્ત્રોવાળી અસંખ્ય ગાયો, બ્રાહ્મણોને આપતા હતા. દાતારોમાં અગ્રહણ્ય તે ધર્મદેવ, દરિદ્રજનોએ તથા બીજા કોઈ પણ બ્રાહ્મણોએ તે સમયે જે જે યાચના કરી તે તે આનંદપૂર્વક પ્રીતિથી આપતા હતા; ધર્મદેવે તે મહોત્સવમાં તે જ પ્રકારે દાન આપ્યાં. જે તેમણે કરેલા દાન સાંભળીને રાજાઓ પણ અતિ આશ્ચર્ય પામ્યા. (૪૧-૪૫)

આ પૃથ્વીમાં ધર્મદેવ તે રંતિદેવ ફરીથી ઉત્પન્ન થયા કે શું ? અથવા હરિશ્ચંદ્ર કે શિબિરાજા કે નૃગરાજા અથવા ભક્ત વર્ય બલિ પૃથ્વીમાં ફરીથી ઉત્પન્ન થયા કે શું ? કે મનુષ્ય રૂપે સાક્ષાત કલ્પવૃક્ષ ઉત્પન્ન થયા કે શું ? આ પ્રકારે યાચકો પુત્ર જન્મ પ્રસંગે દ્રવ્યના વરસાદથી ધર્મ તે કોણ હશે તેમ સંશય પામ્યા હતા. (૪૬-૪૭)

હે રાજન્ ! નર નાટક કરવાને ઈચ્છતા ધર્મના પુત્ર રૂપ શ્રીહરિની ઈચ્છાથી જ આ ધર્મના પુત્ર સાક્ષાત્ ભગવાન છે. તેમ કોઈએ પણ જાણ્યું નહીં. ભક્તિ ધર્મને પણ આશ્ચર્યકારી બાળલીલાઓ કરતા શ્રીહરિમાં તેમની ઈચ્છાથી પુત્રભાવ જ હતો. આ પરમેશ્વર છે આવું મારા સ્વરૂપનું જ્ઞાન પામીને મારા માતાપિતાએ પુત્રભાવથી મને લાડ લડાવવાનું દુર્લભ થશે, એમ જાણીને ભગવાન મનુષ્ય નાટ્ય કરતા હતા. (૪૮-૫૦)

બીજાઓને તો જેની પ્રાપ્તિ ન થાય એવા પોતાના મનોરથનું ફળ પામેલા અને મહા ભાગ્યવાળાં તે ભક્તિ તથા ધર્મ, અતિશય હર્ષ પામતા હતા. નરાકૃતિ ધારણ કરનાર વાસુદેવ ભગવાનમાં અસાધારણ ગાઢ સ્નેહ તેઓ બાંધતા હતાં. (૫૧)

હે રાજન્ ! આધ્યાત્મ, આધિભૂત અને આધિદૈવિક ત્રિવિધ તાપને હરનારું જેમનું ગાન છે તે શ્રીહરિના પ્રાદુર્ભાવ સંબંધી આશ્ચર્યજનક કથા તેમને મેં આ પ્રકારે કહી. જે જન આ કથાનો શ્રદ્ધાથી પાઠ કરશે અથવા સાંભળશે તે જન ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી પુરુષાર્થ ચતુષ્ટ્ય જરૂર પામશે. (૫૨)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલા કલ્પતરુ રૂપ ભક્તિશાસ્ત્રના પ્રથમ સ્કંધમાં શકાનંદમુનિ માનસિંહ સંવાદમાં શ્રીહરિના જન્મ નિરુપણ નામે ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૯)



પ્રથમ સ્કંધ સમાપ્ત

પ્રથમ સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૪૬	૧૧-૨૯	૨૧-૪૩
૨-૪૧	૧૨-૩૭	૨૨-૩૪
૩-૪૮	૧૩-૨૫	૨૩-૩૮
૪-૩૭	૧૪-૩૮	૨૪-૩૨
૫-૩૫	૧૫-૪૨	૨૫-૪૪
૬-૫૮	૧૬-૩૬	૨૬-૨૬
૭-૩૪	૧૭-૨૨	૨૭-૩૫
૮-૪૩	૧૮-૪૨	૨૮-૩૮
૯-૩૩	૧૯-૪૧	૨૯-૫૨
૧૦-૪૩	૨૦-૩૭	

કુલ શ્લોક : ૧૧૦૯





અધ્યાય ૧ લો

શ્રી શુકમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! મનુષ્યાકૃતિ ધારણ કરેલા શ્રીહરિની, શ્રોતા તથા વક્તાઓને પવિત્ર કરનારી, બાળકાળથી આરંભીને સુંદર લીલા તમોને કહું છું. તમો એકાગ્ર મનથી તે સાંભળો. (૧)

દૈત્યોના ડાબા અંગ ફરકવા લાગ્યા. આ અપશુકનથી તેમના મનમાં ત્રાસ ઉત્પન્ન થયો. તેમણે જાણ્યું કે પોતાના શત્રુ શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો. ત્યાર બાદ મૂઢ મતિવાળા અસુરોએ પ્રત્યક્ષ પુરુષોત્તમ બાલ શ્રીહરિને હણવા માટે હજારો હજાર કૃત્યાઓ ઉત્પન્ન કરી. (૨-૩)

તે કૃત્યાઓ અતિ લાંબા હોઠવાળી, ભયંકર દેખાતી. કાજળ જેવા કાળા શરીરવાળી, અત્યંત ક્રોધથી પહોળા અને લાલચોળ નેત્રવાળી, પર્વતોની ગુફા જેવા નાસિકાના છિદ્રોવાળી હતી, તેમની બે દાઢો પર્વતોના શિખરો જેવી હતી, પહોળા કૂવા જેવું તેમનું મુખ હતું, છૂટા કેશ હતા, ભ્રકુટી ભયંકર અને લાંબી હતી, ખોપરીની માળા તેમણે ગળામાં પહેરી હતી. સિંદુરના ચાંલ્લા કર્યા હતા. તલવાર, ઢાલ, ત્રિશૂલ વગેરે શસ્ત્રોને હાથમાં ધારણ કર્યા હતાં. દૃષ્ટિ ભયંકર હતી. શ્રીહરિના જન્મથી છઠ્ઠે દિવસે જ કાલદત્ત અસુરે મોકલેલી તે કૃત્યાઓ સૂતિકા ગૃહમાં આવી અને ભક્તિદેવીના હાથમાંથી બાળસ્વરૂપ શ્રીહરિને બળપૂર્વક ખેંચી લઈને નાસી ગઈ. (૪-૭)

તેથી હે રાજન્ ! પોતાના પુત્રમાં આસક્તિવાળા, ધર્મ, ભક્તિ મૂર્છા પામ્યા, જેમ પ્રાપ્ત થયેલું ધન નાશ પામવાથી દુઃખી થાય તેમ તેઓ અત્યંત દુઃખ પામ્યા અને રુદન કરવા લાગ્યા. (૮)

તે કૃત્યાઓમાં મુખ્ય અત્યંત બળવાળી કોટરા કૃત્યા બાળકને ગામથી બહાર લઈને વેગથી આકાશમાં ઊડી ગઈ. મહા તેજના નિધિસ્વરૂપ, સૌંદર્યના સમુદ્ર, મહામૂલ્યવાળા મણિઓથી શોભતા બાળકૃષ્ણ તે કોટરાના હાથમાં હોવાથી, તે પણ જાણે અંગે આભૂષણો ધારણ કર્યા છે તેમ, શોભવા લાગી. શ્રેષ્ઠ મણિઓની કાંતિથી પર્વતેન્દ્રના શિખરો જેમ શોભે છે, તેવી રીતે તે કોટરા શ્રી બાળસ્વરૂપ શ્રીહરિથી શોભવા લાગી. જેના લાવણ્યનો લેશ જ પ્રાપ્ત થવાથી સર્વે લોકો શોભે છે, તો તે કોટરા

તેમની પ્રત્યક્ષ પ્રાપ્તિથી શોભે તેમાં શું આશ્ચર્ય ? (૯-૧૨)

તે લીલા જોવા માટે પોતાના વિમાનોમાં આકાશમાં આવેલા બ્રહ્માદિક દેવતા આશ્ચર્ય પામીને શ્રી બાળકૃષ્ણને જોવા લાગ્યા. (૧૩)

ચારે બાજુ પ્રસરતા શ્રી બાળકૃષ્ણના સર્વ તેજને પરાભવ કરતા દિવ્ય તેજથી ચંદ્રમા પણ ઢંકાઈ ગયો. તેથી રાત્રી હોવા છતાં જાણે દિવસ હોય તેવો મનુષ્યનો ભ્રમ થયો. (૧૪)

કોટરા આકાશમાં ઊડી પરંતુ બાળકૃષ્ણના ભારથી પીડા પામવા લાગી અને વિચારવા લાગી કે મારાથી પણ ઉંચકવા માટે અશક્ય આ બાળકનો આટલો ભાર ક્યાંથી ? મારી માયાના બળથી સૌ પરાજય પામે છે. પરંતુ આ બાળક પાસે તે બળ ચાલતું નથી. તેમજ મારું શસ્ત્રબળ પણ લગારેય ચાલતું નથી. સૂર્ય ઉદય થવા છતાં રાત્રીનો આભાસ જેમ આશ્ચર્યરૂપ છે તેમ અહો ! આ પણ એક આશ્ચર્ય છે. મહા મંત્રના બળથી સર્પિણીના જેવું મારું બળ આ બાળકે રૂંધી લીધું છે, હવે હું શું કરું? મેં આ લોકમાં ઘણાં બાળકોને માર્યા છે. પણ હજુ સુધી કોઈ આવો મહા તેજસ્વી અને ભયરહિત બાળક દીઠો નથી. આ તો કેવો છે ? (૧૫-૧૮)

આ પ્રમાણે વિચાર કરતી અત્યંત ભ્રાંત મનવાળી તે કૃત્યા તરફ પ્રલયાગ્નિ સમાન અત્યંત ક્રૂર દૃષ્ટિથી શ્રીહરિએ જોયું, બાલકૃષ્ણની અતિતીવ્ર દૃષ્ટિથી અતિશય બળતી પોતાના દેહનો અતિ વિસ્તાર કર્યો છે, એવી તે કૃત્યા અત્યંત ક્ષોભ પામી. કંઈ ન સૂજવાથી તેણે તે બાળ શ્રીહરિને તત્કાળ ફેંકી દીધા. બાળકૃષ્ણમાં અતિશય પ્રીતિવાળા તેમના પાર્ષદોએ, જેમના દિવ્ય સ્વરૂપને મનુષ્યો જોઈ શકતા નથી, આકાશથી નીચે આવતા જ બાળકૃષ્ણને અંતરિક્ષમાંથી જ ગ્રહણ કરી લીધા. તે દિવ્ય પાર્ષદોએ, પછી પૃથ્વી દેવીએ રચેલી કોમળ ગાદી અને ઓછાડે સહિત સુવર્ણના પલંગમાં બાળકૃષ્ણને સુવાડીને કોઈ જોઈ ન શકે તેવા દિવ્ય સ્વરૂપે ત્યાં જ બેઠા. (૧૯-૨૨)

ભયનું કારણ હોવા છતાં જે સદાય નિર્ભય છે. અને સ્વતંત્ર છે તે પલંગમાં પોઢેલા શ્રી બાળકૃષ્ણને ચંદ્રમાએ અમૃતથી ભીના તેથી જ ઠંડા કિરણોથી સેવ્યા. રત્ન તથા મોતીઓથી જડેલા શોભાયમાન સુવર્ણ દંડવાળા છત્રથી ઈન્દ્રે બાળકૃષ્ણની પ્રીતિપૂર્વક સેવા કરી. તેવી રીતે બીજી દિશાઓના પતિ યમ, વરુણ, કુબેર પણ ચામર, છડી, અબદાગીરી વગેરે રાજ્ય ચિન્હોથી પોતાનો ઉદય કરનારા બાળકૃષ્ણની મનુષ્યો ન દેખે તેવી રીતે સેવા કરવા લાગ્યા. (૨૩-૨૫)

એટલામાં ફરીથી પણ તે કોટરા પોતાનું ત્રિશૂલ ઉગામીને શ્રીહરિને મારવાના દુષ્ટ હેતુથી ત્યાં આવી. પરંતુ શ્રીહરિએ ક્રોધથી તીક્ષ્ણ દૃષ્ટિથી તેના તરફ જોયું. તે સમયની શ્રીહરિની કોપાયમાન દૃષ્ટિથી પૃથ્વીનું તળ પણ ચલાયમાન થયું. આકાશમાં સમગ્ર ગ્રહ નક્ષત્રાદિ, જ્યોતિ મંડળ અત્યંત ક્ષોભ પામ્યું, અકસ્માત આ શું ? આ પ્રકારે વિચાર કરીને સર્વ દિશાઓના પતિ પણ ભયથી વ્યાકુલ થયા. લોકેશ્વરો, બ્રહ્માદિ દેવતાઓ પણ અત્યંત ભય પામ્યા વાયુદેવ પણ ભય પામીને અતિશય જોરથી ફુંકાવા લાગ્યો. (૨૭-૨૮)

સર્વનું પ્રિય કરનારા અવતારી, દયાનિધિ, સત્ય સંકલ્પ, મહા પરાક્રમી, શ્રીહરિએ ક્રોધ અંગીકાર કર્યો. પરંતુ તેથી સર્વલોકમાં ત્રાસ ઉત્પન્ન થતો જોઈને તેમણે તે દિવ્યભાવ ઢાંકી દીધો. (૨૯)

અહિંસા નૈષ્ટિક બ્રહ્મચર્ય વ્રત, ક્ષમા, દયા આદિ ગુણોથી અલંકૃત શ્રી બાલકૃષ્ણ ભગવાન કેવળ ધર્મના ઉપદેશ અને સ્થાપનની જ ઈચ્છાવાળા હોવાથી, પોતે સમર્થ હોવા છતાં પણ તે અપરાધી કૃત્યાને ન હણી. (૩૦)

સનાતન દિવ્ય મૂર્તિ શ્રી બાળકૃષ્ણ ભ્રકુટિના વિલાસ માત્રથી જ અસંખ્ય બ્રહ્માંડોને ઉત્પન્ન કરે છે. જેમણે સ્વેચ્છાથી જ મનુષ્ય શરીર ધારણ કર્યું છે તે અતિ પુણ્ય કીર્તિવાળા, મહાપરાક્રમી બાળકૃષ્ણને માટે શું અસંભવિત છે ? (૩૦-૩૧)

બાલકૃષ્ણની કોપાયમાન દૃષ્ટિથી અત્યંત બળતી તે કૃત્યા ચી-ચી-ચી એમ બૂમ મારીને પાછળ જોતી મોહ પામતી, પડતી, આખડતી ત્યાંથી દોડી ગઈ. મરણના ભયથી વ્યાકુળ ચિત્તવાળી બીજી કૃત્યાઓ પણ જેમ ગરુડથી સર્પિણીઓ બીવે તેમ બાળકૃષ્ણની બીકથી ત્યાંથી તત્કાળ દોડી ગઈ. (૩૨-૩૩)

તે સમયે ધર્મના ભુવનમાં ભક્તિ તથા ધર્મદેવે આપત્કાળમાં સંભારેલા કુળદેવ અંજનીપુત્ર, ધર્મ ભક્તિને આશ્વાસન આપવા માટે, ત્યાં આવ્યા. અત્યંત મોટા શરીરવાળાઓને હણનારા અંજની પુત્રે, માર્ગમાં દોડતી કૃત્યાઓને જોઈને, ભક્તિ ધર્મની પાસે આવતા હોવા છતાં પણ, આ કૃત્યાઓ મારા પ્રિય શ્રીહરિને પીડા પમાડવા માટે જાય છે, એમ જાણ્યું; એ કૃત્યાઓનો પરાભવ કરવા માટે મારા ઈષ્ટ બાળકૃષ્ણ વિના અન્ય સમર્થ નથી. તેથી બાળકૃષ્ણથી પરાભવ પામેલી આ કૃત્યાઓ દોડે છે, તેમ હનુમાનજીએ જાણ્યું. (૩૪-૩૬)

પોતાના અતિપ્રિય બાલ ભગવાનને ગ્રહણ કરી તેમનો પરાભવ કર્યો તેથી કોપાયમાન થયેલા મહાશૂરવીર, મારુતિ તે કૃત્યાઓને હણવા માટે તેની સામે દોડ્યા. અતિક્રૂર સ્વરૂપ ધારણ કરેલા તે હનુમાનજીએ, કૂદતા દાંતો કડ-કડ કરતા, હુંકારા કરતા, ચીં ચીં શબ્દો બોલતા, કૃત્યાઓને માર માર્યો. હનુમાનજીએ કિલકિલાટ શબ્દો કરીને તે બધી કૃત્યાઓને તમાચા લાતો તથા તીક્ષ્ણ નખોથી મારી. હનુમાનજીએ કેટલીક કૃત્યાઓના દાંતો વજની માફક કઠિન મુષ્ટિઓના પ્રહારોથી પાડી નાંખ્યા. કેટલીક કૃત્યાઓના અંગો તોડી નાખ્યાં. (૩૭-૪૦)

મહા બલિષ્ઠ હનુમાનજીએ કેટલીક કૃત્યાઓના કેશ, જેમ મદોન્મત્ત હાથી કેળોને ઉખેડી નાંખે તેમ બંને હાથોથી ઉખેડી નાખ્યા, પોતાના કર્મનો ભોગ હજુ બાકી છે. તેથી જીવતાં છતાં પણ મરણ તુલ્ય થયેલી તે કૃત્યાઓનો ત્યાગ કરી હનુમાનજી શ્રીહરિના સમીપમાં ગયા અને પ્રિય બાલકૃષ્ણના દર્શન કર્યા. કોમળ પથારીવાળા સુંદર પલંગ (સિંહાસન) ઉપર સૂતેલા, પોતાના દિવ્ય પાર્ષદો ઈન્દ્રાદિ દેવતાઓ તથા દિગીશ્વરોએ સેવા કરાએલા, શ્રીહરિના તેમણે દર્શન કર્યા. (૪૧-૪૩)

ત્યારબાદ તે દિવ્ય પાર્ષદો તથા ઈન્દ્રાદિક દેવતાઓએ શ્રીહરિને તેમના ભુવનમાં લઈ જવા, શ્રીહરિને પ્રિય, મહા બળવાન, વાયુપુત્રને પ્રેરણા કરી. પછી હનુમાનજી બાલકૃષ્ણને પુષ્પ જેવા કોમળ

પરંતુ મહામૂલ્યવાળા વસ્ત્રથી ઢાંકીને ધર્મદેવના ગૃહ પ્રત્યે લઈ જવા તત્પર થયા તે સમયે આકાશમાં વિમાનોમાં બેઠેલા પ્રસન્ન મનવાળા, દેવતાઓએ ઘર પ્રત્યે જતા બાલકૃષ્ણને નંદનવનમાંથી લાવેલા પારિજાતના પુષ્પોથી વધાવ્યા; ધર્મદેવના ભુવનમાં પહોંચેલા હનુમાનજીએ પુત્રના વિયોગથી શોકાર્ત થયેલા ભક્તિ, ધર્મને હર્ષપૂર્વક શ્રીહરિ અર્પણ કર્યા. ચોરાયેલી ચિંતામણિ ફરી પ્રાપ્ત થતાં જેમ મનુષ્યો આનંદ પામે છે, તેમ ભક્તિ-ધર્મ પોતાના પુત્રને પામીને આનંદ પામ્યા. પ્રસન્ન થયેલા હનુમાનજી આ તમારા પુત્ર સાક્ષાત્ પરમેશ્વર છે તેમ ભક્તિ ધર્મને પ્રિય વચનો કહેવા લાગ્યા. હે ભક્તિ-ધર્મ ! આ પુત્રે દૃષ્ટિ માત્રથી કૃત્યાઓને નસાડી દીધી હતી. તે દોડતી કૃત્યાઓને મેં આ શ્રીહરિના પ્રતાપથી મરણ તુલ્ય કરી દીધી છે. (૪૪-૫૦)

સર્વ લોકોને ભય આપનારો કાળ પણ આ તમારા પુત્રથી ભય પામે છે. તેમજ ઈશ્વરસંજ્ઞાથી ઓળખાતા બ્રહ્માદિક દેવતાઓ પણ આ શ્રીહરિની આજ્ઞામાં વર્તે છે. આ તમારા પુત્ર મત્સ્ય, કૂર્માદિ સમગ્ર અવતારોના આવિર્ભાવનું કારણ છે. સર્વને નિયમન કરવામાં સમર્થ, સ્વરાટ્ અવતારી, ક્ષર અને અક્ષર થકી પણ પર, અને સર્વ કારણોના પણ કારણ છે. આ શ્રી બાલકૃષ્ણે કેવળ જીવોના કલ્યાણ કરવા માટે જ તમારે ત્યાં જન્મ લીધો છે. તેથી તમારા પુત્ર બીજા સામાન્ય બાળક જેવા નથી. તમારા પુત્ર આ શ્રીહરિ તમારું સર્વ વિપત્તિઓથી રક્ષણ કરશે, તેમ જ તેમનો જે જે આશ્રય કરશે તેમનું પણ સર્વ વિપત્તિઓથી સર્વથા રક્ષણ કરશે. તમો પતિપત્ની કૃતાર્થ છો. મોટા પુરુષોને પણ પૂજનીય છો. એમ હું નિશ્ચય માનું છું. સર્વોત્તમ શ્રીહરિ બાલકૃષ્ણ સ્વરૂપે તમારે ત્યાં પુત્રરૂપે પધાર્યા છે. (૫૧-૫૫)

પોતાના પુત્રનો અપૂર્વ મહિમા સાંભળીને પુત્રમાં આસક્ત ચિત્તવાળા ભક્તિ, ધર્મ, અવર્ણનીય આનંદ પામ્યા. બાલકૃષ્ણની ઈચ્છાથી હનુમાનજી અંતર્ધાન થયા પછી ભક્તિ તથા ધર્મને પુત્ર સુખ આપવાની ઈચ્છાથી, શ્રીહરિએ તેમને પોતાને વિષે કેવળ પુત્ર ભાવની જ પ્રીતિ રહે એ હેતુથી, પોતાની માયાનો વિસ્તાર કર્યો. ઉપનિષદો તથા પંચરાત્રાદિ શાસ્ત્રોએ જેની કીર્તિનું ગાન કર્યું છે, તે શ્રીહરિને ભક્તિ, ધર્મ પોતાના પુત્ર છે, એમ માનવા લાગ્યા. ત્યાર પછી ધર્મદેવે કૃત્યાઓએ પોતાના પુત્રને ઉપદ્રવ કર્યો તેના નિવારણ માટે બ્રાહ્મણોને ઉત્તમ ભોજનથી જમાડવા રૂપ શાંતિ કર્મ કર્યું. (૫૬-૫૯)

તે સમયે કૃત્યાઓ મુખ્ય અસુર કાલીદત્તને મળીને કહેવા લાગી, હે કાલીદત્ત ! અમારો શત્રુ મનુષ્યોથી, દેવોથી તથા અસુરોથી પણ પરાભવ પમાડી શકાય તેવો નથી. હે બુદ્ધિમાન કાલીદત્ત ! આપણા શત્રુ બાલ શ્રી હરિએ અમને બધાને પોતાની દૃષ્ટિથી જ બાળ્યા, તેથી તેમની પાસે જવા માટે કોણ સમર્થ થાય ? અર્થાત્ કોઈ સમર્થ નથી જ; તેમની દૃષ્ટિથી અમારા અંગો બળતા હતા. વળી અમો દોડીને નાસી જતી હતી ત્યાં માર્ગમાં, આપણા શત્રુના દર્શન કરવા માટે આવતા હનુમાનજીએ શ્રીહરિને અમોએ પીડા કરી તેમ જાણીને, અમને પકડીને અત્યંત માર માર્યો. હે કાલીદત્ત ! અમે મરણ તુલ્ય થયા છીએ, તે શ્રીહરિની આગળ ફરીથી જવા માટે અમને તમારે ન મોકલવી હવે તમો જ જશો. (૬૦-૬૩)

શ્રી હરિનો પ્રતાપ સાંભળીને ક્રોધી સ્વભાવના તે કાલીદત્તે ઈર્ષાથી, જેમ સર્પને લાકડીથી મારે

અને ક્રોધ કરે તેમ, અત્યંત ક્રોધ કર્યો. બાલ્યાવસ્થામાં પણ આપણા શત્રુનું આવું બળ છે, માટે હવે તેને મરણનો ઉપાય આપણે તત્કાળ કરવો, એમ કાલીદત્તે પોતાના માણસોને કહ્યું. શત્રુ નાનો હોય પણ જો તેની ઉપેક્ષા કરીએ તો વૃદ્ધિ પામતા રોગની માફક તેને જીતી ન શકાય. માટે તે નાનો પણ શત્રુ જ છે, તેથી તેને તત્કાળ હણવો. (૬૪-૬૬)

અતિ દુષ્ટાશયવાળો, માની, કાલીદત્ત અતિ શૂરવીર છતાં પણ ઉદ્વેગથી ચિંતાતુર બની નિંદ્રારહિત બની ગયો. (૬૭)

માનસિંહ રાજા શુકાનંદમુનિને પૂછે છે કે :- હે બ્રહ્મન્ ! જેથી કોટરા અવતારી શ્રીહરિના સ્પર્શને પામી તેથી ક્યારેય પણ તે કોટરાની સદ્‌ગતિ થશે કે નહીં થાય ? તે મને કહો. (૬૮)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અત્યંત પાપરુપ કોટરાએ શ્રીહરિનો સ્પર્શ કર્યો તેથી દેહના અંતકાળે પોતાને ઇચ્છિત મુક્તિને જરૂર પામશે. (૬૯)

હે રાજન્ ! આજ શ્રીહરિના અવતાર સ્વરૂપ શ્રીકૃષ્ણના સંબંધથી પૂતના જો શ્રીકૃષ્ણની માતા યશોદાના જેવી ગતિ પામી, ત્યારે હે રાજન્ ! સર્વે અવતારના કારણ શ્રીહરિના સંબંધથી આ કોટરા દેહના અંતે સદ્‌ગતિને પામે તેમાં શું આશ્ચર્ય ? એ તો પામે જ. (૭૦-૭૧)

પોતાની ઇચ્છાથી જ મનુષ્યાકૃતિ જેમણે ગ્રહણ કરી છે તે શ્રીહરિનું સર્વોત્તમ શ્રવણ માત્રથી પવિત્ર કરનારું, દિવ્ય બાલ ચરિત્ર મેં તમોને કહ્યું, તે આ લોકમાં જે પુરુષો તથા સ્ત્રીઓ સાંભળશે હે રાજન્ તેમના બાળકો કૃત્યાત્મક બાલગ્રહોથી કદાપી પીડા નહીં પામે, અને જે નિષ્કામ ભાવે કેવળ ભગવાનની પ્રસન્નતા માટે સાંભળશે તેમના સર્વ અંતરશત્રુ નાશ પામશે. (૭૨)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંદમાં શુકાનંદમુનિ અને માનસિંહ રાજાના સંવાદરૂપી શ્રી હરિકૃષ્ણ ભગવાને કૃત્યાના ગણનો પરાજય કર્યો તે નામે પહેલો અધ્યાય સંપૂર્ણ. (૧)



અધ્યાય ૨ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ધર્મ પત્નીએ પોતાના પુત્રને સુવર્ણના મણિ તથા લાલ પીળા રત્નોથી જડિત પારણામાં સુવાડ્યા. પછી પુત્રમાં સ્નેહાસક્ત ભક્તિમાતાએ ગાયનું દૂધ ગાળીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ્રીતિપૂર્વક શંખથી તે પુત્રને પાયું, ત્યારબાદ બાલાએ પુત્રને દિવસે સૂર્યાવલોકન વિધિ કરાવ્યો અને રાત્રિમાં ચંદ્રદર્શન કરાવ્યું. (૧-૩)

તે અરસામાં તીર્થોમાં ફરતા ફરતા મુનિ શ્રેષ્ઠ માર્કંડેય મુનિ ધર્મદેવના ઘેર આવ્યા. માર્કંડેય ઋષિ અતિ તેજસ્વી; દેશ કાળને જાણનારા, બ્રહ્માદિ અઢાર પુરાણો, ઋગાદિક વેદો તેના અંગ

સહિત, તથા સર્વ શાસ્ત્રમાં નિષ્ણાંત હતા. તેઓ ત્રિકાળજ્ઞાની હતા. તેમજ જ્યોતિષ શાસ્ત્રના પણ ઉત્તમ જાણનારા હતા. તપ, વિદ્યા, સૌજન્યાદિ ગુણોથી મહર્ષિઓને પણ પૂજવા યોગ્ય. વર્ણિ વેશધારી; સંતોષ, વિનય, ક્ષમા, ત્યાગ, ઉપશમ, દયા વગેરે ગુણોથી યુક્ત, સજ્જન પુરુષોના સંબંધવાળા, વિદ્વાનોમાં શ્રેષ્ઠ માર્કંડેય મુનિને પોતાના ઘેર આવતા જોઈ, ધર્મદેવે તેમની સામા જઈ તેમનું યથાવિધિ સન્માન કર્યું. (૪-૮)

અત્યંત પ્રસન્ન મનવાળા માર્કંડેય મુનિને ધર્મદેવે મધુરવાણીથી (ભલે પધાર્યા-સુખી છો) પ્રસન્ન કરીને કહ્યું, હે બ્રહ્મન્ ! તીર્થોને પવિત્ર કરનારા તમારો મહિમા અતિ મોટો છે. તમારા જેવાઓનું આ લોકમાં વિચરણ મનુષ્યોના કલ્યાણ માટે જ હોય છે. હે સર્વ ધર્મજ્ઞ ! હે બ્રહ્મર્ષિ! દેવેન્દ્રો પણ તમારું આગમન ઇચ્છે છે. તેથી આપના પધારવાથી હું નિશ્ચય કૃતાર્થ થયો છું. હે મહામુને ! જ્યોતિશાસ્ત્રમા તમો પારંગત છો, તેથી આ મારા પુત્રનો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નામ કરણ સંસ્કાર શુભમૂહુર્તમાં આપ કરો. (૯-૧૨)

ધર્મદેવ શર્માએ આ પ્રમાણે પ્રાર્થના કરી તેથી નામકરણ સંસ્કારની વિધિ જાણનારા માર્કંડેય મહામુનિએ સર્વ વિધિ ઉત્સાહ પૂર્વક કરી. પછી માર્કંડેય મુનિ શ્રીહરિના ધ્યાનથી પ્રાપ્ત થયેલા જ્ઞાનથી, શ્રીહરિએ કરવા ઇચ્છેલા કાર્યને જાણીને, તેમનું તે પ્રમાણે સાર્થક નામ પાડીને ધર્મદેવને કહેવા લાગ્યા. **માર્કંડેય મુનિ કહે છે :-** હે દ્વિજ ! દેવશર્મા ! આ તમારો પુત્ર પોતાના આશ્રિત મનુષ્યોની તથા તમારી બંનેની આપદાઓ નિશ્ચય હણશે. તેથી તેમજ કર્ક રાશિમાં જન્મ હોવાથી તેમનું 'હરિ' નામ થશે. આ બાળક વર્ણથી કૃષ્ણ છે. તેથી પોતાની મધુર મૂર્તિમાં મનુષ્યોના મનને આકર્ષણ કરશે, અને ચૈત્ર માસમાં જન્મ હોવાથી હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! ધર્મદેવ ! તમારો આ પુત્ર કૃષ્ણ નામથી પણ પ્રસિદ્ધ થશે. હે આર્ય ! પ્રાણીસમુદાયના કલ્યાણ માટે આવિર્ભાવ પામેલા આ તમારા નાના પુત્રના જુદા જુદા જે આ (હરિ-કૃષ્ણ) નામ કહ્યાં છે તે બંને મળીને હરિકૃષ્ણ એ નામ પણ થશે. હે ધર્મ ! આ તમારો પુત્ર જ્ઞાન, વૈરાગ્ય, તપ, ત્યાગ, સ્વધર્મ તથા યોગથી શિવ સમાન છે. તેથી તમારા પુત્રનું મંગળકારી સર્વજન પ્રસિદ્ધ નીલકંઠ નામ પણ થશે. હે ધર્મદેવ ! આ તમારો પુત્ર પોતાનાં ચરિત્રો તથા ગુણોને લઈને અતિ મંગળકારી બહુનામોથી યુક્ત થશે, હે ધર્મ ! આ તમારા પુત્ર શ્રીહરિની કથા સાંભળવાની શ્રદ્ધામાં પૃથુરાજાની તુલ્ય થશે. ત્યાગ, યોગ, કરુણા, ક્ષમા વગેરે ગુણોથી લોમશ મહર્ષિના તુલ્ય થશે. (૧૩-૨૦)

હે ધર્મ ! સાંખ્ય તત્ત્વે કહેલી અચિત્ પ્રકૃતિના સ્વરૂપનું તથા જ્ઞાનાત્મક ચિદ્રુપ પુરુષસ્વરૂપના જ્ઞાન નિરુપણમાં આ તમારો બાળક વિષ્ણુના અવતાર કપિલમુનિના જેવા જ થશે. દોષત્યાગ કરવામાં અને ગુણ ગ્રહણ કરવામાં દત્તાત્રેય મુનિ સમાન થશે. પ્રશ્ન પૂછવામાં તેમ જ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવામાં તમારો આ બાળક બૃહસ્પતિથી પણ શ્રેષ્ઠ થશે. હે ધર્મદેવ ! વિકારવાન પદાર્થો પ્રાપ્ત થવા છતાં અવિકારી રહેવામાં વિરોચનના પુત્ર બલિરાજાના સમાન આ પુત્ર થશે. તેમ જ સર્વ

સાધુપુરુષોના, તેમ જ ભગવાનના ભક્તોના ગુરુ થશે. હે ધર્મદેવ ! આ તમારા પુત્રની સાધુતા ઋષભદેવના પુત્ર ભરતથી પણ અતિ શ્રેષ્ઠ થશે વળી આ તમારો પુત્ર પૃથ્વીમાં આત્મદર્શા ત્યાગીઓમાં અગ્રેસર થશે. અષ્ટાંગ યોગની સર્વ કળાના અભ્યાસમાં, તથા પ્રાપ્ત થયેલા રમણીય વૈભવોના અતિ અનાદરમાં, તથા બ્રહ્મસ્વરૂપ પોતાના આત્મામાં અચળ સ્થિતિ કરવામાં આ પુત્ર, ઋષભદેવ ભગવાનની સમાન જ થશે. વર્ણાશ્રમ ધર્મને યોગ્ય સદાચાર રહિત મનુષ્યોનો ત્યાગ કરવામાં, પાપ કરનાર પ્રાણીઓનું પ્રશાસન કરવામાં, તથા પ્રતિજ્ઞાનું યથાર્થ પાલન કરવામાં, આ બાળક રામચંદ્રજી સમાન થશે. (૨૧-૨૫)

પોતાના આશ્રિત સમગ્ર જનોને પ્રસન્ન કરવામાં, તથા તેમનું દુઃખ નાશ કરવામાં, તેમ જ ન જીતી શકાય એવા અસુરોને જીતવામાં વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ સમાન થશે. હે ધર્મ ! આ તમારા પુત્રની હથેળીમાં અંકુશ (અંકુશના આકારવાળી રેખાનુ ચિન્હ) તથા ચક્ર (ચક્રના આકારવાળી રેખાનું ચિહ્ન) પદ્મ, ઊર્ધ્વરેખા, ધ્વજાદિક રેખાઓના ચિન્હો છે. તેમ બંને ચરણાર્વિંદમાં પણ છે. તેથી તમારો પુત્ર અસંખ્ય જનોનો નિયામક થશે. તેવી રીતે સામુદ્રિકમાં કહ્યું છે. ''अंकुशं कमलं चक्रं यस्य पाणितले भवेत् । तस्य राज्यं विनिर्दिष्टं समुद्रं वचनं यथा ॥ ध्वजवज्रांकुशछत्रशंखपद्मादयस्तले, पाणिपादेषु दृश्यंते यस्य सः श्रीपतिः पुमान् । कस्योर्ध्वरेखा न करोति राज्यम् इत्यादि ।'' (૨૬-૨૭)

હે ધર્મ ! આ તમારો પુત્ર આ લોકમાં તમારું સર્વ આપદાથી સદા રક્ષણ કરશે. તેમ જ વિષ્ણુની જેમ સમગ્ર દેવતાઓની રક્ષા, તેમ જ પોતાના આશ્રિતોની પણ રક્ષા કરશે. તેજ, તપ, શમ, દમ, સ્મૃતિ, સત્ય, શોચ, સ્વાતંત્ર્ય, ધૈર્ય, બળ, કુશળપણું, શીલ, સામ્ય, ક્ષાંતિ, આર્જવ, ઉપરતિ, કાંતિ, વિરક્તિ, તોષ, ગાંભીર્ય, મૃદુતા, જ્ઞાનાદિકનો ઉત્કર્ષ, સ્થિરતા, આસ્તિકતા ઐશ્વર્ય, કીર્તિ, કરુણા, સર્વશસ્ત્રોના અર્થોનું યથાર્થ જ્ઞાતાપણું, શૌર્ય, દાન, પ્રાગલ્ભ્ય, જ્ઞાનાદિ પરમેશ્વરનાં અલૌકિક ગુણો જે મોટા સત્પુરુષો સદા ઈચ્છે છે તેણે યુક્ત થશે. હે ધર્મદેવ! આવા અતિ પવિત્ર, દિવ્ય મનોહર અને મોટા પુરુષોએ ઈચ્છેલા આ તમારા પુત્રના અતિ મહાન ગુણોના પારને હું નથી પામતો. (૨૮-૩૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આ પ્રમાણે કહીને માર્કંડેય મુનિ મૌન રહ્યા. પછી ધર્મદેવ હર્ષપૂર્વક તેમને મહામૂલ્યવાળાં નવીન વસ્ત્રો અલંકારો તથા સુવર્ણ, રૂપિયા વગેરેનું દાન આપ્યું. (૩૨) પછી ધર્મદેવે તેમનું યથાવિધિ પૂજન કર્યું. તે માર્કંડેય ઋષિ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સમ્યક્ દર્શનથી પ્રસન્ન થઈને ધર્મદેવને ઘેર એક દિવસ રહ્યા અને પછી તીર્થરાજ પ્રયાગ ક્ષેત્ર તરફ ગયા. (૩૩)

ભક્તિ અને ધર્મદેવ માર્કંડેય મુનિ પાસેથી પોતાના પુત્રના ગુણ સાંભળીને હર્ષના સમુદ્રમાં નિમગ્ન થઈ ગયા અને જગત વ્યવહાર ભૂલી ગયા. (૩૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલા કલ્પતરુ રૂપ

ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં માર્કંડેય મુનિએ શ્રીહરિનો નામકરણ વિધિ કર્યો તે નામનો બીજો અધ્યાય સંપૂર્ણ. (૨)



અધ્યાય ૩ જો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ધર્મદેવે પાંચમા માસે પુત્રનો પૃથ્વી ઉપર બેસાડવાનો સંસ્કાર કર્યો. આ સંસ્કારમાં પૃથ્વીએ સહિત વરાહ ભગવાનનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યું, પુત્રમાં પ્રીતિવાળા ધર્મદેવે છઠ્ઠા માસમાં વિવિધ પ્રકારના અલંકારોથી શોભતા પોતાના પુત્રનો ''અન્ન પ્રાશન'' નામનો સંસ્કાર કર્યો. ત્યારબાદ ધર્મદેવે પોતાના પુત્રની અભિરુચિની પરીક્ષા કરવા માટે તેમની પાસે, વસ્ત્ર, પાત્ર, તરવાર, ધન, પુસ્તક આ પાંચ વસ્તુઓ હારબંધ મૂકી. શ્રીહરિએ પહેલી ચાર વસ્તુઓને છોડી છેલ્લું પુસ્તક ગ્રહણ કર્યું. તેથી શાસ્ત્ર અધ્યયની રુચિવાળા ધર્મદેવ અત્યંત આનંદ પામ્યા. ધર્મદેવે સાતમા માસને વિષે વિધિ પ્રમાણે ''કર્ણવેધ'' નામનો સંસ્કાર કરાવ્યો. તેમાં પોતાના કુળદેવની પૂજા હર્ષથી કરી. આનંદ ઘન શ્રીહરિ, માતા-પિતાના પ્રીતિપૂર્વક પોષણથી, શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા. (૧-૬)

મનુષ્ય ભાવ દર્શાવતા શ્રીહરિ તેમની રમ્ય બાળલીલાથી મનુષ્યના મન હરવા લાગ્યા. હે રાજન્! ધર્મભક્તિ પુત્રભાવથી શ્રીહરિને લાડ કરતા, તેમને રમાડતા, સ્પર્શ કરતા, ચુંબન કરતા, રાત્રિ દિવસ ક્ષણની માફક વિતાડવા લાગ્યા. શ્રીહરિના બાળ સ્વરૂપમાં આસક્ત થયેલા સ્ત્રી પુરુષોના હૃદયમાં સંસારની વેદના ક્યારેય પણ સ્પર્શ ન કરતી. વયોવૃદ્ધ વિદ્વાનો પણ શ્રીહરિ પ્રત્યે સ્નેહાસક્ત થયા અને પોતાનું વૃદ્ધપણું તથા વિદ્વત્તા ભૂલી જઈને આ બાળકની સાથે રમતા હતા. મંગળમૂર્તિ બાળ શ્રીહરિ પણ તેમનું શ્રેય કરવાની ઈચ્છાથી જેમ જેમ તેમની ચિત્તવૃત્તિ પોતાને વિષે સંલગ્ન થાય તેમ કરવા લાગ્યા. (૭-૧૧)

શ્રીહરિને લાડ લડાવતી (સ્પર્શ જનિત સુખાનુભવપૂર્વક શ્રીહરિને ચુંબન વગેરે કરતી) સ્ત્રીઓમાં કોઈને પણ ક્યારેય આ ભક્તિનો પુત્ર છે, મારો નથી, આ આનો સંબંધી છે, મારો નથી, આવો પારકો પોતાનો ભેદ થતો નહીં. પરંતુ પોતાના પુત્રના સ્નેહભાવથી તેમને લાડ લડાવતી હતી. વૃદ્ધ સ્ત્રીઓ શ્રીહરિને પુત્રભાવથી રાત્રિ દિવસ લાડ લડાવતી, પોતાના ઘરને પણ ભૂલી જતી. નાની ઉંમરવાળી સ્ત્રીઓ ભ્રાતૃભાવથી તેમને રમાડતી હતી, અને તે સમયે પોતાના ઘરની તેમને વિસ્મૃતિ થઈ જતી. બાળ શ્રીહરિને વિષે પ્રીતિવાળી તે સ્ત્રીઓ તે બાળકને તું નહીં, હું તેડીશ, એમ અંદર અંદર પ્રેમ કલહ કરતી હતી. હે રાજેન્દ્ર ! શ્રી હરિને રમાડવા માટે આવતી ઘણી સ્ત્રીઓએ (હે બહેન ! હે માતા ! હું તમોને નમસ્કાર કરું છું. આ બાળકને ક્ષણવાર મને રમાડવા આપો, ફરીથી હું તમોને આપીશ.) તેવા દીન વચનોથી વારંવાર ભક્તિમાતાને કહેતી. તેથી શ્રીહરિની માતાને તો પોતાના પુત્રને રમાડવાનો અવકાશ રહેતો જ નહીં. (૧૨-૧૫)

કાલી અને ન સમજાય તેવી છતાં તે બાળ શ્રીહરિની પ્રિય વાણી સાંભળીને, તેમને 'અમ્બ' (બા)

''તાત્'' વગેરે શબ્દો બોલતા તે સ્ત્રીઓ શીખવાડતી હતી. બાળ સ્વરૂપ શ્રીહરિ તે શબ્દો ભાંગ્યા તૂટ્યા બોલતા તેથી તે સ્ત્રીઓ હસતી. એ રીતે બાળ શ્રીહરિ ન સમજાય છતાં પણ મધુર લાગે તેવું બોલતા. પહેલે વર્ષે સ્પષ્ટ બોલવાનું તથા ચાલવાનું શીખવા લાગ્યા. પોતાના સંકલ્પથી જ જેમણે મનુષ્ય દેહ ગ્રહણ કર્યું છે તે શ્રીહરિ, પોતાની બાળલીલાથી આ પ્રકારે પોતાના કુટુંબીઓને આનંદ આપતા પહેલું વર્ષ પૂરું કરીને બીજા વર્ષમાં પ્રવેશ કર્યો. (૧૬-૧૮)

કર્તવ્ય યથાર્થ જાણનારા ધર્મદેવે પોતાના મોટા પુત્ર રામ પ્રતાપજીનો પોતાના કુળને યોગ્ય વિવાહ રાજાઓને પણ વિસ્મય પમાડે તેવી રીતે કર્યો. (બળદેવ શર્માની કન્યા ''સુવાસિની''ની સાથે તે વિવાહ શાસ્ત્રોક્ત વિધિથી થયો.) (૧૯) પછી ધર્મદેવે પોતાના બાળ પુત્ર શ્રીહરિના બીજા વર્ષના આરંભમાં આનંદપૂર્વક યથાશાસ્ત્ર (અલ્દ પૂર્ત્યાખ્ય કર્મ વિધાનની રીતે) મહોત્સવ કર્યો. તે સમયે હજારો ભગવદ્‌ભક્ત બ્રાહ્મણોને સારા રસવાળાં વિવિધ પ્રકારનાં ભોજનો જમાડ્યા અને તેમને દક્ષિણા પણ આપી. રામનવમી વ્રત વૈષ્ણવોને હોવાથી બ્રાહ્મણ ભોજન બીજે દિવસે કરાવ્યું એમ જાણવું. (૨૦-૨૧)

સર્વજનોને બાળ સ્વરૂપ શ્રીહરિમાં અત્યંત પ્રીતિ થઈ. શ્રીહરિના માતા પિતાને તો તેમને વિષે સર્વ પ્રકારે પ્રીતિ થઈ. પછી પૂર્ણિમાની રાત્રિનો દોઢ યામ (સાડા ચાર કલાક) વીત્યો અને લોકો નિદ્રાવશ થયા. તે સમયે પોતાના ભુવનમાં સુંદર ચોકમાં, સુંદર કોમળ રજાઈઓ પાથરેલા પલંગમાં, લાલ રેશમી વસ્ત્રો અને અલંકારોથી શોભતા ભક્તિમાતા, વિવિધ પ્રકારના અલંકારોથી શણગારેલા સુંદર શીલ સ્વભાવવાળાં પોતાના પુત્ર શ્રીહરિને હર્ષપૂર્વક ખોળામાં બેસાડીને રમાડતા હતા. શ્રીહરિની ભાભી સુવાસિની પણ પીળાં રેશમી વસ્ત્રો તથા અલંકારો પહેરીને, ચંદ્રને પણ લજ્જા પમાડનારું શ્રીહરિનું મુખારવિંદ જોતાં જોતાં, તેમને સુંદર વીંજણાથી પવન નાખતાં હતાં. પુત્રમાં પ્રીતિવાળા ભક્તિમાતા શ્રીહરિ સંબંધી સુંદર પદો ગાતા, પુત્રને જોઈને પોતાના આત્માને પૂર્ણકામ માનતા હતા. પછી શ્રીહરિ પાસે પોતાના સંબંધી જનોના નામો બોલાવી અને શ્રીહરિને તે બોલતાં સાંભળીને ભક્તિમાતા તથા પુત્રવધૂ સુવાસિની અત્યંત હસતા હતા. તે સમયે મંદમંદ હસતા શ્રીહરિના મોગરાની કળીઓ જેવા નાના દાંત તથા પાકા ઘીલોડાના જેવા લાલહોઠથી શોભતું શ્રીહરિનું મુખાર્વિન્દ જોઈને, ભક્તિમાતા આનંદ પામ્યા. (૨૨-૩૦)

સુંદર કાજળથી શોભતા કમળના પત્ર જેવા શ્રીહરિના નયન કટાક્ષ ભક્તિમાતા આદરપૂર્વક જોતા હતા. કુળના ભૂષણરૂપ, અને બાળલીલાથી પ્રિય લાગતા શ્રીહરિથી, નીલ કમળોથી જેમ ગંગાનદી શોભે છે તેમ, ભક્તિમાતા શોભતા હતા. પરમેશ્વરૂપ પુત્રને લાડ લડાવતા મહાભાગ્યશાળી ભક્તિ હસતાં હસતાં પુત્રને હે વત્સ ! આ ચંદ્રને જુઓ, એમ કહેતાં હતાં. તે સમયે ઊંચુ જોવાની મનુષ્ય ચેષ્ટા કરતા શ્રીહરિએ હે માતા ! મારે રમવા માટે આકાશમાં રહેલા ચંદ્રમાને મારી પાસે લાવો, તેમ કહ્યું. ચંદ્રને પાસે લાવવાનો આગ્રહ કરતાં બાળ શ્રીહરિને ભક્તિમાતાએ હસતાં હસતાં કહ્યું, હે પુત્ર ! મારો બોલાવ્યો ચંદ્ર નહીં આવે. માટે તમે જ ચંદ્રમાને બોલાવો. ત્યારે શ્રીહરિએ તર્જની આંગળી વાંકી કરીને ચંદ્રને કહ્યું કે, હે ચંદ્ર ! તત્કાળ આવો. (૩૧-૩૫)

સાક્ષાત્ શ્રીહરિએ પોતાને બોલાવ્યા તેથી પોતાનો સત્કાર અને સદ્‌ભાગ્ય માનતા ચંદ્રમા, પોતાની

સ્ત્રીઓ તથા અનુચરો સાથે શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં હર્ષપૂર્વક આવ્યા. ઉત્તમ મોતીઓની માળા ધારણ કરેલા ચંદ્રે શ્રીહરિને નમસ્કાર કર્યા. ચંદ્રની સ્ત્રીઓ તથા પાર્ષદોએ પણ શ્રીહરિ પાસે ભેટો મૂકીને તેમને પ્રણામ કર્યા. ત્યાર પછી સુધાકરે સ્નેહથી પરિપૂર્ણ બનીને શ્રીહરિના કંઠમાં અત્યુત્તમ મહામૂલ્યવાળો મોતીઓનો હાર અર્પણ કર્યો. ચંદ્રમાની પ્રિયા રોહિણીએ પણ સુવર્ણસુત્રના વસ્ત્રથી કરેલી, વિવિધ મણિઓથી જડેલી ટોપી તથા સોનેરી વસ્ત્રની અંગરખી શ્રીહરિને ધારણ કરાવી. પછી ચંદ્રમાની બીજી સ્ત્રીઓએ રત્ન જડિત સુવર્ણના ઉત્તમ કારીગરોએ કરેલા શ્રેષ્ઠ કડાં, સાંકળાં, વગેરે અલંકારો પ્રીતિપૂર્વક શ્રીહરિને ધારણ કરાવ્યાં. ચંદ્રમાના પાર્ષદોએ પણ અતિ પ્રીતિપૂર્વક ચંદ્રલોકની ભેટો, પોતાને નમસ્કાર કરનારના દુઃખનો નાશ કરનાર શ્રીહરિને, અર્પણ કરી. (૩૯-૪૧)

ભક્તિમાતાએ પૂર્વે ક્યારેય પણ નહીં જોયેલા અતિ સુંદર, મહા તેજસ્વી પોતાના પુત્રની પૂજા કરતા તે સર્વને હે દિવ્ય પુરુષો ! તમારું નામ શું છે ? એમ વિસ્મય પામતાં પૂછ્યું. તે ભગવાનની માતાનું વચન સાંભળીને સુધાકરે કહ્યું, તમારી પ્રેરણાથી અક્ષરાદિકના પણ કારણ અવતારી તમારા આ પુત્ર શ્રીહરિએ મને બોલાવ્યો તેથી હું ચંદ્ર તમારા બાળકના દર્શન કરવા માટે આવ્યો છું. આ મારી સ્ત્રીઓ અને અમારા પાર્ષદો છે. ચંદ્રમાના આ વાક્યો સાંભળીને ભક્તિમાતા અતિ આનંદ પામ્યાં. (૪૨-૪૫)

શ્રીહરિના પ્રત્યક્ષ દર્શનથી અત્યંત આનંદિત થયેલા ચંદ્રમા હર્ષાશ્રુથી વ્યાપ્ત બની બે હાથ જોડીને સર્વ કારણના કારણ શ્રી હરિની સ્તુતિ કરવા લાગ્યા. (૪૬)

ચંદ્રમા કહે છે :- હે પુરુષોત્તમ ! સર્વોત્તમ ! સમગ્ર સંપત્તિઓના સ્વામી ! સંસારરૂપી સમુદ્રમાં બૂડતા અસંખ્ય જીવોને સુખપૂર્વક તરવા માટે નૌકા સ્વરૂપ મુનિ સમુદાયોએ સ્તુતિ કરાયેલા આ તમારા ચરણકમળને હું વંદું છું, હે પરમાત્મન્ ! તમારાથી પ્રકાશ પામીને સૂર્યાદિ અમો જગતને પ્રકાશ આપીએ છીએ. બ્રહ્માદિક ઈશ્વરો તમારે વશ વર્તે છે, સર્વને ભય પમાડનારો કાળ પણ તમારાથી ભય પામે છે. હે પ્રભો ! આ લોકમાં મનુષ્યભાવ બતાવતા તમોને (જેવા તમે છો તેવા તમોને) જાણવા માટે તો તમારા અનુગ્રહવિના કોઈ પણ શક્તિમાન નથી. તેથી પ્રકૃતિ પુરુષથી તમો પર છો. સત્ત્વ, રજ અને તમ યુક્ત તમારી માયાથી હું અત્યંત મોહ પામ્યો છું, મારું રક્ષણ કરો. (૪૭-૪૯)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ચંદ્રમા આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરીને તે ભગવાનની ઈચ્છાથી પોતાની પત્નીઓ તથા પાર્ષદો સહિત અંતર્ધાન થયા. પછી તે આશ્ચર્ય જોઈને 'અહો ! આ શ્રીહરિનો આવો પ્રતાપ છે.' એમ આશ્ચર્ય પામેલા ભક્તિમાતા તથા સુવાસિની બંને કુટુંબીજનોને ચંદ્રમાના આગમનનું આશ્ચર્ય કહેતાં હતાં, હે રાજન્ ! આ સાંભળીને આશ્ચર્ય પામેલા તે બંધુજનો શ્રીહરિનો અત્યંત મહિમા જાણીને આનંદ પામ્યા, પરંતુ પછી શ્રીહરિની ઈચ્છાથી તે દિવ્યભાવની તેમને વિસ્મૃતિ થઈ ગઈ. (૫૦-૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના બીજા સ્કંધમાં ચંદ્રે શ્રીહરિનું પૂજન કર્યું એ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. (૩)



અધ્યાય ૪ થો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે પુણ્યશાળી શ્રીહરિની માતાએ હર્ષથી પોતાના પુત્રને સુંદર વસ્ત્ર તથા અલંકારો ધારણ કરાવ્યા. સોનાની ઝરી તથા બુટ્ટાથી ભરેલી લાલ રંગની સુરવાળ તથા સોનાની ઘુઘરીવાળી અંગરખી શ્રી હરિને ભક્તિ માતાએ પહેરાવી અને સોનેરી બુટ્ટાવાળી, લાલ મોતી જડેલી, સુંદર ટોપી પણ શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કરાવી, વળી રત્નોથી જડેલ તેજોમય ચંદ્રક પણ ભક્તિ માતાએ શ્રીહરિના વિશાળ ભાલમાં ધારણ કરાવ્યું. પછી કંઠના આભૂષણો, બંને કાનમાં સોનાના કુંડળો, હાથમાં સોનાના કડાં, પદારવિંદમાં હંસક, બંને હાથમાં બાજુબંધ, આંગળીઓમાં વીંટીઓ, કેડમાં કંદોરો વગેરે અલંકારો ભક્તિ માતાએ શ્રીહરિને ધારણ કરાવ્યા. પછી સુંદર વસ્ત્રો તથા આભૂષણોથી શોભતા પુત્રવધૂ સહિત ભક્તિ માતા પોતાના પુત્રને પોતાની કેડ્ય ઉપર બેસાડીને પોતાની શિષ્યા સમાન દ્વિજની સ્ત્રીઓ સાથે સ્નાન કરવા નારાયણ સરોવર પ્રત્યે ગયા. (૧-૭)

હરિપદગાતી, શ્રીહરિના મુખારવિંદ સામે જોતી, સરોવર પ્રત્યે જતાં ભક્તિ માતા અન્ય સ્ત્રીઓ સાથે, મેઘની જેમ વીજળી શોભે છે તેમ, શ્રીહરિ વડે શોભતા હતા. સર્વાંગ સુંદર ભગવાન તે સ્ત્રીઓ મધ્યે પ્રફુલ્લિત પીળા કમળોથી વીંટાએલો યમુનાના પ્રવાહની માફક, શોભતા હતા. અતિ આનંદ આપનારું અને પવિત્ર કરનારું શ્રીહરિનું દર્શન, સત્પુરુષોને જેમ શ્રીહરિની વાતો નવીન લાગે છે તેમ તે સ્ત્રીઓને નવીન લાગ્યું. (૮-૧૦)

ભક્તિમાતા તે સ્ત્રીઓ સાથે ગામની પૂર્વ દિશામાં આવેલું પવિત્ર પુરુષોના અંતઃકરણ જેવું નિર્મળ જળકુકડા પક્ષિઓથી શોભાયમાન, મળને દૂર કરનાર, તે નારાયણ સરોવર પાસે આવ્યા. (૧૧)

સરોવરમાં શોભતા કમળ ઉપર ગુંજારવ કરતા ભ્રમરો જાણે ગુંજારવ કરી શ્રીહરિનું ગાન કરતા હોય ને શું ? લીલા, પીળા, લાલ તથા શ્વેત, એવા વિવિધ પ્રકારના પ્રફુલ્લિત કમળો વડે, શ્રીહરિના દર્શનજન્ય હર્ષથી રોમાંચ અનુભવતું હોય ને શું ? બતક, સારસ, ક્રૌંચ આદિ પક્ષીઓ જાણે પોતાના ન સમજાય તેવા છતાં મધુર શબ્દોથી, ભૂષણોથી શોભતા શ્રીહરિને બોલાવતા હોય ને શું ? (હે હરે! તમો અહિંયા સ્નાન કરવા પધારો એમ બોલાવતું હોય ને શું?) ફૂલો, નવાં કુરો તથા પુષ્પના ભારથી નમેલા વિવિધ પ્રકારના વૃક્ષો તથા સુંદર પુષ્પોવાળી લત્તાઓથી શોભતા તે નારાયણ સરોવરમાં શ્રીહરિને ભક્તિમાતા પ્રીતિપૂર્વક સ્નાન કરાવતા હતા. (૧૨-૧૬)

સરોવરમાં સ્નાન કરતાં શ્રીહરિ પ્રફુલ્લિત કમળોને જોઈને માતાને કહેતા હતા કે, હે માતા ! મને કમળો લાવી આપો. પછી સુવાસિની ભાભીએ તે સરોવરમાંથી કમળના પુષ્પો લાવીને શ્રીહરિને આપ્યાં. પછી શ્રીહરિને સરોવરને કાંઠે લાવીને તેમનાં અંગો કોમળ વસ્ત્રોથી લૂછ્યાં. ત્યાર બાદ સુવાસિનીએ બાલમૂર્તિ શ્રીહરિને વસ્ત્ર પહેરાવીને અશોકવૃક્ષની નીચે સુંદર વસ્ત્રો પાથરેલા આસન ઉપર બેસાડીને પોતાના સાસુ ભક્તિદેવીને સ્નાન કરાવ્યું, અને પછી પોતે પણ સરોવરમાં સ્નાન કર્યું. શ્રીહરિના દર્શનમાં આસક્તિવાળી ભક્તિમાતાની આજ્ઞામાં વર્તનારી બીજી સર્વ સ્ત્રીઓએ તે

સરોવરમાં સ્નાન કર્યું. (૧૭-૨૦)

એ સમયે બ્રહ્મા, વિષ્ણુ અને શીવ ત્યાં શ્રીહરિની સમીપમાં સ્તુતિ કરવા લાગ્યા. શ્રેષ્ઠ અશોકવૃક્ષની નીચે બેઠેલા પરાવરેશ બાલ સ્વરૂપે મનુષ્ય લીલા કરનાર શ્રીહરિના દર્શનથી આનંદ પામેલા તે દેવતાઓએ શ્રીહરિને (તેમના ચરણ કમળમાં પોતાના મસ્તક મૂકીને) પ્રણામ કર્યા. તેમને જોઈને શ્રીહરિના માતુશ્રી, રામપ્રતાપજીના પત્ની સુવાસીની, તથા બીજી સ્ત્રીઓ, આ ત્રણ કોણ હશે ? આ પ્રમાણે વિચાર કરતાં ત્યાં સ્થિર થઈ ગયાં ! પછી તે ત્રણ દેવોએ શ્રીહરિને મહામૂલ્યવાળાં વસ્ત્રો, શ્રેષ્ઠ મણિ જડેલા સુવર્ણના આભૂષણો, તથા સુવર્ણ, મોતી અને મણિઓના હાર ધરાવીને તેમનું પૂજન કર્યું. બ્રહ્માદિક દેવતાઓએ જેમનું પૂજન કર્યું છે તે અશોક વૃક્ષની નીચે બેઠેલા શોભાયમાન શ્રીહરિએ કોટી કામદેવને પણ મોહ પમાડતા તે બ્રહ્માદિક દેવતાઓ તથા ભક્તિ માતા અને અન્ય સ્ત્રીઓના મન હરિલીધાં, (તે સમયે તેમના મન હરિલીધાં તેથી હરિનામ સાર્થક કર્યું.) (૨૧-૨૫)

અત્યંત તેજોમય, મણિઓને પણ શોભા આપતા, સુંદર અંગવાળા, ચમકતી વીજળીના જેવા તેજસ્વી વસ્ત્રોથી મનોહર, પૂર્ણિમાના ચંદ્રને પણ લજ્જા પમાડે તેવા મુખકમળવાળા, મંદ હાસ્યથી શોભતી દંત પંક્તિવાળા, ગંડ સ્થળોથી જોવા યોગ્ય. વૈડુર્યમણિ તથા નવ પલ્લવને બંને ઓષ્ઠોથી જીત્યાં છે જેણે, નેત્રોથી તિરસ્કૃત કર્યા છે નવીન કમળો જેણે, ચંચળ અને અમૃતદૃષ્ટિવાળાં, મેઘના જેવા શ્યામ વર્ણવાળાં, હાથ અને પગના નખમણીની કાંતિથી ચંદ્રને જાણે શોભાયમાન કરતા, સુંદર અને દર્શનીય એવાં શ્રીહરિને જોઈને, બ્રહ્માદિક દેવતાઓ આશ્ચર્ય પામીને, હાથ જોડીને શ્રીહરિની આગળ બેઠા. ત્યારબાદ તેઓ આ પ્રમાણે શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૬-૨૯)

બ્રહ્માદિ બોલ્યા :- બ્રહ્મપુરમાં વાસ કરનારા, સર્વ અવતારોના કારણ હે પ્રત્યક્ષ ઈશ્વર! તમો મુમુક્ષુઓની આત્યંતિકી મુક્તિ કરવા માટે પૃથ્વીમાં (વર્તમાન કાળે) દયા કરીને પધાર્યા છો. હે પરમાત્મન્ ! પૃથ્વીમાં ધર્મ સ્થાપન કરવા માટે, અધર્મને ઉખેડવા માટે તથા પોતાના એકાંતિક જનોને સુખ આપવા માટે, તેમ જ શસ્ત્ર ધારણ કર્યા વિના પણ કેવળ પોતાના પ્રતાપથી જ દુર્જનોના સમ્યગ્ વિનાશ માટે, તમારો પ્રાદુર્ભાવ જાણીને, આ લોકમાં હજારો હજાર દૈત્યો ઉત્પન્ન થયા છે. અતુલ બળવાળા તમો શસ્ત્ર વિના પણ તમારા પ્રતાપથી જ તેઓનો પરાભવ કરનારા છો. તે અસુરોમાં પણ હે ભગવન્ ! અતિ તિવ્ર પાપ કરનારો કાલીદત્ત નામનો ઈંદ્રાદિક દેવોથી પણ જીતી ન શકાય. અસુરોનો ગુરુ, દુરાત્મા તે તમારા આશ્રિતોને અત્યંત પીડા કરનારો છે, પ્રાદુર્ભાવ પામેલા મુનિઓ (ઋષિઓ) તથા દેવતાઓનો દ્રોહ કરનારો, મહાત્રાસ વર્તાવનાર તે કાલિદત્તનો વિનાશ, અપાર સામર્થ્યવાળા, જગતનું રક્ષણ કરનારા, આપ હવે જલ્દી કરો. જડ અને ચૈતન્યના સાક્ષી તમો તે જાણો છો, છતાં પણ કાલીદત્તના ભયથી અમો અત્યંત વ્યાકુળ થયા છીએ. તેથી તેના વિનાશ માટે પ્રાર્થના કરીએ છીએ. (૩૦-૩૫)

બ્રહ્માદિ દેવતાઓની પ્રાર્થના સાંભળીને તે પ્રમાણે જ કરવા ઈચ્છતા અત્યંત પ્રસન્ન થયેલા સર્વે ઈશ્વરોના ઈશ્વર, શ્રેષ્ઠ મંદ હાસ્યથી શોભાયમાન મુખારવિંદવાળા, શ્રીહરિ તે દેવતાઓને કહેવા

લાગ્યા. શ્રી હરિકૃષ્ણ બોલ્યા :- હે દેવેશ્વરો ! કાલીદત્તે દેવતાઓ તથા અન્ય મનુષ્યોને પીડા કરી છે તેમ જ સંતો, બ્રાહ્મણો અને ધર્મનું પણ તેણે વિશેષપણે ખંડન કર્યું છે તે હું જાણું છું તેથી હે અધિશ્વરો ! ત્રણ લોકને નાશ કરવા ઈચ્છતો, જ્વરની માફક પીડા કરનાર, અતિ તીવ્ર બળવાન, કાલીદત્ત દૈત્યને હું દષ્ટિ માત્રથી જ હણીને તમારું, સાધુઓનું, ધર્મનું અને સદ્ધર્મનિષ્ઠ મારા ભક્ત જનોનું રક્ષણ કરીશ, તેથી હે ઈશ્વરો ! કાલીદત્તના ભયનો ત્યાગ કરો અને તમારા સ્થાને જઈ તમો નિશ્ચિંત પણે તમારા અધિકાર અનુસાર કાર્ય કરો. (૩૬-૩૯)

પછી તે દેવતાઓની સમીપમાં ભગવાનના માતુશ્રી ભક્તિદેવીએ જઈને તમો કોણ છો ? એમ પૂછ્યું. પછી બ્રહ્માએ હાથ જોડીને ભક્તિ માતાને હર્ષથી કહ્યું :- હે માતા ! હું જગતનો સર્જનારો બ્રહ્મા છું, આ વિષ્ણુ છે, આ શંકર છે. અમો દેવેશ્વરો છીએ. આ તમારા પુત્રની આજ્ઞામાં અમે વર્તીએ છીએ અને તેમને અમારું દુઃખ નિવેદન કરવા માટે અહીં આવ્યા છીએ. હે માતુશ્રી! આ તમારા પુત્ર સર્વ અવતારના કારણ અવતારી પુરુષોત્તમ છે. આવી રીતે ભક્તિ માતાને કહીને તે ત્રણેય દેવતાઓએ હર્ષપૂર્વક (હે હરે ! તમારી આજ્ઞા હોય તો અમે જઈએ) એમ આજ્ઞા માગી, શ્રીહરિએ તેમને આજ્ઞા આપી તેથી પ્રસન્ન થયેલા પોતાના સ્વામી શ્રી હરિની પ્રાર્થના કરતા, તેમને જોતી તે પતિવ્રતા સ્ત્રીઓ તથા ભક્તિ માતા તેમને સર્વને નમસ્કાર કરીને, ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. (૪૦-૪૩)

ત્યારબાદ શ્રીહરિ, પોતાની માતાને પોતાના દિવ્યભાવથી (આ પરમેશ્વરને વિષે પુત્રભાવ કેમ પરઠાય ?) સ્તબ્ધપણું થયું છે, તે જાણીને ફરી પાછા મનુષ્ય લીલા કરતા હે માતુશ્રી ! એમ બોલીને રડવા લાગ્યા. (૪૪)

માતા, પ્રેમવતી, પરબ્રહ્મ પરમાત્મા જ આ પોતાના પુત્રરૂપે બાળ નાટ્ય કરે છે, તેમ માનીને પોતાના પુત્રને સ્નેહપૂર્વક સ્તનપાન કરાવ્યું. પછી શ્રીહરિને બે હાથથી ઊંચકીને કેડ્યમાં તેડીને બધી સ્ત્રીઓ સાથે પોતાના ઘર પ્રત્યે આવતા ભક્તિમાતા, લાલ, પીળા, રાતા વર્ણવાળું ઈન્દ્રનું ધનુષ્ય જેમાં છે એવા મેઘથી વીજળી જેમ શોભે છે, તેમ શ્રીહરિથી અત્યંત શોભવા લાગ્યાં. (૪૫-૪૬)

ભક્તિ માતા તથા અન્ય સ્ત્રીઓ પોતાના ઘેર જઈને શ્રીહરિની ઈચ્છાથી બ્રહ્માદિક દેવતાઓએ શ્રીહરિની કરેલી પૂજાની સ્મૃતિ થવાથી નારાયણ સરોવરને કાંઠે થયેલું આશ્ચર્ય ધર્મદેવ તથા અન્યજનોને કહેવા લાગી. ધર્મદેવ તથા સર્વેજનો તો શ્રીહરિનો આવો અસાધારણ દિવ્યભાવ સાંભળીને, બહુ જ આશ્ચર્ય પામ્યા. અને બ્રહ્માદિ પણ વિનમ્રભાવે આ બાળકની પૂજા સ્તુતિ કરે છે તેથી આ હરિ બીજા બાળક જેવા નથી, તેમ પરસ્પર કહેવા લાગ્યા. આ શ્રીહરિએ જન્મથી છઠ્ઠા દિવસે પોતાને મારવા આવેલી ભયંકર કૃત્યાઓને, કાળને પણ ભય પમાડનારી દિવ્યચરિત્રોનુ દર્શન કરવાવાળા આપણે ધન્ય છીએ, એમ માનવા લાગ્યા. પોતાને વિષે દિવ્યભાવ આમને થયો છે, એમ જાણીને, તેમને ફક્ત પુત્ર ભાવના-બાળક ભાવના-સુખ આપવાની ઈચ્છાથી શ્રીહરિએ તેમના તે દિવ્યભાવનું તેમને વિસ્મરણ કરાવી દીધું. (૪૭-૫૨)

પછી ધર્મદેવ પોતાના પુત્ર શ્રીહરિને પોતાના ખોળામાં મૂકીને તેમનું મસ્તક સુંઘતા, પોતાના હસ્તથી પુત્રના અંગોને સ્પર્શ કરતા, મુખથી શ્રીહરિના મુખને ચુંબન કરતા, અત્યંત શાંતિ પામ્યા. (૫૩)

હે રાજન્ ! શ્રીહરિના આ દિવ્ય ચરિત્રના શ્રવણ અને સંકીર્તનથી સર્વ અશુભોનો નાશ થાય છે, તેવું શ્રીહરિનું દિવ્ય ચરિત્ર તમોને મેં કહ્યું. એ ચરિત્ર આ લોકને વિષે જે શ્રદ્ધાથી સાંભળે તથા કહે તે શ્રોતા વક્તા અને બંને પવિત્ર કીર્તિવાળા ભગવાન શ્રીહરિની ભક્તિ પામશે.(૫૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના બીજા સ્કંધમાં બ્રહ્માદિ દેવતાઓએ શ્રીહરિનું પૂજન કર્યું એ નામે ચોથો અધ્યાય સંપૂર્ણ. (૪)



અધ્યાય ૫ મો

જેમ ચકોર પક્ષીને ચંદ્રમાના દર્શનથી આનંદ થાય છે, તેમ છપૈયાપુરના જનોને ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શનથી જ આનંદ થતો. જેમ ભમરાઓ બધું છોડીને ફુલના બગીચામાં આવે છે, તેમ મંગળમૂર્તિ શ્રીહરિનાં દર્શન કરવા માટે પુરુષો તેમજ સ્ત્રીઓ આવતા. બાળ ચેષ્ટા કરતા રમણીય શ્રીહરિને જોઈને, મેઘને જોઈને જેમ મયૂરો આનંદ પામે તેમ, તેમને આનંદ થતો, હે રાજન્ ! જે જનોને ધર્મના પુત્ર પુરુષોત્તમમાં સર્વ અનર્થોને નાશ કરનારી પ્રીતિ થઈ, તેમનું અતિમોટું ભાગ્ય છે. બાલ નાટ્ય કરનારા શ્રીહરિને માતા પ્રેમવતીએ સ્નેહ સ્ત્રવતા સ્તનોથી દૂધ પાન કરાવ્યું છે, તે માતા ખરેખર કૃતાર્થ છે. યોગિજનોનું ચિત્ત જેને વિશે પ્રવેશ કરવા માટે સમર્થ થતું નથી. તે ભગવાનને જે ભક્તિમાતા હંમેશા પ્રીતિપૂર્વક પુત્રભાવથી લાડ લડાવતા હતા. હે રાજન્ ! સાધુપુરુષો જેમના ચરણકમળની રજ ઈચ્છે છે તે પ્રત્યક્ષ ભગવાનને ભક્તિમાતા ઘુઘરા, ચુસણી, ચપટી વગાડવી, પોપટ, સારિકા, આદિ રમકડા વડે રમાડતા હતા. (૧-૭)

પછી ઉત્તમ નીલ, રક્ત, પીત્ત, શ્વેત, લીલા એ પાંચ પ્રકારના રંગવાળા મણિઓની ક્રાંતિથી અત્યંત શોભાયમાન, શુદ્ધ સુવર્ણનું બનાવેલું, અતિસુંદર, રૂપેરી રેશમની દોરડીથી યુક્ત પારણામાં પ્રેમવતી માતા પોતાના પુત્ર શ્રી પુરુષોત્તમને બેસાડીને હાથમાં રેશમી દોરડી પકડીને; હાલરડાં ગાતાં ઝુલાવતા હતા. (૮-૯)

શિલ્પીજનોની સુંદર કળાથી શોભતું તે પારણું સૌને જોવા યોગ્ય હતું. સોનાની ચમકતી મધુર શબ્દ કરતી નાની ઘુઘરીઓથી યુક્ત તે પારણું વિશ્વકર્માએ જાણે નિર્માણ કર્યું હોય ને શું? એમ શોભતું હતું. વિવિધ પ્રકારના મણિ, રત્નો અને હિરાથી જડેલા સુવર્ણના કળશોથી તે પારણું વિવિધ પ્રકારની રચનાવાળું, અત્યંત પ્રકાશમાન સુવર્ણના દાડમ, પોપટ, ચકલીઓ, વગેરેથી શોભતું હતું. જે પારણું નીલ, પીત્ત, શ્વેત અને રાતા રંગના મણિના બનાવેલા કોયલ, મયૂરો, હંસો તથા સારિકાઓ જાણે સજીવ જ હોય એવી રચનાવાળા ભ્રમ ઉપજાવનારા તે પક્ષીઓથી અત્યંત શોભતું હતું. સોના તથા હાથીદાંતમાં

મઢેલા દર્પણો તેમ જ સોના ચાંદીની ઘુઘરીઓથી યુક્ત પ્રકાશમાન મણઓની કાંતિથી તે પારણું શોભતું હતું. (૧૦-૧૪)

બાળલીલા કરનારા સર્વજનોનું રક્ષણ કરનારા, કરોડ કામદેવનો ગર્વ હરનારા, શ્રીહરિ અલૌકિક શોભાવાળા તે પારણાને પણ અતિશય શોભાડતા હતા. પારણામાં જડેલા શ્રેષ્ઠ મણિઓમાં જેમના બાળ દેહનું પ્રતિબિંબ પડે છે એવા દર્શનીય ધર્મના પુત્ર શ્રીહરિ, એક છે છતાં પણ અનેક દર્પણોમાં અનેકરૂપે થયા હોય તેમ શોભતા હતા. યોગીઓને ધ્યેય, સ્વભાવ સુંદર શ્રીહરિ હવે ઘણી વેળા વીતિ ગઈ છે માટે ભૂખ્યા થયા હશે એટલે તેમને પારણામાંથી લાવો, એમ સાસુએ કહ્યું. તેથી રામપ્રતાપના ધર્મપત્ની ''પારણામાં દેખાતા અનેકમાં કોણ સત્ય છે.'' તેમ ભ્રાંતિ થવાથી ઘણા વખત સુધી સાચા શ્રીહરિને ઓળખી ન શક્યા. (૧૫-૧૬)

સુંદર સીવેલા લાલ રંગમાં પીળા બુટ્ટાઓ ભરેલો સુરવાળ જેમણે ધારણ કર્યો છે અને લાલ બુટ્ટાઓથી ભરેલી કપીશ વર્ણવાળી મૂલ્યવાન અંગરખી પણ ધારણ કરી છે; મણિ તથા મોતીઓથી ભરેલી સુંદર સુવર્ણના તારની બહુ મૂલ્યવાળી પ્રકાશમાન ટોપી મસ્તકમાં પહેરી છે. સુવર્ણના કડાં તથા સાંકળા બંને હાથમાં ધારણ કર્યાં છે, તેમજ સુવર્ણના ચળકતા બાજુબંધ બે હાથમાં પહેર્યાં છે. મણિઓથી જડેલા સોનાના કુંડળ કાનમાં પહેર્યાં છે; મણિજડિત શુદ્ધ સુવર્ણના વિવિધ પ્રકારના મહા મૂલ્યવાળા કંઠના અલંકારો તથા નાભિ સુધી લાંબી સોનાની કંઠી ધારણ કરી છે; રત્નો અને મણીંદ્રોથી જડેલો સુવર્ણનો કંદોરો સોનાની ઘુઘરીઓથી પ્રકાશમાન કેડ્ય ઉપર પહેર્યો છે; તેમજ સોનાની ઘુઘરીઓથી શોભિત મણિઓથી પ્રકાશમાન સુવર્ણના ઝાંઝર (તોડા) બંને ચરણોમાં ધારણ કર્યાં છે. મણિજડિત સુવર્ણના અલંકારો, ઓળેલા વાળમાં, પહેર્યા છે. અને સોનાનો ઘુઘરો જમણા હાથમાં પકડ્યો છે. તેવા બાળ ચેષ્ટાવાળા પ્રત્યેક મણિઓમાં પ્રતિબિંબિત થયેલા શ્રીહરિના દર્શનથી ભ્રાંતિ પામેલા અને તેથી હસતા હસતા વ્યાકુળ બનેલા સુવાસિની પછી શ્રીહરિના સત્ય સ્વરૂપને ઓળખીને, શોભાયમાન તે શ્રીહરિને પારણામાંથી ઉંચકીને પોતાની કેડમાં બેસાડીને ભક્તિમાતા પાસે આવ્યા અને પોતાને થયેલ ભ્રાંતિની વાત સાસુને કહેવા લાગ્યા. (૧૭-૨૪)

આંજણ આંજેલા ચપળ નેત્ર તથા નવીન મોગરાની કળી જેવી શુદ્ધ દંત પંક્તિવાળું શ્રીહરિનું મુખકમળ, સુંદર લાલ અધરોષ્ઠ અને મંદ હાસ્યની કાંતિથી શોભતું સુંદર કપાળ, તલના ફુલની જેવી શોભાવાળી નાસિકાની કાંતિ, પુષ્ટ અને જાનુ પર્યંત લાંબા બે હાથ, પહોળું અને ઉપડતું સુંદર વક્ષઃસ્થળ એવી અનુપમ શોભાયુક્ત સમગ્ર અંગવાળા, શ્રીહરિ જેમના નેત્ર ચપળ અને ચંચળ છે નવીન મેઘ સમાન કાંતિમાન જેમની બાળ લીલા સાંભળવાથી જ માનસિક વ્યથાઓ નાશ પામે છે. અને મંગળકારી સંસ્કારો ઉદય થાય છે, સંસૃતિનો ભય નાશ પામે છે, તેવા બાળ શ્રીહરિ પોતાનાં માતુશ્રીને અત્યંત આનંદ પમાડતા હતા. (૨૫-૨૮)

કલ્યાણકારી બાળ લીલા કરનારા બ્રહ્મપુરેશ્વર શ્રીહરિને ભક્તિમાતાએ ઈચ્છા પ્રમાણે સ્તનપાન

કરાવીને તેમને ફરીથી પારણામાં સુવાડ્યા. ભક્તિમાતા જેમને પોતાના પુત્ર સિવાય બીજે પ્રીતિ નથી તે પુત્રને હીંચકાવતા માંગલિક ગીત ગાતાં મંદ હાસ્યથી શોભાયમાન કાંતિવાળા શ્રીહરિનું મુખકમળ જોઈને, ચંદ્રને જોઈને ચકોરી જેમ આનંદ પામે, તેમ આનંદ પામતા હસતા હતા, પુત્રરૂપે પરબ્રહ્મ શ્રીહરિમાં અતિ ભાગ્યશાળી ભક્તિમાની પ્રીતિ અનુપમ હતી. તે પ્રીતિને બીજી ઉપમા આપવા હે રાજન્ ! કવીંદ્રો શક્તિમાન ન થયા. શુદ્ધ અંતઃકરણવાળા ભક્તિમાતા પોતાના પુત્ર શ્રીહરિને પોતાના ખોળામાં મૂકીને લાડ લડાવતાં મટકા રહિત નેત્રોથી શ્રીહરિને જોતાં કૃતાર્થ થયાં. પછી ભક્તિમાતા સાકર અને તાજા ઘીથી મિશ્રિત ઊનું દૂધ તથા સુંદર દહીં તથા અમૃત તુલ્ય બીજાં ભોજનો પારણામાં બેઠેલા પોતાના પુત્રને જમાડતા હતા. અક્ષરધામના અનેક મુક્તો તથા શેષ નારદાદિ જનોએ જેમનો મહિમા ગાયો છે, તે સર્વ અવતારના કારણ, પુરુષોત્તમ શ્રીહરિને, શ્રીહરિનાં માતુશ્રી, નિરંતર આ પ્રમાણે લાડ લડાવતા હતા. અનેક જન્મોથી જેણે તીવ્ર તપ કર્યું છે, જેમનું મન સંયમવાળું છે તેવા જનોને પૃથ્વીમાં દુર્લભ એવી શ્રીહરિની મંગળકારી ચરણરજ પ્રાપ્ત થાય છે અને ઉપનિષદોએ પણ જેમનું દર્શન ભુક્તિ અને મુક્તિને અપાનારું ગાયું છે. (૨૯-૩૫)

આવા અપાર મહિમાવાળા ભગવાન, ક્યારેક પોતાની માતાએ તથા બીજી સ્ત્રીઓએ ફરી ફરીને તાલી વગાડીને આનંદ પમાડેલા કાલુકાલુ બોલતા, સુવર્ણના ઝાંઝરના નાદથી પ્રસન્ન થયેલા, ઉત્તમ નટની માફક બાળસુલભ નૃત્ય કરતા હતા. ક્યારેક સ્ત્રીઓએ સંપ્રેરિત અલૌકિક લીલા કરતા શ્રીહરિ અત્યંત હર્ષપૂર્વક પોતાને જોતી સ્ત્રીઓને હસાવતા, સુંદર મંદ સ્મિતથી શોભતા મુખકમળવાળા, મધુર હલકે સાંભળવામાં પ્રિય ગીતો ગાતા હતા. હે રાજન્ ! દર્શનીય બાળકૃષ્ણ ક્યારેક તો મનોહર બાળ નાટક કરતા હતા, ક્યારેક હસતા હતા, ક્યારેક તો અત્યંત ભય પામેલાની માફક ચપળ, મનોહર અને અંજનથી શોભતાં નેત્રોથી જોતા હતા. (૩૬-૩૮)

શ્રીહરિ બાળક હોવા છતાં પણ મહાનુભાવ તથા મહાતેજસ્વી જનોના પણ ઈશ્વર છે, તેમને પ્રણામ કરતા ભક્તોની સંસૃતિના ભયને હરનારા, દર્શનીય મૂર્તિવાળા, અત્યંત પ્રકાશમાન દેખાતા હતા. શ્રીહરિના અંગના ચિંતન માત્રથી જ કલ્યાણ કરનારી અને મનુષ્યોના નેત્રોને લોભાવનારી બે વસ્તુઓ હતી. એક તો તેમનું અતિ શોભાયમાન નિર્મળ મુખરૂપી ચંદ્ર અને બીજી કમળોથી પણ અતિ સુંદર ચરણ યુગલની લાલીમા હતી. વસંત ઋતુના પ્રારંભમાં જેમ કોયલનો શબ્દ મીઠો લાગે છે તેમ બાળસ્વરૂપ પુરુષોત્તમ શ્રેષ્ઠ વાણીથી સૌને આનંદ પમાડતા હતા. સ્વચ્છ ચાંદી અને મોગરાના પુષ્પની વચલી કળીઓ જેવી કાંતિ જેને છે એવા મંદ હાસ્યથી શ્રીહરિ અત્યંત શોભતા હતા. ચંદ્ર જેવા નિર્મળ પ્રકાશવાન દશ ચરણનખોથી દશે દિશાઓને નિર્મળ કરવા માટે પૃથ્વીને સ્વર્ગથી પણ અધિક માહાત્મ્યવાળી કરવાને ઈચ્છતા શ્રીહરિ ધરતી ઉપર ધીમે ધીમે ચાલતા હતા. સુવર્ણના ઝાંઝરોના સુંદર નાદ કરતા શ્રીહરિ અતિશય મનોહર બંને ચરણથી પિતાના ઘરને અક્ષરધામ તુલ્ય પવિત્ર કરતા હતા. બ્રહ્માદિ દેવતાઓએ ઘણાં તપ કર્યાં છે છતાં જેમનું દર્શન તેમને નથી થયું તેવા શ્રીહરિના કલ્યાણકારી ગુણોમાં જે અત્યંત

લોભાયા છે, અને લક્ષ્મીથી પૂજાએલા શ્રીહરિની દિવ્ય મૂર્તિને ભક્તિમાતા રાત્રિ દિવસ સેવે છે. મનુષ્યો જેમના રૂપને નથી દેખી શકતા તે દેવતાઓ નમસ્કાર કરતી વખતે પોતાના નમેલા મુગટો સહિત શ્રીહરિના ચરણના નખરૂપી દર્પણોમાં પ્રેમપૂર્વક નિરંતર પોતાના મુખકમળોને જોતા હતા. (૩૯-૪૫)

કલ્યાણકારી, ગુણોના સ્થાનરૂપ, દોષરહિત, બાળચરિત્રોથી દિવ્યભાવ જેમણે ઢાંકી દીધો છે, એવા શ્રીહરિ, બાળસ્વરૂપ ધારણ કરીને અક્ષર મુક્તોથી સેવાયા છે. શ્રીહરિ પોતાના પિતાના હાથમાં, અતિમુદુલ અશોક વૃક્ષના પલ્લવને આશ્રિત નાના તમામ પુષ્પની માફક, શોભતા હતા. શ્રીહરિને રમાડનારા તેમના વડિલો તથા યજમાનો ધર્મદેવ પાસે આશીર્વાદ માંગતા (ધર્મદેવના યજમાનો શ્રીહરિને રમાડતા રમાડતા હે હરિ શર્મન્ ! તમો અમારા પુરોહિત છો તેથી અમો તમોને નમસ્કાર કરીએ છીએ માટે અમોને ‘‘તમારું કલ્યાણ થાવ’’ એવા આશીર્વાદ આપો. આ પ્રમાણે યજમાનોએ માગેલા આશીર્વાદના ઉત્તરમાં ધર્મદેવ કલ્યાણં, કલ્યાણં, કલ્યાણં ભવતુ, એમ વારંવાર કહેતા હતા.) પોતાના પિતા તુલ્ય ગુરુની સાથે શ્રીહરિ પણ અમૃતની મધુરતાને પણ ભૂલાવે તેવા મધુર વચન બોલતા હસતા હતા. પરમેશ્વર શ્રીહરિ અમૃત સમાન ઉત્તમ શબ્દોથી નવ રસ યુક્ત તથા ઉપમા અને અલંકારોથી ભરપૂર, મનહર, મધુર, પોતાના પ્રાસાદિક સુંદર સુંદર પદો દ્વારા સ્પષ્ટતાથી બોલી પિતા ધર્મદેવનું મન હરણ કરતા હતા. શ્રી રામાનંદ મુનિની આજ્ઞાથી પોતાના આશ્રિતોને દીક્ષા આપવાથી સદ્‌ગુરુ પદવીને પ્રાપ્ત થયેલા, રત્નજડિત સુંદર સુવર્ણના અલંકારોથી શોભતા પોતાના પુત્રને પોતાના ખોળામાં મૂકીને, મેઘ વીજળી અને ઈન્દ્ર ધનુષ્યથી આકાશ જેમ શોભે છે તેમ ધર્મદેવ શોભતા હતા. (આકાશને ઠેકાણે ધર્મદેવ, મેઘને સ્થાને શ્રીહરિ, વીજળીને સ્થાને હેમભૂષા પ્રભા, ઈન્દ્ર ધનુષ્યને ઠેકાણે વિચિત્ર મણીન્દ્રોની કાંતિ એમ સમજવું.) (૪૬-૫૦)

વાયુ વિનાના પ્રદેશમાં કમળની માફક સ્થિર દૃષ્ટિથી પોતાના પુત્રનું મુખ જોતા ધર્મદેવનો આનંદ, ચંદ્રના દર્શનથી સમુદ્રનો પ્રવાહ જેમ ભરતીએ ચડે તેમ, શરીરમાં ન સમાયો. પોતાના પુત્રમાં દૃઢ ચિત્તવાળા ધર્મદેવે પોતાના પુત્ર શ્રીહરિને પોતાના ખોળામાં બેસાડીને હૃદયમાં ચાંપતાં, જાણે અમૃતનો જ અભિષેક કર્યો હોય તેવા શ્રીહરિના અતિશ્રેષ્ઠ શરીરના સંબંધથી આનંદ પામ્યા. અતિશય દુષ્કર છતાં પોતાને પ્રાપ્ત થયેલી અને પ્રતિદિન વૃદ્ધિ પામતી મોટી સંપત્તિને જોઈને ધર્મદેવ પ્રસન્ન થયા હતા. અને પોતાનો આ ઉત્કર્ષ પોતાના પુત્રને જ આભારી છે એમ તેઓ માનતા હતા. (૫૧-૫૩)

હે નૃપ ! યોગિપુરુષોએ જેમના ચરણોનું ચિંતન કર્યું છે એવા શ્રીહરિને આ પ્રમાણે લાડ લડાવનાર અતિ પુણ્યશાળી ભક્તિ ધર્મના ભાગ્યના હું શું વખાણ કરું ? સર્વથી પર અક્ષર બ્રહ્મ તેથી પણ પરતર, સ્વતંત્ર શ્રીહરિએ પોતાના આશ્રિત મનુષ્યોના અનાદિ સંસૃતિરૂપ બંધનો મૂળે સહિત છેદી નાખવા માટે આલોકમાં ધર્મદેવના ગૃહમાં અવતરીને વિવિધ બાલચરિત્રોથી મનુષ્યોનાં ચિત્ત હરિ લીધાં. (૫૪-૫૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનનાં પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના બીજા સ્કંધમાં શ્રીહરિના પારણાની શોભાના નિરૂપણ નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. (૫)



અધ્યાય ૬ ઠ્ઠો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિના પિતાએ ત્રીજા વર્ષમાં વેદ જાણનાર બ્રાહ્મણો પાસે પુત્રનો ચૌલ સંસ્કાર (કેશવપન) કરાવ્યો. પછી ગોદાન તથા તેના અંગ ભૂત દક્ષિણા વગેરે આપીને, ઘણા બ્રાહ્મણોને ઘી-સાકરથી યુક્ત તથા કેરીના રસયુક્ત ભોજનથી તૃપ્તિ પમાડી; ગામમાં રહેલા પોતાના જ્ઞાતિ બંધુઓને તેમજ બીજાને અને દેશાંતરથી આવેલા સૌને ધર્મદેવે આ ચૌલ સંસ્કાર ઉત્સવમાં જમાડ્યા. (૧-૩)

તે દિવસે ચૌલ કર્મ નિમિત્તે આવેલા સંબંધીઓની સંભાવના કરવામાં રોકાયેલા શ્રીહરિની માતા અત્યંત પ્રિય પુત્રની સંભાળ રાખી ન શક્યા; હે રાજન્ ! તે ભક્તિમાતા પોતાના પુત્રને, બીજા કુમારોને રમાડવા આપીને ત્યાં આવેલી સ્ત્રીઓની સેવામાં પ્રવૃત્ત થયા. તે સ્વચ્છંદ કિશોરો ભોજન કરીને સાંજના સમયે ધર્મનંદનને લઈને રમવા માટે ગયા. (૪-૬)

સુવર્ણના તારથી બનાલેલી, સૂર્ય કિરણોથી વિજળીની માફક ચમકતી કાંતિવાળી સુંથલણી, તથા વિવિધ મણીન્દ્રોથી જડેલી, ચળકતા મોતીઓની લટકતી સેરવાળી સુવર્ણના તારની બનાવેલી ટોપી અને અત્યંત ઝગારા મારતાં મોતીઓનાં આભૂષણોથી શોભતા બે કાન, તેમજ સુંદર અવાજ કરતા સોનાના ઝાંઝર અને સોનાના કંદોરથી શોભાયમાન; સોનાના કડાં, બાજુબંધ, ગલબંધ, સોનાની કંઠી (હિરા કંઠી) વગેરે આભૂષણોથી અતિ શોભાયમાન, સ્વભાવ સુંદર, પ્રસન્ન મુખવાળા, કોટી કામદેવોને મોહ કરનારા, આંજલ આંજેલા ચપળ નેત્રવાળા, સુદંર અવયવવાળા મનુષ્યો જેમને સ્થિર નેત્રથી આશ્ચર્યવત્ જોઈ રહે છે; તે શ્રીહરિને તે કિશોરો એક બીજા તેમને કેડ્ય ઉપર તથા ખભા ઉપર મૂકીને આનંદ પૂર્વક રમાડતા લઈ જતાં હતાં. (૭-૧૨)

તે શ્રીહરિને બે કિશોરો બે હાથનાં આંકડા બીડી તેમાં બેસાડી, પોતાના ખભા ઉપર શ્રીહરિના બે હાથ રખાવી આનંદપૂર્વક રમાડતા રમાડતા ઉંચકીને ચાલતા હતા. (૧૩)

તે શ્રીહરિને જ્ઞાની પુરુષો પરમાત્મારૂપે જોતા હતા, દાસ ભાવે વર્તનારા સ્વામી સ્વરૂપે, અને અજ્ઞાનીઓ બાળક સ્વરૂપે, મનુષ્ય ભાવે જુદા જુદા ભાવ અનુસાર જોતા હતા, તે બાળ શ્રીહરિને તે બાળકો રમાડતા હતા. (૧૪)

હે રાજન્ ! તે બાળકોને તે બાળહરિના સ્વરૂપમાં અત્યંત આસક્તિ છે. અને તેથી જ મહાપુણ્યવાળા તે બાળકોનું અતિ મહત્ ભાગ્ય કહેવા હું શક્તિમાન નથી. (૧૫)

હે રાજન્ ! તે બાળ શ્રીહરિને રમાડતા અને પરસ્પર ખેલ કરતાં બાળકો પૂરની પૂર્વ દિશામાં આવેલા અતિરમ્ય અને વિશાળ આંબાના બગીચામાં ગયા. (તે બગીચો કેવો હતો તેનું વર્ણન કરે છે.) તે બગીચો રમણીય કોકિલાના શબ્દોથી જાણે શ્રીહરિને બોલાવતો હોય ને શું ? એમ નાના પ્રકારના પક્ષિઓના શબ્દોથી ગુંજતો હતો. વળી પવનથી હલતા નવપલ્લવો પણ જાણે અચ્યુત શ્રીહરિને

બોલાવતા હોય ને શું ? તેવા ફળ ફુલથી લચી પડતા અનેક પ્રકારના વૃક્ષો તેમાં હતા. શ્રીહરિના આવવાથી અત્યંત આનંદ પામેલા મયૂરો નટરાજના નૃત્યોની જેમ નૃત્ય કરતા શોભતા હતા. ગુંજારવ કરતા ભ્રમરો રૂપી ગંધર્વો જાણે ત્યાં આવ્યા હોય, તેવા તે બગીચામાં ચારે બાજુએ પુષ્પો ઉછાળતો વાયુ જાણે અતિશય ખેલતો હોય ને શું ? એમ વાતો હતો. (૧૬-૨૦)

શ્રી ધર્મનંદનને તે બાળકોએ તે ઉપવનમાં આંબાના વૃક્ષના મૂળમાં સુંદર વસ્ત્રોના બનાવેલા આસન ઉપર હેતપૂર્વક બેસાડ્યા. (૨૧)

પછી તે બાળકો અમૃત જેવા સ્વાદિષ્ટ પાકાં આંબાના ફળો લાવીને શ્રીહરિને આપતા હતા. વળી નાના પ્રકારના સુગંધી પુષ્પો પણ આપતા હતા. બાળલીલાથી શોભતા પોતાને પ્રિય ધર્મપુત્ર શ્રી હરિને હસાવતા અને હસતા તે કુમારો અંદર અંદર રમતા હતા. તે બાળકો તે વૃક્ષને જોતા, ફળો ખાતા, રમતા હતા. તેવામાં સૂર્યાસ્ત થઈ ગયો અને અંધારું થઈ ગયું. (૨૨-૨૪)

તે સમયે સારો વેશ ધારણ કરીને (પોતે મોકલેલી કૃત્યાઓના પરાભવથી કોપાયમાન) કાલીદત્ત, ધર્મપુત્ર શ્રી હરિને મારવાની ઈચ્છાથી, ત્યાં આવ્યો. માયાવિઓનો ગુરુ, દુશ્મનોને મારવાની યુક્તિઓ શોધવામાં પ્રવીણ કાલીદત્ત અવિનાશી શ્રીહરિને મારવાની ઈચ્છાથી બાળકોમાં પ્રવેશ કરીને રમવા લાગ્યો. (૨૫-૨૬)

બળતા અંગારા જેવા બંને નેત્રોથી બાળકોને બાળતો હોય ને શું ? એમ જોતો તે કાલીદત્ત શ્રીહરિને પકડવાની ઈચ્છાથી શ્રીહરિ પાસે આવ્યો, કાળ, માયા, અક્ષરાદિ સર્વના નિયંતા શ્રીહરિ, તેમને હણવાની ઈચ્છાવાળા કાલીદત્તે તેના બે હાથ લાંબા કર્યા. પરંતુ પ્રલય કાળના અગ્નિ સમાન શ્રીહરિ સન્મુખ તે જોઈ શક્યો નહીં. દુષ્ટ આશયથી શાંબરી આદિ અનેક પ્રકારની માયાવી સૃષ્ટિ કરવાના મંત્રોને જાણનારા અસુર કાલીદત્તે શ્રીહરિને મારવા માટે આસુરી માયા રચી, પછી અત્યંત ખડખડાટ, ભડભડાટ કરતો વાયુ વેગપૂર્વક વાવા લાગ્યો, મૂશળધારથી મેઘ વર્ષવા લાગ્યો અને વીજળી ઝબક ઝબક પ્રકાશથી ચમકવા લાગી. બે વજ્રો પરસ્પર અથડાય અને ભયંકર કડ, કડ, કડ અવાજ થાય તેથી પણ ભયંકર મેઘના શબ્દો થતા હતા. તે સમયે સર્વ લોકો જાણે અકસ્માત પ્રલયકાળ આવ્યો હોય અને ભય પામે તેમ ભય પામવા લાગ્યા. ઘણાં વૃક્ષો પડી ગયાં, ઘણાં પશુપક્ષી મરી ગયાં, અતિ ઘાટા અંધકારમાં કોઈ પણ એક બીજાને જોઈ શક્યા નહીં. (૨૭-૩૨)

ભયંકર વાયુ અને અતિવૃષ્ટિથી આકુળ વ્યાકુળ થયેલા તે બાળકો વરસાદ અને પવન ક્યારે બંધ થશે તેની રાહ જોવા લાગ્યા. પરંતુ તેને વધતો જોઈને ચિંતા કરવા લાગ્યા. જે વૃક્ષની નીચે શ્રીહરિને બેસાડ્યા હતા તે સ્થાન તેઓ ભૂલી ગયા અને ભ્રાંત ચિત્તે પોતાના અતિપ્રિય શ્રીહરિને આમ તેમ શોધવા લાગ્યા. હે નીલકંઠ ! હે હરે ! હે કૃષ્ણ ! આ પ્રકારે ઉપવનમાં તે બાળકો ઉંચા સ્વરે બોલતા હતા. અત્યંત ત્રાસથી થયેલી ગદ્‌ગદીત વાણીથી શ્રીહરિને પ્રેમપૂર્વક વારંવાર બોલાવતા

હતા. પવન અને વરસાદના ભયંકર અવાજમાં મોટા બાળકોના શબ્દો શ્રીહરિ સાંભળી ન શક્યા. બાળકો પણ શ્રીહરિના શબ્દ સાંભળી ન શક્યા. વનમાં શ્રીહરિને ન જોવાથી રડતા રડતા હા, હા અમે ધર્મદેવના પુત્રને વનમાં કેમ લાવ્યા ? આપણે ગામમાં જઈને (શ્રીહરિ ક્યાં ગયા એમ પૂછશે ત્યારે) લોકોને શું ઉત્તર આપીશું ? વળી આ શ્રીહરિના માતાપિતા ધર્મ ભક્તિને મુખ કેવી રીતે બતાવશું ? તે બાળકો (ખેદ કરતા કહે છે કે) અહો ! ભાગ્યહીન આપણે આ શું કર્યું ? આવી રીતે ચિંતાથી રડવા લાગ્યા. કેટલાક બાળકો તો મૂર્છા પામી ગયા. (૩૩-૪૦)

પોતાને મારવા માટે કાલીદત્તે ઉત્પન્ન કરેલી માયાને જાણી સ્વ સ્વરૂપને વિષે દષ્ટિવાળા પર્વતની માફક સ્થિર શરીરવાળા, અણુ જેટલી પણ વિકૃતિથી રહિત, શ્રીહરિ એકદમ સ્થિર થઈ ગયા. હે રાજન્ ! વાયુના વેગથી વારંવાર અથડાવાથી પર્વત ઉપરથી પડેલા પત્થરની માફક અત્યંત ઉંચા અને ભાંગેલી ડાળીઓવાળા આંબાનું વૃક્ષ કોમળ મૂર્તિમાન શ્રીહરિ ઉપર પડ્યું, પરંતુ તે વૃક્ષ નીચે પડીને શ્રીહરિની વરસાદ તથા પવનથી છત્રની માફક રક્ષા કરવા લાગ્યું. (૪૧-૪૩)

શ્રીહરિને જીવતા જોઈને કાલીદત્ત તેમને ફરી વખત પકડવા માટે બીજા વીરભદ્રની માફક બંને પગથી ધરણી ધ્રુજાવતો આવ્યો. તેના અત્યંત મોટા પહોળા કરેલા મુખથી જાણે સમસ્ત આકાશને ગળી જશે કે શું ? તેવો ભયંકર ભ્રકુટીવાળો અને બળતા અંગારાના જેવા નેત્રવાળો, અત્યંત લાંબી દાઢો વાળો, લાંબા દેહવાળો અને બે કૂવા જાણે હોય તેવા પહોળા નસકોરાવાળો, પર્વતોની ગુફા જેવા બે હોઠથી ભયાનક દેખાતો; તાડ જેવા લાંબા હાથવાળો લોકોને મૃત્યુની માફક ભયંકર દેખાતો, આસુરી માયા રચવામાં મય દાનવ જેવો; ત્રાસદાયક, રાતા કેશવાળો, ક્રોધાગ્નિની જ્વાળા જાણે બહાર નીકળતી હોય તે ખરાબ આશયવાળા અસુરેન્દ્ર, તૂટી પડેલા આંબાના વૃક્ષ નીચે સ્થિર બેઠેલા શ્રીહરિને ફરીથી પકડવા માટે તરત જ બંને હાથ પ્રસાર્યા. (૪૪-૪૯)

પરંતુ તેટલામાં જ શ્રીહરિની અતિક્રૂર દષ્ટિથી મહાસુર કાલીદત્ત મોહ પામી ભૂતના વળગાડવાળા માણસની જેમ વનમાં વિભ્રાંત બનીને વિહ્વળ થઈ, ભમરાની જેમ અહીં તહીં ભમવા લાગ્યો. (૫૦)

ભયથી વિહ્વળ થયેલા બાળકોએ વીજળીના પ્રકાશમાં મોહ પામેલા કાલીદત્તને આમતેમ પડતો આખડતો જોયો; અને વૃક્ષોના પડવાથી તેના અંગો કચરાઈ ગયા અને ફુલેલા કિંશુકના જેવો દેખાતો તે તત્કાળ મરણ પામ્યો. (૫૨)

આ પ્રકારે સર્વ ઈશ્વરોના સ્વામી કૃષ્ણે આયુધ વિના પણ પોતાની ઈચ્છાથી, પોતાના પ્રતાપથી જ, કાલીદત્તનો નાશ કર્યો. (૫૩)

દૈન્ત્યેન્દ્ર કાલીદત્તના મરણ પામવાથી પ્રસન્ન થયેલા બ્રહ્માદિ અધીશ્વરો શ્રીહરિની સ્તુતિ કરતા અને ઉત્તમ પુષ્પોથી શ્રીહરિને વધાવવા લાગ્યા. (૫૪)

પછી ધીમે ધીમે વરસાદ અને પવન શાંત થઈ ગયા. એટલે ભયથી મૂર્છા પામેલા બાળકો તરત જ ભાનમાં આવ્યા. (૫૫)

તે સમયે છપૈયાપુરમાં ભક્તિ, ધર્મ તથા બીજા બ્રાહ્મણો અને અન્ય મનુષ્યો પણ પોતાના બાળકો રાત્રી થવા છતાં પણ ઘેર ન આવવાથી વિહ્વળ બની, તેમને ખોળવા લાગ્યા. ગામમાં બધે શોધ કરવા છતાં પોતાના બાળકો ન મળવાથી અને પુષ્કળ વરસાદ અને પવનના જોરથી જાણે આ બધા અપશુકનો થાય છે, એમ માની, ધર્મ તથા બીજા મનુષ્યો આ મહા ઉત્પાતથી મનમાં ભય પામ્યા; વરસાદ અને પવનના વેગથી તથા ઘાટા અંધકારથી ધર્મ વગેરે આમ તેમ પડતા આખડતા પુત્રના વિયોગથી મૂર્છા પામ્યા. રાત્રીનો પહેલો પ્રહર વીત્યા પછી શ્રીહરિની ઇચ્છાથી વરસાદ અને પવન બંધ પડ્યા, ત્યારે મૂર્છા પામેલા જનો ભાનમાં આવ્યા. પુત્ર વિરહથી દુઃખી થયેલા તે બધા, મશાલો તથા ફાનસો લઈને લાકડી, તલવાર, ધનુષ્ય વગેરે શસ્ત્રો હાથમાં લઈ ગામની પૂર્વ દિશામાં રહેલા બગીચામાં ગયા. (૫૬-૬૦)

પુત્રમાં અત્યંત પ્રીતિવાળા ધર્મદેવના વસ્ત્ર પણ અંગ ઉપરથી સરી જવા લાગ્યા. તેમના બંને હાથ તેમના ભાઈઓએ પકડી, અત્યંત શોકમગ્ન થયેલા તેમને, ધીમે ધીમે રસ્તામાં દોરવા લાગ્યા. હે પુત્ર ! હે પુત્ર ! આ પ્રમાણે વારંવાર બોલતા, શોક અને પીડાથી કરમાઈ ગયેલા મુખકમળવાળા ભક્તિ માતાને બંને બાજુએથી સ્ત્રીઓએ પડતા અટકાવવા પકડી રસ્તામાં ધીમે ધીમે દોરતા હતા. શ્રીહરિના વિરહથી વ્યાકુળ રામપ્રતાપ, પોતાના પ્રિય બંધુના વિયોગથી શોક કરતા પોતાના મિત્રોના સહારાથી રસ્તામાં ધીમે ધીમે ચાલતા હતા. (૬૧-૬૩)

તે બગીચામાં તે સમયે (પુત્રના શોકથી વ્યાકુળ થયેલા પોતાના પતિ ધર્મદેવને તે સ્થાનમાં જોઈ) ધર્મની અન્ય શ્રદ્ધાદિ પત્નીઓ આંબાના વૃક્ષ નીચે રહેલા શ્રીહરિને જોવા લાગી. શ્રીહરિને જોઈને, શ્રદ્ધાદિક ધર્મની પત્નીઓ, તેમને તત્કાળ તેડીને સ્નેહથી સ્રવતા સ્તનોનું પાન હર્ષપૂર્વક શ્રીહરિને ખોળામાં મૂકીને કરાવવા લાગી. શ્રીહરિએ પણ ધર્મની તે દ્વાદશ શ્રદ્ધાદિક પત્નીઓનો પ્રેમ જોઈને, તે માતાઓને આનંદ પમાડવા માટે દ્વાદશ રૂપો ધારણ કરીને તે શ્રદ્ધાદિક પોતાની માતાઓનું સ્તનનું દૂધપાન કરવા લાગ્યા. હે રાજન્ ! પોતાના ભક્તોના કલ્પતરુની માફક ઈચ્છિત મનોરથ પૂર્ણ કરનારા શ્રીહરિને પોતપોતાના ખોળામાં જોતી સર્વે ધર્મ પત્નીઓના સર્વ મનોરથ પૂર્ણ થયા. (૬૪-૬૭)

પોતાના પુત્રને ખોળતા આંખમાં આંસુ સારતા તે પુરજનો મૂર્છામાંથી જાગૃત થઈ પોતાના રડતા પુત્રોને શોધી શક્યા. પોતાના બાળકો મળ્યા એટલે તેમનું દુઃખ ટળ્યું. પરંતુ પછી તે બાળકોને તેઓ ધર્મપુત્ર ક્યાં છે ? એમ પૂછવા લાગ્યા. તેથી તે બાળકો તેમને કહેવા લાગ્યા. અમોએ આ વૃક્ષ નીચે બાળ શ્રીહરિને મૂક્યા હતા. પરંતુ ત્યાર બાદ હજુ સુધી આ બગીચામાં જ અમે તેમને ખોળીએ છીએ. (૬૮-૭૦)

આવું વજ્રપાત સમાન વચન સાંભળીને દુઃખ પામેલા તે જનો ઉંચેથી બોલાવતા અને આમતેમ ભમતા શ્રીહરિને ખોળવા લાગ્યા. (૭૧)

શ્રદ્ધાદિક બાર ધર્મની પત્નીઓ પોતાના હાથથી શુદ્ધ કરેલી પૃથ્વી ઉપર આંબાના વૃક્ષની નીચે

શ્રીહરિને મૂકીને ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ. (૭૨)

એટલામાં ત્યાં શ્રીહરિને ખોળતી તેમની મામી "સુંદરી" એ શ્રીહરિને નિર્ભય બેઠેલા જોયા. એટલે 'મને બાળક મળ્યો છે' આ રીતે ઉંચેથી, હર્ષથી બોલતી સુંદરીએ શ્રીહરિને તેડીને ભક્તિ માતાને આપ્યાં. સુંદરીના વચનથી આનંદ પામેલા ભક્તિમાતાએ સુંદરીને મોતીઓની માળા ભેટ આપી. (૭૪)

ભક્તિમાતા પોતાના મનમાં પુત્રને નવા અવતારે આવ્યા હોય તેમ માની તેમને છાતીમાં મૂકીને અત્યંત સ્નેહથી સ્રવતા પોતાના સ્તનનું સ્તનપાન કરાવવા લાગ્યા. (૭૫)

પછી ધર્મદેવ તથા અન્ય જનો, જન સમુદાયને આનંદ પમાડનાર ધર્મકુમારને ક્ષેમકુશળ મેળવીને, અતિ આનંદ પામ્યા. (૭૬)

તે સમયે મરણ પામેલા દૈતેન્દ્રને પડેલો જોઈ ભ્રાંત થયેલા તે સર્વે આ કોણ મરેલો પડ્યો છે ? એમ પૂછવા લાગ્યા, તેથી બાળકોએ કહ્યું શ્રીહરિને હણવાની ઈચ્છાથી આવેલા અસુરે અમોને અત્યંત ત્રાસ આપ્યો હતો. ક્રૂર દૃષ્ટિવાળા તેણે શ્રીહરિને પકડવાની ઈચ્છાથી બંને હાથ પસાર્યા હતા. આ નીલકંઠની કેવળ દૃષ્ટિથી જ વ્યાકુળ બનેલો આ અસુર આમતેમ ભાગતો તત્કાળ નિઃસંશય મૃત્યુ પામ્યો. (૭૭-૭૯)

સર્વ બાળકોનું વચન સાંભળીને વિસ્મય પામેલા તેઓ આ મહાપાપી અસુર પોતાના પાપથી જ મરી ગયો. તે સારું થયું એમ અંદર અંદર બોલવા લાગ્યા. (૮૦)

પ્રસન્ન થયેલા તે સર્વે ચંદ્રોદય થયા પછી હે રાજન્ ! આ વિચિત્ર ઘટનાથી આશ્ચર્ય પામતા પુર પ્રત્યે આવ્યા. (૮૧)

પરમેશ્વર શ્રીહરિની ઈચ્છાથી તેમણે પ્રથમ અનુભવેલો ભગવાનનો મહિમા અને તેથી તેમના સ્વરૂપનું જ્ઞાન થતાં ભક્તિ તથા ધર્મે અતિ આનંદપૂર્વક આ પ્રમાણે કહ્યું, વૃંદાવનમાં અમોએ કરેલા વિષ્ણુયાગથી પ્રસન્ન થયેલા આ શ્રીહરિએ અમારા બંનેનું રક્ષણ તથા દૈત્યોનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞા સત્ય કરવા માટે દયાસિંધુ પુરુષોત્તમ આ શ્રીહરિ અમારા ભવનમાં પ્રગટ થયા છે. તેથી સર્વ અસુરોને બળ આપનારો, અનેકને મારનારો, દૈત્યેન્દ્ર કાલીદત્તનો આ બાળ સ્વરૂપ શ્રીહરિએ નાશ કર્યો. શ્રીહરિ વિના આ પાપીને કોણ હણે ? દૈત્યોના મૂળ સમાન કાલીદત્તનો નાશ થવાથી જેમ મૂળ કાપવાથી વૃક્ષનો નાશ થાય છે તેમ, અસુરોનો નાશ હવે થયો. અહો, મહાબુદ્ધિશાળી આ શ્રીહરિએ બાલ્યાવસ્થા છતાં અને આયુધ વિના જ સર્વ શૂરવીરોને જીતનારા આ મહાસુરનો નાશ કર્યો. અમારા બંનેનું તથા મારા સંબંધીઓનું હંમેશા પોષણ તથા રક્ષણ ભગવાન શ્રી હરિ કરશે. એટલે હવે અમારો ભય નાશ પામ્યો છે. દયાળુ શ્રીહરિનું ભક્ત વત્સલપણું કહેવા માટે અમો શક્તિમાન નથી. એમ કહીને શ્રીહરિને આલિંગન કરીને તે બંને અતિ આનંદ પામ્યા. (૮૨-૮૯)

શ્રીહરિએ ભક્તિ ધર્મને પોતાના સ્વરૂપના દિવ્ય જ્ઞાનની વિસ્મૃતિ તરત જ કરાવી દીધી. એટલે ભક્તિ ધર્મ શ્રીહરિમાં પૂર્વની માફક આ અમારા પુત્ર છે. એવા પ્રાકૃત ભાવવાળા થયા. (૯૦)

પુત્ર વિનાશમાં કારણ ભૂત થયેલા આ મહા ઉત્પાત્તમાંથી બાળ સ્વરૂપ શ્રીહરિ બચી ગયા અને શત્રુનો નાશ થયો. એ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસન્નતાથી થયું એમ ધર્મદેવ માનવા લાગ્યા. (૯૧)

પછી સવાર થતાં ઉત્તમ બ્રાહ્મણો પાસે ધર્મદેવે વિઘ્નની શાંતિ માટે વેદોક્ત કર્મ કરાવ્યું. (૯૨)

હે રાજન્ ! આવી રીતે મેં સાંભળનારાઓના કલેશને નાશ કરવામાં કારણભૂત અને અનંત જન્મના પાપ નાશ કરનારું ભગવાન શ્રીહરિનું બાળ ચરિત્ર તમોને કહ્યું. આ લોકમાં જે મનુષ્ય આ ચરિત્ર સાંભળશે અને અતિ આદરપૂર્વક કહેશે તે પોતે ઈચ્છિત સુખ તથા મુક્તિ પામશે. (૯૩)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કન્ધમાં શ્રીહરિકૃત કાલીદત્તાસુરનો વિનાશ નિરૂપણ નામનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. (૬)



અધ્યાય ૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- છપૈયાપુરમાં અસુરોએ વારંવાર કરેલા ઉપદ્રવથી ધર્મદેવે ત્યાંથી બીજે જવા માટે વિચાર કર્યો. વિભૂતિમાન શુભ સ્થળમાં રહેવા ઈચ્છતા વિપ્રેન્દ્ર ધર્મદેવે, છપૈયાપુરનો ત્યાગ કરી, કલ્યાણકારી અયોધ્યા નગરીમાં જવા માટે વિચાર કર્યો. પછી ધર્મદેવ પોતાના ઘરનો સરસામાન ગાડામાં ભરીને પત્ની તથા પુત્રોની સાથે અયોધ્યા નગરી પ્રત્યે જવા નીકળ્યા. સોનાના કળશવાળા સુવર્ણ દર્પણોથી અત્યંત સુંદર, શોભાયમાન ઝુલોથી યુક્ત સુંદર રથમાં, અમૂલ્ય વસ્ત્રાલંકારોથી ભૂષિત મોટા પુત્ર રામપ્રતાપની સાથે એક નક્ષત્રમાં ચંદ્રમાની સાથે સૂર્યનારાયણ જેમ શોભે તેમ ધર્મદેવ બેઠા હતા. તેવા જ બીજા રથમાં વિવિધ વિભૂષણોથી વિભૂષિત, સફેદ ટીપકીઓથી શોભતી લીલી રેશમી સાડી પહેરેલા ભક્તિદેવી બેઠા હતા. પીળી ટીપકીઓવાળી લાલ સાડી પહેરેલા વિવિધ અલંકારોથી અલંકૃત, રામપ્રતાપના પત્ની સુવાસિની ભક્તિ દેવીની સાથે બેઠાં હતાં; ભક્તિ માતાએ અમૂલ્ય વસ્ત્ર વાળા, પ્રકાશમાન આભૂષણોથી શોભતા પોતાના પુત્ર શ્રીહરિ-મૂર્તિમાન કલ્યાણનું સ્વરૂપ ને પોતાના ખોળામાં બેસાડ્યા હતા. સમગ્ર લક્ષ્મીના સ્થાનભૂત શ્રીહરિ, ઈન્દ્રિધનુષ્યે યુક્ત વર્ષા ઋતુના મેઘથી જેમ બે વીજળીઓ શોભે તેમ સાસુ, વહુ શોભવા લાગ્યા. શ્રીહરિ સંબંધી કીર્તનો ગાતા અને પોતાના શિષ્યોએ વિવિધ વાજીંત્રો વગાડી વળાવેલા ધર્મદેવ છપૈયાપુરથી નીકળતા હતા. (૧-૧૦)

પોતાના પુત્રના કાલા, મીઠા શબ્દો સાંભળીને આનંદ પામતા ભક્તિમાતા તથા તેમના પુત્રવધૂ, પુત્ર તરફ દૃષ્ટિ હોવાથી કેટલો માર્ગ કપાયો તે જાણી શક્યા નહીં. ધર્મદેવ તથા તેમના મોટા પુત્ર પણ શરદ્ઋતુના પૂર્ણ ચંદ્રમાથી પણ અતિ સુંદર શ્રીહરિને જોતા હતા, અને તેથી (જુદા રથમાં બેઠેલા છે

છતાં પણ અતિશય પ્રેમથી શ્રીહરિએ આપેલી દિવ્ય દૃષ્ટિથી શ્રીહરિ જાણે પોતાની પાસે હોય તેમ જોતા હતા.) કેટલો માર્ગ કપાયો છે તે ન જાણી શક્યા. (૧૧-૧૨)

ધર્મદેવ દિવસના ચૌદમા મુહૂર્તમાં બે ત્રણ ઘડી બાકી રહી. (થોડો દિવસ હતો ત્યારે) પોતાના સંબંધીઓની સાથે સરયૂ નદીના કાંઠે આવ્યા. અને અતિ શોભાયમાન વિશાળ સરયૂનદીને જોઈ. (નદીનું વર્ણન કરે છે) ચંચળ તરંગોના વિલાસવાળી શ્રીહરિના દર્શનથી ઉત્પન્ન થયેલા હર્ષોન્માદવાળી વિવિધ પ્રકારના પક્ષીઓના સુંદર શબ્દોથી જાણે જય જય એવા સુંદર શબ્દોનું ઉચ્ચારણ કરતી હોય ને શું ? મોટા ખડકોમાં અથડાતા જળના અવાજોથી જાણે સુંદર વાજીંત્રો વગાડતી હોયને શું ? ઉછળતા સફેદ ફીણોથી જાણે હાસ્ય કરતી હોય ને શું ? એવી દર્શનીય શોભા સરયૂ નદીની દેખાતી હતી. વળી મધુર શબ્દોવાળા પક્ષીઓ તથા કાંઠા ઉપર રહેલા વૃક્ષોના જૂથોના રંગબેરંગી પ્રતિબિંબોથી અને મોતીના જેવા સ્વચ્છ જળથી અત્યંત શોભતી હતી. (૧૩-૧૬)

દ્વિજેન્દ્ર ધર્મદેવે રંગેલી નવીન વિમાન આકારની લાંબી અને પહોળી, ફરફરતા ધ્વજોથી અત્યંત શોભાયમાન, નૌકામાં પોતાનો બધો સરસામાન મૂકાવ્યો. નદીના તટથી નૌકા સુધી મૂકેલા, લાંબા અને પહોળા પાટીયા ઉપર થઈને, ધૈર્યશાલી ધર્મદેવ પોતાના સંબંધીજનો સાથે નૌકામાં બિછાવેલા આસન ઉપર બેઠા. તે સમયે ભક્તિમાતાના ખોળામાં શોભતા સકળ સૌંદર્યના સ્થાનભૂત પૂર્ણ પુરુષોત્તમ બાળ શ્રીહરિના સૌંદર્યથી નૌકા તથા નદીની શોભા અવર્ણનીય દેખાવા લાગી. તે સરયૂ નદી, શ્રીહરિ અને ધર્મદેવના સંબંધથી જ અત્યંત પૂજનીય બનેલા તેમના સંબંધીઓને તથા સમગ્ર બંધુઓને ઉંચા ઉછળતા જળના બિંદુઓ રૂપી શ્વેત પુષ્પો વડે જાણે વધાવતી હોય ને શું ? એમ શોભતી હતી. પોતાના તરંગરૂપી હાથથી શ્રીહરિના ચરણારવિંદમાં કમળની ભેટો સમર્પણ કરતી શ્રીહરિના માતાપિતાના ચરણોને તથા શ્રીહરિના ચરણારવિંદોને ચલાયમાન તરંગોરૂપી હાથથી સ્પર્શ કરતી હતી. (નૌકામાં બેસવા જતા પાટીયા ઉપર નદીએ તરંગોથી ચરણારવિંદનો સ્પર્શ કર્યો, એમ જાણવું.) જળમાં ક્રીડા કરતા ચંચળ માછલાઓથી જાણે ચપળનેત્રથી ઈષ્ટ અને ઉદાર શ્રીહરિને જોતી હોય ને શું ? ચંચળ તરંગોથી જાણે નાચતી હોય ને શું ? એવી સરયૂનદી અત્યંત શોભતી હતી. પોતાના સંબંધીજનો સાથે ધર્મદેવ સરયૂને બીજે કાંઠે આવ્યા અને પહેલાંની માફક પાટીયા દ્વારા ઉતરીને નૌકામાં મૂકેલો સરસામાન ઉતરાવ્યો. (૧૭-૨૩)

પછી ધર્મદેવ તથા રામપ્રતાપ વગેરે જુદા જુદા વાહનોમાં બેસીને સામા આવેલા શિષ્યોની સાથે શ્રીહરિ ચરિત્રના પદોનું ગાન કરતા, પ્રસન્ન ચિત્તથી, જે અયોધ્યાને વિદ્વાનોએ મનુ ભગવાને રચેલી અને મુક્તિ આપનારી કહી છે, એ અયોધ્યાપુરીમાં પ્રવેશ કર્યો. (૨૪-૨૫)

અતિરમ્ય સભાસ્થાનો તથા સમાન પંક્તિવાળા બજારોથી અત્યંત શોભાયમાન, જેને વિષે સ્વયં શ્રી રામચંદ્રજી પ્રાદુર્ભાવ પામ્યા હતા; જે ઈક્ષ્વાકુ રાજાના વંશમાં થયેલા રાજાઓની રાજધાની કહેવાતી હતી; તે અયોધ્યાપુરી વિવિધ પ્રકારના રમ્ય બગીચાઓથી ચારે તરફ અત્યંત શોભતી હતી. સ્વચ્છ અને શોભાયમાન બજારો અને હવેલીઓ સુંદર રાજમાર્ગો તેમજ કુમકુમ અને અક્ષત તથા પુષ્પો છાંટેલા ઘરના સુંદર પ્રાંગણોથી

શોભતી અયોધ્યા નગરી, પંક્તિબદ્ધ, વિશાળ, સુંદર, સાતમાળની હવેલીઓથી શ્વેત અને તેથી કૈલાસના શિખરોની ઉપમા આપવા યોગ્ય રાજમહેલ સમાન ઘરોથી, અત્યંત શોભતી હતી; ધર્મના અવતાર સમાન (ગૃહસ્થ ધર્મમાં એકપત્ની વ્રત પાળવાથી ધર્માવતારથી પ્રસિદ્ધ) શ્રી દશરથ પુત્ર રામચંદ્રજીના અથવા બ્રાહ્મણ શ્રેષ્ઠ ધર્મદેવથી પ્રાદુર્ભાવ જેમનો છે એવા શ્રીહરિના પ્રતાપથી ધર્મમાં વર્તનારા ચારેય વર્ણના લોકોથી વસેલી, શોભાયમાન દેવ મંદિરોથી અયોધ્યા નગરી શોભતી હતી. (૨૬-૩૦)

હે રાજન્ ! ધર્મદેવ પોતાના સંબંધીઓ સાથે અયોધ્યા નગરીની પેલી પાર રામઘાટ નામના સ્થાનની સમીપે બરહટ્ટા નામના અયોધ્યાના શાખા નગરમાં ગયા. યાજ્ઞિક બ્રાહ્મણો તથા ચારેય વર્ણનાં મનુષ્યો જેમાં વસતા હતા તે બરહટ્ટાખ્ય શાખા નગરમાં પોતાના પ્રાચીન ભુવનમાં ધર્મદેવ રહેવા માટે આનંદપૂર્વક ગયા. (૩૧-૩૨)

ધર્મદેવ દરરોજ સરયૂ નદીમાં પ્રાતઃ મધ્યાહ્ન અને સાયંકાળ-ત્રણે કાળમાં-સ્નાન કરીને સંધ્યાદિક કર્મો કરીને કૃષ્ણ ભક્તિ કરતા હતા. (૩૩)

પિતાને કૃષ્ણ ભક્તિ કરતા જોઈને શ્રીહરિ, સ્વયં કૃષ્ણ છે તો પણ, બાળ લીલાથી કૃષ્ણભક્તિ કરવા લાગ્યા. શ્રીહરિ બાલ અવસ્થાને ઉચિત રમતો તથા રમકડાંનો ત્યાગ કરી સારા સદ્‌વૃત્તાંત અને વાત્સલ્યાદિ ગુણોથી યુક્ત કૃષ્ણ સેવામાં રુચિવાળા હતા. (૩૪-૩૫)

શ્રીહરિ આલોકના મનુષ્યોના ઉદેશ માટે શિયાળામાં પણ સવારમાં સ્નાન કરવા માટે પોતાની માતાની સાથે સરયૂ નદીએ હંમેશા જતા હતા. સ્નાન કરીને શ્રીહરિ ઘેર જતા અને ત્યાં બાળકોને રમવા યોગ્ય રમકડાંથી શ્રીકૃષ્ણનું પૂજન કરતા હતા. શ્રીકૃષ્ણ ભક્તિમાં પ્રીતિવાળા બાળ શ્રીહરિ ક્યારેક તો ભોજન કરવાનું પણ સંભારતા ન હતા. પોતાના સમવયસ્ક બાળકો સાથે શ્રીહરિકૃષ્ણ ધ્યાન પરાયણ થઈ જતા. તેથી માતા જમવા બોલાવતાં તો પણ તે સાંભળતા ન હતા. બાલ્યાવસ્થા છતાં પણ પરમાત્માની કથા-કિર્તન સાંભળવામાં શ્રીહરિને અત્યંત ઉત્સાહ હતો. અને તેથી જ્યાં હરિકથા થતી હોય ત્યાં કથા બહુવાર સાંભળતા. (૩૬-૩૯)

કલ્યાણકારી ગુણોના સમુદ્ર શ્રીહરિ પાંચ વર્ષના થયા ત્યારે પૃથ્વીમાં સાધુતાનો માર્ગ સ્થાપન કરવા માટે, સાધુ પદવીનો (બ્રહ્મચર્યાશ્રમનો) સ્વીકાર કરતા હતા. (૪૦)

શ્રીહરિ સવારમાં સરયૂનદીમાં સ્નાન કરીને અયોધ્યાજનોને ભક્તિનું શિક્ષણ આપવા માટે, હંમેશા દેવ મંદિરોમાં દેવદર્શને જતા. શ્રીહરિ હંમેશા રામભક્તોનો સમાગમ કરતા અને રામાયણ તથા શ્રીમદ્ ભાગવતની હંમેશા કથા સાંભળતા હતા. (૪૧-૪૨)

માતા, પિતા, મિત્રો, ધન તથા ગૃહાદિમાં તેમજ પ્રકૃતિજન્ય પદાર્થોમાં કોઈ ઠેકાણે શ્રીહરિ લગારેય પણ પ્રીતિ બાંધતા ન હતા. (૪૩)

વેદ અને શાસ્ત્રોમાં પ્રવીણ ધર્મદેવ પાસેથી શ્રીહરિ વર્ણાશ્રમના ધર્મો સાંભળતા હતા. તેમ જ સ્ત્રીઓના ધર્મો પણ પોતાની માતા પાસેથી સાંભળતા હતા. મનુષ્ય લીલા કરતા સમગ્ર જનોના ગુરુઓમાં

શ્રેષ્ઠ પંડિતોએ માનનીય બાલ્યાવસ્થામાં પણ શુભ ગુણોથી યુક્ત સજ્જનોના ભૂષણરૂપ શ્રીહરિ હતા. (૪૪)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભદવત્સૂનુ શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં ધર્મદેવ અયોધ્યામાં આવ્યા તે નિરૂપણ નામનો સાતમો અધ્યાય સંપૂર્ણ. (૭)



અધ્યાય ૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે પ્રેમવતી માતા પોતાના પુત્ર શ્રીહરિને સોનાના પાટલા ઉપર બેસાડીને પ્રીતિપૂર્વક જમાડતા હતાં. પ્રેમવતી માતાએ સોનાનું સુંદર ભોજન પાત્ર લાવીને શ્રીહરિની આગળ મૂક્યું. પછી સુગંધીમાન ભાત તથા બીજાં વિવિધ શ્રેષ્ઠ ભોજનો, સોનાની વાડકીઓમાં મૂકેલાં રાયતાં, સુંદર પાપડ, શાક, વડાં તેમજ પુરીઓ, શીરો, લાડુ, તેમજ સોનાના પાત્રમાં દહીંથી તરબોળ કરેલાં અડદનાં વડાં, વિવિધ પ્રકારનાં અથાણાં અને ભજિયાં સોનાના પાત્રમાં, તેમજ સુવર્ણની વાડકીઓમાં ભરેલી તુવેરની દાળ તથા દૂધપાક, ઊનું દૂધ, ચીકણું અને મધુર દહીં આદરપૂર્વક પ્રેમવતી માતાએ લાવીને શ્રીહરિની આગળ મૂક્યાં. (૧-૫)

ત્યારબાદ પ્રેમવતી માતા પોતાના પુત્ર શ્રીહરિને અમૃત જેવા સ્વાદિષ્ટ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્યાત્મક ચાર પ્રકારના ભોજનો ઘણાં પ્રેમથી જમાડતા હતા, સોનાના સુંદર પ્યાલાથી પુત્રને જળ પાતાં પાતાં હે પુત્ર! તમે આ જમો, તે જમો એમ બોલતાં માતા પુત્રને જમાડતાં હતાં; પ્રેમવતીમાતા પુત્રને હર્ષથી ધીમે ધીમે વિવિધ ભોજનો જમાડીને પછી દાળ ભાત પણ આદરપૂર્વક જમાડતાં હતાં. પ્રેમવતીમાતા સાકર મિશ્રિત દૂધ અને દહીં પ્રાણથી વધારે પ્રિય પોતાના પુત્રને જમાડતાં હતાં. ભોજન જમવામાં અતિશય ચતુરાઈ બતાવતા શ્રીહરિને અનિમીષ દૃષ્ટિથી પ્રેમવતી માતા ઘણીવાર જોઈ રહેતાં અને દૂધની ધોળી રેખાથી રમણીય હોઠવાળું મુખ જોઈને અનુપમેય આનંદ પામતાં. (૬-૧૦)

પછી શ્રીહરિને તૃપ્ત થયેલા જાણીને પ્રેમાળ હૃદયવાળા પ્રેમવતીએ શ્રીહરિના બે હાથ તથા મુખ જળથી ધોઈને શ્રીહરિને મુખવાસ આપ્યો. (૧૧)

ભક્તિમાતા શ્રીહરિને પોતાના ખોળામાં બેસાડીને આનંદ પામતાં, મંદ હાસ્યથી મધુર શ્રીહરિનું મુખારવિંદ જોતાં તે ધર્મ પુત્ર શ્રીહરિ જે પોતાના સંબંધીઓને આનંદ પમાડનારા અને સર્વ શોભાના સ્થાનરૂપ અતિશ્રેષ્ઠ ગુણવાળા તેમને રમાડતાં હતાં. (૧૨)

પછી શ્રીહરિએ પોતાના માતુશ્રીને દિવ્ય દૃષ્ટિ આપી તેથી ભક્તિમાતા તે દિવ્ય દૃષ્ટિથી શ્રીહરિનું અનુપમ આશ્ચર્યકારી ઐશ્વર્ય જોવા લાગ્યા. (૧૩)

માતુશ્રીને શ્રીહરિએ દિવ્ય દૃષ્ટિ આપી. શ્રીહરિનાં દર્શન કરવા માટે હર્ષપૂર્વક ત્યાં બ્રહ્મા આવ્યા. એટલે તે પુરુષને અપરિચિત જાણીને દ્વારપાળે ભક્તિમાતાને પૂછ્યું, હે માતુશ્રી ! તમારા પુત્રનાં દર્શન કરવા કોઈ આવ્યા છે. તેમને આવવા દેવા કે નહીં ? દિવ્ય દૃષ્ટિવાળા ભક્તિમાતાએ પોતાના ખોળામાં બેઠેલા

પુત્ર શ્રીહરિને પ્રીતિથી પૂછ્યું. હે હરે ! આપના આ ઘરના દ્વાર પાસે કોઈક માણસ આવીને ઊભા છે. હે હરે ! દ્વારપાળે આજ્ઞા માંગી છે તો તમારી આજ્ઞા થાય ત્યારે તે અહીં આવે, તે સાંભળીને શ્રીહરિએ માતાને કહ્યું 'હે માતુશ્રી ! તેમને અહીં આવવા દ્યો.' શ્રીહરિએ આજ્ઞા આપી તેથી ભક્તિમાતાએ દ્વારપાળને કહ્યું, 'હે દ્વારપાળ ! તેમને અહીં હર્ષપૂર્વક બોલાવી લાવો.' (૧૪-૧૭)

પછી દ્વારપાળ સાથે આવેલા બ્રહ્માએ શ્રીહરિની સમીપમાં આવીને આદરપૂર્વક પોતાનું સ્વરૂપ પ્રકાશિત કરીને શ્રીહરિને નમસ્કાર કરીને, તેમની સન્મુખ બેઠા. ત્યારે શ્રીહરિએ આપ કોણ છો ? એમ તેમને પૂછ્યું. ત્યારે હે દેવેશ ! હું બ્રહ્મા છું. એમ કહીને ફરીથી પણ તે બ્રહ્માએ શ્રીહરિને આદરપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભક્તિમાતા આ પ્રમાણે નમસ્કાર કરતા, મહા તેજસ્વી, મુગટવાળા, ચાર મુખવાળા બ્રહ્માને જોઈને વિસ્મય પામ્યાં. (૧૮-૨૦)

શ્રીહરિએ પોતાની આગળ બેઠેલા હાથ જોડેલા વિનયથી નમ્ર, બ્રહ્માને ઓળખવા છતાં પણ તમે કયા બ્રહ્મા છો ? એમ પૂછ્યું, શ્રીહરિનું આ વચન સાંભળીને વિસ્મય પામેલા (મારા વિના બીજો બ્રહ્મા દેખાતો નથી અને આ શ્રીહરિ ''કયા બ્રહ્મા'' એમ મને કહે છે તેથી વિસ્મય પામેલા) કમલાસન (કમળ ઉપર જેમનું આસન છે) હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૧-૨૨)

બ્રહ્મા બોલ્યા : હે સ્વામીન્ ! તમો ''કયા બ્રહ્મા'' એવું મને પૂછ્યું એટલે મને સંશય થયો છે કે મારાથી બીજો કમલાસન કોઈ નથી. હે હરે ! જીવોના અંતર્યામી સર્વ અવતારોના કારણ, ઈશ્વરના ઈશ્વર, તમારી પાસેથી હું તે જાણવા ઈચ્છું છું. (૨૩-૨૪)

શ્રી શુકાનંદમુનિ બોલ્યા : પછી શ્રીહરિ મંદ મંદ હસતા હસતા પ્રીતિપૂર્વક બ્રહ્માને કહેવા લાગ્યા; હે બ્રહ્મા ! કરોડો બ્રહ્માંડમાં રહેલા બ્રહ્મા, વિષ્ણુ, શીવ અસંખ્યાત છે. (અનેક બ્રહ્માંડો છે તેમાં તમો એક જ બ્રહ્માંડના બ્રહ્મત્વાભિમાની બ્રહ્મા છો.) આવું કહીને શ્રીહરિએ સ્મરણ કર્યું, ત્યાં કરોડો બ્રહ્માંડમાં રહેલા બ્રહ્મા-વિષ્ણુ-શંકર શ્રીહરિનાં સંકલ્પથી ત્યાં આવ્યા. (૨૫-૨૬)

આઠ મુખવાળા, સોળ મુખવાળા, બત્રીસ મુખવાળા, ચોસઠ મુખવાળા, સો મુખવાળા, હજાર મુખવાળા તથા લાખ મુખવાળા બ્રહ્માઓ ત્યાં આવ્યા. તેવી રીતે બીજા કરોડ મુખવાળા ઘણા બ્રહ્માઓ ત્યાં આવ્યા. હે રાજન્ ! પછી અનંત વિષ્ણુ પણ શ્રીહરિની આગળ આવ્યા. વિષ્ણુમાં પણ કેટલાક ચાર ભુજાવાળા, આઠ ભુજાવાળા કેટલાક સહસ્ત્ર ભુજાવાળા હતા. તેઓ સત્ત્વ ગુણેયુક્ત હતા અને સદા પ્રજાનું રક્ષણ કરવાવાળા હતા. (૨૭-૨૯)

પછી લાંબી જટાવાળા વિસ મુખવાળા, પચાસ મુખવાળા, સો મુખવાળા, અનેક રુદ્રો ત્યાં આવ્યા. (૩૦) હજાર મુખવાળા, લાખ મસ્તકવાળા, હજાર આંખોવાળા, લાખ નેત્રવાળા, દસલાખ નેત્રવાળા, ઈન્દ્રો ત્યાં આવ્યા. (૩૧) તેવી રીતે બીજી વિવિધ આકૃતિઓ તથા અલંકારો પહેરેલા લોકપાળો, શ્રીહરિના સમીપમાં આવ્યા. તે સર્વે બ્રહ્માદિકો શ્રીહરિના ચરણકમળ જે આસન ઉપર હતા તેને નમસ્કાર કરતા હતા. (૩૨)

પછી હે રાજન્ ! પ્રસન્ન થયેલા બ્રહ્માદિએ અવતારી શ્રીહરિને જોઈને શ્રીહરિની આગળ વિવિધ ઉપહારો અર્પણ કર્યાં. (૩૩)

ત્યારબાદ "તમો કોણ છો !" આ રીતે આશ્ચર્યપૂર્વક પૂછાએલા બ્રહ્માદિએ ભક્તિમાતાને 'હે માનદ્! અમો બ્રહ્માદિ લોકેશ્વરો છીએ.' એમ કહ્યું. (૩૪)

અવતારોના કારણ આ તમારા પુત્રે જે અમને આ વિશ્વનાં (જગતની સૃષ્ટિ વગેરે) જુદા જુદા કાર્યોમાં નિયુક્ત કરેલા છે. (૩૫)

હે કલ્યાણી ! નિરંતર અમે તેમની આજ્ઞા પાળીને અમારા અધિકાર અનુસાર સદા તે તે કાર્ય કરીએ છીએ. કાળ, અક્ષર તથા સમગ્ર લોકપાળો આ તમારા પુત્રના ભયથી તેમની આજ્ઞા ક્યારેય પણ ઉલ્લંઘન કરી શકતા જ નથી. તેથી ઉપનિષદો, સંકર્ષણ, ઈશ્વરો તથા અક્ષરમુક્તો આ તમારા પુત્રનો જ મહિમા સદા ગાય છે. પંચરાત્ર તથા સમગ્ર સાંખ્ય યોગ વગેરે શાસ્ત્રોએ જેમનું માહાત્મ્ય ગાયું છે, તે જ આ તમારા પુત્ર પુરુષોત્તમ છે. હે મહા ભાગ્યશાળી તમો બંને પતિપત્ની! તમને ધન્યવાદ છે. તમો વંદના કરવા યોગ્ય છો. કારણ કે બ્રહ્મપુરના અધિપતિ શ્રીહરિ તમારા પુત્ર છે. અતિ તીવ્ર અને ઘણા કાળ પર્યંતના તપથી જ આ તમારા પુત્રના દર્શન અમો પામ્યા છીએ અને અમે સર્વે કૃતાર્થ થયા છીએ. (૩૬-૪૧)

લોકેશ્વરો ભક્તિમાતાએ આ પ્રકારે કહીને શ્રીહરિને આદરપૂર્વક ફરીને પ્રણામ કરીને શ્રીહરિએ આજ્ઞા આપી એટલે તત્કાળ ત્યાંથી અંતર્ધાન થયા. પહેલા આવેલ બ્રહ્મા પણ શ્રીહરિનું ઐશ્વર્ય જોઈને, તેમને સાષ્ટાંગ પ્રણામ કરી, તેમની સ્તુતિ કરીને (ગર્વરહિત થઈને) પોતાના ધામ પ્રત્યે ગયા. (૪૨-૪૩)

પછી ભક્તિમાતા દિવ્ય દૃષ્ટિથી જોયેલું પોતાના પુત્રનું અદ્‌ભુત ઐશ્વર્ય ધર્મદેવ તથા રામપ્રતાપ વગેરે બંધુઓને પ્રીતિપૂર્વક કહેવા લાગ્યા; તે ધર્માદિક સ્વજનો તે આશ્ચર્ય સાંભળી આનંદઘન, અલૌકિક સ્વરુપધારી શ્રીહરિને પરસ્પર કહેવા લાગ્યા. **ધર્માદિ બોલ્યા** :- આ તો અતિ આશ્ચર્ય છે, અલૌકિક શોભા, સંપત્તિ વગેરેથી યુક્ત એવું જે અક્ષરધામ તેના સ્વામી સર્વેશ્વર, સાક્ષાત્ આ શ્રીહરિ (રંકને જેમ ચિંતામણી મળે તેમ) અમને પ્રાપ્ત થયા છે. સમગ્ર ઉપનિષદોએ ગાન કરેલા મન અને વાણીને અગોચર યોગી પુરુષોને પણ દુર્લભ દર્શનવાળા, શ્રીહરિને અમો પામ્યા તેથી અમો ધન્ય છીએ, આ શ્રીહરિના નામ સંસ્કાર સમયે માર્કંડેય મુનિએ જે કહ્યું હતું તે દિવ્ય ઘટનાઓનો અમે અનુભવ કરીએ છીએ. (૪૪-૪૮)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજેન્દ્ર ! ધર્મ આદિ સ્વજનોને પરમેશ્વર શ્રીહરિની ઈચ્છાથી તેમના એ દિવ્યભાવની વિસ્મૃતિ કરાવી. એટલે પુણ્યશાળી ધર્મદેવ સર્વ લોકોના સ્વામી, શ્રીહરિને પોતાના પુત્ર માનીને સારી રીત લાડ લડાવવા લાગ્યા. (૪૯)

આવું અતિ સર્વોત્તમ શ્રીહરિનું ચરિત્ર પૃથ્વીમાં જે માણસ ભક્તિપૂર્વક કહેશે અને સાંભળશે તેનો મોહ તત્કાળ નાશ પામશે અને તે ભક્તને આ શ્રીહરિના સર્વોત્તમ સ્વરુપનો નિશ્ચય થશે. (૫૦)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિચરિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં દ્વિતીય સ્કંધમાં માતાને શ્રીહરિના અસાધારણ ઐશ્વર્ય દર્શન નિરૂપણ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. (૮)



અધ્યાય ૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! અયોધ્યા નગરમાં વસતા ભૃગુ નામના વૈશ્યને શ્રીહરિમાં ઘણી પ્રીતિ થઈ. પોતે કરેલા, પૂર્વજન્મના સુકૃતોથી ભૃગુને શ્રીહરિ સાથે મિત્રભાવ થયો અને ક્ષણવાર પણ શ્રીહરિથી છૂટો પડી શકતો નહીં. (૧-૨)

પૂર્વજન્મના પુણ્યથી શ્રીહરિના મામાનો પુત્ર મંછારામ પણ શ્રીહરિનો મિત્ર થયો. શ્રીહરિની સેવામાં ભૃગુ તથા મંછારામ તત્પર રહેતા, રમત રમવી, સ્નાન, દેવદર્શન, ભગવાનનું ધ્યાન, માળા ફેરવવી વગેરે ક્રિયાઓમાં તેઓ સદા શ્રીહરિની સાથે જ રહેતા હતા. (૩-૪)

હે રાજન્ ! સમાન વયવાળા બીજા પણ ઘણાં પુરના બાળકોને શ્રીહરિ સાથે દૃઢ મિત્રભાવ થયો. શ્રીહરિના પ્રભાવથી આ બાળ અવસ્થામાં પણ સદ્ગુણોથી ભરેલા મહા પુણ્યશાળી તે બાળકોના ભાગ્ય હે રાજન્ ! હું શું કહું ? (યથાર્થ કહેવા માટે સમર્થ નથી) મહા સુકૃતશાળી સર્વે આત્માઓના પણ આત્મભૂત શ્રીહરિમાં પ્રીતિવાળા બાળકોની સાથે હંમેશા ફરતા, શ્રીહરિ કલ્યાણકારી બાળલીલાઓ કરતા હતા. હે રાજન્ ! તે સમયમાં અયોધ્યા નરેશનાં પુત્ર ભવાનીસિંહ તથા દાનસિંહ સદા ધર્મનિષ્ઠ શ્રીકૃષ્ણમાં પ્રીતિવાળા, હૃદયથી ધર્મ નિષ્ઠ તે રાજકુમારો સાચા ગુરુને હંમેશા ખોળતા, અયોધ્યામાં ધર્મદેવને જ સદ્ગુરુના ગુણોથી યુક્ત જાણીને, તેમના શિષ્ય થયા. પછી તેમની ધનાદિ પદાર્થોથી સેવા કરવા લાગ્યા. તે બંને રાજકુમારો પોતાના ગુરુપુત્ર શ્રીહરિને, રમણીય પુષ્પ રથ મોકલીને વારંવાર પ્રીતિપૂર્વક પોતાને ત્યાં બોલાવતા હતા. પોતાની સમાન વયના મિત્રો સાથે શ્રીહરિ જ્યારે જ્યારે રાજાના ભવનમાં આવતા ત્યારે રૂપ, માધુર્ય, પ્રાગલ્ભ્યાદિ ગુણોના સમુદ્ર શ્રીહરિને રાજકુમારો તથા સભામાં બેઠેલા સભાજનો પ્રીતિપૂર્વક તત્કાળ ઊઠીને પોતાના સુવર્ણમય આસનમાં બેસાડતા. રાજકુમારો ચંદન, કુંકુમ, કસ્તુરી, પુષ્પહાર વગેરે ઉત્તમ પ્રકારના વિવિધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા હતા. તે બંને રાજકુમારો પેંડા આદિ ખાદ્ય પદાર્થો, નાના પ્રકારનાં પાકેલાં ફળો, દ્રાક્ષ, એલાયચી, સાકર, આદિક મેવાઓ શ્રીહરિને વારંવાર અર્પણ કરતા હતા. (૫-૧૫)

શ્રીહરિના રૂપમાં તે બંને રાજકુમારોનું મન અત્યંત આકર્ષાયું હોવાથી તે બંને સ્થિર નેત્રોથી શ્રીહરિનાં દર્શન કરતા સાક્ષાત્ શ્રીહરિને વિષે દૃઢ સ્નેહવાળા તે બંને રાજકુમારોના અત્યુત્કૃષ્ટ ભાગ્ય હું કેવી રીતે વર્ણવું ? (૧૬-૧૭)

તે બંને રાજકુમારો શ્રીહરિને આદરપૂર્વક પોતાને ત્યાં વારંવાર બેસાડતા છતાં શ્રીહરિ પોતાના બીજા બાળમિત્રો સાથે બીજા સ્થાનોમાં જઈ એકાંતમાં બેસતા અને ત્યાં બંને રાજપુત્રોએ આપેલાં નાના પ્રકારના સ્વાદિષ્ટ ફળો તે બાળમિત્રોને વહેંચીને દરરોજ જમતા હતા. (૧૮-૧૯)

તે રાજપુત્રો મોટા પર્વના દિવસે વાહન મોકલીને ધર્મપુત્ર શ્રીહરિને હર્ષપૂર્વક પોતાના મહેલે બોલાવતા ત્યારે શ્રીહરિ તે વાહનમાં બેસીને પોતાના મિત્રો સાથે ટોળેટોળાં વળીને પુરનાં જનોને દર્શન

દેતા રાજસભામાં પધારતા. તેથી પ્રસન્ન થતા રાજપુત્રો શ્રીહરિનું આદરપૂર્વક સન્માન કરવા પોતાના સભાજનોની સાથે તત્કાળ ઊઠીને સામા આવતા. પછી સર્વ ગુણના સમુદ્ર ધર્મપુત્ર શ્રીહરિને બંને રાજકુમાર સુવર્ણના બનાવેલા, આસનમાં પ્રીતિથી બેસાડતા હતા. પછી સુવર્ણના સુંદર તારના બનાવેલા અત્યંત મૂલ્યવાળાં શ્રેષ્ઠ વસ્ત્રો તેમજ વિવિધ પ્રકારના રમણીય સુવર્ણ અને મણિઓના અલંકારોથી તેમજ ચંદન, અક્ષત, કાશ્મીર, કુંકુમ તથા પુષ્પો, હાર, તોરાઓ તથા બીજા ઉપતારોથી બંને રાજકુમારો હર્ષથી શ્રીહરિની પૂજા કરતા. પછી તે રાજકુમારો શ્રીહરિના બંને ચરણ કમળને જળથી ધોઈ, તે પ્રસાદી જળ પોતે તથા પોતાના આત્મીય જનો પોતપોતાના શિરે ચઢાવતા હતા. (૨૦-૨૬)

પછી બંને રાજકુમારો ગોળ બે શિખરોવાળા, રત્નજડિત સુવર્ણ કળશવાળા સુવર્ણના દર્પણો તથા ઘુઘરીઓ જડેલો 'પુણ્યરથ' શ્રીહરિને આપતા હતા. રાજકુમારોએ ઉત્તર દિશાના હિમાચલ પ્રદેશનો એક વર્ષનો ઉંમરનો ટંકણ ઘોડો તે મનોહર રથમાં જોડવા માટે આપ્યો. તે ઘોડાના સર્વે અંગો અલંકારોથી શણગાર્યા હતા. ચંદ્રની ચંદ્રિકાની માફક ઉજ્જવળ કાંતિવાળો અશ્વ શાસ્ત્રમાં કહેલા અશ્વના શુભ ચિન્હોથી યુક્ત, પાંચ પ્રકારની ધીમી ચાલ ચાલવામાં શ્રેષ્ઠ, ઝાંઝરોના ઝણકારથી અત્યંત શોભતો જાણે શ્રીહરિના મુખકમળની શોભા જોવા માટે, અશ્વના જેવું રૂપ ધારણ કરીને પોતાના મંડળથી સાક્ષાત્ ચંદ્રમાં જ ન આવ્યા હોય, તેવો ઉજ્જવલ તે ઘોડો શોભતો હતો. રાજકુમારો તે અશ્વને રથમાં જોડાવીને શ્રીહરિને રથમાં બેસાડીને વાજીંત્રો વગાડતા શ્રીહરિને તેમને ઘેર મોકલતા હતા. (૨૭-૩૧)

રાજાના સારથીએ જોડેલા તે રથમાં બેઠેલા શ્રીહરિની દર્શનીય મૂર્તિ દારુકે જોડેલા રથમાં બેઠેલા દેવકી સુત શ્રીકૃષ્ણની જેમ શોભતી હતી. સુવર્ણ તારના કાંતિવાળા વસ્ત્રો પહેરેલા શ્યામ કમળોના જેવી કાંતિવાળા પિંગલમણિના સમૂહો સાથે મિશ્રિત કરેલા નીલમણિના સમૂહની માફક શ્રીહરિ શોભતા હતા; દાડમના પુષ્પો જેવા લાલ મહામૂલ્યોવાળાં વસ્ત્ર તથા મોતીઓના હારથી શ્રીહરિ, લાલ કમળથી યુક્ત યમુના નદીનું જળ ચંદ્રના કિરણોથી જેમ શોભે તેમ શોભતા હતા; મણિજડિત સુવર્ણ આભૂષણોથી જેમણે દર્શન કરનારા ભક્તોના મન હરિ લીધાં છે તે ધર્મનંદન શ્રીહરિ જેમ મેઘ ઈન્દ્રધનુષ્યથી શોભે તેમ શોભતા હતા. (૩૨-૩૫)

આ પ્રકારે અત્યંત શ્રેષ્ઠ શોભાયુક્ત શ્રીહરિને જોવા માટે જનો રાજમાર્ગમાં પોતાનું કામ છોડીને, ટોળે ટોળાં મળીને, અત્યંત ભ્રાંત મનવાળા બનીને આવતા હતા. શ્રીહરિને જોઈને અતિ આનંદ પામેલાં હજારો હજાર સ્ત્રીઓ તથા પુરુષો તેમના શરીર ઉપરથી ખસી જતાં વસ્ત્રો તથા આભૂષણોનું પણ ભાન ખોઈ બેઠાં હતાં. અત્યંત મનોહર શ્રીહરિની સ્મિત સુધા તથા સુંદર લોચનવાળા શ્રીહરિના મુખનું પાન કરીને પુરવાસી જનો હે રાજન્ ! તૃપ્તિ પામતા જ નહતા. શ્રીહરિનાં દર્શનમાં આસક્ત નેત્રવાળા જનો ચિત્રેલા ચિત્રની જેમ સ્થિર બની, શ્રીહરિનાં દર્શનમાં વિક્ષેપ કરતી પોતાની આંખોની પાંપણોને બનાવનાર બ્રહ્માનો અત્યંત તિરસ્કાર કરતા હતા. સરયૂના જળથી ભરેલી ગાગરોને મસ્તક ઉપર ધારણ કરેલી સ્ત્રીઓ પણ, પીડા નાશ કરનાર દર્શન જેમનાં છે તે, તે શ્રીહરિને જોઈને જાણે ચિત્રમાં ચિતરેલી હોયને શું એમ અત્યંત સ્થિર થઈ ગઈ. (૩૬-૪૦)

સરખી ઉંમરવાળા, મંછારામ ભૃગુ વગેરે, મહાજનોની સાથે જોઈને વીંટાયેલા રથમાં બેઠેલા શ્રીહરિને રાજા, કારભારીઓ, સેવકો વગેરે મહાજનોની સાથે જોઈને પુરના જનો અતિ આશ્ચર્ય પામ્યા, પ્રેમથી ભરેલા શ્રીહરિના મંગળરૂપથી જેમના અંતઃકરણ તથા નેત્ર ખેંચાયા છે; તે મનુષ્યો પોતાના કામકાજ, ઘર, દેહ વગેરેને ભૂલી શ્રીહરિના રથની પછવાડે દોડતા હતા. આત્યાંતિક શ્રેયમાં કારણભૂત એવા સદ્‌ગુણોનાસ્થાનરૂપ, અલંકારોથી શોભતા શરીરવાળા, દર્શન કરનારાના મનમાં આનંદની વૃદ્ધિ કરનારા, શોભાયમાન અવયવોવાળા, કરોડો, કામદેવના મદનો નાશ કરનારા, શૃંગારાદિ જે ભક્તિરસ તે દશ પ્રકારના રસના નિધિ, નેત્રોને આનંદ ઉપજાવનાર શ્રીહરિને તે સર્વે જોતા હતા. (૪૧-૪૩)

પોતાના દર્શનથી પુરજનોને અત્યંતાનંદ પમાડતા પોતાના ભુવન તરફ જતા શ્રીહરિને જોઈને, શ્રીહરિના અત્યંત પુણ્યશાળી માતાપિતા, મોટાભાઈ રામપ્રતાપ અને રામપ્રતાપના પત્ની સર્વે બંધુજનો અત્યંત આનંદ પામ્યા. પછી પોતાના પુત્રને પ્રીતિપૂર્વક રથમાંથી ઉતારીને ધર્મદેવ તથા ભક્તિમાતા તેમને રમાડતા હતા. (૪૪)

હે રાજન્ ! શ્રીહરિમાં અતિશય પ્રેમથી વ્યાપ્ત હૃદયવાળાં, પતિપત્ની ભારત ભૂમિમાં પોતાના આશ્રિત જનોના આત્યંતિક કલ્યાણ માટે પ્રગટ થયેલા, નાના પ્રકારના અલૌકિક અને ધ્યાન કરવા યોગ્ય રમણીય ચરિત્રોવાળા, દિવ્યાનંદના સમુદ્ર, શ્રીહરિને અત્યંત સ્વાદુ ભોજનો પ્રીતિપૂર્વક જમાડતા હતા. એવી રીતે તેઓ સદા શ્રીહરિની સેવા પરાયણ રહેતા. (૪૫)

હે રાજન્ ! કુમાર અવસ્થાવાળા શ્રીહરિનું દિવ્યચરિત્ર મેં તમોને આવી રીતે કહ્યું જે મનુષ્ય આ સાંભળશે અને કહેશે તે મનુષ્યને સર્વ થકી પર અક્ષર, તે થકી પણ પર, સર્વોત્કૃષ્ટ સર્વ વ્યાપક શ્રી પુરુષોત્તમ સાક્ષાત્ પ્રત્યક્ષ શ્રીહરિમાં આત્યંતિક મુક્તિ આપનારી પ્રીતિ થશે. (૪૬)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં ભવાની સિંહ તથા દાનસિંહ રાજકુમારોએ શ્રીહરિની પૂજા કરી તે નિરૂપણ નામનો અધ્યાય નવમો સંપૂર્ણ. (૯)



અધ્યાય ૧૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! જે પરા અપરા પ્રકૃતિથી અતિ વિલક્ષણ સર્વ આવિર્ભાવના કારણ દિવ્ય, સ્વતઃ સિદ્ધ, કલ્યાણકારી, જ્ઞાનના મહા સમુદ્ર, સ્વરૂપના આનંદથી પૂર્ણ, સર્વ દોષથી રહિત માયાના આવરણ રહિત, સ્વરુપવાળા; અખિલેશ્વર છે તે જ આ શ્રીહરિ પ્રત્યક્ષ પ્રમાણ છે. (૧)

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થના નિધિરૂપ, શ્રીહરિને આ લોકમાં તેમને આધીન પ્રકૃતિએ રચેલા પંચવિષયોમાં ક્યારેય પણ ભોગની ઈચ્છા નથી, તેમ જ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે

કંઈ કરવાપણું અને પોતાના આત્માને સુખ થાય તેવી વસ્તુ પ્રાપ્ત કરવા પણું પણ કાંઈ નથી. તો પણ કેવળ અપાર દયાથી જ પોતાના આશ્રિતજનોની આત્યંતિક મુક્તિ કરવા માટે, મનોહર મનુષ્ય નાટ્યધારી એકાંતિક ભક્તોને સુખ આપનાર અનુપમ, શ્રીહરિ, માતા પિતાને આનંદ ઉપજાવવા અનેક પ્રકારની કલ્યાણકારી બાળલીલા કરતા હતા. (૨-૩)

કોટી બ્રહ્માંડોની રચનાનું જેને જ્ઞાન છે, તે દિવ્યાકૃતિવાળા શ્રીહરિનું એક આશ્ચર્યકારક બાળ ચરિત્ર તમોને હું કહું છું હે રાજન્ ! એકાગ્ર મનથી તમો તે સાંભળો. (૪)

એક સમયે સવારમાં મંછરામ તથા બીજા બાળકો સાથે શ્રીહરિ સરયૂનદીએ ગયા. તે સરયૂને નમસ્કાર કરીને તેમાં બાળકો સહિત જળક્રીડા કરતા સ્નાન કરવા લાગ્યા. સ્નાન કર્યા પછી તે બધા બાળકો સાથે શ્રીહરિ આનંદથી દેવદર્શન માટે અયોધ્યાપુરીના દરેકે દરેક દેવ મંદિરમાં ગયા. તે પુરુષોત્તમ બાળપ્રભુ લોકોને ભક્તિનું શિક્ષણ મળે તેવું આચરણ કરતા. દેવદર્શન કરીને બાળકોની સાથે પોતાને ઘેર આવ્યા. હે રાજન્ શ્રીહરિ પોતાના ઘરમાં આવ્યા પરંતુ કાંઈ કામકાજ માટે બહાર ગયેલા પોતાના મોટા ભાઈ તથા પિતાશ્રીને તેમને ન જોયા; વળી પોતાની શિષ્ય સ્ત્રીઓ સાથે સ્નાન કરવા સરયૂનદીએ ગયેલા પોતાના માતુશ્રીને પણ માતૃપ્રિય શ્રીહરિએ ન જોયાં, હે રાજન્ ! પછી શ્રીહરિએ રસોડામાં જઈને ત્યાં રસોઈ બનાવતાં એકલા સુવાસિની ભાભીને જોયાં; એટલે સુંદર ચંચળ નેત્રોવાળા, અત્યંત મધુરભાષી શ્રીહરિ ભાભીને કહેવા લાગ્યા. હે ભાભી ! મને ખૂબ જ ભૂખ લાગી છે. તેથી મને ભોજન આપો. હે સુવ્રતે ! તમો જરા પણ વાર લગાડશો નહીં. (૫-૧૨)

બાળ સ્વરૂપધારી મનુષ્યલીલા કરતાં શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રત્યક્ષ પરમાત્મા શ્રીહરિને મંદ મંદ હસતા સુવાસિની કહેલા લાગ્યાં; હે દીયર ! દાળ, ભાત તૈયાર છે પણ પુરીઓ કરવાની છે તેથી રસોઈ હમણાં જ તૈયાર થઈ જશે. પછી વિષ્ણુને નૈવેદ્ય ધરીને તમોને તરત જ આપીશ. તેથી તમો થોડા સમય સુધી થોભો. એમ છતાં પણ તમારે ઉતાવળ હોય તો હે તાત ! (અતિશય સ્નેહના સૂચન રૂપે તાત શબ્દનો પ્રયોગ છે) આ પુવા, મગદળના લાડુ, ચણા, સુખડી વગેરે જમો. (૧૩-૧૬)

આવી રીતે સુવાસિનીએ પોતાના પ્રિય શ્રીહરિને કહ્યું. પછી શ્રીહરિ ભાભીને કહેવા લાગ્યા. હે ભાભી ! તમોએ કહ્યાં તે પદાર્થો મારે નથી ખાવાં; જો આપતા હો તો મને પેંડા આપો. શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું; ત્યારે ભાભીએ કહ્યું "પેંડા તો આપણા ઘરમાં નથી." (૧૭-૧૮)

ત્યાં ભાભીએ મૂકેલી રત્નજડિત સોનાની અંગુઠી લઈ શ્રીહરિએ ભાભીને કહ્યું, હે કલ્યાણી! ભૂખથી મને અત્યંત પીડા થાય છે. માટે મને જમવાનું આપો. વિલંબ કરશો નહીં. જો હમણાં ભોજન નહીં આપો તો આ તમારી અંગુઠી લઈને હું જતો રહીશ. પછી કંદોઈની દુકાને આ તમારી અંગુઠી વેચીને પેંડા લઈ, હું મારા મિત્રો સાથે જમીશ. (૧૯-૨૧)

સકલૈશ્વર્ય સંપન્ન શ્રીહરિ ભાભીને આવું કહીને શ્રોતાજનોને મંગળકારી બાળક્રીડા ચંચળતાપૂર્વક કરતાં અંગુઠી લઈને ત્યાંથી તત્કાળ નાઠા. તેથી સુવાસિની હાથ ધોઈને તરત જ શ્રીહરિને પકડવા માટે

અતિ વિશાળ ઘરમાં દોડતા શ્રીહરિની પછવાડે દોડ્યાં. હે રાજન્ ! તે વિશાળ ભુવનમાં અતિ ચપળ શ્રીહરિને પકડવા માટે માનિની સુવાસિની પ્રયત્ન કરતા હતા, નિરંજન, મન અને વાણીથી પર, અચ્યુત, પરમાત્મા તે શ્રીહરિને પકડવાનો પ્રયત્ન કરવા છતાં પણ ભાભી પકડી ન શક્યાં. પછી દૂર રહેલા ચંચળ નેત્રવાળા, મનોહર શ્રીહરિને જોઈને સુવાસિનીએ કહ્યું, હે બુદ્ધિમાન ! ધર્મવંશમાં અલંકારરૂપ તમારે આ અંગુઠીની ચોરી કરવી તે યોગ્ય નથી. હે દીયરજી ! જ્યારે આ મારી અંગુઠી લઈને તમો ભાગી જશો ત્યારે હે ધીમન્ ! તમારા મોટાભાઈ તમોને ઠપકો આપશે. વળી ધર્મદેવ અને ભક્તિમાતા પણ તમોને ઠપકો આપશે. આ અયોધ્યા નગરીમાં પ્રસિદ્ધ કીર્તિવાળા, સ્પૃહણીય સ્વભાવવાળા, અનેક અલૌકિક ગુણોથી શોભતા તમોને લોકો ચોર જ માનશે. (૨૨-૨૮)

શ્રીહરિને આ પ્રમાણે કહીને તે વિશાળ ઘરનું બારણું બંધ કરીને બહાર ઊભેલાં સુવાસિની ઘરના મધ્યમાં નિર્ભય ઊભેલા શ્રીહરિને હસતાં હસતાં કહેવા લાગ્યાં. હે હરે ! મારી અંગુઠી તમે આપશો, ત્યારે જ ઘરમાં પુરાયેલા તમોને હું બહાર આવવા દઈશ. ત્યાં સુધી ઘરમાંથી બહાર આવવા નહીં જ દઉં. સુવાસિની જ્યાં આ પ્રમાણે કહે છે તેવામાં, જેને કોઈ આવરણ નડતું નથી, તે શ્રીહરિને બહાર ભુવનના આંગણામાં ઊભેલા મંદ મંદ હાસ્ય કરતાં પોતાના કરકમળમાં ધારણ કરેલી વીંટી દેખાડતા, સુવાસિનીએ જોયા. પૂર્વે કદી નહીં જોએલા શ્રીહરિના આ દિવ્ય આશ્ચર્યકારી ચરિત્રને જોઈ, શ્રીહરિને તો મેં ઘરમાં પૂર્યા છે. છતાં બહાર કેવી રીતે આવ્યા ? તે આશ્ચર્યથી પ્રસન્ન થતા સુવાસિની વિચારવા લાગ્યાં, જો આ શ્રીહરિ ઘરની બહાર દેખાય છે તો ઘરમાં નહોવા જોઈએ. આશ્ચર્ય પામતા પતિવ્રતા ભાભીએ એમ વિચાર કરીને ઘરનું બારણું ઉઘાડી નાખ્યું. સુવાસિનીએ હાથમાં વીંટી પહેરેલા, અતિરમણીય શ્રીહરિને ઘરમાં ઊભેલા જોયા. પછી તેમને હસતા (આ અંગુઠી તમે મને ઘરમાં પુરીને લીધી કે નહીં ? એમ કહેતા) જોઈને આશ્ચર્ય ચકિત થઈને આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા; બારણું વાસીને ઘરમાં જ પુરેલા છતાં ઘરની બહાર આંગણામાં દેખાયા, ત્યારે ઘરની અંદર જોયા તે કોણ હશે ? એમ ભાભી અંતઃકરણમાં આશ્ચર્ય પામ્યાં. આ મારા દીયરનું અલૌકિક છતાં સ્વાભાવિક ઐશ્વર્ય મેં જોયું. જો એમ ન હોય તો ઘરમાં પૂર્યા છતાં બહાર દેખાય જ કેમ ? વળી હમણાં ઘરની બહાર આંગણામાં દેખાતા નથી અને પહેલાંની માફક ઘરમાં જ દેખાય છે. તેથી મેં આમનો આ સ્વભાવ સિદ્ધ યોગ પ્રભાવ જોયો. આવી રીતે ભાભીએ પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો. (૨૯-૩૭)

ત્યારબાદ હે રાજન્ ! સુવાસિનીને શ્રીહરિની ઇચ્છાથી જ તે દિવ્યભાવની વિસ્મૃતિ થઈ ગઈ. પછી હે રાજન્ ! રમણીય અને ચંચળ નેત્રોથી જોવા યોગ્ય શ્રીહરિને તેઓ કહેવા લાગ્યા. હે શીલવંતા! હે ધર્મધારિન્ ! હે દેવર ! તમો મારી અંગુઠી આપી દ્યો. સદ્‌ગુણોથી શોભાયમાન તમારે આવી રીતે લોકોમાં નીંદનીય કાર્ય ન જ કરવું. આવી રીતે કહીને પોતાના ઘરના બારણામાં ઊભેલાં ભાભીને શ્રીહરિ કહેવા લાગ્યા, હે કલ્યાણી ! તમે મારી પાસે આવો. તમારી અંગુઠી હું તમોને આપીશ. (૩૮-૪૦)

શ્રીહરિનું આ મધુર વાક્ય સાંભળીને સુવાસિની જેવા ઘરની અંદર આવે છે, તેવામાં તત્કાળ

શ્રીહરિ ઘરની બહાર નીકળીને ચપળ દૃષ્ટિથી જોતાં પલાયન કરી ગયા, પછી સુવાસિની તરત જ પોતાના ઘરનું બારણું વાસીને, અજેય શ્રીહરિને પકડવા પાછળ દોડ્યાં. ઉતાવળું ચાલવાથી તેમને શ્વાસ ચઢ્યો અને મુખ શ્વાસથી ફુલી ગયું ત્યારે પોતાના સમીપમાં જ શ્રીહરિને જોઈને બહુ વેગથી દોડ્યા. છતાં પણ તેમને પકડી ન શક્યા, ભમરાઓથી વીંટાયેલા ફુલોથી શણગારેલા કેશપાશ વારંવાર ખસી જતો, પરસેવાથી સમગ્ર અંગો ભીના થયા છે, તે સુવાસિની વાણી અને મનથી અત્યંત દૂર શ્રીહરિને પકડી ન શકવાથી પોતાને ઘેર પાછાં આવ્યાં અને આશ્ચર્ય પામીને પોતાનું કામ કરવા લાગ્યાં. (૪૧-૪૩)

પછી શ્રીહરિએ કંદોઈની દુકાને જઈને અંગુઠી વેચીને પુષ્કળ પેંડા લીધા. હે રાજન્ ! શ્રીહરિ પોતાને વિષે અત્યંત સ્નેહવાળા બાળકોને બોલાવીને, તેમને લઈને એકાંત સ્થાનમાં જઈને બેઠા. તે બાળકો જે શ્રીહરિમાં પ્રેમભાવથી આસક્ત થયા હતા અને તેમના દર્શન કરતા હતા, તેમને સર્વેને આનંદ કરાવતા શ્રીહરિએ તેમને ઘણા પેંડા આપ્યા અને પોતે પણ જમ્યા, હે મનુજેન્દ્ર! બ્રહ્માદિકોને પણ અત્યંત દુર્લભ પોતાના દર્શન કરનાર જનોના પાપના પુંજનો નાશ કરનાર, પ્રસાદીભૂત સુંદર ખાવા યોગ્ય પેંડાઓ બાળ સ્વરૂપધારી ભગવાન શ્રીહરિની સાથે જમતાં અત્યંત પુણ્યવાળા તે બાળકોના ભાગ્ય હું શું વર્ણન કરું? (૪૪-૪૬)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં દ્વિતીય સ્કંધમાં ભાભીની અંગુઠી ચોરી અને દિવ્ય ઐશ્વર્ય બતાવ્યું તે નિરુપણનો દસમો અધ્યાય સંપૂર્ણ. (૧૦)



અધ્યાય ૧૧ મો

બાળસ્વરૂપ નરનાટ્યથી શોભતા શ્રીહરિ ભયથી સર્વ બાળકોને પોતપોતાના ઘેર જવા માટે આરી, આપવા લાગ્યા. પરબ્રહ્મ, સ્વયં પ્રત્યક્ષ શ્રીહરિ, બીક પામેલા હોયને શું ? (ભાઈ, પિતા, માતા વગેરે તાડન કરશે એવી બીકથી) તેમ એકાએક ભક્તિ માતાની સખી વલ્લભાને ઘેર ગયાં. વલ્લભા વૈશ્યની પુત્રી હતી. છપૈયાપુરમાં જન્મી હતી. અને અયોધ્યાપુરીમાં તેનાં લગ્ન થયાં હતાં. તે પતિવ્રતાના ગુણોવાળી હતી. પતિવ્રતા ભક્તિ માતા સાથે તેને દૃઢ મૈત્રી હતી. ભક્તિ માતાને વલ્લભા સાથે પોતાની બહેન કરતાં પણ અધિક પ્રીતિ હતી. વલ્લભા ભક્તિકુમારનું રૂપ લાવણ્ય અને સદ્‌ગુણો જોઈ તેમનામાં પોતાના પુત્ર કરતાં અધિક સ્નેહ કરતી હતી. સર્વજ્ઞ શ્રી હરિ પોતાને વિષે તેની બહુ પ્રીતિ જાણીને, હે રાજન્ ! વલ્લભાને માતા સમાન ગણતા હતા. (૧-૬)

પોતાના પ્રેમી મિત્રો સાથે શ્રીહરિ ભક્ત વત્સલ છે, તેથી વલ્લભાને ઘેર વારંવાર જતા. વલ્લભા અત્યંત પ્રેમપૂર્વક વારંવાર પેંડા, બરફી તથા સાકર અને દૂધ યુક્ત પુંઆ શ્રીહરિને જમાડતી, વલ્લભા વિવિધ પ્રકારનાં સ્વાદુ ભોજનો, પાકાં આંબાના ફળો, કેળાં, જામફળ, દ્રાક્ષ, ખારેક, બદામ વગેરે શ્રીહરિને ખવડાવતી. (૭-૯)

હે રાજન્ ! મહાપુણ્યવાળી વલ્લભા અચ્યુત શ્રીહરિને અતિ પ્રેમથી લાડ લડાવતી તેથી ઘરના કામ પણ કરી શકતી નહીં. વેદોએ જેને સદાય શોધ્યા છે, અક્ષર બ્રહ્મ વગેરેથી શ્રીહરિને, જેમ યશોદા કૃષ્ણને સેવતા હતા, તેમ વલ્લભા સેવતી હતી. તેના ભાગ્યનું શું વર્ણન કરું ? (૧૦-૧૧)

વલ્લભાએ પોતાને ઘેર આવેલા પોતાના પ્રાણથી અતિપ્રિય શ્રીહરિને સુંદર સાકરથી યુક્ત દૂધનું પાન કરાવ્યું; વલ્લભાએ આદરપૂર્વક પેંડા તથા જમવા યોગ્ય પદાર્થ શ્રીહરિને સારી રીતે જમાડીને તેમને પ્રેમપૂર્વક બહુ મૂલ્યવાળાં વસ્ત્રો ધારણ કરાવ્યાં કમનીય મંદ હાસ્ય રૂપી સુધારસવાળાં શ્રીહરિનાં મુખારવિંદને સ્થિર નેત્રોથી જોતી તે શ્રીહરિને સારી રીતે લાડ લડાવતી હતી. (જ્યારે શ્રીહરિ વલ્લભાને ઘેર ગયા તે સમયે) હે રાજન્ ! ધર્મદેવ તથા શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપ તથા કલ્યાણી શ્રીહરિની માતા (ભક્તિમાતા) બહારથી પોતાને ઘેર આવ્યાં. (૧૨-૧૫)

સુવાસિનીએ પોતાની વીંટી શ્રીહરિ ચોરી ગયા, તે તેમનું દિવ્ય ચરિત્ર ભક્તિમાતાને કહ્યું, તે સાંભળીને ભક્તિમાતા વિસ્મય પામ્યાં. તેવામાં શ્રીહરિના બાળમિત્રોએ, કંદોઈને ત્યાંથી પેંડા લઈ અમે સૌ જમી ગયા, તે વૃત્તાંત ધર્મદેવ તથા ભક્તિમાતાને કહ્યું, તે સાંભળીને હસતા હસતા તે બંને અત્યંત વિસ્મય પામ્યાં, તેવામાં વલ્લભા શ્રીહરિને કેડ્યમાં બેસાડીને ત્યાં આવી અને શ્રીહરિમાં અતિશય પ્રીતિવાળા માતા પ્રેમવતીને હર્ષપૂર્વક બાળ શ્રીહરિ આપ્યા. પછી માતા પ્રેમવતી પોતાના પુત્રને પોતાના ખોળામાં મૂકીને ભાઈના પત્ની સુવાસિની સાંભળે તેમ ઠપકો આપવા લાગ્યા. હે પુત્ર ! હે સદ્‌ગુણી ! હે સુંદર સ્વભાવવાળા ! હે ગુણસાગર! તમો તમારી ભાભીની અંગુઠી કેમ લઈ ગયા ? આવું કાર્ય કરવું તે તમારે માટે યોગ્ય નથી. પછી આંજણવાળા ચળક વળક નેત્રો હાથથી ચોળતા ધ્રૂજતા હોઠથી, શ્રીહરિ રડતા રડતા કહેવા લાગ્યા. (૧૬-૨૨)

હે માતુશ્રી ! મેં અંગુઠી ચોરી નથી તો પણ ભાભીએ આ ખોટું આળ મારા ઉપર મૂક્યું છે. રુપ અને યૌવનના મદવાળી, ગુણોથી અત્યંત માની, ઉદ્ધત આ મારી ભાભી મને નિર્દોષને હસે છે તેથી આવી સ્ત્રી મારા ભાઈને લાયક નથી. (૨૩-૨૪)

ભક્તિમાતા મંદ મંદ હસતાં શ્રીહરિને કહેવા લાગ્યા, હે પુત્ર ! તમોએ તમારી ભાભીની અંગુઠી ચોરી જ છે. આ તમારા બાળમિત્રો પણ કહે છે. હે હરે ! તમારા મામાનો દીકરો મંછારામ પણ કહે છે. માટે તમોએ મેં અંગુઠી નથી લીધી એમ કેમ કહ્યું? પછી શ્રીહરિ માતાને પ્રીતિ ઉપજે તે પ્રમાણે બોલ્યા. (૨૫-૨૬)

હે માતા ! મને ભોજન આપો એમ કહ્યું, છતાં પણ અત્યંત ભૂખથી પીડાયેલા મને જ્યારે આ ગર્વિષ્ઠ ભાભીએ ભોજન ન આપ્યું ત્યારે ભાભી જુએ તેમ મેં તેની અંગુઠી લઈ લીધી. જે વસ્તુ છાની લીધી હોય તે ચોરી કહેવાય. (૨૭-૨૮)

અમૃતથી પણ અધિક મધુર શ્રીહરિનું વચન સાંભળીને સુવાસિની, ભક્તિમાતા તથા ધર્મદેવ વગેરે અત્યંત હસ્યા. પછી રામપ્રતાપભાઈ કંદોઈની દુકાને જઈને પેંડાનું મૂલ્ય આપીને, તે અંગુઠી લાવ્યા. પછી રામપ્રતાપભાઈએ અંગુઠી ભક્તિમાતાને આપી. પછી ભાભીએ માતાના ખોળામાં બેઠેલા શ્રીહરિને કહ્યું.

મારી અંગુઠી છાનામાના લઈને શાંત સાધુની માફક માતાના ખોળામાં બેસી ''મેં તો અંગુઠી નથી લીધી.'' એમ કહીને મૌન રહ્યા, એવું ભાભીનું વચન સાંભળીને મંદ હસતા ભક્તિમાતા પ્રસન્ન થઈને પોતાના પુત્રને લાડ લડાવવા લાગ્યાં. (૨૯-૩૨)

પછી શ્રી ધર્મદેવ પુરુષોત્તમ એવા પોતાના પુત્રને પોતાની પાસે સુંદર આસન ઉપર બેસાડીને ભોજન કરાવવા લાગ્યા. ધર્મદેવ સાકર સહિત દૂધ, શીરો, સુંદર પુરીઓ, દૂધપાક, કેસરીયો બિરંજ, ભાત દાળ, દહીંવડા, તેમ જ જલેબી, સૂત્રફેણી, મેસુર વગેરે સ્વાદિષ્ઠ ભોજ્ય પદાર્થો જમાડવા લાગ્યા; અને સુવર્ણના પ્યાલાથી જળપાન કરાવવા લાગ્યા. પરમેશ્વર શ્રીહરિ પણ, તે સુંદર ભોજનોને એક પછી એક આંગળીથી બતાવીને, તેમના નામ (આ વસ્તુનું નામ શું ?) પૂછતા પિતાને અત્યંત હર્ષ પમાડતા, ભોજન કરતા હતા; ધર્મ, ભક્તિ તથા બીજા સંબંધીજનો શ્રીહરિનું ભોજન ચાતુર્ય જોઈને, શ્રીહરિના મુખારવિંદ તરફ દૃષ્ટિ કરતાં અત્યંત આશ્ચર્ય પામ્યા. પછી ધર્મદેવે પોતાના પુત્રના બંને હાથ તથા મુખ ધોઈને તે પ્રત્યક્ષ પુરુષોત્તમને આનંદપૂર્વક મુખવાસ આપ્યો. પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિની આવી રીતે ખાનપાનાદિ પદાર્થોથી સેવા કરતા બંને સ્ત્રી, પુરુષ (ધર્મદેવ-ભક્તિમાતા)ના પુણ્યનું હું શું વર્ણન કરું ! યથાર્થ તેમના પુણ્યનું વર્ણન થઈ શકે તેમ નથી. (૩૩-૩૯)

જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક શ્રીહરિએ કુમાર અવસ્થામાં કરેલું આ કલ્યાણકારી મહાન પવિત્ર ચરિત્ર સાંભળશે તે અતિ દુઃખથી પણ ન ભેદી શકાય તેવા યમ પાશથી મુકાઈ જશે. (૪૦)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રી ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિની વલ્લભાને ઘેર જવાની લીલા નિરુપણ નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. (૧૧)



અધ્યાય ૧૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક વખતે ભક્તિમાતા પોતાના પુત્રને પાટલા ઉપર બેસાડીને અંગો ચોળીને ગરમ પાણીથી સ્નાન કરાવતાં હતાં. પછી ભક્તિમાતાએ દૂધના ફીણથી પણ વધારે કોમળ અને પવિત્ર વસ્ત્રથી શ્રીહરિના અંગો લૂછીને શ્રીહરિની કેડ્ય ઉપર સુંદર વસ્ત્ર પહેરાવ્યું. પછી ભક્તિ માતાએ શ્રીહરિને હાથથી તેડીને પ્રેમપૂર્વક પોતાની કેડ્યમાં બેસાડીને પોતાના ઘરના સુશોભિત ઓટલા ઉપર સોનાના બાજઠ ઉપર (સોનેરી આસન ઉપર) બેસાડ્યા. ભક્તિમાતાએ શ્રીહરિને લાલ રંગનું મહામૂલ્યવાળું સોનેરી બુટ્ટાદાર અંગરખું પહેરાવીને વાદળી રંગનો ખેસ ધારણ કરાવ્યો; સુંદર જડેલા રત્નોથી પ્રકાશતી સોનેરી, મોતીઓના ગુચ્છાઓથી દીપતી ટોપી, શ્રીહરિને મસ્તક ઉપર પહેરાવી. ભક્તિમાતાએ તેમના સર્વ અંગો ઉપર વિવિધ પ્રકારના મણીન્દ્રોથી જડેલા ઉત્તમ આભૂષણો પહેરાવ્યાં. મંદ હાસ્યની કાન્તિથી શોભતા શરદ ઋતુના પૂર્ણ ચંદ્રમાને લજ્જા પમાડનારા શ્રીહરિના મુખારવિંદને અનિમિષ દૃષ્ટિથી ઉત્સાહપૂર્વક જોતાં હતાં. (૧-૭)

હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિ પોતાની માતાને પોતાનું સર્વાવતારોનું કારણપણું તેમજ પોતાનો પરમ ભાવ બતાવવા માટે ઇચ્છતા હોવાથી હે સદ્વ્રતે ! હે માત ! લોકાન્તર (બ્રહ્માંડની અંદર રહેલા તથા બહાર રહેલા અનેક લોકોને જોવાની તમારી ઇચ્છા છે કે શું ? એમ પોતાનું મુખકમળ જોતાં પોતાના માતુશ્રીને શ્રીહરિએ કહ્યું. (૮-૯)

પછી ભક્તિમાતા પહેલાં આવેલા બ્રહ્માએ, જેણે પોતાના પુત્ર શ્રીહરિનું આશ્ચર્યકારક માહાત્મ્ય કહ્યું હતું, તેનું શ્રીહરિના સંકલ્પથી સ્મરણ કરીને હર્ષપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા, હે હરે ! ઈન્દ્રાદિકના લોક તથા સર્વ ધામોથી અત્યંત શ્રેષ્ઠ શોભાયમાન તમારું બ્રહ્મપુર ધામ જોવાને હું ઇચ્છું છું. (૧૦-૧૧)

ત્યાર પછી શ્રીહરિ, માતાને પોતાનું પુરુષોત્તમપણું પરાત્પર ભાવ (સામર્થ્ય) દેખાડવાને ઇચ્છતા હોવાથી, તેમને સમાધી કરાવી, ભક્તિમાતા સમાધિમાં પોતાના અત્યંત તેજોમય પુત્રને આગળ ચાલતા, તે કિશોર મૂર્તિને જોતાં, ચાલતાં ચાલતાં સ્વર્ગમાં ગયાં; સ્વર્ગમાં ઈન્દ્ર, દેવતાઓની સાથે, સામા આવીને શ્રીહરિને હર્ષપૂર્વક સ્વભવનમાં લઈ ગયા અને ત્યાં ઉત્તમ રમણીય સુવર્ણ સિંહાસનમાં બેસાડ્યા; ઈન્દ્રે શ્રીહરિનું અતિમૂલ્યવાળા શ્રેષ્ઠ વસ્ત્રાલંકારોથી અને વિવિધ ઉપચારોથી, પૂજન કર્યું. દેવોથી સેવાએલા મહાબલિષ્ઠ, વૈભવશાળી હોવા છતાં પણ ઈન્દ્રે શ્રીહરિને નમસ્કાર કરીને, હર્ષપૂર્વક પ્રાર્થના કરી. ઈન્દ્રે પોતાના પુત્ર શ્રીહરિની, આ પ્રમાણે પૂજા કરી તેથી તથા ઈન્દ્રની સમૃદ્ધિ, સ્વર્ગની શોભા, વગેરે જોઈને ભક્તિમાતા આશ્ચર્ય પામ્યા; શ્રીહરિએ માતુશ્રીની સાથે ચાલતા ચાલતા માતાને સ્વર્ગથી પણ ઘણી શોભાવાળા મહર્, જન અને તપ આ ત્રણે લોક બતાવ્યા; તે લોકના ભૃગુ આદિક ઈશ્વરો તેમણે શ્રીહરિનું પૂજન કર્યું. તે તે લોકોમાં રહેલા ઈશ્વરોની તથા તે લોકોની શોભા જોઈને, ભક્તિમાતા આશ્ચર્ય પામ્યા; હે રાજન્ ! શ્રીહરિએ આગળ ચાલતાં સ્વર્ગાદિ લોકથી પણ અતિશ્રેષ્ઠ અલૌકિક શોભાવાળો સત્ય લોક પોતાની માતુશ્રીને દેખાડ્યો. શ્રીહરિએ તે લોકમાં અતિ આશ્ચર્યકારી, સનકાદિ મહર્ષિઓથી યુક્ત વૈરાજની મહાસભા માતાને બતાવી; જે સભામાં મહા વૈભવશાળી વૈરાજ પુરુષ પોતાના પાર્ષદોથી સેવાયેલા હંમેશા પોતાના સુવર્ણ સિંહાસનમાં બિરાજે છે; તે સર્વે સભામાં બેઠેલા સનકાદિક મહર્ષિઓ સાથે તત્કાળ શ્રીહરિના સામા જઈને પોતાના મહેલમાં લઈ જઈને, ત્યાં પોતાના સિંહાસનમાં શ્રીહરિને બેસાડીને વિવિધ ઉપચારોથી તેમનું પૂજન કર્યું. (૧૨-૨૩)

પછી હાથ જોડીને વૈરાજ પુરુષે શ્રીહરિને નમસ્કાર કર્યા તથા પ્રેમપૂર્વક સ્તુતિ કરી. હે ભૂમન્! અવતારોના કારણ ! તમો અહીં પધાર્યા તેથી અમારા ઉત્તમ ભાગ્યનો ઉદય થયો; હે પ્રભો ! યોગિઓને પણ દુર્લભ તમારા દર્શનની રાહ જોતાં તમારી આજ્ઞામાં વર્તીને મારી અર્ધી આવરદા ચાલી ગઈ; હે હરે ! તમારા દર્શનની ઉત્કંઠાવાળા મને તમોએ દર્શન આપીને કૃતાર્થ કર્યો છે. હે રાજન્ ! મહર્ષિઓથી સેવાયેલા છતાં રાજ્ય શોભાથી યુક્ત હોવા છતાં પણ વૈરાજ પુરુષ આવી રીતે શ્રીહરિની સ્તુતિ કરીને ફરીથી શ્રીહરિને નમસ્કાર કર્યા. (૨૪-૨૭)

વૈરાજ પુરુષનો આવો વિનય જોઈને પોતાના પુત્રનું અતિ માહાત્મ્ય જાણીને ભક્તિમાતા હર્ષ

પામ્યા; પછી શ્રીહરિએ વૈરાજ પુરુષના ઐશ્વર્યથી પણ શ્રેષ્ઠ ઐશ્વર્યોવાળો ચોવીસ તત્ત્વોના જુદા જુદા લોક માતાને બતાવ્યા; અત્યંત પ્રકાશતા તે તત્ત્વોના લોકમાં તે તે લોકેશ્વરોએ કરેલી પોતાના પુત્ર શ્રીહરિની પૂજા જોઈને, ભક્તિમાતા વિસ્મય પામ્યા; (મોક્ષધર્મની ટીકામાં બતાવેલા પુરાણ વાક્યોથી કહેલા તત્ત્વાભિમાની દેવતાઓનું પોતાની માતાને શ્રીહરિએ દર્શન કરાવ્યું એમ જાણવું.) શ્રીહરિને તત્ત્વોના લોકથી પણ અધિક ઐશ્વર્યવાળા, અત્યંત શોભાવાળા, પ્રધાન પુરુષનો લોક, પ્રેમવતી માતાને બતાવતા હતા, જે લોકમાં પ્રધાનાધિપતિ પોતાના પાર્ષદોથી સેવાયેલા પુરુષના જેવી આકૃતિવાળા અતિશય વૈભવશાળી અને અત્યંત તેજસ્વી છે; પ્રધાનાધિપતિ પણ પોતાના સ્વામી શ્રીહરિને જોઈને તત્કાળ પોતાના સભ્યોની સાથે સામા જઈને તેમને પોતાને આસને બેસાડી હર્ષપૂર્વક વિવિધ ઉપચારથી તેમની પૂજા કરવા લાગ્યા. એવી રીતે પ્રધાનાધિપતિએ કરેલી પોતાના પુત્રની પૂજા જોઈને અત્યંત વિસ્મય પામેલાં ભક્તિમાતાએ ત્યાં સુશોભિત વસ્ત્રાલંકારવાળી શ્રેષ્ઠ સ્ત્રીને જોઈ. (૨૮-૩૪)

ભક્તિ માતાએ, હે મહાપ્રભે ! તમે કોણ છો ? એમ પ્રેમપૂર્વક તે સ્ત્રીને પૂછ્યું. પછી પ્રધાન માયાએ હાથ જોડીને આ પ્રમાણે કહ્યું. હે કલ્યાણી ! (પરમેશ્વરની માતુશ્રી હોવાથી સર્વ મંગળા સ્વરૂપા) હું પ્રધાન નામની પ્રકૃતિ છું. આ મારા પતિ છે. અમો બંને તમારા આ પુત્રની કૃપાથી આ વૈભવ પામ્યા છીએ. હે પ્રિયદર્શના ! હે માતુશ્રી ! અમારા જેવા કોટાનકોટિ પ્રધાન પુરુષનાં યુગ્મો તમારા આ પુત્રને વશ છે. (તમો સર્વે કોના થકી ઉત્પન્ન થયા છો તે જિજ્ઞાસાના ઉત્તરમાં કહે છે) હે પતિવ્રતા ! મહામાયા તથા મહાપુરુષથી અમો સર્વે ઉત્પન્ન થયા છીએ. વળી મહાપુરુષ, મહામાયા, અક્ષરબ્રહ્મ વગેરેના કારણ આ તમારા પુત્ર છે. (૩૫-૩૮)

એટલું કહીને પ્રધાન પ્રકૃતિ અમૂલ્ય ભૂષણોથી હર્ષપૂર્વક ભક્તિમાતાને પૂજવા લાગ્યા, ભક્તિમાતા પોતાના અત્યંત મહાન પુત્રનું ઐશ્વર્ય જોઈને આશ્ચર્ય પામ્યા. (૩૯) શ્રીહરિએ પ્રધાન પુરુષના લોક થકી ઉત્તમૈશ્વર્યવાળો, મૂળ માયા અને મૂળ પુરુષના નિવાસવાળો, વિવિધ પ્રકારની શોભાયમાન રચનાઓથી સુંદર અને અત્યંત મનોહર લોક માતાને બતાવ્યો. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના સુપુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રામાં દ્વિતીય સ્કંધમાં પોતાના માતુશ્રીને શ્રીહરિએ જુદા જુદા લોકનું દર્શન કરાવ્યું તે નામે બારમો અધ્યાય સંપૂર્ણ. (૧૨)



અધ્યાય ૧૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- મોટી હવેલીઓથી શોભતા તે મનોહર લોકમાં સુવર્ણના સ્તંભવાળો, શોભાયમાન સભામંડપ ભક્તિમાતા જોવા લાગ્યા; તે લોકમાં ભક્તિ માતાએ સુવર્ણ સિંહાસનમાં અમૂલ્ય વસ્ત્રો પહેરીને બેઠેલા મૂળ માયાના નિયંતા અલૌકિક પુરુષને જોયા, અમૂલ્ય ભૂષણો, વસ્ત્રો તથા ચંદનાદિથી

પાર્ષદોએ પૂજેલા અત્યંત પરાક્રમ તથા પ્રતાપવાળા, મહાપુરુષે પોતાના પાર્ષદો સાથે ઉઠીને સન્મુખ જઈને શ્રીહરિને પોતાના આસનમાં બેસાડીને વિવિધોપતારથી તેમનું પૂજન કર્યું. (૧-૪)

પૂજાની સામગ્રીથી ભરેલો સોનાનો થાળ હાથમાં લઈને સુશોભિત અલંકારવાળાં, રમાની ઉપમા આપવા યોગ્ય, સ્ત્રીને ભક્તિ માતાએ જોયાં, અમૂલ્ય આભૂષણોથી શોભતા વીજળી સમાન તેજસ્વી વસ્ત્રો પહેરેલા પુરુષો અને સ્ત્રીઓનાં જોડલાં ભક્તિ માતાએ જોયાં, તેમાં કેટલાક દ્વંદ્વો તો હર્ષપૂર્વક હાથ જોડીને ગદ્ ગદ્ વાણીથી માંગલિક સ્તુતિ કરતા હતાં, કેટલાંક દ્વંદ્વોતો મોતી અને રત્નોથી બનાવેલા હાર તથા તોરાઓ હાથમાં ઝાલીને શ્રીહરિને પહેરાવવા ઊભા રહ્યાં હતાં, કેટલાંક સ્ત્રી પુરુષોના જોડલાં સુવર્ણ અને ઉત્તમ મણિના અલંકારોથી ભરેલા સુવર્ણ પાત્રો હાથમાં પકડીને ઉભા હતા, કેટલાક જોડલા સુંદર કુમકુમ, કસ્તુરી, ચંદન વગેરેના સુવર્ણ પાત્રો હાથમાં પકડીને શ્રીહરિની પૂજાવિધિ કરવાની ઇચ્છાથી ઊભાં હતાં. કેટલાંક તો વિવિધ પ્રકારનાં સુગંધી પુષ્પોના હાર, ગુચ્છ, તોરાથી ભરેલા સુવર્ણ પાત્રો હાથમાં લઈને ઊભાં હતાં. કેટલાંક સ્ત્રી પુરુષોનાં જોડલાં અમૂલ્ય વસ્ત્રોથી ભરેલાં સુવર્ણ પાત્રો લઈને શ્રીહરિની પૂજા કરવા માટે ઊભાં હતાં, હે મહિમતે ! કેટલાક વિવિધ ભેટો ભરેલાં સુવર્ણ પાત્રો ગ્રહણ કરીને પ્રસન્નતાપૂર્વક ઊભા હતાં. (૫-૧૩)

વિવિધ વસ્તુઓ ભરેલાં સુવર્ણપાત્રો હાથમાં ધારણ કરીને ઊભા રહેલાં તે જોડલાને જોઈને ભક્તિમાતા, અત્યંત આશ્ચર્ય પામ્યાં. (૧૪)

પછી મૂળ માયાએ રમણીય ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. તેમજ હજારો પ્રધાન પુરુષના જોડલાંએ પણ શ્રીહરિનું પૂજન કર્યું. (૧૫)

આ પ્રકારે ભક્તિમાતા, પોતાના પુત્ર શ્રીહરિનું સર્વેશ્વરપણું તથા સર્વોત્તમ દિવ્ય ભાવ જોઈને, અલૌકિક આનંદ પામ્યા. (૧૬)

હે મહિપતે ! પ્રેમાશ્રુથી ભરેલાં નેત્રવાળાં, આ દિવ્ય દર્શનથી વિસ્મય પામી રોમાંચિત થયેલાં, બોલવાની ઇચ્છા છતાં ભક્તિમાતા હર્ષના ઉન્માદથી બોલી ન શક્યાં. (૧૭)

વિવિધ પદાર્થોવાળા સુવર્ણ પાત્રોને હાથમાં ધારણ કરી રહેલી, અત્યંત કાંતિવાળી, રૂપ લાવણ્ય સંપન્ન, શ્રેષ્ઠ મહામાયાએ ભક્તિમાતાને કહ્યું, હે પુણ્ય દર્શને ! તમારે કાંઈ પૂછવું હોય તો તમો નિઃસંશય તમારા મનમાં ઉદ્ભવતા સર્વે પ્રશ્નો મને પૂછો. (૧૮-૧૯)

મૂળમાયાનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા ભક્તિમાતાએ મૂળમાયાને મધુર વાણીથી કહ્યું, અનુપમરૂપ લાવણ્યવાળા મારા પુત્રની પૂજાપરાયણ, અનુપમ ઐશ્વર્યવાળા, અત્યંત તેજથી સુશોભિત તમો, બંને જણ કોણ છો ? તમારા પ્રતાપમાં લીન થયેલા તમારા બંને આગળ તમારા પતિની પ્રાર્થના કરતા, એમની સેવા કરવા ઇચ્છતા લજ્જાવાળા આ સ્ત્રી પુરુષોના કોટાનકોટિ જોડલાં, તમારા બંનેની ચારે તરફ રહેલા, હે પતિવ્રતે ! કોણ છે ? હે શોભાવાળી ! હું તે જાણવા ઇચ્છું છું, તે મને કહો, આવું વચન સાંભળીને મૂળમાયાએ ભક્તિમાતાને કહ્યું. (૨૦-૨૪)

હે કલ્યાણી ! કરોડ કરોડ પ્રધાન પુરુષનાં તે જોડલાં છે. તેની ઉત્પત્તિના કારણસમા હું મૂળમાયા છું અને આ મારા પતિ મૂળ પુરુષ છે. સર્વેશ્વર, પરમાત્મા તમારા પુત્ર આ શ્રીહરિની આજ્ઞા અમો નિરંતર અમારા શિર ઉપર ધારણ કરીએ છીએ. હે શુભે ! પ્રધાન પુરુષનાં એ અસંખ્ય જોડલાં અમારા બંનેથી ઉત્પન્ન થયા છે. હે માતા ! અમારા બંનેના તથા બીજા સર્વે ઈશ્વરોના પણ અધીશ્વર આ તમારા પુત્ર છે. અમારાથી પર અક્ષર બ્રહ્મ છે, અને તેના પણ નિયામક એમને જાણો. હે માતુશ્રી ! આ તમારા પુત્ર સર્વે અવતારોના કારણ, અવ્યક્ત, પુરુષોત્તમ, નિર્દોષ આદિ અને અંત રહિત છે, પરબ્રહ્મ, અવિકારી, અદ્વિતીય, સનાતન, સર્વોત્તમ, અનવધિકાતિશય આનંદવાળા, આ તમારા પુત્રથી પર કોઈ પણ નથી; તમારા આ પુત્ર, નિરંજન, સર્વે ક્ષરાક્ષરોના અંતર્યામી, નિત્ય ચેતનોના મનોરથ પૂર્ણ કરનારા છે. આ તમારા પુત્ર પરમાત્મા પોતે નિરાધાર છે. (આધાર આધેય ભાવ રહિત) તો પણ સમગ્ર ચૈતન્ય વર્ગ તથા જડવર્ગના આધાર છે. અક્ષરથી પર, કાળમાયાદિકના નિયંતા, સ્વતંત્ર અને સર્વજ્ઞ છે; દિવ્ય અવયવોથી યુક્ત, સાકાર, પ્રાકૃતેન્દ્રિયોથી ન ગ્રહણ કરી શકાય તેવા સર્વોત્તમ ગુણો તથા ઐશ્વર્ય અને પ્રતાપના સમુદ્ર રુપે છે; સર્વે ઉપનિષદો તથા શેષાદિ તથા અક્ષરમુક્તો પણ જેમના ગુણોનો ક્યારેય પણ પાર પામતા જ નથી; ભૂમા (સકળ ગુણ, વિભૂતિ ઐશ્વર્ય આદિથી શ્રેષ્ઠ) ઉક્ત મહિમાવાળા આ તમારા પુત્ર મનુષ્યોની આત્યંતિક મુક્તિ માટે પોતાના ભક્તોને સુખ આપવા માટે અને વિશેષપણે તો તમારા સુખને માટે તમારે ત્યાં પ્રગટ થયા છે. અહો ! આ આશ્ચર્યની વાત છે; હે કલ્યાણી ! બીજાને તો આ ધામમાં આવવું અતિ દુર્લભ છે. તમો આ ધામમાં આ તમારા પુત્ર શ્રીહરિની કેવળ દયાથી જ આવી શક્યા છો. (૨૫-૩૬)

મૂળ પ્રકૃતિએ આ પ્રમાણે ભક્તિ માતાને કહીને તેમની પ્રશંસા કરી અને ઘણાં મૂલ્યવાન અલંકારો તથા વસ્ત્રોથી તેમની પૂજા કરી. (૩૭)

હે રાજન્ ! આ પ્રમાણે મૂળ પ્રકૃતિએ પૂજેલાં ભક્તિમાતા પોતાના પુત્રને સર્વ અવતારના કારણ, સર્વ થકી પર અક્ષર તેથી પર અને સમગ્ર જગતના નિયામક પુરુષોત્તમ જાણીને, રોમાંચિત બની ગયા અને તેમના નેત્રો સ્નેહાશ્રુથી ભરાઈ ગયા. (૩૮)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં દ્વિતીય સ્કંધમાં પોતાની માતાને શ્રીહરિએ મૂળ પ્રકૃતિ પુરુષાદિના લોક બતાવ્યા તે નિરુપણ નામે તેરમો અધ્યાય સંપૂર્ણ. (૧૩)



અધ્યાય ૧૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! દયોદધિ શ્રીહરિએ પ્રેમવતી માતાને અક્ષર નામનું પોતાનું ધામ બતાવ્યુ; જે સત્ય (જે ત્રિકાળમાં પણ નાશ ન પામે તેવું) અપ્રાકૃત, અમૃતધામ, બ્રહ્મપુર શબ્દથી ઓળખાતું અને નિત્ય, પૂર્ણ, આદિ અને અંતરહિત પરમ વ્યોમની સંજ્ઞાવાળું છે; જેને સચ્ચિદાનંદ

રૂપ, સર્વાધાર, અખંડિત, નિરવદ્ય, નિર્દોષ, નિર્ભય સમગ્ર આવરણોથી રહિત, એકી સાથે ઉગેલા કરોડ કરોડ સૂર્ય અને ચંદ્રોનું સર્વે તેજ જેના અલ્પ ભાગમાં લીન થઈ જાય છે; ઉત્તરોત્તર દશ ગણા અધિક એવા પૃથિવ્યાદિક અષ્ટા વરણોથી યુક્ત, કોટાનકોટી, બ્રહ્માંડો જેના આધારે રહ્યા છે, છતાં તે ધામની અતિશય મોટપ આગળ તે બ્રહ્માંડો અણુ જેવા ભાસે છે; જે અક્ષરધામમાં તમામ પદાર્થો, સત્, ચિત્, આનંદ સ્વરૂપ છે. વળી જે ધામના ભોગ તથા તેના સાધનો પણ દિવ્ય છે; કરોડ કરોડ સૂર્યના સમાન પ્રકાશવાળા, કિશોરાવસ્થાવાળા, દિવ્યાકૃતિવાળા, અસંખ્ય, શ્રેષ્ઠ અક્ષરમુક્તો તે ધામમાં છે, તેવી જ રીતે જે દિવ્યાલંકાર અને વસ્ત્રો ધારણ કરી હર્ષપૂર્વક શ્રીહરિને જુએ છે તે રાધા રમા આદિશક્તિઓથી યુક્ત છે; જે અક્ષરધામ અલૌકિક સ્ફુરાયમાન સુવર્ણમાં જડેલા વિવિધ મણિઓની કાંતિવાળું અત્યંત શોભાયમાન અત્યંત ઊંચા અને હારબંધ મહેલોથી શોભાયમાન છે. (સત્સંગિજીવનમાં ધામનું વર્ણન કર્યું છે. તેમાંથી અને સુધાસિંધુની સર્વ મંગળ ટીકાથી પ્રમાણ વાક્યો જાણી લેવાં.) તે ધામમાં વસતા મુક્તોનું સુખ સદા સચ્ચિદાનંદમય છે. તે સુખનો પાર શેષાદિ પણ પામતા નથી. તો બીજા ક્યાંથી પામે ? ન જ પામે !' ત્યાંની અપરિમિત સચ્ચિદાનંદ રૂપ વિભૂતિઓ તથા ઐશ્વર્યનો પાર પણ કોઈ પામ્યો નથી; આવું અલૌકિક આશ્ચર્યવાળું અને અતિશય શોભાવાળું, સર્વધામના ભૂષણરૂપ પૂર્વોક્ત શ્રેષ્ઠ અક્ષરધામ જોઈને ભક્તિમાતા આશ્ચર્યવત્ અતિશય આનંદ પામ્યાં. (૧-૧૨)

ભક્તિમાતાએ તે ધામમાં અમાયિક, રમણીય, અદ્‌ભુત, અલૌકિક, મહાતેજથી, શોભાયમાન ઉત્તમ મંદિર જોયું; દિવ્ય મણિ જડિત સુવર્ણ સ્તંભોની શોભાથી આશ્ચર્યજનક અલૌકિક શોભતા વિવિધ પ્રકારના તોરણોવાળું જે મંદિર છે; જે વિશાળ અને અનુપમ, તેમજ જેનાં દર્શન દિવ્યાનંદ ઉત્પન્ન કરે છે, જે મંદિરની સર્વ શોભાનું વર્ણન કરવા માટે હજાર મુખવાળા શેષાદિ પણ સમર્થ થતાં નથી તો બીજાની તો વાત જ શી કહેવી ? ભક્તિમાતાએ તે મંદિરમાં એક શ્રેષ્ઠ સિંહાસન જોયું, અત્યંત શોભાયમાન દિવ્ય મણિથી જડેલું સુવર્ણમય શુભ, શાંતિકર, દિવ્ય તેજથી સુશોભિત તથા મનોહર, દિવ્ય મણિ જડિત સુવર્ણના સુશોભિત પગથિયાંથી તે સિંહાસન પ્રકાશિત છે. (૧૩-૧૭)

ભક્તિમાતાએ તે સિંહાસનમાં બેઠેલા અનાદિસિદ્ધ, અતિશ્રેષ્ઠ, સુશોભિત, મૂર્તિમાન પોતાના પુત્ર શ્રીહરિકૃષ્ણને જોયા, તે શ્રીહરિકૃષ્ણ ભગવાન અમાયિક, અત્યંત શોભાના ધામરૂપ અને અનુપમ અવયવોવાળા છે. જેમનું સ્વરૂપ શાંત, દિવ્ય, તેમજ શોભાયમાન તેજના સમૂહોથી વીંટાયેલું છે. જાનુપર્યંત લાંબી જેમને બે ભુજા છે અને સુશોભિત ચરણ કમળ છે; સદા શોભાયમાન અને દિવ્ય કિશોરસ્વરૂપ જેમનું છે તથા જેમના એક એક અંગની અત્યંત શોભાથી કામદેવનો ગર્વ પણ નાશ થઈ ગયો છે; જે ચિત્તના ચિંતવનમાં કદી નથી આવતા અને બીજાઓને અત્યંત દુર્લભ એવા સદા અનાદિ, સ્વસિદ્ધ, દિવ્ય કલ્યાણકારી અગણિત ગુણ, ઐશ્વર્ય અને વૈભવવાળા છે; અપ્રાકૃત, અત્યંત શોભતા વસ્ત્રો તથા વિવિધ અલંકારોથી પ્રકાશમાન, અમાયિક, અનુપમ આનંદવાળા, પૂર્ણકામ, માયારહિત, મહારાજાધિરાજને યોગ્ય ચમર, છડી, છત્ર વગેરે ચિન્હોવાળા, પોતાના દિવ્ય પાર્ષદોએ હંમેશા સેવેલા; અપરિમિત દયાના

સમુદ્ર, ભુવનોના પતિ, જડ અને ચેતનના સાક્ષી પોતાના વચનરૂપી અમૃતથી અને મંદ હાસ્યથી અક્ષર મુક્તો તરફ દૃષ્ટિ કરી તેમને અત્યંત સુખ પમાડનારા; (૧૮-૨૫)

સુવર્ણના કડાં, સાંકળા, મણીન્દ્રોથી જડેલી સોનાની વીંટીઓ તથા વિવિધ પ્રકારના મણિ, સુવર્ણના મણકા, શુદ્ધ મોતીના અતિ મનોહર હારથી અતિશય શોભાયમાન દેખાય છે; વિવિધ પ્રકારના મણિથી પ્રકાશમાન, સૂર્યનારાયણને લજ્જા પમાડનાર સુવર્ણનો મુગટ ધારણ કરતા, શુદ્ધ મણીંદ્રોવાળા સોનાના મકરાકૃતિવાળા કુંડળોથી અત્યંત શોભતા; જેમણે સુંદરમણિ સોનાના મણકા, ઉત્તમ મોતી તથા મનોહર ગુચ્છના હાર પહેર્યા છે; શુદ્ધ સુવર્ણના બાજુબંધ બંને હાથે પહેર્યાં છે, પહેરેલા સુંદર કુંડળના હલન ચલનથી જેમનું કપોળ પ્રદેશ અતિશય શોભે છે; સુંદર કટિતટમાં સુવર્ણનો મણિમય કંદોરો જેમણે ધારણ કર્યો છે, અને જેમનાં ચરણ કમળ મણિથી જડેલાં સુવર્ણનાં ઝાંઝરોથી સ્વાભાવિક શોભાયમાન જણાય છે; કરુણાર્દ્ર નેત્રે વિલાસ યુક્ત દૃષ્ટિ કટાક્ષ જેમનો છે, જેમના અત્યંત મધુર અને મંદ હાસ્યથી શરદ્ પૂર્ણિમાનો ચંદ્રમા પણ લજ્જા પામ્યો છે; દંત પંક્તિની શોભાથી દાડમ તથા મોગરાની કળીની સુંદરતાનો જેમણે પરાભવ કર્યો છે, અતિશય કાંતિના સ્થાનભૂત, પ્રસન્ન મુખવાળા ઓષ્ઠની શોભાથી નવા કુમળા પાંદડાની સુંદરતાને જેણે જીતી છે; જેમ આકાશને બીજાની ઉપમા ન દેવાય, સમુદ્રને સરોવર જેવો ન કહેવાય, ચિંતામણી જેમ બીજા ધન સમાન નથી, તેજ પ્રમાણે શ્રીહરિની તુલ્ય અક્ષર તથા અક્ષર મુક્તો પણ નથી. (૨૬-૩૨)

(આ પ્રકારે શ્રીહરિનું વર્ણન કરીને તેમની માતાએ જે જોયું તે કહે છે) ભક્તિમાતાએ ઉપર કહ્યા તેવા દર્શનીય શ્રીહરિકૃષ્ણને જોયા; શ્રીહરિનાં સમીપમાં જ ચારેય બાજુ ઊભા રહેલા અને શ્રીહરિએ પ્રેમરસથી ભરપૂર કરુણા દૃષ્ટિથી, નિરખેલા પાર્ષદોને જોયા. (૩૩) પછી ભક્તિમાતાએ દિવ્ય મૂર્તિ શ્રી હરિની સન્મુખ ઊભેલા અને હર્ષપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરતા મૂર્તિમાન વેદોને, તેમના સમગ્ર જ્ઞાનાદિ ઐશ્વર્યો સાથે જોયા, (૩૪) દિવ્ય વિગ્રહ શ્રીહરિના દર્શન કરતાં અનંત અક્ષર મુક્તોને ભક્તિમાતા જોવા લાગ્યા; તેમ જ દર્શનમાં મગ્ન શ્રેષ્ઠ વસ્ત્ર તથા અલંકારો ધારણ કર્યાં છે તે રાધા, રમા એ આદિક ઘણી શક્તિઓને પણ ભક્તિ માતા જોવા લાગ્યા. (૩૫)

તે સમગ્ર મુક્તો તથા શક્તિઓ અત્યંત પ્રેમપૂર્વક શ્રી હરિકૃષ્ણને સેવે છે, તે જોઈને હર્ષના અશ્રુથી રોમાંચિત અંગોવાળા ભક્તિમાતા અત્યંત શાંતિ અને આશ્ચર્ય પામ્યા. (૩૬)

આ પ્રકારે હે રાજન્ ! શ્રી ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણે અત્યંત કૃપાથી પોતાના માતુશ્રીને પોતાનું દિવ્ય મહા ઐશ્વર્ય જણાવવા માટે બ્રહ્માંડોના ઈશ્વરો તથા લોક તેમ જ પોતાનું સર્વોત્કૃષ્ટ અક્ષરધામ બતાવીને, તેમ જ પોતાનો પ્રભાવ બતાવીને, સમાધિમાંથી તત્કાળ જાગ્રત કર્યાં. (૩૭)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિએ પોતાની માતાને બતાવેલા અક્ષરધામનું વર્ણન એ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ. (૧૪)



અધ્યાય ૧૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- સર્વ ઈશ્વરોના ઈશ્વર, એ દ્વિતીય (પોતાના સમાન બીજાથી રહિત) સમગ્ર અવતારોના એક કારણ, આદિ, સર્વથી પર અક્ષર બ્રહ્મ તેનાથી પરતર (સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિથી અતિ વિલક્ષણ) હરિકૃષ્ણ સંજ્ઞાવાળા, રોમાંચિત ગાત્રોવાળા અને હર્ષાશ્રુથી ભરેલા નેત્રથી દર્શન કરી પોતાના પુત્રની સ્તુતિ કરે છે. (૧)

ભક્તિમાતા કહે છે :- હે હરે ! પોતાના અલૌકિક અક્ષરધામમાં રહેનારા, સમગ્ર અક્ષરમુક્તોએ સેવેલા, દિવ્ય અક્ષરધામથી પણ પર, અપરિમિત તેજથી સુશોભિત અંગવાળા, અનાદિ, દિવ્યમૂર્તિમાન તમો આજે પ્રત્યક્ષ થયા છો એમ હું જાણું છું; નિત્ય, અદ્‌ભુત, અનવધિકાતિશય, અપરિણામી, પોતાને અનુરુપ, દોષનો ગંધ પણ જેમાં નથી, શુભ, અપાર મહિમાવાળા, શુભાશ્રય, દિવ્યમૂર્તિ, સ્વરૂપસોંદર્યવાળા અને યૌવન, મનોહરપણું, ઔજ્વલ્ય, માધુર્ય, સોગંધ્યાદિ ગુણોથી યુક્ત, જ્ઞાન, ગાંભીર્ય, ધૈર્ય, બળ, શીલ, દયા, સ્થિરતા, સુહૃયપણું, શૌર્ય, ચાતુર્ય, શુદ્ધ, વીર્ય, ઐશ્વર્ય, શક્તિ, તેજ, વાત્સલ્ય, મૃદુતા, સરળતા, ઔદાર્ય, સમતા, પરાક્રમ, સત્યકામ, સત્યસંકલ્પ, કાર્યતા, કૃતજ્ઞતા આદિ અનવધિકાતિશય ગુણોથી યુક્ત, અને પોતાના ભક્તોનો મોક્ષ કરનારા, પૂર્વોક્ત ગુણરૂપી વિશેષણોના ગુણી, નાના પ્રકારના ભોગો, ભોગના વિવિધ પ્રકારના ઉપકરણોથી, તે દિવ્ય ભોગ ભોગવતા દિવ્ય ભોક્તા, તથા ભોગનાં સ્થાનકો તેમ જ અનેક પ્રકારની સમૃદ્ધિઓથી યુક્ત તમે છો. સ્વતંત્ર, સમગ્ર જગતોના નિયંતા, સર્વોત્તમ, નિત્ય સુખના એક નિધિસ્વરૂપ, અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરૂપી લીલાવાળા, લોકેશ્વરોના મુગટના અગ્રભાગોથી જેમના ચરણકમળનો બાજઠ સદા સ્પર્શાએલો છે. અવ્યક્ત રૂપ, (ફક્ત અભક્તોનો જ અપ્રાપ્ય) અનુપમ, દોષનો ગંધ પણ જેનામાં નથી, અનંત (જેમના ગુણોનો અંત નથી એવા) આદિ, (જે સર્વ ઉત્પત્તિના કારણ હોવાથી જ આદિ સ્વરૂપ) માયાના ગુણોથી રહિત, સમગ્ર લોકના ઈશ્વરોના સ્વામી, સર્વજ્ઞ, આદિપુરુષ, પૂર્ણકામ, તમોને વેદો પુરુષોત્તમ કહે છે; અનેક બ્રહ્માંડોની ઉત્ત્પત્તિના કારણભૂત એવા મહામાયા અને મહાપુરુષ, એ બંને તમારે વશ વર્તે છે, તે બંનેથી ઉત્પન્ન થયેલાં અસંખ્ય પ્રધાન પુરુષના જોડલાં, તમારે વશ વર્તે છે, વૈરાજ સંજ્ઞાવાળા ઈશ્વર જે પુરુષ તે તમારે વશ છે, તે તે ધામના તે તે ઈશ્વરોએ તમારું હર્ષપૂર્વક સદા સન્માનથી પૂજન કર્યું છે. હે ભગવાન્ ! એ બધું મેં તમારી કૃપાથી પ્રત્યક્ષ જોયું છે, વળી પૃથ્વીમાં જેમ સર્વ ખંડિયા રાજાઓ ચક્રવર્તિ રાજાને વશ વર્તે છે, તેમ પૂર્વે કહેલા મહામાયા, મહાપુરુષાદિ સર્વે તમારે વશ વર્તે છે, એ સર્વે પણ પોતાનાથી કનિષ્ઠ દેવોએ અર્પણ કરેલા બલિ ગ્રહણ કરનારા છે. છતાં પણ તમોને ભેટો અર્પણ કરીને તમારે વશ વર્તે છે, તમો તો સતત તેમના નિયંતા છો. (અહીં પુનરુક્તિથી આગળ કહેલો અર્થ વધારે દૃઢ કરે છે.) (૨-૯)

હે હરે ! ઈન્દ્રાદિથી તે મૂળ પુરુષ પર્યંત સર્વે ધામોમાં તે ધામોના ઈશ્વરોએ તમારા ચરણ કમળની પૂજા કરી છે, એ મેં સાક્ષાત જોયું. તે જ પ્રમાણે સર્વ થકી પર બ્રહ્મપુરધામમાં, અપરિમિત, તેજના પુંજથી ઢંકાયેલા, અક્ષરમુક્તો, વેદો અને આપના ઐશ્વર્યથી સદા સેવાએલા તમો મને દેખાયા, (જેમ અક્ષરમુક્તો

તમારી સેવામાં છે તે જ પ્રમાણે) અંશ, કલા, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય સહિત, મત્સ્ય, કૂર્માદિ અનેક અવતારોને પણ તમારી મૂર્તિમાં મેં જોયા. તેથી સર્વ અવતારોના તમે જ કારણભૂત છો. તેથી તમે જ અદ્વિતીય, જડ અને ચેતન પ્રકૃતિના નિયંતા, ક્ષર અને અક્ષરથી પર, સ્વાધીન, સર્વ ક્રિયાવાળા, કરુણાનિધિ, વેદોના ઉત્તમ અંગો ઉપનિષદો, તેમણે ગાયેલી પુણ્ય કીર્તિવાળા પ્રત્યક્ષ તમો છો; જેનો મહિમા જેવો છે તેવો કહેવા માટે બ્રહ્મા પણ શક્તિમાન નથી. ત્યારે વિશેષ શું કહીએ ? સર્વ ઉપનિષદો શેષ અને અક્ષર મુક્તો પણ જેના મહિમાનો પાર પામતા નથી. તેથી તમારા મહાગુણો તો અપાર જ છે. તેથી હે પ્રભો ! પોતાના આશ્રિતોના પાપને નાશ કરનારા, અતિ શ્રેષ્ઠ, પ્રત્યક્ષ શ્રીહરિ તમો જ સર્વોપરી છો; જે વૈરાજ પુરુષની નાભિ કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા. પ્રલય કાળમાં જળમાં સૂતેલા વૈરાજ પુરુષને (પોતાના પિતાના સ્વરૂપને) જાણવા માટે સમર્થ ન થયા તો સર્વ અવતારના કારણરૂપ અત્યુત્કૃષ્ટ તમોને તો કેવી રીતે જાણે ? ન જ જાણે સર્વ નિયંતા, સત્યસંકલ્પ વિવિધ શક્તિઓના સ્વામી, તમો નિર્લેપ રહીને અસંખ્ય વિશ્વોની ઉત્પત્તિ આદિક કાર્ય માયાના ગુણો વડે કરો છો. (પોતે અસંગી છતાં રજ આદિક માનાના ગુણાત્મક બ્રહ્માદિ દ્વારા જગતની ઉત્પત્તિ આદિક કાર્ય કરાવો છો તમારા જુદા જુદા અવતારો દુર્જનોના વિનાશ માટે તથા તમારા આશ્રિતોના સુખ માટે છે. તો પણ તમો સ્વતંત્ર અને કેવળ તમારા શુદ્ધ સર્વોપરી સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ કરવા માટે જ હાલમાં પ્રગટ થયા છો. (૧૦-૧૫)

તમારા નામના શ્રવણ અને કીર્તન તથા તમારી મૂર્તિના સ્મરણ અને વંદનથી, પામર જન પણ તત્કાળ શુદ્ધ થાય છે તો સાક્ષાત્ તમારા દર્શનથી શુદ્ધ થાય તેમાં શું આશ્ચર્ય છે ? કાંઈ પણ આશ્ચર્ય નથી; કનિષ્ટ જાતિનો હોય છતાં પણ જો તે તમારી ભક્તિ યુક્ત છે તો તે કેવળ શુષ્ક ધર્મમાં રહેલા બ્રાહ્મણથી પણ શ્રેષ્ઠ છે. એટલે તમારી ભક્તિથી કનિષ્ટ જાતિનો ભક્ત પણ પોતાના વંશ સહિતનું કલ્યાણ કરે છે. જ્યારે તમારા ચરણકમળથી વિમુખ વિદ્યાદિ મદવાળા બીજા પોતાના વંશનું તો શું પણ પોતાનું કલ્યાણ પણ કરી શકતા નથી. (તેવી રીતનું શ્રીમદ્ ભાગવતમાં પ્રહલાદનું વાક્ય છે) આ લોકમાં સર્વ પીડા કરનારું તમારું પવિત્ર નામ હર્ષપૂર્વક ઉચ્ચારે તે આર્યવર્યો (શ્રેષ્ઠ પુરુષો) થાય છે, તે જ સ્વાધ્યાય, સત્તીર્થ, તપ, યજ્ઞ, વગેરેનું ફળ પામે છે, હે હરે ! આ લોકમાં મારા ઘરમાં તમો પ્રાદુર્ભાવ પામીને, તમારા પ્રતાપથી તમો તમારા આશ્રિતોના ન ભેદી શકાય તેવા અનાદિ અવિદ્યારૂપી અંધકારનો નાશ કરીને અસંખ્ય ભક્તોને મૂળ પ્રકૃતિથી પર તમારા અક્ષરાખ્ય ધામને પમાડશો. (૧૬-૧૯)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- કરુણાકરીને પોતે પોતાનો દિવ્યભાવ બતાવ્યો છે તે સ્વયં પ્રકાશમાન, સત્યાદિ પ્રાકૃત ગુણોથી રહિત, જેના સમાન બીજાં કોઈ નથી માટે અદ્વિતીય, પોતાના પુત્રરૂપે પ્રગટ થઈ જેમણે નર નાટ્ય ધારણ કર્યું છે, તે સર્વ ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ પૂર્વોક્ત પ્રકારે સ્તુતિ કરિને ભક્તિમાતા વિરામ પામ્યાં. (૨૦)

હે રાજન્ ! અક્ષર બ્રહ્મના અધિપતિ શ્રીહરિ હવે પોતાના બાળ ભાવનું આચરણ કરતાં, પોતાને વિષે આસક્ત ચિત્તવાળા માતુશ્રીને આનંદ પમાડવા માટે તેમની પાસે ભોજન માગવા લાગ્યા. (૨૧)

પછી શ્રીહરિના માતુશ્રી પ્રસન્ન થઈને શ્રીહરિને સુવર્ણના બાજઠ ઉપર બેસાડીને સુવર્ણ થાળમાં મૂકેલાં સ્વાદિષ્ટ વિવિધ ભોજનો જમાડવા લાગ્યાં. પોતાના પુત્રને સોનાના પ્યાલાથી પવિત્ર જળપાન કરાવતા હે પુત્ર ! તમો આ પદાર્થ સારું છે. જમવા યોગ્ય છે, એ જમો, તેમ હર્ષથી કહેતાં જમાડતાં હતાં; શ્રીહરિને તૃપ્ત થયેલા જાણીને ભક્તિમાતાએ પુત્રના બંને હાથ તથા મુખ જળથી ધોઈને, પોતાના પુત્રને ઉત્તમ વિવિધ પ્રકારનો મુખવાસ સ્નેહથી આપ્યો. (૨૨-૨૪)

ભક્તિમાતા સમાધિમાં પોતે જોયેલું અને પહેલાં કદી નહી જોયેલું અતિઉત્કૃષ્ટ આશ્ચર્ય ધર્મદેવ તથા રામપ્રતાપ અને તેમનાં પત્ની સુવાસિની તથા બીજા સંબંધીઓને કહેવા લાગ્યા. (૨૫)

શ્રીહરિના એ પરાત્પર ભાવનું જ્ઞાન તેમના અદ્ભુત ચરિત્રથી થયું, તે સાંભળીને આનંદ પામેલા ધર્મ વગેરે શ્રીહરિના આ દિવ્ય ભાવથી તેમને પરમેશ્વર જ માનવા લાગ્યા. (૨૬)

ભક્તિપતિ શ્રીહરિએ પોતાની સુંદર અને મંગળકારી બાળલીલાનું સુખ ધર્મ વગેરેને આપવા માટે પોતાના દિવ્ય ભાવનું અતિ ઉત્કૃષ્ટ જ્ઞાન તત્કાળ ઢાંકી દીધું, પછી ધર્મ તથા ભક્તિ આ અમારા પુત્ર છે એમ જાણીને તેમને લાડ લડાવવા લાગ્યા. (૨૭)

હે રાજન્ ! આત્મતંત્ર શ્રીહરિ પોતાના માતાપિતા ધર્મ ભક્તિને તથા પોતાના બંધુ વર્ગને હંમેશા અતિ આનંદ પમાડતા સંસાર સમુદ્ર તરવામાં નૌકા સમાન નાના પ્રકારના ચરિત્રો કર્યાં. (૨૮)

હે રાજન્ ! સર્વ વ્યાપક, સહજાનંદ, ધર્મના પુત્ર શ્રીહરિનું, દિવ્ય ઐશ્વર્ય વિશેષપણે જણાવનારું, શ્રવણ માત્રથી જન્મ મરણની પીડાથી નિવૃત્તિ કરનારું, મંગળરૂપ અત્યંત પુણ્યમય આ સુંદર ચરિત્રનું ભક્તિપૂર્વક જે ગાન કરશે અને સાંભળશે તે ઈચ્છિત સુખને જરૂર પામશે. મહા તપસ્વીઓ પણ આ ચરિત્રના ગાન અને શ્રવણથી દુર્લભ અત્યુત્કૃષ્ટ આત્યંતિકી મુક્તિને પામશે. (૨૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી ભક્તિમાતાએ કરેલી પોતાના પુત્ર શ્રીહરિની સ્તુતિ નિરૂપણ નામે પંદરમો અધ્યાય સંપૂર્ણ. (૧૫)



અધ્યાય ૧૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પુત્રરૂપે પ્રગટેલા પરબ્રહ્મ પરમાત્મા પોતાના પુત્રને વિદ્યા આરંભ કરાવવા ઈચ્છતા ધર્મદેવે ભક્તિને સદ્વચન કહ્યું, હે શોભને ! આવતી કાલે મંગળકારી લગ્ન, યોગ, તિથિ, વારથી યુક્ત વિદ્યારંભનું ઉત્તમ મુહૂર્ત છે, (તે મુહૂર્ત શ્રીહરિના જન્મથી પાંચમે વર્ષે ચૈત્ર સુદી ૨ બીજને શુક્રવાર અશ્વિની નક્ષત્ર અને સિંહ લગ્નમાં જાણવું) તે મુહૂર્તમાં આ પુત્રના વિદ્યાધ્યયનનો આરંભ કરાવવો જ જોઈએ. તે સમયે મહોત્સવ કરવો અને ઘણા બ્રાહ્મણો જમાડવા; આવી રીતનું પોતાના પતિનું વાક્ય

સાંભળીને સારું, સારું એમ બોલતાં ભક્તિમાતાએ હર્ષપૂર્વક સામગ્રી તૈયાર કરવામાં રાત્રી દિવસ વીતાવ્યા. પછી ભક્તિમાતા પોતાના પુત્રને બાજઠ ઉપર બેસાડીને હર્ષથી પવિત્ર જળ અને સુગંધિ દ્રવ્યોથી અંગોદ્વર્તન વિધિ કરીને પ્રાતઃકાળમાં પુત્રને સ્નાન કરાવ્યું; પછી ભક્તિ માતાએ સુકોમળ વસ્ત્રથી શ્રીહરિના કરચરણો વગેરે અંગો લૂછીને સફેદ અને સુવર્ણ તારની કિનારીવાળું વસ્ત્ર શ્રીહરિને પહેરાવ્યું; પછી ભક્તિ માતાએ કસુંબી રંગની ઉત્તમ પાઘ શ્રીહરિને મસ્તક ઉપર પહેરાવીને લાલ બુટ્ટા વાળું, મૂલ્યવાન પીળું અંગરખું પહેરાવ્યું. (મસ્તકનું પરિધાન વસ્ત્ર પહેર્યા પહેલાં અંગરખું પહેરવું તે શાસ્ત્ર તથા શિષ્ટાચારના નિયમોમાં અયોગ્ય માન્યું છે. માટે પહેલાં મૌલિ ધારણ કહ્યું છે.) ભક્તિમાતાએ વાદળી રંગનો સોનેરી કિનારવાળો અમૂલ્ય ખેસ શ્રીહરિના બંને ખભા ઉપર પ્રીતિપૂર્વક પહેરાવ્યો. સુવર્ણના મણિજડિત ઉત્તમ વિવિધ પ્રકારના અમૂલ્ય અલંકારો હર્ષથી શ્રીહરિના અંગોમાં પહેરાવ્યાં; ભક્તિમાતાએ શ્રીહરિના લલાટમાં સુંદર કુંકુમનો ચાંલ્લો કર્યો અને તેમાં અણીશુદ્ધ ચોખા ચોડ્યા. સુંદર આંજણ શ્રીહરિના બંને નેત્રોમાં આંજ્યું. (૧-૧૦)

આ પ્રકારે ભક્તિમાતાએ શણગારેલા, સર્વ ભૂષણોના ભૂષણરૂપ આકૃતિ જેમને છે, વળી જેમના ચરણોમાં મધુર શબ્દ કરતાં ઝાંઝરો શોભે છે, તે શ્રીહરિ પોતાના માતુશ્રીને હર્ષ પમાડતા વિદ્યા ભણવાનો આરંભ કરવા માટે ગયા. (૧૧)

હે રાજન્ ! પુણ્યદર્શન શ્રીહરિ પોતાના પિતાની પાસે જઈને તેમણે સન્માન કરાએલા (હે પુત્ર ! મારા ખોળામાં બેસો એ પ્રમાણેનું સન્માન) ધર્મદેવના ખોળામાં બેઠા. વેદમાં પારંગત વિદ્વાનો ધર્મદેવને ઘેર આવ્યા. તેમ જ કાવ્ય રસ અને અલંકાર જાણનારા બીજા વિદ્વાનો પણ આવ્યા. આ મંગળકારી પ્રસંગે સોનું, રૂપું, ગોળ વગેરે પદાર્થો સહિત પાત્રો હાથમાં લઈને પુરના જનો આવ્યા. હે રાજન્ ! હર્ષ પામેલા મહા બુદ્ધિશાળી ધર્મદેવે, પોતાના પુત્રને શાસ્ત્રોક્ત રીતથી વિદ્યારંભ કરાવ્યો. (શાસ્ત્રોક્ત વિદ્યારંભનો વિધિ :- ગણેશજીનું પૂજન, લક્ષ્મીનારાયણ, સરસ્વતી પોતાનો વેદ તથા પોતાના આચાર્યનું યથાવિધિ પૂજન કરવું. પૂર્વોક્ત દેવોને તેમના મંત્રોથી અથવા મૂળ મંત્રોથી અગ્નિમાં આજ્યાહુતિ આપવી) તે સમયે અતિ સુખકર માંગલિક વાજિંત્રોનો મહાધ્વનિ પુરના જનોને હર્ષ પમાડતો દિશાઓમા વ્યાપી ગયો; તે સમયે મંદ હાસ્યથી અત્યંત પ્રકાશમાન શ્રીહરિના મુખને જોતી સ્ત્રીઓ પ્રીતિપૂર્વક વિવિધ મંગળ ગીતો ગાતી હતી. (૧૨-૧૬)

ધર્મદેવ તે મહોત્સવમાં હજારો બ્રાહ્મણોને ઘી સાકરવાળાં ભોજનો આદરપૂર્વક જમાડતા હતા; અત્યંત ઉદાર ધર્મદેવે બ્રાહ્મણોને દક્ષિણા આપી. તેમ જ શણગારેલી ગાયો આપી, સુંદર સુવર્ણ આપ્યું. તે બ્રાહ્મણોએ ધર્મદેવને આશીર્વાદ આપ્યા. હે રાજન્ ! શુભાસન ઉપર બેઠેલા શ્રીહરિએ, રૂપાની ઘુઘરીઓ વાળી પીળા વર્ણવાળી લેખિની જમણા કરકમળમાં ધારણ કરી, હિંગળોકના રંગથી રંગેલી તે ઉપર શ્વેત મૃતિકાથી રંગેલી પાટી પોતાના ખોળામાં ધારણ કરી, પોતાની સાથે ભણનારા સમાન વયના બાળકોસાથે શ્રીહરિ શોભતા હતા. (૧૭-૨૦)

શ્રીહરિએ નીચે ડોક કરીને પાટીમાં પોતાના પિતાએ હર્ષથી લખેલા અક્ષરો (સ્વરથી આરંભીને સ્પર્શ, અંતસ્થ ઉષ્મા પ્રભૃતિ અક્ષરો) અંકો (એકથી આરંભીને નવ પર્યંત) જોઈને તે જેવા જ અક્ષરો લખ્યા; હે

રાજન્ ! શ્રીહરિ તે સમયે સોનાના પાત્રમાં રહેલા શ્રી ધર્મદેવે આપેલા પેંડા તથા બીજા શ્રેષ્ઠ ખાદ્ય પદાર્થો બાળકોને આપતા હતા, અને પોતે પણ જમતા જમતા ભણતા હતા. શ્રીહરિએ પાટી ઉપર અક્ષરો તથા આંકડાઓ લખીને ધર્મદેવને બતાવ્યા; ધર્મદેવ (પોતાના જેવા લખેલા અક્ષરો તથા અંકો) વર્ણો તથા અંકો જોઈને અત્યંત આનંદ પામ્યા. ખણ ખણ શબ્દ કરતી ઘુઘરીઓવાળી લેખિની પકડવાથી શોભાયમાન, શ્રીહરિનું લખવાનુ ચાતુર્ય જોઈને ધર્મદેવ વગેરે આનંદ પામ્યા. (૨૧-૨૪)

હે રાજન્ ! બુદ્ધિસાગર શ્રીહરિ થોડા સમયમાં સમગ્ર વર્ણો ભણીને સર્વ ગ્રંથો વાંચવા લાગ્યા. જેમ શરદ્ઋતુમાં હંસોનું સ્થાન ગંગાતીરે છે, તેમ શ્રીહરિના ગુણોમાં લુબ્ધ થયેલી સર્વ વિદ્યાઓ શ્રીહરિને વરી ધર્મને જાણનારા ધર્મદેવ શ્રીહરિની અસાધારણ (મનુષ્યોમાં ન કલ્પી શકાય તેવી) બુદ્ધિ (દૈવી) જોઈને, તેમને વેદના છ અંગો (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, નિરૂક્ત) પ્રીતિપૂર્વક ધીરજથી ભણાવતા હતા; શ્રીહરિ વેદના તે છ અંગો પરિશ્રમ વિના અલ્પ સમયમાં ભણ્યા. અને તે પણ ઉપવિત સંસ્કાર, પહેલાં, તેથી ધર્મદેવ આનંદ પામ્યા. અનાદિ જ્ઞાનના મહાનિધિ શ્રીહરિ પણ હે રાજર્ષ ! પોતાના મનુષ્ય નાટ્યને શોભાડતા, પોતાના પિતાના આનંદ માટે ભણતા હતા. હે રાજન્ ! પુરુષોત્તમ શ્રી ધર્મના પુત્રે, કૌમારાવસ્થા વીતાવીને પૌંગડ સંજ્ઞાવાળી બીજી અવસ્થામાં પ્રવેશ કર્યો. (૨૫-૩૦)

શ્રીહરિની પૌંગડાવસ્થાના પહેલા જ વર્ષમાં (શ્રીહરિના જન્મથી છઠ્ઠા વર્ષમાં) વૈશાખ સુદી ૨ ને રવિવારને દિવસે બ્રાહ્મમુહૂર્તમાં ભક્તિ દેવીએ ત્રીજા પુત્રને જન્મ આપ્યો; રૂપ, લાવણ્ય, માધુર્ય, કૌશલ્યાદિ ગુણોવાળા શાંત ગુણોથી, પ્રદ્યુમ્ન જેવા ઈચ્છારામ જે ધીર, સંતોષી, હંમેશા શ્રીહરિની અનુવૃત્તિ સમજનારા, ચંદ્રમા સમાન સ્ફુરાયમાન કાંતિવાળા, જનોએ પ્રાર્થના કરવા યોગ્ય, દર્શનીય હતા. (૩૧-૩૩)

શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિનું પરં પુણ્ય સ્વરૂપી કૌમારાવસ્થાનું ચરિત્ર જે ગાશે અથવા સાંભળશે તે મનુષ્ય પરબ્રહ્મ નિયંતા શ્રીહરિની ભક્તિ પામશે. (૩૪)

શ્રી હરિકૃષ્ણના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિકૃષ્ણ વિદ્યારંભ મહોત્સવ નિરૂપણ નામે સોળમો અધ્યાય સંપૂર્ણ. (૧૬)



અધ્યાય ૧૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પૌંગડ સંજ્ઞાવાળી અવસ્થા પામેલા શ્રીહરિએ જે જે લીલા કરી તે હવે હું તમોને કહું છું. (૧)

હે રાજન્ ! શ્રીહરિ તો પૂર્ણકામ છે છતાં દેહધારીઓને ભક્તિ શીખવાડવા માટે નટનાટક શોભાડતા હંમેશા આ પ્રમાણે વર્તતા હતા. (૨)

(હવે ચાર શ્લોકથી શ્રીહરિની દિનચર્યા કહે છે) શ્રીહરિ રાત્રિના છેલ્લા યામમાં (બ્રાહ્મમુહૂર્તમાં)

દરરોજ સ્નાન કરવા માટે સરયૂમાં જતા હતા, કૃષ્ણના નામમંત્રથી પૂજન કરતા; (ઉપનયન સંસ્કાર થયું ન હોવાથી વૈદિક મંત્રનો પાઠ કરી શકાય નહીં.) શ્રીહરિ વિવિધ ઉપચારોથી કૃષ્ણની પૂજા કરીને તુલસીની માળા ફેરવતા પ્રીતિપૂર્વક નામ જાપ કરતા હતા; શ્રીહરિ બાળક હોવા છતાં પણ સ્નાન કરીને, ઉર્ધ્વપુંડ્ર તિલક કરીને, રામકોટની પ્રદક્ષિણા કરતા. ભોજનનો સમય થઈ જતો છતાં આકુળતા રહિત પોતાનો આ નિયમ કરતા, તેથી પુરવાસીઓ વિસ્મય પામતા. શ્રીહરિ શ્રીરામ જન્મ સ્થાન, લક્ષ્મણઘાટ, વિદ્યાકુંડ; સૂર્યકુંડ વગેરે સ્થાનોમાં હંમેશા શ્રી રામચંદ્રજીની મૂર્તિઓના દર્શન કરવાની ઈચ્છાથી (અયોધ્યામાં રામ મંદિરો વિશેષપણે હોવાથી રામદર્શન કહ્યાં છે. પરંતુ શ્રી કૃષ્ણાદિના દર્શન પણ જાણી લેવાં.) જતા હતા. (૩-૬)

હે રાજન્ ! માર્કંડેય મુનિએ શ્રીહરિના નામકરણ સંસ્કાર વિધિમાં જે ગુણો કહ્યા હતા તે ગુણો શ્રીહરિને વિષે ધર્મદેવ તથા અન્ય જનો સાક્ષાત્ જોતાં; મુનીંદ્રોએ ઈચ્છેલા ગુણો તથા પોતાના નિયમોથી, શ્રીહરિ બાળ અવસ્થા છતાં પણ પિતા કરતાં કીર્તિમાં વિશેષ પ્રસિદ્ધ થયા. હે રાજન્ ! કેટલાક પુરના બાળકોએ શ્રીહરિનો આશ્રય કર્યો, તેથી તે બાળકોને પ્રહલાદજીની માફક શ્રીહરિ, ભક્તિનું શિક્ષણ આપતા હતા; હે રાજન્ ! શ્રીહરિની સમાન વયના બાળકો હતા તે શ્રીહરિના પ્રભાવથી બાળ સુલભ રમતોનો ત્યાગ કરીને, શ્રીકૃષ્ણની ભક્તિ કરતા હતા. શ્રીહરિ કરુણાથી તે બાળકોને પણ સમાધિ કરાવી તેમાં ગોલોકાદિ પોતાના ધામો બતાવતા; શ્રીહરિએ તે તે ધામોમાં દિવ્ય શ્રીહરિની મૂર્તિઓ, દિવ્યસ્વરૂપવાળાં પાર્ષદો તથા ઐશ્વર્યો તે બાળકોને બતાવ્યા; હે રાજન્ ! શ્રીહરિનું ધ્યાન કરતાં સમાધિમાં શ્રીહરિની મૂર્તિના દર્શનથી આનંદ પામતા તે બાળકો પોતાના દેહ, ઘર વગેરેનું ભાન ભૂલી જતા; શ્રી હરિના પ્રતાપથી શુકદેવજીના જેવી અત્યુત્કૃષ્ટ બ્રહ્મગતિ પામેલા તે બાળકોને જોઈને નગરવાસીઓ વિસ્મય પામ્યા, આ બાળકો પણ યોગીન્દ્રોને દુર્લભ અને સર્વ દુઃખનો નાશ કરનારી અચળ સમાધિસ્થિતિ પામ્યા. બાળક્રીડા કરવા યોગ્ય એમની અવસ્થા ક્યાં અને વૃદ્ધ પુરુષોએ ઈચ્છવા યોગ્ય મુક્તિ આપનારી દુર્લભ સિદ્ધ દશા ક્યાં ? આ તો એક આશ્ચર્ય છે ! (૭-૧૬)

બાળકોની આ પ્રકારની ઉત્તમ સ્થિતિનું કારણ ધર્મનંદન જ છે, તેથી આ ધર્મનંદન નરનાટકધારી ભગવાન જ છે, એમ ન હોય તો આ બાળકો દુઃખથી પણ ત્યાગ ન થઈ શકે એવી બાલ્યાવસ્થાની ચંચળતાનો ત્યાગ કરીને વિષયાસક્તિથી રહિત થઈને મુનિંદ્રોની માફક કેમ વર્તે ? પુરના નિવાસી વિવેકી માણસોએ આ પ્રમાણે શ્રીહરિનો અનુપમ પ્રતાપ જોઈને, શ્રીહરિનો ઈશ્વરપણાનો નિશ્ચય કર્યો. (૧૭-૧૯)

કરોડો કામદેવનો ગર્વ હરનારા, સદ્‌ગુણ, સત્ય, શૌચ, અપહત પાપ્મા વગેરે ગુણોથી સુમંગળ અને પ્રશંસનીય આચરણ કરતાં; શીલ જ્ઞાન, ગાંભીર્ય, ધૈર્ય, બળ, દાક્ષ્ય, દયા, સ્થિરત્વાદિ સ્વાભાવિક છતાં અનવધિકાતિશય ગુણોથી યુક્ત પ્રભુ (નિગ્રહાનું સમર્થ) શ્રી હરિ એક જ પુરવાસી જનોને અત્યંત દર્શનીય થયા. સમગ્ર શાસ્ત્રોના રહસ્યને જોણનારાઓમાં ઉત્તમ, સર્વ સજ્જનો તથા નરેન્દ્રોને વંદનીય, વેદોએ કહેલા કર્મોની વિધિને જાણનાર સમગ્ર ધર્મોના નિર્ણય કરવામાં ચતુર; સર્વદુષ્ટ મતોનું શ્રુતિસ્મૃતિ, સચ્છાસ્ત્રોના પ્રમાણોથી ખંડન કરવામાં શક્તિમાન, (વામ, દક્ષિણ શાક્ત, કૌલ, કુંડ, નાસ્તિક, શુષ્ક

વેદાંત વગેરે દુષ્ટ મતો) શ્રેષ્ઠ (સ્વધર્મ આચરવાથી શ્રેષ્ઠ) પંડિતોને અત્યંત માન્ય, નૈષ્ટિક બ્રહ્મચર્ય વ્રત (સાશ્રિત જનોને દેહાંત પર્યંત નૈષ્ટિક વ્રત પાલન કરવામાં) પાલવવામાં સદા ઉદ્યમશીલ સર્વ જનોના સંશયો છેદવામાં ચતુર, (શાસ્ત્રના અનેક પ્રકારના સંશયો છેદવામાં સમગ્ર શાસ્ત્ર, સત્પુરુષો પ્રમાણભૂત માને તેવી રીતે નિરાકરણ કરવામાં ચતુર) વિદ્વાનોએ અત્યંત ભક્તિપૂર્વક સ્તુતિ કરાએલા, ઘણાં ગર્વિષ્ઠ વિદ્વાનોનો ગર્વ હણનારા, પૃથ્વીમાં (જેમની સમાન કોઈ નથી) પૂર્વજન્મમાં કરેલાં પાપો, તથા આધ્યાત્મિકાદિક તાપ, જેના દર્શનથી નાશ થઈ જાય છે; કોમળ આંગળીઓના શોભતા નખરૂપી ચંદ્રમાની કાંતિવાળા, બંને ચરણ કમળથી અત્યંત રમણીય, અત્યંત કોમળ ગોળજંઘાવાળા, કોમળ અને શ્રેષ્ઠ ઉરુયુગલની શોભાવાળા; ઊંડીનાભિવાળા, સુંદર ઉદરવાળા, પાતળી, ગોળ અને મનોહર કટિવાળા, શ્રી વત્સ વિણગુણ હારાદિ ચિન્હોથી શોભતા, પહોળા વક્ષસ્થળવાળા, ઢીંચણ સુધી લાંબા બાહુવાળા, વિશાળ ખભાવાળા, શંખની માફક ત્રણ રેખા યુક્ત કંઠ તથા અત્યંત મનોહર ચિબુકથી શોભતા, પાકાં ઘીલોડાં જેવાં લાલ અને અશોક, તથા આમ્રવૃક્ષના નવીન પાંદડા જેવા કોમળ ઓષ્ટથી શોભાયમાન સુવર્ણ ભૂષણો, લલંતિકા તથા નવ સેરવાળા મોતીના હારથી શોભાયમાન, તલના પુષ્પ સમાન નાસિકાવાળા, સૂક્ષ્મ પાપણોવાળા, કરુણારસથી પૂર્ણ જેમનાં નેત્રોની શોભાથી નવીન કમળો પણ તિરસ્કૃત થયાં છે, અને મંદ હાસ્યથી શોભાયમાન વાંકી ભ્રકુટીવાળા, મુખ કમળથી ચંદ્રબિંબ પણ તિરસ્કૃત થયો છે, કેસર મિશ્રિત ચંદનથી કરેલું ઉર્ધ્વપુંડ્ર તિલક તેના મધ્ય ભાગમાં શોભાયમાન સુંદર, કુંકુમના ગોળ ચાંલ્લાવાળા (ઉર્ધ્વપુંડ્ર તિલકની વચ્ચે ચંદ્રના સરખી આકૃતિવાળા ગોળ કુંકુમના ચાંલ્લાથી વિશાળ લલાટવાળા) જમણી નાસિકાની બાજુમાં રહેલા ઉત્તમ શ્યામ તિલના ચિન્હથી દર્શનીય, શુભ કપોળથી મનોહર; ભક્તજનોને દર્શનીય, અને પૂજ્ય, લગાર લગાર વાંકા શ્યામ કેશથી શોભાયમાન, બંને હાથપગના તળીયાના રક્ત રંગથી કમળની લાલીમાનો પણ જેણે તિરસ્કાર કર્યો છે, ડાબા કાનની વચ્ચે શ્યામ વર્ણના મોટા તિલથી શોભતા; સુવર્ણ સમ ચળકતા વસ્ત્રોવાળા, સુવર્ણના ઝાંઝરોના ઝણઝણાટ શબ્દોથી રમણીય, (ઝાંઝરના ઝણ ઝણ શબ્દ કરતા ચરણની દર્શનીય ગતિ) વિવિધ વર્ણવાળા, મણિજડિત સોનાનો કંદોરો, સોનાના કંકણ અને શ્રેષ્ઠ બાજુબંધવાળા, સોનાના મણકા, મોતીઓ, વિવિધ પ્રકારના મણિંદ્રોના ઉત્તમ હાર, જેમણે પહેર્યાં છે; મણિજડિત ભૂષણરૂપ કુંડળો બંને કાનમાં પહેર્યાં છે, શુદ્ધ રત્નોથી ગુંથેલા તોરાથી શોભતા, મસ્તક ઉપર ધારણ કરેલા સોનાના તારથી પ્રકાશમાન મંડિલથી શ્રીહરિની મૂર્તિ રમણીય ભાસતી હતી. (૨૦-૩૧)

આ પ્રકારે શ્રીહરિની મૂર્તિનું વર્ણન કરીને હવે તેમના દર્શન કરનારા જનોનું વૃત્તાંત કહે છે. શ્રીહરિ સીતારામ, રાધાકૃષ્ણ, શિવાલયાદિ જે જે મંદિરમાં જાય છે, ત્યાં ત્યાં પુરવાસી જનોનો સમુદાય અનિમિષ દૃષ્ટિથી શ્રીહરિને જોતા હતા, અને તેમના દર્શનનો ક્ષણવાર પણ ત્યાગ કરી શકતા નહતા; શ્રીહરિની મૂર્તિના દર્શનના સુખને જાણનારા તેમને આસન ઉપર બેસાડીને આદરપૂર્વક સુંદર ખાદ્ય પદાર્થો તથા વિવિધ પ્રકારના ફળો આપતા, રોમાંચિત ગાત્રોથી તે જનો શ્રીહરિના દર્શન કરતા હતા; જે જે સ્થાનમાં શ્રીહરિ ઊભા રહે, ત્યાં ત્યાં શ્રીહરિના દર્શન કરવામાં આસક્તિવાળા, પુણ્યશાળી પુરના જનો, ચારે તરફથી ટોળે ટોળાં વળીને તેમની સમીપે આવતા હતા. સુશોભીત બજારોના રાજમાર્ગોમાં ફરતા

અતિ રમણીય શ્રીહરિને જોઈને વણિકોના હાથમાં દેહનું ભાન ભૂલવાથી ત્રાજવાં સ્થિર થઈ જતાં, નેત્ર નિશ્ચલ બની જતા. શ્રીહરિને જોઈને સ્ત્રીઓ સરયૂ નદીના જળથી ભરેલી ગાગરો પોતાના મસ્તક ઉપર ધારણ કરતી જાણે ભીંતમાં ચીતરેલી આકૃતિ હોય ને શું ? એમ અત્યંત સ્થિર નેત્રોવાળી રાજમાર્ગમાં ઊભી રહેતી. સર્વ જનોના નેત્રોના ઉત્સવરૂપ શ્રીહરિમાં અત્યંત સ્નેહથી આસક્ત થયેલા નેત્રોને પાછા ખેંચવા માટે સ્થિરતાવાળો કોઈ પણ પુરુષ સમર્થ થતો નથી; સુંદર બાળસ્વરૂપની શોભાથી અતિ સુશોભિત, પોતાની કમનીય ચાલથી જેણે હંસની ગતિને લજ્જા પમાડી છે, જેમનાં ચરણ કમળ ઈશ્વરોને પણ વંદનીય છે તે, શ્રીહરિને જોઈને, કેટલાક પુરજનો તત્કાળ સમાધિ અવસ્થાને પામ્યા. (૩૨-૩૮)

શ્રી શુકાનંદમુનિ માનસિંહ રાજાને કહે છે :- હે રાજન્ ! આ પ્રકારે દર્શનીય, પ્રસિદ્ધ ગુણોવાળા, પવિત્ર કીર્તિ અને શોભારૂપ લક્ષ્મીએ સેવેલા, અનુપમ, ક્ષર અને અક્ષરના નિયંતા, ધર્મનંદન શ્રીહરિના જે જનોએ દર્શન કર્યાં તે જનોના ભાગ્યનું હું કેમ વર્ણન કરું ? (૩૯)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં પોતાના બાળ મિત્રોને શ્રીહરિ પ્રદર્શિત ગોલોક ધામાદિ નિરૂપણ નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ. (૧૭)



અધ્યાય ૧૮ મો

માનસિંહ રાજા શુકાનંદમુનિને કહે છે :- હે બ્રહ્મન્ ! અયોધ્યામાં બંધુજનોની સાથે રહેતા ધર્મજ્ઞ, ધર્મદેવ કેવી રીતે વર્તતા હતા, તે જાણવાની મને ઈચ્છા છે તો તે ધર્મદેવનું વૃત્તાંત કહો. (૧)

હે રાજન્ ! એકાંતિક ધર્મમાં રહેલા, શ્રેષ્ઠ ગુણોના સ્થાન ભૂત, અયોધ્યામાં રહેતા ધર્મદેવ સર્વ સજ્જનોને પૂજ્ય હતા. પુરજનો સર્વ સદ્‌ગુણોના ચિન્હોવાળા શ્રી ધર્મદેવનો આશ્રય કરતા હતા. પુરજનો ધન, ભૂષણો, અન્ન, વસ્ત્ર, વગેરેથી ધર્મદેવની પૂજા કરતા હતા. ધર્મદેવ પણ પોતાને શરણે આવેલા પુરુષોને એકાંતિક ભાવથી શ્રીકૃષ્ણની ઉપાસના તથા પોતાના ગુરુ ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામી પાસેથી સાંભળેલા ધર્મોનો યથાર્થપણે ઉપદેશ આપતા હતા. (૨-૪)

પોતાના ગુરુ ધર્મદેવે ઉપદેશેલ ધર્મનું પાલન કરનારા પુરજનો, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યરૂપ સર્વ અંગો સહિત, શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિ હંમેશા આદરપૂર્વક કરતા હતા. જે જનો સુરાપાન તથા માંસનું ભક્ષણ કરતા હતા, તે પણ ધર્મદેવની પ્રસન્નતાથી પોતાના અસત્કર્મોનો ત્યાગ કરતા હતા; ધર્મદેવને આશ્રિત ગૃહસ્થ જનો હિંસાએ રહિત વિષ્ણુયાગ વગેરે યજ્ઞો પવિત્ર હવિષ્યાન્નથી શાસ્ત્ર વિધિ પ્રમાણે કરતા હતા; અગ્નિહોત્રી બ્રાહ્મણો જે ધર્મદેવના આશ્રિત હતા, તે યજ્ઞમાં ક્યારેય પણ પશુઓને સોમયાગમાં હણતા ન હતા, તેમજ સૌત્રામણી યાગમાં પણ સુરાપાન કરતા ન હતા. (૫-૮)

ધર્મદેવ પોતાના આશ્રયે આવેલી હજારો હજાર સ્ત્રીઓને જોઈને શિષ્યોનું પરંપરા કલ્યાણ થાય

તેને માટે વિચાર કરવા લાગ્યા; આ લોકમાં શ્રેષ્ઠ પુરુષો, શુભ અથવા અશુભ જેવા જેવા કર્મનું આચરણ કરે છે તેથી તેના આશ્રિતો તથા અન્ય જનો પણ તેવા તેવા કર્મોનું આચરણ કરે છે. (૯-૧૦)

તેથી પોતાના આશ્રિત જનોના હિત માટે, પોતાની બુદ્ધિથી, સ્ત્રીઓના ગુરુપદનો સારી રીતે નિર્ણય કરવો, ક્યારેય પણ ઉતાવળથી કાર્ય ન જ કરવું. (૧૧)

જે પુરુષો સ્ત્રીઓના ગુરુ બને છે તેવા ગુરુઓ આ લોકમાં શિષ્યોની સ્ત્રીઓ પોતાને વશ થાય એટલે તે સ્ત્રીઓ સાથે ગુહ્ય કર્મમાં આસક્ત થઈને નિશ્ચય ભ્રષ્ટ થાય છે અને નરકમાં પડે છે. તેથી ક્યારેય પણ કોઈ પુરુષે સ્ત્રીનો પ્રસંગ કરવો યોગ્ય નથી. તેથી ગુરુએ સ્ત્રીઓથી, સિંહણથી જેમ ભય પમાય છે તેમ, અતિશય ભય રાખીને પોતાનું રક્ષણ કરવું. यथा व्याध्री हरेत्प्राणान् संप्राप्ता विदुषामपि । तथैषां संयमवतां नारी सर्वान्सुसंयमा नित्यमभियुक्तोक्तेः। गुरवः स्त्री प्रसंगेन, એ વાક્યથી પણ ગુરુઓને સ્ત્રી પ્રસંગનો નિષેધ કર્યો છે. જે ગુરુ સ્ત્રીઓનું હિત કરવા ઈચ્છતા હોય તે ગુરુ પોતાની સ્ત્રી દ્વારા એ અન્ય સ્ત્રીઓને નિયમો સાથે શ્રી કૃષ્ણના મંત્રનો ઉપદેશ કરાવે.

(भर्त्राज्ञयैव नारी तु मन्त्रं दद्यात् सुवासिनी । स्त्रीभ्यस्तथा न दोषस्स्याद् दोषः स्यात् तदनाज्ञया ॥ इति पञ्चरात्रोक्तेः। योगिनीतन्त्रे च, ''साध्वी चैव सदाचारा गुरुभक्ता जितेन्द्रिया । सर्व मंत्रार्थतत्त्वज्ञा सुशीलार्चार्चनेरता । गुरुयोग्या भवेत्सा हि विधवा परिवर्जिता'' इति । तत्रैवान्यत्र ''स्त्रिया दीक्षा शुभा प्रोक्ता स्त्रीणामष्टगुणाधिका'' इति भारते पराशरः । ''धर्मोपदेशं या नारी दानं तीर्थं व्रतानि च । करोति निष्फलं तद्वै विनाज्ञां पत्युरात्मनः'' इति मनुः । ''पतिर्बन्धुर्पतिर्भर्त्ता दैवतं गुरुरेव चेति, पतिरेव गुरुःस्त्रीणां सर्वस्याभ्यागतो गुरुः'' इति निर्णयसिंधौ, जात्याशौचनिर्णये शातातपवचनप्रामाण्यात् स्त्रीणां पतिविषयोऽपि गुरुत्वोपदेशः । तस्मादेतदुभयग्रन्थववचनप्रामाण्य-सिद्धये विकल्पः समागत इति चेन्नैवं मन्तव्यम् एतदुभयग्रन्थवचनयोः विषयभेदात् ।)

આ સિદ્ધાંતો અનુસાર મુમુક્ષુ સ્ત્રીઓને મોક્ષની સિદ્ધિ માટે મોક્ષનો ઉપદેશ કરનાર ગુરુની પત્ની જ ગુરુ કરવા યોગ્ય છે. તે વિષયવાળું યોગિની તંત્ર વચન માનવું, ધર્મ, અર્થ, કામની ઈચ્છાવાળી સ્ત્રીઓએ તો ધર્માદિકની સિદ્ધિ માટે સ્વધર્મનિષ્ઠ પોતપોતાનો પતિનો જ ગુરુ સ્વરૂપે આશ્રય કરવો યોગ્ય છે. એ વિષયવાળું શાતા તપનું વચન માનવું. જો એમ ન માને તો ઉભય ગ્રંથના વચનોનો પરસ્પર વિરોધ આવે. એમ જો હોય તો ગુરુ પત્ની કોની પાસે દીક્ષા ગ્રહણ કરે ? પોતાના પતિ પાસે જ દીક્ષા ગ્રહણ કરે પણ બીજી સ્ત્રીઓથી ગ્રહણ ન કરે તો બીજા પુરુષોથી ક્યાંથી ગ્રહણ થઈ શકે ? અર્થાત્ પુરુષને સ્ત્રીઓના ગુરુ પદનો નિષેધ જ છે. (૧૨-૧૪)

ગુરુએ સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓ જોવી નહીં તેમજ તેમનો સ્પર્શ પણ કરવો નહીં. આ મારા ગુરુ રામાનંદ મુનિનો માનેલો મોટો ધર્મ છે. (૧૫) ધર્મદેવ આ પ્રકારે વિચાર કરીને ભક્તિદ્વારાએ પોતાના શરણે આવેલી સર્વ સ્ત્રીઓને ઉપદેશ અપાવતા હતા. પછી ભક્તિમાતાએ સ્ત્રીઓના સર્વ ધર્મો પોતાની શિષ્યાઓને યથાર્થપણે કહ્યા, હે મહીપતે ! પાપ કર્મ કરનારી સર્વે સ્ત્રીઓ પણ ભક્તિના

આશ્રયથી અને શ્રીહરિના પ્રતાપથી પતિવ્રતા ધર્મવાળી થઈ. (૧૬-૧૭)

પોતાના કુટુંબે સહિત ધર્મદેવ હંમેશા અયોધ્યામાં વસતા, સ્નાન સંધ્યાદિ છ કર્મો તથા આદરપૂર્વક શ્રીકૃષ્ણની પૂજા કરતા હતા; ધર્મદેવ ઉત્સાહપૂર્વક ઉત્તમ પ્રકારનું વિવિધ નૈવેદ્ય શ્રીકૃષ્ણને નિવેદન કરતા હતા તથા શ્રી કૃષ્ણની પ્રીતિપૂર્વક મહા આરતી કરતા હતા; ધર્મદેવ એકાદશી, જયંતિ આદિક વ્રતો પણ કરતા હતા. તે વ્રતોમાં કૃષ્ણની મહાપૂજા તથા રાત્રિમાં જાગરણ કરતા હતા; રાજાના જેવા વૈભવથી ધર્મદેવ મોટી સામગ્રીઓ કરીને દરેક વર્ષે અન્નકુટ વગેરે ઉત્સવો પણ કરતા હતા; ધર્મદેવ ભાદરવા સુદી ૪ ચોથને દિવસે શ્રી ગણેશજીનો ઉત્સવ કરતા હતા. તથા આસો વદી ૧૪ ચૌદશને દિવસે હનુમાનજીનો જન્મોત્સવ કરતા હતા; હે રાજન્ ! ધર્મદેવ દરરોજ પ્રેમપૂર્વક શ્રીહરિના અવતારના ચરિત્રો પોતાના શિષ્યો આગળ સાંજના વખતે કહેતા હતા; મહાબુદ્ધિશાળી ધર્મદેવ દરરોજ શ્રીમદ્ભાગવતાદિ સચ્છાસ્ત્રોનું અધ્યયન તથા મનન પોતાના અવકાશ પ્રમાણે કરતા હતા. (અહીંયા અધ્યયન શબ્દથી સદ્ગ્રંથોની નવીન નવીન વ્યાખ્યાઓનું અવલોકન જાણવું, વૃદ્ધાવસ્થામાં એવું અધ્યયન થઈ શકે નહીં) આ પ્રકારે પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા, જીતેન્દ્રિય, સમગ્ર ઉત્સવોના કરનારા, શ્રીહરિના પ્રતાપથી અસુરોનો અસહ્ય ભય નાશ પામ્યો છે તે ધર્મદેવ, પોતાના આશ્રિત સમગ્ર જનોને સન્માર્ગમાં વર્તાવીને અયોધ્યામાં હંમેશા પોતાના પત્ની પુત્રાદિકે સહિત સુખેથી રહેતા હતા. (૧૮-૨૫)

હે મનુજપતે ! તમોએ મને જે ધર્મદેવનું વૃત્તાંત પૂછ્યું હતું તે તમોને કહ્યું. જે જનો ધર્મદેવનું વૃત્તાંત ઘણા હર્ષથી સાંભળશે તે જનો અચળ ધર્મનિષ્ઠા નક્કી જ પામશે. (૨૬)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી ધર્મદેવ વર્તન નિરૂપણ નામે અષ્ટાદશો અધ્યાય સંપૂર્ણ. (૧૮)



અધ્યાય ૧૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! એક સમયે ધર્મદેવ પોતાની સમીપમાં બેઠેલા પોતાના મનોહર પુત્ર શ્રીહરિને લાડ લડાવતા સ્થિર દૃષ્ટિથી જોતા હતા. (૧)

હજારો સાધનોથી પણ બીજાથી જે સિદ્ધ ન થઈ શકે તે પોતાનું પુરુષોત્તમપણું તથા પોતાનું અવતારિપણું પોતાના પિતાને જણાવવા માટે શ્રીહરિએ ઇચ્છા કરી. (૨)

હે રાજન્ પછી ધર્મદેવે શ્રીહરિના રમણીય દેહમાંથી નિકળેલો સર્વોત્તમ, અતિશાંત, ચોતરફ ફેલાતો, તેજનો સમુદાય જોયો. તે તેજ ધર્મદેવના સમગ્ર ઘર તથા સમગ્ર અયોધ્યાપુરીમાં તત્કાળ વ્યાપી ગયું. અયોધ્યાનગરીના વાસીઓ તે તેજનો સમુદાય જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યા. તેજથી અંજાઈ ગયેલાં નેત્રોવાળાં, કરોડો સૂર્યનારાયણના પ્રકાશ જેવા પ્રકાશથી, ધર્મદેવના નેત્રો અંજાઈ ગયા તથા સમગ્ર શરીર

તેજથી ઢંકાઈ ગયું. પોતાના પુત્ર પરબ્રહ્મ છે છતાં પણ તે શ્રીહરિને જોવા સમર્થ ન થયા; દેવશર્માએ શ્રી હરિના સંકલ્પથી પ્રથમ દ્વિભુજ વર અને અભયદાન આપતી હસ્તમુદ્રા ધારણ કરેલા સ્વરૂપે, પછી શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારી ચતુર્ભુજસ્વરૂપે; અને પછી વિસ્મિત થયેલા ધર્મદેવે સર્વાન્તરાત્મા શ્રીહરિ જેવા પૂર્વે હતા તેવા જ સ્વરૂપે જોયા. અત્યંત દયાથી ભીની દૃષ્ટિવાળા, શોભાયમાન સ્વરૂપવાળા, દર્શન કરનાર ભક્તોને મનોહર, અત્યંત સુંદર અવયવોથી શોભાયમાન સ્વરૂપવાળા વીજળી જેવા તેજસ્વી, પીતાંબરધારી, નિર્મળ ચંદ્રને લજ્જા પમાડનાર, મંદ હાસ્યની કાન્તિવાળા, પાકાં ઘીલોડા અને નવીન પલ્લવોની સુંદરતાને જેમણે જીતી લીધી છે એવા મનોહર ઓષ્ઠવાળા, નવા ફુલેલાં લાલ કમળો જેવા લાલ લોચનવાળો, જીત્યા છે મીન, ખંજન પક્ષીનો વિલાસ જેમણે એવા નેત્રવાળા, સુંદર ચપળ ભ્રૂકુટીથી શોભાયમાન, નગર મોગરાની કળીઓને લજ્જિત કરનાર દંત પંક્તિથી મનોહર, અત્યંત ગર્વિષ્ઠ એવા કરોડો કામદેવના ગર્વનો નાશ કરનારા; સુવર્ણનો મુગટ કે જેમાં વિવિધ પ્રકારના સ્ફુરાયમાન જડેલા મણિઓની કાંતિથી અંધારું નાશ કરી નાખ્યું છે. તેવા મુગટને મસ્તક ઉપર ધારણ કરતા, મણિ જડિત, સુવર્ણના મીનની આકૃતિવાળાં, ઉત્તમ બે કુંડળો બંને કાનમાં ધારણ કરતા; કંઠમાં અતિ સુંદર હીરાકંઠી ધારણ કરતા, ઘણાં મણિઓ અને સોનાના મણકા તથા મોતિઓના હાર ધારણ કરતા, સુંદર કંઠમાં કૌસ્તુભ મણિની શોભાથી શોભતા જડેલા મણિઓની કાંતિથી યુક્ત સુવર્ણના પ્રકાશમાન બાજુબંધ ધારણ કરનારા; બંને હાથની શોભા વધારનાર સુવર્ણનાં કડાં, તેમજ હાથની સુંદર આંગળીઓમાં નાના પ્રકારના સ્ફુરાયમાન મણિઓની કાન્તિવાળી સુવર્ણમય ઉત્તમ વીંટીઓને ધારણ કરતા, કરકમળમાં સુશોભિત પુષ્પના ગુચ્છવાળા; જડેલા શુદ્ધ વિવિધ પ્રકારના મણિઓની કાંતિથી શોભતો સોળ શેરનો કંદોરો કેડ્યમાં ધારણ કરતા, અંદર જડેલા સાચા મણિઓની પ્રભાવાળા, સુવર્ણમય શ્રેષ્ઠ ઝાંઝરો બંને ચરણોમાં ધારણ કરતા; આ પ્રકારે આ ભૂષણોની અતિશય કાન્તિથી સુશોભિત, આકૃતિવાળા, દર્શનીય શોભાને ધારણ કરતા શાંતિના સ્થાનભૂત, દયાનિધિ શ્રીહરિને જોઈને બ્રાહ્મણમાં શ્રેષ્ઠ ધર્મદેવ મહા આનંદ પામ્યા. (૩-૧૪)

ત્યારબાદ ધર્મદેવે શ્રીહરિની સમીપમાં શ્રીહરિના મુખારવિંદને જોઈ રહેલા મહા તેજોમય અક્ષર મુકતો શ્રીહરિને હાથ જોડીને ઊભેલા જોયા. (૧૫)

પછી ધર્મદેવે ચતુર્ભુજ, દિવ્ય વૈકુંઠ ધામના નિવાસી વિશ્વકસેન વગેરે પાર્ષદોને શ્રીહરિની સમીપમાં જોયા. (૧૬)

તેમજ ગોલોક ધામમાં રહેલા ઘણાં તેજસ્વી શ્રીદામાદિક પાર્ષદોને શ્રીહરિની સમીપમાં જોયા. (૧૭)

ધર્મદેવે શ્વેત દ્વિપના નિવાસી નિરન્ન મુક્તો તથા બદરિકાશ્રમવાસી મુક્તોને પ્રેમથી હાથ જોડીને પ્રેમપૂર્વક શ્રીહરિની સ્તુતિ કરતા ત્યાં જોયા. (૧૮)

અત્યંત વિસ્મય પામેલા ધર્મદેવે વિનયપૂર્વક હાથ જોડેલા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, તથા સંકર્ષણને ત્યાં જોયા. (૧૯)

ગંધ પુષ્પાદિ ઉપચારો સહિત સુવર્ણ પાત્રો હાથમાં લઈ મહા માયા તથા મહાપુરુષ બંનેને શ્રીહરિના સમીપમાં ધર્મદેવે જોયા. (૨૦)

અત્યંત વિસ્મય પામેલા ધર્મદેવે, પ્રધાન માયાના તથા પુરુષોના ઘણાં જોડલાં પણ ત્યાં જોયા. (૨૧)

ધર્મદેવે શ્રીહરિની આગળ ઘણાં તત્ત્વાભિમાની દેવતાઓ તથા ઘણાં વૈરાજપુરુષો તેમજ ઘણાં બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને જોયા. (૨૨)

તેમ જ ધર્મદેવે પૂજાના ઉપચારો સહિત સુવર્ણ પાત્રો હાથમાં લઈને રાધા, લક્ષ્મી આદિક ઘણી શક્તિઓને શ્રીહરિની આગળ જોઈ. (૨૩)

તે શક્તિઓએ તથા મુક્તોએ પ્રેમપૂર્વક પૂજેલા અને ઉપાસના કરેલા પોતાના પુત્રને જોઈ, ધર્મદેવ આશ્ચર્ય પામ્યા. (૨૪)

પછી ધર્મદેવે શ્રીહરિની આગળ દિવ્ય આકૃતિવાળા શ્રીહરિની કલ્યાણકારી સ્તુતિ કરતા વેદોને તથા ભક્તિપૂર્વક શુભ સ્તુતિ કરતા ઉપનિષદોને જોયા. (૨૫)

તેવી રીતે ધર્મદેવે શ્રીહરિની સમીપમાં અત્યંત તેજસ્વી વસ્ત્રો તથા અલંકારો ધારણ કરેલા રામકૃષ્ણાદિક સર્વ અવતારોને જોયા. (૨૬)

આવી રીતે મહાશ્ચર્યમય શ્રીહરિનો પરમ દિવ્યભાવ જોઈને ધર્મદેવે શ્રીહરિને સર્વ અવતારોના કારણ સર્વેશ્વરોના પણ ઈશ્વર જાણ્યા. પ્રેમાશ્રુથી ભરેલા નેત્રવાળા, રોમાંચિત ગાત્ર વાળા, ધર્મદેવ, શ્રી હરિને જેવા જોયા તેવા જ તેમના દિવ્ય સ્વરૂપની પ્રેમપૂર્વક સ્તુતિ કરતા હતા. (૨૭-૨૮)

હે રાજન્ સમર્થ શ્રીહરિએ પોતાને વિષે પ્રેમવાળા પિતાશ્રી ધર્મદેવને કૃપાથી દેખાડેલો પોતાનો દિવ્યભાવ અદ્રશ્ય કર્યો; તેથી ધર્મદેવે ઈશ્વરો તથા મુક્તો તેમ જ નાના પ્રકારની શક્તિઓ, પાર્ષદો વગેરેને શ્રીહરિના સમીપમાં જોયા નહીં. આ સમાધિ અવસ્થા પહેલાં પોતાની સમીપે બેઠેલા અત્યંત પ્રિય બે હાથવાળા પોતાના પુત્રને એકલા જોયા. (૨૯-૩૧)

સમાધિમાં જોએલું શ્રીહરિનો દિવ્યભાવ જણાવતું મહાશ્ચર્ય ધર્મદેવે હર્ષપૂર્વક બંધુઓને કહ્યું. તે આશ્ચર્ય સાંભળીને જ હર્ષ પામેલા સમગ્ર બંધુઓ શ્રીહરિને સર્વ કારણના કારણ પરમાત્મા માનવા લાગ્યા. (૩૨-૩૩)

હે રાજન્ ! પછી બાલ નાટ્ય કરવા ઇચ્છતા શ્રીહરિની ઇચ્છાથી ધર્મદેવ વગેરેને શ્રીહરિના દિવ્યભાવની સ્મૃતિ તત્કાળ નાશ પામી. (૩૪)

જેમણે અત્યંત પુણ્ય સંચિત કર્યું છે તે ધર્મદેવ વગેરે શ્રીહરિને રમાડતા તેમને પોતાના સંબંધિ જાણીને સંસારની વેદના ભૂલી ગયા. (૩૫)

શ્રીહરિ આ પ્રમાણે ક્યારેક ચતુર્ભુજરૂપે, ક્યારેક અષ્ટ ભુજરૂપે, પોતાના માતાપિતાને પોતાનાં દર્શન હર્ષપૂર્વક આપતા હતા. વળી શ્રીહરિ કોઈ સમયે સહસ્ર બાહુરૂપે, ક્યારેક રામકૃષ્ણાદિરૂપે ધર્મ

ભક્તિને પોતાનાં દર્શન આપતા હતા. (૩૬-૩૭)

હે રાજન્ ! આવી રીતે પોતાનું અનુપમ ઐશ્વર્ય પોતાના માતા પિતાને વારંવાર શ્રીહરિ બતાવતા હતા. તે ઐશ્વર્યો સમગ્ર રીતે કહેવા માટે તો શેષાદિક પણ સમર્થ થાય નહીં. તો બીજા ક્યાંથી સમર્થ થાય ? હે રાજન્ ! તેથી અનુપમ, અતિપુણ્યમય, શ્રુતિઓએ વર્ણન કરેલું આ શ્રીહરિનું ઐશ્વર્ય તમોને સંક્ષેપથી જ મેં મારી બુદ્ધિ પ્રમાણે કહ્યું. આ ઐશ્વર્ય કથાનું શ્રવણ પાપના સમુદાયને નાશ કરનારું છે. એ શ્રીહરિનો દિવ્યભાવ જે જનો શ્રદ્ધાપૂર્વક સાંભળશે અને કહેશે તે જનોને શ્રીહરિના સ્વરૂપનો અતિદૃઢ નિશ્ચય થશે. વળી આ કથા શ્રવણથી જેમના પાપ નાશ પામ્યા છે એવા તે ભક્તજનો ઈચ્છિત ભોગ પ્રાપ્ત કરશે. તેમ જ શ્રી સહજાનંદમાં પ્રીતિ પણ પામશે જ. (૩૮-૪૦)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિએ પોતાના પિતાને પોતાનું અસાધારણ ઐશ્વર્ય બતાવ્યું તે નામે ઓગણીશમો અધ્યાય સંપૂર્ણ. (૧૯)



અધ્યાય ૨૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- એક સમયે પોતાને વિષે પ્રેમવાળા સમાન વયના બાળકો સાથે, અત્યંત ઐશ્વર્યવાળા જીવોને અભય દાન આપવામાં ચતુર, શ્રીહરિ, અયોધ્યા નગરીના રાજાના દરબારમાં ગયા. અત્યંત શોભાનિધિ, અદ્વિતીય, નગર નિવાસીઓએ જોયેલા મિત્ર બાળકો સહિત મનોહર શ્રીહરિ, ચાલતા ચાલતા રાજશ્રેષ્ઠની સભામાં ગયા. શ્રીહરિને પોતાની સભામાં આવતા દૂરથી જોઈને, પ્રસન્ન થયેલા બંને રાજપુત્રો પોતાના સભાસદોની સાથે તત્કાળ ઉઠીને સામા જઈને શ્રીહરિને પ્રણામ કરીને સભામાં લાવ્યા અને સુંદર પાટ ઉપર બેસાડ્યા. તે બંને રાજકુમારો તથા સર્વ સભાસદો કમનીય રૂપવાળા શ્રીહરિને અનિમિષ દૃષ્ટિથી; જેમ નવીન ઉદય પામેલા સુંદર ચંદ્રમાને લોકો જુએ છે તેમ ઘણા સ્નેહથી જોતા હતા. (૧-૪)

તે સમયમાંજ અત્યંત બળવાળા, શૂરવીર, બાર મલ્લો વિવિધ દેશના રાજાઓના મલ્લોને જીતવા માટે જુદા જુદા પ્રકારના દેશોમાં ફરતા ફરતા અયોધ્યાનગરની સભામાં આવ્યા. (૫)

મલ્લ યુદ્ધમાં બીજા મલ્લો પણ તેમના બળને સહન કરવા માટે અશક્તિમાન થતા, તેથી સદા અજેય રહેલા મહા ગર્વિષ્ઠ, યુદ્ધમાં ઉત્સાહવાળા, બળના ગર્વથી ઉદ્ધત, વજ્ર જેવા કઠિન અંગવાળા, પર્વત સમાન ઊંચા શરીરવાળા, નાના પ્રકારની યુદ્ધ કળાઓને જાણનારા, મહાશૂરવીર, તેમજ મહાપરાક્રમી બારમલ્લોએ, જુદા જુદા રાજાઓના મલ્લોને મલ્લ યુદ્ધમાં જીતીને તે નરેન્દ્રો પાસેથી વિવિધ પ્રકારના પારિતોષિકો (ઈનામો) મેળવ્યા હતા; હે રાજન્ ! આ પ્રકારે મલ્લોનો પરાજય કરતા તે મલ્લોએ પ્રસન્ન

થયેલા રાજાઓ પાસેથી સોનાની પૂતળીઓ મેળવી હતી; દેશાંતરના રાજાઓએ આપેલી સોનાની પૂતળીઓને પોતાની કેડ્યમાં કંદોરારૂપે ધારણ કરનાર મલ્લ મંડળના અધિપતિ શત્રુમર્દન નામના મહામલ્લે સહિત બાર મલ્લો. અયોધ્યા નગરમાં, રાજમલ્લોને અત્યંત બળવાન સાંભળીને, પૃથ્વીને કંપાવતા અયોધ્યાપુરીના મલ્લો સાથે યુદ્ધ કરવા માટે રાજસભામાં આવ્યા. (૯-૧૧)

બંને ખભાઓ ઉપર જેમણે ભાથાઓ ધારણ કર્યા છે, વળી ધનુષ્ય વગેરે અસ્ત્રો પણ ધારણ કર્યાં છે, તેવા તે મલ્લોએ રાજપુત્રની સભામાં આવીને નમસ્કાર કર્યા. તે મલ્લોએ પોતાના આયુધો પૃથ્વી ઉપર મૂકીને, સિંહનાદ કરીને, પોતાના બંને બાહુઓને એક બીજા સાથે જોરથી ઠપકારતા રાજાના બંને પુત્રોને કહ્યું, હે રાજકુમારો ! તમારા મલ્લો મલ્લયુદ્ધમાં પ્રવીણ છે એમ સાંભળીને (તમારા મલ્લોનું બળ-યુદ્ધ-ચાતુર્ય, કળા વગેરેમાં પ્રવીણપણું આવેલા માણસો પાસેથી દિલ્હી-કુરુક્ષેત્ર વગેરે ઘણાં સ્થાનમાં ઘણું સાંભળીને) તેમની સાથે યુદ્ધ કરવાની ઈચ્છાથી અમો આપની પાસે આવ્યા છીએ. તેથી તમારા મલ્લો સાથે અમોને યુદ્ધ કરાવો; એમ ન કરવું હોય તો (અમને જોઈને બીક પામીને યુદ્ધ ન કરાવવું હોય તો) હે રાજપુત્રો ! અમોને તમારા મલ્લોનો પરાજય થયો છે. તે સૂચવનારું સુવર્ણનું પૂતળું આપો. આ પ્રકારનું વચન સાંભળીને તે બંને રાજકુમારોએ પોતાના મલ્લોને બોલાવ્યા. (૧૨-૧૫)

પોતાના સ્વામીને બોલાવેલા, મલ્લ યુદ્ધમાં ગર્વવાળા, તે મલ્લો, સજ્જ થઈને આવ્યા અને બંને રાજકુમારોને પ્રણામ કર્યા. પછી બંને રાજકુમારોએ તે મલ્લોને કહ્યું તમે આ પરદેશથી આવેલા મલ્લો સાથે યુદ્ધ કરો. પોતાના સ્વામીનું આવું વચન સાંભળીને અયોધ્યાના મલ્લોએ કહ્યું કે જેમ તમે કહો છો તેમ કરીશું. (૧૬-૧૭)

પછી મલ્લ યુદ્ધ જોવા ઈચ્છતા રાજકુમારોએ પોતાના સેવકો પાસે તત્કાલ મલ્લોનો અખાડો સાફ કરાવ્યો. રાજકુમારોએ મલ્લ અખાડામાં મનોહર સભા કરીને ત્યાં સુંદર આસન ઉપર શ્રીહરિને બેસાડ્યા. ત્યાં બંને રાજકુમારો પોતાના રમ્ય સિંહાસન ઉપર બેઠા. તેમના આશ્રિત કારભારીઓ યોગ્યતા પ્રમાણે ઘટે તેમ બેઠા; ત્યાં નાગરિક સભ્યો યથાયોગ્ય બેઠા. તે મલ્લ યુદ્ધ જોવાની ઈચ્છાવાળા બીજા હજારો માણસો ત્યાં આવ્યા; ત્યારબાદ અખાડામાં શૌર્ય પ્રેરક વાજિંત્રો વાગવા લાગ્યા. (વગાડવામાં કુશળ પુરુષોએ વગાડ્યા) તે સમયે મદોન્મત્ત મલ્લો દઢ કચ્છો બાંધીને, યુદ્ધની ઈચ્છાથી, તૈયાર થયાં. (૧૮-૨૨)

ત્યાં મલ્લ અખાડામાં પરદેશથી આવેલા મલ્લો તથા રાજમલ્લો કૂદતા તથા અત્યંત ગર્જના કરતા, હાથની ઉપર, મસ્તકની નીચે, હાથના તળીયાથી તાડન કરતા; મલ્લ યુદ્ધમાં વિશારદ મહા બળવાન મલ્લો, બંનેય રાજકુમારોને પ્રસન્ન કરવાની ઈચ્છાવાળા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા; મલ્લો પરસ્પર હાથથી હાથ ભીડાવીને, પગથી પગ ભીડાવીને, પરસ્પર વારંવાર ખેંચવા લાગ્યા; મલ્લો વજ્રતુલ્ય મુષ્ઠિઓથી પ્રહાર કરવા લાગ્યા; ઢીંચણ, વૃક્ષઃસ્થળ, મસ્તક આદિ અંગોથી પરસ્પર ખૂબ તાડન કરવા લાગ્યા; જીતવાને ઈચ્છતા મલ્લો વારંવાર સામા મલ્લોને હાથમાં ઝાલીને ચારેય તરફ ફેરવીને (ભમાવીને) ફેંકી દેવા, તથા બંને હાથથી ભેટીને પીડા પમાડવી, નીચે પાડી નાખવા, સામા મલ્લને છોડીને આગળ ચાલવું,

પાછા ચાલવું, એવી રીતે એક બીજાને રોકતા હતા. તે મલ્લો આકર્ષણ; સ્થાપન, ચાલન, ઉત્થાપન, ઉન્નયન, શૃંખલાદિ વગેરે ભેદોવાળા યુદ્ધના વિશેષો વડે પ્રેક્ષકજનોને આશ્ચર્ય પમાડનારું મલ્લ યુદ્ધ કરતા હતા એકબીજાના અવયવોના અત્યંત પ્રહારથી, તથા બંને બાહુઓના આસ્ફોટનથી, ઉત્પન્ન થયેલો ભયંકર શબ્દ પુરના નિવાસી જનોને અત્યંત ત્રાસ પમાડવા લાગ્યો. પરસ્પર એક બીજાને મચરડી નાખવામાં પ્રવીણ, મત્સરથી એક બીજાનો ઉત્કર્ષ સહન નહીં કરવાથી ઉકળી ગયેલા મનવાળા મલ્લો, મદોન્મત્ત હાથીઓની માફક યુદ્ધથી લગાર પણ ચલાયમાન થયા નહીં. (૨૩-૩૦)

તે મલ્લો ઉછળી ઉછળીને એકબીજાનું અતિક્રમણ કરતા હતા. તેવું તેમનું યુદ્ધ જોઈને રાજકુમારો વગેરે સર્વ વિસ્મય પામીને હાસ્ય વિનોદ કરતા હતા; મદોન્મત્ત યુદ્ધ કરતા તે મલ્લો પરસ્પર મર્મ સ્થળમાં પ્રહાર કરવાનો અવકાશ ચિંતવતા, મહા સર્પના જેવા ક્રોધવાળા, પરસ્પર અત્યંત પ્રહાર કરવા લાગ્યા; દેશાંતરથી આવેલા મલ્લોએ છેવટે મલ્લ યુદ્ધની યુક્તિ વિશેષોથી ઠગીને સર્વ રાજમલ્લોને તત્કાળ પૃથ્વી ઉપર પાડી દીધા. (૩૧-૩૩)

રાજમલ્લોને જીતવાથી અતિ આનંદ પામેલા પ્રસન્ન મુખવાળા દેશાંતરના તે મલ્લોએ રાજકુમારો પાસે સોનાનું પૂતળું ઈનામમાં માગ્યું. (૩૪)

તે સમયે પોતાના મલ્લોના પરાજયથી અત્યંત શ્યામ મુખવાળા અને શોકથી આકુળ વ્યાકુળ પોતાના શિષ્ય બંને રાજકુમારોને જોઈને. ત્યાં બેઠેલા શ્રીહરિ બંને રાજકુમારોને તથા બીજા સભ્યોને આનંદ પમાડવાની ઈચ્છાથી, તે પરદેશી મલ્લોના અધિપતિ શત્રુમર્દનને દેશકાલ ઉચિત વચન કહ્યું. હે શ્રેષ્ઠ મલ્લ ! તમો બળવાન મહાશૂરવીર તથા મહાપરાક્રમી છો, તેથી તમોને પૂછું છું. તેનો ઉત્તર તમો કહો. હે શત્રુમર્દન ! સંગ્રામ વિજય ગ્રંથમાં મલ્લયુદ્ધ વીસ પ્રકારની તથા બત્રીસ ભેદવાળું કહ્યું છે. ચાલીસ ભેદવાળું પણ કહ્યું છે. તે જેમ હોય તેમ યથાર્થ કહો. તમો યુદ્ધકળામાં નિપુણ છો. તેથી તે સર્વ યથાર્થ કહો. (મેં કહેલા તમારા સમગ્ર યુદ્ધના ભેદના તમો અભિજ્ઞ હો તો તે ભેદો કહો.) તેમજ સંગ્રામ વિજયનું વાક્ય છે. (मल्लयुद्धं नियुद्धज्ञा विंशद्भेदं प्रचक्षते । द्वात्रिंशद् भेदमपरे चत्वारींशद्विधं तथेति ।।) (૩૫-૩૯)

(પોતાના વિજયને નિષ્ફળ કરનાર શ્રીહરિનું આ વચન સાંભળીને ક્રોધ પામેલો શત્રુમર્દન કહેવા લાગ્યો.)

માનના ભંગથી, ભયથી, આકુળ વ્યાકુળ બનેલો મૂર્ખ શત્રુમર્દન શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર આપી શકે તેમ ન હોવાથી મત્સરથી કઠોર વાક્ય બોલ્યો; અરે હે બાલ ! તમે શું જાણો છો ? મારે તમારી ગણના જ નથી. પુષ્પના હારને હાથી જેમ મર્દન કરે તેમ, તમોને હું તત્કાળ મર્દન કરી નાંખીશ. (૪૦-૪૧)

શત્રુમર્દનનું આવું વચન સાંભળીને, રાજપુત્રો તથા સભાસદોનો અભિપ્રાય જાણતા શ્રીહરિએ તે ગર્વિષ્ઠ મલ્લને કહ્યું. ''મોટા માણસો આ પ્રમાણે પોતાની પ્રશંસા કરતા નથી કારણ કે પોતાની પ્રશંસા તથા બીજાની નિંદા તે સુકૃતનો (પુણ્યનો) નાશ કરનારી છે. ''स्वश्लाघाचान्यनिन्दा च द्वयं सुकृतनाशकृत'' इति स्मृतेः । પ્રસિદ્ધ યશસ્વી પુરુષો, જો બીજાઓ તેમનાં ઉત્કર્ષની વાત કરે તો ફળવાળી ડાંગરની માફક

શોચથી નમ્ર બને છે; વિવેકી પુરુષોની આજ રીત છે. તો પણ હે મલ્લેન્દ્ર! તમોને જો ગર્વ હોય તો હું કહું તે પ્રમાણે તમો કરો. (૪૨-૪૫)

સ્વભાવ સુંદર શ્રી હરિ મલ્લને આ પ્રમાણે કહીને જેમ સિંહ મદોન્મત્ત હાથીના ટોળામાં જાય તેમ મલ્લ મંડળમાં આવ્યા. પછી શ્રીહરિએ કહ્યું, હે મલ્લરાજ ! મારું કાંડુ પકડીને જો તમે તેને ભાંગી શકો તો તત્કાળ આવો. (૪૬-૪૭)

મલ્લે શ્રીહરિનું વચન સાંભળીને શ્રીહરિને કહ્યું 'તમે તો બાળક છો, વળી ગર્વિષ્ઠ છો. પરંતુ મરવાની ઇચ્છાવાળા છો. તેથી અમારી સાથે વાદ ન કરશો. હું તમોને જેમ ગજેન્દ્ર કમળને ફેંકી દે છે તેમ બે પગ ઝાલીને ફેરવીને સરયૂ નદીમાં ફેંકી દઈશ. (૪૮-૪૯)

આ પ્રમાણે મત્સરથી ભરેલું મલ્લેન્દ્રનું વચન સાંભળીને ધીર અને મહાપરાક્રમી શ્રી હરિએ મલ્લને કહ્યું 'શૌર્ય અને બળથી શોભતા પુરુષો તમારી માફક બોલતા નથી. માટે જો તમો હું કહું તે પ્રમાણે કરો તો તમો સાચે જ પરાક્રમી ખરા. (૫૦-૫૧)

મલ્લેન્દ્ર શ્રીહરિનું વચન સાંભળીને, તેમજ તે બાળકને પોતાની સમીપમાં આવતા જોઈને શરમીંદો બની ગયો અને પોતાના મલ્લને કહેવા લાગ્યો. હે મલ્લ ! આ બાળકનું કાંડુ પકડીને વિચાર કર્યા વિના તેને ભાંગી જ નાખો. (૫૨)

શત્રુમર્દને આજ્ઞા કરી તે મલ્લ તત્કાળ શ્રીહરિની સમીપમાં આવ્યો અને તેણે શ્રીહરિનો હાથ પકડ્યો. પરંતુ શ્રીહરિએ તેના હાથમાંથી પોતાનો હાથ તત્કાળ મૂકાવી દીધો. (૫૩)

મલ્લના ગર્વનો નાશ કરનાર શ્રીહરિએ તે મલ્લને કહ્યું'' હવે હું તમારો હાથ પકડું છું. તમો શક્તિમાન હો તો તમારો હાથ મારા હાથમાંથી છોડાવી દ્યો. (૫૪)

મલ્લે શ્રીહરિનું વચન સાંભળીને પોતાનો હાથ લાંબો કર્યો. શ્રીહરિએ, જેમ ગરુડ સર્પને પકડે તેમ તે મલ્લનો હાથ પકડી લીધો; મલ્લ પોતાના બીજા હાથથી શ્રીહરિના હાથમાંથી પોતાનો હાથ મુકાવવા માટે પોતાનો હાથ ખેંચવા લાગ્યો; શ્રીહરિના હાથમાંથી પોતાનો હાથ મુકાવવા માટે પ્રયત્ન કરતો મલ્લ મહાસર્પની માફક શ્વાસ લેતો શિથિલ અંગવાળો બની ગયો. પરંતુ શ્રીહરિના હાથમાંથી પોતાનો હાથ મુકાવવા માટે સમર્થ ન જ થયો; બાલ નાટ્ય કરતા પરબ્રહ્મ પરમાત્મા, કાળના પણ કાળ શ્રીહરિને, યથાર્થપણે ન જાણતો મલ્લ, શ્રીહરિના હાથમાંથી પોતાનો હાથ મુકાવવાનો પ્રયત્ન કરતો હતો. પછી મોટા મલ્લે આજ્ઞા આપી તેથી બધા પરદેશી મલ્લો, એ મલ્લને શિથિલ થયેલો જાણીને, શ્રીહરિની સમીપ જઈને, તેમના હાથમાંથી તે મલ્લનો હાથ બળપૂર્વક ખેંચવા લાગ્યા; આ પ્રમાણે દશ મલ્લો શ્રીહરિનો હાથ ખેંચવા લાગ્યા, પરંતુ જેમ સર્પને ખેંચવા મથતી કીડીઓથી સર્પ જેમ ચલાયમાન થતો નથી, તેમ શ્રીહરિનો હાથ જરાપણ ચલાયમાન થયો નહિં; ધમણની માફક મુખદ્વારાએ વારંવાર શ્વાસ મુકતા, કઠોરવાણી બોલતા, વજ્રના જેવા અંગવાળા, પર્વતના જેવા ઊંચા દેહવાળા મલ્લો મહા પ્રયાસ કરતા હતા; શ્રીહરિના પ્રતાપથી જેમનું બળ નાશ પામ્યું છે તે મહાબળવાન મલ્લો, શ્રીહરિના હાથમાંથી, તે મલ્લનો હાથ મુકાવવા માટે સમર્થ ન જ થયા. (૫૫-૬૨)

ત્યારે શત્રુમર્દન મલ્લોને કહેવા લાગ્યો. 'હે મલ્લો ! તમો બધા મળીને પણ આ બાળકના હાથમાંથી મલ્લના હાથને છોડાવવા સમર્થ નથી શું ? મલ્લના વંશને દૂષણ પમાડનારા તમો સૌ નપુંસકોને ધિક્કાર છે. તમોને તમારી માતાએ દશ મહિના નકામા ધારણ કર્યા. (૬૩-૬૪)

એ સાંભળી મલ્લો પણ શત્રુમર્દનને કહેવા લાગ્યા. હે શત્રુમર્દન ! અમો બળવાન છીએ તો પણ જેમ વજ્ર આગળ બીજા સર્વ શસ્ત્રોનું બળ ચાલતું નથી, તેમ આ બાળક પાસે અમારું પુરુષાતન ચાલતું નથી. આ બાળકનું શરીર બ્રહ્માએ સર્વથા વજ્રસારથી કરેલું હોય એમ અમો માનીએ છીએ. હે મલ્લરાજ ! તેથી અત્યંત પરિશ્રમથી પીડાયેલા અમે શું કરીએ ? આમનું બળ કેટલું છે તે કહેવા માટે પણ અમો શક્તિમાન નથી. (૬૫-૬૬)

મલ્લોનું આવું વચન સાંભળીને શત્રુમર્દન ક્રોધપૂર્વક તત્કાળ ત્યાં આવીને મલ્લોને કહેવા લાગ્યો. 'અહીંથી દૂર ખસો.' એમ કહીને તેણે શ્રીહરિના હાથને બળપૂર્વક પકડ્યો. સમગ્ર બ્રહ્માંડના ભારવાળો શ્રીહરિનો હાથ શત્રુમર્દન અત્યંત બળપૂર્વક ખેંચવા લાગ્યો. પણ શ્રી હરિના હાથમાંથી પોતાનો હાથ છૂટો કરવા તે શક્તિમાન થયો જ નહિં. આથી અત્યંત ખેદ પામેલો, સમગ્ર શરીરમાં પરસેવો વળી ગયો છે અને જેનો ગર્વ નાશ પામ્યો છે તે શત્રુમર્દને તે બાળકને કહ્યું 'હે બાળ ! આ મારો હાથ મૂકી દો, નહી મૂકો તો મારા હાથનું કાંડુ તત્કાળ ભાંગી જશે. પોતાના બળનો ગર્વ જેનો નાશ પામ્યો છે તે શત્રુમર્દનની દયાજનક વાણી સાંભળીને દયાર્દ્ર અંતઃકરણવાળા હોવાથી શ્રીહરિએ તત્કાળ તેનો હાથ પોતાના હાથમાંથી મૂકી દીધો. (૬૭-૭૦)

શ્રીહરિના અતિશય પ્રતાપથી જેનો તમામ શ્રમ વ્યર્થ થયો છે અને તેથી જેનો ગર્વ નાશ પામ્યો છે તે શત્રુમર્દને બાળક જેવા જણાતા શ્રીહરિને તે પરમેશ્વર જ છે અને તેથી જીતવા માટે અશક્ય છે એમ જાણીને તેમને નમસ્કાર કર્યા. (૭૧)

ત્યારબાદ શત્રુમર્દનના અનુયાયી બધા મલ્લોએ શ્રીહરિને પ્રણામ કર્યા. અત્યંત પ્રસન્ન થયેલા બધા રાજમલ્લો પણ શ્રીહરિને વંદના કરવા લાગ્યા. (૭૨)

દેશાંતરથી આવેલા તમામ મલ્લો, પોતાના અગ્રેસર સાથે શ્રીહરિને હાથ જોડીને નમ્ર બની, હર્ષપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા; હે ભૂમન્ ! યુદ્ધના શ્રમ વિના પણ બાળક જણાતા તમોએ તમારા સામર્થ્યથી જેવા અમોને જીત્યા છે તેવા પૃથ્વીમાં કોઈ પણ ઠેકાણે બીજાઓથી અમો જીતાએલા નથી. તેથી પૂર્વે શ્રીકૃષ્ણે ચાણૂર વગેરે મલ્લોને જીત્યા હતા તે શ્રીકૃષ્ણ તમેજ ધર્મદેવના ગૃહમાં આવિર્ભાવ પામ્યા છો, એવો અમારા અંતરમાં ભાસ થાય છે. અમારા કલ્યાણની દૃષ્ટિ નાશ પામી હોવાથી અમે તમારો મહિમા જાણી શક્યા નહિ. ક્રૂર કર્મ કરતા એવા અમો અમારા અપરાધની ક્ષમા યાચીએ છીએ. આપ ક્ષમા આપવા યોગ્ય છો. હે ભગવત્ ! અમારી બુદ્ધિ ક્યારેય પણ આવી (જેમ તમારે વિષે મનુષ્ય બુદ્ધિ થઈ તેવી) ફરીથી ન થાય. અમારા વંશમાં ઉત્પન્ન થયેલા માણસોને તથા અમોને પણ તમારે વિષે અચલ ભક્તિ થાય. (૭૩-૭૭)

આ પ્રકારે મલ્લો શ્રીહરિને પ્રાર્થના કરીને, નમ્ર મુખવાળા બનીને દૂર ઊભા રહ્યા. તે આશ્ચર્ય જોઈને રાજપુત્રો, રાજકુમાર વગેરે સભાસદો તથા પુરના જનો વિસ્મય પામ્યા. તે સમયે સમગ્રજનો ઊંચા સ્વરથી જય જય બોલતા હર્ષપૂર્વક શ્રીહરિને નમસ્કાર કરતા રમણીય વચનોથી શ્રીહરિના બળની પ્રશંસા કરતા હતા. તે સમયે બ્રહ્માદિક ઈશ્વરો પણ પ્રસન્ન થઈ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. તે જોઈને સમગ્ર જનો પરમ આનંદ પામ્યા. (૭૮-૮૦)

પછી રાજસભ્યોએ સહિત બંને રાજપુત્રોએ શ્રીહરિને સભામાં આવતા જોઈને, ઊભા થઈને, તેમને રમણીય આસન ઉપર બેસાડ્યા. બંને રાજકુમારોએ મહામૂલ્યવાળાં રમણીય વસ્ત્રો તથા ભૂષણો તથા નાના પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી તેમ જ આરતી કરી. બંને રાજકુમારોએ, શ્રીહરિને પ્રત્યક્ષ પરમાત્મા-પુરુષોત્તમ જાણીને તેમના ચરણ કમળનું હર્ષપૂર્વક દૂધથી પ્રક્ષાલન કર્યું. શ્રીહરિનું અતિ પવિત્ર પાદોદક તે રાજકુમારોએ પોતાના પરિવાર સહિત પ્રીતિથી પોત પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું. (૮૧-૮૪)

ત્યારબાદ દયાળુ સર્વેશ શ્રીહરિએ બંને રાજકુમારોને કહ્યું, 'હે રાજકુમારો ! તમો પરદેશથી આવેલા આ મલ્લોને ઘણું ધન તથા પારિતોષિક આપો. (૮૫)

રાજકુમારોએ શ્રીહરિનું આ વચન સાંભળીને પરદેશથી આપેલા મલ્લોને યથોચિત પારિતોષિત આપ્યું. ત્યારપછી શ્રીહરિથી જીતેયાલા પરદેશી મલ્લો, શ્રીહરિની પ્રશંસા કરતા, અયોધ્યાનગરીથી વિદાય થયા. (૮૬)

બંને રાજકુમારોએ વાજિંત્રો સહિત શ્રીહરિને શિબિકામાં બેસાડીને પોતાના કારભારી વર્ગની સાથે શ્રીહરિને તેમના સ્થાનમાં પહોંચાડ્યા. (૮૭)

અદ્વિતીય પરાત્પર પુરુષોત્તમ શ્રીહરિનું આ ચરિત્ર જે જન આલોકમાં ગાશે અને સાંભળશે તે જનને શત્રુવર્ગ પરાભવ નહી કરી શકે. (૮૮)

ઈતિ શ્રીકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત હરિલીલાકલ્પતરુરૂપ ગ્રંથિના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિએ મલ્લોનો પરાજય કર્યો તે નિરુપણનો વિસમો અધ્યાય સંપૂર્ણ. (૨૦)



અધ્યાય ૨૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પરબ્રહ્મ, સર્વજ્ઞ, ક્ષર અને અક્ષરના નિયંતા શ્રીહરિ શિશુ અવસ્થામાં પણ અત્યંત મહાન્ ગુણોથી મહાત્માઓને પણ માનીતા હતા; હે રાજન્ ! ધર્મપુત્રમાં પુરના નિવાસીઓનો નિરવધિકાતિશય પ્રેમ જોઈને, શ્રેષ્ઠ બુદ્ધિશાળી, વયોવૃદ્ધ વગેરે પુરજનો પણ અત્યંત વિસ્મય પામ્યા; શ્રીહરિ પ્રત્યે સર્વના અત્યંત પ્રેમનું કારણ જાણવા માટે ઈચ્છતા સર્વજનો શ્રીહરિનો તેમની બાલ્યાવસ્થામાં પણ હર્ષપૂર્વક અત્યંત પ્રસંગ કરતા હતા; શ્રીહરિનો પ્રસંગ કરનારા

જનોએ ''ધ્વજ, ઉર્ધ્વરેખા, કમળ, જવ, અષ્ટકોણ, વજ, અંકુશ, સ્વસ્તિ, જંબુફળ, એ નવ ચિન્હો શ્રીહરિના જમણા ચરણના તળીયામાં જોયાં; તે જનો ''ધનુષ્ય, ત્રિકોણ, કળશ, વ્યોમ, ગોપદ, મત્સ્ય, અર્ધચંદ્ર આ સાત ચિન્હો ડાબા ચરણના તળીયામાં જોયા, બુદ્ધિમાન જનોએ આ પ્રકારે શ્રી હરિના ચરણકમળના ચિન્હો જોઈને તેમ જ શ્રીહરિની અતિશય બુદ્ધિ તથા મનોહર રૂપ જોઈને, સર્વ લોકોના અલંકાર સ્વરૂપ શ્રીહરિ, મનુષ્ય બાળક જેવા નથી જ પરંતુ આ શ્રીકૃષ્ણ જ છે એમ નિશ્ચય કર્યો સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા સર્વ વિદ્યમાન ચિન્હોથી યુક્ત, સર્વ સદ્‌ગુણોથી સેવાયેલા, શ્રીહરિ મનુષ્ય જેવા તો નથી જ, પુરના જનોએ આ પરમેશ્વર જ છે. એમ નિશ્ચય કરીને પોતાના પુરમાં રહેલા પંડિતોને પરમેશ્વરપણું સૂચવનારાં શ્રીહરિનાં ચરણકમળમાં રહેલા ઉર્ધ્વરેખાદિ ચિન્હો કહ્યા. શાસ્ત્રમાં પ્રવિણ વિદ્વાનો પણ વિસ્મય પામીને સુજ્ઞ પૌરજનોને કહેવા લાગ્યા; હે સુજ્ઞપુરુષો ! તેનું સર્વોત્તમ રુપ ઉર્ધ્વરેખાદિ સમગ્ર શુભ ચિન્હો, સત્યશૌચાદિ અસાધારણ ગુણો, પ્રત્યક્ષ જોઈને અને તમારાથી જાણીને ધર્મપુત્રને અમે ઈશ્વર જાણીએ છીએ. (એમ ન હોય તો કહેલી બધી વાત કેમ ઘટે ?) (૧-૯)

હે રાજન્ ! શ્રીહરિનું અલૌકિકપણું જાણવાને ઇચ્છતા અત્યંત પ્રસન્ન મનવાળા પૌરજનો અને વિદ્વાનો સૌ મળીને ધર્મદેવને ઘેર આવ્યા; સર્વ જનો ધર્મદેવને ઘેર આવીને સભામાં શ્રેષ્ઠ આસન ઉપર બેઠેલા પ્રાણપ્રિય શ્રીહરિની સાથે પોતાના શિષ્યોથી વીંટાયેલા, ધર્મદેવને નમસ્કાર કરીને, તે સભામાં હર્ષથી બેઠા. પછી સર્વજનો યોગ્ય સમય જાણીને ધર્મદેવને કહેવા લાગ્યા. (૧૦-૧૩)

હે મહા બુદ્ધિશાળી ! તમોએ પૂર્વે કયા પ્રકારના અત્યંત દુષ્કર તપથી અથવા અષ્ટાંગયોગાદિ બીજા સાધનોથી ''एकमेवाद्वितीयं'' એ શ્રુતિએ આ અદ્વિતીય પદથી કહેલા, સર્વ રસમય મૂર્તિ હોવાથી સર્વના ચિત્તને હરનારા ''रसो वै सः रसं ह्येवाऽयं लब्ध्वानंदी-भवति'' એ શ્રુતિ પ્રતિપાદન કરેલા તમારા વંશના અલંકારરૂપ પુત્ર પામ્યા છો તે અમોને કહો. હે ધર્મ ! તમારા પુત્રમાં રાજાધિરાજ પરમેશ્વરનાં શુભ ચિન્હો, શ્રી નારાયણઋષિમાં છે તે સત્ય શૌચાદિક ગુણો, જોઈને તમારા પુત્રમાં અમારા મન મોહિત થાય છે. તમારા પુત્રના લાલ કમળ જેવા અત્યંત કોમળ જમણા ચરણના તળીયામાં'' સ્વસ્તિ, ઉર્ધ્વરેખા, જવ, વજ, જંબુફળ, ધ્વજ, અષ્ટકોટ, અંકુશ, પદ્મ ચિન્હો છે. તેમજ પોતાની શોભાથી જીતી લીધાં છે પ્રવાળો જેમણે એવા ડાબા ચરણના તળીયામાં શોભાતાં મત્સ્ય, વ્યોમ, કળશ, અર્ધચંદ્ર, ત્રિકોણ, ગોપદ, ધનુષ્ય એ ચિન્હો છે, આ ચિન્હોમાંથી એક પણ ચિન્હ કોઈ મનુષ્યના પગના તળીયામાં હોય તો તે મનુષ્ય સદા સૌનો નિયામક જ હોય ''कस्योर्ध्वरेखा न करोति राज्यं ?'' इति सामुद्रिकोक्तेः ત્યારે જેમનામાં એ સમગ્ર ચિન્હો હોય તો સોળ ચિન્હવાળા તે મનુષ્યમાં સર્વેશ્વરપણું કેમ ન હોય? તે તો પરમેશ્વર જ હોય. (૧૪-૧૯)

હે ધર્મ ! લલિત આંગળીઓથી શોભતા નખરૂપી ચંદ્રમાંથી અલંકૃત, કમળોથી અત્યંત સુંદર, શ્રીહરિના ચરણ યુગલ દર્શન કરનારાઓનું મન અત્યંત આકર્ષે છે. નવપલ્લવોની માફક શ્રીહરિના અત્યંત મૃદુ ચરણ કમળ ઉર્ધ્વ રેખાથી અંકિત છે. તેથી આ શ્રીહરિ લોક દૃષ્ટિથી અધિક તેજવાળા અસુરોના

તથા તેજસ્વી રાજાઓના મસ્તકોમાં નિશ્ચય ચરણ મુકશે. નવપલ્લવોની માફક શ્રીહરિની બંને જંઘાઓ મૃદુ અને ગોળ, તેમજ જાનુ યુગલ તથા વિશાળ અને ગોળ બંને સાથળો, હાથીના સૂંઢની ઉપમા યોગ્ય છે; શ્રીહરિની કેડ્ય અમો સિંહની કેડ્ય સરખી જોઈએ છીએ. એમની નાભિ ઊંડી અને ગોળ છે. એમનું ઉદર ત્રણ વળથી અંકિત છે. (૨૦-૨૩)

શ્યામ મણીંદ્રના જેવા સ્તનના અગ્રભાગોથી સ્તન યુગલ શોભે છે. પહોળી અને ઉપડતી છાતીના ડાબા ભાગમાં સુંદર રોમાવલિઓ શોભે છે. બલિષ્ટ, પુષ્ટ અને કમનીય શોભામાં સર્પના દેહનો પણ તિરસ્કાર કરનાર, પોતાના ભક્ત સમુદાયનું રક્ષણ કરવામાં સમર્થ, શ્રીહરિના કરયુગલ છે. સૂક્ષ્મ પર્વોથી શોભાયમાન શ્રીહરિની આંગળીઓ અત્યંત મનોહર છે. તેમજ શુભ રેખાઓથી શોભાયુક્ત બંને હાથની હથેળીઓ લાલ છે; શ્રીહરિના જમણા હાથમાં "હાથી, ચમર, છત્ર એ ઉત્તમ ચિન્હો છે." તે હરિના દિવ્યાવતારોનાં સૂચક છે. ચક્રનું સુંદર ચિન્હ છે. (ચક્રનું ચિન્હ પરમેશ્વરપણું સૂચવે છે. એમ શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે.)

ब्रह्मा जगद्गुरुर्देवः सहासृत्य सुरेश्वरैः । वैन्यस्य दक्षिने हस्ते दृष्ट्वा चिह्नं गदाभृतः। पादयोररविंदं च तं वै मेने हरेः कलां । यस्याप्रतिहतं चक्रम अंशोऽ्यं परमेष्ठिनः । इति तत्रैव, अन्यत्र । महिमा गीयते तस्य हरेरंशभुवोभुवि । चक्रं दक्षिन हस्तेऽस्य पादयोरिति । आतपं च करे यस्य दंतिन सहिंत पुनः । चामरं चापि चक्रं च समवेत् कमलापतिरिति सामुद्रिकोक्तेश्च ।

શ્રીહરિના જત્રુણી (હડપચી) ગુપ્ત હોય છે. સ્કંધ યુગલ પુષ્ટ છે, દાઢી ગોળ છે. ગ્રીવા (ડોક) શંખની માફક ત્રણ રેખાંકિત છે. (૨૪-૨૮)

હે દ્વિજવર્ય ! તમારા પુત્રનાં મુખની શોભા જેવી શરદપૂર્ણિમાના ચંદ્રની શોભા પણ નથી. કારણ કે ચંદ્ર કલંકવાળો છે, અને શ્રીહરિનું મુખ શુદ્ધ છે. તેથી સરખામણી કેવી રીતે થાય ? નેત્રોએ પદ્મ જીત્યું છે. મંદહાસ્યની લક્ષ્મીએ ચંદ્ર લક્ષ્મી જીતી લીધી છે. શ્રીહરિના મુખ કમળ વિના (આગળ) બીજી વસ્તુ સુંદર નથી. તેથી આલોકમાં શ્રીહરિનું મુખ અનુપમેય જ છે. (૩૦)

મધુર મંદ હાસ્યની મનોહર લક્ષ્મીથી અત્યંત શોભાયમાન, દર્શનીય શ્રીહરિનું મુખારવિંદ શરદ-ઋતુના નવીન પ્રફુલ્લીત કમળની સુંદરતાનો પરાજય કરતું અત્યંત શોભે છે. (૩૧)

આંબાના નવ પલ્લવની કોમળતાને જેણે જીતી છે તેવા વિદ્રુમ મણિની ક્રાંતિ જેવા શોભે છે. શ્રીહરિના બંને શોભાયમાન ઓષ્ઠ જોઈને પાકું ઘીલોડું જાણે અત્યંત લજ્જાથી પૃથ્વીમાં પડ્યું હોય ને શું ? એમ જણાય છે. શ્રીહરિની સૂક્ષ્મ અને સમાન દંત પંક્તિ નૂતન મોગરાની કળીઓના જેવી શોભે છે. શ્રીહરિના બંને ગંડસ્થળ ઊંચા, શોભાયમાન અને પુષ્ટ અત્યંત વિલસી રહ્યા છે. શ્રીહરિના બંને કાન જાણે રમણીયતાના સ્થાન ભૂત હોય તેમ શોભે છે. બંને નેત્રો કમળના પત્રોનો તિરસ્કાર કરતા કૃપામૃતથી પૂર્ણ શોભે છે. (૩૨-૩૪)

હે ધર્મ ! તમારા પુત્રના બંને નેત્રોની અત્યંત રમણીયતા જોઈને મૃગો પગથી જાણે આંખો ખંજોળતા હોય તેમ વારંવાર આંખો ઉપર પગ અડકાડી સાંત્વના કરતા હોય તેમ લાગે છે. (પિતા, માતા વગેરે, બીજાઓથી પરાભવ પામેલા, પોતાના રડતા પુત્રોને આંખો લૂછી તેની આંખો ઉપર હાથ ફેરવી જેમ શાંતિ પમાડે છે) દીપ શીખાની સુંદરતા જેણે જીતી લીધી છે અને તલના પુષ્પ તેનાથી અત્યંત શ્રેષ્ઠ લક્ષ્મીથી યુક્ત એવી આ શ્રીહરિની નાશિકા જોઈને લજ્જાથી પોપટો જાણે વનમાં નિવાસ કરે છે એમ જણાય છે. શ્રીહરિનું લલાટ, ઊંચુ પહોળું અને ત્રણ રેખાવાળું છે. બંને ભ્રકુટિઓ સ્વાભાવિક સુંદર, કામદેવના ધનુષ્યની ઉપમા આપવા યોગ્ય, અત્યંત શોભાયમાન સૂક્ષ્મ અને ઘાટા રોમવાળી છે. શ્રીહરિના મસ્તકના કેશ વાંકા, રેશમ જેવા અને મનોહર અત્યંત શોભે છે. શ્રીહરિની ચાલવાની ગતિ હાથી તથા હંસોને લજ્જા પમાડે તેવી છે. (જેમની ગતિ જોઈને લાજ પામેલા હાથી પોતાના મસ્તક ઉપર ધૂળ નાખે છે. અને હંસો વનમાં નિવાસ કરે છે) શ્રીહરિનું મુખકમળ મંદ મનોહર હાસ્યવાળું છે. (૩૫-૩૮)

હે ધર્મ ! આ પૃથ્વીમાં અમોએ મહાગુણોના સ્થાન ભૂત, જન સમુદાયના અંતઃકરણ તથા નેત્રોને આનંદ ઉત્પન્ન કરનાર આ જે બાળક જોયો છે. તે સિવાય બીજો ક્યારેય પણ જોયો નથી. જો કે સ્વાભાવિક દિવ્ય સુંદરતાવાળા શ્રીહરિને બ્રહ્માએ સર્જેલી સુંદરતાનો સંબંધ ઘટતો નથી. તો પણ લોકોક્તિનું વિચિત્રપણું કહેવા માટે કહે છે. હે ધર્મ ! શ્રીહરિના અવયવોમાં બ્રહ્માની સૃષ્ટિની રમણીયતા લીન પામી છે. તેથી સમગ્ર બાળકો શ્રેષ્ઠ તમારો આ પુત્ર શ્રેષ્ઠ અને સ્વજનોને દર્શનીય છે. દેવતાઓના રાજા, ઈન્દ્ર, ચંદ્ર, બ્રહ્માદિ મહેશ્વરોને જીતવાથી ઉત્પન્ન થયેલા ગર્વવાળા કોટાનકોટિ કામદેવના ગર્વને નાશ કરનારા, સર્વ સજ્જન માણસોને પૂજ્ય આ તમારા પુત્રનું રૂપ દરરોજ જોઈને અમારા નેત્રોને તૃપ્તિ નથી થતી. હે ધર્મદેવ ! આ તમારા પુત્રમાં જન સમુદાયને સ્વાભાવિક પ્રેમ થાય છે. તેવો પોતાનો દેહ, ઘર, પુત્ર, સ્ત્રી, દ્રવ્ય વગેરેમાં ક્યારેય પણ થતો નથી. હે ધર્મ ! આ તમારા પુત્રમાં મોટા પુરુષોએ અત્યંત ઈચ્છવા યોગ્ય, પરમેશ્વરપણું સૂચવતા, ચિન્હો જોઈને અમારી બુદ્ધિ આ ધર્મ પુત્ર ભગવાન છે એવા પ્રકારનો નિશ્ચય કરે છે. (૩૯-૪૩)

આ શ્રીહરિનું અતિ કોમળ અને મધુર ભાષણ મનુષ્યોના મનને ખેંચે છે. એમની પાસેથી બીજે જવાનું ક્યારેય પણ મન થતું નથી. હે ધર્મ ! ક્રોધ ઉત્પન્ન થવાનું કારણ હોવા છતાં પણ આ તમારા પુત્રની સાથે વસતા નિકટ જનોએ ક્યારેય પણ, જીતેન્દ્રિય મુનિવર્યની માફક, તેમનામાં ક્રોધનો લેશ પણ જોયો નથી. મદ, છેતરપીંડી, લોભ, મત્સર, ગર્વ, માન, એ આદિક અધર્મ સર્ગ જે સત્પુરુષોના મનને પણ હરિ લે છે તે દોષોનો લેશ પણ આ તમારા પુત્રમાં ક્યારેય કોઈએ પણ અજાત શત્રુની માફક નથી જોયો. હે ધર્મ ! તમારો પુત્ર બાલ્યાવસ્થામાં યોગ્ય હાસ્ય વિનોદમાં પણ ક્યારેય જૂઠું વચન નથી બોલતા પરંતુ અતિ સત્ય અને હિતકર મનોહર વાણી સદા બોલે છે. શ્રીહરિના મુખમાં જેવું અમૃત છે તેવું સ્વર્ગમાં પણ નથી. ચંદ્રમાં પણ નથી. જે જનોએ તમારા પુત્રના મુખનું અમૃતપાન નથી કર્યું તેમનું આલોકમાં જીવનવૃથા છે. કૃપાથી દ્રવતું (બીજાનું લગારેક દુઃખ જોવાથી દયાવડે દ્રવતું) શ્રીહરિનું

હૃદય જેવું મૃદુ છે તેનો લેશ પણ નવનીત (માખણ)માં, શિરીષ પુષ્પમાં તથા કમળમાં નથી. હે ધર્મ! તમારા પુત્રનું અતિ સુંદર ગમન, ભાષણ તથા દર્શન, મંદ હાસ્ય, સાંભળવું, વ્યવહાર, ભોજન કરવાની રીત વગેરેનું દર્શન વારંવાર કરીને પણ અમો ક્યારેય તૃપ્તિ પામતા નથી. (૪૪-૫૦)

હે ધર્મ ! તમારો પુત્ર કામ, ક્રોધ અને લોભાદિક દોષવાળા જનોનો ક્યારેય પણ સંગ કરતા નથી. વળી પરમાત્માની ભક્તિવાળા અને ધર્મનિષ્ઠ પુરુષોનો સંગ ક્યારેય પણ ત્યાગ કરતા નથી. હે ધર્મ ! આ તમારા પુત્રમાં રાજાઓથી પણ વિશેષ ઉદારતા જોવામાં આવે છે; સત્પાત્ર તેમજ નિર્ધનને જોઈને તત્કાળ પોતાનું ધન આપવા માટે ઈચ્છા કરે છે. શ્રીહરિની ધર્મ પાળવામાં દઢતા તો મોટા પર્વતના જેવી છે. આ તમારા પુત્ર શિબિજાના પતિ હરિશ્ચન્દ્રની માફક ક્યારેય આપત્કાળમાં પણ ધીરજનો ત્યાગ કરતા નથી. અહંકારથી રહિત છે; દેહના સુખ માટે પણ યોગ્ય પદાર્થ માત્રમાં હંમેશા મમતાએ રહિત મહાગુણવાળા તમારા પુત્ર ઋષભદેવના પુત્ર ભરતની માફક જણાય છે. હે ધર્મ ! આ તમારો પુત્ર જનસમુદાયે કરેલા અપરાધોને સહન કરવામાં પૃથ્વીની સમાન છે. મર્મ સ્થળને ભેદી નાંખે એવા દુષ્ટ પુરુષોના વચનોથી, શ્રી નારાયણની માફક, કદાપિ ક્રોધરૂપી વિકાર પામતા નથી. આ શ્રીહરિના ગંભીરતાના ગુણથી સમુદ્રની ગંભીરતાની કક્ષા નીચી ગઈ છે, નિર્મળ અંતઃકરણ તથા બાહ્ય વર્તનથી જાણે સિદ્ધોના રાજા હોય ને શું તેવા સંતોષ યુક્ત વર્તે છે. હે ધર્મ ! આ તમારો પુત્ર પોતાના દર્શન માત્રથી જ સમગ્ર આપત્તિઓનું નિવારણ કરવામાં સમર્થ છે. ધર્મનો ઉપદેશ આપવામાં તેમની દક્ષતા જોઈને અમો વિસ્મય પામ્યા છીએ. હે ધર્મ ! સૂર્યથી અંધકાર જેમ નાશ પામે છે તેમ તમારા પુત્રથી વિપત્તિઓનો નાશ થાય છે. તમારો પુત્ર વિષયોમાં અત્યંત વૈરાગ્યવાળો હોવાથી શુકદેવજીના સમાન છે. હે ધર્મ ! આ તમારા પુત્ર, પાપકર્મથી સદા બીતા યુધિષ્ઠિર રાજા જેવા છે. જનકરાજા જેવા બુદ્ધિશાળી અને રંતિદેવ રાજાની માફક દયાળુ છે, હે ધર્મ ! આ તમારા પુત્ર દોષોને ત્યાગ કરવામાં અને ગુણોને ગ્રહણ કરવામાં દત્તાત્રેય મુનિના જેવા છે. આત્મા, પરમાત્માના સ્વરૂપનો બોધ કરવામાં સનકાદિક જેવા છે. અને વિષયનો ત્યાગ કરવામાં શિવજી સમાન છે. સર્વયોગની મુક્તિઓનો વારંવાર અભ્યાસ કરવામાં પ્રાપ્ત થયેલા રમણીય વૈભવોનો અનાદર કરવામાં, હંમેશા પોતાના આત્માને બ્રહ્મરૂપની ભાવનાની દઢ સ્થિતિમાં, હે ધર્મદેવ ! તમારા પુત્ર ઋષભ ભગવાનના સમાન છે. ધર્મ રહિત જનનો ત્યાગ કરવામાં, પાપી પુરુષોનો પરાભવ કરવામાં, સત્ય પ્રતિજ્ઞાપણામાં હે ધર્મ ! આ તમારો બાળક શ્રી રામચંદ્રજી સમાન છે. પોતાના આશ્રિત જનોને અત્યંત પ્રસન્ન કરવામાં તથા પોતાના ભક્તોનાં સંકટોને નિવારણ કરવામાં તેમ જ ન જીતી શકાય તેવા અસુરોને જીતવામાં વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણના સમાન છે. હે ધર્મ ! કોટરાદિ બાળગ્રહનો સમુદાય તમારા પુત્રથી પરાભવ પામ્યો, એ અમોએ સાંભળ્યું છે. સમગ્ર અસુરોનો ગુરુ કાલીદત્ત આ શ્રીહરિને મારવા માટે ઈચ્છતો હોવા છતાં, શ્રીહરિની દષ્ટિ માત્રથી યમપુરીમાં ગયો એમ પણ અમે સાંભળ્યું છે. હે ધર્મ ! તમારો પુત્ર જેમ અત્યંત બળવાળા પુરુષોથી અગ્નિ પકડી શકાય તેમ નથી. (આ છપૈયાનું વૃત્તાંત છે) તેમ આ પુરમાં પણ તમારા પુત્રના નામોચ્ચારણ માત્રથી સમગ્ર ભૂતગણો તત્કાળ નાસી જાય છે. હે ધર્મ ! આ અયોધ્યાનગરીમાં કોઈ પણ માણસ શ્રીહરિને જુએ છે. તે માણસ

તો યોગિઓને પણ દુર્લભ એવી સમાધિ આ શ્રીહરિની કૃપાથી તત્કાળ પામે છે. આ તો અત્યંત આશ્ચર્ય જણાય છે, હે ધર્મ ! આ શ્રીહરિ જે કોઈ માણસને કૃપાથી ક્ષણમાત્ર જુએ છે. તે પણ તત્કાળ સમાધિ સ્થિતિ પ્રાપ્ત કરીને પૃથ્વીમાં ઉત્તમ યોગિઓને પણ સ્તુતિ કરવા યોગ્ય થાય છે. હે ધર્મ ! આ તમારા પુત્ર, પરમાત્માપણું સૂચવતા સમગ્ર પૂર્વોક્ત ગુણોથી, તથા શરીરમાં રહેલા ઉત્તમ ઉર્ધ્વરેખા વગેરે ચિન્હોથી, આ પૃથ્વીમાં એક જ અમોએ જોયા, બીજા તેમના જેવા જોયા નથી. હાલમાં દેહ ધારીઓના એક ભગવાન આ તમારા પુત્ર સર્વ પ્રકારે નિશ્ચય છે. હે ધર્મ ! આ લોકમાં જનોના પ્રેમાસ્પદભૂત આ તમારો પુત્ર છે. તેથી આ સમગ્રના આત્મા છે. એ પ્રકારે અમોને જણાય છે. હે ધર્મ ! જે ભગવાન અક્ષર નામના બ્રહ્મ ધામમાં નિવાસ કરે છે, તે આ શ્રીહરિ એ જ જન સમુદાયોના કલ્યાણને માટે પૃથ્વીમાં મનુષ્યાકૃતિ ધારણ કરી છે. આવા પ્રકારનો અમારા હૃદયમાં નિશ્ચય થયો છે. (૫૧-૭૦)

ધર્મદેવ આ પ્રકારની બુદ્ધિમાન વિદ્વાનોની વાણી સાંભળીને અત્યંત પ્રસન્ન થતા, હે આર્યજનો! તમોએ સત્ય કહ્યું છે, હું પણ મારા ચિત્તમાં તેવો જ વિચાર કરું છું, હે શ્રેષ્ઠ પુરુષો ! મેં મારી ધર્મપત્નીની સાથે વૃંદાવનમાં જઈને વિષ્ણુ યાગથી ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિની આરાધના કરી હતી. તે શ્રીહરિએ પ્રસન્ન થઈને ''હું સાક્ષાત્ તમારો પુત્ર થઈશ'' એમ મને વરદાન આપ્યું. (તમોએ પણ આટલા દિવસ સુધી પોતાના ચિત્તમાં વિચાર કરતાં હતાં છતાં કેમ નિર્ણય કર્યો નહીં ?) હે આર્યો ! આ શ્રીહરિની માયાથી મને તે વરદાનનું વિસ્મરણ થયું હતું. હાલમાં તમારાં વચન સાંભળવાથી તે સ્મૃતિમાં આવ્યું તેથી આ શ્રીહરિ પોતાના અક્ષરધામ નિવાસી સર્વેશ્વર છે, આ પ્રકારે તમો તમારા મનમાં જાણો. (૭૧-૭૩)

વિદ્વાનો આ પ્રકારે ધર્મદેવનું યથાર્થ વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયા અને શ્રીહરિના દર્શન કરતા તત્કાળ આ શ્રીહરિને સૂર્ય સમાન પ્રકાશવાળા જોયા. પોતાના ઉત્તમ ઐશ્વર્યોથી સેવાયેલા છે. ચરણકમળ જેમનાં એવા દિવ્ય અક્ષર મુક્તોથી વીંટાયેલા, મહામૂલ્ય વસ્ત્રોવાળાં તથા અલંકારોથી અલંકૃત શ્રીહરિને જોઈને નમસ્કાર કરતા તેઓ બે ઘડી શ્રીહરિના દર્શનનો આનંદ પામ્યા. સમગ્ર આર્યજનો શ્રીહરિના દિવ્ય ભાવના દર્શનથી અત્યંત હર્ષવાળા થયા અને શ્રીહરિને હાથ જોડીને અતિ વિનયપૂર્વક નત મસ્તકવાળા શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા હોવાથી મટકુ માર્યા વિના તેમના પ્રત્યે જોતા હતા. (૭૪-૭૬)

પછી નરનાટક કરનાર શ્રીહરિની ઈચ્છાથી જ ધર્મદેવને તેમ જ આર્યજનોને શ્રીહરિના દિવ્ય ભાવનું જ્ઞાન વિલીન થઈ ગયું. તેથી તે આર્યજનો પોતાના સ્થાનમાં ગયા. (૭૭)

આ પ્રકારે અયોધ્યાપુરના નિવાસી વિદ્વાનોએ શ્રીહરિના અતિશ્રેષ્ઠ શુભ ઐશ્વર્યો તથા ગુણો કહ્યા છે તેને જે કહેશે અને જે સાંભળશે તે પુરુષને મોક્ષદાયક પ્રીતિ શ્રીહરિમાં થશે. (૭૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધે શ્રીહરિગુણ પ્રશંસાદિ નિરૂપણ નામે એકવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૧)



અધ્યાય ૨૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : પછી ધર્મદેવ પુત્રને આનંદપૂર્વક યજ્ઞોપવીત આપવા માટે દેશાન્તરથી વિવિધ પ્રકારની સામગ્રીઓ મંગાવતા હતા. મહામના ધર્મદેવે જ્યોતિઃશાસ્ત્રને જાણનાર પરમાનંદ ત્રિપાઠી નામના બ્રાહ્મણને બોલાવીને તેની પુષ્પ, કુંકુમ, સારા વસ્ત્રો અને દક્ષિણાથી પૂજા કરી; શ્રીહરિના પિતા ધર્મદેવે તે બ્રાહ્મણની આગળ રત્ન જડેલ શ્રીફળ મૂકીને પ્રસન્ન મનથી તે બ્રાહ્મણને ઉપનયનનું મુહૂર્ત પૂછ્યું. (૧-૩)

ગર્ભથી આરંભીને આઠમા વર્ષમાં ફાગણ સુદી ૧૦ દશમીની તિથિ, સોમવાર, પુષ્ય નક્ષત્ર, મેષ લગ્નમાં ઉપનયનનું શુભ મુહૂર્ત તે જ્યોતિઃશાસ્ત્રજ્ઞ બ્રાહ્મણે બતાવ્યું. (૪)

કાર્યદક્ષ ધર્મદેવે અત્યંત હર્ષપૂર્વક જ્ઞાતિજનોને તેમ જ સગાસંબંધિ મિત્રો વગેરેને મંગળ પત્રિકા લખી, જ્ઞાતિબંધુ અને મિત્રો વગેરે સ્ત્રી, પુત્ર, નોકર સહિત શ્રીહરિનાં દર્શન કરવાના ઉત્સાહથી ઉપહારોએ સહિત ઘોડા, રથ, હાથી વગેરે વાહનોમાં બેસીને ધર્મદેવના ઘરે આવ્યા, અતિ પ્રસન્ન મનવાળા ધર્મદેવે જ્ઞાતિબંધુ અને મિત્રો વગેરે સર્વની યથાયોગ્ય સંભાવના કરીને તેમને નવીન વસ્ત્રો તથા અલંકારો આપ્યા; ધર્મદેવે ચાર વેદના પારંગત વિચક્ષણ શાસ્ત્રીઓ તથા શ્રેષ્ઠ બ્રાહ્મણોને દેશાંતરથી સન્માનપૂર્વક બોલાવ્યા; ધર્મદેવે અત્યંત સુંદર રંગથી શોભાયમાન સ્તંભોથી યુક્ત રમણીય મંડપ રચ્યો; ચારખુણાવાળો, ચાર બારણાવાળો વિચિત્ર પુષ્પોના હારથી તેમ જ નાના પ્રકારના ઉલ્લોચથી (ચંદનીયો) અત્યંત શોભાયમાન, ફુલોથી નમી જતા કેળોના થાંભલા વડે સુશોભિત, નાના પ્રકારના રમણીય રંગોથી દેદીપ્યમાન અને તેથી જ મનોહર, ઈન્દ્રના ધનુષ્યની માફક પ્રકાશમાન તોરણોથી અત્યંત શોભિત, નાના પ્રકારના પુષ્પ હારોથી રચેલું સુંદર જાળીયાવાળો; માંગલિક નવાંકુરો તથા અક્ષત, જવ, કુંકુમથી યુક્ત તથા મલીયાગર ચંદન, કસ્તુરી, કેસર યુક્ત ઘસેલ ચંદનનો છંટકાવ કરેલા; થાંભલામાં જડેલાં વિવિધ ઉત્તમ મણિ તથા રમણીય દર્પણો તથા ઝુમરોથી યુક્ત તેથી પ્રેક્ષકનોને ગોલોક ધામના મંડપની માફક મનોહર દેખાતો, ચારે તરફ ચળકતી મોતીઓની માળાઓથી રમણીય, સુવર્ણની કાંતિથી શોભાયમાન કળશના અગ્ર ભાગવાળો સુગંધિમાન, વિવિધ પ્રકારની વસ્તુઓથી યુક્ત, વિચિત્ર વર્ણવાળી ધ્વજાઓથી શોભાયમાન, આંબાના નવપલ્લવોથી શણગારેલો લીંબુ, કેળા, નાળીયેર, દાડમ, સોપારી વગેરે ફળોથી યુક્ત તેમ જ નાના પ્રકારના સુંદર સુગંધિવાળાં, પુષ્પોની માલાઓથી શોભાયમાન સુગંધીમાન ધૂપવાળો, ગુંજારવ કરતા ભમરાઓના સમુદાયવાળો, સુવર્ણમય અત્યંત સુંદર રેશમી વસ્ત્રોથી પ્રકાશમાન, તેથી જ જનોને વિસ્મય કરનારો, દેવેન્દ્રોએ પણ દર્શન કરવા યોગ્ય એવા મંડપમાં વૈદિક શ્રેષ્ઠ બ્રાહ્મણોએ ઉપનયન સંસ્કાર કરવાની વેદી શાસ્ત્રાનુસાર શ્વેત, લાલ, લીલા, પીળા, આદિ રંગોથી અતિ શોભાયમાન અને મનોહર કરી. (૫-૧૮)

શાસ્ત્રોક્ત તમામ વિધિમાં પ્રવીણ વેદોના ત્રણ કાંડ-જ્ઞાન, કર્મ અને ઉપાસના તેને જાણનારા, જેમનાં ચિત્ત મહા આનંદમાં મગ્ન બની ગયા છે, તે વૈદિક વિપ્રો મુખ્ય વેદથી બીજી વેદીઓ શાસ્ત્ર પ્રમાણે કરવા લાગ્યા. (૧૯)

તે સમયે ધર્મદેવનું ઘર વિચિત્ર રંગોથી રમણીય સુશોભિત અનેક માંગલિક વસ્તુઓથી પ્રકાશમાન હોવાથી, વૈકુંઠ ધામની ઉપમા આપવા યોગ્ય હતું. (૨૦)

તે સમયે અયોધ્યા નગરીના નાના માર્ગો તથા રાજમાર્ગો તેમ જ બજારોના ચોક, આંગણા વાળીને સાફ કરેલા હોવાથી, તેમ જ ત્યાં સુગંધિમાન જળનો છંટકાવ કરેલો તથા ફુલે વેરેલા હોવાથી, તેમ જ અતિ શોભાયમાન તોરણોવાળાં ઘરોથી અયોધ્યા નગરી, આ મહોત્સવથી શોભતી હતી. (૨૧)

પુરની સ્ત્રીઓ સુકૃતશાળી ધર્મદેવના ઘર પર્યે આવીને મંગળમય ગીતો ગાતી હતી, તેમ જ દેશાંતરથી આવેલી કુટુંબની સ્ત્રીઓ પણ તે સમયે આનંદમગ્ન બની વિવિધ પ્રકારના માંગલિક ગીતો ગાતી હતી. ધર્મદેવના ઘરમાં વિવિધ વાંજિત્રો વાગતાં હતાં, સર્વપુરના જનો પણ અતિ આનંદથી આ ઉત્સવ નિમિત્તે ઉપહારો લઈને ત્યાં આવતા હતા. (૨૨-૨૩)

અત્યંત દર્શનીય શ્રીહરિના આ ગાયત્રી પ્રદાન ઉત્સવ જોવા માટે આવેલા બ્રહ્માદિક દેવતાઓના વિમાનોથી સમગ્ર આકાશ વ્યાપ્ત થઈ ગયું. (૨૪)

ધર્મદેવે પોતાના પુત્રને ઉપનયન આપવાની ક્રિયામાં અધિકારી બનવા આવશ્યક કરવા યોગ્ય ત્રણ કૃચ્છ્ર વ્રતની સિદ્ધિ માટે ત્રણ ગાયો સત્પાત્ર બ્રાહ્મણને દાન આપી.

તથા ચ પ્રયોગરત્ને બૃહદ્વિષ્ણુઃ ''કૃચ્છ્રત્રયં ચોપનેતા ત્રીન કૃચ્છ્રાંશ્ચ બટુશ્ચરેત્ । ગુરુર્દ્વાદશસાહસ્ત્રં ગાયત્રીં ચ જપેત્તતઃ'' ઇતિ । ત્ર્યહં પ્રાતઃ ત્ર્યહસાયં । ત્ર્યહમદ્યાદયાચિતમ્ । ત્ર્યહં પરં ચ નાશ્નીયાચ્છુદ્ધં કૃચ્છ્રં વિધીયતે ઇતિ કૃચ્છ્રલક્ષણે મનુઃ । કૃચ્છ્રના પ્રતિનિધિ પરાશર કરે છે કૃચ્છ્રોऽયુતં તુ ગાયત્ર્યા ઉદવાસસ્તથૈવ ચ । ધનુપ્રદાનં વિપ્રાય સમમેતચ્ચતુષ્ટયમ્'' ઇતિ, ઉદવાસોऽભુક્તવતોऽ હોરાત્રત્રયમિતિ મહાર્ણવે. (૨૫)

ચાતુર્માસ્યાદિ શ્રૌત કર્મો તથા ગર્ભાધાનાદિ સંસ્કાર સ્માર્ત કર્મોને યથાર્થ જાણનારા ધર્મદેવ ઉપનયનના અંગભૂત સમગ્ર કર્મ પૂર્વ દિવસમાં શાસ્ત્ર પ્રમાણે કર્યું. (૨૬)

ધર્મદેવ, દશમી તિથિની સવારમાં દ્વિજત્વ પમાડનાર સંસ્કારોને જાણનારા બ્રાહ્મણે કહેલી રીત પ્રમાણે, વૈદિક કર્મ હર્ષપૂર્વક કરવા લાગ્યા. (દશમને દિવસે સવારમાં ગૃહની આગળ સંમાર્જનાદિ સંસ્કારોથી સંસ્કૃત સ્થંડિલમાં સમુદ્ભવ નામના અગ્નિની સ્થાપના કરીને અગ્નિની પૂજા કરીને) દ્વિજાતિ સંસ્કારનો વિધિ જાણનાર બ્રાહ્મણે કહેલી રીત પ્રમાણે, પોતાનો વેદ, શાખાને ઘટીત કર્મ માર્ગ, ધર્મદેવે યથાર્થ રીતે કર્યો. હે રાજન્ ! ધર્મદેવે પોતાના પુત્રને સ્નાન કરાવીને તથા ભોજન કરાવીને બાળકેશ ઉતરાવ્યા. (ભોજન નિમિત્ત પ્રથમ સ્નાન કરાવીને, પછી ભોજન કરાવીને, ધર્મદેવે પુત્રના મસ્તકના કેશ ઉતરાવ્યા.) ભક્તિમાતાએ પોતાના પુત્રને શાસ્ત્ર પ્રમાણે સ્નાન કરાવીને મહામૂલ્યવાળાં રેશમી વસ્ત્રો તેમજ મણિમય અને સુવર્ણમય અલંકારોથી શણગાર્યા; પ્રસન્ન મનવાળા પિતા ધર્મદેવ પોતાના જમણે પડખે બેઠેલા વિનયવાળા શ્રીહરિને વિધિ પ્રમાણે સંસ્કાર કરાવતા હતા; તે સમયે પુરના સમગ્રજનો શ્રીહરિના દર્શન માટે ધર્મદેવને ઘેર

આવ્યા. તેથી ત્યાં પુરજનોની અતિશય ભીડ થઈ; તે સર્વેજનો સર્વ સૌંદર્યના સાગર શ્રીહરિના દર્શન કરીને આનંદ પામ્યા. તે સમયે આવેલા દેશાંતરના સર્વજનો પણ અત્યંત આનંદ પામ્યા; તે સમયે રમણીય મંડપમાં બેઠેલા શ્રીહરિની જે શોભા હતી તે શોભા મનુષ્ય, દેવ, ઈન્દ્ર અને મુક્તોને પણ આનંદ ઉપજાવનારી હતી. (૨૭-૩૩)

સમગ્ર શોભાનું વર્ણન કરવામાં અક્ષર મુક્તો પણ શક્તિમાન ન થાય તો શેષ બ્રહ્માદિક દેવતાઓના અધીશ્વરો શક્તિમાન ન થાય તેમાં તો કહવું જ શું ? (૩૪)

ત્યારબાદ ધર્મદેવે પોતાના પુત્ર શ્રીહરિના વસ્ત્ર અલંકારાદિક ઉતારીને, વર્ણીને યોગ્ય શુભ વેશ તેમને પહેરાવ્યો; ગુરુ પિતા ધર્મદેવે શ્રીહરિના કટિ પ્રદેશમાં મનોહર કટિ સૂત્ર બાંધીને શ્રીહરિને કૌપીન પહેરાવ્યું; ધર્મદેવ લક્ષ્મી અને નારાયણના આત્મા શ્રીહરિને નવ તારવાળું ધોળું કપાસના રૂથી બનેલા તંતુઓથી નિર્માણ કરેલું ત્રણ સેરવાળું યજ્ઞોપવીત પહેરાવ્યું. (૩૫-૩૭)

આચાર્ય વેદોક્ત મંત્રોથી ''अग्ने व्रतपते व्रतं चरिष्यामि'' ઈત્યાદિ મંત્રો વડે પાંચ આજ્ય (ઘી)ની આહુતિઓથી હોમ કરીને નાભિ વગેરે શ્રીહરિના અંગનો સ્પર્શ કરીને શ્રીહરિને શુભ વચન કહેવા લાગ્યા; હે હરે ! આ પૃથ્વીમાં આ દિવસથી આરંભિને તમે બ્રહ્મચારી છો આવી રીતે આચાર્યે કહીને, બટુ મહાત્માને સર્વ પ્રેષ વચનો કહેવા લાગ્યા. (૩૮-૩૯) ધર્મદેવે, આચાર્યે ઉપદેશ કરેલા પ્રેષવચનો બ્રહ્મચારી વેશને અનુકરણ કરનારા શ્રીહરિને અનુક્રમે બોધ આપ્યો. (તે પ્રૈષ વચનો કૃત્યચિંતામણીના પ્રયોગમાં) ''समिधमाधेहि'' ''अपोऽशान'' ''कर्म कुरु'' ''मा दिवा स्वाप्सीरिति'' तत्र समिदाधानं सायं प्रातः । अमृतोपस्तरणमसि स्वाहेति भोजनादौ, अमृतापिधानमसि स्वाहेति भोजनान्ते चाऽऽचमनद्वयम् । गुरुपरिचर्यादि कर्माचरणम् । दिवाशयनानाचरणम् इति चतुर्णां तेषामर्थः । कात्यायनगृह्ये तु अत्र ''वाचं यच्छ'' इति पञ्चमोऽपि प्रैष उक्तः । कर्म च स्नानादिकं स्ववर्णाश्रमविहितमित्युक्तमस्ति । (૪૦)

શ્રીહરિ મંદ મંદ હસતા દરેક પ્રૈષ વચનો ઉચ્ચારણ બાદ ''बाढम्'' ''सत्यं'' આ પ્રકારે બોલતા હતા. તે સાંભળીને ધર્મદેવ તથા તેમનાં પત્ની ભક્તિદેવી તેમ જ સંબંધિઓ અત્યંત આનંદ પામતા હતા. (૪૧)

તે કર્મના આરંભ સમયે મંડપની અંતરીક્ષમાં બ્રહ્માદિક દેવતાઓ દિવ્ય ભાવથી આવીને હર્ષપૂર્વક પ્રાર્થના કરીને ધર્મદેવને દીક્ષાના ઉપકરણો અર્પણ કર્યાં. (૪૨)

દિક્ષાના સર્વે ઉપકરણો હોવા છતાં પણ ધર્મદેવે, બ્રહ્માદિ દેવતાઓએ આપેલાં ઉપકરણો ગ્રહણ કરીને, હર્ષપૂર્વક આચાર્યને આપ્યાં. (૪૩)

ત્યારબાદ ગુરુએ કશ્યપે આપેલી ત્રણ ગાંઠવાળી ત્રણ સેરોની મુંજની કટિમેખલા શ્રીહરિની કેડ્યમાં બાંધી. (तां चेयं दुरुक्तेति ऋतस्य गो प्रीतिश्च मंत्राभ्यां बन्धयामास) (૪૪)

સમગ્ર સદ્‌ગુણોથી યુક્ત ધર્મદેવનું ઉત્તમ અધિકારીપણું હોવાથી, ધર્મદેવ પોતાના પુત્ર શ્રીહરિને યથાવિધિ બ્રહ્મ સંબંધિ મંત્ર આપ્યો. (યથાવિધિ એટલે શ્રેષ્ઠ લગ્નના અંશભૂત મુહૂર્તમાં. તે જ પ્રકારે

હાથ જોડીને આચાર્યમાં મન અને નેત્રવાળાં બ્રહ્મચારીને આચાર્ય પોતાના સમીપમાં લાવીને બોલાવે. ''अधीहि भोः सावित्रीं मे भवाननुब्रवीत्विति'' તમો સૂર્ય દેવતાની ગાયત્રી ભણો, હું બોલું તે પ્રમાણે મારા બોલ્યા બાદ બોલો. આ પ્રમાણે આચાર્ય ગાયત્રી બોલાવે એવી રીતે કૃત્ય ચિંતામણિ પ્રયોગમાં છે તે જાણવો. (૪૫)

તે સમયે મહા દુંદુભિ આદિ વાજિંત્રો વાગતાં હતાં અને સમગ્ર દિશાઓમાં વ્યાપ્તો વેદ ધ્વનિ થતો હતો. વળી સ્ત્રિઓએ ગાએલ માંગલિક ગીતોનો ધ્વનિ, સંબંધિજનોએ ઉચ્ચારેલા જય ધ્વનિ સાથે મળીને અત્યંત ઉદ્‌ઘોષ થયો. પ્રસન્ન થયેલા દેવેન્દ્રોએ એ મહોત્સવમાં આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ કરી. તે સમયે દેવો દુંદુભિઓ પણ વગાડતા હતા. (૪૬-૪૮)

ત્યારબાદ ગુરુએ, ચંદ્રમાએ આપેલો પલાશનો દંડ મસ્તક સુધી લાંબો, ભણવામાં નિયત ચિત્તવાળા શ્રીહરિને આપ્યો. હે રાજન્ ! ઓઢવાના વસ્ત્ર તરીકે પૃથ્વીએ આપેલું મૃગાજીન શ્રીહરિને આપીને બધો સંધ્યાનો વિધિ શિખવાડ્યો. (૪૯-૫૦)

ગુરુએ ઉપદેશ કરેલા પ્રેષ વચનો પાલન કરવામાં પ્રીતિવાળા શ્રીહરિને ધર્મપિતા તે ફરીથી શીખવવા લાગ્યા. ''आचार्याधीनो भवान्यत्राधर्माचरणात्'' અધર્મનો ત્યાગ કરીને આચાર્યને આધીન થાઓ. ''क्रोधानृते वर्जय'' ક્રોધ અને મિથ્યાભાષણનો ત્યાગ કરો. ''मैथुनमुपरिशय्यां वर्जय'' સ્ત્રી સંભોગનો ત્યાગ કરો. આચાર્યની શય્યાને આસનનો ત્યાગ કરો. कौशीलवगन्धाञ्जनानि वर्जय'' નૃત્ય, ગાન, વાય તથા ચંદનાદિ વડે સુગંધનો લેપ, કાજળ વડે નેત્ર અંજન કરવું. વગેરેનો ત્યાગ કરવો. ''स्नानं वर्जय'' અંગમાં તૈલ મર્દન કરીને સ્નાન કરવું નહીં. ''अवलेखनदन्तक्षालनपादप्रक्षालनानि वर्जय'' કાંસકીથી કેશ ઓળવા, પ્રયોજન વિના પૃથ્વી ઉપર પાંદડા વડે આલેખન કરવું નહીં, દાંત ઘસવા નહીં, પગવડે પગ ધોવા નહીં, ''क्षुरकृत्यं वर्जय'' ''मधुमांसे वर्जय'' ''गोयुक्तारोहणं वर्जय'' મુંડાવવું નહીં મદ્યમાંસનો સર્વથા ત્યાગ કરવો, બળદ જોડેલા ગાડે બેસવું નહીં, ''अन्तर्ग्राम उपनाहो धारणम्'' ગામમાં જોડાં પહેરવાં નહીં. ''स्वयमिन्द्रियमोचनम्'' ચક્ષુઆદિ ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં રાગપૂર્વક જોડવી નહીં. मेखलाधारण-दण्डधारण-भैक्षाचरण, समिदाधानोदकोपस्पर्शन-प्रातरभिवादाः इति । મેખલા ધારણ કરવી, ભિક્ષા માંગવી, સવારસાંજ સ્નાન, સવારસાંજ હોમ, દેવ, ઋષિ ગુરુઓને પિતૃતર્પણ, ગુરુઓને અભિવાદન, શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે કરવું. સત્ત્વ, રજ અને તમ પ્રકૃતિવાળા પ્રાણી માત્રની શરીર, વાણી અને મનથી હિંસા મુક્તિને માટે પણ કરવી નહીં. આત્મઘાત, કુસંગી જનોનો સંગ, ભૂમિ ઉપર ભોજન, કાંસાના પાત્રમાં ભોજન, દ્યુત (જુગટું) તાંબુલ ભક્ષણ, ભાંગ આદિ અપેય પદાર્થોનું પાન, લસણ વગેરે અભક્ષ્યનું ભક્ષણ, ગાય, બ્રાહ્મણ, તીર્થ, દેવતા, સાધુ, પતિવ્રતા, સચ્છાસ્ત્રની નિંદાનો ત્યાગ, કૌપીન, મુંજની મેખલા, કટિસૂત્ર, દંડ, યજ્ઞોપવીત, કમંડલુ, મૃગચર્મ, ભિક્ષાપાત્ર વગેરે હંમેશા ધારણ કરવાં. (૫૧)

સ્નાન, સંધ્યા, જપ, હોમ, દેવતાદિનું સંતર્પણ, સ્વાધ્યાય, વિષ્ણુનું પૂજન કરવું તેમ જ ભક્તિ કરવી, એમ ધર્મદેવે શ્રીહરિને કહ્યું. બ્રહ્મચારી શ્રીહરિ તેમને ઉપદેશેલા આ વચનોના પ્રત્યુત્તરમાં સ્વેચ્છાએ

''बाढम्'' સત્યમ્ આ પ્રકારે બોલતા હતા. પછી બંને હાથ ઉંચા કરીને તેમણે સૂર્યનારાયણનું ઉપસ્થાપન કર્યું, અને અગ્નિની પ્રદક્ષિણા કરી. પછી આચાર્યે, બ્રહ્માએ આપેલું કમંડલું શ્રીહરિને આપ્યું. સપ્ત ઋષિઓએ આપેલા આસન અને ઉપગ્રહોને યોગ્ય કુશો શ્રીહરિને આપ્યા. (ડાબા હાથમાં ધારણ કરવા યોગ્ય તૃણ કુશને ઉપગ્રહ કહે છે. એમ મુનીંદ્રોએ સંધ્યા રત્ન દીપમાં કહ્યું છે.) આચાર્યે, સરસ્વતીએ અર્પણ કરેલી અક્ષમાળા શ્રીહરિને આપી. કુબેરજીએ આપેલું ભીક્ષાપાત્ર શ્રીહરિને હર્ષથી આપ્યું. (૫૨-૫૫)

''अर्थयते मातरमेवाग्रे इति वचनात्'' પ્રથમ માતા પાસે ભિક્ષા માંગવી એવું શાસ્ત્ર વચન હોવાથી પોતાના માતુશ્રી પાસેથી ભિક્ષા શ્રીહરિ માગે છે. ''भवति भिक्षां देहि'' એવી રીતે પોતાનાં માતુશ્રી પાસે યાચના કરતા, મનોહર વર્ણી વેશવાળા પોતાના પુત્રરૂપ બ્રહ્મચારીને પ્રથમ ભક્તિ દેવીએ ભિક્ષા આપી. હે વર્ણિરાજ ! મારી પાસે ભિક્ષા માટે આવો, આવી રીતે શ્રીહરિને મંદ મંદ હસતાં સુવાસિની ભાભીએ ભિક્ષા આપી. ત્યારબાદ હે રાજન્ ! મંદ હાસ્યમુખવાળા, સર્વજ્ઞ, પુરુષોત્તમ, દયાનિધિ, શ્રીહરિએ માતા અને ભાભીએ આપેલી ભિક્ષા ગ્રહણ કરી. અતિ આનંદથી સગા સંબંધિઓની બીજી સ્ત્રીઓએ પણ શ્રીહરિને ભિક્ષા આપી. ભિક્ષામાં પ્રાપ્ત થયેલું બધું ભિક્ષાન્ન શ્રીહરિએ ગુરુને નિવેદન કર્યું. ગુરુએ તે આપેલી ભિક્ષા ગ્રહણ કરી, (તેવી રીતે કૃત્ય ચિંતામણીમાં પ્રયોગ છે. अथ ब्रह्मचारी तृष्णमादित्यमुपस्याग्निं प्रदक्षिणीकृत्याग्नेः पश्चात् प्राङ्मुख उपविश्य भिक्षापात्रमादायादौ मातरं ''भवति भिक्षां देहि'' अथवा मातुः स्वसारं स्वभगिनीप्रत्याख्यायिनीरन्याश्च याचित्वा लब्धं भैक्षं भो इत्याचार्याय निवेदयेत् । तत इदं त्वं गृहाणेत्याचार्येण दत्तं तद् भैक्ष्यं शुचिस्थाने भोजनार्थे स्थापयेत् इति । (૫૯)

ત્યારબાદ હે રાજન્ ! વિધિ જાણનારાઓમાં શ્રેષ્ઠ ધર્મદેવે યથાવિધિ તે સમગ્ર કર્મ સમાપ્ત કર્યું. (૬૦)

ઉપનયન સંસ્કારની પ્રાપ્તિથી વિરાજમાન મેઘની માફક ઉત્કૃષ્ટ કાંતિથી દેદીપ્યમાન શરીરવાળા શોભાયમાન કેડ્યમાં સોનાની માફક કાંતિવાલી મુંજની મેખલાને ધારણ કરતા, મૃગજીનને ધારણ કરતા, તેમજ ચંદ્રમાના કિરણ જેવી શ્વેત યજ્ઞોપવીત ધારણ કરતા શ્રીહરિ વિપ્રમંડળમાં મૂર્તિમાન બ્રહ્મચર્યવ્રતની માફક શોભતા હતા. (૬૧)

પલાશનો શ્રેષ્ઠ દંડ જમણા હાથમાં ધારણ કરતા, શોભાયમાન કંઠમાં તુળસીની અતિ મનોહર બે સેરની કંઠી ધારણ કરતા, સ્વભાવ સિદ્ધ, નિત્ય મંગળકારી નિષ્કામાદિ ગુણોથી યુક્ત, શ્રીહરિના દર્શન, અતૃપ્ત નેત્રોથી સભાજનો તેમજ બીજાજનો કરતા હતા. (૬૨)

હર્ષ પામેલા ધર્મદેવે ત્યારબાદ બ્રાહ્મણોને ઘણી ગાયો, અલંકારો, વસ્ત્રો, સોના મુદ્રાઓ સુંદર વાહનો, હાથી, ઘોડા, રથ વગેરે આપ્યાં. પોતાના શિષ્યવર્ગ વગેરે જનોએ ધર્મદેવને પ્રીતિપૂર્વક યથોચિત સોનારૂપાની મુદ્રાઓ, સુંદર વસ્ત્રો, ભેટ અર્પણ કર્યાં. ધર્મદેવે પોતાના સંબંધિજનોને પણ અમૂલ્ય વસ્ત્ર યથાયોગ્ય આપ્યાં. સમગ્ર બ્રાહ્મણોને તથા પ્રતિગ્રહ કરવા આવેલા પુરના રાંક (ગરીબ વગેરે) જનોને, તેમજ દેશાંતરથી આવેલા અર્થીજનોને પણ, વસ્ત્ર વગેરે આપ્યાં. સર્વને શ્રેષ્ઠ વિવિધ ભક્ષ્ય, ભોજ્ય લેહ્ય,

ચોષ્ય ભોજનો સારી રીતે જમાડ્યા. રાજાની જેમ વ્યવહાર જાણનારા, આનંદિત ધર્મદેવે, વરૂણીમાં વરેલા સમગ્ર બ્રાહ્મણોને દક્ષિણાદિ વડે સંતોષ પમાડીને ઘેર મોકલ્યા, હે રાજન્ ! પોતાના પુત્ર શ્રીહરિને પોતાનો સમગ્ર ''સામદેવ'' અર્થે સહિત ભણાવ્યો. (૬૩-૬૫)

હે રાજન્ ! જે માણસ આલોકમાં પાપની પીડા નાશ કરનારી આ કથા સાંભળશે, અથવા પ્રીતિપૂર્વક કહેશે, તે બંને પ્રકારના માણસ પોતાના ધર્મને વિષે સ્થિતિ પામશે. તેમજ સુખ આપનારી પોતાને ઇચ્છિત વિદ્યા પામશે. વળી આ લોકમાં ક્યારેય પણ ગૃહસ્થોને ગૃહસ્થોચિત, ત્યાગીઓને ત્યાગીને ઉચિત, બ્રહ્મચર્ય વ્રતમાં વિઘ્ન નહીં થાય. (૬૬)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિ અધિગત મૌજી સંસ્કાર ઉત્સવ નિરૂપણ નામે બાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૨)



અધ્યાય ૨૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા શ્રીહરિએ થોડા જ સમયમાં સમગ્ર વેદ સમાપ્ત કર્યા અને એ રીતે પોતાના પિતાશ્રીને તથા બીજા સમગ્ર વિદ્વાનોને પણ વિસ્મય પમાડ્યા. શ્રીહરિ ધર્મદેવ પાસેથી શ્રીમદ્‌ભાગવત્ વગેરે પુરાણો રામાયણાદિ કાવ્યો, સાંખ્ય, યોગ, બ્રહ્મ મિમાંસા ધર્મ મિમાંસા, તર્કશાસ્ત્ર (ન્યાય) વગેરે ભણ્યા, ધર્મદેવ રામાનુજાચાર્ય પ્રણીત શ્રી ભાષ્ય વગેરે જે કાંઈ જાણતા હતા, તે બધું શ્રીહરિ તેમની પાસેથી ભણ્યા. આત્મા અનાત્માના વિવેકને આશરેલા ઉદાર બુદ્ધિ ધર્મદેવ, હવે વૃદ્ધાવસ્થા સમીપમાં આવતી જોઈને, તીવ્ર વૈરાગ્યવૃત્તિ કેળવીને હંમેશા શ્રીહરિના ધ્યાન પરાયણ થયા, ધર્મદેવે સદાચાર, આત્મા અનાત્માનો વિવેકરૂપી જ્ઞાન, વિષયમાંથી વૈરાગ્ય અને ધ્યાન તથા ભક્તિનો પોતાના અતિપ્રિય પુત્રને શાસ્ત્ર પ્રમાણે પોતાની બુદ્ધિને અનુસારે પ્રીતિપૂર્વક ઉપદેશ આપ્યો. (वृषज्ञान विरक्तियोगान् અહીંયા યોગ શબ્દનો અર્થ ધ્યાન લીધો છે. કારણ કે યોગ શબ્દનો અર્થ અષ્ટાંગ યોગ લઈએ તો ગોપાળયોગી પાસે અષ્ટાંગ યોગની પ્રાપ્તિ કહી છે તે વિરોધ આવે. માટે યોગ શબ્દનો અર્થ ધ્યાન જ ગ્રહણ કરવો. ''तत्वतो भगवतः'' ભગવાનની ભક્તિનો પ્રીતિપૂર્વક ઉપદેશ આપ્યો. અહીંયા तत्त्वतो ત્યાં आद्यादि ગણપઠિત હોવાથી ષષ્ઠિના અર્થમાં तसि પ્રત્યય આવેલો છે. वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम् । ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते, इति भागवतोक्तेः । અહીંયા તત્ત્વશબ્દ ભગવાન વાચક છે. એ કહેવાનું તાત્પર્ય છે. ધર્મદેવે વર્ણિભાવ ભજવતા શ્રીહરિને પોતાના ગુરુ રામાનંદ મુનિનું, માહાત્મ્ય, સૌરાષ્ટ્ર દેશમાં તેમનું સ્થાન, પોતાના ઉદ્ધવ સંપ્રદાયની સર્વ રીતિ, યથાર્થ કહી. હે રાજન્! નરનાટ્ય ધારણ કર્યું હોવાથી શ્રીહરિ વિદ્યાદિક અનેક દિવ્ય ગુણોથી થોડાં સમયમાં પિતા શ્રી ધર્મદેવને જેમ માનનીય અને પૂજનીય બન્યા હતા તેમજ અન્ય જનોને પણ માનનીય અને પૂજનીય થયા. શ્રીહરિ

હવે પોતાના પિતા ઘરમાં શ્રીમદ્‌ભાગવત વાંચત તે પુરાણ યથાર્થ સાંભળ્યું. વળી ધર્મદેવ પાસેથી એકાગ્રચિત્તે ભારત તથા સ્કંદ પુરાણ પણ સાંભળ્યું. ધર્મમાં અત્યંત પ્રીતિવાળા, સ્વસ્થ ચિત્તવાળા, શ્રીહરિએ વેદાદિકના જ્ઞાતા પોતાના પિતા ધર્મદેવ પાસેથી સમગ્ર ઋષિ પ્રણીત સ્મૃતિઓ તથા પંચરાત્ર વગેરે ગ્રંથો સાંભળ્યા. પિતા પાસેથી આ પ્રમાણે સમગ્ર શાસ્ત્રાધ્યયન કર્યા પછી સ્વતઃસિદ્ધ ઉત્તમ સૂક્ષ્મ બુદ્ધિવાળા શ્રીહરિએ તે શાસ્ત્રનો સર્વ સાર તે તે શાસ્ત્રોમાં પોતાની બુદ્ધિથી નિશ્ચય કરીને હંમેશા પોતાને પાઠ કરવા માટે જુદો લખ્યો. (૧-૯)

ધર્મપુત્ર પરમેશ્વર શ્રીહરિએ ભાગવત પુરાણનો પંચમ તથા દશમ સ્કંધ, તેમજ સ્કંધ પુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય પણ જુદું લખ્યું, પરમેશ્વર શ્રીહરિએ વ્યાસ નારાયણ પ્રણીત મહાભારત નામના ઈતિહાસમાંથી ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ઉદ્દેશીને કહેલી ભગવદ્ ગીતા તથા વિદૂરે ધૃતરાષ્ટ્રને ઉદ્દેશીને કહેલી નીતિ (વિદુર નીતિ) તથા વિષ્ણુ સહસ્ર એ ત્રણ જુદાં લખ્યાં. સમગ્ર શાસ્ત્રના રહસ્યને જાણનારા ઈશ્વરના ઈશ્વર શ્રીહરિએ સમગ્ર ધર્મશાસ્ત્રોના સારરૂપ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ પણ જુદી લખી. શ્રીહરિએ આ ચાર શાસ્ત્ર લખીને પોતાના પિતા ધર્મદેવને બતાવ્યા. એ ચાર શાસ્ત્રનું રહસ્ય વાંચીને પ્રસન્ન મનવાળા ધર્મદેવે શ્રીહરિની બુદ્ધિ, મનુષ્યેત્તર દિવ્ય બુદ્ધિ છે, એમ જાણ્યું. (પહેલાં સાત ગ્રંથો કહ્યાં. પણ અહીંયા સાર ચતુષ્ટ્ય કહ્યો છે. તેનું તાત્પર્ય એવું છે કે ભાગવતના સ્કંધ બે મળીને એક સાર, ભારતના ત્રણ મળીને એક સાર, સ્કંધ પુરાણમાંથી "વાસુદેવ માહાત્મ્ય" એકસાર સર્વ ધર્મશાસ્ત્રોમાંથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ એક સાર એમ ચાર શાસ્ત્રોમાંથી ઉદ્ધૃત કરેલા સાત ગ્રંથોના સારને ચતુષ્ટ્ય કહ્યો છે.) (૧૦-૧૩)

ધર્મદેવે શ્રીહરિને આ પ્રમાણે કહ્યું હે હરે ! તમો અવકાશ પ્રમાણે આ શાસ્ત્ર ચતુષ્ટ્યનો પાઠ નિરંતર કરજો. શ્રોતાજનો હોય ત્યારે ભગવાનની પૂજાના અંતમાં હંમેશા કથા કરજો. (૧૪)

આ પ્રમાણે પોતાના પિતાનું વચન સાંભળીને શ્રીહરિએ ધર્મદેવના તે વચનનો ઑમ્ (બહુસાર) એમ સ્વીકાર કર્યો, અને તે પ્રમાણે રાત્રિ દિવસ તે સાર ચતુષ્ટ્યનો પાઠ કરતા હતા. અમૃતથી પણ અધિક મધુર વચનોવાળા શ્રીહરિ શ્રોત અને મનને આનંદ ઉપજાવનારી સાર ચતુષ્ટ્યની કથા કરતા હતા. (૧૫)

ત્યારબાદ પરમેશ્વર ધર્મપુત્ર શ્રીહરિ સાર ચતુષ્ટ્યનું સ્ફુટ અક્ષરોવાળું, સૂક્ષ્મ પત્રોવાળું સુંદર પુસ્તક બનાવીને પોતાની પાસે નિરંતર રાખતા હતા. (૧૬)

ત્યારબાદ દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છતા પોતાના અત્યંત વિચક્ષણ પુત્રને પોતે ધર્મદેવે પોતાના સંપ્રદાયને અનુસરનારી વિષ્ણુ પરમાત્માની દિવ્ય દીક્ષા શાસ્ત્ર પ્રમાણે આપી. ધર્મદેવે પ્રશાંત ચિત્તવાળા પોતાના પુત્રને શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર આપીને ત્રણ અક્ષરે યુક્ત કૃષ્ણ મંત્ર આપીને સાધુઓના ધર્મોનો ઉપદેશ આપ્યો. હે રાજન્ ! ક્ષર અને અક્ષરથી પર, સ્વતઃસિદ્ધિ શુદ્ધ અચળ જ્ઞાનના નિધિ, શ્રીહરિ પોતાના આશ્રિતોના શિક્ષણને માટે (પોતાના આશ્રિતજનો પોતાનું આચરણ જોઈને શીખે તેને માટે) ધર્મદેવે કહેલા પ્રકારથી કૃષ્ણ પરમાત્માની પ્રત્યક્ષ તેમજ માનસી પૂજા કરતા હતા. (૧૭-૧૯)

અત્યંત શ્રમથી પણ આચરણ ન કરી શકાય એવું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પૃથ્વીમાં પ્રવર્તાવવા માટે, અખિલેશ્વરોના ઈશ્વર શ્રીહરિ, જનોના ઉપદેશ માટે સ્વતઃસિદ્ધ હોવા છતાં પણ સમગ્ર ધર્મોનું પાલન કરવા

લાગ્યા. અનંત જીવોના ઉદ્ધારના જ આગ્રહવાળા, વિદ્વાનોએ ઇચ્છવા યોગ્ય સુંદર સ્વભાવવાળા, પરમેશ્વર પોતે શ્રીહરિ પ્રાણીઓના કલ્યાણ માટે રાત્રિદિવસ સચ્છાસ્ત્રનો અભ્યાસ કરતા હતા. (૨૦-૨૧)

હે રાજન્ ! તે સમયમાં સોએ સો અસુરેન્દ્રો ટોળે મળીને પોતે શત્રુ માનેલા મહાસામર્થ્યવાળા આયુદ્ધરહિત શ્રીહરિને હણવાની ઇચ્છાથી, અયોધ્યા નગરીમાં આવ્યા. બહારથી વૈષ્ણવનો વેશ ધારણ કરનારા, લાલચોળ નેત્રવાળા, અતિ ભયંકર, બહુ બળવાળા, વિવિધ પ્રકારના શસ્ત્રો હાથમાં ધારણ કરનારા, મહાક્રોધી, દંભ, ગર્વ, માન, મત્સર વગેરે દોષોવાળાં, સર્વે અસુરો શ્રી નીલકંઠના દર્શન માત્રથી જ તત્કાળ મોહ પામ્યા. અને પરસ્પર શત્રુભાવવાળા હોવાથી એકબીજાને તીક્ષ્ણ શસ્ત્રોથી હણવા લાગ્યા. પૂર્વે અર્જુનના દર્શન માત્રથી જ સંશપ્તકો જેમ મોહ પામીને અન્યોન્ય યુદ્ધ કરીને નાશ પામ્યા હતા. તેજ પ્રમાણે આ અસુરો પણ નાશ પામ્યા, બ્રહ્માંડોની કોટિયોની ઉત્પત્તિ, સ્થિતિ, લયના કારણભૂત, અનુપમ પ્રતાપવાળા શ્રીહરિએ શસ્ત્ર વિના પણ આ પ્રકારે પ્રયાસ વિના જ અસુરોનો પરાભવ કર્યો. હે રાજન્ ! પરમેશ્વરને શું દુષ્કર છે ? (પરમેશ્વર હોવાથી સર્વ પણ ઉપપન્ન જ છે) અયોધ્યામાં આવેલા સમગ્ર અસુરોનો પોતાના પરાક્રમથી જ આ પ્રમાણે પરાભવ કરીને પરમેશ્વર શ્રીહરિએ દેશાંતરમાં પણ રહેલા અસુરોનો પરાભવ કરવા માટે ઇચ્છા કરી. (૨૨-૨૭)

અનેક દેશોમાં રહેલા દૈવી સંપત્તિવાળા લોકોમાં અસુર જનોના સંસર્ગથી થયેલો, તેમજ વિપત્તિઓના સમુદ્રરૂપ સમગ્ર આસુરભાવનો નાશ કરીને તે જનોનું કલ્યાણ કરવાની શ્રીહરિએ ઇચ્છા કરી. (૨૮)

અત્યંત દક્ષ શ્રીહરિએ કાશીપુરીના પંડિતોને જીતીને કાશીમાં રહેલા જનોના આસુરભાવ પોતાના પ્રતાપથી નાશ કર્યો અને કાશીમાં પોતાના અભિમત રામાનુજાચાર્યે સ્વીકાર કરેલ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું સ્થાપન કર્યું. પછી પાછા પોતાની અયોધ્યાનગરીમાં આવીને નિવાસ કર્યો. (૨૯)

શ્રીહરિના ચરિત્ર સાંભળવામાં શ્રદ્ધાવાળા માનસિંહ રાજા, મહામુનિશ્રી શુકાનંદ સ્વામીનું આ પ્રકારનું શુભ વચન સાંભળીને અંતરની અને બહારની પીડાને નાશ કરનારું ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ભગવાનના ચરિત્ર રૂપી અમૃતને પાન કરવાની ઇચ્છાથી હાથ જોડીને મુનિવર શુકાનંદમુનિને હર્ષ પૂર્વક પૂછવા લાગ્યા. (૩૦)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં સચ્છાસ્ત્ર સારોદ્ધાર નિરૂપણ નામે તેવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૩)



અધ્યાય ૨૪ મો

માનસિંહ રાજા પૂછે છે :- હે મહા યોગિન્ ! શ્રીહરિએ કાશીપુરીમાં પંડિતોને જીતીને પોતાનો વિશિષ્ટાદ્વૈત મત કેવી રીતે સ્થાપન કર્યો. હે મહામુને ! મંગળકારી એ ચરિત્ર સાંભળવાની મને ઇચ્છા છે તેથી તે પ્રસંગ દયાપૂર્વક મને તત્ત્વે સહિત યથાર્થ આપ કહો. (નનુ-વિવિધ પ્રકારના રસોનો સ્વાદ લેતાં તમો ઘણું કરીને તૃપ્તિ પામેલા છો. માટે આના પાન કરવાથી શું ? એમ કહેતા હો તો. સમગ્ર રસના સારરૂપ અમૃતનું હંમેશા પાન કરતા દેવોને તેની તૃપ્તિ થતી નથી તે પ્રકારનું પાન કરવા છતાં

પણ ભગવાનની કથા રૂપી અમૃતને દેવો પણ ઇચ્છે છે. તેથી આ કથામૃત તેથી અધિક કહ્યું છે, મને પણ તેવો જ અનુભવ હોવાથી અને હજુ પણ અતૃપ્ત રહ્યો હોવાથી મને એ જ અમૃતનું પાન કરાવો એ આશયથી કહે છે.) હે મુને ! તમારા મુખરૂપી ચંદ્રમાંથી સ્રવતું ઘણા સુકૃતને સંપાદન કરનારું, શ્રીહરિની કથારૂપી અમૃત, તેનું પાન કરીને પણ મને તૃપ્તિ થતી નથી. તેથી મને તે કથા કહો. (૧-૩)

આવી રીતે જિજ્ઞાસુ (અત્યાશ્ચર્યકારક) શ્રીહરિના ચરિત્રને જાણવાને ઇચ્છતા રાજાએ પૂછેલા યોગિરાજ (પ્રત્યક્ષ ભગવાનના યોગવાળાઓમાં પણ અત્યંત ભગવાનના યોગવાળા) શુકાનંદ, ધર્મના પુત્ર શ્રીહરિને હૃદયમાં સંભારીને, હર્ષપૂર્વક માનસિંહ રાજાને કહેવા લાગ્યા. (૪)

(ગ્રામ્ય કથા કરવાથી નરકની પ્રાપ્તિ થાય છે. તે નરક પ્રાપ્તિને નાશ કરનારી, શ્રીહરિની કથા શ્રવણનો રાજાનો ઉત્સાહ જોઈને, રાજાને પ્રોત્સાહન આપે છે.)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! આપ ભગવાનની કથા રૂપી રસના સ્વાદને જાણનારા છો. તેમાં પણ અતિશય તદ્ગત સારને જાણનારા છો. માટે તમોને ધન્યવાદ છે. તમોને શ્રીહરિની કથા સાંભળવામાં અત્યંત રુચિ છે. (અનંત જન્મના સુકૃતના ફળના ભોગ સમયમાંજ ભગવાનની કથા શ્રવણમાં રુચિ ઉત્પન્ન થાય છે.) કથા શ્રવણની રુચિ તમોને અત્યંત ઉત્પન્ન થઈ છે માટે તમોને ધન્ય છે. (ભગવાનની કથા એક જનને ઉપકારક નથી પરંતુ ઘણાં જનોને ઉપકારક છે.) પ્રાણીઓનો મોક્ષ કરનારા પ્રત્યક્ષ શ્રીહરિની કથા તો શ્રોતાજનો, વક્તાઓ તથા પ્રશ્ન કર્તાઓના સર્વ પાપના સમુદાયને ભેદી નાંખે છે; (ભગવત્કથાના શ્રવણ વિના જીવન વૃથા છે) શ્રીહરિની કથાના શ્રવણ વિના મનુષ્યોના જીવનની જે ક્ષણ જાય છે, તેને આયુષ્યની હાનીતત્ત્વના અર્થ જાણનારા જનોએ કહી છે. (सा हानिस्तन्महच्छिद्रमित्युक्तमादित्यपुराणे) જે સમયમાં નારાયણની કથા કહેવાય છે. અથવા સંભળાય છે, તે સમય આ લોકમાં વિચક્ષણ પુરુષોએ ધન્ય માનેલો છે. સંસારમાં ભમતા પ્રાણીઓને જ્યારે શ્રીહરિની કથામાં રુચિ થાય છે ત્યારે તેમની મુક્તિ સમીપમાં આવી છે એમ જાણવું. તેથી ધર્મપુત્ર પ્રત્યક્ષ શ્રીહરિનું આયુષ્ય ચરિત્ર સાંભળવાને ઇચ્છતા તમોને હું છું તે તમો સ્વસ્થ મનવાળા થઈને સાંભળો. (૫-૧૧)

હે રાજન્ ! એક સમયે બુદ્ધિમાન કાશીનરેશે શાસ્ત્ર પ્રમાણે હિતકારી વિષ્ણુ યજ્ઞ કરવાની ઈચ્છા કરી; ઉદાર રાજાએ કારભારી વગેરેની સાથે યજ્ઞોપયોગી વસ્તુ સમુદાયનો વિચાર કરીને હોંશિયાર સેવકોની પાસે યજ્ઞને યોગ્ય સામગ્રીના સમૂહો દેશાંતરથી મંગાવ્યા; રાજાએ મણિકર્ણિકા ઘાટ ઉપર ગંગાના તટ ઉપર યજ્ઞને યોગ્ય પૃથ્વી જાણીને, પુરના વિદ્વાનોને પૂછીને ગંગા નદીના તટની ભૂમિમાં પૃથ્વીનું તલ શોધન વિધાનાદિ કાર્ય તેના અભિજ્ઞો પાસે કરાવ્યું. કંકુના છંટકાવ વાળી મંગળ પત્રિકા મોકલી, વેદ-પંચાદિમાં પ્રવીણ બ્રાહ્મણોના સમૂહોને દેશાંતરથી રાજાએ બોલાવ્યા, પાણિનીમુનિ આદિ ત્રણ પ્રાજ્ઞ પંડિતોએ કહેલાં શાસ્ત્રોને જાણનારા (પાણિનિ, કાત્યાયન, પતંજલિ એ ત્રણ મુનિઓએ રચેલાં સૂત્ર, વાર્તિક, ભાષ્યને જાણનારા) પ્રતિવાદીઓથી ન જીતી શકાય એવા બ્રાહ્મણો રાજાના યજ્ઞોત્સવમાં આવ્યા. (૧૨-૧૬)

ત્રિવિધ દુઃખની નિવૃત્તિ માટે અત્યંત પુરુષાર્થ એ આદિક છ અધ્યાત્મક સાંખ્ય શાસ્ત્રમાં, વિષય,

પ્રધાન કર્મ, વિષય વિરકિત, પિંગલદ્યાખ્યાન, પરપક્ષ નિર્ણય, સર્વાર્થ સંક્ષેપો, યથાક્રમથી પ્રતિપાદન કરેલો છે. પ્રકૃતિ અને પુરુષના (આ પુરુષ છે અને આ પ્રકૃતિ છે એમ ભિન્ન જ્ઞાન) વિવેકાત્મક જ્ઞાનનું જે સાંખ્ય શાસ્ત્ર કે જેને ભગવાન કપિલ મુનિએ રચ્યું છે, તેને જાણનારા, યોગ શાસ્ત્રને જાણનારા (**अथ योगानुशासनम्** ! ઈત્યાદિ પાદ ચતુષ્ટયાત્મક કૈવલ્યજ્ઞાન નિદિધ્યાસન સિદ્ધિ પ્રયોજનાત્મક ભગવાન પતંજલિ મુનિ પ્રણીત જે શાસ્ત્ર તેને જાણનારા) બંને મીમાંસા શાસ્ત્રને જાણનારા (**अथातो धर्मजिज्ञासेत्यादिरन्वाहार्यदर्शनादित्यन्ता**, ભગવાન્ જૈમિનિએ રચેલી બાર અધ્યાયવાળી કર્મમીમાંસા નામવાળી તથા **अथातो ब्रह्मजिज्ञासा इत्यादिरनावृत्तिः शब्दादित्यन्ता** ભગવાન બાદરાયણ મુનિએ રચેલી ચાર અધ્યાયવાળી શારીરિક મીમાંસા), આ પ્રકારે બંને મીમાંસાને જાણનારા તેમ જ તર્કશાસ્ત્રને જાણનારા, (પાંચ અધ્યાત્મક ગૌતમે રચેલી આન્વીષિકી. બીજું નામ ન્યાયથી પ્રસિદ્ધ શાસ્ત્ર પહેલું તથા દશ અધ્યાયવાળું વૈશેષિક નામવાળું કણાદ મુનિએ રચેલું બીજું) આ પ્રકારે બંને ભેદવાળું જે તર્કશાસ્ત્ર તેને જાણનારા બ્રાહ્મણો રાજાના યજ્ઞોત્સવમાં આવ્યા. (૧૭)

વેદાંત શાસ્ત્રને જાણનારા (અર્થે સહિત ઉપનિષદને જાણનારા ઉત્તર મિમાંસાની ઉક્તિથી જો કે ઉક્ત પ્રાય છે. તો પણ કેવળ અધ્યયનપણાથી પ્રથક્ નિર્દેશ કરેલો છે.) ચાર વેદોને જાણનારા બ્રાહ્મણો તથા મંત્ર શાસ્ત્રના પારને પામેલા, બ્રાહ્મણો, રાજાના યજ્ઞમાં આવ્યા; રસાલંકારાદિ કાવ્યોમાં પ્રવીણ, તેમાં વાત્સ્યાયન, ભરત વગેરેએ રચેલા રસગ્રંથો, કાવ્ય પ્રકાશના કર્તા વગેરેએ રચેલા અલંકાર ગ્રંથો, વાલ્મિક, કાલીદાસ, ભારવી, માઘ, શ્રીહર્શાદિએ રચેલા ગ્રંથો કાવ્યાદિમાં નિષ્ણાત તેમજ પુરાણો તથા પંચરાત્રાદિને જાણનારા ઉત્તમ વિપ્રો, ત્યાં આવ્યા. રાજા કાશીપતિએ તે સર્વે બ્રાહ્મણોને, રહેવાના સ્થાન તથા ભોજનની સામગ્રીઓ વડે, પ્રીતિપૂર્વક યથાયોગ્ય સંભાવના કરી. રાજાએ સારા મુહૂર્તમાં ઋત્વિજ બ્રાહ્મણો પાસે શાસ્ત્રોક્ત વિધિથી મોટા યજ્ઞનો આરંભ કર્યો. અનેક દેશમાં રહેલા બ્રાહ્મણોને તથા યાજકોને શાસ્ત્રજ્ઞોના તેમજ પુરના બ્રાહ્મણો, યાજકો તથા શાસ્ત્રજ્ઞોને દક્ષિણા આપવાની ઈચ્છાથી રાજાએ બોલાવ્યા. વિવિધ વિદ્યાઓમાં વિશારદ સમગ્ર વિદ્વાનોએ રમણીય રાજસભામાં આવીને રાજાને હર્ષપૂર્વક આશીર્વાદ આપ્યા. બ્રાહ્મણોના સન્માનની વિધિ જાણનારા પંડિતપ્રિય રાજાએ આદરપૂર્વક સમગ્ર બ્રાહ્મણોને યથાયોગ્ય આસનોમાં હર્ષપૂર્વક બેસાડ્યા. (૧૮-૨૪)

હે રાજન્ ! તે બ્રાહ્મણોમાં કેટલાક બ્રાહ્મણો દ્વૈતમતને આશરેલા હતા, કેટલાક વિદ્વાનો અદ્વૈત મતને આશરેલા હતા. (૨૫)

દ્વૈત અને અદ્વૈત એ બંને મતોમાં કયો મત શ્રેષ્ઠ છે, એ જ્ઞાનનો નિર્ણય કરવા માટે, વિવાદ કરવા માટે, પ્રેરેલા રાજાની પ્રસન્નતા ઈચ્છનારા બ્રાહ્મણોએ તત્કાળ ગીર્વાણ ભાષામાં પરસ્પર વિવાદ શરૂ કર્યો. પોતાનો મત પ્રતિપાદન કરવા માટે ઈચ્છતા તે વિદ્વાનો પ્રતિપક્ષને જીતવાની ઈચ્છાથી પરસ્પર અતિ મોટો વિવાદ કરવા લાગ્યા. તેમાં કેટલાક ઘણા ગર્વિષ્ઠ વિદ્વાન બ્રાહ્મણો, અમારો એકત્વમતજ શાસ્ત્રપ્રમાણ સિદ્ધ વર્તે છે, એમ કહેતા હતા. બીજા વિદ્વાનો અમારો દ્વૈતમત ઉત્તમ શાસ્ત્રો તથા ઉત્તમ

આચાર્યે સત્ય પ્રતિપાદન કર્યો છે, એથી શ્રેષ્ઠ છે, એમ કહ્યું. આવી રીતે જીતવાની ઈચ્છાથી પોત પોતાના પક્ષને સ્થાપન કરતા અને એક બીજાના પક્ષનું ખંડન કરતા હતા. આવી રીતે ઘણાં દિવસો સુધી વાદ થયો. પણ એકત્વમત તથા દ્વૈતમત એ બેમાંથી કયો શ્રેષ્ઠ છે તે નિર્ણય ન થયો. (૨૬-૩૧)

પછી રાજાએ તે પંડિતોને કહ્યું, હે ઉત્તમ પંડિતો ! તમોએ સંસ્કૃત ભાષામાં ઘણો વિવાદ કર્યો તો પણ બંને પક્ષમાંથી એકે પક્ષનો નિર્ણય તો થયો નહીં. કેવળ વાદનો ક્લેશ જ થયો. (૩૨-૩૩)

રાજાએ આ પ્રમાણે કહ્યું તેથી દૈવી સંપત્તિ યુક્ત વિદ્વાનો ભગવાનના સદા સત્ય સાકાર સ્વરૂપને, તથા તે સ્વરૂપના સત્ય શૌચાદિ ગુણોને, જાણનારા વિદ્વાનો હતા તે તો વિનયપૂર્વક પંડિત રાજાને કહેવા લાગ્યા હે રાજન્ ! અતિશય વાદના ક્લેશથી અંદર અંદર મત્સર ઉત્પન્ન થવાથી અને તેથી એક બીજાનો ઉત્કર્ષ સહન નહીં કરવાથી, બંને પક્ષોનો સિદ્ધાંત રૂપી અર્થ કરવા માટે, અયોધ્યામાં રહેતા આચાર્ય શ્રેષ્ઠ ધર્મ નામના સમર્થ પંડિત છે. વિપેન્દ્ર તે ધર્મ, બહું બુદ્ધિવાળા, સર્વ આચાર્યોના શિરોમણિ, વિવિધ પ્રકારની ન જાણી શકાય એવી સદ્‌વિદ્યા રૂપી મહાસાગરના પારને પામેલા છે. (નનુ તેવા પ્રામાણિક પંડિતને અહીંયા બોલાવીએ અને તે જે પક્ષનું ખંડન કરે તે પક્ષવાળા કઠોર વાણીથી તેમનું અપમાન કરે તો ઠીક નહીં, તેમ છતાં પણ) હે રાજન્ ! જ્યાં જ્યાં પંડિતોનો શાસ્ત્રાર્થ થાય છે ત્યાં ત્યાં વિદ્વાનો શાસ્ત્ર પ્રમાણે સિદ્ધાંત કરવા માટે તેમને જ બોલાવે છે. એક સમયે ઘણા વિદ્વાનોનો અને ધર્મના શિષ્યોનો મહાન પ્રતિવાદ (શાસ્ત્રાર્થ) થયો. તે સમયે વિદ્વાનોમાં શ્રેષ્ઠ ધર્મદેવે પોતાના શિષ્યોનો પણ પક્ષપાત કર્યો નહીં. શાસ્ત્ર પ્રમાણે, ન્યાય પ્રમાણે, સિદ્ધાંત સિદ્ધ કર્યો. (૩૪-૪૦)

પૂર્વે શતધન્વા નામના બ્રાહ્મણે પોતાના પુત્ર અને વિરોચન વચ્ચે અત્યંત ઉગ્ર વિવાદ થયો તેથી ન્યાય પ્રમાણે પક્ષપાત રહિત પ્રહ્‌લાદને માધ્યસ્થ ઠરાવ્યા, પૃથ્વીમાં હાલ શત્રુ તથા મિત્રને વિષે સમબુદ્ધિવાળા, તેમજ સર્વે આચાર્યોના અલંકાર રૂપ મહાબુદ્ધિશાળી ધર્મદેવ, શતધન્વાની માફક જ ન્યાય કરે છે, આ પૃથ્વીમાં મહા ગુરુ ધર્મદેવ શત્રુ મિત્રમાં સમપણે વર્તે છે. તેથી તેમનો યશ સર્વત્ર પ્રસરેલો સંભળાય છે. તેમજ તેમના સદ્‌ગુણો સર્વત્ર વ્યાપેલા સંભળાય છે, તેથી હે મહારાજ ! સત્પુરુષોએ માનેલા ધર્મદેવને અહીંયા બોલાવીને યથાર્થપણે દ્વૈત અને અદ્વૈત મતનો સિદ્ધાંત તમે જ કરાવો. (૪૧-૪૪)

આવું પંડિતોનું વચન સાંભળીને રાજાએ ધર્મદેવને બોલાવવાની ઈચ્છાથી પોતાના અમાત્ય પાસે સુવર્ણ રસથી લખેલો શુભ આમંત્રણ પત્ર લખાવ્યો. રાજાએ તે પત્ર અમાત્યને આપીને, ધર્મદેવને બોલાવવા માટે તે અમાત્યને સેના સહિત પ્રીતિપૂર્વક અયોધ્યા પુરમાં મોકલ્યા. હે રાજન્ ! ધર્મદેવ તથા તેમના શિષ્યોને બેસવા માટે કાશીનરેશે પાલખી રથ વગેરે વાહનો પણ મોકલ્યા. (૪૫-૪૭)

સૈન્ય અને વાહને સહિત પ્રશસ્ત બુદ્ધિવાળા અમાત્ય ચાલતા ચાલતા અયોધ્યા નગરમાં આવ્યા અને પુરના જનોને પૂછીને ધર્મદેવને ઘેર ગયા. તે કારભારીએ સેનાને પુરની બહાર મુકામ કરાવ્યો, પછી થોડા સેવકોની સાથે ધર્મદેવના સુંદર સભાસ્થાન પ્રત્યે આવ્યા. (૪૮-૪૯)

સભા મંડપમાં મહાઆસન ઉપર બિરાજમાન ઘણા શિષ્યોથી વીંટાયેલા મહાપ્રતાપી ધર્મદેવને

નમસ્કાર કરીને હર્ષપૂર્વક રાજાનો પત્ર અમાત્યે અર્પણ કર્યો. ત્યાર બાદ ધર્મદેવે સન્માન કરેલા કાશી નરેશના કારભારી તે સભામાં ધર્મદેવે બતાવેલા યોગ્ય આસનમાં બેઠા. પછી સદ્‌ગુણ સંપન્ન ધર્મદેવે કાશી રાજાનો પત્ર પોતાના મુખ્ય શિષ્યની પાસે વંચાવ્યો. (૫૦-૫૧)

ધર્મદેવ રાજાનો શુભાશય તેમ જ શુભ અભિપ્રાય જાણીને, તેમ જ પોતાને વિષે ઘણો ભાવજાણીને, મંત્રીને કહેવા લાગ્યા. (૫૨)

મહાબુદ્ધિવાળા હે રાજમંત્રી ! તમારા રાજાનીતિજ્ઞ, બુદ્ધિશાળી, શાસ્ત્રોના સિદ્ધાંતો જાણવાની આસક્તિવાળા, પંડિતપ્રિય છે. તેથી બાધવર્જિન ઉપનિષદોના પરમ અર્થનો નિર્ણય કરી, કાશી રાજાને અને બીજા વિદ્વાનોને પણ નિઃસંશય કરવા માટે હું કાશીપુરીમાં આવીશ. (૫૩-૫૪)

આવી રીતે કહીને સૈન્યની સાથે મંત્રીને ઉતારો કરાવ્યો. પ્રસન્ન મનવાળા શ્રેષ્ઠ ગુરુઓએ પૂજેલા ધર્મદેવ, પોતાના શિષ્યાદિ જનોએ સહિત જવાનો વિચાર કરીને હે રાજન્ ! કાશીપુરી પ્રત્યે જવા માટે સારા મુહૂર્તમાં તૈયાર થયા. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં કાશીરાજકૃત યજ્ઞારંભાદિ નિરૂપણ નામે ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૪)



અધ્યાય ૨૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પછી ધર્મદેવે પોતાના પુત્ર શ્રીહરિને શિબિકામાં બેસાડ્યા તેમ જ પોતાના શિષ્યોને યથાયોગ્ય વાહનોમાં બેસાડ્યા. સૈન્યે સહિત અને રાજાના મંત્રીએ સહિત રથમાં બેઠેલા ધર્મદેવે પોતાના શિષ્યોએ સેવાએલા માર્ગમાં ચાલતા ચાલતા કલ્યાણમયી કાશીપુરીમાં આવ્યા. ધર્મદેવને આવતા સાંભળીને કાશીપતિ સેના સહિત તથા વાજિંત્રો સહિત, પુરજનોથી વીંટાયેલા, ધર્મદેવના સન્માન માટે સામા ગયા. રાજાએ ધર્મદેવને તેમ જ શ્રીહરિને મળીને હર્ષથી પ્રણામ કર્યા. શ્રીહરિમાં જેમનું મન આકર્ષાયું છે તે રાજા અને બીજા જનો ધર્મદેવની તેમ જ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. તેમની યથા યોગ્ય સ્તુતિ અને સંભાવના પછી ધર્મદેવે સૈન્ય સહિત રાજા તથા અન્ય પુરજનો સાથે વાજિંત્રોના ધ્વનિપૂર્વક વારાણસી નગરીમાં પ્રવેશ કર્યો. (૧-૫)

સમાન પંક્તિથી શોભતી, ઉંચિ હવેલીઓથી સુશોભિત, વિવિધ પ્રકારની વેચવાની વસ્તુઓની દુકાનોની પંક્તિઓથી પ્રકાશતી, સ્વર્ગની માફક શોભાયમાન; દેવોના મંદિરોથી સમ્યક્ પ્રકારે શોભતી, વિવિધ પ્રકારની અશ્વ શાળાઓ, સભાસ્થાનો, તેમજ સામાન્ય ઘરોવાળું; વિવિધ પ્રકારની જ્ઞાતિના ભેદથી, નાના પ્રકારના શાસ્ત્રને જાણનારા બ્રાહ્મણોથી, તેમ જ ઘણાં શિવાલયાદિથી યુક્ત પંડિતોના સંસ્કૃત ભાષાના ઉચ્ચારણોથી મનોહર, સુંદર કિલ્લાઓથી અત્યંત સુંદર, રાજભુવનથી અતિશય

શોભાયમાન; ચંચળ તરંગોથી સુંદર, જેમાં સ્નાન કરવાથી પાપીઓના પાપો નાશ પામે છે, એવી જનોને પવિત્ર કરનારી સ્વર્ગગંગા જે પુરની સમીપમાં વહે છે. (૬-૯)

આવા તે પુરમાં પોતાના પુત્રે સહિત પ્રવેશેલા ધર્મદેવને જોવા માટે કામકાજનો ત્યાગ કરીને, પુરનો જન સમુદાય તત્કાળ આવ્યો. પુરના જનોએ, સૈન્યે સહિત જે રાજા તેણે સહિત રમણીય રથમાં બેઠેલા ધાર્મિક જનોના આભૂષણ સ્વરુપ ધર્મદેવને જોઈને, હર્ષપૂર્વક તેમને નમસ્કાર કર્યા. પુરના જનો નરયાનમાં બેઠેલા પરમાત્મા રમણીય શ્રીહરિને નિશ્ચલ નેત્રોથી જોઈને, અતિ આશ્ચર્ય પામી અત્યંત શાંતિ પામ્યા. રૂપ સૌંદર્ય, સુકોમળપણું, મધુરતા, વિચક્ષણતા, ઔદાર્ય વગેરે ગુણોના મહોદધિ શ્રીહરિના દર્શન કરીને પુરના જનો પંક્તિબદ્ધ થઈને, પોતાના દેહનું ભાન ભૂલી ગયા. શ્રીહરિના સ્વરૂપમાં આસક્ત મનવાળા, શ્રીહરિના દર્શનથી અત્યાનંદ પામેલા પુરના જનો, સમાધિમાં યોગીંદ્ર જેમ નિશ્ચલ થાય છે. તેમ સ્થિર થઈ ગયા ! પુરની સ્ત્રીઓ સ્વતઃ સારરૂપ શ્રીહરિના દર્શન કરીને અત્યંત શાંતિ પામી અને શ્રીહરિને પુષ્પોથી વધાવતી હતી. વળી તેમના મંગળકારી યશ ગાતી હતી. (૧૦-૧૫)

હે રાજન્ ! પુરના બ્રાહ્મણોએ ધર્મદેવ તથા શ્રીહરિનું, હર્ષથી અર્ચન, વંદન અને મંગળકારી વેદોચ્ચારણથી, પૂજન કર્યું. તે તે બજારોમાં વૈશ્યો વગેરે જનો, ધર્મદેવ અને હરિકૃષ્ણને જોઈને, વિસ્મય પામ્યા, અને હર્ષપૂર્વક વિવિધ પ્રકારની ભેટો તેમને અર્પણ કરી. (૧૬-૧૭)

આ પ્રકારે પુરના જનોએ દર્શન કરેલા અને સત્કાર કરાએલા લોકોના અંતઃકરણને હરનારા રૂપવાળા, પોતાના પુત્ર સહિત તેમજ શિષ્યોએ સહિત ધર્મદેવને, રાજાએ યજ્ઞ સ્થાનના સમીપમાં શ્રેષ્ઠ વિસ્તારવાળી સુંદર હવેલીમાં સન્માનપૂર્વક નિવાસ કરાવ્યો. રાજાએ પોતાના અમાત્યોની સાથે યથાયોગ્ય તેમનો આતિથ્ય સત્કાર કર્યો. તેમ જ તેમની સેવામાં કારભારીઓની પ્રીતિપૂર્વક યોજના કરી. આ પ્રમાણે અમાત્ય તથા સેવકોએ સહિત રાજાએ સેવેલા ધર્મદેવે પોતાના સમગ્ર જનો સહિત હર્ષથી રાજાએ બતાવેલા રાજભુવનમાં નિવાસ કર્યો. (૧૮-૨૧)

પોતાના પુત્રાદિથી યુક્ત લૌકિક અને અલૌકિક વ્યવહારમાં પ્રવીણ, ધર્મદેવે વિષ્ણુપદિ ગંગામાં શાસ્ત્રવિધિ પ્રમાણે શુભ સ્નાન વિધિ કર્યો; વેદોક્ત ધર્માચરણમાં પ્રવીણ ધર્મદેવે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સર્વ શુભ તીર્થ વિધિ કર્યો; ધર્મદેવે સમગ્ર પુરના વિપ્રોને તેમ જ યાત્રાને માટે આવેલા હજારો હજાર બ્રાહ્મણોને પણ ઈચ્છિત શ્રેષ્ઠ ભોજનોથી તૃપ્તિ પમાડ્યા; ઉદાર મનવાળા ધર્મદેવે વિપ્રોને સુંદર વસ્ત્રો, પાત્રો, ભૂષણો તથા ઘણી દક્ષિણા પણ આપી. (૨૨-૨૫)

અત્યંત પ્રસન્ન થયેલા વિપ્રોએ મેઘની માફક ધન આપનારા ધર્મદેવની પ્રશંસા કરતા તેમને શુભાશીર્વાદ આપ્યા. (૨૬)

કાશી નગરીમાં આચાર્ય શ્રેષ્ઠ સદ્ગુણાલંકૃત ધર્મદેવ અયોધ્યાથી અહીં આવેલા છે, એમ સર્વત્ર વાત પ્રસરી ગઈ. (૨૭)

બાલ્યાવસ્થામાં પણ સદ્‌ગુણનિધિ સાધુની માફક શાંત સ્વભાવવાળા, મનોહર, ધર્મદેવના પુત્ર શ્રીહરિ પોતે મૂર્તિમાન બ્રહ્મચર્યવ્રત હોય ને શું એમ આવેલા છે. (૨૮)

આ પ્રકારે સમગ્ર નગરમાં વારંવાર મહાન ઉદ્‌ઘોષ થયો. જેને સાંભળીને જનસમુદાયો મહાશ્ચર્ય પામ્યા. (૨૯)

વેદશાસ્ત્રમાં કહેલી વિદ્વાનોને આશ્ચર્ય કરનારી વિવિધ પ્રકારની વાર્તાઓને કરતા ધર્મદેવ, આવી રીતે પ્રતાપ વિસ્તારતા સમગ્ર શિષ્યોએ સહિત તે નગરમાં રહ્યા. (૩૦)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી ધર્મદેવનું કાશીપુરમાં પ્રવેશાદિ નિરુપણ નામે પચીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૫)



અધ્યાય ૨૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- રાજાએ અમાત્મ, બીજા સેવકો તથા વિવિધ પ્રકારના વાહનો મોકલીને, પોતાના શિષ્ય વર્ગે સહિત ધર્મ દેવને સભામાં બોલાવ્યા, શિબિકામાં પોતાના પુત્ર શ્રીહરિએ સહિત, તથા વિવિધ વાહનોમાં બેઠેલા પોતાના ઘણા શિષ્યોએ સહિત, રાજાના આશ્રિત કારભારીઓએ સહિત ધર્મદેવ, સૂર્ય અને તારગણોથી યુક્ત ચંદ્રમા જેમ શોભે છે, તેમ શોભતા સભામાં આવ્યા; ધર્મદેવને આવતા જોઈને નરેશ્વર સૈન્યની સાથે ઊભા થયા અને મનોહર આસન ઉપર ધર્મદેવને પ્રીતિથી બેસાડ્યા; જન સમુદાયે પ્રાર્થના કરવા યોગ્ય, દર્શનીય નૈષ્ઠિક વર્ણિવેશવાળા ધર્મદેવના પુત્ર શ્રીહરિને, ધર્મદેવના સમીપમાં શ્રેષ્ઠ આસનમાં, (પ્રથમાશ્રમમાં રહેલા હોવાથી પૂજ્ય, વળી ઐશ્વર્ય-ગુણ વગેરે હોવાથી શ્રેષ્ઠ) બેસાડ્યા, તેજ પ્રકારે વેદ શાસ્ત્રના અભ્યાસી વિષ્ણુદત્ત, યજ્ઞદત્ત, સૂર્યદત્ત વગેરે ધર્મદેવના શિષ્યોને યથાવિધિ યોગ્ય આસનોમાં રાજાએ બેસાડ્યા. (૧-૬)

તે સમયે ધર્મદેવ તથા શ્રીહરિના દર્શન માટે પોતાના કાર્યોનો ત્યાગ કરીને આવેલા પુરજનોની ત્યાં અત્યંત ભીડ થઈ, હજારોની સંખ્યામાં ટોળેટોળાં મળીને ધર્મદેવ અને હરિકૃષ્ણના દર્શન કરતા પુરજનો અત્યંત શાંતિ પામ્યા અને પોતાના શરીરોનું પણ ભાન ભૂલી ગયા; જેમના દર્શન માત્રથી શાંતિ પમાય છે તે પિતા-પુત્રને અભિવાદન કરવા આવતા જનો, શ્રીહરિના દર્શનની લાલસાવાળા હોઈ, દર્શન કરી તર્ક કરવા લાગ્યા; આ વર્ણિવેશવાળા ધર્મપુત્ર સનત્કુમાર હશે ? અથવા દત્તાત્રેય હશે ? અથવા કર્દમ મુનિના પુત્ર કપિલમુનિ હશે ? અથવા વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ હશે ? અથવા નરનારાયણ હશે ? અથવા મહાપરાક્રમી જમદગ્નિના પુત્ર પરશુરામ હશે ? કે દશરથ પુત્ર રામચંદ્રજી હશે ? અથવા પુણ્ય દર્શનવાળા બાદરાયણ હશે ? આ પ્રકારે પુરના જનો શ્રીહરિના સ્વરૂપ વિષે ઘણાં તર્કો કરતા

હતાં; અનુપમ, રૂપ, સૌંદર્ય, મધુર ભાષણાદિ ગુણોના મહાસાગર શ્રીહરિમાં જેમની નેત્ર અને અંતઃકરણની વૃત્તિઓ સંલગ્ન થઈ છે, એવા પુરના જનો ચિત્રની માફક સ્થિર થઇ ગયા; મહાપ્રતાપશાળી, મનોભિરામ શ્રીહરિને નેત્રોથી જોતા તે પુરના જનો, અંતઃપ્રવેશ કરીને એકાગ્રચિત્તવાળા થઈને, શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા; શ્રીહરિમાં જેમની નેત્રની વૃત્તિઓ પરોવાઈ ગઈ છે એવા પુરના જનો, પોતાના સગા સંબંધિઓએ વારંવાર બોલાવ્યા તથા હાથ ઝાલીને ખેંચ્યા છતાં પણ, પાંગળાની માફક પોતાને ઘેર જવા માટે સમર્થ થયા નહીં; પુરના જનોએ દર્શન કર્યા છે તેવા શ્રીહરિને જોઈને રાજા, અને સભામાં બેઠેલા વિદ્વાનો અત્યંત વિસ્મય પામ્યા. (૭-૧૫)

વિનયી રાજા હાથ જોડીને વેદશાસ્ત્રનો પાર પામેલા, શાંત સ્વભાવવાળા ધર્મદેવને કહેવા લાગ્યા; હે આચાર્ય શ્રેષ્ઠ ! અહીં ઘણાં વિદ્વાનોએ ઘણાં દિવસ સુધી પરસ્પર વિવાદ કર્યો. તે વાદ કરનારા બ્રાહ્મણોમાં કેટલાક પંડિત વિપ્રો પોતાનો અદ્વૈત મત સત્ય છે, એમ કહેવા લાગ્યા; કેટલાક પંડિતો દ્વૈત મત સત્ય છે એમ કહેવા લાગ્યા; હે ધર્મદેવ ! આ પ્રકારે પંડિતોનો વિવાદ ઘણો થયો. છતાં પણ સર્વ વિદ્વાનોનો શાસ્ત્રસંમત કોઈ એક સિદ્ધાંત નિશ્ચિત થયો નહીં. તેથી આ દ્વૈત અને અદ્વૈત મતનો સત્ય સિદ્ધાંત નક્કી કરવા માટે સમગ્ર આચાર્યના ભૂષણરૂપ આપને મેં બોલાવ્યા છે. (પ્રથમ તો મને અદ્વૈત અને દ્વૈત મતનું શબ્દાર્થ જ્ઞાન જ થયું નથી. ત્યારે સિદ્ધાંતની તો વાત જ શી કહેવી ?) (૧૬-૨૦)

દ્વૈતમત શ્રેષ્ઠ છે ? અથવા અદ્વૈતમત શ્રેષ્ઠ છે. તેનો નિર્ણય શાસ્ત્ર પ્રમાણે, શાસ્ત્ર સમન્વયપૂર્વક, જેમ હોય તેમ તમો શાસ્ત્રના જાણનારા છો માટે મને કહેવા યોગ્ય છો; (તમારી પ્રસન્નતાથી પ્રાપ્ત કરેલી જ્ઞાનયુક્ત બુદ્ધિથી હું પણ વાદાર્થનો નિર્ણય કરવા માટે યોગ્ય બનું તે પ્રમાણે મને કહો. કારણ કે) હે ધર્મ ! તમો વેદ શાસ્ત્ર રૂપી સમુદ્રનો પાર પામેલા છો. માટે સમગ્ર શાસ્ત્રનો સિદ્ધાંત નક્કી કરવા માટે સમર્થ છો. તેથી હે ધર્મ ! સદ્‌ગુણોથી યુક્ત તમો મને તથા આ પંડિતોને સંશયે રહિત કરવા માટે દ્વૈત અને અદ્વૈત મતને પ્રતિપાદન કરનારા શાસ્ત્રોનું શ્રેષ્ઠપણું અને અશ્રેષ્ઠપણું તેનો દોષે રહિત સિદ્ધાંત કહો. (૨૧-૨૩)

રાજાનું વચન સાંભળીને મહાબુદ્ધિશાળી ધર્મદેવ રાજાને તેમજ સભામાં રહેલ સમગ્ર પંડિતોને સંશયે રહિત કરવા માટે બોલ્યા; હે રાજન્ ! શ્રુતિ, સ્મૃતિમાં કહેલો અને ઉદ્ધવ, વિષ્ણુ સ્વામી, રામાનુજ, મધ્વ, નિંબાર્ક, વલ્લભાદિક આચાર્યોએ પ્રતિપાદન કરેલો તેથી દોષે રહિત દ્વૈત મત શ્રેષ્ઠ છે. (જો ઉદ્ધવાદિ ઘણા આચાર્યોએ પ્રતિપાદન કરવાથી દ્વૈતમત સત્ય કહેતા હો તો શંકર, ભટ્ટ, યાદવ, પ્રભાકરાદિએ પણ અદ્વૈત મતનું સત્ય પણું પ્રદિપાદન કર્યું છે, માટે તે પણ શ્રેષ્ઠ કેમ ન કહેવાય ? એવી તમોને આશંકા હોય તો કહું છું) હે સન્મતે ! જો અદ્વૈતમતને સત્ય કહીએ તો તેમાં સર્વ પ્રકારે સત્ય સિદ્ધાંતોથી ઘણા દોષો આવે છે. (તે દોષો કયા છે ? તો કહીએ છીએ) અદ્વૈતમત સત્ય છે, એમ સ્વીકાર કરવામાં આવતા દોષોમાં કેટલાક દોષો, તમારા અને સભામાં બેઠેલા પંડિતોના સર્વ સંશયોને છેદવા માટે તમોને સંક્ષેપથી હું કહું છું. (૨૪-૨૭)

સ્વતંત્ર, સર્વેશ, સચ્ચિદાનંદ વિગ્રહવાળા, દિવ્ય અનંત ગુણયુક્ત શાંત સ્વભાવવાળા પરંબ્રહ્મ છે. (વાયુપુરાણમાં પરંબ્રહ્મની સ્વતંત્રતા કહેલી છે. ''सर्वज्ञता तृप्तिरनादिबोधः स्वतन्त्रता नित्यमलुप्तदृष्टिः । अनन्तशक्तिश्च विभोर्विभुज्ञाः षडाहुरङ्गानि महेश्वरस्य'') સર્વજ્ઞપણું તૃપ્તિ, અનાદિજ્ઞાન, સ્વતંત્રતા, જેનું જ્ઞાન નાશ નથી પામ્યું, અનંત શક્તિ, આ સર્વેશ્વરના છ અંગો છે. એમ વ્યાપક બ્રહ્મને જાણનારા કહે છે. શ્રીમદ્ ભાગવતમા ''स्वातन्त्र्यं कौशलं कान्तिः'' ગુણ અને ગુણીનો એકત્વ ઉપચારથી સ્વતંત્રતા ગુણને પણ સ્વતંત્ર કહ્યો છે. અથવા ''निर्दोषपूर्ण गुणविग्रह आत्मतंत्र'' એ શ્રુતિથી દોષરહિત પૂર્ણ ગુણ યુક્ત શરીરવાળા પણ સ્વતંત્ર કહેવાય છે. ''નૃસિંહોત્તરતાપનીય ઉપનિષદમાં ''एष सर्वेश्वरः, एष सर्वज्ञः, एषोऽन्तर्याम्येष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम्'' આ શ્રુતિમાં પરંબ્રહ્મ એ સર્વેશ્વર છે, એ અંતર્યામી છે. ભૂત પ્રાણી માત્રના કારણ છે, તેમ જ ઉત્પત્તિ અને લય પણ તેમનાથી જ થાય છે. ''વિષ્ણુ સહસ્રનામ ભાષ્યના આરંભમાં શ્રી શંકરાચાર્યજીએ કહ્યું છે :- ''सच्चिदानन्दरूपाय कृष्णायाक्लिष्टकारिणे । नमो वेदान्त वेद्याय गुरवे बुद्धिसाक्षिणे'' સચ્ચિદાનંદ સ્વરૂપ તરીકે સ્તુતિ કરેલી છે. શિક્ષાપત્રીની વ્યાખ્યામાં શતાનંદ મુનિએ પણ ''दिव्यकल्याणगुणयोगेन भगवतः सगुणत्वम्'' દિવ્ય કલ્યાણકારી ગુણોના યોગથી ભગવાનને સગુણ કહેવામાં આવે છે. निर्मलानन्तकल्याणनिधये'' નિર્મળ અનંત કલ્યાણ ગુણોના નિધિ ભગવાનને રામાનુજાચાર્યે વેદાર્થ સંગ્રહમાં કહ્યા છે. વિષ્ણુપુરાણમાં ''सत्त्वादयो न सन्तीशे यत्र च प्राकृता गुणाः'' પ્રકૃતિજન્ય સત્વાદિગુણો સર્વ નિયંતા ભગવાનમાં નથી. શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે :- 'मां भजन्ति गुणाः सर्वे'' સર્વે ગુણો મને ભજે છે. એમ શ્રીકૃષ્ણે પોતે કહ્યું છે. મૂળ શ્લોકમાં ''नित्यानन्तगुणम्'' એમ પાઠ હોય તો ''नापियन्ति स्म कर्हिचित्'' એમ ભાગવતના પ્રથમ સ્કંધમાં ભગવાનમાં ગુણોની નિત્યતા કહેલી છે. બ્રહ્મબિંદુ ઉપનિષદમાં ''निष्कलं निर्मलं शान्तं'' એમ શાંત ગુણ વિશિષ્ટ બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે. परः परेषां सकला न यत्र क्लेशादयः सन्ति परापदेशे'' इति । (''ब्रह्मैव सन् ब्रह्माप्येति'' શ્રેષ્ઠમાં પણ શ્રેષ્ઠ કે જે પર પ્રકૃતિ તથા અવર પ્રકૃતિના ઈશ્વર (જડ અને ચેતનના નિયામક) છે, તેવા ઈશ્વરમાં સમગ્ર ક્લેશાદિક નથી જ. બ્રહ્મસ્વરૂપ જે છે તે પરબ્રહ્મને પામે છે. એમ શ્રુતિઓમાં પ્રતિપાદન કરેલું છે. (૨૮)

આ પ્રપંચ અચેતન સ્વભાવથી નાના પરિણામી વિકારોથી યુક્ત છે, વિવિધ પ્રકારના દુઃખોના સ્થાનરૂપ છે. અહીંયા પ્રપંચ શબ્દથી કાર્યો સહિત માયા જાણવી. તેવું નૃસિંહોત્તર તાપનીય ઉપનિષદમાં ''माया च तमोरूपानुभूतेस्तदेव जडं मोहात्मकमनन्तमित्यादि'' વેદતત્ત્વ સારમાં ''विकारजननीमजामिति'' ''सततविकृतेति'' ઈત્યાદિ શ્રુતિઓથી માયાનું સવિકારપણું સતત પરિણામપણું હોવાથી માયા અનેક રૂપવાળી છે. તેથી એક રૂપનો અભાવ છે. માટે બ્રહ્મના સરખી સત્તા નહિ હોવાથી માયાનું વિકારપણું અને પરિણામીપણું કહેલું છે. ''जगदशेषमसत्स्वरूपं स्वप्नाभमस्तधिषणं पुरुदुःखदुःखमिति'' શ્રીમદ્ ભાગવતમાં સમગ્ર જગત્ અસત્ સ્વરૂપવાળું, સ્વપ્ન સમાન, અજ્ઞાન રૂપવાળું, ઘણાં દુઃખોના સ્થાનરૂપ પ્રતિપાદન કરેલું છે. (૨૯)

આ પ્રમાણે પ્રપંચ અને પરબ્રહ્મના સ્વરૂપથી અને સ્વભાવથી તેમજ ગુણાદિથી શાસ્ત્રમાં પરસ્પર વિલક્ષણતા પ્રતિપાદન કરેલી છે. પ્રપંચ અને પરબ્રહ્મનું વિલક્ષણપણું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ અને સ્મૃતિઓ જગત અને પરબ્રહ્મનું એકત્વ સ્વીકાર કરવામાં વિરુદ્ધ હોય જ; સજાતીય; વિજાતીય; સ્વગત ભેદે રહિત, નિર્વિશેષ, એક બ્રહ્મના જ સત્યપણામાં આ સર્વ પ્રપંચને બ્રહ્મતાદાત્મ્ય કહેનારી ''ऐतदात्म्यमिदं सर्वम्'' ઈત્યાદિ બ્રહ્મની સાથે એકત્વ પ્રતિપાદન કરનારી શ્રુતિઓ નિરર્થક થાય; નિર્દોષ પરબ્રહ્મમાં સમગ્રજગતમાં પ્રત્યક્ષાદિ પ્રમાણ સિદ્ધ સર્વ દોષોનો પ્રસંગ થાય, (અદ્વૈત મત સ્વીકાર કરવામાં જડ ચેતનાત્મક સમગ્ર પ્રપંચમાં રહેલા વિનાના અનિષ્ટ, ત્રિવિધ તાપોનું સહન કરવાપણું, દુઃખીપણું વગેરે અનેક દોષો પરબ્રહ્મમાં ઉપજે.) (૩૦-૩૩)

સદોષ અને નિર્દોષનું જો એકપણું કહીએ તો વેદોક્ત બ્રહ્મનું દોષરહિતપણું, સમસ્ત કલ્યાણગુણનું આધારપણું કેમ સંભવે ? ''निर्दोषपूर्णगुणविग्रह आत्मतन्त्रो, निश्चेतनात्मकशरीरगुणैश्च हीनः'' इति श्रुतिः ।'' ''निर्दोषं हि समं ब्रह्म'' इति श्रीभगवद्गीतोक्तेः । समस्तकल्याणगुणात्मकोऽसाविति स्मृतेश्च । ઉપરોક્ત શ્રુતિસ્મૃતિમાં દોષેરહિત સંપૂર્ણ ગુણ વિગ્રહવાળા, સ્વતંત્ર અચેતનાત્મક શરીર ગુણોથી, રહિત, એમ શ્રુતિમાં કહ્યું છે. દોષે રહિત બ્રહ્મ છે. એમ ગીતામાં કહ્યું છે. આ પરબ્રહ્મ સમસ્ત કલ્યાણ ગુણના નિધિ છે. એમ સ્મૃતિમાં પ્રતિપાદન કર્યું છે. જે શાસ્ત્રો વિધિ અને નિષેધનું પ્રતિપાદન કરે છે તે બધાં જ શાસ્ત્રો નકામાં થઈ જાય, ''विधिश्च प्रतिषेधश्च निगमो हीश्वरस्य ते'' इति भागवते, વિધિ અને નિષેધ ઈશ્વર એવા તમારો વેદ છે, એમ ભાગવતમાં કહ્યું છે. श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः એ આદિક વિધિ જણાવનાર વેદ છે, ''नानुध्यायेद् बहून् शब्दानित्यादि'' નિષેધ જણાવનાર વેદ છે, પરમાત્માનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવારૂપ વિધિ વેદમાં બતાવ્યો છે. તેમજ ઘણાં શબ્દોનું ચિંતન ન કરવું, એમ વેદમાં નિષેધ પણ બતાવ્યો છે. હે રાજન્ ! એ આદિક ઘણાં દૂષણો છે. માટે (પરબ્રહ્મના સ્વરૂપમાં) નિર્દોષ ભાવથી રહિત અદ્વૈત મત શ્રેષ્ઠ નથી એમ જણાય છે. એટલે જ શ્રુતિ સ્મૃતિમાં કહ્યા પ્રમાણે બ્રહ્મનું તથા જગતનું પરસ્પર વિલક્ષણપણું છે. તે અનાદિ સિદ્ધ છે. તેથી સો એ સો શ્રુતિઓએ નિર્ણય કરેલો દ્વૈતમત સમગ્ર મતોમાં સર્વથા શ્રેષ્ઠ છે. (૩૪-૩૮)

(અહીં સત્પુરુષોએ આચરણ કહેલાનું પ્રમામ આપે છે.) ગુરુઓમાં શ્રેષ્ઠ વિષ્ણુસ્વામીએ પહેલાં પ્રતિપાદન કરેલો છે, તેમ જ આચાર્યેન્દ્ર રામાનુજાચાર્યે પણ એ સર્વ પ્રકારે પ્રતિપાદન કર્યો છે. ''मायावाद्युदितद्वैतध्वान्तान्धीभूतचक्षुषाम् । साकृतीश्वरबोधार्थं विष्णुस्वाम्युदितो रविः इति संप्रदायप्रदीपे विष्णुस्वाम्याचार्यशिष्या गदपादाः ।'' માયાવાદિઓએ કહેલા અદ્વૈત રૂપી અંધકારથી અંધકારયુક્ત આંખોવાળાઓને સાકાર ઈશ્વરના જ્ઞાન માટે વિષ્ણુસ્વામીરૂપી સૂર્યનારાયણ ઉદય પામ્યા છે. એમ સંપ્રદાય પ્રદીપમાં વિષ્ણુસ્વામીના શિષ્ય ગદપાદે કહ્યું છે. ''परं ब्रह्मैवाज्ञं भ्रम परिगतं संसरति तत् परोपाध्यालीढं विवशमशुभस्यास्पदमिति । श्रुतिन्यायापेतं जगति विततं मोहनमिदं तमो येनापास्तं स हि विजयते यामुनमुनिः ।''

''कृत्वानवद्यं निगमान्तभाष्यं निराकृतं येन भयं श्रुतीनाम् । प्रतारितानां बहुश्रुतैस्तं रामानुजं योगिनमाश्रयामः ॥'' જેમણે નિર્દોષ વેદાંત ભાષ્ય ''શ્રી ભાષ્યમ'' કરીને શ્રુતિઓનો ભય (અલ્પજ્ઞોતા અજ્ઞાનરૂપ વિકૃત અર્થ સ્વરૂપરૂપી ભય) ટાળી નાખ્યો છે. એવા મહાયોગી રામાનુજાચાર્યનો અમો આશ્રય કરીએ છીએ. એમ વેદાર્થ સંગ્રહની તાત્પર્ય દીપિકા નામની ટીકાના આરંભમાં રામચંદ્ર સૂચીએ કહ્યું છે. (૩૯)

હે રાજન્ ! આચાર્યવર્ય મધ્વાચાર્યે દ્વૈતમતું પ્રતિપાદન કરેલું છે, આચાર્ય વરિષ્ઠ નિંબાર્કે પણ એ મતનું પ્રતિપાદન કરેલું છે. શ્રી મધ્વાચાર્યજી કહે છે કે ''विष्णुं परतरमखिलानायवेद्यं च विश्वं सत्यं भेदं च जीवान् हरिचरणजुषस्तारतम्यं च तेषां । मोक्षं विष्णवङ्विलाभं तदमलभजनं तस्य हेतुं प्रमाणं प्रत्यक्षादित्रयं चेत्युपदिशति हरिः कृष्णचैतन्यचंद्रः'' इति मध्वसिद्धान्तोक्तिः, પરાત્પર સમગ્ર વેદાંતથી જાણવા યોગ્ય વિષ્ણુ છે, વિશ્વ સત્ય છે, ભેદ છે તે પણ સત્ય છે, પરમાત્માના ચરણ સેવનારા જીવો પણ સત્ય છે. તેમનું તારતમ્ય પણ સત્ય છે. વિષ્ણુની ચરણની સેવાનો લાભ તેજ મોક્ષ છે. તેમની નિર્મળ ભક્તિ તે મોક્ષનું કારણ છે. પ્રત્યક્ષ, અનુમાન અને આગમન એ ત્રણ પ્રમાણ છે. હરિકૃષ્ણ ચૈત્યન્યચંન્દ્ર ઉપદેશ આપે છે. એવી રીતે મધ્વ સિદ્ધાંત છે. ''प्रत्यक चैतन्यतत्त्वं वा चेतनाख्यं ततः परम् ! ब्रह्मादिसंज्ञं च भय्यतेऽस्मिन्सभासतः'' इति निंबार्कपाद सरोजाश्रितानंताभिधेयकृत रत्नमालायां द्वैतसत्य त्वोक्तिः'' આવી રીતે પ્રત્યેક ચૈતન્ય તત્ત્વ અને પર ચૈતન્ય તત્ત્વ જેને બ્રહ્મસંજ્ઞાથી કહેવામાં આવે છે, એ મુજબ દ્વૈતમતની સત્યતા કહેલી છે. (૪૦)

માટે વિચક્ષણ પુરુષોએ આ દ્વૈત મત જ શ્રેષ્ઠ જાણવો. નિર્વિશેષ બ્રહ્મ પ્રતિપાદન કરનારો અદ્વૈતમત યથાર્થ નથી. (૪૧)

કાશીરાજા તથા દૈવી સંપત્તિવાળા અને દ્વૈતમતનું અવલંબન કરનારા વિદ્વાનો તથા બીજા સભાસદો આવી રીતે ન્યાયયુક્ત શાસ્ત્ર પ્રમાણે ધર્મદેવનું વચન સાંભળીને સૂર્ય ઉદય થયે જેમ કમળનો સમુદાય આનંદ પામે તેમ આનંદ પામ્યા અને ધર્મદેવે પ્રતિપાદન કરેલો દ્વૈતમત સત્ય માન્યો. (૪૨-૪૩)

તે સભામાં અદ્વૈત મતવાદી પંડિતો ઈર્ષાથી ધર્મદેવનો ઉત્કર્ષ સહન ન કરી શકવાથી, અને તેથી દબાયેલા મનથી જેમ સૂર્યના ઉદયથી પોયણાં કરમાય, તેમ કરમાઈ ગયા. અર્થાત્ ગ્લાનિ પામ્યા. (૪૪)

સભામાં ધર્મદેવે કરેલી દ્વૈતમતની સત્યતાની સ્થાપના સાંભળીને અત્યંત ઈર્ષાથી અદ્વૈત મતમાં નિશ્ચિત બુદ્ધિવાળા વિદ્વાનો, પોતાના અદ્વૈતમતનું ખંડન થવાથી, પોતાનો મત અત્યંત શ્રેષ્ઠ માનનારા, પ્રસિદ્ધ વિદ્યા ગુણવાળા સર્વ સભાએ માનેલા, ધર્મદેવને કહેવા લાગ્યા. (૪૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી ધર્મદેવકૃત સભાગમનાદિ નિરૂપણ નામે છવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૬)



અધ્યાય ૨૭ મો

અદ્વૈત મત વાદી વિપ્રો બોલ્યા :- હે ધર્મદેવ ! યોગાદિ છશાસ્ત્રો અને કઠ, કેન, છાંદોગ્યાદિ ઉપનિષદોના સારરૂપ અને સર્વધર્મ શાસ્ત્રાદિ ગ્રંથોના નિચોડરૂપ વેદાંત શાસ્ત્રનો અમોએ તાત્ત્વિક અભ્યાસ કર્યો છે. (૧)

અતિ સુંદર વેદાંત શાસ્ત્રનો સમગ્ર ગલિતાર્થ તો વેદાંતના અધ્યયનમાં આસક્તિવાળા અમોએ, શબ્દ બ્રહ્મ અને પરબ્રહ્મમાં નિષ્ણાંત મહાપુરુષો પાસેથી સર્વ પ્રકારે જાણ્યો છે. (૨)

વેદાંત શાસ્ત્રમાં બ્રહ્મ સત્ય છે. અને જગત મિથ્યા છે, એમ કહ્યું છે. જીવ બ્રહ્મ જ છે. આ પ્રકારે વેદાંતમાં પ્રતિપાદન કર્યું છે. તે કહ્યું છે કે **''श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकारिभिः ब्रह्मसत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नाऽपरः''** આનો ભાવાર્થ ચિદાત્મક જીવ એક, અને જડાત્મક જગત બીજું એ બંનેના આધારભૂત બ્રહ્મ, એ ત્રણની જો સત્યતા સંભવે તો તમોએ માનેલો દ્વૈતમત સિદ્ધ થાય, પણ તેવું નથી. ચિત શબ્દથી તમો જેને જીવ કહો છો પણ તે જ બ્રહ્મ છે. વળી જગત તો શશવિષાણ (સસલાના શિંગડા) તથા ઝાંઝવાના જળની માફક મિથ્યા હોવાથી, કેવળ બ્રહ્મનું જ સત્યપણું ઠરે છે. તેથી તમોએ માનેલો દ્વૈતમત શ્રેષ્ઠ નથી. (૩)

દર્પણના અભાવથી મુખ જ પ્રતિબિંબ કેવળ મુખજ છે, તેમ જીવ-બ્રહ્મનું પણ ઐક્ય સિદ્ધ છે. બ્રહ્મથી ભિન્ન જે જગત વારંવાર દેખાય છે. તે તો પૃથ્વીની ફાડમાં જળની ભ્રાંતિ, દોરડીમાં સર્પની ભ્રાંતિ, છીપમાં રજતની ભ્રાંતિ, સૂર્યના કિરણોમાં જળની ભ્રાંતિની માફક ભ્રાંતિજ છે. પૂર્ણ બ્રહ્મમાં **''तेनेदं पूर्णम्'' पूर्णमिदः''** ઈત્યાદિ શ્રુતિથી પૂર્ણ બ્રહ્મને પૂર્ણપણે કહેલા **''तदेकरसमिति श्रुते''** એકરસ રૂપ બ્રહ્મમાં **''एकमेवाद्वितीय मिति श्रुतेः''** એ શ્રુતિથી સજાતીય, વિજાતીય, સ્વગત ભેદશૂન્ય અદ્વિતીય એક બ્રહ્મનું અદ્વૈતપણું પ્રતિપાદન કરે છે. વળી **''यस्मात्परं ना परमस्ति किंचिदिति श्रुतेः'' ''परात्परतरं ब्रह्माति स्मृतेः''** એ શ્રુતિ અને સ્મૃતિથી પરથી પણ પર જેનાથી કોઈ પર નથી, એવા પરબ્રહ્મમાં મૂઢ પુરુષો દોરડીમાં જેમ સર્પને ભ્રાંતિથી જુએ છે તેમ જગતને ભ્રાંતિથી જુએ છે. (૪)

દ્વૈતમતનું પ્રતિપાદન કરનાર ભ્રાંતિરૂપે જગતમાં આસક્તિવાળા હોવાથી, તેવા મંદ પુરુષો વારંવાર સંસૃતિને જ પામે છે. તેથી બ્રહ્મનું સર્વજ્ઞપણું જણાવતા પંડિત **''अहंब्रह्मास्मि''** હું બ્રહ્મ છું, એમ કેમ ન માને? જો તે પંડિતો હોય તો પ્રમાણસિદ્ધ અદ્વૈત મત સત્ય જ માને. પંડિતો ન હોય તો ન માને. (૫)

અમારો અદ્વૈતમત વેદાંત શાસ્ત્રથી પ્રમાણભૂત છે. તેમ યથાર્થપણે જે નથી જાણતો અને છતાં આ લોકમાં આચાર્ય અથવા રાજાએ માન્ય કરેલા હોવાથી ગૌરવ પામેલા, તમામ શાસ્ત્રોના અભિજ્ઞ નહોવા છતાં તમામ શાસ્ત્રો જાણનારા હોય તેમ જણાવતા વિદ્વાનો, અદ્વૈતમતનું રહસ્ય જાણતા નથી. રાજમાન્ય હોવાથી મહત્‌પણું પામેલા આ ધર્મદેવ સમગ્ર શાસ્ત્રના અર્થને જાણતા જ નથી એવો તેમનો ગૂઢ અભિપ્રાય છે. (૬)

(જેવા પોતે હોય તેવા જ તમામ ભૂત પ્રાણીમાત્રને જોનારા ''आत्मौपस्येन भूतानि'' ધર્મદેવ અદ્વૈતવાદીઓના ગુપ્ત કપટને જાણતા ન હોવાથી પોતે નિષ્કપટ ભાવથી પ્રત્યુત્તરરૂપે કહેવા જાય છે. તેટલામાં પંડિતોના કપટને જાણનારા સ્વયં શ્રીહરિ જ બોલવા લાગ્યા.) એ પ્રકારે ગર્વયુક્ત અદ્વૈતવાદીઓનું વચન સાંભળીને ગર્વ ગંજન શ્રીહરિએ, આચાર્ય શ્રેષ્ઠ, દયાનિધિ પોતાના પિતા ધર્મદેવને કહ્યું. (૭)

હે પિતા ! તમારો ઉત્કર્ષ સહન નહીં કરનારા, વિદ્યાના ગર્વથી ચલાયમાન ચિત્તવાળા, તમારા દ્વૈતમતના આચાર્યપણાનું ખંડન કરનારા આ વિદ્વાનો ઈર્ષા યુક્ત વચનો કહે છે. (૮)

તેથી એમના પ્રશ્નનું સમાધાન કરવા માટે મને જ આજ્ઞા આપો. તમે મારા વિદ્યા ગુરુ છો તેથી તમારી પ્રસન્નતાથી જ એમના પ્રશ્નનું હું સમાધાન કરીશ. (૯)

ધર્મદેવને શ્રીહરિએ આ પ્રકારે કહ્યું તેથી પોતાના પુત્ર શ્રીહરિની વિદ્યાગહનતા જાણનારા ધર્મદેવે, મહાપ્રતાપી શ્રીહરિને અદ્વૈતવાદીઓના પ્રશ્નનું સમાધાન કરવા માટે હાથની સંજ્ઞાથી પ્રેરણા કરી. (૧૦)

પંડિતપણાના અભિમાનવાળા પોતાના અદ્વૈતમતના આગ્રહવાળા, શ્રીહરિના યથાર્થ સ્વરૂપને નહીં જાણનારા તે પંડિતો, સ્તુતિ કરવા યોગ્ય ધર્મનંદનને કહેવા લાગ્યા. (૧૧)

હે બ્રહ્મન્ ! અમારા પ્રશ્નનો ઉત્તર કરવા માટે સમુદ્ર પર્યંત ભૂમંડળમાં તમારા પિતા વિના કોઈ પણ વિદ્વાન સમર્થ નથી. (ધર્મદેવ ઉપર પ્રીતિવાળા રાજાને ઉપરથી સારું લગાડવા આ પ્રશસ્તિ વાક્ય બોલ્યા એમ જાણવું.) (૧૨)

તેથી હે વર્ણિન્ ! ઘણાં સમય પર્યંત અહોરાત્રી અભ્યાસ કરવાથી વેદ શાસ્ત્રના અર્થોને સ્પષ્ટ જાણનારા અમારી સાથે વાદ કરવા માટે તમો સમર્થ નથી. વળી તમારા જેવા બાળક સાથે વિવાદ કરવાથી લોકો પણ અમારી નિંદા કરે. (૧૩) ગર્વ અને મત્સર યુક્ત આસુરી સંપત્તિના ભાવવાળું અદ્વૈતવાદી પંડિતોનું વચન સાંભળીને, સભામાં બેઠેલા દૈવી સંપત્તિવાળા વિદ્વાનોએ તે પંડિતોને કહ્યું. (૧૪) હે વિદ્વાનો ! પોતાના નૈષ્ઠિક વ્રતાદિ સદાચારનું પાલન, તથા સચ્છાસ્ત્રભ્યાસ સંબંધિ સમૃદ્ધિની શોભાવાળા વર્ણિવેશવાળા ધર્મપુત્રની અવજ્ઞા કરશો નહીં. કારણ કે તેજસ્વીઓની ઉંમર કદાપિ જોવા યોગ્ય નથી. (૧૫)

જેથી સદ્‌ગુણ સંપન્ન વ્યક્તિ વયે નાની હોય તો પણ વૃદ્ધોએ પણ નિશ્ચય માનવા યોગ્ય છે. માટે આ ઉત્તમ પુરુષ છે. તો તેમની અવજ્ઞા કરવી નહીં. ઈન્દ્રગોપના પરિમાણવાળા અગ્નિમાં વનપર્વતે સહિત સમગ્ર પૃથ્વીને બાળવાની શક્તિ છે, તેમ બાલ્યાવસ્થા હોવા છતાં પણ આ શ્રીહરિ સમગ્ર શાસ્ત્રના જ્ઞાતા છે. માટે તમારે તેમની અવજ્ઞા કરવી યોગ્ય નથી. (૧૬)

જેમ વામનજી ભગવાને બે પગલાથી આ જગત (સમગ્ર પૃથ્વીના તળને પણ) આવરી લીધું, તે જ પ્રકારે મહાન પુરુષો અલ્પવયવાળા હોવા છતાં પણ મોટું કાર્ય કરે છે. (૧૭)

અર્જુને પ્રેરણા કરેલા મનુષ્ય સમાન આકારવાળા અગ્નિએ, ઈન્દ્રનું અતિ મોટું ખાંડવ વન બાળી મૂક્યું. વળી મનુષ્યના કરતાં પરિમાણમાં અલ્પ હોવા છતાં પણ બાણ અતિ મોટા માણસને હણે છે.

(૧૮) જેમ અલ્પ પરિમાણવાળું વજ્ર અતિમોટા પર્વતોને પરિપૂર્ણ ભેદી નાખે છે; જેમ સિંહ અલ્પ દેહવાળો હોય છે છતાં પણ અતિ સ્થૂળ દેહવાળા હાથીને હણે છે. (૧૯)

તેજ પ્રકારે ઉંમર નાની હોય છતાં પણ બુદ્ધિમાન માણસ ઘણાં પરાક્રમવાળા અત્યંત મોટા કાર્યો કરવા માટે સમર્થ થાય છે, એમ તમે જાણો. (૨૦)

જેમ પૂર્વે બાલ્યાવસ્થામાં રામ, લક્ષ્મણ બંનેએ ઘણા મોટા રાક્ષસોને પણ હણ્યા હતા. વળી શિશુ અવસ્થામાં કૃષ્ણ પણે મોટા અસુરોને હણ્યા હતા. (૨૧)

તે જ પ્રકારે આ સમયમાં પણ અલ્પ વયના વિદ્વાન માણસો કેવળ શ્રીહરિની પ્રસન્નતાથી જ મનુષ્યોથી અસંભવિત કાર્ય કરવા માટે નિશ્ચય સમર્થ થાય છે. (૨૨)

તેથી હે વિદ્વાનો ! મનુષ્યોનું ગૌરવ વયથી નથી. અલ્પવયવાળાઓ પણ શક્તિ, વિર્યાદિ સદ્‌ગુણોથી સદા શ્રેષ્ઠ જ હોય છે. (૨૩)

હે વિદ્વાનો ! તેથી જ આ ધર્મપુત્ર વર્ણિ બાળક છે છતાં પણ બુદ્ધિમાન, તપ, વિદ્યાદિક સદ્‌ગુણોથી યુક્ત છે પ્રતાપના સ્થાનભૂત છે, તેથી તેમની અવજ્ઞા કરવી યોગ્ય નથી. (૨૪)

આ પ્રમાણે દૈવી સંપત્તિવાળા પંડિતોએ કરેલી શ્રીહરિની પ્રશંસા સાંભળીને, અદ્વૈતવાદી વિદ્વાનોએ અચ્યુત શ્રીહરિને કહ્યું. (૨૫)

હે બ્રહ્મન્ ! આ સભ્ય પંડિતો તમારી જેવી પ્રશંસા કરે છે તેવા સજ્જનોને ઘટિત ગુણો તમારામાં હોય તો. (૨૬) હે બ્રહ્મન્ ! આ વિદ્વત્સભામાં વેદ, વેદાંગના પારંગત અમારી સાથે બુદ્ધિશાળી તમોએ વાદ કરવો જ. (૨૭) આ વિદ્વાનોના વાક્યોથી કદાચ તમારો ઉપહાસ થાય ત્યારે, પોતાના શ્રેષ્ઠપણાનું રક્ષણ કરનાર, મૌન તમારે સેવવું. ''मौनं सर्वार्थ साधनम्'' એ અભિમુક્તોએ કહ્યું છે. (૨૮)

આવી રીતે તેમનું મહા ગર્વયુક્ત વચન સાંભળીને શ્રીહરિએ મત્સરાવિષ્ટ મનવાળા વિદ્વાનોને કહ્યું. (૨૯)

હે પંડિતો ! જય પરાજય તો દેવાધીન છે. માટે તમો વિદ્વાનોએ આ પ્રકારે ગર્વ કરવો નહીં. ''युयुत्सां कुत्रचिदाततायिनां जयः सदैकत्र नवै परात्मनाम् । विनैकमुत्पत्तिलय स्थितीश्वरं सर्वज्ञमाद्यं पुरूषं सनातनं'' યુદ્ધ કરતા જનોમાં ક્યારેય આતતાયિનો જય થાય છે. હંમેશા શ્રેષ્ઠાત્માઓનો જય હોતો નથી, ઉત્પત્તિ, લય અને સ્થિતિના નિયામક સનાતન, સર્વજ્ઞ, આદિ પુરુષ વિના કોઈનો જય થતો નથી. (૩૦)

હે વિદ્વાનો ! મનની સરળતા વિના શુદ્ધ હૃદયંગમ થયેલી વિદ્યા પણ નિંદિત છે. માટે પંડિતોને વિદ્યાનો ગર્વ તો યોગ્ય નથી. ''विद्या गर्वः क्षणस्थायी'' એમ સજ્જનોની ઉક્ત છે. (૩૧)

(વિદ્વાનોને વિદ્યા ગુણથી વિનય, નમ્રતા જ યોગ્ય છે.) હે વિદ્વનો ! જેમ ફળથી લચી પડતા વૃક્ષો નમ્ર બની નીચે નમે છે, જળથી ભરેલાં મેઘ પણ નમ્ર બની નીચે પડે છે. (વરસે છે) તેમજ વિદ્યાવાળા

જનો તો સદા નમ્ર જ હોય છે. યથાર્થ વિદ્વાનોને તો વિનયપૂર્વક નમ્રતા એ જ ભૂષણ છે. (૩૨)

દીર્ઘદર્શિ પંડિતો પોતાના ગુણોની પ્રશંસા કરતા નથી. કારણ કે પોતાના ગુણના વખાણ પોતાના પુણ્યનો નાશ કરે છે. ''निंदाऽन्यस्यात्मनः श्लाधा द्वयं सुकृतनाशकृत्'' એમ વ્યાસજીની ઉક્તિ છે. (૩૩) ધોળા કોઢનો રોગ જેમ રૂપનો નાશ કરે છે. તેમ ઉદ્ધતપણું વિદ્વાનોની શોભાનો નાશ કરે છે, તેથી આભૂષણરૂપ વિનય તો પ્રાજ્ઞોએ રાખવા યોગ્ય છે. (૩૪)

હે પંડિતો ! તો પણ જો તમોને ગર્વ હોય તો તમોએ કરેલા અદ્વૈત સિદ્ધાંતમાં યોગ્ય પ્રશ્નો હું તમોને પૂછું છું. (૩૫) તે પ્રશ્નોના પ્રત્યુત્તર તમારે શાસ્ત્ર પ્રમાણે આપવા. મારા પ્રશ્નનો ઉત્તર યથાર્થ કરશો પછી જ તમોને હું વેદાંત શાસ્ત્રના વિદ્વાનો જાણીશ. (૩૬)

આ પ્રકારે શ્રીહરિએ તે વિદ્વાનોને કહ્યું, ત્યારે તે વિદ્વાનો શ્રીહરિને કહેવા લાગ્યા; હે વર્ણિન! અમોને વેદાંત શાસ્ત્ર હંમેશા સ્ફુરાયમાન છે. (૩૭) હે બ્રહ્મન્ ! અત્યંત અભ્યાસથી તેમજ ગુરુની પ્રસન્નતાથી સમગ્ર વેદાંત શાસ્ત્રનું રહસ્ય અમોએ તત્ત્વથી જાણ્યું છે. (૩૮)

તેથી તમારા વેદાંત શાસ્ત્ર સંબંધિ તમામ પ્રશ્નોનું સમાધાન અમે વિદ્વાનો શાસ્ત્ર પ્રમાણે કરીશું. (૩૯) ગર્વગંજન શ્રીહરિ આ પ્રકારે ગર્વ સહિત તે પંડિતોનું વચન સાંભળીને મંદ હાસ્ય કરતાં કરતાં સરળ નેત્રથી તેમના તરફ દૃષ્ટિ કરીને તેમને કહેવા લાગ્યા. (૪૦)

હે વેદાંત જાણનારા પંડિતો ! તમો કેવળ અદ્વૈત પ્રતિપાદન કરનારા વેદાંત ગ્રંથોને જાણનારા છો. હું તો મારા ગુરુ જે મારા પિતા તેમની કૃપાથી ઉભય વેદાંત (અદ્વૈત પ્રતિપાદક તથા દ્વૈત પ્રતિપાદક) બંને શાસ્ત્રોને જાણું છું. (૪૧)

તેથી તમોએ આ વાદમાં ન્યાય માર્ગનું ઉલ્લંઘન કરવું નહીં. આવું વિદ્વાનોને વચન કહીને સર્વ વિદ્યાઓનો પ્રાદુર્ભાવ જેમના થકી છે એવા શ્રીહરિએ, વિદ્વાનોને પ્રશ્નો પૂછ્યા. (૪૨)

હે પંડિતો ! તમોએ બ્રહ્મ સત્ય કહ્યું, તે બ્રહ્મ તમોએ કેવા પ્રકારનું માનેલું છે ? આ પહેલો પ્રશ્ન. તે બ્રહ્મ સાકાર છે કે નિરાકાર છે ? એ બીજો પ્રશ્ન, તે બ્રહ્મ સક્રિય છે કે નિષ્ક્રિય છે ? એ ત્રીજો પ્રશ્ન છે. (૪૩)

જગત મિથ્યા છે એમ જે તમોએ કહ્યું તે જગત કાંઈ વસ્તુ છે કે નથી ? એ ચોથો પ્રશ્ન છે. તે જગત રજ્જુમાં સર્પની માફક આભાસ માત્ર છે ? એ પાંચમો પ્રશ્ન છે. તે જગત નિત્ય છે કે અનિત્ય છે ? આ છઠ્ઠો પ્રશ્ન. (૪૪)

જીવ બ્રહ્મ છે એમ જે તમોએ કહ્યું છે તે જીવ વસ્તુતાએ કોણ છે ? એ સાતમો પ્રશ્ન; તે જીવનો બ્રહ્મભાવ તમોએ કહ્યો તે અનાદિ સિદ્ધ છે ? એ આઠમો પ્રશ્ન અથવા જીવને બ્રહ્મપણું સાધનોથી પ્રાપ્ય છે ? એ નવમો પ્રશ્ન. (૪૫)

સ્વભાવથી, બ્રહ્મભાવથી રહિત તો જીવમાં બ્રહ્મપણું શાખાચંદ્ર ન્યાયથી ઔપચારિક છે ? એ

દશમો પ્રશ્ન. હે વિદ્વાનો ! આ દશ પ્રશ્નોના તમો તત્વથી ઉત્તર આપો. (૪૬)

આવું શ્રીહરિનું વચન સાંભળીને તે મત્સરવાળા વિદ્વાનો શ્રીહિના આ પ્રશ્નોથી જ આશ્ચર્યવત્ બની ગયા અને સ્વભાવથી સર્વજ્ઞ શ્રીહરિને કહેવા લાગ્યા. (૪૭)

હે વર્ણિન્ ! શ્રુતિ સ્મૃતિઓમાં એક જ અદ્વિતીય બ્રહ્મ કહેલું છે; અને તે બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગત ભેદશૂન્ય છે, આ પ્રથમ પ્રશ્નનો ઉત્તર છે. (૪૮)

તે બ્રહ્મ, પૂર્ણ, અનંત, નિરાકાર, તથા અક્ષરપર, નિષ્ક્રિય, આનંદ, જ્ઞાનરૂપ, નિર્વિકાર છે એમ શ્રુતિ, સ્મૃતિઓમાં પ્રતિપાદન કર્યું છે. (૪૯)

(બ્રહ્મ કેવું છે ? બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગત ભેદશૂન્ય છે, એ પ્રથમ પ્રશ્નનો ઉત્તર છે. બ્રહ્મમૂર્ત છે કે અમૂર્ત છે તેનો ઉત્તર બ્રહ્મ નિરાકાર છે. એ બીજા પ્રશ્નનો ઉત્તર છે. બ્રહ્મ સક્રિય છે કે નિષ્ક્રિય છે ? નિષ્ક્રિય છે એ ત્રીજા પ્રશ્નનો ઉત્તર છે) જગત માયાથી ઉત્પન્ન થયેલી ભ્રાંતિ વડે બ્રહ્મમાં પ્રતીત થાય છે. જેમ અંધારામાં દોષથી ઉત્પન્ન થયેલા ભ્રમથી રજ્જુમાં સર્પની પ્રતીતિ થાય છે. પરંતુ ત્રણેય કાળમાં તે મિથ્યા પ્રતીત થાય છે. તેથી જગત કંઈ વસ્તુ જ નથી. ''अमूलमेतद् बहुरूपरूपिणम् । अविद्यमानोप्यवभासते यो वैकारिको राजस सर्ग एषः'' એમ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં કહેલું છે. ચોથો પ્રશ્ન :- જગત કાંઈ વસ્તુ છે કે નથી. તેનો ઉત્તર વસ્તુ નથી. પાંચમો પ્રશ્ન જગત રજ્જુમાં સર્પની માફક આભાસમાત્ર છે કે અનિત્ય છે ? રજ્જુમાં સર્પની માફક જગત આભાસ માત્ર છે. આ પાંચમા પ્રશ્નનો ઉત્તર છે. છઠ્ઠો પ્રશ્ન જગત નિત્ય છે કે અનિત્ય છે ? તેનો ઉત્તર જગત મિથ્યા છે. (૫૦)

અગ્નિ થકી સ્ફુલિંગો (તણખાઓ) જેમ ઉત્પન્ન થાય છે તેમ બ્રહ્મ થકી તેના અંશભૂત જીવો ઉત્પન્ન થાય છે, એમ કહે છે. જીવો બ્રહ્મના પ્રતિબિંબો છે. એમ પણ કહે છે. ''यथार्चिषोऽग्नेः सवितुर्गभस्तयो निर्यान्ति संयांत्यसकृत् स्वरोचिषः । तथा यतोऽयं हि गुणप्रवाहः'' इति विश्वं वै ब्रह्मतन्मामिति च ।'' એમ ભાગવતમાં કહ્યું છે, ''आबाधितोऽपि ह्याभासो यथा वस्तुतया स्मृतः'' એમ પણ ત્યાં કહેલું છે. (સાતમો પ્રશ્ન તે જીવ કોણ છે ?) જીવ બ્રહ્મનો અંશ અથવા બ્રહ્મના પ્રતિબિંબો એ સાતમા પ્રશ્નો ઉત્તર છે. (૫૧)

બ્રહ્મ પોતાની માયાથી, જીવ રૂપે (અનેક પ્રકારે) ભાસ માન થાય છે તેથી જીવો પૂર્વે બ્રહ્મ હતા. (જીવનું બ્રહ્મપણું વાસ્તવિક છે કે અનિત્ય છે ?) એ આઠમા પ્રશ્નનો ઉત્તર-જીવ બ્રહ્મજ છે. જીવ સંજ્ઞા તો પોતાની માયાથી છે. (૫૨)

જીવભાવને સંપૂર્ણતઃ પામેલા બ્રહ્મના અંશો અથવા બ્રહ્મના પ્રતિબિંબરૂપ જીવો શબ્દ બ્રહ્મ અને પર બ્રહ્મના નિષ્ણાત આચાર્યના સમાગમ અને ઉપદેશથી શ્રવણ, મનન નિદિધ્યાસાદિ સાધનો વડે, ગુરુની પ્રસન્નતાથી ફરીથી બ્રહ્મભાવને પામે છે. તે કહ્યું છે કે (સનત સુજાત વિવરણના આરંભમાં પૂજ્યપાદ શંકરાચાર્યજીએ સ્વાભાવિક, ચિદાનંદ, અદ્વિતીય, બ્રહ્મરૂપ એવો આત્મા, પોતાને આશરેલી માયાના

આભાસથી, પોતાના અનુભવગમ્ય સ્વતઃ સિદ્ધ ચિદાનંદ, અદ્વિતીય, બ્રહ્માત્મ સ્વભાવથી ચ્યુત થઈ, અનાત્મરૂપ દેહાદિકમાં આત્મબુદ્ધિ પામે છે. એ રીતે સમગ્ર પુરુષાર્થથી રહિત થઈ, સમગ્ર અનર્થોથી મુક્ત બની, અવિદ્યા રૂપી કર્મથી કલ્પિત સાધનો વડે રાગયુક્ત ઈષ્ટની પ્રાપ્તિ અને દોષ યુક્ત અનિષ્ટનો ત્યાગ, તે પ્રકારના સંકલ્પો, (તૃષ્ણા)ની આશા રાખતો જીવ લૌકિક, વૈદિક સાધનોના અનુષ્ઠાનથી પણ પરમ પુરુષાર્થ મોક્ષને તો નથી જ પામતો. મગર મચ્છો વડે ગળેલું પ્રાણી જેમ આમ તેમ ખેંચાય છે, તેમ રાગ દ્વેષાદિ વડે આમતેમ ખેંચાયેલો જીવ દેવ, મનુષ્ય, પશુ, આદિક ભેદથી ભિન્ન વિવિધ પ્રકારની યોનિઓમાં વારંવાર ભમતો, વારંવાર મોહ પામતો, સંસૃતિમાં અટવાતો કોઈ પુણ્યના પ્રભાવથી, વેદમાં કહેલા ઈશ્વરને માટે કરેલા કર્માનુષ્ઠાનથી-જેના રાગાદિ દોષો નાષ પામ્યા છે. વળી આ લોકના અનિત્યના જ્ઞાનથી-આ લોક અને પરલોકના ભોગમાં જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, તે વેદાન્તથી પ્રતીયમાન બ્રહ્મવિત્ આચાર્યના સમાગમથી તેની આજ્ઞાને અનુસરીને વેદાંતના શ્રવણ, મનન, નિદિધ્યાસાદિકથી ''अहं ब्रह्मास्मि'' હું બ્રહ્મ છું એમ બ્રહ્માત્મ તત્ત્વને જાણી, અજ્ઞાન અને અજ્ઞાનના કર્મથી નિવૃત્ત થઈ, બ્રહ્મરૂપ થાય છે. એમ વેદાંતની મર્યાદા છે. જીવને બ્રહ્મપણું સાધનોથી પ્રાપ્ય છે ? એ નવમા પ્રશ્નનો ઉત્તર જીવો પૂર્વે બ્રહ્મરૂપ હતાં. છતાં માયાથી જીવભાવને પામ્યા છે. તેથી ગુરુની પાસે જઈને તેમના થકી વેદાંત શ્રવણ વગેરે સાધનોથી ફરીથી બ્રહ્મભાવને પામે છે. એ નવમા પ્રશ્નનો ઉત્તર છે. (૫૩)

જીવમાં બ્રહ્મભાવનું અનાદિપણું હોવાથી બ્રહ્મભાવનું શાખાચંદ્ર ન્યાયથી ઉપચારપણું નથી. આ પ્રમાણે અમોએ વેદાંતના વિચારથી નિર્ણય કર્યો છે. (અબ્રહ્મરૂપ જીવમાં બ્રહ્મપણું ઉપચારથી છે કે, સ્વાભાવિક છે ?) એ દસમા પ્રશ્નના ઉત્તરમાં જીવમાં બ્રહ્મપણું સ્વાભાવિક છે. ઔપચારિક નથી. (૫૪)

(દસ પ્રશ્નના કરેલા ઉત્તરમાં સર્વે અર્થોમાં સ્મૃત્યાદિના પ્રમાણો કહે છે) એક જ અદ્વિતીય છે. એ અર્થમાં ''सदेव सोम्येदं'' એ પ્રમાણભૂત છે. તેવી જ રીતે છાંદોગ્યમાં સદ્વિદ્યામાં ''सदेव सोम्येदमग्र आसीद् एकमेवाद्वितीयम् ઈત્યાદિ એકમ એ પદથી આત્માન્તર પ્રતિયોગિક સજાતીય ભેદ નિષેધ કરાય છે. ''एव'' પદથી આનંદાદિ ધર્મ પ્રતિયોગિક સ્વગત ભેદનો નિષેધ કરાય છે. ''अद्वितीय'' પદથી પ્રતિયોગિક વિજાતીય ભેદ નિષેધ કરાય છે. આવી રીતે છાંદોગ્યની અર્થ પ્રકાશિકા નામની ટીકામાં કહેલું છે. ''निष्कलं निष्क्रियं शांतं निरवद्यं निरञ्जनम्'' એ શ્રુતિ શ્વેતાશ્વેતરોપનિષદના છઠ્ઠા અધ્યાયમાં છે. (૫૫)

હે મહાબુદ્ધિશાળી ! નિરાકાર બ્રહ્મ છે તેને પ્રતિપાદન કરનારી શ્રુતિ અન્ય ઉપનિષદમાં છે. તેવી જ રીતે ''''विज्ञानमानन्दं ब्रह्म'' એ પ્રકારની બીજી શ્રુતિ બૃહદારણ્યકમાં છે. (૫૬)

હે શાસ્ત્ર વિત્ ! ''अस्थूलम्, अनणु, ब्रह्म ઈત્યાદિ પણ શ્રુતિ છે.'' બૃહદારણ્યોપનિષદમાં स होवाच एतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनण्वह्रस्वमदीर्घमलोहितमच्छायमतमोऽवाय्वनाकाशमसंगमस्पर्शमगन्धमरसमक्षुष्कमश्रोत्रमवागमनोऽतेजस्कमप्राणममुखामनामाऽतेजस्कमप्राणममुखमनामाऽगोत्रमजरमरमभयममृतमरजोऽशब्दमविवृतमसंवृतमपूर्वमनन्तरमबाह्यमिति, तत्त्वमसि'' ઘણી શ્રુતિઓ પૂર્વોક્ત શાસ્ત્રાર્થમાં (અદ્વૈત સિદ્ધાંતમાં પ્રમાણભૂત છે. આદિ શબ્દથી ''एतदात्म्यमिदं सर्वं तत्सत्यं''

''नेह नानास्ति किंचन । मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति'' । ''यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति, यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्'' । इन्द्रो मायाभिः पुरुरूप ईयते યાજ્ઞવલ્ક્યે કહ્યું, હે ગાર્ગી ! જેની અંદર આકાશ તાણા વાણાની પેઠે વણાએલું છે. તેને બ્રાહ્મણો અક્ષર (અવિનાશી) કહે છે. તે જાડું નથી, ઝીણું નથી, લાંબુ નથી, રાતું નથી, પ્રવાહી નથી, છાયાવાળું નથી, અંધારાવાળું નથી, પવનવાળું નથી, કશાથી લેપાય એવું નથી, તેને સ્વાદ નથી, ગંધ નથી, આંખ નથી, કાન નથી, વાચા નથી, તેજ નથી, પ્રાણ નથી, મુખ નથી, માપ નથી, તેનામાં અંદર ને બહાર એવા ભેદ નથી. ઇત્યાદિ તેમ જ ''તે તું છે.'' એ આદિક આ પરિદૃશ્યમાન જગત ''एतदात्मक'' છે તે સત્ય છે. અહીંયા વિવિધ પ્રકાર કંઈ છે જ નહીં. જે ભેદથી નાના પ્રકારો જુએ છે, તે મૃત્યુથી મૃત્યુને પામે છે, યથાર્થ સંસારને પામે છે. જ્યાં દ્વૈત (બે) હોય છે ત્યાં બીજા બીજાને જુએ છે. ત્યાં સર્વત્ર આત્મા જ છે, ત્યાં કોણ કોને જુએ ? ઈન્દ્ર માયા વડે ઘણાં રૂપો પામે છે. ઇત્યાદિ શ્રુતિઓ અદ્વૈત મતને પ્રતિપાદન કરનારી છે. (૫૭-૫૮)

''न यत् पुरस्तादुत यन्न पश्चात्'' જે પૂર્વમાં નથી જે પછી પણ નથી, આવી સ્મૃતિ છે. તેવી જ ''स्वमायया सृष्टम्'' પોતાની માયાથી સૃજ્યું છે, ઇત્યાદિ સ્મૃતિઓ છે. ભાગવતના એકાદશ સ્કંધમાં ''न यत्पुरस्तादुत यन्न पश्चान्मध्ये च तत्तद् व्यपदेशमात्रम् । भूतं प्रसिद्धं च परेण यद्यत्तदेव तत्स्यादिति मे मनीषेति'' स्वमायया सृष्टमिदं सदसल्लक्षणं प्रभुः । प्रविष्ट ईयते तत्तत्सरूपोऽ ग्निरिवैधसि'' इति च ।

હે વર્ણિન્ ! આ પ્રમાણે અમોએ તમારા પ્રશ્નોનું જેમ છે તેમ સ્પષ્ટ સમાધાન કર્યું છે. હે સમન્તે ! આમાં કોઈ સંશય હોય તો અમોને કહો. (૫૯)

હે રાજન્ ! શ્રેષ્ઠ પુરુષોએ ગાન કરી છે કીર્તિ જેમની એવા અને દ્વૈત માર્ગ રૂપી કમળનો વિકાસ કરવામાં સૂર્ય સમાન હરિકૃષ્ણે અદ્વૈત મતવાદીઓએ કહેલાં વચન સાંભળીને તે પંડિતો પ્રત્યે કહ્યું. (૬૦)

ઇતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં કાશીના વિદ્વાનોએ પ્રતિપાદન કરેલા અદ્વૈતમતમાં શ્રીહરિકૃષ્ણ પ્રશ્નોત્તર નિરુપણ નામે સત્તાવીશમો અધ્યાય સંપૂર્ણ. (૨૭)



અધ્યાય ૨૮ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- હે વાડવોત્તમા ! વેદાંત શાસ્ત્રમાં નિપુણ તમોએ ''सदैव सौम्येदमग्र आसीत्'' એ શ્રુતિ બ્રહ્મનું સદ્રૂપત્વ જણાવતી પ્રથમ પ્રશ્નના સમાધાન માટે કહી. (૧)

બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગત ભેદોથી રહિત છે. આવો આ શ્રુતિનો અર્થ તમોએ પોતે જ કહેલો છે. (૨) હે પંડિતો ! તે અર્થમાં હું આવી શંકા કરું છું, તે સાંભળો. બ્રહ્મ નિર્વિશેષ જ્ઞાન સ્વરૂપર તમારા મત પ્રમાણે છે. (૩)

હે આર્યો ! હે પંડિતો ! જ્ઞાન માત્ર એજ જો બ્રહ્મનું એક સ્વરૂપ હોય તો જગત સર્ગાદિ કર્મમાં બ્રહ્મની પ્રવૃત્તિ કેવી રીતે સંભવશે ? (૪)

જો તમો માયાના સ્વીકારથી જગત સર્ગાદિ વ્યાપાર સંભવશે એમ કહેતા હો તો, એ માયા છે એ પ્રકારે બ્રહ્મ જાણે છે કે નથી જાણતું ? (જેમ હું છું તેવી રીતે એ માયા પણ બીજી છે એમ જાણે છે કે નથી જાણતું એવો સ્પષ્ટાર્થ છે. (૫)

પોતાના એક દેશમાં રહેલી માયાને બ્રહ્મ જાણે છે, એમ તમો કહેતા હો તો, તમોએ માનેલું બ્રહ્મનું જ્ઞાનમાત્રપણું નાશ પામે અને બ્રહ્મ જ્ઞાતા છે એમ સમજાય. જ્ઞાન ધર્મની જ્ઞાતામાં સત્તા છે. એટલે બ્રહ્મને જ્ઞાતૃત્વ પ્રાપ્ત થાય. મારે પડખે આ માયા રહેલી છે. એમ બ્રહ્મ નથી જ જાણતું એમ જો તમો કહેતા હો તો, હે પ્રાજ્ઞો ! જગત સર્વને સૃજવા માટે માયાનો સ્વીકાર કેમ થાય ? જે જે વસ્તુનો સ્વીકાર થાય છે તે જ્ઞાનપૂર્વક જ થાય છે, રસ્તામાં જતાં તૃણાદિકનો અજ્ઞાનપૂર્વક (અજાણતાં) સ્પર્શ થાય છે, પરંતુ તે પ્રમાણે અજ્ઞાનપૂર્વક તે સ્પર્શાદિકનો સ્વીકાર કરવાથી વ્યવહાર થતો નથી. (૬)

ચિત્ સ્વરૂપવાળા તેથી નિરીહ બ્રહ્મને પ્રથમ માયાના સ્વીકારમાં કયું કારણ છે ? એ વિચાર કરીને કહો, ''**प्रयोजनमनुदिश्य मन्दोऽपि न प्रवर्तते**'' કોઈ પણ પ્રયોજન વિના મૂઢ માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી, એ ન્યાયથી ચિન્માત્રરૂપ નિરીહ બ્રહ્મને માયાના સ્વીકારમાં કાંઈ પણ પ્રયોજનનો અભાવ હોવાથી, તેના (માયાના) સ્વીકારમાં ઈચ્છા અથવા હેતુની કલ્પના કરવી એ સંભવતું નથી. (૭)

વળી, હે પંડિતો ! બ્રહ્મ માયા સંમિશ્રિત છે ? કે તેનાથી ભિન્ન ? માયાથી વિલક્ષણ છે એમ જો કહેતા હો તો માયા જુદી છે. તેમ બ્રહ્મ જુદું છે. આ પ્રકારે માયા અને બ્રહ્મ બે થયાં. આવી રીતે ભવદીય સિદ્ધાંતમાં બ્રહ્મની એકતાને પ્રતિપાદન કરનારી શ્રુતિઓ કોપાયમાન થાય. (૮)

વળી ''**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**'' એ બ્રહ્મનું લક્ષણ પ્રસિદ્ધ છે. પૂજ્યપાદ શંકરાચાર્યજીએ અનંતપણું એ બ્રહ્મનું લક્ષણ કહ્યું છે. તેમાં અનંતપણાના લક્ષણનો નાશ થવાથી તમો જરૂર બ્રહ્મના દ્રોહમાં પડ્યા. (એ વાત કહે છે) જે દેશમાં માયા રહેલી છે તે દેશમાં બ્રહ્મ નથી, કારણ કે માયા જડ, દુઃખ અને મિથ્યારૂપ છે તેથી જ જે દેશમાં બ્રહ્મ છે ત્યાં માયા નથી. બ્રહ્મ જ સત્, ચિત્, આનંદ અનંતનું અદ્વૈત હોવાથી. (૯)

(આજ અર્થને ફરી સ્પષ્ટ કહે છે.) આ પ્રમાણે બ્રહ્મથી માયાનું વિલક્ષણપણું કહેવાથી સર્વ સાક્ષી બ્રહ્મનું અનંતપણું, પરિપૂર્ણપણું, સર્વવ્યાપક વિભુ બ્રહ્મની પરિછેદ્યતા હોવાથી તે બ્રહ્મને વિષે અનંતપણું સર્વ પ્રકારે સંભવતું નથી. (૧૦)

(શંકા કરે છે કે,) જો તમે કહ્યું એમ હોય તો માયાનું વિલક્ષણપણું કહેવાનું કંઈ પ્રયોજન નથી. બ્રહ્મ માયાત્મક છે. એમ કહેતા હો તો જગતના સર્ગ માટે ''માયાના સ્વીકારનું કહેવું વ્યર્થ થશે.'' ''**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**'' ઈત્યાદિ બ્રહ્મનું લક્ષણ વૃથા થાય; માયાના સ્વીકારમાં બ્રહ્મનું અનંતપણું નિરર્થક થાય. (૧૧)

હે પંડિતો ! જો તમો એમ કહો કે ગુરુએ રજ્જુ સર્પના દૃષ્ટાંતોથી શિષ્યના જ્ઞાન માટે (શિષ્યને સ્વસ્વરૂપ જણાવવા માટે) અધ્યારોપ અને અપવાદથી બ્રહ્મને માયાત્મક કલ્પીને અમે કહ્યું છે. (૧૨)

(અધ્યારોપ અને અપવાદના શું લક્ષણ છે? ત્યાં કહું છું) તો વસ્તુમાં અવસ્તુનો આરોપ તે અધ્યારોપ કહેલો છે. (શિષ્યના અજ્ઞાનની નિવૃત્તિ માટે કેવળ બ્રહ્મમાં કિંચિત્ અજ્ઞાન કલ્પીને, તેનાથી ઉત્પન્ન થતાં આવરણ અને વિક્ષેપ એ બે શક્તિ કલ્પીને, આવરણ શક્તિથી જીવના સ્વસ્વરૂપ આવરીને તેને અજ્ઞાની કરી દેવો. (અજ્ઞાન પ્રતિબિંબીભૂત જીવના જ્ઞાનનું આવરણપણું) અને વિક્ષેપ શક્તિથી તેને સ્થૂળ, સૂક્ષ્મ શરીરોની ઉત્પત્તિમાં પ્રતીતિ કરાવી દેવી તેને અધ્યારોપ કહેવાય છે. તે બંને વસ્તુ અવસ્તુમાં સદ્રુપ બ્રહ્મ-વસ્તુ, મિથ્યા સમગ્ર જગત અવસ્તુ. (૧૩)

હે પંડિતો ! પરમાર્થ વસ્તુરૂપ બ્રહ્મમાં શિષ્યને તેના સત્ય સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કલ્પિત અજ્ઞાનના આરોપનો દર્પણ વિના દેખાતા મુખના અભાવની માફક (જ્યાં કેવળ બિંબરૂપ મુખ જ રહે છે) પણ પ્રતિબિંબીત મુખ દર્પણના અભાવથી મિથ્યા છે. તેમ અવસ્તુનું મિથ્યાપણું તેને અપવાદ કહેવામાં આવે છે. (જેમ સ્થૂળ, સૂક્ષ્મ શરીરની ઉત્પત્તિ અને લય તેને પણ અજ્ઞાનથી કલ્પવું, તે અજ્ઞાન પણ સસલાના સિંગડા જેવું-રજ્જુ સર્પમાં મિથ્યાપણાની ભ્રાંતિ જેવું-પરંતુ દર્પણના અભાવથી જેમ મુખનું પ્રતિબિંબ દેખાતું જ નથી કેવળ મુખ માત્ર જ છે, તેમ અજ્ઞાન અને તેનું કાર્ય. જીવ, ઈશ્વરાદિ સર્વેનું અસત્યપણું કહીને બ્રહ્મનું સત્ય પણું કહેવું તે અપવાદ કહેવાય છે. (૧૪)

તમોએ જો અધ્યારોપ અને અપવાદ સારી રીતે વિચારેલા હોય તો સર્વ જગત રજ્જુ સર્પની માફક મિથ્યા ભાસે. તેથી જગત ત્રણેય કાળમાં પણ સત્ય થાય નહીં. (૧૫)

હે પંડિતો ! જો એ પ્રકારે વસ્તુતાએ તમારા સિદ્ધાંતથી જ બ્રહ્મથી અતિરિક્ત સર્વનું રજ્જુ સર્પની માફક મિથ્યાપણું કહો તો, તમારા મતમાં બધું કલ્પિત હોવાથી, ગુરુ, શિષ્ય પણ તે પ્રમાણે મિથ્યા જ સમજાય. ગુરુએ કહેલું જ્ઞાન પણ મિથ્યા થાય. (૧૬)

કલ્પિત આચાર્યે ઉપદેશેલા કલ્પિત જ્ઞાનથી કલ્પિત શિષ્ય જે જ્ઞાન શ્રવણ કરે, તેનાથી કયો અર્થ સિદ્ધ થાય ? અર્થાત્ કોઈપણ અર્થ સિદ્ધ ન થાય. (૧૭)

(વળી નિર્વિશેષ ચિન્માત્ર બ્રહ્મથી વ્યતિરિક્ત સર્પ મિથ્યા કહેનારા તમોએ મોક્ષને માટે જે શ્રવણ, મનન, નિદિધ્યાસાદિ સાધન કહ્યાં છે તે પણ નિષ્ફળ થાય જ. કલ્પિત અવિદ્યાનું કાર્ય હોવાથી છીપમાં રજતની ભ્રાંતિથી તેમાંથી રજત ગ્રહણનો પ્રયત્ન જેમ મિથ્યા થાય તેની માફક) વળી અર્થસિદ્ધિ ન થાય તો વેદમાં કહેલો મોક્ષ માટેનો શ્રવણાદિક પ્રયત્ન પણ છીપમાંથી ચાંદી મેળવવાના યત્નની માફક નિષ્ફળ થાય. (૧૮)

(શંકા કરે છે કે तत्त्वमस्यादि મહાવાક્યના જ્ઞાનનો તમારા મતમાં ઉપદેશ કર્યો છે, તે પણ તમારી આ મિથ્યાપણાની ઉક્તિથી કલ્પિત જ ઠરશે.)

હે વિદ્વાનો ! (તમારા મતમાં) તત્ત્વમસ્યાદિ વાક્ય અવિદ્યા કલ્પિત હોવાથી તત્ત્વ મસ્યાદિ વાક્ય જન્યજ્ઞાન પણ મિથ્યા થાય, તત્ત્વમસ્યાદિ વાક્યને બતાવનાર વેદ પણ કલ્પિત માયાથી ઉત્પન્ન થયેલા વૈરાજના નિશ્વાસરૂપ હોવાથી મિથ્યા થાય. (૧૯)

(સર્વ કલ્પિત સ્વરૂપવાળા આ તમારા સિદ્ધાંતથી તો સત્ય પ્રતિજ્ઞ જે પરબ્રહ્મને પ્રથમ બ્રહ્માએ ગુરુ કરેલા છે, તેજ પુરુષોત્તમ વાસુદેવને અર્જુન અને ઉદ્ધવે ગુરુ કરેલા છે. વૈરાજના નિશ્વાસથી ઉત્પન્ન થયેલા વેદ, નારાયણે બ્રહ્માને, કહ્યા છે. તે વેદ શ્રીકૃષ્ણે અર્જુન અને ઉદ્ધવને કહ્યા છે. તથા ભગવદ્‌ગીતા અને ભાગવતના એકાદશ સ્કંધમાં પણ તેજ વેદમાંથી કહેલું જ્ઞાન આ બધુંય કલ્પિત થયું છે. એમ કહ્યું છે તેથી કહે છે) સાક્ષાત્ વ્યાપક નારાયણને બ્રહ્માના પ્રથમ ગુરુ કહ્યા છે. મનુષ્યાકૃતિ ધારણ કરેલા તે નારાયણને કૃષ્ણરૂપે ઉદ્ધવ અને અર્જુનના ગુરુ કહ્યા છે. તેવું શંકર ગુરુ પરંપરામાં नारायणं पद्मभुवं वसिष्ठं शक्तिं च तत्पुत्रपराशरं च । व्यासं शुकं गौडपादं महान्तं गोविन्दयोगीन्द्रमथास्य शिष्यम्'' એ પ્રકારે અદ્વૈત સંપ્રદાયના પ્રવર્તક શંકરાચાર્યના મૂલ ગુરુ પણ નારાયણને જ કહ્યા છે. ભાગવતના એકાદશ સ્કંધમાં તથા ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણને ઉદ્ધવ અને અર્જુનના ગુરુ કહ્યા છે. (૨૦)

શ્રીકૃષ્ણે ઉપનિષદ્ સમાન સમગ્ર શાસ્ત્રના સિદ્ધાંતરૂપ ગીતા કહેલી છે, તેને તથા શ્રીકૃષ્ણે કહેલો એકાદશ સ્કંધ પણ કલ્પિત માનો તો તમારા મતની અત્યંત ક્ષતિ થાય. (૨૧)

(અદ્વૈતમતના સિદ્ધાંતવાળા તમો આ પ્રકારે તમારા ગુરુને માયા કલ્પિત કહો તો ''गुरुरेव परं ब्रह्म गुरुरेव परा गतिः'' सहि विद्यातस्तं जनयति, तदिष्टं जन्म, तस्मै न द्रुह्येत् कदाचन'' ''आचार्यं मां विजानीयात्; नावमन्येत् कर्हिचित्'' ગુરુ જ પરંબ્રહ્મ છે, ગુરુ જ પરાગતિ છે. તે જ ગુરુ વિદ્યાર્થી તેમણે ઇચ્છેલો ઇષ્ટ જન્મને પેદા કરે છે, માટે તે ગુરુનો દ્રોહ ક્યારેય કરવો નહીં. મને આચાર્ય જાણો, ક્યારેય તેમનું અપમાન કરવું નહીં. ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિનો વિરોધ આવ્યો. વળી આષાઢી પૂર્ણિમા (ગુરુપૂર્ણિમા) એ ગુરુપૂજનનો વિધિ થાય છે. એ સર્વ નિષ્ફળ થાય. એ કેમ વિચાર કરતા નથી ? હે પંડિતો ! ગુરુ જ પરબ્રહ્મ છે, ઇત્યાદિ વાક્ય પ્રમાણથી વેદાંતના જાણનારા તમોએ જે ગુરુની પૂજા ગુરુ શિષ્યનું કલ્પિતપણું કહેવાથી નિષ્ફળ કરી (મિથ્યા કરી). (૨૨)

(નનુ-અજ્ઞાન દશામાં તો અમો પણ ઉપદેશાદિ સત્ય જ માનીએ છીએ. જ્ઞાન થાય છે. ત્યારે ''यत्र हि द्वैतमिव यत्र त्वस्य सर्वमात्मैव'' ઇત્યાદિ શ્રુતિનો વિચાર કરવાથી દ્વૈત દર્શનનો અભાવ હોવાથી, સર્વ મિથ્યા જ છે. વળી અજ્ઞાન દશામાં ઉપદેશાદિ અસત્ય નથી. અદ્વૈતજ્ઞાન થાય તે વખતે સર્વ મિથ્યા છે. એ પ્રકારે હે પંડિતો ! તમો કહો છો. (૨૩)

આ અર્થમાં ''यत्र हि द्वैतमिव'' એ ઉત્તમ શ્રુતિ પ્રમાણ છે. ''यत्र त्वस्य सर्वम्'' એ પ્રકારે બીજી શ્રુતિ પણ પ્રમાણ છે. તેવી રીતે બૃહદારણ્યક ઉપનિષદમાં દ્વૈતની શ્રુતિઓ છે. તે એકબીજાને જુએ છે; એકબીજાને સુંઘે છે, એકબીજાને અભિવાદન કરે છે, એકબીજાને સાંભળે છે, એકબીજાને માને છે, એકબીજાને જાણે છે; જ્યાં આ બધું આત્મા જ હોય ત્યાં કોણ કોને જુએ ? કોણ કોને સુંઘે ?

કોણ કોને અભિવાદન કરે ? કોણ કોને સાંભળે ? કોણ કોને માને ? કોણ કોને જાણે ? જેનાથી આ બધું જાણે છે તેને કોનાથી જાણે છે ? ઉપરોક્ત અર્થને બતાવનારી શ્રુતિઓ છે :-

''यत्र हि द्‌वैतमिव भवति, तदितर इतरं पश्यति, तदितर इतरं जिघ्रति, तदितर इतरमभिवदति, तदितर इतरं श्रृणोति, तदितर इतरं मनुते, तदितर इतरं विजानाति; यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्, केन के जिघ्रेत्, केन कमभिवदेत्. केन कं श्रृणुयात्, केन कं मन्वीत, तत्केन कं विजानीयाद्, येनेदं सर्वं विजानाति तं केन विजानीयाद्, विज्ञातारमरे केन विजानीयात्'' ॥ (२४)

જો આ તમારો સિદ્ધાંત સત્ય હોય તો કાર્ય સહિત, અજ્ઞાને રહિત, અદ્વિતીય આત્માને જાણનારા ગુરુને દ્વૈત દર્શન કેમ હોય ? ભાવાર્થ એ છે કે તમોએ પ્રમાણ કરેલી શ્રુતિની દૃષ્ટિથી પ્રવૃત્તિમાં દ્વૈતદર્શન રહેતું નથી. જો એમ ન હોય તો ગુરુને પણ દ્વૈતદર્શન બાધિતાનુવૃત્તિથી રહે, ખેદની વાત છે કે શિષ્યને ઉપદેશ આપતી વખતે ગુરુને અવશ્ય અદ્વિતીય આત્મસાક્ષાત્કારની અપેક્ષા હોય છે. તે જો હોય તો ગુરુને અદ્વિતીયાત્મસાક્ષાત્કારથી, અજ્ઞાન અને તેના કાર્યનો નાશ થવાથી, દ્વૈત દર્શનપૂર્વક ઉપદેશાદિ ઘટે નહીં. (૨૫)

હે હરે ! જે કહ્યું તે સત્ય છે. દ્વૈત દર્શન વિના શિષ્યોપદેશ ન બની શકે. જે ઉપદેશ અપાય છે તે તો બાધિતાનુવૃત્તિથી જ અપાય છે. આ અમારો સિદ્ધાંત છે. (૨૬)

હે પંડિતો ! સમ્યક્ જ્ઞાન સ્થિતિમાં તમોએ કહેલી બાધિતાનુવૃત્તિ જ્યારે હોય છે, ત્યારે જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થાય છે, એ ભગવાનનું વચન મિથ્યા થાય છે ભગવદ્‌ગીતામાં કહ્યું છે. ''ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः । तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम्'' આ શ્લોકનો અર્થ બરાબર બેસે નહીં. સમ્યક્ જ્ઞાનની સ્થિતિમાં બાધિતાનુવૃત્તિ રહે છે કે નથી રહેતી ? રહે છે એમ કહેતા હો તો ભગવાનનું પૂર્વોક્ત વચન મિથ્યા થાય. રજ્જુનું જ્ઞાન થવાથી સર્પની ભ્રાંતિરૂપ અજ્ઞાન ટળી જાય છે, તે સત્યતાનો અનુભવ પણ મિથ્યા થાય. હવે બાધિત પદાર્થોની અનુવૃત્તિ નથી રહેતી એમ કહેતા હો તો ઉપદેશની યોગ્યતા રહેતી નથી. (૨૭)

હે પંડિતો ! સમ્યક્ જ્ઞાનની સ્થિતિમાં પણ બાધિતાનુવૃત્તિ હઠપૂર્વક જો તમો પ્રતિપાદન કરો તો, તે કદાચ ભગવાન વિના બીજાઓને સંભવે. પરંતુ અજ્ઞાન અને તેનું કાર્ય જેમાં સર્વથા નથી જ એવા શ્રીકૃષ્ણ, અર્જુન અને ઉદ્ધવને કેમ ઉપદેશ આપે ? (૨૮)

(નારાયણ શ્રીકૃષ્ણાત્મક બ્રહ્મ અવિદ્યાથી, જ્ઞાન નષ્ટ થયેલા શિષ્યાદિમાં, દ્વૈત જોઈને ઉપદેશ કરે છે. તેમાં શો દોષ છે ? એમ કહેતા હો તો કહીએ છીએ) અવિદ્યાથી નાશ થયું છે, જ્ઞાન જેને એવું બ્રહ્મ દ્વૈત જુએ છે, તેથી ઉપદેશ આપે છે. એમ જો કહેતા હો તો તે મતમાં હું કહું છું. (૨૯)

''एकमेवाद्वितीयम्'' એ શ્રુતિથી અદ્વિતીય, બૃહદારણ્યકમાં ''अशब्दमविवृतमसंवृतम्'' એ શ્રુતિથી નિર્લેપ, ''तमेव भान्तमनुभातिसर्वम्'' એ શ્રુતિ સ્વ પ્રકાશ ''निरवद्यं निरञ्जनम्'' એ શ્રુતિથી નિરંજન ''एतद् ब्रह्म बृहत्त्वान्नित्यं शुद्धं बुद्धं मुक्तसत्यमिति'' નૃસિંહોત્તર તાપનીયોપનિષદમાં શુદ્ધ ''स शुद्धः सर्वशुद्धेभ्यः'' એ સ્મૃતિથી શુદ્ધપણું પ્રતિપાદન કરેલું છે. એવું બ્રહ્મ અજ્ઞાનથી પરાભવ કેમ પામે ? (૩૦)

અંધકારથી સૂર્ય આવરણવાળો થયેલો છે. આ પ્રકારનું વચન જેમ હાસ્યાસ્પદ છે તેમ મહાન બ્રહ્મમાં અજ્ઞાનનો સંબંધ થાય છે, તે વચન પણ અતિશય હાસ્યાસ્પદ બને છે. (૩૧)

(શંકા-મેઘો જેમ ક્યારેક ઉત્પન્ન થાય છે. અને ક્યારેક નાશ પામે છે, તેમ બ્રહ્મમાં પણ ક્યારેક અજ્ઞાન ઉત્પન્ન થાય છે અને ક્યારેક નાશ પામે છે. જ્યારે અજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારે ઉપદેશાદિક **દ્વૈતને નાશ કરે છે,** જ્યારે અજ્ઞાન તિરોહિત થાય છે ત્યારે સ્વ સ્વરૂપથી રહે છે એમ કહેતા હો તો ત્યાં હું કહું છું.

હે પંડિતો ! અજ્ઞાન બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન કહેતા હો તો બ્રહ્મ અને અજ્ઞાન બે થાય. અને તેમ થાય તો તમારા અદ્વૈત મતનો વિનાશ થાય. (૩૨)

અજ્ઞાન બ્રહ્મથી અભિન્ન છે. બ્રહ્મ અજ્ઞાનરૂપ માનો તો સર્વ પ્રકારે શુદ્ધ બ્રહ્મને વિષે અજ્ઞાનનું આરોપણ થયું અને તેવી રીતે બ્રહ્મમાં અજ્ઞાનની વ્યાપ્તિ થવાથી, બ્રહ્મની શુદ્ધતાનો નાશ થયો. તેથી અજ્ઞાન રૂપ બ્રહ્મ મુક્તોને આશ્રય કરવા યોગ્ય ન થાય. (૩૩)

તેથી બ્રહ્મમાં (ગુરુરૂપ નારાયણમાં) બાધિતાનુવૃત્તિ સંભવતી નથી. આ પ્રકારે રામાનુજાચાર્યાદિક આચાર્યોએ બ્રહ્મમાં બાધિતાનુવૃત્તિ નિષેધ કરેલી છે. (આજ અર્થ નિત્યાનંદ મુનિએ પણ હરિદિગ્વિજયમાં કહ્યો છે જે દ્વૈત દર્શન વિના શિષ્યોપદેશ થાય નહીં.) બાધિતાનુવૃત્તિથી શિષ્યોપદેશ થાય છે એમ જો કહેતા હો તો તે સમયે તે શું ગુરુમાં છે ? કાર્યસહિત અજ્ઞાન નાશ થાય તો અદ્વૈત દર્શન થાય. જ્ઞાન અને અજ્ઞાન સાથે રહે તે ઘટતું નથી. જેમ તેજ અને અંધકાર સાથે ન રહી શકે તેમ ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः । तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम्'' એ પ્રમાણે ભગવાનનું ગીતામાં વચન છે. તેથી જ્ઞાની ગુરુને બાધિતાનુવૃત્તિ નથી. જેમ રજ્જુનું યથાર્થ જ્ઞાન થવાથી સર્વ પ્રકારે સર્પની ભ્રાંતિ ટળી જાય છે. સર્પની બાધિતાનુવૃત્તિ તો તમારા મતમાં દુઃસાધ્ય છે. અજ્ઞાનીને સદ્‌ગુરુથકી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે ઈશ્વરને ક્યારેય પણ થતી નથી. નિત્ય સિદ્ધ જ્ઞાનવાળા જ સર્વજ્ઞ સર્વવિત્‌માં માયાથી અજ્ઞાન નાશ થવા પહેલાં જ સર્વજ્ઞ સ્થિતિમાં બાધિતાનુવૃત્તિ કહી શકાય નહીં. આવા ઈશ્વરને દ્વૈત દર્શન વિના અર્જુનાદિકને ઉપદેશાદિ વ્યવહાર કેવી રીતે માન્યો ? મિથ્યાભૂત દ્વૈતનું મિથ્યાપણાથી જ દર્શન થાય તે સમ્યક્ જ્ઞાનનું વિરોધી નથી ? એમ માનતા હો તો તમોને કહીએ છીએ. જો ઈશ્વર, પોતાનાથી ભિન્ન, દ્વૈત સર્વ મિથ્યા છે એમ જાણે છે, તો પછી તે તેના નિયમન કરવામાં અને અનુગ્રહ કરવામાં ક્યારેય પ્રવર્તે નહીં. કોઈ પણ ડાહ્યો મનુષ્ય, આકાશ પુષ્પ મિથ્યા છે એમ માનવા છતાં પણ, તેને ગ્રહણ કરવા માટે ક્યારેય પણ પ્રવૃત્તિ કરતો નથી. માટે બ્રહ્મમાં કોઈ પણ પ્રકારે બાધિતાનુવૃત્તિ કહી શકાય નહીં. (૩૪)

હે હરે ! શિશ્યને ઉપદેશરૂપ બાધિતાનુવૃત્તિ તેને તમે (દૂર જ રહો યથાર્થ ન રહો) શિષ્યોપદેશરૂપ ભ્રાંતિ જાણો એમ જો કહેતા હો તો તેમાં શંકા થાય છે. (૩૫)

(આ પ્રકારે સચ્છાસ્ત્રનો સિદ્ધાંત જેમણે યથાર્થ નથી વિચાર્યો અને છતાં સર્વ મિથ્યા છે, એમ કહેનારા પંડિતોનું વચન સાંભળીને જાણે હસતા હોય ને શું ? તેથી શ્રીહરિકૃષ્ણ ભગવાન પ્રત્યેક ઉત્તરમાં

શંકા ઉત્પન્ન કરે છે) આ ભ્રાંતિ કોને થઈ ? કોણે જોઈ ? વળી વસ્તુની સત્યતાથી તે પ્રત્યક્ષ વસ્તુનો બીજે આભાસ થાય પણ જો વસ્તુના સત્યપણાનો અભાવ હોય તો આભાસ થાય નહીં. (૩૬)

બ્રહ્મથી ભિન્ન જગત જો સત્ય હોય તો જ જગતનો બ્રહ્મમાં આભાસ થાય. સર્વ પ્રકારે અસત્યનો તો આભાસ થાય નહીં. (૩૭)

જે સર્પ છે (સત્ય છે) તો રજ્જુમાં સર્પની ભ્રાંતિ થાય છે. તમારા મત પ્રમાણે ત્રણેય કાળમાં પણ અવિદ્યમાન જગતની ભ્રાંતિ બ્રહ્મમાં કેમ થાય ? યથાર્થ ન જ થાય. (૩૮)

(સર્વ પ્રકારે ભ્રાંતિથી થતા આભાસનું અસત્યપણું હોવા છતાં પણ તેનું પ્રતિપાદન તમારા મતમાં હોય તો તે આભાસનો દૃષ્ટા કોણ ?) **શ્રીહરિ પૂછે છે.** હે પંડિતો આ આભાસનો જોનારો પણ બ્રહ્મથી જુદો નથી. કારણ કે ''नान्यदतोऽस्ति द्रष्टृ'' બ્રહ્મથી ભિન્ન દૃષ્ટા નથી, એ શ્રુતિ બ્રહ્મથી ભિન્નનો નિષેધ કરે છે. (૩૯)

અનાદિ અવિદ્યાથી જેનું સ્વરૂપ ઢંકાઈ ગયું છે. તે જ પોતાને વિષે નાનાપણું (વિવિધપણું) જુએ, જેનું સ્વરૂપ અનાદિ અવિદ્યાથી ઢંકાયું નથી, તે પોતાનાથી ભિન્ન વસ્તુને જોતો નથી. (૪૦)

નિત્યમુક્ત જ્ઞાનસ્વરૂપ, પ્રકાશરૂપ, બ્રહ્મ સંબંધી જ્ઞાનનો વિનાશ થયો નથી. તેથી ભ્રાંતિ દર્શન કેમ થાય ? અર્થાત્ ન જ થાય. (૪૧)

હે વિપશ્ચિતો ! બ્રહ્મના જ્ઞાનનો નાશ કહેવાથી બ્રહ્મના સ્વરૂપનો વિનાશ થાય, જ્ઞાન અને પ્રકાશ પર્યાય વાચક છે, જ્ઞાન નાશ થવાથી પ્રકાશાત્મક સ્વરૂપનો નાશ કહ્યો નથી તો પણ થાય છે જ કારણ કે તમારા મતમાં જ્ઞાન જ બ્રહ્મ છે, એમ તમોએ પ્રતિપાદન કર્યું છે. (૪૨)

(શંકા - હે પંડિતો ! તમારા મતમાં ''सत्यं ज्ञानमनन्तं ब्रह्म'' એ શ્રુતિના પ્રમાણથી બ્રહ્મ માત્ર જ્ઞાનસ્વરૂપ જ માનેલું છે, તો ''नान्यदतोऽस्ति द्रष्टृ'' એ શ્રુતિમાં કહેલું દ્રષ્ટાપણું કેમ કહી શકાય ? એ પ્રકારનો શ્રીહરિ વાદ કરે છે.) જે માત્ર જ્ઞાનસ્વરૂપનું છે તેને દ્રષ્ટાપણું કેમ સંભવે? વળી કર્તાપણાના અભાવથી માત્ર જ્ઞાન સ્વરૂપ બ્રહ્મનું દ્રષ્ટાપણું ન જ કહી શકાય. (૪૩)

(સૂત્ર - શ્રુતિ - સ્મૃતિઓમાં બ્રહ્મનું સ્વરૂપ જ્ઞાતૃતા વિશિષ્ટ જ્ઞાનરૂપ છે, એમ જો તમો કહેતા હો તો કહું છું.) હે પંડિતો ! તમારા મત પ્રમાણે બ્રહ્મને જો કેવળ જ્ઞાન સ્વરૂપ જ કહો તો પણ નિત્ય સિદ્ધ જ્ઞાનવાળું બ્રહ્મ તો સર્વથા ભ્રમાદિ દોષથી રહિત હોવાથી, તેમાં ભ્રાંતિ દર્શન પૂર્વોક્ત પ્રકારે કહેવું નહીં. (૪૪)

(ફરીથી પણ બ્રહ્મમાં ભ્રાંતિ દર્શનનો બાધ કહે છે.) જે રજ્જુમાં સર્પ જોવાય છે, તે દ્રષ્ટાના પટલાદિ દૃષ્ટિ દોષથી જોવાય છે. અથવા અંધકારાદિ દોષ હોય તો જોવાય છે. રજ્જુમાં સર્પ બધાને દેખાતો નથી. (૪૫)

તેમાં પણ દૃષ્ટાના દૃષ્ટિ દોષથી જ રજ્જુમાં સર્પ દર્શન થાય. અહીં તો બ્રહ્મથી ભિન્ન સર્વ અસત્ય

હોવાથી બ્રહ્મમાં ભ્રાંતિ દર્શન કેમ થાય ? (૪૬)

(ફરી તેમના મતમાં શંકા ઉત્પન્ન કરીને શ્રીહરિને પૂછે છે) બ્રહ્મને માયાના સંબંધથી દૃષ્ટાપણું છે, સ્વાભાવિક નથી. એમ જો કહેતા હો તો તમોએ કહેલો માયાનો સમ્બન્ધ બ્રહ્મમાં આગંતુક છે કે સ્વાભાવિક છે ? (૪૭)

(જો તમો કહો કે બંને પ્રકારે બ્રહ્મમાં માયાનો યોગ છે ત્યાં દૂષણ કહું છું) બ્રહ્મમાં માયાનો સંબંધ આગંતુક છે. તો પૂર્ણ બ્રહ્મના વિભુપણાની હાની થશે, યથાર્થ વ્યાપકપણું મટી જશે. જો બ્રહ્મમાં માયાનો યોગ સ્વાભાવિક સ્વીકાર કરો તો નિત્ય બ્રહ્મમાં માયાનો સંબંધ ઉપસ્થિત થશે. (૪૮)

જો તમો બ્રહ્મ માયાવિશિષ્ટ છે, એ પ્રકારે જ કહો તો તમારા મતમાં બ્રહ્મમાં નિર્વિશેષણપણાની હાનિ આવશે. (૪૯)

માયા સબલિત બ્રહ્મ કહેવામાં તમોને બીજો પણ દોષ પ્રાપ્ત થાય છે. સૃષ્ટિની રચના પહેલાં બ્રહ્મને, જગત નહીં દેખવામાં શું કારણ હતું ? (૫૦)

ઈક્ષણના વિધાનનો (स ऐक्षत એ શ્રુતિથી બ્રહ્મ જુએ છે તે જોવાની ક્રિયાનો) અભાવ હોવાથી જગતની પ્રતીતિ થતી નથી એમ તમે કહો તો પણ, ઈક્ષણના અવિધાનમાં (જોવાની ક્રિયાના અભાવનું) શું કારણ છે ? ઈચ્છા કારણ છે એમ કહેતા હો તો સૃષ્ટિનાં પહેલાં ઈચ્છા યુક્ત બ્રહ્મ છે શું ? (૫૧)

સૃષ્ટિના પહેલાં પણ બ્રહ્મ ઈચ્છા યુક્ત હોય તો તમારા મતમાં બ્રહ્મ વિશિષ્ટ સિદ્ધ થયું એમ જો તમો સ્વીકાર કરતા હો તો, હે પંડિતો ! તમો સ્પષ્ટતાપૂર્વક મારા માર્ગમાં આવ્યા. (૫૨)

હે પંડિતો ! બ્રહ્મને ઈચ્છાવિશિષ્ટ માનો તો કેવલ દ્વૈતની ચ્યુતિ થઈ જ. એમ જાણો. હે પંડિતો! આ પ્રમાણે તમારા કથનથી તમારો મત ખંડન થયો છે. (૫૩)

(શંકા-હે પંડિતો ! બ્રહ્મનો જે કાંઈ શક્તિયોગ, માયાના અંગિકાર પછી, તમોએ સ્વીકાર કર્યો તો બ્રહ્મ નિર્વિશેષક નામની શક્તિથી માયા અંગીકાર કરી એમ જો કહેતા હો તો, તેવી બીજી શક્તિ છે. તો બ્રહ્મની નિર્વિશેષતાની હાની થઈ એમ કહી શ્રીહરિ તેમને પૂછે છે) બ્રહ્મે વિભુપણું અંગીકાર કર્યા પહેલાં માયા કોને આશરે હતી ? જો એમ કહો કે માયા બ્રહ્મને આશરે હતી તો બ્રહ્મ માયા યુક્ત છે એમ સિદ્ધ થયું. (૫૪)

શંકા-માયાનું પરમાર્થપણું (સત્યતા) જ નથી, તેથી આગળ કહેલો દોષ નહીં આવે એમ કહેતા હો તો તેમાં શંકા કરું છું તે સાંભળો. (૫૫)

તમારા મતનું માયાનું અપરમાર્થપણું ભલે હોય, પરંતુ અપરમાર્થ શબ્દથી તમારે કહેવાનું તાત્પર્ય શું છે ? (૫૬)

અપરમાર્થ શબ્દથી રજ્જુ સર્પની માફક માયાનું મિથ્યાપણું કહો છો અથવા માયા વિકાર યુક્ત હોવાથી બ્રહ્મના સમાનપણાથી રહિત છે એમ કહો છો ? (૫૭)

જો રજ્જુ સર્પની માફક માયાનું મિથ્યાપણું કહો તો તમારા મતમાં કહેલું અજ્ઞાનનું લક્ષણ (અજ્ઞાનથી જગત ભાસે છે પણ જો અજ્ઞાન મિથ્યા હોય તો જગત ભાસે નહીં.) દૂષણ પામે. (૫૮)

હે પંડિતો ! તમારા સંપ્રદાયમાં જ્ઞાનનું વિરોધ ત્રણ ગુણવાળું સત્તા સ્વરૂપ કહેલું અજ્ઞાન સર્વ પ્રકારે મિથ્યા ન થાય. (ભાવપનું અભાવપણું ક્યારેય પણ થતું નથી.) (૫૯)

(જો તમો બલાત્કારથી અભાવરૂપને જ કારણ કહો તો તે પણ યોગ્ય ન કહેવાય.) કારણ કે આકાશ પુષ્પની માફક કારણના અભાવથી કાર્યની ઉત્પત્તિ કોઈ પણ શાસ્ત્રમાં સાંભળી નથી. ભાવરૂપ કાર્યનું ભાવરૂપ કારણ જ યોગ્ય છે. (૬૦)

શંકા-ભાવરૂપ કાર્યનું ભાવરૂપ જ કારણ હોય એમ નિયમ નથી જ. દોરડીમાં ભ્રમથી થયેલા સર્પરૂપ જ્ઞાનમાં કારણ નથી. છતાં પણ તેનાથી ઉત્પન્ન થયેલા ભયથી શરીરમાં કમ્પ થાય છે, તે સત્ય છે અને દેખાય છે. તેથી કાર્યને કારણની અપેક્ષા હોવી જોઈએ એ નિયમ નથી. એ પંડિતોની શંકા શ્રીહરિ પોતે જ ઉત્પન્ન કરીને તેનું સમાધાન કરે છે. રજ્જુમાં સર્પના ભાસથી ઉત્પન્ન થયેલા ભયથી શરીરમાં કમ્પ જણાય છે. ત્યાં કારણની સત્યતા ક્યાં છે ? નથી જ. તેથી (સત્ય દેખાવા છતાં-જેમ કંપ દેખાય છે અને તે સત્ય છે) અજ્ઞાનથી મિથ્યા આભાસ રૂપે ભાસતા જગતને માટે, કારણની સત્તાનો નિયમ જ નથી. (૬૧)

હે પંડિતો ! એમ તમો કહેશો તો બાધ આવશે કારણ બીજે સ્થળે પૂર્વે જે સત્ય સર્પ જોએલો છે, તેનો રજ્જુમાં આભાસ અને સ્મરણથી જોનારને ભય ઉત્પન્ન થાય છે, અને કંપ થાય છે. તેથી તે ભય સત્ય છે. મિથ્યા સર્પના દર્શનથી ભય ઉત્પન્ન થયો નથી. (૬૨)

હે પંડિતો ! આકાશ પુષ્પની માફક અસત્ય અને મિથ્યા કારણથી ક્યારેય પણ સત્કાર્યની ઉત્પત્તિ થતી જ નથી. તેથી શાસ્ત્ર જાણનારાઓમાં ઉત્તમ પુરુષોએ અજ્ઞાન પર્યાય જગતના કારણભૂત માયાને સર્વથા સત્ય માનેલી છે. (ત્રણેય કાળમાં સત્ય છે) અસત્કારણથી કાર્યની ઉત્પત્તિનો સંભવ ન હોવાથી, કારણરૂપ જગત સત્ય હોવાથી તેના કારણના સત્યપણાનું અનુમાન કરવું. (૬૩)

(ઉપર કહેલા કારણની સત્યતાને વિશેષ સ્પષ્ટ કરે છે.) હે વિદ્વાનો ! ''**परोत्पत्त्यनुकूलशक्तिमत्त्वरूपैकलक्षणम्**'' કાર્યોત્પત્તિમાં અનુકૂળ જે શક્તિશાળીપણું તે એક લક્ષણ જેનું (બ્રહ્મનું) છે, એવું કારણપણું તો ક્યારેય અસત્‌નું એટલે કે જે કાર્યોત્પત્તિમાં અનુકૂળ શક્તિના કારણથી રહિત હોય તેનાથી બની શકતું નથી. (ક્વચિત્ પદમાં અક્ષરોના અધિકપણાથી દોષ કલ્પાતો નથી. એમ પ્રક્ષિપ્ત પ્રકીર્ણ કારિકાના આખ્યાનમાં યશોધર ભટ્ટે કહ્યું છે) એવી રીતે ''**क्वचित् परोत्पत्त्यनुकूलशक्तिमत्त्वरूपैकलक्षणम्**'' એ લક્ષણમાં પણ જાણી લેવું. (૬૪)

(એ પ્રમાણે કારણની સત્યતાનું પ્રતિપાદન કરીને ફરીથી પણ શ્રીહરિ પંડિતોની શંકાનું સમાધાન કરે છે.)

હે હરે ! જે પક્ષમાં કાર્ય સત્ય હોય તે પક્ષમાં કારણની સત્યતા ભલે હોય. અમારા મતમાં

તો ક્યારેય પણ કાર્યની સત્યતા છે જ નહીં. માટે અમારા મતમાં બાધ નથી. (૬૫)

હે હરે ! સ્વપ્નાવસ્થામાં ચોરે કરેલા મસ્તક છેદનમાં સ્વપ્નમાં દેખાતા ચોર છેદન કર્મના સ્પષ્ટ કારણરૂપે છે. (૬૬)

તેવી રીતે અસત્ વિશ્વરૂપ કાર્યનું કારણ અસત્ જ છે. એમ કહેતા હો તો હે પ્રાજ્ઞો ! અમો કહીએ છીએ. (૬૭)

''वैधर्म्याच्च न स्वप्नादिवत्'' એ પણ સૂત્ર છે. તે સૂત્રમાં સ્વપ્ન અને જાગ્રતના સમપણાનો વૈધર્મ્યરૂપ હેતુથી નિષેધ કર્યો છે. તેવી રીતે શ્રીભાષ્યમાં રામાનુજાચાર્યે સ્વપ્ન જ્ઞાનમાં વૈધર્મ્ય હોવાથી, જાગ્રત અવસ્થાનું જ્ઞાન મિથ્યા છે એમ કહેવું યોગ્ય નથી. સ્વપ્નાવસ્થાનું જ્ઞાન તો તેનાથી વિરુદ્ધ છે. માટે સ્વપ્ન અને જાગ્રત અવસ્થાના જ્ઞાનનું સામ્યપણું નથી. બધા જ્ઞાનનું અર્થ શૂન્યપણું તમો માનો તો ''नाभाव उपलब्धेरित्येतत्'' સૂત્રમાં પૂર્વપક્ષ પ્રતિપાદન કરેલો છે. સર્વ જ્ઞાનના સાકારપણારૂપ સાધ્ય અર્થની પણ સિદ્ધિ નહીં થાય. આલમ્બન શૂન્ય અનુમાન અર્થશૂન્ય હોવાથી, તેના અર્થના જ્ઞાનથી અર્થશૂન્યપણાની સિદ્ધિ થતી નથી. (૬૮)

તે બતાવે છે ''सत्त्वाच्चापरस्य'' એ સૂત્રમાં કહ્યું છે કે, કારણ બ્રહ્મ ત્રણેય કાળમાં કાર્ય સત્તાનો ત્યાગ નથી કરતું, કાર્યની કારણમાં સત્તા હોવાથી કારણથી કાર્યનું જુદાપણું નથી. લોક અને વેદમાં કાર્ય કારણથી જ જણાય છે એમ કહ્યું છે. જેમ લોકમાં આ બધા શરાવાદિક પૂર્વે મૃત્તિકા દ્રવ્યરૂપે હતાં. વેદમાં પણ ''सदेव सोम्येदमग्र आसीत्'' હે સોમ્ય ! આ બધું સૃષ્ટિથી પહેલાં સત્ જ હતું. (૬૯)

તથા કાર્યરૂપ આ જગત ત્રણેય કાળમાં 'સત્પણાનો' ત્યાગ નથી કરતું. આ પ્રકારે સૂત્રનો અર્થ ભાષ્યકારના મતમાં છે. તેવી રીતે શ્રી ભાષ્ય ''अवरस्य कार्यस्योत्पत्तेः पूर्वं कारणानन्यत्वेन सत्त्वात् सत्त्वश्रवणाद् उत्पत्त्यनन्तरमनन्यत्वसिद्धमित्यर्थः'' । ''ब्रह्म वा इदमग्र आसीत्'' ઈત્યાદિકમાં ઈદં પદનું બ્રહ્મ સાથે સમાધાનિકરણપણું હોવાથી ભિન્ન બ્રહ્મથી જગત નથી, એમ જોવું. જો ભિન્ન હોય તો બ્રહ્માત્મકથી પહેલા પ્રપંચનું અસત્પણું હોય તો બ્રહ્મથી ઉત્પત્તિ બની શકે નહીં. રેતીમાંથી તેલ નથી. તો રેતીમાંથી તેલ ઉત્પન્ન થતું નથી. એ પ્રકારે તલમાં જો તલસ્વરૂપ તેલ રહેલું છે, તો તલ પીલાવાથી તેલ નીકળે છે. જો રેતીમાં તેલ નથી તો તેમાંથી તેલ નીકળતું નથી. એ પ્રકારે કાર્યકારણ બંનેનું સત્યપણું જ છે. (૭૦)

કાર્ય અને કારણનું અસત્પણું સ્વીકાર કરો તો તમારો સિદ્ધાંત આસુરી જ થાય. અહીંયા તેવા પ્રકારના સિદ્ધાંતમાં હું સંક્ષેપથી પ્રમાણ વચનો કહું છું. (૭૧)

અસુરો જગતને અસત્ય-અપ્રતિષ્ઠિત અને અનીશ્વર કહે છે. આ પ્રકારે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં આસુરમત કહેલો છે. ''असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् । अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् इति'''' એ શ્લોકનુ રામાનુજનું ભાષ્ય આ પ્રમાણે છે. અસત્ય આ જગત સત્ શબ્દથી બતાવેલું બ્રહ્મનું કાર્ય હોવાથી બ્રહ્માત્મક છે એ પ્રકારે કહેતા નથી. વળી બ્રહ્મમાં પ્રતિષ્ઠિત નથી એમ કહે છે. બ્રહ્મે ધારણ કરેલી જ પૃથ્વી સર્વ લોકોને ધારણ કરે છે તે કહ્યું છે. ''तेनेयमतिवीर्येण विधृता सकला मही । बिभर्ति

मालां लोकानां सदेवासुरमानुषामिति'' અનિશ્વરમ્, સત્ય સંકલ્પ, પરબ્રહ્મ, સર્વેશ્વર એવા મેં જ આ નિર્માણ કર્યું છે, તેમ નથી કહેતા, ''હું સર્વની ઉત્પત્તિમાં કારણ છું મારાથી સર્વે પ્રવર્તે છે'' એમ ગીતામાં કહ્યું છે. એ પ્રકારે કહે છે કે ''अपरस्परसंभूतं किमन्यत्'' સ્ત્રી પુરુષના પરસ્પર સમ્બન્ધથી ઉત્પન્ન થયેલું આ મનુષ્ય, પશુ આદિ જગત ઉપલબ્ધ થાય છે. સ્ત્રી પુરુષના પરસ્પર સમ્બન્ધ વિનાનું બીજું શું ઉપલબ્ધ થાય છે ? કાંઈ પણ થતું નથી. તેથી આ સર્વજગત્, સ્ત્રી-પુરુષ સંસર્ગ જન્ય હોવાથી કામ હેતુવાળું છે. (૭૨)

હે પંડિતો ! તેથી કાર્ય સહિત માયાનું સર્વ પ્રકારે મિથ્યાપણું તમારાથી નહીં કહી શકાય. કારણ કે માયાના સત્યપણાનું તમે ઉપપાદન કર્યું છે. (૭૩)

માયાના સત્યપણામાં પ્રમાણો કહે છે : અગીયાર ઇન્દ્રિયો, પંચમહાભૂત, એ સોળ વિકારોની ઉત્પત્તિમાં કારણ તે સાંખ્ય કૌમુદીમાં કહ્યું છે. ''मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त । षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः इति, अष्टरूपां-भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च । अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा इति, એ પ્રકારે ભગવદ્ ગીતામાં કહેલી ભૂમિ વગેરે આઠ સ્વરૂપવાળી માયા ''ध्रुवामिति'' એ પ્રકારે શ્રુતિ चूलिकोपनिषद् માં છે. તે જ પ્રકારે अजाम् एकाम् लोहित એ પ્રકારે બીજી શ્રુતિ શ્વેતાશ્વેતરોપનિષદ્‌માં છે. જેમ કે अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः । अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः ''इति આજ શ્રુતિ બૃહદ્ ઉપનિષદ્ તથા નારાયણોપનિષદ્‌માં લગારેક પાઠાંતરથી કહેલી છે. ''अजामेकां रोहितशुक्लकृष्णां बह्वीं प्रजां जनयन्तीं सरूपामिति. (૭૪)

''अस्मान्मायी'' ઈત્યાદિક ઘણી શ્રુતિઓ અવિષયમાં પ્રમાણરૂપ છે. હે નિપુણો ! આ પ્રકારે તમારે જાણવું. તે બતાવે છે કે શ્વેતાશ્વેતરોપનિષદમાં ''अस्मान्मायी सृजते विश्वमेतत्तस्मिँश्चान्यो मायया संनिरुद्धः'' । ''मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्'' બ્રહ્મના શરીરથી આ પરિદૃશ્યમાન જગત બધું વ્યાપ્ત છે. (૭૫)

महद् ब्रह्म - માયા મારી શક્તિ હોવાથી, મારા સમ્બન્ધવાળી જગતની ઉત્પત્તિમાં કારણભૂત છે. તેમાં હું ગર્ભ ધારણ કરું છું એ સ્મૃતિ છે. ''दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।'' (૭૬)

પ્રકૃતિ તથા પુરુષ એ બંનેને પણ અનાદિ જાણો. એ આદિક ઘણી સ્મૃતિઓ પ્રમાણભૂત છે. (૭૭)

હે પ્રાજ્ઞો ! જે વસ્તુ (પ્રકૃતિ) સર્વ પ્રકારે મિથ્યા છે. (તમારા મત પ્રમાણે) તો તેને ધ્રુવપણાથી તેમ જ અજત્વાદિ મુખ્ય પદોથી કેમ કહેવાય ? ''अजां ध्रुवां'' ત્યાં અજત્વેન, ધ્રુવત્વેન પદોથી પ્રકૃતિને કહી છે. જે વસ્તુ મિથ્યા છે તેને ધ્રુવ અને અજત્વાદિ પ્રબળ વાક્યોથી કહી શકાય નહીં. ''લઘુભાગવતામૃત''માં ''याथातथ्यतोऽर्थान् व्यदधात्'' એ શ્રુતિથી સત્ય કાર્યનું કારણ સત્ય અને શક્તિ પણ સત્ય છે. ઈન્દ્ર જાળની માફક નથી. આ પ્રમાણે ''उपरतसमस्तमायामये'' આ ગદ્યની ટીકામાં માયાના કાર્યને પણ સત્ય

કહ્યું હોવાથી તેના કારણની સત્યતા કહેવામાં આવે તેમાં શી નવાઈ ? તે તો હોય જ. (૭૮)

આ પ્રકારે પ્રમાણ વચનોથી પ્રથમ પક્ષને ખોટો કર્યો. બીજો પક્ષ કહેતા હો તો તમો સત્યપણાથી સ્વીકાર કરતા હો તો માયાની બ્રહ્માના સમાન સત્તા નથી. (૭૯)

હે પંડિતો ! માયા વિકારવાન હોવાથી બ્રહ્મ સમાન નથી. આ પ્રકારનો પક્ષ તો સર્વથા યોગ્ય છે. (૮૦)

विकारजननीं'' ઇત્યાદિ શ્રુતિના શબ્દોથી માયાને નિત્ય વિકારવાળી કહેલી છે. તેવી જ રીતે ''**सततविक्रिया**'' ઇત્યાદિ સ્મૃતિ શબ્દોથી પણ નિત્ય વિકારવાળી કરેલી છે. તેવી રીતે વેદાર્થ સંગ્રહની ટીકામાં ''**अचेतना परार्था च नित्या सततविक्रिया । त्रिगुणा कर्मिणां क्षेत्रं प्रकृते रूपमुच्यते**'' કહ્યું છે. (૮૧)

હે પંડિતો ! પ્રકૃતિ વિકારવાળી તેમ જ નિત્ય પરિણામવાળી હોવાથી, હંમેશાં તેના એક સ્વરૂપપણાનો અભાવ છે. (૮૨)

બ્રહ્મની સમાન પ્રકૃતિના સ્વરૂપની સ્થિતિ ક્યારેય પણ નથી જ. એ કારણથી પ્રકૃતિનો અનૃતાદિ પદો વડે જ ઉપચાર કરાય છે. (૮૩)

ઉત્પત્તિપણું વિનાશપણું અને અનિત્યપણું વગેરે જેના ધર્મ છે તેથી પ્રકૃતિનાં કાર્યો પણ સર્વ પ્રકારે અનિત્ય કહેવાય છે. (માયાની માફક અસત્ય કહેવાય છે) (૮૪)

એ પ્રકારે માયાના કાર્યો અસત્ મિથ્યાદિ શબ્દોથી કેમ કહેવાય છે ! એમ કહેતા હો તો કહું છું.) હે પંડિતો ! માયાના કાર્યોનો શબ્દોથી ઉપદેશ કરાય છે તેથી વૈરાગ્ય પણ પમાય છે. (૮૫)

તે પ્રકારે શાસ્ત્ર નિપુણોએ માયાના કાર્યોને, રજ્જુમાં સર્પ, કિરણોમાં જળ, સ્વપ્નમાં સૃષ્ટિ વગેરે દૃષ્ટાંતો વડે અનિત્ય કહ્યાં છે. (૮૬)

આ પ્રકારે કાર્ય સહિત માયાનું સત્યપણું કહેવાથી તમારા મતમાં નિયામક બ્રહ્મને અન્ય વસ્તુથી વિશિષ્ટપણું પ્રાપ્ત થયું. (૮૭)

(શંકા-હે હરે ! ''**सदेव सोम्येदमग्र आसीत्**'' એ શ્રુતિ ''**एकमेवाद्वितीयम्**'' સ્પષ્ટતાથી બ્રહ્મનું અદ્વિતીયપણુ કહે છે. (૮૮)

આ શ્રુતિમાં 'એક' આદિ પદ સજાતીયાદિભેદ રહિત હોવાથી કેવળ એક જ શુદ્ધ બ્રહ્મને કહે છે. તેવી રીતે છન્દોગ્યની અર્થ પ્રકાશિકા નામની ટીકામાં ''**एकमिति**'' **आत्मान्तर प्रतियोगिक सजातीय** ભેદનો નિષેધ કરાય છે. **एवंकार**થી આનંદાદિ ધર્મપ્રતિયોગિક સ્વગત ભેદનો નિષેધ કરાય છે. **अद्वितीय** પદથી અનાત્મપ્રતિયોગિક વિજાતીય ભેદનો નિષેધ કરાય છે. (૮૯)

તેથી અન્ય વસ્તુના સ્વીકારમાં બ્રહ્મનું અદ્વિતીયપણું સ્વીકાર્યા પછી, માયા નામની અન્ય વસ્તુની સત્યતા કહેવાથી, સત્‌રૂપ બ્રહ્મના અદ્વિતીયપણાની શ્રુતિમાં રહેલું અદ્વિતીય પદ, અને તેથી વિજાતીય

માયાત્મક ભેદનું નિવારણ કરી નાખ્યું છે. તે ભેદની નિવૃત્તિથી (નાશથી) બ્રહ્મને પ્રાપ્ત થયેલું કેવળપણું કેમ સંભવે ? માયાનું સત્યપણું કહેવાથી બ્રહ્મનું કેવળપણું નષ્ટ થયું. તેથી આ શ્રુતિનો અર્થ અર્થપ્રકાશિકાખ્ય છાન્દોગ્ય ટીકાકાર નિત્યાનંદ સરસ્વતીએ કરેલો છે તે યોગ્ય જણાય છે. (૯૦)

હે પંડિતો ! માયાની સત્યતા કહેવાથી આદૂષણ આવે છે. એમ તમો કહો છો તો સાંભળો. આ શ્રુતિનો તમો કહ્યો તે પ્રકારનો નિર્બાધ અર્થ નથી. પરંતુ બાધ રહિત અર્થ બીજા પ્રકારે છે. (શંકા-જુદા પ્રકારથી કરેલો અર્થ જો મોટા પુરુષોએ નહીં કહ્યો હોય તો અમો નહીં સ્વીકારીએ, એમ હોય તો હું કહું છું.) રામાનુજાચાર્યે કરેલો એ શ્રુતિનો નિર્બાધ અર્થ હું કહું છું. (૯૧)

હે વિદ્વત્વર્યો ! અન્ય વસ્તુથી વિશિષ્ટ જ બ્રહ્મનું અદ્વિતીયપણું છે. એવી રીતે આ શ્રુતિનું હાર્દ છે. તેવી રીતે રામાનુજકૃત વેદાંતસારમાં, નનુ આ શ્રુતિમાં સ્પષ્ટ પણે બ્રહ્મનું અદ્વિતીયપણું કહે છે. અન્ય વસ્તુનો સદ્‌ભાવ-સત્‌પણું-સ્વીકારીએ તો કેવી રીતે અદ્વિતીયપણાની સિદ્ધિ થાય ? તો કહીએ છીએ. અન્ય વસ્તુનો સ્વીકાર એ વિશિષ્ટનું જ અદ્વિતીયપણું છે એ શ્રુતિનો એ અભિપ્રાય છે. (૯૨)

હે પંડિતો ! આ શ્રુતિમાં સૃષ્ટિકાળમાં વિભક્ત નામરૂપ જેને છે અને બહુપણાથી અવસ્થાન (સ્થિતિ) જેને છે, એવું જગત છે. તે જગત જેનું શરીર છે એવું બ્રહ્મ છે. એ પ્રકારે ઈદમ શબ્દ કહે છે. હે પંડિતો ! તેની માફક આ શ્રુતિમાં 'એક' શબ્દ છે, તે સૃષ્ટિની પહેલાં અવિભક્ત રુપે બ્રહ્મ સાથે એકપણાને પામેલું જગત જેનું શરીર છે તે સર્વાધાર, સર્વજ્ઞ, સર્વ શક્તિમાન બ્રહ્મ છે, એવું 'એક' શબ્દ કહે છે. (૯૩-૯૫)

આ શ્રુતિમાં અદ્વિતીય શબ્દ સર્વ વિશ્વ જેનું શરીર છે અને અન્ય અધિષ્ઠાનથી રહિત બ્રહ્મને કહે છે. (૯૬)

(શંકા-એ પ્રકારે આ શ્રુતિનો અર્થ કેમ કર્યો એમ જો કહેતા હો તો અમે કહીએ છીએ) હે પંડિતો! ''मूलमनाधरम्'' ઈત્યાદિશ્રુતિઓથી ''किं तदासीन्नैवेह किंचान्नाग्रआसीन्मूलमनाधारम्'' ''यत इमाः प्रजाः प्रजायन्ते'' ''दिव्यो देव एको नारायणः'' ઈત્યાદિ સુબાલોપનિષદ્‌ની શ્રુતિઓ તથા ''सदेव सोम्येदं'' એ શ્રુતિ તે સર્વ શ્રુતિઓનો એક જ અર્થ છે, કારણ કે સર્વ કારણાદિ શ્રુતિના અર્થની એકતા અવશ્ય છે જ, તેથી અમે કહ્યું તે પ્રમાણે જ તેનો અર્થ જાણવો બીજી રીતે જાણવો નહીં. તે બતાવે છે. ''वेदान्तसारे'' इदं આ વિભક્ત નામરૂપવાળું, ઘણી અવસ્થાવાળું જે જગત, તે જગત જેનું શરીર છે, તે બ્રહ્મ સૃષ્ટિ પહેલાં એક જ અવિભક્ત નામરૂપપણાથી, એકપણાની અવસ્થાને પામેલું જ, ''अद्वितीय'' અધિષ્ઠાનાન્તર શૂન્ય સત્‌જ હતું ''मूलमनाधारम्'' ઈત્યાદિ શ્રુતિઓની સાથે તેના અર્થની એકતા છે. (૯૭)

આ શ્રુતિમાં 'સત્‌' શબ્દ વિશેષ્ય પરમાત્માનો વાચક પણ છે. કારણ કે તે વિશેષપણાનું નિમિત્ત અને વળી નિયંતા છે, તેથી. (૯૮)

હે પ્રાજ્ઞો ! હેતુપણામાં ઉપયોગી ગુણોવાળા, પુરૂષ અને પ્રકૃતિ જેનું શરીર છે તે પરમાત્માને તે તત્વથી બતાવે છે. (૯૯)

હે પંડિતો ! ''सदेव'' એમાં ''एव'' કારથી ન્યાયશાસ્ત્ર જાણનારાઓનો મત (કણાદ, ગૌતમાદિનો) સૃષ્ટિથી પહેલાં જગતનું અસત્‌પણું સર્વ પ્રકારે નિવૃત્તિ પામે છે. તે નૈયાયિકો ઉત્પત્તિના પહેલાં કાર્યનો પ્રાગભાવ કહે છે. એમ કહીને જગતની ઉત્પત્તિથી પહેલાં અસત્‌પણું છે, ઉત્પત્તિ પછી સત્‌ છે, એમ બોલે છે. (૧૦૦)

''एकमेव'' ત્યાં ''एव'' કાર છે તે પણ बहुस्याम् એ શ્રુતિએ કહેલી સૃષ્ટિ સર્જનના કાર્યની બહુપણારૂપ (ભેદ) અવસ્થાને નિવૃત્તિ પમાડે છે. તેવી રીતે વેદાંત તત્ત્વસારમાં સત્‌ શબ્દ અહીં વિશેષ્ય ભૂત પરમાત્માનો વાચક છે. છતાં પણ સર્વના કારણ અને સૃષ્ટિ સર્જન રૂપી કાર્યવિષયની ઉત્પત્તિના સામર્થ્યવાળા હોવાથી, તે કાર્ય વિષયમાં ઉપયોગી ગુણવિશિષ્ટ પ્રકૃતિપુરુષ શરીરવાળા, પરમાત્માની ઉપસ્થિતિ બતાવે છે. તેવી રીતે અહીં ''सदेव'' એ શ્રુતિમાં ''एव'' કારથી નૈયાયિકોનો મત ઉત્પત્તિ પહેલાં જગતનાં અસત્‌પણાની નિવૃત્તિ પમાડે છે. ''एकमेव'' એ શ્રુતિમાં ''एव'' કારથી ''बहुस्याम्'' એ શ્રુતીમાં કહેલી સૃષ્ટિ સર્જનની ઇચ્છાથી કાર્યરૂપ સૃષ્ટિના બહુપણા રૂપ અવસ્થાને ટાળી નાંખે છે. કારણ કે સર્વ કારણવાદી શ્રુતિઓની એક વાક્યતાની આવશ્યકતા હોવાથી. (૧૦૧)

આ અર્થમાં પ્રમાણભૂત ''विष्णुस्तथासीत्'' એ શ્રુતિ છે, તેવા પ્રકારની શ્રુતિ સુબાલોપનિષદ્‌માં ''विष्णुस्तथासीद्धरिरेव निष्कलः'' एकोह वै नारायण आसीन्न ब्रह्मा, नेशानो, नेमे द्यावापृथ्व्यौ, न नक्षत्राणि, नापो, नाग्निः, न सोमो, न सूर्यः स एकाकी न रमते तस्य ध्यानान्तःस्थस्यैका कन्या दशेन्द्रियाणि इत्यारभ्य किंत दासीनैवेह किंचनाग्र आसीन्मूलमनाधारं यत इमाः प्रजाः प्रजायन्ते दिव्यो देव एको नारायण इति तद्वेदं तर्ह्यव्याकृतमासीत्'' એવી બીજી શ્રુતિ અહીં પ્રમાણને માટે છે. તે બતાવે છે કે, ''तद्वेहं तर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यां व्याक्रियतेति'' આ શ્રુતિઓ સૃષ્ટિથી પહેલાં સત્‌રૂપ જગતની ઉત્પત્તિકાળમાં, કેવળ નામરૂપને સંબોધે છે. એવો શ્રુતિઓનો તાત્પર્યાર્થ છે. (૧૦૨)

આ પ્રકારે કારણને કહેનારી ઘણી શ્રુતિઓ છે. તે શ્રુતિઓની એક વાક્યતા આવશ્યક છે જ. (૧૦૩)

તેથી ''सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्'' એ શ્રુતિનો અર્થ મેં કહ્યા પ્રમાણે જ જાણો. બીજી રીતે અર્થ કરીએ તો તે શ્રુતિઓનો પરસ્પર વિરોધ જ આવે. (૧૦૪)

તેવી જ રીતે શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં ''एको नारायणा देवः'' ઇત્યાદિ ત્રણ પદોથી આ શ્રુતિનો અભિપ્રાય મહામુનિ દત્તાત્રેયે યદુરાજાને પ્રીતિપૂર્વક સ્પષ્ટ કહેલો છે. ''एको नारायणो देवः पूर्वसृष्टं स्वमायया । संहृत्य कालकलया कल्पान्त इदमीश्वरः । एक एवाद्वितीयोऽ भूदात्मधारोऽखिलाश्रयः । कालेनात्मानुभावेन साम्यं नीतासु शक्तिषु । सत्त्वादिष्वादिपुरुषः प्रधानपुरुषेश्वरः । परापराणां परम आस्ते कैवल्यसञ्ज्ञितः ॥'' इति (૧૦૫-૧૦૬)

શ્રીમદ્‌ભાગવતના શ્લોકોમાં બ્રહ્મનું અખિલાશ્રયપણું હોવા છતાં પણ તેનુ અદ્વિતીયપણું જ કહ્યું છે. તેથી વિશિષ્ટ બ્રહ્મનું જ સર્વ પ્રકારે અદ્વિતીયપણું સિદ્ધ થાય છે. અહીં 'सर्वथा' એ પદનો વારાહાદિ

પુરાણ વચનો પણ એ જ અર્થનું પ્રતિપાદન કરે છે, એમ કહે છે. તે વચનો કહે છે. ''वाराहे ''मय्येव सकलं जातं, मयि सर्वे प्रतिष्ठितं । मयि सर्वे लयं याति, तद् ब्रह्माद्वयमस्म्यहम्'' इति श्वेताश्वेतरोपनिषदि च, ''ॐ ब्रह्मवादिनो वदन्ति किं कारणं ब्रह्म कुतः स्म जाता, जीवाम् केन क्वच संप्रतिष्ठिताः । अधिष्ठिताः सुखेतरेषु वर्तामहे ब्रह्मविदो व्यवस्थाम् । कालः स्वभावो नियतिर्यदृच्छाभूतयोनिः पुरुष इति चिन्त्यम् । संयोग एषां न त्वात्मभावादात्माप्यनीशः सुखदुख हेतोः । ते ध्यानयोगानुगता अपश्यन् देवात्मशक्तिं स्वगूढामिति એ પ્રકારે મંત્રાભિમાની દેવતાઓ પણ સૂક્ષ્મ ચિદ્ચિદ્વિશિષ્ટ પરમાત્માને જ સર્વનું કારણ કહે છે. શ્રીમદ્ ભાગવતમાં 'भक्तियोगेन मनसि सम्यक् प्रणिहिते मले । अपश्यत्पुरुषं पूर्णं मायां च तदुपाश्रयामिति'' ઈત્યાદિથી વિશિષ્ટપણું કહેલું છે. (૧૦૭)

હે પંડિતો જે શ્રુતિઓ નિરાકાર નિષ્ક્રિય બ્રહ્મને કહે છે. એ શ્રુતિ વાક્યમાં નિરાકાર પદથી આકાશની માફક તમોએ બ્રહ્મને શૂન્ય માનેલું છે કે શું ? (૧૦૮)

જો તમોએ નિરાકાર પદથી આકાશની માફક બ્રહ્મનું શૂન્યપણું માનેલું હોય તો કહીએ છીએ. ''अडगुष्ठमात्रः पुरुषो ज्योतिरिति'' એ પ્રકારે કઠવલ્લીની શ્રુતિ છે. તેમાં બ્રહ્મનું જે પ્રકાશકપણું કહ્યું છે તે સંભવે નહીં. (૧૦૯)

શંકા જો તમો બળપૂર્વક બ્રહ્મનું આકાશની માફક શૂન્યપણું કહેતા હો તો બીજું દૂષણ પ્રાપ્ત થશે. (૧૧૦)

સૂર્યનો જે પ્રકાશ છે તે સૂર્યને આશરે રહેલો છે. કેમ કે ગુણ ગુણી વિના ક્યારેય પણ સ્વતંત્રપણે રહેતો નથી. (૧૧૧)

''यतो वा'' એ શ્રુતિ બ્રહ્મથકી વિશ્વ સર્ગાદિનું વર્ણન કરે છે. જો બ્રહ્મ નિરાકાર નિષ્ક્રિય હોય તો વિશ્વની સૃષ્ટિ વગેરે ક્યારેય પણ ન જ સંભવે. (૧૧૨)

માયાથી જગત સર્ગાદિ થાય છે. એ પ્રકારે કહેવું નહીં. કારણ કે તમારા મતમાં માયા, મનુષ્યને જેમ શિંગડા સંભવતા નથી. (મિથ્યા છે) તેમ, મિથ્યા છે. તેથી જગત ત્રણેય કાળમાં નથી. એ પ્રકારે તમારો મત નિશ્ચિત છે. (૧૧૩)

બ્રહ્મ શૂન્ય, જગત્ નાસ્તિ, માયા મિથ્યા, એ પ્રકારે કહેનારા તમારા મતમાં કંઈ પણ સત્ય છે કે સર્વ શૂન્ય છે ? (૧૧૪)

બ્રહ્મ સચ્ચિદાનંદ રૂપ છે. તેથી શૂન્યપણું મનાય નહીં. એમ કહેતા હો તો તેમાં હું શંકા કરું છું. (૧૧૫)

'સત્' આદિ વિશેષણ પદો પામેલા છે કે વિશેષ્ય પદો પામેલા છે ? વિશેષણો માનીશું તો એ પક્ષમાં બ્રહ્મ વિશિષ્ટ કહો. (૧૧૬)

વિશેષ્યો માનીશું તો એ પક્ષમાં વિશેષ્યોનું ક્યારેય પણ બહુપણું સાંભળ્યું નથી. વિશેષણમાં

તો વ્યાવર્તકપણાથી અનેકપણું થાય છે. (૧૧૭)

સર્વ શાસ્ત્ર જાણનારાઓએ વિશેષ્યમાં તો સદા એકપણું જ કહ્યું છે. તમારા મતમાં વિશેષ્યોનું બહુપણું છે. તેમાં શું કારણ માનેલું છે ? (૧૧૮)

જડ, મિથ્યા અને દુઃખરૂપ દોષોના ખંડનને માટે 'સત્' આદિ શબ્દો કહેલાં છે, એમ કહેતા હો તો આ અર્થમાં સાંભળો. (૧૧૯)

અહો ! આ બ્રહ્મમાં વિશેષણરૂપ સચ્ચિદાનંદ પદથી જડ, મિથ્યા, અને દુઃખરૂપ અજ્ઞાનથી નિવૃત્તિ ઈચ્છાય છે, તેમાં સત્ પદ મિથ્યાપણાનો નિષેધ કરે છે; ચિત્તપદ જડપણાનો નિષેધ કરે છે. અને આનંદ પદ દુઃખપણાનો નિષેધ કરે છે. એ પ્રકારે 'સત્' આદિ પદોથી જડ, મિથ્યા અને દુઃખની નિવૃત્તિ થાય છે તેથી તે પદોની વિશેષણતા કેમ નથી ? (૧૨૦)

''सत्यं ज्ञानमनन्तम्'' એ આચાર્યોક્ત બ્રહ્મ લક્ષણ છે જ. એ બ્રહ્મનું લક્ષણ શંકરાચાર્યની ઉક્તિથી પ્રસિદ્ધ છે. તેથી આચાર્ય વચનથી તેવું બ્રહ્મનું લક્ષણ જો માનતા હો તો (એ પ્રકારનો પ્રશ્ન સાંભળીને તેનો ઉત્તર કરવા માટે અસમર્થ હોવાથી અદ્વૈતવાદી પંડિતોને મૌન રહેલા જોઈને, તેના ઉત્તરના આગ્રહનો ત્યાગ કરીને બીજું પૂછે છે.) (૧૨૧)

આચાર્ય વચનમાં લક્ષણ શબ્દનો અર્થ ''असाधारणधर्मो हि लक्षणं भवितुमर्हति'' ''અસાધારણ ધર્મપણું'' એ જ છે. બીજો નથી એમ શાસ્ત્રકારોએ કહ્યું છે. (૧૨૨)

વિશેષત્વ બ્રહ્મમાં ધર્મિપણું પ્રાપ્ત થયું તેથી દોષેરહિત અમારો વિશિષ્ટા દ્વૈત મત જ ગ્રહણ કરો. (૧૨૩) શંકા-હે હરે ! બ્રહ્મમાં ધર્મિપણું કહીએ તો ઘણાં વાક્યોની સાથે વિરોધ થાય, એ વિરોધનો પરિહાર કેવી રીતે થાય. એમ કહેતા હો તો પરિહાર કરીએ છીએ. (૧૨૪)

નિર્ગુણ, નિરાકાર, નિષ્ક્રિય, નિરંજન, આકાશ સદશ બ્રહ્મને શ્રુતિઓમાં કહેલું છે. (૧૨૫)

(નિરાકાર, નિર્ગુણ, નિષ્ક્રિય, વગેરે શબ્દો તો પ્રાકૃત આકાર, ગુણ અને ક્રિયાદિનો નિષેધ કરે છે.) તે બ્રહ્મને શ્રુતિઓ નિરાકારાદિ પદોથી, પ્રાકૃત આકાર રહિત હોવાથી નિરાકાર વર્ણન કરે છે. (૧૨૬)

શ્રુતિઓ અસ્થૂલ ઈત્યાદિ પદોથી તથા અદશ્યાદિ પદોથી, પ્રાકૃત સ્થૂલપણું તેમ દશ્યપણું આદિ શરીર ધર્મોથી રહિત બ્રહ્મને કહે છે. (૧૨૭)

''अपाणिपादम्'' ''अप्राणम्'' ઈત્યાદિ શ્રુતિઓ, બ્રહ્મ, પ્રાકૃત ઈન્દ્રિયોથી સર્વ પ્રકારે રહિત છે, એમ કહે છે. તેથી તે શ્રુતિમાં કહ્યા પ્રમાણે બ્રહ્મ નિરવયવ છે તે ખોટું ઠરે છે. (૧૨૮)

વળી સત્વાદિ માયાથી ઉત્પન્ન થયેલા ગુણોથી બ્રહ્મ, રહિત હોવાથી, બ્રહ્મને શ્રુતિઓ નિરંજન, નિર્ગુણ, નિષ્કલ કહે છે. એટલે આ શ્રુતિઓથી બ્રહ્મનું ગુણ માત્રથી રહિતપણું કહેવું તે પણ ખોટું ઠરે છે. (૧૨૯) તે જ પ્રકારે ચિદાત્મા બ્રહ્મ. સદ્ અસત્ કર્મોથી નિર્લેપ હોવાથી, બ્રહ્મને વેદ શાસ્ત્રોમાં નિષ્ક્રિય કહ્યું છે. (આથી બ્રહ્મ નિષ્ક્રિય છે એ વાત ખંડન થઈ ગઈ). (૧૩૦)

બ્રહ્મ નિર્લેપ છે માટે શ્રુતિઓમાં બ્રહ્મ આકાશ સદૃશ છે એમ વર્ણન કરેલું છે. (આથી તમોએ કહેલું બ્રહ્મનું આકાશની માફક શૂન્યત્વપણું ખોટું થયું.) બ્રહ્મ પ્રાકૃત અવયવોથી રહિત છે તે પ્રમાણે સહિત કહ્યું, તેથી તે જ બ્રહ્મ દિવ્ય અવયવે સહિત જાણો. (૧૩૧)

હે પંડિતો ! બ્રહ્મ પ્રકૃતિ જન્ય દૃષ્ટિથી કોઈનાથી પણ દેખાતા નથી, તેથી શ્રુતિઓએ બ્રહ્મને અદૃશ્ય કહ્યા છે. તે બ્રહ્મને ભગવાનના એકાન્તિક ભક્તો દિવ્ય દૃષ્ટિથી દેખે છે. (૧૩૨)

શંકા-જો એમ જ હોય તો ''सत्यं ज्ञानं'' એ શ્રુતિમાં બ્રહ્મને જે જ્ઞાન સ્વરૂપ કહ્યું છે તે કેમ સંભવે. (૧૩૩)

આ પ્રકારે જો તમો કહો તો, હે પંડિતો ! ''सत्यं ज्ञानं'' એ શ્રુતિમાં જ્ઞાનને તો બ્રહ્મનો ધર્મ જ કહ્યો છે. તેથી બ્રહ્મ ધર્મી કહેવાય છે. શ્રીભાષ્યમાં જ્ઞાતાપણું તે જ્ઞાન ગુણના આશ્રયપણું છે એમ કહ્યું છે. નિત્ય બ્રહ્મના સ્વાભાવિક ધર્મપણાથી બ્રહ્મનું જ્ઞાન પણ નિત્ય છે. એમ કહ્યું છે. (૧૩૪)

(શંકા ''सत्यं ज्ञानमनन्तं ब्रह्म'' विज्ञानमानन्दं ब्रह्म'' प्रज्ञानं ब्रह्म'' ઈત્યાદિ શ્રુતિઓમાં બ્રહ્મને જ્ઞાન શબ્દથી વર્ણવ્યા હોવાથી, જ્ઞાનને બ્રહ્મનું ધર્મપણું કેમ કહેવાય ? એમ જો કહેતા હો તો કહીએ છીએ) જ્ઞાન શબ્દથી જ્ઞાનમાત્ર સ્વરૂપ કહ્યું નથી કારણ કે ''तद्गुणसारत्वात्'' એ સૂત્ર છે. ''तद्गुणसारत्वात् तु तद्व्यपदेशः प्राज्ञवत्'' આ સૂત્રનું શ્રીભાષ્ય ''तु'' શબ્દ શંકાની નિવૃત્તિ કરે છે. તદ્‌ગુણસાર પણાથી, વિજ્ઞાન ગુણનું સારપણું હોવાથી, આત્માનો સારભૂત ગુણ જ વિજ્ઞાન છે. જેમ પ્રાજ્ઞનો આનંદ સારભૂત ગુણ છે. માટે બ્રહ્મને, પ્રાજ્ઞ, આનંદ વગેરે શબ્દથી કહે છે. ''यदेष आकाश आनन्दो न स्यात्'' ''आनन्दो ब्रह्मेति व्यजानात्'' એ પ્રાજ્ઞનો આનંદ જ સારભૂત ગુણ છે. ''स एको ब्रह्मण आनन्दः ॥ आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन्'' અથવા ''सत्यं ज्ञानमनन्तं ब्रह्मेति विपश्चितः प्राज्ञस्य'' જ્ઞાન શબ્દથી વ્યપદેશ કરાય છે. ''सह ब्रह्मणा विपश्चिता'' ''यः सर्वज्ञः'' ઈત્યાદિ શ્રુતિઓમાં પ્રાજ્ઞના જ્ઞાનને સારભૂત ગુણ કહેલો છે. તેમ જાણવું. (૧૩૫)

તે સૂત્રમાં સર્વથા જ્ઞાનગુણરૂપી સારનું પ્રધાનપણું હોવાથી, બ્રહ્મને જ્ઞાન કહેલું છે, જ્ઞાનરૂપ કહ્યું નથી. (૧૩૬)

તેથી આત્માના જ્ઞાતાપણાનો ઉપદેશ કરનારી, શ્રુતિમાં, બ્રહ્મના જ્ઞાનરૂપ ધર્મના આધારપણાથી, જ તેમ જ સ્વયંપ્રકાશપણાથી, બ્રહ્મનું જ્ઞાતાપણું કહેલું છે. (૧૩૭)

આગળ કહ્યા પ્રમાણે શ્રુતિ-સ્મૃતિ ને શાસ્ત્રોનો વિચાર કરવાથી બ્રહ્મ પુરુષાકાર સચ્ચિદાનંદ શરીરવાળા, દિવ્ય ઈન્દ્રિયો અને ગુણોવાળા, જ્ઞાતા, કર્તા છે, એમ જાણો. તેવી રીતે વેદાર્થ સંગ્રહમાં ''वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् ।'' य एषोऽन्तरादित्ये हिरण्यमयः पुरुषः । तस्य यथा कप्यासं पुंडरीकमेवाक्षिणी ''य एषोन्तहृदय आकाशस्तस्मिन् अयंपुरुषो मनोमय अमृतो हिरण्यमयो मनोमयः'' अयं पुरुषो मनोमयः'' વિશુદ્ધ મનથી જ ગ્રહણ કરાય છે. ''सर्वे निमेषा जज्ञिरे विद्युतः

पुरुषादधि'' વિદ્યુતવર્ણવાળા પુરુષ થકી, એ અર્થ છે. ''नीलतोयदमध्यस्थाविद्युल्लेखेव भास्वरा,'' કાળાભ્રમર વાદળાના મધ્ય ભાગમાં વીજળીની રેખાની માફક પોતાના હૃદયમાં ધારણ કરેલા પરમાત્માનું સ્વરૂપ નીલમેઘના જેવી કાંતિવાળું છે. मनोमयः प्राणशरीरो भारूपः सत्यकामः सत्यसंकल्पः 'आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः महारजतं वासः'' ઇત્યાદિ શ્રુતિઓ બ્રહ્મને પુરુષાકાર વર્ણન કરે છે. (બ્રહ્મના પુરુષાકાર સ્વરૂપના પ્રતિપાદનમાં વિશેષ અપેક્ષા હોય તો વેદાર્થ સંગ્રહથી જાણી લેવું. ''सच्चिदानन्दरूपाय कृष्णायाक्लिष्टकारिणे नमो वेदान्तवेद्याय गुरवे बुद्धिसाक्षिणे'' આ પ્રકારે શંકરાચાર્યે વિષ્ણુ સહસ્ર નામ ભાષ્યના આરંભમાં કહ્યું છે. ભાષ્યની ટીપ્પણીમાં સત્, ચિત્ અને આનંદ જેની મૂર્તિમાં રહ્યા છે, એવો અર્થ કરેલો છે.) દોષે રહિત પૂર્ણ ગુણોના શરીરવાળા, સ્વતંત્ર, આત્માનું જે શરીર તેના જડ ગુણોથી રહિત, આનંદમાત્ર, હાથ, પગ, મુખ, ઉદર, વગેરે જેના છે, ચૈતન્યના વિવિધ ભેદોથી રહિત આત્મા છે. ''निर्दोषपूर्णगुणविग्रह आत्मतंत्रो निश्चेतनात्मशरीरगुणैश्च हीनः । आनंदमात्र करपादमुखोदरादिः सर्वत्र चिद्विविधभेदविवर्जितात्मा'' વગેરેમાં બ્રહ્મનું દિવ્ય ઇંદ્રિયાદિપણું કહેલું છે. ''सत्वादयो न सन्तीशे यत्र च प्राकृता गुणाः, यौऽसौ निर्गुण इत्युक्तः शास्त्रेषु जगदीश्वरः । प्राकृतर्हेयसंयुक्तैर्गुणैर्हीनः स उच्यते, ઇત્યાદિ સ્મૃતિઓથી બ્રહ્મને દિવ્ય ગુણવાળા કહે છે. (એ અર્થનું વિશેષ પ્રતિપાદન નિત્યાનંદ મુનિએ રચેલો હરિદિગ્વિજય નામના ગ્રંથના નવમા ઉલ્લાસથી જાણવો.) (૧૩૮)

આવી રીતે બ્રહ્મના અદ્વિતીયપણાનું પ્રતિપાદન કરતી શ્રુતિઓ, જીવો અને બ્રહ્મ એક છે કે ભિન્ન છે, તે સંશયની નિવૃત્તિ પમાડનારો નિર્બાધ અર્થ મેં શાસ્ત્ર પ્રમાણે કહ્યો. (૧૩૯)

આ પ્રકારે સમગ્ર શ્રુતિઓ અને શાસ્ત્રોનું હૃદય સિદ્ધાંતને જાણનારા શ્રીહરિનું અમૃતના સારરૂપી વચન સાંભળીને, હે રાજન્ ! તે પંડિતો આશ્ચર્ય પામ્યા. (૧૪૦)

જેમની બુદ્ધિની શક્તિ વિવાદ કરવા માટે નાશ પામી છે, એવા મુંગાની માફક કંઈ પણ બોલ્યા વિના નમસ્કાર કરવાતા પંડિતોને, શુદ્ધ અને અપાર જ્ઞાનના સમુદ્ર શ્રીહરિ ફરીથી કહેવા લાગ્યા. (૧૪૧)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિકૃષ્ણ અદ્વૈતમતખંડન નિરૂપણ નામે અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ. (૨૮)



અધ્યાય ૨૯ મો

શ્રી હરિકૃષ્ણ ભગવાન કહે છે :- જેમ અગ્નિથી તણખા ઉત્પન્ન થાય છે, તેમ બ્રહ્મથી જીવો ઉત્પન્ન થાય છે. તેથી જીવો બ્રહ્મના અંશો છે. હે પંડિતો ! આ પ્રકારે જો તમો કહેતા હો તો તેમાં હું શંકા કરું છું. (૧)

વિસ્ફુલિંગો તો અગ્નિથી જુદા નથી. પરંતુ તદાત્મક ઉત્પન્ન થાય છે. પરંતુ તેમાં અગ્નિનું ક્ષરપણું હોવાથી તે ઘટે છે. આ પ્રકારે તમો જાણો (બૃહદારણ્યકમાં શ્રુતિ છે. स यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि सर्व एत आत्मानो व्युच्चरंति तस्योपनिषत्सत्यस्य सत्यमिति प्राणा वै सत्यं तेषामेषसत्यमिति. (૨)

સિદ્ધાંતમાં તો બ્રહ્મ અક્ષર તથા અચ્યુત, વિશ્વકારણ, નિરંશ, નિત્ય, સર્વથા નિર્વિકાર, શિલ્પકળાથી રહિત કહેલા છે. ''एतद्वैतद क्षरं गार्गि ब्राह्मणा अभिवन्दन्तीति બૃહદારણ્યક ઉપનિષદમાં, यस्मान्नच्युत पूर्वोऽहम् च्युतस्तेनोच्यते इति स्मृतिः, विश्वस्यात्मेश्वरं पूर्णे शाश्वतं दिव्याच्युतमिति बृहन्नारायणोपनिषदि, तदेतदक्षरं ब्रह्मेति मुंडकोपनिषदि, निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनमिति श्वेताश्वतरोपनिषद् માં કહ્યું છે. શંકા, આ નિરંશ શબ્દ ઉપર નિષ્કલ એ પ્રમાણ કેમ આપ્યું ? એમ કહેતા હો તો ''कला स्यादंशशिल्पयोरिति हैमकोश માં પર્યાયપણાથી કહેલા છે. ''नित्यो नित्यानामित्यपि શ્વેતાશ્વતરોપનિષદમાં'' ''निष्कलं निष्किलं शान्तमिति च'' શ્વેતાશ્વતરોપનિષદમાં શ્રીમદ્ ભાગવતમાં, तदेव निष्कलं ब्रह्म निर्विकल्पं निरंजनमिति, બ્રહ્મબિન્દુ ઉપનિષદમાં. (૩)

કહેલા વિશેષણ વિશિષ્ટ બ્રહ્મથી, અગ્નિથી, અગ્નિકણો જેમ ઉત્પન્ન થાય છે, તેમ જીવ કેમ ઉત્પન્ન થાય ? નિરંશોના અંશો થાય જ નહિં. અંશો તો ક્ષરણ ધર્મવાળી વસ્તુમાંથી જ થાય છે. (૪)

આ પ્રકારે શ્રીહરિ અગ્નિવિસ્ફુલિંગના દૃષ્ટાંતથી બ્રહ્મથી જીવોત્પત્તિમાં તેમના મતમાં દૂષણ બતાવીને હવે પછી ''बहुस्याम्'' એ શ્રુતિનું આલંબન કરીને કહેલા તેમના સિદ્ધાંતમાં દૂષણ બતાવે છે.

હે પંડિતો ! તમારા મતમાં ''बहुस्याम्'' એ છાંદોગ્યશ્રુતિથી સંકલ્પપૂર્વક બ્રહ્મથી જીવભાવની પ્રાપ્તિ કહેલી છે. (૫)

બ્રહ્મથી જીવભાવની પ્રાપ્તિમાં હું પૂછું છું. જીવભાવની પ્રાપ્તિ નિર્વિશેષબ્રહ્મથી માનેલી છે કે માયારૂપી ઉપાધિવાળા ઈશ્વરથી જ માનેલી છે. (૬)

પહેલા પક્ષમાં નિર્વિશેષ બ્રહ્મથી જીવપણાની પ્રાપ્તિ બની શકે જ નહિ. કારણ કે બ્રહ્મ સંકલ્પરહિત હોવાથી ''अप्राणो ह्यमना'' એ શ્રુતિમાં અમનસ્કપણાથી (મન નહિ હોવાથી) સંકલ્પ શૂન્યપણું યોગ્ય જ છે. બીજા પક્ષમાં પણ દોષાપત્તિ તો છે જ. (૭)

શુદ્ધ સત્ત્વપ્રધાન ઉપાધિવાળું જે પોતે બ્રહ્મ છે. તે ''હું મલીન સત્ત્વોપાધિવાળું થાઉં એવો વિચાર કેમ કરે ? (૮)

ડાહ્યો માણસ પોતાના અનર્થને માટે પોતે સંકલ્પ કેમ કરે ? તેવી રીતે પોતાને કેવલ દુઃખને પમાડનારું સંસારભ્રમણ કોણ ઇચ્છે ? (વિદ્વાન માણસ કોઈ ઇચ્છે નહીં. પોતાને અનર્થ કરનાર સંકલ્પ કરે તથા ઇચ્છે તો તે ગાંડો જાણવો.) (૯)

(શંકા-જે ઉપાધિનો ત્યાગ કરવા માટે સમર્થ ન હોય તેને તેના સ્વીકારમાં દોષ આવે પણ જે સમર્થ હોય તેને તેના સ્વીકારમાં શો દોષ છે!) પોતાની ઉપાધિનો ત્યાગ કરવામાં પણ સમર્થ છે એમ કહેતા હો તો, પોતાના સુખમાં પ્રીતિવાળા નિર્વિશેષ જ કેમ ન રહે ''प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम्'' એ ન્યાયથી સ્વતઃ શુદ્ધ બ્રહ્મને ઉપાધિનું ગ્રહણ કરવું તથા ત્યાગ કરવું તેમાં શું પ્રયોજન છે ? (૧૦)

નિર્ગુણ ઈશ્વરને અવિદ્યાનો યોગ ન જ હોય; જો યોગ માનો તો વિદ્યા અને અવિદ્યાનું પણ સંકરપણું થાય. (૧૧)

''अन्तः प्रविष्टः शास्ता'' એ શ્રુતિથી જનોના નિયામક ઈશ્વર માનેલા છે. તે ઈશ્વર પોતાનું જ કેવી રીતે શાસન કરે ? જો તેને સત્યપણાથી સ્વીકાર કરો તો ''વહ્નિ પોતાને બાળે છે.'' એની માફક થાય. અગ્નિ ક્યારેય પણ પોતાને બાળતો નથી. તેવી રીતે પરમાત્મા પોતે શાસ્તા (નિયામક) હોઈને, જીવરૂપે પોતે થઈને પોતે પોતાના શાસ્તા ન થાય. (૧૨)

આ પ્રકારે તમારા મતમાં કહેલા અર્થની સિદ્ધિ થઈ શકતી નથી. બીજા પણ ઘણા દોષો છે. તેમાં કેટલાક દોષો હું કહું છું. (૧૩)

એ ભગવાન જ અસાધુ કર્મ કરાવે છે એ આદિક શ્રુતિ છે. તેમાં શબ્દથી ઈશ્વર કહેવાય છે, एष ह्येव साधुकर्म कारयति तं यमैभ्यो लोकेभ्यो उन्निनीषते एष ह्येवासाधुकर्मकारयति तं यमधो निनीषत इति'' આ શ્રુતિનો અર્થ જેમ જે મનુષ્યને રાજાએ અધિકાર આપેલો છે; તે અધિકારીએ કરેલું કર્મ રાજાએ કર્યું એમ લોકો માને છે. તેવી રીતે ભગવાને જીવોના કર્મને અનુગુણ આપેલાં છે. કરણ (ઈન્દ્રિયો) શરીર જેને છે, એવા જીવાત્મા સત્ અને અસત્ દેશકાળાદિકના સેવનથી તે કર્મને અનુસરીને આલોક અને પરલોકમાં સુખ, દુઃખ ઉચ્ચ, નીચ, ગતિ પામે છે. તેવી રીતે જીવવર્ગને નારાયણે આપેલાં ઈન્દ્રિયો અંતઃકરણમાં તથા શરીર વગેરે હોવાથી, દેશકાળને અનુગુણ જીવે કરેલાં કર્મો નારાયણે કર્યાં એમ શાસ્ત્રો કહે છે. આવા પ્રકારની ઉક્તિ છે. છતાં પણ જેણે જે કર્મ કર્યા તેનું ફળ તેને જ છે. પણ તેના સ્વામીને નથી એ શ્રુતિનો તાત્પર્યાર્થ છે. (૧૪)

જીવસ્વરૂપ પોતાને નરક પ્રાપ્તિમાં કારણ અસત્ ક્રિયાઓનો કરાવનાર ઈશ્વર છે તે અસત્ ક્રિયાઓના નિષેધ કરનારા નથી થતા. (૧૫)

સર્વજ્ઞ, સમર્થ, વિદ્વાન, ઈશ્વરને એનાથી વિપરીત કરવું કેમ ઘટે ? ન જ ઘટે ત્યાં બીજો દોષ પણ તમે જાણો. (૧૬)

ત્રણ અવસ્થાવાળા અનાત્મરૂપ દેહને વિષે આત્માપણાની માનીતારૂપ અન્યથાભાવનો ત્યાગ કરીને, પોતાના આત્મસ્વરૂપ ભાવથી રહેવું તેને મુક્તિ કહેલી છે. એમ શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રમાં પૂર્વરૂપની પ્રાપ્તિરૂપ મુક્તિ કહેલી છે. (૧૭)

તમારા મતમાં માયા વિશિષ્ઠ બ્રહ્મને તમોએ ઈશ્વર માનેલા છે. જીવભાવની પ્રાપ્તિ પણ તે ઈશ્વરને જ છે. (૧૮)

જીવરૂપ ઈશ્વરને ફરીથી જ્યારે ઈશ્વરપણું પ્રાપ્ત થાય, ત્યારે ઈશ્વર રૂપ જ જીવની મુક્તિ થાય. એમ તમોએ નિશ્ચય કરેલો છે. (જીવભાવનો ત્યાગ કરીને ફરી જ્યારે ઈશ્વર ભાવને પામો ત્યારે મુક્ત એમ કહેવાય છે.) (૧૯)

તો કૈવલ્યમુક્તિ તો કોઈ પણ પ્રકારે નહીં થઈ શકે. એવી રીતે બીજા પક્ષમાં પણ મોટું દૂષણ આવ્યું. (૨૦)

તેથી હે પંડિતો ! જીવો બ્રહ્મના અંશો છે અને બ્રહ્મસ્વરૂપ છે. આ પ્રકારે તમારો મત ઘણા પ્રકારના બાધ યુક્ત હોવાથી, સંભવી શકતો નથી. માટે તેનો વિચાર કરો. (૨૧)

તે હેતુ માટે અક્ષર, અખંડ, ચૈતન્ય સ્વરૂપ, નિર્વિકાર, બ્રહ્મનું ગમે તે પ્રકારે ખંડપણું (ચ્યુતભાવ સંભવતું જ નથી. ''अखंड सच्चिदानंदमवाङ्मानसगोचरम्'' એ પ્રકારે વેદાંતસારના આરંભમાં કહ્યું છે. ''एतस्य वा अक्षरस्य प्रशासने गार्गी सूर्या-चन्द्रमसौ विधृतौ तिष्ठतः'' એ પ્રકારે બૃહદારણ્યકમાં કહ્યું છે. चिन्मूर्त्ति, चिद्रूपं, चिल्लीलं, चिदेकगुणं, चित्कवलं चिद्वेत्रं वन्दे ब्रह्माद्वयं विधिप्रणुतमिति'' વૈષ્ણવ તોષણી સારસંગ્રહમાં, ''निर्गुणं निर्विकारमिति'' ભાગવતમાં કહ્યું છે. (૨૨)

શંકા - વેદમાં પણ બ્રહ્મનો અંશ જીવ છે એમ કહેલું છે. તે કહીએ છીએ ''पादोऽस्य विश्वाभूतानि'' આ બ્રહ્માનો અંશ ભૂત પ્રાણી માત્ર છે, ઈત્યાદિ વાક્યોથી અતિસ્પષ્ટ કહેલું છે. (૨૩)

अंशो नाना व्यपदेशात्'' આ બ્રહ્મનો એ સૂત્ર, જીવ બ્રહ્મનો અંશ છે એમ સૂચવનારું છે. તેમાં (શ્રુતિ અને સૂત્રમાં) અંશ શબ્દનો અર્થ શ્રીભાષ્યમાં કહ્યો છે તે હું કહું છું. હે પંડિતા! એક વસ્તુનો એક દેશ તેનો વાચક અંશ શબ્દ છે. ''अंशो विभाजने प्रोक्तः एक देशेऽपि वस्तुनः'' इति हैमचन्द्रः'' વિભાગમાં અંશ શબ્દ કહ્યો છે, તે જ વસ્તુના એક દેશમાં પણ કહ્યો છે. એમ હૈમચંદ્ર કોશમાં કહ્યું છે. (૨૪-૨૫)

જેમ કે વિશિષ્ટ શબ્દ અંશી, કરી, શીખી, દેહી, ઈત્યાદિના અંશ, કર; શિખા, દેહ વિશેષણો કહ્યાં છે. એ જ વસ્તુને સ્પષ્ટ કહે છે. જેમ દેહીનો (આત્માનો) આ દેહ અંશ માનેલો છે, એમ સર્વથા જાણો. (૨૬)

વિવેકી પુરુષો વિશિષ્ટવસ્તુમાં આ વિશેષણાંશ છે, આ વિશેષ્યાંશ છે, આ પ્રકારે સમજે છે. (૨૭)

આ પ્રકારે અંશ અંશી ભાવમાં પણ વિશેષણ અને વિશેષ્યના સ્વભાવમાં અને સ્વરૂપમાં વિલક્ષણપણું ડાહ્યા પુરુષો જ જુએ છે. (૨૮)

હે પંડિતો ! ''प्रकाशादिवत्तु नैवं परः'' એ સૂત્રમાં આ અર્થ જેમ હોય તેમ સ્પષ્ટ વિસ્તારથી જ કહ્યો છે. (૨૯)

સૂત્રમાં ''न एवं पर'' એ પદોથી આ અર્થ કહ્યો છે. જેવો જીવ કહેલો છે. તેવો પર (પરમાત્મા)

નથી. તે વળી બતાવે છે, **प्रकाशादिवत्तु नैवं परः** એ સૂત્રનું શ્રીભાષ્ય ''तु'' શબ્દ આગળ કહ્યું તેનો નિષેધ કહે છે, પ્રકાશાદિની માફક જીવ, પરમાત્માનો અંશ છે, જે અગ્નિ, આદિત્ય, આદિકનો પ્રકાશરૂપ અંશ છે, અથવા ગાય, ઘોડો, શુક્લ, કૃષ્ણ, આદિક ગોત્વ, અશ્વત્વાદિ, વિશિષ્ટોનો ગોત્વાદિ વિશેષણો અંશ છે, અથવા દેહીઓને દેવ મનુષ્યાદિનો દેહ અંશ છે. તેની માફક એક વસ્તુનું એક દેશપણું તે અંશપણું કહેવાય છે. વિશિષ્ટ એક વસ્તુનો વિશેષણ અંશ જ છે. તેવી રીતે વિવેકી પુરુષો વિશિષ્ટ વસ્તુમાં આ વિશેષણાંશ છે અને આ વિશેષ્યાંશ છે, એમ યથાર્થ સમજે છે. વિશેષણ વિશેષ્યનો અંશાશીપણામાં પણ સ્વભાવનું વિલક્ષણપણું દેખાય છે. એ પ્રકારે જીવ અને પરમાત્માના વિશેષણ વિશેષ્યનું અંશાશીપણું અને સ્વભાવભેદ ઉત્પન્ન થાય છે. તેથી આ કહેવાય છે, કે ''**नैवं परः**'' જેવો જીવ છે તેવા પ્રકારના પરમાત્મા નથી. જેમ કે પ્રભાથી પ્રભાવાન બીજા પ્રકારના છે તેવી રીતે પ્રભાના સ્થાનાપન્ન અંશરૂપ જીવ થકી પર પરમાત્મા ભિન્ન છે. એવી રીતે જીવ પરમાત્માનું વિશેષણ વિશેષ્યથી કરાએલાં સ્વભાવના વિલક્ષણપણાથી ભેદના નિર્દેશો પ્રવર્તે છે. એ ભેદ નિર્દેશો તો વિશેષ્યથી જે જુદા નથી એવા વિશેષણોનું વિશેષ્યપર્યન્તપણાનો આશ્રય કરીને મુખ્યપણાથી ઉત્પન્ન થાય છે. ''**तत्त्वमसि**'' ''**अयमात्मा ब्रह्म**'' ઈત્યાદિ શ્રુતિઓમાં તત્ શબ્દ બ્રહ્મપણું. આ આત્મા, એ પ્રકારના શબ્દો પણ જીવના શરીરરૂપે બ્રહ્મવાચકપણાથી એકાર્થને કહેનારા હોવાથી, આવી રીતે આ અર્થ પહેલાં જ કહ્યો છે. (૩૦)

બંને દેહ અને દેહીનો જેવી રીતે ભેદ છે તેવી રીતે અંશાંશીનો પણ વાસ્તવિક ભેદ છે. એમ કહીએ છીએ. (૩૧)

બ્રહ્મથી જીવ સૃજ્ય છે, બ્રહ્મ જીવનો સૃષ્ટા. (જીવોના નાના પ્રકારના દેહોનો સર્જન કરનારા બ્રહ્મ છે) બ્રહ્મથી જીવ નિયામ્ય છે. બ્રહ્મને જીવના નિયંતા કહ્યા છે. (૩૨)

બ્રહ્મ સ્વતંત્ર, જીવ પરાધીન જ કહેલો છે. બ્રહ્મ સર્વજ્ઞ, જીવ અલ્પજ્ઞ; બ્રહ્મ શુદ્ધ, જીવ અશુદ્ધ; માનેલો છે. (૩૩)

બ્રહ્મ કલ્યાણ ગુણોથી સંપૂર્ણ છે. જીવ અતિ તુચ્છ વિષયમાં પ્રીતિ વગેરે ગુણોવાળો કહેલો છે. બ્રહ્મ શેષી, જીવ શેષ (ગૌણ) છે. આ પ્રકારનું વિલક્ષણપણું એટલે જીવ પરમાત્માનું ભિન્નપણું સ્પષ્ટ કહેલું છે જ. (૩૪)

જીવને બ્રહ્મના આશ્રયથી પણ ઉપર કહેલા પ્રકારથી ભેદ સર્વ પ્રકારે છે. તેથી આત્મા પરમાત્માના સ્વરૂપનું સર્વપ્રકારે એકપણું નથી જ. (સૃજ્યથી આરંભીને આ શ્લોક સુધી કહેલો અર્થ ''**अंशो नानाव्यपदेशात्**'' ''**अन्यथा चापिद्दाशकितवादित्वमभिधीयते**'' એ સૂત્ર વ્યાખ્યાનરૂપે શ્રીભાષ્યમાં વિસ્તાર છે. ત્યાંથી જાણી લેવો. (૩૫)

''**ममैवांशो जीवलोके**'' આ પ્રકારે જે ભગવાનનું વચન છે. ત્યાં અંશ શબ્દનો અર્થ વિભૂતિ કહેલો છે. સૂક્ષ્મોનો પણ હું જીવ છું. એ આદિક વચનોમાં જીવ રૂપે ભગવાને પોતાનું જ વિભૂતિપણું કહ્યું છે. (૩૬)

(શંકા-એ પ્રકારે અંશાંશીનો ભેદ નિર્ણય કરવાથી ''तत्त्वमसि'' ઈત્યાદિ અભેદ કહેનારી શ્રુતિઓ કોપાયમાન થશે. આ પ્રકારની વાદીની શંકા મનમાં ધારીને કહે છે.) 'तत्त्वमस्यादि' અભેદને કહેનારી એટલે જીવ બ્રહ્મના એકપણાને કહેનારી સમગ્ર શ્રુતિઓ છે. તે શ્રુતિઓનો નિર્બાધ અર્થ કેવી રીતે થશે ? (૩૭)

એમ જો કહેતા હો તો હે વિદ્વાનો ! એ સર્વે શ્રુતિઓનો આર્યવર્યોએ માનેલો નિર્બાધ અર્થ હું કહું છું. તે સાંભળો. (૩૮)

હે પંડિતો ! શરીર એ શરીરી થકી જુદું ક્યારેય પણ રહેતું નથી, તેવી રીતે વિશેષણો વિશેષ્યોથી ક્યારેય પણ જુદા રહેતા નથી. તેવી રીતે વિશેષણરૂપ શરીરો બૃહદારણ્યકમાં બ્રહ્મના શરીરરૂપે કહેલા જીવ સમુદાયો, વિશેષ્યરૂપ શરીરી બ્રહ્મ થકી જુદા રહેતા જ નથી. તેવી રીતે બૃહદારણ્યકોપનિષદ્‌માં ''यः पृथिव्यां तिष्ठन्'' જે પૃથ્વીમાં રહે છે, છતાં પૃથ્વીથી જુદો છે જેને પૃથ્વી જાણતી નથી, જેનું પૃથ્વી શરીર છે, અંદર રહીને પૃથ્વીને નિયમન કરે છે, તે અંતર્યામી આત્મા અમૃત છે, ઈત્યાદિ ''य आत्मनि तिष्ठन्'' એ પ્રકારે અંતે અંતર્યામી બ્રાહ્મણમાં પૃથિવ્યાદિથી આત્મા પર્યંત બ્રહ્મનું શરીરીપણું કહ્યું છે. (૩૯-૪૦)

આ પ્રકારના અભિપ્રાયથી ''तत्त्वमस्याद्याः'' તત્ત્વમસિ વગેરે સમગ્ર શ્રુતિઓ જીવ બ્રહ્મનો અભેદ કહે છે. બીજા પ્રકારે કહેતા નથી. તેવી રીતે વેદાર્થ સંગ્રહમાં એ જ આત્મા એ શરીરી છે. તે શરીર શરીરીથી જુદા નથી. તેમનો આધાર આધેયભાવ, નિયંતા નિયામ્ય ભાવ, શેષ શેષીભાવ, સર્વ પ્રકારે આધારપણાથી, નિયંતાપણાથી, નિયામ્યપણાથી, શેષપણાથી, જેમની જુદી સિદ્ધિ નથી એ પ્રકારનું શરીર કહેવાય છે. એ જ પ્રકારે જીવાત્માનો સ્વશરીર સંબંધ છે. એવી રીતે પરમાત્માનો સર્વ શરીરીપણાથી, સર્વ શબ્દ વાચ્યપણું ઈત્યાદિ ગ્રંથથી, તેમનો અભેદ કહેલો છે, એમ જાણવું. (૪૧)

આ પ્રકારે આ અંશ શબ્દાર્થ બાધરહિત મેં સ્પષ્ટ કહ્યા. તેથી તત્ત્વમસ્યાદિ વાક્યનો આજ અર્થ ગ્રહણ કરવો. પરંતુ તમોએ કહેલો અર્થ ગ્રહણ ન જ કરવો. (૪૨)

(શંકા-અંશાંશીવાદ તથા અભેદવાદનું ખંડન ભલે થાય. પરંતુ પ્રતિબિંબવાદની શી ગતિ થાય? એમ વાદીઓ શંકા કર છે.) હે વેદ શાસ્ત્રને જાણનાર ! સર્વ જીવો બ્રહ્મના પ્રતિબિંબરૂપ છે, આમાં પ્રમાણ વચન અમે કહીએ છીએ. (૪૩)

માયા પ્રતિબિંબથી જીવ ઈશ્વર કરે છે. જ્ઞાન અવસ્થામાં પ્રતિબિંબિત થયેલું ચૈતન્ય ઈશ્વર સંજ્ઞાને પામે છે. અવિદ્યા અવસ્થામાં પ્રતિબિંબ ચૈતન્ય તે જીવ સંજ્ઞાને પામે છે. આ પ્રકારની શ્રુતિમાં આભાસ શબ્દનો પ્રતિબિંબાર્થ કહ્યો છે. (૪૪)

તેથી પ્રતિબિંબ સર્વ પ્રકારે સિદ્ધ થશે જ. વળી પ્રતિબિંબવાદની સિદ્ધિથી એકત્વની સિદ્ધિ સંભવશે જ, આવું અદ્વૈતવાદનું વચન સાંભળીને શ્રીહરિ કહેવા લાગ્યા. (૪૫) હે પંડિતો ! પ્રતિબિંબ તો સાકરનું જ સંભવે. રૂપ અને અવયવો રહિતનું પ્રતિબિંબ કેમ થાય ? (૪૬)

હાલમાં તમારા મત પ્રમાણે, તમોએ બ્રહ્મને નિરાકાર અને અનિર્દેશ માન્યું છે. તેથી તે પ્રકારના બ્રહ્મનું પ્રતિબિંબપણું કેવી રીતે થઈ શકે ? (૪૭)

પ્રથમ તો તમારા મતમાં બિંબ જ નથી તો પ્રતિબિંબપણું તો ક્યાંથી જ હોય ? તમારા મતમાં બ્રહ્મને તમો અલિંગ કહો છો તેથી તેનું પ્રતિબિંબ કહેવા માટે તમો શક્તિમાન નથી. વળી જીવ બ્રહ્મનું પ્રતિબિંબ છે એમ કહેવાથી બ્રહ્મને બીજું પણ દૂષણ પ્રાપ્ત થાય છે. (૪૮)

અજ્ઞાન અને તેના કાર્યરૂપ જગત જેને નિવૃત્તિ પામ્યું છે, તેવા બ્રહ્મભાવને પામેલા ગુરુ, જીવપણાને પામેલા પોતાના શિષ્યને જ્યારે ઉપદેશ આપે છે. (૪૯)

ત્યારે શિષ્ય મારું પ્રતિબિંબ છે એવી રીતે ગુરુ પોતાના હૃદયમાં જાણે છે. પ્રતિબિંબભૂત પોતાને પોતે અદ્વૈત જ્ઞાનવાળા હોવા છતાં ફરીથી કેવી રીતે ઉપદેશ આપે ? (ઉપદેશના સમયમાં પણ તમારા મતમાં દ્વૈત દર્શનનો અભાવ છે. તેથી સર્વ પ્રકારે ઉપદેશાચરણ ઘટતું નથી.) (૫૦)

(એ પ્રકારે ઉપદેશ આપે તેમાં શો દોષ છે ? ત્યાં કહે છે) કોઈ પણ વિવેકી પુરુષ દર્પણમાં જોયેલા પોતાના પ્રતિબિંબને કોઈ પણ ક્રિયાની સિદ્ધિ માટે ક્યારેય પણ ઉપદેશ આપતો નથી. (૫૧)

(શંકા-કેટલાક એકાકી માણસે માર્ગમાં ચાલતા ચાલતા પણ બોલતા જતા દેખાય છે, તેને હૃદય તો છે, એમ કહેતા હો તો કહીએ છીએ.) ડાહ્યો માણસ જો પોતાના પ્રતિબિંબને ઉપદેશ આપે તો ઉન્મત્ત બાળકના જેવો કહેવાય. તે સુજ્ઞ છે એમ કોઈ પણ કહે નહીં. (૫૨)

(શંકા-હે વર્ણિન્ ! આવા પ્રકારની યુક્તિથી તમો પ્રતિબિંબ વાદનું ખંડન શી રીતે કરશો ? આ પ્રતિબિંબ વાદ અનેક શ્રુતિઓથી કહેલો છે. ''**गुहां प्रविष्टौ परमे परार्द्धे छायातपौ ब्रह्मविदो वदन्ति**'' આ શ્રુતિમાં પણ છાયા શબ્દથી પ્રતિબિંબનું અભિધાન કરેલું છે એ કહે છે.) બીજી શ્રુતિમાં છાયા શબ્દથી જીવનું બ્રહ્મ પ્રતિબિંબપણું કહેલું છે. છાયા અને પ્રતિબિંબ સમાન જ છે. (૫૩)

''**गुहां प्रविष्टौ परमे**'' એ શ્રુતિમાં છાયા-આ તપ બંને શબ્દો પ્રતિબિંબ અને પ્રભાના અર્થને કહેનારા સ્પષ્ટ કહ્યા છે. (૫૪)

જીવો બ્રહ્મના પ્રતિબિંબો છે એમ હોય તો હે પંડિતો ! શ્રુતિમાં છાયા શબ્દનો અર્થ પ્રતિબિંબ કહ્યો જ નથી. (૫૫)

પરંતુ છાયા શબ્દથી જીવોની અભાસ્વરતા કહેલી છે. એવા અર્થને જણાવનારી બીજી શ્રુતિની સાથે આ શ્રુતિનો સમન્વય સંભવે છે. તેથી આ અર્થ જ ખરેખર છે. બીજી શ્રુતિ બતાવે છે. ''**द्वासुपर्णा**'' એ મુંડકોપનિષદમાં શ્રુતિ છે. ''**गुहां प्रविष्टौ**'' એ કઠવલ્લી ઉપનિષદ્‌ની શ્રુતિ સાથે જ એકાર્થવાળી છે, ''**दासुपर्णा सयुजा सखाया समानं वृक्षे परिषस्वजाते, तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभि चाकशीति**'' એ બીજી શ્રુતિ છે. (૫૬)

એક દેહમાં રહેનારા છે છતાં પણ જીવ અને પરમાત્મા બંનેને કાંતિમાન અને કાંતિ વગરના છાયા અને આતપથી બતાવેલા છે. (૫૭)

(શંકા-આવા પ્રકારની યુક્તિનો અમો સ્વીકાર નહીં કરીએ. બ્રહ્મને છાયાનો નિષેધ કહેલો નથી.

જો હોય તો કહો. ત્યાં કહે છે. ''अस्नेहं अच्छायं'' આ બૃહદારણ્યકની શ્રુતિથી બ્રહ્મને છાયાનો નિષેધ કરેલો છે, તેથી જીવો બ્રહ્મના પ્રતિબિંબો નથી. (૫૮)

હે પંડિતો ! एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः एकधा, बहुधा चैव दृश्यते जलचन्द्रवत्'' આવા પ્રકારની શ્રુતિમાં બ્રહ્મનું જીવન અંતર્યામીપણું કહ્યું છે. બ્રહ્મનું જીવપણું કહ્યું જ નથી. (૫૯)

ચિદચિત્ શરીરવાળા શુદ્ધ અસંગી બ્રહ્મ એક હોવા છતાં પણ, જેમ ચંદ્ર એક છે છતાં જળમાં પ્રતિબિંબરૂપે બહુ પ્રકારે ભાસે છે. તેમ દર્શાય છે. પરંતુ ચંદ્રમા દોષ સહિત ભાસે છે. જ્યારે બ્રહ્મ અસંગી હોવાથી જીવમાં અંતર્યામી રૂપે રહેવા છતાં, જીવના દોષ તેને અડતા નથી. (૬૦)

તે જ બતાવે છે અસંગીપણું અને નિર્દોષપણું બ્રહ્મનું છે. ''सूर्योयथा'' એ શ્રુતિથી વર્ણન કરેલું છે. તેથી જીવ અવિદ્યામાં પરમાત્માનું પ્રતિબિંબ નથી. બ્રહ્મનું અગંસીપણું પ્રતિપાદન કરનારી શ્રુતિ કઠવલ્લી ઉપનિષદમાં છે, જેમ કે. ''सूर्यो यथा सर्वलोकस्य चक्षुः न लिप्यते चाक्षुषैबाह्यदोषैः, एकस्तथा सर्वभूतांतरात्मा न लिप्यते लोकदुःखेन ब्राह्यः ।'' (૬૧)

વળી અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ જીવ છે એમ અતિ આગ્રહથી કહેતા હો તો તે અવિદ્યા અંધકાર પ્રધાન અને એવા સ્વભાવથી મલિન વર્તે છે. (૬૨)

હે મહાપ્રજ્ઞો ! નૃસિંહોત્તરતાપનિ ઉપનિષદમાં આ માયા 'तमोरुपा' કહેલી છે. આ પ્રમાણે તમે નિશ્ચય જાણો. પ્રમાણભૂત શ્રુતિ તો ''माया च तमोरूपाऽनुभूतेस्तदेव जडम्'' ઇત્યાદિ. (૬૩)

માયા સ્વભાવથી મલિન-તમો યુક્ત છે. પ્રતિબિંબ તો નિર્મળમાં જ થાય. મલિનમાં, તમોરૂપા માયામાં, તેનું પ્રતિબિંબ કેવી રીતે થયું ? (મલિનમાં પ્રતિબિંબ સંભવતું નથી.) (૬૪)

તેથી બ્રહ્મ જીવનું પ્રતિબિંબ છે. એમ તમો કહેવા માટે શક્તિમાન નથી. શંકા ''मायाभासेन'' એ શ્રુતિનો અર્થ નિર્બાધ હું કહું છું. (૬૫)

આભાસ શબ્દ વિપરીત અર્થના વાચક છે. (હેત્વાભાસમાં વિપરીત હેતુની માફક, તેવી રીતે ધર્માભાસાદિકમાં-વિપરીત ધર્માદિકમાં જેમ) એમ વેદને જાણનારાએ કહ્યું છે. (૬૬)

માયા, આભાસથી જીવ અને ઈશ્વરને કરે છે. માયા, જીવ ઈશ્વરના યથાર્થ સ્વરૂપમાં વિપરીતપણું ઉત્પન્ન કરે છે જ, આવો તે શ્રુતનો અર્થ છે. (૬૭)

અજ ''ज्ञाज्ञौ द्वावजावीशानीशाविति श्रुतेः'' જ્ઞ અને અજ્ઞ બે અજ. ઈશ્વર જ્ઞ અને જીવ અજ્ઞ. ઈશ્વર ઇશ અને જીવ અનીશ એમ જીવ ઈશ્વરને કહ્યા છે. ''अजो नित्यः शाश्वतोऽयं पुराणः''

એ શ્રુતિથી શાશ્વત કહેલો છે. नित्यो नित्यानाम् એ શ્રુતિથી નિત્ય કહેલા છે. તે જ પ્રકારે ''अछेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च । नित्यःसर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ગીતામાં અછેદ્યાદિ લક્ષણવાળો કહ્યો છે. આવી રીતનો જીવ છે. છતાં પણ કર્મના પરાધીનપણાથી શોક કરે છે. આવી રીતે જીવનું યથાર્થપણું કહેલું છે. ''अनीशया शोचति मुह्यमानः'' એ શ્રુતિથી. (૬૮)

આવું આત્મતત્ત્વ છે છતાં પણ દેહ એ જ આત્મા છે. એ પ્રકારનો ભ્રમ તથા સ્વતંત્ર હું છું આ પ્રકારની ભ્રાન્તિથી હું દેહ, હું ઈશ્વર, સ્વતંત્ર, આ પ્રકારે માયા જેમ હોય તેમ સ્પષ્ટરીતે દેહીઓને ઉચ્ચારણ કરાવે છે. (૬૯)

આવી રીતે જીવમાં માયાથી થતું વિપરીતપણું કહ્યું, હવે ઈશ્વરમાં માયાએ કરેલું વિપરિતપણું કહે છે, ''शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं विश्वाधारं'' આ સ્મૃતિથી ઈશ્વરને વિશ્વાધાર કહ્યા છે. ''सृजत्यवत्यत्ति न तत्र सज्जते'' એ સ્મૃતિથી જગતના સૃષ્ટા કહેલા છે. ''मायेशो मायया स्वयेति'' એ સ્મૃતિથી માયેશ કહેલા છે. ''शाश्वतं शिवमच्युतमिति'' એ શ્રુતિથી શાશ્વત અને શિવ કહેલા છે. सर्वशक्तिः स्वतंत्रश्च सर्वात्मा सर्वभावविदिति એ સ્મૃતિથી આવા પ્રકારના ઈશની યથાર્થતા કહેલી છે. (૭૦)

આવા પ્રકારના ઈશ્વર તત્ત્વમાં અન્યાધારપણું, અન્યકાર્યપણું, પરતંત્રપણું, વગેરે માયાની ઉપાધિનું મુખ્યપણું ક્યારેક જે જોવાય છે તે ભ્રાંતિથી જોવાય છે. (૭૧)

એ વિપરીતપણું માયાથી થાય છે. આવી રીતે શ્રુતિનો બાધે રહિત જ અર્થ કહ્યો તેથી તમો તે અર્થથી વિરુદ્ધાર્થનો ત્યાગ કરો. (૭૨)

આ પ્રકારે સમગ્ર વેદ શાસ્ત્રોને વિષે જે સંશયરૂપી અગ્નિ છે તેની જ્વાળાને સારી રીતે શાંત કરવામાં અમૃત સમાન, શ્રીહરિનાં વચન સાંભળીને, આનંદિત થયેલા પંડિતો હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૭૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીયસ્કંધમાં શ્રીહરિકૃત દ્વૈતમત નિરુપણ નામે ઓગણત્રીસમો અસાધ્ય સંપૂર્ણ. (૨૯)



અધ્યાય ૩૦ મો

વિદ્વાનો કહે છે :- હે શાસ્ત્રના સિદ્ધાંતને જાણનાર ! હે બુદ્ધિમાન ! હે સર્વાચાર્ય શિરોમણી! અમારા સર્વ સંશયો તમોએ જ્ઞાનરૂપી તરવારથી છેદી નાખ્યાં છે. (૧)

તો પણ તમારા મુખરૂપી ચંદ્રમાંથી સ્રવતા વાક્યરૂપી સુધારસ પીવાને ઈચ્છા કરતા અમો હે દયાનિધે ! તમોને કંઈક પૂછીએ છીએ. (૨)

હે સર્વવિત્ ! હે બ્રહ્મન્ ! જીવોનો તથા પ્રકૃતિનો તથા બ્રહ્મનો ભેદ ઉપાધિજન્ય છે કે પારમાર્થિક છે ? (૩)

વેદ તથા શાસ્ત્રસંબંધિસિદ્ધાંતના જાણનારાઓમાં અત્યંત શ્રેષ્ઠ ! તમારી પાસેથી હે મહાબુદ્ધે! અમો બધા સાંભળવા ઈચ્છીએ છીએ. (૪)

વળી ભેદાભેદાર્થને કહેનારા શ્રુતિ-સ્મૃતિ અને ન્યાયથી બ્રહ્મ, સ્પષ્ટ જેમ હોય તેમ ચિદચદ્ વિશિષ્ટ જ તમોએ વારંવાર કહ્યું છે. (૫)

સમગ્રવેદ તથા શાસ્ત્રના સર્વસિદ્ધાંતને જાણનારા તમોએ શરીરભૂત ચિદચિત્ વિશિષ્ટ જ બ્રહ્મનું અદ્વિતીયપણું કહ્યું છે. (૬)

તેથી તમારો મત વિશિષ્ટાદ્વૈત મત છે કે શું ? અથવા નિંબાર્કીઓની માફક બ્રહ્મમાં ભેદાભેદનું સત્યપણું પ્રતિપાદન કરનારો મત છે કે શું ? તે જાણવાને ઈચ્છતા અમોને તમો તત્ત્વેસહિત કહો. (૭)

હે રાજન્ ! સર્વવિદ્ પુરુષોત્તમ શ્રીહરિ આ પ્રમાણે પંડિતોનું વચન સાંભળીને પોતાના પ્રતાપથી પરાભવ પામેલા તેમને કહેવા લાગ્યા. (૮)

હે વિદ્વાનો ! બ્રહ્મનો તથા જીવોનો તેમ જ પ્રકૃતિનો ભેદ ઉપાધિજન્ય નથી, પરંતુ વાસ્તવિક ભેદ છે. (૯)

હે પંડિતો ! સ્વરૂપથી તથા સ્વભાવથી તલ અને ચોખાની માફક સંકરપણુ પ્રાપ્ત ન થાય તેથી એ ત્રણેનો ભેદ અનાદિ છે. એમ જાણો. (૧૦)

હે પંડિતો ! "વિશિષ્ટાદ્વૈત" સંજ્ઞાવાળો મારો શ્રેષ્ઠમત છે. આ મત શ્રુતિસ્મૃતિ અને ન્યાયના સિદ્ધાંત અનુસાર કહેલો છે. (સર્વ પ્રકારે પ્રમાણિત છે) તેથી જ રામાનુજ વગેરે આચાર્યવર્યોને આ મત અતિ પ્રિય છે. (૧૧)

હે વિપશ્ચિતો ! એ બ્રહ્મ, જીવ અને પ્રકૃતિએ ત્રણના વિભાગ વેદશાસ્ત્રના પ્રમાણથી તમોને જીજ્ઞાસુ જાણી હું યથાર્થ કહું છું. (૧૨)

(પંડિતોનો પોતાનો આ સિદ્ધાંત તેઓ શા માટે કહે છે) તે કારણ કહે છે. હે પંડિતો ! તમો નિર્માની થયા છો. તેથી હું તમોને ન કહું તો દોષિત થાઉં. માટે કહું છું તે સાંભળો. (૧૩)

હે પંડિતો ! નિત્ય અનાદિ ત્રણ તત્ત્વોનો ભેદ અનાદિ વાસ્તવિક છે, એ ત્રણ તત્ત્વોનું વિવેચન વરદાર્ય પ્રણીત તત્ત્વત્રય વિવેચન નામના ગ્રંથમાં "द्रव्याद्रव्यप्रभेदान्मितमुभयविधं तद्विदस्तत्त्वमाहुर्द्रव्यं द्वेधा विभक्तं जडमजडमिति प्राच्यमव्यक्तकालौ । अन्त्यं प्रत्यक् पराक्च् प्रथममुभयधा तत्र जीवेशभेदान्नित्या भूतिर्मतिश्चेत्यपरमिह जडामादिमां केचिदाहुः" ત્રણ તત્વોના ભેદમાં પ્રમાણ વાક્યો, શારીરિક સૂત્રો તથા શ્રુતિ સ્મૃતિઓમાં સો સો છે. તેમાં કેટલાક પ્રમાણો હું કહું છું. (૧૪-૧૫)

"भेद व्यपदेशाच्च" એ શારીરિક સૂત્ર છે. આ સૂત્રનું શ્રીભાષ્ય શ્વેતાશ્વતરોપનિષદ્‌માં "समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमेति वीतशोकः" ઈત્યાદિથી જીવથી વિલક્ષણ પરમાત્મા છે. ભોગ્યભૂત પ્રકૃતિથી મોહપામતો જીવ, શોક કરે છે. જ્યારે આ જીવ પોતાથી ભિન્ન અને સર્વ પ્રકારે પ્રીતિ કરવા યોગ્ય સર્વેશ્વર પરમાત્માને તથા તેમનો મહિમા પરમાત્મા સમગ્ર જગતના નિયામક છે એ પ્રકારે જાણે છે, ત્યારે શોક રહિત થાય છે. સૂત્રનો અર્થ

તો પ્રીતિ કરવા યોગ્ય પોતાનાથી અન્ય પરમાત્માને જ્યારે એ જીવ જુએ છે એ આદિક જીવથી જુદા ભેદથી, નિર્દેષ હોવાથી, આ પરમાત્મા છે, ''अनुपपत्तेस्तु न शारीरः'' આ પ્રકારનું સૂત્ર છે. આ સૂત્રનું શ્રીભાષ્ય આ ગુણના સમુદ્રને (પરમાત્માને) જોઈએ છીએ. ત્યારે આગીઆ સમાન દેખાતો જે બદ્ધ તેમજ મુક્ત જીવ, જે શરીર સાથેના સંબંધને લીધે અપાર દુઃખ પામે છે, તેનામાં પરમાત્માના ગુણ લેશે પણ આવવાનો સંભવ નથી દેખાતો. માટે ઉપનિષદ્ ભાગમાં શારીર આત્મા (જીવ) સંબંધી કાંઈ વાત છે એવી શંકા પણ ઉપજતી નથી. સૂત્રનો અર્થ તો સત્યસંકલ્પાદિ ગુણો, અનંત દુઃખને ભજનારા અજ્ઞાની-કર્મ પરવશ પ્રત્યગાત્મામાં ઉત્પન્ન થઈ શકતા નથી. માટે શારીર આત્મા (જીવ) નથી. પરંતુ પરબ્રહ્મ જ છે. (૧૬)

कर्मकर्त्तृव्यपदेशाश्चान्यः'' આ સૂત્ર છે. આ સૂત્રનું શ્રીભાષ્ય ''एतमितः प्रेत्याभिसंभविताऽस्मि'' અહીંથી જઈને એને હું પામીશ.'' એમ પરબ્રહ્મનું પ્રાપ્ય (પામવાની વસ્તુ) તરીકે પ્રતિપાદન કરેલું છે. અને પ્રાપ્તા (પામનાર) તરીકે જીવનું પ્રદિપાદન કરેલું છે. માટે જીવ (પ્રાપ્તા) તે ઉપાસક અને પ્રાપ્ય પરબ્રહ્મ તે ઉપાસ્ય; એમ પ્રાપ્તા (જીવ)થી પરબ્રહ્મ ભિન્ન છે. એમ શ્રુતિથી સમજાય છે.'' **शब्दविशेषात्** એવું પણ સૂત્ર છે. આનું શ્રીભાષ્ય ''एषम् आत्मान्त हृदये'' આ મારો આત્મા હૃદયની અંદર રહેલો...'' એમ શારીર આત્મા (જીવ)નો ષષ્ટી વિભક્તિથી નિર્દેષ કરેલો છે, અને ઉપાસ્ય આત્મા (પરમાત્મા)નો પ્રથમા વિભક્તિથી નિર્દેશ કર્યો છે. તે જ પ્રમાણે વાજસનેયિસંહિતામાં એને મળતા પ્રકરણમાં જીવાત્મા અને પરમાત્મા માટે જુદા જુદા શબ્દો વાપરેલા જોવામાં આવે છે. **व्रीहिर्वा यवोवा श्यामाको वा श्यामाक तण्डुलो वा एवमयमंतरात्मनि पुरूषो हिरण्यमयो यथा ज्योतिरधूमम इति** (શતપથ) જેમ ડાંગરની શાળમાં ચોખા, જવ, સામો કે સામાનો ચોખો હોય છે, તેમ આત્માની અંદર હિરણ્યમય પુરુષ રહેલો છે. જાણે કે ધૂમરહિત જ્યોતિ ! અહીં ''अन्तरात्मन्'' આત્માની અંદર એમ સપ્તમ્યન્ત શબ્દ શારીરિ આત્માનો વાચક છે. અને ''हिरण्यमयपुरुषः'' હિરણ્યમય પુરુષ એમ પ્રથમાન્ત શબ્દ ઉપાસ્ય પરમાત્માને લાગુ પડે છે. માટે પરમાત્મા જ ઉપાસના કરવા યોગ્ય છે. સૂત્રાર્થ તો (જીવ અને પરમાત્મા માટે જુદા જુદા શબ્દો જુદી જુદી વિભક્તિઓ પૂર્વક વાપરેલા છે, તેથી પણ જણાય છે કે, જીવાત્મા અને પરમાત્મા એક નથી, અને તેથી અહીં જીવાત્મા નહીં પણ પરમાત્મા જ સમજવાના છે.) એવી રીતે આ પ્રકારે ''संभोगप्राप्तिरिति चेन्न वैशेष्यात्'' એ પણ સૂત્ર છે. તમે કહેશો કે, જીવની માફક પરબ્રહ્મને પણ શરીરની અંદર રહેલો માનીએ, તો જેમ જીવને શરીરના સંબંધે કરીને સુખ દુઃખ ભોગવવાં પડે છે, તેમ બ્રહ્મને પણ ભોગવવા પડે. ''संभोगप्राप्तिः'' તો એમ તેનો ઉત્તર નથી. શ્રીભાષ્ય પ્રમાણે સૂત્રાર્થ તો આ પ્રમાણે છે. ('इति चेन्न') તમે સુખ દુઃખનો હેતુ શરીરની અંદર રહેવું તે બતાવ્યો પણ તેમાં ફેર છે. (''वैशेष्यात्'') શરીરની અંદર રહેવું તે સુખ દુઃખનું કારણ નથી. કિન્તુ પાપ પુણ્યરુપ કર્મને પરવશ હોવું, એ સુખદુઃખ ભોગવવાનું કારણ છે. એવી પરવશતા સર્વપાપ અને દોષ સહિત પરમાત્મામાં સંભવતી નથી. તે ઉપર શ્રુતિ છે કે, ''तयोरन्यो पिप्पलस्वाद्वत्यनश्न न्यन्योऽभिचाकशीति'' તેમાંના એક (જીવ) સ્વાદિષ્ટ પિપળ ફળ ખાય છે, બીજા (પરમાત્મા) ખાતા નથી પણ જોયા કરે છે. પરમાત્મા

ભોક્તા નથી એટલે સર્વત્ર ભોક્તા તરીકે વર્ણવાતો આત્મા તે જીવ જ સમજવો જોઈએ. તો શરીરના અંદર રહેલા બ્રહ્મને પણ જીવની માફક સુખ દુઃખના ભોગની પ્રાપ્તિ થાય એમ સૂત્રાર્થ કરતા હો તો એમ નથી. કારણ કે કારણરૂપ પરમાત્માનું વિશેષપણું છે. પરમાત્મા પિપ્પળના સ્વાદિષ્ટ ફળ ખાતા નથી. પણ ફક્ત જુએ જ છે. તેમાં વિશેષ્યનું વિશેષપણું હેતું છે. પરબ્રહ્મનો શરીરની અંદર નિવાસ છે તે પોતાની ઈચ્છાથી જીવની રક્ષા માટે છે. જીવની માફક કર્મ પરવશપણાથી નથી. (૧૭)

''न च स्मार्तमतद्धर्माभिलापाच्छारीरंच'' એ સૂત્ર છે. આ સૂત્રનું શ્રીભાષ્ય કપિલ સ્મૃતિમાં કહેલું પ્રધાન નહીં; જીવ કારણ કે એના ધર્મ (અહીં) કહેલા નથી; એ સ્માર્ત અને શારીર અર્થાત્ પ્રધાન અને જીવ એ અંતર્યામી ન હોઈ શકે, ''अतद्धर्माभिलापात्'' કારણ કે પરમાત્મામાં જે ધર્મ છે તે તેમનામાં સંભવતા નથી. સ્વભાવથી જ સર્વના દૃષ્ટા; સર્વના નિયંતા, સર્વના આત્મા, સ્વતઃ અમૃત હોવું, એ ગુણો તેઓમાં (પ્રધાનમાં અને જીવમાં) લેશ પણ સંભવતા નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ સ્માર્ત અચેતન (પ્રધાન)માં સર્વજ્ઞત્વ, નિયન્તૃત્વ, સર્વાત્મત્વ, વગેરે ગુણો સંભવતા નથી, તેમ જીવમાં પણ તે સંભવતા નથી. કારણ કે એનામાં એ ધર્મો નથી, આ ગુણો પરમાત્મા સાથે જોડી શકાય છે, અને જીવ સાથે નથી જોડી શકાતા. એ (ઉપરનાં) બે સૂત્રોથી બતાવ્યું. સૂત્રાર્થ સ્પષ્ટ છે. બીજું उभयेऽपि हि भेदनैनम् अधीयते એ પ્રકારે કહેવાય છે. આ સૂત્રનું શ્રીભાષ્ય (उभये) ''બંને'' માધ્યંદિન શાખાવાળા અને કાણ્વ શાખાવાળા અંતર્યામીને નિયામ્ય એવા જે વાણી વગેરે અચેતન પદાર્થો તેની સાથે શારીર (જીવ) ને પણ જુદો પાડીને भेदेन પઠે છે. (अधीयते च आत्मनि तिष्ठन् आत्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरं आत्मानमन्तरो यमयति सत आत्माऽन्तर्याम्यमृतः'' જે આત્મામાં રહે તો. આત્માની અંદર જુદો છે, જેને આત્મા જાણતો નથી, જેનું આત્મા શરીર છે, જે આત્માની જે આત્માની અંદર રહી એનું નિયમન કરે છે. એ તારો અમૃત અંતર્યામી આત્મા'' એમ માધ્યન્દિની શાખાવાળાનો પાઠ છે અને ''यो विज्ञाने तिष्ठन्'' વિજ્ઞાનમાં રહે તો. ''ઈત્યાદિ કાણ્વોનો પાઠ છે. તાત્પર્ય કે તેઓ, જીવને પરમાત્માનું નિયમન હોવાથી પરમાત્માથી તેને ભિન્ન કહે છે. તેથી અંતર્યામી (અંદર રહી નિયમન કરતા પરમાત્મા તે) જીવ થકી ભિન્ન દોષરહિત, પરમાત્મા નારાયણ છે, એમ સિદ્ધ થયું. સૂત્રાર્થ તો સ્પષ્ટ છે. (૧૮)

''विशेषणभेदव्यपदेशाभ्यां च नेतरौ'' રામાનુજાચાર્યકૃત વેદાંતસારમાં એ અર્થ કહ્યો છે. એકને જાણવાથી સર્વ જાણી શકાય છે. એ અંતર્યામીનો ગુણ હોવાથી, પ્રધાન તે અંતર્યામી બની શકે નહીં. ''अक्षरात्परतः परः'' પ્રધાનથી પર જે પ્રત્યગાત્મા(પુરુષ) તેનાથી પણ પર એ પ્રમાણે અંતર્યામી પરમાત્મા ભિન્ન છે એમ કહ્યું છે. તેથી પ્રત્યગાત્મા પરમાત્મા ન હોઈ શકે અથવા સામાનાધિકરણ્યથી (જીવ અને ઈશ્વરથી) પર જે અક્ષર-પચ્ચીસ તત્ત્વોથી પર-એમ ભેદ કથન કહ્યું છે. ''मुक्तोपसृप्य व्यपदेशात्'' એ પ્રમાણે બીજું સૂત્ર છે. આનું શ્રીભાષ્ય-દ્યૌ પૃથ્વી વગેરેનો આશ્રયરૂપ આ આત્મા, તે સંસારના બંધનમાંથી છૂટેલા પુરુષોએ પામવા યોગ્ય છે (''मुक्तोपसृप्य'') એમ નીચેની શ્રુતિમાં કહેલું છે. (व्यपदेशात्) यदा पश्यः पश्यते रुक्मवर्णे कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् । तदा विद्वान् पुण्यपापे विधूय निरजनः परमं साम्यमुपैति'' । यथा नद्यः स्यन्दमानाः समुद्रे अस्तं गच्छन्ति नामरूपे विहाय । तथा

विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम्'' જ્યારે જ્ઞાની પુરુષ એ સુવર્ણ વર્ણ, કર્તા, ઈશ્વર, બ્રહ્માંડના કારણ પરમાત્માને જુએ છે, ત્યારે એ જ્ઞાની, પુણ્ય પાપથી મુક્ત થઈ નિરંજન થઈ, પરમ સામ્યને પામે છે, જેમ વહેતી નદીઓ નામરૂપ ત્યાગ કરી સમુદ્રમાં અસ્ત પામે છે, તેમ જ્ઞાની પુરુષ, નામ અને રૂપથી મુક્ત થઈને, પર થકી પણ પર એવા જે દિવ્ય પુરુષ તેને પામે છે. સંસારના બંધનથી જેઓ મુક્ત થયા છે તેઓ જ પુણ્ય પાપથી રહિત થઈ, નિરંજન અને નામ રૂપ (પ્રકૃતિ)થી મુક્ત થાય છે. પુણ્ય પાપથી ઉત્પન્ન થતો જે અચિત્ (પ્રકૃતિ)નો સંસર્ગ, તેજ નામરૂપ ભેદનું કારણ છે, તેજ સંસાર તેથી પાપ પુણ્યથી મુક્ત થયેલા નિરંજન, પ્રકૃતિના સંસર્ગ રહિત, અને પરબ્રહ્મ સાથે પરમ સામ્ય પામેલા એવા પુરુષોએ પ્રાપ્ય દ્યૌ પૃથ્વી વગેરેના આશ્રયભૂત, જે પુરુષ કહ્યા છે, તે પરબ્રહ્મ જ હોવા જોઈએ. સૂત્રાર્થ તો'' પુણ્ય પાપ અને નામરૂપથી રહિત મુક્ત પુરુષોને જે પ્રાપ્ય કહ્યા છે. તે પરબ્રહ્મ જ છે.'' એમ સ્પષ્ટ કહે છે. (૧૯)

''स्थित्यदनाभ्याञ्च'' આ પ્રકારે બ્રહ્મસૂત્ર છે. આનું શ્રીભાષ્ય ''द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते तयोरन्यः पिप्पलं स्वाद्वत्यनस्नन्नन्यो अभिवाकशीति'' મિત્ર એવાં બે પક્ષીઓ એક જ વૃક્ષ ઉપર બેઠાં છે. તેમાનું એક મીઠું પીપળ-ફળ ખાય છે. અને બીજું ખાતું નથી. પણ જોયા કરે છે.'' એ શ્રુતિમાં એક (જીવ)જ કર્મનું ફળ ભોગવે છે અને બીજા (પરમાત્મા) કર્મ ફળ ન ભોગવતાં, દેદીપ્યમાન હોઈ, શરીરની અંદર ફક્ત રહે છે, એમ પ્રતિપાદન કર્યું છે. તેમાં કર્મ ફળ ન ભોગવતો દીપ્યમાન જે સર્વજ્ઞ, અમૃતનો સેતુ, સર્વનો આત્મા, તેજ, દ્યૌ, પૃથ્વી, આદિનો આશ્રય હોવો ઘટે છે. કર્મ ફળ ભોગવતો શોકમાં પડેલા પ્રત્યગાત્મા (જીવ) નહીં. તેથી દ્યૌ, પૃથ્વી આદિનો આશ્રય તે પરમાત્મા એમ સિદ્ધ થયું. બીજું ''उत्तराच्चेदाविर्भूतस्वरुपस्तु'' આ બ્રહ્મ સૂત્ર છે. આ સૂત્રનો અર્થ વેદાંત દીપમાં, પછીના પ્રજાપતિના વાક્યમાં કહેલો જે આત્મા પાપેરહિત, જરારહિત, વગેરે ગુણવાળો છે, તે જીવ જણાય છે એમ કહેવું ખોટું છે. કારણ કે જાગ્રતાદિ અવસ્થાવડે અનાદિ કાળથી પ્રવર્તેલાં પુણ્ય પાપરૂપ કર્મના મૂળોથી ઢંકાઈ ગયેલા ગુણવાળો, પરબ્રહ્મની ઉપાસનાથી ઉત્પન્ન થયેલી પરમાત્માની પ્રાપ્તિથી આવિર્ભૂત સ્વરૂપવાળો, આ જીવ પ્રજાપતિના વાક્યમાં પાપે રહિત ગુણવાળો કહ્યો છે. પરંતુ દહરાકાશને જીવ કહ્યો નથી. કારણ જેનું સ્વરૂપ ઢંકાયેલું નથી એવા અપાપત્વ ગુણવાળું દહરાકાશનું સ્વરૂપ છે, માટે દહરાકાશ એ જીવ છે તે સંભવતું જ નથી. (૨૦)

''अधिकं तु भेदनिर्देशात्'' આ સૂત્ર છે. જીવ થકી બ્રહ્મ અધિક છે. ''तु'' શબ્દ પૂર્વોક્ત પક્ષનો (જીવ એ જ બ્રહ્મ છે એ પક્ષનો) નિષેધ કરે છે; આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક દુઃખનો સમ્બન્ધ જેને છે. એવા પ્રત્યગાત્મા (જીવ) થકી બ્રહ્મ ''અધિક'' કહેતાં જુદું છે. શાથી? ભેદનિર્દેશ છે. તેથી પ્રત્યગાત્મા (જીવ) થકી પરબ્રહ્મનો ભિન્નરૂપે નિર્દેશ કર્યો છે. તે વચનો નીચે પ્રમાણે છે. ''य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मानं न वेद यस्मात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्माऽन्तर्याम्यमृतः'' ''पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टस्ततस्तेनामृतत्वमेति'' ''स कारणं करणाधिपाधिपः''

''तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति अनश्नन्नन्योऽभिचाकशीति'' ''ज्ञाज्ञौ द्वावजावीशानीशौ'' ''प्राज्ञेनाऽऽत्मना सम्परिष्वक्तः'' ''प्राज्ञेनाऽऽत्मना अन्वारूढः'' ''अस्मान्मायी सृजते विश्वमेतत् तस्मिंश्चान्यो मायया सन्निरुद्धः'' ''प्रधानक्षेत्रज्ञ पतिर्गुणेशः'' नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान्'' योऽव्यक्तमन्तरे सञ्चरन् यस्या व्यक्तं शरीरं यमव्यक्तं न वेद, योऽक्षरमन्तरे सञ्चरन् यस्याक्षरं शरीरं यमक्षरं न वेद भूतान्तरात्माऽपहतपात्मा दिव्यो देव एको नारायणः'' જે આત્મામાં રહેતો આત્માની અંદર છે, જેને આત્મા જાણતો નથી, જેનું આત્મા શરીર છે, જે અંદર રહી આત્માનું નિયમન કરે છે, તે તારો આત્મા અંતર્યામી અમૃત છે.'' આત્માને અને એના પ્રેરકને જુદા સમજી પરમાત્માનો અનુગ્રહ પામી, એ અમર થાય છે. એ કારણ છે, કરણોના અધિપતિનો પણ અધિપતિ છે.'' ''તેઓમાંનો એક મીઠું ફળ ચાખે છે. બીજો તે ન ચાખતાં જોયા કરે છે.'' જ્ઞાન અને અજ્ઞાની એ ઈશ અને બીજા અનીશ'' પ્રાજ્ઞ આત્માથી આલિંગાએલો'' ''પ્રાજ્ઞ આત્માથી અધિષ્ઠિત'' ''એમાંથી એ માયાવાળો (માયાને ધરનારો) વિશ્વ સૃજે છે. અને એ વિશ્વમાં બીજો (જીવ) માયા થકી પૂરાઈ રહ્યો છે.'' ''પ્રધાન અને ક્ષેત્રજ્ઞનનો પતિ ગુણોનો નિયંતા'' ''નિત્યોમાં નિત્ય'', ''ચેતનોમાં ચેતન, જે એક હોઈ બહુનાં કામ સિદ્ધ કરે છે.'' ''જે અવ્યક્તની અંદર ફરે છે, જેનું અવ્યક્ત શરીર છે, જેને અવ્યક્ત જાણતું નથી,'' જે અક્ષરની અંદર ફરે છે. જેનું અક્ષર શરીર છે. જેને અક્ષર જાણતું નથી.'' એ સર્વ ભૂતોનો અંતરાત્મા, પાપરહિત, દિવ્ય દેવ એક નારાયણ છે,'' એ આદિક શ્રુતિઓ જીવ અને બ્રહ્મનો ભેદ કહે છે. સૂત્રાર્થ તો ''તુ'' શબ્દ અભેદ પક્ષનો નિષેધ કરે છે. પ્રત્યગાત્મા (જીવ) થી અધિક બીજી વ્યક્તિ બ્રહ્મને કહે છે. શાથી ? ભેદનો નિર્દેષ કર્યો છે માટે. અહીં પ્રમાણને માટે પૂર્વે કહ્યું એ આદિક ઘણાં સૂત્રો તથા શ્રુતિઓ છે. (૨૧)

એ પ્રકારે સૂત્રોથી જીવ, માયા અને પરબ્રહ્મના ભેદનો નિર્દેશ કર્યો. હવે શ્રુતિઓ કહે છેઃ પ્રધાન અને ક્ષેત્રજ્ઞનો પતિ'' સત્ય, શૌચ, અપહતપાપ્મ વગેરે ગુણોના સ્વામી, એ અર્થને કહેનારી શ્રુતિ શ્વેતાશ્વેતરોપનિષદ્‌ના છઠ્ઠા અધ્યાયમાં प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः'' संसारमोक्षस्थितिबन्धहेतुरिति, ''भोक्ता भोग्यं प्रेरितारं ।'' આ બીજી શ્રુતિ છે. તેવી રીતે આજ ઉપનિષદમાં પહેલા અધ્યાયમાં ''भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा सर्व प्रोक्तं त्रिविधं ब्रह्म ह्येतत्'' ''પ્રધાન અને ક્ષેત્રજ્ઞનો પતિ'' ગુણોનો સ્વામી. સંસારમાંથી મુક્તિ, સંસારમાં સ્થિતિ, અને સંસારના બંધનમાં કારણભૂત, ભોક્તા, ભોગ્ય, પ્રેરિતા એ ત્રણ પ્રકારનું સર્વ બ્રહ્મ કહેલું છે તેને માનીને અમૃતપણાને પામે છે. (૨૨)

''सोऽस्नुते सर्वान्कामान् सह ब्रह्मणा विपश्चिता'' આ આનંદવલ્લ્યુપનિષદ્‌માં તે સર્વજ્ઞબ્રહ્મની સાથે સર્વ કામોને ભોગવે છે. વળી ''एतमितः प्रेत्याभिसंभविताऽस्मि'' આ છાન્દોગ્યોપનિષદ્‌માં કહ્યું છે કે અહીંથી આ શરીર છોડીને એને હું પામવાનો છું. (૨૩)

अयमन्तरात्मनि पुरुषः એ પ્રકારની શ્રુતિ છે, તેવી રીતે બૃહદારણ્યકમાં ''स होवाच गार्गिय एवायमात्मनि पुरुष एतमेवाहं ब्रह्मापास इति'' બીજી શ્રુતિ શ્વેતાશ્વેતોપનિષદમાં ''सकारणं करणाधिपाधिपो

न चास्य कश्चिज्जनिता न चाधिपः'' ગાર્ગીએ કહ્યું જે આ આત્માની અંદર પુરુષ છે. તેને હું બ્રહ્મ માની ઉપાસના કરું છું. તે કારણ છે, કરણોનો અધિપતિ તેનો પણ અધિપતિ છે. આનો કોઈ ઉત્પન્ન કરનાર નથી. તેમ એનો કોઈ અધિપતિ નથી. (૨૪)

શ્વેતાશ્વેતારોપનિષદમાં ''ज्ञाज्ञौ द्वावजावीशानीशावजा ह्येका भोक्तृभोग्यार्थयुक्ता । अनन्तश्चात्मा विश्वरूपो ह्यकर्ता त्रयं यदा विन्दते ब्रह्ममेतदिति'' ''नित्यो नित्यानाम् चेतनश्चेतनानाम् एको बहूनां यो विदधाति कामान् । तमात्मानं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषामिति,'' એક જ્ઞાની અને બીજો અજ્ઞાની. બંને નિત્ય. એક ઈશ અને બીજો અનીશ, એક અજા. કે જે ભોગવેલા ભોગ્યાર્થ વાળી. અનંત આત્મા વિશ્વરૂપ, અકર્તા, જ્યારે એ બ્રહ્મ ત્રણને જાણે છે, નિત્યોમાં નિત્ય, ચેતનોમાં ચેતન એક ઘણાંના કામ કરે છે. તે આત્માને જે જુએ છે, તે ધીર પુરુષોને અખંડ સુખ પ્રાપ્ત થાય છે. બીજાઓને પ્રાપ્ત થતું નથી. (૨૫)

શ્વેતાશ્વરોપનિષદમાં ''तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमञ्च दैवतम् पतिः पतीनां परमं परस्ताद्विदाम देवं भुवनेशमीड्यमिति,'' તથા સુબાલોપનિષદમાં ''अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वोत्मेति,'' ઈશ્વરોના પરમ મહેશ્વર, દેવતાઓના દેવ, પતિઓના પરમ પતિ, પરથકી પર, ભુવનનો સ્વામી, સ્તુતિ કરવા યોગ્ય દેવને, અમો જાણીએ છીએ. વળી સુબાલોપનિષદ્‌માં જનોની અંદર પ્રવેશ કરીને નિયમન કરનાર સર્વના આત્મા છે. એવી શ્રુતિઓ છે. (૨૬)

તેવી રીતે આનંદવલ્લી ઉપનિષદ્‌માં ''ब्रह्मविदाप्नोति परमिति,'' તથા નૃસિંહોત્તરતાપની ઉપનિષદ્‌માં ''ब्रह्मेव सन्ब्रह्माप्येति આનંદ વલ્લી ઉપનિષદ્‌માં બ્રહ્મરૂપ થઈને બ્રહ્મને પામે છે. આવી શ્રુતિ છે. (૨૭)

''समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः । जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमेति બીજી શ્રુતિ ''वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनायेति,'' द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति इति શ્વેતાશ્વતરોપનિષદ્‌ની શ્રુતિઓ છે. એક વૃક્ષમાં રહેલા છતાં અનીશ હોવાથી મોહ પામતો જીવ શોક કરે છે. ત્યારે જ્યારે પોતાનાથી અન્ય ઈશ્વરને પ્રસન્ન થયેલા જુએ છે તેમજ તેમનો મહિમા જાણે છે, ત્યારે શોકરહિત થાય છે. બીજી શ્રુતિ માયા. થકી પર આદિત્યવર્ણવાળા એ મહાન પુરુષને જાણે છે. તેને જાણીને જ મૃત્યુનું ઉલ્લંઘન થાય છે. બીજો મોક્ષને માટે માર્ગ નથી, તથા બીજી શ્રુતિ શ્વેતાશ્વતરોપનિષદ્‌ની છે. બે પક્ષીઓ એક વૃક્ષ ઉપર બેઠા હતા તેમાંથી એક પક્ષી તે વૃક્ષનું સ્વાદિષ્ટ ફળ ખાય છે. અને બીજું જોઈ રહે છે. (૨૮)

ચૂલિકા ઉપનિષદ્‌માં विकारजननीं मायामाष्टरूपां अजां ध्रुवाम्, ध्यायेताध्यासिता तेन तन्यते प्रेरिता पुनः, सूयते पुरुषार्थं च तेनैवाध्यासिता पुरः इति, अन्यापि, गौरनाद्यन्तवती सा तु जनित्री भूतभाविनी । असितासितरक्ता च सर्वकामदुधा विभोरिति, વિકાર ઉત્પન્ન કરનારી, અષ્ટરૂપવાળી, અજ, ધ્રુવ, એવી માયાને ધ્યાન ધરે તેણે અધિષ્ઠાતા અને પ્રેરણા કરેલી માયા વિસ્તાર પામે છે. ભૂત

ભવિષ્યને ઉત્પન્ન કરનારી, કાળી, ધોળી અને લાલવર્ણવાળી સર્વકામોને પૂરનારી માયા છે. (૨૯)

તેવી રીતે શ્વેતાશ્વતરોપનિષદ્‌માં "अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृयमानां सरूपाः । अजोह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः इति" જેની ઉત્પત્તિ નથી તે લાલ, શુક્લ, કૃષ્ણવર્ણવાળી સમાનરુપવાળી પ્રજાની ઉત્પત્તિ કરનારની એવી માયાને, એક અજ (જીવ) પ્રીતિથી સેવન કરીને તેમાં જોડાય છે. બીજો અજ (પરમાત્મા) ભોગવેલા ભોગો જેણે એવી માયાનો ત્યાગ કરે છે. જીવ ઈશ્વરને માયા એ ત્રણ તત્ત્વના નિરૂપણમાં પ્રમાણ માટે પૂર્વે કહી તે ઘણી શ્રુતિઓ છે. (૩૦)

તેવી રીતે ભગવદ્‌ગીતામાં "नत्वेवाहं जातुनासं नत्वं नेमे जनाधिपाः । न चैव न भविष्यामः सर्वे वयमतः परमिति ॥ આ શ્લોકનું રામાનુજ ભાષ્ય હું સર્વેશ્વર વર્તમાન કાળથી પહેલાં અનાદિકાળમાં ન હતો એમ નહિ, પણ હતો જ. તું તથા બીજા નિયમન કરવા યોગ્ય ક્ષેત્રજ્ઞો પણ ન હતા એમ નહિ, હતા જ. હું, તમે આપણે સર્વે, વર્તમાનકાળ પછી નહિ હોઈએ એમ નહિ, પરંતુ હઈશું જ. જેમ હું સર્વેશ્વર નિત્ય છું, એમાં કોઈ પ્રકારનો સંશય નથી, તે જ પ્રકારે તમો ક્ષેત્રજ્ઞો પણ નિત્ય છો, એમ જ માનવું. તેવી રીતે ભગવદ્‌ગીતામાં "प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि । विकारा गुणांश्चैव विद्धि प्रकृतिसंभवानिति ॥ આ શ્લોકનું રામાનુજભાષ્ય (હવે અત્યંત ભિન્ન સ્વભાવવાળી પ્રકૃતિ અને આત્માના સંસર્ગનું અનાદિપણું તથા સંસર્ગિત થયેલા બંનેનો કાર્યભેદ તથા સંસર્ગનું કારણ કહીએ છીએ.) પ્રકૃતિ અને પુરુષ બંને એકબીજાને મળેલાં અનાદિ જાણો. બંધનના કારણભૂત વિકારો, ઈચ્છા, દ્વેષ વગેરે તેમ જ મોક્ષના કારણભૂત અમાનિત્વાદિ ગુણો, પ્રકૃતિથી ઉત્પન્ન થયેલો જાણો. પુરુષની સાથે સંબંધ પામેલી, અનાદિકાળથી પ્રવર્તેલી ક્ષેત્રના આકારથી પરિણામ પામેલી પ્રકૃતિ, પોતાના વિકારો, ઈચ્છા, દ્વેષ આદિથી પુરુષને બંધનનું કારણ છે, તે જ પ્રકૃતિ પોતાના વિકારો અમાનિત્વાદિ ગુણોથી પુરુષના મોક્ષમાં કારણ છે. (૩૧)

અહીં પ્રમાણને માટે આ કહી વગેરે ઘણી સ્મૃતિઓ છે. તેથી માયા, જીવ અને પરમાત્માનો ભેદ જાણવો જ. (૩૨)

જો તત્વત્રયનો ભેદ ન હોય તો ભેદાભેદને જણાવનારી સર્વે શ્રુતિઓ પ્રકોપ પામે અને શાસ્ત્રમાં કહેલા વિધિ નિષેધો અર્થશૂન્ય (નકામા) થાય. (૩૩)

હે વિદ્વાનો ! પુણ્ય પાપ તથા સ્વર્ગ તથા નર્ક તેમ જ બંધ, મોક્ષ તથા ગુરુપણું અને શિષ્યપણું બધું વ્યર્થ થાય. (૩૪)

હે શ્રેષ્ઠ વિદ્વાનો ! તેથી ચિત્ત અચિત્ અને બ્રહ્મનો ભેદરૂપ આ સિદ્ધાંત મેં શાસ્ત્ર પ્રમાણે કહ્યો છે, એમ જાણો. (૩૫)

હે પંડિતપ્રવરો ! જીવ, બ્રહ્મ અને માયાનો પણ આ પ્રકારે ભેદ મેં કહ્યો. હવે પછી સર્વ શુભમતોમાં પણ અતિશ્રેષ્ઠ અમારો વિશિષ્ટાદ્વૈતમત તમોને હું કહું છું. (૩૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી હરિકૃત, જીવ, માયા, પરબ્રહ્મનો અનાદિ ભેદ નિરુપણ નામે ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૦)



અધ્યાય ૩૧ મો

(હવે પોતાનો વિશિષ્ટાદ્વૈતમત કહેવાની ઈચ્છાવાળા શ્રીહરિ પોતાનું, પોતાના પાર્ષદો સાથે સદા સાવયવપણું (સાકારપણું) પ્રતિપાદન કરવા માટે પોતાના ધામનું સ્વરૂપ તથા પાર્ષદોનું સ્વરૂપ સમજાવતા પોતાનો સિદ્ધાંત નિરૂપણકરે છે) હે પ્રાજ્ઞો ! અવ્યય ''**सदृशं त्रिषु लिंगेषु सर्वासु च विभक्तिषु वचनेषु च सर्वेषु यन्नव्येति तदव्ययमिति**'' (ત્રણેય નર, નારી અને નાન્યતર જાતિમાં તેમજ સર્વ (સાતેય) વિભક્તિઓમાં સર્વ (એકવચન, દ્વિવચન અને બહુવચન) વચનોમાં જે વિકારને નથી પામતો તેને અવ્યય કહેવામાં આવે છે.) આનો અર્થ પંચશિખવૃત્તિમાં કહેલો નિરૂપણ કરીએ છીએ. જે બ્રહ્મધામ ત્રણે લિંગથી રહિત છે. જેના સ્વરૂપમાં ત્રણ લિંગોમાંથી કોઈ પણ લિંગનું ચિન્હ જણાતું નથી. સર્વ વિભક્તિઓ જે ઉત્પત્તિ, સ્થિતિ અને લયસંજ્ઞાવાળી વિભક્તિ થવા છતાં પણ, પોતે અવિકૃત હોવાથી સમાન જ છે. (ઉત્પત્તિ, સ્થિત અને લય થવાથી પ્રાકૃત ભાવોના સૃષ્ટિ આદિક વિકારરૂપ વિભાગ થાય છે. પણ બ્રહ્મધામનો વિકાર થતો નથી, સર્વ વચનોમાં સમાન છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ, પંચરાત્ર અને આગમોએ એકરૂપ અને એકવચનથી જ કહેલું છે. (વર્ણન કરવાપણાથી સર્વ વચનોમાં સમાન કહેલું) એવી રીતે ત્રણેય પ્રકારે પણ વિકારરહિત હોવાથી સમાન રહે છે. તેથી અવ્યય છે. સર્વોત્કૃષ્ટ શ્રીહરિનું અક્ષર સંજ્ઞાવાળું ધામ કોટાન્કોટી સૂર્ય, ચંદ્ર અને અગ્નિના જેવું પ્રકાશવાળું માયાના અંધકારથી પર છે. (૧)

સર્વ ધામોના વિભૂષણરૂપ વેદાદિકમાં સત્ય, બ્રહ્મપુર, અમૃત, પરમવ્યોમ વગેરે શબ્દોથી કહેલું છે. (૨)

અહીં અક્ષરને સત્યાદિ શબ્દોથી પ્રતિપાદન કરવામાં શ્રુત્યાદિકનાં પ્રમાણ વાક્યો હજારો હજાર છે. તેમાંથી કેટલાંક હું તમોને કહું છું. (૩)

હે પંડિતો ! ''**एतत्सत्यं ब्रह्मपुरम्**'' એ શ્રુતિ છે, એ અક્ષરધામને સત્ય-બ્રહ્મપુર કહે છે. છાન્દોગ્યોપનિષદ્‌માં **एतत्सत्यं ब्रह्मपुरमस्मिन्कामाः समाहिताः एष आत्मा अपहतपाप्मा विजर इत्यादि** એ ધામને સત્ય, બ્રહ્મપુર કહે છે. આમાં સર્વકામો રહેલા છે. એ આત્મા પાપે રહિત, જરાએ રહિત છે, વગેરે તેમજ મુંડકોપનિષદ્‌માં ''**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः, तमेव भांतमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति**'' ઈતિ ત્યાં સૂર્ય પ્રકાશતો નથી. તેમજ ચંદ્ર તથા તારાઓ પ્રકાશતા નથી. વીજળી પણ પ્રકાશ કરતી નથી. ત્યારે અગ્નિ તો ક્યાંથી પ્રકાશ કરે ? તે જ પ્રકાશની પાછળ સૂર્ય, ચંદ્ર, તારાઓ, વીજળી, અગ્નિ વગેરે પ્રકાશે છે. તે પ્રકાશની કાંતિથી જ

બધા પ્રકાશને પામે છે. (૪)

छान्दो-उ - માં ''अथ य आत्मा स सेतुः विधृतिरेषां लोकानामसंभेदाय नैतं सेतुमहोरात्रे तरतो न जरा न मृत्युः न शोको न सुकृतं न दुष्कृतं सर्वे पाप्मानोऽतो निवर्तन्तेऽपहतपाप्मा ह्येष ब्रह्मलोकः ''इति'' दिव्ये ब्रह्मपुरे ह्येष स व्योम्न्यात्मा'' જે આત્મા છે તે મર્યાદારૂપી પાળ છે. સમગ્ર લોકોનું મિશ્રણ ન થાય માટે વિધારણ કરી રાખે છે. તે સેતુને તરનારને અહોરાત્રિ નથી, જરા નથી, મૃત્યુ નથી, શોક નથી, સુકૃત તથા દુષ્કૃત નથી. તે સર્વ પાપો નિવૃત્તિ પામે છે. તે પાપે રહિત એ બ્રહ્મલોક છે.'' મુંડકોપનિષદમાં ''यःसर्वज्ञः सर्वविद्यस्यैष महिमा भुवि दिव्ये ब्रह्मपुरे एष स व्योम्न्यात्मा प्रतिष्ठितः इति'' જે સર્વજ્ઞ, સર્વવિત્ જેનો મહિમા પૃથ્વીમાં દિવ્ય બ્રહ્મપુરમાં છે. એ પરમાત્મા વ્યોમમાં (અક્ષર ધામમાં) પ્રતિષ્ઠિત છે. (૫)

હે પંડિતો ! નૃસિંહ તાપનીય મહોપનિષદ્ તથા શ્વેતાશ્વતરોપનિષદમાં ''ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधिविश्वे निषेदुः'' इति જે પરમ વ્યોમરૂપ અક્ષર છે, તેમાં વિશ્વના અધિપતિ દેવતાઓ રહે છે ઇત્યાદિ ઘણી શ્રુતિઓ અહીં પ્રમાણ માટે છે, એમ જાણો. (૬)

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં ''तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् । विष्णोर्धाम पर साक्षात पुरुषस्य महात्मनः'' इति સર્વ કારણોનું કારણ પ્રત્યક્ષ મહાત્મા પુરુષ વિષ્ણુનું પર ધામ અક્ષર તથા બ્રહ્મ શબ્દોથી કહેવામાં આવે છે. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં ''एवमेतान्मयादिष्टाननुतिष्ठन्ति ये पथः । क्षेमं विन्दन्ति मत्स्थानं यद्ब ब्रह्म परमं विदुरिति'' એ પ્રકારે મેં બતાવેલા એ માર્ગને અનુસરે છે તે સુખને પામે છે, અને મારું શ્રેષ્ઠ જે બ્રહ્મધામ તેને જાણે છે. (૭)

મોક્ષ ધર્મમાં ''प्राप्यावध्यं ब्रह्मपुरं राजेव श्यामहं सुखी'' અવિનાશી બ્રહ્મપુરને પામીને રાજાની માફક હું સુખી થાઉં છું ઇત્યાદિક ઘણી સ્મૃતિઓ હે પંડિતો ! અહીં પ્રમાણને માટે નિશ્ચિત છે. (૮)

તે અક્ષરધામમાં જે સત્ય શૌચાદિ અપ્રાકૃત ગુણો તથા અણિમા મહિમા આદિ ઐશ્વર્ય વગેરે તથા પ્રશાંતિ; ઉપશમ વગેરે. (૯)

નિત્ય અને આશ્ચર્યકારી અને અનવધિકાતિશય છે, પરિણામ રહિત, કેવળ પોતાને જ યોગ્ય દોષ ગંધથી રહિત, દિવ્ય, અચિન્ત્ય (જેના મહિમાનો પાર ન પામી શકાય) શુભ સ્વરૂપવાળા અને સ્વરૂપનું સૌંદર્ય, સુકોમળપણું, મનોહરપણું, ઉજ્જવળપણું, મધુરપણું, સુગંધિપણું એ આદિક મુખ્ય ગુણોવાળા, (૧૦)

સ્વાભાવિક અનવધિકાતિશય જ્ઞાનનું ગંભીરપણું, ધૈર્ય, બળ, શીલ, દયા, સ્થિરપણું, સુહૃદપણું, શૌર્ય, ચાતુર્ય, પવિત્રપણું, વીર્ય, ઐશ્વર્ય, તેજ, વાત્સલ્ય, કોમળતા, ઉદારતા, સમતા, પરાક્રમ, સત્યકામ, સત્ય સંકલ્પ, કૃતજ્ઞપણું એ આદિક પોતાના ભક્તોને કલ્યાણ કરનારા એવા અસંખ્ય ગુણોથી સેવાયેલા. (૧૧) સુગંધીપણું, કોમળપણું, ઉજ્વળપણું, તેમ જ તેજ, મધુરતા, સુંદરપણું વગેરે ગુણોવાળા, હાથ, પગ, વગેરે અવયવવાળા. (૧૨)

દિવ્ય અનુપમેય અત્યંત આનંદિત અદ્‌ભૂત આકૃતિથી શોભતા, વિવિધ પ્રકારની અનંત શક્તિઓના ઈશ્વર, પુરુષોત્તમ. (૧૩)

ગુણ, વિભૂતિ અને ઐશ્વર્યોથી જેમના સમાન કોઈ નથી. અક્ષર થકી પર, અત્યંત દિવ્ય અવયવો જેમાં છે એવી મૂર્તિવાળા, અક્ષરમુક્તોએ સેવ્યાં છે. ચરણકમળ જેમનાં. (૧૪)

કાળ, માયા, આદિના નિયંતા, સમગ્ર આત્માઓના અંતર્યામી, શેષાદિ અક્ષર મુક્તો વગેરે ઉપનિષદ્‌ના સમુદાયોએ સ્તુતિ કરાએલા. (૧૫)

સૂત્ર, શ્રુતિ અને સ્મૃતિના સમુદાયોએ જડ ચૈતન્યમય પ્રપંચતા, ગુણ, ઐશ્વર્ય, સ્વભાવ, આદિક કરણોથી વિલક્ષણ (માયાકૃત ગુણ તથા આકૃતિથી વિલક્ષણ દિવ્યગુણ અને દિવ્યાકૃતિથી વર્ણન કરેલા) નિરૂપણ કરેલા, છે. (૧૬)

પરબ્રહ્મ શ્રીહરિના સાકાર સ્વરૂપના ઘણાં જ સૂત્રો અને પ્રમાણ વાક્યો છે, તેમાં કેટલાક હું તમોને કહું છું. (૧૭)

હે વિદ્વાનો ! ''ईक्षतेर्नाशब्दम्'' એ આદિક ઘણાં બ્રહ્મસૂત્રો શ્રીહરિની આકૃતિને જ કહે છે. વેદાંતદીપમાં આ સૂત્રનો અર્થ ઈક્ષતિ ધાતુનો અર્થ જોવો. શબ્દ એ જ પ્રમાણ જેને નથી એવું અશબ્દ પદથી કહેલું, અનુમાન પ્રમાણથી પ્રતિપાદન કરેલું છે, પ્રધાન તે ''सदैव सौम्येदमिति'' એ શ્રુતિથી જગતનું કારણ બ્રહ્મ તેની સાથે અન્વય પામતો ઈક્ષણરુપી વ્યાપાર હોવાથી, પ્રધાનરૂપી જડ જે અનુમાનથી પ્રતિપાદન કરેલું છે, તે જગતનું કારણ બની શકતું નથી. પરંતુ સર્વજ્ઞ બ્રહ્મ જ જગતનું કારણ છે. એમ નિશ્ચય થાય છે. (૧૮)

છાન્દોગ્યના છઠ્ઠા પ્રપાઠકમાં ''तदैक्षत बहुस्यां प्रजायेयेति'' ''तत्तेजोऽसृजतेत्यादि'' તથા द्वितीयारण्यके चतुर्थेऽध्याये ''आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत्किंचनमिषत्स ईक्षत लोकान्नु सृजा इति स इमान् लोकान असृजतेत्यादिः । तथा च छांदोग्ये-य एषोन्तरादित्ये हिरण्यमयः पुरुषो दश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आप्रणखात् सर्व एव सुवर्ण इति, તેણે સંકલ્પ કર્યો કે પ્રજારૂપે હું થાઉં. તેણે તેજ ઉત્પન્ન કર્યું વગેરે. તેમજ બીજા આરણ્યના ચોથા અધ્યાયમાં, સૃષ્ટિના પહેલાં આ દેખાતું જગત એક આત્મા જ હતો, કંઈ પણ બીજું નહોતું, આત્માએ સંકલ્પ કર્યો કે લોકોને સર્જું એ પ્રકારે આ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. જે એ આદિત્યની અંદર હિરણ્યમય પુરુષ દેખાય છે. હિરણ્યની માફક પ્રકાશમાં; હિરણ્યની માફક સુંદર વર્ણવાળા દાઢી મૂછના કેશ જેમને છે એવા, નખથી આરંભીને સર્વ અવયવો સુંદર વર્ણવાળા જેમને છે. (૧૯)

છાંદોગ્યશ્રુતિમાં જ तस्य कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्योदिति नाम स एष सर्वेभ्यः पाप्मभ्य उदित इत्यादि'' આ શ્રુતિના પદો હરિની આકૃતિને જણાવે છે જ. આ શ્રુતિનો અર્થ પ્રપન્નામૃતમાં કહેલો છે. जलं पाति रक्षति इति कपिः हृदः तस्मिन्नास उपवेशनं यस्य तत् कप्यासं जलपूर्णहृदोत्पन्नम् इत्यर्थः'' કે જળને રક્ષણ કરે તે હ્રદ કહેવાય અને તેમાં રહેવાનું છે જેને તે કપ્યાસ કહેવાય છે. જલથી

પૂર્ણ હૃદમાં ઉત્પન્ન થયેલું જે કમળ તેના જેવા નેત્રોવાળા અને સર્વ પાપોથી જે દૂર છે માટે તેનું નામ 'ઉત્' એ પ્રકારનું છે. શંકરના અનુયાયીઓ તેના અર્થ બીજા પ્રકારે કરે છે તે તો તેમનું આસુરપણું હોવાથી કરે છે એમ જાણવું. (૨૦)

કઠવલ્યુપનિષદ્‌માં ''सर्ववेदा यत्पदमामनंति तपांसि सर्वाणि च यद्वदंति, यदिच्छन्तो ब्रह्मचर्य चरन्ति तत्तेपदं संग्रहेण ब्रवीमि'' इति. સર્વ વેદો જેના પદ (ચરણ) ને આ પ્રમાણે કહે છે. આ શ્રુતિમાં ''પદ'' શબ્દથી સ્પષ્ટ રીતે શ્રીહરિના દિવ્ય ચરણને કહે છે. સમગ્ર શ્રુતિનો અર્થ તો સર્વવેદો જેના પદનું પ્રતિપાદન કરે છે, સર્વ તપો પણ જેને કહે છે (ઇચ્છે છે) જે પદને ઇચ્છતા પુરુષો બ્રહ્મચર્યનું આચરણ કરે છે, તેવું પદ હું સક્ષેપથી તમોને કહું છું. (૨૧)

જે અક્ષરને વિષે ફરે છે એ આદિક ઘણી શ્રુતિઓ છે. તે શ્રુતિઓ તો શ્રીહરિનું સાકારપણું જ વર્ણન કરે છે. સુબાલોપનિષદ્‌માં આ શ્રુતિ છે. ''योऽक्षरे सञ्चरति । योऽक्षरमन्तरे सञ्चरतीति'' વગેરે જાણવી. (૨૨)

''श्वेताश्वतरोपनिषद्''માં एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा, कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्चेति ।'' क्षरं प्रधानममृताक्षरं हरः क्षराक्षरात्मानावीशते देव एकः । तस्याभिध्यानाद्योजनात् तत्त्वभावाद्भूयश्चान्ते विश्वमायानिवृत्तिः'' સર્વ ભૂત પ્રાણીઓમાં એક દેવ ગુપ્તપણે રહેલો છે. તે સર્વવ્યાપી, સર્વભૂતોનો અંતરાત્મા, કર્મોનો નિયંતા, સર્વ ભૂતોમાં નિવાસ કરીને રહેલા છે. સાક્ષી, ચૈતન્ય, કેવળ નિર્ગુણ છે. ક્ષરણ સ્વભાવવાળું પ્રધાન અને જીવાત્મા મરણધર્મેરહિત નિત્ય છે, તે પ્રધાન અને આત્મા બંનેનું એક દેવ નિયમન કરે છે. તેનું ધ્યાન કરવાથી, વારંવાર યથાર્થ પ્રેમપૂર્વક ભજન કરવાથી અંતે જગતની માયા નિવૃત્તિ થાય છે. (૨૩)

''श्वेताश्वतरोपनिषद्'' માં ''धर्मावहं'' ''पापनुदं भगेशम्'' ''परास्य शक्तिर्विविधैव श्रूयते'' શ્રુતિઓ છે. ધર્માનુ વહન કરનારા ''પાપને નાશ કરનારા, ઐશ્વર્યાના સ્વામી'', આમની પરાશક્તિ વિચિત્ર પ્રકારની સંભળાય છે. (૨૪)

સુબાલોપનિષદ્‌માં ''पतिं विश्वस्यात्मेश्वरं शाश्वतं शिवमव्ययमिति'' તેવી રીતે મુંડકોપનિષદ્‌માં ॐ ब्रह्मा देवानां प्रथमः संबभूव विश्वस्य कर्ता भुवनस्य गोप्ता स ब्रह्मविद्यां सर्वाविद्याप्रतिष्ठामथर्वाय ज्येष्ठपुत्राय प्राहेति'' દેવોની મધ્યે બ્રહ્મા પ્રથમ થયા. વિશ્વનું રક્ષણ કરનારા અને વિશ્વના કર્તા બ્રહ્માએ પોતાના મોટા પુત્ર અથર્વાને સર્વ વિદ્યાની પ્રતિષ્ઠારૂપ બ્રહ્મવિદ્યા કહી. (૨૫)

નૃસિંહતાપનીય મહોપનિષદ્‌માં ''भीषास्माद्वातः पवन भीषोदेति सूर्यः भीषादस्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चम इति'' એમની બીકથી વાયુ વાય છે, સૂર્યનારાયણ ઉદય થાય છે, અગ્નિ બાળે છે, ઈન્દ્ર વર્ષે છે પાંચમો મૃત્યુ (કાલ) પણ દોડે છે. (પોતપોતાની નિયમિત ક્રિયાઓ કરે છે.) બૃહદારણ્યકોપનિષદ્‌માં एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः'' એ અક્ષરના પ્રશાસનમાં હે ગાર્ગિ ! સૂર્ય અને ચંદ્રમા વિધરણ કરેલા (ધારેલા - પોતપોતાના સ્થાને રહેલા. (૨૬)

શ્વેતાશ્વતરોપનિષદ્માં ''नित्यो नित्यानाम् चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामानिति'' નિત્ય ચેતનોમાં એક નિત્ય ચેતન, આ અર્થમાં આ પ્રમાણ માટે ઘણી શ્રુતિઓ છે. (૨૭)

શ્રીમદ્‌ભગવતના એકાદશસ્કંધમાં ''मां भजन्ति गुणाः सर्वे निर्गुणं निरपेक्षकम् । सुहृदं प्रियमात्मानं साम्यासंगादयो गुणाः'' માયાના ગુણોએ રહિત, સર્વનો સુહૃદ પ્રિય અને આત્મસ્વરૂપ એવો જે હું, તે મને સમતા અને અસંગાદિ ગુણો ભજે છે. (અહીં શ્રીધરસ્વામીએ ગુણાઃ એટલે નિત્યગુણો એવો અર્થ કરેલો છે.) શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધમાં વેદસ્તુતિમાં ''त्वमकरणः स्वराडखिलकारकशक्तिधरः'' માયાજનિત ઇન્દ્રિયો, અંતઃકરણરૂપ કરણોથી રહિત, સ્વયં શોભતા, સમગ્ર ક્રિયાઓ જેનાથી થાય છે, એવી શક્તિઓને ધારણ કરનારા છો. (૨૮)

શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધામાં यत्तद्ब्रह्मपरं सूक्ष्ममशून्यं शून्यकल्पितम् । જે તે પરંબ્રહ્મ સૂક્ષ્મ છે, શૂન્યરહિત અને શૂન્યની માફક છે. અહીં પ્રમાણને માટે ઘણી સ્મૃતિઓ છે. ''तस्येव'' એ સત્તરમા શ્લોકથી આરંભીને ઓગણત્રીસમા શ્લોક ''यत्तद्ब्रह्मेति'' પર્યંત બાર શ્લોકોથી બતાવેલા સૂત્ર, શ્રુતિ, સ્મૃતિઓથી બ્રહ્મશબ્દ વાચ્યનું સમીક્ષણ-ક્રિયાપણું-શ્મશ્રુ-કેશ વગેરેથી યુક્ત કમળનાં સરખા નેત્રપણું, પદ (ચરણ) યુક્તપણું, સંચરણ (ચાલવાની) ક્રિયાપણું, સાક્ષી, ચિત્તયુક્ત, અક્ષરાદિના આત્મા, ધર્મના વાહક, વિવિધ શક્તિશાળી, વિશ્વના આત્માઓના સ્વામી, વિશ્વકર્તા વાયુ, અક્ષર, સૂર્ય, અગ્નિ, કાળ વગેરેના નિયામક એ પ્રકારે ઘણાનું નિયમન પૂર્વક તેમના સર્વ મનોરથોનું વિધાનપણું, પ્રકૃતિજન્ય ગુણોથી રહિત, દિવ્ય ગુણોથી યુક્ત, માયિક ઇન્દ્રિયો રૂપી કરણોથી રહિત હોવા છતાં, સમગ્ર ક્રિયા કરવાની શક્તિના ધારક, અશૂન્ય એટલે શૂન્યની માફક નિર્લેપ, ઇત્યાદિથી શ્રીહરિના સનાતત આકારનું પ્રતિપાદન કરેલું છે. (૨૯)

સ્વતંત્ર સર્વનાપતિ પરમાત્માને જ્યારે બ્રહ્માંડ નાશ કરવાની ઇચ્છા થઈ ત્યારે પ્રલય થયો. (૩૦)

તે પ્રલયમાં જડચૈતન્યરૂપ અત્યંત સૂક્ષ્મ અવસ્થાવાળું પરબ્રહ્મના શરીરભાવથી રહેલું તે (પરબ્રહ્મ જે ધારક, શાસક, નિયામક અને અનન્ય આધાર છે.) કારણ અવસ્થાવાળું જગત હતું. (૩૧)

વિવિધ પ્રકારના નામ અને રૂપ વગેરે વિભાગથી રહિત જગત હતું તે બ્રહ્મ અંતર્યામી સ્વરૂપવાળું તેનાથી વિશિષ્ટ હતું. (૩૨)

જડ ચેતનોના શરીરી, સમગ્રના સાક્ષી, ચિદ્ અચિત્ સમુદાયના યોગથી, બ્રહ્મની આ કારણાવસ્થા કહેવાય છે. (૩૩)

પરબ્રહ્મ, પરમાત્મા ઈશ્વર શ્રીહરિની જ્યારે બ્રહ્માંડોને સૃજવાની ઇચ્છા હતી, ત્યારે સૃષ્ટિ થઈ. (૩૪)

તે સમયે ચિદ્ અચિત્ સમુદાયવાળું, અતિ સ્થૂળદશાને પામેલું, નામરૂપ વિભાગ ને યોગ્ય, તેથી જ કાર્યાવસ્થા વાળું જગત થયું. (૩૫)

તે સમયે સ્થૂળ ચિદ્ અચિદ્ શરીરવાળા, સાક્ષીરૂપ, પરબ્રહ્મ, નામરૂપ વિભાગને સ્થૂળ ચિત્

અને અચિત્ શરીરવાળા થયા. તેથી તેવા પ્રકારનું બ્રહ્મ કાર્યાવસ્થાવાળું કહેવાય છે. (૩૬)

શંકા-ચિત્ અને અચિત્‌ને વિષે તો અંતર્યામી નામની શક્તિ-શબ્દથી કહેવાતું બ્રહ્મનું ઐશ્વર્ય જ રહેલું છે. બૃહદ્ બ્રહ્મ વાચ્ય ભગવાનતો સ્વયં નથી રહેલા. બૃહદારણ્યકમાં અંતર્યામી બ્રાહ્મણમાં, બ્રહ્મની શક્તિ ભૂત અંતર્યામીજ, પૃથ્વીથી લઈએ આત્મા અને અક્ષર પર્યંત રહેલા છે એવું સાંભળ્યું હોવાથી, બૃહદ્ શબ્દ વાચ્ય ભગવાન તેમાં રહેલ છે એમ તમો કેમ કહી શકો ? એમ જો કહેતા હો તો ત્યાં હું કહું છું. (૩૭)

હે પંડિતો ! શક્તિ અને શક્તિમાનનો અભેદ છે. તેથી અંતર્યામીરૂપ શક્તિથી બ્રહ્મનું ઐક્ય જાણો. (પદાર્થ વિવેકમાં તેમનું ઐક્ય કહેલું છે. વસ્તુ વિચારમાં બ્રહ્મ સ્વરૂપથી સર્વવ્યાપક અને સર્વના નિયંતા હોવાથી, શંકાનો પ્રસંગ જ નથી. શ્રી ભાષ્યમાં બ્રહ્મની સ્વરૂપથી જ સર્વત્ર વ્યાપ્તિ બતાવેલ છે. (૩૮)

હે પંડિતો ! આ પ્રકારથી પ્રલયમાં પણ કારણ રૂપે ચિત્ અચિતમાં અંતર્યામી રૂપ જે બ્રહ્મ રહેલું છે. (૩૯)

પછી સૃષ્ટિ આદિકાર્યાવસ્થામાં ઉત્પન્ન થયેલા ચિદ્‌અચિત્‌માં હંમેશા અંતર્યામીરૂપે પરમ બ્રહ્મ રહેલા જ છે. (૪૦)

આ પ્રકારે ચિદ્‌અચિત્ સમદાયમાં વિશિષ્ટ બ્રહ્મરૂપ અંતર્યામીનું એકપણું વર્તે છે. (કારણાવસ્થા અને કાર્યાવસ્થાવાળા ચિદ્ અને અચિત્‌ના અંતર્યામી રૂપ જે બ્રહ્મ તે એક જ છે. (૪૧)

આ પ્રકારે ચૈતન્યોમાં તેમ જ જડમાં રહેલા, તેથી જ વિશિષ્ટ, છતાં પણ નિર્વિકારી કારણાવસ્થ અને કાર્યાવસ્થ બંને બ્રહ્મોનું એકપણું હોવાથી, પરંબ્રહ્મ વિશિષ્ટાદ્વૈત કહેવાય છે. (૪૨)

કહેલી રીત પ્રમાણે કાર્યકારણરૂપ બંને અવસ્થામાં અચિત્-ચિત્ અને બ્રહ્મનું નિત્યપણું છે જ એમ જાણો. (૪૩)

તેથી જડ અને ચૈતન્યનું અનાદિપણું, નિત્યપણું, અને પરબ્રહ્મનું નિયામ્યપણું, સર્વે પ્રકારે છે, એમ જાણો. (૪૪)

શંકા-એ પ્રકારે બ્રહ્મને હંમેશા ચૈતન્ય અને જડનો સંબંધ હોવાથી બ્રહ્મમાં ચિદ્ અને અચિદ્‌ના સ્વાભાવાદિનું પરસ્પર (એક બીજામાં) સંકરપણું (મિશ્રણ) થાય, એમ જો તમો કહેતા હોતો હું કહું છું. (૪૫)

જેમ ધોળા, કાળા અને લાલ જે તારના સમુદાયની સત્તાથી નિર્માણ કરેલા વણાએલા અને એથી જે વિવિધ પ્રકારથી શોભતા વસ્ત્રમાં. (૪૬)

સફેદાઈ તો ફક્ત જ્યાં સફેદ તાર હોય ત્યાં જ દેખાય-તે તે તંતુ પ્રદેશમાં (શ્વેતાદિ તંતુઓના પ્રદેશ વિશેષમાં) પરંતુ ક્યારેય તંતુઓની વર્ણ સંકરતા (સફેદ તારનો સફેદ રંગ, રાતા તારનો રાતો રંગ અને કાળા તારનો કાળો રંગ) એક બીજા સાથે ભળી જઈ, વર્ણ સાંકર્ય બતાવતા નથી. (૪૭)

તેની જ માફક ચિત્ અચિત્ બ્રહ્મનો હંમેશા સંબંધ હોવા છતાં પણ તેમના સ્વભાવ સ્વરૂપાદિનું સાંકર્ય ક્યારેય નહીં થાય. (૪૮)

શંકા-કહેલી રીત પ્રમાણે ચિદ્ અચિત્ અને અવિકારી બ્રહ્મના, પોત પોતાના, ભાવનું અલંકરપણું સર્વ પ્રકારે સિદ્ધ થાય જ. (૪૯)

તો પણ આ લોકમાં મહાપાપ કરનારા દુર્જનોના પ્રસંગથી શરીર ધારીઓને પાતકિપણું જેવી રીતે જોવાય છે. (૫૦)

જેવી રીતે ઉષર (ક્ષાર)ના સંયોગથી કાષ્ટમાં ક્ષારપણું જોવાય છે, તેવી રીતે શરીર ભૂત અચેતન અને ચેતનોના પ્રસંગથી. (૫૧)

બ્રહ્મનું પરિણામિપણું ક્લેશ ભોક્તાપણું, એ આદિક મુખ્ય દોષો બ્રહ્મમાં પ્રાપ્ત થશે. એમ જો તમે કહેતા હો તો ત્યાં અમો કહીએ છીએ. (૫૨)

જેમ જીવને નિરંતર દેહનો યોગ છે છતાં પણ બાળપણું, યૌવનપણું, વૃદ્ધપણું એ આદિક જે સમગ્ર દેહના ધર્મ, (૫૩)

દેહમાં જ રહે છે, ક્યારેય જીવમાં રહેતા નથી. સદા સુખ રૂપ (**सुखमस्यात्मना रूपं सर्वे होपरतिस्तनुः**'' શ્રીમદ્ ભાગવતમાં કહેલું છે. સુખ એ આત્માનું રૂપ છે. સર્વ ઈચ્છાની ઉપરતિએ શરીર છે.) જીવમાં બીજા ધર્મો રહે છે. (૫૪)

સુખ દુઃખાદિનું ભોક્તાપણું, પરિણામાદિથી રહિતપણું, નિત્યપણું, અછેદ્યપણું, વગેરે ધર્મો જીવમાં હંમેશા રહે છે. (૫૫)

તેવી રીતે સાક્ષી બ્રહ્મ સમગ્ર અચિત્ ચિત્નો એ બંને અવસ્થામાં રહેલા હોવા છતાં અને બંનેને સંબંધ થવા છતાં પણ. (૫૬)

જે અચિતોના પરિણામપણું (વિકારીપણું) આદિ મુખ્ય ધર્મો છે. તે અચિતોને વિષે જ રહે છે. તેવી રીતે સુખ, ક્લેશ, ભોક્તાપણું, વગેરે ધર્મો ચૈતન્યોમાં જ રહે છે. (૫૭)

દોષના લવલેશથી રહિત, તેમ જ સત્ય સંકલ્પપણું, અનંત, દિવ્ય, આનંદ, જ્ઞાન વગેરે જેમને છે, એવા મહા અદ્‌ભુત. (૫૮)

ધર્મો તે જડ અને ચેતનોના શરીરી બ્રહ્મમાં જ રહે છે, બીજાઓમાં તો તે ધર્મો બ્રહ્મની ઉપાસનાથી જ આવિર્ભાવ પામે છે. ચિત્ અચિત્માં રહેલા દોષો ક્યારેય પણ તે બ્રહ્મને સ્પર્શતા નથી. (૫૯)

હે પંડિતો ! આ પ્રકારે ચિત્ અચિત્ અને બ્રહ્મના ધર્મનું અસંકરપણું કહ્યું. હવે કાર્યકારણરૂપ બંને અવસ્થામાં તેમનું જે વિશેષપણું છે તે હું કહું છું. (૬૦)

ચિત્ અચિત્ અને બ્રહ્મ એ ત્રણની મધ્યે કારણ અને કાર્યાવસ્થા બંનેમાં, અચેતન વર્ગ પોતાના સ્વરૂપથી વિકાર પામી બીજા પ્રકારે થાય છે એમ જણાય છે. (૬૧)

તેવી જ રીતે ચિદ્‌વર્ગમાં પણ શાસ્ત્રમાં કહેલા જ્ઞાનના સંકોચ વિકાસપણારૂપ એક લક્ષણ, તે રૂપ જે વિકારી ભાવ, તે વિકાર છે. (૬૨)

સ્થૂળ, સૂક્ષ્મરૂપ બંને અવસ્થામાં રહેલા પરબ્રહ્મના શરીરોનું બ્રહ્મની આધીનતાને પામેલા અચિત્ અને ચિદોનું છે. (૬૩)

નાના પ્રકારના કર્મોના ફળોને જુદા જુદા ધારણ કરવા માટે, તેમજ તેમને તેમનાં કર્મોનાં ફળોને જુદા જુદા પમાડવા માટે. (૬૪)

બંને પ્રકારની અવસ્થામાં રહેલા ચિત્ અને અચિત્‌ની સાથે વિશિષ્ટપણું એ જ એક સ્વરૂપ (લક્ષણ) જેને છે, એવો વિકાર બ્રહ્મને જણાય છે. ક્યારેય તેનાથી જુદો વિકાર નથી જ જણાતો. (૬૫)

જડ અને ચેતનરૂપ આ જગતની ઉત્પત્તિને જણાવનારી તેવા પ્રકારની ''यतो वा इमानि भूतानि'' જેનાથી આ ભૂત પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. એવી ઘણી શ્રુતિઓ છે. (૬૬)

તે શ્રુતિઓ ચૈતન્યોને, જ્ઞાનના વિસ્તાર અને સંકોચ રૂપી વિકાર પ્રાપ્ત થવાથી, નાના પ્રકારના દેહનો યોગ અને વિયોગપણાનો સ્પષ્ટ ઉપદેશ કરે છે. (૬૭)

તેવી રીતે શ્રુતિઓ સમગ્ર અચિત્ પદાર્થોની ઉત્પત્તિ સમજાવતી, તત્ત્વથી પોતાના સ્વરૂપનો બીજા પ્રકારે થવા રૂપ ભાવ જણાવે છે. (૬૮)

ચિદ્‌વર્ગની ઉત્પત્તિનો નિષેધ કરતી ''न जायते म्रियते वा'' ઉત્પન્ન થતો નથી. તેમ મરતો પણ નથી. (૬૯)

ચિદ્વર્ગ સમ્બન્ધિ સ્વરૂપોનું વિકાર રહિતપણું જણાવે છે અને એ રીતે જ્ઞાનરૂપી ગુણનો સંકોચ અને વિકાસ અવસ્થાવાળા ચૈતન્યોનું પણ, (૭૦)

અનાદિપણું, અવિનાશીપણું, નિત્યપણું, અજત્વાદી સ્વરૂપ, લક્ષણ, પારમાર્થિક નિશ્ચિત સ્પષ્ટ જણાય છે. (૭૧)

જે ''य आत्मनि तिष्ठन्'' જે આત્મામાં રહેતો તે આદિ સમગ્ર શ્રુતિઓ છે. તેવી રીતે ''स वा एष महानज आत्मा'' તે એ મહાન ઉત્પન્ન નહીં થનારો આત્મા'' એ આત્મા'' એ આદિક બીજી શ્રુતિઓ ચિત્ અને અચિત્‌થીતો સર્વપ્રકારે, (૭૩)

બ્રહ્મના સ્વરૂપાદિનું વિલક્ષણપણું કહે છે. એ શ્રુતિઓનો અભિપ્રાય હું હવે સંક્ષેપથી કહું છું. (૭૪)

અચિદ્વર્ગ ભોગ્યભૂત છે. ચિદ્‌ગણ ભોક્તા સ્વરૂપ છે. સર્વજ્ઞ, નિરંજન, પરમાત્મા તો ચિદ્ અને અચિદ્‌ના નિયંતા છે. (૭૫)

તે સમગ્ર શ્રુતિઓ, ચિદ્ અચિદ્‌ના સ્વભાવ, સ્વરૂપાદિનું વિલક્ષણપણું છે તે વાસ્તવિક જ છે. એમ ઉપદેશ કરે છે. (૭૬)

શ્રુતિઓ, અચિદ્વર્ગમાં રહેલું ઉત્પત્યાદિક, ચૈતન્યોમાં નથી ઘટાવતી. પરંતુ ચૈતન્યોનું નિત્યપણું, શાશ્વતપણું, પુરાણપણું, આદિક યથાર્થપણે સ્પષ્ટ કહે છે. (૭૭)

સર્વે શ્રુતિઓ તો અચિદ્‌માં રહેલું જે ઉત્પત્યાદિક કાર્ય તેમ જ ચિદ્‌માં રહેલું સાંસારિક જે ત્રિવિધ તાપો વગેરેનું આશ્રયપણું, (૭૮)

તે સર્વ વિવિધ શક્તિ આદિના અધીશ્વર, સર્વજ્ઞ, ગુણૈશ્વર્યાદિના સમુદ્રરૂપ પરબ્રહ્મમાં નિષેધ કરે છે. (૭૯)

શ્રુતિઓ પરબ્રહ્મનું નિર્દોષપણું, તેમજ સત્યસંકલ્પપણું, નિત્યપણું, સર્વજ્ઞપણું, વગેરેનો ઉપદેશ કરે છે. (૮૦)

શ્રુતિઓ ચિદ્ તેમજ અચિત્ એ પરબ્રહ્મના શરીર છે, એમ કહે છે અને પરબ્રહ્મ ચિદ્‌અચિદ્‌ના શરીરી છે. એમ પ્રતિપાદન કરે છે. (૮૧)

હે પ્રાજ્ઞો ! મેં આ સર્વ શાસ્ત્રોનો તેમજ ઉપનિષદોનો સિદ્ધાંત કહ્યો છે, આ પ્રકારે મારો ઉત્તમ વિશિષ્ટાદ્વૈતમત કહ્યો. (૮૨)

સમગ્રશાસ્ત્ર પ્રતિપાદિત આ વિશિષ્ટાદ્વૈતમત, સન્મતોના ભૂષણરૂપ છે, નિર્વિશેષ વસ્તુનું ઐક્ય, તે રૂપ તમારો મત, તે અનેક બાધવાળો છે તેથી યોગ્ય નથી. (૮૩)

કેવળ ભેદ નામ તેમજ ભેદાભેદ નામના મતથી સર્વાચાર્યમાં શ્રેષ્ઠ રામાનુજાચાર્યે કરેલો સિદ્ધાંત એ વિશિષ્ટાદ્વૈત નામનો મત શ્રેષ્ઠ છે. (૮૪)

હે નૃપતિ શ્રેષ્ઠ ! અમૃતથી પણ અતિશ્રેષ્ઠ, વેદશાસ્ત્રોના અભિપ્રાયથી સંયુક્ત, સત્યાર્થવાળું, એ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળીને, તે પંડિતોનો ગર્વ નષ્ટ થયો અને અત્યંત વિસ્મય પામ્યા. (૮૫)

પછી હે રાજન્ ! વિનયવાળા, હવે પછી આગળ જાણવાની ઈચ્છાવાળા તે વિદ્વાનો, સમગ્ર સભાસદો જેના દર્શન કરે છે, જેમની પુણ્યકીર્તિનું લોકોએ સદા ગાન કર્યું છે, તે શ્રીહરિને હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૮૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિકૃત વિશિષ્ટાદ્વૈતમત પ્રતિપાદન નામે એકત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૧)



અધ્યાય ૩૨ મો

વિદ્વાનો કહે છે :- હે વિદ્વન્ ! તમોએ જેવી રીતે બ્રહ્મનિરૂપણ નિર્બાધપણે શ્રુતિ, સ્મૃતિ અને ન્યાય પ્રમાણોથી કર્યું, તેવી રીતે બીજા કોઈ પણ આચાર્યોએ નથી જ કર્યું, (૧)

જે અભેદ વિષયક, તેમજ ભેદને બોધ કરનારી શ્રુતિઓ છે, તેનો તમોએ દોષ રહિત સિદ્ધાંત કહ્યો. (૨)

વેદ અને સચ્છાસ્ત્રના ગલિતાર્થના અમારા હૃદયમાં રહેલા સંશયો, તમોએ જેવી રીતે છેદી નાખ્યા. તેવી રીતે બીજા આચાર્યોએ નથી જ છેદ્યા. (૩)

તમો અત્યંત મહાન છો, તેથી શારીરિક સૂત્રો, શ્રુતિઓ અને સ્મૃતિઓનાં પ્રમાણો, વર્ષાઋતુમાં જેમ મેઘ મૂશળધારે વર્ષે છે તેમ, તમોએ બતાવ્યાં છે. (૪)

હે વર્ણીન્દ્ર ! સન્મતોના ભૂષણ રૂપ ! તમારો જે વિશિષ્ટાદ્વૈતમત છે. તે તમોએ શ્રુતિ, સ્મૃતિ અને શારીરિક ન્યાયથી યથાર્થ પ્રતિપાદન કર્યો છે. (૫)

હે વર્ણિન્ ! સર્વમતોમાં ઉત્તમ વિશિષ્ટાદ્વૈતમત અમોએ નિશ્ચય જાણ્યો. તેવી રીતે નિર્વિશેષ વસ્તુનું ઐક્ય જેમાં છે, એવો અમારો જે મત તે પણ નિશ્ચય જાણ્યો. (તમો ઉભય વેદાન્તને જાણનારા હોવાથી આ બે મતોનું યથાર્થપણું અમોએ તમારાથી જાણ્યું. (૬)

પરંતુ હે બુદ્ધિમાન્ વર્ણીન્દ્ર ! કેવળ ભેદ, તેમજ ભેદાભેદ નામના એ બે મતો અમોએ યથાર્થપણે જાણ્યા નથી. (૭) તેથી હે વેદશાસ્ત્રનો અભિપ્રાય જાણનારા ! તમો દયા કરીને અમોને આ બે મત યથાર્થ કહો. (૮)

ધર્મનંદન શ્રીહરિ આ પ્રકારે તેમનું વચન સાંભળીને, પોતાના પ્રતાપથી નાશકર્યો છે વિદ્યાનો સમગ્ર ગર્વ જેમનો, એવા પંડિતોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૯)

હે પંડિતો ! બે મતોને જાણવા ઈચ્છતા તમોને એ બે મત યથાર્થ કહું છું. તે તમો સર્વે યથાર્થપણે સ્પષ્ટ સાંભળો. (૧૦)

તે બે મતોમાં કેવળ ભેદાખ્ય મત તમોને કહું છં. હે વિપશ્ચિતો ! તે તમો એકાગ્ર મનથી સાંભળો. (૧૧) હે પંડિતો ! તેમના મતને આશરેલા કેટલાક વિદ્વાનો જગત અને બ્રહ્મનો ઘટ અને પટની માફક અત્યંત ભેદજ માને છે. (૧૨)

હે વિદ્વાનો ! ઘટ અને પટની માફક જગત અને બ્રહ્મ ભિન્ન હોય તો અંતર્યામી બ્રાહ્મણ વગેરેમાં ચિતસ્વરૂપી બ્રહ્મનું, સમગ્ર ચિત્ અને અચિત્નું સ્વાભાવિક જે શરીરીપણું જેમ હોય તેમ સ્પષ્ટ કહ્યું છે; તથા ચિદ્અચિત્નું બ્રહ્મ સંબંધિ સ્વાભાવિક જે શરીરપણું કહ્યું છે, તે ચિદ્અચિત્ અને બ્રહ્મનો પરસ્પર શરીર શરીરી સંબંધ સર્વપ્રકારે સંભવે નહીં. (૧૩-૧૪)

તે જ પ્રકારે ઉપનિષદોમાં જડ ચેતનાત્મક જગતનું જે બ્રહ્માત્મકપણું કહ્યું તે પણ સંભવે નહીં. (૧૫)

શંકા-પ્રપંચનું બ્રહ્માત્મકપણું કયા ઉપનિષદ્માં કહેલું છે ? તો છાંદોગ્યોપનિષદ્માં ''एतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो'' પરિદૃશ્યમાન આ સર્વ પ્રપંચ બ્રહ્માત્મક સત્ય છે. હે

શ્વેતકેતુ ! તે તું બ્રહ્માત્મક છે. એ આદિ શ્રુતિઓમાં સ્પષ્ટ જેમ હોય તેમ સમગ્ર જડ ચેતનોનું બ્રહ્માત્મકપણું નિશ્ચય છે. (૧૬)

હે પંડિતો ! આ પ્રકારે કેવળ ભેદ નામના મતમાં જે દોષો રહ્યા છે. તે સ્પષ્ટ પણે મેં કહ્યા, તેથી તે મત યોગ્ય નથી, એમ જાણો. (૧૭)

હવે ભેદાભેદ નામનો મત હું તમોને કહું છું. હે વિદ્વાનો ! તેમના મતના અનુયાયિઓનો સિદ્ધાંત આ પ્રકારે છે. (૧૮)

કેટલાક ભાસ્કરાચાર્યના અનુયાયી વિદ્વાનો શ્રુતિ, સ્મૃતિ અને ન્યાયના પ્રસિદ્ધ અર્થથી વિપરીત અર્થની કલ્પના કરીને, ચિદ્ અને બ્રહ્મનો અભેદ સ્વાભાવિક માને છે. ''तत्त्वमसि'' ''તે તું છે.'' ''सर्व खल्विदं ब्रह्म'' 'આ બધું બ્રહ્મ છે.' વગેરે ભેદવાચક શ્રુતિવાક્યોને ચિદ્ અને બ્રહ્મના અભેદ પરત્વ વ્યાખ્યા કરે છે. (૧૯)

પોતાના આત્માને જ્ઞાની માનીને, પૂર્વે કરેલા અજ્ઞાની વિદ્વાનો બ્રહ્મ અને અચિત્‌નો ભેદાભેદ સ્વાભાવિક માને છે. આ પ્રકારે તમો જાણો તેવી રીતે વેદાર્થ સંગ્રહની ટીકામાં અચિત્ બ્રહ્મનો ભેદાભેદ સ્વાભાવિક છે. ચિત્ બ્રહ્મનો અભેદ જ સ્વાભાવિક છે, મુક્તિ દશામાં અભેદ વચન હોવાથી, ભેદ તો ઔપધિક છે. એવો ભાસ્કર મત છે. (૨૦)

બીજા યાદવપ્રકાશ આચાર્યના અનુયાયી વિદ્વાનો શ્રુત્યાદિકના અર્થોનો, પહેલાંની માફક પોતાની બુદ્ધિથી, વિપરીત અર્થ કરીને ચિત્ બ્રહ્મનો તેમજ અચિદ્‌બ્રહ્મનો ભેદાભેદ સ્વાભાવિ જ માને છે. એ પણ વેદાર્થસંગ્રહની ટીકામાં-જેમ કે ચિદ્‌બ્રહ્મનો પણ ભેદાભેદ સ્વાભાવિક છે. મુક્તિમાં ભેદનો પણ નિર્દેશ કરેલો છે, એવો યાદવપ્રકાશનો મત છે. (૨૧)

હે વિદ્વાનો ! આ પ્રકારે બંનેના બે મતો શ્રુતિ, સ્મૃતિની સાથે, તેમ જ મુનિઓની વાણી તથા યુક્તિઓની સાથે, વિરોધી હોવાથી તત્ત્વથી યોગ્ય છે. એમ તમારે ન જાણવું. (૨૨)

તેમના બંને મતોનો સ્વીકાર કરવાથી ''नित्यो नित्यानाम्'' જે શ્રુતિ છે તથા બીજી ''ज्ञाज्ञौ द्वावजावीशानीशौ'' નિત્યોમાં નિત્ય, એક જ્ઞાની બીજો અજ્ઞાની બંને અજન્મા એક ઈશ, બીજો અનીશ.'' એવી જે શ્રુતિઓ છે. (૨૩)

તેની જ માફક ''अजामेकां लोहित-'' જન્મરહિત એક લોહિત વર્ણવાળી બીજી શ્રુતિઓ છે, તે સર્વેના અર્થ વિરોધ પામે છે. (૨૪)

''जगत्सर्वं शरीरं ते'' સર્વ જગત્ તમારું શરીર છે એવી જે સ્મૃતિ છે, બીજી પણ સ્મૃતિ છે. વિષ્ણુ પુરાણમાં પરાશરનું વચન છે. ''यत्किंचित्सृज्यते येन सत्त्वजातेन वै द्विज । तस्य सृज्यस्य संभूतौ तत्सर्वं वै हरेस्तनुः'' इति. હે દ્વિજ ! સત્વગુણથી ઉત્પન્ન થયેલા જેણે કંઈ સૃજેલું છે તે સૃજ્ય જગતમાં જે કાંઈ છે, તે સર્વ નિશ્ચય ભગવાનનું શરીર છે. (૨૫)

''प्रकृतिं पुरुषं चेति'' પુરુષ અને પ્રકૃતિ એવી બીજી પણ સ્મૃતિ છે.'' ''अहमात्मा'' હું આત્મા છું. વગેરે ઘણી સ્મૃતિઓ તે વિરોધ પામે. (૨૬)

તેથી એવી રીતે સર્વથા ભેદાભેદનો સ્વીકાર કરવાથી યુક્તિઓનો વિરોધ છે. તે હું તમોને સ્પષ્ટ સમજાવું છું. (૨૭)

હે પંડિતો ! ઠંડુ અને ઉનું, તડકો અને છાંયો, અંધારું અને અજવાળું, એક વસ્તુમાં એકી સાથે રહી શકતું નથી. તેવી રીતે શ્રીભાષ્યમાં છે. જો કે કોઈએ કહ્યું છે કે, ભેદ અને અભેદનો વિરોધ નથી; પરંતુ તે સત્ય નથી. ઠંડુ અને ઉનું, અંધકાર અને પ્રકાશ આદિકની માફક ભેદ અને અભેદ એક વસ્તુમાં રહી શકે નહીં. એ આદિ વચનોથી આ અર્થ કહ્યો છે. (૨૮)

હે પ્રાજ્ઞો ! તેવી રીતે પરસ્પર વિરોધી ધર્મો પણ એક વસ્તુમાં એક જ વખતે રહી શકે નહીં, તેમ જાણો. (૨૯)

તેવી રીતે આ ભેદાભેદ વાદમાં પણ ઘણા ન નિવારણ કરી શકાય તેવા દોષો છે, તેને સંક્ષેપથી હું કહું છું. (૩૦)

હે પંડિતો ! ચિદ્ બ્રહ્મનો ઔપાધિકભેદ સ્વીકાર કરવાથી સત્રૂપ નિર્વિકાર બ્રહ્મને જ જીવપણું ઉપાધિથી પ્રાપ્ત થયું, તે સ્વાભાવિક નથી. (૩૧)

તેવું માનીએ તો જે સૂત્ર, શ્રુતિ, સ્મૃતિઓએ વર્ણન કરેલું જીવોનું તથા બ્રહ્મનું નિત્યભેદપણું, તે વિરોધ પામે. (તેવું કહેનારાઓમાં તેના ભેદોને પ્રતિપાદક શ્રુતિઓ પ્રકોપ જ પામે.) (૩૨)

બ્રહ્મ, ચિત્ અને અચિત્નું વેદ અને શાસ્ત્રોએ, સર્વ પ્રકારે નિત્યપણું અને અનાદિપણું કહેલું છે તે ન સંભવે, એમ જાણો. (૩૩)

હે પંડિતો ! સૂત્રો અને શ્રુતિઓથી ચિદ્ અચિત્ અને બ્રહ્મના ધર્માદિનું અસંકરપણું, નિત્યપણું વગેરે કહેલું છે, તે સંભવે નહીં. (૩૪)

ઉપાધિથી ઢંકાઈ ગયું છે સ્વરૂપ જેનું એવા પરમાત્મા છે, તેમને જ ભેદવાદ સ્વીકાર કરવાથી, ઉપાધિથી જીવ ભાવની પ્રાપ્તિ થાય. (૩૫)

તેવી રીતે જીવભાવને પામેલા બ્રહ્મને શુભાશુભ કર્મના ફળ સ્વરૂપ સુખદુઃખાદિપણા ભોગની પ્રાપ્તિ થાય. એવા દોષો પ્રાપ્ત થાય જ. (૩૬)

અવધિ વગરના અત્યંત અનિષ્ટ ત્રિવિધ તાપો જે જીવને ભોગવવાના હોય છે. એ આદિક જીવોમાં રહેલા ઘણા દોષો બ્રહ્મને પ્રાપ્ત થાય. (૩૭)

વળી સમગ્ર દોષોનો ગંધ પણ જેમાં નથી. સ્વતંત્રપણું, કલ્યાણ ગુણના ગુણી વગેરે વેદમાં વર્ણવેલા બ્રહ્મના ગુણો પણ આ માન્યતાથી ખોટા ઠરે. (૩૮)

ઉપાધિથી ઢંકાઈ ગયું છે સ્વરૂપ જેમનું, એવા બ્રહ્મને દુઃખના અનર્થની પ્રાપ્તિથી જે સર્વ પ્રકારે સર્વના હિતકર્તા છે, એવા કર્તાપણાનો પણ નાશ થાય. (૩૯)

તેવી રીતે સમર્થ બ્રહ્મને, સહિતરૂપ પ્રપંચનું કર્તાપણું પ્રાપ્ત થાય. એ આદિક ઘણા દોષો તે બ્રહ્મમાં આવે. (૪૦)

તેવી રીતે વિધિ, નિષેધ, તથા બંધ મોક્ષની નિરર્થકતા પણ પ્રાપ્ત થાય. અને વેદ શાસ્ત્રો, તથા સર્વ સાધનો પણ વ્યર્થ જ થાય. (૪૧)

અચિત્ બ્રહ્મનો અભેદ કહેવાથી બ્રહ્મમાં પરિણામીપણું, વિકારીપણું વગેરે દોષો પણ આવે. (૪૨)

એ અર્થનો વિસ્તાર રામાનુજાચાર્યે કરેલો વેદાર્થસંગ્રહમાં તથા શ્રી ભાષ્યમાં કહેલો છે, એમ જાણો. (૪૩) હે પંડિતો ! આ પ્રકારે ભેદાભેદ મતમાં ઘણા દોષો છે. તેથી વેદશાસ્ત્રથી વિરુદ્ધ આ મત યોગ્ય નથી. (૪૪)

હે પ્રાજ્ઞો ! તમોએ પૂછેલા કેવળ ભેદ મત, તેમજ ભેદાભેદ મત બંને મતો મેં તમોને કહ્યા. આવી રીતે સર્વે મતો દોષવાળા છે, તેથી દોષે રહિત વિશિષ્ટાદ્વૈતમત શ્રેષ્ઠ છે. (૪૫)

હે નૃપશ્રેષ્ઠ ! વેદશાસ્ત્રોમાં વિવિધ પ્રકારના સંશયોરૂપી અગ્નિની શાંતિ કરનારી શ્રીહરિની અમૃતથી પણ શ્રેષ્ઠ, મધુરતાના સ્થાન ભૂત, અત્યંત કલ્યાણ કરનારી શ્રેષ્ઠ વાણી સાંભળીને, પ્રસન્ન થયેલા અને અત્યંત આશ્ચર્ય પામેલા પંડિતોએ શ્રીહરિને નમસ્કાર કર્યા. (૪૬)

વિજ્ઞાનના અનુપમ સમુદ્ર, મેઘ જેમ જળના સમુદાયને ભરપૂર કરી દે છે, તેવી રીતે સૂત્રો, સ્મૃતિઓ તથા વેદોથી જણાતા અસંખ્ય પ્રમાણો કહેતા શ્રીહરિએ, આચાર્ય શ્રેષ્ઠોએ માનેલો કલ્યાણકારી વિશિષ્ટાદ્વૈતમત કહ્યો, તે મતને પંડિતોએ અત્યંત શ્રેષ્ઠ માન્યો. (૪૭)

તે વિદ્વાનો શ્રીહરિનું વેદ અને શાસ્ત્રોના વિષયમાં અત્યંત પ્રવીણપણું, બોલવામાં ઘણી મધુરતા, અનુપમ ઐશ્વર્ય તથા સર્વજ્ઞપણું, જોઈને મહા આશ્ચર્ય પામ્યા, અને આ સંસારના પાશને છેદનારા શ્રીહરિનાં આદરપૂર્વક દર્શન કરવા લાગ્યા. (૪૮)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રીરઘુવીરાચાર્યવિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિકૃત કેવળ ભેદાદિમતોકિતનિરૂપણ નામે બત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૨)



અધ્યાય 33 મો

હે ભૂપતે ! જેમ સૂર્યના તેજથી ખદ્યોતો પરાભવ પામે છે, તેમ શ્રીહરિના પ્રતાપથી પરાભવ પામેલા સર્વ પંડિતો વિસ્મય પામેની વિચાર કરવા લાગ્યા. (૧)

અહો ! વેદશાસ્ત્રના એકતત્ત્વને જાણનારા મહાપ્રતાપી આ શ્રીહરિ સ્વયં કૃષ્ણદ્વૈપાયન છે અથવા કપિલદેવ છે અથવા વિભુ પોતે બૃહસ્પતિ છે કે શું ? (૨)

એ ત્રણમાંથી એકે ન હોય તો બાલ્યાવસ્થામાં પણ આમનું આવું પરાક્રમ કેમ હોય ? વળી વેદ શાસ્ત્રો અનુક્રમે જિહ્વાગ્રે કેવી રીતે હોય ? (૩)

સર્વ પ્રકારે ઘણાં કાળ પર્યંત જે મહાભ્યાસમાં આસક્તિવાળા અમોએ, અત્યંત સિદ્ધ કરેલી અમારી વિવિધ પ્રકારની વિદ્યા. (૪)

સમગ્ર તારાની કાંતિ જેમ સૂર્યના તેજમાં લીન થાય છે, તેમ મહાપ્રતાપશાળી આ શ્રીહરિના અનુપમ શુભ પ્રતાપમાં, લય પામે છે. (૫)

મહાન આશ્ચર્ય પમાડનારું અને કોઈથી પણ નિવારણ ન થઈ શકે તેવું. શ્રીહરિનું બાલ્યાવસ્થા છતાં પરાક્રમ છે, તેથી આ પ્રત્યક્ષ પરમેશ્વરજ છે, બીજા મનુષ્ય જેવા તો નથી જ. (૬)

આ પ્રકારે ચિંતવન કરતા, અચ્યુત શ્રીહરિનાં દર્શન કરતા તે પંડિતો, શ્રીહરિની સન્મુખ પ્રતિવાદ કરવા અસમર્થ હતા, તેથી જ જાણે મૂંગા ન હોય, અથવા ચિતરેલા ન હોય એવા, સ્થિર બેસી રહ્યા, કંઈ પણ બોલ્યા નહીં. (૭)

સર્વેશ્વર શ્રીહરિ અમોને પોતાનું ઐશ્વર્ય જો બતાવે તો અમોને સંતોષ થાય. આ પ્રકારે વિદ્વાનો ચિંતવન કરવા લાગ્યા. (૮)

કારુણ્યાદિ ગુણોના મહાસાગર, વિભુશ્રીહરિ, અંતર્યામીપણાથી આવો તેમના મનનો અભિપ્રાય છે એમ જાણીને. (૯)

તેમનું હિત કરવા માટે અનુકંપાથી તે સમગ્ર વિદ્વાનોને પોતાનું દિવ્ય અને એક પોતામાં જ રહેલું એવું અલૌકિક ઐશ્વર્ય બતાવવા માટે ઈચ્છા કરી. (૧૦)

પછી તે વિદ્વાનો અને રાજા વગેરે સભાસદો આશ્ચર્ય ચકિત થઈને, શ્રીહરિના શરીરમાંથી નીકળતું દિવ્ય અત્યંત મહત્ તેજ જોવા લાગ્યા. (૧૧)

કપુરના ઢગલાની માફક ધોળું પવિત્ર કરનારું, દર્શનીય, સર્વ તાપોને શાંત કરનારું સર્વ દિશાઓમાં પ્રસરતું. (૧૨)

એક જ સમયમાં ઉદય પામેલા કોટાનકોટી સૂર્યોની સમાન જે તેજ, તે તેજથી આંખો મીંચાઈ ગઈ છે એવા પંડિતજનો તે તેજ જોવા માટે શક્તિમાન ન જ થયા. (૧૩)

તે તેજ જોયા પછી સર્વપંડિત આદિજનો તેજોમંડળમાં શોભતા, દિવ્ય મહાન કાંતિથી વિલસિત એવા સમગ્ર અવયવોથી આશ્ચર્યકારી શ્રીહરિને જોતા હતા. (૧૪)

અતિ આનંદ કરનારાં છે દર્શન જેમનાં એવા સુંદર, દિવ્ય અને વિવિધ પ્રકાર મણિઓથી યુક્ત, સુવર્ણના આભૂષણોને ધારણ કરનારા. (૧૫)

મહાઅમૂલ્ય અને દિવ્ય વિજળી સમાન કાંતિયુક્ત વસ્ત્રોવાળા, મંદહાસ્ય સહિત મુખની મહા શોભાથી કરોડો ચંદ્ર અને કમળોને લજ્જા પમાડનાર. (૧૬)

ગર્વસહિત કરોડો કામદેવને પણ (પોતાના સૌંદર્યથી) આશ્ચર્ય કરનારા, કૌસ્તુભ એજ આભૂષણ છે. કંઠમાં જેમને એવા, સુંદર શ્રીવત્સ છે વક્ષસ્થળમાં જેમને એવા. (૧૭)

શ્રીહરિના ચારેય બાજુ અતિ આનંદ યુક્ત દિવ્ય અવયવોથી વિરાજતા મહાતેજોમય આકૃતિવાળા અક્ષર મુક્તોને, તે પંડિતો તથા સભ્યજનો જોતા હતા. (૧૮)

તે જનો, લોકોને મોહ પમાડનારી સત્વાદિ ત્રણ ગુણવાળી માયા જે પરમાત્માની શક્તિ તેને લાજપામતી અને દૂર રહેલી જોતા હતા. (૧૯)

પછી તે પંડિતો તથા અન્યજનો પરમૈશ્વર્યવાળા, મનને પ્રિય, મહા કાન્તિવાળા, અચ્યુત શ્રીહરિને જોઈને આશ્ચર્ય સહ હર્ષપૂર્વક પ્રણામ કરવા લાગ્યા. (૨૦)

દર્શનમાત્રથી સમગ્ર પીડાને હરનારા, ક્ષર અને અક્ષરથી ઉત્તમ અતિશ્રેષ્ઠ દિવ્ય શરીરવાળા, અત્યંત મહાન કાંતિમંડળથી વીંટાયેલા શ્રીહરિને જોઈને, પંડિતો તથા અન્ય જનો અત્યંત આનંદ પામ્યા. (૨૧)

હે રાજન્ ! તે જનો આ પ્રકારે શ્રીહરિનું અદ્‌ભુત ઐશ્વર્ય જોઈને આનંદરૂપી સમુદ્રમાં નિમગ્ન થયેલા શ્રીહરિની આકૃતિમાં ખેંચાયેલા મનવાળા, તે સર્વ પોતાના દેહનું ભાન ભૂલી ગયા. (૨૨)

જેમ મુનિઓ નિર્વિકલ્પ સમાધિથી તે સુખનો અનુભવ કરે છે, તેમ ક્ષણ માત્ર જ હરિની ઇચ્છાથી સમાધિના અનુપમ સુખનો તે જનોએ અનુભવ કર્યો, અને તેમાંથી જાગ્રત થઈ પોતાના શરીરની સ્મૃતિ પામ્યા. (૨૩)

પછી પ્રણામ કરતા જનોને સંસારનો ભય નાશ કરનારા, કલ્યાણકારી, વર્ણીવેશવાળા, અનુપમ, સમગ્ર સભ્યજનોએ સ્નેહપૂર્વક દર્શન કરાયેલા શ્રેષ્ઠ શ્રીહરિને જ, પંડિત વગેરે સભ્યજનો પ્રથમની માફક જોતા હતા. (૨૪)

સર્વોપરી શ્રીહરિના અદ્‌ભૂત પ્રતાપથી, નષ્ટ થયો છે મદ જેમને, એવા પંડિત જનો તો શ્રીહરિનું પરમેશ્વરપણું જાણીને હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૨૫)

વિદ્વાનો કહે છે :- હે ગુરુરાજ ! શાંતિના સ્થાનરૂપ ! મુનિઓ અને દેવેન્દ્રોએ નમસ્કાર કરાયેલા, નખરૂપી ચંદ્રમાના કિરણોથી હણી નાખ્યો છે. હૃદયનો અંધકાર જેમણે, હે કલ્યાણકારી ! શ્રેષ્ઠ ! તમારા બંને ચરણોને અમો નમસ્કાર કરીએ છીએ. (૨૬)

હે ભગવન્ સમગ્ર જે અભેદ વિષયક તેમ જ ભેદ વિષયક શ્રુતિઓનો, પંડિતોએ પણ ન કરી શકાય એવો સિદ્ધાંતાર્થ તમોએ કહ્યો, તેથી તે શ્રુતિઓની ઉત્પત્તિના સ્થાનરૂપ તમે જ છો. સર્વ શાસ્ત્રના કારણ તમો છો. ''अस्य महतो भूतस्य निःश्वसितम्'' આમહાભૂતનું નિશ્વાસ એ જ ઋગ્વેદ વગેરે છે ઈત્યાદિથી કહ્યું છે. (૨૭)

અનુમાન જ્ઞાન પ્રધાન જેમને છે એવા કણાદ, ગૌતમ વગેરે મુખ્ય જેમાં છે, એવા કપિલાદી પંડિત પ્રવરો, સર્વોત્તમ બુદ્ધિવાળા હતા છતાં પણ વેદના હૃદગત અભિપ્રાયને (આ જ સિદ્ધાંતાર્થ છે

એવો નિશ્ચય કરવા માટે) અતિશય તર્કથી પણ નિશ્ચિત નિર્ણય ન કરી શક્યા. પૃથ્વીમાં અસ્પષ્ટાર્થ એવા વેદ વાક્યોના નિર્ણય કરવામાં પ્રગટ ભગવાન તમારા વિના બીજો વિદ્વાન સમર્થ કેમ થાય ? (યથાર્થ ન જ થાય ?) તેથી જ શ્રીમદ્ ભાગવતમાં તમોએ જે વેદાર્થના વિચાર પ્રસંગમાં ઉદ્ધવ પ્રત્ય ''वेदः किं विधत्ते किमाचष्टे, किमनूद्य विकल्पयेत्'' વેદ શું વિધાન કરે છે ? (પ્રતિપાદન કરે છે) શું કહે છે ? કોને ઉદ્દેશીને વિકલ્પ કરે છે ? એ આદિક સંશય કરીને'' મને પ્રતિપાદન કરે છે.મને કહે છે, (મને જ ઉદ્દેશીને વિકલ્પો કરે છે મને જ ઉદ્દેશીને વેદો કહે છે.) (૨૮)

જીવબ્રહ્મના અભેદ વાદીઓ શંકર, ભાસ્કર, યાદવપ્રકાશાદિ આર્યોએ શ્રુતિઓનું અસત્ય આલેખન કર્યું, તે આ પ્રસંગથી આ પંડિતોએ જાણ્યું, તેથી શોક કરતા બોલ્યા) વેદ શાસ્ત્રોના સમુદાયરૂપ સ્મૃતિઓ, આ અલ્પ બુદ્ધિવાળા અભેદ વાદીઓએ જીવ, બ્રહ્મનો અભેદ કહી વેદ સૂત્રો વગેરેની અભેદ વાચક વ્યાખ્યાઓરૂપી સર્પના કરડવાથી અમો નાશ પામ્યા હતા. તે શ્રુતિઓનો તમોએ પરસ્પર નિર્બાધ અર્થ સમજાવ્યો, શ્રેષ્ઠ અમૃત તે તમારા વચનો, અમૃતના સમુદ્રના મંથનથી ઉત્પન્ન થયેલા અમૃતના અભિષેકથી, અમો જો પોષણ ન પામ્યા હોત તો આલોકમાં કેવી રીતે જીવતા રહેત ?

(શંકા - મેં કરેલા શ્રુતિ-સૂત્રોના અર્થોને અનુસરતો રામાનુજાચાર્ય વગેરે આચાર્યોનો મત છે. કેમ મારી એકલાની જ પ્રશંસા કરે છે ? એમ કહેતા હો તો તે આચાર્યો ભલે હોય તે તો પરોક્ષ કાળમાં તે અર્થોના પ્રવર્તકો હતાં. પરંતુ હાલમાં તે શંકરાચાર્યકૃત ગ્રંથોનો સર્વત્ર પ્રચાર હોવાથી તેને અનુસરનારા ને તેમના જ્ઞાનવાળા અમોએ તો, તેમનું ઝેર ઉતારનારા વચનરૂપી અમૃતવાળા એવા, તમારી વાણી, પૂર્વજન્મમાં અમોએ કરેલાં અગણિત સુકૃતો વડે જ શ્રવણ કરી શક્યા છીએ.) ત્રિવિધ તાપ તથા પૂર્વે ઘણાં જન્મમાં કરેલા પાપની નિવૃત્તિ કરનારા, નાનાવિધ દુઃખોના નાશ કરનારા, સમગ્ર મનની અભિલાષાઓને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન આલોકમાં અજ્ઞાન નાશ કરવામાં તમો સૂર્ય સમાન છો. અંધકારના આવરણથી અંધારું જ કેવળ જણાય છે. પણ સૂર્યનો પ્રકાશ તેનો નાશ કરે છે. તેવી રીતે આપણા અદ્વૈત આચાર્યોએ શ્રુતિ આદિકનું અજ્ઞાનના અંધારા જેવા નિરૂપણથી, આવૃત્ત થયેલી અમારી બુદ્ધિમાં ફક્ત બ્રહ્મનું ઐક્યરૂપી પ્રપંચજ કેવળ છવાયેલો હતો. તમારી વાણીના શ્રવણથી તે પ્રપંચનો નાશ થયો છે. તેથી અમો પૂર્વજન્મમાં કરેલા અગણિત પુણ્યના સમુદાયોથી આપને પામેલા છીએ. (૨૯-૩૦)

(ભગવાનની દિવ્ય વાણીને ગંગાના પ્રવાહ સાથે સરખાવતા તે પંડિતો કહેતા હતા.) વેદશાસ્ત્ર સંબંધી સંશયોરૂપી પર્વતોને ભેદી નાખવામાં, સંસારરૂપી વૃક્ષોનો પાડી નાંખવામાં, પાપના પુંજનો નાશ કરવામાં પણ મંગળરૂપ, ગંગાદિ નદીઓનો શુભ જળનો પ્રવાહ, તેની સમાન અમોને ઉદ્દેશીને તમોએ કહેલી તમારી દિવ્ય વાણી, અતિશય જય પામો ! (ગંગા જેમ માર્ગમાં આવતા પર્વતને ભેદી નાંખે છે. વૃક્ષોને પાડી નાંખી છે પાપના સમુદાયને નાશ કરે છે. તેવી રીતે તમારી વાણીનો પ્રયોગ પણ તેના સમાન સંશય, સંસાર, પાપસમુદાયને નાશ કરે છે. એવી રીતે બંનેની અભેદોક્તિ છે.) (૩૧)

(સંસારના સંતાપની શાંતિ તો તમારી એક પ્રસન્નતાથી અમોને મળી છે. એ કહે છે) તમોએ

કહેલાં જે દોષે રહિત શ્રુતિઓના અર્થરૂપી ઉત્તમ વચનો, તે રૂપી ચંદ્રમાના કિરણોનો સમુદાય, જો પૃથ્વી ઉપર તમોએ સંચાર (પ્રચાર ન કર્યો હોત તો હે પરમાત્મન્ ! સંસાર રૂપી પ્રબળ દાવાનળના તાપને શાંતિ કરવા માટે આ લોકમાં કોણ સમર્થ થાત ? અર્થાત્ કોઈ ન થાય.) (૩૨)

(ફરીથી પણ અભેદ વાદીઓમાં શ્રેષ્ઠ શંકર, ભાસ્કર, યાદવપ્રકાશ વગેરેનું તુચ્છપણું બતાવવાપૂર્વક શ્રીહરિકૃષ્ણ ભગવાનની જ સ્તુતિ કરે છે.) જીવાત્મા પરમાત્માનો અભેદ કહેનારા જે પુરુષો, તેમની વાણીરૂપી અંધકારથી મલીન અને તેથી મોહ પામેલું અમારું અંતઃકરણ, તમારાં વચનો રૂપી ચંદ્રમાના કિરણોથી હે પરમગુરો ! અત્યંત નિર્મળ થયું છે અને નિશ્ચય પરમસુખ પામ્યું છે. (જો તમો પ્રાદુર્ભાવ ન, પામ્યા હોત તો બ્રહ્મસ્વરૂપના વિપરીત જ્ઞાનથી અમોને મોટો અનર્થ થાત.) (૩૩)

(આ પ્રકારે શ્રી પુરુષોત્તમ શ્રીહરિની વાણીનો વૈભવ (પરાક્રમ) કહીને તેમના પ્રાદુર્ભાવના હેતુથી વર્ણન કરીને હાલમાં ભગવાનની ઉપાસનાનું ખંડન કરનારા અભેદવાદીઓનું જગતમાં બહુપણું હોવાથી. ભેદ પ્રતિપાદક અને ભગવાનની ઉપાસનાનું સ્થાપન કરનારા શ્રીહરિનું એકપણું હોવાથી, જગતમાં ભગવાનની એકાંતિક ઉપાસનાના પ્રચારમાં મુશ્કેલી પડશે તેવો પહેલાં સંશય કરીને, શ્રીહરિમાં પરમાત્મા પ્રાદુર્ભાવપણાના સંસ્મરણથી પ્રાપ્ત થયેલું બળ જેમને એવા તે ફરીથી બોલતા હતા.) હે હરે ! મંત્રથી મંત્રિત બાણ સમાન વચનોથી, ભગવાનની ઉપનસાનું ખંડન કરનારા અદ્વૈતાચાર્યોએ પૃથ્વીતળ ઢાંકી દીધું છે. તેથી આ લોકમાં અક્ષરધામના એક સ્વામી અમારા ઈષ્ટદેવ, આચાર્ય ધર્મદેવના પુત્ર હોવાથી ભાવિ આચાર્ય તમારા વિના દેહધારીઓની મુક્તિ કેમ થાય ? યથાર્થ ન જ થાય. (જેથી તમો અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ અહીં પ્રાદુર્ભાવ પામ્યા છો તે અમોએ તમોએ કરાવેલી સમાધિમાં જોએલા અશ્વર્યથી અને તેથી પ્રાપ્ત થયેલા બળ વડે આજ પુરુષોત્તમ છે, એમ નિશ્ચય કર્યો છે. તેથી અમારા હૃદયમાં અમોએ તમારો આશ્રય કરવાથી, તમારી ઉપાસના કરવાથી જનોની મુક્તિ થશે, એવો નિર્ણય કર્યો છે). (૩૪)

પોતે સંદિગ્ધપણે તેમને ભગવાન કહ્યા છે, તે વચનોને સ્પષ્ટ કરતા શ્રીહરિને જ અક્ષરાધિપતિ વાસુદેવ પોતે જાણ્યા છે, એમ કહેતા કહે છે.) (''यः सर्वज्ञः सर्वविदितिश्रुतेः'' એ શ્રુતિથી જે સર્વજ્ઞ સર્વવિત્ છે. ''एष सर्वेश्वर एष भूताधिपतिः'' એ શ્રુતિથી સમગ્ર બ્રહ્માંડોના ઈશ્વર એ પ્રાણીમાત્રના અધિપતિ છે. ''आत्मात्मा चाक्षरात्मा च'' એ સ્મૃતિથી આત્માના આત્મા અને અક્ષરના આત્મા છે. ''योऽक्षरमन्तरो यमयति'' એ શ્રુતિથી અક્ષરની અંદર રહીને અક્ષરનું નિયમન કરનારા છે. ''दिव्यो देव एको नारायणः'' એ શ્રુતિથી દિવ્યાત્મા દિવ્ય સ્વરૂપ એક નારાયણ છે. નૃસિંહોત્તરતાપનીય ઉપનિષદ્‌માં स होवाच तदा एतद् ब्रह्माद्वयं बृहत्त्वान्नित्यं, शुद्धं, बुद्धं, सत्यं, सूक्ष्मं, परिपूर्णमद्वयं सदानन्दमिति'' એ શ્રુતિથી તે નિશ્ચય બૃહત્પણાથી બ્રહ્મ અદ્વિતીય, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, સત્ય, સૂક્ષ્મ, પરિપૂર્ણ, અદ્વિતીય, હંમેશા આનંદ મૂર્તિ છે. ભૃગુવલ્લીઉપનિષદ્‌માં आनन्दादेव खल्विमानि भूतानि जायन्ते એ શ્રુતિથી આનંદથી જ ભૂત પ્રાણીમાત્ર નિશ્ચય ઉત્પન્ન થાય છે. ''निरस्तसाम्यातिशयोऽपि यः स्वयम्'' એ સ્મૃતિથી અતિશય સામ્યપણું નાશ પામ્યું છે. જેને એવા ''एक एव हरिः स्वामी'' એ સ્મૃતિથી શ્રીહરિ એક જ સ્વામી છે.) ઉપરોક્ત શ્રુતિ

અને સ્મૃતિઓમાં પ્રતિપાદન કરેલા - સર્વજ્ઞ, સકળ જગતના ઈશ્વર, અક્ષરના નિયંતા, દિવ્યસ્વરૂપ, સુખનિધિ, જેના સમાન કોઈ નથી એવા, આ લોકમાં જનોની મુક્તિ માટે તમો પ્રાદુર્ભાવ પામેલા છો, તેથી વાસુદેવ છો. આ પ્રકારે અમોએ સારી રીતે તમોને જાણ્યા છે. (૩૫)

(આ પ્રમાણે સ્તુતિ વચનો કહેવા છતાં પણ સંતોષ ન થયો તેથી તે જ શબ્દોને સમૂહરૂપમાં કહે છે) પ્રકૃતિથી પર, પ્રશાંતરૂપવાળા, શોભાયમાન, વિદ્યમાન અવયવોવાળા, ઉપનિષદોએ અચિત્ અને ચિત્‌ના શરીરી પ્રતિપાદન કરેલા, બ્રહ્માંડના અધિપતિઓના નિયંતા, પૂર્ણકામ બ્રહ્મ તમો જ છો. (૩૬)

હે પ્રભો ! તમોએ કહેલી માયા સત્ત્વાદિ ત્રણ ગુણવાળી સત્ય છે. અને તમોએ કહેલા જીવો પણ સત્ય જ છે. (અદ્વૈત વાદીઓએ કહેલી રીત પ્રમાણે કલ્પિત નથી.) જીવ, માયા અને પરબ્રહ્મ, એ ત્રણનો તમોએ કહેલો ભેદ વાસ્તવિક જ છે. (અદ્વૈત વાદીઓએ કહેલી રીત પ્રમાણે કલ્પિત નથી) વિસ્તૃત અર્થ કહે છે. હે પ્રભો ! તમોએ કહેલી માયા ત્રિગુણાત્મિકા (ત્રણ ગુણવાળી) સત્ય છે, (અમર કોશના દ્વિતીય કાંડના શૂદ્ર વર્ગમાં ''स्यान्माया शाम्बरी'' એ શ્લોકની વ્યાખ્યા સુધાટીકામાં विश्वं माति यस्यां मिमीते वा'' જગત્ જેને વિષે જણાય છે તે માયા મા ધાતુ પ્રમાણમાં તથા माङ् ધાતુ પ્રમાણમાં વપરાય છે. ''माछाससिभ्यो यः'' એ સૂત્રથી य કાર થઈને અકારાન્ત શબ્દ સ્ત્રી લિંગમાં આકારાન્ત થાય છે. એમ માયા શબ્દની સિદ્ધિ થાય છે. અથવા ''मां याति'' ''आतोऽनुपसर्गे कः'' મા એટલે જ્ઞાન, જ્ઞાનને પામે તે માયા. आतोऽनुपसर्गे સૂત્રથી ''क'' થઈને માયા શબ્દની સિદ્ધિ થાય છે. ''माया प्रकृतिरविद्या कला शक्तिरनर्थान्तरम्'' ઈતિ સાંખ્ય સૂત્રમ્ માયા અવિદ્યા, કલા, શક્તિ એ એક જ અર્થને કહેનારા છે. ''यत्कार्यं जगत् यतोऽर्थान्तरं वस्त्वन्तरं न भवतीत्यनर्थान्तरं प्रधानमेवानेकशब्दव्यपदेश्यमिति पञ्चशिखवृत्तौ तदर्थः ।'' જેનું કાર્ય જગત છે. જેથી બીજી વસ્તુ થતી નથી; તે અર્થાન્તર કહેવાય છે. પ્રધાન જ અનેક શબ્દથી કહેવા યોગ્ય છે. એમ પંચ શિખવૃત્તિમાં તેનો અર્થ એ પ્રકારે સંધ્યા રત્ન પ્રદીપ આદિ કરણાદિ શ્લોક વ્યાખ્યાનમાં કહ્યો છે. ''लघुभागवतामृते'' ''याथातथ्यतोऽर्थान् व्यदधात्'' એ શ્રુતિથી સત્ય અર્થોને ધારણ કર્યા. સત્ય કાર્યમાં કારણ હોવાથી, સત્ય જ તમારી શક્તિરૂપી માયા છે. ઈન્દ્રજાળની માફક કલ્પિત નથી. આ પ્રકારે ''उपरतसमस्तमायामये'' વિરામ પામ્યું છે. સમગ્ર માયામય એ ગદ્યના વ્યાખ્યાનમાં કહેલું છે. આશાધર ભટ્ટે કરેલી વેદ સ્તુતિના રહસ્યમાં ''नृषु तव मायया'' એ શ્રુતિ વ્યાખ્યાનમાં ''मीयते प्रमीयते सा मा, नैयायिकैर्या प्रमेत्युच्यते, तां च प्रत्यक्षानुमित्युपमितिशाब्दभेदैश्चतुर्विधां याति प्राप्नोतीति माया, प्रभाविषयीभूतं पदार्थजातमित्यर्थः ।'' જ્ઞાન જેનાથી થાય છે. તે ''મા'' કહેવાય છે. એમ નૈયાયિકોએ કહ્યું છે. તે પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દ ભેદથી ચાર પ્રકારની થાય છે. ''मा'' જ્ઞાનને પ્રાપ્ત કરવાના સાધનને ''मा'' કહેવામાં આવે છે. તેને પામે તે માયા કહેવાય. (પ્રમાના વિષયીભૂત પદાર્થ માત્ર કહેવાય.) અથવા ''मा'' શબ્દથી અણુપણું, મહત્ત્વપણું આદિક પરિમાણ કહ્યું. તેને પામે તેને માયા કહેવાય. પરિચ્છેદવાળી વસ્તુ સમુદાય

એ અર્થ છે. કેટલાક તો ''माति सृजति विश्वं' વિશ્વને સૃજે છે તે માયા કહેવાય છે. બીજા તો ''मीयते विश्वरूपतया सृत्यते विष्णुना'' વિષ્ણુ એ વિશ્વરૂપ પણાથી સૃજાય છે તેને માયા કહે છે. તે માયામાં સત્ત્વ, રજ અને તમનું સામ્ય હોય તે સમયે તે માયા અવ્યક્ત હોય છે. અને સત્વાદિકનું વિષમપણું હોય છે તે વખતે તે વ્યક્ત હોય છે. એવી રીતે કાર્ય-કારણરૂપથી માયા બે પ્રકારની છે. એ માયાનેજ તત્ત્વસમુદાયના મુખ્ય પણાથી અને રાજ મંત્રીના સમાનપણાથી સાંખ્યકારો ''પ્રધાન'' આ પ્રકારે નિર્દેશ કરે છે. ''स्वशक्त्या मायया युक्तः'' પોતાની શક્તિરૂપ માયાએ સહિત, આવી રીતે ભાગવતમાં ધ્રુવજી પ્રત્યે મનુએ, માયાને ભગવાનની શક્તિ કહેલી છે, ''प्रकृतिर्गुणसाम्यं वै'' સત્વાદિ ગુણોનું સમપણું તે પ્રકૃતિ કહેવાય છે, એમ એકાદશ સ્કંધમાં કહેલું છે. ''सेयं गुणमयी माया'' તે આ ગુણમયી માયા છે, એ દ્વાદશ સ્કંધમાં કહ્યું છે. 'त्रिगुणात्मा तमः कृष्णशक्ति र्देहस्तदीययोः । जीवस्य चाहंममताहेतुर्भायाऽवगम्यताम्'' इति शिक्षापत्र्याम् ત્રણ ગુણવાળી અંધકારરૂપ કૃષ્ણ ભગવાનની શક્તિ છે. દેહ અને દેહના સંબંધિને વિષે જીવને અહં મમત્વને કરાવનારી, તેને માયા જાણવી. એ શિક્ષાપત્રીના શ્લોકની અર્થ દીપિકા નામની ટીકામાં જે પ્રમાણે આપ્યા છે, તે જોવાથી માયા સત્ય છે. આકાશ પુષ્પની માફક મિથ્યા નથી, એ સમજાય છે. ''अजां ध्रुवां'' इतिश्रुतौ ''अचेतना परार्था च नित्या सतत विक्रिया । त्रिगुणा कर्मिणां क्षेत्रं प्रकृते रूपमुच्यते'' इति स्मृतौ'' અજપણું, ધ્રુવપણું શ્રુતિમાં કહેલું છે. જડ, બીજાને માટે પ્રયોજન વાળી, નિત્ય, હંમેશા વિકારવાળી, ત્રણ ગુણવાળી, કર્મ કરનારાઓનું ક્ષેત્ર, એ પ્રકૃતિનું રૂપ કહેવાય છે, એમ સ્મૃતિમાં કહેલું છે. માયા સત્ય છે. એથી વિશેષ કહેવાથી બસ છે.) તમોએ કહેલા ''જીવો'' સત્ય છે. ''ज्ञाज्ञौ द्वावजावीशानीशौ'' ''अजो नित्यः शाश्वतोऽयम्'' ''अच्छेद्योऽयमदाह्योऽयम्'' ''नैनं छिन्दन्ति शस्त्राणि'' ''तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति'' ''नित्यः सर्वगतः स्थाणुः'' ''तदात्मा प्रकृतेः संगादहंमानादिदूषितः । भजते प्राकृतान् धर्मानतस्तेभ्योऽपि सोऽव्ययः । पुमान्न देवो न नरो न पशुर्न च पादपः । शरीराकृतिभेदास्तु भूपैतत्कर्मयोनयः ॥ निर्वाणमय एवायमात्मा ज्ञानमयोऽमलः । दुःखाज्ञानमला धर्माः प्रकृतेस्ते न चात्मनः'' ''हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् । ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः इति'' ''આત્મા નિત્ય છે, અજ છે, શાશ્વત છે.'' ''અછેદ્ય, અદાહ્ય આત્મા છે.'' ''એ આત્માને શસ્ત્રો છેદતાં નથી.'' ''બંનેમાંથી એક સ્વાદુ કર્મફળ ખાય છે.'' ''નિત્ય-સર્વગત, સ્થાણું છે (અચળ છે)'' પ્રકૃતિના સંગથી આત્મા અહંકારમાન આદિકથી દૂષિત થયેલો પ્રકૃતિના ધર્મોને ભજે છે. તો પણ તે દોષોથી વિકાર પામતો નથી. (અવ્યય છે).'' આત્મા, દેવ નથી, નર નથી, પશુ નથી, વૃક્ષ નથી, હે રાજન્ ! શરીરની આકૃતિના ભેદો તો તે કર્મોથી પ્રાપ્ત થયેલી યોનિઓ છે. શરીરના સંબંધથી મુક્ત થયેલો આ આત્મા જ્ઞાનમય શુદ્ધ છે. દુઃખ અજ્ઞાન, મલ વગેરે ધર્મો પ્રકૃતિના છે, આત્માના નથી.'' આત્મા હૃદયમાં રહેલો છે, અણુ સરખો સૂક્ષ્મ છે, ચિદ્રૂપ, જ્ઞાતા, પોતાની સમગ્ર જ્ઞાનશક્તિથી સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલો, અછેદ્યાદિ સ્વરૂપવાળો જાણવો. એવી રીતે શિક્ષાપત્રીની ટીકામાં જીવોનું પારમાર્થિક સત્યપણું પ્રતિપાદન કરેલું છે. તેથી જીવો બ્રહ્મના

આભાસભૂત નથી, બ્રહ્મના પ્રતિબિંબભૂત પણ નથી. તમો એ સિદ્ધાંત સ્પષ્ટપણે પ્રમાણોથી કહ્યો છે. તેથી અમો વિશેષ કહેતા નથી, પણ વિરામ પામીએ છીએ. જીવ, માયા, પરબ્રહ્મ, એ ત્રણનો તમોએ જે ભેદ કહ્યો તે યથાર્થ જ છે. અદ્વૈતવાદીઓએ કહેલી રીત પ્રમાણે કલ્પિત નથી. (૩૭)

શબ્દાદિ પ્રાકૃત ભોગોના વિશેષ ભોગમાં આસક્ત ચિત્તવાળા જે જનો પૃથ્વીમાં જીવ બ્રહ્મનું ઐક્ય (અભેદ) કહે છે, તે મૂર્ખ અને જગતને ઠગનારા છે. એથી કપટમય ભાષણોથી મનુષ્યોને ઠગીને મુક્તિ નથી જ પામતા, ઊલટા નરકમાં જ પડે છે. (૩૮)

આ લોકમાં મુક્તિનો માર્ગ જેનાથી છે એવી તમારી ભક્તિનો ત્યાગ કરીને, જીવ બ્રહ્મના અભેદનું પ્રતિપાદન કરનાર મતનું અવલમ્બન કરીને, જે વિવાદ કરે છે. તે જનો તો અતિસ્થૂલ ફોતરાં ખાંનારા જ છે. જેનો અંત નથી એવા મોહવાળા તે ક્યારેય પણ શાન્તિ તો નથી પામતા. (૩૯)

આ લોકમાં સમગ્ર શ્રેષ્ઠ પુરુષોના રાજાઓના પણ તમો રાજા છો. અમો તમોને પામ્યા છીએ, તેથી કળિયુગનાં દૂષણવાળા જનના સમુદાયોને અમે જીત્યા છીએ. તેથી તમારી પ્રસન્નતાથી મહત્તા પામ્યા છીએ અને આનંદનો અનુભવ કરીએ છીએ. જે જનો એવી રીતે તમોને પામે છે તે મહાસુકૃત કરનારા છે. અને જગતમાં સર્વોત્કર્ષપણે વર્તે છે. (૪૦)

(બહું શું કહીએ ? આ લોકમાં જે તમારા દર્શન કરે છે કરશે ને કર્યાં છે તે સર્વે ધન્ય છે એ કહે છે) દેવોએ ભોગવવા યોગ્ય ભોગો, તેથી પણ ઉત્તમ એવા ઈચ્છિત અર્થોને આપનારી, જન્મમરણના પ્રવાહરૂપ સંસારમાં ભમતા પ્રાણીઓની મુક્તિ કરનારી, સુકૃત પ્રાપ્ત કરનારી, કૃપારૂપી તરંગોવાળી, તમારા દર્શનરૂપી અમૃત નદીને જે માણસ પામે છે, તે મનુષ્યને ધન્ય છે. (૪૧) હે જગતની સમગ્ર પીડાને હણનારા! તમારું અતકર્ય માહાત્મ્ય, વિષયમાં આસક્ત ચિત્તવાળા અમો યથાર્થ જાણી શક્યા નથી. છતાં અમારી બુદ્ધિને અનુસારે અમે કહ્યું છે. તેથી તેમાં કંઈ પણ અયોગ્ય કહેવાયું હોય તો હે પરમ દયાળુ ! તમો ક્ષમા કરશો. બાળકોનું કાલું કાલું બોલવું સાંભળીને પિતા ક્રોધ કરતા જ નથી. (૪૨)

હે અતિમહિમન્ ! અમો તમારા સમાગમ વિના ન ત્યાગ થઈ શકે એવો અમારા મતનો દુરાગ્રહ, અને વિદ્યાથી ઉત્પન્ન થતો ગર્વ, તેનો ત્યાગ કરીને અમો તમારે શરણે આવેલા છીએ. અમો તમારા દાસ છીએ માટે કૃપા કરીને તમો અમોને શિક્ષણ આપો. (જેવી રીતે અમારું પરમ કલ્યાણ થાય તેવું અમોને કહો) (૪૩)

કૈવલાદ્વૈત, દ્વૈત, અદ્વૈત આદિક અનેક પ્રકારના જે મતો, તેમના વાદરૂપી અંધકારના મધ્યભાગમાં ભમવું તેનાથી જેમની બુદ્ધિ મોહ પામી છે, તે અંધકારથી આવૃત્ત નેત્રોવાળા, સર્વ અમો, આ લોકમાં તમોને પામીને, જેમ સૂર્યના ઉદયથી જેમને પ્રકાશ પ્રાપ્ત થયો છે તેવા પ્રકાશવાળા (જ્ઞાનીઓ) વિવિધ પ્રકારના મતવાદીરૂપ અંધકારને (અજ્ઞાનને તરી ગયા છીએ) (૪૪)

દેહને વિષે અત્યંત અહંકારરૂપી જે મહાસર્પ, તેના તીવ્ર દંશથી અતિ મોટી મૂર્છા પામેલા અમો મુક્તિના માર્ગથી પડ્યા હતા. જ્ઞાનરૂપી અમૃતના સિંચનથી વિષવૈદ્યની માફક તમોએ તે ઝેરને નિવૃત્ત

કરી, તમોએ અમોને નવજીવન આપ્યું છે, તેથી તમો એક જ નિયંતા જણાઓ છો. (૪૫)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આવી રીતે સર્વજનોને વંદન કરવા યોગ્ય, શ્રીહરિને જ પ્રત્યક્ષ, સમગ્ર પીડાને હરનારા, પરમેશ્વર, જાણીને તેમ જ સ્તુતિ કરીને, સર્વ દૈવી સંપ્રદાયુક્ત તે સભ્યોએ તથા રાજાએ પણ શ્રીહરિનો આશ્રય કર્યા. (૪૬)

પછી અત્યંત પ્રસન્ન થયેલા કાશીપતિ, મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા અલંકારો તેમ જ સુગંધિવાળું ચંદન, પુષ્પોના ઉત્તમ હાર તથા આરતી વગેરેથી શ્રીહરિના પિતાશ્રી ધર્મદેવને તથા શ્રીહરિને પૂજવા લાગ્યા. (૪૭)

પછી રાજા શ્રીહરિની આજ્ઞાથી સમગ્ર શાસ્ત્રોને જાણનારા બ્રાહ્મણોને તથા બીજા જે પૂજવા યોગ્ય જનોને વસ્ત્રાલંકાર, સદ્‌ભોજન, દક્ષિણા વગેરેથી યથાયોગ્ય સંતોષ પમાડતા હતા. (૪૮)

પૌંગડાવસ્થામાં રહેલા, પોતાના પિતાશ્રી શ્રી ધર્મદેવથી પણ મંગળરૂપ ગુણ સમુદાયોથી અધિક, સમગ્ર પિડતવર્ગને વંદનીય, અયોધ્યાનગરથી આવેલા તથા વિદ્યા તથા ઐશ્વર્યસંપન્ન ધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણ, ન જીતાય એવા કાશીપુરના નિવાસી પંડિતોને જીત્યા. આ પ્રકારે કાશીનગરીમાં અતિ મોટો ઉદ્‌ઘોષ થયો. પછી જગત પ્રસિદ્ધ ધર્મદેવને, પૂર્વની માફક સેનાની સાથે સત્‌કારપૂર્વક અયોધ્યાપૂર પહોંચાડવા રાજા તથા શ્રીહરિને વિષે અતિ આસક્ત કાશીનગરના નિવાસીઓ તથા પંડિતો જે વળાવવા પાછળ આવતા હતા, તેમને પાછા વાળીને, ધર્મદેવ પોતાના પુત્રસ્વરૂપ શ્રીહરિ સાથે ઉત્સાહિત મનવાળા શિષ્યોથી વીંટાયેલા રથમાં બેસીને તેમ જ બીજાઓને પણ યથાયોગ્ય બેસાડીને અયોધ્યાપુરી આવ્યા. (૪૯-૫૧)

પછી શ્રી ધર્મદેવ, અયોધ્યામાં પોતાનો સત્કાર કરવા સામા આવેલા પોતાના શિષ્યાદિ લોકસમુદાયોએ પ્રણામ ભેટ વગેરેથી સત્કાર કરાયેલા કાશીના પંડિતોને જીતનારા, અને સર્વજનોએ પ્રાર્થના કરાયેલા એવા શ્રીહરિએ સહિત અયોધ્યાપુરીમાં પોતાની હવેલીમાં, સર્વે પોતાના આશ્રિતોને અત્યંત આનંદ પમાડતા, પોતાના પુત્રાદિકની સાથે નિવાસ કરવા લાગ્યા. (૫૨)

હે રાજન્ ! કાશીના પંડિતોનો વિજય કરનારા પરમેશ્વર શ્રીહરિનું એ ચરિત્ર જે જનો શ્રદ્ધાપૂર્વક કહેશે અને સાંભળશે, તે જનોના જીવ અને બ્રહ્મનું એકપણું છે કે અનેકપણું છે. એવા સંશયો વિનાશ પામશે. દિવ્ય બ્રહ્મપુરમાં નિવાસ કરતા, અપ્રાકૃત શરીરવાળા, અક્ષર મુક્તોએ અતિઆનંદપૂર્વક સેવાયેલા શ્રીહરિની દિવ્યકૃતિનું જ્ઞાન થશે. (૫૩)

ઇતિ શ્રીહરિકૃષ્ણભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિતે શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીયસ્કંધમાં શ્રીહરિવિદ્વજ્જનકૃત સ્તુતિ નિરૂપણ નામ તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૩)



અધ્યાય ૩૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! ધર્મના પુત્ર પુરુષોત્તમ, દયાના મહાસાગર, ધીર, ભૂમા, શ્રીહરિ આવી રીતે વિચાર કરવા લાગ્યા. (૧)

જનોએ નાશ કરવામાં અશક્ય, અવિદ્યાત્મત, અનાદિકાળથી સમ્બન્ધ પામેલું, વારંવાર સર્વવિપત્તિઓને આપનારું, તેમ જ સંસાર ભ્રમણને આપનારું, અજ્ઞાન છે. જનોના તે અજ્ઞાનનો મૂલમાંથી વિનાશ કરીને, કલ્યાણ કરવા માટે, મારે પૃથ્વીના તળમાં વિચરણ કરવું, પરંતુ આ સમૃદ્ધિવાળા ઘરમાં ન રહેવું. (૨-૩)

કલિથી વૃદ્ધિ પામેલો અધર્મ પૃથ્વીમાં ઉખેડી નાખીને, મારે સર્વના સુખને કરનારો ધર્મ પૃથ્વીમાં સ્થાપન કરવો. (૪) સર્વભૂત પ્રાણિમાત્રના મિત્રરૂપ સાધુઓનું રક્ષણ મારે વારંવાર કરવું. મારા એકાંતિક ભક્તોને અત્યંત સુખ આપવું. (૫) આ પ્રકારે અવશ્યકર્તવ્ય છે. છતાં પણ હાલમાં જો હું ઘરનો ત્યાગ કરું તો મારે વિષે આસક્તિવાળા આ મારા માતાપિતા મારા વિયોગનું દુઃખ સહન કરી શકશે નહિ. (૬)

તેથી માતાપિતાને પ્રથમ શુભદિવ્ય ગતિ પમાડીને, જ આ ગૃહનો તત્કાળ કરીને પૃથ્વી તળમાં હું વિચરણ કરીશ. (૭) સર્વજીવોનું હિત કરવામાં ઉદ્યમવાળા ભગવાન શ્રીહરિ પોતાની માતૃશ્રીની કૃપાથી પોતાનું પરમ જ્ઞાન કહેતા હતા. (૮) તાવથી પીડા પામેલાં આ લોકના ભોગોમાં વૈરાગ્યવાળાં, પોતાનું અજ્ઞાન નાશ કરવા માટે આદરપૂર્વક શ્રીહરિની પ્રાર્થના કરતાં. (૯)

સર્વજ્ઞ, પુરુષોત્તમ શ્રીહરિ, શાસ્ત્રો અને ઉપનિષદોના સારરૂપ હરિગીતા પોતાની માતુશ્રીને કહેવા લાગ્યા. (૧૦) હરિગીતામાં ધર્માદિ અંગે સહિત, મહાત્મ્યે સહિત, શ્રીહરિની ભક્તિ કહેલી છે, અને તે ભક્તિ જેમનાથી પમાય છે તે સાધુઓના લક્ષણો કહેલાં છે. (૧૧)

પછી ચાર વર્ણોના, તેમજ આશ્રમોના, જુદા જુદા સાધારણ તથા વિશેષ ધર્મ પણ સ્પષ્ટપણે કહેલા છે. (૧૨) સર્વજ્ઞ, અલ્પજ્ઞ તથા સ્વતંત્ર અને પરતંત્ર તથા તે બંને નિત્ય, એવા જીવ અને પરમાત્મા, તે સંબંધી જ્ઞાનશાસ્ત્ર પ્રમાણે કહેલું છે. (૧૩) ભગવાન વિના બીજે ઠેકાણે પ્રીતિ નહિ એવા લક્ષણવાળો ભક્તિને વધારનારો જે વૈરાગ્ય, તે અત્યંત સ્પષ્ટ જેમ હોય તેમ કહ્યો છે. (૧૪)

હે રાજન્ ! હવે પ્રભુની નવ પ્રકારની ભક્તિના લક્ષણ, પ્રેમ ભક્તિનું સ્વરૂપ, પ્રભુનું મહાત્મ્ય એ ત્રણ હરિગીતામાં કહેલાં છે. (૧૫)

આ પ્રકારે હરિગીતા સાંભળ્યા પછી, ભક્તિમાતાએ શ્રીહરિએ કહેલા જ્ઞાનથી, શ્રીહરિના પરમેશ્વરપણામાં સંશયરૂપી અજ્ઞાનરહિત થઈને, શ્રીહરિને પ્રત્યક્ષ પરમાત્મા પુરુષોત્તમ જાણ્યા. (૧૬)

પછી અખિલેશ્વર શ્રીહરિનું એકાગ્ર મનથી ધ્યાન કરતાં શ્રીહરિનાં માતુશ્રીએ પંચભૌતિક દેહનો ત્યાગ કર્યો. (૧૭) ભક્તિમાતા શ્રીહરિના સંકલ્પથી દિવ્યદેહ પામ્યાં. જનોને અગોચર એવા દિવ્ય દેહધારી શ્રીહરિના નિત્યદર્શન કરતાં, શ્રીહરિની સમીપમાં પ્રીતિપૂર્વક સદા રહ્યાં. (૧૮)

ધર્મદેવ, ભક્તિનો ઔર્ધ્વદૈહિકસંસ્કાર, પોતાના મોટા પુત્ર રામપ્રતાપની પાસે પોતાની સંપત્તિ અનુસાર કરાવતા હતા. (૧૯)

પછી ધર્મમાં અચલસ્થિતિવાળા, સાંખ્યયોગને આશરેલા, વિષયોમાં અત્યંત અરુચિવાળા, ત્યાગ કરી છે પ્રવૃત્તિ જેમણે એવા, જીતેન્દ્રિય, બ્રહ્મચર્યવૃતમાં આસક્તિવાળા, તપથી કૃશ શરીરવાળા, ધર્મદેવ, પુત્રરૂપ શ્રીહરિને વિષે અત્યંત પ્રેમવાળા થયા. (૨૦)

લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ આદિકથી રહિત, શાંત, ધ્યાનયોગમાં વિશેષ નિષ્ઠાવાળા, અતિશુદ્ધમનવાળા, ધીર, ધર્મદેવને ત્યાર પછી એકાએક તાવ આવ્યો. (૨૧-૨૨)

ધર્મદેવની પ્રીતિપૂર્વક સેવા કરતા પગ ચાંપતા શ્રીહરિને તે દિવસે નિર્જળા એકાદશીનું વ્રત હતું અને તેથી તેમણે રાત્રિમાં જાગરણ કર્યું હતું. (૨૩)

તાવની અત્યંત પીડાથી નિદ્રારહિત બનેલા પ્રશાંતબુદ્ધિવાળા ધર્મદેવ પણ, પ્રીતિપૂર્વક વારંવાર શ્રીહરિને નિરખતા નિદ્રાધીન થયા. (૨૪)

તે વખતે ગૃહસ્થધર્મને આશરેલા બંધુજનો નિદ્રા પામ્યા. ધર્મદેવ તો શ્રીહરિના દર્શન કરતા કરતા શ્રીહરિની ઈચ્છાથી તત્કાળ સમાધિ અવસ્થાને પામ્યા. (૨૫)

સમાધિમાં શ્રીપુરુષોત્તમ પરમાત્મા, મહા તેજોમય દિવ્ય પાર્ષદોએ સહિત, શ્રીહરિને જોતા હતા. (૨૬)

પછી સમાધિમાંથી જાગીને ધર્મદેવ, પરમેશ્વર શ્રીહરિને જ બ્રહ્મચારી વેષવાળા પોતાની સમીપમાં જોઈને, અભિનંદન કરીને તત્ત્વથી શ્રીહરિનું સ્વરૂપ જાણીને, સ્તુતિ કરવા લાગ્યા. (૨૭)

તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ ધર્મને આ પ્રકારે કહેવા લાગ્યા. હે તાત ! મને પ્રિય તમો ધર્મ છો, તમોએ ચિંતા ન જ કરવી. તમારો ક્યારેય પણ હું ત્યાગ નહિ કરુ. (૨૮)

હે તાત ! આ દેહનો ત્યાગ કરીને, દિવ્ય દેહથી તમો તત્કાળ મારી સમીપમાં આવશો. આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી ધર્મદેવ અત્યંત પ્રસન્ન થયા. (૨૯)

પછી જ્ઞાનીઓમાં ઉત્તમ ધર્મદેવે, શ્રીહરિના મોટા અને નાના ભાઈ રામપ્રતાપ તથા ઈચ્છારામને પરમાત્મા સંબંધી જ્ઞાન આપવા માટે બોલાવ્યા. (૩૦) તે બંને મહાબુદ્ધિશાળી ભાઈઓ ધર્મદેવની પાસે તત્કાળ આવીને બેઠા, પછી ધર્મદેવ બંને ભાઈઓને કહેવા લાગ્યા. (૩૧) હે પુત્રો ! અતિ રહસ્યરૂપ તમારા બંનેનું હિત કરનારું, મારું વચન છે તે સાંભળો. જો મારા વચનમાં તમોને પ્રતિતી હોય તો આ મારું વચન હૃદયમાં ધારણ કરો. (૩૨) હે પુત્રો ! અમો જે પ્રભુની સર્વદા ઉપાસના કરીએ છીએ, તે પ્રભુ આ શ્રીહરિ તમારા બંને ભાઈઓના બંધુસ્વરૂપે છે. (૩૩)

તેથી આ દિવસથી આરંભી ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યરૂપી (ધર્મરૂપી મસ્તક, જ્ઞાનરૂપી હૃદય, વૈરાગ્યરૂપી ચરણ) અંગોએ સહિત નિષ્કપટ ભાવથી આ શ્રીહરિની તમારે ભક્તિ કરવી, અને એમની

આજ્ઞામાં હંમેશા રહેવું. (૩૪)

અમો જે શ્રીકૃષ્ણની મૂર્તિનું હંમેશા પૂજન કરીએ છીએ, તે મૂર્તિ પણ આ શ્રીહરિની જ છે, એમ જાણીને હે પુત્રો ! સર્વદા વિધિ સહિત તમારે તે મૂર્તિ પૂજવી. (૩૫)

મારી આજ્ઞા પ્રમાણે વર્તનારા, આદરપૂર્વક શ્રીહરિને ભજતા એવા તમો, નિશ્ચય આ લોક અને પરલોકમાં સર્વોત્કૃષ્ટ શ્રેય પામશો. (૩૬)

પૃથ્વીમાં વર્તમાન એવા અધર્મ અને કલિ, તેનાથી વૃદ્ધિ પામેલા મનુષ્યાકારવાળા દૈત્યોને આ શ્રીહરિ શસ્ત્ર ધારણ કર્યા વિના પણ પોતાની બુદ્ધિથી ઉખેડી નાંખશે. (૩૭)

પૃથ્વીમાં આ શ્રીહરિ વિચરણ કરીને જે દુર્જનોરૂપી અસુરોએ ધ્વંશ કરેલા ધર્મનું પોષણ કરશે. પોતે વિશેષપણે શ્રીકૃષ્ણની ભક્તિ સારી રીતે પ્રવર્તાવશે. (૩૮)

હે પુત્રો ! મહાકીર્તિવાળા શ્રીહરિ પોતાનું આચાર્યપણું તમારા વંશમાં સ્થાપન કરીને પછી પોતાના સર્વોત્કૃષ્ટ અક્ષરધામમાં જશે. (૩૯)

તેથી જે જનો આ શ્રીહરિને આશરીને સર્વદા આ કૃષ્ણની જ પ્રતિમાને પૂજશે, તે તે સર્વે પોતાના ઇચ્છિત ફળ પામશે. (૪૦)

જે જનો એમણે બાંધેલી મર્યાદામાં રહીને શ્રદ્ધા તેમજ આદરપૂર્વક એમને પૂજશે. (૪૧)

તે જનો પોતાને ઇચ્છિત ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ નિશ્ચય પામશે. તેથી તમો બંને ભાઈઓ હંમેશા આ શ્રીહરિની આજ્ઞા અનુસાર વર્તશો. (૪૨)

મહાબુદ્ધિશાળી ધર્મના પુત્ર રામપ્રતાપ અને ઇચ્છારામ પોતાના પિતાનું અતિસુંદર વચન સાંભળીને, અત્યંત હર્ષ પામ્યા અને પોતાના ભાઈ શ્રીહરિનું યથાર્થ સ્વરૂપ જાણીને, બંને રાત્રિદિવસ પ્રીતિપૂર્વક તેમને અનુસરતા હતા. (૪૩)

શ્રીહરિના ચિંતનમાં નિમગ્ન ચિત્તવાળા, નિર્દોષ, ધર્મદેવ પંચભૌતિક શરીરનો ત્યાગ કરીને તથા દિવ્ય દેહને પામીને, દિવ્ય દેહવાળા પોતાના પરિવાર સહિત, અત્યંત પ્રીતિપૂર્વક હંમેશા શ્રીહરિની સમીપમાં નિવાસ કરીને રહ્યા. (૪૪)

ત્યારબાદ તેમના જ્યેષ્ઠપુત્રે, શ્રીહરિની અનુમતિથી શાસ્ત્રવિધિ પ્રમાણે તેમની સર્વ ઔર્ધ્વદૈહિક ક્રિયા, પોતાના ધનની સામર્થી પ્રમાણે, કરી. આ પછી ઉદારબુદ્ધિ પરમેશ્વર શ્રીહરિએ તત્કાળ પોતાના ગૃહનો ત્યાગ કરવા માટે ઇચ્છા કરી. (૪૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરૂરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિના સ્વાવિર્ભાવ પ્રયોજન વિચારાદિ નિરૂપણ નામે ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૪)



અધ્યાય ૩૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી અક્ષરથી પર શ્રીહરિએ પૃથ્વીમાં મનુષ્ય નાટ્યનું અનુકરણ કરતા, ઘરનો તત્કાળ ત્યાગ કરવા માટે ઇચ્છા કરી, આ પ્રકારે ચિંતવન કરવા લાગ્યા. (૧)

પોતાના બંધુઓ તથા પોતાને વિષે પ્રીતિવાળા પુરજનો તથા પોતાને વિષે સખા ભાવને પામેલા જનોની મારે વિષે ઘણી પ્રિતી છે. તે ઘરનો ત્યાગ કરવામાં અંતરાયરૂપ છે. (૨)

તેથી તો સૌ જાણે તે પ્રમાણે તો ગૃહત્યાગ શક્ય નથી. એવી રીતે વિચાર કરીને, કોઈ ન જાણે તેવી રીતે ગૃહત્યાગ કરવાનું વિચારી રહ્યા. (૩)

અસંખ્યજનોનો ઉદ્ધાર કરવાને ઇચ્છતા, કરુણાસાગર, જેના દર્શનમાત્રથી સંસારના બંધનો નાશ થાય છે, તે શ્રીહરિ સવારમાં (પ્રાતઃકળે) ઘેરથી, ફરી પાછા ઘેર નહિ આવવાનો નિશ્ચય કરી, નીકળ્યા. (૪) નિત્યની સ્નાનવિધિ માટે શ્રીહરિ ઘેરથી એકલા જ નીકળ્યા. તેમનું આ પ્રકારનું ગમન તેમના સંબંધી તથા પુરનાજનો જાણી શક્યા નહીં. (૫) તપઃપ્રિય શ્રીહરિ પહેલાં ઉત્તરદિશા સન્મુખ ચાલવા લાગ્યા. સરયૂ તીરે આવીને ક્ષણવારમાં ત્યાં એકાંત સ્થાનમાં બેઠા. (૬)

ઢાંકવાના વસ્ત્રે સહિત કૌપીન, મૃગાજીન, ઓઢવાનું વસ્ત્ર, ધોળુંબ્રહ્મસૂત્ર (ઉપવીત) અને પાલાશ દન્ડને ધારણ કરતા. (૭) તુલસીના કાષ્ટની કરેલી સૂક્ષ્મ મણીકાવાળી બેવડી કંઠી કંઠમાં ધારણ કરતા, લલાટમાં ચાંદલાએ સહિત ઉર્ધ્વપુંડ્ર તિલકને ધારણ કરતા. (૮)

મુંજની મેખલાને કેડ્યમાં ધારણ કરતા, કમણ્ડલુ તથા સુવર્ણવર્ણવાળી જટાની છટાવાળા, તુલસીના કાષ્ટની મણીકાવાળી સુંદર જપમાલાને હાથમાં ધારણ કરતાં. (૯) તેવી જ રીતે ભિક્ષાપાત્ર તથા ગરણું તેને ધારણ કરતા, પગમાં પાદુકાને ધારણ કરતા. (૧૦)

શાલગ્રામ તથા બાલમુકુંદને, નાના બટવામાં સારી રીતે પધરાવીને વસ્ત્ર વીંટાળી બાંધીને, મનોહર કંઠમાં ધારણ કરતા. (૧૧) ભાગવતના બે સ્કંધ, તથા ભારતના ત્રણ ગ્રંથ તથા સ્કંદ પુરાણમાંનું વાસુદેવ માહાત્મ્ય, તથા યાજ્ઞવલ્ક્યનું ધર્મશાસ્ત્ર, મળીને સારચતુષ્ટ્યની નાની પુસ્તિકાને અતિપ્રિય રેશમીવસ્ત્રના ખંડથી વીંટીને, બીજા વસ્ત્રથી બાંધીને, અતિ તેજસ્વી ખભા ઉપર ધારણ કરેલી હતી. (૧૨) આવી રીતે નદીના કાંઠે રહેલા ધર્મના પુત્ર શ્રીહરિ, મોટી નદી ઉતરવાની ઇચ્છાથી પોતે વહાણ આવવાની રાહ જોતા હતા. (૧૩)

પહેલા અન્યોઅન્ય યુદ્ધમાં શસ્ત્રથી મરણ પામેલા અસુરોમાંનો એક બાકી રહેલો અતિ ભયંકર આકૃતિવાળો, શ્રીહરિનો શત્રુ કોઈ અસુર, તેટલીવારામાં તે સ્થાનમાં આવ્યો. (૧૪)

તે અસુર ત્યાં આવ્યો. તેટલામાં શ્રીહરિના મનુષ્યાનુકરણરૂપ વિચારને જાણતા (સાથે રહેવાથી તેમ જ આકાર ચેષ્ટાદિથી જાણતા) તથા દૈત્ય ઉપદ્રવરૂપ અનર્થને જાણતા ગરુડાદિ પાર્ષદો તત્ત્કાળ તે સ્થાનમાં આવ્યા. (૧૫)

પછી તે અસુર શ્રીહરિને એકલા જોઈને તત્કાળ તેમને નદીનાં જળમાં ઉંચકીને ફેંકવા જતો હતો, તેટલામાં ઉતાવળથી પાર્ષદોએ તત્કાળ શ્રીહરિને ગ્રહણ કરી લીધા. (૧૬)

હે રાજન્ ! પછી પક્ષીરાજ ગરુડજી આદરપૂર્વક પાર્ષદો પાસેથી ગ્રહણ કરેલા શ્રીહરિને પોતાના ખભા ઉપર બેસાડીને આકાશમાં ઊડીને નદીના સામે કાંઠી ત્રણ યોજન દૂર લઈ ગયા. (૧૭) સર્વ પાર્ષદો, ચિત્તને લોભાવનારું સુંદર આસન બનાવી, શ્રીહરિને તેની ઉપર આદરપૂર્વક બેસાડીને તેમનું નિશ્ચલ નેત્રો વડે પ્રેમથી દર્શન કરવા લાગ્યા. (૧૮)

મંદ હાસ્યથી શોભતા મુખારવિંદવાળા શ્રીહરિએ સમગ્ર પાપોને નાશ કરનારી, દયારૂપી, સુધાથી ભીની દૃષ્ટિ વડે, પાર્ષદોને જોયા. તેનાથી પાર્ષદો પણ તે સમયે હર્ષ પામ્યા. (૧૯)

પાર્ષદોએ પુષ્પોના હાર તોરા વગેરે તેમ જ કેસરયુક્ત ચંદન તિલક વગેરે તથા સમગ્ર પૂજાના ઉપચારોથી, શ્રીહરિની પૂજા કરીને વિનયપૂર્વક પોતાની યોગ્યતા પ્રમાણે સ્તુતિ કરી. (૨૦)

પછી પાર્ષદો ધર્મનંદન શ્રીહરિને પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિએ પ્રેમપૂર્વક તેમણે જ આપેલા અને પોતે ધારણ કરેલા સુંદર પુષ્પોના હારો તથા તોરાઓ તે પાર્ષદોને જ આપ્યા. (૨૧)

પ્રભુ શ્રીહરિએ પોતાના પ્રિય પાર્ષદોને તેમના ધામમાં જવા માટે, હસ્તચેષ્ટાથી આજ્ઞા આપી. પાર્ષદો ત્યાંથી જવા માટે અસમર્થ હતા છતાં પણ શ્રીહરિની આજ્ઞાથી પોતાના ધામમાં ગયા. (૨૨)

પછી પોતાના સ્વરૂપને અનેક પ્રકારે દેખાડવામાં સમર્થ શ્રીહરિએ, પોતાના બીજા રૂપને નદીના મહા તરંગોથી તણાતું હોય ને શું ? એમ મૂઢ બુદ્ધિવાળા અસુરને દેખાડ્યું. તેથી તે અસુરે પણ પોતાના શત્રુ શ્રીહરિ મરી ગયો એમ જાણ્યું. (૨૩)

શ્રીહરિની માયાથી મોહ પામેલો અસુર શ્રીહરિના મૃત્યુના સમાચાર કેટલાક અસુરોને કહેતો હતો. તે સાંભળીને તે અસુરો પોતાના જનોને તે સમાચાર કહેવા માટે, જાણે કૃતાર્થ થઈ ગયા હોય એવા, ઉત્સાહથી જતા હતા. (૨૪)

પછી દુષ્ટાશયવાળો તે અસુર ઉતાવળો ચાલતો, પોતાના પાપથી પૃથ્વી ઉપર પડ્યો અને વૃક્ષના થડમાં અથડાયો. તેથી મસ્તક ભેદાવાથી તે અસુર ભયંકર શબ્દ કરતો મૃત્યુ પામ્યો. (૨૫)

નરનાટક ધારણ કરનારા, સફળ ઈચ્છાવાળા, સાધુના માર્ગને પ્રવર્તાવનારા, શ્રીહરિએ તે અસુરનો આ પ્રકારે પોતાના પ્રતાપથી પરાભવ પમાડ્યો. (૨૬)

પછી જેમના આગમનથી ભયને પામતા વનપ્રિય શ્રીહરિ, નિત્યકર્મ સંક્ષેપથી કરીને, ઉત્તરદિશા તરફ ચાલવા લાગ્યા. (૨૭)

જે સમયે ધર્મના પુત્ર સ્વયં શ્રીહરિ મહાન્ સંપત્તિના સમુદ્રરૂપ પોતાના ગૃહનો ત્યાગ કરીને, સ્નેહથી બંધાયેલા બંધુવર્ગ તથા પોતાના મિત્ર બાળકોને પૂછ્યા વિના એકલા જ ગયા. (૨૮)

તે વખતે શ્રીહરિની સાથે દરરોજ સરયૂ નદીમાં સ્નાન કરનારા બાળકો સવારમાં ઊઠીને શ્રીહરિના

ઘર પત્યે જઈને, પોતાના મિત્ર શ્રીહરિને ઊંચા સ્વરથી બોલાવવા લાગ્યા. (૨૮)

શ્રીહરિએ પ્રત્યુત્તર ન આપ્યો તેથી બાળકો વિચાર કરવા લાગ્યા કે શ્રીહરિ પહેલાં તો તરત જ જવાબ દેતા પરંતુ હમણાં તો સામો જવાબ નથી આપતા. (૩૦)

માટે ઘરમાં હશે એમ જાણીને બાળકો શ્રીહરિને ઘરમાં ખોળવા લાગ્યા. ઘરમાં પણ અત્યંત પ્રિય, નેત્રોને સુંદર લાગતા, ધર્મના પુત્ર શ્રીહરિને ન જોયા. (૩૧)

પછી સર્વે બાળકો સરયૂ નદી ઉપર જઈને શ્રીહરિના બેસવાનાં સર્વ સ્થાનોમાં તથા પુરમાં, રાજમાર્ગોમાં તથા દેવમંદિરોમાં, મોટાં તળાવો વગેરે સ્થાનોમાં, અત્યંત પ્રિય શ્રીહરિને ખોળવા લાગ્યા. (૩૨)

તો પણ શ્રીહરિને ન જોયા. તેથી શ્રીહરિ વિના રહેવા માટે અશક્ત, શ્રીહરિને વિષે અત્યંત આસક્તિવાળા તેમના વિયોગથી પીડારૂપ મહાસમુદ્રમાં બૂડેલા બાળકો, રુદન કરવા લાગ્યા. (૩૩)

વળી શ્રીહરિના વિયોગથી અત્યંત ખેદ પામેલા બાળકોએ, રામપ્રતાપભાઈ વગેરે શ્રીહરિના સંબંધીઓને શ્રીહરિ કોઈ જગ્યાએ નથી એમ કહ્યું. વજ્રપાત સમાન આ વચન સાંભળીને, રામપ્રતાપ તથા રામપ્રતાપની પત્ની વગેરે મૂર્છા પામ્યા. (૩૪)

પછી રામપ્રતાપ મૂર્છામાંથી જાગ્રત થઈને રુદન કરતાં, નષ્ટ ધનની માફક, શોકાતુર થયા. સર્વ પૌરજનો પણ, તેમનું રુદન સાંભળીને અને શ્રીહરિ પણ બધાનો ત્યાગ કરી કોઈ ઠેકાણે ગયા છે, તે જાણીને રુદન કરવા લાગ્યા. (૩૫)

તે સર્વ ભેગા થઈને શ્રીહરિને ખોળતા અને અત્યંત રડતા કોઈપણ સ્થાનમાં શ્રીહરિને નહિ જોતાં 'હા હા' એવા વચનો બોલતા, શોક કરતા, આ શ્રીહરિ ક્યાં ગયા હશે ? એમ બોલવા લાગ્યા. (૩૬) કોઈ દૈત્ય પણ આમને હણવા માટે સમર્થ નથી જ, કારણ કે આમની દૃષ્ટિમાત્રથી કોટરા તથા કાલીદત્ત વગેરે દૈત્યો તત્કાળ નાસી ગયા, તે અમોએ પ્રત્યક્ષ જોયેલું છે. તેથી શ્રીહરિ પોતાની ઈચ્છાથી જ અહીંથી ગયા છે. (૩૭)

આવી રીતે બોલતા અતિખેદયુક્ત ચિત્તવાળા શ્રીહરિના બંધુઓ અને પુરના જન સમુદાયો, નેત્રોમાંથી સ્રવતી આંસુની ધારા સાથે શ્રીહરિને ખોળવા પુરથી બહાર નીકળ્યા. (૩૮)

તે સમયે અયોધ્યાપુરી અમંગળ બની ગઈ. ગાયો પણ ઘાસ ખાતી નહોતી, વાછરડાઓ દૂધ પીતા નહોતા, અગ્નિહોત્રી બ્રાહ્મણોના અગ્નિઓએ પણ હવિષ્યાન્ન ગ્રહણ ન કર્યો. (૩૯)

તે સમયે વાયુ અતિકઠોર વાવા લાગ્યો. સૂર્ય પણ તેજ હીન થયો. તે જનોનો શોક જોઈને દયાવાળા ગ્રહો તે સમયે ક્ષોભ પામવા લાગ્યા. (૪૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિએ સ્વગૃહનો ત્યાગ કર્યો એ નામે પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૫)



અધ્યાય ૩૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિમાં અત્યંત પ્રેમથી બંધાયેલા ચિત્તવાળા સમગ્ર બંધુજનો તથા પુરવાસીઓ દુઃખથી પીડાતા, નગરથી બહાર આવીને શ્રીહરિને ખોળવા લાગ્યા. (૧)

રામપ્રતાપ વગેરે માર્ગમાં સામા આવતા સર્વેજનોને પૂછવા લાગ્યા. હે જનો ! હરિ હમણાં ક્યાં ગયા ? તેમને ગયાનો ઘણો સમય થયો છે. એમના વિયોગથી અમો અત્યંત દુઃખી થયા છીએ. તેથી જો તમોએ તેમને જોયા હોય તો તમો અમોને દયાથી કહો. (દુઃખી ઉપર દયા કરવાથી મહા પુણ્ય થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. માટે અમોને અત્યંત પ્રિય હરિ બતાવો.) (૨)

શ્રીહરિ વિના વિહ્‌વળની માફક વર્તતા પોતાના જવાના માર્ગમાં પોતાની સન્મુખ આવેલી ગાયો તથા પશુઓ તથા મૃગલના ટોળાને પણ તે શ્રીહરિના સમાચાર પૂછવા લાગ્યા. (વિહ્‌વળથી વિકળ થયેલાઓને પૂછવાનો વિવેક હોતો નથી માટે પશુ વગેરેને પૂછે છે.) (૩)

આ વૃક્ષો, ફળો, તથા પુષ્પોના ભારથી નમ્ર થઈ ગયા છે, માટે શ્રી હરિના દર્શનથી હર્ષ પામેલા છે, એમ નિશ્ચય કરીને સર્વ વૃક્ષોને પણ તે જનો પ્રેમાસ્પદ શ્રીહરિના સમાચાર પૂછતા હતા. (હે તરુઓ! અમારા પ્રાણપ્રિય શ્રીહરિ અહીંથી ગયા છે. તમોએ તેમને જોયા છે. તમોએ ન જોયા હોય તો તમો આવા હર્ષ પામેલા કેમ હો ? માટે જોયા જ છે તો અમોને કહો.) (૪)

હે લતાઓ ! મનોહર શ્રીહરિને જોઈને પ્રફુલ્લિત પુષ્પો વડે તમો મંદહાસ્યવાળી છો. તમોએ શ્રીહરિને નિશ્ચય જોયા છે. અમારા પ્રાણોથી પણ અતિપ્રિય શ્રીહરિને તમોએ જોયા છે. માટે અમોને કહો. (બીજાના ત્રાસની નિવૃત્તિ કરવાનું શાસ્ત્રોમાં મહાપુણ્ય કહ્યું છે. તેમ જ પ્રાણ આપનારાને પણ તેવું પુણ્ય થાય છે.માટે શ્રીહરિને બતાવવાથી બંને પ્રકારનું પુણ્ય મળશે. એવો ગુપ્ત અભિપ્રાય છે. (૫)

હે વૃંદે ! શ્રીહરિના ચરણ કમળમાં રહેલાં તમોએ ધર્મપુત્ર શ્રીહરિને જો જોયા હોય તો હમણાં જ (શરીરથી પ્રાણ નીકળ્યા પહેલાં જ) શ્રીહરિ ક્યાં છે તે અમોને તમો બતાવો. એવી દયા કરી અમોને જીવન આપો. व्रियते इति वृन्दा પક્ષ રાખે તે વૃંદા કહેવાય. હે તુલસી તમારા વાચક વૃંદા શબ્દની વ્યુત્પત્તિથી તેનો અર્થ પક્ષ થાય છે. તમારામાં તેથી તે પક્ષ સ્વાભાવિક પણે હોવાથી અને વળી તમો ભગવાનના ભક્ત છો તેથી અને અમો પણ ભગવાનના ભક્ત છીએ માટે શ્રીહરિને બતાવવા રૂપ પક્ષ રાખવાથી તમારું નામ સાર્થક થશે. એવો ગૂઢ અભિપ્રાય છે. (૬)

હે પૃથ્વી ? તમો વિકસિત પુષ્પોવાળી લતાઓ તથા વૃક્ષોથી હર્ષ પામેલાં અમોને જણાઓ છો. માટે તમારા વિષે ઘણી લીલાઓ કરશે. એવા શ્રીહરિનું દર્શન તમોને થયેલું છે. (પહેલાં તમો આવા નહોતાં, હમણાં તો આવા આનંદિત થયેલા છો. માટે નિશ્ચય તમોએ અહીંથી ગયેલા શ્રીહરિને જોયા છે. (૭)

હે ધરણી ! કળશ, અંકુશ, વજ, પદમ, ધ્વજ વગેરે પરમેશ્વરપણાને જણાવનારાં ચિન્હોથી અંકિત થયેલું તમારું તળ, ઘણાં રસકસરૂપી લક્ષ્મી ઉત્પન્ન કરશે. જેથી તમો તમારા આધારવાળાં જનોમાં પ્રેમવાળાં

થાઓ. માટે શ્રીહરિને તમો બતાવો. (૮)

હે સરયૂ ! તમારા જળમાં પોતાના મિત્ર બાળકોની સાથે અત્યંત મંગળકારી બાલ્યોચિત જળક્રિડા કરતા, પ્રાણથી અત્યંત પ્રિય શ્રીહરિને તમોએ તમારા પતિ સમુદ્રને બતાવવા માટે ગુપ્તપણે રાખેલા તો નથી ને ? (૯)

બહુ ભાગ્યશાળી હે સરયૂ ! શ્રીહરિને સમાપમાં રાખેલા હોય તો હમણાં તો અમોને આપો જ, વાર લગાડશો નહીં. તાપનાં નાશ કરનારાં છે, દર્શન જેમનાં એવા શ્રીહરિ વિના અમારા પ્રાણ નહીં રહે. (દુઃખી જનોના દુઃખનાશ કરવા માટે **सरति प्रवहति** સરે છે એટલે પ્રવાહિત થાય છે. તે સરયૂ કહેવાય છે. આ પ્રકારનું નામ સાર્થક કરવા માટે હરિને બતાવો એવો ગૂઢ અભિપ્રાય છે.) (૧૦)

પછી રામપ્રતાપાદિજનો સરયૂનદીમાં કમળોનો સમુદાય જોઈને પૂછવા લાગ્યા. હે કમળો ! અત્યંત પ્રસન્ન થયેલા તમોએ મનોહર શ્રીહરિને જોયા છે. એમ અમો અનુમાન કરીએ છીએ. (તમોએ શ્રીહરિને જોયેલા છે માટે હે કમળો ! જનસમુદાયના પતિ શ્રીહરિનાં દર્શન અમોને કરાવીને, શ્રીહરિના વિરહથી અત્યંત દુઃખી અમોને બધાંને કૃપાથી તમો જીવતદાન આપો.) (૧૨)

હે પ્રાણવલ્લભ ! અતિગહન વનમાં દુષ્કર તપ કરવા માટે હજુ તમો યોગ્ય નથી, કારણ કે તમો કિશોર અવસ્થાવાળા છો. હે હરે ! તમારું શરીર પુષ્પથી પણ સુકોમળ છે. તેથી આ શરીરથી ટાઢ, તડકો, વાયુ આદિક કેવી રીતે સહન કરશો ? (૧૩)

હે હરે પલ્લવો અને પુષ્પોની શય્યામાં પણ અતિ મૃદુલ તમારા ચરણકમળ કષ્ટ પામશે તો મોજડીઓ રહિત આપના ચરણકમળ વનમાં કાંટા, કાંકરાથી વ્યથા નહીં પામે શું ? પામશે જ. (૧૪)

હે હરે ! આ પ્રકારની ચિંતા કરતા અમારા મનમાં વજ્રપાત સમાન અતિ દુઃસહદુઃખ થાય છે. તેથી તમો અમોને તમારાં દર્શન આપો. (૧૫)

હે હરે ! નવો ઉગેલો શરદઋતુની પૂર્ણિમાનો ચંદ્રમા તથા નૂતન કમળને તિરસ્કાર કરનાર મંદહાસપૂર્વક દર્શન છે જેને વિષે એવું અતિ દર્શનીય તમારું મુખારવિંદ અમોને બતાવો. (૧૬)

અતિશય પવિત્ર કરનારી, મધુરતામાં અમૃતનો પણ તિરસ્કાર કરતી અતિ દુઃસહ આપત્તિને સહન કરનારી તમારી વાણી અમોને તત્કાળ સંભળાવો. તમારી વાણી સાંભળવાથી જ અમે જીવી શકીશું. (૧૭)

હે દયાનિધે ! આ ભમરોની પંક્તિ અહીં અમારો અત્યંત વિલાપ સાંભળીને બહુ શોકમગ્ન બની ગઈ છે અને તેથી અત્યંત કરુણ ગુંજારવોથી અમારી પાછળ જાણે રડતી હોય ને શું ? એમ જણાય છે. (૧૮)

હે હરે ! કોકિલાઓ પણ અમારું રુદન સાંભળીને અમારા જેવું દુઃખ પામી હોય ને શું ? એમ અહીં અતિદીન શબ્દો વડે વિલાપ કરે છે. ટીંટોડીઓ વગેરે સમગ્ર પક્ષીઓ પણ વિલાપ કરે છે. (૧૯)

હે હરે ! કરુણ રસ પ્રધાન અમારા વિલાપનો શબ્દ સાંભળીને સર્વ વૃક્ષો ગુંદરરૂપી અશ્રુસારીને અતિ રુદન કરે છે. (આવું અમારું રુદન સાંભળીને ઉંચા હૃદયવાળા સ્થાવર જંગમ પ્રાણીઓને દયા ઉત્પન્ન થઈ. તે સમયે પણ તમારા હૃદયમાં દયા કેમ ઉત્પન્ન થતી નથી ? એવો અમોએ કયો અપરાધ કર્યો છે ? જેથી આવા વજ્રસાર કઠિન હૃદયવાળા થયા છો.) (૨૦)

હે પ્રભો ! તમો કૃપા કરીને પ્રગટ થાઓ. (તમો અમોને પ્રત્યક્ષ દર્શન આપો.) દિવસે સૂર્યના તાપથી કરમાઈ ગયેલા કુમુદોને ચંદ્રમા જેમ પ્રફુલ્લિત કરે છે, તેમ વિરહરૂપી અગ્નિથી સંતાપવાળા અમોને તમારા દર્શનરૂપી અમૃતના સિંચનથી શાંતિ પમાડો. (૨૧)

જેના સ્વામી પરદેશમાં ગયા છે. એવી સ્ત્રી જેમ નિસ્તેજ થઈ જાય છે, તેમ વિલાપ કરતાં સર્વજનો જેને વિષે અને જેનો ઉત્સાહ નાશ પામ્યો છે, એવા જનોવાળી અયોધ્યા નગરી પણ તમારા વિના શોભતી નથી. (અયોધ્યાનગરી પણ દયા કરવા યોગ્ય છે. માટે તમો દર્શન આપો.) (૨૨)

શ્રીહરિના બંધુજનોએ આ પ્રમાણે શ્રીહરિને વનમાં ચોતરફ ખોળ્યા. પણ શ્રીહરિ પ્રાપ્ત ન થયા. એટલે તેમણે શ્રીહરિ વિના આલોક સઘળો અતિ શૂન્ય જેવો થઈ ગયો. (૨૩)

સમગ્ર પીડાને નાશ કરનારા શ્રીહરિને નહીં મેળવીને તે બધાજનો વનમાંથી પાછા ફરતા કેડ્યમાં હાથ જેમનાં છે, માર્ગમાં ઠોકરો ખાતા, જાણે પ્રાણ નીકળી ગયા હોય ને શું ? એવા થઈ ગયા. (૨૪)

ત્યારબાદ પોત પોતાના ઘેર જઈને પુત્ર, સ્ત્રી વગેરેથી વીંટાઈને બેઠેલા સર્વે જનો તેમના ઘરમાં આંસુ અંકિત મુખવાળા શ્રીહરિના વિયોગથી દુઃખી થયેલા, તેથી જ શરમ છોડીને રુદન કરવા લાગ્યા. (૨૫)

તે સમયે ચિત્તવિનાના સર્વજનો જેમ આકાશ ચંદ્રરહિત થયો હોય, જેમ સમુદ્ર જળ રહિત થયો હોય, તેમ સમગ્ર અયોધ્યાનગરીને આનંદ રહિત જોવા લાગ્યા. (૨૬)

શ્રીહરિના વિયોગથી ઉત્પન્ન થયેલું દુઃખ તેનાથી અત્યંત વિહ્વળ, મરી ગયા છે વાછરડા જેમના એવી પહેલ વહેલી વીયાયેલી ગાયોની જેમ, વિલાપ કરવા લાગી. (૨૭)

હે હરે ! તમારું દર્શન નહીં થાય તો અમારાં સ્ત્રી, પુત્ર, હિતેચ્છુઓ, ઘર તથા ધન હોય તો પણ શું ? શરીર નિરોગી હોય તો પણ શું ? અમારું સુખ હંમેશા તમારે જ આધીન હતું. (તમારા દર્શનરૂપી સુખથી જ અમો સુખી છીએ. બીજા સુખથી નથી.)(૨૮)

(આવી રીતે અયોધ્યનગરીના સર્વજનોનું વૃત્તાંત કહીને હવે શ્રીહરિના બંધુઓનું વૃત્તાંત કહે છે) પછી પોતાને ઘેર આવીને પૃથ્વી ઉપર પડેલા, શ્રીહરિના સ્નેહથી આસક્ત બુદ્ધિવાળા, શ્રીહરિના વિરહરૂપી અગ્નિથી તપી ગયેલા, એથી અત્યંત વિવશ, શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપ વિલાપ કરવા લાગ્યા. (૨૯-૩૦)

હે હરે ! તમારા દર્શન વિના મારા શરીરમાંથી પ્રાણ જશે. ત્યાર પછી આપ આભુવનમાં આવીને

શું કાર્ય સિદ્ધ કરશો ? (મારા મરણ પછી જો આપ આવશો તો પણ મને શું ? તમારા દર્શનથી જ સુખ પ્રાપ્તિ થાય.) (૩૧)

હે હરે ! આ લોકમાં લોકો દયાવાળા તમોને નિર્દય કહેશે. તેથી તત્કાળ આવીને કૃપા કરીને તમારા જનોનો શોક નિવૃત્ત કરો. (૩૨)

હે હરે ! પરલોકમાં ગયેલા માતા પિતાના વિયોગની વેદના જો કે અત્યંત છે, તો પણ તમારા દર્શનના સુખથી હું તે માંડ માંડ વિસારી શક્યો છું. (૩૩)

તમારો આ વિયોગ દુઃસહ એવી એ (માતાપિતાના) વિયોગની વેદનાને વધુ બાળે છે. આ આઘાતથી મારા મનમાં રુઝાયેલા એ વિયોગના ઘાને વધુ જાગ્રત કર્યો છે. (૩૪)

(જો દૈવ પ્રતિકૂળ ન હોય તો તમો આવું ન કરત. એમ ધારીને દૈવને ઠપકો આપે છે.) હે વિધે ! દુઃસહ એવું મારું અત્યંત દુઃખ તમોએ ક્યાંથી ઉત્પન્ન કર્યું ? મારા ભાઈ શ્રીહરિના દર્શનથી ઉત્પન્ન થયેલું મારું સુખ, તમો ઈર્ષાથી સહન ન કરી શક્યા કે શું ? (મેં અનુભવ કરેલા ભગવાનના દર્શન તેને સહન ન કરી શકવાથી તમોએ આ દુઃખ ઉત્પન્ન કર્યું છે. એમ તર્ક કરું છું.) (૩૫)

હે વિધે ! સ્વભાવથી કઠોર તમારું મેં શું બગાડ્યું છે ? આ લોકમાં ભાઈના વિયોગરૂપી અગ્નિમાં મને બાળતા તમે કેમ લજ્જા પામતા નથી ? (પ્રથમ તો નિરપરાધિ જનોના મનને દાહ પમાડવો તે અનુચિત છે. તેવા આચરણમાં પણ નિર્લજ્જપણું તે તો અતિ અનુચિત જ છે). (૩૬)

ધર્મીજનો તો ગુરુકુળ માનીને ધર્મવંશને પૂજે છે. તે તો ઉત્તમ છે, બીજા પૂજા નથી કરતા પણ ધર્મનિષ્ઠ જાણીને પ્રશંસા વડે અનુમોદન કરે છે. તે મધ્યમ છે. બંને ભાવથી રહિત જે છે તે સમય અનુસાર લગારેક પ્રશંસા અનાદરપૂર્વક કરે છે, છતાં પણ નિંદા બહુ કરે છે. તે અધમ છે. અપરાધ રહિત ધર્મવંશને દાહ કરે છે તે તો અધમોમાં પણ અધમ છે જ, તે વાત કહે છે.) હે વિધે ! અપરાધરહિત, પાપકર્મોથી પણ રહિત, આ ધર્મવંશને તું દાહ કરે છે, તેમાં પણ અત્યંત દાહ કરે છે તેથી હે અતિ નિર્દય ! તું અધમાં અધમ છે. (૩૭)

(આ પ્રકારે વિધિને ઠપકો આપીને ફરીથી શ્રીહરિની પ્રાર્થના કરે છે)

હે દયાનિધે ! દયા અને સ્નેહયુક્ત બંને નેત્રોવાળું, અતિ સુંદર, મંદ હાસ્યથી રમણીય, વચનરૂપી અમૃતવર્ષી, તમારું મુખારવિંદ મને કૃપા કરીને બતાવો. (૩૮)

અમૃતથી અધિક એવી ઉત્તમ રસવાળી, મધુર, મંદ હાસ્યથી શોભાવાળી, તમારી વાણી તથા તમારું કરુણાપૂર્ણ દર્શન સંભારતાં મારું મન વ્યથા પામે છે. (૩૯)

મંગળ કરનારાં જે ચિન્હોથી ચિન્તિત અને દર્શન કરનારાઓને આનંદકારી તમારા શરીરના, હે હરે ! વિરહાગ્નિની શાંતિ માટે દયા કરીને મને તત્કાળ દર્શન કરાવો. (૪૦)

સમગ્રજનોની પીડાને નાશ કરનારા પ્રવાસી ! તમારા માર્ગને કેવી રીતે પામું ? (અહો દૈવ

બળવાન છે) જેથી તમારે આધીન મારું જીવિત છે એવા મને અતિદુઃખ આપનારી આ દશાને દૈવે પમાડ્યો છે. (૪૧)

(અહો ! આ પરમાશ્ચર્ય છે કે જેના વિના ક્ષણવાર પણ પ્રાણ ધારણ કરવાને હું શક્તિમાન નથી, છતાં હું તેમના વિના આટલા કાળ સુધી જીવું છું) અતિ કઠોર લોઢું પણ અગ્નિથી તપાવવાથી નરમ બને છે. વિશેષ શું કહું ? લોહ તો ભાંગી પણ જાય છે. મારું હૃદય તો વિરહાગ્નિથી તપેલું છે. પણ મૃદુ થતું નથી તેમજ તૂટતું પણ નથી. (અહો ! આ આશ્ચર્ય છે. આ નહીં જોયેલું જોવાયું.) (૪૨)

(હું આપણા ઘરના ઉત્તમ વિષયોને લઈને વનમાં ગયો નથી. તે તો ઘરમાં જ છે. માટે મારા ઘરમાં રહીને વિષયો ભોગવો. મારું તમારે શું કામ છે ? જો એમ કહેતા હો તો કહું છું.) હે હરે! તમારી દયાથી આ ઘરમાં દેવતાઓને દુર્લભ વૈભવ છે, છતાં પણ તમારા વિરહથી દુઃખી મને ઘરમાં રહેલા વિષયો સુખ આપનારા નથી થતાં. (૪૩)

હે હરે ! સમગ્ર આશ્રિતોના દુઃખને હણનારા તેથી તમારાં દર્શનના અભિલાષાવાળા મને, મહાસુખને આપનારો તમારો સંદેશો કૃપા કરીને તત્કાળ અહીં મોકલો. (૪૪)

(આ પ્રકારે શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજીના વિલાપનું વર્ણન કરીને હવે તેમના નાનાભાઈ ઈચ્છારામના કરુણ આક્રન્દનું વર્ણન કરે છે) શ્રીહરિમાં અત્યંત પ્રેમવાળા, અત્યંત વિહ્વળ, શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામ વિલાપ કરે છે. હે કૃપાનિધે ! હું તો તમારા આધીન હતો. મને મૂકીને તમો ક્યાં ગયા ? એમ બોલતાં બોલતાં અત્યંત વિલાપ કરવા લાગ્યા. (૪૫)

હે હરે ! રામના વિયોગથી ભરતજીને જેમ અત્યંત દુઃખ થયું હતું, તે પ્રમાણે મને પણ તમારા વિયોગથી પીડા થાય છે. માટે હું શું કરું ? (૪૬)

હે હરે ! પ્રથમ તો જે સમયે મારી સોંપણી પિતાજીએ તમને કરી કહ્યું “હે હરે ! તમો ઈચ્છારામનું પાલન કરો.” તે સમયે તો મને ખાત્રી હતી કે તમો મારું પરિપાલન કરશો. હું સર્વદા તમને જ અનુસરેલો છું. માટે મારો ત્યાગ કરવો તે તમારે માટે યોગ્ય નથી. (૪૭)

હે હરે ! તમારી હાજરીમાં જ પિતાજીએ અમોને તમારી આજ્ઞામાં રહેવાનું કહ્યું છે. હે ભગવન્! તમોએ ત્યાગ કરેલો હું હવે તમારી અનુવૃત્તિ કેવી રીતે પાલન કરીશ ? (પિતાનું વચન પાલન કરવા માટે પણ અમોને દર્શન આપો.) (૪૮)

તમારા દર્શન વિના પિતાના વચનનું પાલન કરવું તે અસંભવ છે. માટે મને પીડા થાય છે. તેથી હે દયાસાગર ! હે પીડાને નાશ કરનાર ! આ દુઃખનો નાશ કરવા માટે તમો અહીં પધારો. (૪૯)

હે હરે ! આ બ્રહ્માની સૃષ્ટિમાં તમારી સમાન દર્શનીય બીજો કોઈ નથી. તમારું શરીર જોઈને મને તમારા શરીર વિના બીજી વસ્તુ સુખકારી નથી લાગતી. તેથી જ મને તમારાં દર્શન આપો. (૫૦)

(આ પ્રકારે શ્રીહરિના શરીરના દર્શનની યાચના કરીને તેમની મૂર્તિમાં રહેલાં ચિન્હનું વર્ણન

છે.) ઉર્ધ્વરેખાઓથી શોભતું ચરણ યુગલ દયા કરીને બતાવો. મંગળમય ચિન્હો, સ્વસ્તિ, અષ્ટકોણ, જવ, જાંબુ, ધ્વજ, વજ્ર, ઉર્ધ્વરેખા, કમળ, અંકુશ, એ નવ ચિન્હ જમણા ચરણમાં છે. બીજા વ્યોમ, મીન, ત્રિકોણ ગોપદ, કળશ, અર્ધચંદ્ર, ધનુષ, એ સાત ચિન્હ ડાબા ચરણમાં છે. એવાં બંને ચરણકમળ કોમળ એટલે મૃદુ છે. અથવા ક-બ્રહ્મા, અ-વિષ્ણુ, ઉ-શંકર. તે 'કૌ' કહેવાય. તે ચરણની ઉપાસના કરતા તેમને "मलते" ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ કાર્યમાં જોડે છે. તે કોમળ કહેવાય છે. (ચરણની ઉપાસના કરીને બ્રહ્મા, વિષ્ણુ, શંકર તે સૃષ્ટિ કરવાના બળને પામ્યા છે, તેવું ચરણકમળ તે કોમળ કહેવાય છે. मल धारणे એ ધાતુથી अच् પ્રત્યય થતાં मलम्" એ રૂપ થાય છે. "को ब्रह्मादौ" એમ વિશ્વ કોષ છે. "अकारो वासुदेवः" એમ એકાક્ષરી કોષ છે. "उ सम्बुद्धौ रुषोक्तौ च शिववाचि त्वनव्ययमिति" એક કાર્ય સંગ્રહમાં હૈમ.) નખરૂપી ચંદ્રમાના કિરણોથી કાંતિવાળા સુંદર પદ વિન્યાસ જેનો છે એવું. (૫૧)

હે હરે પુષ્પની માફક કોમળ અતિ મંજુલ, અતિ શોભાયમાન ગોળ, જંઘા યુગલ, શ્રેષ્ઠ કેળ તથા હાથીની સૂંઢનો તિરસ્કાર કરનાર, સાથળ યુગ્મ મને બતાવો. (૫૨)

સિંહની કેડ્યને લજ્જા પમાડનાર ઉત્તમ કેડ્ય, ઉંડીનાભિ જેમાં છે એવું ત્રણ વળથી અંક્તિઉદર અને લાંબુ, પહોળું વૃક્ષઃસ્થળ તમે મને બતાવો, હે હરે ! સર્વના દેહની માફક શ્રેષ્ઠ કર યુગલ, શંખથી અતિ સુંદર કંઠ તથા શરદઋતુના ચંદ્ર તથા કમળને તિરસ્કાર કરનાર, દર્શનીય મુખારવિંદ મને બતાવો. (૫૩-૫૪)

હે હરે ! તમારું અતિરમણીય શ્રવણેન્દ્રિયનું યુગ્મ (બેકાન) તથા તિલના પુષ્પસમાન મંજુલનાસિકા, તથા કાળને ભય પમાડનારી ધનુષ્યના સમાન ભ્રકુટિ તમો દેખાડો. (૫૫)

હે હરે ! ડાબા કાનની અંદર સુંદર કાળા બિંદુનું ચિન્હ તથા જમણી નાસિકા અને કપોળના મધ્ય ભાગમાં રહેલું તલનું મંગળકારી દર્શનવાળું ચિન્હ અમોને તમો બતાવો. (૫૬)

હે હરે ! કમળનો તિરસ્કાર કરનારા તમારા બંને નેત્રકમળ, જીતી છે મોગરાની કળીઓ જેણે એવી દંતપંક્તિ, કોમળ સ્વભાવથી સુંદર કપોળ મંડળ, તથા વિશાળ અને શોભતું લલાટ મને બતાવો. (૫૭)

હે હરે ! સુંદરતાના મહા સમુદ્ર ! સુખને આપનારા તમારા દર્શન વિના મારા પ્રાણ દેહમાંથી નીકળવા માટે ઉતાવળ કરે છે. તેથી તમો તમારાં દર્શન આપો. (૫૮)

જોવા માત્રથી જ તાપને હરનારા, સમગ્ર જનોને સંપ્રાર્થનીય, તમારા વિના સમગ્ર અર્થોથી રહિત ઘણું દુઃખ જેમાં છે એવા અમારા જીવિતને પણ ધિક્કાર છે. (૫૯)

હે પ્રભો ! દયાનિધે ! તમારા આધીન એવા અમારો ત્યાગ કરીને અતિ ઉતાવળા વનમાં કેમ ગયા ? આવું કરવું તમોને યોગ્ય નથી. (૬૦)

સંબંધના સ્વાર્થને લઈને કદાચિત્ કોઈ અપરાધ અમારાથી થયો હોય તેથી અમારો ત્યાગ કર્યો હોય તો ભલે, પરંતુ તમારે વિષે જ એક અનુરાગવાળા બાળકોએ શો અપરાધ કર્યો ? જેનાથી તમોએ એમનો પણ ત્યાગ કર્યો. (જો તમો કહેતા હો કે વિનોદને માટે એમ કર્યું છે, તો હવે તમોને બોલાવનાર એ બાળકોને

દર્શન આપો એ કહે છે.) હે હરે ! તમારે વિષે અત્યંત સ્નેહવાળા આ બાળકો તમોને સારી રીતે બોલાવે છે માટે હે અખિલદીન વત્સલ ! તમો કૃપા કરીને તત્કાળ આવીને એમને દર્શન આપો. (૬૧)

(તમારી આગળ હું બાળક છું. છતાં જાણે વડીલપણાના ભાવવાળા શબ્દો હું કહું છું એમ જો કહેતા હો તો હું તેમ કહેતો નથી. પરંતુ તમારા મિત્રો મારાથી ઘણી જ મોટી ઉંમરવાળા તમારી સાથે રમત રમનારાઓને જ્યારે આ પ્રકારની તમારી વિરહની વેદના છે, ત્યારે હું તમારી અને એ બાળકોની સાથે રમવા યોગ્ય અત્યંત નાનો બાળક છું, અને તમારે વિષે જ એક પ્રીતિવાળો છું. તમારા વિના મારું જીવન કેવું જશે ? એ કહે છે.) હે હરે ! તમારા વિના આ સમયે આ લોકમાં વિપત્તિઓના સ્થાનભૂત મારું જીવન કેમ રહેશે ? અર્થાત્ નહીં જ રહે; તેથી હે પ્રિય ! જ્યાં તમો ગયા હો ત્યાં જ દયા કરીને મને લઈ જાઓ. (૬૨)

(તમોને રમાડનાર તથા તમારું હિત કરનાર મોટાભાઈ ઘેર છે. હવે મારું શું કામ છે ? એમ તમો કહેતા હો તો કહું છું.) હે હરે ! તમારા વિના આલોકમાં ક્ષણ માત્ર પણ મારું જીવવું યોગ્ય નથી. (તેમાં કોણ કારણ છે. એમ કહેતા હો તો કહું છું.) હે દયાનિધે ! મારું દુઃખ હું કોની આગળ કરીશ ? એ તમો જ કહો. (આ ગૂઢ અભિપ્રાય છે. સ્વાભાવિક દયાળુપણાથી અને માતા પિતાની આજ્ઞાથી, બાલ્ય ભાવથી, મારી કોઈ ક્રિયામાં આપને દોષ આવ્યો હોય તો તમો હે નાનાભાઈ ! હે ભાઈ ! વગેરે સંબોધનોથી આવું ન કરવું, એમ ધીમે ધીમે સ્નેહપૂર્વક, મંદ હાસ્યે સહિત, સારી રીતે ઉપદેશના વચન કહેતા હતા. મોટાભાઈની ક્રૂર પ્રકૃતિ હોવાથી સ્વાભાવિક રીતે મારે છે અને કાંઈ અપરાધ થયો હોય તો અતિશય મારે છે, એ વાત તમો ઘેર હતા ત્યારે હું તમોને કહેતો હતો. હું રડતો ત્યારે તમો મને કેડમાં લઈને શાંતિ પમાડતા હતા. હાલમાં હું કોની આગળ નિવેદન કરું ? (માટે તમારા વિના મારું જીવન યોગ્ય નથી.) (૬૩)

(વળી આ અવસર તો તમારા વિરહથી હૃદયને ભેદી નાંખનારો આવ્યો છે. તો પણ હૃદય નથી ભેદાતું તે તો પરમ આશ્ચર્ય છે) જનોના મન તથા નેત્રોને આનંદ કરનારું તમારા શરીરનું દર્શન ન થવા છતાં પણ મારું હૃદય ભાંગી નથી જતું, તેથી બ્રહ્માએ એ વજ્રથી રચેલું છે કે શું ? (૬૪)

હે હરે ! ક્ષણ માત્રમાં ચલાયમાન હૃદયવાળા તમો, તમારી અનુવૃત્તિ પાળનારો તેમાં પણ ગરીબ મને, કમળ સમુદાયને જળ સમુદાય જેમ જીવન છે તેમ મારું જીવન તમે હોવા છતાં ત્યાગ કરીને, હે હરે ! આ સમયે કેમ ગયા ? (૬૫)

હે હરે ! મેં તમારું કંઈ અશુભ નથી કર્યું. તમોએ પણ મારી વિરુદ્ધ કંઈ કર્યું નથી. તેથી સમગ્ર પીડાઓને નાશ કરનારું તમારું દર્શન તમો કેમ નથી આપતા ? (૬૬)

(આવી રીતે શ્રીહરિના નાનાભાઈના કરુણ આક્રંદનું વર્ણન કરીને તેમના મોટાભાઈ રામપ્રતાપના પત્નીનું રુદનનું વર્ણન કહે છે.) પોતાના કપાળમાં પલ્લવરૂપી બંને હાથ મૂકી પોતાના દિયરના વિયોગથી

પીડાવાળા શ્રીહરિના મોટાભાઈનાં પત્ની, પોતે કરેલા વિલાપને સાંભળનારા લોકોને પણ પોતાના વિલાપથી સમાન દુઃખવાળા કરતા હોય ને શું ? પોતાનાં બચ્ચાનાં વિયોગથી આકુળ થઈ ગયેલી ટીંટોડીની જેમ વિલાપ કરતાં હતાં. (૬૭)

અત્યંત વૈર ભાવથી રાહુ, ગ્રસાયમાન ચંદ્ર મંડળને જેમ વિપત્તિ કરનારો છે, એમ શ્રીહરિના વિયોગથી, રાહુથી ગ્રસિત ચંદ્રના જેવા કાંતિ રહિત મુખને ધારણ કરતા. (૬૮)

શ્રીહરિના સદ્‌ગુણો તથા પ્રિય વાક્યોના સ્મરણથી ઉત્પન્ન થયેલી વેદના જેને છે એવા, અને દેહના ભાનથી રહિત, સુવાસિની વાયુથી હણાયેલા કેળની જેમ પૃથ્વી ઉપર પડી ગયાં. (૬૯)

(મૂર્છાવશ બની પૃથ્વી ઉપર પડીને મૂર્છા વળી એટલે ઊભા થયા ત્યારે કહે છે) આ પુરમાં યોગિજનોએ સંન્યાસ યોગમાં રહેનારા ગોસ્વામી તથા અતીત વગેરે તપસ્વીઓએ, શરીરમાં ભસ્મ વગેરે લગાવીને રહેનારા તપોનિષ્ઠ વેરાગી ખાખી વગેરેએ, મારા પ્રાણપ્રિય હરિ સંતાડેલા નહીં રહી શકે. કારણ કે સુંદર ચિન્હો ઉર્ધ્વ રેખા, સ્વસ્તિક વગેરેથી સમગ્ર પુરુષોથી વિલક્ષણ, મારા દિયરને હું ઓળખીશ. માટે સંતાડેલા હોય તો લાજપૂર્વક આપો. આ બ્રહ્માંડમાં બ્રહ્માદિક દેવતાઓએ પણ સંતાડેલા હોય તો પણ સમગ્ર જનોથી અતિવિલક્ષણ શ્રીહરિને, જેમનાં ચરણ કમળમાં ઉર્ધ્વરેખા વગેરે સુંદર ચિન્હો છે, તથી હું ઓળખી કાઢીશ. (હે બ્રહ્માદિક દેવતાઓ ! તમોએ મારા પ્રાણપ્રિયને કદાચ રમૂજ માટે સંતાડેલા હોય તો તેમને લાવીને મને આપો. જો તમો નહીં આપો તો શ્રીહરિની પ્રસન્નતાથી સમગ્ર લોકની ગતિને હું પામેલી છું તેથી તમે જ્યાં તેમને મૂક્યા હશે ત્યાંથી, તેમના ચિન્હોથી, હું તેમને ખોળી કાઢીશ ત્યારે તમારો પ્રયાસ વ્યર્થ જશે. અને લાજ પણ જશે, અને તમો ચોરીનું કામ કરો છો એવો અપવાદ પણ તમારે માથે આવશે. મને પણ પરિશ્રમ પડશે. માટે સુખપૂર્વક પાછા આપો. (૭૦)

હે કરુણારહિત ! હે વિધે ! શ્રીહરિના દર્શનરૂપી સમુદ્ર, તેમાં નિમગ્ન થયેલા અમોને તમોએ, બહાર કાઢ્યા. તેથી અમો અત્યંત દુઃખી થયા છીએ. (૭૧)

(આવી રીતે તમોને અત્યંત પ્રિય શ્રીહરિનો વિયોગ કરીને તમને દુઃખી કરવાથી મને કયો લાભ છે ? એમ કહેતા હો તો કહીએ છીએ. ઈર્ષાવાળા જનો કોઈને પણ અનર્થ કરે છે. તે કેવળ લાભને માટે નથી કરતા, પરંતુ સ્વભાવજન્ય ઈર્ષાથી જ કરે છે.) મારી સૃષ્ટિનું સમગ્ર સુંદરપણું જે રમણીય, શ્રીહરિના અવયવોમાં છે, તે મેં સ્રજ્યું છે. તે આ સ્ત્રીઓએ જોયું, એમ વિચાર કરીને તમો ઈર્ષાથી તે સહન ન કરી શક્યા. તેથી શ્રીહરિના અપહરણરૂપ અશુભ કર્મ તમોએ કર્યું. (૭૨)

(આ કર્મ જેવું તેવું નથી. પરંતુ અતિમોટું છે. એમ દૃષ્ટાંતથી કહે છે) હે વિધે ! જેમ આલોકમાં કોઈ ધૂર્તજન નિર્દોષ માણસ પાસેથી અમૃતથી ભરેલો કળશ ખૂંચવી લે, અને તેને ઝેરનું પાત્ર અર્પણ કરે, તેવી જ રીતે તમોએ અમોને દુઃખ આપ્યું છે. (અમૃત કળશરૂપી શ્રીહરિને અમારાથી ઝૂંટવીને આ દુઃખરૂપી ઝેરનું પાત્ર તમોએ આપ્યું.) (૭૩)

(શ્રીહરિનો તમારાથી વિયોગ કરીને તમોને મેં શું દુઃખ આપ્યું ? તે તો મને કહો. એમ કહેતા

હો તો કહીએ છીએ. આંખોના અપહરણથી આંધળા કર્યા એથી બીજું કયું દુઃખ ?) સર્વ લોકોમાં પ્રિય આ શ્રીહરિને અત્યંત દૂર તમો લઈ ગયા. તેથી અતિદુઃખથી વ્યાપ્ત ચિત્તવાળા અમોને તમો ચક્ષુ વિનાના કરો છો. (અમારે તો શ્રીહરિરૂપી એક નેત્ર હોવાથી તેવું તમોએ કર્યું છે.) (૭૪)

હે વિધાતા ! તમો અત્યંત મૂર્ખ છો, તમોને દયા નથી. જેથી પ્રાણીઓને સ્નેહ કરાવીને સ્નેહાસ્પદ જનથી વિયોગ કરાવો છે. તેથી તમો અમારા શત્રુ છો. (૭૫)

(નનુ-પ્રાણીઓને તેવા આચરણથી તેમનું મારે વિષે શત્રુપણું ભલે રહે. તેમાં તમારે શું ? ત્યાં કહે છે કે,) હે વિધે ! સુંદર, દર્શનીય, મારા દીયરને હરિગયા છો, આવી તમારી ચેષ્ટા અયોગ્ય છે. તેથી શ્રીહરિને સ્મરણ કરનાર, અમારા તમો શત્રુ છો. (૭૬)

હે દયારહિત ! મને અત્યંત પ્રિય શ્રીહરિને તમોએ મારા નેત્રથી દૂર કર્યા છે તેથી હે વિધે! તમોએ આ કર્મ અઘટિત કર્યું છે. (૭૭)

(આવો વિધિને ઠપકો આપીને હવે શ્રીહરિને ઉદ્દેશીને કહે છે) હે હરે ! પહેલાં તમારા દર્શનથી રાત્રિ દિવસ ક્ષણની માફક જતા હતા. હમણાં તમારા વિયોગથી અમોને રાત્રિ દિવસ યુગતુલ્ય લાગે છે, એ એક આશ્ચર્ય છે. (૭૮)

હે હરે ! તમે ક્યારેય પણ દુઃખ નથી જોયું. તેથી વનમાં ટાઢ તડકાથી ઉત્પન્ન થયેલી પીડા કેમ સહન કરશો ? સારા ભોજનો જમનારા તમો નિરંતર ફળ મૂળાદિ કેવી રીતે જમશો ? (૭૯)

તેથી હવે ઘેર આવીને તમો આ જમો. તમારે ભોજન કરવા માટે સમય થયો છે. તૃષા લાગી હોય તો આ જળપાન કરો. અને આ સુહૃદ વર્ગનો શોક નિવૃત્ત કરો. (૮૦)

(એવી રીતે ભાભીના વિલાપનું વર્ણન કરીને મામી સુંદરીનું આક્રંદ વર્ણવે છે.) હે હરે ! તમારા વિયોગથી ઉત્પન્ન થયેલી પીડાને કેવી રીતે સહન કરી શકીશ ? એવી રીતે શ્રીહરિની મામી સુંદરી વિલાપ કરવા લાગી. (૮૧)

આ શોકરૂપી સમુદ્રમાં બૂડતી તેથી જ દુઃખવાળી મને, સમુદ્રમાં બૂડતી કોઈ સ્ત્રીને કોઈ નાવિક હોડી બતાવી ઉગારે છે, તેમ શોકને હરનારી તમારી મૂર્તિને તમો બતાવો. (૮૨)

(હવે વલ્લભાએ કરેલો વિલાપ કહે છે) હે દયા વર્જિત ! હે ભગવન્ ! વૈશ્યજાતિમાં ઉત્પન્ન થયેલી વલ્લભા નામની હું, તમારી માતા સમાન તમારે વિષે પ્રીતિવાળી છું, તમો મારો ત્યાગ કરીને ગયા છો તે તમોએ યોગ્ય કર્યું નથી. એમ શ્રીહરિના ગુણો સંભારતી અતિશય વિલાપ કરવા લાગી. (૮૩)

હે ઈશ ! ધરાનુંજળ સુકાઈ જવાથી પીડા પામતા પક્ષીઓ તથા માછલાઓના તાપને ઈન્દ્ર જળવૃષ્ટિથી જેમ શાંતિ પમાડે છે, તેમ તમો દયાદૃષ્ટિથી મારો વિરહાગ્નિનો તાપ શાંત કરો. (૮૪)

હે ભગવન્ હે હરે ! હે દયાસાગર ! હે મિત્ર ! તમારા મામાનો પુત્ર આ મંછારામ, ભૃગુ અને મને તમો યાદ કરો. મિત્રોની સાથે વિયોગ કરવો તે યોગ્ય નથી. (૮૫)

હે હરે ! સુંદર કોયલોના શબ્દો તથા ઘણાં વાજિંત્રોથી યુક્ત શ્રેષ્ઠ ગીતો પણ તમારા વિરહમાં, અમોને ઘણું દુઃખ ઉત્પન્ન કરે છે. માટે તત્કાળ પધારો. (૮૬)

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! આવી રીતે કરુણામય વિરહનો વિલાપ સાંભળીને શોકથી પીડા પામેલા પુરના બંધુજનો, અન્યજનો, પુરની સ્ત્રીઓ તથા કુટુંબની સ્ત્રીઓ રુદન કરવા લાગી. (૮૭)

શ્રી હરિના સ્વરૂપમાં આસક્ત મનવાળા પુરના જનો, તેમના બંધુઓ, આ પ્રમાણે વિલાપ કરીને મૂર્છાવશ થઈ ગયા. મૂર્છા પામ્યા તેજ સમયે શ્રીહરિએ તેમને કલ્યાણકારી પોતાનાં દર્શન આપીને અને તેમને આશ્વાસન આપીને તેમનો વિરહાગ્નિ શાંત કર્યો. (૮૮)

પછી હે રાજન્ ! ભગવાન અંતર્ધાન થઈ ગયા. પછી તે સમગ્રજનો ભગવાનના રૂપ અને ગુણને સંભારતા અને હર્ષથી પરસ્પર બોલતા, શ્રીહરિમાં અત્યંત આસક્તિવાળા હોવાથી દુઃખથી દિવસો કાઢવા લાગ્યા. (૮૯)

ઈતિશ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્યે વિરચિત શ્રીહરિલીલા કલ્પતરુ શ્રી ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી હરિના વિરહથી શ્રીહરિના બંધુજનોનો વિલાપ નિરૂપણ નામે છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૬)



અધ્યાય ૩૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ધર્મના પુત્ર શ્રીહરિ, સ્વયં પુરુષોત્તમ, સરયૂનદી ઉતરીને ઉત્તર દિશામાં ગયા. (૧)

શ્રીહરિ ઉતાવળી ગતિથી ચાલતા બે ગાઉ ચાલ્યા પછી પોતાને પ્રિય નિર્જન સ્થાનમાં પહોંચ્યા અને હર્ષ પામ્યા. (૨)

ત્યાં તળાવને કાંઠે વડની નીચે બેસીને, શ્રીહરિ પોતાનો ગૃહત્યાગ નિર્વિઘ્ન અને કોઈએ દેખ્યો નથી તેવો છે, એમ માનતા હતા. (૩)

તે સમયે પોતાના ગણોએ સહિત બ્રહ્માદિ દેવેન્દ્રો, હિમાલયાદિ પર્વતો તથા નારદાદિ ઋષિઓ. (૪)

પુષ્કરાદિ તીર્થો તથા ગંગાદિ નદીઓ, શ્રીહરિને પોતાના સ્થાનથી જનોના હિતને માટે નિકળેલા જાણી, શ્રીહરિ બેઠા છે ત્યાં આવ્યા. (૫)

શ્રીહરિને પૃથ્વીમાંથી અધર્મને મૂળમાંથી ઉખેડી નાંખવા અને ધર્મનું તથા સાધુઓનું રક્ષણ કરવા માટે ઉદ્યમ કરતા જાણીને, તે સર્વે આવ્યા. (૬)

પછી પુષ્કરાદિ તીર્થો, ગંગાદિ નદીઓ, બ્રહ્માદિક દેવેન્દ્રોએ સહિત, નારદાદિક ઋષિગણો તથા હિમાચલાદિ પર્વતો, નૈષ્ઠિક બ્રહ્મચર્ય, વેશધારી, મનોહર ધર્મપુત્ર પુરુષોત્તમ શ્રીહરિના હે રાજન્ ! હર્ષપૂર્વક

દર્શન કરતા હતા. (૭)

સુખકારી દર્શન જેમના છે તથા દિવ્ય કાંતિના વિશાળ મંડળથી શોભાયમાન શરીરવાળા, પોતાના સુખમાં જ એક પ્રીતિવાળા, આ લોકમાં ધારણ કર્યો છે દેહ જેમણે, એવા જાણે સાક્ષાત્ બ્રહ્મચર્યવ્રત હોયને શું ? એમ જાણતા હતા. (૮)

જનોના શિક્ષણ માટે પૃથ્વીમાં મુમુક્ષુઓએ કરવા યોગ્ય શુભ ક્રિયાને કરનારા, (તેવી રીતે ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે) **''यदि ह्यहं न वर्तेय जातु कर्मण्यतन्द्रितः''** ઈત્યાદિથી શ્રીમદ્‌ભાગવતમાં **''तच्छिक्षयँल्लोकमिममास्थितः पुत्र मा खिदेति च''** સર્વથી પર અત્યંત દૂર અક્ષર, તે થકી પણ પર સુજ્ઞજનોએ સ્મરણીય છે. પાદારવિંદ જેમનાં એવાં. (૯)

જળ સહિત નવીન મેઘ તેની માફક શોભાયમાન, શરીરમાં ઉત્તમ કાળીયાર મૃગના અજીનને ધારણ કરતા, એક હાથમાં કમંડલુ અને બીજા હાથમાં સુંદર પલાશનો દંડ ધારણ કરતા. (૧૦)

અત્યુત્તમ શોભાયમાન કંઠમાં સૂક્ષ્મમણીકાથી કરેલી તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરતા, શોભાયમાન ખભાને વિષે નાની મનોહર પુસ્તિકાને ધારણ કરતા, દૃષ્ટિથી જ જે ધર્મના કુળનો અભ્યુદય કરે છે, તે શમદમાદિક જે સદ્‌ગુણોરૂપી ભૂષણોવાળા, બીજાઓને સુખ થાય તેવો ઉપદેશ આપવામાં વિચક્ષણ, જનોના હિતમાં પ્રયત્નવાળા માયાના અંજને રહિત. (૧૨)

શ્રીહરિને પહેરવાના સફેદ સુંદરવસ્ત્રથી ઢંકાએલ, દેવગંગાના જળના ફીણ તેની માફક શોભતા ગજરાજના હાથ (સૂંઢ) ને તિરસ્કાર કરવા શ્રીહરિના સાથળોનું જોડલું અત્યંત શોભતું હતું. (૧૩)

ત્રણ સરી મેખલા જેમાં છે એવો શ્રીહરિનો કટિતટ, શ્યામ મણીઓના સમુદાયોથી કાંતિવાળો, નવીન સુવર્ણની ત્રણ લત્તાઓથી મળેલો, પર્વતના કાંઠાની માફક અત્યંત શોભતો હતો. (૧૪)

શરદ્‌ઋતુનો જે ચંદ્રમાં તેની કાંતિ સમાન જેમની સુંદર કાંતિ છે, ડાબા ખભા ઉપર શોભતું ઉપવીત (બ્રહ્મસૂત્ર) કાળા પર્વતના કાંઠા ઉપરથી જેમ વાંકુ પડતું જળ શોભે, તેમ શોભવા લાગ્યું. (૧૫)

સુવર્ણની માફક ચળકતા વર્ણવાળી જટારૂપી મુગુટને ધારણ કરનારા જે શ્રીહરિ, નવીન જળને ધારણ કરનાર મેઘ, વીજળીઓના મંડળોથી વીંટાયેલા (ઉંચા પ્રસરતા કિરણોના સમુદાયવાળી વીજળીથી વ્યાપ્ત) જેમ શોભે, તેમ અત્યંત શોભતા હતા. (૧૬)

બ્રહ્માદિ દેવતાઓ વિનયપૂર્વક હાથ જોડીને પ્રસન્ન થઈને સમગ્ર સદ્‌ગુણોના સમુદ્ર પરમેશ્વર, પૂર્વોક્ત સકલોપમાં વિશિષ્ટ પુરુષોત્તમ, સકળ જગત પ્રસિદ્ધ શ્રીહરિને પ્રણામ કરીને કહેવા લાગ્યા. (૧૭)

બ્રહ્માદિ દેવો બોલ્યા :- પુરુષોત્તમ ! તમો અવનિમાં તમારી ઈચ્છાથી મનુષ્યાકૃતિ ધારણ કરી છે. છતાં પણ ઈશ્વરના ઈશ્વર છો. (પરમેશ્વર હોય તો પૃથ્વી ઉપર કેમ પ્રગટ થાય ?) અધર્મી ગુરુ તથા રાજાઓથી ધર્મ અને સાધુઓનું રક્ષણ કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે દયાથી જ પૃથ્વી ઉપર પ્રગટ થયા છો, એમ જાણીએ છીએ. (૧૮)

હે પ્રભો ! તમો આ પૃથ્વીમાં કેવળ તમારા થકી જ જે સિદ્ધ થાય છે તે એકાંતિક ધર્મની સ્થાપનાના હેતુને તમો સિદ્ધ કરવા માટે, તેમ જ જનસમુદાયની મુક્તિ માટે, તમારા ઘેરથી હમણાં નીકળેલા છો. (૧૯)

તમારા ચરણોની જે સુંદર ગતિ તેથી પૃથ્વી સુખ પામશે. તેવી રીતે સ્વર્ગ, સમગ્ર દુઃખોનું છેદન જેનાથી છે એવા, તમારા દર્શનથી સુખ પામશે. અમો હાલમાં તમારા દર્શનથી સુખી થયા છીએ. (૨૦)

હે હરે ! દુર્વાસાના શાપથી ઉત્પન્ન થયેલા મરિચ્યાદિ મુનિઓ તમારા સહવાસથી પરમ સુખીયા થશે. તમારા યોગથી પર્વતો પણ નિશ્ચય સુખ પામશે, તથા બ્રાહ્મણના સમુદાયો તમારા પૂજનથી સુખીયા થઈ જશે. (૨૧)

હે પુણ્ય કીર્તે ! તીર્થોને કરનારા સમગ્ર પાપોને તત્કાળ નાશ કરનારા, તેથી જ કલ્યાણકારી ત્રિવિધ તાપને નાશ કરનારા, પુરુષોત્તમ એવા તમો, તે તમારા ચરણનો સ્પર્શ પામીને, પૃથ્વીમાં પાપી જનોના સ્પર્શથી પ્રાપ્ત થયેલાં અતિ દુસ્તર એવા પાપ કર્મોને નાશ કરશો જ. (૨૨)

હે ભગવન્ ! તમો આત્માઓના અંતર્યામી અને તેનાથી જુદા આત્મ તંત્ર છો. અતિ દિવ્ય સ્ફુરાયમાન એવા અવયવો હાથ, પગ, મુખ વગેરેથી નિત્યયુક્ત બ્રહ્મરૂપ મુક્તોએ ભક્તિપૂર્વક સેવાયેલા, મુક્તોને પરમ સુખ આપનારા, તમો અચળ, દિવ્ય, તમારા અક્ષરધામમાં હંમેશા રહો છો. (૨૩)

વળી તમારાથી પર બીજો પરમાત્મા નથી. તેમજ દેહીઓના કલ્યાણ માટે પરમકૃપાથી પૃથ્વીમાં સર્વાવતારોને ધારણ કરતા, ઈશ્વરોના અધીશ અક્ષરથી અત્યંત પર, સર્વ શ્રેષ્ઠ, મુનિગણોએ તથા ઉપનિષદોએ તમોને સર્વ કારણોના કારણ વર્ણવ્યા છે. (૨૪)

હે હરે ! તમો કરુણાના મહાસાગર છો. પૃથ્વીમાં તમારા આશ્રિતજનસમુદાયોની મુક્તિ કરવા માટે તમો અવતરેલા છો. હે પ્રભો ! આ પૃથ્વી ઉપર અતિકૃચ્છ્રાદિ મહા તપ કરીને, તમારા ભક્તજનોને તમો સુખીયા કરશો. (૨૫)

હે ભૂમન્ ! સમગ્ર પ્રાણીઓને સુખ કરનારા, ધર્મ સર્ગનું રક્ષણ કરવા માટે, એક તમો જ સમર્થ છો. તેથી દુઃખથી પણ નાશ ન થઈ શકે એવા સમગ્ર પૃથ્વીના ભારનો નાશ કરો. હે હરે ! તમોને અમો નમસ્કાર કરીએ છીએ. (૨૬)

શ્રી શુકાનંદ સ્વામી કહે છે :- બ્રહ્માદિ દેવતાઓ આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરી તથા અતિ સુંદર ચંદન પુષ્પોથી પૂજા કરી. હવે ધર્મના પુત્ર શ્રીહરિને ભૂખ લાગી હશે. એમ જાણીને, તેમને વિવિધ પ્રકારનાં મધુર ફળો આપ્યાં અને તેમની સન્મુખ હાથ જોડીને ઊભા રહ્યા. (૨૭)

પછી મનુષ્ય નાટ્ય કરતા શ્રીહરિ, સુધાથી અતિ મધુર વાણી વડે દેવતાઓને સંતોષ પમાડીને, પોતાના સ્થાન પ્રત્યે જવા માટે આજ્ઞા આપી. ત્યારબાદ બ્રહ્માદિ દેવતાઓ, શ્રીહરિનો અભિપ્રાય જાણતા હોવાથી, તેમને નમસ્કાર કરીને પોતાના ધામમાં ગયા. (૨૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્યવિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિની બ્રહ્માદિક દેવતાઓએ કરેલી સ્તુતિનું નિરૂપણ નામે સાડત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૭)



અધ્યાય ૩૮ મો

શ્રી શુકમુનિ કહે છે :- તીવ્ર વૈરાગ્યવાળા, નૈષ્ઠિક બ્રહ્મચારીઓની સ્થિતિ, પોતાના આચરણથી બતાવવા માટે, શ્રીહરિ સ્નાન કરીને સાયંકાળનો સર્વ વિધિ કરવા લાગ્યા. (૧)

શ્રી હરિ બ્રહ્માદિની પ્રીતિ માટે, રુચિ પ્રમાણે ફળો જમીને રાત્રિ ત્યાં રહ્યા ને પ્રાતઃકાળમા આન્હિકવિધિ કરીને ઉત્તર દિશા તરફ ચાલ્યા. (૨)

હે રાજન્ ! પછી ખેંચેલા ધનુષમાંથી છૂટેલું બાણ જે ગતિએ જાય, તેમ શ્રીહરિ માર્ગમાં ગતિ કરતા પુર, ગ્રામ તથા ગોષ્ઠ, ખળાં વગેરેને ઉલ્લંઘન કરતા હતા. (૩)

વન, પર્વત, સરિતાદિમાં રહેવું જેમને પ્રિય છે, અને માયિક શબ્દાદિ વિષયોમાં જેમને અરુચિ છે, તે નિર્ભય, વ્યાપક, શ્રીહરિ ચાલતા ચાલતા નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવ્યા. (૪)

હે રાજન્ ! ત્યારબાદ ભગવાન શ્રીહરિ નૈમિષારણ્ય ક્ષેત્રના નિવાસી મહર્ષિઓને, કે જેમણે ઘણા કાળપર્યંત તપ કર્યું છે, તેના ફલસ્વરૂપે પવિત્ર કરનારું પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યું. (૫)

તે ઋષિઓ, બ્રહ્મચર્યથી દેદીપ્યમાન, અતિમહાન્, પ્રતાપી શ્રીહરિ જાણે મૂર્તિમાન તપ હોય ને શું ? એમ શ્રીહરિને જોઈને પ્રસન્ન થઈને હર્ષપૂર્વક તેમને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા. (૩૬)

પછી ઋષિઓ વિવિધ પ્રકારના ફળોથી પરમાત્મા શ્રીહરિનું આતિથ્ય સત્કાર યથાયોગ્ય, પરમપ્રીતિપૂર્વક કરતા હતા. (૭)

હે રાજન્ ! ત્યારબાદ દયાસાગર નીલકંઠવર્ણીએ, પોતાનાં દર્શનથી તે સર્વેને આનંદ પમાડી, રાત્રિ ત્યાં ગાળી. (૮)

પ્રાતઃકાળમાં શ્રીહરિને તે મહર્ષિઓએ વળાવ્યા. શ્રીહરિ તે સ્થાનથી નીકળી માર્ગમાં એકાકી ચાલતા હરિદ્વાર તીર્થમાં આવ્યા. (૯)

પછી તીર્થરૂપ કીર્તિવાળા શ્રીહરિ હરિદ્વારમાં ગંગામાં સ્નાન કર્યું. પછી શ્રીહરિના પ્રવેશ અને ગમનથી ''હરિદ્વાર''નું નામ સાર્થક કરતા શ્રીહરિ, ત્યાંથી ચાલતા કેદારેશ્વર નામના શિવના સ્થાનમાં આવ્યા. (૧૦)

હે રાજન્ ! પછી કેદારેશ્વરથી પ્રસ્થાન કરતા નિર્ભયરીતે વિચરણ કરતા શ્રીહરિ, ગુપ્ત પ્રયાગ નામના તીર્થમાં ગયા. ત્યાંથી ગોમઠ નામના ક્ષેત્રમાં આવ્યા. (૧૧)

ગોમઠ તીર્થમાં ફરતા જનોને પોતાના દર્શનથી સંસારરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરતા પુણ્યદર્શનવાળા શ્રીહરિ બદરીનાથ ક્ષેત્રમાં આવ્યા. (૧૨)

બદરીનાથ ક્ષેત્રમાં બ્રહ્મહત્યાદિ મહાપાપોને નાશ કરનારી સાક્ષાત્ વિષ્ણુપદીગંગા વહે છે ત્યાં નારદકુંડ નામનું તીર્થ છે, તથા શુભ તપ્તકુંડ નામનું તીર્થ છે. (૧૩)

જ્યાં ઉર્વશી સંગમ નામનું તીર્થ છે, તથા નારદી, વૈનતેયી, વારાહી, નારસિંહ, નરનારાયણીય નામની પ્રસિદ્ધ પંચશીલાઓ છે. બીજાં ઘણાં પુણ્યતીર્થો પણ છે. (અગ્નિતીર્થ, કપાલમોચન તીર્થ, તૌમંગલ તીર્થ, ઈન્દ્રપદ તીર્થ, માનસોદ્ભેદક તીર્થ, કામતીર્થ, વસુધારાતીર્થ, પંચધારાતીર્થ, સોમકંડાયન તીર્થ, દ્વાદશાદિત્યતીર્થ, ચતુઃસ્રોતસ્તીર્થ, એ આદિ ઘણાં તીર્થો છે. ''નારદીયોત્તરે'' મોહિની અને વસુના સંવાદથી જાણવાં. (૧૪)

શ્રીહરિ, બદરીનાથ ક્ષેત્રમાં, પોતાને અનુકૂળ સ્થાનમાં, નિવાસ કરીને ગંગામાં સ્નાન કરીને, પોતાનો સર્વ નિત્ય વિધિ કર્યો. (૧૫)

પછી હે મહિપતે ! શ્રીહરિએ લોકોને ભક્તિનું શિક્ષણ આપવા માટે નારાયણ ઋષિની શોભાયમાન પ્રતિમાના દર્શન કર્યાં. (૧૬) દયાનિધિ શ્રીહરિ લોકોને શિક્ષણ આપવા માટે ધર્મશાસ્રને અનુસરીને તીર્થવિધિ કરીને ત્યાં રહ્યા. (૧૭) શ્રીહરિના આગમનથી આનંદિત થયેલા મનવાળા, મૂર્તિમાન નરેસહિત બદરીનાથ શ્રીહરિના સમીપમાં આવ્યા. (૧૮)

શ્રીહરિએ સન્માન કરેલા નરેસહિત બદરીનાથ શ્રીહરિને શ્રેષ્ઠ આસન ઉપર બેસાડીને, પૂજા કરતા શ્રીહરિ પ્રત્યે અમૃત સમાન વચન બોલ્યા. (૧૯)

બદરીનાથ કહે છે : હે ભૂમન્ ! હાલમાં તમે ભલે પધાર્યા. હે હરે ! અક્ષરમુક્તોના સમુદાયોએ સેવાયેલા અહીં તમો પધાર્યા તેથી મને ઘણો હર્ષ થયો. (૨૦)

હે હરે ! દિવ્ય બ્રહ્મપુરના અધિપતિ, સર્વ કારણના કારણ, અક્ષરથી પર, સાક્ષાત્ પુરુષોત્તમ તમો જ છો. (૨૧) દુર્વાસાના શાપને નિમિત્ત કરીને તથા મને ઉદ્દેશીને (દુર્વાસાના શાપથી આ નારાયણ થયા છે. આ પ્રકારે મારો ઉદ્દેશ્ય કરીને) અનંત જીવોની આત્યાંતિકી મુક્તિને માટે તમો આવિર્ભાવ પામ્યા છો. (૨૨)

હે દુઃખોનો નાશ કરનાર ! ક્ષરાક્ષરથી પર, નૈષ્ઠિક વ્રત ધારણ કરનાર, તીર્થોને તીર્થ સ્વરૂપ કરતા આપ આ પૃથ્વીમાં વિચરણ કરો છો. (૨૩) સર્વ અવતારોના કારણ, અનુપમ સ્વરૂપવાળા, તમારાં દર્શન તપ કરનારાઓને પણ દુર્લભ જ છે. (૨૪)

હે હરે ! પૃથ્વીમાં હજારો ત્યાગીઓ તમારા આશ્રયથી હંમેશા અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય નિશ્ચય પાલન કરશે. (૨૫)

હે હરે ! અતિ ઘોર એવા આ કલિયુગને વિષે પણ તમારા આશ્રિતો કરોડો ગૃહસ્થો યથોચિત

બ્રહ્મચર્ય (સર્વ પ્રકારે પરસ્ત્રીના સંગનો ત્યાગ કરવારૂપ બ્રહ્મચર્યવ્રત, આત્યાંતિક બ્રહ્મચર્યપાલન, ત્રણ આશ્રમમાં રહેનારાઓ માટે આવશ્યક કહ્યું છે. તે પોતાની સ્ત્રી સાથે શાસ્ત્ર નિયમથી રહે તે ગૃહસ્થાશ્રમી બ્રહ્મચારી છે, એમ સ્મૃતિમાં કહ્યું છે. ગૃહસ્થોને પરસ્ત્રીનો ત્યાગ એ બ્રહ્મચર્ય કહ્યું છે, એમ જાણવું) ને પાલન કરશે. (૨૬-૨૭)

ઋષીન્દ્રો તથા દેવેશો ને પણ બ્રહ્મચર્ય પાલન દુષ્કર છે તે તમો તમારા પ્રતાપથી આ ભૂમિમાં પ્રવર્તાવશો. (૨૮)

ત્યારે બૃહદ્વ્રતપ્રિય જેને છે એવો હું, અત્યંત સંતોષ પામીશ. મેં તો મારા આશ્રમમાંજ આ બ્રહ્મચર્યવ્રત પ્રવર્તાયેલું છે. (૨૯)

હે હરે ! તમો કૃપાથી તેમજ પોતાના દર્શન માત્રથી, તત્કાળ જન સમુદાયોને સમાધિ કરાવીને સમાધિમાં તેમને તમારા ગોલોકાદિ ધામો બતાવશો. (૩૦)

તે ધામોમાં રહેલી દિવ્ય મનોહર સુંદર, તમારી મૂર્તિઓ તેમને બતાવશો. ત્યાં દિવ્ય ઐશ્વર્યો, દિવ્ય પાર્ષદો વગેરે બતાવશો. (૩૧)

હે હરે ! સમાધિવાળા ભક્તો સર્વ બ્રહ્માંડોમાં તથા બ્રહ્માંડોથી બહાર પણ જવા માટે આવરણોએ રહિત થઈ, તમારા પ્રતાપથી સમર્થ થશે. અથવા તે ભક્તોનો સર્વ બ્રહ્માંડોમાં, તેમજ બ્રહ્માંડોથી બહાર, જવા માટે પણ તમારા પ્રતાપથી આવરણ રહિત થશે. (૩૨)

હે હરે ! પૂર્વે કોઈ પણ તમારા અવતારે જે ઐશ્વર્ય બતાવ્યું નથી એવા પ્રકારનું તમારું ઐશ્વર્ય તમો મનુષ્યોને બતાવશો. (૩૩)

હે હરે ! તમો પોતાના આશ્રિત ઘણા ભક્તોને સાધન વિના પણ અષ્ટાંગ યોગની સિદ્ધિ નિશ્ચય પમાડશો. (૩૪)

હે હરે ! તમારા ભક્તો, ઈન્દ્રાદિક દેવતાઓ પણ જેમનાથી રાંક બની ગયા છે તે કામ, ક્રોધ, રસ, માન અને સ્નેહાદિ ઘણા અંતઃશત્રુઓને નિશ્ચય જીતશે જ. (૩૫)

આ પ્રકારે તમો નિરંકુશ ઐશ્વર્યવાળા, અનુપમ તમારો વિવિધ શુભ પ્રતાપ આ પૃથ્વીમાં વિસ્તાર પમાડશો. (૩૬)

પોતાના ભક્તોના દેહાવસાનમાં યોગિદુર્લભ તમારા બ્રહ્મપુર ધામમાં ભક્તોને લઈ જવા માટે તમારા દિવ્યપાર્ષદોએ સહિત તમો નિશ્ચય આવશો. (૩૭)

આ પ્રકારે આત્યાંતિકી મુક્તિ ભક્તોની કરતા કરતા તમો તમારા સર્વ અવતારોથી પણ વિલક્ષણ તમારું ઐશ્વર્ય વિસ્તારશો. (૩૮)

હે હરે ! આ પૃથ્વીમાં તમો તમારા પ્રતાપથી જ બીજાઓએ પહેલાં નહિ સ્થાપન કરેલો આત્યાંતિક મોક્ષનો માર્ગ સ્થાપન કરશો. (૩૯)

હે હરે ! હજારો ત્યાગીઓ સાથે તમો પૃથ્વીમાં વિચરણ કરીને તમારા વિના બીજાઓએ હજારો ઉપાયોથી પણ ન જીતી શકાય એવા અસુર ગુરુઓને, તમારા પ્રતાપથી જીતશો. (૪૦)

હે હરે ! તમારા મોટા પ્રતાપથી પૃથ્વી ઉપરથી અધર્મ સર્વ પ્રકારે ઉખેડીને. તમો કાળે નાશ કરેલા એકાંતિક ધર્મને પૃથ્વી ઉપર સ્થાપન કરશો. (૪૧)

હે હરે ! આ ભારતવર્ષમાં મારી મૂર્તિ બદરીકેદારમાં જ છે, બીજે નથી. તેથી મારી મૂર્તિ તમો જ્યારે મંદિરો કરો ત્યારે સ્થાપન કરશો. (એથી પૃથ્વીમાં મોટાં મંદિરો સ્થાપન કરશો. એ પણ સૂચના કરી.) (૪૨)

આ પ્રકારે બદરીનાથનું વચન સાંભળીને, અત્યંત પ્રસન્ન થયેલા નીલકંઠ શ્રીહરિ મંદ હાસ્યથી શોભતા મુખારવિંદવાળા નારાયણ પ્રત્યે આ પ્રમાણે વચન બોલ્યા. (૪૩)

હે બદરીપતે ! હું પૃથ્વીમાં બે ઠેકાણે શ્રીનગરમાં તથા ભુજપુરમાં તમારી મૂર્તિનું સ્થાપન કરીશ. આવું શ્રીહરિનું વચન સાંભળીને બદરીનાથ ઘણા પ્રસન્ન થયા. (૪૪)

પછી નરે સહિત નારાયણ અત્યાનંદપૂર્વક શ્રેષ્ઠ ચંદનપુષ્પાદિ ઉપચારોથી શ્રીહરિને પૂજીને ત્યાંથી જવા માટે શ્રીહરિને પૂછીને હે રાજન્ ! તત્કાળ સ્થાન થકી અંતર્ધાન થયા. (૪૫)

પછી મહાયશસ્વી શ્રીહરિએ, બદરીકેદાર ક્ષેત્રમાં વસતા તીર્થયાત્રા કરવા માટે ત્યાં આવેલા વિદ્વાન બ્રાહ્મણોને, વેદશાસ્ત્રોના પ્રમાણોથી જીત્યા. (ફરીથી ક્યારેય પણ પોતના જનોની સાથે વાદ કરવા માટે સમર્થ ન થાય તેવી રીતે જીત્યા. વિદ્વાનોને જીતનારાને અવિદ્વાનોને જીતવામાં શું પ્રયાસ છે, એ શબ્દથી જ્ઞાપન કર્યું છે.) (૪૬)

હે રાજન્ ! અનુપમ પ્રતાપશાળી, સમગ્ર વિદ્યાઓની ઉત્પત્તિના કારણ (''**शास्त्रयोनित्वात्**'') એ સૂત્રના શ્રીભાષ્યમાં રામાનુજાચાર્યે વિસ્તાર કરેલો છે.) પરમેશ્વરે નાના નાના વાદમાં રાચતા સમગ્ર જનોના સમુદાયોને પણ શાસ્ત્ર પ્રમાણોથી જીત્યા. (૪૭)

મનિઓએ અનેક પ્રકારે સ્તુતિ કરેલા, ઉપનિષદોએ પણ સ્તુતિ કરેલા, શ્રીહરિનું અદ્વિતીય ઐશ્વર્ય જોઈને ઘણા મુમુક્ષુજનો સંસારના ભયને નાશ કરનારો શ્રીહરિનો જ આશ્રય કરતા હતા. (૪૮) આ પ્રકારે પોતાનો અતિ મહાન્ અદ્‌ભુત શ્રેષ્ઠ પ્રતાપ, બદરીકેદાર ક્ષેત્રમાં વિસ્તારતા ત્યાંના, સમગ્ર જનોએ અત્યંત માનેલા ઈશ્વરના ઈશ્વર શ્રીહરિ ત્યાં રહ્યા. (૪૯)

ત્યાં શ્રીહરિ જનસમુદાયોનો અનાદિ અવિદ્યારૂપી અંધકાર અમૃતસમાન શુભ ઉપદેશથી હરિને (દિનેશ્વરને) ગુફામાં લીન થયેલા અંધકાર, તેમાંથી બાકી રહેલા બહારના અંધકારને હરનારા, સૂર્યને લજ્જીત કર્યો, બાહ્ય અંધકારને સમગ્ર રીતે નાશ નહીં કરી શકતા સૂર્ય) શ્રીહરિ તો હૃદયની અંદર સૂર્યને રહેલું અનાદિ-અજ્ઞાનરૂપી અંધકાર પણ નાશ કરે છે. તેથી શ્રીહરિની આગળ હું કોણ ? એમ વિચાર કરીને લજ્જિત થઈ ગયો. (૫૦)

પોતાના ઉત્કૃષ્ટ સુખમાં પ્રીતિવાળા ઋષિવરો, સિદ્ધો તથા તપસ્વીઓથી સેવાયેલા શ્રીહરિ આવી રીતે બદરીનાથના આશ્રમમાં, ત્યાંના જનોને સુખ આપતા, કેટલાક દિવસો રહીને હે રાજન્ ! બદરીનાથના આશ્રમથી પ્રસ્થાન કર્યું.

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રમાં દ્વિતીય સ્કંધમાં શ્રીહરિને બદરીનાથ સમાગમાદિ નિરૂપણ નામે આડત્રીશમો અધ્યાય સંપૂર્ણ. (૩૮)



અધ્યાય ૩૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- બદરીનાથના આશ્રમથી પ્રયાણ કર્યા પછી, શ્રીહરિ માર્ગમાં ચાલતા ચાલતા ગામડાંઓ, મોટાં શહેરો, ફૂલવાડીઓ, વન અને નગરોને ઉલ્લંઘન કરતા હતા. (૧)

આસક્તિએ રહિત (માર્ગમાં આવેલા અનેક પ્રકારના આશ્ચર્યવાળાં સ્થાનો તથા પદાર્થોને વિશે) એકાકી ચાલતા શ્રીહરિ, કેટલાક દિવસે કાળા હિમાચલને પામ્યા. તેથી સમીપની ભૂમિના મહાવનમાં પ્રવેશ કર્યો. (૨)

તે વન કેવું હતું ? સર્પો, અજગરો તથા હરણોથી યુક્ત, તેમજ વાઘ, અરણ્યના પાડા, કેસરી સિંહો, વરાહો તેમજ મદોન્મત્ત હાથીઓથી અતિ ભયંકર તે વન હતું. (૩)

કસ્તુરીયા તથા ચિત્ર વિચિત્ર વર્ણવાળા મૃગો, ગાયના જેવા પશુઓ તથા વનના બીજા પશુઓથી વ્યાપ્ત. (૪)

ફળો અને પુષ્પોથી નમી ગયેલા વિવિધ પ્રકારના વૃક્ષો, નાના પ્રકારના પક્ષીઓ, સરોવરો તથા નદીઓથી યુક્ત. (૫)

તે વનમાં પણ નિર્ભય ધીર. (વિવિધ પ્રકારના ફળો ચિત્તને આકર્ષે છતાં પણ તેની ઈચ્છાથી રહિત) વનમાં થતાં કંદ, ફળ, પુષ્પ વગેરેથી જીવન નિર્ગમન કરતા પ્રશસ્ત, બુદ્ધિમાન્ અત્યંત સુકોમળ અંગોવાળા, દીર્ઘદર્શી, ગર્વે રહિત. (૬)

આત્મદર્શન, આલોકમાં દેહિઓના શિક્ષણ માટે હંમેશા ધર્મનું પાલન કરતા, ગ્રામ્ય ભોગોમાં અત્યંત અરુચિવાળા, સમર્થ, (૭)

અતિ ભયંકર વનમાં નિવાસ કરવો તે ક્લેશરૂપ (દુઃખરૂપ) હોવા છતાં પણ શ્રીહરિ, તીવ્ર વૈરાગ્યવાળા હોવાથી, ઘરના સુખ કરતાં પણ અધિક સુખ અહીં માનતા હતા. (૮)

તેથી જ એવા વનમાં ચાલતા ચાલતા શ્રીહરિ એક ભયંકર મહાવનમાં આવ્યા. તેમાં ચાલતા ચાલતા ત્રણ દિવસ સુધી ફળ તથા જળ તેમને મળ્યા નહીં. (૯)

શ્રીહરિ મહાટવીમાં ચોથે દિવસે નદી જોઈને, ધીમે ધીમે નદી પાસે આવ્યા. આપકર્મને અનુસરીને સ્નાનાદિ નિત્યકર્મ કર્યું. (૧૦)

પ્રાણ થકી પણ પોતાને અતિપ્રિય શ્રીહરિના વનવાસથી તેમને પ્રાપ્ત થયેલું મહાકષ્ટ જોવા માટે અશક્તિમાન્ હોય ને શું ? તેથી સૂર્યે પોતે સમુદ્ર પ્રત્યે પ્રવેશ કર્યો. (સૂર્યાસ્ત થયો.) (૧૧)

ત્યારબાદ ત્યાં વડના વૃક્ષની નીચે સર્વથી પર અક્ષર તેનાથી પણ પર, પ્રશાંત, આત્મસ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરતા, શ્રીહરિએ વિરામ કર્યો. (૧૨)

શ્રીહરિનો વિયોગ સહન કરવા માટે અસમર્થ હનુમાનજી, અચ્યુત શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ જાણતા હોવાથી, તેમને જોવા માટે તે સ્થાનમાં આવ્યા. (૧૩)

પછી મહામતિ હનુમાનજી ધ્યાનથી સ્થિરશરીરવાળા, ધારણ કરી છે ઉપશમ અવસ્થા જેમણે એવા શ્રીહરિને જોઈને, તેમનો અભિપ્રાય જાણતા હોવાથી. (૧૪)

તે સ્થાન હિંસક પ્રાણીઓથી વ્યાપ્ત, ધીર પુરુષોને પણ ભય આપનારું જાણીને, અચ્યુત શ્રીહરિનું હૃદયમાં ધ્યાન કરતા કરતા દૂર ઊભા રહ્યા. (૧૫)

પછી ભૂત, પ્રેત, પિશાચાદિ પોતાના ગણોથી ચારેય બાજુ વીંટાયેલા કોઈ ભયંકર ભૈરવ, તે સ્થાનમાં આવ્યો. (૧૬)

ભયંકર નેત્રવાળો, ગુફા જેવા મુખવાળો, ત્રિશૂલ ધારણ કરનારો, વડમાં નિવાસવાળો ભૈરવ, શ્રીહરિને જોઈને ઉંચે કૂદીને વેગપૂર્વક ખાવાની ઈચ્છાથી દોડ્યો. (૧૭)

તેના સ્વભાવ પ્રમાણે જ એવો મોટો ચિત્કાર કરીને ભૈરવ, નિર્ભય શ્રીહરિને પકડવાની ઈચ્છા કરે છે તેટલામાં શ્રીહરિએ પોતાનાં બંને નેત્રો ઉઘાડીને તે ભયંકર ભૈરવને જોયો. (૧૮)

પોતાના ગણોએ સહિત દાવાગ્નિ સમાન શ્રીહરિને જોતો તે ભૈરવ, શ્રીહરિની દૃષ્ટિથી, મરી ગયો' એમ બોલતો મૃત્યુના ભયથી બીતો. (૧૯)

શ્રીહરિના પ્રતાપરૂપી મહાગ્નિથી બળતાં સર્વ અંગોવાળો, વનના અગ્નિથી જેમ સર્વ ભય પામીને નાસી જાય તેમ તત્કાળ નાસી ગયો. (૨૦)

ભૈરવે કરેલો અતિ મોટો શબ્દ સાંભળીને હરિનું ચિંતવન કરતા મહાબલવાન મારુતિ ઉંચા કૂદીને તત્કાળ ભૂત સમુદાય તરફ દોડ્યા. (૨૧)

હનુમાનજી તે ભૂતોના સમુદાયને પૂંછડાથી તથા લાતોના પ્રહારોથી અત્યંત મારીને, તેમને પોતાના પૂંછડાથી બાંધી દીધા. મૃત્યુના ભયથી પીડાતા તેમને એ રીતે ચારેય દિશાઓમાં નસાડી મૂક્યા. (૨૨)

શ્રીહરિના પ્રતાપથી ભૂતોનો પરાભવ થયો એમ જાણતા હનુમાનજી, શ્રીહરિની પાસે આવીને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. (૨૩)

હે પ્રભો ! મારા ઈષ્ટદેવ એવા તમો, તમારાં દર્શન મને પ્રિય છે તે ઘણા વખતે થયાં તેથી ઘણી શાંતિ થઈ છે. (૨૪)

શરીરની પરવા નહિ કરનારા, નર નાટક કરવાને ઇચ્છતા, કાળના કાળ, તમારે કોઈનો ભય નથી. (૨૫)

તો પણ હે પુરુષોત્તમ ! સ્નેહી જનને તો, પોતાના અતિપ્રિય જનને ભય પ્રાપ્ત થાય તો, તેને ભયની ભાવના ઉત્પન્ન થાય છે. (૨૬)

તેથી પરમેશ્વર તમારે વિષે અતિશય પ્રેમને લઈને ભરૈવ સમાન દુષ્ટોના ઉપદ્રવથી મારા હૃદયમાં શંકા થાય છે. (૨૭)

તેથી હે નાથ ! કૃપા કરીને તમારી સાથે મને રહેવા દ્યો. ધ્યાન કરતા, તેમજ તપ કરતા, તમારી વનમાં હું હંમેશા સેવા કરીશ. (૨૮)

પહેલાં જ્યારે તમારી સાથે વનમાં રહેવાનું મેં તમોને પૂછ્યું હતું, ત્યારે તમારી ઇચ્છા ન હોવાથી તમારી સાથે હું આવ્યો નહિ. (સ્વામીની ઇચ્છાથી અનુવૃત્તિ પ્રમાણે જ સેવા કહેલી છે.) (૨૯)

તમો નિર્દોષ, સનાતન પ્રત્યક્ષ, પરંબ્રહ્મ છો. તો પણ ઘોરવનમાં નિત્ય ફરતા હોવાથી, તમોને અનુસરનારા મને (તમારી સાથે રહેવા ઇચ્છતા) તમો સાથે રાખો. (૩૦)

ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ મારુતિનું આવું વચન સાંભળીને પોતાને વિષે પ્રીતિવાળા મહાબુદ્ધિશાળી, હનુમાનજીને આ પ્રમાણે રમ્ય વચન કહેવા લાગ્યા. (૩૧)

હે મારુતે ! તમોને હું મારા દૃઢ શ્રેષ્ઠ ભક્ત જાણું છું. તેથી હું તમારું ચિંતવન કરું ત્યારે તમારે મારી પાસે આવવું. (૩૨)

હાલમાં મેં અત્યંત તીવ્ર વૈરાગ્યનો સ્વીકાર કર્યો છે, તેથી સર્વથી ઉદાસીન હોવાથી હે સન્મતે! વનમાં મને કોઈનો પણ સંગ રૂચતો નથી. (૩૩)

તેથી મારી સાથે આ રાત્રિ રહીને તમે તમારા સ્થાનમાં જાવ. તમારે જ્યારે મારા દર્શનની ઇચ્છા થાય ત્યારે ધ્યાન બળથી મને જાણીને. (૩૪)

જ્યાં જ્યાં મારો નિવાસ હોય, ત્યાં તમારે આવીને વનવાસી મારાં દર્શન કરવાં. (૩૫)

આવી રીતે શ્રીહરિએ કહ્યું અને શ્રીહરિના હૃદયગત અભિપ્રાય જાણતા શ્રીહરિના એકાંતિક ભક્તેન્દ્રોમાં શ્રેષ્ઠ મારૂતિએ, શ્રીહરિને નમસ્કાર કરીને, તેમના વચન પ્રમાણે કર્યું. (૩૬)

ભૈરવથી લગાર પણ ક્ષોભ નહીં પામેલા ધૈર્યવાળા શ્રીહરિએ, ત્યાં વડના વૃક્ષ નીચે જ હનુમાનજીની સાથે રાત્રિ નિર્ગમન કરી. (૩૭)

પછી શ્રીહરિ પ્રાતઃકાળમાં નિત્ય કર્મ કરીને જ્યારે ચાલ્યા ત્યારે દુઃખી અંતઃકરણવાળા મારુતિ શ્રીહરિને કહેવા લાગ્યા. (૩૮)

તપસ્વી લીલાનું આચરણ કરતા સ્વતંત્ર તમો પુરુષોત્તમ ! અનેક જનોના કલ્યાણના કારણ, દુર્લભ દર્શનવાળા, (૩૯)

બ્રહ્મરૂપ મુનિઓએ હંમેશા ચિંતવન કરવા યોગ્ય, માખણ કરતાં પણ અત્યંત કોમળ, સર્વજનોને મંગળરૂપ તમારું આ શરીર, હે સત્પતે ! અત્યંત કૃશ ન કરશો. (૪૦) હે પ્રભો ! ઈશ્વરના ઈશ્વર પૂર્ણકામ, પરાત્પર, તમો નિરાહાર રહીને તપ કરતા વનમાં વિચરો છો. (૪૧)

પુષ્પોથી પણ અત્યંત સુકુમાર, શુભ સ્વસ્તિ, જવ, જાંબુ, ધ્વજ, અંકુશ, કમળ, અષ્ટકોણ, વજ્ર, ઉર્ધ્વરેખા, એ નવ ચિન્હ જમણા પાદારવિદમાં, અને ડાબા ચરણારવિંદમાં મીન, ત્રિકોણ, વ્યોમ, ગોપદ, કળશ, અર્ધચંદ્ર, ધનુષ એ સાત ચિન્હોથી યુક્ત, મોજડીઓ વિનાના બંને ચરણકમળોથી તમો વનમાં ફરો છો. (૪૨)

હે નાથ ! તમો ખેદ કેમ પામતા નથી ? આવી રીતે સ્મરણ કરનારું મારું મન તમારી સાથે રહેવામાં લાલસાવાળું હોવાથી, વ્યથા પામે છે, (૪૩)

સમગ્ર લક્ષ્મીના સ્થાનરૂપ હોવાથી, તમારું આ ઉત્તમ શરીર છે. તે તીવ્ર વૈરાગ્યના વેગથી અનાદર થયેલું જોઈને મારું મન બહુ પીડા પામે છે. (૪૪)

હે ભગવન્ ! આ વનમાં તમો ચાર દિવસના ઉપવાસી છો માટે ફળો લેવા માટે શીઘ્ર (તત્કાળ) જાઉં છું. (૪૫)

શ્રીહરિને આ પ્રમાણે કહીને હનુમાનજી તત્કાળ ગયા. હનુમાનજીએ અતિ સ્વાદિષ્ટ ફળો લાવીને, પરમાત્મા શ્રીહરિને નિવેદન કર્યા. (૪૬)

શ્રીહરિએ પણ, પ્રીતિપૂર્વક મારુતિએ લાવેલા ફળોમાંથી ચાર ફળો લઈને, વિષ્ણુને નિવેદન કરી, જમીને, નદીનું જળ ગળણાથી ગાળીને પીધું. (૪૭)

ત્યારબાદ દયાસાગર શ્રીહરિએ પોતાના એકાંતિક ભક્ત હનુમાનજીને નિરાહાર જાણીને, હર્ષપૂર્વક હનુમાનજીને બાકીનાં ફળો આપ્યાં. (૪૮)

પછી મારુતિ શ્રીહરિનાં પ્રસાદિનાં ફળો જમવા લાગ્યા. શ્રીહરિને છોડીને જવા માટે અસમર્થ હોવા છતાં પણ, શ્રીહરિની આજ્ઞાથી મારુતિ અયોધ્યાનગરીમાં ગયા. (૪૯)

પછી હે રાજન્ ! સર્વાંતર્યામી શ્રીહરિએ અંતકરણમાં પ્રેરણા કરેલા હનુમાનજીએ, સર્વોત્તમ શ્રીહરિના ભાઈ રામપ્રતાપ તથા ઇચ્છારામ બંનેને પોતાનાં દર્શન આપીને, શ્રીહરિના વિરહરૂપી અગ્નિને શાંત કર્યો. શ્રીહરિના વિયોગની પીડાથી દુ:ખી બંને ભાઈઓને, હનુમાનજી કહેવા લાગ્યા. (૫૦-૫૧)

હે રામપ્રતાપ તથા ઈચ્છરામ !તમારા ભાઈ શ્રીહરિનો શોક તમો બંને કરશો નહીં. એ પ્રકારે શોકરૂપી અગ્નિ શાંત કરવામાં અમૃત સમાન રમમીય વચન મારુતિ બોલ્યા. (૫૨)

સમર્થ અને મહા ધૈર્યશાળી, શ્રીહરિને વનમાં તપ કરતાં મેં જોયા છે, અને તે કુશળ છે. તે જ પરબ્રહ્મ પુરુષોત્તમ છે. (૫૩)

તેથી હે મહા ભાગ્યશાળી ! તમો બંને, મહાત્માઓને પણ માનનીય છો. આલોકમાં થોડા જ સમયમાં તેમનો તમો સંબંધ પામશો. (૫૪)

ગુણોથી સંકર્ષણ તથા પદ્યુમ્નની ઉપમા આપવા યોગ્ય તમો બંને આલોકમાં શ્રીહરિની ઈચ્છાથી જ દેહધારીઓના કલ્યાણ માટે પ્રાદુર્ભાવ પામ્યા છો. તમારા વંશમાં આચાર્ય પદવી પામી અસંખ્ય જનોના કલ્યાણ કરવા માટે તમો અહીં ઉત્પન્ન થયેલા છો. (૫૫)

તેથી ધર્મધુરંધર અને ધીર તમો બંને, તમારો દિવ્ય ભાવ ભૂલી ગયા છો.માટે પામરજીવની માફક શ્રીહરિનો શોક કરશો નહીં. (૫૬)

હનુમાનજીની આવી વાણી સાંભળીને, રામપ્રતાપે તથા ઈચ્છારામે ધીરજ રાખીને, શ્રીહરિની પ્રાપ્તિ હવે ચોક્કસ થશે. એમ વિશ્વાસ રાખીને શોકનો ત્યાગ કર્યો. (૫૭)

લોકોને આનંદ પમાડવામાં ચંદ્રમાની સમાન વંદના કરવા યોગ્ય મહાગુણવાળા, શ્રીહરિના બંને ભાઈઓને આવી રીતે કહીને હનુમાનજી અંતર્હિત થયા. (૫૮)

પછી વાયુનંદન ક્યારેક ક્યારેક શ્રીહરિનાં દર્શન કરવા માટે વનમાં જઈને દૂરથી શ્રીહરિને પ્રણામ કરીને તત્કાળ તિરોધાન થતા. ક્યારેક શ્રીહરિની સમીપમાં પણ ઊભા રહેતા. (૫૯)

મારુતિ ઘોર વનમાં ક્યારેક, શ્રીહરિ સમાધિ અવસ્થામાં હોય તો, તેમની ચારેબાજુ ફરતા અને ભૂત તથા હિંસક પ્રાણીઓથી શ્રીહરિનું રક્ષણ કરતા હતા. (૬૦)

તપસ્વીઓના પતિ શ્રીહરિ ભૈરવ સ્થાનથી નીકળીને વનમાં ચાલતા ચાલતા જ્યાં સાયંકાળ થાય ત્યાં જ રાત્રિ નિર્ગમન કરતા. (૬૧)

શ્રીહરિ કેટલા દિવસોએ કાળા પર્વતને ઉલ્લંઘન કરીને, ચંદ્રિકાના જેવો ઉજ્જવળ પર્વત પાસે આવીને તેની સમીપની ભૂમિમાં ચાલતા હતા. (૬૨)

નાસાગ્રદષ્ટિ રાખીને ચાલતા, તેથી જ માર્ગ વીસરી જતા શ્રીહરિ, હિમાદ્રિના મૂળમાંથી નીકળેલી મોટી નદી પ્રત્યે આવ્યા. (૬૩)

અગાધ ઊંડા જળથી ભરપૂર તે નદીના પ્રવાહની સામે તરતા તરતા નીકળેલા ધર્મના પુત્ર શ્રીહરિ, આગળનો પ્રદેશ જોતા જોતા બંને પર્વતો જોતા હતા. (૬૪)

પૂર્વ અને પશ્ચિમમાં રહેલા. બંને પર્વતોના મધ્યમાં આવેલી નદી તરીને, તેના મૂળમાં રહેલી અતિ મોટી ગુફા તરફ શ્રીહરિ આવ્યા. પરંતુ આગળ જવાય તેવો માર્ગ ત્યાં નહોતો. (૬૫)

તેટલામાં સૂર્ય પણ અસ્ત થયો. ભયરહિત શ્રીહરિ, ક્ષણ વાર ત્યાં જ ઊભા રહ્યા, પછી તે સ્થાનમાં

પોતાના ગણોથી વીંટાયેલા, હાથમાં પૂજાનું પાત્ર લઈને મનુષ્યાકૃતિ ધારણ કરીને હિમાચલ આવ્યા. (૬૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીયસ્કંધમાં હનુમાનકૃત ભૈરવ પરાજ્યાદિ નિરુપણ નામે ઓગણચાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૩૯)



અધ્યાય ૪૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- રમણીયરૂપવાળા, મુનિઓને માનનીય, ધર્મના પુત્ર શ્રીહરિને પ્રથમ પહેલા જ જોઈને, પ્રસન્ન થયેલા અદ્રિરાજ હાથ જોડીને વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૧)

હિમાચલ કહે છે :- ''हिमशान्तान्तरः स्वीयमानसात्यन्तनिवृत्तः । हरीक्षानन्दपूर्णात्मा प्रोवाच हिमवान् हरिम् ।'' इति रसबोधिनी ॥ હિમથી શાંત અંતઃકરણવાળા, પોતાના મનથી અત્યંત સુખી, શ્રીહરિના દર્શનથી આનંદથી પૂર્ણ આત્માવાળા, હિમાચલ હરિને કહેવા લાગ્યા. અનેક જન્મોમાં કરેલાં પુણ્યોથી પામવા યોગ્ય તમારાં દર્શન, અષ્ટાંગ યોગની સિદ્ધિ પામેલા જનો પણ ક્યારે ભગવાનના દર્શન થશે એમ દરરોજ ઈચ્છતા છતાં તે દર્શન જેને થતાં નથી, જ્યારે હે પ્રભો ! સંસારની નિવૃત્તિ કરનારાં તમારા દર્શનથી મારું મન અત્યાનંદ યુક્ત થયું છે અહો મારા ભાગ્યને હું શું કહું ? (૨)

(હે ભૂમન્ ! મારા અનેક ગુણના શ્રેષ્ઠ પુણ્યથી તમારું અહીં આગમન થયું છે તેથી હું મારા જન્મનું ફળ પામ્યો છું.) હે હરે ! અતિ મોટા ધનવાળો હું છું છતાં પણ મહાનિધિતો હમણાં જ પામ્યો છું. (ધનવાનપણાનું લક્ષણ જે નવનિધિ તેને હું જાણતો નથી.) પરંતુ તમારા દર્શન જ કરોડો નિધિની પ્રાપ્તિથી પણ અધિક મારા ચિત્તમાં હું જાણું છું. (૩)

હે ભગવન્ ! સત્ક્રિયાઓનું સમગ્ર ફળ પણ હું હમણાં જ પામ્યો. (સત્ક્રિયાઓના ફળથી પણ હું તમારા દર્શનનું ફળ કરોડગણું અધિક જાણું છું.) મારા જેવા પતિતોને પણ પવિત્ર કરવા માટે સમર્થ, પતિતપાવન નામને સાર્થક કરતા હે હરે ! હે પરમેશ્વર ! પર્વતના કૂળમાં આ મારો જન્મ તમોએ કૃતાર્થ કર્યો. (જેનાથી મુમુક્ષુઓને પણ હું પામવા યોગ્ય થયો.) (૪)

હે હરે ! સમગ્ર પાપનો ક્ષય કરનાર, એજ હેતુથી દુઃખનો નાશ કરનાર, સમગ્ર પર્વતોને તમારુ દર્શન અલભ્ય હોવાથી તમારું મારી પાસે આગમન તથા તમારા દર્શનથી હું હવે અનુપમ સન્માન પામીશ. (૫)

હે પરમાત્મન્ ! સર્વાવતારથી પરસ્વરુપ ! દેવતઓ, ઋષિમુનિઓ તથા નરનારાયણાદિ દેવર્ષિઓએ સેવેલા આ મારા પ્રદેશો, બીજાઓને અતિ અપ્રાપ્ય એવા હે પુરુષોત્તમ ! તમારા ચરણ કમળના પાદ વિન્યાસથી હું અત્યંત પવિત્ર થયો છું. (૬)

મુનિઓને ચિંતવન કરવા યોગ્ય, (નરનારાયણાદિ ઋષિઓને પણ હંમેશા સ્મરણ કરવા યોગ્ય)

સમગ્ર તાપને શમાવનાર છે. દર્શન જેમનાં એવા નિષ્કારણ અપાર કરુણાસાગર, બ્રહ્માએ પહેલાં જે વચન કહ્યું હતું તે, સત્ય કરવા માટે હું અહીં આવ્યો છું. (૭)

(પૃથ્વીના ભારની પીડાથી વ્યથિત હૃદયવાળા, બ્રહ્માની પ્રાર્થના સાંભળીને ઉત્પન્ન થઈ છે કરુણા જેમને એવા, સમાધિમાં જે કહ્યું તે બ્રહ્મા દેવોને કહેતા હતા. ''पुरैव पुंसाऽवधृतो धराज्वरो भवद्भिरंशैर्यदुषुपजन्यताम् । स यावदुर्व्या परमेश्वरेश्वरः स्वकालशक्त्या क्षपयंश्चरेद् भुवि''॥ इति (ભૂમિનો ભાર ઉતારવા માટે પહેલાં જણાવેલા હે પ્રભો ! તમો અમારા સમગ્રના આત્મા છો. તેવી રીતે જ ઉપપાદન કર્યું છે. એ પ્રકારે બ્રહ્માનું વચન છે. પહેલાં બ્રહ્માદિના વચન સત્ય કરનારા ભગવાન તો બીજા જ છે, હું તો ધર્માત્મ જ છું. માટે તે વચન સત્ય કરનારો હું છું એમ કેમ મને કહો છો ? એમ કહેતા હો તો કહીએ છીએ.) નરો જે જીવો, તેનો સમુદાય તે ''નાર'' તેમાં અયન અંતર્યામીપણે રહે છે. આવી રીતની વ્યુત્પત્તિથી તમોને સર્વાત્મા કહેલા છે. જે પુરુષોત્તમ, ઈશ્વરોના ઈશ્વર, એવા હોવા છતાં પણ અસંખ્ય જીવોના કલ્યાણ માટે આ લોકમાં ધર્મદેવ તથા ભક્તિદેવી થકી પ્રાદુર્ભાવ પામ્યા એવા તમો તમારી જ સ્તુતિ બ્રહ્માએ કરી છે. (બ્રહ્માની પ્રાર્થનાથી આગળ પ્રાદુર્ભાવ પામેલા જે ભગવાન ભાગવતમાં કહેલા છે. તેમને હું કહેતો નથી. પરંતુ અક્ષર ધામના અધિપતિ સર્વાવતારના કારણ, સર્વ કારણના કારણ, તમો ધર્મ થકી ભક્તિમાં હમણાં ઉત્પન્ન થયેલા છો,) વર્ણિવેશ જેમણે ધારણ કર્યો છે, એવા તમો જ્યારે તમારા ઘરનો ત્યાગ કરીને નીકળ્યા અને સરયૂનદી તરીને સામે કાંઠે આવીને ત્યાંથી દૂર નિર્જન વનમાં રહ્યા, ત્યારે તમારા સહવાસથી હે હરે ! મહર્ષિઓ પરમ નિવૃત્તિ પામ્યા. તમારો યોગ પામીને પૃથ્વીને ધારણ કરનાર જે બ્રહ્માએ પહેલાં કહ્યું તે સત્ય કરવા માટે એ વચન મેં અહીં કહ્યું. એ વચન બ્રહ્માએ જ્યારે કહ્યું હતું ત્યારે હું પણ તેમની સમીપે બેઠો હતો. પહેલાં (ભાગવતમાં કહ્યા પ્રમાણે બ્રહ્માએ પ્રાર્થના કરી તે વખતે) તો હું ત્યાં તેમની સમીપમાં ન હતો. એ પ્રકારે વિધિએ સ્તુતિ કરાયેલા જે ભગવાન તે તો તમોને જ મેં કહેલા છે. (૮)

હે પ્રભો ! અશેષ સુખ આપનાર તમારા દર્શનથી અસંખ્ય વિશ્વોની ઉત્પત્તિ, સ્થિતિ, લય થાય છે. તે તમો પ્રસિદ્ધ કીર્તિવાળા સમગ્ર આત્માઓના પતિ, અંતરાત્મા છો. (૯)

મારી કન્યા જે ગૌરી તેના પતિ ત્રિલોચન, તે પણ તમોને પ્રસન્ન કરવા માટે હંમેશા તપ કરતા કરતા તમારી આજ્ઞામાં રહીને હંમેશા તમારા ચરણકમળોનું ધ્યાન કરે છે. (૧૦)

હે હરે ! આવી રીતે તમારો મહિમા મેં કહ્યો, તે તમારા થકી સમગ્ર શક્તિને પામેલા એવા મારા જામાતા (જમાઈ) જે તમારી આજ્ઞાથી વિશ્વનો પ્રલય કરનાર શંકર તેમની પાસેથી પહેલાં મેં જાણ્યો. (તમારા સમ્યક્ સ્વરૂપનું મને જે જ્ઞાન થયું તેનું કારણ તેજ છે.) (૧૧)

અખિલ વિશ્વના સાક્ષી તમો, ઈશ્વર જે શિવ, તેનો સંબંધી મને જાણીને મને પવિત્ર કરવા માટે અને કલેષને હણવા માટે અહીં કૃપાથી પધાર્યા છો. (૧૨)

હે હરે ! પૂર્વ જન્મમાં કરેલા અસંખ્યાત્ પુણ્યથી શરણ્ય ભગવાન તમારા જ શરણે

હું આવ્યો છું. તેથી તમો મને મારા યોગ્ય કાંઈ પણ આજ્ઞા કરો, તમારી આજ્ઞા સંસારને નાશ કરનારી છે. (૧૩)

હે પ્રભો ! તમારા બંને ચરણકમળમાં મારી રાત્રિ દિવસ નિષ્કંચન ભક્તિ રહો. સમગ્ર પીડાને વિનાશ કરનાર તમારા દાસોનો પ્રસંગ મને થાયો. (૧૪)

ધર્મના પુત્ર; મંદહાસ્ય મુખારવિન્દવાળા, નૈષ્ઠિકવેશથી રમણીય શ્રીહરિએ નગેન્દ્રનું વચન સાંભળીને, પ્રસન્ન થઈને હે ભૂમિધરાધિરાજ ! તમોને ''તમારા કહ્યા પ્રમાણે થાઓ.'' એમ હિમાદ્રિને કહ્યું. (૧૫)

પછી હિમગિરિ, શ્રેષ્ઠ કુંકુમે યુક્ત ચંદન વડે તથા સુગંધિમાન નાના પ્રકારના પુષ્પના હારથી, શ્રીહરિને પ્રીતિપૂર્વક અર્ચા કરીને તેમને રમ્યફળો નિવેદન કરીને, વંદના કરવા લાગ્યા. (૧૬)

પછી ભૂમિધરે શ્રીહરિને આ પ્રમાણે કહ્યું. હે હરે ! અહીંથી પુલ્હાશ્રમ જવાનો માર્ગ અત્યંત કઠિન છે. તેથી તમો મારા ખભા ઉપર બેસો. તમોને હું તત્કાળ પુલ્હાશ્રમમાં લઈ જઈશ. (૧૭)

શ્રીહરિ તેમનું વાક્ય સાંભળીને આ પ્રમાણે બોલ્યા : હે ભૂધરરાજ ! નરનાટ્યધારી મારા સ્વરૂપને જાણીને, જેવો હું છું તેવો મને જાણીને, તમોએ પૂજન સન્માન વગેરે કર્યું. આથી બીજું કર્તવ્ય તમારે બાકી રહેતું નથી. (૧૮)

હે અચલેન્દ્ર ! હું ઉતાવળથી જવા માટે ઇચ્છતો નથી. તેથી મારે તમારી સહાયનું પ્રયોજન નથી. મને અતિ તીવ્ર વૈરાગ્ય હોવાથી હું એકાકી જ અરણ્યોમાં જવા ઇચ્છું છું. (૧૯)

લોકોની વિપત્તિઓ અને પાતકનાં જાળાં તેને હણનાર સંસારરૂપી પાશને છેદનાર, મારું દર્શન નાનાપ્રકારના જનસમુદાયને આપતો નિર્ભય હું ધીમે ધીમે જઈશ. (૨૦)

તેથી મને પુલ્હાશ્રમનો માર્ગ બતાવો. નિસ્પેહી એવો હું તે મારી સાથે તમારે ન આવવું, આ પ્રકારનું વચન સાંભળીને હિમાદ્રી શ્રીહરિને માર્ગ બતાવીને શ્રીહરિની ઈચ્છાથી ત્યાં અંતર્હિત થયા. (૨૧)

અદ્રિનું કલ્યાણ કરવા માટે ઈચ્છતા હોવાથી તેમણે આપેલાં ફળો શ્રીહરિ રુચિ પ્રમાણે જમ્યા અને નદીનું મીઠું જળ ગાળીને પીધું; પછી તેમણે બતાવેલા માર્ગ તરફ ગમન કર્યું. (૨૨)

''ધીરજમાં મહોદધિ સમાન, શ્રીહરિ, ઘોર અંધારાવાળી ગુફામાં પ્રવેશ કરીને, ચાલતા પોતાની અતિ મહાન દિવ્ય મૂર્તિની કાંતિથી ઘોર અંધકારને ભેદતા આગળ પ્રયાણ કરવા લાગ્યા. (૨૩)

નિરંજન (ગુફામાં રહેલા અંધકારના આવરણથી રહિત) ધર્મપુત્ર શ્રી પુરુષોત્તમ તે ગુફામાં નિર્ભય બની ચાલતા રાત્રિનો પહેલો યામ વિત્યે ગુફાની બહાર નીકળીને માર્ગ તરફ ચાલ્યા. (૨૪)

અત્યંત શાંત, વનવાસ છે પ્રિય જેમને, એવા શ્રીહરિએ ગુફાની બાજુના પ્રદેશમાં અતિ વિશાળ, અગાધ જળવાળો ધરો જોયો. તેના રમણીય કાંઠામાં જ તે રાત્રિ વીતાવી. (૨૫)

પછી તે સ્થાનથી ચાલતા ધીર, ધર્મના પુત્ર શ્રીહરિ, ત્રીજે દિવસે મહામાર્ગે પહોંચ્યા. જઈ ન શકાય તેવાં ઘણાં સ્થાનો ઉલ્લંઘન કરીને શ્રીહરિ પુલ્હાશ્રમમાં ગયા. (૨૬)

પછી મહાન શ્રીહરિ તત્કાળ તપની સિદ્ધિ આપનારો, અતિ પવિત્ર, રમણીય આશ્રમ જોઈને અને મોક્ષાર્થિપુરુષોએ તે આશ્રય કરવા યોગ્ય છે, એમ જાણીને, અત્યંત આનંદ પામ્યા. (૨૭)

ભક્તો પ્રત્યે પ્રેમના મહોદધિસમાન સાક્ષાત્ નારાયણ, મહર્ષિ સંઘો તથા સિદ્ધોએ સેવાયેલા હોવા છતાં જ્યાં પોતાની ઇચ્છાથી સદાને માટે સમીપમાં રહેલા છે. (શ્રીમદ્ ભાગવતમાં પ્રસિદ્ધ છે.) (૨૮)

જે પુલ્હાશ્રમમાં પૂર્વે ઋષભ દેવના પુત્ર મહાત્મા ભરતે દુષ્કર તપ કર્યું હતું, જ્યાં ચારેય બાજુ અત્યંત પવિત્ર પ્રસિદ્ધ ચક્રનદી વિરાજે છે. (૨૯)

તીર્થોથી પણ શ્રેષ્ઠ કીર્તિવાળા, શ્રીહરિએ તેમાં સ્નાન કરીને, પોતાનો નિત્ય વિધિ બરાબર કરીને, આદરપૂર્વક શ્રીમુક્તનાથ વિષ્ણુનાં દર્શન તથા યથાવિધિ પૂજન કર્યું. (૩૦)

જે સ્થાનમાં ભરતરાજાએ ઉગ્ર તપ કર્યું, તે મનોહર સ્થાનમાં પૂર્ણ કામવાળા ભગવાન શ્રીહરિએ પણ આલોકમાં જનોને મુક્તિમાર્ગ શીખવાડવા માટે પ્રીતિપૂર્વક તપ કરવા નિવાસ કર્યો. (૩૧)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં હિમાદ્રિકૃત હરિપ્રાર્થનાદિ નિરૂપણ નામે ચાલીશમો અધ્યાય સંપૂર્ણ. (૪૦)



અધ્યાય ૪૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજર્ષે ! પ્રકૃતિજન્ય ષોડશ વિકાર રહિત, પરબ્રહ્મ, સર્વવિત્, પરમાત્મા, પરાત્પર એ નામોથી વેદશાસ્ત્રોમાં જે વર્ણવેલ છે. (૧)

તેજ ભગવાન મનુષ્ય ભાવ સ્વીકારીને પૃથ્વીમાં મુમુક્ષુ ત્યાગીઓને તપની રીતનું ઉત્તમ શિક્ષણ આપતા પુલ્હાશ્રમમાં મહાન તપ કરવા લાગ્યા. (૨)

શ્રીહરિ બંને હાથ ઊંચા રાખીને એક પગે પૃથ્વી ઉપર ઊભા રહીને, પોતાના મનમાં સૂર્યની પ્રસન્નતાને ઉદ્દેશીને ગાયત્રીનો જપ કરતા હતા. (૩) ગંડકી નદીમાં ત્રિકાળ સ્નાન કરીને, મુક્તનાથના દર્શન કરીને, ક્યારેક ઈશ્વરેચ્છાથી પ્રાપ્ત થયેલા કંદમૂળ ફળ વગેરે ખાઈને શ્રીહરિ તીવ્ર તપ કરતા હતા. (૪) હે રાજન્ ! જ્યારે ત્યાં શ્રીહરિએ દિવ્ય તપ આરંભ્યું ત્યારે ત્યાં રહેલા તપસ્વીઓને અપૂર્વ શાંતિ થઈ. તે સમયે ત્યાંના વાસીઓના મન અને ઈન્દ્રિયો જેવા વશ થયા તેવા પૂર્વે ન હતા. તેથી ત્યાંના મુનિઓ વિસ્મય પામ્યા. (૫-૬)

તે આશ્રમમાં આવી રીતે નાના પ્રકારના આશ્ચર્યો જોઈને, સમગ્ર મુનિઓ પરમ આશ્ચર્ય પામ્યા અને પરસ્પર આ પ્રમાણે બોલતા હતા. (૭)

અહો હે તપસ્વીઓ ! આ આશ્ચર્ય છે આ વર્ણી બાળક છે, શાંત અને તેજસ્વી છે, છતાં પણ દુષ્કર તપ હંમેશા કરે છે. (૮)

આ વર્ણી દત્તાત્રેય હશે કે શું અથવા કપિલ હશે ? અથવા નરનારાયણ હશે ? અથવા શ્વેતદ્વિપવાસી વાસુદેવ હશે ? અથવા આ બ્રહ્મચારી વામનજી હશે ? (૯)

આ વર્ણીના પ્રતાપથી મન, ઈન્દ્રિયની વૃત્તિઓ અત્યંત સ્થિર થઈ ગઈ છે. તેથી એ વર્ણી બીજા મુનિ સમાન નથી. (૧૦)

હે રાજન્ ! આવો નિશ્ચય કરીને તે સર્વે ઋષિઓ વર્ણીના ગુણોથી આકર્ષિત ચિત્તવાળા થયા હોવાથી, તે વર્ણીના દર્શન કરવા માટે પોતપોતાના આશ્રમમાંથી ત્યાં આવ્યા. (૧૧)

પછી તે તપસ્વીઓએ શ્રીહરિને તેજના પુંજમાં-બ્રહ્મધામમાં-દિવ્ય સ્વરૂપે બિરાજેલા જોયા. (૧૨) તે તપસ્વીઓ દિવ્યરૂપમાં જોયેલા શ્રીહરિને ફરીથી વર્ણી વેશવાળા જોઈને, અને અતિશય તપ કરતા જોઈને, પોતાને અતિપ્રિય જે શ્રીહરિ તેમનું આવું દુષ્કર કષ્ટદાયક તપસ્વી સ્વરૂપે દર્શન કરી, પરમ ગ્લાનિ પામ્યા. (૧૩)

તે સમયે શ્રીહરિ જ્યારે તીવ્ર તપ કરતા હતા, ત્યારે બંને હાથ ઊંચા અને એક પગે પૃથ્વી ઉપર ઊભા રહેલા અતિકૃશ આકૃતિવાળા શ્રીહરિ જાણે હમણાં પૃથ્વી ઉપર પડી જશે, એવી શંકાને લીધે, તપમાં પ્રીતિવાળા પોતાના પ્રાણપ્રિયને તપ કરતા જોઈને ગ્લાનિ પામતા, તપમાં આસક્તિવાળાં ભક્તિ માતા શ્રીહરિની જમણી બાજુ ઊભાં રહ્યાં, અને તપઃપ્રિય ધર્મદેવ શ્રીહરિના ડાબે પડખે ઊભા રહ્યા. શુદ્ધ ચિત્તવાળા ધર્મ તથા ભક્તિ બંને હંમેશા એવી રીતે શ્રીહરિની સાથે જ રહેતાં. (૧૪-૧૫)

ઈન્દ્રિયોને પરિતાપ કરનારા અતિતીક્ષ્ણ અને દિવ્ય ભાવ પામેલા મુક્તોને સાધ્ય એવા કઠિન તપના દુઃખમાં પણ પુણ્યની માફક કોમળ આકૃતિવાળા છે છતાં પણ શ્રીહરિ પર્વતની માફક અત્યંત સ્થિર હતા. (ધીર પુરુષોને કંઈ પણ દુઃખ નથી) (૧૬)

પાકાં અને અતિશય સુગંધિવાળાં ફળો પોતાના સમીપમાં પ્રાપ્ત થવા છતાં શ્રીહરિનું મન તેમાં આકર્ષાયું નહીં. તેમ જ શુદ્ધ અને ઠંડુ જળ પીવાની પણ શ્રીહરિને ઈચ્છા થતી નહીં. (ત્યારે પ્રાણ ધારણ કેવી રીતે થાય ?) (તપરૂપી અમૃતનું પાન કરનાર યથાર્થ તપથી તૃપ્ત થયેલાઓને બીજાં તર્પણાંતરોથી શું પ્રયોજન છે ?) (૧૭)

અતિધીર પરમાત્મા શ્રીહરિ, માખણથી પણ અધિક કોમળ શરીરની ઉપેક્ષા કરીને, તપસ્વીઓને પણ જે અશક્ય લાગે તેવું તપ હંમેશા કરતા હતા. (૧૮) જે શ્રીહરિ પૂર્વે પુષ્પો અને પલ્લવોની શય્યાના સ્પર્શથી પણ અતિ ખેદ પામતા હતા, તે ભગવાન પોતાના હાથનું ઓશીકું કરીને પૃથ્વી ઉપર સૂવે છે. (૧૯) અતિ વૈરાગ્યવાન તપઃપ્રિય શ્રીહરિ નવીન કોમળ તૃણ, ઉત્તમ પુષ્પ તથા નવીન પલ્લવોની પૃથ્વી ઉપર આદરપૂર્વક રચેલી મૃદુશય્યાને અંગીકાર કરતા નથી. (૨૦)

આ મનુષ્યાકૃતિ ધારણ કરનારા શ્રીહરિ અગ્નિ તથા બીજા ત્યાં રહેનારા મુનિઓએ અર્પણ કરેલાં કેળાં, દાડમ, જામફળ, વગેરે રમણીય ફળો પણ ગ્રહણ નથી કરતા. (૨૧)

વરુણદેવે અર્પણ કરેલું શીતળ, પવિત્ર અને અમૃત જેવું નિર્મળજળ પણ પરમાત્મા શ્રીહરિએ ન સ્વીકાર્યું. પરંતુ ક્યારેક તેથી ખેદ પામતા વરુણદેવ ઉપર દયા કરીને પીતા હતા. (૨૨)

પોતાના દર્શન કરવા માટે આવેલા લોકપાળોના સમૂહોએ સન્માનપૂર્વક આપેલા સ્વાદિષ્ટ ખાવાના પદાર્થો તરફ શ્રીહરિ પોતાની દૃષ્ટિથી જોતા પણ નથી. (૨૩)

શ્રીહરિના ચરણ કમળના ચિંતવનમાં આસક્ત યોગીઓ પણ જો લોકાંતરમાં રહેલા પંચવિષયોને નથી ઈચ્છતા, તો તે યોગીઓને પણ ઉપાસના કરવા યોગ્ય શ્રીહરિને તો તે વિષયોની ઈચ્છા ક્યાંથી થાય ? ન જ થાય. (૨૪)

શ્રીહરિ તપ કરતા હતા તેથી સૂર્યના કિરણો પોતાની ઋતુના ગુણ પામ્યા. આકાશ, નિર્મળ નક્ષત્ર સમુદાયવાળું તથા નિર્મળ તારા અને નિર્મળ શુક્રાદિ ગ્રહોવાળું થયું. (૨૫)

શ્રીહરિના તપથી વૃક્ષો ઉપર ફળો તથા પુષ્પો વૃદ્ધિ પામ્યાં. શ્રીહરિ દેવ પૂજન કરવા માટે પુષ્પો વીણતા ત્યારે તે પુષ્પના છોડ શ્રીહરિના ચરણારવિંદમાં નમસ્કાર કરતા હતા. (૨૬)

આકાશમાંના મેઘ તપ્ત રજકણોને શાંત કરતા હતા અને વળી છાયા કરી શ્રીહરિની સેવા કરતા હતા. પવન પણ, પુષ્પ તથા જળના બિંદુઓ શ્રીહરિ ઉપર છાંટીને, પોતાને પવિત્ર કરનાર શ્રીહરિને સેવતો હતો. (૨૭)

(એ પ્રકારે તેજ, આકાશ, વૃક્ષો, જળ, વાયુ વગેરે શ્રીહરિના તપને અનુકૂળ થાય છે, હવે શ્રીહરિની તપસ્થ મૂર્તિનું વર્ણન કરે છે) સર્વ લોકોનું રક્ષણ કરવામાં શક્તિશાળી, શાંત, કાંતિથી શોભાયમાન, અત્યંત દિવ્ય, મેઘની માફક શ્યામ એવી મૂર્તિને ધારણ કરતા શ્રીહરિ મૂર્તિમાન તપ હોય ને શું ? એમ નિરવધિકાતિશય શોભે છે. (૨૮)

શરીરની દેખાતી નાડીઓથી વ્યાપ્ત મૂર્તિવાળા નૈષ્ઠિક વ્રતને જ ધારણ કરતા શ્રીહરિ, પહેલાં જેમ શ્રેષ્ઠ વસ્ત્રો અલંકારો વડે શોભતા હતા, તેમ આજે પોતાના શરીરની ક્રાંતિથી જ શોભે છે. (૨૯)

પરસેવાના બિંદુરૂપી નૂતન મોતીઓથી સેવાએલું, સ્મરણીય, સુંદર શ્રીહરિનું મુખારવિંદ ઝાકળના બિંદુઓથી વ્યાપ્ત સુંદર ખીલેલા કમળને પણ (સુંદરતામાં) તિરસ્કાર કરતું હતું. (૩૧)

અતિશોભાયમાન તપથી અત્યંત કૃશ થયેલી શ્રીહરિની મૂર્તિ-દાર્શનિકોને શાંત કરનાર-જોઈને ઘણા તપસ્વીઓ તથા સિદ્ધો પણ અત્યંત વિસ્મય પામ્યા. (૩૨)

અતિ શાંત શ્રીહરિની કાંતિથી કૃષ્ણપક્ષની રાત્રિઓમાં પણ જેમ ચંદ્રના કિરણોની કાંતિથી વ્યાપ્ત આકાશમાં અંધારું નાશ થાય છે, તેમ આકાશ તેવું થયું. (૩૩)

શ્રીહરિના શરીરમાંથી નીકળેલા તેજથી ઢંકાઈ ગયેલું ચંદ્રનું શરીર, અત્યંત નિર્મળ આકાશમાં

પણ લજ્જા પામ્યું હોય ને શું ? (હજારો ચંદ્રના પ્રકાશથી જેટલો લોકોને આનંદ થાય તેટલો આનંદ તો આકાશમાં વ્યાપ્ત થયેલા શ્રીહરિના તેજથી થયો. તેથી આકાશમાં રહેલા ચંદ્રબિંબને, જેમ મોટા દીપની પાસે નાના દીવાની જ્યોતિ જણાય તેમ, શ્રીહરિના પ્રકાશ આગળ હજારો ચંદ્રનો પ્રકાશ લોકોને ફક્ત દીવાની જ્યોત જેવો લાગ્યો.) (૩૪)

પોતાના આત્મ લાભથી પરિપૂર્ણ પરમેશ્વર શ્રીહરિને, ક્યારેય પણ ગર્વ (વિસ્મય) થતો નહોતો. (અહો ! મેં મોટું તપ કર્યું એવો વિસ્મય પામતા નહિ ''**तपः क्षरति विस्मयात्**'' તપ વિસ્મયથી નાશ પામે છે. એવું સ્મૃતિવચન છે) ખેદ પણ ન પામ્યા, ક્યારેય આળસ પણ ન થઈ. ધૈર્યના સર્વોત્તમ ગુણથી સમુદ્રને પણ શ્રીહરિએ જીત્યો. (૩૫)

આ પ્રકારે તપ કરતાં પ્રશાંત ધર્મપુત્ર શ્રીહરિને તપ કરતા, હે મહીપતે ! ચાતુર્માસ વ્યતીત થયો. (૩૬)

પછી દિવ્ય તપથી પ્રસન્ન થયેલા અતિ વિસ્મય પામેલા દિવ્ય વિગ્રહવાળા સૂર્ય દ્વિભુજ બનીને શ્રીહરિની પાસે આવ્યા. (૩૭)

પોતાની સમીપમાં આવતાં દિવાકરને જોઈને, મનુષ્ય નાટકને (પોતાનું ઐશ્વર્ય ઢાંકવા રૂપ મનુષ્ય ભાવને) બતાવતા પ્રભુ શ્રીહરિ સૂર્યને નમસ્કાર કરી તેની સ્તુતિ કરતા હતા. (૩૮)

વિશ્વના અંધકારને નાશ કરનારા ! દેહીઓને સુખ આપનારા ! વેદોક્ત વિધિથી બ્રાહ્મણના ગણોએ હંમેશા આરાધન કરાયેલા, પોતાની ઉપાસના કરનારાઓને અભીષ્ટ ફળ આપનારા, તેજસ્વીઓના સ્વામી, તેજના મંડળમાં રહેલા સુંદર, ત્રણવેદમય શરીરવાળા, સૂર્ય નારાયણ ! તમોને હું અભિવંદન કરું છું. (૩૯)

શ્રીહરિનું મનુષ્ય નાટ્ય જાણતા હોવાથી શ્રીહરિનો આ પ્રકારનો વિનય જોઈને હે હરે ! આપનો ઈચ્છિત વર માગો ! આ પ્રમાણે હર્ષપૂર્વક સૂર્યે શ્રી નીલકંઠને કહ્યું. પછી નૈષ્ઠિક નાટ્ય ધારણ કરતા ગુણસાગર, નિર્માન ચૂડામણી શ્રીહરિ, તાપસ-ગણોએ પોતાના ઈષ્ટદેવ પાસે જે યાચવા યોગ્ય હોય તે પોતે તપસ્વીઓની શિક્ષાને અર્થે, સૂર્ય પાસે માંગતા આ પ્રમાણે કહેતા હતાં. (૪૦)

હે સૂર્ય ! તમો જો પ્રસન્ન હો તો મારું સર્વેન્દ્રિયોથી રક્ષણ કરો. લોભ, કામ, રસ, ક્રોધ એ આદિક સમગ્ર અંતઃશત્રુઓથી મારું રક્ષણ કરો. તપમાં પણ મારું સ્થિરપણું થાઓ. બ્રહ્મચર્યાદિ ગુણો મારામાં રહો. આ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળીને ભાસ્કરે મંદ હાસ્ય સહિત શ્રીહરિને આ પ્રમાણે કહ્યું. (૪૧)

હે હરે ! તમારું આ વચન તો તમારા સ્વરૂપને નહીં જાણનારાઓને મોહ પમાડનારું છે હું તો મારા હૃદયમાં તમોને જ સર્વેશ્વર પુરુષોત્તમ જાણું છું. તમો મનુષ્ય નાટ્યથી જે શુભ ગુણો માગો છો, હે સત્પતે ! તે ગુણ ગણો તથા અસંખ્ય બીજા પણ દિવ્ય ગુણો, તમારામાં નિત્ય છે જ. (૪૨)

હે ભગવન્ ! કલ્યાણકારી, તે ગુણો તમારા પ્રતાપથી તમારા આશ્રિતોને વિષે પણ છે. તો કલ્યાણકારી ગુણસમુદ્ર તમારામાં તે ગુણો હોય તેમાં શું આશ્ચર્ય છે ? તેથી તમોએ જે મારી પાસે માગ્યું તે તો મારું સન્માન કરવા માટે અને વળી વૈરાગ્યવાળા જનોના શિક્ષણ માટે માગ્યું છે. તો પણ હે પ્રભો! તમારું ઇચ્છિત ફળો. (૪૨)

શરીરીઓના કલ્યાણ માટે કરુણાથી ધર્મદેવ થકી ભક્તિ દેવીમાં ઉત્પન્ન થયા, અનંત દિવ્ય ગુણોવાળા, જીવ સમુદાયના અંતર્યામી, સત્પતિ, હેય ઉપાધિ રહિત, પરાત્પર, સચ્ચિદાનંદોના સમુદ્ર, નિર્દોષ (સમગ્ર દોષોના સ્પર્શે રહિત) સર્વેશ્વરોના ઈશ્વર, તમોને નિરંતર હું વંદના કરું છું. હે અધીશ! તમો આ પૃથ્વીમાં ચાતુર્માસ્યાદિ યજ્ઞ કર્મનું, તથા ગર્ભાધાનાદિ સકળ સંસ્કાર વગેરે સહિત ઉત્કૃષ્ટ ધર્મનું, તમારા મહિમાથી સ્થાપન કરશો. અસુરાંશ રાજાઓ તથા ગુરુઓ વગેરે અધર્મીજનોએ નાશ કરેલો વર્ણાશ્રમનો સામાન્ય તથા વિશેષ ધર્મ તે પણ સ્થાપન કરશો. પરમશ્રેયના કારણભૂત, સનાતન, એકાંતિક ધર્મનું પણ તમો સ્થાપન કરશો. તમો એકાંતિક ધર્મનેજ વિસ્તારતા હોવાથી એકાંતિક ધર્મવાળા અસંખ્ય જનોને તમારું અક્ષર નામનું પરમ ધામ પમાડશો. (૪૪-૪૫)

પ્રધાન માયા અને પુરુષોના સમુદાયોના કારણભૂત, તમારાથી પ્રાપ્ત થયો છે. મહાપ્રતાપ જેમને એવી મૂળમાયા અને મૂળ પુરુષ છે. હે પરમાત્મન્ ! મૂળ માયા અને મૂળપુરુષ બંને નિરંતર તમોને ભજે છે. (૪૬)

સર્વથી પર જે અક્ષર પુરુષ જેમને તમોએ તમારું સકળ ઐશ્વર્ય અર્પણ કર્યું છે, તે પણ હે ઉદાર કીર્તે ! તમોને જ ભજે છે. અસંખ્ય અક્ષરમુક્તો પણ હંમેશા ઈશ્વરોના પણ ઈશ્વર તમોને જ ભજે છે. (૪૭)

હે હરે ! કાલાદિ પણ, દુઃખને નાશ કરનારી તમારી આજ્ઞા, ઉલ્લંઘન કરવા ક્યારેય પણ સમર્થ થતા નથી. તેથી અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ છે લીલા જેમની એવા તમોને કોઈની પણ ઉપમા આપી ન શકાય એવા તમો છો. (આકાશ તે આકાશ જ છે. સમુદ્ર તે સમુદ્ર જેવો જ છે, એવી રીતે મહત્ત્વપણામાં તમારા જેવા તમો જ પરાત્પર છો) (૪૮)

હે પ્રણતજનોની પીડાને હરનારા ! અનંત શક્તિવાળા ચિત્ અચિત્‌ના નિયંતા, તમારાથી પ્રકાશ પામીને વિશ્વને હું પ્રકાશ કરું છું. તમો સર્વોપરી સ્વતંત્ર છો. (તેવી રીતે સ્કંદપુરાણ તથા વાસુદેવ માહાત્મ્યમાં ''प्रकाशिता येन नयं जगन्ति प्रकाशयामो भवता रमेश, स्वयंप्रकाश प्रकाशमूर्ति प्रणता भवन्तम्'' હે રમેશ ! તમોએ પ્રકાશ પમાડેલા અમો, બ્રહ્માંડોને પ્રકાશિત કરીએ છીએ. સ્વયં પ્રકાશ, પ્રકાશમૂર્તિ તમોને, અમો નમસ્કાર કરીએ છીએ. (૪૯)

હે સ્વરાટ્ ! હે ભગવન્ ! અતિદુરંત જનોની અંદર રહેલું, મારાથી પણ અભેદ્ય, ઘાટું, સંસૃતિ કરનાર, અનાદિ અવિદ્યારૂપી અંધકાર, મૂળમાંથી નાશ કરીને અતિ તપેલા જીવોને સુખ આપવા માટે તમારા વિના કોણ સમર્થ થાય ? (૫૦)

હે સર્વેશ્વરેશ્વર ! હે પુરુષોત્તમ ! જે જનો તમારા ઉત્તમ ચરણારવિંદના મકરન્દને પામેલા છે, તે બ્રહ્માદિકનું સુખ પણ ક્યારેય પણ ઈચ્છતા નથી, તેવી રીતે અક્ષરના સુખને પણ નથી જ ઈચ્છતા. તેથી તે જનો ધન્ય (કૃતાર્થ) થાય છે. (૫૧) હે ભૂમન્ ! સંસાર રૂપી સમુદ્રમાં પડેલાઓનો ઉદ્ધાર કરનારો પ્રતાપ જેમનો છે એવા તમો, તમોને ફક્ત નમસ્કાર કરનારા પુરુષોના દુરન્ત ત્રિવિધ તાપ શમન કરવા માટે તમો સમર્થ છો. તમો તમારા આશ્રિતજનોને અતિમોટું સુખ આપશો. (૫૨)

હે સર્વાવતારી ! હે દિવ્ય વિચિત્ર શક્તિવાળા ! સદ્ધર્મ, ગાયો, બ્રાહ્મણો, મુનીંદ્રો દેવર્ષિઓ તથા દેવતાઓની પીડા નાશ કરનારા હે હરે ! શુભ ઈચ્છિત તમારા દર્શનથી તો જેમ સમુદ્ર ચંદ્રના દર્શનથી હિલોળે ચઢે તેમ હું આનંદ પામ્યો છું. (૫૩)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પરમ શ્રીહરિની આ પ્રમાણે સૂર્ય સ્તુતિ કરી અને પ્રણામ કરી અંતર્હિત થયા. પછી શ્રીહરિએ પોતાના તપની સમાપ્તિ કરી. પછી શ્રીહરિ તત્કાળ જવા માટે તૈયાર થયા, તેટલામાં શ્રીહરિના સન્મુખ મહર્ષિઓ આવ્યા. (૫૪)

પછી તે મહર્ષિઓએ સમગ્ર તપસ્વિઓએ વંદનીય શ્રીહરિને પ્રણામ કરીને ઉત્તમ સુગંધિ ચંદન તથા પુષ્પના શ્રેષ્ઠ હાર વગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. પછી જેમની આંખમાંથી આંસુ સ્રવે છે તેવા તે જનો ધર્મના પુત્ર શ્રીહરિ પ્રત્યે હર્ષપૂર્વક આવી રીતે કહેવા લાગ્યા. (૫૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિકૃત તપશ્ચર્યાદિ નિરૂપણ નામે એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૧)



અધ્યાય ૪૨ મો

મહર્ષિઓ કહે છે :- હે પ્રભો ! દયાળુ તમોએ કરુણાથી અમોને તમારા પાવનકારી દર્શન આપીને અમારા યોગ તથા તપનું ફળ આપ્યું. (૧)

તમારા આવવાથી અમો જેવી શાંતિ પામ્યા છીએ તેવી, પહેલાં આત્મદર્શન આદિકથી ક્યારેય પણ શાંતિ પામ્યા નહતા. (તમારું આગમન જ અમારા તપના ફળરૂપી શાંતિમાં કારણ છે. જે શાંતિનું કારણ હોય (પરમાત્મા) તે જ તે તપનું ફળ પણ હોય, જેમ ધ્રુવ પ્રહ્લાદાદિને ભગવત્ દર્શન થયા એ અનુમાન તેના તપનો નિર્દેશ કરે છે.) (૨)

હે દયાસાગર ! આ સ્થાનમાં તમારા નિવાસથી સ્થાવર, જંગમ પ્રાણીઓ પરમાનંદને પામ્યા છે. (૩)

હે આર્તિહન્ ! તમારા નિવાસથી તરુઓ, ફળ અને પુષ્પો વિશેષ આપે છે. પ્રાણીઓ સ્વભાવિક વૈરનો પરિત્યાગ કરે છે. (૪)

મૃગાદિ પશુઓએ પણ તમોને જોઈને ખાવા પીવા વગેરે ક્રિયાનો ત્યાગ કર્યો છે. અને એવા થઈને તમારા પ્રતાપથી યોગીઓની જેમ તત્કાળ સમાધિ પામે છે. (૫)

તમોને જોઈને મહા આનંદવાળા મયૂરો મધુર સ્વરે કુંજન કરે છે, નૃત્યકારો નૃત્ય કરે છે. (૬)

તથા વૃક્ષની ડાળીઓ ઉપર બેઠેલા અને મૌનવૃત્તવાળા વિહંગમો જાણે મહર્ષિઓના કુમારો જ હોયને શું ? એમ નિશ્ચલ બની તમારા દર્શન કરે છે. (૭)

હે પ્રભો ! અનુપમ દિવ્ય પરમાત્મા ! તમારું તીવ્ર તપ અમારા શિક્ષણ માટે છે. (૮)

નૈષ્ઠિક નાટ્યને ધારણ કરનારા તમોએ, અમોને તમારો શુભ અને અનન્ય દિવ્યભાવ બતાવીને અમોને કૃતાર્થ કર્યા છે. (૯)

હે હરે ! અક્ષરથી પર, અવતારોના કારણ, તમો આલોકમાં જીવોની આત્યંતિક મુક્તિને માટે દયા કરીને પ્રાદુર્ભાવ પામ્યા છે. (૧૦)

હે હરે ! દિવ્ય એવા સદ્‌વૃત્તાંત અને સત્ય શૌચાદિક ગુણોના મહા સમુદ્રરૂપ તમારે વિષે હંમેશા અમોને અતિશય પ્રીતિ થાઓ. (૧૧)

અતિ સંતોષ પામેલા મર્ષિઓ શ્રીહરિને આ પ્રમાણે કહીને સુંદર, શુભ નૈષ્ઠિક વેશને વર્ણન કરતાં શ્રીરિની સ્તોત્રથી સ્તુતિ કરવા લાગ્યા. (૧૨)

પર્વતો, નદીઓ, વનોમાં વસવું પ્રિય જેમને છે એવા પોતાના જનોમાં ઉત્તમ મોક્ષમાં પ્રીતિવાળા, વૈરાગ્યના સમુદ્ર, સંસારનું અપહરણ કરનારા, ધર્મજન્મા, નૈષ્ઠિકરાજ, એવા નિલકંઠ શ્રીહરિ ! તમો આલોકમાં જય પામો. (૧૩)

પવિત્ર મનોહર એવું મૃગચર્મ તથા ચલાયમાન રુચિકર જીર્ણ વસ્ત્રને ધારણ કરનારા, અને એવા છતાં પણ વિશેષ શોભાયમાન, સજળ મેઘના સમુદાયની માફક શ્યામ શરીરવાળા, નૈષ્ઠિકરાજ, નિલકંઠ જય પામો. (૧૪)

સ્પષ્ટ શુદ્ધ સુવર્ણની માફક પીળા કેશના સમુદાય રૂપી મુગટવાળા, કટિતટે મુંજના શોભાયમાન કંદોરારૂપી અલંકારવાળા, હસ્તમાં ગ્રહણ કરેલા પલાશના દંડથી શોભતા એવા નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૧૫)

અતિશય શ્રેષ્ઠ જપમાળાને ધારણ કરનારા, આઠ સચ્છાસ્ત્રોમાંથી ઉદ્ધત કરેલા સારનું નાનું પુસ્તક (ગોટકો) ખભા ઉપર જેમને છે એવા, હસ્ત કમળમાં કમંડળ જેને છે એવા. દયાળુ, નૈષ્ઠિક, નીલકંઠ જય પામો. (૧૬)

કોમળ શરીરવાળા છતાં પણ તમો કઠિન શરીરવાળા, તપમાં પ્રીતિવાળા, તપસ્વીઓનું અત્યંત અતિતીવ્ર તપ પણ તમારા તપથી કનિષ્ઠ બન્યું છે, એવા નૈષ્ઠિક રાજ નીલકંઠ જય પામો. (૧૭)

ક્યારેક ફળ, પત્ર, કંદ, મૂળને જમતા, ક્યારેક જળપીને રહેતા, પોતાનું જે દિવ્ય શ્રેષ્ઠ રૂપને

બતાવતા, શ્રી નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૧૮)

ઘણી આપત્તિઓના નિવાસ સ્થાનરૂપ વનનો નિવાસ હોવા છતાં પણ વનમાં હંમેશાં નિશ્ચય સુખપૂર્વક વર્તનારા, સર્વોત્તમ પોતાના આત્મ સ્વરૂપના લાભથી પૂર્ણ, નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૧૯)

મૃગો, મહિષો, વરાહો, ગજો તથા સિંહો તથા ગવયવો તથા બીજા વન પશુઓથી પરિપૂર્ણ એવા વનમાં હંમેશા નિર્ભય ફરનારા, જેનાથી કોઈ પર નથી, એવા નૈષ્ઠિક રાજ નીલકંઠ જય પામો. (૨૦)

માયાથી રહિત, અનાદિ સિદ્ધ અનવધિકાતિશય, શુભ, તર્કના વિષયમાં ન આવે એવા અગણિત ગુણોથી આશ્રિત છે શ્રેષ્ઠ ચરણો જેના, એવા નૈષ્ઠિક રાજ નીલકંઠ જય પામો. (૨૧)

પોતાનો વૈષ્ણવીભાવ જણાવનાર ચાંદલા સહિત સુંદર ઉર્ધ્વપુંડ્ર તિલકના ચિન્હથી શોભાયમાન લલાટવાળા, કલહ, પાપ, ખેદ તેમના સમૂહને નાશ કરનારી લીલા જેમની છે એવા, સમગ્ર ભયને નિવારણ કરનારું દર્શન છે જેમનું એવા, નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૨૨)

ચરણના કોમળ તળમાં મંગળકારી સ્વસ્તિકાદિ ચિન્હોથી ચિહ્નિત જે બંને ચરણારવિંદ તેથી પૃથ્વીને અત્યંત અધિક પાવન કરતાં ધૈર્ય સિન્ધુ, તીર્થોમાં જતા, સ્વતંત્ર, નૈષ્ઠિકરાજ જય પામો. (૨૩)

માર્ગમાં વૃક્ષોએ પક્ષિઓના શબ્દો વડે બોલાવેલા હોય ને શું ? સ્વાભાવિક વાયુના વેગથી પડતાં પુષ્પો વડે શ્રીહરિને જાણે વધાવતા હોય ને શું ? એમ પુજા કરાયેલા તરુના જન્મને પમાડનાર; પાપના સમુદાયને નાશ કરનાર દર્શન જેમનું છે એવા, નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૨૪)

તમોએ વનમાં પ્રવેશ કર્યો તેથી વનનો વહ્નિ પણ વૃષ્ટિ વિનાજ શાંતિ પામ્યો; પશુઓ સ્વાભાવિક વૈરવાળા-ઉંદર બિલાડાદિ, પોતાના સ્વાભાવિક વૈરનો પણ ત્યાગ કરતા હતા. તે તમો નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૨૫)

વનમાં હરિણોના સમુદાયો તમોને જોઈને તત્કાળ યોગીઓની જેમ સમાધિ અવસ્થા પામીને તેમના વિશાળ નેત્રોનું રૂપ પામ્યા તેવા તમો નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૨૬)

ગુપ્ત દિવ્યભાવવાળા, અતિશ્રેષ્ઠ સર્વોત્તમ તમો, તમારી પછવાડે ચાલતા મધુકરના સૃમુદાયો જે તમારા યશનું મુનિઓની જેમ ગાન કરે છે, તે તમો નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૨૭)

પાપોનો ભાર નાશ કરનારા તમોને જોઈને મધુરવાણી જેમની છે એવા સમગ્ર મયૂરો આનંદ પામ્યા અને અત્યંત આનંદથી નૃત્ય કરવા લાગ્યા. એવા તમો નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૨૮)

મંદ તથા શીતળ સુંધવાળો વનનો પવન પણ તમારી, સેવકની માફક, વારંવાર સેવા કરતો વાય છે તે તમો નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૨૯)

યોગિજનો તમારા ક્ષણવારના દર્શનથી પણ જેમ અધિક સુખ પામે છે, પરંતુ ક્યારેય પણ આત્મદર્શનાદિ

વડે સુખ નથી પામતા એ તમો નૈષ્ઠિકરાજ નીલકંઠ જય પામો. (૩૦)

મુનિઓ આ પ્રમાણે સ્તુતિ કરીને આનંદના અતિરેકથી જેમના નેત્રોમાં આંસુ છે એવા, પરમેશ્વર હરિકૃષ્ણને પ્રણામ કરવા લાગ્યા. પછી પોતે શ્રીહરિકૃષ્ણ ભગવાન પણ તે મુનિઓને અભયદાન આપીને હે રાજન્ ! જવા માટે ઉદ્યમવાળા થયા. (૩૧)

શ્રીહરિ તેમને તેમના ફળરૂપ પોતાના દર્શન આપીને, પુલ્હાશ્રમમાં રહેલા ઋષિઓને પોતાના પ્રતાપથી કૃતાર્થ કરી છે, એવા શ્રી ધર્મપુત્રે સવારમાં પુલ્હાશ્રમથી નીકળી દક્ષિણ દિશા સન્મુખ પ્રયાણ કર્યું. (૩૨)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં પુલ્હાશ્રમમાં મહર્ષિકૃત શ્રીહરિ સ્તુતિ નિરૂપણ નામે બેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૨)



અધ્યાય ૪૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિએ ઘણાં અરણ્યો, ઘણી નદીઓ તથા ઘણાં સરોવર ઉલ્લંઘન કર્યાં. એવી રીતે હિમાદ્રિની તળેટીમાં ફરતા ફરતા. (૧)

પુરુષોત્તમ શ્રીહરિ વરાહ, સિંહ, વાઘ તથા મદોન્મત્ત હાથીઓથી યુક્ત ભયંકર ગહન વનમાં આવ્યા. (૨)

કઠોર મહિષો તથા બીજા વન પશુઓથી વ્યાપ્ત વિવિધ પ્રકારના મહાવૃક્ષોથી ગહન અને દેહધારીઓથી પ્રવેશ ન કરી શકાય તેવું તે વન હતું. (૩)

તે વનમાં શ્રીહરિ ક્યારેક ડોડીની ભાજી(પાન) જમતા હતા. ક્યારેક વર્ષા ડોડીનાં ફુલ, ક્યારેક શક્કરીયાં વગેરે કંદ તથા ક્યારેક સીતાફળ જમતા હતા. ક્યારેક કેવળ પાણી પીને રહેતા હતા. (૪) ક્યારેક શ્રીહરિ એક દિવસ ઉપવાસ કરતા હતા. ક્યારેક બે દિવસ, ક્યારેક ત્રણ દિવસ, ઉપવાસ કરતા હતા. ક્યારેક અયાચક વૃત્તિ ગ્રહણ કરતા, દુઃખ જેમને ક્યારેય લાગતું નથી તેવી રીતે કાળ નિર્ગમન કરતા હતા. (૫)

સર્વદા આત્મદર્શી, નાસાગ્ર દૃષ્ટિવાળા શ્રીહરિ, ચાલતા ચાલતા રસ્તામાં રમણીય બુટ્ટોલ પત્તન નામના શહેરમાં આવ્યા. (૬) ત્યાં મહાદત્ત નામના પર્વતના બુદ્ધિશાળી રાજાએ પોતાના બગીચામાં જ્યાં વિવિધ પ્રકારના ઘર છે ત્યાં આદરપૂર્વક શ્રીહરિને ઉતારો કરાવ્યો છે. (૭)

મહાદત્ત રાજાએ બીજા પણ, બાહ્યાચારથી વૈષ્ણવો પરંતુ એકાંતમાં દુષ્ટ કર્મ કરનારા સાધુઓને, રાખ્યા હતા. (૮) મહાદત્ત રાજા, શ્રીહરિની સર્વોત્તમ પ્રજ્ઞા તથા મનોહર મહાગુણો જોઈને, અતિ વિસ્મય

પામીને નમ્રતાપૂર્વક શ્રીહરિનું સેવન કરતો હતો. (૯)

તે રાજાએ નિષ્કપટ ભાવથી, દિવસે દિવસે વિશેષ વધતી પ્રીતિથી, શ્રીહરિની સેવા કરી. શ્રીહરિ પણ ત્યાં થોડો સમય રહ્યા. (૧૦)

સૌંદર્યના સાગર શોભાયમાન એવા સ્વભાવ અને સદ્‌ગુણોના સ્થાનભૂત, શ્રીહરિમાં નગર વાસીઓની પ્રીતિ સર્વથી અધિક થઈ. (૧૧)

શ્રીહરિના હર્ષપૂર્વક દર્શન કરનારા જનોએ તેમનાં બીજા તમામ કાર્યો ત્યાગ કરી દીધા, શ્રીહરિના દર્શનમાં સંલગ્ન થયેલો મનુષ્ય તેના નેત્રો શ્રીહરિની મૂર્તિથી બીજે ખેંચવા સમર્થ ન જ થયો. (૧૨)

હે મહીપતે ! શ્રીહરિના વારંવાર દર્શન કરનારા જનોને જાણે તે દર્શન નવીન જ હોય એમ ઘણો સમય દર્શન કરવા છતાં, તે ક્ષણ સમાન જ લાગતો. (૧૩)

તે રાજાની બેન માયાદેવી, શ્રીહરિને મોક્ષકારી જાણીને, હંમેશા બહુ પ્રેમપૂર્વક પોતાના ભાઈ વગેરે પાસે શ્રીહરિની સેવા કરાવતી હતી. (૧૪)

હે રાજન્ ! ભાઈ બેન બંને, શ્રીહરિના પ્રતાપથી, અસાધુમાં સાધુ બુદ્ધિ નાશ પામી ગઈ તેથી, શ્રીહરિને જ ઉત્તમ અને સાચા સાધુ માનવા લાગ્યા. (શ્રીહરિની વાર્તા સાંભળવાથી પ્રાપ્ત થયેલ સત્ અને અસત્ સાધુના વિવેક જ્ઞાનવાળા બંને જણ પોતે રાખેલા શ્રીહરિ વિના બીજા સાધુઓના દુષ્ટ લક્ષણોથી તેમને અસાધુ જાણીને સત્યસાધુ શ્રીહરિને જ જાણીને તે બંને શ્રીહરિની સેવામાં આસક્ત થયાં.) (૧૫)

બીજા સાધુઓ, કૃપાળુપણું વગેરે સાધુનાં લક્ષણો શ્રીહરિમાં જોઈને પોતાનું દુરાત્માપણું હવે બહાર પડશે તેવા ભયથી, તે સ્થાનમાંથી નાસી ગયા. (૧૬)

કળિયુગમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોનો પરસ્પર વિવાહ અયોગ્ય છે. વિધાનને નહીં જાણતી, શ્રીહરિમાં અત્યંત અનુરાગને ધારણ કરતી. (૧૭) શ્રીહરિની સાથે પોતાની કન્યાનો વિવાહ કરવા માટે ઇચ્છતી માયાદેવીની પ્રેરણાથી, બુદ્ધિમાન રાજાએ પણ પોતાની બેનની ઇચ્છા પ્રમાણે પ્રીતિપૂર્વક તેનો સંકલ્પ પૂરો કરવા આ પ્રમાણે વચન કહ્યું. (૧૮)

મુનીંદ્રોને દુર્લભ લોકોના નેત્રોને મોહ કરનારું આ શરીર, તમોએ અતિતીક્ષ્ણ તપ કરીને અતિ કૃષ કેમ કર્યું ? (૧૯) કિશોર અવસ્થામાં પણ તમોએ મહાન તપ આરંભ્યું તે યોગ્ય નથી. (આ ઉંમરે તો નાના પ્રકારના વિષયો ભોગવવા જોઈએ. મનુષ્ય જન્મમાં આવી ઉંમર ફરીથી પ્રાપ્ત થતી નથી. આવી તપશ્ચર્યા તૃતીય ઉંમરમાં (વૃદ્ધપણામાં) કરવી.) વિષયોથી તો વૃદ્ધો પણ હણાય જાય છે. (ખેંચાય છે) (૨૦) વિષય પ્રાપ્તિને માટે લોકો નિરંતર પ્રયત્ન કરે છે. તમો તો તે વિષયોનો અનાદર કેમ કરો છો ? (૨૧)

હે મુને ! તરુણાવસ્થામાં દુર્જય ઇન્દ્રિયોરૂપી વેરીઓનું બળ વૃદ્ધ પામે છે. તો તમો તરુણાવસ્થામાં વિષયો વિના કેવી રીતે કહેવા સમર્થ થશો ? (૨૨)

પાપરુપ ચોથા યુગમાં નૈષ્ઠિક બ્રહ્મચર્ય તો દુઃસહ અને અશક્ય જણાય છે. હે બ્રહ્મન્ ! તે નૈષ્ઠિક બ્રહ્મચર્ય જીવન પર્યંત તમો કેવી રીતે પાળશો ? (૨૩)

તેથી હે વર્ણિન્ ! તમો અમારી બેનની કન્યાનો પાણી ગ્રહણ કરો, મેં અર્પણ કરેલા આ રાજ્યમાં રહીને, દેવતાઓને પણ ઈચ્છિત ભોગોને ભોગવો. (હમણાં જો મારું વચન તમો નહીં સ્વીકારો તો આગળ પ્રાપ્ત થયેલા વિષયો જ્યારે તમને પરાભવ પમાડશે ત્યારે પશ્ચાતાપ થશે. પ્રાપ્ત થયેલી વસ્તુનો અનાદર મુર્ખ લોકો કરે છે.) (૨૪)

પોતાના દિવ્યાનંદથી સુખવાળા આત્મારામ (મુનિઓ) ના પતિ, ધીર, પવિત્ર મંદ હાસ્યવાળા, શ્રીહરિ, રાજાનું આવું વચન સાંભળીને રાજા પ્રત્યે વચન બોલ્યા. (૨૫)

હે રાજન્ ! અમો અમારા આત્મસુખમાં પ્રીતિવાળા છીએ. તમો વિષયાસક્ત ચિત્તવાળા હોવાથી દેહાભિમાની છો, તે તમારું વચન અમો નહીં માનીએ. (૨૬)

હે રાજન્ ! ઝેરની વેલ સમાન મળથી પૂર્ણ શરીરવાળી સ્ત્રીનો સંકલ્પ, મને અતિ વૈરાગ્ય હોવાથી, સ્વપ્નમાં પણ ક્યારેય થતો નથી. (૨૭)

ત્વચા, માંસ, રુચિ, સ્નાયુ, મેદ, મજ્જાદિથી નિર્માણ કરેલા સ્ત્રી શરીરમાં જે આસક્ત છે તે મનુષ્યો કીડા સમાન છે. (૨૮)

બ્રહ્મમાં સ્થિતિવાળાં, ભગવાનમાં જોડ્યું છે મન જેણે, એવા પુરુષના મનને કામાદિશત્રુઓ પરાભવ કરવા માટે સમર્થ નથી જ થતા. (૨૯)

હંમેશા સ્વાનંદપૂર્ણ મને, તે વિષયો, ક્ષોભ પમાડવા માટે સમર્થ નથી થતા. તેથી મારું બ્રહ્મચર્યવ્રત નિર્વિઘ્ન થશે. (૩૦)

(તમોએ કહ્યું કે મેં અર્પણ કરેલા રાજ્યમાં દેવતાઓએ પણ ઈચ્છેલા ભોગોને ભોગવો ત્યાં કહીએ છીએ.) હે રાજન્ ! સમગ્ર નરક દુઃખોના ઉપભોગોનું ઉપમાન, સર્વદોષો (અધર્મ સર્ગમાં રહેલા લોભ, કામ, રસાસ્વાદ વગેરેનું) ના સ્થાનરૂપ અનેકવિધ ક્લેશોથી સંપૂર્ણ ભરેલું રાજ્યનું સુખ છે. તેથી રાજ્યના સુખની અમોને ઈચ્છા નથી. (૩૧)

કેવળ નાના પ્રકારના ક્લેશને કરનારા વિષયો સંસારમાં વારંવાર ઉત્પત્તિના બીજરૂપ છે અને પોતાના સંબંધિ અને મિત્રોમાં વેરના કારણભૂત છે. (૩૨)

જેનો અત્યંત ત્યાગ ન થઈ શકે તેવા વિષયો, તે જનોને પોતામાં સમ્યક્ વિશ્વાસ ઉત્પન્ન કરીને છેતરે છે, કોની માફક ? તો ઉપરથી રમણીય અને અંદરથી અનર્થ કરનારા ઠગારાઓ જેમ જનોને ઠગે છે; તેવી જ રીતે. (૩૩)

વળી સર્પના મસ્તક ઉપર રહેલો સ્ફુરાયમાન મણી લેનાર પુરુષને સર્પે કરેલા ડંશથી જેમ મોટી પીડા થાય, તેવી રીતે વિષયોને ભોગવનારને પણ પીડા થાય છે. (૩૪)

તરવારની ધાર ઉપર ચોંટેલ મધ ચાટનારને જેમ દુઃખ થાય, તેમ હે રાજન્ ! તેવી રીતે વિષયો ભોગવનારને મોટું દુઃખ થાય છે. (૩૫)

હે રાજન્ ! ધન, રાજ્ય, તરુણવય, એ વીજળીના ઝબકારાની માફક અતિ ચંચળ છે. વિષયો પહેલાં રમણીય લાગે છે. પછી સંતાપ કરનારા છે. (તેવી અભિયુક્તિ છે) **''शरदम्बुधरच्छायागत्वार्यो यौवनश्रियः । आपातरम्या विषयाः पर्यन्तपरितापिनः''** । (૩૬)

ચિંતા, ઈર્ષ્યા, મદ્‌મત્સર, ક્રોધ, હિંસા, માન વગેરેમાં કારણભૂત વિષયો શત્રુઓ છે. તેથી વિષયોમાં ક્યારેય પણ મને ઈચ્છા નથી. (૩૭)

તે રાજા, આ પ્રકારે સંસારના રોગનું ઔષધરૂપ શ્રીહરિનું વચન સાંભળીને, પરમ વિસ્મય પામ્યો અને નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિને જોવા લાગ્યો. (૩૮)

પછી નરેન્દ્ર ચંદ્રની કાંતિ સમાન શ્વેત દિવ્ય તેજના સમુદાયથી વીંટાયેલા, દિવ્ય સ્વરૂપવાળા, મનને પ્રિય, દર્શનીય, મહાસૌંદર્યવાળા. (૩૯)

સ્ફુરાયમાન દિવ્ય વસ્ત્રોવાળા, વિવિધ પ્રકારના દિવ્ય વિભૂષણોથી વિભૂષિત, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિન્હ વાળા, કંઠમાં ધારણ કર્યો છે. કૌસ્તુભમણી જેમણે એવા, કંઠમાં ધારણ કરી છે વનના મોગરાના પુષ્પની માળા જેમણે એવા, (૪૦)

દિવ્ય શરીરવાળા, અક્ષરનામના અનેક મહામુક્તોએ અતિસુંદર ચંદન તથા પુષ્પના હારવડે પૂજેલા. (૪૧) સર્વથી અધિક દિવ્ય એવા એક એક અવયની મહાન શોભાએ, અનેક લોકોની શોભાનો તિરસ્કાર કરતા અચ્યુત. (૪૨)

રાજાની બેન તથા સંબંધી જનો પણ શ્રીહરિને દૂરથી પૂર્વોક્ત પ્રકારે જોવા લાગ્યા. તે બધા મુહૂર્ત પર્યંત શ્રીહરિના નિરીક્ષણથી અતિઅધિક સુખીયા થયા. (૪૩)

પછી શ્રીહરિના સંકલ્પથી જ રાજા વગેરેએ શ્રીહરિને ફરી પૂર્વવત્ વર્ણીવેશવાળા જોયા. પછી નરેન્દ્ર હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૪૪)

હે હરે ! તમારી નિષ્કારણ અપાર કૃપાથી તમારું પરાત્પર અનુપમ સ્વરૂપ મેં જોયું. કે જેની પ્રાપ્તિ માટે મુનીંદ્રો પણ હંમેશા અષ્ટાંગ યોગ તથા તપ વગેરેમાં યત્નશીલ રહે છે. (૪૫)

હે હરે ! સંકલ્પ માત્રથી કરોડો બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા તમોજ છો. તે તમો માયાથી ઉત્પન્ન થયેલ સંસારના પ્રવાહથી અસંખ્ય ગુણાત્મક (ત્રણ ગુણવાળા) જનોનો સમ્યક્ પ્રકારે ઉદ્ધાર કરવા માટે જ આ લોકમાં ઉત્પન્ન થયા છો. (૪૬)

હે હરે ! દુઃખાત્મક અગાધ જળથી ભરેલા રાજ્યરૂપ આંધળા કૂવામાં પડેલો (લીલા ઘાસને ચરનાર પશુની માફક, મધના બિંદુની માફક વિષયોને ભોગવતો) હું, હે કરુણાસાગર ! મારો હાથ ગ્રહણ કરીને તમોએ રાજ્યરૂપી અંધારા કૂવામાંથી મને બહાર કાઢ્યો છે. (૪૭)

તીર્થને તીર્થત્વ આપનાર તમારા ચરણકમળના સ્પર્શથી તમોએ મારો મહેલ નિશ્ચય પવિત્ર કર્યો છે. હે ભૂમન ! પુરુષોત્તમ ! તમોએ મારો જન્મ આજે કૃતાર્થ કર્યો. (૪૮)

દેહાભિમાનરૂપી સર્વના દંશથી નાશ પામેલી વિવેકદૃષ્ટિવાળો, વિયોગરૂપી વનમાં રહેનારો, કામાદિ અંતઃશત્રુરૂપી સિંહોથી અત્યંત પીડા પામેલો હું, આ લોકમાં માયા પર તમોને કેવી રીતે જાણું ? (૪૯) હે દીનબંધો ! તમારું દિવ્યરૂપ બ્રહ્માદિક દેવેન્દ્રોને પણ પ્રાપ્ત ન થઈ શકે તેવું છે, તથાપિ તમોએ કૃપાથી જ મને બતાવ્યું છે. જેની પ્રાપ્તિ માટે રાજાઓ વનમાં ગયા હતા. (૫૦)

હે ઈશ ! તમારા પાદસ્પર્શથી રહિત જે રાજમહેલ, નાના પ્રકારની સંપત્તિઓએ સહિત હોય તો પણ સ્મશાન તુલ્ય છે. તે મહેલ તમારા પાદતીર્થને આજે પામવાથી આ લોકમાં ધન્ય બન્યો છે. (૫૧)

હે હરે ! તમારા મહિમાથી અજ્ઞાત મેં તમોને અયોગ્ય કહ્યું, તો મારો તે અપરાધ તમો ક્ષમા કરીને તમારો દાસ જે હું તે મારું રક્ષણ કરો. સમગ્ર પીડાને નાશ કરનારા તમોને હું વારંવાર વંદન કરું છું. (૫૨)

પછી અત્યંત સ્નેહયુક્ત તે રાજાની બેન, શ્રીહરિને પરમેશ્વર જાણીને દૂર ઊભા રહીને (મહા વિભૂતિ નામના પરબ્રહ્મ શ્રીહરિ માટે અયોગ્ય સંકલ્પના આચરણથી ત્રાસ પામેલી હોવાથી દૂર જ રહીને) સ્નેહના અશ્રુથી ભરપૂર નેત્ર તથા રોમાંચિત બનેલા ગાત્રોવાળી માયાદેવી સ્તુતિ કરવા લાગ્યાં. (૫૩)

હે પ્રણતૈકબંધો ! રાધા, રમા વગેરે તમારી એકાંતિક ઉપાસનાવાળી શક્તિઓ હે પરમેશ્વર ! તમારા ચરણકમળને અત્યંત પ્રેમથી સેવે છે તે ચરણ કમળોમાં મને સર્વદા પ્રીતિ અને દાસપણું રહો. આ લોકમાં પ્રાપ્ત થયેલા રાજ્યસુખમાં મને પ્રીતિ ન થાય. (૫૪)

હે હરે તમોને આરાધીને જે સ્ત્રી પ્રાકૃત વિષયોનું અલ્પ સુખ ઈચ્છે છે, તે સ્ત્રી નિશ્ચય અતિ મંદ બુદ્ધિવાળી છે. તમારા વિના અન્ય મનુષ્યો તથા દેવો તો સ્ત્રીઓને ક્રીડા કરવાના મૃગલાઓ છે, તેથી વિશેષપણાથી તેને પરિત્યાગ કરવા યોગ્ય હું જાણું છું. (૫૫)

મલાત્મક અશુદ્ધ પદાર્થોથી ભરેલા દેહવાળા કામથી અત્યંત વ્યાકુળ, કાળરૂપી મહાન સર્પથી સદા બીતા, તેથી જ પરાધીન મનુષ્યો, દેવતાઓ સ્ત્રીઓનું હિત શું કરે ? ન જ કરે. (**योषित् प्रयम्** – અહીં ગર્ભધારણ, પ્રસ્વવેદના વગેરે દુઃખોથી ભરપૂર સ્ત્રી જન્મ હવે પછી ન થાય અને બ્રહ્મરૂપ બની ભગવત્ સેવામાં રહેવાય) તેથી હે ઈશ્વર ! તમારે વિષે મને ભક્તિ થાય. (૫૬)

રાજાની ભગિની, ધર્મપુત્ર શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરીને વિરામ પામી, પછી શ્રીહરિ રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. તમોએ મારું જે દિવ્યરૂપ જોયું તે સ્વરૂપનું હંમેશા દઢતાપૂર્વક વિશેષપણે ચિંતવન કરવું. (૫૭)

તમો હંમેશા તમારા ધર્મમાં રહીને સ્નેહથી દરરોજ મને ભજો, અંતકાળે મારા પરાત્પર અક્ષરધામમાં રહેલા મને જ તમો પામશો.

આ પ્રમાણે શ્રીહરિનું વચન સાંભળીને, અત્યંત પ્રસન્ન થયેલા, પોતાની બહેને પ્રેરણા કરેલા

ભૂમિપતિ, પરમેશ્વર શ્રીહરિને, કૌસુમહાર, પુષ્પના હાર, બાજુબંધ, કંકણ, કલગીઓ તથા તોરા વગેરેથી તેમ જ અતિ સુંદર ઉપચારોથી તેમ જ ચંદનથી, હર્ષપૂર્વક, પૂજ્યા. (૫૯)

આ પ્રકારે શ્રીહરિએ કૃપાથી તેઓને પોતાના સર્વોત્કૃષ્ટ દિવ્ય સ્વરૂપનું જ્ઞાન કરાવીને, તે પુરના ઘણા મુમુક્ષુઓને પોતાના આશ્રિત કરી, શ્રીહરિએ દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. (૬૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીયસ્કંધમાં બુટ્ટોલપત્તનીય શ્રીહરિચરિત્ર વર્ણન નામે તેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૩)



અધ્યાય ૪૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિએ વનમાં કેટલાક દિવસ ચાલતા ચાલતા કેટલાક દિવસે એક અત્યંત ઘાટી છાયાવાળો મોટો વડ જોયો. (૧)

અષ્ટાંગ યોગથી જેને ઉપશમ અવસ્થા પ્રાપ્ત થઈ છે, તે ગોપાળયોગી તે વડ નીચે રહેતા હતા. તેમણે શ્રીહરિને દૂરથી આવતા જોઈને, તેમની સન્મુખ જઈને, આદરપૂર્વક તેમને વંદના કરી. (૨)

મહા તેજસ્વી, જાણે મૂર્તિમાના બ્રહ્મચર્ય હોય ને શું ? એમ આશ્ચર્યપમાડનારા શ્રીહરિને જાણી, પરમ પ્રેમવડે તેમનું સન્માન કરીને, તેમને પોતાની સમીપમાં રાખ્યા. (૩)

અષ્ટાંગ યોગના અભ્યાસ કરનારા ગોપાળયોગીની સાથે શ્રીહરિ પુરુષોત્તમ કેટલાક માસ તેમને પ્રસન્ન કરવા રહ્યા. (૪)

પછી મનુષ્ય નાટ્યધારી, પ્રત્યક્ષ સર્વજ્ઞ શ્રીહરિ ગોપાળયોગી પાસેથી થોડા જ સમયમાં અષ્ટાંગ યોગ શીખ્યા. (૫)

શ્રીહરિએ યોગશાસ્ત્રનું એકવાર શ્રવણ કર્યું અને તે તત્કાળ સિદ્ધ કરી લીધું. તેથી વિસ્મય પામેલા ગોપાળયોગી શ્રીહરિને 'આ સાક્ષાત્ ભગવાન જ છે' એમ માનતા હતા. (૬)

સમગ્ર જનોથી અતિ ઉત્તમ સત્ય, શૌચ, કૃપાળુતા વગેરે ગુણો જોઈને શ્રીહરિ **यथाहं ज्ञातिनां गुरुः** એમ શ્રીમદ્‌ભાગવતમાં પોતાના મિત્ર દ્વિજ પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે. ''**वृत्तोगुरुर्नः स्वगतिं बुभुत्सताम्**' એ પ્રમાણે મત્સ્ય ભગવાનને ઉદ્દેશીને સત્યવૃત્ત રાજાએ કહ્યું છે. પરમાર્થનું જ્ઞાન જ ગુરુ આપે છે અને તેને પરમેશ્વર સ્વરૂપની ભાવના કરી આજ ગુરુ કરવા યોગ્ય છે એમ જાણવું.) (૭)

અતિ વૈરાગ્યવાળા હોવા છતાં પણ પોતાને શ્રીહરિમાં ઉત્પન્ન થયેલી પ્રીતિથી (બીજા ગુરુઓ તો ફક્ત નામધારી છે સાચા ગુરુ તો આજ) અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળા ગોપાળ યોગીએ શ્રીહરિને ગુરુ માન્યા. (૮)

ગોપાળયોગીએ, પોતાના આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ માટે શ્રીહરિની ભક્તિરૂપ પરિશ્રમ લઈને, શ્રીહરિને યોગ શિખવાડ્યો તેથી સર્વજ્ઞ શ્રીહરિએ તેમને પોતાનું દિવ્યસ્વરૂપ બતાવ્યું. (૯)

ગોપાળયોગીએ ચંદ્રની રમણીય પ્રસરતી કાંતિ જેવા શીતળ અને નેત્રોને આનંદ આપનારા શુભ તેજથી વ્યાપ્ત શ્રીહરિને જોયા. (૧૦)

સુંદર શોભાયમાન મુખમાં મંદહાસ્ય જેમને છે એવા, કરુણાથી પૂર્ણ નેત્રવાળા, નેત્રને આનંદ આપનારા, તેજોમય, પ્રસરતા તેજ પ્રધાનથી દર્શનીય વિરાજમાન. (૧૧)

કરોડો કામદેવને મહાઆશ્ચર્ય પમાડનારી, લક્ષ્મીથી યુક્ત, દિવ્યાલંકારવાળા, શોભાયુક્ત, વીજળીની જેવા તેજસ્વી વસ્ત્રોવાળા. (૧૨)

ગોળ કુંકુમનો ચાંદલો તેની શોભાથી દેદીપ્યમાન છે મધ્ય ભાગ જેમનો એવું કેસર યુક્ત ચંદનથી કરેલું ઉર્ધ્વપુંડ્રાકૃતિ તિલક રમણીય લલાટમાં ધારણ કરતા. (૧૩)

અનંત કોટિ અક્ષર મુક્તોએ દિવ્ય ઉપચારથી અતિ આનંદપૂર્વક પૂજેલા, તે મુક્તોને ઉત્તમ સુખ આપનારા, (૧૪)

ગોપાળયોગીન્દ્રે, પુરુષોત્તમ શ્રીહરિને જોઈને, પુલકિતાંગ થઈ પ્રેમાશ્રુઓ સાથે ગદ્‌ગદ્ વાણીથી સ્તુતિ કરી. (૧૫)

(मथ्यमानक्षीरनिधिप्रोत्पन्नसुरभीसमैः । श्लोकैस्तं सप्तभिक्षास्तौद् गोपालौ योगिराड् हरिम्')

હે ભગવન્ જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો (તમારા અનંત અવતારોએ નહિ બતાવેલો ઉત્કર્ષ અવતારી તમો આવિષ્કાર કરો) નિશ્ચય ઘણા કાળ પર્યંત મેં કરેલા શુભ યોગ તથા તપના ફળરૂપ તમારું દર્શન તમારી અતિ દયાથી હું પામ્યો. આ લોકમાં વિષયમાં પ્રીતિવાળા યોગીઓએ દુર્લભ આપના દિવ્ય દર્શન હું પામ્યો છું. માટે હું કૃતાર્થ છું. (૧૬)

પૃથ્વીમાં જે જનો તમારી ઉપાસના વિના પોતાના આત્મદર્શન પામવાને ઈચ્છે છે, તે જનો આકાશને ચાટવાની ઈચ્છાવાળા જેમ તેમાંથી રસ મેળવી શકતા નથી, તેમ ક્યારેય પણ આત્મદર્શનરૂપ સિદ્ધિ પામતા જ નથી. (૧૭)

હે હરે ! હમણાં તમોએ મને પ્રત્યક્ષ દર્શન આપ્યા તેવી તમારી કૃપાથી, મેં જેવી આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરી છે તેવી આત્મદૃષ્ટિ ઘણા પ્રકારના દુષ્કર પ્રયત્નો આગળ યોગીઓએ કર્યા હતા છતાં પણ તેમને નિશ્ચય તે પ્રાપ્ત થઈ નથી. (૧૮)

હે પ્રભો ! મારા મનમાં તમારી અર્ચા (મૂર્તિ)ના નખરૂપી ચંદ્રમાના મંડળોથી શોભાયમાન એવા તમારા ચરણ કમળનું સદા ધ્યાન કરવાથી, કાળાગ્નિથી તપેલા જનોને શાંતિ થાય છે. તમારી અર્ચામૂર્તિમાં આવું ઐશ્વર્ય છે તો તમો પ્રત્યક્ષ છો ત્યારે અંતઃશત્રુએ કરેલા પરિતાપની શાંતિ થાય તેમાં તો કહેવું જ શું ? (૧૯)

માયાથી અત્યંત પર, પોતાના અક્ષરધામમાં રહેલા, હંમેશા અનવદ્ય સ્વરૂપવાળા, પોતાના દર્શનથી પોતાના આશ્રિતજનોને સંસારના સંબંધમાંથી છોડવવા મનુષ્ય નાટ્ય ધારણ કરતા, પુરુષોત્તમ એવા તમારે વિષે મારું મન રમો. (૨૦)

સમગ્ર ભુવનપાલોના મુગટોની પંક્તિમાં રહેલા મણિઓના કિરણોથી વ્યાપ્ત છે ચરણકમળનો બાજોઠ જેમનો એવા, અવતારોના કારણ સ્વરૂપ, બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તે છે પ્રગટલીલા જેમની એવા તમો છો. (૨૧)

શુભ સૌશીલ્ય, વાત્સલ્ય તથા રમણીયતા વગેરે ગુણોના એક જ સ્થાનરૂપ, પ્રણત જનોની પીડા હરનારા, અક્ષરથી પર, મુનિઓનું વારંવાર રક્ષણ કરનારા, ધર્મના વંશરૂપી કમળને પ્રકાશ કરનાર સૂર્યનારાયણ એવા તમોને હું નમસ્કાર કરું છું. (૨૨)

ગોપાળયોગી, સર્વના નિયંતા, પરમાત્મા, અચ્યુત શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરીને વિરામ પામ્યા. અને પોતાના આત્માને પૂર્ણ મનોરથવાળો માનવા લાગ્યા. (૨૩)

(શ્રીહરિના અહીં આવતા) પહેલાં ભેંસો તથા ગાયોને સારું તાજું ઘાસ ચરાવવા માટે આવતા ગોવાળીયાઓએ ગોપાળયોગીના આશ્રમની સમીપમાં પોતાનો નેસ (આભીરપલ્લી) બાંધ્યો હતો. (૨૪)

શ્રીહરિના આવતા પહેલાં આ વનમાં રાત્રે વાઘ ત્રાડ પાડતા આવીને, ગોવાળીયાઓને બીવડાવીને, આ પશુને હણતા હતા. (૨૫)

હે રાજન્ ! જ્યારે સ્વયં શ્રીહરિ ત્યાં ગોપાળયોગીના આશ્રમમાં આવ્યા ત્યારે શ્રીહરિના પ્રતાપથી ત્યાં ક્યારેય પણ વાઘ વગેરે હિંસક પશુ આવતા ન હતા. (૨૬)

તેથી સર્વે ગોવાળો જે ગોપાળયોગીના શિષ્યો હતા તે વિસ્મય પામ્યા અને શ્રીહરિનો, અખિલેશ્વર પરમાત્મા જાણી આશ્રય કર્યો. (૨૭) પછી ગોપાળયોગી જેમને શ્રીહરિની પ્રાપ્તિથી પ્રાપ્ત થયું છે યોગનું સત્ફળ, તેઓ શ્રીહરિની પ્રીતિપૂર્વક વિવિધ પ્રકારના પૂજાના ઉપચારોથી પૂજતા હતા. (૨૮)

પછી ગોપાળયોગીએ, યોગપ્રિય પોતાની સમીપમાં બેઠેલા શ્રીહરિને નિર્નિમેષ દૃષ્ટિથી જોઈને દૃઢ આસન વાળી, શાંત ચિત્તથી તત્કાળ દેહનો ત્યાગ કર્યો. (૨૯)

પુરુષોત્તમ શ્રીહરિ ગોપાળયોગીને પોતાના દિવ્ય ધામમાં લઈ ગયા. પછી તેમના દેહની અગ્નિસંસ્કાર ક્રિયા કરીને શ્રીહરિ તત્કાળ તે સ્થાનથી ચાલ્યા. (૩૦)

હે રાજન્ ! પછી પૂર્વ દિશામાં ચાલતા ધીર શ્રીહરિ મહાવન ઉલ્લંઘીને આદિવારાહ નામના સત્ તીર્થમાં આવ્યા. (૩૧) શ્રીહરિએ, આદિવારાહ તીર્થમાં ત્રણ દિવસ રહીને, ઘણા મુમુક્ષુઓને પોતાના આશ્રિત કરીને તેમને સંસારના પાશ થકી મુકાવ્યા. (૩૨)

જન હિતમાં જ પ્રીતિવાળા શ્રીહરિ પોતાના સુંદર ચરણોના વિન્યાસથી (મુકવાથી પૃથ્વીને સ્વર્ગની શોભાથી પણ અતિ સુશોભિત મંગળકારી કરતા) હે નરેન્દ્ર ! ત્યાંથી બંગાળ દેશ તરફ ચાલ્યા. (૩૩)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિ ગોપાળયોગી સંયોગ નિરુપણ નામે ચુંમાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૪)



અધ્યાય ૪૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી સીરપુર આવેલા શ્રીહરિનો તે પુરના અધિપતિ સિદ્ધ વલ્લભ રાજાએ સત્કાર કર્યો. એ રીતે પ્રાણીઓનું શ્રેય કરવાની ઈચ્છાથી શ્રીહરિએ સીરપુરમાં નિવાસ કર્યો. (૧)

તે પુરમાં તામસ દેવતાઓના મંત્રની સાધનાવાળા, ઉપરથી તપસ્વી જણાતા, કૌપીનરૂપી એક વસ્ત્રવાળા, ક્ષુદ્ર દેવતાઓની ઉપાસનામાં પ્રીતિવાળા, સિદ્ધો પણ હતા. (૨)

અસદ્વાસનવાળા પ્રાણીઓને ઠગવાના કર્મવાળા, પરસ્ત્રીના સંગથી દૂષિત આચરણવાળા, તે કુકર્મને ઢાંકતા એકસો એક કપટી સિદ્ધો હતા. (૩)

વિષયમાં આસક્ત ચિત્તવાળા તે સિદ્ધો દંભથી ત્યાગીની માફક વર્તતા હતા અને પોતાનું સિદ્ધપણું હંમેશા સિદ્ધ કરતા હતા. (૪)

તે એકસો એક સિદ્ધો ગ્રીષ્મ સમયે પણ છાંયા વિનાના સ્થાનમાં રસની (સ્વાદુ ભોજનની) લાલચથી પરાણે રહેતા હતા. પછી વર્ષાઋતુમાં ઘણો વરસાદ થયો છતાં પણ રસયુક્ત ભોજનની લાલસાવાળા તે સિદ્ધો તે મેઘની ધારા પણ સહન કરતા હતા. (૫)

હે રાજન્ ! સિદ્ધપણાના અભિમાનવાળા આ સિદ્ધો રાજાના કોટમાં (કિલ્લામાં) છાંયા રહિત સ્થાનમાં હંમેશા રહેતા હતા. પ્રભુ શ્રીહરિ પણ ત્યાં છાંયા રહિત સ્થાનમાં રહેતા હતા. (૬)

સિદ્ધો છે પ્રિય જેમને એવા ભાવવાળા સિદ્ધવલ્લભ નામથી પ્રસિદ્ધ પામેલા, તે રાજા પણ હંમેશા તે સિદ્ધોને ઈચ્છિત ભોજન જમાડી તૃપ્તિ પમાડતા હતા. (૭)

હે રાજન્ ! મુમુક્ષુ રાજા પાસે તે સિદ્ધોનો દંભ પ્રગટ થશે એમ શ્રીહરિની ઈચ્છા હોવાથી તે પ્રમાણે જ બન્યું. (૮)

રાત્રે વીજળીના ઝબકારા સાથે વરસાદ ખૂબ વરસ્યો. તેમાં મેઘની ભયંકર ગર્જનાઓ વારંવાર થવા લાગી. (૯)

અતિશય પવન તથા મૂશળધાર વરસાદ પડવાથી પીડા પામેલા તે દાંભિકોએ રાત્રિના બે પ્રહર તો દુ:ખથી કાઢ્યા. (૧૦)

ત્યારબાદ મૂશળધાર વરસાદ સહન ન કરી શકવાથી તે પાંચ પાંચ કે છ છ મળીને તત્કાળ

ત્યાંથી પલાયન થઈ ગયા. ફક્ત પાંચ કે છ બાકી રહ્યા. (૧૧)

સવારે જ્યારે સૂર્યનારાયણ ઉદય થયા ત્યારે તે સિદ્ધવલ્લભ રાજા પોતાનો આન્હિક વિધિ કરીને તે સિદ્ધોને વંદના કરવા ત્યાં આવ્યા. (૧૨)

ત્યાંથી બધા સિદ્ધો પલાયન કરી ગયા હોવાથી બાકી રહેલા પાંચ છ સિદ્ધોના મુખની શોભા નાશ પામી ગઈ હતી, તે રાજાએ ત્યાં જોયું. પરંતુ શ્રીહરિકૃષ્ણ ભગવાન તો જેવા પૂર્વે જોયા હતા તેવાને તેવા જ મંદહાસ્યે યુક્ત વિરાજમાન ત્યાં રાજાએ જોયા. (૧૩)

તેથી રાજા સર્વ સિદ્ધોનો દંભ જાણી ગયા અને કેવળ એક હરિનેજ સમગ્ર સાધુઓમાં શ્રેષ્ઠ સાચા સિદ્ધ જાણવા લાગ્યા. (૧૪)

પછી રાજા અતિ આદરપૂર્વક શ્રીહરિનું પૂજન કરીને પોતાના નિવાસસ્થાનમાં ગયા ત્યારથી આરંભીને તે પુરમાં ત્રણ દિવસ પર્યંત અતિવૃષ્ટિ થઈ. (૧૫)

બીજે દિવસે બાકી રહેલા પાંચ સિદ્ધો પણ પલાયન કરી ગયા. તે સ્થાનમાં ફક્ત એક શ્રીહરિ જ રાજા ઉપર અનુગ્રહ કરવા માટે રહ્યા. (૧૬)

પછી શ્રીહરિની ઈચ્છાથી તીવ્ર વાયુ સહિત વૃષ્ટિ શાંત પડી સૂર્ય પૂર્ણ સ્વરૂપે પ્રકાશિત થયો. ભૂમિ ઉપરથી કાદવ સુકાઈ ગયો. (૧૭) પછી રાજા શ્રીહરિના મુખકમળ બે મુહૂર્ત નિરંતર મધુર, ઉત્તમ અને પવિત્રતા પમાડે તેવી વેદ શાસ્ત્ર અનુસાર, આત્મા પરમાત્માના સ્વરૂપના જ્ઞાને સહિત, ભગવાનના ચરિત્રોની વાતો સાંભળતા હતા. (૧૮)

કેટલાક દિવસોથી રાજાને શ્રીહરિ વિષે ભક્તિ ઉત્પન્ન થઈ હતી, તેથી શ્રીહરિએ પોતાના મુખથી કહેલા ધર્મોમાં રાજાને દૃઢ નિષ્ઠા થઈ. (૧૯)

પછી બુદ્ધિમાન રાજાએ શાસ્ત્રમાં કહેલા સાધુઓના લક્ષણોનું નિરીક્ષણ કરવાથી, અધર્મમાં વર્તનારા બીજા સિદ્ધો અસુરો જ છે તેમ જાણીને, હર્ષપૂર્વક શ્રીહરિનો આશ્રય કર્યો. (૨૦)

રાજાના મહેલમાં રહેલા કૌલમતવાદી અને શક્તિના ઉપાસકો, મંત્રો જાણનારા (મલીન વિદ્યાના સાધકો) સિદ્ધો, રાત્રે, મદ્ય, માંસ વગેરેથી શક્તિનું પૂજન કરતા હતા. (૨૧)

વૈદિક માર્ગમાં રહેલા (અહિંસા આદિ વેદોક્ત માર્ગને અનુસરનારા) સત્ અસત્‌નો વિવેક જાણનારા રાજા, તે તે સિદ્ધોનું મદ્ય માંસાદિથી શક્તિનું પૂજન અને આચરણરૂપ દુષ્કર્મ જાણીને, તેમને વસ્ત્ર તથા અન્ન વગેરે આપવું બંધ કર્યું. (૨૨)

દુષ્ટ સિદ્ધો શ્રીહરિનો ઉત્કર્ષ સહન ન કરી શકવાથી, મોહન, મારણ, અને ઉચ્ચાટનાદિ અભિચાર કર્મોથી પ્રેરિત, કાલી, ભૈરવાદિ વીર તથા મંત્રથી પ્રાણનો નાશ કરનારા અધમ દેવોના મંત્રોથી મંત્રિત અડદની મુષ્ટિઓ વડે, શ્રીહરિને હણવા માટે ઇચ્છા કરી. (૨૩)

પરંતુ કોઈ પણ સિદ્ધ, નરાકાર, પરબ્રહ્મ, ગૂઢ ઐશ્વર્યવાળા, અવિકારી પુરુષોત્તમ શ્રીહરિને હણવા સમર્થ ન જ થયા. (૨૪)

દુષ્ટ ચિત્તવાળા તેમના સમગ્ર પ્રયાસો શ્રીહરિમાં, આકાશમાં તરવારના પ્રહાર જેમ નિષ્ફળ જાય, તેમ નિષ્ફળ ગયા. (૨૫)

શ્રીહરિમાં તે અસુરનું સામર્થ્ય ન ચાલ્યું. પછી શ્રીહરિની સેવામાં આદરવાળા સાધુ ગોપાળદાસ ઉપર તેમણે અડદની મુઠ નાંખી. (૨૬)

તેથી તે સાધુના મુખમાંથી ફીણ નીકળવા લાગ્યું. જીભ પણ બહાર નીકળી ગઈ. એમ નિશ્ચેતન બની તે સાધુ પૃથ્વી ઉપર પડ્યો. તે વખતે મોટા ઉદ્‌ઘોષથી (કોઈ પાપીએ શ્રીહરિના સેવક ગોપાળદાસ ઉપર અડદની મુઠ નાંખી છે તેથી તે મૃતપ્રાય થયો છે એ સમાચારથી બૂમો મારતા) હજારો પુરજનો ત્યાં આવ્યા. (૨૭)

તેથી તત્કાળ ત્યાં આવેલા રાજા પણ, હે યાંત્રિકો ! તમે બધા આ ગોપાળદાસ સાધુને જીવાડો, એમ કહેવા લાગ્યા. પછી યાંત્રિકોએ રાજાને કહ્યું 'ગોપાળદાસ જીવતો થાય તેમ નથી.' (૨૮)

હે રાજન્ ! અહીં આ દેખાતા સિદ્ધેન્દ્ર નીલકંઠ આ ગોપાળદાસના રોગનો નાશ કરે ! આ પ્રમાણે તે સિદ્ધોએ રાજાને કહ્યું અને નરેન્દ્રે શ્રીહરિને તે પ્રમાણે કહ્યું. (૨૯)

પછી શ્રીહરિએ મૃતપ્રાય થયેલા ગોપાળદાસને ઉંચેથી 'ગોપાળદાસ' એ પ્રમાણે કહીને બોલાવ્યા કે તરત જ ગોપાળદાસ ઊઠ્યા અને શ્રીહરિને હાથ જોડી પ્રણામ કરવા લાગ્યા. (૩૦)

આથી સર્વ અપરાધી સિદ્ધો, રાજા તથા પુરના નિવાસીઓ પરમ આશ્ચર્ય પામ્યા અને શ્રી નીલકંઠને ઈશ્વર માનવા લાગ્યા. (૩૧)

હે રાજન્ ! આ પ્રકારે શ્રીહરિએ પોતાના આશ્રિત સાધુ ગોપાળદાસની રક્ષા કરી. જેણે અડદની મુઠ નાંખી સાધુ ગોપાલદાસનો દ્રોહ કર્યો હતો, તે સિદ્ધ પોતાના અભિચારથી ગોપાળદાસની માફક મૃતપ્રાય થયો. (૩૨)

અત્યંત પ્રયત્ન કરવા છતાં પણ તે સિદ્ધો, તે સિદ્ધને જીવાડવાનો ઉપાય કરી શક્યા નહિ. રાજા તથા પુરના વાસીઓ તે વખતે ત્યાં તે સિદ્ધને જોવા આવ્યા. (૩૩)

આથી નાશ પામ્યો છે ગર્વ જેનો અને ગ્લાનિ પામ્યા છે મુખ જેમનાં એવા સિદ્ધો સંભ્રાંત ચિત્તવાળા, આંખમાં અશ્રુ સહિત અચ્યુત શ્રીહરિની પાસે આવીને તેમની પ્રાર્થના કરવા લાગ્યા. (૩૪)

હે નીલકંઠ ! અમો તો શિસ્ન અને ઉદરના સુખ માટે દંભથી સ્વાર્થ સાધનારા નીચજનો છીએ. તમો તો સ્વયં શ્રીહરિ છો, તેથી અમારા અપરાધ ક્ષમા કરીને આ સાધુને જીવાડો. (૩૫)

પછી નિર્વિકાર, સર્વ જીવના હિતમાં ઉત્સાહવાળા, દયાસાગર, પ્રશાંતાત્મા ભગવાન સ્વયં શ્રીહરિ મંત્ર અભિચારથી મૃતપ્રાય થયેલા સિદ્ધની પાસે ગયા. (દયાળુ પરમેશ્વરનું દયાળુપણું આજ છે કે પોતે

તે સિદ્ધની પાસે ગયા. પરંતુ મૃતપ્રાય સિદ્ધને પોતાની પાસે ન બોલાવ્યો.)(૩૬)

પછી જગત્ સૃષ્ટા, અંતર્યામીપણાથી સર્વના અંતરનું જાણનાર, પ્રભુ શ્રીહરિ અમૃત વર્ષિણી દૃષ્ટિથી તે સાધુ તરફ જોઈને તેને તેના નામથી બોલાવ્યો. (૩૭)

તેજ સમયે તે સિદ્ધ ઊભો થયો અને હર્ષપૂર્વક દંડની માફક શ્રીહરિને પ્રણામ કરીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યો. કૌલ તથા શાક્ત વગેરે શ્રીહરિનું ચરિત્ર જોઈને વિસ્મય પામ્યા. (૩૮)

રાજા તથા પુરવાસીઓ પણ પરમ આશ્ચર્ય પામ્યા. તે સર્વ પુરજનો શ્રીહરિની પ્રશંસા કરતા પોત પોતાના સ્થાનમાં ગયા. (૩૯)

પુરુષોત્તમ શ્રીહરિ રાજાની સાથે પોતાના સ્થાનમાં આવ્યા. પછી રાજાએ ભક્તિપૂર્વક શ્રીહરિની પૂજા સર્વ ઉપચારોથી કરી. (૪૦)

મહાપુણ્યશાળી મહિપતિ, શ્રીહરિને પરમેશ્વર જાણીને, પોતાના પરિવાર સહિત શ્રીહરિનો શિષ્ય થયો. (૪૧)

પુરમાં જે જે મુમુક્ષુ હતા, તે તે મુમુક્ષુઓ શ્રીહરિની દૃઢ શરણાગતિ સ્વીકારી, યાંત્રિકો પણ આ કોઈ દેવ છે એમ માનવા લાગ્યા. (૪૨)

ત્યારબાદ રાજા તથા પુરજનો, શ્રીહરિને આદરપૂર્વક ધન, સોનારૂપાની મુદ્રાઓ, કડાં, સાંકળા વગેરે અલંકારો તથા સુશોભિત વસ્ત્રો નરમાન (શિબિકા) તેમજ ગૃહક્ષેત્રાદિ વગેરે આપવા લાગ્યા, જેનો શ્રીહરિએ સ્વીકાર કર્યો નહીં. (૪૩)

પછી શ્રીહરિમાં જેમનું ચિત્ત આસક્ત થયું છે તે સિદ્ધવલ્લભ રાજા હાથ જોડીને પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિની પ્રીતિપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. (૪૪)

રાજા કહે છે :- હે હરે ! કામાદિ ઉગ્ર તિમિગંલો જેમાં છે, શબ્દાદિ વિષયોરૂપી મધુરો જેમાં છે, તૃષ્ણારૂપી મહાતરંગોથી યુક્ત, દુર્જનના પ્રસંગરૂપી વેગવાળા સંસારરૂપી સમુદ્રમાં હું પડેલો છું. પુરુષોત્તમ તમોએ સંસાર સાગરમાંથી હાથ ઝાલીને મારો ઉદ્ધાર કર્યો છે. સ્વરૂપના જ્ઞાનરૂપી સૂર્યના આવવાથી ન ભેદી શકાય તેવું અનાદિ અજ્ઞાનરૂપી અંધારું નાશ કર્યું. (૪૫)

હે ભગવન્ ! તમારા ચરણ કમળનો જે આશ્રય તેનાથી રહિત જે હોય તેને મોટા રાજ્યના સુખથી પણ શું ? 'રાજ્યના ભોગને અંતે નરક પાત થાય) લૌકિક આત્મિય હિત ઇચ્છનારા પુત્ર, સ્ત્રી, બંધુઓ તથા મિત્રોથી પણ શું ? (તેમાં આસક્તિ રાખનારને પ્રેતભાવ પ્રાપ્ત થાય છે) ધન, ધામ, વૈભવો વગેરેથી શું ? (લોભથી સર્પની યોનિ પ્રાપ્ત થાય છે) બ્રહ્માદિના ભોગોપ ભોગોથી પણ શું ? (**आब्रह्म भुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन** એમ ભગવાને કહ્યું છે) ત્યાંથી પણ પતન સંભવે છે ? સર્વ સંપત્તિઓ, વિપત્તિઓ તમારી ભક્તિમાં વિઘ્ન કરનારી છે અને વારંવાર જન્મ અને મરણ ભોગવાવે છે, તેથી તમારા વિના સંપદાઓ હું ઇચ્છતો નથી. (૪૬)

તેથી સર્વોત્તમ પવિત્ર કરનારું, સર્વ આપત્તિઓનો વિનાશ કરનારું અને સુખ આપનારું જે સજ્જનોએ ઈચ્છેલું તમારા ચરણ કમળનું દાસપણું, મને આપો, સમગ્ર દોષોની નિવૃત્તિ કરનારો તમારા સાધુઓનો સમાગમ મને નિરંતર થાઓ. હે પરમેશ્વર ! તમોને હું અભિવાદન કરું છું. હે શ્રીહરે ! મારા ઉપર અત્યંત પ્રસન્ન થાઓ. (૪૭)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- રાજા આ પ્રકારે શ્રીહરિનું સ્તવન કરીને પોતાના ભુવનમાં ગયા. શ્રીહરિ પણ તે રાજાએ રાત્રિદિવસ ભક્તિપૂર્વક સેવાયેલા સીરપુરમાં રહ્યા. (૪૮)

તે સમયમાં એક દુઃખી નિર્ધન વેદશાસ્ત્ર વિશારદ્ તૈલંગ દેશનો એક બ્રાહ્મણ રાજાના પુરમાં આવ્યો. (ધનના લોભથી આવ્યો હતો.) (૪૯)

તે બ્રાહ્મણ વિદ્યા અને તપયુક્ત હોવાથી તેને વિધિ પ્રમાણે હાથી, કાલ, પુરુષ, લવણ વગેરે મહાદાન આપ્યું. તે બ્રાહ્મણ વિદ્વાન હતો પરંતુ મહા આપત્તિને લઈને તેણે આ મહાદાન ગ્રહણ કર્યું. (૫૦)

શ્વેતવર્ણવાળો તે બ્રાહ્મણ મહાદાન ગ્રહણ કરવાના દોષથી તત્કાળ અંજનની જેવો શ્યામ થઈ ગયો. તે વખતે લોકો તેની અત્યંત નિંદા કરવા લાગ્યા. (૫૧)

આથી દુઃખી થયેલા તે બ્રાહ્મણ પોતાના પાપની શાંતિ માટે જગત્ પ્રસિદ્ધ પરમેશ્વર શ્રીહરિને શરણે આવ્યો. (૫૨)

પછી પ્રભુ શ્રીહરિએ પોતાની પ્રાર્થના કરતા તે બ્રાહ્મણને, પોતાના પ્રતાપથી દુષ્પ્રતિગ્રહના પાપથી મુકાવીને, પૂર્વવત્ ગૌર શરીરવાળો કર્યો. (૫૩)

પછી તે તૈલંગી વિપ્ર પુરના નિવાસી જનો જુએ તેમ હે હરે ! તમો શ્રીકૃષ્ણ વાસુદેવ છો, આ પ્રમાણે શ્રીહરિ પ્રત્યે કહીને, નમસ્કાર કરીને, સ્તુતિ કરીને, શ્રીહરિનો આશ્રય કરીને હર્ષપૂર્વક પોતાના સ્થાનમાં ગયો. (૫૪)

આ પ્રમાણે મહાકીર્તિવાળા શ્રીહરિ, સંસારરૂપી દાવાગ્નિ શાંત કરનાર, પોતાનો દિવ્ય પ્રતાપ વિસ્તારનાર, સીરપુરના અગણિત જનોને સંસારમાંથી મુક્તિ આપતા હતા. પછી ચાતુર્માસ પૂરો થવાથી શ્રીહરિને રાજાએ તથા સમગ્ર પુરજનોએ વળાવ્યા અને પુરથી બહાર નીકળેલા સિદ્ધો શ્રીહરિની પાછળ ગયા. (૫૫)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત્ શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં સિરપુરના સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિનો આશ્રય કર્યો એ નામે પીસ્તાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૫)



અધ્યાય ૪૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી હે રાજન્ ! સિદ્ધોની સાથે માર્ગમાં ચાલતા પ્રિયદર્શન શ્રીહરિ કામાક્ષિ દેવીના સ્થાને આવ્યા. (૧)

સમગ્ર સિદ્ધો સાથે શ્રીહરિ કામાક્ષિ દેવીના દેવાલયની સમીપમાં ગામની બહાર ફુલવાડીમાં રહેતા હતા. (૨) તે ગામમાં રહેનારો, વિવાદમાં જીતવામાં અશક્ય, મહાકાલી દેવીનો ઉપાસક, એક બ્રાહ્મણ આ સિદ્ધોને ફુલવાડીમાં આવેલા સાંભળીને ત્યાં આવ્યો. (૩)

સુરાપાનના મદ વડે લાલ, ચંચળ અને ભયંકર નેત્રવાળો, હાથમાં સિંદુરના ચાંદલાવાળું લોઢાનું ત્રિશૂલ ધારણ કરતો. (૪)

ભ્રકુટિના મધ્યમાં સિંદુર લગાવેલો, માંસ ભક્ષણમાં તત્પર, મસ્તક ઉપર લાલ ચુંદડી બાંધેલો તે પિબૈક અતિ પ્રસિદ્ધ (શાક્તજનોમાં વિખ્યાત મહાકાલીવાળો) (૫)

જેણે કાલભૈરવાદિ મલિન દેવો વશ કર્યા છે એવો મદોદ્ધત, અભિચાર કર્મ કરનારા જનોનો સ્વામી, નાના પ્રકારની માયા સૃજવામાં મયદાનવ સમાન. (૬)

મહાબળવાન, જેનું પરાક્રમ શત્રુઓ પણ સહન કરી શકતા નથી, જોનારા જનોને કાળના જેવો ભયંકર લાગતો. (૭) તે બ્રાહ્મણ મહાકાલીના દીક્ષા ગ્રહણ કર્યા પહેલાં સ્વધર્મનિષ્ઠ, વિદ્વાન, સદવૃત્તાન્ત તથા શમદયાદિ ગુણોએ યુક્ત એક પત્નીવ્રતવાળો હતો. (૮)

એક સમયે શક્તિના ઉપાસકના સમાગમથી કુલાર્ણવ નામના કોઈ કામી રાજાએ પોતાના જેવી પ્રકૃતિવાળા પંડિત પાસે કાલ્પનિક નવીન ગ્રંથ, તાત્કાલિક ફળ બતાવનારો, શાલ્મલી પુષ્પની માફક, અર્થવાદની રુચિ ઉત્પન્ન કરનાર આગળ તંત્ર કરાવ્યું. તે તે બ્રાહ્મણે પંડિત હોવાથી હર્ષપૂર્વક વાંચ્યું. (૯)

તેનો વારંવાર અભ્યાસ કરવાથી, શાક્ત બ્રાહ્મણ તથા વેદ વિરુદ્ધ અસત્ શાસ્ત્રના સંસર્ગ દોષથી, તે બ્રાહ્મણને કુલાર્ણવ ગ્રંથમાં પ્રતીતિ થઈ, સાક્તોનો સમાગમ કરવામાં પ્રીતિવાળો તે બ્રાહ્મણ, કૌલાર્ણવમાં કહેવા આચારો તથા મહાકાલી વગેરે મલિન દેવતાઓની ઉપાસનામાં આસક્તિવાળો થયો. (૧૦) પછી શાક્ત માર્ગમાં અગ્રગણ્ય તે બ્રાહ્મણ પોતાના પૂર્વના સ્વધર્મો તથા મુખ્ય મુખ્ય ગુણોનો ત્યાગ કરીને સિદ્ધેશના અભિમાનવાળો મત્સર, ક્રોધ વગેરેથી મલિન અંતઃકરણવાળો થયો. (૧૧) તે પિબૈક બ્રાહ્મણ પોતાની પાસે આવેલા ઘણા સિદ્ધોને પોતાના પ્રતાપથી જીતીને પોતાના સેવકો બનાવી, તેમને પોતાની પાસે જ રાખતો હતો. (૧૨)

વળી ત્યાં દેવીની યાત્રા નિમિત્તે આવતા, નાના પ્રકારના દેવોની ઉપાસનાવાળા જનોને, પોતાના દર્શન માત્રથી જ તેમની આગળની દીક્ષાના ચિન્હો તિલક, માળા વગેરેનો ત્યાગ કરાવીને, પોતાની દીક્ષામાં ધારણ કરવા યોગ્ય પોતાના સમાન વેષ ધારણ કરાવતો હતો. (૧૩)

જેણે સચ્છાસ્ત્રની મર્યાદા ત્યાગ કરી છે તે વીરભદ્ર સમાન પરાક્રમવાળો, પૃથ્વીના તળ ઉપરનો કોઈ પણ મહાપરાક્રમી પુરુષ તેને જીતવા માટે શક્તિમાન નથી થયો. (૧૪)

એવો પિબૈક તે ગામના પોતાના શિષ્યો, સ્ત્રીઓ તથા પુરુષો સાથે પોતાના દર્શનથી ભય પામેલા સિદ્ધોની સમીપ આવીને આ પ્રમાણે બોલ્યા. (૧૫)

અહો હે ધૂર્તો ! હે ઉદ્ધતો ! સકલ જગતમાં પ્રસિદ્ધ સિદ્ધ હું છું. તો મારું એ નામ તમો કેમ ધારણ કરો છો ?) સિદ્ધ તો હું છું. તમો સિદ્ધ કેમ કહેવાઓ છો ? સમગ્ર પૃથ્વી ઉપર હમણાં હું એક જ સિદ્ધ છું, બીજો નથી. (૧૬)

મેં તમારા જેવા તો ઘણા શિષ્યો કર્યા છે. તેમાં મારું વચન જેણે નથી માન્યું. તે બધાને મેં યમાલયમાં પહોંચાડ્યા છે. (૧૭)

તેથી તમો યજ્ઞોપવીતની માફક કંઠમાં ધારણ કરેલી તુલસીની કંઠી ઉતારી નાંખો અને તમારા આત્માના રક્ષણરૂપ અભ્યુદય માટે મારા શિષ્ય બનો. (આત્માનું રક્ષણ કરવું એમ તમોએ માનેલા વેદ વચન સત્ય કરવું હોય તો તત્કાળ મારા શિષ્ય થાઓ.) (૧૮)

જો તમો એમ નહિ કરો તો મારી આજ્ઞાથી ભયંકર મુખવાળા, લાલ નેત્રવાળા, વીર તમોને તમારા પ્રાણ સહિત ભક્ષણ કરી જશે. (૧૯)

પિબૈકે આ પ્રમાણે સિદ્ધોને કહ્યું તેથી અને હજારો માણસોના મૃત્પરૂપ એવો તેનો પ્રભાવ જાણીને, તેને અતિ ઉગ્ર અને તીક્ષ્ણ પ્રકૃતિવાળો જોઈને, મરણ પ્રાપ્તિના ભયથી સર્વ સિદ્ધો અત્યંત કંપવા લાગ્યા. ત્યારબાદ અસ્થિર ચિત્તવાળા, જીવતા રહેશું કે નહિ એવા સંશયવાળા સિદ્ધો આવો વિચાર કરવા લાગ્યા. (૨૦) ત્યારબાદ અસ્થિર ચિત્તવાળા, જીવતા રહેશું કે નહિ એવા સંશયવાળા સિદ્ધો, આવો વિચાર કરવા લાગ્યા. જો આપણે એના આશ્રિત નહિ થઈએ. (૨૧)

તો આપણે મરી જઈશું અથવા ઉન્મત્ત થઈ જઈશું. તેથી એના શિષ્યો તત્કાળ થઈ જઈએ. આવી રીતે સિદ્ધો પરસ્પર બોલતા હતા. (૨૨)

પછી કંઠમાંથી કંઠીઓ તોડવા તત્પર થયેલા સિદ્ધોને જોઈને, શ્રીહરિએ તેમને કહ્યું 'હે સિદ્ધો! આવું અયોગ્ય શું કરો છો ? (તમો વૈષ્ણવો છો તેથી તમારે કંઠીઓ તોડવી તે અયોગ્ય છે.) (૨૩)

હે સિદ્ધો ! તમારે ચિંતા ન કરવી (એ મારી નાંખશે એવી ચિંતા ન કરવી) ક્ષુદ્ર, અધમ, કાળના કોળિયારૂપ પિબૈક શું કરવાનો છે ? (આત્મારામ જે હોય તેને તે શું કહે ? એ પહેલાં મને શિષ્ય કરે પછી તમો બધાને શિષ્ય કરે.) (૨૪)

શ્રીહરિએ આ પ્રમાણે શાંતવન આપ્યું છતાં પણ તે સિદ્ધો ભય પામ્યા હોવાથી શ્રીહરિ પ્રત્યે કહેલા લાગ્યા. હે શ્રીહરે ! આ પિબૈક બીજા સિદ્ધ જેવો નથી. તે તો તમોને પણ ક્ષણવારમાં હણશે. (ત્યારે અમારી તો શી વાત જ કહેવી ?) (૨૫)

સિદ્ધોનું આવું વચન સાંભળીને શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું. હે સિદ્ધો ! ઘણા દુષ્કર્મથી દૂષિત પિબેકથી હંમેશા આત્મનિષ્ઠાવાળા મને ભય નથી. (૨૬)

શ્રીહરિનું આવું વચન સાંભળીને અત્યંત મત્સરવાળો પિબેક અતિ ઉગ્ર દૃષ્ટિથી શ્રીહરિ પ્રત્યે જોઈને તેમને પોતાની સમીપ બોલાવ્યા. (૨૭)

અતિ ધૈર્યવાન વિભુ, નીલકંઠ તત્કાળ તેની સમીપ ગયા અને નિર્ભયતાથી વીરાસનવાળી તેની સન્મુખ બેઠા. (૨૮) પછી સિદ્ધો શ્રીહરિ સન્મુખ નેત્ર રાખીને ભય પામેલા એવા શ્રીહરિની પાછળ બેઠા. પછી પિબૈકે તેમને પોતાનું સામર્થ્ય બતાવ્યું. (૨૯)

પિબૈકે એક ઘટાદાર વડના વૃક્ષના ઉપર મંત્રેલા અડદ ફેંક્યા તેથી તે વડનું વૃક્ષ તત્કાળ સુકાઈ ગયું. આ જોઈને સિદ્ધો અત્યંત બીવા લાગ્યા. (૩૦)

છતાં ચિત્ત ક્ષોભથી રહિત, નિર્ભય શ્રીહરિને જોઈને પિબૈકે શ્રીહરિ ઉપર પ્રાણનાશ કરનારી અડદની મુઠ ફેંકી. (૩૧)

અડદની મુઠ નાખ્યા છતાં પણ શ્રીહરિને પૂર્વની માફક શાંત, નિર્ભય બેઠેલા જોઈને પિબૈક આ પ્રમાણે બોલ્યો, હે હરે ! તમોને કાલ ભૈરવની મુષ્ટિથી હણું છું. માટે તમારા ઈષ્ટદેવને સંભારો. (૩૨) આ પ્રમાણે કહેનાર અતિભયંકર આકૃતિવાળો, પહોળાં અને અતિ ભયંકર લાલનેત્રવાળા પિબેકને શ્રીહરિએ કહ્યું 'હે પિબૈક ! તમોએ કાળ ભૈરવની મુષ્ટિ નાંખી છતાં પણ મને લેશ માત્ર ચિંતા નથી. તેથી જેટલું તમારું બળ હોય તે પ્રમાણે મને મારવાનો ઉપાય કરો. (૩૩) શ્રીહરિના સ્વરૂપને ન જાણતો અને તેથી શ્રીહરિને હણવાની ઈચ્છાવાળો, દુષ્ટ આશય વાળો પિબેક, શ્રીહરિનું વચન સાંભળ્યા પછી અત્યંત ક્રોધ કરીને તત્કાળ શ્રીહરિ પ્રત્યે કાળભૈરવના વીરગણોને મોકલ્યા. (૩૪)

પછી હાથમાં તરવારોવાળા, કાલભૈરવના વીરો કાળના પણ કાળ, શ્રીહરિને સિંહને જોઈ જેમ મૃગલા ભયભીત થઈને તત્કાળ નાસી જાય તેમ તત્કાળ નાસી ગયા. (૩૫)

શ્રીહરિના પ્રતાપથી બળેલા કાલભૈરવના વીરો પોતાને પ્રેરણા કરનાર પિબૈકને વળગ્યા. ધર્મ અને સાધુનોનો દ્રોહ કરનાર પિબૈકને તેઓ અત્યંત પીડા કરવા લાગ્યા. (૩૬)

પછી તે પિબૈકના મુખમાંથી લોહી નીકળવા લાગ્યું. અને તે પૃથ્વી ઉપર મૂર્છા પામીને પડ્યો. પરંતુ ક્ષણવાર પછી પાછો અત્યંત ક્રોધે ભરાઈને ઊભો થયો. (૩૭)

પછી તેણે પાણીના કોગળા કર્યા અને ફરીથી શ્રીહરિને એમ કહેવા લાગ્યો. હે વર્ણિન્ ! તમોને હણવા માટે બટુક ભૈરવના વીરો આવે છે માટે સ્વસ્થ થાવ. (૩૮)

તેનું વચન સાંભળીને શ્રી હરિએ કહ્યું કે મારે ચિંતા નથી. પિબૈકે બટુક ભૈરવના વીરો મોકલ્યા. તે વીરો પણ શ્રીહરિ સન્મુખ જોવા માટે અશક્ત થયા તેથી દુષ્ટ પિબેકને પહેલાની માફક પીડા કરવા લાગ્યા. (૩૯)

પિબૈક પહેલાની માફક પૃથ્વી ઉપર પડ્યો અને ફરી ઊભો થઈને બોલ્યો હે વર્ણિન્ ! હમણાં તમોને મહાકાલીના વીરો મોકલી હણું છું. માટે સ્થિર થાઓ. (૪૦)

પછી પિબૈકે આ પ્રમાણે કહીને મહાકાલીના વીર મોકલ્યા. તે વીરો પણ શ્રીહરિ સામે દૃષ્ટિ કરવાને પણ અશક્ત થયા અને બીકથી પાછા વળીને પૂર્વની માફક પોતાને મોકલનાર પિબૈકને પીડા કરવા લાગ્યા. (૪૧)

પછી પિબૈક ક્ષણવારમાં ઊઠીને, શ્રીહરિને હણવામાં પોતાનું સામર્થ્ય ચાલ્યું નહિ તેથી ક્રોધથી આકુળ વ્યાકુળ બનીને હે હરે ! હવે તમોને હું મારુતિના વીરો વડે હણું છું. માટે સ્થિર થાઓ. એમ શ્રીહરિને કહેવા લાગ્યો. (૪૨)

એમ કહીને પિબૈકે મોકલાવેલ મારુતિના વીરો, મારુતિને પ્રાણથી અતિપ્રિય શ્રીહરિને જોઈને, તેમને નમસ્કાર કરીને, તે દુષ્ટ કર્મ કરનાર પિબૈકને વજ્રના જેવી કઠોર મુઠ્ઠીઓથી મારવા લાગ્યા. પછી મુખમાંથી રુધિર વમન કરતો અત્યંત ગભરાયેલો, તે મૂર્છા પામ્યો. (૪૪)

કંઠમાં આવ્યો છે પ્રાણ જેને, પહોળી થઈ છે આંખો જેની, નિશ્ચેષ્ટ અત્યંત વ્યાકુળ, થઈને મૃત્યુ નજીક આવતા પૃથ્વી ઉપર પડેલો. (૪૫)

પિબૈકને જોઈને તેના તમામ બંધુજનો હા, હા, આના વિના અમે મરેલા જ છીએ, એમ વિલાપ કરતા, શ્રીહરિને વારંવાર વંદન કરતા, આ પ્રમાણે કહેવા લાગ્યા. (૪૬)

હે નીલકંઠ ! હે દયાસિંધો ! હે પ્રભો ! આ બ્રાહ્મણ પિબૈક તેના પ્રાણનો ત્યાગ કરશે. તેણે અપરાધ કર્યો છે છતાં પણ તમો તેને દયા કરીને જીવાડો. (૪૭)

હે હરે ! એ હવે ફરીથી આવું નિંદ્ય કર્મ નહિ કરે. એમ કહીને પિબૈકના બંધુજનોએ શ્રીહરિના ચરણકમળમાં ઘણું દ્રવ્ય મૂક્યું. (૪૮)

તેના બંધુજનોએ તે સિદ્ધોને પણ પુષ્કળ સાકર, ઘી તથા કાચું અન્ન આપ્યું. પછી દયાસાગર (પોતાની આગળ પુષ્કળ દ્રવ્ય મૂક્યું તથા સિદ્ધોને ઘી-સાકર અને અન્ન આપ્યા તેથી પ્રસન્ન થઈ દયા કરી એમ ભાવાર્થ નથી પરંતુ પોતે નિષ્કારણ અપાર દયાવાળા છે તેથી) શ્રી હરિભગવાને દયાથી પિબૈક તરફ દૃષ્ટિ કરી. (૪૯)

હે નૃપતે ! જે સમયે શ્રીહરિએ પિબૈક તરફ જોયું કે તરત જ પિબૈક ઊઠીને આદરપૂર્વક પ્રાણને આપનારા શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યો. પછી શ્રી હરિને સપ્રાર્થના કરીને હું હવે ફરી આવું કર્મ નહિ કરું, શ્રી હરિની આજ્ઞાથી, બંધુજનોએ સહિત પોતાને ઘેર ગયો. (૫૦)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં પિબૈક પરાજય નિરુપણ નામે છેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૬)



અધ્યાય ૪૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી નીલકંઠે પિબૈકના બંધુજનોએ આપેલું તમામ દ્રવ્ય બ્રાહ્મણોને આપી દીધું. શ્રીહરિની સાથે આવેલા સિદ્ધો શ્રીહરિના ચરિત્રથી વિસ્મય પામીને શ્રીહરિને ભગવાન જાણવા લાગ્યા. (૧)

સર્વ સિદ્ધોએ પિબૈકને પ્રાણ આપનાર શ્રીહરિનો આશ્રય કર્યો. પછી સર્વ સિદ્ધો પકવાન્ન બનાવીને ઉત્સાહ પૂર્વક ભોજન કરવા લાગ્યા. (૨)

તે સિદ્ધો શ્રીહરિ સાથે હર્ષપૂર્વક તે રાત્રિ રહ્યા. તે રાત્રે બધા સિદ્ધો ગાઢ નિદ્રામાં પડ્યા ત્યારે શ્રીહરિ સ્થિર આસનવાળી સ્વસ્વરૂપનું ચિંતવન કરવા લાગ્યા. (૩)

તે સમયે મહામાની ક્રૂર સ્વભાવવાળો પિબૈક, લાકડીના મારવાથી સર્પ જેમ માનભંગ થાય, તેમ માનભંગ થવાથી, અશાંત થયો. (૪)

તે રાત્રે તેણે કાલ ભૈરવને માંસથી તૃપ્તિ પમાડી અને ત્રણ પ્રકારની સુરા રુધિરનું પુષ્કળ પાન કરાવ્યું. અને પછી શ્રીહરિને મારવા માટે મોકલ્યો. (૫)

છુટા છે કેશ જેના તથા લાલ નેત્રોવાળા, વસ્ત્ર રહિત, ભયંકર મુખવાળો, ત્રિશૂળ ધારી કાજળ જેવો શ્યામ, તે કાળ ભૈરવ, શ્રીહરિની સમીપમાં આવ્યો. (પહેલાં કાળભૈરવના વીરો મોકલ્યા હતા. હવે વીરોના સ્વામી કાળભૈરવને મોકલ્યા માટે પુનરુક્તિ દોષ નથી.) (૬)

કાળભૈરવ તો શ્રીહરિની પાસે આવવા માટે અસમર્થ થયો અને દૂર ઊભો રહ્યો. તે ક્રૂરને જોઈને શ્રીહરિ જરા પણ ભય પામ્યા નહિ પરંતુ હસ્યા. (અહો દુર્જનનું દૂર્જનપણું કેવું છે ? એમ અંતઃકરણમાં વિચારીને પોતે હસ્યા.) (૭)

કાળભૈરવ પણ પ્રાતઃકાળ પર્યંત ત્યાં જ રહ્યો. પછી પરમેશ્વર શ્રીહરિસ્નાન કરવા જવા લાગ્યા ત્યારે ઉગ્ર સ્વભાવવાળા, ઉગામ્યું છે ત્રિશૂળ જેણે એવા કાળભૈરવ તરફ શ્રીહરિએ દૃષ્ટિ કરી. (૮)

શ્રીહરિએ કરેલા નયન કટાક્ષથી તે ભય પામ્યો અને તેથી કંપતો કાળભૈરવ, શ્રીહરિને મારવા માટે પ્રેરણા કરનાર પિબૈક બ્રાહ્મણને હણવા માટે તત્કાળ દોડ્યો. (૯)

આ પ્રમાણે દોડતા કાળભૈરવને દયાળુ શ્રીહરિએ કહ્યું કે હે કાળભૈરવ ! તને પ્રેરણા કરનારા પિબૈક બ્રાહ્મણને તું હણીશ નહિ. કારણ કે અમોએ તેનું અન્ન ખાધું છે. (૧૦)

આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી કાળભૈરવ તે ઉદ્ધત પિબૈકને મળીને કહેવા લાગ્યો, હે અતિપાપી! તેં શ્રીહરિ પાસે મને કેમ મોકલ્યો ? એમ કહ્યુ. (૧૧)

(તને ઈષ્ટ પદાર્થો વડે તૃપ્ત કરીને તેને મારવા માટે મેં મોકલ્યો હતો તેથી કેમ મોકલ્યો હતો તેવું શા માટે કહે છે ? એમ જો કહેતા હો તો) મને તમોએ તેને મારવા માટે મોકલ્યો ન હતો. પરંતુ તેમના

દ્વારા મારો નાશ કરવા માટે તમોએ આ ઉપાય કર્યો હતો. તો પણ દયાળુ પ્રભુએ મને માર્યો નહિ. તેમની દ્રષ્ટિથી જ મારું શરીર અત્યંત બળે છે. હે પિબૈક ! તેથી હું તને મારવા માટે આવ્યો છું. તો પણ શ્રીહરિની આજ્ઞાથી (શ્રીહરિએ કહ્યું છે કે પિબૈકને મારીશ નહિ.) તને હું મારતો નથી. (૧૨)

એમ કહીને કાળભૈરવ ગયો. પછી પિબૈક પોતાના દુરાત્મપણાને નિંદતો અને અપકાર કરનાર પોતાના પ્રત્યે શ્રીહરિએ કરેલી અત્યંત દયા (કાળભૈરવને તેને મારવાનો નિષેધ કર્યો તે રૂપી દયા) તેની પ્રશંસા કરવા લાગ્યો. (૧૩)

તેનો મહાન ગર્વ (સિદ્ધત્વનું અભિમાન) નાશ પામ્યો. લાજથી નમ્ર, મત્સર રહિત થઈને પોતાના શિષ્યો સહિત પિબૈકે આ જ પ્રત્યક્ષ શ્રીહરિ સર્વ અવતારોના અવતારી છે એમ નિશ્ચય કર્યો. (૧૪)

પછી પિબૈક પોતાના શિષ્યો સાથે શ્રીહરિની સમીપમાં, આવીને દયાળુ સર્વેશ શ્રીહરિને હર્ષપૂર્વક અને પ્રણામ પૂર્વક વંદના કરવા લાગ્યો. (૧૫)

શ્રીહરિને જોઈને કંપતો, લાજથી નમ્ર મુખવાળો, અપરાધી પિબૈક, હાથ જોડીને મહાપુરુષોએ વંદના કરવા યોગ્ય શ્રીહરિને પ્રેમના અશ્રુથી ગદ્‌ગદ્‌ ભાવથી અતિ હર્ષપૂર્વક સ્તુતિ વચન બોલવા લાગ્યો. (૧૬)

તમારા સિંહાસનના પગથિયા જેના ઉપર તમારા ચરણકમળ રહે છે, તે અનેક લોકેશ્વરોના મુગટોની હારો (પંક્તિઓ) વડે નાના પ્રકારના રંગથી રંગાયેલા છે એવા, જેનું સામર્થ્ય નિવારણ થઈ શકે તેમ નથી એવા, અનુપમ પ્રતાપશાળી, અક્ષરાદિથી પર, સત્ય જે ભગવાન છે તે તો પ્રત્યક્ષ તમો જ છો. (૧૭)

અહીં સત્ય શબ્દ છે તેનો આ ભાવ છે; તમારા ગુણ, વિભૂતિ, ઐશ્વર્યના આવેશથી ભગવત્‌ ભાવને પામેલા જામદગ્નિ, નારદ, વ્યાસ આદિ જે સ્વરૂપો છે તે અપર છે. જે ગુણાદિ વડે બીજા ભગવત્‌ શબ્દ વાચ્ય થાય છે. તે અપર છે. માટે સર્વાવતારના એક કારણ તે તમો જ છો. ''अयं सत्यो भगवान्'' ''अयं गुणादिर्भगवान्'' હે હરે ! આ લોકમાં તમારા મંગળકારી પ્રભાતરૂપી સૂર્ય સર્વોત્કર્ષપણે વર્તે છે. ધર્મના દ્વેષરૂપી કુમુદોનો હર્ષ નાશ કરનારા (સૂર્યોદય થાય છે ત્યારે કુમુદો મીંચાય જાય છે.) સાધુજનોરૂપી કમળના સમુહને આનંદ આપનારા પ્રચંડ પાખંડરૂપી ગાઢ અંધકારને ભેદી નાંખનારા. (૧૮) દુષ્ટાચારી રૂપ ઝાકળના પુંજને નાશ કરનારા, નાશ કર્યા છે પર્વતની ગુફામાં પ્રવેશ કરનારા અસત્‌ ગુરુરૂપી ઘુવડોના સમુદાય જેમણે, સુકવી નાંખ્યો છે અધર્મના ફળરૂપી કાદવ જેમણે, નસાડી મૂક્યા છે અસજ્જનરૂપી ચોર વર્ગ જેમણે એવા. (૧૯)

જગતનો વિધાતા, બ્રહ્મા મરિચ્યાદિમાં જગત સૃજવાની શક્તિ પ્રેરનાર તમોને, અગ્નિને પતંગિયાઓ અથવા સૂર્યને ખદ્યોત જેમ પરાભવ નથી કરી શકતા, તેમ તમારો પરાભવ કરવા માટે મેં ઈચ્છા કરી, તે સર્વથા અયોગ્ય હતી. હે આર્તિહારિન્‌ ! હું અનંત શક્તિવાળા એવા તમારી આગળ કોણ ? (મેરુ પર્વત પાસે જેમ પરમાણું દેખાય તેમ હું આપની પાસે છું.) (૨૦)

ઈશ્વરોના ઈશ્વર, શરીરીઓના સાક્ષી, સત્ય શૌચાદિ તથા અપહત પાપ્મા વગેરે ગુણોના સમુદ્ર, પ્રાણીઓના કલ્યાણ માટે અવતરેલા, કાળના કાળ, બલવાનોમાં સદા વિજય મેળવનારા, તમોને જીતવા માટે જે ઈચ્છે તે તો મંદ બુદ્ધિવાળો છે. (૨૧)

જેને કોઈની ઉપમા આપી શકાતી નથી એવા તમો, તમારા દાસનો દાસ જે પુરુષ તેના પણ દાસને વિષે ક્યારેય પણ મારી શક્તિ ચાલી શકતી નથી તો ઈશ્વર એવા તમારે વિષે ન પ્રવર્તે તેમાં શું આશ્ચર્ય છે. (૨૨)

હું અપરાધી મારું એકવાર આપે રક્ષણ કર્યું છતાં ફરીથી પણ કાળભૈરવને મોકલવારૂપ અપરાધ કર્યો તેથી પાપીઓમાં મુખ્ય) હે દયાળુ ! તમોએ કાલભૈરવથી મારી રક્ષા કરી, તેથી તમારી અનુકંપા અનુપમ છે. મારું દુરાત્મપણું પણ અનુપમ છે. (તમો સદ્ધર્મ ધારક છો તેથી તમારે દુરાત્મા મારું રક્ષણ કરવું તે યોગ્ય જ છે.) (૨૩)

હે હરે ! અધમથી પણ અધમ મને, સંસાર સમુદ્રથી ઉદ્ધાર કરનારા તમારું જગત પ્રસિદ્ધ અધમોદ્ધારક આ નામ અહો, તમો સાર્થક કરો છો. પ્રત્યક્ષ નારાયણ તમો આલોકમાં સર્વોત્કર્ષ પણે વર્તો છો. (૨૪)

આ તમારા ઉપકારનો બદલો, હું તો કરોડો વર્ષોમાં પણ વાળવા અશક્ત જ છું. તેથી સર્વ થકી પર અક્ષરબ્રહ્મ તેનાથી પર, કાળ માયાદિના અધિપતિ, સ્વતંત્ર. તમોને હું વારંવાર પ્રણામ કરું છું. (૨૫)

હે પરમાત્મન્ ! આ લોકમાં જેમ મહાસુગંધ તથા શીતળતા આપતું ચંદન વૃક્ષ, દુઃખ દાયક સર્પને પણ શાંતિ કરે છે, તેવી રીતે હે ભૂમન્ ! સર્પરાજની માફક તીવ્ર સ્વભાવવાળા મને તમોએ ચંદન જેવા શીતળ ગુણોથી આપે સુખ જ પમાડ્યું છે. (૨૬)

ચોરી, વ્યભિચાર, અભિચાર, હિંસા, માંસ ભોજન જેમાં છે એવા નિંદિત માર્ગરૂપી કાદવમાં બૂડેલો, શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર, નરકના માર્ગે જનારાઓમાં અગ્રેસર, કાદવમાં બૂડેલા મહાહાથીને જેમ બહાર કાઢે તેમ તમોએ મારો ઉદ્ધાર કર્યો છે. (૨૭)

જે માણસો પવિત્ર વેદોદિત સત્ય માર્ગનો ત્યાગ કરીને, માંસાદિક અભક્ષ્ય ભોજન, સુરાપાન તથા તામસ દેવતાઓની પૂજારૂપી અસત્ માર્ગનો આશ્રય કરે છે, નિશ્ચય તે જનો અતિમંદ મતિવાળા છે. (૨૮)

મોહથી આવૃત, દ્રષ્ટિવાળો, જનોને ઠગનારો, ભોગની પ્રાપ્તિ માટે ચિંતાથી વ્યગ્ર મનવાળો હું અજાણથી થયેલા મારા બધા અપરાધને હે ઈશ ! દયાવડે તમો ક્ષમા કરો. (૨૯)

વંદવા યોગ્ય પુરુષોના વૃંદોના દુઃખને જેણે નાશ કરી નાખ્યા છે, પાપોનો નાશ કરવાના સ્વભાવવાળા, ભગવાનના એકાંતિક સંતોને વંદનીય, આનંદના સ્થાનભૂત, મંગળસ્વરૂપ ચરણારવિંદ જેમના છે, સંસારરૂપી સમુદ્ર તરવામાં નૌકારૂપ, પુણ્યકીર્તિવાળા, જીવોનો સમૂહ જે નાર તેમાં અંતર્યામીપણાથી રહેલા (નારાયણ)

તેવા પુરુષોત્તમ ! તમો હમણાં સર્વોત્કર્ષપણે વર્તો છો. (૩૦)

હે સત્પતે ! મારા જેવા દુર્જય, દુષ્ટ પંડિતરૂપી મદોન્મત્ત હાથીઓના પરાજય કરવામાં કેસરી સિંહ જેવા, વિવિધ પ્રકારના નિંદ્ય કૌલાદિરૂપી તલના સમુદાયમાં જવાળાવાળા વનના અગ્નિ જેવા, અજ્ઞાનરૂપી મહા અંધકારમાં સૂર્ય સમાન, દુરાચારી જનોરૂપી પર્વતોમાં વજ્ર સમાન, મહાન પ્રતાપી આપ આલોકમાં સર્વ સ્થળે વ્યાપ્ત છો. તમો શ્રીહરિને હું વારંવાર વંદના કરું છું. (૩૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! પિબૈકે આ પ્રમાણે શ્રીનીલકંઠની સ્તુતિ કરીને, ઊંચા હાથ કરીને, પોતાના શિષ્યોને આ પ્રમાણે કહ્યું. હે શિષ્યો ! આ નીલકંઠ પ્રત્યક્ષ ભગવાન છે. તેથી કાલ, માયા, યમદૂતના પાશથી તમારા આત્માને મુકાવવાની જો તમોને ઇચ્છા હોય તો તેમનો આશ્રય કરો. (૩૨)

પિબૈકે આ પ્રમાણે કહીને પોતાના પાપરૂપ મનનો અને વેશનો ત્યાગ કરીને, પોતાના શિષ્યો સાથે શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૩૩)

પછી પિબૈક શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યો. હે સ્વામિન્ ! હે દયાસાગર ! સંસૃતિનો નાશ કરનાર, તમારા શરણે આવેલા તમારા જે અમો સેવકો, અમારું આપ રક્ષણ કરો. (૩૪)

સમગ્ર જીવોના અંતર્યામી શ્રીહરિ પિબૈકને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે પિબૈક ! તમોએ દુષ્ટ જનના પ્રસંગથી ઘણાં પાપ કર્યાં છે. (૩૫)

સર્વજ્ઞ શ્રીહરિએ પિબૈકને આ પ્રમાણે કહીને તેણે કરેલાં અનેક પ્રકારનાં છાનાં સર્વ પાપકર્મો પણ કહ્યાં. (૩૬)

પછી શ્રીહરિ પિબૈકને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે પિબૈક ! દુષ્ટ મતમાં અગ્રગણ્ય તમોએ અજામિલની માફક ઘણાં ઘોર પાપ કર્યાં છે. (૩૭)

હે પિબૈક ! તમો આવા પાપી છતાં પણ, તેવા પાપીઓની પીડા નાશ કરનારા સર્વથકી પર જે અક્ષર તેથી પણ પર, રામકૃષ્ણાદિ સમગ્ર અવતારોના કારણ, કાળ, માયા, અક્ષરબ્રહ્મ આદિના આધિપતિ એવા હોવા છતાં પણ પ્રત્યક્ષ પ્રવર્તતા. (૩૮)

નારાયણ એવો જે હું, તે તમો તમારા અસત્ માર્ગનો ત્યાગ કરીને, મારા શરણે આવ્યા છો, તેથી પાપના ફળરૂપ નરકથી તમોને હું મુકાવીશ. માટે 'નરકમાં જરૂર જવું પડશે' એવા ભાવથી ઉત્પન્ન થયેલા શોકનો ત્યાગ કરો. (૩૯)

હે પિબૈક ! આજથી આરંભીને તમારે ક્યારેય દુત્સિત જનોનો પ્રસંગ કરવો જ નહિ. કુલાર્ણવાદિ અમંગળકારી બધા ગ્રંથો, નદી, કૂવા, તળાવમાં ફેંકી દ્યો. (૪૦)

તમારે શ્રીમદ્ ભાગવતાદિ સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો તથા ભગવાનના એકાંતિક સાધુજનોનો સમાગમ કરવો. જન્મ મરણના પ્રવાહરૂપ સંસરણને આપનારો અસત્ માર્ગનો તો દૂરથી ત્યાગ કરવો. (૪૧)

તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણના આચરણ કરતા તમો તમારા ધર્મમાં રહીને હંમેશા મને ભજો. આ પ્રમાણે હંમેશા વર્તશો તો મારા પરાયણ તમો. (૪૨)

દેહનો અંત આવશે ત્યારે મારા અક્ષર નામના ધામને પામશો. આ પ્રમાણે પિબૈકને શ્રીહરિએ કહ્યું, એટલે પિબૈક શ્રીહરિને કહેવા લાગ્યો. હે હરે ! હું જેમ તમો કહો છો તે પ્રમાણે વર્તીશ. (૪૩)

પછી પિબૈક પોતાના શિષ્યો સાથે આદરપૂર્વક શ્રીહરિની વિવિધ પ્રકારના ઉપચારોથી પૂજા કરી તથા સાષ્ટાંગ નમસ્કાર કરીને શ્રીહરિની આજ્ઞાથી શિષ્યગણોથી વીંટાયેલો પોતાને ઘેર ગયો. (૪૪)

પછી પિબૈકે તમામ અસત્ ગ્રંથોને કૂવામાં તત્કાળ ફેંકી દીધા અને ગીતા, ભાગવત આદિ સદ્‌ગ્રંથો મેળવ્યા. (૪૫) પછી પોતાના ધર્મમાં રહીને શ્રીહરિએ કહેલા વર્ણાશ્રમના ધર્મે સહિત, ધર્મમાં વર્તતા પોતાના શિષ્યો સાથે, જન્મ મરણરૂપ સંસારને નાશ કરનારા પ્રત્યક્ષ પરમેશ્વર શ્રીહરિ કૃષ્ણને નિરંતર ભજતો હતો. (૪૬)

હે રાજન્ ! પછી શ્રીહરિના ચરણકમળનો આશ્રય કરીને નિરંતર શ્રીહરિનું ભજન કરતા, સર્વ સિદ્ધો શ્રીહરિની આજ્ઞાથી પૃથ્વી ઉપર ફરતા હતા. (૪૭)

હે રાજન્ ! આ પ્રકારે અભિચાર કર્મ કરનાર, લૌકિક સિદ્ધોનો અગ્રેસર, બીજાથી ન જીતી શકાય તેવા પિબૈકને શ્રીહરિએ જીતીને, તેને તેના તમામ શિષ્યો સાથે શ્રીહરિએ પોતાનો શિષ્ય કરીને ધર્મે સહિત ભક્તિ માર્ગ સંસ્થાપન કરીને ત્યાંથી આગળ ચાલ્યા. પિબૈક ઉપરના વિજયથી ખ્યાતિ પામેલા, અતિ અદ્‌ભુત, મંગળ, દિવ્ય આવું આ શ્રીહરિનું પરમ દિવ્ય ચરિત્ર જે સાંભળશે તથા સંભળાવશે તે આપત્તિઓના સ્થાનરૂપ દુરાચારનો ત્યાગ કરીને, પોતાના ધર્મમાં રહીને શ્રી ધર્મદેવના પુત્ર શ્રી હરિ સહજાનંદમાં ભક્તિવાન થશે. (૪૯)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં પિબૈકે શ્રી હરિનો આશ્રય કર્યો એ નામે સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૭)



અધ્યાય ૪૮ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : માર્ગમાં એકાકી વિચરતા શ્રી ધર્મના પુત્ર, પુરુષોત્તમ શ્રીહરિ ભગવાન જે અલૌકિક દર્શનીય સ્વરૂપ છે, તેમણે દૂરથી નવલખા પર્વતને જોયો. (૧)

તે નવલખા પર્વતમાં નવલખા સિદ્ધેન્દ્રો, શ્રીહરિની પ્રાપ્તિ માટે ઘણા સમયથી તપશ્ચર્યા કરતા રહેતા હતા. (૨)

તે સિદ્ધોમાં કેટલાક સિદ્ધોએ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો, કેટલાક તીવ્ર વૈરાગ્યવાળા હતા, કેટલાક ધ્યાનનિષ્ઠ હતા, કેટલાક જ્ઞાન નિષ્ઠ હતા અને કેટલાક લાંબા કાળ સુધી સમાધિમાં રહી પ્રશાન્તપણે

વર્તતા હતા. (૩-૪)

સર્વ ઈન્દ્રિયોને પોત પોતાના વિષયોનો ત્યાગ કરવા રૂપ કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતરૂપી તપમાં આસક્ત મનવાળા આ સિદ્ધોના ઈન્દ્રિયો અને અંતઃકરણ શુદ્ધ હતા, પંચભૌતિક દેહને વિષે અહંભાવથી રહિત હતા તથા ભોગ્ય પદાર્થોમાં પણ મમત્વભાવથી રહિત હતા. (અનાત્મા જે દેહાદિ તેમાં વર્તતી અહંતા તે બંધનરૂપ છે. સ્વરૂપના જ્ઞાનરૂપ 'અહં' પ્રત્યય તે 'અહં' અજ્ઞાનીપણું ઉત્પન્ન કરતું નથી પરંતુ અજ્ઞાન અને બંધન બંનેનો તે સ્વરૂપના જ્ઞાનનું 'અહં' નાશ કરે છે) માન મત્સરથી રહિત હતા. (૫)

અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય, અસ્તેય, અપરિગ્રહરૂપ યમ તથા નિષ્પાપ, શાસ્ત્રમાં કહેલા તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન, શૌચ વગેરે નિયમોનું તેઓ પાલન કરતા હતા. (શંકા : "**निस्त्रैगुण्ये पथि विचरतः को विधिः को निषेधः**" ત્રણ ગુણથી રહિત આત્મસત્તારૂપ થયેલા નિર્ગુણ પુરુષના માર્ગમાં વિચરણ કરનારને કયો વિધિ છે અને કયો નિષેધ છે ? એમ અભિયુક્તિ છે તેથી આત્મારામોને પણ નિયમોના પાલનરૂપી વિધિ તથા નિષેધ અહીં કેમ કહ્યાં છે ? તો કહીએ છીએ કે આ વાક્ય પરમાર્થ અભિયુક્ત છે જેથી ભગવાનના વાક્ય સાથે તેનો વિરોધ થાય છે. કારણ કે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે "**यः शास्त्रविधिमृत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति**" જે શાસ્ત્ર વિધિનો ત્યાગ કરીને ઈચ્છા મુજબ વર્તે છે તે સિદ્ધિ પામતો જ નથી. અદ્વૈતતત્ત્વ જેમણે જાણ્યું છે એવા પુરુષો જો મરજી મુજબ આચરણ કરે ત્યારે તો જેમ કૂતરા તથા તત્ત્વવિદો અભક્ષ્ય કરે તેમાં જેમ ભેદ ન રહ્યો તેવું થાય. એમ નૈસુર્મ્યાદિ સિદ્ધિમાં કહ્યું છે. અમાનિત્વાદિ જ્ઞાનમાં સાધનો અદ્વેષ્ટત્વાદિ સદ્‌ગુણો, એ તો આત્મદર્શીપુરુષને અલંકારરૂપ છે એમ કહ્યું છે. વિધિનિષેધ પાળવો એવી ઈશ્વરની આજ્ઞા હોવાથી, તેનો ત્યાગ કરવાના વચનો અસત્ છે. (૬)

દંભ રહિત, પવિત્ર, ઉપશમ અવસ્થામાં રહેલા, અંતર્દ્રષ્ટિમાં પ્રવીણ, પરમાત્માના ધ્યાનમાં એકાગ્રતાથી અતિ પ્રેમ પરિપૂર્ણ ચિત્તવાળા. (૭)

શ્રીહરિની ભક્તિ વિના અન્ય ક્રિયા નહિ કરનારા, સ્થિર આસનવાળા, આહાર જીતનારા કંદ, મૂળ તથા ફળો ખાનારા. (૮) તપ અને યોગથી ઉત્પન્ન થતા દુઃસહ કષ્ટોમાં પણ સ્થિરતાવાળા, શ્રદ્ધાળુ અને દેહના સુખમાં અનાદરવાળા. (૯)

કૃશ થયેલા શરીરમાં બહાર દેખાતી નાડીઓથી વ્યાપ્ત દેહવાળા, જેના દર્શન પાકૃત જનો, યોગનિષ્ઠ તથા દેવતાઓને પણ દુર્લભ છે. (૧૦)

તીક્ષ્ણ વૈરાગ્ય અને જ્ઞાનરૂપી અગ્નિથી જેમના અંતરના મળ બળી ગયા છે એવા, એક નારાયણના જ આશ્રયવાળા; ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળનું વૃત્તાંત જાણનારા; દૃઢ વ્રતવાળા. (૧૧)

યોગના દુષ્પ્રાપ્ય ઐશ્વર્યની સ્પૃહાથી પણ રહિત તેમ જ સર્વ લૌકિક કે અલૌકિક ભાવમાં પણ નિસ્પૃહ. (૧૨) મહાબુદ્ધિશાળી હોવાથી અંતર્દ્રષ્ટિથી પોતાના આત્માને જોતા હોવા છતાં પણ શ્રી પરમાત્માનું

સુખ આત્માસુખ કરતાં પણ અધિક માનનારા. (૧૩)

સર્વ જીવોના સુહૃદ, સદા ઉપશમ પ્રિય, શ્રી વાસુદેવના કલ્યાણકારી ગુણોની સ્મૃતિમાં સદા તત્પર. (૧૪) ઘણા કાળ પર્યંત ઉક્ત પ્રકારે સાધના કરતા સર્વ સિદ્ધો એક વખત શ્રવણપ્રિય આકાશવાણી સાંભળતા હતા. (૧૫)

હે સિદ્ધો ! અનુપમ ઐશ્વર્યવાળા, સર્વજ્ઞ, દિવ્યાકૃતિ જે પુરુષોત્તમ ભગવાન દિવ્ય બ્રહ્મપુર ધામમાં રહેલા છે. (૧૬) અસંખ્ય અક્ષરમુક્તોએ જેમના ચરણકમળ સેવ્યા છે, તે સર્વના નિયંતા, જેના ગુણ ઐશ્વર્ય વડે પૃથ્વીમાં સમગ્ર અવતારો થાય છે. (૧૭)

તે અવતારી પુરુષોત્તમ જ આ પૃથ્વીમાં ધર્મદેવથી ભક્તિદેવીમાં, અસંખ્ય દેહધારિઓના આત્યંતિક શ્રેય માટે, કૃપાથી આવિર્ભાવ પામ્યા છે. (૧૮)

હે સિદ્ધો ! તમોએ જે દીર્ઘકાળ પર્યંત તપ, યોગ વગેરેનું કષ્ટ સહન કર્યું છે તેને જાણીને શ્રીહરિ તમોને પોતાના પ્રત્યક્ષ દર્શન આપશે. (૧૯) આ પ્રમાણે આકાશવાણી સાંભળીને વિસ્મય પામેલા તે સમગ્ર સિદ્ધો અવતારી પુરુષોત્તમના દર્શન કરવાની ઈચ્છાવાળા, ખૂબ જ આનંદ પામ્યા. (૨૦) આકાશવાણીએ કરેલો કેવળ પુરુષોત્તમ શબ્દ સાંભળીને જ તે સિદ્ધો જેવી શાંતિ પામ્યા, તેવી પોતાના અંતઃકરણમાં અક્ષરના સાધર્મ્યસ્વરૂપ આત્માના ચિંતવનથી પામ્યા ન હતા. (૨૧)

આ 'પુરુષોત્તમ' શબ્દ સાંભળીને તે સિદ્ધો જેવો આનંદ પામ્યા તેવો આનંદ તો અગાઉ થયેલી તે પુરુષોત્તમના અન્ય અવતારોની મૂર્તિઓના દર્શનથી પણ પામ્યા ન હતા. (૨૨)

આવી રીતે અકાશવાણી સાંભળીને મહા આનંદ પામેલા, દીર્ઘદર્શિ સર્વે સિદ્ધો એકઠા થઈને પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૩) અહો, હે સિદ્ધો ! જે શબ્દના શ્રવણમાત્રથી જ આપણે આવું મહાસુખ પામ્યા છીએ તો તે પુરુષોત્તમના પ્રત્યક્ષ દર્શનથી. (૨૪)

અતિ ઉત્કૃષ્ટ સુખ થાય તે કહેવા માટે કોણ સમર્થ થાય ? અર્થાત્ કોઈ પણ ન થાય. આ પ્રકારનું સુખ આપનારા શ્રીહરિનાં દર્શન આપણને થશે જ. (૨૫)

આવી રીતે કહીને શ્રીહરિના દર્શનના ઉત્સાહવાળા તે સિદ્ધો હર્ષ પામતા પોત પોતાના સ્થાનમાં જઈ શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. (૨૬)

પછી તે મહાતપસ્વી સિદ્ધોના સંકલ્પને જાણનારા પ્રભુ શ્રીહરિ સિદ્ધોને તપનું ફળ આપવા નવલખા પર્વત ઉપર ચઢ્યા. (૨૭)

અંતર્યામી શ્રીહરિની ઈચ્છાથી તે સિદ્ધોના ચિત્ત શ્રીહરિ તરફ ખેંચાઈ ગયા અને તેમની સમાધિમાંથી તેઓ જાગ્રત થઈ, બહાર દૃષ્ટિ પામ્યા. (૨૮)

તે જ સમયે ફરીથી આકાશવાણી સિદ્ધોને આ પ્રમાણે કહેવા લાગી. હે સિદ્ધો ! મેં પ્રથમ તમોને જે પુરુષોત્તમ કહ્યા. (૨૯) અખિલેશ્વર તેજ આ પર્વતમાં પ્રત્યક્ષ પધાર્યા છે. તમારી દૃષ્ટિ સમક્ષ તે

થશે જ. (૩૦) આ પ્રકારની આકાશવાણી સાંભળીને તે સિદ્ધો, પુરુષોત્તમના દર્શનમાં ઉત્સુક બની અતિ આશ્ચર્ય પામીને હર્ષપૂર્વક સર્વ દિશાઓ તરફ જોવા લાગ્યા. (૩૧)

તે સમયમાં સિદ્ધોના તપ અને યોગ વગેરેનો અતિ શ્રમ જાણીને, દયાર્દ્ર પ્રભુ શ્રીહરિએ તેમને પોતાના દર્શન આપ્યા. (૩૨) પછી પુરુષોત્તમના દર્શનની આકાંક્ષાથી ખેંચાયેલા સમગ્ર સિદ્ધો, મહાચુંબક મણિના સંબંધથી લોહ વિકારો જેમ ખેંચાય છે, તેમ સર્વ દિશાઓમાંથી તત્કાળ શ્રીહરિ સન્મુખ આવ્યા. (૩૩)

અત્યંત પ્રસન્ન મનવાળા સર્વ સિદ્ધો એક કાળાવિચ્છિન્ન પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. (૩૪) પોતાના દર્શન માટે ઘણા કાળ પર્યંત સિદ્ધોએ કરેલા શ્રમયુક્ત સાધનો અંતર્યામીપણે જાણતા યોગકલાના સમુદ્ર શ્રીહરિ (૩૫)

નવ લાખ સંખ્યાવાળા સર્વ સિદ્ધોના આનંદ માટે તેટલાં (નવલાખ) રુપો ધારણ કરીને એકી વખતે સર્વને ભેટ્યા. (૩૬)

આ પ્રમાણે શ્રીહરિ પોતાના સ્વાભાવિક યોગ ઐશ્વર્યના બળથી, પોતાના અંગસ્પર્શનું સુખ યોગિઓને આપીને, પાછા પૂર્વવત્ દર્શન આપવા લાગ્યા. (૩૭)

શ્રીહરિના દર્શનની પ્રાપ્તિથી મહાઆનંદ પામેલા તે સિદ્ધો શ્રીહરિને અતિ સુંદર આસન ઉપર બેસાડતા હતા. (૩૮) પછી શ્રીહરિની ચારેય બાજુએ બેઠેલા પ્રેમાશ્રુ ભરપૂર, શ્રીહરિનારુપથી જેમના ઈન્દ્રિયો અંતઃકરણ આકર્ષાઈ ગયા છે તે રોમાંચિત ગાત્રવાળા સર્વ સિદ્ધો. (૩૯)

પોતાના યોગાદિનું ઈષ્ટફળ નિર્દોષ, અનાદિ, નિર્વિકાર, પરાત્પર શ્રીહરિનું એકાગ્ર ભાવથી દર્શન કરવા લાગ્યા. (૪૦)

તે સર્વ સિદ્ધો વિભુ શ્રીહરિને દરેક પોતપોતાના સન્મુખ જોવા લાગ્યા. પ્રભુ શ્રીહરિ પણ દયારૂપી સુધા વર્ષિણી દ્દષ્ટિથી સિદ્ધો તરફ જોતા હતા. (૪૧)

પછી સિદ્ધો, શ્રીહરિના દિવ્ય શરીરમાંથી એકદમ નીકળતું અદ્‌ભુત તેજ આશ્ચર્ય ચકિત થઈને જોવા લાગ્યા. (૪૨)

સર્વ તાપને શમાવનારું, નેત્રોનો આનંદ વૃદ્ધિ પમાડનારું, અનેક કોટી સૂર્ય ચંદ્રના પ્રકાશ સરખો તે પ્રકાશ, સર્વ મંગળના સ્થાનભૂત છે. (૪૩)

પાવનકારી દર્શન જેના છે એવું તે તેજ શરદઋતુના પૂર્ણચંદ્રમાના કિરણોની માફક ઉજ્જવલ, ભગવાનના શરીરમાંથી નીકળતું હતું. જેમાં સૂર્યાદિકનાં તેજ લીન થઈ ગયાં. (૪૪)

તે તેજથી સમગ્ર પર્વતો જાણે કરોડો સૂર્યોથી પ્રકાશમાન હોય ને શું ? એવા દેખાતા હતા. તેને જોઈને ત્યાંના જનો વિસ્મય પામ્યા. (૪૫)

તે તેજ અત્યંત વેગથી પૃથ્વીના ગોળા પ્રત્યે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાઓ તથા અગ્નિ આદિ વિદિશાઓ તથા ઊંચે બ્રહ્મલોક પર્યંત તથા નીચે શેષનારાયણ સુધી ચારેય તરફ વ્યાપી ગયું.

(૪૬) સત્ ચિત્ અને આનંદમય તે તેજમાં શ્રીહરિની ઇચ્છાથી અનવધિકાતિશય શોભાવાળા, દિવ્યાકૃતિવાળા, શ્રીહરિને તે સિદ્ધો જોતા હતા. (૪૭)

અતિશય લાવણ્ય, માધુર્ય, સૌંદર્યાદિ ગુણોથી અન્વિત ભૂષણોના ભૂષણરૂપ દિવ્ય મંગલકારી અવયવો સહિત. (૪૮) જે શ્રીહરિના એક એક અવયવની મહાશોભારૂપી સમુદ્રના જે તરંગો તેના તુલ્યપણાને સૌંદર્યના ગર્વવાળા કરોડો કામદેવની સુંદરતા પણ નથી પામતી. (૪૯)

મંદ હાસ્યથી સ્ફુરાયમાન કાંતિથી પ્રકાશિત એવા ઓષ્ઠથી શોભાયમાન, નિરવધિકાતિશય દયારૂપે અમૃતરસથી આર્દ્ર, અતિ શોભાયમાન, ચંચલ નેત્રો જેને છે એવા. (૫૦)

વિનયવાળા, અસંખ્ય અક્ષર સંજ્ઞાવાળા મુક્તોએ ચામર, છત્ર, છડી વગેરે મહારાજાને યોગ્ય ઉપચારોથી સેવેલા. (૫૧) મૂર્તિમાન દિવ્ય જે શંખ, ચક્ર, ગદા, પદ્માદિ આયુધો અને સમય સમય પ્રમાણે પૂજ્યાં છે ચરણકમળ જેમનાં, દિવ્ય અંબરો ધારણ કરનારા, વિવિધ પ્રકારના દિવ્ય સુંદર મણિઓથી યુક્ત ભૂષણોવાળા (૫૨)

દિવ્યનામ અને આકૃતિવાળા, અક્ષરાખ્ય મુક્તો પણ જેને કોઈ ઉપમા આપી ન શકવાથી **एकमेवाद्वितीयम्** એ શ્રુતિના અદ્વિતીય પદથી વર્ણન કરે છે, અભક્તોના મન અને નેત્રને જે અગોચર છે. (૫૩) આ પ્રકારે મુહૂર્ત પર્યંત તે સિદ્ધોને તે દિવ્યાકૃતિના દર્શન થયાં. પછી સિદ્ધો શ્રીહરિની ઇચ્છાથી અચ્યુત શ્રીહરિને વર્ણિવેશ સ્વરૂપે દેખવા લાગ્યા. (૫૪)

અસાધારણ સૌંદર્યવાળા શ્રીહરિના દર્શન કરીને તે સિદ્ધોના ગાત્રો રોમાંચિત થઈ ગયા, નેત્ર હર્ષાશ્રુથી ભરાઈ ગયા. આ સ્થિતિમાં હાથ જોડીને હર્ષાશ્રુ નેત્રવાળા, ગુણ સમુદ્ર પુરાણ પુરુષ પરમાત્મા શ્રીહરિની તેઓ સ્તુતિ કરવા લાગ્યા. (૫૫)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલા કલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં નવલખા પર્વતમાં રહેલા નવલાખ સિદ્ધોને શ્રીહરિસમાગમનિરૂપણ નામનો ઉડતાલીસમો અધ્યાય સંપૂર્ણ. (૪૮)



અધ્યાય ૪૯ મો

સિદ્ધો કહે છે :- હે હરે ! શ્રુતિઓએ ખોળ્યો છે માર્ગ જેનો, એવા, અનેક બ્રહ્માંડોના અધિપતિના નિયામક, અક્ષરબ્રહ્મના પણ સ્વામી, પોતાના ભક્તોને મોક્ષ સંપાદન કરનારા ચરિત્રોના સ્થાનભૂત, સુંદર મંગળના સમૂહરૂપ મૂળ સ્વરૂપ, ભગવત્સ્વરૂપ પરમહંસોના શરણરૂપ તમો કેવળ કરુણા કરી અહીં પધાર્યા છો તે અમે તમોને વંદના કરીએ છીએ. (૧)

હે હરે ! તમો સર્વ ધર્મમાં ઉત્તમોત્તમ દિવ્ય અક્ષરધામમાં અદ્ભુત અવયવોથી નિત્ય પ્રકાશિત

દિવ્ય મૂર્તિવાળા, દિવ્ય શરીરવાળા, અસંખ્યાત અક્ષરમુક્તોએ હંમેશા સેવ્યા છે ચરણકમળ જેમનાં, એવાં સુંદર શોભાયમાન દીસો છે. (૨)

દિવ્ય આશ્ચર્યકારી, અનવધિકાતિશય, નિર્દોષ, અપાર મહિમાયુક્ત, પોતાના અનુરૂપ પોતાના આત્માને જ યોગ્ય, નિત્યસિદ્ધ, દિવ્ય લાવણ્ય, યૌવન મનોહરપણું, ઉજ્જવલપણું, માધુર્ય, સૌરભ એ આદિક મુખ્ય ગુણોથી યુક્ત. (૩)

સ્વાભાવિક અનવધિકાતિશય જ્ઞાન, ગાંભિર્ય, સામ્ય, વિનય, સ્થિરતા, પવિત્રપણું સુહૃદયપણું, માર્દવ તથા બલ, કૌશલ, તુષ્ટિ એ આદિક મુખ્ય ગુણોવાળા (અહીં મુખ્ય શબ્દથી કહેલા ગુણોથી બાકી રહેલા ભાગવતમાં કહેલા સત્ય આદિ તથા છાન્દોગ્ય ઉપનિષદમાં કહેલાં અપહતપાપ્મત્વાદિ આઠ ગુણો તથા સર્વજ્ઞતા આદિ છ ઐશ્વર્ય વગેરે સમજવા.) (૪)

આ પ્રકારના ગુણ વિશિષ્ટ તમો આ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધરીને અગણિત જીવોના આત્યંતિક મોક્ષ કરવા માટે વિચરો છો તેથી આ પૃથ્વીમાં તમો એકાંતિક ધર્મનું સ્થાપન કરશો. (૫)

હે હરે ! હે ધર્મરક્ષક ! ઉપનિષદોએ સ્તુતિ કરેલા પુરુષોત્તમ તમો અતિ દુષ્કર્મ પ્રચુર આ કલિયુગમાં દેવતાઓએ પણ ધારણ કરવા માટે અશક્ય જે બ્રહ્મચર્યવ્રત (આજીવન પર્યંત પાલનીય નૈષ્ટિક વ્રત) પૃથ્વીમાં સ્થાપન કરશો. (૬)

હે ભગવન્ ! સર્વથી અનવધિકાતિશય દયા આદિ મુખ્ય ગુણોના સાગર, સત્યવ્રતવાળા, સત્ય સંકલ્પવાળા, સર્વ અવતારના કારણ, તમારા લોકોત્તર ઐશ્વર્યથી, વિવિધ પ્રકારના પુણ્ય ગુણો વડે પૃથ્વીમાં રામકૃષ્ણાદિ અવતારો થાય છે. (૭)

હે હરે ! પરમેશ્વર સંબંધી શોભા છે જેમની એવા, સમગ્ર અવતારોના કારણ એવા અને મનુષ્ય ભાવ ધારણ કરનારા, તમોને જે જનો આ લોકમાં બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવો જેવા જાણે છે, તે જનો મંદમતિવાળા છે. બ્રહ્માદિ દેવતાઓએ પણ તર્ક ન કરી શકાય તેવું તમારું પરમાર્થ (સત્ય) સ્વરૂપ તેઓ નથી જાણતા. (તથા નૃસિંહ પુરાણમાં ये तु सामान्यभावेन मन्यन्ते पुरुषोत्तमम् । ते वै पाषण्डिनो ज्ञेया नरकार्हा नराधमाः । જે જનો તમો પુરુષોત્તમને સામાન્ય ભાવથી માને છે તે નિશ્ચય પાખંડિ પુરુષો છે. નરકને યોગ્ય નરાધમો છો. સાર સંગ્રહમાં તથા વસિષ્ટ સ્મૃતિમાં महाविष्णुं हि मन्येत समे देवैः स दुर्मतिः । ब्रूयात् साधारणं सुकृत् सोऽन्त्यजो नाऽन्त्यजोऽन्त्यजः ॥ इति । મહાવિષ્ણુને દેવતાઓની સમાન જે માને છે તે દુર્મતિવાળા છે. એકવાર મહાવિષ્ણુને સર્વ સાધારણ કહે તે અંત્યજ નથી પણ અંત્યજમાં અંત્યજ છે हरिभक्तिविलासे "यो मोहाद्विष्णुमन्येन हीनदेवेन दुर्मतिः । साधारणं सकृद् ब्रूते सोऽन्त्यजो नाऽन्त्यजोऽन्त्यजः" इति । જે પુરુષ અજ્ઞાનથી તમોને બીજા હીન દેવો સમાન એકવાર કહે છે, તે દુર્મતિ અંત્યજ નથી પણ અંત્યજમાં અંત્યજ છે. તથા વૈષ્ણવતંત્રમાં "यस्तु नारायणं देवं ब्रह्मरुद्रादिदैवतैः । समत्वेनैव वीक्षेत् स पाषण्डी नराधमः" इति । જે જન બ્રહ્મા રુદ્રાદિ દેવતાઓ જેવાં જ નારાયણ દેવને કહે છે તે પાખંડી નરાધમ છે. (૮)

હે હરે ! પંચરાત્ર શાસ્ત્રમાં નિપુણ, વેદોનો ઉપદેશ આપવામાં ચતુર, શાસ્ત્રમાં કુશળ તે સર્વ તમારી જ સ્તુતિ કરે છે. શ્રી નારદાદિ મુનિઓ બ્રહ્મા, શંભુ, શેષ તથા અક્ષર મુક્તો તમારા ચરણકમળમાં આસક્ત મનવાળા છે અને તમારું જ ગાન કરે છે. (૯)

દિવ્ય નિર્દોષ, વિવિધ પ્રકારની મહાન શક્તિવાળા હે મંગલાત્મન્ ! પક્ષિ સમૂહો જેમ આકાશનો પાર પામી શકતા નથી, તેમ તમારા મહિમાનો અંત પૂર્વોક્ત પંચરાત્ર શાસ્ત્રોમાં નિપુણ પંડિતો પણ પામતા નથી. હે હરે ! તમો પણ તમારા દિવ્ય ગુણોનો પાર પામતા નથી. (૧૦)

હે હરે ! બ્રહ્માદિ શ્રેષ્ઠ દેવતાઓ, વેદો તથા લક્ષ્મી, સનકાદિ તથા સાધુઓ જેના ચરણકમળના રજની સ્પૃહા કરે છે, તે તમો દયાથી અમોને પ્રત્યક્ષ થયા છો (અમો તો કોઈ પણ ઠેકાણે તમોને ખોળવા માટે ગયા નથી તો પણ તમો જ અમારા પ્રતિ પધાર્યા છો તેથી સમગ્ર સાધનોના શુભ ફળને અમે પામ્યા છીએ.) (૧૧)

આલોકમાં જે જનો તમારા ચરણકમળના આશ્રયવિના અંતઃકરણની વાસના નાશ કરવા માટે અષ્ટાંગ યોગ આદિ ઘણા સાધનો કરે છે, તે જનો સમુદ્રમાં ખેવટીયા વિના, વાણિયાઓ જેમ હેરાન થાય છે તેમ પીડા પામીને સંસારરૂપી સમુદ્રમાં ડૂબે છે. (૧૨)

(શંકા - એ પ્રકારે હું જ જગતમાં સંસાર સાગર તરવાનું એકમાત્ર સાધન છું તો પ્રત્યક્ષ એવા મને તે શાસ્ત્રવિદો કેમ નથી જાણતા ? એમ કહેતા હો તો કહીએ છીએ) હે હરે ! ગર્વ રહિત ચિત્તવાળા, અનેક પ્રકારના શાસ્ત્રના વિવાદથી મોહ પામેલા, પંડિતો પણ જગતમાં પ્રગટ કર્યો છે મનુષ્યાકાર જેમણે એવા તમોને હે પરમેશ્વર ! ઘુવડો સૂર્યને જેમ નથી જોઈ શકતા, તેમ નથી જાણતા. (૧૩)

કામરૂપી દાવાગ્નિથી અત્યંત બળતો બહુ મદવાળો, જનોના માનસરૂપી દ્વિપેન્દ્ર તમારા ચરિત્રરૂપી અમૃત નદીમાં એકવાર સ્નાન કરીને અતિ ઉત્તમ શાંતિ પામે છે. (૧૪)

આલોકમાં પોતાની મેળે ન ગ્રહણ થઈ શકે તેવું આત્માનું દિવ્યતત્ત્વ શરીરધારીઓને પમાડવા માટે ગ્રહણ કરી છે મૂર્તિ જેણે એવા, મંગળના એક સ્થાનરૂપ, તમારી દિવ્ય લીલાઓ રૂપી અમૃત સમુદ્રના બિંદુનું પાન કરીને સાધુઓ. (૧૫)

પરમાત્માના સુખથી પૂર્ણ, વિસ્મૃત થઈ ગયા છે સારી રીતે જોએલા અને સાંભળેલા વિષયો જેમને, તમારે વિષે અતિ આસક્ત ચિત્તવાળા થઈને હે ભગવન્ ! ક્યારેય પણ પ્રિય અને સુહૃદ એવા તમારા ચરણકમળની સેવાનો ત્યાગ કરતા નથી. (૧૬)

હે ભગવન્ ! આ જગતમાં જે જનો તમારા ચરણ શરણનો ત્યાગ કરીને, માનસરૂપી ઘોડાને વશ કરેલા પ્રાણ અને ઈન્દ્રિયો વડે પ્રયત્ન કરે છે, તે જનોથી તે મનરૂપી ઘોડો વશ થતો નથી અને ઊલટો સંસારના પ્રવાહ રૂપી અંધારા કૂવામાં તેને નાંખે છે. (૧૭)

વિષયની પ્રબળ વાસનારૂપી પિશાચીએ પીડા પમાડેલો અને તેથી જ અત્યંત પીડીત આ જનનું

સુખ કરવા માટે ભુવનોના પતિ પુરુષોત્તમ ! તમારા વિના આ લોકમાં કોણ સમર્થ થાય ? (૧૮)

જેમ આકાશ પોતાનાથી બીજા ભૂત સમાન થતું નથી, જેમ સમુદ્ર પોતાનાથી બીજા સમગ્ર સરોવર તુલ્ય થતો નથી. તેવી રીતે તમો બીજા સમાન નથી થતા. તેથી ઉપનિષદોએ તમોને અદ્વિતીય કહ્યા છે. (૧૯)

જેમનો વિશેષ વિચાર કર્યો નથી (આ યોગ્ય છે કે અયોગ્ય છે) તેવા સમગ્ર લોકના સમુદાયનું રક્ષણ કરવામાં ચતુર, સર્વ શક્તિઓના સ્વામી તમો છો. પોતપોતાના ખંડ રાજ્યોને ભોગવનારા રાજાઓ સમ્રાટને જેમ વશ વર્તે છે, તેમ સર્વ ઈશ્વરો તમારી આજ્ઞા ઉલ્લંખન કરતા નથી. (૨૦)

જે તમારા ચરણસરોજને આશ્રેલા છે, તમારા ભજનથી નાશ કર્યા છે કામાદિ શત્રુઓ જેમણે, તે જનો પોતાના હિત આચરણમાં કુશળ છે. તે ભગવાનના ભક્તો પોતાના હૃદયમાં તમારું ચિંતવન કરે છે. (૨૧)

હે સર્વાધિપતે ! અત્યંત વિશદ મનવાળા, તે ભક્તોની દૃઢ પ્રીતિરૂપી દોરડીથી બાંધ્યા છે ચરણકમળ જેમના એવા, પોતાના એકાંતિક સાધુઓમાં સ્નેહવાળા, દયાળુ, તમો ક્યારેય પણ આકાશની માફક, તેવા ભક્તોના હૃદયથી મુહૂર્ત માત્ર પણ દૂર થતા નથી. (૨૨)

હે પ્રભો ! સર્વ ઉપનિષદોએ પ્રકર્શપણાથી કહ્યો છે મહિમા જેમનો એવા, હંમેશા પોતાના આનંદથી પૂર્ણ, એકાંતિક સાધુ સમૂહો ગાઢ અનુરાગથી જેમને સંભારે છે, અને એ સ્મૃતિ પથમાં પ્રાપ્ત થયેલાં છે ચરણકમળ જેમનાં એવા, સર્વ ઈશ્વરોના નિયંતા, સર્વજ્ઞ, નિર્દોષ, સદ્‌ગુણોના સાગર, કેવળ ભ્રકુટિના ભંગ માત્રથી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપી રચનાને કરતા, આમ જેમ મંદિરના શિખરમાં કળશ હોય છે, તેમ આપ અતિશય સર્વોપરી વર્તો છો. (૨૩)

હે દિવ્ય મૂર્તે ! હે હરે ! અપરિમિત વિચિત્ર શક્તિઓ તથા વૈભવ, ઐશ્વર્ય એ આદિક જેમને છે એવા ગુણ વિભૂતિઓના સમુદ્ર, સકલ અવતારોના આવિર્ભૂતમાં કારણભૂત, તમારી સ્તુતિ કરવા માટે અમો સમર્થ થતા નથી. તેથી પ્રણામ કરતા જનોના સર્વ પાપોનું શમન કરનારા, તમોને વારંવાર અમે અભિવંદન કરીએ છીએ. હે હરે ! શાંતિના એક સ્થાનરૂપ, તમોને પ્રકર્ષપણે જોઈને અમો ઘણા કૃતાર્થ થયા છીએ. (૨૪)

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરીને સિદ્ધો વિરામ પામ્યા. એટલે શ્રીહરિ મધુર વાણીથી સિદ્ધોને આનંદ પમાડવા માટે વચન બોલ્યા. (૨૫)

હે સિદ્ધો ! તમોએ લાંબા કાળ પર્યંત તપ કર્યું તેથી હું પ્રસન્ન થયો છું. તમોએ મને ઉદ્દેશીને જે કહ્યું છે તે તે પ્રમાણે જ થશે. (૨૬)

હે સિદ્ધો ! તમો ઇચ્છિત વર માગો. હું તમોને આપીશ. જો તમારે મારા અક્ષરધામમાં જવાની ઈચ્છા હોય તો તમોને હમણાં જ લઈ જઉં. (૨૭)

અમૃતના સ્વાદનો તિરસ્કાર કરનારી શ્રીહરિની આવી વાણી સાંભળીને સિદ્ધો અત્યંત પ્રસન્ન

થયા અને પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીહરિને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૮)

સિદ્ધો કહે છે : યોગીશ્વરો સ્વામી ! હે ભૂમન્ ! હે અવતાર માત્રના એક કારણ ! અમોને અમારા તપનું ફળ તમારા દર્શનથી પ્રાપ્ત થયું. (૨૯)

હે પુરુષોત્તમ ! અમોને તમારી મૂર્તિનાં દર્શન નિત્ય થાવ. હે સ્વામિન્ ! તમારા ચરણકમળની સેવા વિના અમોને બીજા પદાર્થની પ્રાપ્તિની ઇચ્છા નથી. (૩૦)

તો પણ હે હરે ! વિશ્વને પવિત્ર કરનારી શુભ લીલાઓ તમો આ લોકમાં કરશો, તે લીલા અમારે જોવાની ઇચ્છા છે. (૩૧)

હે પ્રભો ! તેથી તમારી દિવ્ય લીલા જોઈને તમારું ચિંતવન કરતા, તમારી કૃપાથી અંતે અમો અક્ષરધામને પામીશું. (૩૨)

આ પ્રમાણે સમગ્ર સિદ્ધોનું વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા સર્વાધિપતિ શ્રીહરિ એ મંદ મંદ હસતા "તથા અસ્તુ" જેમ તમે કહો છો તે પ્રમાણે થશે, એમ સિદ્ધોને કહ્યું. (૩૩)

પછી સત્પતિ શ્રીહરિ પોતાના સત્ય ભગવત્ સ્વરૂપનું જ્ઞાન જેમણે જાણ્યું છે એવા સિદ્ધોએ બતાવેલા નવ લાખ સ્થાનોને જોતા હતા. (૩૪)

પ્રભુ શ્રીહરિ ત્યાં સિદ્ધોના સ્થાનમાં, કોઈ કુંડમાં કાષ્ટ વિના પણ બળતા અગ્નિની જ્વાળાઓ જોતા હતા. કોઈ સ્થાને ઉના પાણીના કુંડો તેમજ કોઈ સ્થાને ઠંડા જળના કુંડો પણ જોતા હતા. (૩૫)

પરમેશ્વર શ્રીહરિ સિદ્ધોને સુખી કરવા માટે નવલખા પર્વતમાં ત્રણ દિવસ રહ્યા. પછી સિદ્ધોએ વળાવ્યા એટલે ત્યાંથી પર્વતની નીચે વડવા કુંડ નામના તીર્થમાં, રાજમાર્ગથી ઉતરીને આવ્યા.

વડવા તીર્થમાં શ્રીહરિએ પૃથ્વીમાંથી નીકળતો વાયુ, જળ તથા અગ્નિનો સમૂહ જોયો ત્યાં ઘણા મુમુક્ષુઓને પોતાના આશ્રિત કર્યા. (૩૭)

તીર્થમાં પોતાના પ્રત્યક્ષ દર્શન આપતા તેથી તપસ્વીજનોને તથા અન્ય યોગીઓને કૃતાર્થ કરવા, વડવાકુંડતીર્થમાં ત્રણ દિવસ રહ્યા. (૩૮)

પછી પ્રભુ શ્રીહરિ અગ્નિ ખૂણા તરફ ચાલતા જ્યાં ગંગા અને સાગરનો સંગમ થાય છે ત્યાં પધાર્યા અને હજારો તીર્થવાસીજનોને કૃતકૃત્ય કર્યા. (૩૯)

હે રાજન્ ! જેની કીર્તિમાં તીર્થો રહેલાં છે. "सर्वाणि तिर्थानि वसन्ति तत्र यत्राच्युतोदारकथाप्रसङ्गः" એમ સ્મૃતિ છે, જ્યાં અચ્યુત ભગવાનના દિવ્ય ચરિત્રોની કથાનો પ્રસંગ હોય છે, ત્યાં સર્વ તિર્થો વસે છે, અથવા તીર્થરૂપ છે કીર્તિ જેમની એવા, મૂર્તિમાન તીર્થોથી પણ ઉત્કૃષ્ટ, અમૂર્ત એવી જે કીર્તિ તે ગંગાદિ તીર્થોને પરાભવ પમાડે છે તે વાત શ્રીમદ્ભાગવતમાં કહી છે. तीर्थं चक्रे नृपौनं यदजनि यदुषु स्वःसरित्पादशौचम् । હે રાજન્ ! યદુકૂળમાં જે ઉત્પન્ન થયું. શ્રીકૃષ્ણ પરમાત્માની કીર્તિરૂપ-તેણે વિષ્ણુ પાદોદકી સ્વર્ગગંગાને ન્યૂન તીર્થ કર્યું : માટે કૃષ્ણકીર્તિનું સર્વતીર્થોમાં ઉત્તમપણું

અને શ્રીકૃષ્ણનું સર્વદેવોથી ઉત્તમપણું તે આશ્ચર્યકારી નથી. એમ શ્રીધરસ્વામી તેમની ટીકામાં કહે છે. શ્રીહરિ મુમુક્ષુઓ ઉપર અનુગ્રહ કરવા ઇચ્છતા હતા તેથી ગંગાસાગરના સંગમમાં ત્રણ દિવસ સુધી રહીને કપિલ મુનિના આશ્રમમાં ગયા. (૪૦)

કર્દમના પુત્ર ભગવાન કપિલદેવ, મનુષ્ય દેહથી જેનું ઐશ્વર્ય ઢંકાઈ ગયું છે તેવા શ્રીહરિને અવતારી અક્ષરાદિના એક અધિપતિ પુરુષોત્તમ, પોતાના ધ્યાનયોગથી જાણતા હતા. (મારા પ્રભાવ ઐશ્વર્ય અને પ્રાદુર્ભાવના એક કારણરૂપ આ સ્વયં અક્ષરાધિપતિ શ્રી પુરુષોત્તમ આવ્યા છે એમ જાણતા હતા.) (૪૧)

પછી કપિલદેવ અત્યંત પ્રસન્ન મનથી, નરાકૃતિ સ્વીકારી ધર્મના સ્થાપનમાં ઉદ્યમવાળા પરાત્પર શ્રીહરિનું સન્માન કરવું, રહેવા માટે જગ્યા આપવી, ફલાદિવડે ભોજન કરાવવું વગેરે સેવા કરવા લાગ્યા. (૪૨)

આ પ્રકારે કપિલમુનિએ અતિ સત્કાર કરેલા ધર્મના પુત્ર શ્રીહરિ, કપિલમુનિ તથા તેમના આશ્રિતોને હંમેશા પ્રસન્ન કરતાં કપિલાશ્રમમાં રહ્યા. (૪૩)

અમૃતના જેવી મધુરતા ભરેલી ભગવત્ કથા કીર્તનાદિથી શ્રીહરિ કપિલ વગેરેને શ્રીહરિ આનંદ પમાડતા હતા. કલ્યાણકારી દર્શન જેના છે એવા શ્રીહરિ કપિલાશ્રમમાં કેટલાક દિવસો રહ્યા. (૪૪)

પછી એકાંતે કપિલના શુભ આશ્રમમાં ઉપશમ કરીને, ધ્યાનયોગનો ઉપાશ્રય કરીને, શ્રીહરિ પોતાના આત્માનું ચિંતવન કરવા લાગ્યા. (૪૫)

આ પ્રકારે વર્તતા પરમાત્મા શ્રીહરિ, નિવૃત્તિમાં અત્યંત આનંદ પામતા હે રાજન્ ! ત્યાં પચ્ચીસ દિવસ રહ્યા. (૪૬)

પછી અસુરોથી વૃદ્ધિ પામેલા અધર્મના ભારથી પીડાતી વસુંધરા, પોતાની પીડાનું નિવેદન કરવા માટે શ્રીહરિને શરણે આવી. (૪૭)

ઘણા પ્રકાશથી આવરીત ધ્યાન પરાયણ શ્રીહરિને જોઈને વસુંધરા, શ્રીહરિની કાંતિથી પરાભવ પામી અને પોતાનું દુઃખ કહેવા માટે સમર્થ ન થઈ. (૪૮)

તેથી દીન, આંખમાં અશ્રુવાળી પૃથ્વી, કપિલ મુનિને મળીને, ખેદથી કરમાઈ ગયેલાં મુખવાળી અત્યંત દીન થઈને કહેવા લાગી. (૪૯)

અહો હે દયાનિધે ! હે પ્રભો અસુરોએ અત્યંત પ્રવર્તાવેલો અધર્મનો ભાર તેને હું સહન કરવા સમર્થ નથી. અહો ! આ પહેલાં આવો અધર્મનો ભાર મારા ઉપર ક્યારેય ન હતો. (૫૦)

મારું આ અસહ્ય દુઃખ નાશ કરવા માટે પૃથ્વી ઉપર વિચરતા પ્રભુ આ શ્રીહરિ, હમણાં ધ્યાનાવસ્થ છે. (એમને આ ઉપશમ આચરણ આ સમયે યોગ્ય નથી.) (૫૧)

હે ભૂમન્ ! સાંખ્ય જ્ઞાનના પ્રવર્તક ! તમો જેના અવતાર છો તે અવતારી (પોતાના સંકલ્પ માત્રથી અનંત બ્રહ્માંડના અંતવર્તિ અનેક જીવોને સંસારરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરનાર) તમો તથા બીજા

અનંત અવતારોના એક કારણ, આ શ્રીહરિ તો મારો ભાર ઉતારવા માટે શક્તિમાન છે. છતાં પણ ઉપશમ કરીને બિરાજ્યા છે. (૫૨)

સ્વયં શ્રીહરિ મારી આ મહાન પીડા ક્યારે નાશ કરશે ? હું શોકથી પીડાએલી શ્રીહરિને મારું દુઃખ કહેવા માટે આવી છું. (૫૩)

છતાં ધ્યાનનિષ્ઠ શ્રીહરિ પાસે બોલવા માટે શક્તિમાન નથી. તેથી મારું દુઃખ એમને કહેવા માટે તમો જ યોગ્ય છો. (૫૪)

દયાનિધિ કપિલમુનિ પૃથ્વીનું આવું દૈન્ય વચન સાંભળીને ધ્યાનસ્થ ધર્મજન્યા શ્રીહરિની સમીપ આવ્યા. (૫૫)

કપિલમુનિ તેમની સમીપ આવ્યા તેટલામાં મંગળકારી દર્શનવાળા શ્રીહરિએ ધ્યાનમાંથી જાગ્રત થઈ પુણ્યમય વિકસિત નેત્રકમળથી કપિલમુનિ તરફ જોયું. (૫૬)

અવસર જાણનારા કપિલમુનિ, સર્વ દુઃખને હરનારા શ્રીહરિની પ્રસન્નતા જાણીને, આદરપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૫૭)

પૃથ્વીનો ભાર નાશ કરવામાં મહાશક્તિવાળા, અતિશય દયાસાગર હે હરે ! અધર્મી જનોથી અત્યંત પીડા પામેલી, અધર્મના ભારથી નત મસ્તકવાળી આ પૃથ્વી. (૫૮)

શોકથી દુઃખી, મ્લાન, મુખવાળી, દીનની માફક રડતી, પોતાનું દુઃખ તમોને નિવેદન કરવા માટે આવી છે. (૫૯)

પરંતુ અત્યંત પ્રૌઢ પ્રતાપવાળા, ધ્યાનમાં અખંડ પ્રીતિવાળા તમારી પાસે બોલવા માટે તે અશક્ત હોવાથી મને કહેવા માટે પ્રેરણા કરે છે. (૬૦)

તેથી હે હરે ! હું તમોને પૃથ્વીનું મહાદુઃખ કહું છું ઉચ્છ્રૃંખલ અસુરોના સમુદાયો આ પૃથ્વીમાં અધર્મ ઘણો વૃદ્ધિ પમાડ્યો છે. (૬૧)

તેથી અધર્મના અત્યંત ભારથી, અત્યંત પીડાતી ભૂમિ, કરુણાસાગર, શરણ્ય તમારે શરણે આવી છે. (૬૨)

તેથી સર્વ અવતારોના એક કારણભૂત, કાલમાયા આદિના અધિશ્વર, અત્યંત પરાક્રમી તમો એ પૃથ્વીની મહાપીડા હણવા માટે યોગ્ય છો. (૬૩)

ધર્મના સ્થાપન માટે, અધર્મના મૂળ ઉખેડવા માટે હે પ્રત્યક્ષ પુરુષોત્તમ ! તમો આ ભુમિ ઉપર અવતરેલા છો. (૬૪)

તેથી હે ભૂમન્ ! હમણાં તમો ઉપશમ અવસ્થા ધારણ કરો તે યોગ્ય નથી. હે દીન વત્સલ! આપતકાળમાં પડેલી, તમારે શરણે આવેલી આ ભૂમિને આપ સુખી કરો. (૬૫)

(શંકા : હું ધર્મનો પુત્ર તપસ્વી બ્રાહ્મણ કેવી રીતે તેનું દુઃખ નિવૃત્ત કરવા શક્તિમાન થાઉં ? એમ કહેતા હો તો અમો કહીએ છીએ કે જેના નયન કટાક્ષથી જગતની ઉત્પત્તિ વગેરે થાય છે તે પ્રત્યક્ષ પરમેશ્વર તમો છો) હે હરે ! તમારી ઈચ્છાથી અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તમો કરો છો તેથી તમો ભૂભાર હરો. (૬૬)

અવતારોના કારણ શ્રીહરિ આવી રીતે કપિલ મુનિનું વચન સાંભળીને દયાથી કોમળ મનવાળા થઈને અશ્રુસહિત મુખવાળી પૃથ્વીને કહેવા લાગ્યા. (૬૭)

હે ભદ્રે ! તમો શોક ન કરશો. હે શુચિવ્રતે ! તમારો દુસ્તર ભાર હું તત્કાળ નાશ કરીશ. તું અંતરમાં શાંતિ રાખ. (૬૮)

આ પ્રકારે શ્રીહરિએ પૃથ્વીને કહ્યું તેથી પ્રસન્નતા પામી પૃથ્વી અચ્યુત શ્રીહરિને નમસ્કાર કરીને અને સ્તુતિ કરીને સર્વના સ્વામી, અવતારી શ્રીહરિની ઇચ્છાથી અંતર્ધાન થઈ ગઈ. (૬૯)

પછી શ્રીહરિ ત્યાંથી જવા માટે તૈયાર થયા. પણ દયાસાગર સમર્થ શ્રીહરિ, કપિલે પ્રાર્થના કરી તેથી પાંચ દિવસ ત્યાં રહ્યા. (૭૦)

પછી હે રાજન્ ! અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરવામાં એક આગ્રહવાળા શ્રી હરિએ કપિલાશ્રમથી પ્રયાણ કર્યું. પછી સમુદ્ર કિનારે પ્રસિદ્ધ મનોહર જગન્નાથપુરીમાં પધાર્યા. (૭૧)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિ શાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી હરિએ કપિલાશ્રમ પ્રાપ્તિ આદિ નિરુપણ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ. (૪૯)



અધ્યાય ૫૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી જગન્નાથપુરીમાં રહીને રોજ સમુદ્રસ્નાન કરીને, જગત્પતિ-જગન્નાથનામના વિષ્ણુના અર્ચાવતારનાં દર્શન કરતા, શ્રીહરિ ઈન્દ્રદ્યુમ્ન સરોવર વગેરે તીર્થોમાં સ્નાનાદિવિધિ કરતા હતા. (૧)

ધર્મના પુત્ર શ્રીહરિને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જાણીને જગન્નાથજી અગોચર (અદશ્ય) સ્વરૂપે શ્રીહરિકૃષ્ણ ભગવાનને સેવતા હતા. (૨)

પછી પરમેશ્વર શ્રીહરિ પૃથ્વી ઉપર પ્રવર્તેલો અધર્મનો ભાર ઉતારવા ઈચ્છતા હોવાથી ત્યાંથી પ્રયાણ કરવા માટે તૈયાર થયા. (૩)

તે સમયે જગન્નાથ-વિષ્ણુ સંતોના પતિ શ્રીહરિની સમીપ જઈને કહેવા લાગ્યા. હે પ્રભો ! આ પુરમાં પોતાની ઈચ્છામાં આવે એમ પાપાચરણ કરનારા ઘણા છે. (૪)

મહાપુરુષોએ બાંધેલી મર્યાદા ઉલ્લંઘન કરનારા, દંભથી વૈષ્ણવ નામ અને વેશધારી, અધર્મને પ્રવર્તાવનારા-અસુરો (૫)

શક્તિના ઉપાસકો તથા શંકરના ઉપાસકોના ચિન્હો ધારણ કરનારા, સર્પની માફક ક્રોધી ‘‘અનંગ રંગ’’ નામના ગ્રંથમાં કહેલા વશીકરણ મંત્રોથી, તેમજ દોરડીમાં સર્પ, પીંછામાં કબૂતર બતાવવા તાંત્રિકો, પંચદશાંક તથા વિશાંકાદિ યંત્રોથી લોકોને વશ કરનારા. (૬)

સ્ત્રીઓ તથા દ્રવ્ય, રસ, માન આદિક જેમને છે એવી પ્રતિષ્ઠાની પ્રાપ્તિ માટે હંમેશા ઉદ્યમવાળા, મદ, ઈર્ષા તથા મત્સરવાળા, દેહના પોષણમાં તત્પર (૭)

કપટ કરીને સ્ત્રીઓને તથા મનુષ્યોને બહુ પ્રકારે લોભ બતાવીને વેદમાં કહેલા સનાતન ધર્મમાર્ગ થકી પાડનારા. (૮)

લોઢાના મોટા ચીપિયાઓ તથા લોઢાના ખીલા, લાકડીઓ તથા વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરનારા, ભાંગ પીવાથી લાલચોળ નેત્રોવાળા. (૯)

પરસ્પર મોટી સ્પર્ધા રાખનારા, દુરાચાર પરાયણ, દુષ્ટ આશયવાળા, સિદ્ધપણાની સિદ્ધિને માટે બગલાની માફક ઉપરથી ધ્યાનનું નાટક કરનારા. (૧૦)

એવા મહાદૈત્યોએ અધર્મસર્ગને આ પુરમાં વૃદ્ધિ પમાડ્યો છે, તેથી આ સ્થાનમાં રહેવા માટે હે દયાનિધે ! મને રુચતું નથી. (૧૧)

ઘૃતની ધારાઓથી અગ્નિ જેમ ભડકે બળે તેમ અસુરોએ અધર્મવૃદ્ધિ પમાડેલો છે. હે અખિલેશ્વર! એ અધર્મનો વિનાશ માટે હું તો શક્તિમાન નથી. (૧૨)

તેથી અનંત પરાક્રમવાળા, પ્રત્યક્ષ અવતારી, કાળમાયાદિના નિયંતા અક્ષર થકી પર અદ્વિતીય. (૧૩)

સર્વ શક્તિધર તમો હે અપ્રમેયાત્મન્ ! અસંખ્ય દેહિઓના સુખ માટે અહીં રહીને આ ઉગ્ર અધર્મનો વિનાશ કરો. (૧૪)

હે મહીપતે ! શ્રીહરિ, જગન્નાથ વિષ્ણુનું આવું વચન સાંભળીને, તેમને કહેવા લાગ્યા. હે જગન્નાથ, વિષ્ણો ! મેં જ કરવા ઈચ્છેલું એ કાર્ય હું જ કરીશ. (૧૫)

હે વિષ્ણો ! હું હમણાં અહિંસા આદિ સદ્‌ગુણશીલ સાધુ માર્ગ ધારણ કરી રહ્યો છું. તેથી આ દૈત્યોને શસ્ત્રો વડે હણવા યોગ્ય નથી. આ અસુરોને હું બીજી રીતે હણીશ. (૧૬)

સંસૃતિને નિવૃત્ત કરનારું, જન્મ મરણના રોગને નાશ કરનારું, સદ્‌ગુણોરૂપી મણીઓની પંક્તિઓરૂપી ભૂષણો જેમાં છે એવી છે મૂર્તિ જેની એવા શ્રીહરિનું આ વચન સાંભળીને, જગન્નાથજી પ્રસન્ન થયા. (૧૭)

પછી સત્યસંકલ્પ શ્રીહરિ, અસુરોનો વિનાશ કરી પૃથ્વીનો ભાર હળવો કરવાનો સંકલ્પ કરીને ઈન્દ્રદ્યુમ્ન સરોવરને કાંઠે નિવાસ કરીને રહ્યા. (૧૮)

ઈન્દ્રદ્યુમ્ન સરોવરને કાંઠે રહેતા શ્રીહરિ, સાંભળનારાઓને પ્રિય લાગે તેવી, સંસારરૂપી મહાસર્પે દંશ કરેલા જીવના સમુદાયોને જીવાડનારી, ધર્મજ્ઞાનદિવાર્તાઓ કરતા હતા. (૧૯)

શ્રીહરિની વાતો સાંભળવા માટે શ્રીહરિની સમીપ પુરના હજારો જનો આવતા. તેમની વાતો સાંભળીને તે પુરના જનો પરમ વિસ્મય પામતા. (૨૦)

અમૃતથી પણ અતિ અધિક મધુર, અર્થગૌરવવાળી શ્રીહરિની વાતો સાંભળતા તે પુરના જનો, શ્રીહરિની પાસેથી બીજે જવા સમર્થ ન થયા. (૨૧)

જે જે પુરના જનો, દૈવીસમ્પત્તિવાળા હતા તે તો શ્રીહરિએ કરેલી વાતો સાંભળવા લાગ્યા. હે રાજન્ ! તે તે જનો તો શ્રીહરિને સર્વના શાસક ભગવાન જ જાણતા હતા. (૨૨)

તે સમયે નગરમાં શ્રીહરિની વાતોનો જ ઉદ્‌ઘોષ થયો. પુરવાસીજનો ઘર ઘર પ્રત્યે શ્રીહરિનો પવિત્ર યશ ગાતા હતા. (૨૩)

ઘણા પુરજનો શ્રીહરિને પૂજતા હતા. દરરોજ તેમના દર્શન કરતા હતા. તે લોકો શ્રીહરિને આપવા માટે વસ્ત્રો, ધન પાત્રો શ્રીહરિની આગળ મૂકતા હતા. (૨૪)

હે રાજન્ ! પૂર્ણકામ શ્રીહરિ પુરજનોએ મૂકેલાં વસ્ત્ર વગેરે વસ્તુઓને દ્રષ્ટિથી પણ જોતા નહિ. પુરજનોના પદાર્થો શ્રીહરિ ગ્રહણ ન કરતા તેથી આશ્ચર્ય પામતા સૌ શ્રીહરિનો અતિશય મહિમા સમજવા લાગ્યા. (૨૫)

દુષ્ટ અભિપ્રાયવાળા અસુરો શ્રીહરિ પ્રત્યે પુરવાસીઓની પ્રીતિ, તેમણે કરેલું તેમનું સન્માન વગેરે, મત્સર વ્યાપવાથી લગાર પણ સહન ન કરી શક્યા. (૨૬)

વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરનારા, કાળના જેવા, મદોદ્ધત બધા અસુરો મળીને શ્રીહરિને હણવાની ઈચ્છાથી શ્રીહરિની સમીપ આવ્યા. (૨૭)

સર્વજ્ઞ શ્રીહરિ, ક્રોધ રૂપી અગ્નિની જ્વાળાથી બળેલા અંગોવાળા અસુરોને જોઈને, વાણીરૂપી અમૃતથી બહુમાન આપવા પૂર્વક સત્કાર કરીને, તેમને સભામાં બેસાડતા હતા. (૨૮)

તે અસુરો શ્રીહરિના સ્વાભાવિક પ્રભાવથી કંઈપણ બોલવા માટે સમર્થ થયા નહીં. શત્રુઓ છે છતાં પણ ચિત્રમાં ચિતરેલાં હોયને શું ? એમ શ્રીહરિની વાર્તા સાંભળતા તે બધા સ્થિર થઈ ગયા. (૨૯)

હે રાજન્ ! શ્રીહરિની પાસેથી ઊઠીને રસ્તે જતાં તે અસુરોમાંના કેટલાક શ્રીહરિની ઈચ્છાથી આ પ્રમાણે બોલતા હતા. (૩૦)

અહો ! આ પહેલા આવા સિદ્ધેન્દ્ર અમોએ જોયા નથી. સર્વે પૌરજનો પણ એ સિદ્ધને સ્પૃહણીય ગુણવાળા માને છે. (૩૧)

તે અસુરોમાંના કેટલાક અસુરો, આ પ્રમાણેનું અસુરોનું વચન સાંભળીને, ક્રોધથી તેમના પ્રત્ય બોલવા લાગ્યા. હે મહાપુરુષો ! આ સિદ્ધ મંત્રોથી દેવતાની આરાધના કરીને પૌરજનોને વશ કરે છે. (૩૨)

આ પાખંડીમાં શ્રેષ્ઠ છે. તંત્ર યંત્રને જાણનારો કપટ વાળો છે. એથી આ સિદ્ધે તમો ભાગ્ય હીનની બુદ્ધિ ભ્રમિત કરી છે. (૩૩)

તેવું વચન સાંભળીને બીજા આ પ્રમાણે બોલતા હતા. આ નિષ્પાપ સાધુની નિંદા કરી સર્વશ્રેયનો વિનાશ કેમ કરો છો. (૩૪)

પછી બીજા ક્રોધથી આ પ્રમાણે બોલવા લાગ્યા. હે મૂઢો ! એણે કામણ ટુંમણ ક્રિયાથી તમોને ભમાવ્યા છે. તેથી તમો ઉન્મત્ત થયા છો. (૩૫)

આ પ્રકારે કહીને તેમને ન બોલવાનાં વચનો કહ્યાં અને અસુરોને ગાળો દેતાં અત્યંત તિરસ્કાર કરવા લાગ્યા. (૩૬)

પછી જેમને ગાળો દીધી છે તે પણ ક્રોધથી પીડા પામતા વારંવાર ગાળો દેતા, તેમનો તિરસ્કાર કરવા લાગ્યા. પછી તે અસુરો પરસ્પર વાણીરૂપી બાણોથી પ્રહાર કરવા લાગ્યા. (૩૭)

આ પ્રકારે ભૂ ભારનો સંહાર કરવા માટે ઇચ્છતા શ્રીહરિની ઇચ્છાથી અસુરો મર્મ સ્પર્શી વાગ્બાણોથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. (૩૮)

મદોન્મત્ત હાથીઓ જેમ ઉન્મત્ત થાય, તથા ચાતુર્માસમાં લીલું ઘાસ ખાઈને ઉદ્ધત થયેલા મોટા સાંઢ ઉન્મત્ત થાય, તે પ્રમાણે રોજ સાકર દૂધનું પાન કરીને, મલ્લયુદ્ધની શિક્ષા પામેલા આ મદોન્મત્ત મલ્લો, અતિમહાન કજિયો અંદર અંદર કરવા લાગ્યા. (૩૯)

પછી હે રાજન્ ! શ્રીહરિની માયાથી મૂઢ બનેલા, અત્યંત માત્સર્યયુક્ત ચિત્તવાળા, વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરનારા, એવા અસુરોનું અંદર અંદર યુદ્ધ થયું. (૪૦)

ટોળે ટોળાં મળીને ભયંકર દુર્વચનો બોલતા અસુરો, શસ્ત્રો તથા અસ્ત્રો, લાકડીઓ તથા મુષ્ટિઓ તથા લાતોથી પરસ્પર મારવા લાગ્યા. (૪૧)

હે રાજન્ ! મોટાં તાડના ફળો જેમ પડે તેમ શસ્ત્રોથી છેદાયેલાં અસુરોના હજારો માથા પૃથ્વી ઉપર પડવા લાગ્યા. (૪૨)

કેટલાકનાં સાથળો છેદાઈ ગયાં, કેટલાકના બંને હાથ છેદાઈ ગયા. કેટલાકના સર્વાંગો છેદાયાં. એવા તે અસુરો ભયંકર રણમાં પડ્યા. (૪૩)

પરસ્પર પ્રહાર કરતા આ અસુરોમાંના દસહજાર તો પહેલે દિવસે જ મૃત્યુ પામી સૂર્યના પુત્ર યમના અતિથિ થયા. (૪૪)

ત્યારબાદ બીજા બળવાન અસુરો પણ જીતવાની ઇચ્છાથી, બીજા દિવસે પણ અંદર અંદર યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધ કરતા અસુરો કોઈ દિવસે બે હજાર મરણ પામતા હતા. કોઈ દિવસે પાંચસો મરતા હતા. (૪૫)

કોઈ દિવસે પાંચ હજાર મરણ પામતા હતા. કોઈ દિવસે હજાર, કોઈ દિવસે સાતસો કોઈ દિવસે બસો મરણ પામતા હતા. (૪૬)

ધર્મોનો દ્રોહ કરનારા અસુરો આવી રીતે બે માસ સુધી પરસ્પર યુદ્ધ કરીને, શ્રીહરિની ઈચ્છાથી, નાશ પામ્યા. દેવો અને સાધુઓ આનંદ પામ્યા. (૪૭)

જ્યારબાદ બ્રહ્માદિક દેવતાઓ અનંદપૂર્વક શ્રીહરિને પુષ્પોથી વધાવતા હતા. બીજા મહર્ષિઓ પણ જય જય શબ્દોનું ગાન કરવા લાગ્યા. (૪૮)

તે અસુરોમાંના કેટલાક અસુરોના નાસિકા, બે કાન, બે હાથ વગેરે અંગો છેદાઈ ગયા હતા. યુદ્ધથી ગભરાયેલા બીજા અસુરો તો તત્કાળ નાસી ગયા. (૪૯)

ઉત્સાહરહિત, હણાઈ ગયું છે બલ જેમનું એવા, નાસી ગયેલા અસુરો દેશાંતરમાં રહેલા બીજા અસુરોને જગન્નાથપુરીનું બધું વૃત્તાંત કહેવા લાગ્યા. (૫૦)

આ પ્રકારે દૈત્યો નાશ પામ્યા. ધર્મનું રક્ષણ કરવા માટે સ્વીકાર કર્યો છે. દિવ્યવિગ્રહ જેમણે એવા શ્રીહરિ, અધર્મના મૂળને નષ્ટપ્રાય કરવા લાગ્યા. (૫૧)

આ પ્રમાણે પરસ્પર યુદ્ધ કરીને, જેમ વાયુથી કંપાયમાન થયેલા વાંસનું વન પરસ્પર ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થવાથી બળીને ભસ્મ થઈ જાય તેમ, શ્રીહરિના સંકલ્પથી આ અસુરો નાશ પામ્યા. (૫૨)

હે રાજન્ ! જગન્નાથપુરીમાં આ પ્રમાણે શ્રીહરિનો સર્વોત્તમ પ્રતાપ જોઈને, દૈવીજનો હજારો હજાર જીવો શ્રીહરિનો આશ્રય કરવા લાગ્યા. (૫૩)

પ્રત્યક્ષ શ્રી હરિકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિવાળા જનો, શ્રીહરિને ભગવાન જાણીને, શ્રીહરિએ ઉપદેશેલ પોતાના સ્વધર્મમાં રહીને, પરમાત્મા શ્રીહરિને ભજતા હતા. (૫૪)

જગન્નાથપુરીમાં પોતાના આશ્રિત જનોની ભક્તિથી સેવાયેલા પ્રભુ શ્રીહરિ, ધર્મે સહિત ભક્તિનું પોષણ કરતા, પોતાના આશ્રતોની પ્રીતિને માટે જગન્નાથપુરીમાં દસ માસ પર્યંત નિવાસ કરીને રહ્યા. (૫૫)

અન્ય મનુષ્યોને અગોચર રહીને જગન્નાથ વિષ્ણુ, શ્રીહરિને મળીને શ્રીહરિનુ પરાક્રમ જોઈ પ્રસન્ન થઈને, ધર્મનંદન શ્રીહરિને કહેવા લાગ્યા. (૫૬)

હે સ્વામિન્ ! હે શ્રીહરે ! અમોએ ઈચ્છેલું આ કાર્ય તમોએ નિશ્ચય કર્યું. જે કાર્ય મને પણ દુષ્કર હતું તો બીજાઓથી ન બની શકે, તેમાં તો આશ્ચર્ય જ શું ? (૫૭)

હે હરે ! તમોએ શસ્ત્ર વિના પણ તમારા પ્રતાપથી દૈત્યો હણ્યા. પૂર્વે તમારા અવતારો એ તો જાતે યુદ્ધ કરીને જ હણ્યા હતા. (૫૮)

હે મહાકીર્તે ! સર્વજ્ઞ અવતારી, તમારું આ મોટું ઐશ્વર્ય તો સર્વાવતારોથી પણ અધિક છે તે અમોએ જોયું. (૫૯)

જેમ વાયુથી રૂનો ઢગલો ઉડી જાય છે તેમ દૈત્યના સમુદાયને હણીને હે હરે ! તમોએ અધર્મનો નાશ તથા ધર્મનું રક્ષણ કર્યું છે. (૬૦)

હે પ્રભો ! હે દયાસિંધો ! તમારા પ્રતાપના નિરીક્ષણથી અમો પ્રસન્ન થયા છીએ. હવે તમો તમારી જેવી ઈચ્છા હોય તે પ્રમાણે કરો. (૬૧)

બીજાઓથી ન બની શકે એવું પોતાનું (જગન્નાથજીનું) કાર્ય જેમણે કર્યું છે એવા ધર્મ ધુરંધર શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે કહીને ચંદન પુષ્પાદિક ઉપચારો વડે શ્રીહરિને પૂજીને નિરાજન કર્યું. (૬૨)

તે સમયમાં પ્રસન્ન મનવાળા બ્રહ્માદિ દેવેન્દ્રોએ, બહુ સારું બહુ સારું, એમ કહીને શ્રીહરિને પુષ્પોથી વધાવ્યા. (૬૩)

પછી તે જગન્નાથ, ધર્મના પુત્ર શ્રીહરિને, પ્રણામ કરીને હર્ષપૂર્વક વિશદ વચનોથી શ્રીહરિની સ્તુતિ કરીને અને પૂછીને પોતાના સ્થાનમાં ગયા. (૬૪)

જે પુરુષ આ લોકમાં આ હરિચરિત્ર સાંભળશે તથા કહેશે, તેની શત્રુ તરફથી આવતી તમામ વિપત્તિઓ નાશ પામશે, તેમ જ દેહાંતે અત્યંત સુખમય અક્ષર નામના ભગવાનના ધામમાં જશે. (૬૫)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિએ જગન્નાથપુરીમાં રહેલા અસુરોનો વિનાશ કર્યો તે નિરૂપણ નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ. (૫૦)



અધ્યચા ૫૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ભક્તિ ધર્મથી સદા યુક્ત દિવ્ય વિગ્રહ, ધર્મપુત્ર પ્રભુ શ્રીહરિએ જગન્નાથપુરીમાંથી પ્રયાણ કર્યું. (૧)

શ્રીહરિ આદિ કૂર્મ તીર્થ પ્રત્યે આવ્યા. અહીં આદિ કૂર્મ વિષ્ણુ અન્ય જનોને અગોચર રહીને શ્રીહરિને મળીને તેમને કહેવા લાગ્યા. (૨)

અહો હરે ! તમો ભલે પધાર્યા. ધર્મનંદન શ્રીહરિ પુરુષોત્તમ ! તમોને જોઈને હું પ્રસન્ન થયો છું. એમ કહીને આદિ કૂર્મ વિષ્ણુએ પરમેશ્વર શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. (૩)

એકાકી, આત્મરતિ, ધીર, શ્રીહરિ વનમાં વિચરતા હે મહીપતે ! રમણીય માનસપત્તન તીર્થમાં આવ્યા. (૪)

માનસપત્તનમાં દૈવી સંપત્તિવાળા વિચક્ષણ સત્રધર્મા નામના રાજાએ, શ્રીહરિને અતિશ્રેષ્ઠ જાણીને પોતાના દરબારમાં નિવાસ કરાવ્યો. (૫)

બગીચામાં એકાંત સ્થળમાં આવરણે રહિત ઓટલા ઉપર રહેતા શ્રીહરિની સેવા, યોગ્ય સેવકો સહિત, રાજા હંમેશા હર્ષપૂર્વક કરતા હતા. (૬)

પછી અચ્યુત શ્રીહરિએ સત્રધર્મા રાજાને મુમુક્ષુ જાણીને, પોતાના દર્શન માટે આવેલા તેમને દિવ્યભાવ બતાવ્યો. (૭)

શ્રીહરિના દર્શનથી જેમને સમાધિ થઈ છે તે રાજા, સમાધિમાં શ્રીહરિનું સનાતન દિવ્ય અક્ષરધામ જોવા લાગ્યા. (૮)

અનંત અને અનુપમ જ્યોતિઃપ્રધાન સમગ્ર ધામોમાં ઉત્તમ, દોષે રહિત, આદિ અને અંત રહિત સચ્ચિદાનંદસ્વરૂપ (૯)

તે ધામમાં, દિવ્ય મણિઓ જેમાં છે એવું શોભાયમાન સુવર્ણનું સિંહાસન, તેમાં બેઠેલા તેજથી અતિ રમણીય અવયવોવાળા, શ્રીહરિને તે રાજા જોવા લાગ્યા. (૧૦)

સ્ફુરાયમાન દિવ્ય શરીરો જેમના છે એવા, સર્વ શોભાની ઉપમા યુક્ત એવા સુંદર શ્રીહરિના મુખકમળમાં જેમની દૃષ્ટિ સધાઈ છે તેવા, અસંખ્ય અક્ષરમુક્તોથી ચારેય બાજુએ વીંટાયેલા. (૧૧)

દિવ્ય, અમૂલ્ય અંબરો ધારણ કરનારા, દિવ્યાંગોમાં સુવર્ણમય વિવિધ પ્રકારના પોતાને યોગ્ય અલંકારો ધારણ કરનારા. (૧૨)

તથા દિવ્ય દેહવાળા, વેદોએ હર્ષપૂર્વક જેમનાં ગુણગાન ગાયા છે તેવા, દિવ્ય મૂર્તિવાળા, જ્ઞાનાદિ ઐશ્વર્યોએ સ્તુતિ કરાયેલા. (૧૩)

રત્નજડિત દાંડીયુક્ત ચામરો તથા બહુ પ્રકારના મણિઓથી સુંદર છત્ર વડે વિનયવાળા પાર્ષદોએ પ્રેમપૂર્વક સેવાયેલા. (૧૪)

પછી શ્રીહરિએ પોતાની ઈચ્છાથી રાજાને સમાધિમાંથી જાગ્રત કર્યા. પછી રાજા શ્રીહરિના ચરણ કમળમાં નમસ્કાર કરીને, શ્રીહરિને કહેવા લાગ્યા. (૧૫)

તમો નિર્દોષ, અખિલેશ્વર, પરબ્રહ્મ અવતારી પ્રત્યક્ષ પુરુષોત્તમ છો. એમ મે સર્વથા જાણ્યું છે. (૧૬)

રાજા આ પ્રકારે કહીને પોતાના પરિવાર સાથે શ્રીહરિનો દૃઢાશ્રય કરીને, શ્રીહરિને હંમેશા હર્ષપૂર્વક સેવતા હતા. (૧૭)

તે સમયે જગન્નાથપુરીમાંથી જીવતો રહેલો એક અસુર ત્યાં (માનસપત્તન) આવીને તે પુરના અસુરોને, શ્રીહરિ પોતાના શત્રુ છે એમ કહેવા લાગ્યો. (૧૮)

પછી તે બધા અસુરો ભેગા થઈને ક્રોધવાળા, વેર વાળવાની ઈચ્છાવાળા, શસ્ત્રો ધારણ કરીને, શ્રીહરિને હણવા માટે રાત્રે ત્યાં આવ્યા. (૧૯)

શ્રીહરિને હણવા માટે આવેલા તે અસુરોએ શ્રીહરિ વિના, રાજા તથા પુરના વાસિજનો ન જાણે

તેવી રીતે પોતાની મલિન વિદ્યાથી તેમને મોહ ઉત્પન્ન કર્યો. (૨૦)

પછી વિભુ, સર્વવિત્ શ્રીહરિએ, પોતાને હણવા માટે ઈચ્છતા અસુરોને આવેલા જાણીને, પોતાનું ઐશ્વર્ય પ્રગટ કર્યું. (૨૧)

હે રાજન્ ! પછી જેમનું મૃત્યુ સમીપમાં આવ્યું છે તે અસુરો, શ્રીહરિના સંકલ્પથી યોગેશ્વર શ્રીહરિને જ પોત પોતાની સન્મુખ જોવા લાગ્યા. (૨૨)

અતિક્રોધી, શ્રીહરિની માયાથી વિમૂઢ, યુદ્ધમાં મહા ઉત્સાહવાળા, ભયંકર, ઉદ્ધત અસુરો આ પ્રમાણે બોલવા લાગ્યા. (૨૩)

આ જ આપણો શત્રુ છે. તેને તત્કાળ હણો હણો. એમ બોલતા અસુરો એક બીજાને શ્રીહરિ માનીને તેને હણવા લાગ્યા. (૨૪)

શ્રીહરિના કોઈ સ્વભાવિક ઐશ્વર્યથી મોહ પામીને સર્વ અસુરો આ જ શ્રીહરિ છે, એવી ભ્રાંતિથી ભયંકર રણમાં, તીક્ષ્ણ વિવિધ આયુધો વડે પરસ્પર હણવા લાગ્યા. (૨૫)

તે સમયે સર્પની સમાન ક્રોધવાળા, ભ્રાંત ચિત્તવાળા, કેટલાક અસુરો પરસ્પર શત્રુભાવ ઉત્પન્ન કરીને દુરાત્માઓ અન્યો અન્ય હણવાને ઈચ્છતા, ત્યાં તેમણે અત્યંત ઉગ્ર રણસંગ્રામ રચ્યો. (૨૭)

આ પ્રકારે અસુરો આ શ્રીહરિ છે એવી ભ્રાંતિથી વારંવાર વિવિધ શસ્ત્રોથી પરસ્પર પ્રહાર કરતા મોટો ઉદ્‌ઘોષ કરીને યુદ્ધ કરવા લાગ્યા. (૨૮)

જેમ પૂર્વે કુરુક્ષેત્રમાં (કૌરવ-પાંડવના રણ સંગ્રામમાં) અર્જુને નાંખેલા ત્વષ્ટ્રાના મંત્રોથી અભિમંત્રિત અસ્ત્રથી સંશપ્તકો મહામોહ પામ્યા હતા. (૨૯)

અને અર્જુનના જ પ્રતિરૂપો જોઈને (પરસ્પર અર્જુનને જ જોઈને) ક્રોધ યુક્ત પરસ્પર શસ્ત્રોથી પ્રહાર કરતા યુદ્ધમાં મરણ પામ્યા હતા. (૩૦)

શ્રીહરિની માયાથી પરસ્પર યુદ્ધ કરતા મૂઢ અસુરોમાંના પૃથ્વીના ભારરૂપ હજારો હજાર દુષ્ટ અસુરો મરણ પામ્યા. (૩૧)

પછી શ્રીહરિએ કરુણાથી અસુરોનો મોહ વિનાશ કર્યો. એટલે કર્યાકૃતને નહીં જાણનારા બાકી રહેલા અસુરો, શ્રીહરિ ઉપર પથરાઓનો વરસાદ વરસાવતા હતા. (૩૨)

દૈત્યોએ ફેંકેલા પથ્થરોથી શ્રીહરિ બેઠેલા તે ઓટલાની ચારેય તરફ મોટો ઢગ થઈ ગયો. પરંતુ એક પણ પથ્થર શ્રીહરિને સ્પર્શ કરી શક્યો નહીં. (૩૩)

આ યુદ્ધનો કોલાહલ સાંભળીને સત્રધર્મા રાજાએ મોકલેલા સૈન્યે, બાકી રહેલા દૈત્યોને રણમાં પ્રહાર કર્યા. (૩૪)

ભય પામેલા અસુરો પોતાના પ્રાણની રક્ષા કરવાની ઈચ્છાથી, મુખમાં ઘાસ લઈને સેનામાં આવેલા મુસલમાનોના પગમાં તત્કાળ પડ્યા. (૩૫)

અમો તમારા દાસ છીએ. ક્યારેય પણ ફરીથી આવું નહીં કરીએ. ઝખ્મની પીડાથી મહાદીન અમોને તમો ન મારશો. એમ તે અસુરો કહેવા લાગ્યા. (૩૬)

તો પણ બળવાન સૈનિકોએ તે અસુરોને, સિંહ જેમ મૃગલાઓને છોડતા નથી તેમ તેમને મૂક્યા નહીં. અને તેમને શસ્ત્રોથી માર્યા. (૩૭)

છેદાયેલા અંગોવાળા, ફુલેલા ખાખરાના વૃક્ષ જેવા, હજારો અસુરો, દાંતોથી ઓષ્ઠોને કરડનારા ભયંકર હતા, છતાં પણ રણમાં પડ્યા. (૩૮)

ભૂમિના ભારભૂત, ધર્મ સાધુ તથા દેવતાઓના દ્રોહ કરનારા, દુષ્ટ કર્મ કરનારા, અસુરોનો શ્રીહરિના સંકલ્પથી વિનાશ થયો. (૩૯)

પછી બ્રહ્માદિક દેવતાઓ પ્રસન્ન થઈને જય શબ્દોચ્ચારણ કરી, પોતાનું કાર્ય કરનારા શ્રીહરિને પુષ્પોથી વધાવતા હતા. (૪૦)

પછી રાજા તે રાત્રિએ બનેલું વૃત્તાંત પોતાના સેવકો પાસેથી સાંભળીને, પોતાના અતિપ્રિય શ્રીહરિનાં દર્શન માટે પ્રાતઃકાળમાં આવ્યા. શ્રીહરિને નમસ્કાર કરીને, ઓટલાની ચારેય બાજુએ પત્થરોનો મોટો ઢગલો જોવા લાગ્યા. (૪૧)

અચ્યુત પરમાત્મા સાક્ષાત શ્રીહરિને સ્વસ્થ જોઈને, અનેક દૈત્યોને શ્રીહરિના પ્રતાપથી મરેલા જોઈને. (૪૨)

પરં આશ્ચર્ય પામેલા અને શ્રીહરિનું અત્યંત માહાત્મ્ય જાણતા રાજા ભક્તિપૂર્વક શ્રીહરિના ચરણકમળમાં પડીને હાથ જોડી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૪૩)

સર્વ કારણોના કારણ, જન સમુદાયની આત્યંતિક મુક્તિના કારણ, અધર્મ સર્ગ અને દેવતાઓના વૈરીઓનો નાશ કરનારા, સાધુજનોએ પૂજેલા, અખિલ જીવોના સાક્ષી, (૪૪)

મંગળ યશવાળા છે એવા તમારા પ્રતાપથી સમગ્ર અસુરો નિશ્ચય વિનાશ પામ્યા. કેવળ દૃષ્ટિ માત્રથી અસંખ્ય જગતની ઉત્પત્તિ કરનારા તમારે હે હરે ! દુષ્કર શું છે ? (૪૫)

હે પ્રભો ! પૂર્વે પણ પૃથ્વીમાં જનક, પ્રિયવ્રત, ગયરાજા તથા અંબરીષ વગેરે રાજાઓ તમારી ભક્તિ કરીને જ, સ્વેષ્ટ સુખ જેમાં છે એવા તમારા ધામને પામ્યા છે. (૪૬)

બીજા રાજાઓ તો રાજ્યના ગર્વથી નષ્ટ જ્ઞાનવાળા, તથા મમત્વમાં અભિનિવેશવાળા છે ચિત્તો જેમનાં એવા સર્પે હણેલા મદોન્મત્ત ઉંદરડાઓ જેવા, કાળે હણેલા છતાં સંસૃતિનું દુઃખ પામેલા છે. (૪૭)

મારો તો તમોએ હાથ પકડીને, કૃપાથી સંસાર સાગરથી ઉદ્ધાર કર્યો છે. તેથી હે પુરુષોત્તમ! તમો એ ઉત્કૃષ્ટ સુખના સ્થાનભૂત તમારું દાસપણું મને આપો. (૪૮)

રાજાએ શ્રીહરિની આ પ્રકારે સ્તુતિ કરીને સાદરપૂર્વક વિવિધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. પછી શ્રીહરિ, વિનયથી અત્યંત શોભતા રાજાને, પોતાની એકાંતિકી ભક્તિનો ઉપદેશ કરવા લાગ્યા. (૪૯)

વળી મુમુક્ષુઓ પુરના હજારો નિવાસીઓએ શ્રીહરિનો પ્રતાપ જોઈને અત્યંત આશ્ચર્ય પામીને વિભુ શ્રીહરિનો દૃઢાશ્રય કર્યો. એ રીતે હંમેશા શ્રીહરિની તેઓ ઉપાસના કરવા લાગ્યા. (૫૦)

મનુષ્યોના અંતરમાં રહેલું અજ્ઞાનરૂપી અંધારું, અધર્મ તથા પોતાના સર્વોત્તમ પ્રતાપથી અસુરોનો નાશ કરીને, રાજાએ તિરસ્કાર કરેલા શ્રીહરિએ માનસપત્તનથી પ્રયાણ કર્યું. (૫૧)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિ આદિકૂર્મ વિષ્ણુકૃત સ્તુત્યાદિ નિરૂપણ નામે એકાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૧)



અધ્યાય ૫૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! માનસ પત્તનથી શ્રી પુરુષોત્તમ ભગવાન વેંકટાદ્રિ તીર્થમાં પધાર્યા. ત્યાં પણ વેંકટેશ નામના વિષ્ણુએ શ્રીહરિનું ભાવથી પૂજન કર્યું. (૧)

વેંકટેશ વિષ્ણુએ નિત્ય સત્કાર કરેલા વર્ણીરાજ શ્રીહરિ, ત્રણ દિવસ પર્યન્ત વેંકટાદ્રિમાં રહ્યા. પોતાના સ્વરૂપનું જ્ઞાન ત્યાંના મુમુક્ષુ જનોને તેમણે કર્યું. શરણે આવેલા તે મુમુક્ષુ જનોને કૃતાર્થ કરીને ત્યાંથી શ્રીહરિએ પ્રયાણ કર્યું. અને શિવકાંચી ક્ષેત્રમાં પધાર્યા. (૨)

અહીં પણ મનુષ્યોને અગોચર રહીને શિવજીએ પૂજેલા શ્રીહરિએ સભા કરીને અદ્વૈતવાદી સર્વ પંડિતોને પોતાના પ્રતાપથી જીત્યા. (૪)

ગંગા પ્રવાહની માફક વેદ શાસ્ત્રોના પ્રમાણો કહેતાં કીર્તન કરવા યોગ્ય છે. મહા પ્રતાપનું બળ જેમનું એવા શ્રીહરિની આગળ (૫) સભામાં કોઈ પણ પંડિત પ્રત્યુત્તર આપવા માટે સમર્થ થયા નહીં, શ્રીહરિએ સભામાં પોતાનો વિશિષ્ટાદ્વૈતમત સ્થાપન કર્યો. (૬)

શ્રીહરિએ શિવકાંચીમાં ઘણા મુમુક્ષુને પોતાના આશ્રિત કર્યા. ત્યાં સર્વે પુરના જનો શ્રીહરિની અનુપમ કીર્તિનું ગાન કરવા લાગ્યા. (૭)

હે મહીપતે ! ત્યાંથી શ્રીહરિએ પ્રયાણ કર્યું અને વિષ્ણુકાંચી આવ્યા. પછી ત્યાં પણ સભા કરીને પ્રતિવાદી શાસ્ત્રીઓને (૮) વિવિધ પ્રકારની વિદ્યાના મદવાળા પંડિત બ્રાહ્મણોને, શ્રીહરિએ જીત્યા. ત્યાં વૈષ્ણવોએ તેમનું પૂજન કર્યું. શ્રીહરિ ત્યાં બે દિવસ રહ્યા. (૯)

તપઃ પ્રિય શ્રીહરિ વિષ્ણુ કાંચીથી ચાલ્યા અને શ્રીરંગમ્ ભગવાનના ક્ષેત્રમાં પધાર્યા. અહીં પૂર્વ દિશામાં પુષ્પ ફળોના ભારથી નમી ગયેલા વૃક્ષો યુક્ત મહાનદી કાવેરીના કાંઠે. (૧૦)

વિશુદ્ધ અને મનોહર સ્થાનમાં, પવિત્ર દર્શનવાળા શ્રીહરિ નિવાસ કરીને રહ્યા. અહીં મુમુક્ષુજનો શ્રીહરિએ કરેલી ભગવાનની વાર્તા સાંભળવા માટે આવ્યા. (૧૧)

ઘણાં મુમુક્ષુજનોએ દિવ્ય અને અનંત ગુણો તથા ઐશ્વર્ય વડે શ્રીહરિને પ્રત્યક્ષ પરમાત્મા જાણીને, હે રાજન્ ! શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. (૧૨) શ્રીરંગ ક્ષેત્રમાં દુરાચાર પરાયણ, ઉપરથી વૈષ્ણવના ચિન્હોવાળા કેટલાક જનો, શ્રીહરિની સાથે વિવાદ કરવા લાગ્યા. (૧૩)

તેમાં શ્રીહરિએ શ્રુતિ સ્મૃતિના પ્રબળ પ્રમાણોથી વાદિઓને જીત્યા. પુરુષોત્તમ શ્રીહરિને જીતવા કોઈ પણ સમર્થ થયા જ નહીં. (૧૪)

પછી પરાજય પામેલા વાદિઓ શ્રીહરિને સર્વજ્ઞ ભગવાન જાણીને, અંતરમાં તેમણે પ્રતિપાદન કરેલો માર્ગ સત્ય છે. એમ માનવા લાગ્યા. (૧૫)

તે મુમુક્ષુઓ શ્રીહરિના પ્રતાપથી પોતાનામાં રહેલો શાસ્ત્ર પ્રમાણ રહિતનો દુરાચાર કેવળ નરકની પ્રાપ્તિ જ કરાવનાર છે એમ સમજી, તે દુરાચારનો ત્યાગ કરીને પોતાના મોક્ષ માટે શ્રીહરિનો દૃઢ સમાશ્રય કરવા લાગ્યા. શ્રીહરિ હંમેશા તેમની સેવા અંગીકાર કરતા શ્રીરંગ ક્ષેત્રમાં બે માસ સુધી રહ્યા. (૧૭)

સત્પતિ શ્રીહરિ ત્યાં હંમેશા મધુર જ્ઞાનવાતો કરીને તેમનું અજ્ઞાન નાશ કરતા હતા. તેમ જ પોતાના સ્વરૂપનું જ્ઞાન પણ આપતા હતા. (૧૮)

મુમુક્ષુઓને તથા બીજા સર્વ જનોને કૃતાર્થ કરીને શ્રીહરિ શ્રીરંગક્ષેત્રમાં પોતાનો પવિત્ર અનુપમ પ્રતાપ વિસ્તારતા હતા. (૧૯)

શ્રીરંગક્ષેત્રમાં પોતાના આશ્રિત જનોની પૂજા અંગીકાર કરીને, શ્રીહરિ એકાકી સેતુબંધ ગયા. અહીં રામેશ્વર ભગવાન શ્રીશંકરે શ્રીહરિનું પૂજન કર્યું. (૨૦)

સેતુબંધમાં તપસ્વીઓએ અત્યંત સન્માનેલા શ્રીહરિ, તેમને સુખ આપતા બે માસ રહ્યા અને દયા કરીને તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. (૨૧)

પછી પુરુષોત્તમ શ્રીહરિ, શ્રીરંગમાં રહેલા પોતાના આશ્રિત જન સમુદાયોએ ભક્તિપૂર્વક પૂજેલા, શ્રીરંગ ક્ષેત્ર થકી ચાલ્યા અને સુંદરરાજ નામના વિષ્ણુ ક્ષેત્રમાં પધાર્યા. (૨૨)

તે ક્ષેત્રમાં સુંદરરાજ વિષ્ણુએ શ્રીહરિનું યથાયોગ્ય, આતિથ્ય કર્યું. ત્યાંના જનોએ ભક્તિપૂર્વક પૂજેલા શ્રીહરિ, સુંદરરાજ ક્ષેત્રથી ચાલ્યા. (૨૩) આ પ્રકારે પોતાના પ્રતાપ વડે પૃથ્વી ઉપરથી અધર્મને ઉખેડતા ભૂતપુરી પ્રત્યે જતા ધીર શ્રીહરિએ, અતિ ભયાનક મહાવનમાં પ્રવેશ કર્યો. (૨૪)

શ્રીહરિને આ વનમાં ચાર દિવસ સુધી જળ પણ મળ્યું નહીં. પાંચમા દિવસે શ્રીહરિએ સંધ્યા સમયે જળાશય જોયું. (૨૫)

વર્ણિરાજ શ્રીહરિ જળાશયમાં સ્નાન કરીને તથા નિત્ય કર્મ કરીને, વનમાં થતી ચાર શીંગો શેકી (આળવાની ફળીઓ) વિષ્ણુને નૈવેદ્ય ધરીને જમ્યા. (૨૬)

શ્રીહરિ જળાશયની સમીપ રાત્રીના એક પ્રહર સુધી રહ્યા. ત્યાંથી ચાલ્યા પછી છઠ્ઠા દિવસે મધ્યાહ્ન સમયે, વડની સમીપમાં કૂવા ઉપર ગયા. (૨૭)

હે મહીપાલ ! ત્યાર પછી શ્રીહરિએ કમંડળવળે જળ કાઢીને સ્નાન કર્યું. પછી વડના વૃક્ષ નીચે બેસીને આન્હિક વિધિ આપત્ ધર્મ અનુસાર કરવા લાગ્યા. (૨૮)

હે રાજન્ ! તે સમયે પાર્વતી તથા શંકર બંને કાપડીના વેશમાં વડની પાસે આવ્યા. (૨૯)

નંદીશ્વર ઉપર બેઠેલા શ્રીહરિના દર્શનની ઉત્કંઠા યુક્ત મનવાળાં, તપસ્વીજનો છે પ્રિય જેમને એવા, ભગવા વસ્ત્ર ધારણ કરનારાં. (૩૦)

શ્રીહરિને સાક્ષાત્ પુરુષોત્તમ જાણતાં તે સ્ત્રી પુરુષ બંને તપસ્વી, શ્રી ધર્મના પુત્ર શ્રીહરિને જોઈને આશ્ચર્ય પામ્યા. (૩૧) પછી પાર્વતી અને શંકર બંને તત્કાળ નંદિકેશ્વર ઉપરથી ઉતરીને સર્વલોકૈકનાથ શ્રીહરિને પ્રણામ કરીને, પ્રીતિપૂર્વક શ્રીહરિની બાજુમાં બેઠા. (૩૨)

શ્રીહરિએ તેટલીવારમાં પોતાનો નિત્ય વિધિ કરીને શાળગ્રામના પૂજનનો સ્નાનાદિ ક્રિયાથી આરંભ કર્યો. (૩૩)

શ્રીહરિ નાના પાત્રમાં ચંદન સહિત પૂજેલા શાળગ્રામને મૂકીને, અતિ હર્ષપૂર્વક કમંડળના જળની ધારાવડે, વેદ મંત્રોનું ઉચ્ચારણ કરીને, અભિષેક કરતા હતા. (૩૪)

દશ શેર જળથી ભરેલું કમંડળ પણ ખાલી થઈ ગયું. છતાં તે નાના પાત્રમાં જળ ન રહ્યું. તે શ્રીહરિએ જોયું. (૩૫)

એટલું જળ ક્યાં ગયું ? એમ વિચારીને શાળગ્રામનું આધારપાત્ર ઊંચુ કરીને, તે પાત્રમાં છિદ્ર નથી તેમ નક્કી કરીને, શ્રીહરિએ તે પાત્ર જમીન ઉપર મૂક્યું. (૩૬)

અત્યંત તૃષાથી વ્યાપ્ત શાળગ્રામે એટલું જળપીધું એમ જાણીને, શ્રીહરિએ શાળગ્રામની તૃષા શાંત કરવા માટે ઈચ્છા કરી. (૩૭)

શ્રીહરિ તપસ્વી નાટ્ય કરતા, લોકોને ભક્તિનો આદર્શ શિખવાડવા માટે, કમંડળ વડે જળ કાઢીને તે જળની ધારાવડે વિષ્ણુને અભિષેક કરવા લાગ્યા. (૩૮)

વિષ્ણુ પણ સર્વ જળ પી ગયા. શ્રીહરિએ ફરીથી જળ કાઢીને અભિષેક કર્યો, તે જળ પણ (ત્રીજા કમંડળનું જળ પણ) વિષ્ણુ પી ગયા. તે સમયે પ્રભુ શ્રીહરિ હસતા હતા. (૩૯)

શ્રીહરિ ફરીથી (ચોથીવાર) જળ કાઢીને તે જળની ધારાથી વિષ્ણુને અભિષેક કરવા લાગ્યા. હે રાજન્ ! શાળગ્રામ તે જળ પણ પી ગયા. (૪૦)

સ્વયં પ્રભુ શ્રીહરિ, આ ચોથું કમંડળ પણ શાળગ્રામ પી ગયા, તેથી તેમને ઘણાં તરસ્યા જાણીને, ફરીથી કૂવામાંથી કમંડળ વડે જળ કાઢવા લાગ્યા. (૪૧)

ઘણાં દિવસના ઉપવાસી, મ્લાન વદનવાળા વર્ણિવેશ શ્રીહિની આવી ભક્તિ જોઈને, શિવ પાર્વતી આશ્ચર્ય પામ્યા અને પરસ્પર કહેવા લાગ્યા. (૪૨)

પૂર્ણકામ શ્રી પુરુષોત્તમ ભગવાન, જનસમુદાયને ભક્તિ શિખવાડવા માટે, આ મહાવનમાં પોતે જ શ્રેષ્ઠ ભક્તિનું આચરણ કરે છે. (૪૩)

શ્રીહરિનાં દર્શન કરતાં ગૌરી તથા શંકર બંને, એ પ્રમાણે કહીને પ્રીતિપૂર્વક ત્યાં ઊભા રહ્યાં. શ્રીહરિ (જળ કાઢીને) થાકી ગયા છે એમ જાણીને શાળગ્રામ તત્કાળ તૃપ્ત થયા. (૪૪)

એટલે શ્રીહરિ જે જળ લાવ્યા તેથી શાળગ્રામના સ્નાન કરવાનું પાત્ર તુરત જ ભરાઈ ગયું. શાળગ્રામને તૃપ્ત થયા જાણીને ચંદનાદિ વડે શ્રીહરિ તેમને પૂજવા લાગ્યા. (૪૫)

શાળગ્રામ તૃષાથી તૃપ્ત થયા. પરંતુ આમને ક્ષુધા નિવૃત્તિ માટે વનમાં હું શું ધરાવું ? એમ શ્રીહરિ ચિંતવન કરવા લાગ્યા. (૪૬)

આ પ્રકારે અચ્યુત શ્રીહરિ, શાળગ્રામની ક્ષુધા તૃપ્ત કરવાની ચિંતાથી, અત્યંત ગ્લાની પામ્યા. પોતાને તો પાંચ ઉપવાસ થયા છે છતાં તેને માટે તેમને પીડા ન હતી. (૪૭)

શિવજીની આજ્ઞાથી પાર્વતીએ બશેર સાથવો શ્રીહરિને આપ્યો. નિસ્પૃહી શ્રીહરિએ તેમાંથી જેટલો જોઈતો હતો તેટલો ગ્રહણ કર્યો. (૪૮)

ધાર્મિ શ્રીહરિએ મીઠાવાળા સાથવામાં થોડું જળ નાંખીને, વિષ્ણુને નૈવેદ્ય ધરી પૂજા વિધિ સમાપ્ત કરી. (૪૯)

પછી સર્વજ્ઞ શ્રીહરિ પોતે જાણે ન જાણતા હોય તેમ "તમે બંને કોણ છો ?" એમ શિવ પાર્વતીને પૂછતા હતા. ત્યારે શિવજીએ શ્રીહરિને કહ્યુ. (૫૦)

હે વર્ણિરાજ ! તમો ભૂખ અને તરસથી વ્યાકુળ થયા છો માટે પહેલા સાથવો જમો તથા જળ પીઓ. ત્યાર પછી હું કહીશ. (૫૧)

શ્રીહરિએ તે સાંભળીને સાથવો જમીને જળપાન કર્યું. પછી કાપડીના વેશમાં રહેલા શંકર પાર્વતીની સમીપમાં જઈને સ્વયં શ્રીહરિ બેઠા. (૫૨)

પછી વિનય યુક્ત ત્રિનેત્રે (શંકર) શ્રીહરિને પ્રણામ કરીને કહેવા લાગ્યા. હે હરે ! તમો મને શંકર જાણો. આ મારાં પત્ની પાર્વતી છે. (૫૩)

(તમો પાર્વતી પરમેશ્વર આ વનમાં શા માટે આવ્યા) તમારા દર્શન કરવા માટે પાર્વતીએ સહિત હું આ વનમાં આવ્યો છું. આ પ્રકારે કહીને શ્રીહરિને શિવજીએ પોતાનું સ્વરૂપ બતાવ્યું. (૫૪)

પછી અનાદિ સિદ્ધ, સ્પૃહા કરવા યોગ્ય સ્વભાવ જેમનો છે એવા અખિલેશ્વર શ્રીહરિ, નરનાટ્યની રીતને અનુસરતા, જન શિક્ષણને માટે, શંકર પાર્વતી બંનેને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૫૫)

વિશ્વના મુખ્ય માતાપિતા ! સમગ્ર વિઘ્નોના વિનાશ કરનારા છે નામ જેમના એવા, સંતોષી, અત્યંત વૈરાગ્યવાળા, તપઃપ્રિય, તપસ્વીઓથી વંદના કરાયેલા (૫૬)

મનુષ્યો તથા દેવતાઓના સમૂહોથી સેવાયેલાં, દૈત્યોનો વિધ્વંસ કરવામાં સમર્થ, પોતાના આશ્રયવાળા જનોને ધર્મ, અર્થ, કામને આપનારાં (त्रिवर्गदौ धर्मार्थकामप्रदौ । दत्ते मोक्षमधोक्षज એ પ્રકારે કાશી ખંડમાં કહ્યું છે. આ બંનેનું ત્રિવર્ગ આપવાપણું અહીં કહ્યું છે.) એવા ગૌરી અને શિવ તમોને હું પ્રણામ કરુ છું.) (૫૭)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિવીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીયસ્કંધમાં શ્રીહરિકૃત વેંકટાદ્રિ વિચરણ નિરૂપણ નામે બાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૨)



અધ્યાય ૫૩ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- શ્રીહરિ આ પ્રમાણે કહીને પ્રેમપૂર્વક શિવ પાર્વતીને પ્રણામ કરવા તત્પર થયા. તેટલામાં પિનાકી શ્રીહરિના બંને હાથ પકડીને અતિ ઉતાવળથી શ્રીહરિના ચરણ યુગલમાં પડ્યા. (૧)

પછી શિવજી બંને હાથ જોડીને, હે ભૂમન્ ! અમને બંનેને તમે વંદન કરો છો પરંતુ તમારું માનવ નાટ્ય અમે જાણીએ છીએ. આ પ્રમાણે સર્વાધિપતિ શ્રીહરિને કહેવા લાગ્યા. (૨)

હે હરે ! લોકમાં મારુ માન વધારવા માટે આપનું મનુષ્ય નાટ્ય શોભાડવા માટે તથા મુમુક્ષુજનોને આ રીત ગ્રહણ કરાવવા માટે, તમો આ પ્રકારે નમસ્કાર તથા આચરણ કરો છો તો પણ હું તો તમારો દાસ જ છું. (૩)

હે વિભો ! અત્યંત દિવ્ય શોભાયમાન બ્રહ્મપુર ધામમાં, અક્ષર મુક્તના સમુદાયોથી સેવાયેલા, અનાદિ સિદ્ધ, અદ્‌ભુત દિવ્ય મૂર્તિ જેમની છે એવા પુરુષોત્તમ, તમો હંમેશા રહો છે. (૪)

તેજ તમો ભૂમિ ઉપરથી અધર્મનો ઉચ્છેદ કરવા માટે તથા ધર્મનું રક્ષણ કરવા માટે, અને જનોની આત્યંતિકી મુક્તિ માટે, આલોકમાં શ્રીધર્મ દેવના ઘેર અવતરેલા છો. (૫)

હે પરમેશ્વર ! હે પ્રભો ! હે પુરુષોત્તમ ! તમો જ્યારે અગણિત બ્રહ્માંડની કોટિઓને સૃજવાની ઇચ્છા કરો છો, ત્યારે તમારી શક્તિરૂપ મૂળ પ્રકૃતિને મૂળ પુરુષ દ્વારા તમોજ સમીક્ષા કરો છો. (૬)

હે પવિત્ર યશવાળા ! પછી મૂળ પ્રકૃતિ દક્ષિણાત્મક ગર્ભ ધારણ કરે છે. અને પ્રધાન પુરુષોના કોટાન કોટી જોડલાં ઉત્પન્ન કરે છે. હે વિભો ! એક એક પ્રધાન પુરુષરૂપ જોડલાથી (૭)

હે હરે ! ચોવીસ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. પછી ચોવીશ તત્ત્વોથી વૈરાજ પુરુષ થાય છે. તે વૈરાજ પુરુષથી ઉત્પન્ન થયેલો હું હે અવતારી ! સમગ્ર વિશ્વના સાક્ષી ! તમારી આગળ શા હિસાબમાં! અર્થાત્ કાંઈ પણ હિસાબ નહીં. (૮)

આ પ્રકારે અગણિત બ્રહ્માંડોની ઉત્પત્તિમાં મૂળ માયા તથા મૂળ પુરુષ બંનેને જોડેલાં છે, તે બંને હંમેશા તમારા પ્રભાવથી ડરીને હે સર્વાત્મા ! તમારી આજ્ઞામાં નિરંતર વર્તે છે. (૯)

આદિ તથા અંતે રહિત, મહા પરાક્રમી, સમગ્ર લોકોને ત્રાસ આપનાર, કાળ, તેમજ અક્ષર સંજ્ઞાવાળા મુક્તો પણ તમારા પ્રભાવથી ડરીને હંમેશા તમારી આજ્ઞામાં રહ્યા છે. (૧૦)

જેમ દરિદ્ર માણસો ધનાઢ્ય પાસેથી ધન મેળવીને વ્યવહાર સિદ્ધિ પામે છે, તેવી રીતે ઈશ્વર શબ્દ વાચ્ય તે સર્વે પણ તમારાથી પ્રાપ્ત કર્યું છે. વીર્ય (પરાક્રમ) જેમણે એવા થઈને વિશ્વની ઉત્પત્તિ વગેરે કાર્યમાં સમર્થ થાય છે. (૧૧)

હે પરાવરેશ ! ઈશ્વરોમાં બ્રહ્મા તમારી આજ્ઞાથી આ પ્રસિદ્ધ વિશ્વને સૃજે છે. હે મંગલાત્મન્! વિષ્ણુ રક્ષણ કરે છે, હું શંકર તો વિશ્વનો પ્રલય કરું છું. (૧૨)

(શંકા-જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લયના કારણ જગતના ઈશ્વરો તમો જ પ્રસિદ્ધ છો. તો પણ આવી રીતે દીનની માફક કેમ બોલો છો ? તમો કહો છો તે સત્ય છે પરંતુ અમો તો તમારી ઉપાસનાથી જ એ ઉત્પત્તિ આદિ ઐશ્વર્ય પામ્યા છીએ. એ ઐશ્વર્ય વિના તો સ્ત્રી સંબંધથી પ્રાપ્ત થયેલા કલંકથી લોકમાં નીંદ્ય જ છીએ.) સ્ત્રી અબળાના નામથી પ્રસિદ્ધ છે. છતાં તે શિવ જે હું તથા બ્રહ્મા તેમજ સુરેન્દ્રોને પણ કલંકિત કરે જ છે. અમો તો આવા છીએ. તેથી તેવા ભાવથી રહિત તમે જ સર્વેશ્વર છો. અગાઉ થયેલું બનેલું અમારું આવું વૃત્તાંત શું બીજા જાણે છે ? અમો કલંક યુક્ત થયા છીએ. એટલે અલ્પ જીવો પણ માથું હલાવતા અમને નિંદે છે. (એવો દુર્યશ પ્રાપ્ત કરી જીવનારને કદાચ ઈશ્વર સંજ્ઞાથી સંબોધે તો પણ તેના શ્રવણના સુખથી શું ?) (૧૩)

(તમારા પ્રતાપનો મહિમા શું વર્ણન કરીએ ? એમ મસ્તક હલાવતા પ્રશંસા કરતા કહે છે) હે હરે ! અકલ્યાણકારી કળિયુગમાં હજારો ત્યાગિજનો, અષ્ટ પ્રકારથી સ્ત્રીઓનો ત્યાગ કરીને, ઋષિઓ તથા દેવતાઓથી પણ અસાધ્ય બ્રહ્મચર્ય વ્રત તમારા પ્રતાપથી સારી રીતે પાલન કરશે. (૧૪)

સંતો તથા નૈષ્ઠિકો તેમના આચાર્યોમાં શ્રેષ્ઠ ! સાધુપુરુષોએ પણ પોતાના વ્રતની રક્ષા માટે પ્રાર્થનીય નારાયણ જે તમારો અવતાર છે, તે પણ બદરિવનમાં પોતાના આશ્રમમાં રહેલાં નરથી યુક્ત ઋષિઓને આ બૃહદ વ્રત પમાડે છે. (૧૫)

અતુલ પ્રતાપશાળી તમો પૃથ્વી ઉપર કદાપી નજ પ્રવર્તાવી શકાય તેવું આ બ્રહ્મચર્ય વ્રત ઘણાં ત્યાગિજનોમાં પ્રવર્તાવશો, ત્યારે પોતાના ભક્તોની સાથે નારાયણ ઋષિ જેમણે આ નૈષ્ઠિક વ્રત ધારણ કર્યું છે. તે તમારા ત્યાગિજનોની પ્રશંસા કરતા ઘણો હર્ષ પામશે. (૧૬)

હે શ્રી પુરુષોત્તમ ! અસંખ્ય ગૃહસ્થો પણ તમારી પ્રસન્નતા માટે તમારા પ્રતાપથી જ બ્રહ્મચર્ય યથાયોગ્ય પાલન કરશે. ''गृहस्थानामुचितं ब्रह्मचर्यव्रतम्'' स्मृतिः ''आत्यन्तिकं ब्रह्मचर्यमाश्रमत्रयवासिनाम् । स्वदार नियमात् सम्यग् ब्रह्मचारी गृहाश्रमीति'' ત્રણ આશ્રમી-બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અન સન્યસ્ત -

આ આશ્રમીઓને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવું આવશ્યક છે. ગૃહસ્થાશ્રમી શાસ્ત્ર નિયમથી વર્તે તો સમ્યક્ બ્રહ્મચારી કહેવાય છે ત્યાગીઓને સર્વ પ્રકારે સ્ત્રી સંબંધનો ત્યાગ કહ્યો છે, તેવી રીતે વર્તે તો જ તેમનો ત્યાગ પાર પડે તેમ છે. દ્વિતીયાશ્રમીઓ (વાનપ્રસ્થીઓ) ને સ્ત્રીઓનો નિત્ય સંબંધ હોવાથી એક પત્નીવ્રત પાલન કંઈક દુષ્કર છે એવું જ્ઞાપન કરવા માટે તમારા પ્રતાપથી એમ કહ્યું છે. (૧૭)

ઉપનિષદોએ ગાવા યોગ્ય એ ઐશ્વર્ય તમારું જ છે. અત્યંત આશ્ચર્ય કરનારું, સુદિવ્ય, મોટા સનકાદિક સિદ્ધોએ સ્તુતિ કરેલું તમારું ઐશ્વર્ય સર્વોપરી છે. એવી રીતે હું વિશેષપણે સમજું છું. (૧૮)

હે હરે ! તમારા અસંખ્યાત ભક્તજનોને અષ્ટાંગ યોગાદિરૂપ સાધન વિના પણ તમો સમાધિ પમાડશો. હે દયાનિધે ! સમાધિમાં અક્ષરબ્રહ્માદિ પોતાનાં દિવ્ય ધામો. (૧૯)

સમાધિવાળા જનોને બતાવશો તે તે અક્ષરાદિ ધામોમાં દિવ્ય તે તે ધામના અધિપતિઓની મૂર્તિઓ તથા પાર્ષદો પણ બવાતશો. તેમ જ હે અનંતશક્તે ! વારાહાદિ તમારા અવતારોને પણ તમારું દિવ્ય ઐશ્વર્ય બતાવશો. (૨૦)

તમારા આશ્રિતોને સાધન વિના પણ તમો અષ્ટાંગયોગ સિદ્ધ કરાવશો. તેમજ તમારા કલ્યાણકારી ગુણો પણ પમાડશો. એ રીતે તેમને, બ્રહ્માદિ દેવતાઓએ પણ અભિવંદના કરવા યોગ્ય કરશો. (૨૧)

અજામિલ તથા ધ્રુવને અંતકાળે વિષ્ણુના ઉત્તમ પાર્ષદો વૈકુંઠાદિ ધામમાં લઈ જવા માટે આવ્યા હતા. આ મેં ભાગવત પુરાણ થકી જાણ્યું છે. (૨૨)

તમો પુરુષોત્તમ તો દેહનો ત્યાગ કરતા તમારા ભક્તોને, તમારા દિવ્ય પાર્ષદો સાથે પધારી, દિવ્ય વિમાન આદિ વાહનમાં બેસાડીને તમારા અક્ષરધામમાં લઈ જશો. (૨૩)

હે અતુલ્યધામન્ ! ઉત્તમ પ્રકરનું તો તમારું ઐશ્વર્ય, અપ્રાકૃત તેથી જ દિવ્ય અતિ મનોહર છે અને હજાર મુખવાળાથી પણ તેનો પાર ન પામી શકાય તેવું અદ્‌ભુત, તર્કમાં ન આવી શકે તેવું અદ્વિતીય છે, એમ હું જાણું છું. (૨૪)

ગુણગણાલંકૃત સર્વેશ ! દિવ્યાક્ષર અને મુનિગણોથી ધ્યાન કરાયાં છે બંને ચરણકમળ જેમનાં એવા, અવતારી પુરુષોત્તમ ! તમોને હું વંદના કરું છું. હે નિત્ય અચિંત્ય વિશુદ્ધજ્ઞાનનિધિ ! તમારું રૂપ જ મારી દૃષ્ટિ સમક્ષ સદા રહો. હે હરે ! તમારા એકાંતિક સત્પુરુષોનો મને સંગ રહો. (૨૫)

અસાધારણ દયાના સમુદ્ર પરમેશ્વર શ્રીહરિની આ પ્રકારે સ્તુતિ કરીને, શિવજી વિરામ પામ્યા. ત્યારે શ્રીહરિના દર્શનથી થયેલાં આનંદ, તમાં નિમગ્નચિત્તવાળાં પાર્વતી હાથ જોડીને સ્તુતિ કરતાં આ પ્રમાણે શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. (૨૬)

સર્વોત્તમ અક્ષરના પણ સ્વામી ! સર્વેશ્વરોના અધીશ્વર ! આપત્તિઓનો નાશ કરનારા, અનાદિ સિદ્ધ, સંસારરૂપી પાશને નાશ કરનારો પ્રતાપ જેનો છે એવા, વંદનીય છે બંને પાદારવિંદ જેમના એવા પુરુષોત્તમ ! તમોને હર્ષપૂર્વક હું વંદના કરું છું. (૨૭)

સર્વાંતર્યામી તમોએ પ્રેરણા કરેલા આ શંકરની આજ્ઞાથી મેં પૂર્વે ગંગાદિને કહેલા સધવા વિધવા સ્ત્રીઓના ધર્મો, તે પાલન કરવા સ્ત્રીઓ સમર્થ નથી થઈ. (૨૮)

તે ધર્મો પૃથ્વીમાં, આ ભારતવર્ષમાં અતિ પાપયુક્ત આ કલિયુગમાં, અત્યંત શક્તિશાળી તમારા મહાપ્રભાવથી કરોડો કરોડ સુવાસિની સ્ત્રીઓ સમ્યક્ પ્રકારે પાલન કરશે જ. (૨૯)

વિધવા સ્ત્રીઓ તો તમારા પ્રતાપથી હંમેશા વર્ણિ તથા મુનિંદ્રોની માફક અષ્ટાપ્રકારે પુરુષના ત્યાગ રૂપ જે બ્રહ્મચર્ય, દૃઢ રીતે પાલન કરશે. તેમજ બીજા સમગ્ર ધર્મો સમ્યક્ પાલન કરશે. (૩૦)

સ્ત્રીઓ તમારા જ પ્રતાપથી તપ, જ્ઞાન, વૈરાગ્યાદિ ગુણો પામશે. હે અવતારી ! સમગ્ર અવતારોથી એ તો તમારું ઐશ્વર્ય વિલક્ષણ છે. (૩૧)

પાર્વતી શ્રીહરિને આ પ્રમાણે સ્તુતિ કરીને વિરામ પામ્યા. પછી મંદહાસ્યથી પ્રકાશિત છે મુખારવિંદ જેમનું એવા શ્રીહરિ, શંકર-પાર્વતી બંને પ્રત્યે બોલ્યા. જગતના માતા પિતા ! તમોએ મને ઉદ્દેશીને જે કહ્યું તે સત્ય જ છે. (૩૨)

આ પ્રકારે શ્રીહરિના વચનામૃતના પાનથી સંતુષ્ટ થયેલાં અને શ્રીહરિના દર્શનથી અતિશય હર્ષમાં મગ્ન થયું છે ચિત્ત જેમનું એવાં, ગૌરી અને શિવજી બંને શ્રીહરિની ઈચ્છાથી અન્તર્હિત થઈ ગયાં. હે રાજન્ ! પછી શ્રીહરિ વડ તરફ ચાલ્યા. (૩૩)

શુકાનંદમુનિની આવી અમૃતોપમાયોગ્ય વાણી સાંભળીને મહા આનંદ પામેલા રાજા માનસિંહ આદરપૂર્વક શુકાનંદમુનિને પૂછવા લાગ્યા. (૩૪)

હે બ્રહ્મન્ ! શંકર પાર્વતી બંને મહા અરણ્યમાં શા માટે તત્કાળ આવ્યાં ? હે મહામતે ! તે મને તમો કહો. (૩૫)

શિવજીને ત્યાં આવવાનું કારણ જાણવા ઈચ્છતા રાજા માનસિંહે આ પ્રમાણે પૂછાએલા જ્ઞાનસમુદ્ર, મુનીન્દ્ર શુકાનંદ, રાજાને કહેવા લાગ્યા. (૩૬)

હે મહીપતે ! શિવ પાર્વતીનું મહાવનમાં આવવાનું કારણ તમોને કહું છું તે તમો સાંભળો. (૩૭) હે રાજન્ ! એક સમયે બ્રહ્મા તથા વિષ્ણુએ સહિત શંકર છપૈયા ગામની સમીપમાં નારાયણ સરોવર પ્રત્યે કંઈક વિજ્ઞપ્તિ કરવા આવ્યા.(૩૮)

નારાયણ સરોવરમાં સ્નાન કરાવવા માટે માતાએ લાવેલા સર્વાધિપતિ બાલસ્વરૂપ, દર્શન માત્રથી જ પ્રેક્ષકજનોનું ચિત્ત ખેંચનારા, પુરુષોત્તમ શ્રીહરિના શિવજીએ દર્શન કર્યા. (૩૯)

હે રાજન્ ! પછી શ્રીહરિના દર્શનથી સમ્યક્ ઉત્પન્ન થયો છે આનંદ જેમને એવા શિવજી, કૈલાસ જઈને સ્થિર મનસ્ક થઈ, શ્રીહરિને જેવા જોયા હતા તેવા તે પરમેશ્વર શ્રીહરિને સમાધિમાં સંભારતા હતા. (૪૦)

શિવજી સમાધિમાં શ્રીહરિના બાલસ્વરૂપમાં આસક્ત ચિત્તથી ઘણા કાળ સુધી રહ્યા. પછી સમાધિમાંથી

ઊઠ્યા તેટલામાં ત્યાં નારદમુનિ આવ્યા. (૪૧)

પછી શંકરે પ્રીતિપૂર્વક નારદમુનિનો સત્કાર કરીને, હે બ્રહ્મન્ ! તમો ક્યા સ્થાનથી આવ્યા છો? આ પ્રમાણે પૂછ્યું ત્યારે નારદજી શિવજી પ્રત્યે કહેવા લાગ્યા. (૪૨)

જે અવતારી, અક્ષર થકી પર પ્રત્યક્ષ સ્વયં શ્રી પુરુષોત્તમ, અનુપમ ગુણો તથો ઐશ્વર્ય વગેરે જેમને છે એવા, લાવણ્યાદિના મહાસાગર જે છે. (૪૩)

સાધુ જનોના એક નાથ શ્રીહરિ લક્ષ્મીસંપન્ન ધર્મના ભુવનમાં હાલમાં અવતરીને, નૈષ્ઠિક બ્રહ્મચારીના જેવા વેશથી ધર્મદેવના સુંદર વંશમાં મુખ્ય અલંકારરૂપ ઉત્પન્ન થયા છે. (૪૪)

સર્વ ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ, હાલમાં તીર્થોને પવિત્ર કરવાની ઈચ્છાથી, પૃથ્વીમાં વિચરણ કરતા ભૂતપુરીમાં જશે એમ મેં જોયું. (૪૫)

શ્રીહરિના પવિત્ર દર્શનથી પ્રાપ્ત થયેલા મહાનંદવાળો હું તો તેમના રૂપ, ગુણ અને ઐશ્વર્ય વગેરેને સંભારતો અહીં આવ્યો છું. (૪૬)

આવું નારદનું વાક્ય સાંભળીને શિવજી નારદ પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. હે વિદ્વન્ ! સર્વવિત્ શ્રીહરિને બાલરૂપે મેં જ્યારે જોયા. (૪૭)

હું તે જ સમયે તેમની મૂર્તિમાં આસક્ત ચિત્તવાળો બની એકાંતમાં બેસી તેમનું ચિંતવન કરું છું. હે મુને ! હાલમાં તેમના ધ્યાનમાંથી હું જાગ્રત થયો છું. (૪૮)

આ પ્રકારની શિવ નારદની વાણી સાંભળીને, પાર્વતી બંનેને પૂછવા લાગ્યાં. હે શિવ ! હે નારદ! આ પુરુષોત્તમ કોણ છે ? તે મને કહો. (૪૯)

પછી શિવ તથા નારદ બંનેએ પાર્વતીને શ્રીહરિને તત્ત્વથી (સર્વ કારણના કારણ સર્વાવતાર હેતુ, પુરુષોત્તમ સ્વ સ્વભાવ, ગુણ, ઐશ્વર્યાદિને ઢાંકીને અસંખ્ય જનોના ઉદ્ધાર માટે આ પૃથ્વીમાં પ્રાદુર્ભાવ થઈ તીર્થોમાં વિચરે છે) શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ માહાત્મ્ય કહ્યું. પછી હે રાજન્ ! પાર્વતી તે બંનેનું વચન સાંભળીને વિસ્મય પામ્યા અને શિવજીને આ પ્રમાણે કહેવા લાગ્યાં. (૫૦)

હે સ્વામિન્ ! તે પ્રત્યક્ષ પુરુષોત્તમના દર્શન કરવા માટે મને અહીં મૂકીને તમો એકલો કેમ ગયા ? એ તમોએ યોગ્ય કર્યું નથી. (૫૧)

ક્ષર અને અક્ષરના નિયંતા, અવતારી શ્રીહરિના દર્શન માટે મને તમો તત્કાળ લઈ જાવ. નહિ તો મને શાંતિ નહિ જ થાય. (૫૨)

આવું પાર્વતીનું વચન સાંભળીને, શ્રીહરિના દર્શનમાં ઉત્સાહવાળા શિવ, જવા માટે પ્રીતિપૂર્વક તૈયારી કરીને. નારદમુનિને વળાવ્યા. (૫૩)

પછી શિવજી રમણીય નંદિ ઉપર બેસીને જ્યાં પુરુષોત્તમ છે ત્યાં પાર્વતી સાથે તત્કાળ ગયા. (૫૪)

ત્યાં શ્રી પુરુષોત્તમનાં દર્શન કરીને હર્ષપૂર્વક શ્રીહરિને સાથવો જમાડીને શિવપાર્વતી સહિત સ્તુતિ કરીને, શ્રીહરિની ઈચ્છાથી તિરોધાન થયા. (૫૫)

હે રાજન્ ! શ્રીપુરુષોત્તમની સમીપમાં પાર્વતી તથા શંકર બંનેને આવવાનું જે કારણ તમોએ પૂછ્યું તે મેં તમોને આ પ્રકારે કહ્યું. હવે શ્રીહરિનું આગળનું ચરિત્ર તમો સાંભળો. (૫૬)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં દ્વિતીય સ્કંધમાં શિવ પાર્વતીએ સાથવો આપ્યો અને શ્રીહરિની સ્તુતિ કરી તે નિરુપણનામે ત્રેપોનમો અધ્યાય સંપૂર્ણ. (૫૩)



અધ્યાય ૫૪ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : પછી હે રાજન્ ! ધર્મપુત્ર પુરુષોત્તમ શ્રીહરિ, જેમ કોઈ બલવાન પુરુષે ખેંચીને ધનુષ્યમાંથી છોડેલા બાણ ગતિ કરે તેમ એકાકિ વિચરતા ભૂતપુરીમાં ગયા. (૧) અહીં રામાનુજાચાર્યે, અન્ય જનોને અગોચર રહી પુરુષોત્તમના દર્શન કરીને નાના પ્રકારના ઉપચારોથી પૂજ્યા. (૨)

પછી ભૂતપુરીમાં સભા કરીને, શાસ્ત્રના જ્ઞાનવાળા ઘણા પ્રતિવાદી વિદ્વાનો શ્રીહરિની સાથે વિવાદ કરવા લાગ્યા. (૩) શ્રીહરિએ વિદ્વાનોને શ્રુતિ સ્મૃતિના પ્રમાણ વાક્યોથી જીત્યા. તે વિદ્વાનો શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર ન આપી શક્યા તેથી જાણે મૂક હોય તેવા થઈ ગયા. (૪)

ત્યાંના મુમુક્ષુજનોએ, સર્વોત્તમ શ્રીહરિનો પ્રભાવ જોઈને, પ્રત્યક્ષ સર્વ નિયામક તે પુરુષોત્તમનો દૃઢ આશ્રય કર્યો. (૫) તે મુમુક્ષુઓએ ભક્તિપૂર્વક સંપૂજ્યમાન શ્રીહરિ, ભૂતપુરીમાં બે દિવસ સુધી રહ્યા અને પછી ત્યાંથી કન્યાકુમારી દેવીના તીર્થ સ્થાનમાં પધાર્યા. (૬)

ત્યાંથી શ્રીહરિ ચાલ્યા અને પદ્મનાભ ક્ષેત્રમાં પધાર્યા. શ્રી પદ્મનાભ ભગવાનનું આતિથ્ય સ્વીકાર કરીને, શ્રીહરિ જનાર્દન તીર્થક્ષેત્રમાં પધાર્યા. જનાર્દન ભગવાને કરેલી અતિથિ સત્ક્રિયાનો સ્વીકાર કરીને શ્રીહરિ, આદિ કેશવ તીર્થમાં પધાર્યા. અહીં પણ (પદ્મનાભ, જનાર્દન, આદિ કેશવ ક્ષેત્રોમાં પણ) ત્યાં ત્યાં પ્રધાનભૂત વાદિ વિદ્વાનોને શ્રીહરિએ જીત્યા તે ક્ષેત્રોમાં ઘણાં મુમુક્ષુઓ શ્રીહરિના આશ્રિત થયા. (૭-૮)

આદિ કેશવ ક્ષેત્રમાં સુમતિ નામના રાજા, શ્રીહરિને પરમેશ્વર જાણીને, શ્રીહરિનો દૃઢાશ્રય કરીને તેમની નિરંતર સેવા કરવા લાગ્યા. (૯) તે ક્ષેત્રમાં દુરાચારમાં પ્રતિવાળા શૈવો તથા વૈષ્ણવોના ચિન્હોને ધારણ કરતા બે હજાર અસુરો હતા. (૧૦) તે ક્ષેત્રમાં રાજાએ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. પ્રજ્વલિત હૃદયવાળા અસુરો મત્સરથી તે સહન ન કરી શક્યા. (૧૧) શ્રીહરિની માયાથી મૂઢ થયેલા, શ્રીહરિને હણવાની ઈચ્છાથી તે ઉદ્યમમાં પ્રવૃત્ત થયેલા તેમને રાજાએ પોતાના સેવકો વડે માનરૂપી દાવાગ્નિથી બળેલા અંતઃકરણવાળા જાણ્યા. (૧૨)

પછી તે સુમતિ નામના રાજાએ, તરવાર વગેરે આયુધો ધારણ કરનારા ક્રૂર સેવકો તત્કાળ મોકલીને, ભૂભારરૂપ સર્વ અસુરોને મારી નંખાવ્યા. (૧૩) પહેલાં માનસપત્તનમાં સત્રધર્મા નામના રાજા પાસે જેવી રીતે શ્રીહરિએ અસુરોનો નાશ કરાવ્યો, તેવી રીતે સુમતિ નામના રાજા પાસે અહીં અસુરોનો નાશ કરાવ્યો. (૧૪)

હે રાજન્ ! શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન પામેલા તે રાજાએ પૂજેલા શ્રીહરિ, આદિ કેશવ ક્ષેત્રથી નીકળી મલય નામના કુલ પર્વત પ્રત્યે પધાર્યા. (૧૫) કુલ પર્વતમાં, મોટા મોટા સર્પોથી વીંટાયેલા ચંદન વૃક્ષોના વનમાં, મહાધૈર્યશાળી પુરુષોત્તમ ધાર્મિ શ્રીહરિ રહ્યા. (૧૬) મલયાદ્રિમાં સાક્ષી ગોપાળ વિષ્ણુના તીર્થમાં પધારી, સાક્ષી ગોપાળનો અતિ સત્કાર સ્વીકારી, પ્રભુ શ્રીહરિ ત્યાંના તપસ્વીઓને કૃતાર્થ કરીને ત્યાં રહેતા હતા. (૧૭)

મલયાચલ પર્વતમાં પાંચ દિવસ સુધી રહીને પછી શ્રીહરિ ત્યાંથી કિષ્કંધા પધાર્યા. પછી ત્યાંથી ચાલતા મહાન પંપા સરોવર પધાર્યા. (૧૮)

પંપા સરોવરમાં વિધિવત્ શ્રીહરિએ સ્નાન કર્યું અને ત્યાંથી ચાલીને ચંદ્રભાગા નદીના તીરે આવેલા પુંડલિકપુરમાં (પંઢરપુર) પધાર્યા. (૧૯) અહીં વિઠ્ઠલેશે હર્ષપૂર્વક શ્રીહરિની પૂજા કરી. ધાર્મિ શ્રીહરિ, તેમને પ્રસન્ન કરવા માટે, તેમને ભેટ્યા. (શ્રી પુરુષોત્તમને ભેટવાની ઇચ્છાવાળા શ્રી વિઠ્ઠલેશ પોતે જે દિવસથી આરંભીને ત્યાં વસતા હતા, ત્યારથી આરંભીને સર્વજનોને પરિરંભણાત્મક ક્રિયાથી, ક્યારે મને પુરુષોત્તમની ભેટ થશે એમ સંકલ્પ કરીને, આ સમયે શ્રીહરિને ભેટીને કૃતકૃત્ય થઈ અત્યંત પ્રસન્ન થયા.) (૨૦)

શ્રીહરિએ પુરના વિદ્વાનોને તથા તીર્થયાત્રામાં આવેલા સમગ્ર વિદ્વાનોને પણ શાસ્ત્ર વિવાદોથી પરાજીત કર્યા. અહીં બે હજાર દૈવી જીવોએ શ્રીહરિનો આશ્રય કર્યો. (૨૧)

શ્રીહરિ તેમના અનુગ્રહ માટે પુંડિલકપુરમાં બે માસ રહ્યા. પછી ત્યાંથી નીકળી શ્રીહરિ દંડકારણ્યમાં પધાર્યા. (૨૨) દંડકારણ્યથી શ્રી પુરુષોત્તમ ભગવાન ચાલ્યા અને નાસિક નામના પ્રસિદ્ધ પુરમાં આવ્યા. (ચાર યુગમાં નાસિક નગરનું નામ જુદું જુદું છે પુરાણાન્તરમાં "कृते तु पद्मनगरं त्रेतायां सत्यमन्दिरम् । द्वापरे तु जनस्थानं कलौ नासिकमुच्यते ॥") નાસિકપુરમાં ત્ર્યમ્બકેશ નામના શિવે શ્રીહરિને પૂજ્યા. (૨૩)

શ્રીહરિએ નાસિકપુરમાં શંકરના આશ્રિત શાસ્ત્રજ્ઞ વિદ્વાનોને બોલાવીને, શાસ્ત્રાર્થના વાદથી પરાભવ પમાડી પોતાનો વિશિષ્ટાદ્વૈત મત સ્થાપન કર્યો. (૨૪) પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને સૂર્યપુર (સુરત) પધાર્યા. સૂર્યપુરમાં જુદા જુદા મતવાદીઓ, શાસ્ત્રાર્થવાદમાં નિષ્ણાંત વિદ્વાનો, શંભુરામ, આદિત્યરામ, આંબાશાસ્ત્રી એ આદિક દુર્જેય પંડિતજનો તથા બીજા મનુષ્યો ગોસ્વામીના મતવાળા લોકોને પરાજીત કર્યા. તેમજ શાકતાદિ મતવાળા લોકોને પણ પરાજિત કર્યા. (૨૫) સુરતમાં શ્રીહરિએ દૈવી સંપત્તિ યુક્ત ઘણા જીવોને કૃતાર્થ કર્યા ત્યાંથી નીકળીને હે રાજન્ ! શ્રીહરિ નાવમાં બેસી તાપી નદી ઉતર્યા. (૨૬)

પછી દયાસાગર નર્મદા તીરે પધાર્યા. નર્મદાને તીરે તપ કરતા તપસ્વીઓ ઉપર અનુગ્રહ (સ્વ સ્વરૂપજ્ઞાન આપવા રૂપ) કરીને (આ તમારા પાદારવિંદના સંસ્પર્શથી કરોડો મુક્તોને કૃતાર્થ કરતા મને

કેમ તેનો સ્પર્શ નથી આપતા ? એમ મર્મવચનો જાણે કહેતા હોય તેવા ઉચ્છલતા તરંગોરૂપી હસ્તથી નાવ ઉપર બેસવા જતા શ્રીહરિના ચરણનો સ્પર્શ કરીને ''મેં તમારા ચરણનો સ્પર્શ કર્યો કે નહિ'' એમ નમ્ર હાસ્યપ્રદ સાર્થક સંજ્ઞાવાળી) નર્મદા નદી નાવમાં બેસીને ઉતર્યા. (૨૭) પછી શ્રીહરિ નર્મદા તીરે આવેલા ભરૂચ શહેરમાં પધાર્યા. અહીં વિવિધમતવાદી પંડિતોને (૨૮) વેદ-શાસ્ત્રના પ્રમાણોના સમુદાયથી, પોતાના પ્રભાવથી, શ્રીહરિએ સૌને જીતી લીધા. આથી શ્રીહરિનો મહિમા જાણનારાઓએ શ્રીહરિનું પૂજન કર્યું. પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા. (૨૯)

પછી શ્રીહરિ મહી નદી ઉતરીને દેવાણપુર પધાર્યા. પછી ત્યાંના પૃથ્વીપતિને પોતાનું ઐશ્વર્ય બતાવ્યું. (તે ઐશ્વર્ય અહીં કહ્યું નથી, પણ હંમેશાં શ્રીહરિના સહચર અને શ્રીહરિને વિશે અત્યંત આસક્ત મનરૂપી ભૃંગ (ભમરો) જેમનો છે એવા માધવાનંદ મુનિના મુખથી સાંભળેલું લખીએ છીએ. સાતમા ઓરડાની અંદર સભામાં બેઠેલા રાજાની આગળ દ્વારપાલ પણ ન જાણી શક્યો તેવી રીતે એકદમ પ્રકાશમય મૂર્તિવાળા સ્વયં શ્રીહરિ આવીને જ્યારે ઊભા રહ્યા ત્યારે રાજા શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા. દેવેન્દ્ર! સર્વ યોગીન્દ્રોમાં આપ કોણ છો ? એટલે શ્રીહરિએ કહ્યું' 'નથી જાણતા ? તમો ગંગા તીરે તપ કરતા હતા. ત્યારે તમારા તપથી હું પ્રસન્ન થયો હતો અને તમને કહ્યું ''**वरं वृणीष्व**'' ''વર માગો'' આ પ્રમાણે મેં કહ્યું અને તમોએ રાજ્ય માગ્યું ત્યારે મેં કહ્યું 'રાજ્ય પામશો' તે હું તમોને રાજ્યનો આપનારો છું. એમ કહીને પોતાની સ્મૃતિ કરાવી.) (૩૦)

પછી રાજાએ શ્રીહરિનું પૂજન કર્યું. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને બોચાસણ પધાર્યા. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા અને બુધેજ ગામ પધાર્યા. (૩૧) પછી ધર્મપુત્ર શ્રીહરિ સાબરમતી નદી ઉતરીને ભાલ દેશમાં રહેલા ભીમનાથ મહાદેવ આવ્યા. પછી ગોહિલવાડ નામના પ્રસિદ્ધ દેશમાં રહેલા ગોપનાથ તીર્થમાં પધાર્યા. (૩૨)

હે રાજન્ ! પછી તીર્થ કીર્તિ શ્રીહરિ પંચતીર્થિમં ફર્યા. ત્યાંથી શ્રીહરિ ગુપ્તપ્રયાગ નામના તીર્થમાં પધાર્યા. (૩૩) ગુપ્તપ્રયાગ તીર્થમાં સુંદર વ્રતવાળા કોઈ વર્ણિએ શ્રીહરિની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી. તેથી શ્રીહરિ તેમના ઉપર અનુગ્રહની ઇચ્છાથી એક મહિનો ત્યાં રહ્યા. (૩૪) હે રાજન્ ! ત્યાંથી નીકળીને વર્ણિવેશ દયાનિધિ શ્રીહરિ સમુદ્ર કાંઠે આવેલા માંગરોળ બંદર નામના પ્રસિદ્ધ શહેરમાં પધાર્યા. (૩૫)

(પોતાના ઘરનો ત્યાગ કરીને નીકળેલા, તીર્થોમાં ફરતા શ્રીહરિકૃષ્ણ ભગવાનનું ત્યાં ત્યાં કરેલું ને નહિ કરેલું પણ ચરિત્ર તેને સાંભરીને હવે કહે છે.) શ્રીહરિએ આ પ્રમાણે પૃથ્વી ઉપર તીર્થોમાં ફરતા વર્ણિધર્મને સંપાલન કરતા, પોતાના ઓજસથી જ તીર્થોમાં વ્યાપેલ સમગ્ર અધર્મસર્ગને, સૂર્ય અંધકારનો જેમ નાશ કરે છે તેમ નાશ કરી નાખ્યો. (૩૬)

પાખંડી ગુરુઓને સત્શાસ્ત્રના દ્રઢ પ્રમાણો વડે વિવાદથી જીતીને, શ્રીહરિએ પાખંડી ગુરુઓથી ઘણા મુમુક્ષુઓનું રક્ષણ કરીને તેમનો સંસારનો પાશ છેદી નાખ્યો. (૩૭) ધર્મપુત્ર શ્રીહરિ બ્રહ્મચર્યાદિ સમગ્ર નિયમો આચરણ કરીને, આલોકમાં વૈરાગ્યવાળા તીર્થવાસીઓની સ્થિતિ પોતે (પોતાના આચરણ

દ્વારા) બતાવતા હતા. (૩૮) સ્પૃહારહિત, અતિશય શાંત સ્વભાવવાળા, આ શ્રીહરિ ફક્ત એક ઓઢવાનું વસ્ત્ર તથા કૌપીન તથા મૃગાજીન ધારણ કરતા, અન્ય વસ્ત્રોના સંગ્રહમાં સ્પૃહા રહિત વર્તતા હતા. (૩૯)

સર્વ ઋતઓમાં પણ હંમેશા તપ કરતા, દિવસે તથા રાત્રિમાં ઉઘાડા શરીરવાળા, ગામથી બહાર વૃક્ષ નીચે સ્વયં એકલા જ નિવાસ કરતા, અતિ ધીર (૪૦) ત્રણ સમય સ્નાન કરતા, નિરંતર પોતાનો બધો નિત્યવિધિ તથા શ્રી વિષ્ણુની પૂજા, પોતાના આશ્રિતોના શિક્ષણ માટે જ, યથાશાસ્ત્ર કરતા. (૪૧)

નિરંતર પ્રાણાયામ કરતા તથા નાના પ્રકારના મયૂરાસન, કૌકુટાસન તથા સ્વસ્તિકાસન વગેરે આસનો કરતા, શીતળ ઋતુમાં પણ અગ્નિનું સેવન નહિ કરતા, સુનિશ્ચલ આત્મ સ્થિતિવાળા, પૂર્ણકામ. (૪૨) ત્વચા અને અસ્થિ જ ફક્ત બાકી રહ્યાં છે જેને એવા, ઘણી નાડીઓથી વ્યાપ્ત આકૃતિવાળા, નિર્નિમેષ સુંદર નેત્રોવાળા, કોમળ ચરણકમળવાળા એવા છે છતાં પણ ઉપાનહ (પગરખાં) રહિત કાંટા કાંકરા વગેરેથી છવાએલા માર્ગમાં ચાલતા. (૪૩)

પર્વતોમાં તથા ભયંકર વનમાં પણ કોઈને પણ માર્ગ ન પૂછતા એકાકી વિચરતા, ક્યારેય પણ દેહની જેમણે સંભાળ નથી રાખી તેવા, ક્યારેય પણ વાઘ, સર્પ વગેરેથી મૃત્યુના ભયથી રહિત. (૪૪) ક્યારેક એક વાર જ જેવું મળ્યું તેવું અન્ન જમતા, ક્યારેક કંદ, મૂળ, સૂરણ, તથા જે ઋતુમાં જે મળે તેવાં ફળ કેરી, જાંબુડા તેમ જ ડોડીના પાન, શકરિયાં વગેરે જમતા, ક્યારેક નિરાહાર રહેતા, ધીર, ક્યારેક ફક્ત વાયુ ભક્ષણ કરતા. (૪૫)

ક્યારેક અયાચકવૃત્તિ ધારણ કરતા, ક્યારેક પૂર્ણકામ છે છતાં પણ કૃછ્વ્રતો કરતા, રમણીય વિષયોમાં સદા અત્યંત વૈરાગ્યવાળા, પરમ ઉર્ધ્વરેતા. (૪૬) સ્ત્રીઓનો તો ગંધમાત્ર પણ ક્યારેય ન સહન કરી શકતા, સકલ પ્રાણીઓને વંદનીય, જીતેન્દ્રિય, દિવ્ય એવી તપની ક્રિયાઓથી વિસ્મિત કર્યો છે તપસ્વીવૃંદ જેમણે એવા. (૪૭)

હે રાજન્ ! તપસ્વી ત્યાગી જનો તેમનું દિવ્ય તપ જોઈને, તથા જે પ્રકારે શ્રીહરિ કરે છે તે પ્રકારે પોતે તીવ્ર તપ કરવા માટે હર્ષ પામતા શ્રીહરિનો પ્રસંગ કરવા લાગ્યા. (૪૮) શ્રીહરિના પ્રસંગને ઈચ્છતા જનો, પોતાના દેહમાં આસક્તિ હોવાથી પરમેશ્વર શ્રીહરિની સમીપ રહેવા માટે સમર્થ ન થયા. (૪૯) કેટલાક તપસ્વી ત્યાગી જનો, તેમનો સંગ ત્રણ રાત્રિ કરીને (થાકીને) ગુપ્ત રીતે નાસી ગયા. કેટલાક પાંચ રાત, કેટલાક દશ રાત, એ પ્રમાણે સર્વે પલાયન થઈ ગયા. (૫૦) મનુષ્યો તથા દેવેન્દ્રોએ દુશ્ચર કૃછ્રાદિ તપો, ઉક્ત પ્રકારે આચરતા શ્રીધર્મપુત્રને વનમાં ચાલતાં સાત વર્ષને એક માસ વ્યતિત થઈ ગયા. (૫૧)

આ પ્રકારે માંગરોળ બંદરમાં સમગ્ર ગુણોથી સંપન્ન શ્રીહરિ પધાર્યા છે એમ સાંભળીને, તેમના દર્શનની ઈચ્છાવાળા પુરના જનો, લોઢું જેમ ચુંબક મણિના સમીપમાં આકર્ષાય તેમ શ્રીહરિની સમીપમાં તત્કાળ આવ્યા. (૫૨) દર્શન માત્રથી જ નેત્રોને આનંદ આપનારા, મહાપ્રતાપી, રમણીય સ્વભાવવાળા, લાવણ્ય સૌંદર્યના મહાસાગર, શ્રીહરિને જોઈને પુરજનો અતિ મહાન વિસ્મય પામ્યા. (૫૩) દયાળુ,

મહાબુદ્ધિશાળી, સ્વતંત્ર શ્રીહરિ માંગરોલ પત્તનમાં ઘણા પુરજનોને સંસારનો જે ભય તેને છેદનારાં, પોતાના દર્શન આપીને પછી લોજ નામના નગર પ્રત્યે જવાને ઈચ્છતા, ત્યાંથી ચાલવા લાગ્યા. (૫૪)

ઈતિ શ્રીહરિકૃષણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિએ ભૂતપુરી આદિ તીર્થોમાં વિચરણ કર્યું તે નામે ચોપનમો અધ્યાય સંપૂર્ણ. (૫૪)



અધ્યાય ૫૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે : હે રાજન્ ગાયો છોડવા ટાણે (સવારમાં નવ વાગે) શ્રીહરિ લોજ નામના નગરમાં પધાર્યા. પુરથી બહાર શ્રીહરિ એક વાવ પાસે આવીને બિરાજ્યા. (૧) પુરની બહાર જતા પુરજનો પ્રથમ તો પ્રશાંત છે ઈન્દ્રિયોની વૃત્તિઓ જેમની એવા, નેત્રોને આનંદ આપનારા શ્રીહરિને જોઈને અત્યંત વિસ્મય પામ્યા. (૨)

પછી હે રાજન્ ! વનના અગ્નિથી દાહ પામેલા, અને પછી મેઘની વર્ષાના જળસિંચનથી અરણ્ય પશુઓ જેમ શાંત પામે તેમ, પુરના જનો (શ્રીહરિના દર્શનથી) અત્યંત સુખ પામ્યા. (૩)

પછી તે જનો તત્કાળ પુરમાં જઈને હે રાજન્ ! અદ્‌ભુત દર્શનવાળા કોઈક યોગીન્દ્ર વાવની સમીપ બેઠેલા છે, આ પ્રકારે જન સમુદાયને કહેવા લાગ્યા. (૪) સમગ્ર પુરજનો, આ વચન સાંભળીને ‘શ્રીહરિ બિરાજે છે’ તે વચન સાંભળવાથી જ ખેંચાયા છે ચિત્ત જેમનાં એવા, અતિ આનંદિત બની ટોળે મળીને, શ્રીહરિના દર્શન માટે ત્યાં આવતા હતા. (૫)

અનંત જન્મોમાં કરેલાં પાપ તથા ત્રિવિધ તાપને નિવારણ કરનારું દર્શન છે જેમનું રમણીય આકૃતિવાળા, શ્રીહરિને જોઈને, શ્રીહરિમાં આસક્ત ચિત્તવાળા જનો પરમાનંદ પામ્યા. (૬) અત્યંત સ્નેહથી, નિર્નિમેષ નેત્રોથી, શ્રીહરિના દર્શન કરતા સર્વે જનો લાંબા કાળ સુધી ચિત્રની માફક ત્યાં ઊભા રહ્યા. (૭)

તે પુરજનો શ્રીહરિને પોતાનું પ્રિય કરનાર છે એમ પોતાના અંતરમાં જાણી (આ કોઈ યોગીન્દ્ર આપણું આત્યંતિક શ્રેય કરનારા છે એમ પોત પોતાના અંતઃકરણમાં જાણતા) શ્રીહરિના દર્શનમાં આસક્ત ચિત્તવાળા બની, પોતાને ઘેર જવા સમર્થ ન થયા. (૮)

લોજ નગરમાં સંસ્થિત સદ્‌ગુરુ રામાનંદ મુનિના શિષ્ય સાધુઓએ શ્રીહરિ પોતાના ગામની સમીપ પધાર્યા છે એમ સાંભળ્યું. પછી શ્રીહરિએ ખેંચ્યા છે મન જેમનાં એવા કેટલાક સાધુઓ, મહા તેજોમય, શાંત, આનંદના મહાસાગર શ્રીહરિના દર્શન માટે ત્યાં આવ્યા. (૯-૧૦)

વાવને કાંઠે બેઠેલા સર્વોત્તમ, તપસ્વીઓની રીતને આશરેલા, આલોકમાં યોગીજનોના શિક્ષણને માટે ત્યાગ માર્ગ ધારણ કરનારા, સર્વલોકૈકનાથ શ્રીહરિના, રામાનંદમુનિના શિષ્યના સાધુઓ દર્શન કરવા લાગ્યા. (૧૧)

એકાકી છે છતાં પણ અગણિત પાર્ષદોએ યુક્ત હોય ને શું ! અતિ મનોહર શોભાવાળા, પોતાને યોગ્ય વસ્તુનો પણ પરિગ્રહ જેણે ત્યાગ કર્યો છે, કોઈનાથી પણ પરાભવ નહિ પામનારા, દાનેશ્વરી, મૂર્તિમાન તેજોમય તપ હોય ને શું ! (૧૨)

સુવર્ણના વર્ણ જેવો છે વર્ણ જેમનો એવા મસ્તકના કેશની પંક્તિથી જાણે શીર ઉપર શ્રેષ્ઠ મુગટ શોભે છે તેવા મસ્તકથી મનોહર, સાન્દ્ર મેઘના સમાન સુંદર શરીરવાળા, નિસ્પૃહ ઘણા તપથી કૃશમૂર્તિવાળા (૧૩)

નિર્નિમેષ દષ્ટિવડે તિલના પુષ્પની માફક રમણીય નાસિકાને જોતા, દેહની કોમળતાથી જીત્યું છે પુષ્પોનું કોમળપણું જેમણે એવા, કોમળ અને વિશાળ લલાટ જેમનું શોભે છે એવા (૧૪)

મંદ હાસ્યથી શોભતા મુખની જે લક્ષ્મી તેની શોભાથી જીતાયાં છે કમળ અને શરદ્‌ઋતુનો પૂર્ણ ચંદ્રમા જેણે એવા, સૂક્ષ્મ પાંપણોવાળું કરુણારૂપી અમૃતથી પૂર્ણ, પ્રકાશમાન જે નેત્રનું યુગ્મ તેનાથી કમનીય (૧૫) જીત્યો છે ઈન્દ્રિયસમૂહ જેમણે, સંયમિત વાણીવાળા, હંમેશા ઉપશમને આશરેલા વિષયોમાં નિરંતર અતિ વૈરાગ્યવાળા, સદા નિરીક્ષણીય, નિર્દોષ, જેમનું સ્વરૂપ અતકર્ય છે. (૧૬)

પોતાના દર્શન કરનારા જનસમૂહનાં ચિત્તનું પોતાના આત્મામાં સમગ્રપણે આકર્ષણ કરનારા, સ્પૃહણીય, શાંત, ઘણા કાળ પર્યંત તપ કરનારા, તપના સુંદર ચિન્હોવાળા (૧૭) બ્રહ્મહત્યાદિક પાપ તથા આધ્યાત્મિકાદિ ત્રિવિધિતાપના સમુહોનો ક્ષય જેમનાથી છે એવું છે દર્શન જેમનું એવા, મોક્ષમાર્ગના ઉપદેશમાં ચતુર, નાના પ્રકારના શાસ્ત્રાર્થવાદમાં જીતેલા ઉન્માદવાદી સમુદાયોએ વંદિત છે પાદારવિંદ જેમના, એવા, મુનિવંદનીય (૧૮)

ધર્મ તથા સંતોના સમુદાયોનું વિશેષ પરિત્રાણ કરવામાં ચતુર, પોતાના આશ્રિતોની જે સમગ્ર વિપત્તિઓ તેનો વિનાશ જેનાથી છે એવી શિક્ષા જેમની છે એવા, સામર્થ્યરૂપી અગ્નિથી બાળી દીધી છે ધર્મના દ્રોહી રૂપી ઘાસની ગંજીઓ જેમણે એવા, પોતાના પ્રતાપથી અસુરોને જીતનારા. (૧૯)

આ વર્ણિ મુર્તિમાન દિનકર છે કે શું ? અથવા બદરિકાશ્રમવાસી નારાયણ છે કે શું ? અથવા શ્વેતદ્વિપવાસી વાસુદેવ છે કે શું ? અથવા અક્ષરધામવાસી અવતારી છે કે શું ? (એમની મધ્યે કોણ હશે ? એમ તર્ક કરતા) (૨૦)

વિશેષ તર્કયુક્ત બુદ્ધિવાળા હોવા છતાં આ પ્રકારે વિસ્મય પામેલા શ્રીહરિના દર્શનમાં આસક્તિવાળા, દર્શન માત્રથી જન્મમરણની પીડાને નાશ કરનાર અદ્‌ભુત મૂર્તિવાળા શ્રીહરિને અનુપમ સ્નેહથી નમસ્કાર કરતા હતા. (૨૧)

તે સાધુઓમાં બુદ્ધિમાન, બોલવામાં ચતુર, સુખાનંદ નામના સાધુ, શ્રીહરિને અતિ હર્ષપૂર્વક નમસ્કાર કરીને પ્રાર્થના કરતા આવી રીતે કહ્યું. (૨૨) મહા તેજોમય, વિદ્વાનોને પણ અતકર્ય, મહાત્મઓએ

માનનીય, તમોને, હે બ્રહ્મન્ ! તત્ત્વથી કોઈ જાણતા નથી. (૨૩)

હે વર્ણિન્ ! તમો મનુષ્યાકૃતિવાળા છો છતાં પણ સર્વ દેહીઓના આત્મા છો. એમ ન હોય તો તમારે વિષે પ્રાણીઓને આવો સ્નેહ કેમ થાય ? (૨૪) હે મહામતે ! હે વિભો ! શ્રીકૃષ્ણની એકાંતિક ભાવથી ઉપાસના કરનારા, તેથી જ શ્રીકૃષ્ણ વિના બીજામાં તીવ્ર વૈરાગ્યવાળા અમોને પણ, તમારે વિષે અતિશય સ્નેહ એકદમ થાય છે. (૨૫)

તેથી મહાપુરુષના ચિન્હવાળા તમો અલૌકિક છો. હે વર્ણિન્ ! અમોએ તમારા જેવા કોઈ પણ તપસ્વીરાજ જોયા નથી. (૨૬) (શંકા : આટલી પ્રશંસા કરવાનું શું પ્રયોજન છે ? જે કહેવાનું હોય તે કહો. એમ કહેતા હો તો કહીએ છીએ) હે દયાનિધે ! તમો અમારા આશ્રમ પ્રત્યે પધારો, અમોને પાવન કરો. અમો અમારી બુદ્ધિ પ્રમાણે તમારી હંમેશા પ્રીતિથી સેવા કરીશું. (૨૭) (એટલું જ કારણ નથી પણ બીજો પણ હેતુ છે તે કહે છે.) મુક્તાનંદ આદિ બધા સંતો, સ્વચ્છ અંતઃકરણાળા અમારા ગુરુના શિષ્ય સાધુઓ, જ્યારથી તમારું નામ સાંભળ્યું છે ત્યારથી, તમારા દર્શન ઈચ્છે છે. તે બધા તત્કાળ અહીં આવશે. (૨૮)

(તીર્થો તીર્થ કરનારા પ્રત્યે જાય છે કે તીર્થ કરનારા તીર્થો પ્રત્યે જાય છે ? પહેલું વિધાન યોગ્ય નથી કારણ કે એવું જણાતું નથી. બીજા વિધાનમાં સર્વ પ્રકારે તેમનાં અહીં આવવામાં એક નુકશાન છે. તે બધા સાધુ હોવાથી દયાથી એવો સંકલ્પ કરે છે કે અનાદિ કાળના અજ્ઞાનવાળા અને પ્રમાદી ગ્રામના જનો તેમને આ મહામુનિના આગમનથી અહીં સ્વાભાવિકપણે દર્શન થશે. તેથી તેમનું કલ્યાણ થશે. જો આ વર્ણિ આશ્રમમાં પધારે તો તે ગ્રામજનોને તેમનું દર્શન સહજ ન થાય. તેથી દયાળુ, જગતના હિત માટે આવિર્ભાવવાળા, મહામુનિ, વર્ણિરાજ અમોને પવિત્ર કરવા માટે અવશ્ય પધારશે. એમ વિચારીને તે આવ્યા નથી. તેથી આપને ત્યાં લઈ જવા એ અમારે માટે યોગ્ય છે.) મુક્તાનંદ આદિ સાધુઓ જ્યારે અહીં આવશે ત્યારે બીજા પુર વાસીઓને, સંસાર સમુદ્ર પાર લઈ જનાર તમારા દર્શન કેમ થાય ? અર્થાત્ ન જ થાય. (૨૯)

સદ્‌ગુણાલંકૃત તમારું આ પૃથ્વીમાં વિચરણ જે છે તે સંસારરૂપી દાવાનલથી તપેલા શરીરધારીઓના સુખને માટે જ છે. (૩૦) હે તપોનિધે ! તેથી તમો કૃપા કરીને આ પુરમાં પધારો. હે વિભો ! આ નગરને તમારા ચરણ કમળની રજથી પવિત્ર કરો. (૩૧)

હે પ્રભો ! તમારા પ્રત્યક્ષ દર્શનને ઈચ્છનારા સાધુઓને, મોટા પુણ્યવાળા, સર્વ આપત્તિઓ ભેદી નાખનારાં તમારાં દર્શન તમારે આપવાં. (૩૨) સુખાનંદ સાધુનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા પુરુષોત્તમ, મધુરભાષી, ધર્મપુત્ર શ્રીહરિ, સુખાનંદને કહેવા લાગ્યા. (૩૩) જ્યારથી હું ઘેરથી નીકળ્યો છું ત્યારથી આરંભીને ઘણું કરીને પુર અથવા ગામમાં ગયો નથી. વનમાં જ રહ્યા છું. (૩૪)

હે મુને ! વનમાં પણ હું નવા નવા વૃક્ષ નીચે જ હંમેશા રહેતો (જેથી સ્થાનનું મમત્વ ન થાય.) વળી આહાર માટે કોઈ પણ માણસ પાસે ક્યારેય પણ મેં યાચના કરી નથી. (૩૫) હે મુને ! આ

મારો દેહ હરિની ઈચ્છાથી જ રહ્યો છે. આ મારો દેહ રહ્યો તેમાં બીજું કોઈ કારણ નથી. સિંહ, સર્પ, વૃશ્ચિક વગેરે હિંસક પ્રાણીઓવાળા અરણ્યોમાં પણ શ્રીહરિએ જ મારી રક્ષા કરી છે. (૩૬)

હે મુને ! હું ગ્રીષ્મઋતુમાં પણ બેસવાની વેદિકાના ચાર ખૂણામાં ચાર અગ્નિ અને પાંચમો સૂર્ય, એવી રીતે પાંચ અગ્નિના મધ્યમાં નિવાસ કરું છું. વર્ષાઋતુમાં અભ્રાવકાશ વ્રત (ખુલ્લા આકાશ નીચે જ નિવાસ કરવો તે વ્રત) કરું છું. (વૃક્ષાદિની છાયાથી રહિત સ્થાનમાં, તિવ્ર વાયુ તથા વરસાદ, ટાઢ વગેરેનું સહન કરવું.) શીત ઋતુમાં દરરોજ જલમાં બેસું છું. (૩૭)

ક્યારેય પણ સ્ત્રીઓનો ગંધમાત્ર સહન કરવા સમર્થ થતો નથી. હે મુનિસત્તમ્ ! મને ક્યારેય પણ રમણીય વિષયો પ્રિય નથી. (૩૮) આ પ્રકારે હંમેશા મારી સ્વાભાવિક રીત છે તથાપિ હું તમારી સાથે સાધુ પુરુષોના દર્શન કરવાની ઈચ્છાથી આવું છું. (૩૯)

આ પ્રકારે સુખાનંદ મુનિને શ્રીહરિએ કહ્યું, પછી સુખાનંદ મુનિ તત્કાળ ઊભા થઈ, શ્રીહરિનો હાથ પકડીને પ્રસન્ન થતા, સાધુઓથી વસેલા પોતાના ઉત્તમ આશ્રમમાં આવ્યા. (૪૦)

શ્રીહરિના દૂરથી દર્શન કરીને, મુક્તાનંદાદિ સંતો, જાણે દેહને નવા પ્રાણ આવ્યા હોય તેમ શ્રીહરિની સન્મુખ ગયા. શ્રીહરિની કાંતિથી તેમની કાંતિ ઢંકાઈ ગઈ છે તેવા તે સંતો, શ્રીહરિને નમસ્કાર કરતા હતા. (૪૧)

મુક્તાનંદાદિ સંતો શ્રીહરિને યોગ્ય આસનમાં પ્રીતિપૂર્વક બેસાડીને બેઠા. નિધિને જોઈને જેમ લોકો આનંદ પામે, ચંદ્ર જોઈને જેમ ચકોર પક્ષી આનંદ પામે, તેમ મુક્તાનંદ આદિ સંતો શ્રીહરિને જોઈને અત્યંત શાંતિ પામ્યા. (૪૨-૪૩)

મુક્તાનંદાદિ સાધુઓના મન તથા ઈન્દ્રિયો અત્યંત નિશ્ચલ થયા તેથી તેઓ સુખ પામ્યા. (આત્મા તથા પરમાત્મા બંનેના પૂર્વે નહિ થયેલા એવા પ્રત્યક્ષ દર્શન પામ્યા.) (અહીં મનની સ્થિરતાથી તત્કાળ થયેલી સર્વેહોપરતિ જાણવી. તેનાથી આત્મપરમાત્માના સુખની પ્રાપ્તિ પુરાણમાં પ્રસિદ્ધ છે. ''सुखमस्यात्मनो रूपं सर्वेहोपरतिस्तनुः । विमुञ्चति यदा कामान् मानवो मनसि स्थितान् । तर्ह्येव पुण्डरीकाक्ष भगवत्त्वाय कल्पते'' इति भागवतोक्तेः, આત્માનું સુખરૂપપણું તો આ આત્માનું સુખ એ વાક્યથી જાણવું. આનંદવલ્ક્યુપનિષદ્‌માં ભગવાનનું આનંદરૂપપણું ''आनन्दो ब्रह्म'' इति । विज्ञानादानन्द आनन्दादेव्येव खल्विमानि भूतानि जायन्ते इति'' વર્ણવ્યું છે. (૪૪)

દિવ્ય ઐશ્વર્યાદિના સ્થાનભૂત, આલ્હાદપ્રદ દર્શનવાળા, શ્રીહરિને જોઈને વિસ્મિત મુનિઓ આ પ્રમાણે ઘણા પ્રકારે તર્ક કરવા લાગ્યા. (૪૫) અહો હે સંતો ! અમોએ આ લોકમાં ઘણા તપસ્વીઓ તથા યોગીઓ જોયા છે. પરંતુ આવા તપસ્વી તથા યોગી હાલમાં નથી જોયા તેમજ સાંભળ્યા પણ નથી. (૪૬) બાલક્રીડાને યોગ્ય એવી વયમાં પણ આ વર્ણિ જ ઉક્ત પ્રકારે તીવ્ર તપ કરે છે. તેથી આ સાધારણ નથી. અદ્‌ભુત આશ્ચર્ય કરનારા છે. (૪૭)

સર્વથી અતિરિક્ત કલ્યાણ ગુણો તથા ઐશ્વર્યો જેમને છે એવી વિભૂતિ વગેરેના આશ્રયરૂપ,

આ અલૌકિક વર્ણિ કોણ છે તેવો નિશ્ચય કરવા માટે અમો શક્તિમાન નથી જ. (૪૮) આ વર્ણિના દર્શનથી જ અમોને તત્કાળ જેવી શાંતિ થઈ છે, તેવી શાન્તિ ક્યારેય પણ પહેલાં નથી થઈ. (૪૯)

તેથી સર્વોત્તમ આ વર્ણિ હંમેશા સેવા કરવા યોગ્ય છે. શ્રીરામાનંદ સ્વામી પણ આમની સેવાથી જ અમારા ઉપર પ્રસન્ન થશે. (૫૦)

મુક્તાનંદાદિ સાધુઓ આ પ્રકારે નિશ્ચય કરીને શ્રીહરિની પરિચર્યા હર્ષપૂર્વક કરવા લાગ્યા. તે સાધુઓમાં વિચક્ષણ મુક્તાનંદ, શ્રીહરિને ભલે પધાર્યા, કેમ સુખી છો ? વગેરે કુશળ પૂછવા લાગ્યા. (૫૧) સર્વજનોના અંતર્ગત અભિપ્રાયને જાણનારા શ્રીહરિનું મુક્તાનંદ મુનિએ યથાયોગ્ય આતિથ્ય કરાવીને સર્વજનોને પ્રીતિ કરનારાં દર્શન જેમનાં છે એવા શ્રીહરિને સારી રીતે પ્રાર્થનાથી પ્રસન્ન કરીને, પ્રીતિપૂર્વક પોતાના આશ્રમમાં નિવાસ કરાવ્યો. (૫૨)

સર્વજનોના અંતર્ગત અભિપ્રાયને જાણનારા શ્રીહરિ પણ, પાપાત્મક આ ચોથા યુગમાં, સાધુ સ્વભાવવાળા, વશ કર્યા છે ઈન્દ્રિયો જેમણે એવા, મુક્તાનંદાદિ સાધુઓને જોઈને, તેમનું પોતાને વિષેનું મંતવ્ય જાણીને, તેમના ઉપર દયા ઉત્પન્ન થઈ હોવાથી ત્યાં રહ્યા. (૫૩)

સમગ્ર જનોના મન તથા શ્રવણેન્દ્રિયને પ્રિય, કલ્યાણકારી, શ્રવણ માત્રથી સકળ પાપ તથા ક્લેશને નાશ કરનારું શ્રીહરિચરણની સેવામાં અતિ પ્રીતિ આપનારું શ્રીહરિનું આ ચરિત્ર, જે મનુષ્ય પ્રીતિથી સાંભળશે તથા કહેશે તે જન હે અવનીપતે ! ચતુર્વર્ગને તથા વાંછિત સુખને પામશે જ. (૫૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિ લોજપુર પધાર્યા તેનું વર્ણન કરતો પંચાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૫)



અધ્યાય ૫૬ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી શ્રીહરિ સર્વજ્ઞ છતાંપણ મનુષ્ય નાટ્યથી જાણે ન જાણતા હોય ને શું ? એમ સાધુ સ્વભાવવાળા રામાનંદ સ્વામીના શિષ્ય સાધુઓમાં અગ્રેસર મુક્તાનંદને (૧) વિનયશીલ, ઉદ્ધવ સંપ્રદાયના સર્વ સાધુઓના પ્રાણપ્રિય, સમગ્ર સંપ્રદાયનો સિદ્ધાંત તથા તેનું માહાત્મ્ય જાણવાને ઈચ્છતા કહેવા લાગ્યા. (૨)

હે મુનિન્દ્ર ! હું સર્વ તીર્થક્ષેત્રાદિમાં ફરતો, ઘણાં મતવાદિ વિદ્વાનોને જેના ઉત્તર ન થઈ શકે તેવા પ્રશ્નો પૂછતો હતો. (૩)

તેમાં કોઈ પણ વિદ્વાન મારા પ્રશ્નોના ઉત્તર કરવા સમર્થ ન થયા. પરંતુ સત્પુરુષોને માનનીય તમો તો મારા પ્રશ્નોના પ્રત્યુત્તર કરવામાં સમર્થ જણાઓ છો. (૪) તેથી હું તત્ત્વવિદ્ મુનિઓ શ્રેષ્ઠ તમોને પ્રશ્નો પૂછું છું. કારણ કે હે સન્મતે ! તમો મારા પ્રશ્નોના ઉત્તર કરવા માટે યોગ્ય છો. (૫)

જીવ, ઈશ્વર, તથા માયા, બ્રહ્મ, પરબ્રહ્મ, તેનાં લક્ષણો તમો જુદાં જુદાં સ્પષ્ટ યથાર્થ પણે મને કહો. (૬) હે મુને ! હું તો જીવાદિ પાંચના સ્વરૂપો હસ્તામલકવત્ જોઉં છું. તેથી આ પ્રશ્નોના યથાર્થ ઉત્તર કરી સમાધાન કરો. (૭)

શ્રીહરિએ આવી રીતે સૂક્ષ્મ પ્રશ્નો મુક્તાનંદ મુનિને પૂછ્યા. મુક્તાનંદ મુનિએ પોતાના ગુરુ પાસેથી જેવા તેના ઉત્તર સાંભળ્યા હતા તેવા કહ્યા. (૮) પછી મુક્તાનંદ મુનિએ શ્રીહરિને પ્રીતિપૂર્વક કહ્યું, હે વર્ણિન્ ! જેવા મેં સાંભળ્યા તેવા મારી બુદ્ધિ અનુસારે તમારા પ્રશ્નોના ઉત્તર મેં તમોને કહ્યા. (૯)

હે મહામતે ! વિસ્તારે સહિત એ પ્રશ્નોનું વ્યાખ્યાન તો અમારા ગુરુ જાણે છે. તથા તેના સાક્ષાત્ રૂપ પણ દેખે છે. (૧૦) રામામંદ મુનિ જીવ, ઈશ્વર વગેરેના સ્વરૂપો બતાવે પણ છે. આવી રીતે ઉદ્ધવ સંપ્રદાયના સાધુમાં અગ્રેસર મુક્તાનંદ શ્રીહરિ પ્રત્યે કહીને મૌન રહ્યા. (૧૧)

પછી ગુણજ્ઞ શ્રીહરિ, મુક્તાનંદ મુનિને સરળ, મત્સરાદિથી રહિત જાણીને, પ્રસન્ન થયા અને તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૧૨) હે મુને ! તમો દંભ વર્જીત, સાધુશીલ છો તમોએ પ્રશ્નોના ઉત્તર કર્યા. તેવા બીજા કોઈએ કર્યા નથી. (૧૩) આવી રીતે શ્રીહરિનું વચન સાંભળ્યા પછી ગુણ સમુદ્ર, શાંત, નિર્બાધ અપાર જ્ઞાનવાળા, સર્વના ઐશ્વર્યને પરાભવ પમાડનારા, શ્રીહરિને મુક્તજાનંદ મુનિ હર્ષપૂર્વક કહેવા લાગ્યા. (૧૪)

હે વર્ણિરાજ ! આ લોકમાં મેં ઘણા તપસ્વીઓ જોયા છે. પરંતુ તમારા જેવા તો આ લોકમાં કોઈ દેશમાં સાંભળ્યા પણ નથી તેમ જોયા પણ નથી. (૧૫) હે વર્ણિન્ ! આવા પ્રશ્ન પૂછવા માટે, તેમ જ પ્રશ્નના સમાધાનનો નિર્ણય જાણવા માટે, તમારી બુદ્ધિ તો સર્વોપરિ જ છે. આ પ્રકારે મને ભાસે છે. (૧૬) હે વર્ણિન્ ! તમારા જેવું બીજામાં નહીં જણાતું સર્વજ્ઞપણું તથા યોગ કળામાં કૌશલપણું અમોએ બીજામાં જોયું નથી. (૧૭) દંભ રહિત સાધુ સ્વભાવવાળા જનોમાં પ્રીતિવાળા, સર્વ કરતાં અધિક તેજસ્વી મુક્તાનંદ મુનિ, શ્રીહરિને આ પ્રમાણે કહીને વિનયપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. (૧૮)

સાધુ લક્ષણ સંપન્ન તેમને જાણીને તેમણે પ્રાર્થના કરાયેલા શ્રીહરિ તેમના અનુગ્રહ માટે જ ત્યાં નિવાસ કરીને રહ્યા. (૧૯) બ્રહ્મવિદ્યાના દુષ્કર પ્રશ્નોમાં અને ઉત્તરમાં પણ સંસ્કૃત તથા પ્રાકૃત જે ગ્રંથો, તેમના સૂક્ષ્મ અભિપ્રાય જાણવામાં (૨૦) સમગ્ર શાસ્ત્રાર્થના જાણનારા તેથી જ સર્વના જયથી ગર્વવાળો કોઈ પણ પ્રતિવાદિ તેમજ સર્વ સાધુઓમાં કોઈપણ સાધુ શ્રીહરિને પરાજય નજ કરી શક્યા. (૨૧) શાસ્ત્ર વિષયમાં વિદ્વાનોએ પૂછેલા કૂટ પ્રશ્નો કે જેનો ઉત્તર ન થઈ શકે, તેવા પ્રશ્નો પૂછવા છતાં પણ, શ્રીહરિ વિસ્મય પમાડતા તેવા પ્રશ્નનો ઉત્તર તત્કાળ કરતા હતા. (૨૩) શ્રીહરિની વેદાંત શાસ્ત્રની અભિજ્ઞતા તથા યોગકળાના વિજ્ઞાનની વિશારદતાના પારને મુક્તાનંદાદિક સર્વે સાધુઓ પણ પામી શકતા ન હતા. (૨૪) સર્વ સાધુઓ, શ્રીહરિની વિચક્ષણ અતિમાનુષી બુદ્ધિ જોઈને, પોતાના અંતઃકરણમાં શ્રીહરિને જ સર્વોત્તમ જાણતા હતા. (૨૫) તે સંતો શ્રીહરિમાં સચ્છાસ્ત્રમાં કહેલા કલ્યાણકારી સદ્‌ગુણોને જોઈને, આશ્ચર્ય પામ્યા. (૨૬) મનીષી સંતો, શ્રીહરિના ગુણ, ઐશ્વર્ય, વિભૂતિ, વગેરેનો પાર ન પામ્યા, અને

કેવળ દાસ ભાવે મનુષ્યાકૃતિ ભગવાનની સેવા કરવા લાગ્યા. (૨૭)

લોજપુરમાં સંતના મંડળમાં વસતા ગૂઢ ઐશ્વર્યવાળા મનુષ્યભાવ ધારણ કરનાર, આત્મ તંત્ર, સજ્જનો છે, ઈષ્ટ જેમને એવા શ્રીહરિ, જેમ પોતાને વિષે તેમનો પ્રેમવૃદ્ધિ પામે, તે રીતે વર્તતા હતા. (૨૮) અતુલ પરાક્રમી શ્રીહરિ, કોઈ કોઈ સમયે લગાર લગાર પોતાનું ઐશ્વર્ય અને અનન્ય સાધ્ય સાધુપણું, તેમજ સર્વ દુષ્કર યોગકળાઓ સાધુઓને બતાવતા હતા. (૨૯) ધર્મના પુત્ર મુનીંદ્રોને વંદનીય હરિ, સાધુઓને વિવિધ પ્રકારની ધ્યાનની રીત શિખવાડતા હતા. તથા શાસ્ત્રોમાં કહેલા સાધુઓના સમગ્ર આશ્ચર્યકારી ધર્મો શીખવાડતા હતા. (૩૦) કેટલાક મુનિઓ એકાંતમાં પોતાના હૃદય કમળમાં શ્રીકૃષ્ણનું ચિંતવન કરતા, તે સમયે તેજોમય દિવ્ય શ્રીકૃષ્ણને ધર્મના પુત્ર શ્રીહરિરૂપે દેખતા. પછી આશ્ચર્યવાળું દિવ્યરૂપ જેને છે એવા શ્રીકૃષ્ણને તથા વર્ણિવેશ શ્રીહરિને જોતા. (૩૧) હે રાજન્ ! સર્વ શાસ્ત્ર પ્રસિદ્ધ પૂર્વના અવતારોને ક્યારેય પણ નહીં જોએલા તેમને, દયાળુ શ્રીહરિ કેટલાકને બતાવતા અને તેઓ તેથી આશ્ચર્ય પામીને તેમને જોતા હતા. (૩૨) આ પ્રકારે અનન્ય સિદ્ધ શ્રીહરિનું પરમૈશ્વર્ય જોઈને, સાધુઓ વર્ણિવેશ શ્રીહરિને ઈષ્ટદેવ જાણતા હતા. તો પણ શ્રીહરિના મનુષ્ય નાટ્યથી તે સંતો તે અલૌકિકતા વિસરી જતા. (૩૩) શ્રીકૃષ્ણનું ધ્યાન કરનાર કેટલાક મુનિઓ, શ્રીકૃષ્ણને વિષે બળપૂર્વક જોડેલું પોતાનું મન, તે શ્રીકૃષ્ણના સ્વરૂપથી જ્યારે બીજે જતું ત્યારે શ્રીહરિ, દૂર રહેવા છતાં પણ તે જાણીને સાધુઓને કહેતા. (હે મુનિઓ ! સુખના સ્થાનભૂત શ્રીકૃષ્ણ સ્વરૂપને છોડીને તમારું મન અનર્હ પદાર્થોનું કેમ ચિંતવન કરે છે ? જ્યાં ગયું હોય ત્યાંથી ખેંચીને શ્રીકૃષ્ણના સ્વરૂપમાં નિયોગ કરો.) (૩૪)

ધ્યાન સમયમાં બીજે જતાં મનને શ્રીહરિ જાણે છે. તેથી આશ્ચર્ય પામેલા સર્વે મુનિઓ શ્રીહરિના અત્યંત અતકર્ય સ્વરૂપનો નિશ્ચય કરવા માટે અસમર્થ બની. કેવળ પરમ આદરથી શ્રીહરિને સેવતા હતા. (૩૫) તપ, યોગ, મુખ્ય જેને છે એવી શ્રીહરિની જે ક્રિયા, તે ક્રિયા બીજાઓને દુઃસાધ્ય છે એમ મહામુનિઓને પણ શ્રીહરિની ક્રિયા અત્યંત આશ્ચર્ય કારી લાગતી. (૩૬)

શ્રીહરિ આ પ્રકારે આશ્ચર્ય ઉત્પન્ન કરનારી ક્રિયાઓથી, તથા પોતાના સિવાય બીજામાં નહીં જણાતા એવા સાધુ ગુણોથી, પોતાને વિશે પ્રીતિવાળા, સુશીલ સમગ્ર સાધુજનોને આનંદ આપતા ત્યાં (લોજપુરમાં) નિવાસ કરીને રહ્યા. (૩૭)

પછી શ્રીહરિ પોતાના ધર્મમાં દઢપણે વર્તનારા, જીતેન્દ્રિય, શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત મુક્તાનંદ વગેરે સાધુઓને જોઈને, અત્યંત પ્રસન્ન થયા. અને જાણે કાંઈ જાણતા ન હોય તેમ તેમના પ્રત્યે કહેવા લાગ્યા. (૩૮)

હે સંતો ! કલિયુગમાં પણ તમો બધા ભગવાનના પરમ એકાંતિક ભક્ત સ્વભાવવાળા છો. તેથી અતિ ધન્ય છો. હું આ સમગ્ર પૃથ્વીતળમાં વિચરતો હતો. શાસ્ત્રોમાં કહેલા સાધુના લક્ષણ હું તમારામાં જ જોઉં છું. (૩૯) તેથી હે મુનીંદ્રો ! તમારા ગુરુ સમર્થ છે. આ પ્રકારે મને નિશ્ચય જણાય છે. એવી રીતે શ્રીહરિએ મુક્તાનંદાદિ સંતોને કહ્યું, તેથી તે બધા હર્ષપૂર્વક પોતાના ગુરુની ઉત્પત્તિ તથા

ઐશ્વર્યાદિ વૃત્તાંત યથાર્થ કહેલા લાગ્યા. (૪૦) પોતાના ગુરુનો પ્રતાપ તથા તેમણે કરેલું સમગ્ર સંપ્રદાયનું પ્રવર્તન, તથા સંપાલનીય સર્વ નિયમો પણ તે સંતો હર્ષપૂર્વક શ્રીહરિને કહેવા લાગ્યા. (૪૧)

તે સાંભળીને અત્યંત પ્રસન્ન ગુણજ્ઞ શ્રીહરિએ ગુરુ તથા સંપ્રદાયની પ્રશંસા કરી, ફરીથી સાધુઓ પ્રત્યે બોલ્યા. (૪૨)

હે મુનિઓ ! મારા પિતા ધર્મદેવ પ્રયાગ તીર્થમાં રામાનંદ ગુરુ પાસે જ દીક્ષા ગ્રહણ કરીને આ શુભ અને શ્રેષ્ઠ સંપ્રદાયને આશર્યા હતા. (૪૩) મારા પિતા પાસેથી આ મેં બાલ્યાવસ્થામાં સાંભળેલું હતું. તે બધું કાળે કરીને વિસરી ગયો હતો. હે સંતો ! તમારા વચનથી જ તેની સ્મૃતિ મારા ચિત્તમાં થઈ. (૪૪) સમગ્ર સદ્‌ગુરુઓમાં અત્યંત શ્રેષ્ઠ, ઉદ્ધવના અવતારરૂપ શ્રી રામાનંદ સદ્‌ગુરુના દર્શન મને તત્કાળ હે મુનિઓ ! તમો કરાવો. (૪૫)

આવી રીતે પુરુષોત્તમ શ્રીહરિની મનોહર શુભ અને અમૃતથી અધિક માધુર્યવાળી, અતિ મોટા અર્થવાળી વાણી સાંભળીને, મુનિઓ પ્રસન્ન થઈને શ્રીહરિ પ્રત્યે બોલ્યા. (૪૬)

હે વર્ણિરાજ ! સ્વામી ! (ભગવાનની ઉપાસનાથી પ્રાપ્ત થયેલા ભગવાનના ગુણો તથા ઐશ્વર્યથી સ્વામી શબ્દ વાચ્ય છે. તે બૃહદ્ વિષ્ણપુરાણમાં કહ્યું છે. **एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा । अन्यस्तु तदुपास्त्याप्तगुणयोगात् तथोच्यते''**)રામાનંદ મુનિ હાલમાં ભુજંગપુરમાં રહે છે. અહીં તો ચૈત્ર માસમાં આવશે. ત્યારે તમોને તેમનાં દર્શન થશે જ. માટે અહીં સુખેથી નિવાસ કરીને રહો. (૪૭)

શ્રીહરિ આ પ્રકારે મુનિઓનું વચન સાંભળીને, સર્વ સાધુઓને નિષ્કપટી જોઈને, સમગ્ર સાધુઓને અત્યંત આનંદ પમાડતા અને તેમનાથી સેવા કરાયેલા લોજમાં નિવાસ કરીને રહ્યા. (૪૮) હે રાજન્! આવી રીતે લોજપુરમાં નિવાસ કરતા કરુણાસાગર પોતાના દિવ્યગુણોથી મુક્તાનંદાદિ સંતોને અત્યાશ્ચર્ય યુક્ત કરતા, હર્ષપૂર્વક છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહેલી સદ્‌બ્રહ્મનું પ્રતિપાદન કરનારી, સુંદર ઉદ્‌ગીથાદિ બ્રહ્મવિદ્યા મુનિઓને સારી રીતે શિખવાડતા. વ્યાપક અનુપમૈશ્વર્યવાળા, સર્વ નિયંતા ધર્મપુત્ર શ્રીહરિને ત્યાં રહેતા કેટલાક માસ વ્યતીત થઈ ગયા. (૪૯)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિચરિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિ પ્રદર્શિત ઐશ્વર્ય નિરૂપણ નામે છપ્પનમો અધ્યાય સંપૂર્ણ. (૫૬)



અધ્યાય ૫૭ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી રામાનંદ સ્વામીના આગમનની શ્રીહરિ પ્રતીક્ષા કરતા હતા. ચૈત્ર માસ વીત્યો તો પણ રામાનંદ સ્વામી લોજમાં ન આવ્યા. (૧) એટલે શ્રીહરિ રામાનંદ સ્વામી પાસે જવા માટે તૈયાર થયા. પછી હે રાજન્ ! મુક્તાનંદમુનિ, શ્રીહરિને આશ્વાસન આપવા લાગ્યા. (૨)

પછી બુદ્ધિમાન મુક્તાનંદે શ્રીસ્વામીને (અભિયુક્ત નામોચ્ચારણમાં શ્રી શબ્દનો પહેલાં પ્રયોગ કરવો એમ શિષ્ટો કહે છે.) શ્રીહરિના ગુણ, ઐશ્વર્ય, સ્વભાવ વગેરેનો નિર્દેશ કરતો ગર્ભિત પત્ર લખ્યો. (જે ગુણ, ઐશ્વર્ય પૂર્વ અધ્યાયમાં સુખાનંદ મુનિ પ્રત્યે સ્વયં શ્રીહરિએ કહ્યાં છે. પ્રશ્નોત્તરમાં બ્રહ્મવિદ્યાદિનું જ્ઞાતાપણું તથા ઐશ્વર્ય ક્યારેક ક્યારેક દેખાડ્યા હતા, તે સર્વ પહેલાનાં અધ્યાયથી જાણી લેવું.) (૩) હે વર્ણિન્ ! મેં સ્વામીને પત્ર લખ્યો છે. તમો પણ જો ઇચ્છા હોય તો લખો. આ પ્રમાણે મુક્તાનંદે શ્રીહરિને કહ્યું. (૪)

મુક્તાનંદ મુનિએ આવી રીતે શ્રીહરિને કહ્યું એટલે મનુષ્ય નાટ્યને અંગીકાર કરીને, જેમ પોતે વર્તતા હતા તેવી રીતે અચ્યુત શ્રીહરિએ રામાનંદમુનિને પોતાનું વૃત્તાંત જણાવવા માટે પત્ર લખ્યો. (૫) પછી શ્રીહરિએ બુદ્ધિશાળી મુક્તાનંદને તે પત્ર આપ્યો. પછી મુક્તાનંદ મુનિએ પોતાના પત્રને તથા શ્રીહરિના પત્રને ભેગો કરીને બીડી દીધો. (૬)

કાર્યના આવશ્યકપણાને જાણનારા, ઉતાવળી ગતિવાળા, મયારામ નામના વિપ્ર સાથે મુક્તાનંદમુનિએ તે બંને પત્રો મોકલ્યા. (૭) મયારામ બ્રાહ્મણ, સાતમે દિવસે ભુજનગર પહોંચ્યા. અને સદ્‌ગુરુ રામાનંદમુનિને નમસ્કાર કરીને તેમણે હર્ષથી બંને પત્રો આપ્યા. (૮)

પછી સદ્‌ગુરુ રામાનંદ પોતાના હાથમાં આવેલો, મુક્તાનંદે લખેલો પત્ર પહેલા વાંચવા લાગ્યા. (૯) સદ્‌ગુરુ સ્વામી રામાનંદ મુનિ પત્રમાં લખેલું સમગ્ર વૃત્તાંત જાણીને, હે ભૂપતે ! શ્રીહરિએ લખેલો પત્ર વાંચવા લાગ્યા. (૧૦) તેજ વખતે સત્પુરુષોના ગુરુ રામાનંદ મુનિને તત્કાળ સમાધિ થઈ. (૧૧)

રામાનંદમુનિ તથા સર્વે ભક્તો સમાધિમાં પ્રથમ તો મહાસુખમય દિવ્ય, શોક, મોહ અને ભયથી રહિત ગોલોકધામ જોવા લાગ્યા. (૧૨) નાનાવિધે રત્નોથી નિર્મિત રમણીય કિલ્લાઓ તથા દરવાજાઓ તથા સુવર્ણમય ઊંચા મહેલોથી વિરાજમાન. (૧૩) નાના પ્રકારના મણિઓના શોભાયમાન તોરણો, તથા સ્ફુરાયમાન મણિમય સુવર્ણના અનેક રાસમંડળોથી અતિ સુશોભિત. (૧૪)

ચળકાયમાન મણિગણો જેમાં છે એવા શોભાયમાન પગથીયાના સ્થળની શોભાવાળી સ્વચ્છ અને અતિ મધુર જળવાળી, વિરજા નદીથી શોભતું. (૧૫) સુવર્ણ અને રત્નોના ચળકતા તેજથી શોભાયમાન શિખરો જેના છે, એવા શતશૃંગ નામના ઊંચા પર્વતથી શોભાયમાન (૧૬)

નાના પ્રકારના ભૂષણોથી ભૂષિત, ગોપગોપીઓના ગણોથી સેવાયેલું, શ્રીદામાદિ દિવ્ય ઉત્તમ પાર્ષદોથી આશ્રિત. (૧૭) પછી રામાનંદાદિ એવા ગોલોકના મધ્ય ભાગમાં સર્વોત્તમ અપ્રાકૃત અદ્‌ભુત ઐશ્વર્યવાળું, શુભ અક્ષર ધામ, વિસ્મય પામતા જોવા લાગ્યા. (૧૮) એકી વખતે ઉદય પામેલા અસંખ્ય સૂર્ય ચંદ્રથી અધિક કાંતિ જેની છે એવું, અમૃત, પરમવ્યોમ, શાશ્વત પરમં, પદ (અમૃતાદિ નામોથી શ્રુતિમાં સારી રીતે વર્ણન કરેલું છે તે) (૧૯) અનંત (અંત રહિત) અજર (ક્યારેય પણ જીર્ણ થતું નથી.) શુભ્ર (ચંદ્રની કાંતિ સમાન ક્રાંતિવાળું) કાળ, માયાના ભયથી રહિત, શાશ્વત આનંદના સમુદ્રના એક આધારભૂત, રમણીયતાના સ્થાનભૂત હિરણ્યમય (ઘણાં પ્રકાશવાળું) (૨૦) શાંત અને દિવ્ય

મહાતેજવાળું, અત્યંત અદ્‌ભુત દર્શનવાળું, આદિ અંતથી રહિત સમાનપણું તથા અતિશયપણું તેનાથી રહિત. (૨૧)

અક્ષર નામના દિવ્ય વિગ્રહવાળા અનેક મુક્તોએ આશરેલું, અનંત, અનુપમ, દિવ્ય, ભોક્તા તથા ભોગ્યાદિથી યુક્ત, (૨૨) અનંત, અજર આદિ અનેક પ્રકારના અનન્યગામિ ગુણોથી સેવાયેલું, કોટિ કલ્પે પણ કોઈથી વર્ણન ન કરી શકાય તેવું, (૨૩) તેના મધ્ય ભાગમાં દિવ્ય મણિઓથી જડિત સ્તંભોથી ઘણા પ્રકાશવાળું, સંપૂર્ણ અને મણિઓના સમુદાયવાળું, મોતીઓની માળાઓથી વિવિધ પ્રકારના ઉલ્લોચવાળું (૨૪) તેવા મંદિરમાં દિવ્ય રજાઈઓ વગેરેથી યુક્ત સિંહાસનમાં સુખપૂર્વક બેઠેલા પુરુષોત્તમ શ્રીહરિને રામાનંદાદિ સર્વ જોતા હતા. (૨૫)

પ્રફુલ્લિત શ્યામ કમળોની પંક્તિની માફક કોમળ વિગ્રહવાળા, પ્રફુલ્લિત લાલ કમળોના જેવા શોભતા હાથ તથા પગના તળીયાની શોભાવાળા. (૨૬) પોતાના ભક્તો તરફ કરુણામય દૃષ્ટિથી જોતા, તે કરુણાના પૂરથી ભિનાશવાલા જે બંને નેત્રોની જે ઘણી અલૌકિક શોભા, તેથી પ્રફુલ્લિત કમળોનો પણ તિરસ્કાર કરનાર, તિલ પુષ્પ તથા દીપની કળી સમાન નાસિકા તથા કોટિ કામદેવની શોભાને લજ્જા પમાડનાર બંને ભ્રકુટિ જેને છે, એવા, અતિ શોભાયમાન બંને કપોલો તથા બંને શ્રવણ (શ્રોત્ર) જેને છે, એવા. (૨૭)

મોગરાની કળીઓના સમાન, ચળકતા અને સરખી પંક્તિવાળા (ચોસઠ) દાંતોમાં પ્રકૃષ્ટ કાંતિ જેને છે એવા, મંદ હાસ્યથી ચળકતા દાંતોની કાંતિથી પ્રકાશિત, પ્રવાળના સમાન બંને ઓષ્ઠ જેમનાં છે એવા (૨૮) મંદ હાસ્યયુક્ત જે પોતાનું મુખકમળ તેની અતિશય શોભાથી શરદ પૂર્ણિમાના ચંદ્રને તિરસ્કાર કરનારા, વાંકા અને સુંવાળા શ્યામ કેશો જેને છે એવા (૨૯) તરુણ સૂર્યનારાયણની માફક પ્રકાશમાન ચલાયમાન કુંડળોથી શોભાયમાન, ઉગતા સૂર્યની માફક અત્યંત શોભાયમાન કૌસ્તુભ મણિથી સુષોભિત. (૩૦)

મોતીઓ તથા લીલા, પીળા, લાલ, શ્યામ, ધોળા આદિ ભેદવાળા મણિઓથી જડેલા સોનાના કંઠના અલંકારોથી અત્યંત શોભાયમાન, તથા મોતીઓ તથા મણિઓ જડેલા સુવર્ણમય દિવ્ય હારોથી શોભાયમાન, તેથી જ મનોહર (૩૧) અતિ સુંદર બાજુબંધ તથા કડાં તથા વેઢથી ભૂષિત, કરોડો બાળ સૂર્ય સમાન વિવિધ ભૂષણોથી યુક્ત (૩૨) વિસ્તારવાળું અને વિલસીત જે વક્ષસ્થળમાં જે વનમાળા તેનાથી વિરાજીત, ઊંડી નાભિથી શોભતા ઉદરમાં સુંદર ત્રણ રેખા જેમને છે એવા. (૩૩) શરદઋતુના પૂર્ણ ચંદ્રની માફક શોભતી નખપંક્તિથી પ્રકાશિત છે ચરણકમળ જેમનાં એવા, પ્રસરતો દિવ્ય સુગંધ જેને છે એવું ચંદન તેનાથી ચર્ચિત શરીર જેમનું એવા (૩૪) અમૂલ્ય દિવ્ય વસ્ત્રોવાળાં, કરુણાર્દ્ર નેત્રવાળા, પોતાના અંગના લાવણ્યથી કરોડો કામદેવના સૌંદર્યને તિરસ્કાર કરનારા. (૩૫)

આવી રીતે શાંતિ આપનારા પુરુષોત્તમ શ્રીહરિને જોઈને સર્વે શ્રીહરિને વિષે આસક્ત મનવાળા તે સર્વ, પરમાનંદ પામ્યા. (૩૬) સર્વજનોએ, લાવણ્યરૂપી અમૃતના સાગર શ્રીહરિની સન્મુખ, રામકૃષ્ણાદિક

અવતારોને હાથ જોડીને ઊભેલા દીઠા. (૩૭) શ્રીહરિની પાસે તે સર્વ શાંત મૂર્તિ હાથ જોડ્યા છે, જેમણે એવા, શ્રીહરિના દર્શન કરતા, પોતાના ગુરુ રામાનંદ સ્વામીને પણ જોતાં હતા. (૩૮) પછી વિસ્મય પામેલા તે સર્વ અવતારો તથા પોતાના ગુરુ રામાનંદ સ્વામીને પણ શ્રીહરિના સ્વરૂપમાં લીન થયેલા જોયા. (૩૯)

શ્રીહરિના અતિસુંદર દિવ્ય સ્વરૂપના દર્શનરૂપી સુખ સમુદ્રમાં નિમગ્ન થયેલા રામાનંદમુનિ વગેરે, પત્રદ્વારા આ પ્રકારનું ઐશ્વર્ય બતાવનાર શ્રીહરિના સંકલ્પથી, સર્વે એકી સાથે સમાધિમાંથી જાગ્રત થયા. (૪૦) પછી બધા સભામાં બેઠેલા પોતાના ગુરુ શ્રીરામાનંદમુનિને તથા સભાને પણ પૂર્વે જેમ જોયા હતા તેવા જોતા હતા. (૪૧) સમાધિમાં જોએલા આશ્ચર્યથી પ્રાપ્ત થયો છે. આનંદ સમુદાય જેમને એવા, સર્વે અત્યંત વિસ્મય પામીને પરસ્પર એકબીજાને જોવા લાગ્યા. (૪૨)

પછી સમાધિમાં કહ્યા પ્રમાણે જેમણે આશ્ચર્ય જોયું છે તે સર્વજનોને આ પ્રમાણે કહ્યું. હે ભક્તો! પ્રફુલ્લિત નેત્રોવાળા, તમો આશ્ચર્ય યુક્ત પરસ્પર શું જુઓ છો ? (૪૩) સર્વ ભક્તો ગુરુનું આવું વચન સાંભળીને, પ્રસન્નમનવાળા થઈ, સમાધિમાં જોએલું આશ્ચર્ય હર્ષપૂર્વક ગુરુને કહેવા લાગ્યા. (૪૪) હે સદ્‌ગુરો ! અમોએ સમાધિમાં પ્રથમ તમારા હાથમાં રહેલા પત્રના દર્શન કર્યા. અને તેમાં લખેલા શબ્દો અમે સાક્ષાત્ સાંભળ્યા. તે સમકાલમાં ઉત્પન્ન થયેલા ધ્યાનમાં, અમોએ પહેલાં ગોલોક ધામ જોયું. તે કેવું છે તો દિવ્ય, અનેક સમૃદ્ધિઓથી યુક્ત, બીજા દિવ્ય આશ્ચર્યોવાળી શોભાથી યુક્ત. (૪૫)

ગોલોકધામમાં અક્ષરધામ જોયું. તેમાં હે ગુરો ! કરોડો કામદેવને મોહ પમાડનાર, શ્રી પુરુષોત્તમ ભગવાનને અમોએ જોયા. (૪૬) તથા અક્ષરધામમાં રામકૃષ્ણાદિ અવતારો તથા તે ધામના પાર્ષદો તથા તમો, એ સર્વે અમોએ દીઠા, સકળધામોમાં ઉત્તમ ઐશ્વર્ય પણ દીઠું. (૪૭) શ્રીપુરુષોત્તમમાં તમારા સહિત સર્વ અવતારોનું લીનપણું, સૂર્યના તેજમાં તારાઓ જેમ લીન થાય તેમ, અમોએ જોયું. (૪૮)

હે ગુરો ! આ પહેલાં નહીં જોએલું મહાશ્ચર્ય જોયું. એ શું છે ! (યથાર્થ એનું સ્વરૂપ શું છે?) એમાં અમોને ઘણાં પ્રકારે સંશય થાય છે. (૪૯) પોતાને વિષે અતિ પ્રીતિવાળા, સંશય ચિત્તવાળા, સમગ્ર પોતાના ભક્તોએ આ પ્રકારે કહેલા વચનને સાંભળીને, સાધુઓએ પ્રાર્થના કરેલા શ્રી રામાનંદમુનિ, ભક્તોને આનંદ પમાડતા કહેવા લાગ્યા. (૫૦)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ શ્રીભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી રામાનંદ સ્વામી તથા તેમના ભક્તોએ શ્રીહરિનું ઐશ્વર્ય જોયું એ નિરૂપણ નામે સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૭)



અધ્યયા ૫૮ મો

શ્રી રામાનંદ સ્વામી કહે છે :- તમારું કલ્યાણ કરનારું હિતનું વચન તમોને હું કહું છું. તમો સર્વે મારા આશ્રિતો સ્થિર મનવાળા થઈને મારું વચન સાંભળો. (૧) સર્વ કારણના પણ કારણ

અને સર્વ થકી પર જે અક્ષર તેથી પણ પર જે પ્રત્યક્ષ પુરુષોત્તમ અવતારી છે. (૨) તેજ અસંખ્ય જનોના આત્યંતિક શ્રેય કરવા માટે અને અધર્મનો નાશ કરવા માટે, તેમજ ધર્મનું સ્થાપન કરવા માટે, પૃથ્વી ઉપર વિચરણ કરતા. (૩)

બ્રહ્મચારી સ્વરૂપે તપોનિધિ, લોજ નગરમાં પધાર્યા છે. ત્યાં મુક્તાનંદ વગેરે સંતોએ પ્રાર્થના કરીને હર્ષથી તેમને રાખ્યા છે. (૪) હે ભક્તો ! મેં ઈષ્ટદેવ તરીકે ઉપાસના કરેલ જે શ્રીકૃષ્ણ જેનું હું ધ્યાન કરું છું, તેમનાથી પણ આ પર છે. (તેના પણ કારણ છે) આ કળિયુગના બળથી વૃદ્ધિ પામેલ એમનાથી પર કોઈ નથી. (૫) અસુરાંશ ગુરુઓના સમૂહો અને તેવા જ તેમના શિષ્યોથી વ્યાપ્ત પૃથ્વીમાં, હે જનો ! (૬)

મેં મહાપ્રયત્નથી, આ સંપ્રદાયનું અલ્પમાત્ર પ્રવર્તન કર્યું છે. તે તો જેમ શુભ કાર્યમાં ગણેશનું સ્થાપન કર્યું હોય, તેમ કર્યું છે. (૭) આ વર્ણિ તો પોતાના પ્રતાપથી આ શુભ સંપ્રદાયને આ પૃથ્વી ઉપર સમુદ્ર પર્યંત પ્રવર્તાવશે. એવા એ સમર્થ છે. (૮) આ વર્ણિ મારા સર્વ સંકલ્પો નિશ્ચય પૂરા કરશે. મારાથી પણ જે કાર્ય અસાધ્ય છે, તે તેઓ સમગ્ર રીતે સંપૂર્ણ કરશે. (૯) પોતાના આશ્રિત ભક્ત સમૂહને સાધન વિના જ સમાધિ કરાવીને, પોતાનો સર્વોપરી ભાવ તથા ઐશ્વર્ય દયાથી જણાવશે. (૧૦)

હે ભક્તો ! આ સભાથી હજાર ગણી વધારે અતિ શોભાયમાન, પાવનકારી સભા એમની આગળ થશે. (૧૧) આ લોકમાં જે દૈત્યાંશ ગુરુઓ તથા રાજાઓ છે, તેમજ તેમના શિષ્યો અને તેવા જ બીજા ઘણા મતવાદિઓ જે છે (૧૨) તે સર્વે આ વર્ણિના પ્રતાપમાં, સૂર્યના તેજમાં જેમ સમગ્ર ખદ્યોતની કાંતિ લીન થાય છે તેમ, સર્વથા લીન થશે. (૧૩)

હજારો સાધુ, પાર્ષદ ઘોડેસ્વારોની સાથે, જ્યારે આ વર્ણિ પૃથ્વી ઉપર આ સંપ્રદાય પ્રવર્તાવવા વિચરણ કરશે. (૧૪) ત્યારે આ વર્ણિના ઘોડાની ખરીથી ખોદાયેલી અને પવને ઉડાડેલી રજકણોથી, સર્વ મતવાદિઓના સમૂહનું બળ ક્ષીણ થશે. (૧૫)

આ વર્ણિના મહાપ્રભાવથી કામ, ક્રોધ મુખ્ય છે જેમાં અને લોભ, સ્નેહ, માન, મત્સરાદિ રૂપી વ્યાઘ્રોએ વિદારણ કર્યાં છે. શરીરો જેમનાં એવા, સર્વ મતવાદિ સમૂહોનું પુરુષાતન નષ્ટ થઈ જશે. (૧૬) ભયથી અને કોઈ ન જોઈ શકે તેવી, ચોરોએ આશ્રય કરવા યોગ્ય ગુફાઓમાં, જેમ સૂર્યનારાયણ ઉદય પામે ત્યારે સર્વ ઘુવડો સંતાઈને રહે તેમ, રહેશે. (૧૭) ત્યારે પૃથ્વીમાં આ વર્ણિએ પ્રવર્તાવેલો સર્વ સંપ્રદાયોમાં શિરોમણી આ શુદ્ધ ઉદ્ધવ સંપ્રદાયનો (૧૮)

આલોકમાં અસંખ્ય જનો, સંસૃતિના બંધનની મુક્તિ માટે, આશ્રય કરશે. તે ઈશ્વરને જીતવા માટે કોઈ પણ સમર્થ નહીં થાય. (૧૯) આ વર્ણિ નાના પ્રકારના મતોને આશ્રેલા હજારો મનુષ્યોને પોતાના પ્રતાપથી દુર્લભ સમાધિ, પોતાના દર્શન માત્રથી જ, કરાવીને (૨૦) પોત પોતાના ઈષ્ટ દેવતાનાં દર્શન સમાધિમાં કરાવશે. ત્યારે તે સર્વ પોતપોતાના મતનો ત્યાગ કરીને, તેમનો જ આશ્રય કરીને, આ વર્ણિને જ નિશ્ચય ભજશે. (૨૧)

(નનુ - સમાધિ તો તમો પણ કરાવો છો. તો તમારાથી શું વધારે ?) હે ભક્તો ! હું તો કેવળ મારા આશ્રિતોને, તેમાં પણ થોડાઓને, અને તેમાં પણ અધિકારીને જ અને તે પણ વળી ઘણા કાળે, સમાધિ કરાવું છું. આ વર્ણિ તો આશ્રિત તથા અનાશ્રિત, અધિકારી તથા અનાધિકારી, એવા અસંખ્ય જીવોને તત્કાળ સમાધિ કરાવશે. (૨૨) ત્યારે આ વર્ણિ, વર્ષા ઋતુમાં જેમ મેઘ સર્વ ઠેકાણે વર્ષે છે તેમ, પાત્ર અપાત્રનો વિચાર કર્યા વિના, સમાધિ કરાવશે. (૨૩) અચ્યુત આ વર્ણિ, તમો સર્વને મારા જાણીને, દયાવડે સમાધિમાં પોતાનું સર્વોત્તમ ઐશ્વર્ય બતાવશે. (૨૪) તે સમયે તમો એમની આગળ મારું સામર્થ્ય, સૂર્યની આગળ ચંદ્રમા સહિત તારાઓનું તેજ જેમ હોય, તેમ માનશો. (૨૫)

આ વર્ણિમાં આ પ્રમાણે ઘણું ઐશ્વર્ય તથા સદ્‌ગુણો છે. તેમનો અંત હું તથા બીજા કોઈ પણ પામી શકીએ નહીં. (ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ કાલત્રયમાં એમના ગુણ ઐશ્વર્યાદિનો પાર કોઈ પણ પામી શકે નહીં, એવા એ છે) (૨૬)

એમના લખેલા પત્રના દર્શન માત્રથી જ, મેં તથા તમોએ એમની ઈચ્છાથી, અદ્‌ભુત ઐશ્વર્ય નિશ્ચય જોયું. (૨૭) તેથી અધીશ્વર, સર્વજ્ઞ, એમને સર્વાવતારોના કારણ પુરુષોત્તમ સર્વોપરી જ જાણો. (૨૮)

એમ કહીને મહા પ્રાજ્ઞ શ્રી રામાનંદ સદ્‌ગુરુ, વર્ણિના સદ્‌ગુણાદિની પ્રશંસા બહુ પ્રકારે કરવા લાગ્યા. (૨૯) સભામાં બેઠેલા અને તેમની વાર્તામાં આસક્ત મનવાળા સુંદરજીત આદિ ભક્તો શ્રી રામાનંદ સ્વામીએ કરેલી વર્ણિના ગુણની પ્રશંસા સાંભળીને પરમ વિસ્મય પામ્યા. (૩૦)

ઉદાર બુદ્ધિવાળા સદ્‌ગુરુ રામાનંદ મુનિ, આ પ્રમાણે સભામાં બેઠેલા ભક્તોને વિસ્મય પમાડે તેવી વાતો કરે છે તેટલામાં (૩૧) લાલજી નામના શ્રી રામાનંદ મુનિના શિષ્ય શેખપાટ ગામથી રામાનંદ સ્વામીના દર્શન કરવાની ઈચ્છાથી, ભુજ નગરમાં શ્રીરામાનંદ સ્વામી પાસે આવ્યા. (૩૨) ભુજ નગરમાં સુંદરજી ભક્તના ઘરમાં, પોતાના આશ્રિતોની સભામાં, શ્રી રામાનંદ મુનિને જોઈને, દ્રવ્યના ઢગલાને જોઈને જેમ દરિદ્ર રાજી થાય તેમ, તે પ્રસન્ન થયા. (૩૩) પછી કરુણાનિધિ, શ્રી રામાનંદ મુનિ દયાદ્ર દૃષ્ટિથી તે ભક્તને જોઈને, હે ભક્ત ! કયા સ્થાનથી આવ્યા ? આ પ્રકારે પોતાના દર્શનમાં ઉત્કંઠાવાળા, લાલજી ભક્તને પૂછતા હતા. (૩૪)

રામાનંદ મુનિના સુધાસમ શબ્દોના પાનથી જેમનું મન હર્ષિત થયું છે તે લાલજી ભક્ત હાથ જોડીને ભક્તવત્સલ શ્રીરામાનંદ મુનિ પ્રત્યે પ્રીતિપૂર્વક બોલ્યા. (૩૫)

'હે ગુરો હું તમારી પાસે તમારાં દર્શન કરવા માટે મારા ગામથી આવ્યો છું,' આવું વચન સાંભળીને રામાનંદ મુનિ લાલજી ભક્તને કહેવા લાગ્યા. (૩૬)

હે ભક્તવર્ય ! હાલમાં લોજનગરમાં, મહાપુરુષોએ સંપ્રાર્થના કરવા યોગ્ય શ્રેષ્ઠ ગુણોવાળા, અદ્‌ભુત, સત્ તપોનિધિ (તપના આશ્રયથી સનાતન સત્ય સ્વરૂપ બ્રહ્મ-પરબ્રહ્મનું જ્ઞાન થાય છે. એ 'સત્' શબ્દનો ભાવાર્થ છે) આવ્યા છે. (૩૭) (હંમેશા દાનક્ષેત્રોમાં એવા ઘણા તપસ્વિઓ આવે છે તેનાથી શું ?) સુકૃતને ઉત્પન્ન કરનાર છે દર્શન જેમનાં એવા, મહાપ્રતાપશાળી તપસ્વીનાં દર્શન કરવા

માટે તમો લોજનગરમાં કેમ ન ગયા ? અહીં કેમ આવ્યા ? (આવા તપસ્વિનાં દર્શનનો ત્યાગ કરીને શ્રેયસ્કામવાળાઓએ બીજે ન જવું ન જોઈએ.) (૩૮)

(પુરુષાર્થ સિદ્ધ કરનારા તમારા દર્શનનો ત્યાગ કરીને ત્યાં તેમના દર્શનથી અમોને અધિક લાભ કયો છે) મારા તેમજ સમગ્ર દેવાદિના દર્શનથી અતિરિક્ત ફળ આપનારા, વર્ણિરાજનાં દર્શન તો દુર્લભ છે. તે તો દેવેન્દ્રોએ તથા મારે પણ અત્યંત પ્રાર્થનીય છે. (૩૯)

લાલજી ભક્ત શ્રીરામાનંદ સ્વામિનું આવું વચન સાંભળીને, વિસ્મિત મનવાળા થયા. વર્ણિના સ્વરૂપને જાણવાની ઈચ્છાથી શ્રીરામાનંદમુનિને પૂછવા લાગ્યા. (૪૦)

હે સ્વામિન્ ! જગદ્ગુરુ તમો આ પ્રકારે જેને અત્યંત વખાણો છો તે વર્ણિ મુક્તાનંદાદિક સંતો જેવા છે કે શું ? (૪૧)

હે ભક્ત પ્રવર ! વર્ણિની આગળ તો કોઈ કંઈ નહિ. સ્વભાવ, ઐશ્વર્ય, ગુણો વગેરેથી વર્ણિ તો અનુપમ જ છે. (૪૨)

લાલજી ભક્ત આ પ્રમાણે શ્રીરામાનંદ સ્વામીનું વચન સાંભળીને, હર્ષે સહિત ફરીથી શ્રીરામાનંદ સ્વામીને પૂછવા લાગ્યા. હે સ્વામિન્ ! આ વર્ણિ ગુણોના સ્થાનભૂત તમારા તુલ્ય છે કે શું ? (૪૩)

પછી વર્ણિને યથાર્થ જાણનારા સદ્ગુરુ શ્રી રામાનંદમુનિ, સાધુજનોના એક નાથ, અનુપમ એવા તે વર્ણિ આગળ હું પણ સૂર્યની આગળ ખદ્યોતની માફક છું. આ પ્રકારે લાલજી ભક્તને કહેતા હતા. (૪૪) પછી લાલજી ભક્ત ફરીથી સદ્ગુરૂને પૂછવા લાગ્યા. હે સ્વામિન્ ! વર્ણિ કપિલમુનિના સમાન છે કે શું ? અથવા દત્તાત્રેય ભગવાનની તુલ્ય છે કે શું ? કે ઋષભદેવ સમાન છે કે શું ? (૪૫) હે મહામુને ! તે વર્ણિ રામચંદ્રની તુલ્ય છે કે શું ? આવી રીતે લાલજી ભક્તનું વચન સાંભળ્યા પછી, રામાનંદમુનિએ તે ભક્તને કહ્યું કે ‘વર્ણિતો કપિલ, દત્તાત્રેય, ઋષભદેવ, રામચંદ્ર વગેરેથી પણ અતિશય શ્રેષ્ઠ છે. (૪૬)

પછી આશ્ચર્યયુક્ત મનવાળા લાલજીભક્ત શ્રીરામાનંદ સદ્ગુરુને ફરીથી પૂછતા હતા. હે ગુરો! વર્ણિ અમારા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ સમાન છે કે શું ? (૪૭)

પછી રામાનંદમુનિ, બોલ્યા, ‘હે ભક્ત ! મારાથી જેમ શ્રીકૃષ્ણ અધિક છે, તેમ ઈશ્વર એવા શ્રી કૃષ્ણથી આ વર્ણિ અતિ અધિક છે.’ એમ તે ભક્તને કહેતા હતા. (૪૮) હે ભક્ત ! આ વર્ણિ સર્વ અવતારોના કારણ, પરાત્પર, અપ્રાકૃત ગુણ ઐશ્વર્યવાળા પુરુષોત્તમ છે. (૪૯) અક્ષરબ્રહ્માત્મ ભાવને પામેલા અક્ષર સંજ્ઞાવાળા મુક્તોએ પણ ઉપાસના કરવા યોગ્ય; સર્વ કારણોના કારણ, સર્વ અવતારોના આત્મા, સનાતન (૫૦) ક્ષર અને અક્ષરના નિયંતા તથાપિ નિરંજન, પરમાત્મા, નિરસ્તસામ્ય, ઈશ્વરોના ઈશ્વર, આ વર્ણિ છે. આ પ્રકારે નિશ્ચય તમો જાણો. (૫૧)

લાલજી ભક્ત શ્રી રામાનંદ સ્વામીનું આવું વચન સાંભળીને પ્રસન્ન થઈને, વર્ણિ સર્વાવતારોના

એક કારણ છે, એ પ્રકારે નિશ્ચય કર્યો. (૫૨)

પછી લોજનગર જવા માટે તૈયાર થયેલા શ્રીરામાનંદમુનિને તેમના આશ્રિતોએ પ્રાર્થના કરી થોડા દિવસો સુધી ભુજનગરમાં નિવાસ કરાવ્યો. (૫૩) પછી રામાનંદગુરુ મુક્તાનંદ તથા વર્ણિવેશ શ્રીહરિકૃષ્ણને શાંતિ કરવા માટે (જે પ્રકારે વર્ણિ ત્યાં રહે તેવું સાંતવન આપવા માટે) શ્રીહરિ તથા મુક્તાનંદના પત્રોનો પ્રત્યુત્તર લઈને મયારામ ભટ્ટ, જે પત્ર લાવ્યા હતા તેમની સાથે જ પ્રત્યુત્તરનો પત્ર મોકલ્યો. (૫૪)

હે રાજન્ ! મયારામ બ્રાહ્મણ સાતમે દિવસે લોજપુરમાં જઈને રામાનંદ સ્વામીના આશ્રમમાં મુક્તાનંદ સ્વામીને તે પત્ર સભામાં આપ્યો. (૫૫)

મુક્તાનંદમુનિએ તે પત્ર સાધુઓને અને શ્રીહરિને વંચાવીને કહ્યું, હે સંતો ! સદ્‌ગુરુ રામાનંદ મુનિ થોડા વખતમાં પીપલાણા ગામમાં આવશે. (૫૬) રામાનંદ સદ્‌ગુરુ ત્યાં આપણને બોલાવશે. એવો પ્રત્યુત્તર ત્યાંથી આવેલાં પત્રમાં છે. તે સાંભળીને શ્રીહરિ તથા સર્વે સાધુઓ આનંદ પામ્યા. (૫૭) પછી રામાનંદ સદ્‌ગુરુની પીપલાણા ગામમાં આવવાની પ્રતિક્ષા કરતા મુક્તાનંદાદિ સર્વે, શ્રીરામાનંદ સદ્‌ગુરુના દર્શનની અભિલાષાવાળા થઈને રહ્યા. (૫૮)

રામાનંદમુનિ ભુજનગરમાં કેટલાક દિવસો રહ્યા. પરંતુ શ્રીહરિએ તેમનું મન પોતાના પ્રત્યે ખેંચી લીધું તેથી પીપલાણા ગામમાં આવ્યા. (૫૯) રામાનંદ મુનિએ પીપલાણા ગામથી તત્કાળ કુમારજી બ્રાહ્મણને સર્વ સાધુઓને બોલાવવા માટે લોજનગર મોકલ્યા. (૬૦)

કુમારજી બ્રાહ્મણે ત્યાં જઈને સાધુઓને કહ્યું, હે સંતો ! તમોને સ્વામીએ તુરત જ બોલાવ્યા છે. આવું વચન સાંભળીને મુક્તાનંદાદિ સંતો હર્ષપૂર્વક જવા માટે તત્કાળ તૈયાર થયા. (૬૧) સર્વ સાધુઓ પણ નીલકંઠની સાથે એક જ દિવસમાં ઓજસ્વતી નામની શુભનદીના સામેકાંઠી આવેલા પીપલાણા ગામમાં પહોંચ્યા. (૬૨)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીરામાનંદ સ્વામીએ વર્ણન કરેલ શ્રીહરિનું ઐશ્વર્ય નિરૂપણ નામે અટ્ઠાવનમો અધ્યાય સંપૂર્ણ. (૫૮)



અધ્યાય ૫૯ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- લોજપુરથી આવેલા સર્વે પીપલાણા ગામમાં નરસિંહ નામના વિપ્રને ઘેર પોતાના આશ્રિતોની મોટી સભામાં સિંહાસનમાં બેઠેલા, પોતાના ભક્તોએ પૂજેલા, રામાનંદમુનિના દર્શન કરવા લાગ્યા. (૧) ચંદ્રવત્ આહલાદકારી મુખવાળા પુષ્ટ અને સુંદર ગૌરવર્ણ યુક્ત શરીરવાળા, આજાન બહુ, મંદ હાસ્યવાળા, પોતાના સમગ્ર જનોને આનંદ પમાડતા, દર્યાદ્ર નેત્રવાળા, શ્રીરામાનંદમુનિને મુક્તાનંદાદિ સાધુઓ સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. (૨)

મનુષ્ય નાટ્ય ધારણ કરતા શ્રીહરિ જ્યાં રામાનંદ મુનિને સાષ્ટાંગ નમસ્કાર કરવા માટે તત્પર થયા, તેટલામાં તત્કાળ શ્રી રામાનંદ સ્વામી શ્રીહરિને બંને હસ્તોથી ઉંચકી લઈને સાદરપૂર્વક ભેટ્યા. (૩) બંને દિવ્ય પુરુષો પરસ્પર મળ્યા. તે સમયે રોમાંચિત થયેલા બંને જણને અતિ હર્ષથી નેત્રોમાં આંસુ આવી ગયાં. પછી મુનિઓના પતિ શ્રી રામાનંદ સ્વામી અને શ્રીહરિ બંને અલૌકિક આનંદ પામ્યા. (૪)

પછી શ્રી રામાનંદ સ્વામીએ શ્રીહરિનો હાથ પકડીને, તેમને આદરપૂર્વક પોતાને પડખે બેસાડ્યા. પછી બંને બે ઘડી સુધી નિર્નિમેષ દષ્ટિથી એક બીજાને જોવા લાગ્યા. (૫) તે સમયે ભક્તોના નેત્રોને મહા આનંદ કરનારા રામાનંદ સ્વામી તથા શ્રીહરિ બંને જણ પરસ્પર મળીને રાત્રિના પતિ ચંદ્રમા તથા દિવસના પતિ સૂર્ય જેમ શોભે તેમ અત્યંત દર્શન કરવા યોગ્ય ગંગા તથા યમુનાના પ્રવાહની શોભાની જેમ, શોભવા લાગ્યા. (૭)

ઈન્દ્ર નીલમણિઓની સમાન તથા મોતીઓના સમુદાયની સમાન એક બીજાની કાંતિથી પરસ્પર વ્યાપ્ત શરીરવાળા બંને તે વખતે જાણે એકત્વ ભાવને પામ્યા હોય ને શું ? એમ શોભતા હતા. (બંનેની કાંતિના મળવાથી સર્વ પ્રકારે ગંગા યમુનાનો સંગમ જેમ શોભે છે તેમ સ્ફટિક મણિ તથા નીલમણિની કાંતિના મળવાથી એક વર્ણ ઉત્પન્ન થાય છે.) (૮) શ્રીહરિની દિવ્ય કાંતિના સમુદાયથી મિશ્રિત શ્રી રામાનંદ સ્વામીનું ઉજ્જવળ શરીર, આછા શ્યામ મેઘ મંડળમાં ચંદ્રમાનું બિંબ શોભે તેમ, અત્યંત શોભતું હતું. (૯)

તે સમયે પ્રેમ પૂરિત દષ્ટિથી એકબીજાને જોતા તેમનાં નેત્રો, જોવા યોગ્ય પ્રફુલ્લિત નૂતન અરવિંદની શોભા, ધારણ કરતા હતા. (૧૦) નૈષ્ઠિક વર્ણિન્દ્રના શુભ વેશનું અનુકરણ કરનારા, અત્યંત તપથી કૃશાકૃતિવાળા મૂર્તિમાન તપની માફક, અતિ તેજોમય, શાંતિના સ્થાનરૂપ, રમણીય શરીરવાળા શ્રીહરિને જોઈને તે વખતે (૧૧) શ્રીરામાનંદ મુનિ તથા તેમના આશ્રિત સર્વ સાધુઓ તથા રામાનંદ સ્વામીના આશ્રિત ગૃહસ્થોના શરીરમાં, ચંદ્રમાને જોઈને સમુદ્રના શરીરમાં જેમ તરંગ ઉછાળા મારે તેમ, આનંદ સમાયો નહીં. (૧૨)

શરદ પૂર્ણિમાના ચંદ્રમાનો તિરસ્કાર કરનાર, મંદહાસ્ય યુક્ત સુંદર મુખારવિંદથી અત્યંત શોભાયમાન, શાંત અને પવિત્ર, મનોહર આકૃતિવાળા શ્રીહરિ, પોતાના દર્શન કરનારાઓના મન ખેંચી લેતા હતાં. (૧૩)

શુદ્ધ સુવર્ણની માફક ચળકતી જટાની કાંતિથી સુશોભિત મુખારવિંદથી શોભાયમાન, કેસરમિશ્રિત ચંદનથી કરેલા ઉર્ધ્વપુંડ્રતિલકના મધ્ય ભાગમાં ગોળ કુંકુમનો ચાંદલો તેનાથી શોભાયમાન (૧૪) પ્રકાશિત નખરૂપી સુંદર મણિઓની કાંતિથી શોભાયમાન આંગળીઓવાળા બંને હાથ તથા ચરણો તેની શોભાથી શોભાયમાન, શાંત અને અત્યંત કરુણામય નેત્રોવાળા, સર્વને પરાભવ કરનારી કાંતિ યુક્ત ભ્રકુટિ, કર્ણ તથા નાસિકાવાળા (૧૫)

પાકાં ઘીલોડા તથા નવ પલ્લવ તથા વિદ્રુમ મણિઓની શોભાનો તિરસ્કાર કરતા અત્યંત શોભતા અધરોષ્ઠ, મનોહર ડાબા કર્ણના મધ્ય ભાગમાં શ્યામ મોટો તિલ તેનાથી સુશોભિત (૧૬) નાસિકાની સમીપમાં રહેલો જમણા કપોળમાં મનોહર, મંગળકારી, તિલનું ચિન્હ ધારણ કરતા, તુલસીની બેવડી

કંઠી કંઠમાં ધારણ કરતા. (૧૭)

પછી મુનિઓને માનનીય શ્રીરામાનંદ સ્વામી, પોતાના સમગ્ર મુક્તાનંદ વગેરે મુનિઓને યથાયોગ્ય, માન આપીને, સત્પુરુષોના વૃંદોને પૂજ્ય ચરણારવિંદવાળા, મનુષ્ય ભાવમાં પણ ઈશ્વર સમાન ઐશ્વર્યવાળા, શ્રીહરિને 'સુખેથી પધાર્યા' વગેરે વૃત્તાંત પૂછવા લાગ્યા. (૧૮)

તેટલામાં મુક્તાનંદ સ્વામી, શ્રીરામાનંદ સ્વામીને પોતાના અનુભવથી, શ્રીહરિનું સર્વોત્તમ વૃત્તાંત હર્ષ પૂર્વક કહેતા હતા. રામાનંદમુનિ શ્રીહરિનું વૃત્તાંત સાંભળીને અત્યાનંદ પામ્યા. (૧૯)

ત્યારબાદ મહાયશસ્વી રામાનંદ મુનિ, શ્રીહરિનું તથા લોજપુરથી આવેલા સંતોનું આતિથ્ય પોતાના આશ્રિતોની પાસે કરાવીને, શાસ્ત્ર પ્રમાણે સંધ્યાવિધિ કરતા હતા. (૨૦) પછી રામાનંદ સ્વામી શ્રીહરિને તેમનું કુળ, પિતા, વેદ, ગોત્ર વગેરે વૃત્તાંત પૂછવા લાગ્યા. પછી શ્રીહરિ રામાનંદ મુનિને તે વૃત્તાંત કહીને પોતાને રામાનંદ મુનિનાં દર્શનની અભિલાષા હતી તે પણ કહ્યું. (૨૧)

શ્રીહરિનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા રામાનંદ મુનિએ, હે હરે ! તમો મારા શિષ્ય ધર્મદેવના પુત્ર છો. છતાં પણ વેદશાસ્ત્રમાં કહેલા મહાન સત્પુરુષોએ ગાન કરાયેલા ઉત્તમ ગુણોથી, ધર્મદેવથી અધિક છો.' એમ શ્રીહરિને કહ્યું. (૨૨) હે હરે ! કરી છે તીર્થયાત્રા જેમણે અને મહાન પુરુષોએ પણ સત્કાર કરાયેલા, સ્પૃહણીય સ્વભાવવાળા, શાસ્ત્રજ્ઞ, તમારા પિતાએ, પ્રયાગતીર્થમાં મારી પાસેથી કલ્યાણકારી વૈષ્ણવી દીક્ષા શાસ્ત્ર પ્રમાણે લીધી હતી. (૨૩) મારી આજ્ઞાથી ઉત્તર કોશળ દેશમાં રહીને, મનુષ્યોના હિત માટે ધર્મદેવ તેમને દીક્ષા આપતા હતા. તે ધર્મદેવના પુત્ર, સ્તુતિ કરવા યોગ્ય તમો, મારા માટે ધર્મદેવથી પણ અત્યંત સન્માન કરવા યોગ્ય છો. (૨૪)

આ પ્રમાણે પરસ્પરના અમૃતના સારરૂપ વાર્તાના રસથી જ રાત્રિ નિર્ગમન કરી. પછી પ્રાતઃકાળ થયે બંને જણ વિધિને જાણનારા હોવાથી શાસ્ત્ર પ્રમાણે સર્વ નિત્યવિધિ કરતા હતા. (૨૫)

પછી રામાનંદ સ્વામી તથા શ્રીહરિ સાધુઓની સભામાં બેઠા. તે વખતે તેમનાં દર્શન કરવા માટે ઘણા પુરુષો તથા સ્ત્રીઓ આવી. મનોહર સ્વરૂપવાળા શ્રીહરિને જોઈને સૌ વિસ્મય પામ્યા. (૨૬) આનંદ પામેલા સ્ત્રી પુરુષો અદ્‌ભુત દર્શનવાળા આ કોણ છે ? એમ શ્રી રામાનંદ સ્વામીને પૂછતા હતા. જનોએ પૂછેલા રામાનંદ સ્વામી, તેમનું આશ્ચર્યજનક સમગ્ર વૃત્તાંત કહેતા હતા. (૨૭)

સર્વજનો રમણીય સ્વભાવવાળા, દર્શનીય શ્રીહરિના અતૃપ્ત નેત્રો વડે દર્શન કરતા અત્યંત આનંદ પામ્યા અને દૃષ્ટિને પાછી વાળવા સમર્થ થયા નહિ. (૨૮) જ્યારથી શ્રીહરિનાં દર્શન થયાં તે દિવસથી શ્રીરામાનંદમુનિ તથા તેમના આશ્રિત સાધુઓ તથા ઉદ્ધવ સમ્પ્રદાયમાં રહેલા જનોને પણ દિવ્યગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિના સમુદ્ર શ્રીહરિમાં, સમગ્ર ચાતક પક્ષીઓની મેઘમાં જેમ પ્રીતિ છે તેમ, અત્યંત પ્રીતિ થઈ. (૨૯)

સ્વયં પુરુષોત્તમ ધર્મપુત્ર શ્રીહરિ, સદ્‌ગુરુ રામાનંદમુનિને ઉદ્ધવ જાણીને, શોભાયમાન મનુષ્યભાવ ધારણ કરતા શ્રીરામાનંદમુનિ તથા તેમના સાધુઓને આનંદ આપતા, શ્રીસ્વામીની પાસે રહેતા હતા. (૩૦)

હે રાજન્ ! તે વખતે મહાન આશ્ચર્ય થયું. તે તમોને હું કહું છું, તે સ્વસ્થ મનથી સાંભળો. (૩૧) ત્યાં (પીપલાણા ગામમાં) એક વખતે મુનીન્દ્ર સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના આશ્રિત ગૃહસ્થો તથા મુનિઓની સભા થઈ. (૩૨) તે સભામાં કોમળ ગાદલાંથી યુક્ત ઊંચા સુંદર સિંહાસનમાં મહાબુદ્ધિશાળી રામાનંદ સ્વામી બેઠા. (૩૩) શ્રીહરિનું માહાત્મ્ય જાણતા સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ શ્રીહરિને પોતાના આસનમાં બેસાડવા માટે અત્યંત આગ્રહ કર્યો. (૩૪)

તો પણ નરનાટકનું અનુકરણ કરનારા, નિર્માની જનોને આભૂષણ સ્વરૂપ શ્રીહરિ, મુમુક્ષુઓ તથા ત્યાગીઓને શિષ્યની રીતિ બતાવવા માટે, સદ્‌ગુરુની સમીપમાં દર્ભાસન ઉપર બેઠા. (૩૫) પછી હે મહિપતે ! તે સમયે જેમનાં વર્ણ તથા આશ્રમ નથી સમજી શકાતા, ઉપશમ અવસ્થામાં રહેતા કોઈ મુમુક્ષુ યોગી, પૃથ્વી ઉપર વિચરતા આ સભામાં આવ્યા. (૩૬) અષ્ટાંગ યોગની સિદ્ધિ માટે મહા પરિશ્રમ કરતા છતાં પણ યોગ સંસિદ્ધિ નહિ પામેલા પંચવિષયના ત્યાગી. (૩૭)

સંસૃતિથી પોતાનો મોક્ષ કરવા માટે જ સદ્‌ગુરુને ખોળતા આત્મનિષ્ઠ, સ્વધર્મમાં રહેલા, શ્રીહરિના ધ્યાનમાં આસક્ત બુદ્ધિવાળા (૩૮) તે યોગી શોભાયમાન પવિત્ર મહાસભા જોઈને, ત્યાં સદ્‌ગુરુ શ્રીરામાનંદ મુનિ તથા મનોહર આકૃતિવાળા શ્રીહરિને જોઈને, પરમ વિસ્મય પામ્યા. (૩૯) તે યોગી સભામાં બેઠા. પછી પ્રીતિપૂર્વક શ્રીહરિના ભાવપૂર્વક દર્શન કરતાં શાંતિને આપનાર ચકોર પક્ષી જેમ ચંદ્રમાં આસક્ત થાય તેમ, શાંતિને આપનાર શ્રીહરિમાં આસક્ત થયા. (૪૦)

પછી રામાનંદ સ્વામી, તે યોગી પોતાના કલ્યાણની ઈચ્છાવાળો છે એમ જાણીને, તેને મોક્ષ સંબંધી વાર્તા કૃપાપૂર્વક કહેવા લાગ્યા. (૪૧)

તે યોગી શ્રીરામાનંદ સ્વામીએ કહેલી વાતો એકાગ્રવૃત્તિથી સાંભળતા હતા. છતાં શ્રીહરિની મૂર્તિમાં આકૃષ્ટ ચિત્તવાળા હોય ને શું ? એમ શ્રીહરિનેજ વારંવાર જોતા હતા. (૪૨)

શ્રી રામાનંદ મુનિ, શ્રીહરિમાં યોગીને આસક્ત મનવાળા જાણીને, યોગીને ભગવદ્‌વાર્તા કરવા માટે શ્રીહરિને આજ્ઞા આપી. (૪૩) શ્રી સદ્‌ગુરુની આજ્ઞા સાંભળ્યા પછી કરની સુંદર ચેષ્ટાએ સહિત શ્રીહરિ વાર્તા કરતા હતા. તેટલામાં જ યોગીને તત્કાળ સમાધિ પ્રાપ્ત થઈ. (૪૪)

ભગવાનની કૃપા વિના ન જોઈ શકાય તેવા સર્વ લોકને તે યોગીએ, સમાધિમાં ભગવાનની ઈચ્છાથી જોયા. પછી શ્રીહરિનું અત્યંત તેજસ્વી દિવ્ય વૈકુંઠ ધામ જોયું. (૪૫) પછી યોગીએ અપ્રાકૃત આશ્ચર્યકારી ગોલોકધામ જોયું. તેના મધ્ય ભાગમાં અનુપમ શુભ દિવ્ય અક્ષરધામ જોયું. (૪૬) તે અક્ષરધામના મધ્ય ભાગમાં અત્યંત સુદંર, અનેક પ્રકારના દિવ્ય મણિઓથી અતિ શોભાયમાન સુવર્ણ સિંહાસનમાં બેઠેલા શ્રી ધર્મદેવના પુત્ર શ્રીહરિને યોગીએ, જોયા. (૪૭) સ્વાભાવિક મનોહર પ્રકાશ, મનોહરપણું, સુંદરપણું વગેરેથી દેદિપ્યમાન અવયવોમાં લોકોત્તર શોભાવાળા, કરોડો કામદેવના સૌંદર્યની શોભાનો તિરસ્કાર કરનારી અનુપમ લક્ષ્મીથી સેવાયેલા. (૪૮)

કિશોર અવસ્થાવાળા, શાંત આકારવાળા, દયાર્દ્ર દૃષ્ટિવાળા, મંદહાસ્યની કાંતિથી શોભતા મુખારવિંદથી તિરસ્કૃત કર્યો છે ચંદ્રમા જેમણે એવા (૪૯) અનેક પ્રકારના દિવ્ય મણિઓના તથા સોનાના તથા મોતીઓનાં ચળકતાં ભૂષણોવાળા, વિચિત્ર પુષ્પોના સુંદર હાર તથા બાજુબંધ, તોરા, શેખર, વગેરેથી શોભાયમાન (૫૦) યોગીએ શ્રીહરિની ચોતરફ શ્રીહરિના મુખારવિંદને વિષે સંલગ્ન નેત્રવાળા, દિવ્ય વિગ્રહવાળા કરોડો અક્ષરમુક્તોને જોયા. (૫૧)

શ્રીહરિની આગળ ઊભા રહેલા, પૂજા કરવા માટે પુષ્પ, ચંદન, અક્ષત વગેરે સામગ્રીએ સહિત સુવર્ણપાત્રો જેમના હાથમાં છે, અને પુરુષોત્તમનાં દર્શનથી આનંદવાળા, રામકૃષ્ણ વગેરે અવતારોને યોગીએ જોયા. (૫૨) શ્રીહરિની આગળ રહેલા સુગંધિ, શીતળ જળથી ભરેલી ઝારી પોતાના હાથમાં ધારણ કરતા રામાનંદ ગુરુને પણ જોયા. (૫૩) ત્યાંનું સર્વાતિશાયી દિવ્ય અદ્‌ભૂત ઐશ્વર્ય તથા દિવ્ય, સર્વોત્તમ સુખ, અતિ વિસ્મય પામતા યોગીએ જોયું. (૫૪)

તે યોગીએ આ પ્રકારે સમાધિમાં શ્રીહરિના દિવ્યરૂપમાં દર્શનના આનંદનો અનુભવ કર્યો. પછી શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાંથી જાગ્રત થયા. (૫૫)

પછી શ્રીહરિનો પ્રતાપ જાણનારા યોગીએ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. શ્રી રામાનંદ સ્વામી તથા સભામાં બેઠેલા જનો, તે જોઈને વિસ્મય પામ્યા. (૫૬) પછી રોમાંચિત અંગવાળા, પ્રેમાશ્રુ યુક્ત નેત્રવાળા યોગી, હાથ જોડીને, હર્ષપૂર્વક વંદનીય રામાનંદ સ્વામીને કહેવા લાગ્યા. (૫૭)

હે સ્વામિન્ ! સર્વ ધર્મોને જાણનારાઓમાં શ્રેષ્ઠ જગદ્‌ગુરુનો આ લોકમાં કલ્યાણકારી ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા, (૫૮) સજ્જનોને પૂજનીય શરણાગતનું રક્ષણ કરનારા, દયાનિધિ, તમારી આ સભામાં વિપરીત ભાવ કેમ વર્તે છે ? (૫૯)

આવી રીતે યોગીએ કહેલું ધર્માનુસાર વચન સાંભળીને, બીજાને બોધ આપવામાં અતિ ચતુર રામાનંદ મુનિ હર્ષપૂર્વક યોગીને કહેવા લાગ્યા. (૬૦)

હે યોગિન્ ! તમોએ સત્ય કહ્યું છે. (જેમ તમો જાણો છો તે પ્રમાણે છે તો પણ) લૌકિક વ્યવહારનું આલંબન કરીને, આ પ્રકારે અમો વર્તીએ છીએ. એમ ન વર્તીએ તો લૌકિક માર્ગમાં વિરોધ આવે. (૬૧)

આ પ્રકારે પોતાનો ગુપ્ત અભિપ્રાય જણાવીને શ્રી રામાનંદ મુનિએ યોગીના પ્રશ્નનો યથાર્થ પ્રત્યુત્તર કર્યો. તે સાંભળીને તે યોગી સંશય રહિત થયો. (૬૨) પછી પ્રસન્ન મનવાળા યોગી શ્રીહરિને સર્વ અવતારના એક કારણ પ્રત્યક્ષ ભગવાનનું ભજન કરતા હતા. (૬૩)

માનસિંહ રાજા કહે છે :- હે શુકાનંદમુનિ ! યોગીએ વિપરીતપણું કહ્યું તે શું ? અને શ્રી રામાનંદ મુનિએ શું પ્રત્યુત્તર આપ્યો. એ જાણવાની ઈચ્છા મને છે તે તમો કહો. (૬૪)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિની ઈચ્છાથી પ્રાપ્ત થયેલી સમાધિમાં યોગીએ અક્ષરધામમાં દિવ્ય સિંહાસનમાં બેઠેલા આશ્ચર્યરૂપવાળા શ્રીહરિને જોયા. (૬૫) તેવી રીતે યોગીએ

શ્રીહરિની સમીપમાં રામકૃષ્ણાદિક અવતારો જોયા. તથા તેમની સેવામાં તત્પર રામાનંદને જોયા. (૬૬) પછી સમાધિથી ઊઠીને, સમાધિમાં સિંહાસનમાં જોએલા શ્રીહરિને અહીં નીચે બેઠેલા જોઈને, તથા રામાનંદને ઉચ્ચ આસનમાં બેઠેલા જોઈને (૬૭) યોગીએ તમારી આ સભામાં વિપરીતપણું કેમ છે ? એમ પૂછ્યું. ત્યારે રામાનંદ સ્વામી તેનો ઉત્તર કરવા લાગ્યા. હે યોગી ! પુરુષોત્તમ આ શ્રીહરિ ઊંચા આસને બેસવા યોગ્ય છે. (૬૮) હે યોગિન્ આ શ્રીહરિ અસંખ્યાત્ કલ્યાણકારી ગુણોવાળા છે. તેથી જ સર્વોત્તમ પણ છે. તો પણ સભામાં મને જ બળપૂર્વક ઊંચા આસનમાં બેસાડે છે. (૬૯)

ભગવાન શ્રી રામચંદ્રજી પણ વસિષ્ઠ ગુરુને ઊંચા આસનમાં પ્રીતિપૂર્વક બેસાડતા હતા. પોતે તો તેમનાથી નીચા આસને બેસતા હતા. (૭૦) શ્રીકૃષ્ણે પોતે પણ, પોતાના ગૃહમાં પોતાનું ઐશ્વર્ય જોવા આવેલા દેવર્ષિ નારદને પોતાના ઊંચા આસનમાં બેસાડ્યા. આ પ્રમાણેની રીત લોકમાં સજ્જન પુરુષોએ સ્વીકાર કરેલી છે. (અહીં નારદનું ગુરુપણું ''**वर्णानां ब्रह्मणो गुरुः**'' વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે. એવું સ્મૃતિ વાક્યથી જાણવું.) (૭૧) એમનાથી પ્રાપ્ત છે ગુણો તથા ઐશ્વર્યો જેમને એવો હું, નર નાટ્યનું અનુકરણ કરનારા સર્વેશ આ શ્રીહરિની ઈચ્છાથી જ ઊંચા આસનમાં બેઠો છું. (હું પોતાની મેળે બેઠો નથી.) (૭૨)

હે રાજન્ ! રામાનંદમુનિએ બે દૃષ્ટાંતોથી યોગીના પ્રશ્નનો પ્રત્યુત્તર કર્યો તે આ પ્રકારે મેં સ્પષ્ટ તમોને કહીને તમારા પ્રશ્નનું સમાધાન કર્યું. (૭૩) સર્વાતિશાયી ક્રિયાવાળા, સ્વતંત્ર, સદ્‌ગુણોના સમુદ્ર, સ્પૃહણીય સ્વભાવવાળા, આનંદમૂર્તિ. આશ્રિતોના પાતકોને નાશ કરનારા, શ્રીહરિના દર્શન કરનારા, જન સમુદાયો હે રાજન્ ! પોતાના દેહ તથા ધામને પણ સંભારતા ન હતા. (૭૪)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિ તથા રામાનંદ સ્વામીના સમાગમના અવસરમાં શ્રીહરિનું અદ્‌ભુત ઐશ્વર્ય નિરૂપણ નામે ઓગણસાઠમો અધ્યાય સંપૂર્ણ. (૫૯)



અધ્યાય ૬૦ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે રાજન્ ! શ્રીહરિ રામાનંદ ગુરુની સમીપમાં નિવાસ કરીને પોતાના સ્વતઃ સિદ્ધ ગુણોથી જન સમુદાયને પ્રસન્ન કરતા હતા. (૧) હે રાજન્ ! સમગ્ર મુનિઓ શ્રીહરિમાં અત્યંત આસક્ત થયા. શ્રીહરિના ગુણોથી વશ થયેલા સંતો, શ્રીહરિને છોડી શકતા નહીં. (''**गुणातन्त्राः प्रेमाणां न परिचयतन्त्राः**'' સ્નેહ ગુણોને આધીન છે. પરિચયને આધીન નથી.) (૨)

હે રાજન્ ! રામાનંદ સ્વામીના આશ્રિત સર્વજનોનો શ્રીહરિમાં ગાઢ અનુરાગ સર્વ કરતાં અધિક થયો. (૩) જેમ મેઘના આવવાથી સર્વે પ્રાણીઓ સુખ પામે છે. તેમ શ્રીહરિના દર્શનથી જનો શાંતિ પામ્યા. (૪) પરમેશ્વર શ્રીહરિના દર્શન માટે ટોળે ટોળાં મળીને ઊભા રહેલા જનો, ચિત્રોમાં જાણે

આલેખેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા હતા. (૫) તેમના ગુણોથી ખેંચાયેલા મનવાળા જનના સમુદાય, શ્રીહરિના દર્શન માટે જ, ભમરાઓ સુંદર પુષ્પવાળી ફુલવાડીમાંજ જેમ આવે છે તેમ, સર્વ દેશોથી આવવા લાગ્યા. (૬)

હે રાજન્ ! નિર્નિમેષ દૃષ્ટિથી અધિશ્વરના હંમેશાં દર્શન કરતા દેહધારીઓને, તેમનાં દર્શન નવાં નવાં હોયને શું એમ થયા. (૭) શ્રીહરિનું પવિત્ર દર્શન કરવા માટે પંક્તિ બંધ રહેલા પ્રાણીઓ શ્રીહરિના દર્શનમાં પાંપણોનું હાલવું તેને પણ સહન ન કરતા હતા. (૮) હે રાજન્ ! શ્રીહરિના દર્શનમાં યુવાનો, વૃદ્ધો તથા બાળકોની પ્રીતિ સમાન સુખવાળી હતી. (૯)

મુક્તાનંદાદિ સાધુઓ તથા મયારામ વગેરે સર્વ ગૃહસ્થોની શ્રીહરિમાં મહાન પ્રીતિ જોઈને, શ્રીહરિના સ્વરૂપને જાણનારા સદ્‌ગુરુ રામાનંદ સ્વામી આનંદ પામ્યા. ("रसो वै सः" એ શ્રુતિએ કહેલા રસરૂપ મૂર્તિ સ્વરૂપ આ શ્રીહરિમાં જનો અનુરાગ કરે તેમાં શું આશ્ચર્ય ! એમ તત્ત્વને જાણવાપણું જાણવું) (૧૦) સર્વોત્તમ ગુણો તથા ઐશ્વર્યવાળા શ્રીહરિને કોઈ પણ, જેવા છે તેવા, જાણવા માટે સમર્થ ન થયા. તે બધા આશ્ચર્ય પામ્યા. (૧૧) સર્વજનો પોતાના શ્રેય માટે પ્રાર્થનીય સ્વયં શ્રીહરિ જ્યાં જ્યાં બેસતા હતા, ત્યાં ત્યાં મનુષ્યોના સમુદાયની મોટી સભા થતી. (૧૨)

પછી શ્રીહરિ એક સમયે સુખપૂર્વક બેઠેલા શ્રીરામાનંદ મુનિને કહેવા લાગ્યા, હે મહામુને ! તમો મારા પિતા ધર્મદેવના ગુરુ છો. તેથી ધર્મદેવનો પુત્ર જે હું તે મને શ્રી વૈષ્ણવી (આ સંપ્રદાય રામાનુજ સંપ્રદાય મૂળ હોવાથી 'શ્રી' શબ્દનો પૂર્વ પ્રયોગ કરવામાં આવ્યો છે) શાસ્ત્ર મૂળવાળી દીક્ષા આપો. (૧૩) (તમારા પિતા ધર્મદેવે મારી પાસેથી વૈષ્ણવી દીક્ષા લઈ આચાર્ય પદવી પ્રાપ્ત કરી હતી. તેમની પાસેથી શું આટલા સમય સુધી વૈષ્ણવી દીક્ષા તમોએ નથી લીધી ? એમ શંકા કરે તો સમાધાન આપે છે.) હે ગુરુ ! મારા પિતા ધર્મદેવ પાસેથી સામાન્ય દીક્ષા મેં લીધી છે પરંતુ વિશેષ દિક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા છે. તેથી અત્યંત ઉત્સાહ મનવાળા મને વિશેષ દીક્ષા તમારે જ આપવી. (૧૪) મનુષ્ય નાટ્યધારી શ્રીહરિનું આ પ્રકારનું કથન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીરામાનંદમુનિ, શ્રીહરિના પ્રત્યે કહેવા લાગ્યા. હે હરે ! સ્વતઃ સિદ્ધ જ્ઞાનવાળા તમો દીક્ષા વિના પણ અપરિમિત જીવોનો સંસારમાંથી ઉદ્ધાર કરવા માટે સમર્થ છો. (૧૫)

(તમો કહો છો એવા ગુણ તો કોઈ તપસ્વી જ્ઞાનવાળામાં હોય. હું તો દેવશર્મા બ્રાહ્મણનો પુત્ર નીલકંઠ નામે બ્રાહ્મણ જ્ઞાતિનો બ્રહ્મચારી છું.) હે નીલકંઠ વર્ણિન્ ! હે વિદ્વન્ ! તમારા જેવા જ્ઞાનનિધિ તપસ્વી તમારા વિના બીજા મેં જોયા જ નથી. આ લોકમાં કોઈ પણ કાળમાં તમારા જેવા બીજા ધર્મ, વૈરાગ્યવાળા જોયા જ નથી. (૧૬) (શંકા-જો હું એવો હોઉં તો આ રીતે દાસની જેમ તમારી સેવા કરીને મુમુક્ષુપણું કેમ પ્રગટ કરું ?) હે વર્ણિન્ ! તમો તો કહ્યા પ્રમાણે સમર્થ છો. તો પણ મુમુક્ષુઓને શિક્ષણ આપવા માટે (મુમુક્ષુઓને આ પ્રમાણે વર્તવું જોઈએ એવો બોધ આપવા માટે) સર્વેશ્વર તમો, આ પ્રમાણે દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છો છો. તેથી હે મહામતે ! કાર્તિક સુદી એકાદશીને દિવસે તમો

દીક્ષા ગ્રહણ કરો. (૧૭)

પછી કાર્તિક સુદી એકાદશીને દિવસે પ્રસન્નતાને પામેલા શ્રીરામાનંદમુનિએ, શ્રીહરિને શાસ્ત્ર પ્રમાણે વિશેષ દીક્ષા આપી. પછી સચ્છાસ્ત્રમાં કહેલા મહાદીક્ષાવાળાને હંમેશા પાળવાના "શ્રીકૃષ્ણનું અર્ચન વગેરે સમગ્ર નિયમો (સત્સંગિજીવનના અઠ્ઠાવનમાં અધ્યાયમાં કહેલા) અનુક્રમથી કહ્યા. (૧૮) પછી શ્રીરામાનંદમુનિએ શ્રીહરિનું સર્વજનોને મંગળ કરનારું" સહજાનંદ "આ પ્રકારનું નામ હર્ષપૂર્વક પાડ્યું. તેવી રીતે હે રાજન્ ! બીજું "નારાયણમુનિ" એવું પણ શુભ નામ પાડ્યું. (૧૯)

શ્રી હરિ પોતામાં સ્વતઃ સિદ્ધપણાથી વર્તતા, રામાનંદ સ્વામીએ કહેલા, સમગ્ર ધર્મોને મનુષ્યનાટ્યનું અનુકરણ કરીને, હંમેશા પાળતા હતા. અને ગુરુને અત્યંત સંતોષ પમાડતા હતા. (૨૦) શ્રુતિ તથા શાસ્ત્રોમાં કહેલા સિદ્ધજનોએ તથા યોગીઓએ પણ સ્પૃહા કરવા યોગ્ય, સત્યશૌચાદિ મહા ગુણો, પરાત્પર શ્રીહરિમાં સ્વાભાવિક હતા. (૨૧) સત્ય, શૌચ, તિતિક્ષા, શમ, દમ, જ્ઞાન, સ્થૈર્ય સામ્ય, તેજ, દાસ્ય, શૌર્ય, ધૈર્ય, સ્મૃતિ, વિનય, દયા, શીલ, સંતોષ, કાંતિ, સ્વતંત્રતા, બ્રહ્મચર્ય, ઉપરતિ, બળ, તપ, નિર્ભયતા, કીર્તિ, પ્રાગલ્ભ્ય, આસ્તિકતા, શ્રુતપણું, ભગ, મૃદુતા, ત્યાગ, મૈત્રી, આર્જવ, (૨૨) ગાંભીર્ય, અતિશયિતા, રમણીય ભાગોમાં અરુચિ, કૌશળ, માન આપવાપણું, શરણ્ય, માન ગર્વાદિ દોષોથી અતિ રહિતપણું, સાધુપુરુષોએ પામવા માટે ઈચ્છેલા નિશ્ચલ મંગળરૂપ સત્ય શૌચાદિ અને અપહત પાપ્માદિ મોટા અનેક સદ્‌ગુણો, અતિ શોભાયમાન નૈષ્ઠિક વેશવાળા પરમાત્મા શ્રીહરિમાં હતા. (૨૩)

શ્રીહરિમાં, સજ્જનોએ વખાણેલા પ્રતિદિન વૃદ્ધિને પામતા વિશુદ્ધિવાળા ગુણો જોઈને, શ્રી રામાનંદ મુનિને તેમને વિષે અત્યંત પ્રીતિ થઈ. શ્રીહરિમાં રામાનંદસ્વામીના આશ્રિત મુક્તાનંદાદિ સાધુઓ તથા મયારામાદિ ગૃહસ્થોને પણ દરરોજ પ્રીતિ વૃદ્ધિ પામતી હતી. તેથી પ્રસન્ન મનવાળા શ્રી રામાનંદ મુનિ પોતાના ભક્તોની સભામાં શ્રીહરિની અત્યંત પ્રશંસા કરતા હતા. (૨૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રી રામાનંદ સ્વામીએ આપેલી વૈષ્ણવી દીક્ષા નિરૂપણ નામે સાઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૦)



અધ્યાય ૬૧ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- પછી મનુષ્ય નાટ્યથી રામાનંદ સ્વામીના શિષ્ય રૂપે વર્તતા છતાં પણ પુરુષોત્તમ, સદ્‌ગુણના સમુદ્રરૂપ, શ્રીહરિ પ્રત્યે રામાનંદ સ્વામીને મિત્રભાવજ હતો. (૧) સર્વથી વિલક્ષણ બુદ્ધિ વાળા શ્રીહરિમાં એક ચિત્ત હોવાથી, હે રાજન્ ! રામાનંદ સ્વામી સમગ્ર કાર્ય પણ શ્રીહરિને પૂછીને જ કરતા હતા. (૨)

પછી શ્રી રામાનંદ સ્વામી પોતાના આશ્રિત જનોને, રૈવતાચલ પર્વતની તળેટીમાં વર્તતા ગ્રામોમાં

શ્રીહરિની સાથે ભગવાનની ભક્તિ પ્રવર્તતા પ્રસિદ્ધપણે ફરતા હતા. (૩) શ્રી રામાનંદ મુનિ કોઈ ગામમાં એક માસ પર્યંત, કોઈ ગામમાં પંદર દિવસ, કોઈ ગામમાં પાંચ દિવસ, નિવાસ કરતા, હે રાજન્ ! જેતપુર આવ્યા. (૪)

સ્વધર્મમાં નિષ્ઠાવાળા ઉન્નડખાચર નામના રાજાએ ઘણી પ્રાર્થના કરી તેથી કરુણાસાગર શ્રી રામાનંદ સ્વામીએ જેતપુરમાં નિવાસ કર્યો. (૫)

શ્રીહરિના અતિશ્રેષ્ઠ ગુણોથી, તેમને ધર્મધૂરને વહન કરવા યોગ્ય જાણીને, શ્રીહરિમાં પોતાના શિષ્યોની ઘણી પ્રીતિ જાણીને (૬) શ્રી રામાનંદમુનિ પોતાનું વૃદ્ધપણું જાણીને, પોતાની ધર્મધુરા શ્રીહરિને આપવા માટે ઈચ્છતા હોવાથી, સભામાં પોતાના ભક્તો સાંભળે તે પ્રમાણે શ્રીહરિને કહેવા લાગ્યા. (૭) હે વિદ્વન્ ! હે નારયણ મુને ! હે સન્મતે ! તમો મારું વાક્ય આદરપૂર્વક સાંભળો. તે સાંભળીને જે પ્રમાણે હું કહું છું તે પ્રકારે જ કરવા માટે યોગ્ય છો. (૮)

હે હરે ! મારા આશ્રિત ભગવાનના સમગ્ર ભક્તો, સ્ત્રી પુરુષોને, તમારે હંમેશા ધર્મ મર્યાદામાં સ્થાપન કરવા (૯) શ્રી વાસુદેવ માહાત્મ્યમાં વર્ણાશ્રમવાળા પુરુષો તથા સ્ત્રીઓના પણ સર્વે ધર્મો વિભાગથી કહેલા છે. (૧૦) હે મતિમાન્ ! ધર્મોમાં સર્વે મારા આશ્રિતોને યથાધિકાર પ્રમાણે તમારે સ્થાપન કરવા. આ કાર્યમાં તમો અત્યંત સમર્થ છો. (૧૧) યથાશાસ્ત્ર સર્વ કાર્ય કરનારા મારા આ વચનને તમારે માન્ય કરવું. કારણ કે તમો જ મારા તથા સર્વના ગુરુપણા રૂપ અધિકારમાં સર્વથા યોગ્ય છો, કોઈ બીજો યોગ્ય નથી. (૧૨)

હે હરે ! જે સમયે તમારાં દર્શન થયાં ત્યારથી આરંભિને મારો આ સંકલ્પ છે. હે મહામતે! મારો સંકલ્પ પૂર્ણ કરવા માટે તમો યોગ્ય છો. (૧૩) તમારા અતિ તીવ્ર વૈરાગ્ય ને હું મનમાં જાણું છું. તો પણ તમારા વિના બીજાથી આ કાર્ય સિદ્ધ થઈ શકે તેવું નથી. માટે આ કાર્ય તો તમારે જ કરવું. (૧૪) જનોએ કરેલી વસ્ત્રાલંકારે સહિત પૂજા તેમના શ્રેયને માટે નિસ્પૃહ એવા તમારે સ્વીકારવી. (૧૫)

રથ, ઘોડા, હાથી વગેરે નરયાન આદિક વાહનોમાં બેસવું તથા સ્ત્રીઓની સાથે ભાષણ પણ કરવું. (શંકા-શાસ્ત્રમાં બ્રહ્મચારીને આ ક્રિયાઓ નિષેધ કરેલી છે તે કેવી રીતે હું કરું ?) મારી આજ્ઞાથી તમોને તેમાં બાધ નહિ આવે. (૧૬)

આ મારા આશ્રિત જનોનું તમારે, કલિયુગના પ્રાધાન્યપણાથી થયેલા પાતકોના સમુદાયોથી, રક્ષણ કરવું. કારણ કે સર્વોત્તમ તમો આ મારા આશ્રિત સર્વજનોનું કાળ, માયા, પાપકર્મ યમદૂતના ભયથી રક્ષણ કરવામાં અતિ ચતુર છો. (૧૭)

ગુણ સમુદાયોથી અનુપમ તમો, ક્યારેય પણ કામ ક્રોધાદિ અંતઃશત્રુઓથી તથા દ્રવ્ય, સ્ત્રીઓ વગેરેથી પરાભવ પામવાના નથી. (આવા પ્રકારના ગુણો તો કેવળ પરમેશ્વરમાં હોવાથી તમો તેવા ગુણવાળા હોવાથી તમારે તેનાથી ભય ન પામવો.) (૧૮) વિકારનાં કારણ ઉપસ્થિત હોવા છતાં પણ વિકારને નહિ પામતા, પોતાના આશ્રિતોના સદ્ધર્મની રક્ષા કરવામાં સમર્થ, શાસ્ત્રોનું હૃદય જાણનારાઓમાં શ્રેષ્ઠ, તમોને

આવા અલૌકિક ગુણવાળા જાણીને, તમારી મેં મારા શિષ્યોના અધિપતિપણામાં સંસ્થાપના કરી છે. (૧૯)

આવું શ્રીરામાનંદ મુનિનું વચન સાંભળીને, પૂર્ણ કામ શ્રીહરિ શ્રીરામાનંદ મુનિને સ્ત્રી ધનાદિનો પ્રસંગ બંધન કરનારો છે એમ વિસ્તારપૂર્વક કહેવા લાગ્યા. (૨૦)

શ્રીહરિની સ્ત્રી ધનાદિ પદાર્થોમાં અત્યંત અરુચિ જોઈને પ્રસન્ન મનવાળા શ્રી રામાનંદ મુનિ, પોતાના સમગ્ર જન સમુદાયના ગુરુપણાના પદમાં શ્રીહરિને યોજના કરતા કહેવા લાગ્યા. (૨૧) હે ધીમન્ ! તમો મારું વચન સાંભળો. તમારો અભિપ્રાય હું તત્વથી જાણું છું. હું જે કરું છું તે વિચાર્યા વિના નથી કરતો. (૨૨) (શંકા-પોતાના આશ્રિત જનોની ધર્મરક્ષા કરવામાં સમર્થ તમો હાલમાં પૃથ્વી ઉપર છો છતાં મારી બલપૂર્વક શા માટે યોજના કરો છો ?) હે નારાયણ મુને! સદ્‌બુદ્ધિવાળા મને પ્રિય એવા તમારે વિષે ધર્મધૂરા આરોપીને જ ચિંતા રહિત થઈને મેં મારું કર્તવ્ય કર્યું છે એટલે દુર્વાસાના શાપથી પ્રાપ્ત થયેલા શરીરનો ત્યાગ કરવા ઇચ્છુ છું. (૨૩) હે તાત! આ લોકમાં ધર્મધૂરાને વહન કરનારા, તમારા સમાન કોઈ પણ હું જોતો નથી. તેથી તમો મારું આ વચન સર્વ પ્રકારે માનો. (૨૪)

(શંકા-હે ગુરુ ! તમારું કહેવું સત્ય છે પરંતુ -

''निपीतमद्यभङगादि शास्त्रज्ञं वा जडं नरम् ।
मादयीत्वा यथा सद्यो नयत्युन्मत्ततां खलु ॥
तथैव स्त्रीधनं वापि मादयित्वा स्वसेवितम् ।
उत्पथं प्रापयत्येव विद्यांसमपि सात्विकम् ॥''

મદ્યપાન, ભાંગ્ય, ગાંજો વગેરેનું પાન જો કર્યું હોય છે તો શાસ્ત્રજ્ઞ પુરુષને અથવા જડપુરુષને મદ કરાવીને તત્કાળ ઉન્મત્ત કરી દે છે તેવી જ રીતે સ્ત્રી ધનાદિનું સેવન કરનારને, સાત્વિક વિદ્વાનને પણ, નઠારા માર્ગમાં લઈ જાય છે જ.

ईदृग्स्वभावमेवैतद्वर्तते वस्तु सर्वथा ।
स्वाभाविकंगुणं नैव हातुं शक्नोति कश्चन ॥

આવા સ્વભાવવાળી વસ્તુ સર્વ પ્રકારે વર્તે છે જ. સ્વાભાવિક ગુણને ત્યાગ કરવા કોઈ સમર્થ નથી. એમ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. માટે સ્ત્રી ધનાદિકનો પ્રસંગ સર્વ પ્રકારે અનર્થનો હેતુ હોવાથી, મને બીજી આજ્ઞા કરો. એમ કહેતા હોય તો કહીએ છીએ.) હે સન્મતે ! સ્ત્રીઓના પ્રસંગથી મુક્તિના માર્ગથી જે પડે તે વર્ણિઓ બીજા અને ધનના પ્રસંગથી જે ભ્રષ્ટ થાય તે પણ બીજા. તમો તો અમાનુષિક ક્રિયાવાળા છો. (૨૫) સુવર્ણના સમુદાયમાં તથા હજારો સ્ત્રીઓમાં પણ હંમેશા અવિકારી રહેવા માટે તો તમો જ સમર્થ છો. બીજા નથી. (૨૬)

પંચવિષયમાં હંમેશા નિર્લેપ વર્તવા માટે પૃથ્વી આદિ ચાર ભૂતોમાં જેમ આકાશ છે તથા રત્નાકરમાં વડવાનલ જેમ રહે છે, તેમ તમો શક્તિમાન છો. (૨૭) હે નીલકંઠ ! તમો નૈષ્ઠિક બ્રહ્મચારી સ્વરૂપે

કેવળ ત્યાગીઓના હિતને માટે ‘‘મને આ પ્રકારે વર્તતો જોઈને બીજા ત્યાગીઓ મારી માફક વર્તશે. બીજે પ્રકારે નહિ વર્તે.’’ એમ મનમાં અનુસંધાન રાખીને આ પૃથ્વીમાં સર્વજ્ઞ પુરુષોત્તમ ! તમો સ્ત્રી આદિથી ભય પામતા હોય ને શું એમ વર્તો છો. (૨૮) હે ભૂમન્ ! તમારા વિના બીજા બ્રહ્મચારીઓ તો સ્ત્રીઓની કથા શ્રવણથી પણ પોતાના કલ્યાણના માર્ગ થકી તત્કાળ ભ્રષ્ટ થાય, તો જોવા વગેરેથી ભ્રષ્ટ થાય તમાં તો કહેવું જ શું ? (૨૯)

તેથી તમારા વિના બીજા ત્યાગીઓએ સ્ત્રી ધનાદિકનો સંગ સર્વપ્રકારે ત્યાગ કરવો જ. તમે તો નિર્વિકારી છો તેવી તમારે તેના સંગથી પણ બંધન નથી. (૩૦) તેથી હે નારાયણ મુને ! તમો આ પૃથ્વી ઉપર તમારે આશ્રયે આવેલ જનોની ધર્મમર્યાદાનું સારી રીતે રક્ષણ કરવા માટે યોગ્ય છો. (૩૧)

શ્રી શુકાનંદમુનિ કહે છે :- આવી રીતે શ્રીરામાનંદ સ્વામીનું વચન સાંભળીને, વ્યાવહારિક કાર્યમાં અત્યંત અરુચિવાળા, પૂર્ણકામ, સ્વસ્વરૂપમાં આનંદવાળા, સર્વશક્તિઓના સ્વામી, સમર્થ શ્રીહરિએ (૩૨) મનુષ્ય નાટ્યથી સ્વીકાર કરેલા ગુરુ શ્રીરામાનંદમુનિનું ગૌરવ વૃદ્ધિ પમાડવા, પોતાની અનિચ્છા છતાં પણ શ્રીરામાનંદમુનિનું વચન માન્યું. (૩૩)

જન સમુદાયને ઉપકારક પોતાનું વચન પરમેશ્વર શ્રીહરિએ અંગીકાર કર્યું, તેથી આત્મામાં કૃતાર્થપણું માનતા ગુરુ શ્રી રામાનંદમુનિ અત્યંત આનંદ પામ્યા. (૩૪)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં સ્વધુરાપર્ણ કરવા માટે રામાનંદમુનિએ કરેલી શ્રીહરિની પ્રાર્થના વગેરેનું નિરૂપણ નામે એકસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૧)



અધ્યાય ૬૨ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- ત્યારબાદ શ્રીરામાનંદ સ્વામી, પોતાના શિષ્ય સમુદાયની મોટી સભામાં, પોતાના હાથમાં શ્રીહરિનો હાથ પ્રીતિપૂર્વક પકડીને, વિવિધ પ્રકારના માંગલિક વાજાઓના શબ્દોની સાથે પોતાને બેસવા યોગ્ય સુવર્ણના સિંહાસનમાં આદરપૂર્વક શ્રીહરિને બેસાડતા હતા. (૧) તે સમયે સમગ્ર સભ્યજનોએ ઊંચા સ્વરથી ઉચ્ચારણ કરેલો. જય જય આ પ્રકારનો ધ્વનિ થયો. તેજ વખતે સ્વર્ગમાં સર્વ દેવતાઓના દુંદુભિ વગેરે વાજિંત્રો વાગ્યાં. દેવાંગનાઓ ઉત્સાહથી નૃત્ય કરવા લાગી, તેમજ ગીત ગાવા લાગી. (૨)

ત્યારબાદ પ્રસન્ન થયેલા ગુરુવર શ્રીરામાનંદમુનિએ સુંદર સુગંધવાળું અતિ સૂક્ષ્મ ઘસેલું ચંદન, કુમકુમ પુષ્પના હાર તથા ઉત્તમ તોરા ગુચ્છ વગેરે તેમજ ચળકતાં મહામૂલ્યવાળાં આભૂષણો તથા અંબરો વગેરે નાના પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજાકરી. (૩) પછી વિદ્વાન ગુરુ શ્રીરામાનંદમુનિ પ્રસન્ન થઈને શ્રીહરિના આસનની સમીપમાં તેમના સમાન આસનમાં બેસીને પોતાના આશ્રયવાળા

સાધુઓને તથા સન્યાસીઓ સહિત વર્ણિઓ, પાર્ષદો, ગૃહસ્થજનો તથા સધવા વિધવા સ્ત્રીઓએ સર્વ પ્રત્યે હર્ષપૂર્વક હિત વચન બોલ્યા. (૪)

હે ભક્તો ! આ નારાયણ મુનિને મારા સ્થાને ગુરુપદે મેં પરમાદરપૂર્વક સ્થાપ્યા છે. માટે તમારે સર્વેએ તારાના સમુદાયમાં ''પ્રકાશના અધિકપણાથી સૂર્ય નારાયણ જ જેમ છે.'' તેમ શુભ ગુણાદિ વડે મારાથી તેમને અધિક જ જાણવા. (૫) મેં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે જાણવા માટે શક્તિમાન ન થાવ તો તમોએ આ નારાયણ મુનિને મારા સમાન તો અવશ્ય જાણવા જ. સર્વોત્તમ આ નારાયણ મુનિનું ઐશ્વર્ય જોઈને, સમય વ્યતીત થયે, આ નારાયણ મુનિનો યથાર્થ નિશ્ચય તમોને થશે. (૬) મારા સમગ્ર શિષ્યોએ પોતાનું શ્રેય કરવા માટે જેમ મારી આજ્ઞા માની છે તેમજ આ નારાયણ મુનિની પણ આજ્ઞા હંમેશા સવિનય માનવી. વળી શરીર, મન અને વાણીથી હંમેશા નારાયણ મુનિની સેવા, કરો છો તે પ્રમાણે ભક્તિપૂર્વક કરવી. (૭)

પોતાની ગુરુનું આવું મહાન વચન સાંભળીને, સર્વ હરિભક્તો તેજ વખતે શ્રીહરિમાં અત્યંત આસક્ત બુદ્ધિવાળા થયા અને ઊઠીને હાથ જોડી ''અમો બધા રાત્રિ દિવસ તમારા કહેવા પ્રમાણે જ કરીશું.'' આવી રીતે શ્રીરામાનંદ મુનિને કહેવા લાગ્યા. (૮)

પછી સર્વ ભક્તો સુંદર ચંદન તથા પુષ્પના હાર નાના પ્રકારના મહામૂલ્યવાળા વસ્ત્રો, આભૂષણો તથા બીજા નિરાજનાદિ સમગ્ર ઉપચારો વડે ગુરુવર નારાયણને અનુક્રમથી પૂજવા લાગ્યા. (૯)

સર્વે ભક્તો અતિ પ્રસન્નતાથી શ્રીહરિની યથાર્થ આરતી કરીને, શ્રીહરિની પ્રદક્ષિણા કરી અને સાષ્ટાંગ પ્રણામ કરી, અમો તમારા જ છીએ. અમારા પ્રત્યે તમારે કરુણા કરવી એમ બોલ્યા. (૧૦)

પછી શ્રીરામાનંદ મુનિએ ઝાંઝ, કાંસા જોડી, વીણા, મૃદંગ વગેરે માંગલિક વાજિંત્રો સાથે, શ્રી કૃષ્ણનાં કલ્યાણકારી પદો, સુંદર ગાન કરનારા પોતાના ભક્તો પાસે, ગવરાવી પ્રીતિપૂર્વક મહોત્સવ કરાવ્યો. (૧૧)

તે ઉત્સવ જોવા માટે ઉત્સાહ મનવાળા દેવતાઓના સમુદાયો, મનુષ્યો ન દેખે તેવી રીતે, અદૃશ્યપણે આકાશમાં રહીને, મહાઅમૂલ્ય વસ્ત્રાલંકારોવાળા સર્વજન સમુદાયનાં ગુરુપદમાં બેઠેલા શ્રીહરિને જોઈને, અત્યંત આનંદ પામ્યા. (૧૨) પત્નીઓ સહિત દેવતાઓ મહા સુગંધિમાં લુબ્ધ થયેલા, ભમરાઓની પંક્તિથી મળેલા નંદન વનમાંથી લાવેલા પુષ્પો તથા સુગંધીમાન ચંદન, નિર્દોષ ભગવાન શ્રીહરિ ઉપર ભક્તિપૂર્વક વરસાવતા હતા. (૧૩) તે સમયે સર્વે સિદ્ધો તથા મહર્ષિઓના સમુદાયો ઊંચા સ્વરથી પ્રીતિપૂર્વક જય શબ્દ બોલતા હતા. ગંધર્વો તથા સાધ્ય દેવતાઓ સંગીત શાસ્ત્રાધ્યયન સફળ કરવા માટે ગાન કરવા લાગ્યા. (૧૪)

તે વખતે આ પૃથ્વીમાં એક મોટું આશ્ચર્ય થયું. વિવિધ પ્રકારના મણિઓની ખાણમાં મણિઓ પણ પ્રકાશમાન થયા. ફળો તથા પુષ્પો વડે નમી ગયેલા વૃક્ષોમાંથી મધ ઝરવા લાગ્યું. ગાયો, પોતાના આંચળોમાંથી દૂધનો સ્રાવ કરી પૃથ્વીને અભિષેક કરતી હતી. (૧૫) તે સમયે પૃથ્વી, પોતાના રક્ષણનો

સમય આજે આવ્યો છે એમ આત્મામાં ચિંતવન કરતી. સર્વત્ર લીલા ઘાસવાળી બની આનંદથી શોભાયમાન દીસતી હતી. શરીર ધારીઓના દુઃખો તત્કાળ નાશ પામ્યા. વ્યાઘ્રાદિ ઘાતક પ્રાણીઓએ સ્વાભાવિક વૈર પણ ત્યાગ કર્યું. (૧૬) સંકોચ પામેલા સેવકો તથા શત્રુજનો તથા અધર્માદિક સર્વ શક્તિવાળો કળિયુગ પણ તે સમયે સતયુગ જેવો થયો. સર્વત્ર સુખદવાયુ વાવા લાગ્યો. દિશાઓ પ્રસન્ન થઈ, સર્વે ભૂમિ મંગળ યુક્ત થઈ. (૧૭)

તે સમયે શાંત નક્ષત્ર, તારાઓના ત્રણ તથા ગ્રહોથી યુક્ત પ્રકાશમાન આકાશ, અતિ વિમળ થયું. પૃથ્વી ઉપર પ્રતિમામાં પ્રતિષ્ઠિત થયેલા દેવતાઓ, ધર્મપ્રિય, મુનિઓ તથા બીજા લોકો પ્રસન્ન મનવાળા થયા, અસુરો ભય પામ્યા. (૧૮)

સ્વર્ગમાં દેવતાઓના સમુદાયોનું પણ મંગળ થયું. ત્રિલોકીમાં અત્યંતાનંદ થયો. પ્રણીતજનોની પીડા નાશ કરનારા નારાયણ, ગુરુપણાના યોગ્ય સ્થાનરૂપ સિંહાસનમાં બિરાજ્યા તેથી જનોને અત્યંત સુખ થયું. (૧૯)

સમગ્ર નદીઓ પ્રસન્ન જળવાળી, પ્રફુલ્લિત કમળના સમુદાયની શોભાથી અત્યંત રમણીય બની. વનની પંક્તિઓ સુગંધિના લોભથી ચલાયમાન ભમરાઓની પંક્તિથી શોભતા પુષ્પના સમુદાયોવાળી શોભતી હતી. (૨૦)

સદ્ધર્મ નિષ્ઠ ભગવાનના ભક્તજનોનું દારિદ્રયપણું તત્કાળ દૂર થયું અને આલોકમાં અધર્મ નિષ્ઠ, જે ભગવાનના ભક્ત નથી, તેવા જનોના ભવનોમાં તે દારિદ્રય વાસ કરવા માટે દોડ્યું. પૃથ્વીમાં સમૃદ્ધિ એકદમ વૃદ્ધિ પામી નિર્ધનજનો આશ્ચર્ય પૂર્વક સમૃદ્ધિ પામ્યા. (૨૧)

પુરુષોત્તમ શ્રીહરિ સિંહાસનમાં બિરાજ્યા તેથી કાળ વિસ્મય પમાડે એવી મહા શોભારૂપ બન્યો. (૨૨)

તે મહોત્સવમાં અક્ષરસંજ્ઞાવાળા મુક્તો આવ્યા. મૂળ માયાનો પતિ તથા પ્રધાન પુરુષ આવ્યા. (૨૩) તત્ત્વાભિમાની દેવતાઓ આવ્યા. વૈરાજ પુરુષ બ્રહ્મા તથા સાવિત્રી, વિષ્ણુ તથા લક્ષ્મી આવ્યાં. (૨૪) શિવ તથા સતી ઉમા આવ્યાં. પૃથ્વી, મહર્ષિઓ, નારદમુનિ, ઈન્દ્ર, યમ, લોકપાળો આવ્યા. (૨૫) દેવતાઓ સિદ્ધો, સાધ્ય દેવતાઓ, ગંધર્વો તથા ચારણો તે મહોત્સવમાં આનંદથી જેમનો આત્મા પૂર્ણ થયો છે. તેવા થઈને આવ્યા. (૨૬) અક્ષર મુક્તો વગેરે, ઉત્સાહ મનવાળા પોતાના પરિવારે સહિત વિવિધ પ્રકારની ભેટો હાથમાં લઈને શ્રીહરિનાં દર્શન કરવામાટે આવ્યા. (૨૭)

પછી અક્ષરમુક્તો, કોટિ કામદેવના સૌંદર્યને નાશ કરનારી અંગની શોભાથી જેમણે સૌના ચિત્ત આકર્ષી લીધા છે એવા, સ્વાભાવિક શોભાવાળા, મંદ હાસ્યયુક્ત મુખાળા, શ્રીહરિને જોઈને, અત્યંત આનંદ તથા વિસ્મય પામ્યા. અને પ્રણત જનોના સમુદાયના વિવિધ ક્લેશને નાશ કરવામાં સમર્થ શ્રીહરિને, સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. પોતે લાવેલા ઉપહારો શ્રીહરિને આપીને, ભક્તિપૂર્વક નમસ્કાર કરીને, શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. (૨૮)

ઇતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીહરિકૃષ્ણ ગુરુપદારોણ સમયની શોભા વગેરેનું નિરૂપણ કર્યું એ નામે બાસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૨)



અધ્યાય ૬૩ મો

અક્ષરમુક્તો કહે છે :- હે હરે ! કારુણ્યાદિ ગુણોના મહાસાગર એવા તમારી દૃઢ ઉપાસના કરીને અમો સર્વ આવરણોથી નિશ્ચય રહિત થયા છીએ. ધર્મ, વૈરાગ્ય, જ્ઞાનાદિ મુખ્ય છે એવા અનેક દિવ્યગુણોના ધારક બન્યા છીએ. આવા પ્રકારના અમોએ, જળ જંતુઓને જેમ સમુદ્ર અનંત ભાસે છે. તેમ, તમો ગુણ વિભૂતિ, ઐશ્વર્યાદિ અનંત અપાર ભાસો છો. માટે તમારું સૌ ''અનંત'' એ પ્રકારે ગાન કરે છે. (૧)

હે પ્રભો ! પૃથ્વીમાં દેહધારીઓનું આત્યંતિક કલ્યાણ કરવા માટે સ્વીકાર કર્યું છે. મનુષ્ય દેહ જેમણે એવો તમો, આલોકમાં તમારો આશ્રય કરનારા અસંખ્ય મનુષ્યોને, તમારા પ્રતાપથી અમારા જેવા બનાવશો. કારણ કે તમો પરબ્રહ્મ સ્વયં અવતારી છો. તેથી વાત્સલ્યના જળનિધિ, સજ્જનોના એક સ્વામી પરાકાષ્ઠાને પામેલી તમારી અતિ દયાળુ પ્રકૃતિનું અમે કેમ વર્ણન રીએ ? (અમો અક્ષરમુક્તો કંઈ પણ કહેવાને માટે શક્તિમાન નથી.) (૨)

કરભાજન નામના મુનિએ કહેલું (શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં ''कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति संभवम् । कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः'' સત્યાદિ યુગોની મધ્યે હે રાજન્ ! પ્રજા કળિયુગમાં જન્મ ઇચ્છે છે. કળિયુગમાં મનુષ્યો નારાયણ પરાયણ થશે.) સત્ય કરવા માટે કળિયુગમાં આ ભૂતળમાં આવિર્ભાવ પામેલા છો. તે સર્વ પ્રકારે આશ્ચર્ય જ કહેવાય. (તમે તો સર્વ પ્રકારે, સર્વકાળે ત્રિયુગ શબ્દાર્થ પ્રતિપાદ્ય ષડૈશ્વર્યવાળા જ છો. એવો ત્રિયુગ શબ્દનો અર્થ કળિયુગ સિવાય બીજા ત્રણ યુગમાં જ ફક્ત ભગવાન છ ઐશ્વર્યો સાથે પ્રગટ થાય છે તેવું વ્યાખ્યાન કરનારાઓનું માનભંગ કરવા માટે જ, પ્રાદુર્ભાવ પામેલા છો. એ આશ્ચર્ય છે) વળી મહાકાળથી નષ્ટ પામેલો સર્વોત્તમ મંગળ સ્વરૂપ એકાંતિક ધર્મ, તેને પૃથ્વી ઉપર તમારા પ્રતાપથી વિસ્તાર પમાડશો. કારણ કે આપ બહુ ગુણ ઐશ્વર્યાદિવાળા અવતારી પ્રભુ છો. (૩)

હે ભૂમન્ ! તમો અવતારી છો. માટે જ અલૌકિક ગુણ ગણોના એક જળનિધિ, સર્વથી અધિક સામર્થ્યવાળા પુરુષોત્તમ, કેવળ કરુણાથી મનુષ્ય નાટ્ય આચરતા તમોને આ લોકમાં, સમગ્ર ખંડિયા રાજાઓ ચક્રવર્તી રાજાને જેમ અનુસરે છે તેમ, દિવ્ય ગુણ ઐશ્વર્યવાળા તમારા અવતારો, તથા બ્રહ્માદિ દેવતાઓ, હંમેશા તમારું અનુગમન કરે છે. (૪) તમારા ચરણ કમલાંકિત મંગળવાળી આ સમગ્ર પૃથ્વીને ધન્ય છે. કારણ કે સમગ્ર સ્વર્ગાદિ લોકથી પણ પૃથ્વી તમારા સંબંધથી વિશિષ્ટ છે. (આ પૃથ્વીને

કેવળ તમારા ચરણકમળથી અંકિત થવાનો લાભ છે એમ નથી. વિશેષ પણ લાભ છે.) આ પૃથ્વીમાં જગતને મંગળ કરનારી વિવિધ દિવ્ય લીલાઓ પણ તમો કરશો જ. આ પૃથ્વીમાં મહિમાનું અહો ! શું વર્ણન કરીએ ? કારણ કે તમારા ચરણના સ્પર્શવાળા જે રજકણોને પણ, સજ્જન પુરુષો તથા દેવતાઓ રત્નજડિત મુગટ યુક્ત મસ્તકો ઉપર ધારણ કરશે. (ક્યાં આ રજકણો અને ક્યાં સત્પુરુષ તથા દેવતાઓનાં મસ્તકો ! તો પણ ભગવાનના સ્પર્શના મહિમાથી શું અસાધ્ય છે ?) (૫)

(હાલમાં કેવળ શ્રીહરિની શરણાગતિ વાળાઓને પણ ધન્યવાદ છે એમ કહે છે.) પૂર્વે અનેક જન્મોમાં જે દેવેન્દ્રોએ નિષ્કામ ભાવથી કરેલાં સત્કર્મો તેથી તેમને સુલભ, જન્મમરણના પ્રવાહના દુઃખને નાશ કરવામાં કારણરૂપ, પરમાનંદને આપનારું પાવનકારી યોગીન્દ્રોએ પણ ઈચ્છિત એવા તમારા આશ્રયને પૃથ્વીમાં જે જનો દઢપણે પામ્યા છે અને તમારે વિષે આસક્ત બુદ્ધિવાળા છે, તે જનોને આ લોકમાં ધન્ય છે, એમ અમો માનીએ છીએ. (૬) (પ્રથમ તો તમારા સ્વરૂપમાં માહાત્મ્યનું જ્ઞાન દુર્લભ છે. તે જ્ઞાન પ્રાપ્ત થવાથી સંસારિક સર્વ તુચ્છ જ થઈ જાય છે એ વાત કહે છે.)

હે હરે ! યથાર્થપણે તમારા માહાત્મ્યને જાણનારા, પવિત્ર મનવાળા, તમારા ચરણ કમળની સેવામાં પ્રીતિવાળા મુનિવરો તો ચતુર્થ પુરુષાર્થ જે મોક્ષ તેને પણ તૃણની માફક તુચ્છ ગણે છે. હે પ્રભો! આવા તમારા ભક્તો માયિક સુખને ન ઈચ્છે તેમાં શું આશ્ચર્ય છે ? સુંદર ભોજન જમનારો ચક્રવર્તી રાજા, આ લોકમાં શુષ્ક કુત્સિત ભોજનને શું ઈચ્છે છે ? નથી જ ઈચ્છતો. (૭)

હે સદ્‌ગુણ નિધે ! હે પ્રભો ! પૃથ્વીમાં સમગ્ર દેહ ધારીઓના શ્રેયને માટે ઉત્તમ મનુષ્ય નાટ્ય ધારણ કરતા, સ્વાશ્રિત જનોની સમગ્ર પીડા નાશ કરનારા, પરાત્પર તમો, જય પામો જય પામો. (૮) સમગ્ર જનોએ ચિંતવન કરાયું છે સ્વરૂપ જેમનું એવા, અખિલ ભુવનમાં એક મંગળ મૂર્તિ, સર્વના કારણ સ્વરૂપ, સકળ દેવતાઓએ પૂજ્યાં છે ચરણકમળ જેમનાં એવા, હે પ્રભો ! તમો જયકારી પ્રવર્તો, જયકારી પ્રવર્તો. (૯)

જેમના મનમાંથી વિષય વાસના દૂર થઈ છે. એવા તપસ્વી મુનિવરોએ હર્ષથી દરરોજ સેવા કરાયેલા, અભક્તોને દુર્લભ દર્શન વાળા, (૧૦) પ્રણામ કરનારા પ્રાણીઓના, અનેક જન્મનાં પાપ સંચય તથા સંસારનો ભય તત્કાળ નાશ કરતા એવા, તમો જય જય પામો. (૧૧)

ઉપનિષદોએ તથા અક્ષર બ્રહ્માત્મક અમોએ તથા બ્રહ્મા, વિષ્ણુ આદિ તત્ત્વદર્શિઓએ જેમના સદ્‌ગુણ તથા ઐશ્વર્ય અને યશનું ગાન કર્યું છે એવા તમો, જયકારી પ્રર્વતો. (૧૨)

અનંત, અનાદિ, અવિદ્યાથી મોહિત ચિત્તવાળા જગતમાં વર્તતા પ્રાણીઓનું મૂઢપણું નાશ કરીને સુખી કરવા માટે તમો સમર્થ છો. એવા તમો જયકારી પ્રવર્તો. (૧૩) તમારી સુશોભિત મૂર્તિનું ધ્યાન કરનારા મનુષ્યોને કરુણા કરીને સર્વ થકી અધિક તમારું સુખ આપતા એવા તમો, તમારા અવતારીપણાનો ઉત્કર્ષ પ્રગટ કરો. (૧૪) સમગ્ર તાપ હરનારું છે પવિત્ર દર્શન જેમનું એવા, દિવ્ય મંગળકારી ચરિત્રો વડે અસંખ્ય જીવોને અત્યંત પવિત્ર કરતા એવા તમો, તમારા અવતારીપણાનો ઉત્કર્ષ પ્રગટ કરો. (૧૫) તમારા ભક્તોની

વિવિધ પ્રકારની પીડાનો નાશ કરનારા, ભક્તોને શોભાડનારા, કામદેવના ગર્વને નાશ કરનારા, ધર્મના શત્રુઓનો નાશ કરનારા તમોને, અમો અક્ષર મુક્તો, સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. (૧૬)

હવે મૂળ માયાપતિ સ્તુતિ કરે છે : હે હરે ! હે અખિલેશ્વર ! જેમ સમુદ્ર થકી જળ બિંદુને જેવું સામર્થ્ય મળે છે, તેમ મૂળ માયાપતિ હું તમારાથી અલ્પ સામર્થ્ય પામ્યો છું. હું તમારી આજ્ઞાથી, તમારે વશ વર્તીને, અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ હંમેશા કરું છું. એવો હું, અક્ષર પર પરમેશ્વર તમોને, અતિ હર્ષપૂર્વક અભિવાદન કરું છું. (૧૭)

પ્રધાન પુરુષ કહે છે : હે શ્રીહરે ! હું પ્રધાનપુરુષ, તમારી આજ્ઞાથી એક બ્રહ્માંડ સૃજુ છું. હંમેશા તમારે આધીન રહીને, તમોએ આપેલા નાના પ્રકારનાં ઐશ્વર્ય તથા સામર્થ્ય વાળો હું, આનંદથી અત્યંત કૃપા સમુદ્ર તમોને શરીર, વાણી અને મનથી નમસ્કાર કરું છું. (૧૮)

તત્વાભિમાની દેવતાઓ સ્તુતિ કરે છે :- હે પરમ સર્વોત્તમ ભગવાન્ ! પરમેશ્વર ! તમોએ સૃષ્ટિમાં પહેલાં સૃજેલા સમગ્ર અમો જે તત્વાભિમાની દેવતાઓ, વૈરાજ શરીરને સૃજવા માટે લગારેય પણ શક્તિમાન જ્યારે ન થયા, ત્યારે અમારામાં પ્રવેશ કરીને તમો તત્કાળ અતુલ શક્તિ આપનારા, અનુપમ, પરમેશ્વર, આભૂતળમાં પ્રાદુર્ભાવ પામેલા તમોને, વારંવાર નમસ્કાર કરીએ છીએ. (૧૯)

વૈરાજ પુરુષ સ્તુતિ કરે છે :- સકળ લોકના સંસૃતિના દુઃખનો નાશ કરનારા, તમારા થકી પ્રાપ્ત શક્તિવાળો હું વૈરાજ પુરુષ તમારી આજ્ઞાથી આ સમગ્ર ભુવન ધારણ કરું છું. તેવો હું, વિવિધ પ્રકારના તર્કના વિષયમાં ન આવે તેવા વાત્સલ્ય, ઔદાર્ય, વગેરે ગુણો, અણિમાદિ શક્તિઓ તથા સમગ્ર ઐશ્વર્યાદિ સંપદાઓવાળા પુરુષોત્તમ એવા તમોને, સદા નમન કરું છું. (૨૦)

બ્રહ્મા કહે છે :- હે શ્રીહરે ! તમો અસુરાંશવાળા ગુરુઓએ પ્રવર્તાવેલા અધર્મ વંશને, તમારા પ્રતાપથી ઉચ્છેદન કરીને શુભધર્મનું કુળ આ પૃથ્વીમાં સ્થાપન કરશો. (૨૧)

હાલમાં ચક્રવર્તી રાજા જેમ પોતાની સેનાને યુદ્ધનાં સાધનો આપીને, દિશાઓમાં મોકલીને, તેના દ્વારા દિગ્વિજય કરે છે તેવી રીતે તમો પણ સધુઓને, અધર્મ સર્ગના વિજયનાં સાધનો આપીને, જુદા જુદા દેશોમાં મોકલીને, સાધુ દ્વારાએ તમારા ભક્ત જનોના અંતઃકરણના શત્રુઓ રૂપ અધર્મનું મૂળ ઉખેડીને, તમારી એકાંતિક ભક્તિ પ્રવર્તાવશો. એ કહે છે.) હે શ્રી હરે ! આપ વેદ તથા પંચરાત્ર રૂપી અભેદ્ય ધનુષ, જ્ઞાનરૂપી તલવાર, નિયમોરૂપી બાણો, તમારી આજ્ઞારૂપી જય ધ્વજ, તેજરૂપી વજ્ર, મુનિઓને આપીને. (૨૨)

અસુર ગુરુઓને જીતવા માટે, મુનિઓને આ ભૂતળમાં દરેક દેશમાં ફરવા તમો પ્રેરણા કરશો. તે જ સમયે મહાબળવાળા અસુર ગુરુઓ તેમનાથી ભય પામીને નાસી જશે. અને ગુપ્ત રીતે રહેશે. (૨૩) તમોએ મોકલેલા સાધુઓ, તમારા પ્રતાપથી અધર્મ સર્ગને પરિવારે સહિત મૂળમાંથી વિનાશ કરશે. અને લોકોના હિત માટે સર્વ આપત્તિ નિવર્તક તમારી ભક્તિ, ધર્મ જ્ઞાન, અને વૈરાગ્ય જે અનુક્રમે તમારું મસ્તક, હૃદય અને ચરણરૂપ છે, તે અંગો સાથે તમો તેને આલોકમાં શુભ પ્રવૃત્તિદ્વારા વિસ્તાર પમાડશો. (૨૪)

બહુ મત્સરવાળા સર્વ મતવાદી વિદ્વાન, જનોને, તે મુનિઓ તમારા પ્રતાપથી જીતીને સર્વ જનોને મોક્ષકારી સુંદર માર્ગ વિસ્તારશે. (૨૫) આલોકમાં પ્રગટ થયેલા હે અવતારી ! જન સમુદાયને વિસ્મય પમાડનારું તમારું પવિત્ર સર્વોત્તમ ઐશ્વર્ય જોઈને, હે શ્રીહરે ! હું બ્રહ્મા, અધિક આશ્ચર્ય પામીશ. (૨૬) હે અનેક બ્રહ્માંડના અધિપતિ ! પૃથ્વીમાં માનવ નાટ્ય ધારણ કરનાર મનુષ્યોની આત્યંતિકી મુક્તિ કરનારા, પુરુષોત્તમ ! તમોને તમારો દાસ હું સર્વથા પ્રણામ કરું છું. (૨૭)

સાવિત્રી કહે છે :- હે વરદ ! સ્ત્રીઓને પુરુષોથી દશ ગણું કામ બળ છે. તેવી સ્ત્રીઓ પણ, મહા બળવાન કામનો તમારા આશ્રયથી વિનાશ કરીને, હે પરમહરે ! તમારી મૂર્તિમાં ચિત્તનું એકાગ્રપણું પામશે. અહો ! આ મોટું આશ્ચર્ય છે. (૨૮) હે શ્રીહરે ! શ્રવણ માત્રથી જ સુંદર મંગળકારી, અનુપમ, અવતારી તમારો આ મહાપ્રતાપ છે. તેથી સર્વ થકી વિલક્ષણ મહિમાવાળા અજીત તમોને હું પ્રણામ કરું છું. (૨૯)

વિષ્ણુ કહે છે :- હે અવતારિન્ ! તમારું ઐશ્વર્ય તથા ગુણોથી ભૂમિમાં તમારા જે અવતારો થાય છે, તેમણે તો આ પૃથ્વી ઉપર ફક્ત અલ્પ સ્થળમાં જ મુક્તિનો માર્ગ પ્રવર્તાવ્યો છે. (૩૦) હે ઉદાર કીર્તે ! સર્વેશ્વરોના પતિ ! પુરુષોત્તમ ! તમો આ લોકમાં સત્ શાસ્ત્રોમાં કહેલો મુક્તિનો માર્ગ સમુદ્ર પર્યંત પ્રવર્તાવશો. કારણ કે તમો અસાધારણ ઐશ્વર્યવાળા છો. (૩૧) હે ભૂમન્ ! સંસારરૂપી અપાર વનમાં ભમતા, મોહ પામેલા, અતિ તપાયમાન થયેલા અસંખ્ય જીવોને, તમારા અક્ષર ધામમાં તમો કેવળ દયાથી જ લઈ જશો. (૩૨)

હે હરે ! અનેક વિશ્વેશ્વરોના નિયામક, ભક્તજનોની પીડા હરનારા, ગુણ ક્ષાત ઐશ્વર્યના સમુદ્રરૂપ તમારાથી સકળ પ્રાણીઓના પોષણ કરવારૂપ સામર્થ્ય પામેલો હું વિષ્ણુ, તમારી આજ્ઞાથી પોષણ કરું છું. (૩૩) સ્વતંત્ર, સત્યવ્રત, અને પૂર્ણકામ એવા અવતારી તમો, આલોકમાં અનેક જનોને, તમારા અત્યંત સુંદર સ્વરૂપમાં સમગ્ર અવતારો બતાવશો. (૩૪)

હે હરે ! તમો ગોલોકાદિ ધામોમાં રહેલી તમારી દિવ્ય મૂર્તિઓ તથા તે ધામનું દિવ્ય ઐશ્વર્ય, તમારી મૂર્તિમાં, તમારા અસંખ્ય ભક્તજનોને બતાવશો. (૩૫) આ લોકમાં તમો ઘણા સાધારણ જનોને પણ તમારી દૃષ્ટિ માત્રથી જ સાધન વિના, સાધનોથી પણ દુર્લભ, તમારા દિવ્યાકારમાં સમાધિ કરાવાશો. (૩૬) હે હરે ! આ ભૂલોકમાં તમારા બીજા અવતારોએ જેવો મનુષ્યોનો મોક્ષ કર્યો છે અથવા તેમના ભક્તોને જેવી સમાધિ કરાવી છે, તેવી સમાધિ તથા મોક્ષ તો તમો તમારા ભક્તો દ્વારા કરાવશો. (૩૭)

અપાર તેજોમય જે અક્ષરધામ, તેના મધ્યમાં જડેલા મણિંદ્રોવાળું સોનાનું જે સિંહાસન, તેમાં અનેક કોટિ અક્ષર મુક્તોએ યુક્ત તમારી દિવ્ય મૂર્તિ વિરાજે છે. (૩૮) અખિલેશ્વરોના પણ ઈશ્વર! તમો તે મૂર્તિ જેવી છે તેવી જ જીવોને બતાવશો. વળી જીવ, ઈશ્વર, માયા બે પ્રકારની (પ્રધાનમાયા, મૂળ માયા) તથા અક્ષરભાવને પામેલા મુક્ત પુરુષો અને અક્ષરબ્રહ્મ, તે સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન કરાવશો. (૩૯)

તમારો સંબંધ પામેલ લાકડી, વસ્ત્ર, પુષ્પ વાહન, આદિકના દર્શન માત્રથી પણ મનુષ્યોને તત્કાળ

સમાધિ થશે. અને તે સમાધિમાં બ્રહ્મપુરાદિક ધામ જોશે. (૪૦) તે અક્ષરાદિ ધામમાં સાધારણજનો પણ અવિનાશી, દિવ્ય, અનુપમ, ઐશ્વર્ય તથા અલૌકિક સુખ જોશે. એટલું જ નહીં પણ સમગ્ર જનોને વંદનીય બની, તમારી કૃપાથી જ દેહ મૂકીને અક્ષર ધામમાં જશે, (૪૧)

કોઈ પણ પુરુષે કોઈ અન્ય દેશમાં તમારા ચરિત્રની જે વાતો કરી હશે. તે સાંભળીને જ જનો તમારી કૃપા વિના દુષ્પ્રાપ્ય એવો અલૌકિક ભાવ તત્કાળ પામશે. (૪૨) હે હરે ! તમારા આગળના અવતારોને તમારી રમણીય મૂર્તિમાં તમો લીન કરી દેખાડશો એવો અતિ અદ્‌ભુત પ્રતાપ તમારા અનેક જનોને બતાવશો. (૪૩) હે શ્રી હરે ! તમારી મૂર્તિ તો કોઈ પણ અવતારની મૂર્તિમાં લીન નહીં જ થાય. એવું આશ્ચર્ય જોઈને લોકો તમોને સર્વોપરી અવતારી જાણશે. (૪૪) અહીશ્વર ! ઉપનિષદો, અક્ષર બ્રહ્મ, બ્રહ્મા ઈન્દ્રાદિકોએ ગાન કરેલાં ઘણા ગુણ તથા પ્રતાપવાળા, અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરવા માટે અવતરેલા, સ્વતઃ દોષરહિત પુરુષોત્તમ ! તમોને હું વિષ્ણુ, અભિવંદન કરું છું. (૪૫)

શ્રી લક્ષ્મીજી કહે છે :- હે ભગવન્ ! જીવોના સમુદાયોને સંસારથી મૂકાવવામાં ચતુર, તમારા આનંદને આપનારા, તમોને ત્યાગ કરીને જે જનો સાંસારિક વૈભવની પ્રાપ્તિને માટે હંમેશા મને (લક્ષ્મી)ને ભજે છે, તે જનો અતિ મંદ બુદ્ધિવાળા છે. (૪૬) તમારાથી જે જનો વિમુખ છે તે મારા કટાક્ષ માત્રથી પ્રાપ્ત થતી સંપત્તિને પામતા નથી. કારણ કે તમારા ચરણારવિંદના આશ્રયે રહિત મનુષ્ય તરફ હું (લક્ષ્મી) ક્યારેય પણ દૃષ્ટિ કરતી નથી. (૪૭)

જે જનો તમારો અનન્યાશ્રય પામેલા છે તે જનો પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરે છે. તમારા આશ્રયથી શ્રેષ્ઠ દેવતાઓએ પણ આદરપૂર્વક વંદનીય બની, અનુપમ સુખ પામે છે. તેથી તે પણ ધન્ય છે. (૪૮) હે શ્રી હરે ! જે જનો તમારી ઉપાસનાનો ત્યાગ કરીને બીજા દેવોની ઉપાસના કરે છે, તે જનો અક્ષય સુખ નથી જ પામતા. તેથી બીજા દેવોનો ત્યાગ કરીને અવતારી, નિત્ય નિર્દોષ, સનાતન, તમોને હું ભજું છું. (૪૯)

શંભુ કહે છે :- હે ભૂમન્ ! પુણ્ય પાવન હું શિવ, તમારી પાસેથી શક્તિ મેળવી, તમારી આજ્ઞાથી વિશ્વ સંહાર કરું છું. તો પણ તમારા પ્રતાપથી નિર્દોષ છું અને સુખ આપનાર તમારા ચરણકમળનું હું પૂજન કરું છું.(૫૦) હે ભગવન્ જગતની ઘણી સ્ત્રીઓ તમારા દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી કામવાસનાનો ત્યાગ કરીને, શુદ્ધ અંતઃકરણવાળા મુનિઓને પણ દુષ્પ્રાપ્ય સમાધિ, અષ્ટાંગ યોગના સાધન વિના પણ પામીને, સ્વર્ગાદિ લોકને ભેદીને અતિ સુંદર, અનાદિકાળથી વિદ્યમાન, અતિશ્રેષ્ઠ તમારું અક્ષરધામ પામશે. (૫૧)

હે શ્રીહરે ! તમારા બીજા અવતારોએ નહીં બતાવેલું તેથી અનુપમ, અત્યંત મહાન, શ્રવણ માત્રથી સુખ આપનારું, તમારું આ ઐશ્વર્ય જોઈને હું શંકરની પત્ની, સતી, આનંદ પામીશ. સર્વ શ્રેષ્ઠ અગણિત ગુણ તથા મહા ઐશ્વર્યવાળા, પૂર્ણકામ, સર્વાધિપતિ, મનોહર ચરિત્રોવાળા, ઈશ્વરોના ઈશ્વર, તમોને જે શરીર, વાણી અને મનવડે હું નમસ્કાર કહું છું. (૫૨)

પૃથ્વી સ્તુતિ કરે છે :- કળિયુગના પ્રવેશથી ક્ષુભિત અંતઃકરણવાળા, જેમણે ઘણાં પાપો કર્યાં છે એવા, દૈત્યાંશવાળા, આચાર્યોના ગણોએ તથા તેમના શિષ્યોએ પીડા પમાડેલી અને મલીન કરેલી મને (પૃથ્વીને) પવિત્ર કરીને હે પ્રભો ! અવતારી તમો, કૃપા કરીને દૈત્યાંશ ગુરુ તથા શિષ્યોથી મારું રક્ષણ કરશો જ. (૫૩) ધર્મનું રક્ષણ કરવામાં અતિચતુર, પ્રણતોની પીડા નાશ કરનારા તમો, તમારા પ્રતાપથી ગુરુઓ તથા શિષ્યો બંનેનો પરાભવ કરશો. મારા ઉપર પ્રવર્તેલા અધર્મને તત્કાળ ઉખેડી નાંખશો. આશ્રિતજનોનું તથા મુનિઓનું આપત્કાળથી રક્ષણ કરશો. (૫૪) તમારા ભક્ત સાધુઓએ ચંદનથી પૂજેલા તમારા ચરણ કમળના સુંદર ચિન્હો વડે મને અલંકૃત કરતા તમો, તમારા એકાંતિક સાધુ સમૂહની સાથે વિચિત્ર લીલાઓ જ્યારે કરશો ત્યારે, સનાથ થઈને હું ઉત્તમ લક્ષ્મી, વીર્ય, જ્ઞાન, વૈરાગ્યાદિ ગુણો પામીશ. (૫૫) સ્વર્ગ વગેરે ઉત્તમ લોકથી પણ અધિક કીર્તિને પામતી, તમારા ચરણ કમળના સંબંધથી શાંત પામી છે. સમગ્ર પાપીજનોના સંસર્ગથી પીડા જેને એવી મને, મારા મહિમાનું ગાન જેમણે કર્યું છે એવા શ્રેષ્ઠ દેવતાઓ, મારા વિષે જ નિવાસ પામવા અપેક્ષા રાખીને, તમોને નમસ્કાર કરશે. (૫૬)

હે દિવ્ય ધામવાળા ! દિવ્ય પ્રભાવવાળા ! કપિલમુનિના સુંદર આશ્રમમાં વાસ પામેલા જે તમો અખિલ પતિ ! તમારી દાસી જે હું મારી પ્રાર્થના સાંભળીને તમારે શરણે આવેલી મને, અતિ શાંતિ પમાડનારા છો. પુરુષોત્તમ તમોને હર્ષપૂર્વક હું વારંવાર નમસ્કાર કરું છું. (૫૭)

મહર્ષિઓ સ્તુતિ કરે છે :- આ લોકમાં અમારા તપમાં વિઘ્ન કરનારા દુર્જય કામાદિ અંતઃશત્રુઓને તમે પુરુષોત્તમ ! નાશ કરશો. માટે હે અવતારી ! અમો તમોને નમસ્કાર કરીએ છીએ. (૫૮)

નારદ સ્તુતિ કરે છે :- પંચરાત્ર શાસ્ત્રમાં મેં કહેલી શુભ ભક્તિ, ભૂમિ ઉપર પ્રવર્તવા માટે કોઈ પણ સમર્થ થયા નહિ તે ભક્તિ તમો પૃથ્વીમાં ચોતરફ વિસ્તારશો જ. અતકર્ય પ્રતાપવાળા પુરુષોત્તમ! તમોને હું નારદ અભિવાદન કરું છું. (૫૯)

ઇન્દ્ર સ્તુતિ કરે છે :- હે ભુવનપતે ! હું ઈન્દ્ર તમારી પાસેથી પરાક્રમ પામી, તમારી આજ્ઞાથી પૃથ્વીમાં વૃષ્ટિ કરુ છું. બ્રહ્મા મુખ્ય જેમાં છે એવા ઈશ્વરો, જેમ નાથેલા બલીવર્દો (બળદો) ખેડૂતોને વશ વર્તે છે તેમ, તમારે વશ વર્તે છે. (૬૦) હે શ્રી હરે ! લોકમાં દૈત્યાંશ ગુરુઓએ પ્રેરણા કરવાથી લોકોએ કરેલા, અસત્ પુરુષોને પ્રિય, તેથી જ દૈત્યોને યોગ્ય હિંસાવાળા યજ્ઞોમાં, અમો તમારા ભક્ત હોવાથી તે યજ્ઞોનો ભાગ ગ્રહણ ન કરવાથી અત્યંત કૃશ થયા છીએ. (૬૧) હે પરમ ! હે અવતારી તમો તમારા પ્રતાપથી હિંસામય અધર્મને પૃથ્વી ઉપરથી વિનાશ કરીને, અહિંસામય યજ્ઞો કરાવીને અમારી પુષ્ટિ કરશો. તેથી અમારું દુઃખ નિવારણ કરનારા તમોને અમો વારંવાર નમસ્કાર કરીએ છીએ. (૬૨)

યમરાજા સ્તુતિ કરે છે :- સમગ્ર ગુણોથી અત્યંત શ્રેષ્ઠ, અક્ષરાદિ સમગ્ર મુક્તોના સ્વામી, અનુપમ દયાવાળા, ક્લેશને નાશ કરનાર છે યશોગાન તથા નામોચ્ચારણ જેમનું એવા તમો કેવળ તમોને જ યોગ્ય આ ગુરુપદ ઉપર તમો જ્યારે બિરાજ્યા ત્યારે, જેમ રાજ્યાસન ઉપર બેઠેલા ચક્રવર્તી રાજા, દુષ્કર્મોથી કેદખાનામાં પડેલાઓને કેદખાનામાંથી મુક્ત કરે છે તેમ કરેલા દુષ્કર્મોથી અનેક પ્રકારના નરકમાં

પડેલા કરોડો જીવોને, તમે સંકલ્પ માત્રથી નરકમાંથી મુક્તિ આપી દીધી છે. (૬૩)

(જ્યારે તમો તમારી નગરીથી મારી સમીપે આવ્યા ત્યારે નરકમાં પડેલા નારકીઓને તમોએ દીઠા હતા. તેથી મને પામીને તો કોઈ પણ નારકીઓ બીજે ગયા નથી. તેથી તમોએ કેવી રીતે જાણ્યું કે મેં નારકીઓને નર્કમાનથી છોડી મૂક્યા છે એમ કહેતા હો તો ત્યાં કહ્યું છું હે ઈશ ! મને આ વૃત્તાંત (નારકીઓ નરક મુક્ત થાય છે તે) મારા સેવકોએ દૂરથી પત્ર આપીને જણાવ્યું છે. આવા પ્રકારનું ઐશ્વર્ય તો મેં ક્યારેય પણ જોયું નથી તેમ સાંભળ્યું પણ નથી. (નનુ-બીજા મારા અવતારોએ આવું ઐશ્વર્ય, બતાવ્યું છે એમ હેતા હોતો આવા પ્રકારનું આશ્ચર્ય કરનારું ચરિત્ર તો હે અવતારી ! તમારું જ છે એમ કહે છે) પૃથ્વી ઉપર થયેલા બીજા તમારા અવતારોએ જે નથી કર્યું, તે તમારા પ્રતાપથી અવતારી તમો જ કરી શકવા સમર્થ છો. (૬૪)

(અહો તમારો મહિમા શું કહું ? કારણ કે તમારા નામોચ્ચારનું સામર્થ્ય પણ કહેવા માટે હું શક્તિમાન નથી એ વાત કહે છે) હે દયાળો ! તમારા નામોચ્ચારણ માત્રથી પણ સુકૃત ઉત્પન્ન કરનારું, જગતમાં પ્રસિદ્ધ, થોડા સમયમાં પણ સમુદ્ર પર્યંત પ્રસિદ્ધિને પામેલું. તમારું સ્વામિનારાયણ નામ, જે જનો જાણીને અથવા અજાણે એકવાર પણ બોલશે અથવા મશ્કરીમાં બોલશે અથવા જે જનો અંતકાળે પણ સાંભળશે, અતિ પાપ કરનારા તે જનો, નિશ્ચય તમારા દૂતના ભય થકી રહીત થઈ ને પાપ, યમપાશ તથા જન્મ મરણરૂપ સંસૃતિથી રહિત થઈ, મોક્ષ પામશે. તેથી સર્વશ્રેષ્ઠ ! તમારો મહિમા હું યમ શું કહું ? યથાર્થ કહેવા માટે શક્તિમાન નથી. (૬૫)

હે ભગવાન ! યમદૂતો થકી રક્ષણ કરવાની તમારી જે કળા તે તો આશ્ચર્યરૂપ જ છે. કારણ કે પહેલાં પાપીઓને દંડ દેવાની પ્રવૃત્તિમાંથી સમય ન મળવાથી તમારા ભજનનો અવકાશ મળતો નહિ. હમણાં પાપી જનોને પણ તમોએ પ્રયાસ વિના તમારે શરણે લઈને, તમોએ તેમનું રક્ષણ કર્યું છે તેથી એવા પાપીજનોના અભાવથી દંડ દેવાનો મારો ઉદ્યમ બંધ થયો છે. એટલે તમારા ભજનનો અવકાશ મળ્યો છે. એ વાત કહે છે) હે ઈશ ! પૃથ્વી ઉપર તમો કૃપા કરી જીવોના મોક્ષ માર્ગમાં પ્રવર્ત્યા હોવાથી મારા મંત્રી ચિત્ર લેખ, તથા હું નિવૃત્તિ પામીને, દુઃખોના કારણભૂત આ કલિયુગ તેના મળને નાશ કરનારું તમારું ભજન નિરંતર પ્રીતિથી કરીશું. (૬૬)

લોકપાલો સ્તુતિ કરે છે :- તમારા થકી બળ પ્રાપ્ત કરીને તમારાથી ભય પામેલા ચિત્તવાળા અમો દિશાઓના ઈશ્વરો તમારી આજ્ઞાથી રાત્રિ દિવસ દિશાઓનું રક્ષણ કરીએ છીએ. સર્વનિયંતા, સર્વોત્તમ સુખનિધિના નિયામક, પુણ્યકીર્તિવાળા, સંસારનો નાશ જેનાથી છે એવા તમોને, નમસ્કાર કરીએ છીએ. (૬૭)

દેવો સ્તુતિ કરે છે : હે હરે ! તમારી માયાથી વિમોહિત દૃષ્ટિવાળા મુખ્યદેવતાઓ, સર્વ થકી પર જે અક્ષર, તેનાથી પણ સર્વ પ્રકારે સ્વરૂપ સ્વભવાદિથી વિલક્ષણતમોને, તત્ત્વે સહિત નથી જાણતા. તેથી તમારા સેવકો જે અમો દેવો તેમનું હંમેશા રક્ષણ કરો. (૬૮)

પ્રજાપતિ સ્તુતિ કરે છે :- યજ્ઞાદિ પુણ્યોનો વિસ્તાર જેમણે કર્યો છે એવા, જીવોના મોક્ષ કરવામાં એક આગ્રહવાળા, કર્યું છે સત્પુરુષોનું સન્માન જેમણે એવા, સાધુના સમુદાયોએ જેમના યશનું ગાન કર્યું છે એવા, સાંભળ્યું છે મુનિજનોનું ગાન જેમણે, ભક્તોએ સ્તુતિ કરાએલા પરમ સુખના સાગર, સુંદર છે વાહન જેમને એવા, તમોને અમો પ્રજાપતિઓ નમસ્કાર કરીએ છીએ. (૬૯)

સિદ્ધો સ્તુતિ કરે છે : સમગ્ર દોષ રહિત, કાળ માયાદિના નિયામક, સર્વ પ્રાણીઓના આધાર, સમગ્ર પ્રાણિઓના સાક્ષી, અનાદિ હોવાથી પોતાની ઉત્પત્તિમાં કારણ રહિત, જગતની સૃષ્ટિ, સ્થિતિ અને લયના કારણરૂપ, મુક્તોએ હંમેશા ચિંતવન કરવા યોગ્ય એવા તમોને અમો સિદ્ધો નમસ્કાર કરીએ છીએ. (૭૦)

ગંધર્વો સ્તુતિ કરે છે : હે વિભો ! જે જનો તમારી કથાનું શ્રવણ અથવા ગાન કરે છે તે જનો, પરમ શાંતિ પામી, તમારી કૃપાથી સંસારના બંધનથી મુક્ત થઈ તત્કાળ મુક્તિ પામે છે. એવા તમોને અમો ગંધર્વો ભજીએ છીએ. (૭૧)

સાધ્ય દેવતાઓ સ્તુતિ કરે છે : હે શ્રીહરે ! અપ્રમાણ, શક્તિ, ગુણ ઐશ્વર્યવાળા, શુભગુણોના પાત્ર સ્વરૂપ, અનુપમ અંગવાળા, ભક્તો તથા સંતોના વૃંદોને ઉતસવ છે જેનાથી એવા, નાશ કરી નાખી છે પોતાના આશ્રિત જનોની યમ યાત્રા જેમણે એવા, પૃથ્વીનું રક્ષણ કરનારા એવા, તમોને જે જનો કેવળ પ્રણામ જ કરે છે તે જનો લગારેય દુઃખને પામતા નથી. માટે તમોને અમો સાધ્ય દેવતાઓ નમસ્કાર કરીએ છીએ. (૭૨)

ચારણો સ્તુતિ કરે છે : પંડિતોએ ગદ્ય-પદ્યોથી ગાન કરેલું અને જગતને પવિત્ર કરનારું આશ્ચર્યકારી તમારું ચરિત્ર, જે જનોએ સાંભળ્યું છે અને ગાયું છે, તે જનોની પીડા તથા પાપના સમુદાય નાશ થાય છે. એવા તમોને અમો ચારણો નમસ્કાર કરીએ છીએ. (૭૩)

હે ભૂપતે ! સર્વે અક્ષર યુક્ત, મૂલ પુરુષાદિ, પ્રકર્ષપણે સુશોભિત સિંહાસનમાં બેઠેલા પુરુષોત્તમ શ્રીહરિની સ્તુતિ કરીને આનંદ પામ્યા અને શ્રીહરિનાજ દર્શન કરતાં તે સમયમાં યોગ્ય દિવ્ય વસ્તુઓ શ્રીહરિને આપવા માટે પ્રીતિપૂર્વક પ્રવૃત્ત થયા. (૭૪)

શ્રીહરિની સાથે જ રાત્રિ દિવસ પોતાના પરિવાર સહિત રહેનારા ધર્મદેવ, આ મહોત્સવના દર્શન કરીને હર્ષ પામેલા પુરુષોને જોઈને, તથા અક્ષરમુક્તાદિએ કહેલી સ્તુતિ સાંભળીને હે ક્ષિતિપતે! ઘણો આનંદ પામતા હતા. અક્ષર મુક્તો છે મુખ્ય જેમાં એવા મૂળ માયાના પતિ શ્રેષ્ઠ બુદ્ધિવાળા તે સર્વે, શ્રીહરિને અમૂલ્ય વસ્તુઓ અર્પણ કરતા હતા. (૭૫) (અક્ષર મુક્તાદિએ કરેલી આ સ્તુતિ ઘણા અર્થવાળી, બુદ્ધિ પ્રમાણે અનુવાદ કરી છે. તેથી હે શ્રીહરિ મારું રક્ષણ કરો.)

ઈતિ શ્રી હરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિતે શ્રી હરિલીલાકલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રનાં દ્વિતીય સ્કંધમાં મહર્ષ્યાદિ કૃત શ્રીહરિ સ્તુતિ નિરૂપણ નામે ત્રેસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૩)



અધ્યાય ૬૪ મો

પછી શ્રીહરિને ભેટ આપવાના આરંભમાં પ્રથમ હે રાજન્ ! અક્ષર મુક્તોએ પોતાને અત્યંત પ્રિય, સત્ય, શૌચ અપહતપાપ્મત્વાદિ ગુણ ગણો તથા ઐશ્વર્ય, વિભૂતિ આદિકના એક આશ્રયરૂપ, હરિકૃષ્ણ, શ્રીપુરુષોત્તમને અત્યંત શોભાવાળો સત્તાવીશ સેરોવાળો મોતીઓનો હાર આપ્યો. (૧)

તે વખતે મૂલપુરુષ શ્રી હરિને અતિ સુંદર, અમૂલ્ય, ઘણાં મોતીઓથી યુક્ત માળા અર્પણ કરતા હતા. પ્રધાનાધિપતિ પુરુષે લાલ શ્રેષ્ઠ મણિઓથી ગુંથેલી સુશોભિત માળા આપી. (૨)

તે વખતે પૃથ્વાદિકના અભિમાનવાળા દેવતાઓએ શ્રીહરિના દર્શનથી પ્રાપ્ત થયેલા આનંદના સમુદ્રમાં જાણે પોતાનું ચિત્ત ડૂબી ગયું છે એવા થઈ દુઃખને હરનારા શ્રીહરિને, અતિ સુંદર પંચવર્ણવાળી વૈજયંતી માળા પ્રીતિપૂર્વક અર્પણ કરી. (૩)

તે સમયે વૈરાજ પુરુષ, નિયંતા શ્રીહરિને, વિવિધ પ્રકારના મણિઓથી પ્રકાશમાન અતિ શ્રેષ્ઠ, શુદ્ધ સુવર્ણથી કરેલો મુગટ હર્ષપૂર્વક સમર્પણ કરતા હતા. (૪) તે વખતે બ્રહ્માએ પોતે શ્રીહરિને મહામૂલ્યવાળું શ્રેષ્ઠ સુવર્ણમય યજ્ઞોપવીત અર્પણ કર્યું. વિષ્ણુએ કૌસ્તુભમણિ અર્પણ કર્યો. તેમ જ ત્રિનેત્રધારી શંકરે સ્ફટિક મણિના હાર અર્પણ કર્યો. (૫)

તે વખતે કુબેર ભંડારીએ શ્રીહરિને મનોહર સુવર્ણમય સિંહાસન અર્પણ કર્યું. વરુણે મહામૂલ્યવાળું અને સુવર્ણના દંડવાળું ચંદ્રમા જેવું સફેદ, જળ સ્રવે તેવું, છત્ર અર્પણ કર્યું (૬) વાયુએ ચામર અર્પણ કર્યું. પ્રજાપતિએ કીર્તિમયી દિવ્યમાળા અર્પણ કરી, ઈન્દ્રે વિવિધ પ્રકારના શ્રેષ્ઠ મણિઓ જડેલાં બે કુંડળો અર્પણ કર્યાં. (૭) લક્ષ્મીદેવીએ નાશ ન પામે તેવી વિભૂતિ (સંપત્તિ) અર્પણ કરી. પાર્વતીએ સુંદર સુવર્ણમય હાર અર્પણ કર્યો, પછી પૃથ્વીએ અત્યંત સુશોભિત બે પાવડીઓ શ્રીહરિને આપી. સ્વર્ગના દેવતાએ ન કરમાય તેથી ઉત્તમ કમળોની માળા અર્પણ કરી. (૮)

ચંદ્રમાએ અમૃતથી ભરેલો સુવર્ણ કળશ અને યમે નિયમ કરનારો દંડ, શ્રીહરિને અર્પણ કર્યો. ત્વષ્ટાએ વિવિધ મણિઓથી શોભાયમાન સોનાનો રથ અર્પણ કર્યો. (૯) સૂર્યે શ્રીહરિને સુવર્ણમય અતિ પ્રકાશમાન રેશમી વસ્ત્રો અર્પણ કર્યાં. વસંતે ન કરમાય તેવા પુષ્પના હાર અર્પણ કર્યા. તેવી રીતે બીજા ઋષિઓએ શુભાશીર્વાદ આપ્યા. (૧૦)

તેમજ બીજા બધાએ નાના પ્રકારના અત્યંત દિવ્ય ભૂષણો, શ્રીહરિને અર્પણ કર્યાં. પછી પુરુષોત્તમ શ્રીહરિને નમસ્કાર કરીને તે બધા શ્રીહરિના પ્રેમથી દર્શન કરતા ઊભા રહ્યા. (૧૧)

પછી ધર્મ પુત્ર શ્રીહરિ, હાથ જોડીને ઊભેલા પ્રસન્ન ચિત્તવાળા, પહેલાં કહેલા અક્ષર મુક્તાદિ સર્વેને, દયાદૃષ્ટિથી જોતા હતા, તે સર્વે સુખ રૂપી સમુદ્રમાં ડૂબેલા હોવાથી, કૃતાર્થ થયા છીએ એમ માનવા લાગ્યા. (૧૨) પછી શ્રીહરિએ કોઈને દૃષ્ટિની સંજ્ઞાથી, કોઈને ભ્રકૃટિના વિલાસથી, કોઈને મંદ હાસ્યથી, કોઈને વાણીથી, કોઈને હાથની ચેષ્ટાથી જ, એમ તે સર્વેને પોતપોતાના સ્થાનમાં જવા માટે

આજ્ઞા આપી. (૧૩)

પછી હે રાજન્ ! શ્રીહરિના દર્શનથી પ્રાપ્ત થયો છે. અત્યંત હર્ષ જેમને એવા ઈશ્વરના ઈશ્વર શ્રીહરિને અક્ષરાદિ મુક્તો આદરપૂર્વક પ્રણામ કરીને, શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના ધામમાં ગયા. (૧૪) (આવા પ્રકારનું અલૌકિક શ્રીહરિનું ઐશ્વર્ય તે સમયમાં જોઈને કોઈએ તે ઐશ્વર્ય સમાધિમાં જોયું એ વાત કહે છે) પુરુષોત્તમ શ્રીહરિનું આવા પ્રકારનું મોટું દિવ્ય ઐશ્વર્ય કેટલાક ભક્તો સમાધિમાં જોતા હતા. હે રાજન્ ! કેટલાક ભક્તો પ્રત્યક્ષ જોતા હતા. (૧૫)

પછી અત્યંત પ્રસન્ન થયેલા શ્રી રામાનંદ સ્વામીએ મહોત્સવમાં હજારોહજાર બ્રાહ્મણોને વિવિધ પ્રકારના સ્વાદુ ભોજનોથી તૃપ્ત કર્યા. (૧૬) શ્રી રામાનંદ સ્વામીએ ગાયોનાં દાન, દક્ષિણા તથા બીજા નાના પ્રકારના દાનથી, વિપ્રોને આદરપૂર્વક સંતોષ પમાડ્યા, (૧૭) સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ તે ઉત્સવમાં આવેલા અતિપ્રસન્ન મનવાળા મુનિઓને તથા શુદ્ધાન્તઃકરણવાળા સર્વ હરિભક્તોને પણ સુંદર ભોજનો વડે તૃપ્ત કર્યા. (૧૮)

ત્યારબાદ મહાબુદ્ધિશાળી પોતે શ્રી રામાનંદ મુનિ, પ્રીતિપૂર્વક શ્રીહરિને આદરપૂર્વક સ્વાદિષ્ટ ભોજનો વિધિ પ્રમાણે જમાડીને પોતે જમ્યા. (૧૯) પછી મહાન પુરુષોને પ્રિય રામાનંદ મુનિ શ્રીહરિની સાથે, સાધુઓ તથા હરિભક્તો સાથે જેતપુરથી ફણેણી ગામ આવ્યા. (૨૦) પોતાને અત્યંત પ્રિય શ્રીહરિ તથા પોતાના સાધુઓની સાથે ગુરુ શ્રી રામાનંદ સ્વામી, ફણેણી ગામના પોતાના ભક્તોએ સત્કાર કરાયેલા ફણેણી ગામમાં નિવાસ કરીને રહ્યા. (૨૧)

ફણેણી ગામમાં વેલો, ગોબર, કાનભાઈ, બેરામજીભાઈ, કૃષ્ણભાઈ, હરિદાસ નામે શ્રીરામાનંદ મુનિને આશ્રેલા વેરાગી, (૨૨) શ્રીરામાનંદ સ્વામીને વિષે પ્રીતિવાળા વિરજીભાઈ વગેરે બીજા ભક્તો, રામાનંદ સ્વામીની સાથે હંમેશા ફરતા. મુક્તાનંદ વગેરે મુનિઓની સાથે સાથે શ્રીરામાનંદ સ્વામીની પ્રીતિપૂર્વક હંમેશા સેવા કરતા હતા. (૨૩) અમૂલાબાઈ, જીવીબાઈ તથા કેસરીબાઈ વગેરે પોતાના ધર્મમાં રહેલી સ્ત્રીઓ પણ શ્રીરામાનંદ સ્વામીની ભક્તિપૂર્વક સેવા કરતી હતી. (૨૪)

શ્રી રામાનંદ મુનિને ફણેણીમાં આવેલા સાંભળીને ગુંદાળા ગામથી કરમશીભાઈ તથા બુદ્ધિશાળી આનંદજીત ફણેણી ગામમાં આવ્યા. (૨૫) લાખાભાઈ તથા ભીખાભાઈ તથા બીજા પુરુષો પણ આવ્યા. તેમજ કેસરા વગેરે સ્ત્રીઓ આવી. તે સર્વે આદરપૂર્વક શ્રીહરિને સેવતી હતી. (૨૬)

ત્યારબાદ પોતાની અનુવૃત્તિવાળા સર્વ ભક્તોને સુખ આપનારા શ્રીરામાનંદ મુનિએ, ફણેણી ગામમાં માગશર સુદી એકાદશીને દિવસે મોટો ઉત્સવ કર્યો. (૨૭) ગુરુ શ્રીરામાનંદ મુનિએ બારસને દિવસે ઘણાં વિપ્રોને ભોજન કરાવ્યું. તેમજ સર્વ સાધુજનોને પણ ભોજન કરાવ્યું તથા બ્રાહ્મણોને દક્ષિણાઓ આપી. (૨૮)

પછી શ્રીરામાનંદ સ્વામી ત્રયોદશીને દિવસે પ્રાતઃકાળમાં ભદ્રા નદીએ જઈને, નદીમાં સ્નાન કરીને, પોતે એકાંત સ્થાનમાં બેઠા. (૨૯) ત્યાર પછી ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ મુનિએ પદ્માસનવાળી,

પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાનને પોતાના ઈષ્ટદેવ જાણીને, તેમના સ્વરૂપને વિષે સમાધિ દ્વારા જોડાઈ, શ્રીહરિની ઈચ્છાથી મનુષ્ય દેહનો ત્યાગ કર્યો. (સંવત ૧૮૫૮ના માગશર સુદી ૧૩ તેરસને ગુરુવારે આલોકથી અંતર્ધાન થયા.) (૩૦)

આ પ્રકારે આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ, રામાનંદ સ્વામી, મનુષ્ય શરીરને ત્યજીને સિદ્ધ દેહ પામી, પહેલાંની માફક બદરિકાશ્રમમાં પધાર્યા. (૩૧)

(જેમના યોગથી અતિ નીચ પણ બ્રહ્મધામને પામે છે. તો શ્રી રામાનંદ સ્વામી શાથી બદરિકાશ્રમમાં ગયા. એ માનસિંહ રાજાએ આશ્ચર્યથી પૂછ્યું)

માનસિંહ રાજા શુકાનંદમુનિને પૂછે છે કે :- હે બ્રહ્મન્ ! ઉદ્ધવજી ફરીથી બદરિવનમાં શાથી ગયા ? બ્રહ્મપુર નામનું શ્રીહરિનું ધામ તેમાં ક્યારે જશે ? (૩૨) અવતારી શ્રીહરિને પ્રત્યક્ષ પામેલા મહાબુદ્ધિશાળી રામાનંદ સ્વામીને બદરિવનની પ્રાપ્તિ હે મુને ! કેમ સંભવે ? (૩૩) હે વિદ્વન્! આ પ્રકારે મારા મનમાં મોટો સંશય થયો છે. તે સંશયને તત્ત્વવિદમાં શ્રેષ્ઠ તમો જ નિવારણ કરી શકશો. (૩૪)

હે રાજન્ ! શ્રીકૃષ્ણે પોતાનું જ્ઞાન લોકોને આપવા માટે ઉદ્ધવને નરનારાયણના આશ્રમમાં રાખ્યા હતા. (૩૫) તે જ ઉદ્ધવ દુર્વાસાના શાપથી મહિતળ ઉપર રામાનંદ સ્વામી સ્વરૂપે ઉત્પન્ન થયા હોવા છતાં પણ તત્ત્વને જાણનારા સદ્‌ગુણોના સ્થાનરૂપ જ હતા. (૩૬) આ પૃથ્વીમાં ઉદ્ધવજીએ ઉદ્ધવ સંપ્રદાય પોતાના નામને સાર્થક સત્શાસ્ત્ર સંમત, પવિત્રજનોનું શ્રેય કરનારો પ્રવર્તાવ્યો. (૩૭)

ત્યારબાદ સર્વ ઈશ્વરોના ઈશ્વર, શ્રીમદ્ બ્રહ્મપુરના અધીશ્વર અવતારી પરબ્રહ્મ, સર્વજ્ઞ, પુરુષોત્તમ, (૩૮) દયાસાગર, શ્રીકૃષ્ણ પોતે ભગવાન જ, આ ધરાતળમાં એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે ધર્મદેવ થકી ભક્તિ દેવીમાં પ્રાદુર્ભાવ પામ્યા. (૩૯) પછી રામાનંદ સ્વામીએ, શ્રીહરિને અક્ષરધામાધિપતિ પોતાના ઈષ્ટદેવ શ્રી પુરુષોત્તમ જાણીને, પોતાના આચાર્યપદે પ્રીતિપૂર્વક સ્થાપન કર્યા. (૪૦)

શ્રીહરિને પરમ કારણ પોતાના ઈષ્ટદેવ જાણીને, સદ્‌ગુરુ શ્રી રામાનંદ મુનિ કૃતાર્થ થઈ સમાધિ વડે દેહનો ત્યાગ કરતા હતા. (૪૧) પછી તેમની આજ્ઞાથી શ્રી રામાનંદ મુનિ શ્રીહરિનું જ્ઞાનાદિ આપવાની ઈચ્છાથી (પુરુષોત્તમ શ્રીહરિનો પ્રાદુર્ભાવ તથા તેમના સ્વરૂપનું જ્ઞાન, તેમણે પ્રર્વતાવેલી મોક્ષની રીત વગેરે) તનુ આદિ મુનિઓને ઉપદેશ આપવા માટે, બદરિકાશ્રમમાં જઈને, પહેલાંની માફક ફરીથી રહ્યા. (૪૨)

પછી ઉદ્ધવજી, અવતારી પુરુષોત્તમ શ્રીહરિનું, સ્વરૂપ, ગુણ, લીલાનું સર્વોત્તમ જ્ઞાન, તનુ આદિ મુનિઓને આપતા હતા. (૪૩) પછી એકાંતિક ભક્તેન્દ્ર ઉદ્ધવજી પ્રભુ શ્રીહરિની ઈચ્છાથી જ પ્રકાશમાન શોભાયુક્ત શ્રીહરિના ધામને પામ્યા. (૪૪)

હે રાજન્ ! નારાયણ મુનિએ શ્રીરામાનંદમુનિનું ઔર્ધ્વદેહિક સર્વ કર્મ શાસ્ત્ર પ્રમાણે કર્યું. વિપ્રોને તથા સાધુઓને વિવિધ પ્રકારના ભોજનથી તૃપ્ત કર્યા. (૪૫) શ્રીરામાનંદમુનિનું તિરોધાન સાંભળીને, તેમના હજારો હજાર શિષ્યો ત્યાગી તથા ગૃહસ્થો તથા સ્ત્રીઓ જુદા જુદા દેશોથી આવ્યા. (૪૬) પછી

સર્વ કાર્યમાં વિચક્ષણ નારાયણ મુનિએ સર્વેની યથાયોગ્ય સંભાવના કરી. (૪૭)

તે સર્વજનો નારાયણમુનિને પોતાના ગુરુ જાણીને, અત્યંત પ્રસન્ન થયા. સર્વ પીડાને હરનારા શ્રીહરિને નિર્નિમેશ દૃષ્ટિથી જોવા લાગ્યા. (૪૮) શ્રીહરિના દર્શન જન્ય આનંદમાં મગ્ન થયેલા હરિભક્તોને પણ રામાનંદમુનિના અંતર્ધાનથી થયેલો શોક તો હે ભૂપતે ! અંતઃકરણમાં બાધ કરી શક્યો નહિ. (૪૯) હરિભક્તોને, ગુરુ શ્રીરામાનંદ કરતાં પણ નારાયમમુનિને વિષે, સર્વ આપત્તિઓને વિનાશ કરનારી, અતિશય પ્રીતિ હતી. (૫૦)

પછી ગુરુ શ્રી રામાનંદમુનિના તિરોધાનથી આરંભીને ચૌદમા દિવસે જ પોતાના ભક્તજનોને જ્ઞાનાદિથી સંપોષણ કરતા શ્રીનારાયણમુનિ, પોતાના આશ્રિતજનોને ગુરુ શ્રીરામાનંદ મુનિના તિરોધાનથી ઉત્પન્ન થયેલા શોકને નાશ કરવા માટે, મોટી સુંદર સભા કરાવતા હતા. (૫૧)

ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રીરઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલા કલ્પતરુરૂપ ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં શ્રીરામાનંદ સ્વામી તિરોધાન લીલા નિરૂપણ નામે ચોસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૪)



અધ્યાય ૬૫ મો

શ્રી શુકાનંદમુનિ કહે છે :- હે માનસિંહ રાજન્ ! પછી સ્નાન કરીને જેમને નિત્ય વિધિ કર્યો છે, ધારણ કર્યાં છે શ્વેત વસ્ત્ર જેમણે એવા, શ્રીહરિ પોતે, યોજેલી મહાસભામાં પોતાના નિવાસસ્થાનથી પધાર્યા અને મહાસભામાં રહેલું જે સિંહાસન તેમાં બિરાજ્યા. (૧) સુવર્ણથી નિર્માણ કરેલું. મનોહર, કોમળ શોભાવાળી ધોળા ઓછાડે સહિત ગાદી, તેનાથી યુક્ત પીળા ચંદરવાઓથી શોભતાં આસપાસના ભાગ, તેવું શોભાયમાન તે સિંહાસન હતું. (૨)

શ્રીહરિની સાથે હંમેશા ફરનારા મુકુંદાનંદ મુખ્ય છે જેમાં તેવા બ્રહ્મચારીઓ હર્ષપૂર્વક શ્રીહરિની સન્મુખ આગળના ભાગમાં બેઠા. (૩) પછી મુક્તાનંદાદિ સાધુઓ સભામાં બેઠા. મયારામ વગેરે બ્રાહ્મણો પણ બેઠા. મૂળજીત મુખ્ય છે જેમાં એવા ક્ષત્રિયો બેઠા. (૪) હે રાજન્ ! તે સભામાં પર્વતભાઈ વગેરે વૈશ્યો બેઠા. શ્રીહરિના દર્શનમાં ઉત્સાહિત મનવાળા કાળુભાઈ વગેરે સર્વે શૂદ્રો બેઠા. (૫)

હે રાજન્ ! ઉદ્ધવનો (રામાનંદ સ્વામીનો આશ્રય પામેલા બીજા ભક્તો પણ તે સભામાં યથાયોગ્ય સ્થાને બેઠા. (૬) હે રાજન્ ! પછી સ્ત્રી ભક્તોમાં લાડિની સાથે સમગ્ર સ્ત્રીઓ પુરુષોથી ચાર હાથ દૂર તે સભામાં બેઠી. (૭)

પછી ક્ષત્રિયશ્રેષ્ઠ, શ્રેષ્ઠ બુદ્ધિવાળા ભક્ત રાજાભાઈએ શ્રીહરિની ઉપર સુવર્ણદંડવાળું ચંદ્રમા સમાન કાંતિવાળું, છત્ર ધારણ કર્યું. (૮)

શ્રીહરિના આશ્રિત વિપ્ર ગોવિંદરામ તથા કુમારજીત એ બંને ચામરો ધારણ કરીને પ્રીતિપૂર્વક શ્રીહરિની પડખે ઊભા રહીને વીંઝણો વીંઝતા હતા. (૯) રામદાસ નામના શાંત સ્વભાવવાળા મુનીન્દ્ર પોતાના હાથમાં હંસની પાંખ જેવો ધોળો રૂમાલ લઈને શ્રીહરિની બાજુમાં બેઠા. (૧૦) શ્રીહરિની પડખે ઊભા રહેલા વેરીભાઈ ભક્ત રત્નજડિત દંડવાળા પંખાથી શ્રીહરિને પવન નાખતા હતા. (૧૧)

પછી શ્રીહરિના ગૃહસ્થ ભક્તો સુવર્ણ સૂત્રોથી અતિપ્રકાશમાન અમૂલ્ય વસ્ત્રો, ચળકતાં રત્નોવાળાં સુવર્ણ વિભૂષણો, સુવર્ણ નિર્મિત હાર, વિચિત્ર પ્રકારના સુંદર તોરાઓ તથા મોતીઓથી રચેલા અતિ પ્રકાશમાન, સ્ફુરાયમાન કર્ણપુરો. (૧૩) સુગંધીમાન પુષ્પના હાર તથા અતિસુંદર કેસરયુક્ત ચંદન વડે આદરપૂર્વક શ્રીહરિને પૂજતા હતા. (૧૪)

શ્રીહરિને પ્રીતિપૂર્વક ઘણી નાના પ્રાકરની ભેટો ભક્તો આપતા હતા. પછી કર્પૂરથી શ્રીહરિની આરતી ઉતારતા હતા. (૧૫) પછી વર્ણિ મુકુંદાનંદ વગેરે બ્રહ્મચારીઓ તથા સાધુ મુક્તાનંદાદિ, સુગંધીમાન પુષ્પોના હાર તથા ચંદન વડે શ્રીહરિનું યથાયોગ્ય પૂજન કરતા હતા. (૧૬) સમગ્ર ભક્તો આનંદિત મનવાળા થઈને, શાસ્ત્રવિધિ પ્રમાણે, શ્રીહરિનું સમર્ચન કરીને અત્યંત દર્શનીય સુંદર આકૃતિવાળા પરમેશ્વર શ્રીહરિનું નિર્નિમેષ આદરપૂર્વક દર્શન કરવા લાગ્યા. (૧૭)

લાલકમળની માફક કોમળ, અને લાલ શોભાએ યુક્ત, નખરૂપી ચંદ્રમાઓની પંક્તિથી શોભાયમાન બંને ચરણોવાળા, અતિ કોમળ અને સુંદર ગોળ અને અતિ શોભાયમાન વિસ્તારયુક્ત જંઘાઓવાળા, અત્યંત ઉત્તમ ગોળ રમણીય સાથળના પર્વોવાળા (૧૮) વાદળી રંગનુ પ્રફુલ્લિત અતસિના પુષ્પની માફક દેદીપ્યમાન, હાથીના સુંડાદંડને તિરસ્કાર કરનાર સાથળો છે જેમના, સિંહના મદને હરનાર શોભાયમાન, બંને કેડ્યો ઉપર બાંધ્યું છે લાલ સોનેરી વસ્ત્ર જેમણે (૧૯) ગોળ અને ઊંડી નાભી વાળા, સુંદર ત્રિવળી જેમાં છે એવા ઉદરથી અતિ શોભાયમાન, વિશાળ અને ઉત્તમ વક્ષઃસ્થલથી રમણીય, અતિદૃઢ અને પુષ્ટ સુંદર ખભાનુ જોડલું જેમને છે. (૨૦)

નખરૂપી મણિઓના ગણો જેમને છે એવા, દર્શનીય, લાલ કમળોની માફક કાંતિ જેમને છે એવા, બંને હસ્તોના તળીયાંવાળાં, શંખની માફક ત્રિરેખાવાળો કંઠ જેમને છે, હાથની લાલાશથી વધારે લાલાશવાળી કાંતિ જેમને છે એવા બંને અધરોષ્ઠ, પ્રવાળાં હોય ને શું ? એવા બંને ઓષ્ઠવાળા, શિતાંશુ (ચંદ્ર)થી અતિ સુંદર મંદહાસ્યયુક્ત શોભતા મુખારવિંદવાળા (૨૧) જીતી લીધી છે નવી મોગરાની કળીઓથી શોભા જેમણે એવી સમાન દંતપંક્તિથી અતિશય શોભાવાળા, વિદ્યુતને તિરસ્કાર કરનારા બંને કાનમાં શોભતાં ચલાયમાન બંને કુંડળો વડે શોભાયમાન, ગંડસ્થળની લીલાવાળા. (૨૨)

અત્યંત સુંદર તિલ પુષ્પના જેવી અતિ સુંદર નાસિકાવાળા, પ્રફુલ્લિત નૂતન કમળના પત્ર સમાન અત્યંત શોભાયમાન બંને નેત્રોવાળા, તિરસ્કૃત કરી છે કામદેવના ધનુષ્યની શોભા જેણે એવી અત્યંત વાંકી ભ્રકુટીવાળા, સંપૂર્ણ દર્શનીય (૨૩) વિશાળ કોમળ ઊંચા અત્યંત શોભાયમાન એવા ભાલમાં

શ્રેષ્ઠ કુંકુમના ચાંદલાએ સહિત, અતિશોભાયમાન કેસરયુક્ત ચંદનથી કરેલું ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરતા. (૨૪) અત્યંત કોમળ અને દર્શનીય સુંવાળા અને સૂક્ષ્મ વાંકા શ્યામ કેશથી શોભાયમાન ઉત્તમ મસ્તકવાળા, અત્યંત કરુણારૂપી અમૃત જે સુંદર રસ તેનાથી આર્દ્ર દર્શનવાળા. (૨૫)

જડેલા છે મણિઓ જેમણે વિષે એવા ઝાંઝરોથી જેમના બંને ચરણારવિંદ અત્યંત શોભે છે એવા, વિવિધ મણિઓથી વિશેષ પ્રકાશવાળા, સુવર્ણથી નિર્માણ કરેલા, શ્રેષ્ઠ કંદોરાને સુંદર કટીતટ પર ધારણ કરતા. (૨૬) સુવર્ણના કડાં તથા સાંકળારૂપી ભૂષણોવાળા, સુવર્ણ અને મણીન્દ્રોથી રચેલા અત્યંત સુંદર જે બાજુબંધ ધારણ કર્યાં છે, એવા, જડેલા સુદંર હારથી શોભતા સુવર્ણમય આંગળીઓના અલંકારો (વીંટીઓ તથા વેઢ)થી દર્શનીય (૨૭) શ્રેષ્ઠ કાંતિવાળી અને મણિ, રત્નો, સુવર્ણ મોતીઓથી ગુંથેલી જે વિવિધ પ્રકારની માળાઓથી શોભતા, ચંચળ અને શુદ્ધ મોતીઓના તોરાઓના હલનચલનથી પ્રકાશિત એવા ગંડસ્થળોથી નિરીક્ષણીય. (૨૮)

અત્યંત સુંદર શ્રીહરિનું શરીર ઉત્તમ વિવિધ પ્રકારના અલંકારો તથા પોતાના અંગમાં ધારણ કરેલાં સોનેરી વસ્ત્રોમાં, જેમ મેઘ વીજળીમાં તથા ઈન્દ્રધનુષ્યમાં શોભા ઉત્પન્ન કરે છે તેમ શોભા ઉત્પન્ન કરતા હતા. (બીજાઓને તો વસ્ત્રાલંકારો શરીરની શોભા કરનારા હોય છે જ્યારે શ્રીહરિએ તો સ્વાભાવિક સુંદરતાવાળું શરીર જ વસ્ત્રાલંકારોથી શોભાને ઉત્પન્ન કરે છે જેમ સ્વભાવસુંદર મેઘ, ધનુષ્યમાં અને વીજળીમાં શોભા ઉત્પન્ન કરે છે તેમ) (૨૯) જળયુક્ત મેઘના સમૂહની માફક શોભતાં અંગોવાળા શ્રીહરિ, વિવિધ પ્રકારના ઉત્તમ મણિવવાળા વિભૂષણો તથા વસ્ત્રોથી, જેમ નાના પ્રકારના કમળથી યમુના નદીનો પ્રવાહ શોભે છે, તેમ શોભતા હતા. (૩૦)

શુદ્ધ સુવર્ણ સૂત્રોવાળું, તથા લાલવર્ણવાળું, સૂર્યની માફક સુંદર પ્રકાશવાળું, અતિ મનોહર, પુષ્પના સુશોભિત તોરાઓની પંક્તિથી શોભતું મસ્તકનું મંડિલ ધારણ કરેલા, શ્રીહરિ, અત્યંત શોભતા હતા. (૩૧) પોતાનુ મુખારવિંદ જોવા ઈચ્છતા આશ્રિતજનોના સમુદાયોએ મહાસભામાં વીંટાયેલા, સુવર્ણમય શ્રેષ્ઠ આસનમાં બેઠેલા શ્રીહરિ, નિર્મળ ચંદ્રમા, તારા ગણોથી વીંટાયેલા હોયને શું ? એમ અત્યંત શોભતા હતા. (૩૨)

કામદેવના મદને હરનારા, સુંદર અંગોવાળા, ક્યારેય પણ કોઈથી પરાભવ ન થઈ શકે એવા, ઈશ્વરોના ઈશ્વર, વિલોકનીય, વિભુ શ્રીહરિને ચંદ્રને ચકોર પક્ષી નિહાળી રહે છે તેમ, સર્વે ચોતરફથી જોતા હતા. (૩૩) મુખારવિંદમાં શોભતા નિશ્ચલ નેત્રોવાળા, પોતાના ભક્તોને પોતાના વાક્ય રૂપી સુધારસને પાન કરવા માટે હર્ષિતમનવાળા, સમગ્ર જનોના હૃદયગત અભિપ્રાયને જાણનારા. ધર્મપુત્ર, શ્રીહરિ, મધુરુ વચન કહેવા લાગ્યા. (૩૪)

હે ભક્તો ! તમો બધા એકાગ્ર ચિત્તથી, તમારું હિત કરે એવું મારું સત્ય વચન સાંભળો. (૩૫) હે ભક્તો ! આ લોકમાં તથા પરલોકમાં પ્રાણીઓનું જે જે સુખ તે તે પોતે અનુષ્ઠાન કરેલા ધર્મનું જ

ફળ છે. (૩૬) આ લોકમાં તથા પરલોકમાં લોકો જે જે દુઃખ પામે છે તે તે પોતાના ધર્મના ઉલ્લંઘનનું ફળ છે. (૩૭) આ પ્રકારે નિશ્ચય કરીને જ જનોએ રાત્રિ દિવસ સુખ પ્રાપ્તિમાં કારણભૂત પોતાના ધર્મનું પાલન કરવું. સંસૃતિ કરનારા અન્ય ધર્મનો ત્યાગ કરવો. (૩૮)

સર્વજ્ઞ, ધર્મધુરંધર, ભક્તવત્સલ શ્રીહરિ પોતાના મુખ કમળમાં સમર્પિત દૃષ્ટિવાળા સર્વાશ્રિત જનોને આ પ્રમાણે ઉપદેશ કરીને (૩૯) તે ભક્તોને સત્શાસ્ત્રસંમત બધા વર્ણધર્મ તથા આશ્રમધર્મ તથા વર્ણાશ્રમ ધર્મ કહેવા લાગ્યા. (૪૦) તેમજ સાધારણ ધર્મ, ગૌણધર્મ, નૈમિત્તિક ધર્મ વગેરે જીવોનું હિત કરનારા છ પ્રકારના ધર્મ શ્રીહરિએ કહ્યા. (૪૧)

બ્રાહ્મણ હંમેશા પ્રયત્નપૂર્વક મદ્યનો ત્યાગ કરે એ વર્ણ ધર્મ છે. અગ્નિ, ધન તથા ભિક્ષાનું આચરણ કરવું એ આશ્રમધર્મ છે. પલાશનો દંડ, બ્રાહ્મણોને જ ગ્રહણ કરવો એ વર્ણાશ્રમ ધર્મ છે. સમગ્રજનોને પાલન કરવા યોગ્ય ક્ષમા, દયા, સત્ય વગેરે સાધારણ ધર્મ છે. શાસ્ત્ર વિહિત અભિષેકાદિ ગુણયુક્ત રાજાને પ્રજા પાલનરૂપ ગૌણ ધર્મ છે. વિધિનું અનાચરણ અને નિષેધનું આચરણ કરવાથી લાગતા પ્રાયશ્ચિત્તના આચરણ રૂપ ધર્મને નૈમિત્તિક ધર્મ કહેવાય છે. સર્વ ધર્મજ્ઞ, પોતાના ભક્તોને સુખ આપનારા શ્રીહરિ છ પ્રકારનો ધર્મ સત્શાસ્ત્રોના વાક્યોના સમૂહોથી વિસ્તારપૂર્વક કહેતા હતા. (તે વાક્યો હેમાદ્રિ સુરિ પ્રણિત વ્રતખંડ મુખ્ય ગ્રંથથી વિસ્તારપૂર્વક જાણવા.) (૪૨)

આ પ્રકારે શ્રીહરિના વચનરૂપી અમૃતના પાનથી આનંદિત થયા છે. ચિત્ત જેમનાં એવા ભક્તો, હાથ જોડીને અચ્યુત શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે વચન કહવા લાગ્યા. (૪૩)

હે સ્વામિન્ ! અમો તમારી શિક્ષા પ્રમાણે વર્તિશું. હે પ્રભો ! અમને તમારું જ એક શરણ છે તેથી અમારા ઉપર પ્રસન્ન થાવ. (૪૪)

આ પ્રકારનું તેમનું નિષ્કપટ વચન સાંભળીને, સ્વયમ્ શ્રીહરિ પ્રસન્ન થઈને, તેમને પોતાનો ઉત્તમ દિવ્યભાવ બતાવતા હતા. (૪૫) તે સર્વે પરમાત્માની ઈચ્છાથી જ એકદમ દિવ્ય દૃષ્ટિથી શ્રીહરિને જોવા લાગ્યા અને શ્રીહરિની મૂર્તિમાંથી નીકળતું તેજ જોવા લાગ્યા. (૪૬) એક જ સમયમાં ઉદય પામેલા કોટાનકોટિ સૂર્ય સમાન તે ઘાટું તેજ, સર્વ દિશાઓને પ્રકાશ કરતું ચારેય દિશાઓમાં પ્રસરી ગયું. (૪૭) તે તેજ એકદમ ઊંચે તથા નીચે ચારેય બાજુ વ્યાપિ ગયુ. આ સમગ્ર જગત જે તેજથી પરિપૂર્ણ હતુ. (૪૮)

હે ધરણીપતે ! સૂર્યનારાયણ, ચંદ્ર સર્વે તારાઓ જે તેજથી પ્રકાશિત થઈને અખિલ બ્રહ્માંડને પ્રકાશે છે. (૪૯)

પ્રકૃતિથી થયેલા સત્વ, રજ અને તમ એ બંધનકારી ત્રણ ગુણોથી રહિત, ગુણાતીત સ્થિતિમાં વર્તતા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિથી સંપન્ન યોગીઓ જ તેજ જુએ છે (૫૦) તે તેજથી ઢંકાઈ ગયાં છે

નેત્રો જેમનાં એવા સર્વ ભક્તો, આશ્ચર્યથી વ્યગ્રચિત્તવાળા થઈને, તે તેજથી ઢંકાઈ ગયું છે શરીર જેમનું એવા પોતાના ઈષ્ટ શ્રી હરિને જોવા માટે શક્તિમાન ન થયા. (૫૧) પછી તે તેજમાં પરમાત્માની ઈચ્છાથી જ રત્નજડિત સુશોભિત સુવર્ણનું સિંહાસન જોયું. તે સિંહાસનમાં આશ્ચર્યકારી ધર્મના પુત્ર શ્રીહરિને જોવા લાગ્યા. (૫૨)

સર્વે ભક્તો અતસી પુષ્પની માફક શ્યામ કાંતિવાળા જે સ્ફુરાયમાન, મનોહર, અતિ પ્રકાશમાન અવયવોવાળા, કલ્યાણકારી શરીરવાળા, શ્રીહરિને જોઈને પરમ આનંદ પામ્યા. (૫૩) ચંદ્રમાના જેવી સુંદર કાંતિ યુક્ત નખ પંક્તિવાળા, ગુલાબના જેવા લાલ બંને હાથ તથા પગનાં તળીયાં જેમને છે એવા, મણિ તથા મોતીના તોરાઓ વડે શોભતો મણિ જડિત સોનાનો જે મુગટ તેનાથી શોભાયમાન (૫૪) વીજળીની માફક ચળકતું સોનેરી વસ્ત્રોવાળા, પ્રસરતી સુગંધવાળા, કેસરેયુક્ત ઘસેલા ચંદનથી ચર્ચિત છે મૂર્તિ જેમની એવા ઉત્તમ રત્નોથી જડેલા સોનાના કંદોરાની કાંતિથી શોભતા, કેડમાં પીતાંબર ધારણ કરેલા. (૫૫)

ધારણ કરેલાં રમણીય મણિ જડિત સુવર્ણના વિભૂષણોથી શોભાયમાન, મંદ હાસ્યના વિલાસોવાળા શોભાયમાન અધરોષ્ઠથી તિરસ્કૃત છે પાકા ઘીલોડા તથા નવ પલ્લવ તે જેણે એવા. (૫૬)

કરુણાથી સ્નેહ યુક્ત મધુર દૃષ્ટિથી આંખો તથા મનને લોભાવનાર, નવીન કમળોનો તિરસ્કાર કરનાર બંને નેત્રોવાળા, વાંકી અને શ્યામ ભ્રકુટિવાળા (૫૭) ભક્તિએ સહિત પરિવારવાળા, દિવ્યમૂર્તિ, અત્યંત હર્ષ યુક્ત, નિરંતર પોતાની સમીપમાં વસતા જે ધર્મદેવથી સેવાયેલા (૫૮) સર્વોત્તમ અક્ષરાત્મક પોતાના સમગ્ર પાર્ષદોથી હર્ષપૂર્વક સેવાયેલા જ્ઞાનાદિ ઐશ્વર્ય તથા મૂર્તિમાન દિવ્ય વેદો તથા પોતાના આયુધોથી અત્યંત સેવાયેલા. (૫૯)

ધારણ કરેલા મણિ, મોતી, પુષ્પોના તોરા તથા ઉત્તમ કાનના અલંકારોથી શોભાયમાન મુખારવિંદવાળા, અતિ મહાન્ શ્રીહરિના દર્શન કરીને પણ સર્વે હરિભક્તો તૃપ્તિ ન પામ્યા. (૬૦)

પછી અતિ પ્રસન્ન થયેલા ભક્તો શ્રીહરિની ઈચ્છાથી શ્રેષ્ઠ સિંહાસન ઉપર બેઠેલા શ્રીહરિને પહેલાંની માફક જોઈને, પરમ પ્રીતિવાળા થઈ, હર્ષપૂર્વક નમસ્કાર કરવા લાગ્યા. (૬૧) પછી ભક્તો સર્વેશ્વર શ્રીહરિને અવતારી જાણીને કુમકુમ, ચંદન તથા પુષ્પના હાર, બહુ મૂલ્યવાળાં આભૂષણો, વસ્ત્રો તથા ભેટ વગેરેથી પૂજન કરતા હતા. (૬૨)

પછી હે રાજન્ ! શ્રીહરિના દર્શનથી પ્રસન્ન મનવાળા, પરિપૂર્ણ મનોરથવાળા, સર્વે ભક્તો, શ્રીહરિની આજ્ઞાથી પોતપોતાના દેશમાં ગયા. પછી પરમેશ્વર શ્રીહરિને પોતપોતાના હૃદયમાં પોતાના ઈષ્ટદેવ માનતા મુક્તાનંદાદિ સાધુજનો તેમની સમીપમાં નિવાસ કરીને રહ્યા. તે બધા સ્નેહપૂર્વક દરરોજ સેવા કરતા હતા. (૬૪)

પછી હે નરેન્દ્ર ! લીલા માટે ધારણ કર્યું છે મનુષ્ય સમાન શરીર જેમણે તે ઉદાર શ્રીહરિએ, પોતાના ભક્તોએ અર્પણ કરેલું ધન, અલંકારો તથા વસ્ત્રો બ્રાહ્મણોને અર્પણ કર્યાં. (૬૫) અતિ ઉદાર, દયાસાગર, શ્રીહરિએ ફણેણી ગામમાં મોટું અન્ન ક્ષેત્ર બાંધ્યું. જે અન્ન ક્ષેત્રમાં આવેલા વટેમાર્ગુઓ અન્ન જળથી સુખ શાંતિ પામતા હતા. (૬૬) પોતાના ભક્તોને હંમેશા આનંદ આપતા, અમૃતથી પણ અત્યંત મનોહર વાતો કરતા દયાળુ શ્રીહરિ, પોતાને વિષે આસક્તિવાળા અખિલ મુનીન્દ્રો (મુક્તાનંદાદિ સાધુઓ) એ સેવાયેલા કેટલાક દિવસ ફણેણી ગામમાં રહ્યા. (૬૭) હે રાજન્ ! પછી શ્રીહરિ જનોની મુક્તિ માટે, પૃથ્વી ઉપર વિવિધ પ્રકારના દેશોમાં ફરવા સાધુઓને મોકલ્યા. ધર્મયુક્ત ભગવાનની નવ પ્રકારની ભક્તિમાં અનેક જનોને પ્રવર્તાવતા હતા. (૬૮) (આ કથાના શ્રવણનું ફળ કહે છે) ધર્મ પુત્ર શ્રીહરિને ગુરુપદે સ્થાપન કર્યા, તે મનોહર, કલ્યાણના સ્થાન ભૂત, દિવ્ય, આશ્ચર્યકારી, સાંભળનારાઓને શાંતિપ્રદ, આ ચરિત્ર આદરપૂર્વક જે જનો સાંભળશે અને કહેશે તે જનો, શ્રીહરિનો અતિશય મહિમા જાણીને શ્રીહરિને વિષે પ્રીતિ યુક્ત થશે. (૬૯) ઈતિ શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરાચાર્ય વિરચિત શ્રીહરિલીલાકલ્પતરુ રૂપ શ્રી ભક્તિશાસ્ત્રના દ્વિતીય સ્કંધમાં પ્રાચીનન્યાચાર્ય-વેદાંતતીર્થ-સાંખ્ય-યોગરત્ન-પંડિત શ્રી શ્વેતવૈકુણ્ઠદાસ શાસ્ત્રી કૃત ગુજરાતી ભાષાંતરમાં શુકાનંદમુનિ માનસિંહ સંવાદે શ્રીહરિમૂર્તિ શોભાદિ નિરૂપણ નામે પાંસઠમો અધ્યાય સંપૂર્ણ. (૬૫)



દ્વિતીય સ્કંધ સમાપ્ત.



બીજા સ્કંધના અધ્યાયો અને શ્લોકોની સંખ્યા સૂચિ.

અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો	અધ્યાય : શ્લોકો
૧-૭૨	૨૩-૩૦	૪૫-૫૫
૨-૩૪	૨૪-૫૬	૪૬-૫૦
૩-૫૧	૨૫-૩૦	૪૭-૪૯
૪-૫૪	૨૬-૪૫	૪૮-૫૫
૫-૫૫	૨૭-૬૦	૪૯-૭૧
૬-૯૩	૨૮-૧૪૧	૫૦-૬૫
૭-૪૪	૨૯-૭૩	૫૧-૫૧
૮-૫૫	૩૦-૩૬	૫૨-૫૭
૯-૪૬	૩૧-૮૬	૫૩-૫૬
૧૦-૪૭	૩૨-૪૮	૫૪-૫૪
૧૧-૪૦	૩૩-૫૩	૫૫-૫૪
૧૨-૪૦	૩૪-૪૫	૫૬-૪૯
૧૩-૩૮	૩૫-૪૦	૫૭-૫૦
૧૪-૩૭	૩૬-૮૯	૫૮-૬૨
૧૫-૨૯	૩૭-૨૮	૫૯-૭૪
૧૬-૩૪	૩૮-૫૧	૬૦-૨૪
૧૭-૩૯	૩૯-૬૬	૬૧-૩૪
૧૮-૨૬	૪૦-૩૧	૬૨-૨૮
૧૯-૪૦	૪૧-૫૫	૬૩-૭૫
૨૦-૮૮	૪૨-૩૨	૬૪-૫૧
૨૧-૭૮	૪૩-૬૦	૬૫-૬૯
૨૨-૬૬	૪૪-૩૩	

કુલ શ્લોક : ૩૪૨૨

પરિશિષ્ટ નં.૧

શ્રીમદ્ સત્સંગીજીવન પ્ર.૨ અ.૧-૨ના આધારે

સંપ્રદાયની પ્રથમ ધર્મસભા

રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી શ્રી હરિએ દશ દિવસ સુધી ગીતાની કથા કરાવી અને આ પ્રસંગે દેશદેશનાં ભક્તજનોને તેડાવ્યા. શ્રીહરિએ ભદ્રાવતી વાવ તટે દશાહાદિ અને એકાદશા વિધિપૂર્વક કર્યા. દ્વાદશા અને શ્રાવણી શ્રાદ્ધ પણ શાસ્ત્ર પ્રમાણે કર્યા. બ્રાહ્મણોને ભાવતાં ભોજન કરાવ્યા...અને નાનાવિધ દાન પણ કર્યા. નરતનુ ધારી શ્રીહરિએ ધર્મ સ્થાપવાં સર્વજનને ઉપદેશ આપવાં સર્વ ક્રિયા વેદવિહિત કરી અને તેરમો દિવસ પણ પૂરો થયો. ચૌદમાને દિવસે ભગવાન શ્રીહરિએ પ્રાતઃકાળમાં પૂજાદિક નિત્ય કર્મ કરી. પછી વિશાળ સભાનું આયોજન કર્યું. સભાસ્થાનમાં રમણીય સિંહાસન ઉપર સ્વયં શ્રીહરિ બિરાજમાન થયા. ભગવાન શ્રીહરિનાં આગળના ભાગમાં મુકુંદાનંદ આદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ બેઠા. તેમની પાછળ મુક્તાનંદ આદિક સંતો બેઠા. તેમની પાછળ મયારામ ભટ્ટ આદિક બ્રાહ્મણો ઉપસ્થિત થયા. તેમની પાછળ મૂળજી આદિક ક્ષત્રિય ભક્તો અને તેમની પાછળ પર્વતભાઈ આદિક વૈશ્ય ભક્તો ઉપસ્થિત થયા અને તેમની પાછળ કૃષ્ણદાસ વગેરે શૂદ્ર ભક્તો બેઠા. આ સભામાં ક્ષત્રિય રાજવી રાજાભાઈએ શ્રીહરિનાં શિર ઉપર છત્ર ધારણ કર્યું. કુંવરજીએ ચામર ધર્યું અને ગોવિંદરામે પણ ચામર ધર્યું. મોટા સંત રામદાસજી હાથમાં રૂમાલ રાખીને સેવામાં રહ્યા. વેરાભાઈએ વીંઝણો લીધો. અન્ય અનેક હરિભક્તોએ વસ્ત્ર અને આભૂષણથી શ્રીહરિની પૂજા કરી. પછી સૌ એકાગ્ર ચિત્તે સભામાં બેઠા.

પ્રથમ આશ્ચર્યજનક ઘટના તો એ છે કે પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ગુરુપદે પ્રથમ ધર્મસભા મેળવવાનો અલભ્ય લાભ ભારતનાં કોઈ શહેરને મળેલો નથી પણ ફરેણી જેવાં એક નાનકડાં ગામડાને મળેલો છે ! આ ગામ અને આ પ્રદેશનાં આ જ મહદ્ ભાગ્ય છે. સંવત ૧૮૫૮ની માગસર વદિ એકાદશી, તા. ૩૧-૧૨-૧૮૦૧ ગુરુવારનાં શુભ દિવસે સૌરાષ્ટ્ર પ્રદેશનાં ફરેણી નામનાં નાનકડાં ગામમાં સંપ્રદાયની પ્રથમ ધર્મસભા મળી. શતાનંદ મુનિએ 'સત્સંગિજીવન'માં આ સભાનું અતિ મનોહર મૂર્તિમંત વર્ણન કર્યુ છે. આ સભા અનેક કારણે અજોડ હતી. મુમુક્ષુજનોને મહા ભાગવત ધર્મનો રાહ બતાવવાં અને ધર્માચરણ કરાવવાનાં મંગળ આશયથી પૂર્ણ પુરુષોત્તમે પોતે પ્રગટ થવાની મહદ્ કૃપા કરી હતી. તે ભાગવત ધર્મનાં સિદ્ધાંતો સહજાનંદ સ્વામીએ પોતે આ સભામાં સમજાવ્યા હતા. એટલે આ સભાનું મહત્ત્વ આજે પણ જેટલું આંકીએ તેટલું ઓછું છે. જેમણે એક વર્ષ પૂર્વે જ ભાગવતી મહાદીક્ષા ગ્રહણ કરી હતી. જેમની વય એકવીસ વર્ષની પણ પૂરી થઈ નથી. એવાં આ સહજાનંદ સ્વામીને રામાનંદ સ્વમીએ પોતાનાં પદે પ્રતિષ્ઠિત કર્યા.

નવાં અને બિનઅનુભવી મનાતા અને સર્વ ગુરુનાં ગુરુ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અધ્યક્ષપદે આ સભા મળેલી હતી. આ સભામાં ગુરુપદે બેસવાની જેમની યોગ્યતા છે એવા શિષ્યો

શાંત અને સ્વસ્થ બેઠા હતા. જે સમાધિનિષ્ઠ હતા. જે જિતેન્દ્રિય અને મહા વિદ્વાન હતા. એવાં ઘણાં પુરુષો અને સ્ત્રીઓ આ સભામાં બેઠા હતા. રામાનંદ સ્વામીએ અનુગામીની કરેલી પસંદગીને જે ખુલ્લી રીતે આવકારી શક્યા ન હતા. એવા પણ કેટલાક આશ્રિતો સભામાં બેઠા હતા. રામાનંદ સ્વામીની કીર્તિ સાંભળીને તેમનાં દર્શન-સમાગમથી કૃતાર્થ થવાની ઈચ્છાથી પણ કેટલાક ભક્તો આ સભામાં આવ્યા હતા. પણ સ્વામી અંતર્ધાન થયાની ખબરથી સૌ નિરાશ થઈને બેઠા હતા. કેટલાક વિદેશી વિદ્વાનો અને યાત્રાળુઓ પણ આ સભામાં બેઠા હતા...અને હવે આગળ શું કરવું ? તેનો મનોમન વિચાર કરતા હતા. કેટલાકનાં મનમાં શંકાઓ અને આશંકાઓ ઊછળતી હતી. કેટલાક તટસ્થ રહેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પણ આ સભામાં શું થાય છે તે જોવાં જાણવાની ઈચ્છા તો સૌ કોઈનાં મુખ ઉપર વર્તાતી હતી. છતાંપણ ઘણાનાં અંતરમાં નવાં ગુરુ પ્રત્યે આદર અને અલૌકિક ભાવ સ્વાભાવિક રીતે ઊભરાતો હતો.

સભામાં કાંઈક નવું થશે...એવું તો ઘણાંયને લાગતું હતું. સભાની બેઠક વ્યવસ્થા અને શિસ્ત કંઈક અનોખાં હતા અને આકર્ષક પણ હતા. પહેલાં તો સભામાં ગમે ત્યાં બેસી જતા પણ આજે તો સર્વે ભક્તો વર્ણાનુક્રમે યોગ્યતા મુજબ બેઠા હતા. સભામાં નીરવ શાંતિ પથરાયેલી હતી. કેટલાકને એમ હતું કે સભામાં રામાનંદ સ્વામીનાં શોક નિવારણ માટે આત્મા-અનાત્મા અને સાંખ્ય-યોગની વાતો થશે. કેટલાકની માન્યતા એવી હતી કે સભામાં રામાનંદ સ્વામીનાં મહત્ત્વનાં લીલા પ્રસંગો યાદ કરવામાં આવશે. વળી કેટલાક એવું માનતા હતા કે સામાન્ય નીતિ વિષયક વાત થશે. વળી કેટલાક એમ માનતા હતા કે રામાનંદ સ્વામીની ઉત્તરક્રિયાનાં ખર્ચ માટે માગણી થશે. આમ...નવાં ગુરુ શું કરે છે અને શું કહે છે તે જોવાં, સાંભળવાં માટે સૌ કોઈ આતુરતાથી બેઠા હતા. આવી આ અલૌકિક સભાની ગરિમાને સંપૂર્ણપણે જાણીને મુકુંદાનંદ બ્રહ્મચારી વગેરે શ્રીહરિને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે, ''હે નારાયણ મુનિ ! તમે અમારાં ગુરુ સ્વરૂપ છો, સહજ આનંદ આપનારાં 'સહજાનંદ' છો અને અનેક ગુણોનાં ધામ છો. હે મહારાજ ! આજથી સ્વામીને સ્થાને તમે જ છો, તેથી તમો અમારાં સર્વનાં સ્વામી છો અને અમો સર્વ તમારાં શિષ્યો છીએ. અમો તમારી આજ્ઞામાં આદરપૂર્વક વર્તીશું. તેથી અમારે શું કરવું અને શું ન કરવું એ વિષે તમો યથાર્થ જાણો છો તો અમને યથાયોગ્ય ઉપદેશ આપો.''

આ પ્રમાણે સર્વ ભક્તોએ નિષ્કપટભાવે કહ્યું તેથી શ્રીહરિ ધર્મશાસ્ત્રને અનુસારે ધર્મમર્યાદાને દૃઢ કરવાં કહેવા લાગ્યા. ''હે ભક્તો ! તમે સૌ સાંભળો. તમે સર્વ રીતે મારાં છો તે હું જાણું છું. તેમાં લેશમાત્ર સંશય નથી. તમો સર્વે મુમુક્ષુ છો તેથી દેવદુર્લભ આ માનવદેહ પ્રાપ્ત કરીને આત્મકલ્યાણનું સાધન કરો છો. તેથી હે ભક્તો ! રામાનંદ સ્વામીએ જેને જે આજ્ઞા કરી હોય, જે કાર્ય કરવાની પ્રેરણા કરી હોય તે કાર્ય નિષ્ઠાપૂર્વક કરવું...તથા સ્વામીએ ઉપદેશ કરેલાં સ્વધર્મનું યોગ્ય પાલન કરવું.

धर्मादपेतं यत्कर्म यद्यपि स्यान्महाफलम् ।
न तत्सेवेत मेधावी शुचिः कुसलिलं यथा ॥

કોઈ કર્મ મહાફળને આપનારું હોય પણ ધર્મે રહિત હોય એવાં કર્મનું આચરણ બુદ્ધિશાળીએ કરવું નહીં. ગંદા પાણીની જેમ તેનું સેવન કરવું નહીં. શાસ્ત્રજ્ઞ આર્ય પુરુષો જે કાર્યની પ્રશંસા કરે તેનું નામ 'ધર્મ'. અને શાસ્ત્રજ્ઞ આર્ય પુરુષો જે કાર્યની નિંદા કરે તેનું નામ 'અધર્મ'. ધર્મથી સંસારનાં સંકટોમાં રક્ષા થાય છે. વિદ્યા, ધન, શરીર ધર્મથી જ પ્રાપ્ત થાય છે. શૂરવીરતા અને નિરોગીતા ધર્મથી જ મળે છે. ધર્મથી સારાં કુળમાં જન્મ થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષય સંકલ્પ માત્રથી મળે છે. ધર્મથી સારાં કુળમાં જન્મીને શાંતિપ્રદ જીવન જીવાય છે. આ ધર્મનું ફળ છે. 'મારે ધર્મનું આચરણ કરવું છે.' - આવાં શુભ વિચાર સાથે જો કોઈ પ્રાણનો ત્યાગ કરે તોપણ તેને સ્વર્ગ સુખની પ્રાપ્તિ થાય છે. તો ધર્મનું આચરણ કરવાથી સ્વર્ગનું સુખ મળે તો તેમાં શું કહેવું ? ધર્મથી મળેલ સંપત્તિ સુખકારી બને છે. અધર્મથી મેળવેલી સંપત્તિ દુઃખનું કારણ છે. ધર્મ જ શાશ્વત સુખનું કારણ છે. તેથી ધન મેળવવાની ઈચ્છાવાળાએ પણ ધર્મનો ત્યાગ ન કરવો. ધર્મનાં આચરણથી ધાર્મિક સંતતિ વૃદ્ધિ પામે છે. ધર્મથી ધન મળે છે. ધર્મથી વિષય ભોગ, સુખ અને જ્ઞાન મળે છે. ધર્મનાં પાલનથી જગતમાં કોઈ વસ્તુ દુર્લભ નથી...એમ હું માનું છું. જેમ પક્ષીઓ પાણીવાળાં સરોવર તરફ ગતિ કરે છે. તેમ સર્વ પ્રકારનું સુખ ધર્મવાળાં પુરુષ તરફ ગતિ કરે છે. ધર્મનાં અનુષ્ઠાનથી રાજ્ય અને આરોગ્ય મળે છે. વળી અણિમાદિક અષ્ટ સિદ્ધિઓ પણ મળે છે. આલોક-પરલોકમાં જે કાંઈ સુખ મળે છે તે ધર્મથી જ મળે છે. ધર્મથી માનવમાત્ર સમૃદ્ધ બને છે. અને અધર્મથી માનવમાત્રનો ક્ષય થાય છે.માટે ધર્મનું જ આચરણ કરવું પણ અધર્મનું આચરણ કરવું જ નહીં. શ્રુતિ અને સ્મૃતિમાં બતાવેલાં ધર્મનું આચરણ કરનાર મનુષ્ય આલોક તથા પરલોકમાં મહાન કીર્તિને પામે છે. અને ઉત્તમ સુખનાં અધિકારી બને છે.

ધર્મનું સ્વરૂપ એટલે શું ? 'ધર્મ' શબ્દમાં અર્થનો સાગર સમાયેલો છે. મૂળ 'धृ' ધાતુને 'मन्' પ્રત્યય લગાડવાથી 'ધર્મ' શબ્દ બને છે. 'धरति इति धर्म' અથવા 'ध्रियते इति धर्म' એ એની વ્યુત્તપતિ છે. તેથી જ 'ધર્મ' શબ્દમાં બે બાબતોનો સમાવેશ થાય છે. 'ધારણ કરે છે તે' અને બીજું 'જેને જે વડે ધારણ કરવામાં આવે છે તે.' જે ધારણ કરે છે અને જે ધારણ કરાય છે તેને નિશ્ચય 'ધર્મ' કહેવાય છે. વળી 'धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।' જે ધર્મનો નાશ કરે છે તેનો નાશ ધર્મ કરે છે અને જે ધર્મનું રક્ષણ કરે છે તેનું રક્ષણ ધર્મ કરે છે. તથા 'धर्मे सर्वं प्रतिष्ठितम् ।' ધર્મમાં જ બધું સમાયેલું છે. આવી રીતે ધર્મની મૂળભૂત વ્યાખ્યા છે.

एक एव सुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः ।
शरीरेण समं नाशं सर्वमन्यद्धि गच्छति ॥

એક ધર્મ જ જીવનો સાચો મિત્ર છે. શરીર નાશ પામ્યા પછી ધર્મ જ તેની સાથે અનુસરે છે. બીજું બધું શરીરનાં નાશની સાથે નાશ પામે છે. જે મનુષ્ય ધર્મને હણે છે તેને ધર્મ હણે છે. જે મનુષ્ય ધર્મનું રક્ષણ કરે છે તેની રક્ષા ધર્મ કરે છે. તેથી મન, કર્મ, વચનથી ધર્મનું આચરણ કરવું.

કામ, ક્રોધાદિકનો વેગ, ઉદ્વેગ, ભય, લોભ કે પોતાનાં પ્રાણની રક્ષા માટે પણ ક્યારેય ધર્મનો ત્યાગ ન કરવો. અધર્મનાં આચરણ કરનાર મનુષ્યોને અવશ્ય દુઃખ મળે છે. એમ વિચારીને ધર્મનું આચરણ કરવું. એમાં ગમે તેટલું કષ્ટ પડે તો પણ પોતાનાં મનને અધર્મમાં જોડવું નહીં. મનુષ્યનું જીવન ઘાસનાં અગ્ર ભાગ ઉપર રહેલાં પાણીનાં ટીપાં જેવું ચંચળ છે. માટે ધર્મનું પાલન તત્કાલ કરવું. પોતાને અજર, અમર માનીને વિદ્યા તથા અર્થનું ઉપાર્જન કરવું. તથા મારાં કેશ પકડીને કાળ પાછળ પાછળ દોડે છે. તેમ માનીને ધર્મનું પાલન કરવું. જેનો એક પણ દિવસ ધર્માચરણ વિના વીતે તે મનુષ્ય ધમણની માફક વ્યર્થ શ્વાસ લ્યે છે. એમ એમ ડાહ્યાં પુરુષો કહે છે. ભિક્ષાપાત્ર લઈને ભીખ માંગીને જીવવું પણ ધર્મ પળાતો હોય તો હું મહાન ધનવાન છું એમ માનવું. કારણ કે ધર્મ એ જ સત્પુરુષોનું સાચું ધન છે. સ્વર્ગનાં અમૃતની જેમ ધર્મનો ત્યાગ કરીને સમૃદ્ધિ ક્યાંય જતી નથી. ધર્મનો એવો મહિમા છે કે, કોઇ સાધનથી અજ્ઞાનરૂપ અંધારું નાશ થતું નથી. પણ ધર્મથી નાશ થાય છે.

ધર્મ છ પ્રકારનો છે. વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ, વર્ણાશ્રમ ધર્મ, ગૌણ ધર્મ, નૈમિત્તિક ધર્મ અને સાધારણ ધર્મ. એમ છ પ્રકારનાં ધર્મો ધર્મજ્ઞ આર્ય પુરુષોએ કહ્યા છે. તેમાં સાધારણ ધર્મની વાત હું તમને કહું છું.

ક્ષમા : કોઈ પણ મનુષ્ય શારીરિક અથવા માનસિક પીડા આપે છતાંય પીડા કરનાર ઉપર લેશમાત્ર ક્રોધ ન કરે, તેમજ તેને મારે પણ નહીં તેવાં ગુણને 'ક્ષમા' કહેવાય છે.

દયા : પોતાનો સંબંધી હોય કે અન્ય વર્ગ હોય, મિત્ર હોય કે પછી શત્રુ હોય તો પણ આપત્કાળમાં તેનું પોતાની શક્તિ પ્રમાણે રક્ષણ કરવું તેને 'દયા' નામનો ગુણ કહેવાય છે.

અનસૂયા : કોઈનાં ગુણમાં દોષનું આરોપણ ન કરવું. તેમજ બીજાનાં અલ્પ જેવાં ગુણની પણ પ્રશંસા કરવી તેને 'અનસૂયા' નામનો ગુણ કહેવાય છે.

શૌચ : અભક્ષ્ય પદાર્થનો ત્યાગ, લોક અને શાસ્ત્રમાં આનંદિત સત્પુરુષોનો સમાગમ અને પોતપોતાનાં ધર્મમાં વર્તવું તેને 'શૌચ' નામનો ગુણ કહેવાય છે.

અનાયાસ : ચાંદ્રાયણાદિ વ્રત શુભ કર્મો હોવા છતાં પણ જો તેનાથી શરીરને પીડા થાય તો તેવું કર્મ અતિશય ન કરવું. તેને 'અનાયાસ' નામનો ગુણ કહેવાય છે.

મંગલ : મન, કર્મ, વચનથી કોઈપણ પ્રાણીનો દ્રોહ ન કરવો. અસત્ય પદાર્થનો ત્યાગ કરવો અને શાસ્ત્રોક્ત કર્મનું અનુષ્ઠાન કરવું તેને 'મંગલ' નામનો ગુણ કહ્યો છે.

અકાર્પણ્ય : અલ્પ પદાર્થમાંથી પણ સત્પાત્રમાં ઉદારતાથી નિરંતર દાન કરવું એને 'અકાર્પણ્ય' નામનો ગુણ કહેવાય છે.

નિઃસ્પૃહતા : પોતાનાં પ્રારબ્ધકર્મને અનુસારે જે કાંઇ પ્રાપ્ત થયું હોય તેમાં સંતોષ રાખવો. મનથી પણ પારકાં દ્રવ્યનું ચિંતવન ન કરવું અને શરીર વગેરે પદાર્થમાં આસક્તિ ન રાખવી તેને 'નિઃસ્પૃહતા' નામનો ગુણ કહેવાય છે.

અન્નાદિકનું દાન આપવું, ભગવાનની કથા સાંભળવી, ભગવાનનાં કીર્તન કરવાં, ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવું. પાદ સેવન કરવું, પૂજન અને વંદન કરવું, દાસ ભાવે વર્તવું, સખા ભાવે વર્તવું અને આત્મસમર્પણ કરવું. આ 'સાધારણ ધર્મ' કહેવાય છે. મદ્ય-માંસનો ત્યાગ કરવો, આત્મઘાત ન કરવો, ચોરી ન કરવી, કોઈને કલંક ન ચડાવવું, કોઈ દેવની નિંદા ન કરવી, ન ખપે તેનું ખાવું નહીં અને પીવું નહિં અને હરિવિમુખનાં મુખથી કથા ન સાંભળવી, આ ધર્મો સર્વ જાતિ અને સર્વ મનુષ્યોનાં સાધારણ ધર્મો છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - આ ચાર વર્ણ છે. તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ - આ ચાર આશ્રમ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણને યજ્ઞોપવિત નામનો બીજો જન્મ છે. તેથી તે ત્રણેયને 'દ્વિજ' કહેવાય છે. અને શૂદ્ર એક જાતિ કહેવાય છે. આ ચાર વર્ણ સિવાય બીજા વર્ણસંકર જાતિનાં કહેવાય છે. એક મુનિએ એમ કહ્યું છે કે, બ્રાહ્મણને ચાર આશ્રમ સ્વીકારવા. વૈશ્ય ક્ષત્રિયને ત્રણ આશ્રમ સ્વીકારવા પણ તેમણે સંન્યાસાશ્રમ ન સ્વીકારવો. વળી, એક મુનિએ એમ કહ્યું છે કે; વૈશ્ય અને ક્ષત્રિયે પણ સંન્યાસાશ્રમ સ્વીકારવો. અને શૂદ્રએ માત્ર ગૃહસ્થાશ્રમ જ સ્વીકારવો અને સંકર વર્ણવાળાએ પણ ગૃહસ્થાશ્રમ જ સ્વીકારવો. સધવા, વિધવા સ્ત્રીઓએ રાત-દિવસ ભગવાનની ભક્તિ કરવી. વૈરાગ્યવાળાં સંસાર ત્યજીને પ્રભુ ભજે છે તેને સાધુ કહેવાય છે.

ચારેય વર્ણો અને ચારેય આશ્રમનાં વિશેષ ધર્મ પૃથક્ પૃથક્ કહું છું. આ ધર્મો વેદ-શાસ્ત્રો સંમત છે તે ચિત્ત દઈને સાંભળો.

બ્રાહ્મણોનાં વિશેષ ધર્મ

શમ, દમ, તપ, શૌચ, સંતોષ, શાંતિ, આર્જવ, અહિંસામય યજ્ઞ, મત્સરનો ત્યાગ, મિત્રતા, ઈર્ષ્યાનો ત્યાગ, અન્નાદિકનું દાન, શ્રી કૃષ્ણની પૂજા, નિર્મળ અંતઃકરણ, લાજ, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકતા, સ્વાધ્યાય, સર્વમાં સમદષ્ટિ. આ બ્રાહ્મણોનાં વિશેષ ધર્મો છે.

ક્ષત્રિયોનાં વિશેષ ધર્મ

વીર્ય, તેજ, શૌર્ય, ધૈર્ય, ઉદ્યમ, ઉદારતા, સ્થિરતા, આત્મજય, ઉત્સાહ, એશ્વર્ય, હિંમત, શસ્ત્ર-વાહન પરાયણ, દાનેશ્વરી, યજ્ઞ કરવાની રુચિ, બ્રહ્મણ્યપણું, બ્રાહ્મણની પૂજા, પ્રભુની પૂજા, પ્રજાનું પુત્રની જેમ પાલન કરવું, શરણાગતનું પાલન કરવું - આ ક્ષત્રિયોનાં વિશેષ ધર્મ છે.

વૈશ્યોનાં વિશેષ ધર્મ

આસ્તિકતા, ઉદ્યમ, નિર્દંભપણું, બ્રાહ્મણની સેવા, આદરપૂર્વક ગુરુભક્તિ, કૃષિ કર્મમાં રુચિ, ગૌપાલનમાં રુચિ, દાન નિષ્ઠા, બુદ્ધિ. આ વૈશ્યનાં વિશેષ ધર્મો છે.

શૂદ્રોનાં વિશેષ ધર્મ

દ્વિજાતિની સેવા, સાધુની સેવા, ગાયોની સેવા તથા સદાય નિષ્કામપણું આવાં કાર્યો કરીને ધન મેળવે અને નિર્વાહ કરે અને તેથી સંતોષ રાખે તે શૂદ્રનાં વિશેષ ધર્મ છે.

આ પ્રમાણે ચારેય વર્ણનાં વિશેષ ધર્મ છે.

હવે ગર્ભાધાનાદિક સોળ સંસ્કાર શાસ્ત્રો પ્રમાણે કહું છું. તે સાંભળો. (૧) ગર્ભાધાન (૨) પુંસવન-પુત્ર થવાનાં આશીર્વાદ (૩) સીમંત-સેંથો સાફ કરવો તેથી ગર્ભવતી આનંદિત થાય અને ગર્ભ પણ પ્રફુલ્લિત થાય. (૪) જાતકર્મ-બાળકનાં જન્મ વખતે બાળકની શુદ્ધિ કરવી અને દાન દેવું. (૫) નામકરણ - બાળકનું નામ પાડવું (૬) નિષ્ક્રમણ - ચંદ્રદર્શન (૭) અન્નપ્રાશન - અન્ન જમાડવું (૮) ચૌલકર્મ - પ્રથમવાર વાળ ઉતારવા (૯) કર્ણવેધ - બાળકનાં કાન વીંધવા (૧૦) યજ્ઞોપવિત (૧૧) વેદારંભ - ભણવાનો પ્રારંભ કરવો (૧૨) સમાવર્તન (૧૩) ઉદ્વસ્નાન (૧૪) વિવાહાગ્નિનો પરિગ્રહ (૧૫) ત્રેતાગ્નિ સંગ્રહ (૧૬) અગ્નિ સંસ્કાર

આવાં સોળ સંસ્કાર ત્રણેય વર્ણને કરવાના કહ્યા છે. કન્યાને કર્ણવેધ સુધી નવ સંસ્કાર કરવાના છે. ત્રણ વર્ણ - બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને વેદમંત્ર બોલીને વિવાહ કરાય છે. જ્યારે શૂદ્રને નવ સંસ્કાર છે. અને દશમો સંસ્કાર વિવાહ છે. તે વેદમંત્ર વિના કરવા એવો શ્રુતિ-સ્મૃતિનો આદેશ છે. હે ભકતો! શ્રુતિ અને શાસ્ત્રને અનુસારે વર્ણધર્મ મેં તમને કહ્યા. હવે આશ્રમનાં વિશેષ ધર્મ કહું છું તે સાંભળો.

બ્રહ્મચર્યાશ્રમનાં વિશેષ ધર્મ

ત્રિકાળ સંધ્યા વંદન કરવું. નિત્ય કૃષ્ણની પૂજા કરવી, ગુરુની સેવા કરવી, અલ્પ આહાર કરવો, નખ અને વાળ વધારવા, કાંસકીથી વાળ ઓળવા નહીં, મુંજની દોરીનો કંદોરો, દંડ અને કમંડળ ધારણ કરવા, મૃગચર્મ રાખવું, બે કૌપીન અને બે બહિર્વાસ રાખવા, કોટમાં કંઠી રાખવી, જનોઈ ધારણ કરવી, સર્વ ભોગની ઈચ્છાનો ત્યાગ કરવો, સ્ત્રીની વાત કાનથી સાંભળવી નહીં અને મુખેથી કહેવી નહીં, સ્ત્રીનો સ્પર્શ કરવો નહીં, સ્ત્રી સાથે બોલવું નહીં, સ્ત્રીનું રૂપ ક્યારેય જોવું નહીં, સ્ત્રીનાં સંકલ્પનો પણ ત્યાગ કરવો, સ્ત્રીનું ક્રિડાસ્થાન હોય ત્યાં બ્રહ્મચારીએ જવું નહીં. કાષ્ઠની કે ચિત્રની સ્ત્રીને બ્રહ્મચારી અડે નહીં અને જુએ નહીં. દેવીની મૂર્તિ હોય તેને જોવામાં અને અડવામાં બાધ નથી. જે સ્થળે સ્ત્રીઓ સ્નાનાદિક કરતી હોય તે સ્થળે બ્રહ્મચારીએ સ્નાનાદિક ક્રિયા કરવી નહીં. બ્રહ્મચારી ક્યારે મદ્યમાંસનો સંસર્ગ ન રાખે. રોગાદિક વિના દિવસે સૂવું નહીં, દ્રવ્ય રાખે નહીં અને રખાવે નહીં, લોભ અને ક્રોધનો ત્યાગ કરે, સ્વાદ અને માનનો પણ ત્યાગ કરે. કામ, ક્રોધ, લોભ, રસ, માનનો ત્યાગ કરીને પાંચ વર્તમાન પાળે. આવાં બ્રહ્મચારી ભાવપૂર્વક વેદનો અભ્યાસ કરે. વેદનો અભ્યાસ પૂરો થયા પછી બ્રહ્મચારીનું મન સકામ હોય તો ગૃહસ્થાશ્રમ સ્વીકારે. નિષ્કામ હોય તો નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળે તેને ઊર્ધ્વરેતા અને બ્રહ્મવેત્તા કહેવાય છે. બ્રહ્મચર્ય વ્રત પાળવાનો અવધિ હોય તો તેને ઉપકુર્વાણ બ્રહ્મચારી કહેવાય છે. ગૃહસ્થ થવાની ઈચ્છા હોય તો ગુરુને દક્ષિણા આપીને અભ્યાસ પૂરો કરીને ઘરે જાય પછી અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ વેદવિધિપૂર્વક પોતાનાં વર્ણની કન્યાને વરે. આ બ્રહ્મચારીનાં વિશેષ ધર્મો કહ્યા. હવે ગૃહસ્થાશ્રમનાં વિશેષ ધર્મો કહું છું.

ગૃહસ્થાશ્રમનાં વિશેષ ધર્મ

સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, વિષ્ણુપૂજન, તર્પણ, વૈશ્વદેવ, અતિથિ સેવા, ઉદ્યમ દ્વારા

ધર્મ સહિત દ્રવ્યનું ઉપાર્જન - પોષણ કરવાનું, પોષણ કરવું, શરીરનાં સંબંધીમાં આસક્ત ન થાવું, કુટુંબીને કષ્ટ આપવું નહીં, નિશદિન સંતસમાગમ કરવો, કુસંગીનો સંગ ન કરવો, કામભાવે પરસ્ત્રીને જોવી નહીં, શ્રાદ્ધને દિવસે, પર્વને દિવસે અને વ્રતને દિવસે પોતાની સ્ત્રીનો ત્યાગ કરવો. આપત્કાળ વિના વિધવાનો પણ સ્પર્શ કરવો નહીં. મા-બહેન અને દીકરી સાથે એકાંતમાં રહેવું નહીં, વ્રત-ઉદ્યાપન આદિ કરવા, ચોરી ન કરવી, જુગાર ન રમવો, મદ્ય માંસનાં આહારનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. આપત્કાળ પડ્યા વિના કરજ કરવું નહીં. માતા-પિતાની સેવા કરવી અને એની આજ્ઞામાં વર્તવું. શ્રીમંત ગૃહસ્થ હોય તેમણે વિષ્ણુયાગ કરવા, હરિ મંદિરમાં મોટાં ઉત્સવો કરાવવા, પર્વણી અને તીર્થમાં સાધુ બ્રાહ્મણને પ્રીતિપૂર્વક જમાડવા, બ્રાહ્મણને પ્રીતિપૂર્વક જમાડવા, બ્રાહ્મણને વિવિધ પ્રકારનાં દાન દેવા, ન્યાયપૂર્વક ધનનું ઉપાર્જન કરવું, દશાંશ અને વીશાંશ ધર્મ નિમિત્તે વાપરે તો જ દ્રવ્યની શુદ્ધિ થાય છે. દેવ-ગુરુ અને સાધુની શક્તિ પ્રમાણે સેવા કરવી, ગૃહસ્થે સાધુની આગળ ક્યારેય કપટ ન કરવું, દેવ-ગુરુ અને સંતનો દ્રોહ થાય તેવું વચન બોલવું નહીં, ગુરુ અને સંતને કલ્યાણનાં દાતા સમજવા - આવી રીતે ગૃહસ્થનાં વિશેષ ધર્મ સંક્ષિપ્તથી કહ્યા. તે સૌ સત્સંગીઓએ હૃદયથી ધારણ કરવા. શૂદ્ર ગૃહસ્થ હોય તેમણે આ શુભ કર્મ વષટ્કાર, સ્વાહા, સ્વધાદિક મંત્ર વિના કરવા, શૂદ્ર ગૃહસ્થે યજ્ઞાદિક ક્રિયા શુદ્ધ બ્રાહ્મણ પાસે કરાવવી. અને એ શુદ્ધ બ્રાહ્મણે પુરાણનાં મંત્ર ભણીને શૂદ્ર ગૃહસ્થને વિધિ કરાવવી. ભગવાનનો ભક્ત બ્રાહ્મણ હોય તેનાં મુખ થકી મહાભારત અને ભાગવતની કથા સાંભળવી. હવે નારીઓનાં ધર્મ કહું છું તે સાંભળો.

નારીઓનાં ધર્મ

સધવા નારી પોતાનાં પતિની ઈશ્વરની જેમ સેવા કરે. તન, મન અને વચનથી પોતાનાં પતિની સેવા કરે તો ઉભય લોકનું સુખ પામે છે. પોતાનો પતિ વૃદ્ધ હોય, રોગી હોય કે નિર્ધન હોય તો પણ તેનું અપમાન કરવું નહીં. સધવા નારી ઘરનાં વાસણ આદિક વસ્તુઓને સુવ્યવસ્થિત રાખે. પાપીનો સંગ ન કરવો. હિત થાય એવું સત્ય વચન બોલવું. પતિની આજ્ઞાથી તીર્થ, વ્રત - દાન વગેરે કરવા. શરીરમાં ઉન્મત્તપણું રાખવું નહીં. પરપુરુષનાં સંગનો ત્યાગ કરવો.

વળી વિધવા નારીએ શ્રીકૃષ્ણને પોતાનાં પતિ જાણીને સેવા કરવી. કામભાવની વાત ક્યારેય પણ કહેવી નહીં અને સાંભળવી નહીં. કોઈપણ પુરુષ સાથે બોલવું નહીં...અને તેનો સ્પર્શ પણ કરવો નહીં. આપત્કાળ હોય તો સગાં સાથે બોલવું અને અડવું. પિતા અને પુત્રની આજ્ઞામાં વર્તવું...પણ સ્વતંત્રપણે ક્યારેય ન વર્તવું. ઉપવાસ અને વ્રતાદિકનું આચરણ કરીને નિરંતર દેહનું દમન કરવું. વિધવા નારીએ એક જ વાર જમવું. સુગંધી તેલ અને અત્તરનો ત્યાગ કરવો. તાંબૂલ ખાવુ નહીં. કુંકુમ અને કાજળનો ત્યાગ કરવો. શરીર ઉપર શણગાર પહેરવા નહીં. ઝીણાં તથા તારવાળાં અને રૂડાં રૂપાળાં વસ્ત્રો પહેરવા નહીં. દિવસે સૂવું નહીં. વૈશ્યાદિકનાં સંગનો ત્યાગ કરવો. નિશદિન શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવી. આ પ્રમાણે વિધવા નારીઓનાં ધર્મ કહ્યા.

કોળી, વાઘરી, હરિજન, ચમાર જેવી સંકર જાતિ પણ ઘણી છે. તેને કલ્યાણનો ખપ હોય તો બધાં પ્રકારનાં પાપ કર્મનો ત્યાગ કરે. પોતાનાં કુળને ઘટિત ઉદ્યમ કરવો. હિંસા ક્યારેય કરવી નહીં.

જે સત્સંગી હોય તેમને મદ્ય, માંસ, ચોરી અને વ્યભિચારનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. કળિયુગમાં હરિ-કીર્તન સર્વ શ્રેષ્ઠ ધર્મ છે. તેનાથી પતિત પણ પાવન થાય છે. તેથી નિરંતર સર્વ પ્રકારે હરિ-કીર્તન કરવા. આ પ્રમાણે સંકર જાતિનાં ધર્મો છે.

હવે વાનપ્રસ્થનાં ધર્મ કહું છું...તે સાંભળો. પતિ-પત્ની બંનેએ ઘરબારનો ત્યાગ કરીને તીર્થમાં અથવા વનમાં રહેવું. વિષયનો ત્યાગ કરે અને નિષ્કામપણે રહે એને વાનપ્રસ્થ કહેવાય છે. આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પતિ અને પત્ની બંને વૈરાગ્યવાળાં થાય અને વાનપ્રસ્થનો ધર્મ ગ્રહણ કરે. વનમાં જઈને તપ કરે. સ્ત્રી વૈરાગ્યવાળી ન થાય તો એકલો પુરુષ વનમાં જાય. ટાઢ, તડકો, વરસાદ સહન કરે. પર્ણકૂટિમાં કૂંડ કરીને અગ્નિહોત્ર નામનો અગ્નિ ધારણ કરે. નર-નારી નિર્ભય થઈને પર્ણકૂટિની બહાર નિવાસ કરે. તીર્થમાં ત્રિકાળ સ્નાન કરે અને સાવધાન થઈને હોમ પણ કરે. નખ અને કેશ વધારે. ફળાહાર કરવો. સામો, મણછો અને થેક આદિક ખેડ્યા વગરનું ખાવું. અને તીવ્ર વૈરાગ્ય હોય તો સર્વનો ત્યાગ કરીને સંન્યાસી થાય.

હવે સંન્યાસીનાં ધર્મ કહું છું તે સાંભળો. બે કૌપીન અને એક બહિર્વાસ રાખવો. ગોદડી અને જળઝરણું રાખવું. તેમજ દંડ અને કમંડલુ રાખવા. સર્વે ઈન્દ્રિયોને જીતવી. નારાયણ પરાયણ થવું. 'ॐ नमो नारायणाय' આવા અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો. જ્ઞાન-વિજ્ઞાન વડે સદાય આનંદમાં રહેવું. આત્મામાં સંતોષ માનવો. ભાવપૂર્વક વિષ્ણુની ભક્તિ કરવી. ભિક્ષા માગીને જમવું. સદાય અંતર શુદ્ધ રાખવું. પ્રીતિપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરવું. આવી રીતે ઘણી સ્મૃતિઓમાં સંન્યાસીના ધર્મ કહ્યા છે. વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ અતિ કઠિન છે. માટે કળિયુગમાં વાનપ્રસ્થ અને સંન્યાસી ન થાવું. એમ શાસ્ત્રમાં લખ્યું છે.

હવે સાધુના ધર્મ કહું છું તે સાંભળો. જેનું અચ્યુત ગોત્ર છે તેને પરમહંસ અને વૈષ્ણવ કહેવાય છે. એક ભાગવત પરમહંસ અને બીજા કેવળ પરમહંસ - આવાં ભેદ ભાગવત આદિક શાસ્ત્રમાં કહ્યા છે. કેવળ પરિવાર છે તેને યતિ અને ભિક્ષુક પણ કહેવાય છે. ભાગવત પરમહંસ છે તેને ભિક્ષુક અને ત્યાગી કહેવાય છે. અચ્યુત ગોત્રી એ જ છે. ભાગવત પરમહંસ પણ એ જ છે. મહામુનિ અને વૈષ્ણવ પણ એને જ કહેવાય છે. તેણે ભગવાનની નવ પ્રકારની ભક્તિ વિના વ્યર્થ સમય વિતાવવો નહીં. અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ આજીવન કરવો. સ્ત્રૈણ પુરુષનો સંગ કરવો નહીં. સ્ત્રી વેશધારી પુરુષને જોવો નહીં. ચિત્રાદિકની નારીને અડવું નહીં અને જોવી નહીં. ધન રાખે નહીં અને બીજા પાસે રખાવે નહીં. રસાસ્વાદ અને માનનો ત્યાગ કરવો. અંતઃશત્રુને જીતવા અને સદાય શ્રી કૃષ્ણનું ધ્યાન કરવું. સત્ય, દયા, શમ, દમ, ક્ષમા, તપ, શૌચ, જ્ઞાન, વિજ્ઞાન, વૈરાગ્ય અને ધીરજ આદિક ગુણ મેળવવા અને ભગવાનનાં ગુણ ગાવા. તિલક-ચાંદલો, મંત્ર આદિ વેશ ધારણ કરવો. સંપ્રદાયની મર્યાદા પ્રમાણે ભોજનનો વ્યવહાર કરવો. હે ભક્તો ! સર્વ વર્ણ અને સર્વ આશ્રમનાં થોડાં થોડાં ધર્મો કહ્યાં. આ ધર્મને સાંભળીને જે મનુષ્ય ધર્મ પાળશે તે ભક્ત મને અતિશય પ્રિય થશે.

હે ભક્તો ! હવે ધર્મ પ્રાપ્તિનું સાધન કહું છું તે સાંભળો. દેવતાઓ પણ શરીરને બહુ કષ્ટ

આપે તો પણ તેનાં અંતરમાં શ્રદ્ધા ન હોય તો ધર્મની સિદ્ધિ થતી નથી. અઢળક ધન સંપત્તિથી પણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. પોતાનું સર્વસ્વ સમર્પણ કરે પણ શ્રદ્ધા ન હોય તો તેનું કાંઈ ફળ મળતું નથી. માટે મનુષ્યે પ્રથમ શ્રદ્ધાવાન બનવું. શ્રદ્ધા જગતની માતા છે. જ્ઞાન અને વૈરાગ્યની પણ જનની છે. શ્રદ્ધાથી જ ધર્મ સિદ્ધ થાય છે...પણ બીજા કોઈ ઉપાયથી થતો નથી. નિર્ધન વિપ્રો પણ શ્રદ્ધાવાન હોવાથી સ્વર્ગનાં સુખને પામ્યા. તે જ રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન પણ શ્રદ્ધા જ છે. શાસ્ત્રોક્ત કર્મનું આચરણ કરે છે, દાન કરે છે, અસૂયા રહિત છે, આત્મજ્ઞાની છે અને ધર્મ અને અર્થનાં મર્મને જાણનારા છે...તેઓ ન તરી શકાય એવાં સંસારસિંધુને પણ શ્રદ્ધાથી તરી શકે છે. શ્રદ્ધાસહિત પાળેલો ધર્મ પ્રમાદી મનુષ્યને યથાર્થ ફળ આપનારો થતો નથી. માટે નિયમપૂર્વક ધર્મનું પાલન કરવું.

નિયમનું પાલન મનુષ્યો માટે તલવારની ધાર પર ચાલવાં જેવું કઠિન છે. તેમાંય પણ વિષયાનુરાગી અને ધનલોભી મનુષ્યો માટે તો અતિશય કઠિન છે. નિયમોનાં પાલનથી જ દેવતાઓ દૈવત્વ પામ્યા છે. નિયમ પાલનથી નક્ષત્ર મંડળ પ્રકાશી રહ્યું છે. નિયમનાં પાલનથી જ સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. નિયમ પાલનથી જ અગ્નિ પ્રકાશે છે. નિયમથી સૂર્ય તપે છે. નિયમથી વાયુ વાય છે. તેમજ નિયમથી જ આ જગતની સ્થિતિ જળવાય છે. જગતમાં જે મનુષ્યો નિયમ પાળે છે તેને ત્યાં સમૃદ્ધ ફળ, સિદ્ધિઓ આવે છે. નિયમનું ઉલ્લંઘન કરનારાં છે તેને ત્યાં ઘોર આપત્તિઓ આવે છે. માટે જ શ્રદ્ધાવાન પુરુષોએ ધર્મની નિયમપૂર્વક વૃદ્ધિ કરવી. દેશ, કાળ, ઉપાય, દ્રવ્ય, શ્રદ્ધા, સત્પાત્ર અને ત્યાગ - આ સાત ધર્મનાં મૂળ છે. એમ શાસ્ત્રવેત્તાઓ કહે છે.

આ સાત સાધનો શુદ્ધ હોય તો જ ધર્મ શુદ્ધ ફળ આપે છે અને અશુદ્ધ હોય તો અશુદ્ધ ફળ આપે છે. મનુષ્યમાં ગુણ અને દોષની પ્રવૃત્તિ સંત અને અસંતનાં સમાગમથી થાય છે. માટે મુમુક્ષુએ સત્પુરુષનો સંગ કરવો પણ અસત્પુરુષનો સંગ ન કરવો. અસત્પુરુષનો સમાગમ દોષની ઉત્પત્તિનું કેન્દ્ર છે. જેની વિદ્યા ઉત્પત્તિ અને કર્મ શુદ્ધ છે તેવા સત્પુરુષોનો સમાગમ મનુષ્યે કરવો. આ લોકમાં અધર્મી મનુષ્યો પણ ધાર્મિક પુરુષોનાં સેવનથી ધાર્મિક બને છે. તથા ધાર્મિક મનુષ્યો પણ પાપીઓનાં સેવનથી પાપીષ્ઠ બને છે. અસત્પુરુષનાં દર્શનથી અને સ્પર્શથી મનુષ્યો ધર્મભ્રષ્ટ થાય છે. તેમજ તેમની સાથે બોલવાથી અને તેમની સાથે આસન કરવાથી મનુષ્યો ધર્મમાર્ગથી ભ્રષ્ટ થાય છે અને તેમનો માનવ જન્મ વ્યર્થ થઈ જાય છે. નીચ પુરુષોનાં સમાગમથી મનુષ્યોની બુદ્ધિ નીચ થાય છે. મધ્યમ પુરુષનાં સમાગમથી મધ્યમ થાય છે અને શ્રેષ્ઠ પુરુષોનાં સમાગમથી બુદ્ધિ શ્રેષ્ઠ થાય છે. માટે બુદ્ધિશાળી મનુષ્યોએ જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, તપસ્વી, જિતેન્દ્રિય અને સરળ સ્વભાવવાળાં સત્પુરુષનો સમાગમ કરવો. ધર્મ આચરણ કરવાં યોગ્ય છે, અને અધર્મ આચરણ કરવાં યોગ્ય નથી. આવો વિવેક સત્પુરુષ થકી મળે છે.

હે ભક્તો ! તેથી તમારે સર્વેએ સત્પુરુષનો સમાગમ કરીને પોતપોતાનાં ધર્મનું યથાયોગ્ય આચરણ કરવું. તે ધર્મો 'શ્રી વાસુદેવ માહાત્મ્ય' નામનાં ગ્રંથ થકી જાણવા - એમ શ્રી રામાનંદ સ્વામીએ

મને કહ્યું છે. તેથી જ 'શ્રી વાસુદેવ માહાત્મય' થકી ધર્મનું યથાર્થ માહાત્મ્ય જાણવું તથા તે ધર્મનો આશ્રય કરીને શ્રી કૃષ્ણ ભગવાનની એકાંતિક ભક્તિ નિરંતર કરવી.

ધર્મ - અધર્મ - સાધુ - અસાધુ, ન્યાય-અન્યાય ભગવત્ સ્વરૂપ અને તેની ભક્તિનું સ્વરૂપ વગેરે સચ્છાસ્ત્ર થકી જ સમજાય છે. માટે મારાં સર્વે આશ્રિતોએ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે આદરપૂર્વક સચ્છાસ્ત્રનો અભ્યાસ કરવો. બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેમણે પણ સચ્છાસ્ત્રનો ત્યાગ કરવો નહીં...કારણ કે સચ્છાસ્ત્રનો ત્યાગ કરવાથી સિદ્ધદશાને પામેલાં પુરુષો પણ જડ બની જાય છે. ભગવદ્ ભક્તિમાં ઉત્સાહ શક્તિનો ભંગ થાય છે. બુદ્ધિમાં મોહ ઉત્પન્ન થાય છે તથા શ્રદ્ધામાં શિથિલતા આવે છે.

જે શાસ્ત્રમાં ભગવાન શ્રીકૃષ્ણનું સદાય સાકારપણે અને નિર્દોષપણે પ્રતિપાદન કર્યું હોય અને જે શાસ્ત્રો વેદને અનુસરતાં હોય તેને જ સચ્છાસ્ત્ર જાણવાં. તેવાં સચ્છાસ્ત્ર પણ અનેક છે. તેમાં મને જે પ્રિય છે તે હું તમને કહું છું તે સચ્છાસ્ત્ર તમારાં સૌનું હિત કરનાર છે.

ચાર વેદ, વ્યાસ સૂત્ર, ભગવદ્ ગીતા, વિષ્ણુસહસ્ત્રનામ, શ્રીમદ્ ભાગવત પૂરાણ, શ્રી વાસુદેવ માહાત્મ્ય, વિદુરજીએ કહેલી નીતિ અને યાજ્ઞવાલ્ક્ય સ્મૃતિ-આઠ સચ્છાસ્ત્ર અમને પ્રિય છે. તેમાં પણ શ્રી રામાનુજાચાર્યનાં ભાષ્યો, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શારીરિક સૂત્ર - આ બે શાસ્ત્ર અમને અતિશય પ્રિય છે. આ સચ્છાસ્ત્રનાં અભ્યાસથી બુદ્ધિ ભગવદ્ ભક્તિએ યુક્ત થાય છે. તેથી જ અસચ્છાસ્ત્રોનાં સેવનથી પણ ક્યારેય ઉદ્ધવ સંપ્રદાયનાં માર્ગથી ભ્રષ્ટ થતો નથી.

આ બે ગ્રંથનો અભ્યાસ કરવો. સર્વ રીતે અસમર્થ હોય તેમણે રામાનુજ ભાષ્ય સહિત ભગવદ્ ગીતાનો અભ્યાસ કરવો. વિજ્ઞાનેશ્વર પંડિતજીએ રચેલી મિતાક્ષરા ટીકાએ યુક્ત 'યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ' અમને માન્ય છે. આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તનો નિર્ણય ઉદ્ધવ સંપ્રદાયને અનુસારે આ સ્મૃતિને આધારે કરવો. આ આઠ સદ્ગ્રંથોમાં શ્રીમદ્ ભાગવતનો દશમ અને પંચમ સ્કંધ તથા યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ - આ ત્રણ ગ્રંથો અમને અતિશય પ્રિય છે. માટે મારાં આશ્રિતોએ આ સર્વશ્રેષ્ઠ ગ્રંથોનો સદાય પાઠ કરવો અને સ્વસ્થ ચિત્તે તેમનો વિચાર કરવો.

હે ભક્તો ! તમારે સર્વેએ મારી આ આજ્ઞાનું પાલન કરવું તથા પામર જીવની પેઠે સદ્. રામાનંદ સ્વામીનો શોક ન કરવો. અખંડ બ્રહ્મસ્થિતિમાં રહેલાં સત્પુરુષોનો આ લોકમાં જન્મ જીવોનાં કલ્યાણને અર્થે જ છે, તેમ તમે જાણો. સત્પુરુષોનું અવતરણ અને ગમન સ્વતંત્ર છે. પણ તેઓ બીજાં પામર જીવોની જેમ કર્માધીન બનીને ક્યારેય જન્મ ધારણ કરતા નથી. તેમનાં શરીર ત્યાગની રીત જોઈ આસુરી જીવો મોહ પામે છે અને તેમનો મહિમા સમજનારાં દૈવી જીવો તેમનાં શરીર ત્યાગને 'લીલા' કહે છે. તેથી સેવ્ય સ્વરૂપ સદ્ગુરુનો શોક છોડીને વર્તવું. સકળ વેદ અને ધર્મશાસ્ત્રનાં સારરૂપ સ્પષ્ટ, સુંદર અને નિર્ણય સભર સદુપદેશ આપીને ભગવાન શ્રીહરિએ સમગ્ર ગુરુબંધુઓનો શોક હરીને 'હરિ' એવું પોતાનું નામ ફરેણી ગામમાં સાર્થક કર્યું.



પરિશિષ્ટ - ૨

શ્રીપુરુષોત્તમલીલામૃત સુખસાગર તરંગ-૧૩

શ્રીહરિલીલામૃત ક.૫ વિ.૩ અને શ્રીસ્વામિનારાયણ સંહિતા (રચયિતા સદ્. શ્રીનિર્ગુણાનંદ બ્રહ્મચારી)ના આધારે...

મહામંત્ર પ્રાગટ્ય

ભગવાન શ્રીહરિ રામાનંદ સ્વામીનાં ચૌદમાને દિવસે વિશાળ સભામાં બિરાજમાન હતા. અને ધર્મનો મર્મ સમજાવવાં, નિજાશ્રિતોને શોકરહિત કરવાં અને વૈદિકધર્મનું સ્થાપન કરવાં નિજાશ્રિતોને ઉપદેશામૃત પાઈ રહ્યા હતા ત્યારે શીતળદાસ નામે એક વેરાગી સભામાં આવીને બેઠા. તે એકલશૃંગીનાં વંશનાં હતા અને ઈશ્વરનાં અંશ હતા. તે પ્રગટ ભગવાન મેળવવાં માટે દેશવિદેશમાં ફરતા હતા. અનેક તીર્થસ્થાનોમાં ફરતાં ફરતાં પશ્ચિમ દેશમાં આવ્યા. આ દેશમાં તેમણે એવી વાત સાંભળી કે, રામાનંદ સ્વામી સ્વયં ભગવાન છે. આ રામાનંદ સ્વામીનાં દર્શન અત્યારે ફરેણી ગામમાં થશે તેમ માનીને શીતળદાસ ફરેણી આવ્યા. પરંતુ હવે તો રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને ગાદી સોંપીને અંતર્ધાન થયા હતા. આવી રીતે તપાસ કરવાં માટે તે સાધુ સભામાં આવીને શ્રીહરિ પાસે આવ્યા અને ‘હું શીતળદાસ છું’ એમ કહીને શ્રીહરિને પ્રણામ કર્યા. શ્રીહરિએ સારાં સાધુ છે એમ જાણીને એકાંતમાં ઉતારો આપ્યો. અને શીતળદાસ વિચાર કરવા લાગ્યા કે, ‘રામાનંદ સ્વામી તો સ્વધામ સિધાવ્યા છે. એટલે ભગવાનની શોધ કરવાં માટે હું ચાર ધામમાં જાઉં. મને ભગવાન મળશે અને મારી ચિંતા ટળી જશે.’ અંતર્યામી શ્રીહરિ શીતળદાસનાં આવાં વિચારો જાણી ગયા..અને શીતળદાસને કહ્યું કે, “જવાની ઉતાવળ કેમ કરો છો ?” ત્યારે શીતળદાસે હાથ જોડીને કહ્યું કે, “હું રામાનંદ સ્વામીનાં દર્શન કરવાં માટે આવ્યો હતો; પણ મારી દર્શનની ઈચ્છા પૂરી ન થઈ તેથી હવે ભગવાન શોધવાં માટે બીજે સ્થળે જાઉં છું.” ત્યારે શ્રીહરિએ કહ્યું કે; “તમે અહીં સ્થિર થઈને રહો. હું આજે જ રામાનંદ સ્વામીનાં દર્શન કરાવીને તમારી ઈચ્છા પૂરી કરીશ.” ત્યારે શીતળદાસે કહ્યું કે; “રામાનંદ સ્વામીનાં દર્શન થશે ત્યારે જ મને આનંદ થશે.” ત્યારે શ્રી હરિ બોલ્યા કે; “‘સ્વામિનારાયણ’ નામનું રટણ કરો.” પછી શીતળદાસ ‘સ્વામિનારાયણ’ ‘સ્વામિનારાયણ’ એમ રટણ કરવા લાગ્યા...અને તત્કાળ સમાધિ થઈ. સમાધિમાં શીતળદાસ અક્ષરધામમાં ગયા. કોટિ કોટિ સૂર્ય - ચંદ્ર સમાન અતિ શીતળ અને અનંત સુખનો અનુભવ કરી શીતળદાસ શીતળતાને પામ્યા. તેજોમય ધામમાં પુરુષોત્તમ ભગવાનનાં દર્શન કર્યા. અને એ જ મૂર્તિનાં ફરેણીમાં પ્રત્યક્ષ પ્રમાણ દર્શન થયા. અનંત અક્ષર મુક્તો જેની સેવા કરી રહ્યા છે. મત્સ્યાદિક ચોવીસ અવતારો જેની સ્તુતિ કરી રહ્યા છે. રામાનંદ સ્વામી પણ સન્મુખ ઊભા રહીને જેનાં ગુણગાન ગાય છે એવાં શ્રીહરિનાં દિવ્યદર્શન શીતળદાસને થયા. આવી રીતે આનંદિત થયેલાં શીતળદાસને અનંત મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. શ્રીહરિએ કહ્યું કે; “અનંત સ્વરૂપ ધારણ કરીને અનંત મુક્તોની પૂજા એક ક્ષણમાં કરો.” ત્યારે શીતળદાસે

કહ્યું કે; "મારાથી અનંત રૂપો કેમ ધારણ થાય ?" ત્યારે શ્રીહરિએ કહ્યું; "રામાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન હોય તો હું અનંત સ્વરૂપે થાઉં એવો સંકલ્પ કરો." ત્યારે શીતળદાસે એવો સંકલ્પ કર્યો પરંતુ અનંત સ્વરૂપે ન થવાણું. ત્યારે વળી શ્રીહરિએ કહ્યું કે; "ચોવીસ અવતાર પુરુષોત્તમ ભગવાન હોય તો મારાં અપાર સ્વરૂપ થાઓ એવો સંકલ્પ કરો." ત્યારે શીતળદાસે એવો સંકલ્પ પણ કર્યો, પરંતુ અનંત સ્વરૂપે થયા નહીં. ત્યારે શ્રીહરિએ કહ્યું કે; "હવે એવો સંકલ્પ કરો કે આ સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન હોય તો મારાં અનંત સ્વરૂપો થાઓ." તે વખતે શીતળદાસે "આ સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે." એવો સંકલ્પ કર્યો કે તરત જ અગણિત સ્વરૂપો થયા અને એક ક્ષણમાં અનંતરૂપે થઈને રામાનંદ સ્વામી તથા અનંત મુક્તોની પૂજા કરી. (શ્રી હરિ. ક.-૫, વિ.-૩)

પછી શીતળદાસે રામાનંદ સ્વામીને કહ્યું કે; "તમોને ભગવાન જાણીને હું તમારાં દર્શન કરવાં માટે આવ્યો હતો." ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે; "ભગવાન તો આ અક્ષરધામનાં ધામી સહજાનંદ સ્વામી છે. તે જ સર્વાવતારી ભગવાન છે. તમોએ ફરેણીમાં દર્શન કર્યા તે જ અક્ષરધામનાં ધણી છે. બધાં અવતારો શ્રીહરિમાં સમાય છે પણ પોતે કોઈમાં લીન ન થાય. હું તો એનાં દાસનો દાસ છું. હું તો તેમની સેવા કરું છું. હું ઉદ્ધવજી છું અને સહજાનંદ સ્વામી કહે તેમ કરું છું. સર્વ અવતાર આ અવતારી પુરુષનાં છે." આવી વાત રામાનંદ સ્વામીએ કરી તે જ વખતે સરિતાઓ જેમ સાગરમાં લીન થઈ જાય તેમ બધાં અવતારો શ્રીહરિમાં લીન થઈ ગયા. અનેક અક્ષર પુરુષો પણ જોયા. એ સૌના નિયંતા એક શ્રીહરિ છે, તેવાં દર્શન થયા. એવાં સમર્થ શ્રીહરિ આગળ પ્રધાનપુરુષ કોણ માત્ર ? એવું આશ્ચર્ય નજરે નિહાળીને શ્રીહરિને પ્રત્યક્ષ પુરુષોત્તમ જાણ્યા. આ ભક્તિપુત્ર છે તે જ ભગવાન છે. બીજો કોઈ તેને સમાન સમર્થ નથી. ત્યાર પછી તે સંત સમાધિમાંથી શરીરમાં આવ્યા. અને સમાધિમાં અનુભવેલી વાત સભાને સંભળાવી. પરંતુ રામાનંદ સ્વામીનાં શિષ્યો આ વાત માની શક્યા નહીં...કારણ કે રામાનંદ સ્વામી ભગવાન છે તેવો દૃઢ નિશ્ચય હતો તેથી તે બીજી વાત કેમ માને ? પછી સૌએ શ્રીહરિ પાસે હાથ જોડીને કહ્યું કે; "અમને પણ સમાધિ કરાવો અને અમારો સંશય મટાડો." આવું સાંભળીને શ્રીહરિએ કહ્યું કે; " 'સ્વામિનારાયણ' 'સ્વામિારાયણ' આ નામનું રટણ કરો." પછી મનમાં સંશય પરહરવાં માટે સૌ ભક્તો 'સ્વામિનારાયણ' નામની ધૂન કરવા લાગ્યા...અને તત્કાળ સૌ ભક્તોએ સમાધિમાં અક્ષરધામનાં દર્શન કર્યા. ત્યાં અક્ષરધામનાં ધામી સહજાનંદ સ્વામી ઊંચા આસને બિરાજમાન હતા. રામાનંદ સ્વામી શ્રીહરિની સેવામાં રત હતા અને અનેક અક્ષર મુક્તોનાં વૃંદ પણ શ્રીહરિની સેવામાં લીન થયેલા હતા. આવું અપાર ઐશ્વર્ય જોઈને સર્વે સભાજનો ધર્મકુમારને સર્વેશ્વર માનવા લાગ્યા. બધાં ભક્તજનો સમાધિમાંથી જાગ્યા અને શ્રીહરિને પ્રત્યક્ષ ભગવાન જાણીને સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા...અને પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે; "હે સહજાનંદ સ્વામી આપ જ સર્વોપરી ભગવાન છો." (શ્રી હરિલીલામૃત. ક.-૫, વિ.-૩)

પછી શીતળદાસને શ્રીહરિએ ભાગવતી દીક્ષા દીધી અને શ્રીહરિ મહાપ્રભુએ 'વ્યાપકાનંદ' એવું નામાભિધાન કર્યું. આમ, સ્વામિનારાયણ સંપ્રદાયની ભાગવતી દીક્ષાનાં પ્રારંભનો અલૌકિક

લ્હાવો આ ફૂલ જેવાં ફરેણી ગામને મળી ગયો. આ ભાગવતી દીક્ષા દ્વારા અનેક જીવોને ઉદ્ધારવાનાં માધ્યમનો પહેલો લ્હાવો આ નાનાં એવાં ફરેણી ગામને સાંપડ્યો !

પછી શ્રીહરિએ 'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા શ્રીમુખે કહ્યો.

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે,
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આ જ ગણાય એક ॥૧॥
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજાં નામ રટ્યા હજાર,
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું ॥૨॥
ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ,
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે ॥૩॥
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ
જયાં જયાં મહામુક્તજનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય ॥૪॥
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય,
તે મંત્રથી ભૂત-પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે ॥૫॥
તે મંત્ર જેનાં મુખથી જપાય, તેનાં થકી તો જમ નાસી જાય,
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે - કુભાવે પણ મુક્તિ લેશે ॥૬॥
ષડક્ષરો છે ષટ્‌શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર,
છયે ઋતુમાં દિવસો નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે ॥૭॥
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે,
જળે કરીને તન - મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય ॥૮॥
જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત,
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં ॥૯॥
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપનો તે પ્રજળાવનાર,
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું ॥૧૦॥

આવો મહાપ્રતાપી મહિમા આ મહામંત્રનો છે.

શ્રીહરિ શ્રીમુખે નામનો મહિમા વિશાળ સભાને સંબોધતાં કહે છે કે; "વેદોમાં મારાં અનેક નામ છે પરંતુ આ 'સ્વામિનારાયણ' નામ તો સર્વોપરિ છે." આમ...આ મહામંત્રની ભેટ આપણને સ્વયં શ્રીજી મહારાજે જ આપી છે, તેથી જ સૌ ભક્તજનો કૃતાર્થ થઈ ગયા છે. 'સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન હવે શરૂ થઈ ગયું. આ ફરેણીની પવિત્ર ધરા પરથી હવે તો આ સભામાં દેશ-

દેશાંતરથી પધારેલાં સૌ ભક્તજનો આ કૃપાપ્રાપ્ય મહામંત્રનો મહિમા કહેવા લાગ્યા.

આ પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુએ શ્રીમુખે નામનો મહિમા વિશાળ સભાને સમજાવ્યો. આ મહિમા સૌ સંતો - ભક્તોએ હૈયામાં ધારણ કરી લીધો. આ સમયે આ વિશાળ સભામાં સદ્. રામાનંદ સ્વામીનાં પચીસ હજાર જેટલાં શિષ્યો આ મંત્ર મહિમાનો અલૌકિક લાભ લઈ રહ્યા હતા. તેઓને શ્રીહરિએ વિશેષમાં કહ્યું કે; "તમો સર્વે મારાં શિષ્ય છો. માટે હું તમોને સત્ય કહું છું કે; હવે તમારે સર્વેએ 'સ્વામિનારાયણ'નું ભજન કરવું અને કામકાજ કરતાં કરતાં 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' નામ લેવું અને અમારું નામ 'સ્વામિનારાયણ' છે. તે વેદમાં છે પણ કોઈ જાણતું નથી. તે અમોએ આજે પ્રગટ કર્યું છે. અને તમો કોઈ 'શ્રી કૃષ્ણ' 'શ્રી કૃષ્ણ' કહો છો અને કોઈ 'શ્રીરામ' 'શ્રીરામ' કહો છો અને કોઈ 'નારાયણ' 'નારાયણ' કહો છો અને કોઈ 'હરિ ૐ' 'હરિ ૐ' કહો છો. કોઈ 'રામાનંદ' 'રામાનંદ' કહો છો. વળી કોઈ 'જય અંબે' 'જય અંબે' કહો છો તો વળી કેટલાક 'નમઃ શિવાય' કહો છો તે સર્વ દેવોની સેવા - પૂજા કરવી, પણ ભજન તો આ અવતારી પ્રગટ 'સ્વામિનારાયણ'નું કરવું અને પરસ્પર એકબીજાને નમસ્કાર કરવો...ત્યારે પણ 'જય સ્વામિનારાયણ' કહેવું. માર્કંડેય મુનિએ અમારાં ચાર નામ પાડ્યા. (૧) નીલકંઠ (૨) હરિ (૩) કૃષ્ણ (૪) હરિકૃષ્ણ અને લોજમાં અમારું નામ 'સરજુદાસ' પાડ્યું. તો વળી રામાનંદ સ્વામીએ 'સહજાનંદ સ્વામી' અને 'નારાયણ મુનિ' આ બે નામ રાખ્યા. આજથી 'સ્વામિનારાયણ' નામ અમે પોતે જ રાખીએ છીએ. તો આ નામનું ભજન કરજો.

'જય' શબ્દનો અર્થ 'ભવિષ્ય પુરાણ'માં આ પ્રમાણે છે.

विष्णु धर्मादि शास्त्राणि शिव धर्माश्च भारत ।
कार्ष्णं च पंचमो वेदो यन्मया भारतं स्मृतं ।।
सीता रामादि धर्माश्च मानवोक्ता महिपते ।
जयेति नाम चैतेषां प्रवदन्ति मनीषिणः ।।

આ શ્લોકનો અર્થ સમજાવતાં સ્વયં શ્રીજી મહારાજ કહે છે કે; "વેદ, શાસ્ત્ર, પુરાણ, ભારત, રામાયણ, ધર્મશાસ્ત્રાદિ સર્વ ગ્રંથોનું નામ 'જય' એ પ્રકારે મોટા પુરુષો કહે છે. માટે હવેથી તમો સૌ 'જય સ્વામિનારાયણ' કહેજો. આ અમારી પહેલી આજ્ઞા છે. તે સૌ પાળજો અને 'સ્વામિનારાયણ' નામ અમે પોતે જ રાખ્યું છે. તો આ નામનું ભજન કરજો.

આવી જ રીતે શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગરમાં શ્રી નિર્ગુણાનંદ બ્રહ્મચારીએ પણ શ્રીજીમહારાજે સ્વમુખે કહેલ પોતાના નામનો મહિમા આ પ્રમાણે વર્ણવ્યો છે. (તરંગ-૧૩)

પછી આવ્યા છે ફણેણી ગામ, સ્વામી સહિત સંત તમામ
ત્યાં સ્વામી રામાનંદજી જેહ, થયા અંતર્ધાન તો એહ;
દુર્વાસાના શ્રાપથી મુકાણા, હરિ મૂર્તિમાં હેતે જોડાણા.

ગુરુની દેહ ક્રિયા પછીથી, કરી હરિએ યથાવિધિથી;
વળી ધર્મધુર સ્વામી તણી, ચલાવી પ્રભુએ રૂડી ઘણી.
સ્વામી શ્રી રામાનંદજી તણા, હતા આશ્રિત જન જે ઘણાં;
સાધુ બ્રહ્મચારી ને ગૃહસ્થ, હતા બાઈ ભાઈ જે સમસ્થ.
તેને સતશાસ્ત્રે બોધ કરી, આપે ઉપદેશ પોતે હરિ;
એમ સંભાવના બહુ કરે, મૂળ અજ્ઞાન સહુનાં હરે.
વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત;
અમારા નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.
માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નિલકંઠ નામ નિરધાર.
વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
સહજાનંદ સુખનું ધામ; બીજું નારાયણ મુનિ નામ.
રૂડું ઘનશ્યામ નામ જેહ, માતપિતા કહેતા કરી સ્નેહ;
એમ નામ અમારાં તે બહુ, પાડ્યાં નોખા નોખા જને સહુ
પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ;
કોઈને હાથ ને આવ્યું નહિ, એહ સારું નામ ગયું રહી.
હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ;
સ્વામિનારાયણ મારું નામ, સંભારતાં સૌને સુખધામ
બીજા ના લે કોઈ હજાર, તોય આવે નહીં એની હાર;
સ્વામિનારાયણ નામ સાર, લીએ એકવાર નિરધાર.
તેને હજાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;
માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી.
સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર;
સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી.
બીજા નારાયણ નામ ઘણા, કહું નામ થોડાક તે તણા;
સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટ નારાયણ પણ લેવાય.
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;
વાસુદેવ નારાયણ સાર, એવા નારાયણ નામ અપાર.

તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;
માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું તું તેહ.
સર્વોપરિ નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર;
એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.
એમ હરિને નિજ નામ તણો, કહ્યો મહિમા મુખેથી ઘણો;
પછી નરનારી મળી સહુ, રટે એ નામ હરિનું બહુ.
સ્વામિનારાયણ નારાયણ, કરે જન સહુ તે રટણ;
પછી સ્વામીશ્રી સહજાનંદ, સહુ જનને દેતાં આનંદ
અલૌકિક પ્રતાપ જણાવે, બ્રહ્મવિદ્યા સહુને ભણાવે;
ધ્યાન ધારણા ને જે સમાધિ, તેની પક્વ દશા અતિ સાધી.
સમાધિમાં ઈષ્ટ દેવ સહુનાં, દેખાડે છે દયા કરી બહુનાં;
જોઈ એવા એવા ચમત્કાર, શરણે આવ્યા મુમુક્ષુ અપાર.
તેના ચિત્તને તે તાણી લીધા, બહુ સુખિયા સહુને કીધા,
તેને સાથે લઈ ઘનશ્યામ, ફર્યા દેશોદેશ સુખધામ.
કરે લીલા ને આપે આનંદ, ધન્ય ધન્ય સ્વામી સહજાનંદ;
ત્યાંથી આવ્યા કચ્છ દેશ હરિ, બહુ જીવ ઉપર દયા કરી.

સ્વયં નામી જ આ કૃપાપ્રદાન નામનાં મહિમાનો ઉદ્‌ઘોષ કરતાં કહે છે કે; "..બીજાં સાધનનાં બળને તજીને એકલું જ ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે; ગમે તેવો પાપી હોય અને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવાં નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિશે નિવાસ કરે."



